પૂજ્ય આચાર્ય શ્રી નેમિચંદ્રસૂરિજી કૃત

# પ્રવચન સારોદ્ધાર

(ગુજરાતી અનુવાદ)

: ભાગ બીજો :

-: અનુવાદક :-

પૂજ્ય આચાર્યશ્રી સ્થૂલભદ્રસૂરીશ્વરજી મ. ના શિષ્યરત્ન

મુનિરાજશ્રી અમિતયશવિજયજી મહારાજ

-: સંપાદક :-

પૂજ્ય આચાર્યશ્રી કુંદકુંદસૂરીશ્વરજી મ. ના શિષ્યરત્ન

પંન્યાસશ્રી વજ્રસેનવિજયજી ગણિવર્ય

-: આર્થિક સહાયક :-

શ્રી હીરસૂરીશ્વર જગદ્‌ગુરુ સંઘ જૈન ટ્રસ્ટ

મલાડ, મુંબઈ.

॥ शिवमस्तु सर्वजगतः ॥

ऐं नमः

શ્રી બળેજા પાર્શ્વનાથાય નમઃ    શ્રી શાંતિનાથાય નમઃ    શ્રી કલ્યાણી પાર્શ્વનાથાય નમઃ

# પ્રવચન સારોદ્ધાર

## ( ગુજરાતી ભાવાનુવાદ )

## ભાગ–૨

卐

મૂળકર્તા

પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયનેમિચંદ્રસૂરીશ્વરજી મહારાજા.

–: ટીકાકાર :–

પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયસિદ્ધસેનસૂરીશ્વરજી મહારાજા.

–: ભાષાંતર કર્તા :–

પરમ પૂજ્ય મુનિરાજ શ્રી અમિતયશવિજયજી મહારાજ

–: સંપાદક :–

પરમ પૂજ્ય પંન્યાસ શ્રી વજ્રસેનવિજયજી ગણિવર્ય

–: આર્થિક સહાયક :–

શ્રી હીરસૂરીશ્વર જગદ્ગુરુ સંઘ જૈન ટ્રસ્ટ
દફતરી રોડ. દેના બેંક પાસે,
મલાડ ( ઈસ્ટ ) મુંબઈ–૪૦૦૦૯૭

* પ્રકાશક *
ભદ્રંકર પ્રકાશન
જ્ઞાનમંદિર
૪૯/૧, મહાલક્ષ્મી સોસાયટી, સુજાતા પાસે,
શાહીબાગ, અમદાવાદ–૩૮૦૦૦૪

કિંમત
રૂા. ૮૦–૦૦

સં. ૨૦૪૯
દ્વિ. ભા. સુ. ૪
(સંવત્સરી મહાપર્વ)

–: અનુવાદક :–

પરમ પૂજ્ય કવિકુલકિરીટ આચાર્યદેવ શ્રીમદ્ વિજય **લબ્ધિસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય**વિક્રમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન સરળ સ્વભાવી આચાર્યદેવ શ્રીમદ્ વિજય **સ્થૂલભદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન વિદ્વાન મુનિરાજ શ્રી **અમિતયશવિજયજી** મહારાજ.

: સંપાદક–સંમાર્જક :

પરમ પૂજ્ય કલિકાલ કલ્પતરુ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ **વિજયરામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન પરમ પૂજ્ય પંન્યાસ પ્રવર શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રીના શિષ્યરત્ન પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય **કુંદકુંદસૂરીશ્વરજી** મ. ના શિષ્યરત્ન પરમ પૂજ્ય પંન્યાસ શ્રી **વજ્રસેનવિજયજી** ગણિવર્ય...!!

વીર સં. ૨૫૧૯
તા. ૧૯–૯–૧૯૯૩
રવિવાર



* મુદ્રક *
કાંતિલાલ ડી. શાહ
"ભરત પ્રિન્ટરી" ન્યુ માર્કેટ, પાંજરાપોળ,
રીલીફ રોડ, અમદાવાદ–૧. ✆ ૩૮૭૯૬૪

## શ્રી હીરસૂરીશ્વરજી જગદ્‌ગુરુ શ્વે. મૂ. પૂ. તપાગચ્છ જૈન સંઘના

# સુકૃતોની અનુમોદના

અઢારેક વર્ષ પૂર્વે મલાડ (મુંબઈ)માં શ્રી જગવલ્લભપાર્શ્વનાથ ભગવાનનું એક મોટું અને બીજા ત્રણ-ચાર નાના દેરાસરો હતા. ધીરે ધીરે મલાડ (પૂર્વ)માં આપણા જૈનોની વસ્તી વધતી હતી. પરંતુ આરાધના કરવા માટે કોઈ સુવ્યવસ્થિત સ્થળ નહીંવત્ હતા. તે વખતે કેટલાક આરાધક જૈન ભાઈઓને પરમોપકારી પૂજ્ય પંન્યાસજી શ્રી ચરણવિજયજી ગણિવર તરફથી પ્રેરણા અને માર્ગદર્શન મળ્યા અને આ સંસ્થા અસ્તિત્વમાં આવી.

આ સંસ્થા હસ્તકના છ મજલાના વિશાળ બિલ્ડીંગમાં ત્રીજે માળે શ્રી શ્રેયાંસનાથ ભગવાન આદિ જિનાબિંબોની પૂજ્યપાદ પંન્યાસજી શ્રી ચરણવિજયજી મહારાજના વરદહસ્તે ચલ-પ્રતિષ્ઠા થયા બાદ, મલાડ (પૂર્વ)માં આજે જૈનોની વસ્તી ખુબ જ વધી રહી છે. મૂળનાયક શ્રી શ્રેયાંસનાથ ભગવાન આદિ જિનબિંબોની અંજનશલાકા ૩૬ ક્રોડ નવકાર મંત્ર આરાધક પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયયશોદેવસૂરીશ્વરજી મ. સા. ના વરદહસ્તે અમલનેર મુકામે થઈ હતી.

સંસ્થાના બિલ્ડીંગમાં ચોથે માળે શ્રી મહાવીરસ્વામી ભગવાન, પાંચમા માળે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી અને છઠ્ઠા માળે શ્રી આદિશ્વર ભગવાન આદિ જિનબિંબો પ્રતિષ્ઠિત કરાયા છે. જેની અંજનશલાકા અને પ્રતિષ્ઠા અમારા સંઘના ઉપકારી એવા પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયહીરસૂરીશ્વરજી મ. સા. તથા પ. પૂ. આચાર્ય શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. સા. ના વરદહસ્તે થઈ હતી. તે પ્રસંગે એક સાથે ૧૬ દિક્ષાનો પ્રસંગ પણ મહોત્સવ સાથે ઉજવાયો હતો.

આ સંસ્થામાં આજ સુધી ત્રણવાર ઉપધાન તપની પણ આરાધના થઈ છે. સંસ્થાના ગ્રાઉન્ડ ફ્લોરમાં વ્યાખ્યાન વગેરે સુંદર આરાધના થાય છે. તથા કાયમી આયંબીલ ખાતુ પણ ચાલે છે. પહેલો અને બીજો માળ ઉપાશ્રય તરીકે વપરાય છે. જેમાં પૂ. પં. શ્રી ચરણવિજયજી મ. સા.ના નામથી સુંદર જ્ઞાનભંડાર પણ છે. જે ચતુર્વિધ સંઘને ઘણું ઉપયોગમાં આવે છે.

પહેલા માળે પ. પૂ. પરમોપકારી ગચ્છાધિપતિ સિદ્ધાન્તમહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી. મ. સા. તથા પ. પૂ. શ્રી ચરણવિજયજી ગણિવર મ. સા.ની મૂર્તિ પ્રતિષ્ઠત થયેલી છે. તેમજ હાલમાં તે સ્થળે એક 'નવકાર-મંદિર' ની

પણ સ્થાપના થયેલી છે. જેમાં છેલ્લા બે વરસથી સતત અખંડ ચોવીશે કલાક શ્રી નવકાર મંત્રનો જાપ ચાલુ રહે છે. દૂર–દૂરથી અનેક ભાવિકો આકર્ષાઈ અત્રે જાપ કરવા આવે છે.

સંસ્થાના અન્વયે શ્રી શ્રેયાંસનાથ સ્વામી સ્નાત્ર મંડળ, સ્વયં સેવા મંડળ, બેન્ડ વિભાગ, પૌષધ મંડળ, શ્રાવિકા મંડળ, સામાયિક મંડળ તથા સુલસા બાલિકા મંડળ દ્વારા અનેક ધાર્મિક પ્રવૃત્તિઓ સારી રીતે ચાલી રહી છે. ધાર્મિક અભ્યાસ માટે સુંદર પાઠશાળા પણ ચાલે છે. સંસ્થાના અન્વયે શ્રાવિકા ઉપાશ્રયનું પણ બે વર્ષ પહેલા નિર્માણ થયેલું છે. ઉપરાંત દત્તમંદિર રોડ ( મલાડ પૂર્વ ) ઉપર સંસ્થા અન્વયે એક નાનકડા સુંદર શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના ઘર દેરાસરની પણ સ્થાપના થઇ છે. જે "રીજન્સી"ના દેરાસર નામે પ્રસિદ્ધ છે. શ્રી વર્ધમાન સંસ્કૃતિ ધામ ( મલાડ ) તરફથી પણ આ સંસ્થામાં અનેકવિધ સુંદર કાર્યક્રમોનું આયોજન કરાય છે.

સંસ્થાએ પ્રશસ્ત ધારો બનાવ્યો છે કે દેવદ્રવ્ય વગેરે ખાતામાં જરૂર કરતા વધારે સંચય કરી રાખવો નહિ. તેથી જ આજ સુધીમાં હસ્તગિરિ વગેરે તીર્થોમાં લાખો રૂપિયા દેવદ્રવ્યમાંથી અપાયા છે અને અનેક ગ્રંથોના પ્રકાશનમાં જ્ઞાનદ્રવ્યનો પણ સુંદર વિનિયોગ થઇ રહ્યો છે. આજ સુધી અનેક પૂજ્યોનાં ચાતુર્માસની સાથોસાથ પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયજયઘોષસૂરિજી મ. સા. આદિ અનેક શાસનરત્ન મુનિ ભગવંતોના ચાતુર્માસનો લાભ મળ્યો છે, મળી રહ્યો છે. જે આ સંઘ-સંસ્થાનું સદ્ભાગ્ય છે.

દેવ–ગુરુની કૃપાથી અમારી સંસ્થાના અન્વયે અવસરે–અવસરે શાસ્ત્રીય ગ્રંથોનું પ્રકાશન થતું રહે છે. તેમાં પરમ પૂજ્ય. સ્વ. શાસનપ્રભાવક આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજાનાં શિષ્યરત્ન પરમ પૂજ્ય પંન્યાસ પ્રવર શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રીનાં પ્રશિષ્યરત્ન પંન્યાસપ્રવર શ્રી વજ્રસેનવિજયજી ગણિવર્યની પ્રેરણાથી પરમ પૂજ્ય વિદ્વાન મુનિરાજ શ્રી અમિતયશવિજયજી અનુવાદિત શ્રી પ્રવચન સારોદ્ધાર ભાગ–૨ નો લાભ પણ અમને મળી રહ્યો છે.

શાસન દેવને પ્રાર્થના કે અમોને આવા સુંદર પ્રકાશન માટેનાં અવસર મળે અને અમો પ્રભુભક્તિની સાથો-સાથ જ્ઞાનભક્તિ કરવા સદ્ભાગી બનીએ.

લી.

**શ્રી જગદ્ગુરુ હીરસૂરીશ્વરજી જૈન સંઘ મલાડ.**

આત્મ-કમલ-લબ્ધિ-વિક્રમ-સ્થૂલભદ્રસૂરીશ્વરજી સદ્‌ગુરુભ્યો નમઃ

# ✻ અનુવાદકીય ✻

લૌકિક વ્યવહારમાં પ્રત્યક્ષ, અનુમાન, આગમ અને ઉપમાન—એ ચાર પ્રમાણો પ્રસિદ્ધ છે. એ ચાર પ્રમાણથી ( કોઈપણ પદાર્થનો નિર્ણય મળે ). નિર્ણિત વસ્તુ જ બુદ્ધિમાન વર્ગમાં માન્ય થાય છે.

પાંચ ઇન્દ્રિય અને મન દ્વારા નિર્ણિત પદાર્થ પ્રત્યક્ષ પ્રમાણ માન્ય કહેવાય છે. પ્રતિજ્ઞા, હેતુ, વ્યાપ્તિ વગેરે દ્વારા નિર્ણિત પદાર્થ અનુમાન પ્રમાણ માન્ય કહેવાય છે. આપ્ત પુરૂષોના વાક્ય દ્વારા નિર્ણિત પદાર્થ આગમ પ્રમાણિત કહેવાય છે અને સદૃશ પદાર્થ દ્વારા જે પદાર્થ નિર્ણિત થાય, તે ઉપમાન પ્રમાણવાન ગણાય છે.

આ ચારે પ્રમાણમાં આગમ પ્રમાણ અગમ્ય-અતીન્દ્રિય પદાર્થના નિર્ણય માટે ખૂબ જ ઉપયોગી છે. તે આગમ પ્રમાણ આપ્તપુરૂષોના વચનરૂપ છે. આપ્ત એટલે વિશ્વસનીય પુરૂષ. જેના વચન પરસ્પર વિસંવાદિતા, વિસંગતિ વગરના હોય છે. જ્યાં સુધી આત્મા સર્વજ્ઞ બનતો નથી, ત્યાં સુધી તે આત્મામાં રાગ-દ્વેષની પરિણતી રહે છે અને તે રાગ-દ્વેષની પરિણતિ હોવાના કારણે તે આત્માના વચનોમાં વિસંવાદિતા-વિસંગતિ કે અન્યાય થવાનો સંભવ રહે છે. માટે જ અરિહંતો જ્યાં સુધી સર્વજ્ઞતા પ્રાપ્ત થતી નથી, ત્યાં સુધી પ્રાયઃ કરી મૌન રહે છે. સર્વજ્ઞતા પ્રાપ્ત થયા પછી જ દેશના આપે છે. ગણધરોની સ્થાપના કરી ત્રિપદી દ્વારા પ્રવચન દ્વાદશાંગી રૂપ તીર્થની સ્થાપના કરે છે.

દ્વાદશાંગીના દરેક સૂત્રોમાંથી દ્રવ્યાનુયોગ, ચરણકરણાનુયોગ, ગણિતાનુયોગ અને ધર્મકથાનુયોગ રૂપ ચાર-ચાર અર્થ નીકળે છે. આ ચાર-ચાર અનુયોગ-અર્થમય દ્વાદશાંગી પૂ. આર્યરક્ષિતસૂરિજી મ. સુધી એકધારી ચાલી આવી. ત્યારબાદ સાધુઓની ધારણાશક્તિ ઓછી થવાના કારણે આર્યરક્ષિતસૂરિજી મહારાજે ચાર અનુયોગમય આગમો કરીને બીજા અર્થ ભંડારી દીધા. વચમાં વચમાં બાર-બાર વર્ષના દુકાળો પડવાના કારણે પણ સૂત્રોના, અર્થાદિના પઠન-પાઠન ન થવાના કારણે સાધુઓને ઘણા પાઠો વિસ્મૃત થઈ ગયા.

આખરે વીર નિર્વાણ સં. ૧૦૦૦માં દેવર્ધિગણિ ક્ષમાશ્રમણજી મ. સા. એ વલ્લભીપુરમાં સાધુ સંમેલન કરી ૫૦૦ આચાર્યોને એકઠા કરી આગમ વાંચના કરવા દ્વારા, દૈવી સહાય દ્વારા જ્યાં પાઠ ભેદ થયા ત્યાં બધા પાઠો નોંધી 'તત્ત્વં કેવલિગમ્યં' કરી બધા આગમ લખાવ્યા.

આ આગમો શરૂઆતમાં ૮૪ હતા. જેમના નામો નંદિસૂત્રમાં તેમજ પક્ખિસૂત્રમાં આવે છે. તેમાંથી પણ ઘણા આગમોનો નાશ થતાં થતાં વર્તમાનકાળમાં ૪૫ આગમો ઉપલબ્ધ થાય છે. જે આગમો પર પણ પૂર્વ આચાર્યોએ નિર્યુક્તિ ચૂર્ણી, ભાષ્ય, ટીકા, અવચૂરિ વગેરે ઘણું ઘણું સાહિત્ય રચ્યું, જે વર્તમાનમાં પ્રાપ્ત થાય છે. આ બધું ય સાહિત્ય મહામેધાવી સાધુ ભગવંતો દ્વારા ગમ્ય હોવાના કારણે આના જ આધાર ઉપર પૂર્વાચાર્યોએ મંદબુદ્ધિવાળા જીવો માટે અનેક પ્રકરણો, સંગ્રહણીઓ, ગ્રંથોની રચના કરી. જે ગ્રંથો દ્વારા મંદબુદ્ધિવાળા જીવો આગમના રહસ્યો જાણી શકે.

એમાં આજથી લગભગ ૮૦૦ વર્ષ પહેલાં પૂ. નેમિચંદ્રસૂરિજી મ. સા.એ અનેક આગમોના સારરૂપ વિવિધ પદાર્થોથી ભરપૂર આગમ તુલ્ય એવા 'પ્રવચન સારોદ્ધાર' નામના ગ્રંથની રચના કરી. જેમાં ચારે અનુયોગોનો વિષય સમાવ્યો છે. જેનો અભ્યાસ કરવા દ્વારા આગમ સાહિત્યના અભ્યાસમાં જીવોને સારી સુગમતા રહે છે. જે ગ્રંથ પર પૂ. સિદ્ધસેનસૂરિજી મ. સા. એ વિસ્તૃત સુંદર ટીકા રચી છે. જે ગ્રંથના રહસ્યને પામવામાં ઘણી સહાયક બને છે.

સં. ૨૦૪૪ ની સાલમાં, અમદાવાદમાં પૂ. મુનિચંદ્રવિજયજી મ. સા. મળ્યા હતા, તેઓએ પ્રસંગાનુસારે આ પ્રવચન સારોદ્ધાર ગ્રંથનો ભાવાર્થ ગુજરાતીમાં લખવાનું સૂચન કર્યું. એ પછી ગુરુભગવંતની આજ્ઞા મળતાં આ ગ્રંથનો અનુવાદ લખવાની શરૂઆત કરી અને તે અરિહંતદેવની તેમજ પ. પૂ. પરમગુરુદેવશ્રી વિજયવિક્રમસૂરીશ્વરજી મ. સા. તથા પૂ. ગુરુદેવશ્રી વિજયસ્થૂલભદ્રસૂરીશ્વરજીની કૃપાથી પૂર્ણ થઈ અને જેમાં પ્રેરક બન્યા. પ. પૂ. મુનિવર્ય શ્રી મુનિચંદ્ર વિ. મ. સા. અને પ. પૂ. પંન્યાસપ્રવરશ્રી વજ્રસેનવિજયજી મ. સા. એ ગ્રંથનું સંશોધન સંપાદન કાર્ય કર્યું અને આ ગ્રંથના છાપકામની સંપૂર્ણ જવાબદારી ઉપાડી ગ્રંથને સુંદર બનાવ્યો છે. સાધ્વીજી મ. શ્રી સુભદ્રાશ્રીજી ના નિશ્રાવર્તી અનેક સાધ્વીજી મહારાજે આ ગ્રંથની પ્રથમ પ્રેસ કોપી કરી આપીને શ્રુતભક્તિનો સુંદર લાભ લીધો છે.

આ પ્રમાણે આ ગ્રંથના પ્રકાશનમાં સહાયક બનનારા સર્વે પૂજ્યોનો હું ઋણી છું. આ ગ્રંથના ભાષાંતરમાં જિનાજ્ઞા વિરુદ્ધ જે કંઈ લખાયું હોય તે બદલ મિચ્છામિ દુક્કડમ્ માંગુ છું. આ ગ્રંથના અભ્યાસ, વાંચન, મનન દ્વારા સર્વ જીવો પરમપદ પામે એ જ મનોકામના.

—પ. પૂ. ગુરુદેવશ્રી સ્થુલભદ્રસૂરીશ્વરજી મ. સા.
નો શિષ્ય
મુનિ અમિતયશ વિ.

ગાંધીનગર—બેંગ્લોર
શ્રા. સુ. ૫.

# * સંપાદકીય *

જગત–જીવ અને કર્મની આ અનાદિ ત્રિપુટીનાં જ્ઞાન માટે આપણે સંસારનાં સ્વરૂપને જાણવું પડશે.

સંસારમાં રહેલા પદાર્થો–દ્રવ્યોનો વિચાર કરવો પડશે. એ બધું શું છે...? તે જાણવા માટે જ જ્ઞાનીભગવંતોએ આગમોમાંથી પ્રકરણરૂપે પદાર્થોને બતાવ્યા. તેમાં જુદા–જુદા પ્રકરણકારોનાં ઉપકારોની સ્મૃતિની સાથો–સાથ **"પ્રવચન–સારોદ્ધાર"**નાં કર્તા **શ્રી નેમિચંદ્રસૂરીશ્વરજી** મ. સા. તથા ટીકાકાર **શ્રી સિદ્ધસેનસૂરીશ્વરજી** મ. સા. ની સ્મૃતિ પણ થયા વિના નથી રહેતી. તે પૂજ્યોએ જૈનદૃષ્ટિએ ત્રણ લોક–કાળ–દ્રવ્ય–ગુણ–પર્યાય વિગેરેની છણાવટ કરતા, આગમ પાઠો–સાક્ષીપાઠોથી ભરપૂર, ૨૭૬ દ્વારો દ્વારા એકદમ રસદાર એવા ગ્રંથની રચના કરીને આપણા ઉપર અનહદ ઉપકાર કર્યો છે.

એ ગ્રંથના પદાર્થો, અલ્પ અભ્યાસવાળા મુમુક્ષુ આત્માઓ પણ સારી રીતે સમજી શકે તે માટે પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ **વિજયસ્થૂલભદ્રસૂરીશ્વરજી મહારાજનાં** શિષ્યરત્ન પરમ પૂજ્ય **મુનિરાજશ્રી અમિતયશવિજયજી** મહારાજે ખુબ જ મહેનત લઈને ભાષાંતર કર્યું. તે લખાણો અંગે તથા ભાષાંતરને સરલ તથા સુવ્યવસ્થિત કરવા મુનિરાજ શ્રી **મુનિચંદ્રવિજયજી** મહારાજે મારા લઘુગુરુ ભ્રાતા મુનિશ્રી **હેમપ્રભવિજયજી** મહારાજને વાત કરી અને મુનિશ્રીએ મને વાત કરી કે, "આપ આ કાર્ય સંભાળો, એ રીતે અમારે પણ સ્વાધ્યાય થશે."

અને મારી તબીયતની અસ્વસ્થતામાં પણ દેવ–ગુરુ–ધર્મનાં પસાયે તથા અનેક મહાત્માઓનાં સહયોગથી ટૂંક સમયમાં બે ભાગોમાં આ ગ્રંથનું સંકલન–સંપાદન કરવા બડભાગી બની શકાયું.

તેમાં આ ગ્રંથને પ્રકાશિત કરવામાં શ્રી જગદ્‌ગુરુ હીરસૂરિજી સંઘનો આર્થિક સહકાર તથા શ્રાદ્ધવર્ય શ્રી હીંમતભાઈનો લાગણીભર્યો સહકાર મળતાં આ ગ્રંથનું પ્રકાશન શક્ય બન્યું.

વિશેષમાં આ દ્વારોને–૯ વિભાગમાં ગોઠવી શકાય તે માટે જુદી અનુક્રમણિકા કરી છે.

આ ગ્રંથ અનેક મહાત્માઓનાં સાથ–સહકારથી ઝાઝા હાથ રળીયામણાનાં ન્યાયે તૈયાર થયો છે. જેના અભ્યાસદ્વારા આપણે સૌ જગતનાં પદાર્થોની હેય–જ્ઞેય–ઉપાદેયતાને સમજીને જીવનમાં ઉતારીને પરમ પદની પ્રાપ્તિના સદ્‌ભાગી બનીએ એજ એકની એક અભિલાષા

પં. વજ્રસેનવિજય.
શ્રી શાંતિનાથ જૈન દેરાસર
પોરબંદર.

આરખી મંડન શ્રી દેવાધિદેવવાસુપૂજ્યસ્વામિ–મહાવીર સ્વામિજિનેભ્યો નમઃ
પૂજ્યપાદ સદ્ગુરુદેવ શ્રીમદ્ વિજયભદ્ર–ૐકારસૂરીશ્વરેભ્યો નમઃ

## એક મઝાની યાત્રા....

# ભીગા ભીગા ટ્રેક પર

ભીગો ભીગો માર્ગ ને એ ઉપર ભીની ભીની આપણી શબ્દયાત્રા. આ યાત્રા વધુ મઝાની ત્યારે થઈ જાય છે જ્યારે મહાન શબ્દ સ્વામી ચારિત્ર્યપૂત આચાર્ય પ્રવરોની આંગળી પકડીને ચાલવાનું હોય ! છે એક સુખદ અનુભૂતિ.

નેમિચન્દ્રીય અને સિદ્ધસેનીય આંગળીઓ પકડીને 'પ્રવચન સારોદ્ધાર'ના ભીગા ભીગા ટ્રેક પર ચાલવાની કેવી મઝા ! માર્ગ ખૂબ ભીનો છે. આચાર્ય પ્રવરોની જિનાજ્ઞા પ્રત્યેની ભીતરી ભીનાશ અહીં શબ્દો પર લાગી ચૂકી છે. અહોભાવની ભીનાશ... અશબ્દની ભીનાશ.

આવા મહાન કૃતિકારોના શબ્દોની પાછળ એ મહાન આચાર્ય પ્રવરોની સાધનાનું સશક્ત બળ પડેલું હોય છે. સંત દરિયાએ મઝાની વાત કહી છે, પહેલાના કાળમાં દુશ્મન રાજાની રાજધાનીમાં પ્રવેશવા માટે કિલ્લાનો દરવાજો તોડવો પડતો. હાથી પોતાના દંતૂશળને દરવાજા જોડે ભરાવે છે, જોર લગાવે છે અને કડડડ કરતો દરવાજો તૂટી જાય છે. દરિયા અહીં મઝાનો વ્યંગ મૂકે છે : 'દાંત ગ્રહે હસ્તિ બિના, પોલ ન તૂટે કોય...' કોઈ માણસ હાથી દાંત લઈ દરવાજાને ટચ કરે તો દરવાજો તૂટી પડે ખરો ? દાંતની પાછળ હાથીની તાકાત જોઈએ.

આ જ રીતે શબ્દોની પાછળ આચાર્ય પ્રવરોની શક્તિ હોય છે. અનુભવથી ભીગા ભીગા એ શબ્દો રચયિતાઓની સમથ સાધનાનું પ્રતિબિમ્બ પાડે છે.

જો કે આ ભીનાશને માણવા માટેની પણ એક વિધિ છે. જે વિધિ હસ્તગત ન થાય તો આવા ભીગા ટ્રેક પર ચાલવા છતાં યાત્રી ભીગો ન બને. રેઈનકોટ ઉતારી નાખવો પડે. આવરણો તમામ દૂર કરવા પડે. પછી ભીંજાવાની મઝા આવે.

પેલા ભીનાશના તાળાને ખોલવા તમારી પાસે અહોભાવની ચાવી જોઈશે.

અહોભાવની માસ્ટરકીથી પેલા તાળાને ખોલો છો અને ભીનાશના રાજમહેલમાં પ્રવેશ.

નરકવેદના (ભા. ૨ પૃ. ૨૨૩) નું સ્વરૂપ વાંચી હૃદય કંપી ઊઠે છે. હોઠ પરથી સરી પડે છે ભક્તિયોગાચાર્ય વીરવિજયજી મહારાજની પંક્તિઓ : 'શે' વશ સુખમાં સ્વામી ન સાંભર્યો રે, તેણે હું રઝળ્યો કાળ અનંત...

નરકવેદનાની આ વાત ઉત્તરાધ્યયન સૂત્રમાં આવેલ મૃગાપુત્ર ચરિત્ર સુધીની માનસિક સફર આપણને કરાવે છે. માતા-પિતા પાસે દીક્ષાની અનુમતિ માગતા મૃગાપુત્રજી નરકની વેદનાનું કેવું સજીવ વર્ણન આપે છે !

અને માત-પિતાની અનુમતિ મળતાં જ મૃગાપુત્ર કેવી રીતે પ્રભુના માર્ગે નીકળી પડે છે ! સૂત્રકાર મહર્ષિ લખે છે, 'રેણુયં વ પડે લગ્ગં નિદ્ધુણિત્તાણ નિગ્ગઓ.' કપડાં પરની ધૂળ ખંખેરીને કોઈ નીકળે તેમ મૃગાપુત્ર સંસારને ખંખેરીને ચાલી નીકળ્યા.

ભીનાશની આંખે જોવાયેલ આ પોર્સન નરકવેદનાને આપણા માટે અતીતની ઘટના બનાવી મૂકે છે.

દશ પ્રાયશ્ચિત્ત (ભા. ૨, પૃ. ૧) નું સ્વરૂપ વાંચતા અશ્રુબિન્દુઓનો ચુવાક થશે. વિરાધનાની વેદના તીવ્રરૂપે ક્યારે મળે ?

સાત નયનું સ્વરૂપ વાંચતાં (ભા. ૨. પૃ. ૫૬) પ્રભુ શાસનની વિશાળતાનો બોધ થાય છે. દર્શનાચાર્ય અને ભક્તિયોગાચાર્ય પૂજ્યપાદ સિદ્ધસેનસૂરિ મહારાજાનું 'સન્મતિ પ્રકરણ'નું અન્તિમ મંગળ યાદ આવે છે : 'ભદ્દં મિચ્છાદંસણસમૂહ મયસ્સ અમયસારસ્સ જિણમયસ્સ...' મિથ્યાદર્શનોના સમૂહરૂપ, અમૃતમય જિનશાસનને પ્રણતિ.

અહોભાવથી ભીગા ભીગા બની 'પ્રવચન સારોદ્ધારની યાત્રાએ નીકળીએ....

આરખી (વાયા ડીસા) —યશોવિજયસૂરિ

તા. ૬-૮-'૯૩

## : ઉપકાર સ્મૃતિ–ઋણ સ્વીકાર :

* જેમણે બાલ્યકાળથી જ અખંડ વાત્સલ્યના ધોધમાં સ્નાન કરાવ્યું, તે પુણ્યનામધેય, સિદ્ધાંતમહોદધિ, પૂજ્યપાદ આચાર્યદેવ,

**શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા.**

* સમ્યગ્દર્શન પ્રદાનૈકનિષ્ટ, કલિકાલકલ્પતરૂ, ગચ્છાધિપતિ આચાર્યદેવ,

**શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા.**

* સંસાર સમુદ્રમાંથી ઉગારીને સંયમી બનાવનાર, અધ્યાત્મયોગી, કરૂણા સાગર,

**પૂજ્ય પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય.**

* પરમ તપસ્વીસમ્રાટ–શાંતમૂર્તિ, સદા આરાધના મગ્ન,

**આચાર્યદેવ શ્રીમદ્ વિજયરાજતિલકસૂરીશ્વરજી મહારાજા.**

* વર્તમાનમાં અમારા સંપૂર્ણયોગ–ક્ષેમકારક, પરમ ગુરુભક્ત પ્રશાંતમૂર્તિ આચાર્યદેવ

**શ્રીમદ્ વિજયમહોદયસૂરીશ્વરજી મહારાજા.**

* પંદર–પંદર વર્ષ સુધી સતત સંયમની તાલીમ આપી અને મારી ૧૯ વર્ષની નાનકડી ઉંમરમાં દ્રવ્યાનુયોગના ગ્રન્થનું વાંચન કરાવનાર, તપસ્વીરત્ન, દ્રવ્યાનુયોગના સમર્થ જ્ઞાતા,

**પૂજ્ય મુનિરાજ શ્રી મહાભદ્રવિજયજી મહારાજ.**

* વર્તમાનમાં ગુરુવત્ સર્વ પ્રકારે યોગ–ક્ષેમ કરનાર, નિઃસ્પૃહ–શિરોમણિ, સરળ સ્વભાવી, સદાપ્રસન્ન, આચાર્યદેવ.

**શ્રીમદ્ વિજયપ્રદ્યોતનસૂરીશ્વરજી મહારાજ.**

* જન્મથી જ સંયમના પ્રેરક બનનાર, પૂજ્ય ગુરુદેવ, પ્રશાન્તમૂર્તિ, તત્ત્વચિંતક, પ્રતિભા સંપન્ન, પરમ પૂજ્ય આચાર્યદેવ

**શ્રીમદ્ વિજયકુંદકુંદસૂરીશ્વરજી મહારાજ.**

* ધર્મનાં સંસ્કારો આપી ધર્મમાર્ગે જોડનાર, ક્ષમા, નમ્રતા, તિતીક્ષા આદિ મનોહર ગુણોથી અલંકૃત, પૂજ્ય ઉપકારી પિતા

મુનિરાજ શ્રી મહાસેનવિજયજી મહારાજ.

* આ ગ્રન્થનાં સંશોધન અને સંપાદનની પ્રેરણા કરીને જ્ઞાનભક્તિનો અવસર આપનાર

મુનિ શ્રી મુનિચંદ્રવિજયજી મહારાજ.

* પ્રસ્તુત ગ્રન્થનો અનુવાદ કરીને સૌના માટે જ્ઞાન સાધના માટે સહાયક તથા અમને સ્વાધ્યાયની તક આપનાર

મુનિ શ્રી અમિતયશવિજયજી મહારાજ.

* સંપૂર્ણ પૂજ્યભાવે મારી સાથે રહીને કાર્યમાં ઉત્સાહપૂર્વક સહાય કરનાર, આ ગ્રન્થના સંપાદન કાર્યમાં સંપૂર્ણ રીતે સહાયક, સેવાભાવી એવા મારા લઘુ ગુરુભ્રાતા

મુનિ શ્રી હેમપ્રભવિજયજી મહારાજ.

* પ્રથમથી સંશોધન કર્યા પછી, પ્રેસ કોપી, સંશોધન, અનુક્રમણિકા–શુદ્ધિપત્રક આદિ કરી–કરાવી આપનાર

સાધ્વીજી શ્રી જ્ઞાનશ્રીજી મહારાજ
સાધ્વીજી શ્રી કુમુદશ્રીજી મહારાજ
સાધ્વીજી શ્રી સુલોચનાશ્રીજી મહારાજ
સાધ્વીજી શ્રી સુલસાશ્રીજી મહારાજ

* આ બધા પૂજ્યોની કૃપાથી તથા મહાત્માઓના સહકારથી સંશોધન–સંકલન તથા સંપાદનનું કાર્ય શક્ય બન્યું છે તેથી હું તો નિમિત્ત માત્ર છું.

—પં. વજ્રસેનવિજય ગણિ.

# દ્વારની અનુક્રમણિકા

**પ્રવચન સારોદ્ધાર ગ્રંથ** ખરેખર...! પ્રવચન એટલે કે આગમના સારને જણાવનારો છે. આગમમાં રહેલા અતિ વિશાળ શ્રુતજ્ઞાનને ૨૭૬ દ્વારની વિવક્ષા દ્વારા વણી લેવામાં આવ્યું છે. ઘણા દ્વારો એકબીજાની સાથે સંગતિ ધરાવતાં હોવા છતાં છૂટા છવાયા થઈ ગયા છે. જો વ્યવસ્થિત રીતે આ ગ્રંથનો અભ્યાસ કરવો હોય તો એકબીજા સાથે સંગત થનારા દ્વારોનાં અમુક વિભાગ નક્કી કરીને વાંચન કરાય તો વાચકને આ ગ્રંથ રસપ્રદ બની રહે અને વાંચનમાં પણ વિશેષ સરળતા રહે. આ વિચાર આવકારવા લાયક લાગવાથી પ્રવચન સારોદ્ધારના ૨૭૬ દ્વારોના કુલ નવ વિભાગ ગોઠવ્યા છે. કયો દ્વાર કયા વિભાગમાં સંગત થાય છે તેની સૂચિ નીચે પ્રમાણે છે :–

## ૧. વિધિવિભાગ

| દ્વારનું નામ | દ્વાર નં. | પેજ નં. | પ્ર.સા. ભાષાં. ભાગ | દ્વારનું નામ | દ્વાર નં. | પેજ. નં. | પ્ર.સા. ભાષાં. ભાગ |
|---|---|---|---|---|---|---|---|
| ચૈત્યવંદન દ્વાર | ૧ | ૨૪ | ૧ | આખા દિવસમાં કરવાના વંદનની સંખ્યા | ૭૫ | ૩૫૨ | ૧ |
| વંદન દ્વાર | ૨ | ૪૧ | ૧ | રાત્રિ જાગરણ | ૧૨૮ | ૭૩ | ૨ |
| પ્રતિક્રમણ દ્વાર | ૩ | ૭૬ | ૧ | આલોચના દાતાની ગવેષણા | ૧૨૯ | ૭૪ | ૨ |
| પ્રત્યાખ્યાન દ્વાર | ૪ | ૮૩ | ૧ | અસજ્ઝાય | ૨૬૮ | ૪૫૭ | ૨ |
| નિર્યામક મુનિ | ૭૧ | ૩૩૮ | ૧ | | | | |

## ૨. આરાધના–વિભાગ

| દ્વારનું નામ | દ્વાર નં. | પેજ નં. | પ્ર.સા. ભાષાં. ભાગ | દ્વારનું નામ | દ્વાર નં. | પેજ. નં. | પ્ર.સા. ભાષાં. ભાગ |
|---|---|---|---|---|---|---|---|
| વિશસ્થાનક | ૧૦ | ૧૫૭ | ૧ | બાવીસ પરિષહો | ૮૬ | ૩૬૮ | ૧ |
| વિનયના બાવન ભેદો | ૬૫ | ૨૫૩ | ૧ | કાયોત્સર્ગ દ્વાર | ૫ | ૧૧૨ | ૧ |
| અઢાર ભેદે બ્રહ્મચર્ય | ૧૬૮ | ૨૧૬ | ૨ | પચ્ચીસ શુભ ભાવના | ૭૨ | ૩૪૧ | ૧ |
| ઇન્દ્રિયજય વિગેરે તપ | ૨૭૧ | ૪૮૨ | ૨ | પચ્ચીસ અશુભ ભાવના | ૭૩ | ૩૪૪ | ૧ |

## ૩. સમ્યક્ત્વ અને શ્રાવક ધર્મ વિભાગ

| દ્વારનું નામ | દ્વાર નં. | પેજ નં. | પ્ર.સા. ભાષાં. ભાગ | દ્વારનું નામ | દ્વાર નં. | પેજ. નં. | પ્ર.સા. ભાષાં. ભાગ. |
|---|---|---|---|---|---|---|---|
| સમ્યક્ત્વના સડસઠ ભેદ | ૧૪૮ | ૧૨૯ | ૨ | શ્રુતમાં સમ્યક્ત્વ | ૧૧૩ | ૪૦ | ૨ |
| સમ્યક્ત્વના પ્રકાર | ૧૪૯ | ૧૪૨ | ૨ | સામાયિકના ચાર આકર્ષ | ૧૨૨ | ૪૮ | ૨ |

| દ્વારનું નામ | દ્વાર નં. | પેજ નં. | પ્ર.સા. ભાષા. ભાગ |
|---|---|---|---|
| અણુવ્રતોના ભાંગા | ૨૩૬ | ૩૮૭ | ૨ |
| શ્રાવક પ્રતિમા | ૧૫૩ | ૧૭૨ | ૨ |
| પ્રાણાતિપાતના ૨૪૩ ભેદો | ૧૬૬ | ૨૧૩ | ૨ |

| દ્વારનું નામ | દ્વાર નં. | પેજ નં. | પ્ર.સા. ભાષાં. ભાગ |
|---|---|---|---|
| પરિણામના એકસોઆઠ ભેદ | ૧૬૭ | ૨૧૪ | ૨ |
| ગૃહસ્થના પ્રતિક્રમણના ૧૨૪ અતિચાર | ૬ | ૧૧૬ | ૧ |
| શ્રાવકના એકવીસ ગુણ | ૨૩૯ | ૪૦૯ | ૨ |


## ૪. સાધુ ધર્મ-વિભાગ


| દ્વારનું નામ | દ્વાર નં. | પેજ નં. | પ્ર.સા. ભાષાં. ભાગ |
|---|---|---|---|
| સત્યાવીશ મુનિના ગુણો | ૨૩૮ | ૪૦૮ | ૨ |
| અઢાર હજાર શીલાંગરથ | ૧૨૩ | ૫૦ | ૨ |
| ચરણસિત્તરી | ૬૬ | ૨૫૩ | ૧ |
| કરણસિત્તરી | ૬૭ | ૨૬૩ | ૧ |
| મહાવ્રતોની સંખ્યા | ૭૪ | ૩૫૦ | ૧ |
| ક્ષેત્રોમાં સામાયિક વિગેરે ચારિત્રોની સંખ્યા | ૭૬ | ૩૫૨ | ૧ |
| નિર્ગ્રંથ | ૯૩ | ૪૦૫ | ૧ |
| શ્રમણ–પંચક | ૯૪ | ૪૧૩ | ૧ |
| સંસારચક્રમાં નિર્ગ્રંથપણાની પ્રાપ્તિ | ૧૦૨ | ૧૫ | ૨ |
| પાંચ વ્યવહાર | ૧૨૬ | ૬૮ | ૨ |
| જંઘાચારણ–વિદ્યાચારણની ગમનશક્તિ | ૬૮ | ૩૨૩ | ૧ |
| આચાર્યના છત્રીસ ગુણ | ૬૪ | ૨૪૪ | ૧ |
| નિર્ગ્રંથનું ચારગતિમાં ગમન | ૧૧૪ | ૪૧ | ૨ |
| દીક્ષાને અયોગ્ય અઢાર પુરૂષ | ૧૦૭ | ૨૬ | ૨ |
| દીક્ષાને અયોગ્ય વીસ પ્રકારની સ્ત્રી | ૧૦૮ | ૩૦ | ૨ |
| દીક્ષાને અયોગ્ય દશ પ્રકારના નપુંસક | ૧૦૯ | ૩૧ | ૨ |
| દીક્ષાને અયોગ્ય વિકલાંગ | ૧૧૦ | ૩૩ | ૨ |

| દ્વારનું નામ | દ્વાર નં. | પેજ નં. | પ્ર.સા. ભાષાં. ભાગ |
|---|---|---|---|
| સ્થવિર કલ્પી મુનિઓના ઉપકરણની સંખ્યા | ૬૧ | ૨૨૫ | ૧ |
| સાધ્વીજીઓના ઉપકરણ | ૬૨ | ૨૩૬ | ૧ |
| કેટલા મૂલ્યવાળું વસ્ત્ર સાધુને કલ્પે | ૧૧૧ | ૩૪ | ૨ |
| વસ્ત્રગ્રહણ વિધાન | ૧૨૫ | ૬૫ | ૨ |
| પાંચ યથાજાત | ૧૨૭ | ૭૨ | ૨ |
| દંડ-પંચક | ૮૧ | ૩૬૨ | ૧ |
| તૃણપંચક | ૮૨ | ૩૬૩ | ૧ |
| ચર્મપંચક | ૮૩ | ૩૬૪ | ૧ |
| દુષ્ય પંચક | ૮૪ | ૩૬૫ | ૧ |
| પાંચ પ્રકારનાં અવગ્રહ | ૮૫ | ૩૬૬ | ૧ |
| ઉપધિ ધોવાનો કાળ | ૧૩૧ | ૭૬ | ૨ |
| ભિક્ષાચર્યાની વિધિ | ૯૭ | ૪૨૧ | ૧ |
| શય્યાતરપિંડ | ૧૧૨ | ૩૫ | ૨ |
| પાણી અને ભોજનની સાત એષણા | ૯૬ | ૪૧૮ | ૧ |
| ગ્રાસેષણા–પંચક | ૯૫ | ૪૧૩ | ૧ |
| ભોજનના ભાગ | ૧૩૨ | ૭૮ | ૨ |
| ક્ષેત્રાતીત | ૧૧૫ | ૪૧ | ૨ |
| માર્ગાતીત | ૧૧૬ | ૪૧ | ૨ |
| કાલાતીત | ૧૧૭ | ૪૧ | ૨ |
| પ્રમાણાતીત | ૧૧૮ | ૪૨ | ૨ |

| દ્વારનું નામ | દ્વાર નં. | પેજ નં. | પ્ર.સા. ભાષાં. ભાગ |
|---|---|---|---|
| સ્થંડિલભૂમિનું સ્વરૂપ | ૯૧ | ૩૯૦ | ૧ |
| પરિષ્ઠાપનિકા અને ઉચ્ચારકરણ | ૧૦૬ | ૨૨ | ૨ |
| સાધુઓના વિહારનું સ્વરૂપ | ૧૦૩ | ૧૬ | ૨ |
| અપ્રતિબદ્ધ વિહાર | ૧૦૪ | ૧૭ | ૨ |
| વસતિની શુદ્ધિ | ૧૩૩ | ૭૯ | ૨ |
| વૃષભ સાધુઓ દ્વારા વસતિ ગ્રહણ | ૧૩૫ | ૮૩ | ૨ |
| સ્થિતકલ્પ | ૭૭ | ૩૫૩ | ૧ |
| અસ્થિત કલ્પ | ૭૮ | ૩૫૪ | ૧ |
| જાત-અજાત કલ્પ | ૧૦૫ | ૨૧ | ૨ |
| દુઃખશય્યા | ૧૧૯ | ૪૨ | ૨ |
| સુખશય્યા | ૧૨૦ | ૪૩ | ૨ |
| ગુરુ શુશ્રુષાકાળ પ્રમાણ | ૧૩૦ | ૭૫ | ૨ |
| ઓઘ-પદ વિભાગ + સામાચારી | ૯૯ + ૧૦૦ | ૮ | ૨ |
| સાત પ્રકારની માંડલી | ૮૭ | ૩૭૫ | ૧ |
| દશ પ્રાયશ્ચિત્ત | ૯૮ | ૧ | ૨ |
| ચક્રવાલ સામાચારી | ૧૦૧ | ૯ | ૨ |
| ચાર પ્રકારની ભાષા | ૧૩૯ | ૯૬ | ૨ |
| સોલ પ્રકારના વચન | ૧૪૦ | ૧૦૨ | ૨ |
| અપ્રશસ્ત છ ભાષાઓ | ૨૩૫ | ૩૮૬ | ૨ |
| સંલેખના | ૧૩૪ | ૮૧ | ૨ |
| જિનકલ્પીઓના ઉપકરણની સંખ્યા | ૬૦ | ૨૨૨ | ૧ |
| એક જ વસ્તિમાં ઉત્કૃષ્ટથી જિનકલ્પીઓની સંખ્યા | ૬૩ | ૨૩૯ | ૧ |
| યથાલંદિક કલ્પ | ૭૦ | ૩૩૧ | ૧ |
| પરિહાર વિશુદ્ધિતપ | ૬૯ | ૩૨૫ | ૧ |


## ૫. જીવ-સ્વરૂપ વિભાગ


| દ્વારનું નામ | દ્વાર નં. | પેજ નં. | પ્ર.સા. ભાષાં. ભાગ |
|---|---|---|---|
| ચૌદ પ્રકારે જીવો | ૨૨૨ | ૩૫૩ | ૨ |
| અજીવના ચૌદ ભેદ | ૨૨૩ | ૩૫૪ | ૨ |
| જીવ સંખ્યા કુલક | ૨૧૪ | ૩૦૪ | ૨ |
| કુલકોટી સંખ્યા | ૧૫૦ | ૧૫૭ | ૨ |
| યોનિ સંખ્યા | ૧૫૧ | ૧૫૭ | ૨ |
| ત્રણ સંજ્ઞા-ચાર સંજ્ઞા-દશ સંજ્ઞા-પંદર સંજ્ઞા | ૧૪૪ થી ૧૪૭ | ૧૨૨ | ૨ |
| દસપ્રાણ | ૧૭૦ | ૨૧૮ | ૨ |
| જીવોનો આહાર અને શ્વાસ ગ્રહણ | ૨૦૫ | ૨૭૬ | ૨ |
| છ પર્યાપ્તિ | ૨૩૨ | ૩૮૧ | ૨ |
| સાત સમુદ્ઘાત | ૨૩૧ | ૩૭૫ | ૨ |
| નરક-તિર્યંચ-મનુષ્ય અને દેવોની વિકુર્વણાનો ઉત્કૃષ્ટકાળ | ૨૩૦ | ૩૭૫ | ૨ |
| ચાર અણાહારી | ૨૩૩ | ૩૮૪ | ૨ |
| આહારક સ્વરૂપ | ૨૭૩ | ૫૦૯ | ૨ |
| લબ્ધિઓ | ૨૭૦ | ૪૭૫ | ૨ |
| સત્તર પ્રકારના મરણ | ૧૫૭ | ૧૮૩ | ૨ |
| જીવ-અજીવનું અલ્પબહુત્વ | ૨૬૩ | ૪૪૮ | ૨ |
| તિર્યંચ-મનુષ્ય અને દેવોથી ક્રમશઃ કેટલા ગણી સ્ત્રીઓ? | ૧૩૭ | ૮૫ | ૨ |
| સાત નારકો | ૧૭૨ | ૨૨૧ | ૨ |
| નારકોના આવાસો | ૧૭૩ | ૨૨૨ | ૨ |
| નારકોની વેદના | ૧૭૪ | ૨૨૩ | ૨ |
| નારકોનું આયુષ્ય | ૧૭૫ | ૨૨૬ | ૨ |
| નારક શરીર પ્રમાણ | ૧૭૬ | ૨૨૭ | ૨ |
| નારકોની ઉત્પત્તિ અને ચ્યવનનો વિરહકાળ | ૧૭૭ | ૨૨૯ | ૨ |

| દ્વાનું નામ | દ્વાર નં. | પેજ નં. | પ્ર.સા. ભાષાં. ભાગ |
|---|---|---|---|
| નારકોની લેશ્યા | ૧૭૮ | ૨૩૦ | ૨ |
| નારકોને અવધિજ્ઞાન | ૧૭૯ | ૨૩૩ | ૨ |
| પરમાધામી | ૧૮૦ | ૨૩૪ | ૨ |
| નરકમાંથી નિકળેલાઓને લબ્ધિનો સંભવ | ૧૮૧ | ૨૩૫ | ૨ |
| નરકોમાં કોનીકોની ઉત્પત્તિ | ૧૮૨ | ૨૩૭ | ૨ |
| નારકમાં ઉત્પન્ન થનાર તથા ચ્યવનાર જીવોની સંખ્યા | ૧૮૩ + ૧૮૪ | ૨૩૮ | ૨ |
| એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, સંજ્ઞી જીવોની કાયસ્થિતિ | ૧૮૫ | ૨૩૮ | ૨ |
| એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને સંજ્ઞી જીવોની ભવસ્થિતિ | ૧૮૬ | ૨૪૦ | ૨ |
| એકેન્દ્રિય વગેરેનું શરીર પ્રમાણ | ૧૮૭ | ૨૪૧ | ૨ |
| આ જીવોની ઈન્દ્રિયોનું સ્વરૂપ તથા વિષય ગ્રહણ | ૧૮૮ | ૨૪૪ | ૨ |
| આ જીવોને લેશ્યા | ૧૮૯ | ૨૪૭ | ૨ |
| એકેન્દ્રિયાદિની ગતિ | ૧૯૦ | ૨૪૮ | ૨ |
| એકેન્દ્રિયાદિની આગતિ | ૧૯૧ | ૨૫૨ | ૨ |
| ઉત્પત્તિ–મરણનો વિરહ કાળ અને સંખ્યા | ૧૯૨ + ૧૯૩ | ૨૫૩ | ૨ |
| દેવોની સ્થિતિ (ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક) | ૧૯૪ | ૨૫૫ | ૨ |
| દેવોના ભવન | ૧૯૫ | ૨૬૪ | ૨ |
| દેવોના શરીરની અવગાહના | ૧૯૬ | ૨૬૬ | ૨ |
| દેવોની લેશ્યા | ૧૯૭ | ૨૬૭ | ૨ |
| દેવોનું અવધિજ્ઞાન | ૧૯૮ | ૨૬૮ | ૨ |
| દેવોનો પ્રવિચાર | ૨૬૬ | ૪૫૨ | ૨ |
| ઉત્પત્તિનો વિરહકાળ | ૧૯૯ | ૨૭૧ | ૨ |

| દ્વારનું નામ | દ્વાર નં. | પેજ નં. | પ્ર.સા. ભાષાં. ભાગ |
|---|---|---|---|
| મરણ આશ્રયી વિરહકાળ (ચ્યવન વિરહકાળ) | ૨૦૦ | ૨૭૨ | ૨ |
| ઉપપાત અને ઉદ્વર્તનાની સંખ્યા. (એક સમયમાં ઉત્પત્તિ અને ચ્યવન) | ૨૦૧ | ૨૭૩ | ૨ |
| દેવોની ગતિ | ૨૦૨ | ૨૭૩ | ૨ |
| દેવોની આગતિ | ૨૦૩ | ૨૭૪ | ૨ |
| પંદર કર્મભૂમિ | ૧૬૩ | ૨૧૨ | ૨ |
| ત્રીસ અકર્મભૂમિ | ૧૬૪ | ૨૧૨ | ૨ |
| (છપ્પન) અંતરદ્વીપ | ૨૬૨ | ૪૪૩ | ૨ |
| તિર્યંચ સ્ત્રીની ઉત્કૃષ્ટ ગર્ભ સ્થિતિ | ૨૪૦ | ૪૧૨ | ૨ |
| મનુષ્ય સ્ત્રીની ઉત્કૃષ્ટ ગર્ભસ્થિતિ | ૨૪૧ | ૪૧૨ | ૨ |
| મનુષ્ય પુરૂષની ગર્ભની કાય સ્થિતિ | ૨૪૨ | ૪૧૨ | ૨ |
| ગર્ભસ્થિત જીવનો આહાર | ૨૪૩ | ૪૧૩ | ૨ |
| કેટલા–કાળે ગર્ભોત્પત્તિ | ૨૪૪ | ૪૧૩ | ૨ |
| ગર્ભમાં કેટલા પુત્રો–જીવો ઉત્પન્ન થાય (એકી સાથે | ૨૪૫ | ૪૧૪ | ૨ |
| કેટલા ગર્ભ) અને એક પુત્રના પિતા કેટલા ? | + ૨૪૬ | ૪૧૪ | ૨ |
| સ્ત્રીઓને ગર્ભ ન રહેવાનો કાળ અને પુરૂષનો અબીજ થવાનો કાળ | ૨૪૭ | ૪૧૪ | ૨ |
| શુક્ર વિગેરેનું પ્રમાણ | ૨૪૮ | ૪૧૫ | ૨ |
| જે જીવો મૃત્યુ પામ્યા પછી બીજા ભવમાં મનુષ્યભવ પામતા નથી તે જીવો વિશે | ૨૫૦ | ૪૨૦ | ૨ |
| ભરતાધિપતિરૂપ ચક્રવર્તી | ૨૦૮ | ૨૯૪ | ૨ |
| હળધર એટલે બળદેવ | ૨૦૯ | ૨૯૫ | ૨ |
| હરિ એટલે વાસુદેવ | ૨૧૦ | ૨૯૫ | ૨ |
| પ્રતિવાસુદેવ | ૨૧૧ | ૨૯૫ | ૨ |

| દ્વારનું નામ | દ્વાર નં. | પેજ નં. | પ્ર.સા. ભાષાં. ભાગ |
|---|---|---|---|
| ચૌદ રત્નો | ૨૧૨ | ૨૯૬ | ૨ |
| નવનિધિ | ૨૧૩ | ૨૯૯ | ૨ |
| યુગપ્રધાન આચાર્યોની સંખ્યા | ૨૬૪ | ૪૫૧ | ૨ |
| જેમનું અપહરણ ન થાય એવી વ્યક્તિ | ૨૬૧ | ૪૫૨ | ૨ |


## ૬. કર્મ સાહિત્ય વિભાગ


| દ્વારનું નામ | દ્વાર નં. | પેજ નં. | પ્ર.સા. ભાષાં. ભાગ |
|---|---|---|---|
| આઠ કર્મ | ૨૧૫ | ૩૧૦ | ૨ |
| ૧૫૮ ઉત્તરપ્રકૃતિ | ૨૧૬ | ૩૧૧ | ૨ |
| બેંતાલીસ પુણ્ય પ્રકૃતિ | ૨૧૯ | ૩૪૨ | ૨ |
| બ્યાસી પાપ પ્રકૃતિ | ૨૨૦ | ૩૪૩ | ૨ |
| બંધ, ઉદય, ઉદીરણા, સત્તાનું સ્વરૂપ | ૨૧૭ | ૩૩૬ | ૨ |
| અબાધાસહિત કર્મસ્થિતિ | ૨૧૮ | ૩૪૦ | ૨ |
| ચૌદ ગુણસ્થાનક | ૨૨૪ | ૩૫૫ | ૨ |
| ગુણઠાણાઓનું કાળ પ્રમાણ | ૨૨૯ | ૩૭૩ | ૨ |
| ગુણઠાણાઓ ઉપર પરલોક ગતિ | ૨૨૮ | ૩૭૨ | ૨ |
| ક્ષપકશ્રેણિ | ૮૯ | ૩૭૬ | ૧ |
| ઉપશમશ્રેણિ | ૯૦ | ૩૮૪ | ૧ |
| ચૌદ માર્ગણા | ૨૨૫ | ૩૬૭ | ૨ |
| બાર ઉપયોગ | ૨૨૬ | ૩૬૮ | ૨ |
| પંદર યોગ | ૨૨૭ | ૩૬૯ | ૨ |
| પેટા ભેદ સહિત ષડ્ભાવ | ૨૨૧ | ૩૪૪ | ૨ |
| છસ્થાન વૃદ્ધિહાનિ | ૨૬૦ | ૪૩૭ | ૨ |
| સમ્યક્ત્વ વિગેરે ઉત્તમગુણોની પ્રાપ્તિમાં ઉત્કૃષ્ટથી પડતું અંતર | ૨૪૯ | ૪૧૯ | ૨ |
| આઠ પ્રકારે પ્રમાદ | ૨૦૭ | ૨૯૪ | ૨ |
| આઠ મદ | ૧૬૫ | ૨૧૩ | ૨ |


## ૭. તિર્થંકર–વિભાગ


| દ્વારનું નામ | દ્વાર નં. | પેજ નં. | પ્ર.સા. ભાષાં. ભાગ |
|---|---|---|---|
| તીર્થંકરના નામ | ૭ | ૧૫૪ | ૧ |
| તીર્થંકરોના માતા–પિતાના નામો | ૧૧ | ૧૬૧ | ૧ |
| માતા–પિતાનું કંઈ ગતિમાં ગમન | ૧૨ | ૧૬૨ | ૧ |
| તીર્થંકરોનું દેહમાન | ૨૮ | ૧૭૯ | ૧ |
| લંછન | ૨૯ | ૧૮૦ | ૧ |
| વર્ણ | ૩૦ | ૧૮૦ | ૧ |
| આયુષ્ય | ૩૨ | ૧૮૧ | ૧ |
| આઠ મહાપ્રાતિહાર્ય | ૩૯ | ૧૯૯ | ૧ |
| ચોત્રીશ અતિશય | ૪૦ | ૨૦૨ | ૧ |
| અઢાર દોષો | ૪૧ | ૨૦૭ | ૧ |
| દીક્ષા સમયનો પરિવાર | ૩૧ | ૧૮૧ | ૧ |

| દ્વારનું નામ | દ્વાર નં. | પેજ નં. | પ્ર.સા. ભાષાં. ભાગ |
|---|---|---|---|
| જિનેશ્વરોનો દીક્ષા સમયનો તપ | ૪૩ | ૨૦૮ | ૧ |
| જિનેશ્વરોનું કેવળજ્ઞાન સમયનું તપ | ૪૪ | ૨૦૮ | ૧ |
| જિનેશ્વરોને નિર્વાણ સમયનું તપ | ૪૫ | ૨૦૯ | ૧ |
| નિર્વાણ સમયે પરિવાર | ૩૩ | ૧૮૨ | ૧ |
| નિર્વાણ ગમન સ્થાન | ૩૪ | ૧૮૩ | ૧ |
| ગણધરના નામ | ૮ | ૧૫૭ | ૧ |
| પ્રવર્તિનીના નામ | ૯ | ૧૫૭ | ૧ |
| ઋષભદેવ વિગેરે દરેક તીર્થંકરોના ગણધરોની સંખ્યા | ૧૫ | ૧૬૫ | ૧ |
| સાધુઓની સંખ્યા | ૧૬ | ૧૬૫ | ૧ |
| સાધ્વીઓની સંખ્યા | ૧૭ | ૧૬૬ | ૧ |
| શ્રાવકની સંખ્યા | ૨૪ | ૧૭૨ | ૧ |
| શ્રાવિકાની સંખ્યા | ૨૫ | ૧૭૩ | ૧ |
| વૈક્રિય લબ્ધિધારી મુનિઓની સંખ્યા | ૧૮ | ૧૬૭ | ૧ |
| વાદિ મુનિઓની સંખ્યા | ૧૯ | ૧૬૮ | ૧ |
| અવધિજ્ઞાની મુનિઓની સંખ્યા | ૨૦ | ૧૬૯ | ૧ |

| દ્વારનું નામ | દ્વાર નં. | પેજ નં. | પ્ર.સા. ભાષાં. ભાગ |
|---|---|---|---|
| કેવળજ્ઞાની મુનિઓની સંખ્યા | ૨૧ | ૧૬૯ | ૧ |
| મનઃપર્યવ જ્ઞાની મુનિઓની સંખ્યા | ૨૨ | ૧૭૦ | ૧ |
| ચૌદ પૂર્વધર મુનિઓની સંખ્યા | ૨૩ | ૧૭૧ | ૧ |
| તીર્થંકરના યક્ષો | ૨૬ | ૧૭૪ | ૧ |
| યક્ષિણી | ૨૭ | ૧૭૬ | ૧ |
| જિનેશ્વરોનાં આંતરા | ૩૫ | ૧૮૩ | ૧ |
| તીર્થવિચ્છેદ | ૩૬ | ૧૯૪ | ૧ |
| ઉત્સર્પિણીના અંતિમ જિનના તીર્થનું પ્રમાણ | ૨૬૫ | ૪૫૨ | ૨ |
| વિચરતાં તીર્થંકરો | ૧૩ | ૧૬૩ | ૧ |
| જન્મકાલ આશ્ચર્ય તીર્થંકરોની સંખ્યા | ૧૪ | ૧૬૩ | ૧ |
| ભાવી ચોવીશીના જીવો | ૪૬ | ૨૦૯ | ૧ |
| અરિહંતના ચાર નિક્ષેપા | ૪૨ | ૨૦૮ | ૧ |
| શાશ્વત જિનપ્રતિમાનાં નામ | ૫૯ | ૨૨૨ | ૧ |
| દશ આશાતના | ૩૭ | ૧૯૪ | ૧ |
| ચોર્યાશી આશાતના | ૩૮ | ૧૯૫ | ૧ |


## ૮. સિદ્ધ–વિભાગ


| દ્વારનું નામ | દ્વાર નં. | પેજ નં. | પ્ર.સા. ભાષાં. ભાગ. |
|---|---|---|---|
| સિદ્ધના એકત્રીસ ગુણો | ૨૭૬ | ૫૧૪ | ૨ |
| પંદર પ્રકારે સિદ્ધ | ૪૯ | ૨૧૨ | ૧ |
| સિદ્ધનું સંસ્થાન | ૫૪ | ૨૧૯ | ૧ |
| સિદ્ધશિલાનું વર્ણન | ૫૫ | ૨૨૦ | ૧ |
| સિદ્ધોની ઉત્કૃષ્ટ અવગાહના | ૫૬ | ૨૨૧ | ૧ |

| દ્વારનું નામ | દ્વાર નં. | પેજ નં. | પ્ર.સા. ભાષાં. ભાગ |
|---|---|---|---|
| સિદ્ધોની મધ્યમ અવગાહના | ૫૭ | ૨૨૧ | ૧ |
| સિદ્ધોની જઘન્ય અવગાહના | ૫૮ | ૨૨૨ | ૧ |
| ઉર્ધ્વ–અધો અને તિર્ચ્છાલોકમાં થનાર સિદ્ધની સંખ્યા | ૪૭ | ૨૧૧ | ૧ |

| દ્વારનું નામ | દ્વાર નં. | પેજ નં. | પ્ર.સા. ભાષાં. ભાગ | દ્વારનું નામ | દ્વાર નં. | પેજ નં. | પ્ર.સા. ભાષાં. ભાગ |
|---|---|---|---|---|---|---|---|
| એક સમયમાં થનાર સિદ્ધની સંખ્યા | ૪૮ | ૨૧૨ | ૧ | સ્ત્રી–પુરૂષ–નપુંસકલિંગે થનાર સિદ્ધની સંખ્યા | ૫૩ | ૨૧૬ | ૧ |
| સતત સિદ્ધિગમનની સંખ્યા | ૫૨ | ૨૧૫ | ૧ | અવગાહનાએ સિદ્ધ | ૫૦ | ૨૧૪ | ૧ |
| ગૃહલિંગ–અન્યલિંગ–સ્વલિંગ સિદ્ધની સંખ્યા | ૫૧ | ૨૧૫ | ૧ | સિદ્ધિગતિમાં વિરહ | ૨૦૪ | ૨૭૫ | ૨ |


## ૯. દ્રવ્ય–ક્ષેત્ર–કાલ–ભાવ–વિભાગ


| દ્વારનું નામ | દ્વાર નં. | પેજ નં. | પ્ર.સા. ભાષાં. ભાગ | દ્વારનું નામ | દ્વાર નં. | પેજ નં. | પ્ર.સા. ભાષાં. ભાગ |
|---|---|---|---|---|---|---|---|
| ત્રિકાલ દ્રવ્યષટ્ક | ૧૫૨ | ૧૬૧ | ૨ | ઉત્સેધાંગુલ, આત્માંગુલ અને પ્રમાણાંગુલ | ૨૫૪ | ૪૨૨ | ૨ |
| અનંતષટ્ક | ૨૫૬ | ૪૩૩ | ૨ | પલ્યોપમ | ૧૫૮ | ૧૯૩ | ૨ |
| દશ–કલ્પવૃક્ષ | ૧૭૧ | ૨૧૯ | ૨ | સાગરોપમ | ૧૫૯ | ૧૯૮ | ૨ |
| પાતાળ–કળશ | ૨૭૨ | ૫૦૬ | ૨ | અવસર્પિણીનું સ્વરૂપ | ૧૬૦ | ૨૦૧ | ૨ |
| તમસ્કાયનું સ્વરૂપ | ૨૫૫ | ૪૩૦ | ૨ | ઉત્સર્પિણી | ૧૬૧ | ૨૦૩ | ૨ |
| ચૈત્યપંચક | ૭૮ | ૩૫૮ | ૧ | પુદ્ગલ પરાવર્તનનું સ્વરૂપ | ૧૬૨ | ૨૦૪ | ૨ |
| પુસ્તક પંચક | ૭૯ | ૩૬૧ | ૧ | પૂર્વાંગનું માપ | ૨૫૧ | ૪૨૦ | ૨ |
| પાણીનો કાળ | ૧૩૬ | ૮૪ | ૨ | પૂર્વનું માપ | ૨૫૨ | ૪૨૧ | ૨ |
| ધાન્યોનું અબીજત્વ | ૧૫૪ | ૧૮૦ | ૨ | પાંચ પ્રકારના મહિના | ૧૪૧ | ૧૦૩ | ૨ |
| ક્ષેત્ર વગરેથી અચિત્તતા | ૧૫૫ | ૧૮૧ | ૨ | પાંચ પ્રકારના વર્ષ | ૧૪૨ | ૧૦૬ | ૨ |
| ચોવીસ ધાન્ય | ૧૫૬ | ૧૮૩ | ૨ | સાતનય | ૧૨૪ | ૫૬ | ૨ |
| અઢાર પ્રકારે ભક્ષ્ય ભોજન | ૨૫૯ | ૪૩૬ | ૨ | ત્રણસો ત્રેસઠ પાખંડી | ૨૦૬ | ૨૮૦ | ૨ |
| લોક સ્વરૂપ | ૧૪૩ | ૧૦૭ | ૨ | તેર ક્રિયાસ્થાન | ૧૨૧ | ૪૩ | ૨ |
| અનાર્યદેશો | ૨૭૪ | ૫૧૧ | ૨ | સાત ભયસ્થાનો | ૨૩૪ | ૩૮૫ | ૨ |
| આર્યદેશો | ૨૭૫ | ૫૧૨ | ૨ | અઢાર પાપસ્થાનક | ૨૩૭ | ૪૦૬ | ૨ |
| નંદીશ્વર દ્વીપમાં રહેલ જિનાલયો | ૨૬૯ | ૪૭૦ | ૨ | કામના ચોવીસ પ્રકાર | ૧૬૯ | ૨૧૬ | ૨ |
| કૃષ્ણરાજી | ૨૬૭ | ૪૫૪ | ૨ | અષ્ટાંગ નિમિત્ત | ૨૫૭ | ૪૩૩ | ૨ |
| લવણ સમુદ્રની શિખાનું પ્રમાણ | ૨૫૩ | ૪૨૧ | ૨ | દશ અચ્છેરા | ૧૩૮ | ૮૫ | ૨ |
| માન–ઉન્માન અને પ્રમાણ | ૨૫૮ | ૪૩૫ | ૨ | દશ સ્થાનોનો વ્યવચ્છેદ | ૮૮ | ૩૭૫ | ૧ |
| | | | | ચૌદ પૂર્વના નામો | ૯૨ | ૪૦૨ | ૧ |

# શુદ્ધિ પત્રક

| પેજ નં. | પંક્તિ | | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|---|
| ૪ | | ૧૦ | કયાથી | કાયાથી |
| ૬ | | ૧૭ | तयारोवणं | वयारोवणं |
| ૧૦ | | ૩૦ | એને | અને |
| ૧૯ | ગા. | ૭૭૬ | अनितस्सा | अनितस्स |
| ૨૨ | ગા. | ૭૮૩ | दिस | दिसा |
| ૨૨ | ,, | | अवर-दिक्खणा | अवरदक्खिणा |
| ૨૬ | ૧–૨ | | आयमाइ-मिल्लेवेइ | आयामइ॰ निल्लेवेइ |
| ૨૭ | છેલ્લી | | ભાષાજ ડત્રણ | ભાષાજડ ત્રણ |
| ૨૯ | | ૯ | વગેને | વગેરે |
| ૩૩ | | ૧૩ | વધિત | વર્ધિતક |
| ૪૨ | | ૫ | आहार | आहारे |
| ૪૬ | | ૮ | अदिन्नक्ती | अदिन्नवित्ती |
| ૪૮ | | ૭ | सुहमा | सुहुमा |
| ૫૦ | | ૩ | सखभाग-मेत्ताउ | संखभाग-मेत्ताउ |
| ૫૦ | | ૯ | પણ સમ્યક્ત્વ | પણ શ્રુત-સામાયિક સમ્યક્ત્વ |
| ૫૨ | છેલ્લી | | सहस्सगंदु | सहस्सदुगं |
| ૫૪ | | ૧૯ | सुयरिसुद्धं | सुपरिशुद्धं |
| ૫૪ | | ૧૯ | सेससभावे | सेससब्भावे |
| ૭૩ | | ૨૪ | મુખપોત | મુખપોતી |
| ૭૫ | | ૧૧ | પાસત્થા | તો પાસત્થા |
| ૭૮ | | ૨૦ | ત્રણ ભાગ | ત્રણ ભાગ અને પાણીના બે ભાગ |
| ૮૩ | | ૮ | જક્કડાઈ | જકડાઈ |
| ૮૩ | ગા. | ૮૭૮ | दीहीकअग्गि | दीहीकयमग्गि |
| ૮૩ | ૨૭ | | કલ્પેલ કયા | કલ્પેલ વસ્તિમાં કયા |
| ૮૪ | ગા. | ૮૮૧ | गिलणाइकप | गिलाणाइकप |
| ૮૬ | | ૧૩ | પાત્ર નથી | પાત્ર થયા નથી |
| ૯૬ | | ૨ | वीया | बीया |
| ૯૬ | ૪/૧૨/૧૯ | | સત્યામૃષા | સત્યમૃષા |
| ૧૦૬ | | ૧૯ | $\frac{૧}{૧}\frac{૬}{૬}\frac{૧}{૪}$ | $\frac{૧}{૧}\frac{૨}{૨}\frac{૧}{૪}$ |
| ૧૦૬ | | ૨૧ | બાર | બાર ભાગ |
| ૧૦૬ | | ૩૦ | થવા એક યુગથી | થવાથી એક યુગ |
| ૧૧૮ | ગા. | ૯૧૪ | वामखडं | वामखंडं |
| ૧૧૯ | | ૧૯ | ખડો | ખંડો |
| ૧૩૨ | | ૧૫ | જ્વલન | ઉજ્વલન |
| ૧૩૭ | ગા. | ૯૩૯ | कतारक्तिी | कंतारवित्ती |
| ૧૩૯ | ગા. | ૯૪૧ | मिच्चो | निच्चो |
| ૧૪૮ | ગા. | ૯૪૭ | सम्मुत्तब्भंसे | सम्मत्तुब्भंसे |
| ૧૪૯ | ગા. | ૯૫૦ | वपसररूई | वपसरुई |
| ૧૪૯ | ગા. | ૯૫૦ | वीयरूई | बीयरुई |
| ૧૪૯ | ગા. | ૯૫૦ | वीत्थारूई | वीत्थाररूई |
| ૧૫૧ | ગા. | ૯૫૩ | रोयंता | रोयंतो |
| ૧૫૭ | ગા. | ૯૬૮ | मारुये | मारुय |
| ૧૫૭ | ગા. | ૯૬૮ | जाणि | जोणि |
| ૧૬૫ | | ૯ | કાર્યાસાસ્થિ | કાર્પાસાસ્થિ |
| ૧૬૯ | | ૧૩ | કહ્યા છે. | કહ્યા છે. હવે પાંચ સમિતિઓ કહીશ |
| ૧૭૦ | | ૧૪ | द्रुष | द्रेष |
| ૧૭૭ | | ૩ | तवरिमाण | तुवरिमाण |
| ૧૭૮ | ગા. | ૯૯૧ | सिहालिं | सिहलिं |
| ૧૮૦ | ગા. | ૯૯૬ | जायेइ | जायइ |
| ૧૮૦ | | ૨૧ | ચોખા | ચોળાઓ પ્રસિદ્ધ છે. |
| ૧૯૧ | | ૧૨ | ધતિમાન | ધૃતિમાન |
| ૧૯૩ | છેલ્લી | | પલ્ય | તે પલ્ય |
| ૨૧૦ | | ૧૪ | कापयढिइ | कायढिइ |

| પેજ નં. | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨૧૫ | ગા. ૧૦૬૦ | नयाचण | नयाणं च |
| ૨૧૬ | ગા. ૧૦૬૧ | विरइ | विरई |
| ૨૧૭ | ગા. ૧૦૬૫ | कर सवण-ऽणंगकीड्डा | कर[१२]सेवण-ऽणंगकीडा[१४] य ।। |
| ૨૧૮ | ગા. ૧૦૬૬ | सम | सत्त |
| ૨૨૩ | ૩ | वियाणा | वियणा |
| ૨૩૧ | ૫ | તેને | તે તે |
| ૨૪૧ | ગા. ૧૦૯૯ | ओहपय-गिंदिय | ओहपयपगिंदिय |
| ૨૪૯ | ગા. ૧૧૧૩ | समग्गसुयि | समग्गेसुवि |
| ૨૫૬ | ગા. ૧૧૩૧ | पयगे | पयंगे |
| ૨૬૦ | ગા. ૧૧૪૧ | खीणस-सहस्सं | खीण ससहस्सं |
| ૨૭૩ | છેલ્લી | પર્યાથી | પર્યાપ્ત |
| ૨૭૬ | ગા. ૧૧૮૧ | पक्खे | पक्खेवे |
| ૨૮૨ | ગા. ૧૧૯૧ | जीवा | जीवो |
| ૨૮૪ | ૯ | ગર્ભધાન | ગર્ભાધાન |
| ૨૮૬ | ૮ | સહસિદ્ધ | સહજસિદ્ધ |
| ૨૮૯ | ગા. ૧૧૯૯ | सयअत्तव्व | सयअवत्तव्वे |
| ૨૯૬ | ગા. ૧૨૧૪ | पुरोहि | पुरोहिय |
| ૨૯૯ | ગા. ૧૨૧૯ | गामगर | गामागर |
| ૩૦૯ | ગા. ૧૨૪૬ | भव्वाभयग | भव्वाभव्वग |
| ૩૧૫ | ગા. ૧૨૬૪ | थावरा-मिहाणं | थावरा-भिहाणं |
| ૩૧૮ | ગા. ૧૨૭૪ | कम्म जुताणं | कम्म जुत्ताणं |
| ૩૧૮ | ૯ | બંધના | બંધનના |
| ૩૨૦ | ૨૨ | અશ્રુતાનુસારે | શ્રુતાનુસારે |
| ૩૨૮ | ૧૭ | ना संहतस्य | नासंहतस्य |
| ૩૪૨ | ૩ | નિષેધકાળ | નિષેકકાળ |
| ૩૬૭ | ગા. ૧૩૦૩ | शम्मे | सम्मे |
| ૩૭૫ | ગા. ૧૩૧૧ | वेचण | वेयण |
| ૩૮૩ | ગા. ૧૩૧૮ | अमरणं | अमराणं |
| ૩૮૩ | ૧૬ | आहारए | नो आहारए |
| ૩૮૬ | ગા. ૧૩૨૧ | होलय | हिलिय |
| ૩૯૧ | ૧ | મનકરણુ,-વચનકરાવણુ અને કાયારૂપ | મન-વચન અને કાયારૂપ |
| ૩૯૧ | ૩ | મનકરણુ, વચન કરાવણુ અને કાયા અનુમોદન | કરણુ, કરાવણુ અને અનુમોદન |
| ૩૯૦ | ગા. ૧૩૨૪ | તિન્ન | તિન્નિ |
| ૩૯૨ | ગા. ૧૩૨૫ | गुवन्ना | इगुणवन्ना |
| ૪૦૬ | ગા. ૧૩૫૧ | वोसरिमो | वोसिरिमो |
| ૪૦૬ | ગા. ૧૩૫૩ | वोसरिमो | वोसिरिमो |
| ૪૦૯ | ગા. ૧૩૫૭ | खयक्खजुत्तो | खपक्खजुत्तो |
| ૪૧૨ | ૯ | તિર્યંચીણી | તિર્યંચિણી |
| ૪૧૩ | ગા. ૧૩૬૨ | अपज्जत्तया | अपज्जत्तगा |
| ૪૧૩ | ૬ | એજાહારી | ઓજાહારી |
| ૪૧૩ | ગા. ૧૩૬૩ | नरावभोगेण | नरोवभोगेण |
| ૪૧૪ | ૨ | પુત્રના | એક પુત્રના |
| ૪૧૪ | ગા. ૧૩૬૪ | उक्कोलोसेणं | उक्कोसेणं |
| ૪૧૪ | ગા. ૧૩૬૬ | कमेणं | यमेयं |
| ૪૧૬ | ૫ | ૧૦ | ૧૮ |
| ૪૧૬ | ગા. ૧૧૭૧ | दोन्नि | दोन्नि |
| ૪૧૭ | ગા. ૧૩૭૭ | सिम-घरणीओ | सिंभघरणीओ |
| ૪૨૨ | ૨૬ | સિદ્ધા | સિદ્ધો |
| ૪૨૫ | ગા. ૧૩૯૪ | मियमंगुल | नियमंगुल |
| ૪૨૭ | | □ | □ પ્રતર |
| ૪૩૧ | | ચિત્રમાં ૧૭૨૧ યો. | ૨૧૧૭ યો. |
| ૪૩૪ | ગા. ૧૪૦૮ | भंमो | भोमं |
| ૪૩૬ | ૧૨ | નિશ્ચિય | નિશ્ચય |
| ૪૩૬ | ગા. ૧૪૧૧ | जणो | यणो |
| ૪૪૪ | ગા. ૧૪૨૫ | आसकन्नां | आसकन्ना |
| ૪૪૪ | ગા. ૧૪૨૬ | उक्कमुहां | उक्कमुहा |
| ૪૪૪ | ગા. ૧૪૨૮ | ओगाहिऊणं | ओगाहिउण |
| ૪૫૦ | ગા. ૧૪૩૫ | ऐगिंदि | पगिंदि |

| પેજ નં. | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૪૫૪ | ગા. ૧૪૪૨ | **वहि** | **बहि** |
| ૪૫૭ | ૪ | વહ્નય | વહ્નિ |
| ૪૫૭ | ગા. ૧૪૫૦ | **संजमघा** | **संजमघाई** |
| ૪૫૭ | ૨૧ | વ્યુહગ્રહ | વ્યુદ્ગ્રહ |
| ૪૫૭ | છેલ્લી | આખ્યાય | અખ્વાય |
| ૪૫૮ | ૮ | ઉત્પાતિ | ઉત્પાત |
| ૪૫૮ | ૮ | વ્યુહગ્રહ | વ્યુદ્ગહ |
| ૪૬૧ | ૨૨ | સુગીષ્મક | સુગ્રીષ્મક |
| ૪૬૫ | ગા. ૧૪૬૩ | **बहुइक्खिए** | **बहुपक्खिए** |
| ૪૬૭ | ૨૮ | માખી પગોના | માખીના પગો |
| ૪૭૧ | ગા. ૧૪૭૬ | **चउसुवाराइं** | **चउदुवाराइं** |
| ૪૭૨ | ગા. ૧૪૮૧ | **कल्लो-लाहहणणो** | **कल्लोलाहणणो** |
| ૪૯૦ | ૧ | એક અને | એક, બે અને |
| ૪૯૧ | ગા. ૧૫૩૦ | **तह दुति** | **तह ति** |
| ૪૯૬ | ગા. ૧૫૪૬ | **सा** | **सो** |
| ૫૦૯ | ગા. ૧૫૮૦ | **अहार** | **आहार** |
| ૫૧૨ | ૧૪ | નિર્ઘણુ | નિર્ઘૃણુ |
| ૫૧૬ | ૨૩ | સ્થાપના દ્વાર | સ્થાપના દ્વારા |
| ૫૧૭ | ૧૭ | સમૂહ વડે | સમૂહ |
| ૫૧૮ | ૧-૨ | આ પ્રમાણે શ્લોકાર્થ વાંચવો— | તેમના પછી ધનેશ્વર સૂરિ થયા. જેમણે પુંડરીક નામના વાદરૂપી સમુદ્રને મથીને એટલે પુંડરીક નામના વાદીને જીતી મુંજરાજાની આગળ જયલક્ષ્મીને પ્રાપ્ત કરી છે. |
| ૫૨૯ | ૧૨ | ગામના | નગરના |

# * અનુક્રમણિકા *


| નં. | વિષય | શ્લોક નં. | પેજ. નં. |
|---|---|---|---|
| ૧. | દશ પ્રાયશ્ચિત્તની સામાન્ય વ્યાખ્યા. | ૭૫૦ | ૧ |
| ૨. | આલોચના–પ્રતિક્રમણની વિશેષ વ્યાખ્યા. | ૭૫૧ | ૩ |
| ૩. | મિશ્ર–વિવેક–વ્યુત્સર્ગની વિશેષ વ્યાખ્યા. | ૭૫૨ | ૪ |
| ૪. | તપાદિ પ્રાયશ્ચિત્તની વ્યાખ્યા. | ૭૫૪ | ૬ |
| ૫. | ઓઘ–પદવિભાગ સમાચારી | ૭૫૯ | ૮ |
| ૬. | ચક્રવાલ સમાચારી | ૭૬૦ | ૯ |
| ૭. | દશવિધ સમાચારીની વ્યાખ્યા. | ૭૬૨ | ૧૦ |
| ૮. | બીજી રીતે દશવિધ સમાચારી. | ૭૬૮ | ૧૪ |
| ૯. | સંસારચક્રમાં નિર્ગ્રંથપણાની પ્રાપ્તિ. | ૭૬૯ | ૧૫ |
| ૧૦. | સાધુઓના વિહારનું સ્વરૂપ. | ૭૭૦ | ૧૬ |
| ૧૧. | અપ્રતિબદ્ધ વિહાર. | ૭૭૨ | ૧૭ |
| ૧૨. | જાત–અજાત કલ્પ. | ૭૮૦ | ૨૧ |
| ૧૩. | પરિષ્ઠાપનિકા અને ઉચ્ચાર-કરણ | ૭૮૩ | ૨૨ |
| ૧૪. | દીક્ષાને અયોગ્ય અઢાર પુરુષ | ૭૯૦ | ૨૬ |
| ૧૫. | જડ તેમજ દુષ્ટ પુરુષની વિશેષ સમજ. | ૭૯૦ | ૨૮ |
| ૧૬. | દીક્ષાને અયોગ્ય વીસ પ્રકારની સ્ત્રી. | ૭૯૨ | ૩૦ |
| ૧૭. | દીક્ષાને અયોગ્ય દસ પ્રકારના નપુંસક. | ૭૯૩ | ૩૧ |
| ૧૮. | પુરુષોમાં નપુંસક અને સ્વાભાવિક નપુંસક–વચ્ચે તફાવત. | ૭૯૩ | ૩૩ |
| ૧૯. | દીક્ષાને અયોગ્ય વિકલાંગ. | ૭૯૫ | ૩૩ |
| ૨૦. | કેટલા મૂલ્યવાળું વસ્ત્ર સાધુને કલ્પે. | ૭૯૭ | ૩૪ |
| ૨૧. | રૂપિયાનું પ્રમાણ. | ૭૯૮ | ૩૫ |
| ૨૨. | શય્યાતર પિંડ. | ૮૦૦ | ૩૫ |
| ૨૩. | શય્યાતર ક્યારે થાય ? | ૮૦૨ | ૩૬ |
| ૨૪. | શય્યાતરની ભજના. | ૮૦૩ | ૩૭ |
| ૨૫. | શય્યાતર પિંડ લેવાના દોષો. | ૮૦૬ | ૩૮ |
| ૨૬. | શ્રુતમાં સમ્યક્ત્વ. | ૮૦૯ | ૪૦ |
| ૨૭. | નિર્ગ્રંથનું ચાર ગતિમાં ગમન | ૮૧૦ | ૪૧ |
| ૨૮. | ક્ષેત્રાતીત. | ૮૧૧ | ૪૧ |
| ૨૯. | માર્ગાતીત. | ૮૧૨ | ૪૧ |
| ૩૦. | કાલાતીત. | ૮૧૩ | ૪૧ |
| ૩૧. | પ્રમાણાતીત. | ૮૧૪ | ૪૨ |
| ૩૨. | દુઃખ શય્યા. | ૮૧૬ | ૪૨ |
| ૩૩. | સુખશય્યા. | ૮૧૭ | ૪૩ |
| ૩૪. | તેર ક્રિયાસ્થાન. | ૮૧૮ | ૪૩ |
| ૩૫. | અર્થ–અનર્થ ક્રિયા. | ૮૧૯ | ૪૪ |
| ૩૬. | હિંસા–અકસ્માત–દૃષ્ટિ વિપર્યાસ ક્રિયા. | ૮૨૧ | ૪૫ |
| ૩૭. | મૃષા-અદત્તાદાન-અધ્યાત્મક્રિયા | ૮૨૫ | ૪૬ |
| ૩૮. | મદ–અમિત્ર–માયા ક્રિયા. | ૮૨૯ | ૪૬ |
| ૩૯. | લોભ–ઈર્યાપથિકી ક્રિયા. | ૮૩૨ | ૪૭ |
| ૪૦. | સામાયિકના ચાર આકર્ષ. | ૮૩૬ | ૪૮ |
| ૪૧. | વિવિધ ભવમાં પ્રાપ્ત થતા આકર્ષો. | ૮૩૮ | ૪૯ |
| ૪૨. | અઢાર હજાર શીલાંગ રથ. | ૮૩૯ | ૫૦ |
| ૪૩. | એક પ્રકારના શીલના અઢાર હજાર ભેદો શી રીતે થાય ? | ૮૪૦ | ૫૧ |
| ૪૪. | યોગ વગેરે પદોની વ્યાખ્યા. | ૮૪૧ | ૫૧ |
| ૪૫. | બાકીના શીલાંગોના ભાંગા | ૮૪૪ | ૫૨ |

| નં. | વિષય | શ્લોક નં. | પેજ નં. |
|---|---|---|---|
| ૪૬. | એક–એક શીલાંગની ગાથા. | આર્ષ | ૫૩ |
| ૪૭. | સાત નય. | ૮૪૭ | ૫૬ |
| ૪૮. | નૈગમ નયનું સ્વરૂપ. | | ૫૬ |
| ૪૯. | સંગ્રહનયનું સ્વરૂપ | | ૫૮ |
| ૫૦. | વ્યવહાર નયનું સ્વરૂપ | | ૫૯ |
| ૫૧. | ઋજુસૂત્ર નયનું સ્વરૂપ. | | ૬૦ |
| ૫૨. | શબ્દનયનું સ્વરૂપ. | | ૬૧ |
| ૫૩. | સમભિરુઢ નયનું સ્વરૂપ. | | ૬૨ |
| ૫૪. | એવંભૂત નયનું સ્વરૂપ. | | ૬૩ |
| ૫૫. | સાતે નયોના પેટા ભેદોની સંખ્યા. | ૮૪૮ | ૬૪ |
| ૫૬. | વસ્ત્રગ્રહણ વિધાન. | ૮૪૯ | ૬૫ |
| ૫૭. | કેવું વસ્ત્ર મળે તો શુભ–અશુભ | ૮૫૦ | ૬૬ |
| ૫૮. | પાંચ વ્યવહારના નામ નિર્દેશ. | ૮૫૪ | ૬૮ |
| ૫૯. | આગમ વ્યવહાર. | ૮૫૫ | ૬૯ |
| ૬૦. | શ્રુત વ્યવહાર, આજ્ઞા વ્યવહાર | ૮૫૭ | ૭૦ |
| ૬૧. | ધારણા વ્યવહાર | ૮૫૮ | ૭૧ |
| ૬૨. | જીત વ્યવહાર | ૮૫૯ | ૭૨ |
| ૬૩. | પાંચ યથાજાત. | ૮૬૦ | ૭૨ |
| ૬૪. | રાત્રિ જાગરણ. | ૮૬૧ | ૭૩ |
| ૬૫. | આલોચના દાતાની ગવેષણા. | ૮૬૨ | ૭૪ |
| ૬૬. | ગુરુ શુશ્રુષા કાળ પ્રમાણ | ૮૬૩ | ૭૫ |
| ૬૭. | ઉપધિ ધોવાનો કાળ. | ૮૬૪ | ૭૬ |
| ૬૮. | ભોજનના ભાગ. | ૮૬૬ | ૭૮ |
| ૬૯. | વસતિની શુદ્ધિ. | ૮૭૧ | ૭૯ |
| ૭૦. | સંલેખના. | ૮૭૫ | ૮૧ |
| ૭૧. | વૃષભ સાધુઓ દ્વારા વસતિ ગ્રહણ. | ૮૭૮ | ૮૩ |
| ૭૨. | પાણીનો કાળ. | ૮૮૧ | ૮૪ |
| ૭૩. | તિર્યંચ–મનુષ્ય અને દેવોથી તેમની સ્ત્રીઓ કેટલી ગણી. | ૮૮૩ | ૮૫ |
| ૭૪. | દશ અચ્છેરા. | ૮૮૫ | ૮૫ |
| ૭૫. | કોના તીર્થમાં કેટલા આશ્ચર્યો. | ૮૮૭ | ૯૫ |
| ૭૬. | ચાર પ્રકારની ભાષા. | ૮૯૦ | ૯૬ |
| ૭૭. | સત્યભાષાના ભેદોનું સ્વરૂપ. | ૮૯૧ | ૯૬ |
| ૭૮. | મૃષાભાષાના ભેદોનું સ્વરૂપ. | ૮૯૨ | ૯૯ |
| ૭૯. | મિશ્રભાષાના ભેદો. | ૮૯૩ | ૧૦૦ |
| ૮૦. | અસત્યામૃષાના ભેદો. | ૮૯૪ | ૧૦૧ |
| ૮૧. | સોલ પ્રકારના વચન. | ૮૯૬ | ૧૦૨ |
| ૮૨. | પાંચ પ્રકારના મહિના. | ૮૯૭ | ૧૦૩ |
| ૮૩. | નક્ષત્ર વગેરે મહિનાઓનું દિન પ્રમાણ. | ૮૯૮ | ૧૦૪ |
| ૮૪. | ચાંદ્ર વગેરે પાંચ પ્રકારના વર્ષ | ૯૦૧ | ૧૦૬ |
| ૮૫. | લોકસ્વરૂપ. | ૯૦૨ | ૧૦૭ |
| ૮૬. | ઉર્ધ્વ–તિર્યંગ અને અધો-લોકનું સ્વરૂપ. | ૯૦૨ | ૧૦૯ |
| ૮૭. | લોકનું સંસ્થાન | ૯૦૫ | ૧૧૧ |
| ૮૮. | ચૌદ રાજલોકના ખંડ બનાવવાની રીત. | ૯૦૬ | ૧૧૨ |
| ૮૯. | લોકના સર્વ ખંડોનું સંખ્યા પ્રમાણ. | ૯૧૧ | ૧૧૫ |
| ૯૦. | લોકનું રજ્જુ પ્રમાણ. | ૯૧૨ | ૧૧૬ |
| ૯૧. | લોકનું ઘન બનાવવાની રીત. | ૯૧૩ | ૧૧૮ |
| ૯૨. | ઉર્ધ્વલોકના ખંડોમાં દેવલોકનું સ્થાન. | ૯૧૬ | ૧૨૧ |
| ૯૩. | ત્રણ પ્રકારે સંજ્ઞા. | ૯૧૮ | ૧૨૨ |
| ૯૪. | દીર્ઘકાલોપદેશિકી સંજ્ઞાના આધારે સંજ્ઞી–અસંજ્ઞી | ૯૧૯ | ૧૨૩ |
| ૯૫. | હેતુવાદોપદેશિકી સંજ્ઞાના આધારે સંજ્ઞી–અસંજ્ઞી | ૯૨૦ | ૧૨૩ |
| ૯૬. | દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞાના આધારે સંજ્ઞી–અસંજ્ઞી. | ૯૨૨ | ૧૨૫ |
| ૯૭. | ચાર પ્રકારે સંજ્ઞા. | ૯૨૩ | ૧૨૬ |
| ૯૮. | દશ પ્રકારે સંજ્ઞા. | ૯૨૪ | ૧૨૭ |
| ૯૯ | પંદર પ્રકારે સંજ્ઞા. | ૯૨૫ | ૧૨૮ |
| ૧૦૦. | સમ્યક્ત્વના સડસઠ ભેદ. | ૯૨૬ | ૧૨૯ |
| ૧૦૧. | ચાર પ્રકારની શ્રદ્ધા. | ૯૨૮ | ૧૩૦ |

| નં. | વિષય | શ્લોક નં. | પેજ નં. |
|---|---|---|---|
| ૧૦૨. | ત્રણ પ્રકારના લિંગો. | ૯૨૯ | ૧૩૧ |
| ૧૦૩. | દશ પ્રકારનો વિનય. | ૯૩૦ | ૧૩૧ |
| ૧૦૪. | ત્રણ શુદ્ધિ. | ૯૩૨ | ૧૩૨ |
| ૧૦૫. | પાંચ દૂષણ ત્યાગ. | ૯૩૩ | ૧૩૩ |
| ૧૦૬. | આઠ પ્રભાવક. | ૯૩૪ | ૧૩૩ |
| ૧૦૭. | પાંચ ભૂષણ. | ૯૩૫ | ૧૩૪ |
| ૧૦૮. | પાંચ લક્ષણ. | ૯૩૬ | ૧૩૫ |
| ૧૦૯. | છ જયણા | ૯૩૭ | ૧૩૬ |
| ૧૧૦. | છ આગાર. | ૯૩૯ | ૧૩૭ |
| ૧૧૧. | છ ભાવના. | ૯૪૦ | ૧૩૮ |
| ૧૧૨. | સમકિતના છ સ્થાનો. | ૯૪૧ | ૧૩૯ |
| ૧૧૩. | સમ્યક્ત્વના પ્રકારોનું સામાન્ય નિરૂપણ. | ૯૪૨ | ૧૪૨ |
| ૧૧૪. | સમ્યક્ત્વના ભેદોનો વિસ્તાર. | ૯૪૩ | ૧૪૪ |
| ૧૧૫. | ક્ષાયિક ક્ષાયોપશમિકની વ્યાખ્યા. | ૯૪૪ | ૧૪૪ |
| ૧૧૬. | કારક–રોચક–દીપક સમ્યક્ત્વનું વર્ણન. | ૯૪૬ | ૧૪૭ |
| ૧૧૭. | ચાર–પાંચ–દશ પ્રકારના સમ્યક્ત્વનો વિસ્તાર. | ૯૪૭ | ૧૪૮ |
| ૧૧૮ | નારક વગેરે જીવોમાં ક્ષાયિક વગેરે સમકિતનો વિચાર. | ૯૬૧ | ૧૫૪ |
| ૧૧૯. | કુલકોટીની સંખ્યા. | ૯૬૩ | ૧૫૭ |
| ૧૨૦. | યોનિ સંખ્યા. | ૯૬૮ | ૧૫૭ |
| ૧૨૧. | યોનિના અન્ય પ્રકાર. | ૯૭૦ | ૧૫૯ |
| ૧૨૨. | ત્રિકાલ–દ્રવ્યષટ્ક. | ૯૭૧ | ૧૬૧ |
| ૧૨૩. | કાળત્રિક. | ૯૭૨ | ૧૬૧ |
| ૧૨૪. | દ્રવ્ય ષટ્ક, | ૯૭૩ | ૧૬૨ |
| ૧૨૫. | નવતત્ત્વો. | ૯૭૪ | ૧૬૩ |
| ૧૨૬. | જીવષટ્ક અને છ કાય. | ૯૭૫ | ૧૬૪ |
| ૧૨૭. | છ લેશ્યા. | ૯૭૬ | ૧૬૫ |
| ૧૨૮. | જાંબુ ખાનાર છ પુરૂષો. | | ૧૬૬ |
| ૧૨૯. | ગામ–ઘાતકનું દૃષ્ટાંત. | | ૧૬૮ |
| ૧૩૦. | કાળને કાલાસ્તિકાય કેમ ન કહેવાય ? | | ૧૬૮ |
| ૧૩૧. | પાંચ વ્રતો. | ૯૭૭ | ૧૬૯ |
| ૧૩૨. | પાંચ સમિતિ–પાંચ ગતિ | ૯૭૮ | ૧૬૯ |
| ૧૩૩. | પાંચ જ્ઞાન અને પાંચ ચારિત્ર | ૯૭૯ | ૧૭૦ |
| ૧૩૪. | શ્રાવક પ્રતિમા. | ૯૮૦ | ૧૭૨ |
| ૧૩૫. | પ્રતિમાઓનું કાળમાન. | ૯૮૧ | ૧૭૩ |
| ૧૩૬. | દર્શન પ્રતિમા. | ૯૮૨ | ૧૭૩ |
| ૧૩૭. | વ્રત, સામાયિક, પૌષધ પ્રતિમા | ૯૮૩ | ૧૭૪ |
| ૧૩૮. | કાઉસ્સગ્ગ પ્રતિમા. | ૯૮૫ | ૧૭૫ |
| ૧૩૯. | પ્રતિમા સિવાયના દિવસે શ્રાવક કેવા પ્રકારનો હોય ? | ૯૮૬ | ૧૭૫ |
| ૧૪૦. | કાયોત્સર્ગમાં શું વિચારે ? | ૯૮૭ | ૧૭૬ |
| ૧૪૧. | અબ્રહ્મવર્જન પ્રતિમા. | ૯૮૮ | ૧૭૬ |
| ૧૪૨. | સચિત્તવર્જન પ્રતિમા. | ૯૮૯ | ૧૭૭ |
| ૧૪૩. | આરંભ વર્જન પ્રેષ્યારંભ ત્યાગ પ્રતિમા | ૯૯૦ | ૧૭૭ |
| ૧૪૪. | ઉદ્દિષ્ટ ભોજન વર્જન પ્રતિમા. | ૯૯૧ | ૧૭૮ |
| ૧૪૫. | શ્રમણભૂત પ્રતિમા. | ૯૯૩ | ૧૭૮ |
| ૧૪૬. | ધાન્યોનું અબીજત્વ. | ૯૯૫ | ૧૮૦ |
| ૧૪૭. | ક્ષેત્ર વગેરેથી અચિત્તતા. | ૧૦૦૧ | ૧૮૧ |
| ૧૪૮. | ચોવીસ ધાન્ય. | ૧૦૦૪ | ૧૮૩ |
| ૧૪૯. | સત્તર પ્રકારના મરણ. | ૧૦૦૬ | ૧૮૩ |
| ૧૫૦. | આવિચી મરણ. | ૧૦૦૮ | ૧૮૪ |
| ૧૫૧. | અવધિ અને આત્યંતિક મરણ. | ૧૦૦૯ | ૧૮૪ |
| ૧૫૨. | વલન અને વશાર્તમરણ. | ૧૦૧૦ | ૧૮૫ |
| ૧૫૩. | અન્તઃ શલ્ય મરણ. | ૧૦૧૧ | ૧૮૬ |
| ૧૫૪. | તદ્ભવ મરણ. | ૧૦૧૨ | ૧૮૬ |
| ૧૫૫. | બાલ, પંડિત અને મિશ્રમરણ. | ૧૦૧૪ | ૧૮૭ |
| ૧૫૬. | છદ્મસ્થ અને કેવલી મરણ. | ૧૦૧૫ | ૧૮૮ |
| ૧૫૭. | વૈહાયસ અને ગૃધ્રપૃષ્ઠ મરણ. | ૧૦૧૬ | ૧૮૮ |
| ૧૫૮. | ભક્ત પરિજ્ઞા, ઈંગિનિ અને પાદપોગમન મરણ. | ૧૦૧૭ | ૧૯૦ |

| નં. | વિષય | શ્લોક નં. | પેજ. નં. |
|---|---|---|---|
| ૧૫૯. | પલ્યોપમ. | ૧૦૧૮ | ૧૯૩ |
| ૧૬૦. | પલ્યોપમની ઉપમા કેવા પલ્યવડે અપાય ? | ૧૦૧૯ | ૧૯૩ |
| ૧૬૧. | પલ્ય ભરવામાં કેવા વાલાગ્રો ? | ૧૦૨૦ | ૧૯૪ |
| ૧૬૨. | બાદર ઉદ્ધાર પલ્યોપમ. | ૧૦૨૧ | ૧૯૪ |
| ૧૬૩. | સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ. | ૧૦૨૨ | ૧૯૫ |
| ૧૬૪. | પલ્ય ભર્યા પછી શું કરવું ? | ૧૦૨૩ | ૧૯૬ |
| ૧૬૫. | બાદર અદ્ધા પલ્યોપમ. | ૧૦૨૪ | ૧૯૬ |
| ૧૬૬. | સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ. | ૧૦૨૫ | ૧૯૬ |
| ૧૬૭. | સૂક્ષ્મ–બાદર ક્ષેત્ર પલ્યોપમ. | ૧૦૨૬ | ૧૯૭ |
| ૧૬૮ | ઠાંસી ઠાંસીને ભરેલા પલ્યમાં અસ્પૃષ્ટ આકાશ પ્રદેશો શી રીતે ? | | ૧૯૮ |
| ૧૬૯. | વાલાગ્ર કરતાં પલ્યમાં જેટલા આકાશ પ્રદેશો હોય તે લેવા–એ અંગે પ્રશ્નોત્તરી. | | ૧૯૮ |
| ૧૭૦. | સાગરોપમ. | ૧૦૨૭ | ૧૯૮ |
| ૧૭૧. | સૂક્ષ્મ ઉદ્ધાર સાગરોપમનું પ્રયોજન. | ૧૦૨૮ | ૧૯૯ |
| ૧૭૨. | સૂક્ષ્મ અદ્ધા સાગરોપમનું પ્રયોજન. | ૧૦૩૦ | ૨૦૦ |
| ૧૭૩. | બાદર–સૂક્ષ્મક્ષેત્ર સાગરોપમનું સ્વરૂપ અને પ્રયોજન. | ૧૦૩૧ | ૨૦૦ |
| ૧૭૪. | અવસર્પિણીનું સ્વરૂપ. | ૧૦૩૩ | ૨૦૧ |
| ૧૭૫. | છ આરાઓના નામો. | ૧૦૩૪ | ૨૦૧ |
| ૧૭૬. | છ આરાઓનું પ્રમાણ | ૧૦૩૫ | ૨૦૨ |
| ૧૭૭. | ઉત્સર્પિણી. | ૧૦૩૮ | ૨૦૩ |
| ૧૭૮. | પુદ્ગલ પરાવર્તનનું સ્વરૂપ. | ૧૦૩૯ | ૨૦૪ |
| ૧૭૯. | પુદ્ગલ પરાવર્તના ભેદો. | ૧૦૪૦ | ૨૦૫ |
| ૧૮૦. | બાદર દ્રવ્ય પુદ્ગલ પરાવર્ત. | ૧૦૪૧ | ૨૦૫ |
| ૧૮૧. | મતાંતરે દ્રવ્ય પુદ્ગલ પરાવર્ત | ૧૦૪૨ | ૨૦૬ |
| ૧૮૨. | સૂક્ષ્મ દ્રવ્ય પુદ્ગલ પરાવર્ત | ૧૦૪૩ | ૨૦૬ |
| ૧૮૩. | બાદરક્ષેત્ર પુદ્ગલ પરાવર્ત. | ૧૦૪૪ | ૨૦૭ |
| ૧૮૪. | સૂક્ષ્મક્ષેત્ર પુદ્ગલપરાવર્ત. | ૧૦૪૫ | ૨૦૭ |
| ૧૮૫. | બાદરકાળ પુદ્ગલ પરાવર્ત | ૧૦૪૭ | ૨૦૮ |
| ૧૮૬. | સૂક્ષ્મકાળ પુદ્ગલ પરાવર્ત. | ૧૦૪૮ | ૨૦૯ |
| ૧૮૭. | રસબંધના સ્થાનોનું પરિમાણ. | ૧૦૫૦ | ૨૦૯ |
| ૧૮૮. | બાદર સૂક્ષ્મભાવ પુદ્ગલ પરાવર્ત. | ૧૦૫૨ | ૨૧૧ |
| ૧૮૯. | પંદર કર્મભૂમિ. | ૧૦૫૩ | ૨૧૨ |
| ૧૯૦. | ત્રીસ અકર્મભૂમિ. | ૧૦૫૪ | ૨૧૨ |
| ૧૯૧. | આઠ મદ. | ૧૦૫૬ | ૨૧૩ |
| ૧૯૨. | ૨૪૩ પ્રાણાતિપાતના ભેદો. | ૧૦૫૭ | ૨૧૩ |
| ૧૯૩. | પરિણામના ૧૦૮ ભેદ. | ૧૦૫૯ | ૨૧૪ |
| ૧૯૪. | સંકલ્પ વિગેરેનું સ્વરૂપ. | ૧૦૬૦ | ૨૧૫ |
| ૧૯૫. | અઢાર ભેદે બ્રહ્મચર્ય. | ૧૦૬૧ | ૨૧૬ |
| ૧૯૬. | કામના ચોવીસ પ્રકાર. | ૧૦૬૨ | ૨૧૬ |
| ૧૯૭. | દસ પ્રાણ. | ૧૦૬૬ | ૨૧૮ |
| ૧૯૮. | દસ કલ્પવૃક્ષોના નામો. | ૧૦૬૭ | ૨૧૯ |
| ૧૯૯. | કયું કલ્પવૃક્ષ શું આપે. | ૧૦૬૮ | ૨૨૦ |
| ૨૦૦. | નરકના નામો. | ૧૦૭૧ | ૨૨૧ |
| ૨૦૧. | નારકોના આવાસ. | ૧૦૭૩ | ૨૨૨ |
| ૨૦૨. | નરક વેદના. | ૧૦૭૪ | ૨૨૩ |
| ૨૦૩. | પરસ્પર ઉદીરેલી વેદના | | ૨૨૫ |
| ૨૦૪. | પરમાધામીકૃત વેદના. | | ૨૨૬ |
| ૨૦૫. | નરકાયુ | ૧૦૭૫ | ૨૨૬ |
| ૨૦૬. | નારક શરીર પ્રમાણ. | ૧૦૭૭ | ૨૨૭ |
| ૨૦૭. | ઉત્કૃષ્ટથી ઉત્તર વૈક્રિય શરીર અવગાહના. | ૧૦૭૯ | ૨૨૮ |
| ૨૦૮. | જઘન્ય અવગાહના | ૧૦૮૦ | ૨૨૮ |
| ૨૦૯. | ઉત્પત્તિ અને ચ્યવનનો વિરહ કાળ. | ૧૦૮૧ | ૨૨૯ |

| નં. | વિષય | શ્લોક નં. | પેજ નં. |
|---|---|---|---|
| ૨૧૦. | નારકોની લેશ્યા. | ૧૦૮૩ | ૨૩૦ |
| ૨૧૧. | નારકોનું અવધિજ્ઞાન. | ૧૦૮૪ | ૨૩૩ |
| ૨૧૨. | પરમાધામી. | ૧૦૮૫ | ૨૩૪ |
| ૨૧૩. | નારકમાંથી નીકળેલાઓને લબ્ધિનો સંભવ. | ૧૦૮૭ | ૨૩૫ |
| ૨૧૪. | નરકોમાં કોની કોની ઉત્પત્તિ. | ૧૦૯૧ | ૨૩૭ |
| ૨૧૫. | તિર્યંચોની નરકમાં ઉત્પત્તિ. | ૧૦૯૩ | ૨૩૮ |
| ૨૧૬. | નરકમાં ઉત્પન્ન થનાર અને ચ્યવનાર જીવોની સંખ્યા | | ૨૩૮ |
| ૨૧૭. | એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, સંજ્ઞી જીવોની કાયસ્થિતિ. | ૧૦૯૪ | ૨૩૮ |
| ૨૧૮. | એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને સંજ્ઞી જીવોની ભવસ્થિતિ. | ૧૦૯૬ | ૨૪૦ |
| ૨૧૯. | પૃથ્વીકાયના ભેદ. | ૧૦૯૮ | ૨૪૦ |
| ૨૨૦. | એકેન્દ્રિય વગેરેનું શરીર પ્રમાણ. | ૧૦૯૮ | ૨૪૧ |
| ૨૨૧. | જળાશયની ઊંડાઈ તેમજ તેના કમળનું દેહમાન. | ૧૧૦૦ | ૨૪૧ |
| ૨૨૨. | એકેન્દ્રિયોની અવગાહના. | ૧૧૦૨ | ૨૪૨ |
| ૨૨૩. | વિકલેન્દ્રિયની અવગાહના. | ૧૧૦૩ | ૨૪૩ |
| ૨૨૪. | તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યોની અવગાહના. | ૧૧૦૪ | ૨૪૩ |
| ૨૨૫. | આ જીવોની ઇન્દ્રિયનું સ્વરૂપ તથા વિષય ગ્રહણ. | ૧૧૦૫ | ૨૪૪ |
| ૨૨૬. | સ્પર્શેન્દ્રિયના અનુભવ અંગે પ્રશ્નોત્તરી. | ૧૧૦૫ | ૨૪૫ |
| ૨૨૭. | ઇન્દ્રિયોની વિષય ગ્રહણની શક્તિ. | ૧૧૦૭ | ૨૪૬ |
| ૨૨૮. | જઘન્યથી વિષય ગ્રહણનું પ્રમાણ. | ૧૧૦૯ | ૨૪૭ |
| ૨૨૯. | આ જીવોને લેશ્યા. | ૧૧૧૦ | ૨૪૭ |
| ૨૩૦. | એકેન્દ્રિયાદિની ગતિ. | ૧૧૧૧ | ૨૪૮ |
| ૨૩૧. | પંચેન્દ્રિય તિર્યંચો તેમજ વિકલેન્દ્રિયની ઉત્પત્તિ. | ૧૧૧૩ | ૨૪૯ |
| ૨૩૨. | અસંખ્ય વર્ષાયુવાળા મનુષ્ય તિર્યંચોની ઉત્પત્તિ. | ૧૧૧૪ | ૨૪૯ |
| ૨૩૩. | તાપસ અને પરિવ્રાજકોની ગતિ. | ૧૧૧૫ | ૨૫૦ |
| ૨૩૪. | ભવ્ય-અભવ્યની ગતિ. | ૧૧૧૬ | ૨૫૦ |
| ૨૩૫. | સાધુ તથા શ્રાવકની ઉત્કૃષ્ટ ઉત્પત્તિ. | ૧૧૧૭ | ૨૫૧ |
| ૨૩૬. | ચૌદપૂર્વધરોની જઘન્ય ઉત્કૃષ્ટ ઉત્પત્તિ | ૧૧૧૮ | ૨૫૧ |
| ૨૩૭. | સાધુ તથા શ્રાવકોની જઘન્ય ઉત્પત્તિ. | ૧૧૧૯ | ૨૫૧ |
| ૨૩૮. | શેષ તાપસ, ચરક, પરિવ્રાજકની જઘન્ય ઉત્પત્તિ. | ૧૧૨૦ | ૨૫૨ |
| ૨૩૯. | એકેન્દ્રિયાદિની આગતિ. | ૧૧૨૧ | ૨૫૨ |
| ૨૪૦. | ઉત્પત્તિ-મરણનો વિરહકાળ અને સંખ્યા. | ૧૧૨૪ | ૨૫૩ |
| ૨૪૧. | દેવોના પ્રકાર અને સંખ્યા. | ૧૧૨૮ | ૨૫૫ |
| ૨૪૨. | ભવનપતિ દેવોના નામો. | ૧૧૨૯ | ૨૫૬ |
| ૨૪૩. | વાણ વ્યન્તર દેવોના નામો. | ૧૧૩૦ | ૨૫૬ |
| ૨૪૪. | વ્યન્તર ભેદો. | ૧૧૩૧ | ૨૫૬ |
| ૨૪૫. | જ્યોતિષીના ભેદો. | ૧૧૩૩ | ૨૫૭ |
| ૨૪૬. | વૈમાનિક દેવલોકના નામો, | ૧૧૩૪ | ૨૫૭ |
| ૨૪૭. | ભવનપતિ દેવોનું આયુષ્ય. | ૧૧૩૮ | ૨૫૮ |
| ૨૪૮. | ભવનપતિ અને વ્યન્તર દેવીઓનું ઉત્કૃષ્ટાયુ. | ૧૧૩૯ | ૨૫૯ |
| ૨૪૯. | ભવનપતિ અને વ્યન્તર દેવીઓનું જઘન્યાયુ તેમજ વ્યન્તર દેવોનું ઉત્કૃષ્ટાયુ. | ૧૧૪૦ | ૨૬૦ |
| ૨૫૦. | જ્યોતિષી દેવ-દેવીઓની જઘન્ય- ઉત્કૃષ્ટ સ્થિતિ. | ૧૧૪૧ | ૨૬૦ |

| નં. | વિષય | શ્લોક નં. | પેજ નં. |
|---|---|---|---|
| ૨૫૧. | વૈમાનિક દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ | ૧૧૪૩ | ૨૬૧ |
| ૨૫૨. | વૈમાનિક દેવોની અને દેવીઓની જઘન્ય સ્થિતિ. | ૧૧૪૫ | ૨૬૨ |
| ૨૫૩. | ભવનપતિ દેવોનાં ભવનની કુલ સંખ્યા તેમજ સ્થાન. | ૧૧૪૭ | ૨૬૪ |
| ૨૫૪. | ભવનપતિમાં દરેક નિકાયની અલગ અલગ ભવન સંખ્યા. | ૧૧૪૮ | ૨૬૪ |
| ૨૫૫. | વ્યન્તરોના નગરોની હકીકત | ૧૧૫૦ | ૨૬૪ |
| ૨૫૬. | સૌધર્મેન્દ્રાદિ પાંચ દેવલોકના વિમાનોની સંખ્યા. | ૧૧૫૧ | ૨૬૫ |
| ૨૫૭. | લાંતકાદિ સાત દેવલોકનાં વિમાનોની સંખ્યા. | ૧૧૫૨ | ૨૬૫ |
| ૨૫૮. | ગ્રૈવેયક તેમજ અનુત્તરાદિના વિમાનોની સંખ્યા | ૧૧૫૩ | ૨૬૫ |
| ૨૫૯. | સર્વ વિમાનોની સંખ્યા. | ૧૧૫૪ | ૨૬૫ |
| ૨૬૦. | દેવોના શરીરની અવગાહના. | ૧૧૫૫ | ૨૬૬ |
| ૨૬૧. | દેવોની લેશ્યા. | ૧૧૫૯ | ૨૬૭ |
| ૨૬૨. | દેવોનું અવધિજ્ઞાન, | ૧૧૬૧ | ૨૬૮ |
| ૨૬૩. | અવધિજ્ઞાનનું તિર્છું અને ઉર્ધ્વક્ષેત્ર પ્રમાણ. | ૧૧૬૪ | ૨૬૯ |
| ૨૬૪. | ભવનપતિથી ઈશાન સુધીના દેવોનો ઉત્કૃષ્ટ જઘન્ય ઉપપાત વિરહકાળ. | ૧૧૬૭ | ૨૭૧ |
| ૨૬૫. | સનત્કુમાર આદિ દેવોનો ઉપપાત વિરહકાળ. | ૧૧૬૮ | ૨૭૧ |
| ૨૬૬. | મરણ આશ્રયી વિરહકાળ. | ૧૧૭૨ | ૨૭૨ |
| ૨૬૭. | ઉપપાત અને ઉદ્વર્તનાની સંખ્યા. | ૧૧૭૩ | ૨૭૩ |
| ૨૬૮. | દેવોની ગતિ. | ૧૧૭૪ | ૨૭૩ |
| ૨૬૯. | દેવોની આગતિ. | ૧૧૭૫ | ૨૭૪ |
| ૨૭૦. | સિદ્ધિગતિમાં વિરહ | ૧૧૭૯ | ૨૭૫ |
| ૨૭૧. | જીવોનો આહાર અને શ્વાસ ગ્રહણ. | ૧૧૮૦ | ૨૭૬ |
| ૨૭૨. | જે જીવોનો જે અવસ્થામાં જે આહાર હોય તે. | ૧૧૮૧ | ૨૭૬ |
| ૨૭૩. | એકેન્દ્રિય વગેરેના અલગ આહારની નિયતતા. | ૧૧૮૨ | ૨૭૭ |
| ૨૭૪. | દેવોના આહારમાં વિશેષતા. | ૧૧૮૩ | ૨૭૭ |
| ૨૭૫. | સાગરોપમની સંખ્યા વડે આહાર અને શ્વાસોચ્છ્વાસનું કાળમાન. | ૧૧૮૫ | ૨૭૮ |
| ૨૭૬. | જઘન્યાયુવાળાના શ્વાસોશ્વાસ અને આહારનું કાળમાન. | ૧૧૮૬ | ૨૭૯ |
| ૨૭૭. | એક સાગરોપમ સુધીની સ્થિતિવાળા દેવોના આહાર અને શ્વાસોશ્વાસનું કાળમાન. | ૧૧૮૭ | ૨૮૦ |
| ૨૭૮. | પાખંડીના ત્રણસો ત્રેસઠ ભેદ કઈ રીતે ? | ૧૧૮૮ | ૨૮૦ |
| ૨૭૯. | ક્રિયાવાદીના એકસો એંસી ભેદો. | ૧૧૮૯ | ૨૮૨ |
| ૨૮૦. | નિત્ય–અનિત્યના કાળાદિ પાંચ સાથે ભેદો કઈ રીતે થાય ? | ૧૧૯૧ | ૨૮૨ |
| ૨૮૧. | અક્રિયાવાદીના ચોર્યાસી ભેદો. | ૧૧૯૪ | ૨૮૬ |
| ૨૮૨. | સ્વ–પરના કાળાદિ છ ભેદો સાથે કરતાં જીવાદિ સાત તત્ત્વોના ૮૪ ભેદો. | ૧૧૯૬ | ૨૮૭ |
| ૨૮૩. | અજ્ઞાનવાદીઓના ૬૭ ભેદો. | ૧૧૯૯ | ૨૮૯ |
| ૨૮૪. | જીવાદિ નવ તત્ત્વોના સત્ત્વાદિ સાત ભાંગા સાથે ત્રેસઠ ભેદો. | ૧૨૦૧ | ૨૯૧ |
| ૨૮૫ | ત્રેસઠ ભેદોમાં કયા ચાર ભાંગા ઉમેરતાં સડસઠ થાય ? તે | ૧૨૦૩ | ૨૯૨ |
| ૨૮૬. | વિનયવાદીના બત્રીસ ભેદો | ૧૨૦૫ | ૨૯૨ |
| ૨૮૭. | આઠ પ્રકારે પ્રમાદ. | ૧૨૦૭ | ૨૯૪ |

| નં. | વિષય | શ્લોક નં. | નં. |
|---|---|---|---|
| ૨૮૮. | ભરતાદિ બાર ચક્રવર્તી. | ૧૨૦૯ | ૨૯૪ |
| ૨૮૯. | નવ બળદેવ. | ૧૨૧૧ | ૨૯૫ |
| ૨૯૦. | નવ વાસુદેવ. | ૧૨૧૨ | ૨૯૫ |
| ૨૯૧. | નવ પ્રતિવાસુદેવ. | ૧૨૧૩ | ૨૯૫ |
| ૨૯૨. | ચૌદ રત્નો | ૧૨૧૪ | ૨૯૬ |
| ૨૯૩. | વાસુદેવના રત્નો, | ૧૨૧૫ | ૨૯૮ |
| ૨૯૪. | સાતે એકેન્દ્રિય રત્નોનું પ્રમાણ. | ૧૨૧૬ | ૨૯૮ |
| ૨૯૫. | નવ નિધિના નામો. | ૧૨૧૮ | ૨૯૯ |
| ૨૯૬. | નૈસર્પ નિધિમાં શું છે? | ૧૨૧૯ | ૨૯૯ |
| ૨૯૭. | પાંડુક નિધિમાં શું છે? | ૧૨૨૦ | ૩૦૦ |
| ૨૯૮. | પિંગલ નિધિમાં શું છે? | ૧૨૨૧ | ૩૦૦ |
| ૨૯૯. | સર્વ રત્ન નિધિમાં શું છે? | ૧૨૨૨ | ૩૦૦ |
| ૩૦૦. | મહાપદ્મ નિધિમાં શું છે? | ૧૨૨૩ | ૩૦૧ |
| ૩૦૧. | કાલનિધિમાં શું છે? | ૧૨૨૪ | ૩૦૧ |
| ૩૦૨. | મહાકાલ નિધિમાં શું છે? | ૧૨૨૫ | ૩૦૧ |
| ૩૦૩. | માણવકનિધિમાં શું છે? | ૧૨૨૬ | ૩૦૨ |
| ૩૦૪ | શંખ મહાનિધિમાં શું છે? | ૧૨૨૭ | ૩૦૨ |
| ૩૦૫. | નવે નિધિઓનું સામાન્ય સ્વરૂપ. | ૧૨૨૮ | ૩૦૨ |
| ૩૦૬ | જીવ સંખ્યા કુલક. | ૧૨૩૨ | ૩૦૪ |
| ૩૦૭. | એક થી છ પ્રકારે જીવો. | ૧૨૩૨ | ૩૦૪ |
| ૩૦૮. | અંડજ વગેરે આઠ પ્રકારે જીવો. | ૧૨૩૬ | ૩૦૫ |
| ૩૦૯ | નવથી ચૌદ પ્રકારે જીવો. | ૧૨૩૭ | ૩૦૬ |
| ૩૧૦. | પંદરથી એકવીસ પ્રકારે જીવો. | ૧૨૪૦ | ૩૦૭ |
| ૩૧૧. | બત્રીસ પ્રકારે જીવો. | ૧૨૪૩ | ૩૦૭ |
| ૩૧૨. | જીવના છપ્પન, અઠ્ઠાવન તેમજ એકસો સોળ ભેદ કેવી રીતે? | ૧૨૪૪ | ૩૦૮ |
| ૩૧૩. | જીવોના એકસો છેંતાલીસ ભેદો. | ૧૨૪૬ | ૩૦૯ |

| નં. | વિષય | શ્લોક નં. | પેજ નં. |
|---|---|---|---|
| ૩૧૪. | મૂળ આઠ કર્મ. | ૧૨૪૯ | ૩૧૦ |
| ૩૧૫. | ઉત્તર ૧૫૮ ભેદો. | ૧૨૫૧ | ૩૧૧ |
| ૩૧૬. | જ્ઞાનાવરણીય | ૧૨૫૩ | ૩૧૨ |
| ૩૧૭. | દર્શનાવરણીય-વેદનીય | ૧૨૫૪ | ૩૧૨ |
| ૩૧૮. | મોહનીય. | ૧૨૫૬ | ૩૧૩ |
| ૩૧૯. | આયુષ્ય-ગોત્ર-અંતરાય, | ૧૨૫૯ | ૩૧૪ |
| ૩૨૦. | નામકર્મ કેટલા ભેદે? | ૧૨૬૧ | ૩૧૫ |
| ૨૨૧. | નામકર્મના બેંતાલીસ ભેદો, કઈ રીતે? | ૧૨૬૨ | ૩૧૫ |
| ૩૨૨. | નામકર્મના સડસઠ ભેદો કઈ રીતે? | ૧૨૬૭ | ૩૧૬ |
| ૩૨૩. | નામકર્મના એકસો ત્રણ ભેદો કઈ રીતે? | ૧૨૭૨ | ૩૧૭ |
| ૩૨૪. | મતિજ્ઞાનની વ્યાખ્યા. | | ૩૨૦ |
| ૩૨૫. | શ્રુતજ્ઞાન. | | ૩૨૧ |
| ૩૨૬. | અવધિ, મનઃપર્યવ, કેવળજ્ઞાન. | | ૩૨૨ |
| ૩૨૭. | ચક્ષુદર્શનાદિ ૯ ભેદોની વ્યાખ્યા. | | ૩૨૩ |
| ૩૨૮. | વેદનીય કર્મની વ્યાખ્યા. | | ૩૨૪ |
| ૩૨૯. | મોહનીય કર્મ તથા કષાયની વ્યાખ્યા. | | ૩૨૪ |
| ૩૩૦. | નોકષાય. | | ૩૨૫ |
| ૩૩૧. | આયુષ્ય, ગોત્ર, અંતરાય કર્મની વ્યાખ્યા. | | ૩૨૬ |
| ૩૩૨. | નામકર્મમાં ગતિ, જાતિ. | | ૩૨૬ |
| ૩૩૩. | શરીર, ઉપાંગ | | ૩૨૭ |
| ૩૩૪. | બંધન, સંઘાતન, સંઘયણ. | | ૩૨૮ |
| ૩૩૫. | સંસ્થાન | | ૩૨૯ |
| ૩૩૬. | વર્ણ ચતુષ્ક. | | ૩૩૦ |
| ૩૩૭. | અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત, આનુપૂર્વી. | | ૩૩૦ |
| ૩૩૮. | ઉચ્છ્વાસ તેમજ તે અંગે પ્રશ્નોત્તરી. | | ૩૩૧ |

| નં. | વિષય | શ્લોક નં. | નં. |
|---|---|---|---|
| ૩૩૯. | આતપ, ઉદ્યોત, વિહાયોગતિ | | ૩૩૧ |
| ૩૪૦. | ત્રસ, સ્થાવરાદિ. | | ૩૩૨ |
| ૩૪૧. | પ્રત્યેક, સાધારણ તથા તે અંગે પ્રશ્નોત્તરી. | | ૩૩૩ |
| ૩૪૨. | સ્થિર. અસ્થિરાદિ. | | ૩૩૪ |
| ૩૪૩. | યશ. અપયશ, નિર્માણ, તીર્થંકર. | | ૩૩૫ |
| ૩૪૪. | બંધ, ઉદય, ઉદીરણા, સત્તાનું સ્વરૂપ. | ૧૨૭૬ | ૩૩૬ |
| ૩૪૫. | બંધ વિગેરે સ્થાનોનું સ્વરૂપ. | ૧૨૭૭ | ૩૩૭ |
| ૩૪૬. | બંધાદિમાંઉત્તરપ્રકૃતિઓ. | ૧૨૭૯ | ૩૩૯ |
| ૩૪૭. | આઠે કર્મોની અબાધા. સહિત કર્મસ્થિતિ. | ૧૨૮૦ | ૩૪૦ |
| ૩૪૮. | કર્મોની જઘન્યસ્થિતિ. | ૧૨૮૧ | ૩૪૧ |
| ૩૪૯. | કર્મોની ઉત્કૃષ્ટ સ્થિત્તિના અબાધાકાળનું પ્રમાણ. | ૧૨૮૨ | ૩૪૨ |
| ૩૫૦. | બેંતાલીસ પુણ્ય પ્રકૃતિ. | ૧૨૮૩ | ૩૪૨ |
| ૩૫૧. | બ્યાસી પાપ પ્રકૃતિ. | ૧૨૮૭ | ૩૪૩ |
| ૩૫૨. | પેટા ભેદ સહિત છ ભાવો. | ૧૨૯૦ | ૩૪૪ |
| ૩૫૩. | ઔપશમિક અને ક્ષાયિકના બે ભેદોની વ્યાખ્યા. | ૧૨૯૧ | ૩૪૫ |
| ૩૫૪. | ક્ષાયોપશમિક ભાવના અઢાર ભેદો. | ૧૨૯૨ | ૩૪૬ |
| ૩૫૫. | ઔદયિક ભાવના એકવીસ ભેદો. | ૧૨૯૩ | ૩૪૭ |
| ૩૫૬. | પારિણામિક ભાવના ત્રણ ભેદો. | ૧૨૯૪ | ૩૪૮ |
| ૩૫૭. | પાંચે ભાવના ત્રેપન ભેદો. | ૧૨૯૪ | ૩૪૮ |
| ૩૫૮. | સંયોગી ભાંગાઓ. | | ૩૪૮ |
| ૩૫૯. | અવાંતર ભેદો વડે પંદર સંયોગી ભાંગા | ૧૨૯૫ | ૩૪૯ |
| ૩૬૦. | છ ભાંગા કયા જીવોમાં સંભવે તે | ૧૨૯૭ | ૩૫૦ |

| નં. | વિષય | શ્લોક નં. | પેજ નં. |
|---|---|---|---|
| ૩૬૧. | ગુણઠાણામાં પાંચ ભાવોનો વિચાર. | ૧૨૯૯ | ૩૫૨ |
| ૩૬૨. | જીવના ચૌદ પ્રકાર. | ૧૩૦૦ | ૩૫૩ |
| ૩૬૩. | અજીવના ચૌદ ભેદ. | ૧૩૦૧ | ૩૫૪ |
| ૩૬૪. | ચૌદ ગુણસ્થાનકના નામ. | ૧૩૦૨ | ૩૫૫ |
| ૩૬૫. | મિથ્યાત્વ. | | ૩૫૭ |
| ૩૬૬. | સાસ્વાદન. | | ૩૫૮ |
| ૩૬૭. | મિશ્ર, અવિરતિ, દેશવિરતિ. | | ૩૬૦ |
| ૩૬૮. | પ્રમત્ત, અપ્રમત્ત. | | ૩૬૧ |
| ૩૬૯. | અપૂર્વકરણ. | | ૩૬૨ |
| ૩૭૦. | અનિવૃત્તિ બાદર સૂક્ષ્મ સંપરાય | | ૩૬૪ |
| ૩૭૧. | ઉપશાંત મોહ, ક્ષીણકષાય. | | ૩૬૪ |
| ૩૭૨. | સયોગી કેવલી, અયોગી કેવલી | | ૩૬૫ |
| ૩૭૩. | શૈલેશીકરણની પ્રક્રિયા. | | ૩૬૬ |
| ૩૭૪. | ચૌદ માર્ગણા. | ૧૩૦૩ | ૩૬૭ |
| ૩૭૫. | બાર ઉપયોગ | ૧૩૦૪ | ૩૬૮ |
| ૩૭૬. | પંદર યોગ. | ૧૩૦૫ | ૩૬૯ |
| ૩૭૭. | ગુણઠાણાઓ ઉપર પરલોક ગતિ. | ૧૩૦૬ | ૩૭૨ |
| ૩૭૮. | ગુણઠાણાઓનું કાળ પ્રમાણ. | ૧૩૦૭ | ૩૭૩ |
| ૩૭૯. | ચારે ગતિના જીવોની વિકુર્વણાનો ઉત્કૃષ્ટ કાળ. | ૧૩૧૦ | ૩૭૫ |
| ૩૮૦. | સાત સમુદ્ઘાત | ૧૩૧૧ | ૩૭૫ |
| ૩૮૧. | કયા જીવોને કયા સમુદ્ઘાત ? | ૧૩૧૩ | ૩૭૭ |
| ૩૮૨. | વિસ્તારથી કેવલી સમુદ્ઘાત | ૧૩૧૩ | ૩૭૯ |
| ૩૮૩. | છ પર્યાપ્તિ. | ૧૩૧૭ | ૩૮૧ |
| ૩૮૪. | પર્યાપ્તિઓનો રચના કાળ. | ૧૩૧૮ | ૩૮૩ |
| ૩૮૫. | ચાર અણાહારી. | ૧૩૧૯ | ૩૮૪ |
| ૩૮૬. | સાત ભયસ્થાનો. | ૧૩૨૦ | ૩૮૫ |
| ૩૮૭. | અપ્રશસ્ત છ ભાષાઓ. | ૧૩૨૧ | ૩૮૬ |
| ૩૮૮. | અણુવ્રતોના ભાંગા | ૧૩૨૨ | ૩૮૭ |

| નં. | વિષય | શ્લોક નં. | પેજ નં. |
|---|---|---|---|
| ૩૮૯. | પહેલા ત્રણ ભેદોની વ્યાખ્યા. | ૧૩૨૩ | ૩૮૭ |
| ૩૯૦. | ભગવતી સૂત્રાનુસાર ૭૩૫ ભેદો. | ૧૩૨૪ | ૩૯૦ |
| ૩૯૧. | ગ્રંથકારની બીજી રીતે પ્રરૂપણા. | ૧૩૨૫ | ૩૯૨ |
| ૩૯૨. | પૂર્વના નવ ભાંગાના ૧૪૭ ઉત્તર ભાંગા | ૧૩૨૬ | ૩૯૩ |
| ૩૯૩. | શ્રાવકોના ૭૩૫ ભેદો. | ૧૩૨૭ | ૩૯૩ |
| ૩૯૪. | આ ભાંગાઓના પચ્ચક્ખાણમાં કુશળ કોણ ? | ૧૩૨૮ | ૩૯૪ |
| ૩૯૫. | છ ભાંગાના એકવીસ ઉત્તરભેદો. | ૧૩૨૯ | ૩૯૪ |
| ૩૯૬. | છ ભાંગાવડે થતી દેવકુલિકા. | ૧૩૩૦ | ૩૯૫ |
| ૩૯૭. | એક–દ્વિક વિગેરે સંયોગ જણાવનાર ગુણાકારની સંખ્યા કંઈ રીતે આવે તે. | ૧૩૩૪ | ૩૯૬ |
| ૩૯૮. | સ્થાપનાનો કોઠો. | | ૩૯૮ |
| ૩૯૯. | બીજી રીતે સંયોગોની સંખ્યા જાણવાનો ઉપાય. | ૧૩૩૫ | ૩૯૮ |
| ૪૦૦. | બારે દેવકુલિકાઓની ક્રમસર ગુણાકારરૂપ સંખ્યા. | ૧૩૩૬ | ૩૯૯ |
| ૪૦૧. | બારે દેવકુલિકાઓની ક્રમસર ગુણ્ય સંખ્યા. | ૧૩૩૮ | ૩૯૯ |
| ૪૦૨. | આઠ પ્રકારે "દ્વિવિધિ–ત્રિવિધ." | ૧૩૪૨ | ૪૦૧ |
| ૪૦૩. | ૧૬૮૦૮ શ્રાવકોના ભેદોના પહેલા એક વિગેરે સંયોગોનું પરિમાણ બતાવનાર ગુણકારક સંખ્યા. | ૧૩૪૪ | ૪૦૧ |
| ૪૦૪. | પાંચમી દેવકુલિકાની ગુણ્ય રાશિ. | ૧૩૪૫ | ૪૦૨ |
| ૪૦૫. | પાંચમી દેવકુલિકાની આવેલ સંખ્યા. | ૧૩૪૬ | ૪૦૨ |
| ૪૦૬. | બાર વ્રતના અનુસારે ભેદો. | ૧૩૫૦ | ૪૦૬ |
| ૪૦૭. | અઢાર પાપસ્થાનક. | ૧૩૫૧ | ૪૦૬ |
| ૪૦૮. | મુનિના સત્યાવીશ ગુણો. | ૧૩૫૪ | ૪૦૮ |
| ૪૦૯. | શ્રાવકના એકવીસ ગુણો. | ૧૩૫૬ | ૪૦૯ |
| ૪૧૦. | તિર્યંચીણીની ઉત્કૃષ્ટ ગર્ભસ્થિતિ. | ૧૩૫૯ | ૪૧૨ |
| ૪૧૧ | મનુષ્ય સ્ત્રીની ઉત્કૃષ્ટ ગર્ભસ્થિતિ અને મનુષ્ય પુરૂષના ગર્ભની કાયસ્થિતિ. | ૧૩૬૦ | ૪૧૨ |
| ૪૧૨. | ગર્ભસ્થિતિ જીવનો આહાર. | ૧૩૬૧ | ૪૧૩ |
| ૪૧૩ | કેટલા કાળે ગર્ભોત્પત્તિ. | ૧૩૬૩ | ૪૧૩ |
| ૪૧૪. | ગર્ભમાં કેટલા પુત્રો–જીવો ઉત્પન્ન થાય અને પુત્રના પિતા કેટલા હોય. | ૧૩૬૪ | ૪૧૪ |
| ૪૧૫. | સ્ત્રીઓને ગર્ભ ન રહેવાનો કાળ અને પુરુષને અબીજ થવાનો કાળ. | ૧૩૬૫ | ૪૧૪ |
| ૪૧૬. | શુક્ર વિગેરે શરીરના આધારનું કારણ. | ૧૩૬૭ | ૪૧૫ |
| ૪૧૭. | મનુષ્યના શરીરની પાંસળી, જીભ, આંખ, માથુ વિગેરેનું પ્રમાણ. | ૧૩૬૮ | ૪૧૬ |
| ૪૧૮. | હૃદય, દાંત, કાળજું, હાથ, આંગળી વિગેરેનું પ્રમાણ. | ૧૩૭૦ | ૪૧૬ |
| ૪૧૯. | પુરુષની નાભિમાંથી નીકળતી સાતસો નસો શરીરમાં ક્યાં ક્યાં જાય છે ? | ૧૩૭૨ | ૪૧૭ |
| ૪૨૦. | સ્ત્રી અને નપુંસકોને આ નસો કેટલી હોય ? | ૧૩૭૯ | ૪૧૮ |
| ૪૨૧. | સંપૂર્ણ શરીરમાં રોમરાજી કેટલી ? | ૧૩૮૦ | ૪૧૮ |
| ૪૨૨. | શરીરમાં પેશાબ, લોહી તથા ચરબીનું પ્રમાણ. | ૧૩૮૧ | ૪૧૮ |
| ૪૨૩. | શરીરમાંથી મલ નીકળવાના દ્વારો કેટલા ? કયા કયા. | ૧૩૮૩ | ૪૧૯ |

| નં. | વિષય | શ્લોક નં. | પેજ નં. |
|---|---|---|---|
| ૪૨૪. | સમ્યક્ત્વ વિગેરે ઉત્તમ-ગુણોની પ્રાપ્તિમાં ઉત્કૃષ્ટથી પડતું અંતર. | ૧૩૮૪ | ૪૧૯ |
| ૪૨૫. | મૃત્યુ પછી કયા જીવો મનુષ્ય ભવ ન પામે ? | ૧૩૮૫ | ૪૨૦ |
| ૪૨૬. | પૂર્વાંગનું માપ. | ૧૩૮૬ | ૪૨૦ |
| ૪૨૭. | પૂર્વનું માપ. | ૧૩૮૭ | ૪૨૧ |
| ૪૨૮. | લવણસમુદ્રની શિખાનું પ્રમાણ. | ૧૩૮૮ | ૪૨૧ |
| ૪૨૯. | ત્રણ અંગુલનો નામનિર્દેશ. | ૧૩૮૯ | ૪૨૨ |
| ૪૩૦. | ઉત્સેધાંગુલ કેટલા પ્રમાણનું છે ? | ૧૩૯૦ | ૪૨૨ |
| ૪૩૧. | ઉત્સેધાંગુલની ઉત્પત્તિમાં બીજા માપો. | ૧૩૯૧ | ૪૨૩ |
| ૪૩૨. | ઉત્સેધાંગુલમાં પરમાણુ કેટલા ? | ૧૩૯૨ | ૪૨૪ |
| ૪૩૩. | ઉત્સેધાંગુલનો ઉપસંહાર. | ૧૩૯૩ | ૪૨૫ |
| ૪૩૪. | આત્માંગુલનું સ્વરૂપ. | ૧૩૯૪ | ૪૨૫ |
| ૪૩૫. | આત્માંગુલાભાસ કોને કહેવાય. | ૧૩૯૫ | ૪૨૫ |
| ૪૩૬. | પ્રમાણાંગુલનું સ્વરૂપ. | ૧૩૯૬ | ૪૨૬ |
| ૪૩૭. | ત્રણે અંગુલોના ત્રણ–ત્રણ ભેદો. | | ૪૨૮ |
| ૪૩૮. | કયા અંગૂલવડે પદાર્થ મપાય ? | ૧૩૯૭ | ૪૨૯ |
| ૪૩૯. | તમસ્કાયનું સ્વરૂપ. | ૧૩૯૮ | ૪૩૦ |
| ૪૪૦. | તમસ્કાયનું સંસ્થાન | ૧૪૦૧ | ૪૩૦ |
| ૪૪૧. | તમસ્કાયનો વિષ્કંભ અને પરિધિ. | ૧૪૦૨ | ૪૩૨ |
| ૪૪૨. | અનંતષટ્ક. | ૧૪૦૪ | ૪૩૩ |
| ૪૪૩. | અષ્ટાંગ નિમિત્ત | ૧૪૦૫ | ૪૩૩ |
| ૪૪૪. | આઠે નિમિત્તોની વ્યાખ્યા. | ૧૪૦૬ | ૪૩૩ |
| ૪૪૫. | માન–ઉન્માન અને પ્રમાણ. | ૧૪૧૦ | ૪૩૫ |
| ૪૪૬. | અઢાર પ્રકારે ભક્ષ્યભોજન | ૧૪૧૧ | ૪૩૬ |
| ૪૪૭. | ભક્ષ્યભોજનની વિશેષ સમજૂતી. | ૧૪૧૩ | ૪૩૬ |
| ૪૪૮. | ષટ્સ્થાન વૃદ્ધિહાનિના નામો | ૧૪૧૮ | ૪૩૭ |
| ૪૪૯. | કંડક કોને કહેવાય ? | | ૪૩૮ |
| ૪૫૦. | ષટ્સ્થાનો કેટલા છે. | | ૪૪૦ |
| ૪૫૧. | ષટ્સ્થાનમાં ભાગ કેવા લેવા ? | | ૪૪૦ |
| ૪૫૨. | ષટ્સ્થાનની સ્થાપના કેવી રીતે કરવી ? | | ૪૪૧ |
| ૪૫૩. | જેમનું અપહરણ ન થાય એવી વ્યક્તિ. | ૧૪૧૯ | ૪૪૨ |
| ૪૫૪. | લઘુ હિમવંત પર્વતની પૂર્વ–પશ્ચિમ દિશાના અંતર્દ્વીપ | ૧૪૨૦ | ૪૪૩ |
| ૪૫૫. | ઈશાન વિગેરે ચાર વિદિશાઓના અંતર્દ્વીપો | ૧૪૨૨ | ૪૪૪ |
| ૪૫૬. | આ દ્વીપ પર રહેલા મનુષ્યોનું સ્વરૂપ | ૧૪૨૯ | ૪૪૫ |
| ૪૫૭ | ચારે ગતિના જીવો અને સિદ્ધો આશ્રયી અલ્પબહુત્વ | ૧૪૩૨ | ૪૪૮ |
| ૪૫૮ | નારક, તિર્યંચાદિ આઠ જીવોનું અલ્પબહુત્વ. | ૧૪૩૩ | ૪૪૮ |
| ૪૫૯. | ત્રસકાયાદિ જીવોનું અલ્પબહુત્વ. | ૧૪૩૪ | ૪૪૯ |
| ૪૬૦. | એકેન્દ્રિયાદિ જાતિની અપેક્ષાએ જીવોનું અલ્પબહુત્વ. | ૧૪૩૫ | ૪૫૦ |
| ૪૬૧. | જીવ, પુદ્ગલ વિગેરેનું અલ્પબહુત્વ. | ૧૪૩૬ | ૪૫૦ |
| ૪૬૨. | યુગપ્રધાન આચાર્યોની સંખ્યા. | ૧૪૩૭ | ૪૫૧ |
| ૪૬૩. | ઉત્સર્પિણીના અંતિમ જિનના તીર્થનું પ્રમાણ. | ૧૪૩૮ | ૪૫૨ |
| ૪૬૪. | દેવોનો પ્રવિચાર. | ૧૪૩૯ | ૪૫૨ |
| ૪૬૫. | કૃષ્ણરાજીનું સ્થાન | ૧૪૪૧ | ૪૫૪ |

| નં. | વિષય | શ્લોક નં. | પેજ નં. |
|---|---|---|---|
| ૪૬૬. | કૃષ્ણરાજીનું સ્વરૂપ. | ૧૪૪૨ | ૪૫૪ |
| ૪૬૭. | તેની સ્થાપના. | ૧૪૪૩ | ૪૫૪ |
| ૪૬૮. | તેનું પ્રમાણ. | ૧૪૪૪ | ૪૫૬ |
| ૪૬૯. | તેમાં રહેલા વિમાનોની સંયોજના. | ૧૪૪૫ | ૪૫૬ |
| ૪૭૦. | વિમાનોના નામ. | ૧૪૪૬ | ૪૫૬ |
| ૪૭૧. | તેમાં રહેલા દેવો. | ૧૪૪૭ | ૪૫૬ |
| ૪૭૨. | વિમાનના ક્રમાનુસારે નામો. | ૧૪૪૮ | ૪૫૭ |
| ૪૭૩. | દેવોનો પરિવાર. | ૧૪૪૯ | ૪૫૭ |
| ૪૭૪. | અસજ્ઝાય ક્યારે થાય? | ૧૪૫૦ | ૪૫૭ |
| ૪૭૫. | સંયમઘાતી ભેદોનો ચાર પ્રકારનો પરિહાર. | ૧૪૫૨ | ૪૫૮ |
| ૪૭૬. | ઔત્પાતિક | ૧૪૫૩ | ૪૫૯ |
| ૪૭૭. | પાંશુ તેમજ રજઉદ્ઘાતની વ્યાખ્યા. | ૧૪૫૪ | ૪૫૯ |
| ૪૭૮. | સદેવ. | ૧૪૫૫ | ૪૬૦ |
| ૪૭૯. | દિગ્દાહ. | ૧૪૫૬ | ૪૬૦ |
| ૪૮૦. | ચંદ્રગ્રહણ, સૂર્યગ્રહણાદિ વખતે. | ૧૪૫૭ | ૪૬૧ |
| ૪૮૧. | ચાર મહામહો | ૧૪૫૮ | ૪૬૨ |
| ૪૮૨. | સૂર્ય–ચંદ્ર ગ્રહણ સમયે જઘન્ય ઉત્કૃષ્ટથી અસજ્ઝાયનો કાળ. | ૧૪૫૯ | ૪૬૨ |
| ૪૮૩. | વ્યુદ્ગ્રહજ અસજ્ઝાય. | ૧૪૬૧ | ૪૬૪ |
| ૪૮૪. | શારીરિક અસજ્ઝાય. | ૧૪૬૪ | ૪૬૫ |
| ૪૮૫. | કાળ અને ભાવથી અસજ્ઝાય. | ૧૪૬૫ | ૪૬૬ |
| ૪૮૬. | તિર્યંચોના બીજા પણ અસ્વાધ્યાય પ્રસંગે | ૧૪૬૭ | ૪૬૭ |
| ૪૮૭. | મનુષ્ય સંબંધિત અસજ્ઝાય. | ૧૪૬૯ | ૪૬૮ |
| ૪૮૮. | હાડકાં સંબંધી અસજ્ઝાય. | ૧૪૭૧ | ૪૬૯ |
| ૪૮૯. | નંદીશ્વર દ્વીપનો વિષ્કંભ. | ૧૪૭૨ | ૪૭૦ |
| ૪૯૦. | અંજનગિરિ વગેરેનું વર્ણન. | ૧૪૭૩ | ૪૭૦ |
| ૪૯૧. | સિદ્ધાયતનોનું પ્રમાણ. | ૧૪૭૬ | ૪૭૧ |
| ૪૯૨. | અંજનગિરિની વાવડીઓનું વર્ણન. | ૧૪૭૯ | ૪૭૨ |
| ૪૯૩. | વાવડીના નામોમાં ફરક. | ૧૪૮૭ | ૪૭૩ |
| ૪૯૪. | નંદીશ્વર દ્વીપ વિષયક ઉપસંહાર. | ૧૪૯૧ | ૪૭૪ |
| ૪૯૫. | લબ્ધિઓના નામ | ૧૪૯૨ | ૪૭૫ |
| ૪૯૬. | આમર્શૌષધિ વગેરે પાંચ લબ્ધિઓની વ્યાખ્યા. | ૧૪૯૬ | ૪૭૬ |
| ૪૯૭. | સંભિન્નશ્રોતો લબ્ધિની વ્યાખ્યા. | ૧૪૯૮ | ૪૭૬ |
| ૪૯૮. | ઋજુમતિ–વિપુલમતિ લબ્ધિની વ્યાખ્યા. | ૧૪૯૯ | ૪૭૭ |
| ૪૯૯. | આશીવિષલબ્ધિની વ્યાખ્યા. | ૧૫૦૧ | ૪૭૮ |
| ૫૦૦. | ક્ષીરમધુસર્પિરાશ્રવ અને કોષ્ઠક બુદ્ધિલબ્ધિની વ્યાખ્યા. | ૧૫૦૨ | ૪૭૮ |
| ૫૦૧. | પદાનુસારી અને બીજ બુદ્ધિ લબ્ધિની વ્યાખ્યા. | ૧૫૦૩ | ૪૭૯ |
| ૫૦૨. | અક્ષીણ મહાનસીલબ્ધિની વ્યાખ્યા. | ૧૫૦૪ | ૪૮૦ |
| ૫૦૩. | ભવસિદ્ધિક પુરૂષો વિષયક લબ્ધિઓ | ૧૫૦૫ | ૪૮૦ |
| ૫૦૪. | તેજોલેશ્યા–શીતલેશ્યા લબ્ધિનું વર્ણન. | | ૪૮૦ |
| ૫૦૫. | અણુત્વાદિ લબ્ધિઓનું સામાન્ય વર્ણન. | | ૪૮૧ |
| ૫૦૬. | ભવ્ય સ્ત્રીઓ તથા અભવ્ય પુરુષ–સ્ત્રીઓને કઈ–કેટલી લબ્ધિઓનો અભાવ. | ૧૫૦૬ | ૪૮૨ |
| ૫૦૭. | ઈન્દ્રિયજય તપ. | ૧૫૦૯ | ૪૮૨ |
| ૫૦૮. | યોગશુદ્ધિ તપ. | ૧૫૧૦ | ૪૮૨ |
| ૫૦૯. | જ્ઞાન–દર્શન–ચારિત્રનો તપ. | ૧૫૧૧ | ૪૮૩ |
| ૫૧૦. | કષાયવિજય તપ. | ૧૫૧૨ | ૪૮૩ |

| નં. | વિષય | શ્લોક નં. | પેજ નં. |
|---|---|---|---|
| ૫૧૧. | કર્મસૂદન તપ. | ૧૫૧૩ | ૪૮૩ |
| ૫૧૨. | લઘુસિંહ નિષ્ક્રીડિત તપ. | ૧૫૧૫ | ૪૮૪ |
| ૫૧૩. | મહાસિંહ નિષ્ક્રીડિત તપ. | ૧૫૧૯ | ૪૮૬ |
| ૫૧૪. | મુક્તાવલીતપ. | ૧૫૨૩ | ૪૮૭ |
| ૫૧૫. | રત્નાવલી તપ. | ૧૫૨૫ | ૪૮૮ |
| ૫૧૬. | કનકાવલી તપ. | ૧૫૨૮ | ૪૯૦ |
| ૫૧૭. | ભદ્રતપ | ૧૫૩૦ | ૪૯૧ |
| ૫૧૮. | મહાભદ્રતપ | ૧૫૩૨ | ૪૯૨ |
| ૫૧૯. | ભદ્રોતર તપ. | ૧૫૩૫ | ૪૯૩ |
| ૫૨૦. | સર્વતોભદ્ર તપ. | ૧૫૩૭ | ૪૯૪ |
| ૫૨૧. | સર્વ સૌખ્ય સંપત્તિ તપ | ૧૫૪૧ | ૪૯૫ |
| ૫૨૨. | રોહિણી તપ. | ૧૫૪૨ | ૪૯૫ |
| ૫૨૩. | શ્રુતદેવતા તપ. | ૧૫૪૩ | ૪૯૬ |
| ૫૨૪. | સર્વાંગ સુંદર તપ. | ૧૫૪૪ | ૪૯૬ |
| ૫૨૫. | નિરુજશિખ તપ | ૧૫૪૫ | ૪૯૬ |
| ૫૨૬. | પરમભૂષણ તપ. | ૧૫૪૬ | ૪૯૭ |
| ૫૨૭. | આયતિજનક તપ. | ૧૫૪૭ | ૪૯૭ |
| ૫૨૮. | સૌભાગ્ય કલ્પવૃક્ષ તપ. | ૧૫૪૮ | ૪૯૭ |
| ૫૨૯. | તીર્થંકરમાતા તપ. | ૧૫૫૦ | ૪૯૭ |
| ૫૩૦. | સમવસરણ તપ. | ૧૫૫૧ | ૪૯૮ |
| ૫૩૧. | અમાવસ્યા તપ. | ૧૫૫૨ | ૪૯૮ |
| ૫૩૨. | પુંડરીક તપ. | ૧૫૫૩ | ૪૯૮ |
| ૫૩૩. | અક્ષયનિધિ તપ. | ૧૫૫૪ | ૪૯૯ |
| ૫૩૪. | યવમધ્યા ચંદ્રપ્રતિમા. | ૧૫૫૫ | ૪૯૯ |
| ૫૩૫. | વજ્રમધ્યા ચંદ્રપ્રતિમા. | ૧૫૫૯ | ૫૦૦ |
| ૫૩૬. | સપ્ત સપ્તમિકાની પહેલી ચાર પ્રતિમાઓ. | ૧૫૬૧ | ૫૦૧ |
| ૫૩૭. | આયંબિલ વર્ધમાન તપ. | ૧૫૬૪ | ૫૦૩ |
| ૫૩૮. | ગુણરત્ન સંવત્સર તપ. | ૧૫૬૬ | ૫૦૪ |
| ૫૩૯. | પાતાળ કળશનું સ્થાન. | ૧૫૭૧ | ૫૦૬ |
| ૫૪૦. | પાતાળકળશના નામ વગેરેનું વર્ણન. | ૧૫૭૨ | ૫૦૬ |
| ૫૪૧. | પાતાળકળશના અધિષ્ઠાયક દેવોના નામો. | ૧૫૭૪ | ૫૦૬ |
| ૫૪૨. | લઘુપાતાળ કળશોની હકીકત. | ૧૫૭૫ | ૫૦૭ |
| ૫૪૩. | લઘુપાતાળ કળશોનું પ્રમાણ. | ૧૫૭૬ | ૫૦૭ |
| ૫૪૪. | નાના તેમજ મોટા પાતાળ કળશોનો વાયુ વગેરેનો વિભાગ. | ૧૫૭૭ | ૫૦૭ |
| ૫૪૫. | આહારકનું સ્વરૂપ. | ૧૫૮૦ | ૫૧૦ |
| ૫૪૬. | ચૌદપૂર્વીઓ શા માટે આહારક શરીર બનાવે ? | ૧૫૮૨ | ૫૧૧ |
| ૫૪૭. | અનાર્યદેશોના નામ | ૧૫૮૩ | ૫૧૧ |
| ૫૪૮. | સામાન્યથી અનાર્યદેશનું સ્વરૂપ. | ૧૫૮૬ | ૫૧૨ |
| ૫૪૯. | આર્યદેશોના નામ. | ૧૫૮૭ | ૫૧૨ |
| ૫૫૦. | સિદ્ધના એકત્રીસ ગુણ. | ૧૫૯૩ | ૫૧૪ |
| ૫૫૧. | બીજી રીતે એકત્રીસ સિદ્ધોના ગુણો. | ૧૫૯૪ | ૫૧૫ |
| ૫૫૨. | પ્રશસ્તિ. | ૧૫૯૫ | ૫૧૬ |

# * ચિત્ર–યંત્રની અનુક્રમણિકા *


| નં. | વિષય | પેજ નં. |
|---|---|---|
| ૧. | અઢાર હજાર શીલાંગરથ. | ૫૫ |
| ૨. | ઉર્ધ્વલોક ચિત્ર, | ૧૦૮ |
| ૩. | સાત નરક. | ૧૧૦ |
| ૪. | ચૌદરાજ લોકનો યથાર્થ દેખાવ. | ૧૧૧ |
| ૫. | લોકસ્વરૂપ ( ખંડુક ચિત્ર ). | ૧૧૭ |
| ૬. | ચતુર્દશ રજ્વાત્મક લોકની સ્થાપના. | ૧૨૦ |
| ૭. | છ લેશ્યાનું સ્વરૂપ. | ૧૬૭ |
| ૮. | પલ્યોપમના માપ માટેનો ઘનવૃત્ત પ્યાલો. | ૧૯૨ |
| ૯. | બાર આરાનું કાળચક્ર. | ૨૦૩ |
| ૧૦. | ક્રિયાવાદી ૧૮૦ ભેદોની સ્થાપના. | ૨૮૩ |
| ૧૧. | અક્રિયાવાદીના ૮૪ ભેદો. | ૨૮૮ |
| ૧૨. | અજ્ઞાનવાદીઓના ૬૭ ભેદો. | ૨૯૩ |
| ૧૩. | ચૌદ ગુણસ્થાન ( સંક્ષિપ્ત ) | ૩૫૬ |
| ૧૪. | ચૌદ ગુણસ્થાન ( વિસ્તાર ) | ૩૬૭ |
| ૧૫. | કેવળી સમુદ્ઘાત | ૩૮૦ |
| ૧૬. | યોગો અને કરણોના ૨૧ ભાંગાનો કોઠો. | ૩૮૯ |
| ૧૭. | યોગો અને કરણોના ૪૯ ભાંગાનો કોઠો. | ૩૯૨ |
| ૧૮. | પ્રતયંત્રની સ્થાપના | ૪૦૫ |
| ૧૯. | ઘન–સૂચિ–પ્રતર | ૪૨૭ |
| ૨૦. | અરુણવર સમુદ્રમાંથી ઉછળતી તમસ્કાયનો દેખાવ. | ૪૩૧ |
| ૨૧. | લવણસમુદ્રમાં ૫૬ અન્તર્દ્વિપનો દેખાવ. | ૪૪૬ |
| ૨૨. | અષ્ટકૃષ્ણરાજી ચિત્ર | ૪૫૫ |
| ૨૩. | લઘુસિંહનિષ્ક્રિડિત તપની સ્થાપનાનો કોઠો. | ૪૮૫ |
| ૨૪. | મહાસિંહ નિષ્ક્રિડિત તપની સ્થાપનાનો કોઠો. | ૪૮૬ |
| ૨૫. | મુક્તાવલી તપની સ્થાપના. | ૪૮૭ |
| ૨૬. | રત્નાવલી તપની સ્થાપના. | ૪૮૯ |
| ૨૭. | ભદ્રતપની સ્થાપના. | ૪૯૨ |
| ૨૮. | મહાભદ્ર તપની સ્થાપના. | ૪૯૩ |
| ૨૯. | ભદ્રોત્તર તપની સ્થાપના. | ૪૯૩ |
| ૩૦. | સર્વતોભદ્ર તપની સ્થાપના. | ૪૯૪ |
| ૩૧. | પાતાલ કલશ. | ૫૦૮ |

હાલાર તીર્થાધિપતિ શ્રી મહાવીરસ્વામિને નમઃ
ऐं नमः

# પ્રવચન-સારોદ્ધાર
## (ભાવાનુવાદ સહિત)

## ભાગ-૨

## ૯૮. દશ પ્રાયશ્ચિત્ત

**आलोयण १ पडिकमणे २ मीस ३ विवेगे ४ तहा विउस्सग्गे ५ ।**
**तव ६ छेय ७ मूल ८ अणवट्ठिया य ९ पारंचिए चेव १० ॥७५०॥**

**૧. આલોચના, ૨. પ્રતિક્રમણ, ૩. મિશ્ર, ૪. વિવેક, ૫. કાયોત્સર્ગ, ૬. તપ, ૭. છેદ, ૮. મૂલ, ૯. અનવસ્થાપ્ય અને ૧૦. પારાંચિત-એ દસ પ્રાયશ્ચિત્ત છે.**

**૧. આલોચના :–** જેમ બાળક સરળતાથી કરણીય અને અકરણીય વાતને પ્રગટ કરે છે, તેમ આલોચક માયા અને મદરહિતપણે આલોચના કરે.

" આ " એટલે ( ઉપર જણાવેલ ) મર્યાદાથી, લોચના એટલે પ્રગટ કરવું, તે આલોચના ભાવાર્થ એ છે કે,

ગુરુની સમક્ષ વચન દ્વારા જે અપરાધ સ્થાન પ્રગટ કરવા તે આલોચના. જે અપરાધોનું પ્રાયશ્ચિત્ત ( શુદ્ધિકરણ ) આલોચના માત્રથી એટલે ગુરુને કહેવા માત્રથી થાય છે, તે આલોચનાપ્રાયશ્ચિત્ત કહેવાય છે.

**૨. પ્રતિક્રમણ :–** દોષોથી પાછા ફરવું એટલે તે દોષ ફરી ન સેવવાના ભાવપૂર્વક મિચ્છામિદુક્કડં આપવું તે. પ્રતિક્રમણને યોગ્ય જે પ્રાયશ્ચિત્ત તે પણ પ્રતિક્રમણ પ્રાયાશ્ચિત્ત. આનો ભાવાર્થ એ છે કે,

ગુરુ સમક્ષ પ્રગટ કર્યા વગર ફક્ત ' મિચ્છામિદુક્કડં ' આપવાથી જ જે પ્રાયશ્ચિત્તની શુદ્ધિ થતી હોય, તે પ્રતિક્રમણપ્રાયશ્ચિત્ત. તે આ પ્રમાણે, એકદમ ઉપયોગ વિના જો શ્લેષમાદિ નાંખવાનું થાય, ત્યારે કોઈ જીવની હિંસા વગેરે થઈ ન હોય તો ગુરુ સમક્ષ આલોચના કર્યા વગર માત્ર મિચ્છામિદુક્કડં આપવાથી શુદ્ધિ થાય, તે પ્રતિક્રમણપ્રાયશ્ચિત્ત છે.

**૩. મિશ્ર :-** જે અપરાધ સેવ્યા પછી પ્રાયશ્ચિત્તમાં ગુરુ સમક્ષ આલોચના કરે અને ગુરુ કહે કે, 'પ્રતિક્રમણ કર' પછી મિચ્છામિદુક્કડં આપે ત્યારે જે શુદ્ધિ થાય, તે આલોચના અને પ્રતિક્રમણ-એમ ઉભયરૂપ હોવાથી, મિશ્રપ્રાયશ્ચિત્ત કહેવાય.

**૪. વિવેક :-** વિવેક એટલે ત્યાગ. જે અપરાધમાં વિવેક કરવાથી જ શુદ્ધિ થાય, બીજી રીતે નહીં, તે વિવેકપ્રાયશ્ચિત્ત. જેમકે આધાકર્મ આહાર લીધો હોય તો તેનો ત્યાગ કર્યા વગર તે અપરાધની શુદ્ધિ થતી નથી.

**૫. વ્યુત્સર્ગ :-** વ્યુત્સર્ગ એટલે કાયાની ક્રિયાનો નિરોધ, કાયિક ક્રિયાના નિરોધની જે ક્રિયા તે. જે અપરાધ સ્થાનની કાયચેષ્ટા નિરોધરૂપ ઉપયોગ માત્રથી જ એટલે કાઉસ્સગ્ગ દ્વારા શુદ્ધિ થાય તે વ્યુત્સર્ગપ્રાયશ્ચિત્ત જેમકે દુઃસ્વપ્નજનિત અપરાધસ્થાન.

**૬. તપ :-** જે અપરાધ સેવવાથી નિવિ વગેરે છ મહિના સુધીના તપ, પ્રાયશ્ચિત્ત રૂપે અપાય, તે તપપ્રાયશ્ચિત્ત છે.

**૭. છેદપ્રાયશ્ચિત્ત :-** જે અપરાધસ્થાન સેવવાથી, જે પૂર્વ પર્યાય દુષિત થાય, તે પર્યાયનો ભાગ કાપી, બાકીના પર્યાયની રક્ષા માટે જે પ્રાયશ્ચિત્ત અપાય, તે છેદપ્રાયશ્ચિત્ત. જેમ દુષ્ટ વ્યાધિથી ઘેરાયેલ શરીરના કોઈ ભાગને બાકીના શરીરના અવયવની રક્ષા માટે કાપી નંખાય છે, તેમ દોષિત પર્યાયને બાકીના પર્યાયની રક્ષા માટે કાપવામાં આવે છે, તે છેદપ્રાયશ્ચિત્ત.

**૮. મૂલપ્રાયશ્ચિત્ત :-** જે અપરાધ સેવવાથી સમસ્ત પર્યાયનો છેદ કરી, ફરી મહાવ્રતરોપણ થાય, તે મૂલપ્રાયશ્ચિત્ત.

**૯. અનવસ્થાપ્ય :-** જે અપરાધ સેવવાથી છેદોપસ્થાપના ન થાય પણ કેટલાક વખત સુધી, પ્રતિ વિશિષ્ટ તપની આચરણા ન કરે ત્યાં સુધી એને વ્રત અને વેષમાં રોકી રાખવામાં આવે, પછી જ્યારે તેનો તપ પૂર્ણ થતાં દોષનો નાશ થયા પછી વ્રતોની ઉપસ્થાપના કરવામાં આવે, તે અનવસ્થા યોગ્ય હોવાથી અનવસ્થિતપ્રાયશ્ચિત્ત કહેવાય. અથવા યથોક્ત તપ જ્યાં સુધી પૂર્ણ ન થાય, ત્યાં સુધી વ્રતોમાં કે લિંગમાં સ્થાપન ન કરાય તે અનવસ્થાપ્ય.

**૧૦. પારાંચિત્ત :-** જે અપરાધ સેવનથી લિંગ, ક્ષેત્ર, કાળ અને તપનો અંત આવી જાય છે તે પારાંચિત. અથવા પાર એટલે પ્રાયશ્ચિત્તનો અંત. જેના પછી ઉત્કૃષ્ટ-તર પ્રાયશ્ચિત્ત નથી એટલે છેલ્લુ પ્રાયશ્ચિત્ત અથવા અપરાધોના પારને પામે એવા સ્વભાવવાળુ પારાંચિત્ત કે પારાંચિક પ્રાયશ્ચિત્ત છે. (૭૫૦)

હવે આ પ્રાયશ્ચિત્તોની વ્યાખ્યા ગ્રંથકાર કરે છે.

**आलोइज्जइ गुरुणो पुरओ कज्जेण हत्थसयगमणं १ ।**
**समिइपमुहाण मिच्छाकरणे कीरइ पडिकमणं २ ॥७५१॥**

**૧. સો હાથથી ઉપર કાર્ય માટે ગમન વગેરેની ગુરુની સમક્ષ આલોચના કરાય. ૨. સમિતિ વગેરેમાં મિથ્યાકરણ એટલે અન્યથા કરવામાં પ્રતિક્રમણપ્રાયશ્ચિત્ત કરાય.**

**૧ આલોચના :–** ભિક્ષા ગ્રહણ વગેરે આવશ્યક કાર્યો માટે સો હાથ ઉપર આવ્યા ગયા હોય, તો તે આલોચના યોગ્ય છે માટે ગુરુ સમક્ષ તેની વચન દ્વારા આલોચના કરે એટલે પ્રગટ કરે. આનો ભાવાર્થ એ છે કે,

ગુરુને પૂછી ગુરુએ રજા આપેલ પોતે પોતાને લાયક ભિક્ષા, વસ્ત્ર, પાત્ર, શય્યા, સંથારો પાદપ્રોંછન (દંડાસણુ) વગેરે અથવા આચાર્ય, ઉપાધ્યાય સ્થવિર, બાલ, ગ્લાન, શૈક્ષક, તપસ્વી તથા અસમર્થને યોગ્ય વસ્ત્ર, પાત્ર ભોજન, પાણી, ઔષધિ લઇને આવ્યો હોય અથવા સ્થંડિલભૂમિથી કે વિહાર કરી આવ્યો હોય અથવા ચૈત્યવંદન નિમિત્તે કે આગળ લીધેલ પીઠનું પાટીયું, પાટ વગેરે પાછા આપવા માટે કે અપૂર્વ સંવિગ્ન બહુશ્રુત મહામુનિને વંદન માટે કે શાસ્ત્રની શંકા નિવારણ માટે, કે શ્રાવક, સ્વજ્ઞાતિજનો કે શિથિલ વિહારીઓની શ્રદ્ધાની વૃદ્ધિ માટે કે સાધર્મિક સાધુઓને સંયમમાં ઉત્સાહ માટે સો હાથ ઉપર દૂર કે નજીક જઇને આવેલો શિષ્ય, ગુરુ સમક્ષ વિધિપૂર્વક આલોચના કરે.

આ આલોચનાપ્રાયશ્ચિત્ત અવશ્ય કરવા લાયક ગમનાગમનાદિ કાર્યોમાં સમ્યગ્ ઉપયોગવાળા નિર્દોષભાવયુક્ત, નિરતિચારી છદ્મસ્થ અપ્રમત્ત સાધુને જાણવું. જ્યારે સાતિચારી સાધુને તો આગળ કહેલા પ્રાયશ્ચિત્તનો સંભવ છે. કેવળજ્ઞાનીઓ તો કૃતકૃત્ય હોવાથી તેમને આલોચના હોતી નથી.

**પ્રશ્ન :–** ગમનાદિ કાર્યો આવશ્યક કર્તવ્યરૂપ છે, તેમાં સમ્યગ્ ઉપયોગ યુક્ત નિર્દોષભાવવાળા નિરતિચારી છદ્મસ્થ અપ્રમત્ત સાધુને આલોચનાપ્રાયશ્ચિત્ત કેમ હોઈ શકે? કારણ કે સૂત્રાનુસારી પ્રવૃત્તિ હોવાથી આલોચના વગર પણ તેઓ શુદ્ધ છે.

**ઉત્તર :–** સાચી વાત છે. ફક્ત જે પ્રવૃત્તિનિમિત્તક કે સૂક્ષ્મપ્રમાદનિમિત્તક સૂક્ષ્મઆશ્રવ ક્રિયાઓ છે, તે આલોચનામાત્રથી શુદ્ધ થાય છે, તેથી તેની શુદ્ધિ નિમિત્તે આલોચનાપ્રાયશ્ચિત્ત છે.

**૨ પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત :–** સમિતિ વગેરેને સહસાત્કારથી કે અનુપયોગથી કોઇપણ રીતે પ્રમાદના કારણે વિપરીત કે ખોટી રીતે આચરી હોય તો 'મિચ્છામિદુક્કડ' આપવારૂપ પ્રતિક્રમણપ્રાયશ્ચિત્ત કરાય છે.

પાંચ સમિતિઓ આ પ્રમાણે છે. (૧) ઇર્યાસમિતિ, (૨) ભાષાસમિતિ, (૩) એષણાસમિતિ, (૪) આદાનભંડમત્તનિક્ષેપણાસમિતિ, (૫) ઉચ્ચારપ્રશ્રવણ, ખેલ્લ, જલ્લ, સિંઘાણ પારિષ્ઠાપનિકા સમિતિ. વગેરે પદથી ગુપ્તિ વગેરેનું ગ્રહણ કરવું.

(૧) મનગુપ્તિ, (૨) વચનગુપ્તિ, (૩) કાયગુપ્તિ એમ ત્રણ ગુપ્તિ અને પાંચ સમિતિ આ અષ્ટપ્રવચન માતા છે. અહીં ભાવના આ પ્રમાણે છે.

(૧) ઇર્યાસમિતિમાં અનુપયોગથી કે સહસાત્કારથી ચાલતા ચાલતા જો વાત કરે.

(૨) ભાષાસમિતિમાં ગૃહસ્થની ભાષામાં કે મોટી રાડો પાડવાપૂર્વક બોલે.

(૩) એષણાસમિતિમાં આહારપાણીની ગવેષણામાં ઉપયોગ વગરનો રહે.

(૪) આદાનભંડમત્તનિક્ષેપણાસમિતિમાં પ્રમાર્જના પૂંજ્યા વગર ઉપકરણ વગેરે લે-મૂક કરે.

(૫) પારિષ્ઠાપનિકાસમિતિ :- પડિલેહણ કર્યા વગરની સ્થંડિલભૂમિમાં ઠલ્લા વગેરેને પરઠવે અને હિંસા દોષ ન લાગ્યો હોય.

૬-૭-૮ મનથી ખરાબ વિચાર્યું હોય, વચનથી ખરાબ બોલ્યા હોય અને કાયાથી કુચેષ્ટા કરી હોય. તેમજ કામચેષ્ટા, હાસ્ય (મશ્કરી) કરી હોય. સ્ત્રીકથા, ભક્તકથા, ચોરકથા, જનપદકથા કરી હોય, તથા ક્રોધ, માન, માયા, લોભનું સેવન કર્યું હોય. શબ્દ-રસ-રૂપ-ગંધ સ્પર્શરૂપ વિષયોમાં સહસાત્કારથી કે અનુપયોગથી આસક્તિ કરી હોય—આ સર્વે સ્થાનોમાં તેમજ આચાર્ય વગેરેના વિષે મનથી દ્વેષભાવ રાખ્યો હોય, વાણીથી વાતોમાં વચ્ચે બોલવું વગેરે અશાતના કરી હોય, કાયાથી તેમની આગળ ચાલવું વગેરે આશાતના કરી હોય, તથા ઇચ્છા, મિચ્છા, તથાકાર વગેરે સામાચારીરૂપ પ્રશસ્તયોગ ન સેવ્યા હોય તો "મિચ્છામિદુક્કડં" રૂપ પ્રાયશ્ચિત્ત હોય. (૭૫૧)

**सद्दाइएसु रागाइविरयणं साहिउं गुरूण पुरो ।**

**दिज्जइ मिच्छादुक्कडमेयं मीसं तु पच्छित्तं ३ ॥७५२॥**

**શબ્દ વગેરે પાંચ વિષયોમાં રાગાદિ કર્યા હોય તેને ગુરુ સમક્ષ કહી મિચ્છામિદુક્કડં આપે, તે મિશ્રપ્રાયશ્ચિત્ત છે.**

**૩ મિશ્રપ્રાયશ્ચિત્ત** :- શબ્દ-રૂપ વગેરે ઇષ્ટ અનિષ્ટવિષયોમાં આસક્તિરૂપ રાગ અને અપ્રીતિરૂપ દ્વેષ વગેરે ફક્ત મન વડે કર્યા હોય, તો તે ગુરુ સમક્ષ કહીને જે મિચ્છામિદુક્કડં અપાય, તે મિશ્રપ્રાયશ્ચિત્ત કહ્યું છે. આનો ભાવાર્થ આ પ્રમાણે છે.

જુદા જુદા પ્રકારના ઇન્દ્રિયોનાં વિષયભૂત શબ્દાદિ વિષયોને અનુભવી કોઇને એવી શંકા પડે કે જીવ શબ્દાદિ વિષયોમાં રાગ દ્વેષ ભાવને પામ્યો છે ત્યારે તે શંકાના કારણે પહેલા ગુરુ આગળ આલોચી પછી ગુર્વાદેશથી મિચ્છામિદુક્કડં આપવારૂપ મિશ્ર-પ્રાયશ્ચિત્તને ભાવથી સ્વીકારે છે.

જો અમુક શબ્દાદિ વિષયોમાં જીવ રાગ દ્વેષ પામ્યો છે—એમ નિશ્ચિત હોય, તો તેમાં તપ યોગ્ય પ્રાયશ્ચિત્તને પામે છે અને જેને નિશ્ચય છે કે પોતે રાગ દ્વેષ-ભાવને પામ્યો નથી, તો શુદ્ધ હોવાથી તેને પ્રાયશ્ચિત્ત આવતું નથી. (૭૫૨)

**कज्जो अणेसणिज्जे गहिए असणाइए परिचाओ ४ ।**
**कीरइ काउस्सग्गो दिट्ठे दुस्सिविणपमुहंमि ५ ॥७५३॥**

**ગ્રહણ કરેલ અનેષણીય આહાર વગેરેનો જે ત્યાગ કરવો, તે વિવેક પ્રાયશ્ચિત્ત છે. (૫) દુઃસ્વપ્ન વગેરે જોયા હોય, તો કાઉસ્સગ્ગ પ્રાયશ્ચિત્ત લાગે છે.**

**૪ વિવેકપ્રાયશ્ચિત્ત :**–અનેષણીય, અશુદ્ધ એવા અશન, પાન, ખાદિમ, સ્વાદિમરૂપ સર્વ આહાર કે ઔધિક ઉપધિ કે ઔપગ્રહિક ઉપધિરૂપ વસ્તુઓ લીધી હોય તો તેનો ત્યાગ કરવો જોઈએ. સમ્યગ્ ઉપયોગવાળા કોઈ સાધુએ ભાત–પાણી વહોર્યા હોય અને પાછળથી કોઇપણરીતે ખબર પડી કે લીધેલ ભાતપાણી અપ્રાસુક છે કે અનેષણીય છે, તો તેમાં લીધેલ ભાત–પાણીનો ત્યાગ કરવો તે વિવેકપ્રાયશ્ચિત્ત છે. ઉપલક્ષણથી એ પણ સમજવું કે કોઈક વખત સરળતાથી પર્વત, રાહુ, વાદળા, ધૂમ્મસ તથા ધૂળ વગેરેના કારણે સૂર્ય ઢંકાઈ ગયો હોય ત્યારે સૂર્ય ઉદયની બુદ્ધિથી અથવા સૂર્ય આથમ્યો નથી–એ બુદ્ધિથી અશનાદિ લીધા હોય પાછળથી ખબર પડે સૂર્ય આથમી ગયો છે કે ઉગ્યો નથી, તો જે લીધું છે તેનું વિવેકપ્રાયશ્ચિત્ત કરે

પહેલી પોરિસિમાં લીધેલ આહાર ચોથી પોરિસી સુધી શઠ–અશઠ ભાવે રાખ્યો હોય અથવા અડધા યોજન (બે ગાઉ) ઉપરથી લાવેલ કે લઈ ગયેલ અશન વગેરે આહારના વિષયમાં વિવેકરૂપ જ પ્રાયશ્ચિત્ત છે.

શઠ–અશઠનું લક્ષણ આ પ્રમાણે છે. ઈન્દ્રિય, વિકથા, માયા, ક્રીડા વગેરે કરવાપૂર્વક જે આચર્યું હોય તે શઠ અને ગ્લાન, સાગારિક, અસ્થંડિલ, ભય વગેરે કારણથી જે આચર્યું હોય તે અશઠ.

**૫. વ્યુત્સર્ગ પ્રાયશ્ચિત્ત :**– દુઃસ્વપ્ન વગેરે જોયા હોય તો તેની વિશુદ્ધિ માટે કાયોત્સર્ગ કરવામાં આવે છે. દુઃસ્વપ્ન એટલે જેમાં પ્રાણાતિપાત વગેરે સાવદ્ય (પાપ) બહુલ ક્રિયા દેખાય તે દુઃસ્વપ્ન તથા પ્રમુખ શબ્દથી ગમનાગમન નાવ વડે નદી તરવી વગેરે લઈ લેવું. આ બધા કારણોમાં કાયોત્સર્ગરૂપ પ્રાયશ્ચિત્ત થાય છે. કહ્યું છે કે–

જવા આવવામાં, સૂત્રમાં, રાત્રે સ્વપ્ન દર્શનમાં નાવ વડે નદી ઉતરતા કાયોત્સર્ગ પ્રાયશ્ચિત્ત હોય છે.

અહીં સૂત્રમાં કહ્યું તે સૂત્રવિષયક કાયોત્સર્ગ ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞા, પ્રસ્થાપન, પ્રતિક્રમણ, શ્રુતસ્કંધ, અંગ–પરિવર્તન વગેરેમાં જે અવિધિ થઈ હોય તેના ત્યાગ માટે [1]કાયોત્સર્ગપ્રાયશ્ચિત્ત છે. (૭૫૩)

---

૧. કુસ્વપ્ન એટલે રાગાત્મક સ્વપ્ન તેની શુદ્ધિ માટે કાયોત્સર્ગપ્રાયશ્ચિત આવે છે.

**निव्विगयाई दिज्जइ पुढवाइविघट्टणे तवविसेसो ६ ।**
**तवदुद्दमस्स मुणिणो किज्जइ पज्जायवुच्छेओ ७ ॥७५४॥**

**પૃથ્વીકાય વગેરેના સંઘટ્ટામાં નિવિ વગેરે તપ વિશેષ અપાય તે તપપ્રાયશ્ચિત્ત (૭) તપથી વિશુદ્ધિ કરવા અશક્ય મુનિના પર્યાયનો છેદ કરાય તે છેદપ્રાયશ્ચિત્ત**

**૬ તપપ્રાયશ્ચિત્ત :–** સચિત્ત પૃથ્વીકાય વગેરેના સંઘટ્ટામાં નિવિ વગેરેથી લઇ છ મહિના સુધીનો જે તપવિશેષ છેદગ્રંથો કે જિતકલ્પાનુસારે અપાય, તે તપ પ્રાયશ્ચિત્ત.

**૭ છેદપ્રાયશ્ચિત્ત :–** તેમજ તપ વડે દુર્દમ એટલે વિશુદ્ધિ કરવા અશક્ય સાધુનો પર્યાય વિચ્છેદ કરાય છે. એટલે મહાવ્રતારોપણ કાળથી અહોરાત્રી પંચક વગેરેના ક્રમપૂર્વક શ્રમણ પર્યાયનો છેદ કરાય તે.

જે છ માસનો ઉપવાસ કે બીજો કઠોર તપ કરવા સમર્થ હોવાથી તપથી અભિમાની થાય તે તપદુર્દમ કહેવાય. તે એમ વિચારે કે 'આવા ઘણા તપોથી મને શું થવાનું હતું? અથવા તપ કરવા અસમર્થ એવા ગ્લાન, બાળ, વૃદ્ધ, અસહુ વગેરે, અથવા તેવા પ્રકારની તપની શ્રદ્ધા વગરનો હોય અથવા નિષ્કારણ અપવાદ રૂચિ હોય તે પણ તપ દુર્દમ કહેવાય. (૭૫૪)

**पाणाइवायपमुहे पुणतयारोवणं विहेयव्वं ८ ।**
**ठाविज्जइ न वएसु कराइघायप्पदुट्ठमणो ९ ॥७५५॥**

**(૮) પ્રાણાતિપાત વગેરે અપરાધોમાં ફરી વ્રતોનું આરોપણ કરવું તે મૂળ પ્રાયશ્ચિત્ત, (૯) હાથ વગેરેના ઘા કરવાપૂર્વક દ્વેષિત મનવાળાને મહાવ્રતોમાં ફરી સ્થાપી ન શકાય તે અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત.**

**૮ મૂળપ્રાયશ્ચિત્ત :–** પ્રાણાતિપાત, મૃષાવાદ વગેરેના અપરાધ સંકલ્પપૂર્વક કર્યા હોય તો ફરીવાર વ્રતારોપણ કરવું, તે મૂલ પ્રાયશ્ચિત્ત.

આકુટ્ટીથી પંચેન્દ્રિય જીવની હિંસા કરી હોય, દર્પથી મૈથુન સેવન કર્યું હોય તથા મૃષાવાદ, અદત્તાદાન અને પરિગ્રહ પણ ઉત્કૃષ્ટભાવે સેવ્યા હોય અથવા આકુટ્ટીપૂર્વક વારંવાર સેવ્યા હોય, તો મૂલ નામનું પ્રાયશ્ચિત્ત આવે છે.

**(૯) અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત :–** હાથ, મુઠ્ઠી, લાકડી વગેરે વડે મરણ નિરપેક્ષપણે (મરણના વિચાર વગર) પોતાને કે બીજાને, પોતાના પક્ષવાળાને (સાધુને) કે પરપક્ષવાળા (ગૃહસ્થ)ને અતિ સંકલિષ્ટ પરિણામપૂર્વક જે ઘા કરે છે, તેને અતિ સંકલિષ્ટ અધ્યવસાય હોવાથી જ્યાં સુધી અમુક ઉચિત તપ ન કરે ત્યાં સુધી મહાવ્રતોનું આરોપણ ન થાય, તે અનવસ્થાપ્યપ્રાયશ્ચિત્ત કહેવાય.

ઉચિત તપ એટલે કે ત્યાં સુધીનો તપ કરવો કે જે તપ કરતા શરીરમાં ઊઠવા બેસવાની પણ શક્તિ ન રહે. જ્યારે ઊઠી બેસી ન શકે ત્યારે બીજાને વિનંતિ કરે કે 'હે આર્ય'! મારે ઉભા થવું છે, ત્યારે તે સાધુઓ તેની સાથે બોલ્યા વગર તેને ઉઠાડવું આદિ કામ કરી આપે. આવા પ્રકારનો ઉચિત તપ કર્યા પછી તેની ઉપસ્થાપના કરાય. (૭૫૫)

**पारंचियमावज्जइ सलिंगनिवभारियाइसेवाहिं ।**
**अव्वत्तलिंगधरणे बारसवरिसाइं सूरीणं १० ॥७५६॥**

**સ્વલિંગવાળી સાધ્વીને કે રાજાની રાણીને સેવનારા આચાર્યોને બાર વર્ષ સુધી અવ્યક્ત લિંગ ધારણ કરવાપૂર્વક અપરાધનું પ્રાયશ્ચિત્ત અપાય, તે પારાંચિતપ્રાયશ્ચિત્ત છે.**

**૧૦. પારાંચિત પ્રાયશ્ચિત્ત :–** સ્વલિંગી સાધ્વીને કે રાજરાણીને સેવનારા, સાધુ વધ કરનાર કે રાજવધ કરનારા, મહાસત્ત્વશાળી આચાર્યોને જઘન્યથી છ મહિનાથી લઈ ઉત્કૃષ્ટ બાર વર્ષ સુધી અવ્યક્ત (અપ્રગટ) લિંગ ધારણ કરવાપૂર્વક, જિનકલ્પ સમાન (આચારપૂર્વક) બહાર રહી, વિપુલ તપ કરવાપૂર્વક અપરાધનું જે પ્રાયશ્ચિત્ત કરાય, તે પારાંચિતપ્રાયશ્ચિત્ત કહેવાય.

અતિચાર પાર પામ્યા પછી એટલે વિશુદ્ધ થયા પછી જ ફરી દીક્ષા અપાય. (૭૫૬)

**नवरं दसमावत्तीए नवममज्झावयाण पच्छित्तं ।**
**छम्मासे जाव तयं जहन्नमुक्कोसओ वरिसं ॥७५७॥**

**ઉપાધ્યાયોને દશમા પ્રાયશ્ચિત્ત યોગ્ય અપરાધમાં નવમું જ પ્રાયશ્ચિત્ત અપાય છે. તે અનવસ્થાપ્ય જઘન્ય છ માસથી લઇ ઉત્કૃષ્ટ બાર માસનું હોય છે.**

હવે આ પ્રાયશ્ચિતમાં જે વિશેષતા છે, તે કહે છે, ઉપાધ્યાયોને જે અપરાધમાં દશમું પ્રાયશ્ચિત્ત આવેલું હોય, ત્યાં તેમને નવમું અનવસ્થાપ્યપ્રાયશ્ચિત્ત જ અપાય છે.

જે જે અપરાધોમાં પારાંચિતપ્રાયશ્ચિત્ત આવતું હોય, તે તે અપરાધો ઘણીવાર સેવ્યા હોય છતાં ઉપાધ્યાયોને અનવસ્થાપ્યપ્રાયશ્ચિત્ત જ અપાય છે, પારાંચિત નહીં. કારણ કે ઉપાધ્યાયોને અનવસ્થાપ્ય સુધીના જ પ્રાયશ્ચિત્ત આપવાનું વિધાન છે. એ પ્રમાણે સામાન્ય સાધુઓને અનવસ્થાપ્ય અને પારાંચિતપ્રાયશ્ચિત્ત યોગ્ય અપરાધોમાં મૂળ સુધીનું જ પ્રાયશ્ચિત્ત અપાય છે.

તે અનવસ્થાપ્યપ્રાયશ્ચિત્ત જઘન્યથી છ મહિના અને ઉત્કૃષ્ટથી બાર માસનું છે. આ હકીકત આશાતનાઅનવસ્થાપ્ય આશ્રયિને જાણવી. બાકી પ્રતિસેવનાઅનવસ્થાપ્ય

આશ્રયિને જઘન્યથી એક વર્ષ અને ઉત્કૃષ્ટથી બાર વર્ષ સુધીનું જાણવું. કહ્યું છે કે-

તેમાં આશાતનાઅનવસ્થાપ્ય જઘન્યથી છ માસ અને ઉત્કૃષ્ટથી એક વર્ષ સુધીનું છે. પ્રતિસેવનાઅનવસ્થાપ્ય જઘન્યથી બાર માસ અને ઉત્કૃષ્ટથી બાર વર્ષ હોય છે.

આશાતનાઅનવસ્થાપ્ય તે છે કે જે તીર્થંકર, પ્રવચન, ગણધર વગેરેની આશાતના કરનારો છે. પ્રતિસેવનાઅનવસ્થાપ્ય તે છે કે જે હાથ વગેરેથી મારનારો, સાધર્મિક (સાધુ) અન્ય ધાર્મિકને મારનારો, ચોરી કરનારો હોય છે. (૭૫૭)

**दस ता अणुसज्जंती जा चउदसपुव्वि पढमसंघयणी ।**

**तेण परं मूलंतं दुप्पसहो जाव चारित्ती ॥७५८॥**

ચૌદપૂર્વી અને પ્રથમ સંઘયણી સુધી દશેપ્રાયશ્ચિત્તો હતા. તેમાંથી મૂલ સુધીના આઠ પ્રાયશ્ચિત્ત દુપ્પસહસૂરિ નામના સાધુ સુધી રહેશે.

**પ્રશ્ન** :- આ દશ પ્રાયશ્ચિત્તો શાસનના અંત સુધી રહેશે કે નહીં?

**ઉત્તર** :- જ્યાં સુધી ચૌદપૂર્વીઓ અને પ્રથમ સંઘયણીઓ હતા ત્યાં સુધી દશે પ્રાયશ્ચિત્તો હતા ચૌદપૂર્વધરો અને પ્રથમ સંઘયણી-એ બંને એક સાથે વિચ્છેદ પામ્યા છે. તેમના વિચ્છેદ થવાથી અનવસ્થાપ્ય અને પારાંચિત વિચ્છેદ પામ્યા.

અનવસ્થાપ્ય અને પારાંચિતના વિચ્છેદ પછી આલોચનાથી માંડી મૂળ સુધીના આઠ પ્રાયશ્ચિત્તો દુપ્પસહસૂરિ મ. સા. સુધી રહેશે. તેમના કાળધર્મ પછી તીર્થ અને ચારિત્ર નાશ પામશે. (૭૫૮)

# ૯૯-૧૦૦ ઓઘ-પદવિભાગ સામાચારી

**सामायारी ओहंमि ओहनिज्जुत्तिजंपियं सव्वं ।**

**सा पयविभागसामायारी जा छेयगंथुत्ता ॥७५९॥**

**ઓઘસામાચારી ઓઘનિર્યુક્તિમાં કહેલ જાણવી. અને પદવિભાગ સામાચારી જે છેદગ્રંથમાં કહેલ છે તે જાણવી.**

શિષ્ટપુરુષોએ આચરેલ ક્રિયા સમૂહ, તે સામાચાર કહેવાય. તે સામાચારનો જે ભાવ તે સામાચારી.

તે સામાચારી (૧) ઓઘસામાચારી, (૨) દશવિધસામાચારી, (૩) પદવિભાગ સામાચારી—એમ ત્રણ પ્રકારે છે.

**ઓઘસામાચારી** :-સામાન્યથી સંક્ષેપમાં પડિલેહણ વગેરે આચાર, તે ઓઘનિર્યુક્તિમાં કહેલ સર્વ વિષય ઓઘસામાચારી રૂપે જાણવો કેમકે તેમાં સાધુઓને બધોયે પડિલેહણ વગેરે આચાર સામાન્યથી કહેવામાં આવ્યો છે.

**પદવિભાગ સામાચારી :–** જિતકલ્પ, નિશીથ વગેરે છેદગ્રંથોમાં કહેલ તે પદવિભાગ સામાચારી જાણવી. વર્તમાનકાલીન સાધુઓની તેવા પ્રકારની શ્રુત ભણવાની શક્તિની હાનિ, આયુષ્ય વગેરેની અલ્પતાના કારણે ઓઘસામાચારી નવમા પૂર્વની ત્રીજી આચાર વસ્તુમાંથી વીશમા પ્રાભૃતના ઓઘપ્રાભૃતમાંથી ઓઘપ્રાભૃતસામાચારી રચાઇ છે. અને પદવિભાગસામાચારી નવમા પૂર્વમાંથી જ રચાઈ છે. (૭૫૯)

# ૧૦૧ ચક્રવાલ સામાચારી

**इच्छा १ मिच्छा २ तहक्कारो ३, आवस्सिया य ४ निसीहिया ५ ।**
**आपुच्छणा य ६ पडिपुच्छा ७, छंदणा य ८ निमंतणा ९ ॥७६०॥**
**उवसंपया य १० काले, सामायारी भवे दसविहा उ ।**
**एएसिं तु पयाणं पत्तेय–परूवणं वोच्छं ।।७६१॥**

(૧) ઇચ્છાકાર, (૨) મિચ્છાકાર, (૩) તથાકાર, (૪) આવશ્યકિ, (૫) નૈષેધિકી, (૬) આપૃચ્છા, (૭) પ્રતિપૃચ્છા, (૮) છંદણા, (૯) નિમંત્રણા, (૧૦) ઉપસંપદા–**આ સંયમધર્મની કાળવિષયક દશ સામાચારી છે. આ દશે પદોમાં દરેકનું સ્વરૂપ કહેશે.**

**૧. ઇચ્છાકાર :–** જે ઇચ્છવું તે ઇચ્છા. કરવું તે કાર. ઇચ્છાકાર એટલે બળાત્કાર વગર સ્વેચ્છાપૂર્વક જે કરાવવું તે. મારું આ કામ ઇચ્છાકારપૂર્વક કર એટલે કે બળાત્કાર વગર તારી ઇચ્છા જો હોય તો મારું આ કામ કર.

**૨. મિચ્છાકાર :–** મિથ્યા એટલે ખોટું કે જૂઠું. મિથ્યાકરણ એટલે મિથ્યા કરવું તે મિચ્છાકાર. સંયમયોગમાં ખોટું આચરણ થયું હોય, તો જિનવચનના સારને જાણકાર મુનિઓ તે ક્રિયાને ખોટી જણાવવા માટે મિથ્યાકાર કરે છે. એટલે કે "આ મારી ક્રિયા મિથ્યા થાઓ" 'મિચ્છામિ દુક્કડં' આપે.

**૩. તથાકાર :–** તથાકરણ એટલે તહત્તિ કરીને વડિલના વચનનો સ્વીકાર કરવો. એટલે સૂત્રવિષયક કે બીજા કોઈપણ વિષયક પ્રશ્ન વગેરેના ઉત્તરને 'તમે જે પ્રમાણે કહ્યું તે તે પ્રમાણે જ છે. તે તથાકાર.

**૪. આવશ્યકી :–**અવશ્ય કરવા યોગ્ય ક્રિયા તે આવશ્યકી.

**૫. નૈષેધિકી :–** નિષેધ એટલે અસંયમિત શરીરની ક્રિયાના નિવારણથી થતી જે ક્રિયા તે નૈષેધિકી. જેમકે શય્યા (ઉપાશ્રય) વગેરેમાં પ્રવેશ વખતે તે કરાય છે.

**૬. આપૃચ્છા :** પૂછવું તે પૃચ્છા. વિહારભૂમિ વગેરેમાં જવા વગેરે ક્રિયાઓ ગુરુને પૂછીને કરવી તે આપૃચ્છા.

૭. **પ્રતિપૃચ્છા** : પ્રતિપૃચ્છા એટલે ફરીવાર પૂછવું. આગળ નક્કી થયેલા કાર્યને કરનારે કાર્ય કરતી વખતે ફરીવાર પૂછવું. કેમકે પ્રયોજનભૂત કાર્ય થઈ ગયું હોય, તો તેનો ફરી નિષેધ પણ કરાય માટે પ્રતિપૃચ્છા કરવાની હોય છે.

૮. **છંદણા** :- છંદના એટલે વહોરીને લાવેલ અશન વગેરે વાપરવા માટે આમંત્રણ આપવું તે છંદના.

૯. **નિમંત્રણા** :- ગોચરી વહોરી ન હોય ત્યારે કહે કે હું તમારા માટે અશન વગેરે લઈ આવું ? તે નિમંત્રણા.

૧૦. **ઉપસંપદા** :- ઉપસંપદા તે વિધિપૂર્વક બીજા ગચ્છમાં અધ્યયન આદિ માટે જવું તે.

આ કાલ વિષયક સામાચારી દશ પ્રકારે સંક્ષેપમાં કહી છે. હવે એ દરેકને વિસ્તારથી કહેવાની ઇચ્છાપૂર્વક દરેકની અલગ અલગ પ્રરૂપણા કહેવાશે. (૭૬૦-૭૬૧)

**जइ अब्भत्थिज्ज परं कारणजाए करेज्ज से कोई ।**
**तत्थ य इच्छाकारो न कप्पइ बलाभिओगो उ १ ॥७६२॥**

**કારણ ઉત્પન્ન થાય તો અન્ય સાધુને પ્રાર્થના કરે અથવા બીજો કોઇપણ તેનું કરે ત્યાં ઇચ્છાકારનો પ્રયોગ કરવો, સાધુને બલાત્કાર કલ્પતો નથી.**

૧. **ઇચ્છાકાર** :- સાધુ નિષ્કારણ કોઇને પણ પ્રાર્થના (વિનંતિ) કરે નહીં માટે જો કોઈક સાધુને માંદગી વગેરે કોઇક કારણ ઉત્પન્ન થાય, તો વિનંતિ કરવા ઇચ્છાકારનો પ્રયોગ કરવો.

અથવા કોઈક સાધુ પ્રાર્થના કર્યા વગર પણ કોઇક સાધુનું કારણ વિશેષે કાર્ય કરે, તે વખતે પણ પ્રાર્થના વિના તેનું કાર્ય કરવાની ઈચ્છાવાળા સાધુ પાસે પણ ઇચ્છાકારનો પ્રયોગ કરવો જોઇએ. પ્રાર્થના વગર બીજાનું કાર્ય કરનારા વિરલા પુરુષો હોય છે.

**પ્રશ્ન** :- ઇચ્છાકાર પ્રયોગ શા માટે કરવામાં આવે છે ?

**ઉત્તર** :- બળાત્કારે ન કરાવાય એટલા માટે ઇચ્છાકાર પ્રયોગ છે. કોઈપણ કારણે સાધુઓ પાસેથી ઈચ્છા વિના કામ કરાવાય નહિ માટે ઈચ્છાકાર પ્રયોગ કરવો. ક્યારેક કારણ વિશેષે બલાભિયોગ પણ કરાય છે. (૭૬૨)

**संजमजोए अब्भुट्ठियस्स जं किंपि वितहमायरियं ।**
**मिच्छा एयंति वियाणिऊण मिच्छत्ति कायव्वं २ ॥७६३॥**

**સંયમયોગમાં ઉજમાળ થયેલ સાધુએ જે કંઇ પણ વિપરીત આચર્યું હોય એને મેં આ ખોટું કર્યું છે-એમ જાણી મિચ્છામિ દુક્કડં આપવું તે મિચ્છાકાર.**

૨. **મિચ્છાકાર** : સમિતિ ગુપ્તિરૂપ સંયમયોગને આરાધવા ઉજમાળ થયેલા સાધુએ જે કંઇ પણ ખોટું આચરણ કર્યું હોય તેને આ વિપરીત આચરણ છે—એમ જાણીને તદ્‌વિષયક 'મિચ્છામિ દુક્કડં' આપવું.

સંયમયોગ વિષયક પ્રવૃત્તિમાં વિપરીત આચરણ થયું હોય તેમાં 'મિચ્છામિ દુક્કડં' દોષ દૂર કરવા માટે સમર્થ છે. પણ ઉપેત્યકરણવિષયક એટલે ઈરાદાપૂર્વક—જાણી જોઇને કરાતા તથા વારંવાર સેવાતા દોષોને દૂર કરવા સમર્થ નથી. (૭૬૩)

**कप्पाकप्पे परिनिट्ठियस्स ठाणेसु पंचसु ठियस्स ।**
**संयमतवड्ढगस्स उ अविकप्पेणं तहक्कारो ३ ॥७६४॥**

**કલ્પાકલ્પમાં પરિનિષ્ઠિત (જાણનાર), પાંચ સ્થાનોમાં સ્થિત તથા તપ સંયમથી યુક્ત મહાપુરુષના વચનને તહત્તિ કરી સ્વીકારવું**

૩. **તથાકાર** જ્ઞાનસંપત્તિ, મૂલગુણસંપત્તિ અને ઉત્તરગુણસંપત્તિથીયુક્ત આચાર્યની વાણીનો સ્વીકાર કરવો તે તહકાર કહેવાય છે.

(૧) જ્ઞાનસંપત્તિ=સ્થવિરકલ્પ અને જિનકલ્પની જે વિધિ અથવા આચાર તે કલ્પ કહેવાય. ચરક અને બૌદ્ધ આદિની દીક્ષા તે અકલ્પ કહેવાય. તે બંને આચારના સંપૂર્ણ જાણકાર એવા આચાર્ય જ્ઞાનસંપત્તિ યુક્ત કહેવાય.

જેમાં મુમુક્ષુઓ ઊભા રહે તે સ્થાન એટલે મહાવ્રતો. તે પાંચ છે. તે પાંચ સ્થાનોમાં રહેલા આચાર્ય મૂલગુણસંપત્તિ યુક્ત કહેવાય.

સંયમ એટલે પડિલેહણું પ્રમાર્જનારૂપ સંયમ તેમજ અનશન વગેરે બાર પ્રકારના તપથી યુક્ત આચાર્ય ઉત્તરગુણસંપત્તિયુક્ત કહેવાય.

આવા મૂળગુણ ઉત્તરગુણ અને જ્ઞાન સંપદાથી યુક્ત મહાત્માનાં વચનને નિર્વિકલ્પપણે સત્યપણે સ્વીકારવું તે તથાકાર.

ઉક્ત ગુણયુક્ત ગુરુ વાચના વગેરે આપતા હોય તેમાં, પ્રશ્ન પૂછ્યા પછી જે જવાબ આપે ત્યારે તથા સામાચારી શિક્ષણ આપે ત્યારે 'તમે જે પ્રમાણે કહો છો તે તે પ્રમાણે જ છે' એ ભાવસૂચક 'તહત્તિ' શબ્દનો પ્રયોગ કરવો. (૭૬૪)

**आवस्सिया विहेया अवस्सगंतव्वकारणे मुणिणा ४ ।**
**तम्मि निसीहिया जत्थ सेज्जठाणाइ आयरइ ५ ॥७६५॥**

**મુનિઓએ અવશ્ય કાર્ય માટે જતી વખતે આવસ્સહિ કહેવું. બહારથી પાછા આવે ત્યારે જે વસતિમાં રહે છે ત્યાં પ્રવેશ કરતાં નિસીહિ કહેવી.**

૪. **આવસ્સહિ** :- મુનિ વસતિમાંથી જ્ઞાનાદિ ત્રણ તેમજ ભિક્ષાટન વગેરે કારણે બહાર નીકળે ત્યારે આવશ્યિકી આવસ્સહિ કહી નીકળે, અર્થાત્ સાધુએ નિષ્કારણ બહાર જવું નહિ.

૫. **નિસીહિ** :- સાધુ જ્યારે બહારથી આવી, જ્યાં જે શય્યામાં એટલે વસતિમાં સ્થાન કરવાનો હોય, ત્યારે ત્યાં પ્રવેશતા નૈષેધિકી એટલે નિસીહિ કહે. આદિ શબ્દથી જિનાલય પ્રવેશ વગેરેમાં પણ નિસીહિ સમજવી. આનો ભાવ એ છે કે બહારથી આવી વસતિમાં પ્રવેશ કરતા નિસીહિ કરવી. (૭૬૫)

**आपुच्छणा उ कज्जे ६ पुव्वनिसिद्धेण होइ पडिपुच्छा ७ ।**
**पुव्वगहिएण छंदण ८ निमंतणा होअगहिएणं ९ ॥७६६॥**

**કાર્યમાં આપૃચ્છા. પૂર્વમાં એટલે પહેલા નિષેધ થયો હોય તદ્વિષયક પ્રતિપૃચ્છા, પહેલા ગ્રહણ કરેલ આહારની પૃચ્છા તે છંદણા. આહાર લેવા જતા પૂછવું તે નિમંત્રણા.**

૬. **પૃચ્છા** :-પૂછવું તે આપૃચ્છા, તે ઈચ્છિત કાર્ય કરતી વખતે ગુરુને પૂછવું કે 'હે ભગવંત! હું આ કાર્ય કરું?' તે આપૃચ્છા.

૭. **પ્રતિપૃચ્છા** :- પહેલા નિષેધ કરેલ કાર્ય જેમકે ગુરુએ કહ્યું હોય કે 'તારે આ કાર્ય ન કરવું?' 'હવે તે જ કાર્ય કરવાની જરૂર પડે ત્યારે ગુરુને ફરી પૂછવું કે 'પહેલા આપે આ કાર્યનો નિષેધ કર્યો છે. હવે તે કાર્યની ફરી જરૂર પડી છે. જો આપ આજ્ઞા આપો તો તે કાર્ય કરું.' આ પ્રમાણે પૂછવુ તે પ્રતિપૃચ્છા.

અથવા ગુરુએ પહેલા કોઈ કામ પોતાને બતાવ્યું હોય, તે કામ કરવા માટે તૈયાર થાય ત્યારે ફરીવાર ગુરુને કહેવું કે, આપે બતાવેલ કાર્ય કરું છું તે પ્રતિપૃચ્છા.

આ પ્રતિપૃચ્છા કરવાનું કારણ એ છે કે ક્યારેક ગુરુ એ કામના બદલે બીજું કામ પણ બતાવે. અથવા એ કામ પૂરું થઈ ગયું હોય તો નિષેધ પણ કરે.

૮. **છંદના** : ગોચરી વહોરીને લાવ્યા હોય, ત્યારે બધા સાધુઓને ગોચરી વાપરવા માટે જણાવવું-આમંત્રણ આપવું તે છંદના. જેમકે હું આ અશનાદિ ભિક્ષા લાવ્યો છું. જો આપને કોઈને પણ આમાંથી ખપ આવતું હોય તો ઇચ્છા પ્રમાણે લો-એ છંદના.

૯. **નિમંત્રણા** : ગોચરી વહોરવા જતાં પહેલા જે કહેવાય તે નિમંત્રણા. જેમકે આજે હું તમારે યોગ્ય ભિક્ષા લાવીશ. (૭૬૬)

उवसंपया य तिविहा नाणे तह दंसणे चरित्ते य १० ।
एसा हु दसपयारा सामायारी तहऽन्ना य ॥७६७॥

**જ્ઞાન–દર્શન–ચારિત્ર. એમ ત્રણ પ્રકારે ઉપસંપદા છે. આ દશ પ્રકારની સામાચારી છે. બીજી રીતે પણ દશ પ્રકારની સામાચારી છે.**

**૧૦. ઉપસંપદા** ઉપસંપત્ થવું તે ઉપસંપદા. એટલે કોઈપણ એક ગુરુના કુલમાંથી બીજાવિશિષ્ટશ્રુત વગેરેથી યુક્ત ગુરુની પાસે આવવું તે ઉપસંપદા. તે જ્ઞાન-વિષયક, દર્શનવિષયક અને ચારિત્રવિષયક એમ ત્રણ પ્રકારે છે.

તેમાં જ્ઞાન, દર્શન સંબંધી ઉપસંપદા ત્રણ પ્રકારે છે. તે આ પ્રમાણે (૧) વર્તના, (૨) સંધના, (૩) ગ્રહણ. આના માટે ઉપસંપદા લેવાય છે.

(૧) વર્તના એટલે પૂર્વમાં ભણેલ સૂત્ર વગેરે જે અસ્થિર હોય તેને પુનરાવર્તન કરવા માટે.

(૨) સંધના એટલે પૂર્વમાં ભણેલ જે સૂત્ર વગેરેનો અમુક ભાગ ભૂલાઈ ગયેલ હોય તો તેને મેળવવા કે જોડવાં માટે.

(૩) ગ્રહણ એટલે તે જ સૂત્રને નવેસર ભણવું તે ગ્રહણ.

આ ત્રણે (૧) સૂત્રથી, (૨) અર્થથી અને (૩) તદુભયથી–એમ ત્રણ પ્રકારે જાણવી. આમ જ્ઞાનવિષયક ઉપસંપદા નવ પ્રકારે થાય.

દર્શન ઉપસંપદામાં પણ દર્શનપ્રભાવક, સન્મતિતર્ક વગેરે શાસ્ત્રવિષયક ઉપરોક્ત નવ ભેદો જાણવા.

ચારિત્રવિષયક ઉપસંપદા. (૧) વૈયાવચ્ચવિષયક અને (૨) ક્ષપણ એટલે તપ–વિષયક –એમ બે પ્રકારે છે.

એનો ભાવ એ પ્રમાણે છે કે ચારિત્ર માટે બીજા ગચ્છના આચાર્યની વૈયાવચ્ચ કરવાનું સ્વીકારે. તે કાળથી ઈત્વરકાલિક અને યાવજ્જીવ –એમ બે પ્રકારે સ્વીકારે

**પ્રશ્ન :** અહીં બીજાઓ કહે છે આમાં શેની ઉપસંપદા કરવાની હોય? પોતાના ગચ્છમાં જ ચારિત્ર માટે વૈયાવચ્ચ કેમ ન કરે?

**ઉત્તર :–** સાચી વાત છે. પોતાના ગચ્છમાં વૈયાવચ્ચ વગેરે કરવા યોગ્ય તેવા પ્રકારની નિર્વાહ વગેરે સામગ્રી ન હોય ત્યારે બીજા ગચ્છની ઉપસંપદા સ્વીકારે.

તપવિષયક ઉપસપંદા–આ પ્રમાણે હોય છે. જે કોઈ તપ કરવા માટે ઉપસપંદા સ્વીકારે છે, તે તપસ્વી ઇત્વરકાલિક અને યાવજ્જીવ –એમ બે પ્રકારે છે. તેમાં યાવત્કથિક પાછળથી અનસન કરનારો હોય છે.

ઈત્વરકાલિકતપસ્વી, વિકૃષ્ટતપસ્વી અને અવિકૃષ્ટતપસ્વી–એમ બે પ્રકારે છે—

તેમાં અઠ્ઠમ, ચાર ઉપવાસ વગેરે કરનાર વિકૃષ્ટ તપસ્વી કહેવાય. અને છઠ્ઠ એટલે બે ઉપવાસ સુધી કરનારો અવિકૃષ્ટ તપસ્વી કહેવાય. ઈત્યાદિ વિશેષ સ્વરૂપ આવશ્યક વગેરે સૂત્રોમાંથી જાણવું.

આ દશવિધ સામાચારી ચક્રની જેમ તે તે સ્થાનોમાં ભમતી હોવાથી દશવિધ ચક્રવાલ સામાચારી કહેવાય છે તથા બીજી પણ આગળ કહેવાતી દશ પ્રકારની સામાચારી જાણવી. (૭૬૭)

## બીજી રીતે દશવિધ સામાચારી :–

**पडिलेहणा १ पमज्जण २ भिक्खि ३ रिया ४ ऽऽलोय ५ भुंजणा ६ चेव ।**
**पत्तगधुवण ७ वियारा ८ थंडिल ९ आवस्सयाईया १० ॥७६८॥**

**(૧) પ્રતિલેખના, (૨) પ્રમાર્જના, (૩) ભિક્ષાચર્યા, (૪) ઈર્યાપથિકી, (૫) આલોચના, (૬) ભોજન, (૭) પાત્રધોવન, (૮) સંજ્ઞા ત્યાગ સ્વરૂપ વિચાર, (૯) સ્થંડિલ, (૧૦) આવશ્યક, એમ અન્ય પ્રકારે દશ સામાચારી છે.**

**(૧) પ્રતિલેખના :–** વસ્ત્ર-પાત્ર વગેરેનું સવારે અને સાંજે પડિલેહણ કરવું.

**(૨) પ્રમાર્જના :–** વસતિ એટલે ઉપાશ્રયની સવારે-સાંજે પ્રમાર્જના કરવી-કાજો લેવો.

**(૩) ભિક્ષાચર્યા :** પેશાબ વગેરે શરીર ચિંતા ટાળી, પાત્રા લઈ આવસ્સહિ કહી ઉપાશ્રયમાંથી નીકળી, આહાર વગેરેમાં મૂર્છા કર્યા વગર આહાર ગ્રહણની એષણામાં સારી રીતે ઉપયોગપૂર્વક સાધુઓ ભિક્ષા ગ્રહણ કરે.

**(૪) ઈર્યાપથિકી :–** ભિક્ષા લઈ નિસીહિ બોલવાપૂર્વક ઉપાશ્રયમાં પ્રવેશ કરી, નમો ખમાસમણાણં બોલવારૂપ નમસ્કાર કરી, યોગ્ય જગ્યાએ ચક્ષુદ્વારા જોઈને રજોહરણ વડે પુજીને ઇરિયાવહિ પડિક્કમે.

**(૫) આલોચના :–** કાઉસ્સગ્ગમાં મુકામમાંથી નીકળી પાછા મુકામમાં આવે ત્યાં સુધી ભિક્ષા માટે ફરતી વખતે, જે પુરઃકર્મ વગેરે અતિચારો લાગ્યા હોય, તે ગુરુને જણાવવા માટે ચિંતવે. કાઉસ્સગ્ગપારી લોગસ્સ બોલે. લોગસ્સ બોલી ભાવથી ચારિત્રના પરિણામયુક્ત ગુરુ કે ગુરુને માન્ય વડીલ સાધુ ભગવંત આગળ ભાતપાણી જે પ્રમાણે વાટકી વગેરે વાસણ દ્વારા લીધું હોય તે બધુયે શાસ્ત્રોક્ત વિધિપૂર્વક આલોચના કરે એટલે જણાવે.

તે પછી દુરાલોચિત ભક્તપાન નિમિત્તે અથવા એષણા અનેષણા નિમિત્તે કાઉસ્સગ્ગ કરે. તે ઇચ્છામિ પડિક્કમિઉં ગોયરચરિયાએથી લઈ તસ્સ મિચ્છામિ દુક્કડં તથા તસ્સ-ઉત્તરી કરણેણંથી અપ્પાણં વોસરામિ કહી કાઉસ્સગ્ગ કરે. કાઉસ્સગ્ગમાં નવકાર અને

" जइमे अणुग्गहं कुज्जा " જો મારી ઉપર સાધુઓ અનુગ્રહ કરે. તો હું સંસાર સમુદ્રથી તરેલો થાઉં (તરું) એમ ચિંતવે. ઓઘનિર્યુક્તિમાં કહ્યું છે કે तहि दुरालोइय भत्तपाणएसण मणेसणाएउ अट्टूस्सासे अहवा अणुग्गहाइत्र झाएज्जा (१)

દશવૈકાલિકમાં આ કાઉસ્સગ્ગમાં ચિંતવવા 'अहो जिणेहिं असावज्जा' ગાથા કહી છે. કાઉસ્સગ્ગપારી લોગસ્સ કહેવો.

(૬) **ભોજન** :– તે પછી થાક વગેરે દૂર કરવા માટે એક મુહૂર્ત (૪૮ મિનિટ), સાધુ બેસીને સ્વાધ્યાય કરે પછી સાગારિક એટલે ગૃહસ્થ વગરના સ્થાને રાગ–દ્વેષ વગર નવકાર ગણી 'संदिशत पारयामः' બોલી ગુરુની રજાપૂર્વક ઘા ઉપર લેપની જેમ ભોજન કરે.

(૭) **પાત્રધોવન** :– ભોજન કર્યા પછી ચોખ્ખા પાણી વડે પાત્રાને શાસ્ત્ર–પ્રસિદ્ધ ત્રણ કલ્પ કરવાપૂર્વક ધુવે. એટલે ત્રણ વખત પાત્રાને ચોખ્ખા પાણી વડે ધુવે. તે પછી એકાસણાનું પચ્ચખાણ હોવા છતાં પણ અપ્રમત્તભાવ માટે 'સાગારિયા-ગારેણં, ગુરુ અબ્ભુટ્ઠાણેણં આઉંટણ પસારેણં, પારિઠાવણિયાગારેણં' આ પહેલા લીધેલ આગારોને સંક્ષેપવા માટે પચ્ચક્ખાણ કરે.

(૮) **વિચાર** :– વિચાર એટલે સંજ્ઞા યાને ઠલ્લે વગેરે જવું તે. આના માટે આગળ કહેવાતી વિધિપૂર્વક બહાર જઈ સંજ્ઞાનું વિસર્જન કરે.

(૯)**સ્થંડિલ** :– સ્થંડિલભૂમિ એટલે બીજાને પીડા ન થાય એવી અચિત્ત ભૂમિનો ભાગ. તે જઘન્યથી તિર્છો એક હાથ પ્રમાણનો હોય છે. તેની પડિલેહણા કરે. તે સ્થંડિલભૂમિ સત્તાવીશ (૨૭) પ્રકારે છે. તે આ પ્રમાણે. કાયિકી એટલે પેશાબ માટે વસતિમાં છ સ્થંડિલો અને બહારના ભાગે છ સ્થંડિલો એમ બંને મળી બાર થયા. એ પ્રમાણે ઉચ્ચાર એટલે ઠલ્લે જવા માટે પણ બાર એટલે કુલ્લે ચોવીસ સ્થંડિલ ભૂમિ થઈ એમાં કાળગ્રહણની ત્રણ સ્થંડિલભૂમિ ઉમેરતા સત્તાવીશ (૨૭) થાય.

(૧૦) **આવશ્યક** :– પૂર્વોક્ત વિધિપૂર્વક આવશ્યક એટલે પ્રતિક્રમણ કરે. આદિ શબ્દથી કાળગ્રહણ વગેરે લેવું. એમ આ અન્ય પ્રકારે પણ દશ પ્રકારની દર-રોજની સામાચારી સંક્ષેપમાં વર્ણવી વિસ્તારથી તો પંચવસ્તુના બીજા દ્વારથી જાણી લેવી. (૭૬૮)

## ૧૦૨ સંસારચક્રમાં નિર્ગ્રંથપણાની પ્રાપ્તિ

નિર્ગ્રંથપણું સંસારમાં જીવને પાંચવાર મળે એ દ્વાર કહેવાય છે.

**उवसमसेणिचउक्कं जायइ जीवस्स आभवं नूणं ।**
**ता पुण दो एगभवे खवगस्सेणी पुणो एगा ॥७६९॥**

જીવને આ સંસારચક્રમાં રહેલા જુદા જુદા ભવોમાં ફક્ત ચારવાર જ ઉત્કૃષ્ટથી ઉપશમશ્રેણી પ્રાપ્ત થાય છે. તે ઉપશમશ્રેણી એકભવમાં જીવ ઉત્કૃષ્ટથી બેવાર (કાર્મગ્રંથિક મતે) મેળવી શકે છે.

ક્ષપકશ્રેણી એકભવમાં એક જ વાર મેળવી શકે. તેથી તાત્પર્યાર્થ આ પ્રમાણે છે, કે ઉપશાંતમોહ અને ક્ષીણમોહગુણસ્થાનકે જ નિર્ગ્રંથપણું હોય છે. અને તે ઉપશમ-શ્રેણીમાં ચાર વાર અને ક્ષપકશ્રેણીમાં એકવાર એમ ઉત્કૃષ્ટથી સંસારમાં વસતા જીવને કુલ્લે પાંચવાર નિર્ગ્રંથપણું હોય છે. (૭૬૯)

## ૧૦૩ સાધુઓના વિહારનું સ્વરૂપ

**गीयत्थो य विहारो बीओ गीयत्थमीसओ भणिओ ।**
**एत्तो तइयविहारो नाणुन्नाओ जिणवरेहिं ॥७७०॥**

કૃત્યાકૃત્ય લક્ષણરૂપ પદાર્થને જે જાણે તે ગીતાર્થ એટલે બહુશ્રુત સાધુઓ. તેમનો વિહાર એટલે વિચરણ, તે પ્રથમ ગીતાર્થ વિહાર કહેવાય.

ગીતાર્થો સાથે અગીતાર્થોએ રહેવું તે ગીતાર્થમિશ્ર, તેઓ સંબંધી જે વિહાર, તે ગીતાર્થમિશ્રક બીજો વિહાર જિનેશ્વરોએ કહ્યો છે. પાઠાંતરે ગીતાર્થનિશ્રિત પણ કહ્યો છે. એટલે ગીતાર્થની નિશ્રાએ–આશ્રયે, જે વિહાર થાય તે ગીતાર્થનિશ્રિત–વિહાર. આ બે સિવાય એક અનેક અગીતાર્થ સાધુ સમૂહરૂપ ત્રીજો કોઈ વિહાર જિને-શ્વરોએ કરવાની અનુમતિ આપી નથી. (૭૭૦)

**दव्वओ चक्खुसा पेहे, जुगमित्तं तु खेत्तओ ।**
**कालओ जाव रीएज्जा, उवउत्तो य भावओ ॥७७१॥**

વિહાર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ, એમ ચાર પ્રકારે કહ્યો છે. તેમાં દ્રવ્યથી આંખવડે માર્ગમાં રહેલ સર્વજીવોને જોઇને ચાલે, ક્ષેત્રથી યુગમાત્ર ક્ષેત્ર એટલે સાડાત્રણ (૩ાા) હાથ પ્રમાણ ભૂમિને જોઇને ચાલે. યુગ માત્ર એટલા માટે કહ્યું કે અતિ નજીક જોયેલા પણ કોઈ જીવ વગેરેની રક્ષા કરવી, તે અશક્ય છે અને યુગમાત્રથી આગળની ભૂમિમાં નાના સૂક્ષ્મ જીવો જોવા અશક્ય હોવાથી યુગમાત્ર ગ્રહણ કર્યું છે. કાળથી મુહૂર્ત પ્રહરાદિ સુધી ચાલે, ભાવથી સમ્યગ્ ઉપયોગપૂર્વક ચાલે. (૭૭૧)

# ૧૦૪ અપ્રતિબદ્ધવિહાર

**अप्पडिबद्धो अ सया गुरुवएसेण सव्वभावेसु ।**
**मासाइविहारेणं विहरेज्ज जहोचियं नियमा ॥७७२॥**

**ગુરુઉપદેશથી હંમેશા સર્વભાવોમાં અપ્રતિબદ્ધપણે યથોચિત નિયમપૂર્વક માસકલ્પ આદિ વિહારરૂપે વિચરવું તે અપ્રતિબદ્ધવિહાર કહેવાય.**

અપ્રતિબદ્ધ એટલે હંમેશા રાગ રહિત, ગુરુ ઉપદેશપૂર્વક દ્રવ્યાદિ સર્વભાવોમાં એટલે શ્રાવક વગેરે દ્રવ્યોમાં, વાયુ વગરની (નિર્વાત) વસતિ વગેરે ક્ષેત્રોમાં, શરદઋતુ વગેરે કાળમાં અને શરીરપુષ્ટિ વગેરે ભાવોમાં અપ્રતિબદ્ધ એટલે અનાસક્તભાવે સિદ્ધાંત પ્રસિદ્ધ માસકલ્પ વગેરે વડે વિહાર કરે.

સંઘયણાદિ યથોચિત શક્તિ મુજબ હંમેશા વિચરે. એટલે દ્રવ્ય વગેરેમાં પ્રતિબદ્ધ થયેલો સુખની લાલસાથી એક જગ્યાએ ન રહે. પણ પુષ્ટ આલંબનપૂર્વક વિચરે. એટલે દ્રવ્યાદિથી અપ્રતિબદ્ધપણે માસકલ્પ વગેરે રૂપ વિહાર કરનારનો જ વિહાર સાર્થક છે.

હું અમુક નગરમાં જઈને ત્યાં મોટી ઋદ્ધિવાળા ઘણા શ્રાવકોને ભેગા કરી એવું કરું કે જેથી મને છોડી બીજાના ભગત ન થાય. ઈત્યાદિ દ્રવ્યપ્રતિબદ્ધપૂર્વક ' હવા વગરની વસતિ હોવાથી શાતાકારક અમુક ક્ષેત્ર છે પણ આ ક્ષેત્ર એવું નથી. ' વગેરે ક્ષેત્રપ્રતિબદ્ધપૂર્વક.

શરદ વગેરે ઋતુમાં પાકેલી સુગંધીદાર શાલિ વગેરે અનાજના પાકથી આ ઋતુ રમણીય છે. એમાં વિચરતા આનંદ આવે એમ કાળપ્રતિબદ્ધપૂર્વક.

'ત્યાં જવાથી મને ઘી તેલવાળો સ્નિગ્ધ અને મીઠો આહાર મળશે, જે મારા શરીરને પુષ્ટિ વગેરે સુખકારક બનશે. અહીં તો એવો ખોરાક મળતો નથી. અથવા ઉગ્ર વિહારપૂર્વક વિચરતા મને જોઇને લોકો મને ઉગ્રવિહારી અને અમુક શિથિલ છે એમ કહેશે. આવા ભાવ પ્રતિબદ્ધપૂર્વક માસકલ્પાદિ વિહારપૂર્વક વિચરે તો પણ તે વિહાર કાર્ય સાધક નથી પણ નિષ્ફળ છે. માટે સ્થિરતા હોય કે વિહાર હોય, તે દ્રવ્યાદિથી અપ્રતિબદ્ધપણે કરાય તો જ સફળ છે. (૭૭૨)

બીજાના પ્રશ્નનો જવાબ આપતા નીચેનો શ્લોક કહે છેઃ—

**मुत्तूण मासकप्पं अन्नो सुत्तंमि नत्थि उ विहारो ।**
**ता कहमाइग्गहणं कज्जे ऊणाइभावेणं ॥७७३॥**

**સૂત્રમાં માસકલ્પ સિવાય બીજો કોઇ વિહાર બતાવ્યો નથી તો પછી "આદિ" શબ્દ કેમ ગ્રહણ કર્યો છે? કોઇ કાર્યમાં ન્યૂનાધિક કારણસર વિહાર કરાય તે જણાવવા.**

**પ્રશ્ન** :–મૂલાગમરૂપ સૂત્રમાં માસકલ્પ સિવાય બીજો કોઈ પણ વિહાર બતાવ્યોજ નથી. તો પછી આગળની ગાથામાં માસકલ્પ આદિ વડે વિહાર કેમ બતાવ્યો ?

**ઉત્તર** :–તેવા પ્રકારના કાર્યમાં ન્યૂનાધિક કારણે વિહાર કરાય તે માટે આદિ પદનું ગ્રહણ કર્યું છે. આનો ભાવાર્થ એ છે, સાધુએ મુખ્યત્વે તો માસકલ્પપૂર્વકજ વિચરવું જાઇએ, પણ કારણવશાત્ ક્યારેક અપૂર્ણ માસે પણ વિહાર કરે, ક્યારેક માસથી અધિક પણ રહીને વિચરે. માટે આદિ પદ ગ્રહણ કર્યું છે. (૭૭૩)

**कालाइदोसओ जइ न दव्वओ एस कीरए नियमा ।**
**भावेण तहवि कीरइ संथारगवच्चयाईहिं ।।७७४।।**

**કાલ વગેરેના દોષથી જો આ માસકલ્પ દ્રવ્યથી ન કરાય તો પણ શયનભૂમિ આદિ ફેરવવા દ્વારા ભાવથી કરે.**

કાલાદિ દોષના કારણે એટલે દુષ્કાળ વગેરે કાળદોષ, સંયમને પ્રતિકૂલ વગેરે ક્ષેત્રદોષ, શરીરને પ્રતિકૂળ આહાર પાણીરૂપ દ્રવ્યદોષ, માંદગી કે જ્ઞાનાદિની હાનિ વગેરે ભાવદોષના કારણે જો માસકલ્પ દ્રવ્યથી એટલે બાહ્યાચારરૂપે ન કરાય, તો પણ એક સ્થાનમાં રહેલ સાધુઓ ભાવથી નિયમા શયન (સંથારા) ભૂમિ ફેરવવા વગેરે દ્વારા માસકલ્પ જરૂર કરે. આદિ શબ્દથી ઉપાશ્રય પરિવર્તન, મહોલ્લા વગેરેનું પરિવર્તન સમજવું. આનો ભાવાર્થ એ છે કે –

એક જ વસતિમાં જે દિશામાં એક મહિનો સંથારો કર્યો હોય, તે દિશાને મહિનો પૂરો થતા છોડી બીજી દિશામાં સંથારો પાથરવો. એ પ્રમાણે બીજો ઉપાશ્રય હોય, તો મહિના પછી બીજી વસતિમાં જાય. એ પ્રમાણે કરવાથી માસકલ્પ વિહાર ન કરવા છતાં પણ સાધુપણાથી વિરુદ્ધ નથી. કહ્યું છે કે

પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિવાળા તથા સંયમ, તપ અને ચરણમાં ઉદ્યુક્ત એવા સાધુ એક જગ્યાએ સો વર્ષ રહેવા છતાં પણ આરાધક કહ્યા છે. (૭૭૪)

હવે એક જ ક્ષેત્રમાં ઉત્કૃષ્ટથી કેટલા સમય (કાળ)ની સ્થિરતા હોઇ શકે તે કહે છે.

**काऊण मासकप्पं तत्थेव ठियाण तीस मग्गसिरे ।**
**सालंबणाण जिट्ठोग्गहो य छम्मासिओ होइ ।।७७५।।**

**ત્યાં જ માસકલ્પ કરી ત્યાં ચોમાસું કરે અને પછી માગસર મહિના સુધી રહે એમ સાલંબનપૂર્વક છ મહિનાનો જ્યેષ્ઠાવગ્રહ હોય છે.**

કોઇક ક્ષેત્રમાં અષાઢ માસમાં માસકલ્પ કરી ત્યાં જ એટલે તે ક્ષેત્રમાં જ ચોમાસુ રહી પછી માગસર મહિનાના ત્રીસ દિવસ ત્યાં જ રહે એમ પુષ્ટ (વિશિષ્ટ) કારણોથી રહેનાર સાધુઓનો એક જ જગ્યાએ રહેવારૂપ છ માસ ઉત્કૃષ્ટ અવગ્રહ થાય છે. આનું તાત્પર્ય એ છે કે –

જ્યાં ઉનાળાનો છેલ્લો માસકલ્પ કર્યો હોય, ચાતુર્માસ યોગ્ય બીજું ક્ષેત્ર ન મળવાના કારણે ત્યાં જ ચાતુર્માસ કરે. ચાતુર્માસ પછી જો વરસાદ વરસતો હોય તો બીજા દસ દિવસ ત્યાં રહે, તે દિવસો પૂરા થયા પછી પણ જો વરસાદ વરસતો હોય તો બીજા દસ દિવસ ત્યાં રહે. તે દિવસો પૂરા થયા પછી પણ જો વરસાદ વરસે તો ત્રીજા દસ દિવસ રહે એમ કુલ્લે ત્રીસ દિવસ રોકાય. એમ વૃષ્ટિ વગેરે કારણોને આશ્રયી રહેલા સાધુઓને છ માસ પ્રમાણનો ઉત્કૃષ્ટ અવગ્રહ એટલે સ્થિરતા થાય છે. તે આ પ્રમાણે–

એક ઉનાળાનો છેલ્લો મહિનો, ચાર મહિના ચોમાસાના અને છઠ્ઠો માગસર મહિનો એમ છ માસ પ્રમાણનો ઉત્કૃષ્ટઅવગ્રહ થયો.

માગસર મહિને વરસાદ ન વરસતો હોય અને રસ્તા લીલોતરી કાદવ વગરના હોય તો શું કરવું ? તે કહે છે (૭૭૫)

**अह अत्थि पयवियारो चउपाडिवयंमि होइ निग्गमणं ।**
**अहवावि अनिंतस्सा आरोवण सुत्तनिद्दिट्ठं ॥७७६॥**

**હવે જો વિહારની અનુકૂળતા થઇ ગઇ હોય, ચાર પ્રતિપદમાં-પડવામાં એટલે કાર્તિક મહિનાની અંદર જ વિહાર કરી જાય અને ન નીકળે તો સૂત્રમાં કહેલા પ્રાયશ્ચિત્ત આવે.**

પગે ચાલીને જવાની અનુકૂળતા હોય તો ચાર પ્રતિપદાની પડવાની અંદર (અહીં મહિનાની અંદરના પડવાની વિવક્ષા કરી છે) એટલે કારતક મહિનાની પછી તરત જ વિહાર કરી જાય. વિહાર યોગ્ય સમયમાં પણ જો ન નીકળે તો તે સાધુને વિહાર ન કરવાના કારણે આગમમાં કહેલ આરોપણ પ્રાયશ્ચિત્ત આવે છે. (૭૭૬)

**પ્રશ્ન** :–યતના પરાયણ સાધુઓને પણ એક જ ક્ષેત્રમાં રહેતા કુલ પ્રતિબદ્ધતા વગેરે ઘણા દોષો થાય છે. તો આ યોગ્ય શી રીતે હોય તે કહે છે.

**एगक्खेत्तनिवासी कालाइक्कंतचारिणो जइवि ।**
**तहवि हु विसुद्धचरणा विसुद्धआलंबणा जेण ॥७७७॥**

**વિશુદ્ધ આલંબનના કારણે કાલાતિક્રાંતિચારી એક જ ક્ષેત્રમાં રહેલા સાધુઓ પણ વિશુદ્ધચારિત્રી છે.**

એક જ ક્ષેત્રમાં વિચરવું તે એકક્ષેત્રનિવાસ કહેવાય. તે એકક્ષેત્રનિવાસ કરનારા સિદ્ધાંતમાં કહેલ માસકલ્પરૂપ કાળનું ઉલ્લંઘન કરનારા કાલાતિક્રાંતચારી સાધુઓ

કહેવાય. એવા કાલાતિક્રાંતચારી એક જ ક્ષેત્રમાં રહેનારા સાધુઓ પણ ઘડપણ, ચાલવાની શક્તિની ક્ષીણતા, વિહાર યોગ્ય ક્ષેત્રનો અભાવ વગેરે કપટ રહિત વિશુદ્ધ આલંબનવાળા હોવાથી નિરતિચાર ચારિત્રવાળા કહેવાય છે. (૭૭૭)

કયા કારણે આલંબન લેવું તે કહે છે.

**सालंबणो पडंतो अत्ताणं दुग्गमेऽवि धारेइ ।**
**इय सालंबणसेवी धारेइ जई असढभावं ॥७७८॥**

**દુર્ગમ એવા ખાડા વગેરેમાં પડતા આત્માને જે ટેકારૂપ થાય તે આલંબન, તે આલંબન યુક્ત તે સાલંબન, તે જો અશઠભાવે લેવાય તો સાલંબનસેવી કહેવાય.**

પડતો માણસ જેનું આલંબન લે આશ્રય કરે તે આલંબન તે દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારે છે. તેમાં ખાડા વગેરેમાં પડતા જીવો જે દ્રવ્યનું પદાર્થનું આલંબન કરે તે દ્રવ્યાલંબન. તે દ્રવ્યઆલંબન પણ પુષ્ટ અને અપુષ્ટ (ઢીલુ) એમ બે પ્રકારે છે. તેમાં ઘાસ, ઢીલી વેલડી વગેરે દુર્બલ અપુષ્ટ આલંબન છે અને કઠોર વેલડી વગેરે પુષ્ટ આલંબન છે.

ભાવાલંબન પણ પુષ્ટ અને અપુષ્ટ ભેદથી બે પ્રકારે છે. તેમાં તીર્થરક્ષા વિગેરે આગળ કહેવાતા કારણો પુષ્ટ આલંબન છે. અને માયાથી માત્ર મતિકલ્પનાથી ઉદ્ભવેલા કારણો એ અપુષ્ટ આલંબન છે.

તે પુષ્ટાપુષ્ટ આલંબન યુક્ત હોય તે સાલંબન કહેવાય. દુર્ગમ એવા ખાડા વગેરેમાં પડતા પોતાના આત્માને પુષ્ટ આલંબનનો ટેકો લેવાપૂર્વક બચાવે તે આલંબન યુક્ત હોવાથી સાલંબન કહેવાય છે. એ પ્રમાણે પુષ્ટ કારણે કંઈક નિત્યવાસ વગેરેનું સેવન કરે તે સાલંબનસેવી સાધુ કહેવાય. તે સંસારરૂપી ખાડામાં પડતા પોતાના આત્માને બચાવવા અશઠભાવે એટલે માયા રહિતપણે જો આલંબન લે તો તે લાભકારી છે. (૭૭૮)

તે આલંબન કયા છે તે કહે છે.

**काहं अछित्तिं अदुवा अहिस्सं, तवोवहाणेसु य उज्जमिस्सं ।**
**गणं व नीइसु य सारइस्सं, सालंबसेवी समुवेइ मोक्खं ॥७७९॥**

**હું શાસનને અવ્યવચ્છેદ કરીશ, ભણીશ, તપશ્ચર્યા વગેરેમાં ઉજમાળ પ્રયત્નશીલ, બનીશ, ગચ્છનું નીતિપૂર્વક પાલન કરીશ આવા પ્રકારના આલંબન સેવનારો મોક્ષને પામે છે.**

કોઈક એમ વિચારે કે 'હું અહીં હોઈશ તો રાજા વગેરેને ધર્મ પમાડવા વડે

જિનધર્મની અવ્યવચ્છિતિ કરીશ અથવા દર્શનપ્રભાવક શાસ્ત્રો કે દ્વાદશાંગીને હું સૂત્રથી કે અર્થથી ભણીશ. અથવા તપ લબ્ધિયુક્ત હોવાથી તપ વિધાનમાં એટલે વિવિધ તપોમાં પ્રયત્ન કરીશ. ગણ એટલે ગચ્છ–સમુદાયને સૂત્રોક્ત નીતિઓ વડે સારણા કરીશ એટલે ગુણો વડે વૃદ્ધિ પમાડીશ.

આ પ્રમાણે સાલંબન સેવી એટલે ઉપરોક્ત આલંબનોને જયણાપૂર્વક સેવવા વડે નિત્યવાસ કરવા છતાં પણ મોક્ષને પામે છે કારણ કે જિનશાસનનો ભંગ કર્યો નથી. માટે તીર્થ અવ્યવચ્છેદ વગેરે યથોક્ત જ્ઞાન-દર્શન ચારિત્ર ત્રણ કે તેમાંથી કોઈ પણ એકનું જે વૃદ્ધિજનક કારણ હોય તો જિનાજ્ઞાના કારણે આલંબનીય થાય છે. બીજે ઠેકાણે નહીં. નહીં તો કહ્યું છે કે અજયણાવાળા જીવો માટે તો આ સંપૂર્ણ લોક આલંબનોથી ભરેલો છે. તેથી લોકમાં જે જુએ તેનું આલંબન કરે છે.' (૭૭૯)

## ૧૦૫ જાત અજાત કલ્પ

जाओ य अजाओ य दुविहो कप्पो य होइ नायव्वो ।
एक्केकोऽवि य दुविहो समत्तकप्पो य असमत्तो ॥७८०॥

**જાત અને અજાત એમ બે પ્રકારે કલ્પ જાણવો. તે પણ સમાપ્તકલ્પ અને અસમાપ્ત કલ્પ એમ બે પ્રકારે છે.**

જાતકલ્પ, અજાતકલ્પ–એમ બે પ્રકારે કલ્પ એટલે આચાર જાણવો. તેમાં જાત એટલે શ્રુત સંપદાથી યુક્ત હોવાથી આત્મ લાભોને પ્રાપ્ત કરેલ સાધુઓ તે જાત. તેનાથી અભિન્ન હોવાથી તે કલ્પ પણ જાતકલ્પ કહેવાય.

એનાથી વિપરીત તે અજાતકલ્પ કહેવાય. તે બંને પણ સમાપ્તકલ્પ અને અસમાપ્તકલ્પ એમ બે બે પ્રકારે છે.

પરિપૂર્ણ સહાયવાળા સાધુ તે સમાપ્તકલ્પવાળા કહેવાય અને તેનાથી વિપરીત તે અસમાપ્તકલ્પ કહેવાય. (૭૮૦)

હવે જાતકલ્પ વગેરે ચારની વ્યાખ્યા કરે છે.

गीयत्थु जायकप्पो अगीयओ खलु भवे अजाओ य ।
पणगं समत्तकप्पो तदूणगो होइ असमत्तो ॥७८१॥
उउबद्धे वासासुं सत्त समत्तो तदूणगो इयरो ।
असमत्ताजायाणं ओहेण न किंचि आहव्वं ॥७८२॥

**ગીતાર્થના જે વિહાર તે જાત કલ્પ અગીતાર્થનો જે વિહાર તે**

**અજાતકલ્પ, ઋતુબદ્ધ કાળમાં પાંચ સાધુનો સમુદાય તે સમાપ્તકલ્પ તેનાથી જે ન્યૂન સાધુ સમુદાય તે અસમાપ્તકલ્પ.**

**વર્ષાકાળમાં સાત સાધુનો સમુદાય તે સમાપ્તકલ્પ, તેનાથી ન્યૂન હોય તો તે અસમાપ્તકલ્પ. અસમાપ્ત અને અજાતકલ્પીને ઉત્સર્ગથી કંઇ પણ વસ્તુ માલિકીની થતી નથી.**

ગીતાર્થ સાધુનો જે વિહાર તે ગીતાર્થવિહાર. તે જાતકલ્પ કહેવાય છે.

અગીતાર્થ સાધુનો જે વિહાર તે અજાતકલ્પ કહેવાય.

ઋતુ બદ્ધકાળ એટલે ચોમાસા સિવાયનો જે કાળ તેમાં પાંચ સાધુ પ્રમાણના ગણનો જે વિહાર, તે સમાપ્તકલ્પ કહેવાય.

પાંચથી ન્યૂન બે-ત્રણ-ચાર સાધુનો જે વિહાર તે અપરિપૂર્ણ સહાયરૂપ હોવાથી અસમાપ્તકલ્પ કહેવાય.

વર્ષાઋતુમાં સાત સાધુ પ્રમાણનો ગણ સમાપ્તકલ્પ કહેવાય. તે સાત સાધુથી ઓછા હોય તો અસમાપ્તકલ્પ કહેવાય. વર્ષાઋતુમાં સાતનું વિહાર વર્ણન છે, તે ખરેખર વર્ષાઋતુમાં માંદગી વગેરે પ્રસંગે બીજા સ્થાનેથી સહાયક સાધુઓ આવી શકે નહીં તેથી જોઇએ તેટલી સહાયતા મળી શકે નહીં એટલા માટે વર્ષાઋતુમાં સાત સાધુનો વિહાર કહ્યો છે.

અસમાપ્તકલ્પવાળા અને અજાતકલ્પવાળા સાધુઓને સામાન્યથી ઉત્સર્ગ માર્ગે કોઈપણ ક્ષેત્ર કે તે ક્ષેત્ર સંબંધી (ક્ષેત્રમાંથી પ્રાપ્ત થતી) શિષ્ય, ભોજન, પાણી, વસ્ત્ર, પાત્ર વગેરે જે આગમ પ્રસિદ્ધ વસ્તુઓ તેમની માલિકીની થતી નથી રહેતી નથી. (૭૮૧-૭૮૨)

## ૧૦૬ પરિષ્ઠાપનિક અને ઉચ્ચારકરણ

**दिस अवरदक्खिणा १ दक्खिणा य २ अवरा य ३ दक्खिणापुव्वा ४ ।**
**अवरुत्तरा य ५ पुव्वा ६ उत्तर ७ पुव्वुत्तरा ८ चेव ॥७८३॥**

**૧. પહેલી દિશા પશ્ચિમ દક્ષિણ, ૨. બીજી દક્ષિણ, ૩. પશ્ચિમ, ૪. દક્ષિણ પૂર્વ, ૫. પશ્ચિમોત્તર, ૬. પૂર્વ, ૭. ઉત્તર, ૮. પૂર્વોત્તર છે.**

અચિત્ત સાધુ એટલે કાળધર્મ પામેલ સાધુને પરઠવવાની દિશાઓમાં પહેલી દિશા પશ્ચિમ દક્ષિણ એટલે નૈઋત્ય જોવી. તે ન મળે તો દક્ષિણ દિશા તપાસવી, તેનો પણ અભાવ હોય તો ત્રીજી દિશા પશ્ચિમ જોવી. તેનો પણ અભાવ હોય તો ચોથી દક્ષિણ પૂર્વ એટલે અગ્નિદિશા તપાસવી. તેનો પણ અભાવ હોય, તો પાંચમી પશ્ચિમોત્તર

દિશા એટલે વાયવ્ય ખૂણો તપાસવો. તેના અભાવમાં પણ પૂર્વ દિશા જોવી. તેના અભાવમાં ઉત્તર દિશા જોવી તેના અભાવમાં પૂર્વોત્તરા એટલે ઈશાન ખૂણો જોવો.

ગીતાર્થ સાધુઓ જે ગામ વગેરેમાં માસકલ્પ કે ચોમાસું રહ્યા હોય, ત્યાં પ્રથમથી જ કાળધર્મ પામેલ સાધુઓને પરઠવવા માટે પૂર્વ વગેરે દિશાઓમાં નજીકમાં, મધ્યમાં અને દૂર-એમ ત્રણ મહા સ્થંડિલ ભૂમિઓની પ્રત્યુપેક્ષા કરે. એટલે જોઈ રાખે.

પહેલી સ્થંડિલભૂમિમાં જો કંઈક વ્યાઘાત હોય જેમકે ખેતર ખેડયું હોય. અથવા તે પાણીથી ભિંજાયેલુ હોય લીલોત્તરી થઈ ગઈ હોય કે કીડીઓ વગેરે ઉભરાઈ હોય, ગામ વસી ગયું હોય કે કોઈ સાર્થ ત્યાં પડાવ નાંખ્યો હોય, તો બીજી સ્થંડિલભૂમિમાં પરઠવે.

તેમાં પણ ઉપરોક્ત કારણો હોય તો પછી ત્રીજી સ્થંડિલભૂમિમાં પરઠવે. (૭૮૩)

પ્રથમ દિશા શુદ્ધ હોય છતાં બીજી દિશામાં પરઠવે તો જે દોષ થાય છે તે કહે છે.

**पउरऽन्नपाण पढमा बीयाए भत्तपाण न लहंति ।**
**तइयाएँ ऊवहिमाई नत्थि चउत्थीएँ सज्झाजो ॥७८४॥**
**पंचमियाए अ संखडी छट्ठीएँ गणस्स भेयणं जाण ।**
**सत्तमिया गेलन्नं मरणं पुण अट्ठमे बिंति ॥७८५॥**

**પ્રથમ દિશામાં પરઠવે તો ઘણા આહાર પાણી મળે. બીજીમાં આહાર પાણી ન મળે, ત્રીજીમાં ઉપધિ ન મળે, ચોથીમાં સ્વાધ્યાય ન થાય, પાંચમીમાં અસંખડી એટલે કલહ થાય, છઠ્ઠીમાં સમુદાયભેદ થાય, સાતમીમાં માંદગી અને આઠમીમાં મરણ થાય.**

પહેલી નૈઋત્ય દિશામાં પરઠવે તો ઘણા આહાર પાણી વસ્ત્ર પાત્ર વગેરેનો લાભ થાય છે. તેથી સમાધિ પ્રાપ્ત થાય છે. પહેલી દિશા હોવા છતાં બીજી દક્ષિણ દિશામાં પરઠવે તો આહાર પાણી ન મળે. ત્રીજી પશ્ચિમ દિશામાં પરઠવે તો ઉપધિ વગેરે ન મળે. ચોથી દક્ષિણ પૂર્વ એટલે અગ્નિ ખૂણામાં પરઠવે તો સ્વાધ્યાયનો અભાવ થાય. પાંચમી પશ્ચિમોત્તર એટલે વાયવ્ય ખૂણામાં પરઠવે તો સાધુ સાથે, ગૃહસ્થ સાથે કે અન્યતીર્થિઓ સાથે ઝઘડો થાય. છઠ્ઠી પૂર્વ દિશામાં પરઠવે તો ગણ ગચ્છભેદ થાય. સાતમી ઉત્તર દિશામાં પરઠવે તો રોગોત્પત્તિ થાય. આઠમી પૂર્વોત્તર એટલે ઇશાન ખૂણામાં મૃતક પરઠવે તો બીજા કોઈ સાધુનું મરણ થાય.

આ દિશાઓમાં પાણી, ચોરભય વગેરે મુસીબતો હોવાના કારણે પ્રથમ કહેલી (નૈઋત્ય) દિશાઓ ન મળે તો પાછળની દિશાઓમાં શબ પરઠવે તો પણ પહેલી દિશામાં કહેલ ઘણા અન્ન પાણીના લાભરૂપ ગુણ થાય છે. જો પૂર્વની દિશાઓ હોવા છતાં પણ પાછળ કહેલી દિશાઓમાં પરઠવે તો પાછળના જ દોષો રહે છે.

અચિત્તસંયત એટલે કાળધર્મ પામેલા સાધુને પરઠવવાની દિશા કહી હવે સ્થંડિલ (ઠલ્લે) કરવાની દિશા કહે છે.

**दिसिपवणगामसूरियछायाएँ पमज्जिऊण तिक्खुत्तो ।**
**जस्सोग्गहोत्ति काऊण वोसिरे आयमेज्जा वा ॥७८६॥**

**દિશા, પવન, ગામ અને સૂર્યને પૂંઠ કર્યા વગર છાયામાં બેસીને ત્રણવાર ભૂમિ પ્રમાર્જી અવગ્રહની રજા લઇ સ્થંડિલ કરી, આચમન કરે એટલે સાફ કરે.**

સાધુએ સ્થંડિલની શંકા નિવારતી વખતે ઉત્તર અને પૂર્વદિશામાં પૂંઠ ન કરવી. તથા પવનની દિશાને ગામને, અને સૂર્યને પૂંઠ ન કરવી. છાયા પડતી હોય ત્યાં આગળ સ્થંડિલ કરવો. ત્રણ વખત સ્થંડિલ ભૂમિને પ્રમાર્જી પડિલેહીને સ્થંડિલ માટે બેસે. ઠલ્લે જવાની વિધિ આ પ્રમાણે છે કે,

સાધુ ઠલ્લે જવા માટે એકલો, ઝડપથી નહીં એટલે ધીમે ધીમે વિકથા કર્યા વગર જાય. પછી બેસીને ગુદા સાફ કરવા માટે ઇંટ વગેરેના ટૂકડા લે. પછી કીડી વગેરેની રક્ષા માટે તે ટૂકડાઓને ખંખેરે. પછી ઊભો થઈ નિર્દોષ સ્થંડિલ ભૂમિએ જઇ ઉપર નીચે અને તિરછુ એટલે ચારેબાજુ જુએ તેમાં વૃક્ષ કે પર્વત ઉપર કોઈ છે કે નહીં ? તે જોવા ઉપર જુવે. ખાડો બિલ (દર) વગેરે ને જોવા નીચે જુવે. જતા આવતા કે આરામ કરતા વગેરેને જોવા માટે તિર્છું જોવે. જો ગૃહસ્થનો અભાવ હોય તો સંડાસાને પૂંજી, જોયેલી પ્રમાર્જન કરેલી નિર્દોષ ભૂમિ પર સ્થંડિલ કરે. તથા જે માલિક હોય તેની રજા લઇ એટલે અણુજાણહ જસ્સુગ્ગહો કહી સ્થંડિલ કરે અને ગુદા સાફ કરે.

**उत्तरपुव्वा पुज्जा जम्माएँ निसायरा अहिपडंति ।**
**घाणारिसा य पवणे सूरियगामे अवन्नो उ ॥७८७॥**

**ઉત્તર અને પૂર્વ દિશા પૂજ્ય હોવાથી તેને પૂંઠ કરવી નહીં. રાત્રે દક્ષિણ દિશામાંથી રાક્ષસો આવે છે, માટે રાત્રે દક્ષિણ દિશામાં પૂંઠ ન કરવી. પવનની દિશામાં પૂંઠ કરવાથી નાકમાં મસા થાય. સૂર્ય અને ગામને પૂંઠ કરવાથી નિંદા થાય છે.**

ઉત્તર દિશા અને પૂર્વ દિશા લોકમાં પૂજાય છે. તેથી પૂંઠ કરવાથી લોકમાં નિંદા થાય છે. અથવા કોઇક વાણવ્યંતર વગેરેનો કોપ થાય. જેથી મરણ પણ થાય. માટે દિવસે કે રાત્રે પૂર્વ અને ઉત્તર દિશામાં પૂંઠ વર્જે.

દક્ષિણ દિશામાંથી રાત્રે પિશાચ વગેરે નિશાચરો ઉત્તર દિશા તરફ આવતા હોય છે. માટે રાત્રે દક્ષિણ દિશામાં પૂંઠ ન કરવી. કહ્યું છે કે 'દિવસે ઉત્તર પૂર્વ તરફ સ્થંડિલ માત્રુ કરે. રાત્રીમાં દક્ષિણ દિશા તરફ કરે જેથી આયુષ્યની હાનિ ન થાય.'

પવનની દિશામાં પૂંઠ કરવાથી અશુભગંધ સુંઘાય છે. અને તેના કારણે નાકમાં મસા થાય છે અને લોકમાં મશ્કરી થાય કે 'આ સાધુ વિષ્ટા સુંઘનારા છે' માટે પવનની દિશાને પૂંઠ ન કરવી

સૂર્ય અને ગામને પૂંઠ કરવાથી લોકમાં આ પ્રમાણે નિંદા થાય કે 'આ લોકો કશુંય જાણતા નથી કે 'લોકને પ્રકાશિત કરનાર સૂર્યને તેમજ જે ગામમાં રહ્યા હોય તેને પુંઠ ન કરાય.' તેથી આ લોકો તે સૂર્યને–ગામને પૂંઠ કરે છે. માટે ગામને અને સૂર્યને પૂંઠ ન કરવી (૭૮૭)

**संसत्तग्गहणी पुण छायाए निग्गयाएँ वोसिरइ ।**
**छायाऽसइ उण्हंमिवि वोसिरिय मुहुत्तयं चिट्ठे ॥७८८॥**

**સંસક્તગ્રહણી એટલે જેના પેટમાં કૃમિ હોય, તે છાયામાં જ સ્થંડિલ કરે. જો છાયા ન હોય તો ગરમીમાં (તડકામાં) સ્થંડિલ કરી એક મુહૂર્ત એટલે ૪૮ મિનિટ ત્યાં ઊભો રહે.**

જેનું પેટ બેઇન્દ્રિય જીવવાળું હોય તે સંસક્તગ્રહણી કહેવાય એટલે જેના પેટમાં કરમીયા વગેરે જીવાતો હોય, તે બેઇન્દ્રિય જીવોની રક્ષા માટે ફળ ફૂલવાળા ઝાડની છાયા પડતી હોય ત્યાં સ્થંડિલ કરે. હવે જો મધ્યાહ્નકાળ હોય અને ઠલ્લે જવુ પડે તો ત્યારે છાયા ન પડતી હોવાથી તડકામાં પણ પોતાના શરીરની છાયા કરી ત્યાં સ્થંડિલ વોસિરાવે.

વોસિરાવી એક મુહૂર્ત એટલે થોડો ટાઇમ સુધી ત્યાં જ ઊભો રહે. જેથી એટલા સમયમાં પોતાની મેળે તે જીવો પરિણમી જાય એટલે મરણ પામે ત્યાં સુધી ઊભો રહે. જો ઊભો ન રહે તો તે જીવોને તડકાના કારણે ઘણી પીડા થાય. (૭૮૮)

હવે સ્થંડિલ કરતી વખતે પોતાના ઉપકરણો કયાં રાખે તે કહે છે.

**उवगरणं वामगजाणुगंमि मत्तो य दाहिणे हत्थे ।**
**तत्थऽन्नत्थ व पुंछे तिआयमणं अदूरंमि ॥७८९॥**

**ડાબા જાનુપર ઉપકરણો મૂકે, માત્રક એટલે પાણીનું પાત્ર જમણા હાથમાં રાખે ત્યાં આગળ કે બીજી જગ્યાએ માટીના ઢેફા વગેરે વડે ગુદા સાફ કરે અને નજીક જગ્યામાં પણ ત્રણ વખત પાણીથી સાફ કરે.**

ઉપકરણ એટલે દાંડો અને ઓઘો ડાબા સાથળ પર મૂકે અને જમણા હાથમાં માત્રક એટલે પાણીનું પાત્ર તથા ડાબા હાથમાં માટીના ઢેફા પકડે. સ્થંડિલ કર્યા પછી ત્યાં અથવા નજીકમાં બીજી જગ્યાએ માટીના ઢેફા વડે ગુદાને લૂછે. લૂછીને પછી ત્રણ

વખત પસલિ ( ખોબા ) વડે ગુદાને ચોખ્ખી કરે, કહ્યું છે કે 'तिहिं नावापूरएहिं आयमाइ मिल्लेवेइ' નાવા એટલે પસલી ખોબો સમજવું. તે આચમન ( ગુદા પ્રક્ષાલન ) પણ નજીકમાં કરે. જો દૂર જઈને કરે, તો નિંદા થાય કે કોઈક જોઈને વિચારે કે 'આ સાધુ ગુદા સાફ કર્યા વગર જ ગયો લાગે છે. (૭૮૯)

## ૧૦૭. દીક્ષાને અયોગ્ય અઢાર પુરુષ

**बाले १ वुड्ढे २ नपुंसे य ३, कीवे ४ जड्डे य ५ वाहिए ६ ।**
**तेणे ७ रायावगारी य ८, उम्मत्ते य ९ अदंसणे १० ॥७९०॥**
**दासे ११ दुट्ठे य १२ मूढे य १३, अणत्ते १४ जुंगिए इय १५ ।**
**ओबद्धए य १६ भयए १७, सेहनिप्फेडिया इय १८ ॥७९१॥**

**બાલ, વૃદ્ધ, નપુંસક, ક્લીબ, જડ, રોગી, ચોર, રાજાપકારી, ઉન્મત્ત, અંધ, દાસ, દુષ્ટ, મૂઢ, ઋણાર્ત એટલે દેવાદાર, નિંદિત, અવબદ્ધક એટલે પરતંત્ર, નોકર, શૈક્ષનિષ્ફેટિકા.–આ અઢાર પુરુષો સંયમને અયોગ્ય છે.**

**૧. બાલ :–** જન્મથી આરંભી આઠ વર્ષ સુધીનો અહીં બાળક ગણાય છે. તે ગર્ભમાં રહેલ નવ મહિના સાધિક પસાર થયેલ પણ આઠ વર્ષ સુધી દીક્ષા ન સ્વીકારી શકે. કારણ કે તથાસ્વભાવથી જ આઠ વર્ષથી નાની ઉંમરના જીવોને સર્વવિરતિ કે દેશવિરતિ સ્વીકારનો અભાવ હોય છે. કહ્યું છે કે ' એમનું જઘન્ય વય પ્રમાણ આઠ વર્ષનું છે. એમ વીતરાગ ભગવંતે કહેલ છે.

અન્ય આચાર્યો ગર્ભથી માંડી આઠ વર્ષની વયવાળાની દીક્ષા માને છે. નિશીથ-ચૂર્ણિમાં કહ્યું છે કે 'એક આદેશે (વિકલ્પે) ગર્ભથી માંડી આઠ વર્ષવાળાની દીક્ષા કહી છે.'

**પ્રશ્ન:–**આઠ વર્ષની દીક્ષામાં વજ્રસ્વામી ભગવંતમાં વિરોધ આવે છે. તેઓ છ માસના હતા તો પણ ભાવથી સર્વ સાવદ્ય વિરતિ સ્વીકારી હતી. એમ સંભળાય છે.' તે આ પ્રમાણે–' छम्मासियं छसु जयं माउए समन्नियं वंदे ' ' છ મહિનામાં જ છ જીવનિકાયમાં યતનાવંત વજ્રસ્વામિને તથા તેમની માતાને હું વંદન કરું છું." તો પછી આઠ વર્ષ પહેલા વિરતિના પરિણામ ન થાય એમ કેમ કહો છો ?

**ઉત્તર :** સાચી વાત છે. પરંતુ ભગવાન વજ્રસ્વામિને બાળવયમાં પણ ભાવથી જે ચારિત્રનો સ્વીકાર છે તે આશ્ચર્યરૂપ અને કદાચિત્ બનનારી ઘટના હોવાથી વ્યભિચાર આવતો નથી. પંચવસ્તુમાં કહ્યું છે કે,

तदधो परिहवखेत्तं न चरणभावोवि पायमेएसिं ।
आहच्चभावकहगं सुत्तं पुण होइनायव्वं ॥

આઠ વર્ષની નીચે રહેલા એટલે આઠ વર્ષથી ઓછી ઉંમરના મનુષ્યો પરાભવનું સ્થાન બને છે. અતિબાળક હોવાના કારણે જેવા તેવા માણસો દ્વારા પરાભવ પામે. તથા ચારિત્રના પરિણામ પ્રાયઃ કરી આઠવર્ષથી ઓછી ઉંમરનાને થતા નથી. જે छम्मासियं... वंदे' કહ્યું છે તે કદાચિત્ ભાવને કહેનારું સૂત્ર છે, એમ જાણવું.

તેથી આઠ વર્ષથી ઓછી ઉંમરના પરાભવનું કારણ થાય છે અને ચારિત્રના પરિણામનો અભાવ હોવાના કારણે તેમને દીક્ષા અપાતી નથી.

બીજું બાળકને દીક્ષા આપવાથી સંયમ વિરાધના વગેરે દોષો પણ થાય કારણ કે તે લોખંડના ગોળા સમાન જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં અજ્ઞાનતાના કારણે છજીવનિકાયની વિરાધના કરનારો થાય છે. તથા લોકોમાં નિંદા થાય કે 'આ સાધુઓ દયા વગરના છે. આ બાળકને દીક્ષારૂપી જેલમાં બળાત્કારથી નાંખીને એની સ્વતંત્રતાને હણી નાખે છે.' માતાની જેમ બાળકની સરભરા કરવાથી મહાત્માઓને સ્વાધ્યાયનો વ્યાઘાત થાય છે.

**૨. વૃદ્ધ :–** સીત્તેર વર્ષથી ઉપરની ઉંમરના વૃદ્ધ કહેવાય છે. બીજા આચાર્યો કહે છે કે, સીત્તેર વર્ષ પહેલા પણ જો ઇન્દ્રિય વગેરેની હાનિ થઈ હોય તો સાંઇઠ (૬૦) વર્ષની ઉપરનો પણ વૃદ્ધ કહેવાય છે. તેથી સંયમને યોગ્ય નથી કારણ કે, તેમના મનનું સમાધાન વગેરે કરવું કઠિન હોય છે. કહ્યું છે કે,

'વૃદ્ધ માણુસ ઊંચુ આસન ઇચ્છે છે. વિનય કરતો નથી. અભિમાન ધારણ કરે છે માટે વાસુદેવને ત્યાં ઉત્પન્ન થયેલ હોય તો પણ ઘરડાને દીક્ષા ન આપવી.' આ વય મર્યાદા સો વર્ષના આયુષ્યની અપેક્ષાએ જાણવી. બાકી તો જે કાળમાં જેટલું ઉત્કૃષ્ટ આયુષ્ય હોય છે, તેના દશ ભાગ કરી આઠ, નવ, દશમા ભાગમાં રહેલા વૃદ્ધ કહેવાય છે.

**૩. નપુંસક :** સ્ત્રી–પુરુષ બંને ભોગવવાની ઇચ્છાવાળો પુરુષાકારનો પુરુષ નપુંસક કહેવાય. તે ઘણા દોષોને કરનારો હોવાથી દીક્ષા આપવા માટે યોગ્ય નથી.

'बाले वुड्ढे य थेरेयं' (બાલ, વૃદ્ધ અને સ્થવિર) એ પ્રમાણેનો પાઠ નિશીથ વગેરે આગમોમાં દેખાતો નથી. તે અપેક્ષાએ નિશીથસૂત્રમાં ઉપેક્ષા કરવામાં આવી છે.

**૪. ક્લીબ :-** સ્ત્રીના ભોગ માટે આમંત્રણ મળવાથી કે વસ્ત્રવિહીન સ્ત્રીના અંગોપાંગ જોઈને અથવા તેનો અવાજ સાંભળીને કે કામપ્રેરક તેનો વાર્તાલાપ સાંભળી ઉત્પન્ન થયેલી કામેચ્છાને જ સહન ન કરી શકે, તે પુરુષાકારવાળો પુરુષ ક્લીબ છે. તે પણ પુરુષવેદના અતિ ઉત્કૃષ્ટ વેદોદયવાળો હોવાથી બળાત્કારે સ્ત્રીને આલિંગન વગેરે કરે તો શાસનની અપભ્રાજના કરાવનાર હોવાથી દીક્ષા માટે અયોગ્ય જ છે.

**૫. જડ :–** જડ ત્રણ પ્રકારે છે. (૧) ભાષાજડ, (૨) શરીરજડ અને (૩) કરણજડ. (૧) ભાષાજ ડત્રણ પ્રકારે છે. (૧) જલમૂક (૨) મન્મનમૂક. (૩) એલકમૂક.

૧. પાણીમાં ડૂબેલાની જેમ જે બડબડ કરતો બોલતો હોય, તે જલમૂક છે.

૨. જે બોલતા વારંવાર ખચકાતો હોય એમ અટકી અટકીને બોલતો હોય, તે મન્મનમૂક.

૩. મુંગો હોવાના કારણે જે બકરાની જેમ ફક્ત અવાજ જ કાઢી શકે, તે એલકમૂક.

૨. જે માર્ગમાં, ભિક્ષા વગેરે ફરવા માટે કે વંદન વગેરે ક્રિયાઓ કરવા માટે શરીરની સ્થૂળતા (જાડાઇ) ના કારણે અસમર્થ હોય તે શરીરજડ.

૩. કરણજડ :– કરણ એટલે ક્રિયા. એમાં જે જડ તે કરણજડ. સમિતિ, ગુપ્તિ, પ્રતિક્રમણ, પડિલેહણ, વગેરે સંયમ પાલનરૂપ ક્રિયાઓને વારંવાર શીખવવા છતાં પણ, જે અતિ જડ હોવાના કારણે તે ક્રિયાઓ શીખી ન શકે, તે કરણજડ.

આમાં ત્રણે પ્રકારના ભાષાજડ જ્ઞાનગ્રહણ કરવામાં અસમર્થ હોવાથી દીક્ષિત કરાતા નથી. શરીરજડ બહાર જવા આવવામાં, આહારપાણી લાવવામાં અસમર્થ હોય છે. તથા અતિજડ (અતિ સ્થૂળ) હોવાના કારણે પરસેવાથી બગલ વગેરેમાં કહોવાટ થાય તેને પાણી વડે ધોવા વગેરે કરવાથી કીડી વગેરે જીવો ભિંજાય છે, તેથી સંયમ વિરાધના થાય છે. તથા લોકો નિંદા કરે કે 'અહો આ ઘણું ખાનારો છે. નહીં તો આ સાધુનું શરીર આટલું જાડું શી રીતે હોય ? ખરેખર તે ખાવાનો અત્યંત લોલુપ છે.' તથા તે જાડા માણસને ચાલતા શ્વાસ થતો હોય છે. સાપ નીકળે કે આગ લાગે અને તે નજીક આવે ત્યારે ભારે શરીરના કારણે દૂર ન ખસી શકે. માટે એને દીક્ષા ન આપવી.

કરણજડ સમિતિ ગુપ્તિના આચારો શીખવવા છતાં તે શીખી શકતો ન હોવાથી તેને દીક્ષા ન આપવી.

**૬. રોગી** :– ભગંદર, અતિસાર, (ઝાડા) કોઢ, પ્લીહા એટલે બરોળનો રોગ, કાર્શ્ય એટલે અતિ દુબળાપણું, દમ, તાવ, વગેરે રોગોથી ઘેરાયેલ હોય તે રોગી દીક્ષાને અયોગ્ય છે. કારણ કે તેની ચિકિત્સા કરવામાં ષડ્જીવનિકાયની વિરાધના તથા સ્વાધ્યાય હાનિ થાય છે.

**૭. ચોર** :– ખાતર પાડવું, ખોદવું, માર્ગમાં લૂંટવું વગેરે ચોરીના કામમાં જોડાયેલ હોય તે ચોર. તે સમુદાયને વધ, બંધન, માર પડવો વગેરે જુદા જુદા પ્રકારના અનર્થના કારણરૂપ હોવાથી દીક્ષાને અયોગ્ય જ છે.

**૮. રાજાપકારી–રાજદ્રોહી** :– રાજભંડાર, અંતઃપુર (રાણીવાસ), રાજાનું શરીર કે રાજકુમાર વગેરેનો દ્રોહ કરનારો રાજાપકારી કહેવાય. તેને દીક્ષા આપવાથી ગુસ્સે થયેલા રાજા, મારે, કૂટે, દેશનિકાલ કરે વગેરે દોષો થાય છે.

**૯. ઉન્મત્ત :–** ઉન્મત્ત એટલે યક્ષ, ભૂત, પ્રેત વગેરે દ્વારા કે પ્રબલ મોહના ઉદયથી પરવશ થયેલ હોય તે ઉન્મત્ત. તે દીક્ષાને અયોગ્ય છે. તેને દીક્ષા આપવાથી ભૂત, પ્રેત વગેરેનો ઉપદ્રવ થવાનો સંભવહોવાથી સ્વાધ્યાય, ધ્યાન, સંયમ વગેરેની હાનિ થવાની શક્યતા છે.

**૧૦. અદર્શનીય–અંધ :–** જેને દર્શન એટલે દૃષ્ટિ (આંખ) ન હોય તે અદર્શની એટલે અંધ.

અહીં થીણદ્ધિ નિદ્રાના ઉદયવાળાને પણ લેવો કેમ કે દર્શન એટલે સમ્યક્ત્વ તે જેને ન હોય તે અદર્શન–એ વ્યુત્પત્તિથી થીણદ્ધિ નિદ્રાવાળાને પણ લેવા. આંધળાને દીક્ષા આપવાથી આંખ ન હોવાના કારણે ગમે ત્યાં ફરતા છજીવનિકાયને વિરાધે, વિષમ ખીલા, કાંટા વગેરે પર પડવાથી વાગે.

દ્વેષી થયેલ થીણદ્ધિ નિદ્રાવાળો ગૃહસ્થને કે સાધુ વગેરેને મારવા વગેરે ઉપદ્રવ કરે.

**૧૧. દાસ :–** ઘરની દાસીથી ઉત્પન્ન થયેલ અથવા દુષ્કાળ વગેરેમાં પૈસા વગેરેથી ખરીદેલ ગુલામ તથા દેવા વગેરેના કારણે પકડેલ હોય, તે દાસ કહેવાય છે. તે દાસને દીક્ષા આપવાથી તેનો માલિક દીક્ષા છોડાવે વગેરે દોષો થાય.

**૧૨. દુષ્ટ :–** દુષ્ટ બે પ્રકારે છે. (૧) કષાયદુષ્ટ, (૨) વિષયદુષ્ટ.

(૧) તેમાં ગુરુએ સરસવની ભાજીના ભજીયા લીધા તે હકીકતથી ગુસ્સે થયેલ સાધુ વગેરેની જેમ [1]ઉત્કટ કષાયવાન, તે કષાયદુષ્ટ.

(૨) પરસ્ત્રી વગેરેના ભોગોમાં અતિ આસક્ત હોય, તે વિષયદુષ્ટ. તે અતિસંક્લિષ્ટ અધ્યવસાયવાળો હોવાથી દીક્ષાને અયોગ્ય છે.

**૧૩. મૂઢ :–** સ્નેહથી કે અજ્ઞાનતા વગેરે પરતંત્રતાના કારણે યથાવસ્થિત વસ્તુના જ્ઞાનથી શૂન્ય મનવાળો તે મૂઢ કહેવાય. કારણ કે જિનશાસનની દીક્ષાનું મૂળ જ્ઞાન અને વિવેક છે. મૂઢ અજ્ઞાનના કારણે તથા કાર્યાકાર્યના વિવેક રહિત હોવાથી અયોગ્ય છે.

---

૧. એક સાધુ ગોચરીમાં મસાલેદાર ભજીયા લાવ્યો અને તેના ઉપર એને અતિગૃદ્ધિ હતી. ગુરુ પાસે લઈ ગયો. ગુરુએ સહજભાવે બધા ભજીયા વાપરી લીધા. તેથી સાધુને અતિક્રોધ આવ્યો. ગુરુએ ખમાવ્યા છતાં પણ શાંત થયો નહિ અને તમારા દાંત ભાંગી નાખુ એમ કહ્યું એટલે ગુરુને થયું કે આ મને અસમાધિથી મારી નાખશે એમ માનીને, પોતાના સ્થાને બીજા આચાર્યને સ્થાપીને, બીજા ગચ્છમાં જઈને અનશન સ્વીકારી લીધું; પછી તે સાધુએ પૂછ્યું કે "ગુરુ ક્યાં ગયા ?"

બીજા સાધુઓએ જવાબ ન આપ્યો. બીજા પાસેથી સાંભળીને જ્યાં ગુરુ ગયા હતા ત્યાં ગયો. ત્યાં રહેલા સાધુઓએ કહ્યું કે, આજે જ કાળધર્મ પામ્યા ને શબ પરઠવી દીધું. તે વખતે તે સાધુએ પૂછ્યું કે તેમનું શરીર ક્યાં છે ? ગુરુએ પૂર્વે કહેલા ચિન્હોથી તેઓએ આ તે પાપી છે એમ ઓળખી લીધો અને પૂછ્યું કે, તું શરીરને શું કરીશ ? તેણે કહ્યું તેમનું શરીર જોઈશ. તેઓએ શરીર ક્યાં પરઠવ્યુ તે બતાવ્યું આ સાધુ શું કરશે ? એમ ગુપ્ત સ્થાનમાં રહેલા તે સાધુઓ તેને જોવે છે.ગોળ પત્થરથી શબના દાંતને તોડતા કહે છે કે "સાસણવાલ (સરસવના ભજીયા) ખાવા છે ને ?

આમ કષાય દુષ્ટ આત્માનું દૃષ્ટાંત જણાવ્યું.

**૧૪. દેવાદાર :–** જેને રાજા, વેપારી વગેરેનાં સોના વગેરેનું દેવું હોય તે દેવાદાર (ઋણાર્ત) કહેવાય. તેને દીક્ષા આપવાથી રાજા વગેરે દ્વારા પકડવા, બાંધવા વગેરેનો ઉપદ્રવ થાય.

**૧૫. જુંગિત :–** જાતિ, કર્મ અને શરીર વગેરે વડે દૂષિત થયેલ હોય, તે જુંગિત કહેવાય. જે ચમાર, કોળી, સૂચિક બરૂડ, હરિજન (ભંગી) છીપા, વગેરે અસ્પૃશ્યો, તે જાતિ જુંગિત કહેવાય.

(૨) સ્પૃશ્યોમાં પણ જે સ્ત્રી એટલે વેશ્યા, મોર, કૂકડા, પોપટ વગેરેના પોષક તથા વાંસ, દોરડા પર ચડનારા, નાચનારા નટ, નખને ધોનારા, સૌકરિકત્વ (કસાય, ચંડાળ), જાળ વડે પક્ષી વગેરેને પકડનાર વાગુરિક વગેરે નિંદિત કામને કરનારા કર્મ જુંગિત છે.

(૩) હાથ, પગ, કાન રહિત તથા પાંગળો, કૂબડો, વામન એટલે વેંતિયો, કાણો વગેરે શરીરજુંગિત છે.

આ જુંગિતો દીક્ષાને અયોગ્ય છે. કારણ કે લોકમાં નિંદાનો સંભવ છે.

**૧૬. અવબદ્ધ :–** પૈસા લેવાપૂર્વક અથવા વિદ્યા વગેરે ભણવા માટે 'હું આટલા દિવસ તમારો આશ્રિત છું.' એ પ્રમાણે પોતાની જાતને બીજાને પરાધીન કરી હોય, વેચી હોય, તે અવબદ્ધ કહેવાય. કલહ વગેરેના કારણે તે પણ દીક્ષાને અયોગ્ય છે.

**૧૭. ભૃતક (નોકર) :–** રૂપિયા વગેરેની રોજી (પગાર)પૂર્વક ધનવાનોના ઘરે દિવસ, માસ વગેરેની કબૂલાતપૂર્વક તેના હુકમનું પાલન કરનાર તે ભૃતક એટલે નોકર કહેવાય. તે નોકર દીક્ષાને યોગ્ય નથી. કેમકે તેને દીક્ષા આપવાથી જેનો એ પગાર લે છે, તેને સાધુ પ્રત્યે ઘણીજ અપ્રીતિ થાય.

**૧૮. શૈક્ષનિષ્ફેટિકા :–** શૈક્ષ એટલે દીક્ષા આપવા યોગ્ય જે વ્યક્તિ, નિષ્ફેટિકા એટલે અપહરણ. એટલે માતા પિતા વગેરેની રજા ન મળી હોવા છતાં શિષ્યને ઉપાડી જઈ દીક્ષા આપવાની ઇચ્છા કરે તે શૈક્ષનિષ્ફેટિકા. તે શૈક્ષનિષ્ફેટિક પણ દીક્ષાને યોગ્ય નથી કારણ કે માતા પિતા વગેરેને કર્મબંધનો સંભવ તથા અદત્તાદાન વગેરે દોષનો સંભવ છે.

એ પ્રમાણે પુરુષના પુરુષાકારના અઢારે ભેદો દીક્ષાને અયોગ્ય છે. (૭૯૦–૭૯૧)

## ૧૦૮ દીક્ષાને અયોગ્ય વીસ પ્રકારની સ્ત્રી

**जे अट्ठारस भेया पुरिसस्स तहित्थियाएँ ते चेव ।**
**गुव्विणी १ सबालवच्छा २ दुन्नि इमे हुंति अन्नेवि ॥७९२॥**

જે પુરુષોમાં અઢાર ભેદો દીક્ષાને અયોગ્ય કહ્યા તે જ પ્રમાણે અઢાર સ્ત્રીઓમાં પણ જાણવા. એટલે દીક્ષા અયોગ્ય બાળ વગેરે જે અઢારભેદો પુરુષાકારવાળા પુરુષોને કહ્યા છે, તે જ ભેદો સ્ત્રી આકારવાળી સ્ત્રીઓને પણ જાણવા. તે ઉપરાંત બીજા પણ બે ભેદો આ પ્રમાણે છે.

(૧) ગુર્વિણી એટલે ગર્ભવતી

(૨) સ્તનપાન કરતા બાળયુક્ત જે હોય તે સબાલવત્સા કહેવાય. એમ કુલ્લે સ્ત્રીના વીસ ભેદો દીક્ષાને અયોગ્ય છે. આ બધામાં જે દોષો છે તે આગળ પ્રમાણે જાણવા. (૭૯૨)

## ૧૦૯ દીક્ષાને અયોગ્ય દશ પ્રકારના નપુંસક

**पंडए १ वाइए २ कीवे ३, कुंभी ४ ईसालुयत्ति य ५ ।**
**सउणी ६ तक्कमसेवी ७ य, पक्खियापक्खिए ८ इय ॥७९३॥**
**सोगंधिए य ९ आसत्ते १०, दस एते नपुंसगा ।**
**संकिलिट्ठित्ति साहूणं पव्वावेउं अकप्पिया ॥७९४॥**

પંડક, વાતિક, ક્લીબ, કુંભી, ઈર્ષ્યાલુ, શકુનિ, તત્કર્મસેવી, પાક્ષિકાપાક્ષિક, સૌગંધિક, આસક્ત, આ દશ નપુંસકો અતિસંક્લિષ્ટ ચિત્તવાળા હોવાથી દીક્ષા આપવા માટે અયોગ્ય છે. નગરના મહા દાવાનલ સમાન કામના અધ્યવસાયથી યુક્ત હોવાથી સ્ત્રી–પુરુષની સેવાને આશ્રયીને આ સર્વેનું સામાન્યથી સંક્લિષ્ટપણું જાણવું. આ નપુંસકો સ્ત્રી પુરુષ બંનેને સેવનારા હોય છે.

**૧ પંડક :** ૧. સ્ત્રી સ્વભાવ, ૨. અવાજ ભેદ, ૩. વર્ણભેદ, ૪. મોટું લિંગ, ૫. વાણી ૬. અવાજ સાથે ફીણ વગરનો પેશાબ–આ છ પંડક નપુંસકના લક્ષણો છે.

પુરુષાકારવાળો હોવા છતાં સ્ત્રીના જેવા સ્વભાવવાળો હોય–એ પહેલું નપુંસકનું લક્ષણ છે. તે આ પ્રમાણે: શિથિલ ગતિએ ચાલે, આકુલ વ્યાકુલ પગલે ધીમી ગતિએ ચાલે. હંમેશા શંકાવાળો પાછળ જોતો ચાલે. શરીર ઠંડુ અને કોમળ હોય. સ્ત્રીની જેમ વારંવાર તાળીઓ પાડે, સ્ત્રીની જેમ ડાબા હાથની હથેળી સવળી પેટ ઉપર રાખીને તેમાં જમણા હાથની કોણી ઠેરવીને જમણા હાથની હથેળીમાં મુખ ગોઠવીને ભુજાને ઉછાળતો બોલે. વારંવાર કમ્મર પર હાથ મૂકે. વસ્ત્ર ન હોય ત્યારે સ્ત્રીની જેમ બે હાથ વડે છાતીને ઢાંકે, બોલતી વખતે વારંવાર આશ્ચર્યપૂર્વક બે ભમરોને વાંકી ફેંકે, કટાક્ષ ફેંકે, વાળ ઓળવા, વસ્ત્ર પહેરવા વગેરે સ્ત્રીની જેમ કરે અને સ્ત્રીના દાગીના પહેરવા વધુ ગમે. સ્નાન વગેરે એકાંતમાં કરે. પુરુષોની (સભામાં) વચ્ચે ભય

સહિત રહે. સ્ત્રીઓની વચ્ચે નિઃશંકપણે બેસે. સ્ત્રીયોગ્ય રાંધવું, ખાંડવું, દળવું વગેરે કામો કરે તે સ્ત્રી સ્વભાવવાળો નપુંસક હોય.

૨–૩ સ્વર એટલે અવાજ અને વર્ણ એટલે શરીર સંબંધી રંગ અને ઉપલક્ષણથી ગંધ, રસ, સ્પર્શ વગેરે સ્ત્રી પુરુષથી જુદા પ્રકારના જ હોય છે.

૪ મેહન એટલે પુરુષ ચિહ્ન મોટું હોય છે.

૫ વાણી સ્ત્રી જેવી કોમળ હોય છે.

૬ સ્ત્રીની જેમ પેશાબ અવાજ સાથે ફીણ વગરનો હોય છે. આ લક્ષણો નપુંસકના હોય છે.

**૨ વાત્તિક :–** વાયુ જેને હોય, તે વાતિક (વાયુની પ્રકૃતિવાળો) જે પોતાના નિમિત્તે કે બીજી રીતે લિંગ સ્તબ્ધ થયે છતે વિકાર થતાં સ્ત્રીભોગ કર્યા વગર વેદોદયને રોકવા સમર્થ થતો નથી.

**૩. ક્લીબ :–** ક્લીબ એટલે અસમર્થ. તે ચાર પ્રકારે છે. ૧ દૃષ્ટિ, ૨ શબ્દ, ૩ આશ્લેષ, ૪ નિમંત્રણા.

૧. જે સ્ત્રીને વસ્ત્રરહિત જોઈને ક્ષોભ પામે તે દૃષ્ટિક્લીબ છે.

૨. જે સ્ત્રીનો અવાજ સાંભળી ક્ષોભ પામે તે શબ્દક્લીબ.

૩. જે સ્ત્રીએ આલિંગન આપવાથી કે નિમંત્રણ કરવાથી પોતાના વ્રતને રક્ષી ન શકે તે ૩ આશ્લિષ્ટક્લીબ અને

૪ નિમંત્રિતક્લીબ છે.

**૪ કુંભી :–** વેદમોહનીયની ઉત્કટતાના કારણે જેના પુંચિહ્ન કે અણ્ડકોષ કુંભની જેમ ઉત્સૂન–સ્તબ્ધ થાય છે તે કુંભી.

**૫. ઇર્ષ્યાલુ :–** સ્ત્રીને સેવાતી જોઈ જેને ઘણી ઈર્ષ્યા પેદા થાય તે ઈર્ષ્યાલુ.

**૬. શકુનિ :–** શકુનિ એટલે પક્ષી ચકલાની જેમ વારંવાર અતિ વેદની ઉત્કટતાના કારણે સ્ત્રીભોગમાં આસક્ત હોય તે શકુનિ.

**૭. તત્કર્મસેવી :–**મૈથુન સેવ્યા પછી વીર્યપાત થવા છતાં વેદની ઉત્કટતાના કારણે કૂતરાની જેમ જીભથી ચાટવું વગેરે નિંદનીય કામ કરી જે પોતાને સુખી માને તે તત્કર્મસેવી.

**૮. પાક્ષિકાપાક્ષિક :–** જેને શુક્લપક્ષમાં અતિવેદોદય હોય અને કૃષ્ણપક્ષમાં અલ્પ હોય, તે પાક્ષિકાપાક્ષિક.

**૯. સૌગંધિક :–** જે પોતાના લિંગને સુગંધી માની સુંઘે તે સૌગંધિક કહેવાય.

**૧૦. આસક્ત :–** જે વીર્ય સ્ખલન પછી સ્ત્રીને ભેટી તેના બગલલિંગ વગેરે અંગોમાં પ્રવેશીને (સ્વઅંગો લગાડીને) રહે તે આસક્ત કહેવાય. આ પંડક વગેરેની ઓળખાણ તેઓના કે તેમના મિત્ર વગેરેના કહેવાથી થાય છે.

**પ્રશ્ન** :– પુરુષોમાં નપુંસક કહ્યા છે અને અહિં પણ નપુંસક કહ્યા છે તો તે બેમાં શો ફરક છે ?

**ઉત્તર** :– ત્યાં આગળ પુરુષાકારનું ગ્રહણ કર્યું છે અને અહિં નપુંસકાકારનું. નિશીથચૂર્ણિમાં કહ્યું છે.

**પ્રશ્ન**–:અહિં દશ નપુંસકો કહ્યા છે, તે પુરુષોમાંજ નપુંસક દ્વારમાંકહ્યા છે અને જે પુરુષોમાં કહ્યા છે, તે જ અહિં પણ કહ્યા છે તો કયો ભેદ છે?

**જવાબ** –: ત્યાં પુરુષાકૃતિનું ગ્રહણ છે. અહિં બાકીના બધાનું ગ્રહણ છે. એ પ્રમાણે સ્ત્રીઓમાં પણ જાણવું.

**પ્રશ્ન** :– આગમોમાં તો નપુંસકો સોળ પ્રકારે કહ્યા છે, તો અહિં દશ પ્રકારે કેમ કહ્યા છે ?

**ઉત્તર** :– સાચી વાત છે. પણ તે સોળ ભેદમાંથી દશ જ ભેદો દીક્ષાને અયોગ્ય છે. તેથી તે જ દશ ભેદો કહ્યા છે. બાકીના છ ભેદો દીક્ષાને યોગ્ય છે. તથા કહ્યું છે કે, ૧. વધિત, ૨ ચિપ્પિત, ૩ મંત્રોપહત, ૪ ઔષધિઉપહત, ૫ ઋષિશપ્ત, ૬ દેવશપ્ત નપુંસકોને દીક્ષા અપાય.

૧ ભવિષ્યમાં રાજાના અંતઃપુરના રક્ષક તરીકેના પદ વગેરે મેળવવા માટે જેને બાળપણમાં છેદ કરી બે અંડગોળીઓ ગાળી નાંખે, તેને વર્દ્ધિતક કહેવાય.

૨ જન્મતા અંગુઠા અને આંગળી વડે જેના અંડકોષ ગોળીને–મસળી નાંખીને ઓગાળી નાખે તે ચિપ્પિત. આ પ્રમાણે કરવાથી આ બંનેને નપુંસકવેદનો ઉદય થાય છે.

૩–૪ કોઈકને મંત્રપ્રયોગ કે ઔષધિપ્રયોગના પ્રભાવથી પુરુષવેદ અથવા સ્ત્રીવેદ નષ્ટ થવાથી નપુંસકવેદનો ઉદય થાય છે.

૫ કોઈકને ઋષિના શ્રાપથી એટલે 'મારા તપના પ્રભાવથી આ નપુંસક થઈ જાઓ' એવા પ્રકારના શ્રાપથી નપુંસક થયેલ હોય તે.

૬ કોઇકને દેવના શ્રાપથી નપુસકવેદનો ઉદય થાય છે. આ છ નપુંસકોને નિશીથમાં કહેલ વિશેષ લક્ષણ હોય તો દીક્ષા અપાય. (૭૯૩–૭૯૪)

## ૧૧૦ દીક્ષાને અયોગ્ય વિકલાંગ

**हत्थे पाए कन्ने नासा उट्ठे विवज्जिए चेव ।**
**वामणगवडभखुज्जा पंगुलकुंटा य काणा य ॥७९५॥**
**पच्छावि होंति विगला आयरियत्तं न कप्पए तेसिं ।**
**सीसो ठावेयव्वो काणगमहिसोव निम्मंमि ॥७९६॥**

**હાથ, પગ, કાન, નાક, હોઠ વગરના, વામનક, વડભ, કુબ્જ= કુબડા, પંગુ, ઠૂંઠા અને કાણા હોય તે દીક્ષાને અયોગ્ય છે.**

**દીક્ષા લીધા પછી જો વિકલાંગ થાય તો આચાર્યપદ તેમને ન અપાય. આચાર્ય જો વિકલાંગ થાય, તો તેમની જગ્યાએ શિષ્યને સ્થાપે અને આચાર્ય કાણગ મહિષની જેમ ગુપ્ત સ્થાનમાં રહે.**

બે હાથ, બે પગ, બે કાન, નાક, હોઠ રહિત હોય તથા વામન એટલે હાથ-પગ વગેરે અવયવ હીન હોય એટલે પ્રમાણ કરતાં ટૂંકા હોય. વડભ એટલે પાછળ અથવા આગળ શરીરનો ભાગ-ખૂંધ નીકળેલ હોય. એક પડખાં વગરનો હોય તો કુબ્જ કહેવાય. ચાલવાની શક્તિ વગરના હોય તે પંગુ કહેવાય. હાથ વગરના હોય તે કુંટા-ઠૂંઠા કહેવાય. કાણા એટલે એક આંખવાળા હોય તે, આ બધાય શાસનની નિંદા વગેરે દોષના કારણરૂપ હોવાથી દીક્ષાને અયોગ્ય છે.

હવે દીક્ષા લીધા પછી, જેઓ વિકલાંગ થાય, તો શું કરે તે કહે છે. સાધુપણું લીધા પછી જેને આંખ વગેરે ફૂટી જવાથી વિકલાંગ થાય, તો તે આચાર્ય ગુણોથી યુક્ત હોય, તો પણ આચાર્ય પદવી પ્રવચન હીલનાના કારણે ન અપાય.

આચાર્ય પદવી લીધા પછી વિકલાંગ થાય, તો તેમને આચાર્ય પદવી રાખવી ન ખપે. પરંતુ તે વિકલાંગ આચાર્ય જાતે જ પોતાના પદે આકૃતિ વગેરે ગુણોના સમૂહથી પ્રશસ્ય શિષ્યને આચાર્યપદે સ્થાપે અને પોતે ગુપ્ત સ્થાનમાં કાણુક મહિષની જેમ રહે.

કાણુક એટલે ચોરાયેલ (ચોરેલ) કહેવાય છે. જેમ ચોરેલ પાડાને કોઇ ન જોઈ જાય તે માટે ગામ કે નગરની બહાર નીચા પ્રદેશમાં અથવા અતિગુપ્ત સ્થાનમાં રાખે કે અતિ ગહનવનમાં રાખે. તેમ વિકલાંગ આચાર્ય પણ અતિગુપ્ત સ્થાનમાં રહે. ન રહે તો પ્રવચન હીલનાનો પ્રસંગ, જિનઆજ્ઞાભંગનો દોષ થાય. એ આચાર્યનું જે કંઈ પણ કામકાજ હોય તે બધું સ્થવિરો કરે. (૭૯૬)

## ૧૧૧ કેટલા મૂલ્યવાળુ વસ્ત્ર સાધુને કલ્પે

**मुल्लजुयं पुण तिविहं जहन्नयं मज्झिमं च उक्कोसं ।**
**जहन्नेणऽट्ठारसगं सयसाहस्सं च उक्कोसं ॥७९७॥**

મૂલ્યવાળું વસ્ત્ર ત્રણ પ્રકારે છે. (૧) જઘન્ય, (૨) મધ્યમ અને (૩) ઉત્કૃષ્ટ.

૧. તેમાં જઘન્યમૂલ્ય અઢાર (૧૮) રૂપિયા જેનું હોય તે વસ્ત્ર. તે જઘન્યમૂલ્ય-યુક્ત વસ્ત્ર કહેવાય.

સો હજાર એટલે લાખ રૂપિયા પ્રમાણ મૂલ્યવાળું વસ્ત્ર ઉત્કૃષ્ટ મૂલ્યયુક્ત વસ્ત્ર કહેવાય.

બાકીનું જઘન્ય, ઉત્કૃષ્ટ વચ્ચેનું મધ્યમ મૂલ્ય વસ્ત્ર કહેવાય.

આ ત્રણે મૂલ્યવાળું વસ્ત્ર સાધુને લેવું ન કલ્પે પરંતુ આમાંથી અઢાર ૧૮ રૂપિયા પ્રમાણવાળા મૂલ્યથી ન્યૂન મૂલ્યવાળું વસ્ત્ર ખપે. પંચકલ્પ બૃહદ્ભાષ્યમાં કહ્યું છે કે, 'અઢાર રૂપિયાથી ન્યૂન મૂલ્યવાળા વસ્ત્રગ્રહણની અનુજ્ઞા સાધુને મલી છે. એ સિવાયના વસ્ત્રની સાધુને અનુજ્ઞા નથી. (૭૯૭)

**રૂપિયાનું પ્રમાણ :–**

**दो साभरगा दीविच्चगा उ सो उत्तरावहो एक्को ।**
**दो उत्तरावहा पुण पाडलिपुत्तो हवइ एक्को ॥७९८॥**

**दो दक्खिणावहा वा कंचीए नेलओ स दुगुणो उ ।**
**एक्को कुसुमनगरओ तेण पमाणं इमं होइ ॥७९९॥**

'સાભરક' એટલે રૂપિયો. જે દ્વીપ સ્થાન સંબંધી બે રૂપિયા વડે ઉત્તરાપથનો એક રૂપિયો થાય છે, તે સાભરક કહેવાય છે.

સુરાષ્ટ્ર (સૌરાષ્ટ્ર) મંડળમાં દક્ષિણ દિશામાં એક યોજન પ્રમાણ દરિયામાં ગયા પછી જે દ્વીપ આવે છે તે અહીં ગ્રહણ કરવું. ઉત્તરપથના બે રૂપિયા વડે પાટલીપુત્ર નગર સંબંધી એક રૂપિયો થાય છે. આ રૂપિયા વડે વસ્ત્રનું મૂલ્ય કરવું. (૭૯૮)

હવે બીજી રીતે રૂપિયાનું સ્વરૂપ કહે છે. દક્ષિણાપથના બે રૂપિયા મળવાથી કાંચી નગરનો એક નેલક રૂપિયો થાય છે. તે નેલક રૂપિયાને ડબ્બલ કરવાથી કુસુમનગર એટલે પાટલીપુત્રનો એક રૂપિયો થાય છે તે રૂપિયાવડે અઢાર રૂપિયા વગેરે મૂલ્ય પ્રમાણ જાણવું. (૭૯૯)

## ૧૧૨ શય્યાતરપિંડ

**सेज्जायरो पहू वा पहुसंदिट्ठो य होइ कायव्वो ।**
**एगो णेगे य पहू पहुसंदिट्ठेवि एमेव ॥८००॥**
**सागारियसंदिट्ठे एगमणेगे चउक्कभयणा उ ।**
**एगमणेगा वज्जा णेगेसु य ठावए एगं ॥८०१॥**

શય્યા એટલે સાધુને રહેવા માટે ઘર વિગેરે સ્થાન, તે શય્યા આપીને દુસ્તર એવા સંસાર સાગરને જે તરી જાય તે શય્યાતર. તે શય્યાતર બે પ્રકારે કરાય છે. (૧) પ્રભુ

એટલે સાધુને રહેવા માટે આપેલ ઉપાશ્રયનો માલિક. અથવા (૨) પ્રભુસંદિષ્ટ એટલે મકાનમાલિક વડે પ્રમાણરૂપે નિર્દેશ કરાયેલ વ્યક્તિ તે. આમાં પ્રભુ એટલે મકાનમાલિક એક પણ હોય,અનેક પણ હોય. એ પ્રમાણે પ્રભુ સંદિષ્ટ પણ એક હોય કે અનેકપણ હોય.

સાગારિક એટલે સાધુને આપેલ ઉપાશ્રયનો માલિક અને ઉપાશ્રયના માલિકે નિર્દેશ એટલે પ્રમાણરૂપે કરેલ શય્યાતરો તે પ્રભુસંદિષ્ટ કહેવાય, તે એક પણ હોય અથવા અનેક પણ હોય. તેથી તેની ચતુર્ભંગી થાય છે. તે આ પ્રમાણે. (૧) એક પ્રભુ અને એક પ્રભુસંદિષ્ટ, (૨) એક પ્રભુ અને અનેક પ્રભુસંદિષ્ટ, (૩) અનેક પ્રભુ એક પ્રભુસંદિષ્ટ, (૪) અનેક પ્રભુ અનેક પ્રભુસંદિષ્ટ. તે ચારભાંગાના શય્યાતરો એક હોય કે અનેક હોય તેનો ત્યાગ કરવો જોઇએ.

અહીં અપવાદ કહે છે. ઘણા શય્યાતરો હોય તો તેમાંથી કોઈ એકને અપવાદ માર્ગે સ્થાપી તેનો ત્યાગ કરે. આનો ભાવાર્થ એ છે કે,

કોઈ ઉપાશ્રય ઘણા લોકોની માલિકીવાળો સાધારણ મલ્યો હોય. ત્યારે સાધુ સામાચારીના જાણકાર શ્રાવકો જો એમ કહે કે કોઈ એકને શય્યાતરરૂપે સ્થાપો. બધાનો ત્યાગ ન કરો. ત્યારે એક માલિકને શય્યાતરરૂપે કરી બાકીના શય્યાતરોનાં ઘરે ગોચરી જાય. જો ત્યાં ઘણા સાધુઓ હોય અને બધાનો જો ગોચરીમાં નિર્વાહ થાય તો બધા માલિકને શય્યાતર કરે. જો બધાનું પૂરું ન થતું હોય, તો એકને શય્યાતર કરે. ભિક્ષા-ગ્રહણની વિધિ આ પ્રમાણે છે.

જો બે શય્યાતર (માલિક) હોય તો એકાંતરે એક એકને ત્યાં ભિક્ષાગ્રહણનો વારો આવે, ત્રણ શય્યાતર હોય, તો દર ત્રીજે દિવસે, ચાર હોય તો દર ચોથે દિવસે શય્યાતર થાય. એમ વારા પ્રમાણે ભિક્ષા ગ્રહણ કરે. (૮૦૦-૮૦૧)

### શય્યાતર ક્યારે થાય?

**अन्नत्थ वसेऊणं आवस्सग चरिममन्नहिं तु करे ।**
**दोन्निवि तरा भवंती सत्थाइसु अन्नहा भयणा ॥८०२॥**

**રાત્રે એક જગ્યાએ રહીને એટલે સૂઇને, ચરમ એટલે સવારનું પ્રતિ-ક્રમણ બીજી જગ્યાએ જઇ કરે, તો તે બંને શય્યાતર થાય. સાર્થ વગે-રેમાં અન્ય પ્રકારે શય્યાતરની ભજના છે.**

બીજા કોઇપણ સાર્થ કે ગામ વગેરેમાં રહીને એટલે રાત્રે સૂઇને સવારે ચરમ એટલે (રાઇય) પ્રાભાતિક પ્રતિક્રમણ બીજા સ્થાને જઇને કરે, તો બંને સ્થાનના માલિક શય્યાતર થાય છે. આનું તાત્પર્ય એ છે કે જે માલિકના ઘરમાં રાત્રે સૂતા હોય અને

સવારે રાઈય પ્રતિક્રમણ બીજા જેના મકાનમાં કર્યું હોય તે બંને શય્યાતર થાય છે. એવો પ્રસંગ સાર્થ વગેરેમાં જતી વખતે થાય છે. સાર્થ આદિ શબ્દથી ચોરનો ઉપદ્રવ, ભય વગેરે લેવું. બીજો પ્રકાર હોય ત્યારે શય્યાતરની ભજના:–બીજા વિકલ્પ છે. જેના ઘરે રહ્યા હોય, તે અથવા બીજો પણ શય્યાતર થાય છે. (૮૦૨)

**શય્યાતરની ભજના :–**

**जइ जग्गंति सुविहिया करेंति आवस्सयं तु अन्नत्थ ।**
**सिज्जायरो न होई सुत्ते व कए व सो होई ॥८०३॥**

જો સુવિહિત એટલે સારા આચારવાળા સાધુઓ રાતના ચારે પ્રહર જાગી સવારનું પ્રતિક્રમણ બીજે જઈને કરે, તો મૂળ ઉપાશ્રયનો સ્વામી શય્યાતર ન થાય. પરંતુ ત્યાં સૂતા હોય અથવા સવારનું પ્રતિક્રમણ કર્યું હોય, તો શય્યાતર થાય. આનો ભાવાર્થ એવો છે કે શય્યાતરના ઘરમાં આખી રાત જાગી સવારનું પ્રતિક્રમણ જો બીજે કરે તો જ્યાં રાત વીતાવી હોય તે મૂળ માલિક શય્યાતર ન થાય. પરંતુ જેના ઘરમાં પ્રતિક્રમણ કર્યું હોય તે શય્યાતર થાય. જો ઉપાશ્રયની સંકડાશ વગેરેના કારણે અનેક ઉપાશ્રયોમાં સાધુ રહ્યા હોય, તો આચાર્ય જે ઉપાશ્રયમાં રહ્યા હોય, તે જ શય્યાતર થાય છે, બીજા નહીં. (૮૦૩)

જો મકાનમાલિક સાધુને મકાન સોંપી પોતે દેશાંતર જાય તો તે ઘર માલિક શય્યાતર થાય કે ન થાય? તે કહે છે.

**दाऊण गेहं तु सपुत्तदारो, वाणिज्जमाईहि उ कारणेहिं ।**
**तं चेव अन्नं व वएज्ज देसं, सेज्जायरो तत्थ स एव होइ ॥८०४॥**

કોઈક ગૃહસ્થ સાધુને ઘર સોંપી પોતાના પત્ની–પુત્ર વગેરે સમસ્ત પરિવાર સાથે વેપાર વગેરે કારણે તે જ દેશમાં કે બીજા દેશમાં જાય અને ત્યાં જ રહ્યો હોય છતાં પણ તે ઘર માલિક જ શય્યાતર થાય છે. પણ દૂર દેશમાં રહેલો હોવાના કારણે શય્યાતર ન થાય એમ નથી. (૮૦૪)

કોના કોના શય્યાતરો છોડવા જોઈએ તે કહે છે.

**लिंगत्थस्सवि वज्जो तं परिहरओ व भुंजओ वावि ।**
**जुत्तस्स अजुत्तस्स व रसावणे तत्थ दिट्ठंतो ॥८०५॥**

**લિંગધારી સાધુ શય્યાતરનું ખાતો હોય કે ન ખાતો હોય છતાં પણ તે લિંગધારી શય્યાતરનો ત્યાગ કરવો. તેમાં દારૂયુક્ત કે દારૂ વગરની દુકાનનું દૃષ્ટાંત જાણવું.**

સાધુના ગુણોથી રહિત લિંગધારી સાધુનો જે શય્યાતર હોય કે ચારિત્રવાન સાધુઓનો શય્યાતર હોય તે છોડવો જોઇએ. ભલે લિંગધારી સાધુ શય્યાતરનું ખાતો હોય કે ન ખાતો હોય છતાં પણ તેનો ત્યાગ કરવો જોઇએ.

સાધુના ગુણવાળો હોય કે સાધુના ગુણ રહિત સાધુ હોય છતાં તેમના સંબંધિત શય્યાતરનો ત્યાગ કરવો જોઇએ. જેમ મહારાષ્ટ્ર દેશમાં બધીય દારૂની દુકાને દારૂ હોય કે ન હોય છતાં દારૂની દુકાન છે તે જણાવવા માટે ધજા બંધાય છે. જે ધજા જોઈ ભિક્ષુક વગેરે અભોજ્ય છે એમ સમજી તેનો ત્યાગ કરે છે. તેમ લિંગધારી સાધુ ગુણ યુક્ત હોય કે ગુણ રહિત હોય છતાં એની પાસે રજોહરણરૂપ ધજા દેખાતી હોવાથી તેનો શય્યાતર પણ છોડવો. (૮૦૫)

**શય્યાતરપિંડ લેવાના દોષો :**

**तित्थंकरपडिकुट्ठो अन्नायं उग्गमोवि य न सुज्झे ।**
**अविमुत्ति अलाघवया दुल्लहसेज्जा उ वोच्छेओ ॥८०६॥**

**તીર્થંકરની આજ્ઞાનો ભંગ, અજ્ઞાત ઉંછ એટલે અજ્ઞાતભિક્ષાની શુદ્ધિ થતી નથી. ઉદ્‌ગમ વગેરે દોષોની શુદ્ધિ ન થાય, અવિમુક્તિ એટલે ગૃદ્ધિનો અભાવ ન થાય. અલાઘવતા ન રહે, વસતિ દુર્લભ થાય કે વસતિનો વિચ્છેદ થાય.**

બધાય તીર્થંકરોએ શય્યાતર પિંડનો નિષેધ કરેલ છે. તેને ગ્રહણ કરવાથી તીર્થંકરની આજ્ઞાનું પાલન ન કર્યું કહેવાય.

અજ્ઞાત ઉંછ એટલે રાજા વગેરે દીક્ષિત થયા છે—એવું નહીં જણાવવા વડે અજ્ઞાતપણે ભિક્ષા લેવાય તે અજ્ઞાત ઉંછ કહેવાય. તે અજ્ઞાત ઉંછ ભિક્ષા જ મોટો ભાગે સાધુઓ લે છે, કહ્યું છે કે अन्नाय उञ्छं चरइ विसुद्धं' આ વચનના આધારે સાધુ અજ્ઞાત ઉંછ ગ્રહણ કરે. નજીકમાં જ રહેવાનું હોવાથી અતિપરિચયના કારણે સાધુનું સ્વરૂપ જાણતા હોવાથી શય્યાતરના ઘરની ભિક્ષા લેતા દોષની શુદ્ધિ રહેતી નથી. તથા શય્યાતરની ભિક્ષા લેવાથી ખપે એવા ભોજન વગેરે બનાવવા વગેરે રૂપ ઉદ્‌ગમના દોષોની પણ શુદ્ધિ થતી નથી. કારણ કે નજીકમાં રહેવા વગેરેના કારણે વારંવાર ત્યાં ભોજન પાણી માટે આવજાવ થવાથી ઉદ્‌ગમના દોષો થાય છે.

સ્વાધ્યાય શ્રવણ વગેરે વડે શય્યાતર પ્રેમી (રાગી) થવાના કારણે ખીર વગેરે સ્નિગ્ધ દ્રવ્ય આપે (વહોરાવે) તે લેવાથી વિમુક્તિ એટલે ગૃદ્ધિનો અભાવ થતો નથી. લાઘવ એટલે લઘુતા, તેનો જે ભાવ તે લાઘવતા, તેનો જે અભાવ તે અલાઘવતા. તે આ રીતે વિશિષ્ટ કોટીનો આહાર મળવાથી ભારે શરીર થવાથી, શરીરની અલઘુતા થાય છે અને શય્યાતર કે તેના પરિવાર તરફથી ઉપધિ મળવાના કારણે ઉપધિ ઘણી

થવાથી ઉપધિની અલાઘવતા થાય છે. તથા વસતિ દુર્લભ થાય છે. કારણકે ગૃહસ્થને ભય લાગે કે જે સાધુને મકાન આપે તેને આહાર વગેરે પણ આપવું પડે, માટે વસતિ ન આપે. તથા શય્યાતર વસતિનો વિચ્છેદ કરે એટલે મકાન ન આપે કારણકે કારણ કે શય્યાતરના મનમાં થાય કે જે સાધુને મકાન આપે, તેને આહાર વગેરે પણ આપવો પડે એવા ભયથી વસતિ આપવાની બંધ કરે. વસતિ અભાવના કારણે આહાર પાણી શય્યા વગેરેનો પણ વિચ્છેદ થાય. (૮૦૬)

**पुरपच्छिमवज्जेहिं अवि कम्मं जिणवरेहिं लेसेणं ।**
**भुत्तं विदेहएहि य न य सागरिअस्स पिंडो उ ॥८०७॥**

**પહેલા અને છેલ્લા તીર્થંકરને છોડીને બાકીના બાવીસ તીર્થંકરો તથા વિદેહક્ષેત્રના તીર્થંકરના સાધુઓએ આધાકર્મ કંઇક લેશથી પણ વાપર્યું હોય છે, પણ શય્યાતરપિંડ નહીં.**

પૂર્વ એટલે ઋષભદેવ ભગવાન તથા પશ્ચિમ એટલે વીરસ્વામી-એ બે સિવાય બાકીના મધ્યમ બાવીસ તીર્થંકરો તથા મહાવિદેહક્ષેત્રના તીર્થંકરોએ કંઈક લેશમાત્ર પણ આધાકર્મ વાપર્યું છે. પરંતુ શય્યાતરપિંડ તો વાપર્યો જ નથી.

મધ્યમ અને વિદેહક્ષેત્રના તીર્થંકરના સાધુઓમાં જેને માટે આધાકર્મ કર્યું હોય તેને તે ન ખપે પણ બાકીના સાધુઓને તે આધાકર્મી ભોજન ખપે, એક રીતે કથંચિત અનુમતિ છે. પરંતુ શય્યાતરપિંડનો તો સર્વથા રીતે નિષેધ જ છે.

આ શય્યાતરપિંડ બાર પ્રકારે છે. તે આ પ્રમાણે. ૧. અશન ૨. પાન ૩. ખાદિમ ૪. સ્વાદિમ ૫. રજોહરણ ૬. વસ્ત્ર ૭. પાત્ર ૮. કામળ ૯. સોય ૧૦. પિપ્પલક (સળી) ૧૧. કાનની સળી ૧૨. નખકતરણી (નેઈલકટર) કહ્યું છે કે, 'અશન વગેરે ચાર, પાદપ્રોંછન એટલે રજોહરણ ઓઘો, વસ્ત્ર, પાત્ર, કામળી, સોય, છુર એટલે છૂરિકા (મુણ્ડન માટેનો અસ્રો) કાનની સળી, નખકતરણી આ સાગારિક પિંડ છે. ઘાસ, ઢેફા વગેરે પિંડ નથી. કહ્યું છે કે, ૧. ઘાસ ૨. ઢેફુ ૩. રાખ ૪. માત્રક, (કુણ્ડી વગેરે) ૫. શય્યા (શયન માટે પાટ કે મોટું પાટીયું' વગેરે) ૬. સંથારો નાના પાટ પાટીયું ૭. પીઠ (પાછળ ટેકો લેવાનું પાટીયું ૮. લેપ ઔષધ કે પાત્ર માટેનો લેપ વગેરે તથા ઉપધિવાળો શિષ્ય, આ વસ્તુઓ શય્યાતરપિંડ રૂપે ન થાય.' આ શ્લોકમાં ઉપધિવાળો શિષ્ય એમ કહ્યું એટલે શય્યાતરનો છોકરો કે છોકરી વસ્ત્ર પાત્ર વગેરે ઉપધિ સાથે દીક્ષા લે, તો તે શય્યાતર પિંડ ન થાય. (૮૦૭)

**बाहुल्ला गच्छस्स उ पढमालियपाणगाइकज्जेसु ।**
**सज्झायकरणआउट्टिया करे उग्गमेगयरं ॥८०८॥**

**ગચ્છની વિશાળતાના કારણે નવકારશી, પાણી વગેરે માટે જવા આવવાથી તથા સ્વાધ્યાયકરણ વગેરેથી આકર્ષિત થયેલ શય્યાતર ઉદ્ગમ વગેરે દોષ કરે.**

સાધુ સમૂહરૂપ ગચ્છની વિશાળતાના કારણે પ્રથમાલિકા, પાણી વગેરે માટે શય્યાતરના ઘરે સાધુઓના વારંવાર આવવા જવાથી શય્યાતર આધાકર્મી વગેરે કોઇ પણ ઉદ્દગમનો દોષ કરે. પ્રથમાલિકા એટલે બાળ-ગ્લાન વગેરે માટે (સવારનું) પ્રથમ ભોજન એટલે નવકારશી. પાણી તો પ્રસિદ્ધ છે.

તથા નિરંતર સ્વાધ્યાય કરવાના કારણે તથા ચારિત્રના કારણે આકર્ષિત થયેલ શય્યાતર ઉદ્દગમના દોષોને કરે છે. આ શય્યાતર અહોરાત્રી પછી અશય્યાતર થાય છે. કહ્યું છે કે वुत्थे वज्जेज्ज अहोरत्तं આનો ભાવાર્થ એવો છે કે જે સ્થાનમાં રહ્યા તે સ્થાનમાંથી જ્યારે નીકળ્યા ત્યારથી બીજે દિવસે તે જ સમય પછી તે અશય્યાતર થાય.

તથા અપવાદ માર્ગે માંદગી વગેરેના કારણે શય્યાતરપિંડ પણ લેવો ખપે છે. કહ્યું છે કે,

दुविहे गेलन्नंमि निमंतणे दव्वदुल्लहे असिवे
ओमोयरियपओसे भए य गहणं अणुन्नायं (१)

આગાઢ, અનાગાઢ એટલે ગાઢતર કે અગાઢતર એમ બે પ્રકારની બિમારીમાં શય્યાતરપિંડ પણ લેવાય. એનો ભાવાર્થ એવો છે કે અનાગાઢ બિમારીમાં ત્રણ વખત ગામમાં ગ્લાનયોગ્ય લેવા માટે ફરે. જો ગ્લાનયોગ્ય પદાર્થ ન મળે તો શય્યાતરનો પિંડ પણ ગ્રહણ કરે છે.

(૧) આગાઢ બિમારીમાં તો તરત જ શય્યાતરપિંડ લે. ૨. શય્યાતરનું અતિ આગ્રહ-પૂર્વક નિમંત્રણ હોય તો એકવાર તે પિંડ લે અને બીજીવારના પ્રસંગને નિવારે. ૩. આચાર્ય યોગ્ય ક્ષીરાદિ દ્રવ્ય દુર્લભ હોય એટલે બીજે સ્થાને મળતું ન હોય તો શય્યાતરને ત્યાંથી લે. અશિવ એટલે દુષ્ટ વ્યંતર વગેરેના ઉપદ્રવના કારણે તથા અવમૌદર્ય એટલે દુષ્કાળના કારણે બીજે ભિક્ષા ન મળતી હોય તો શય્યાતરના ઘરે પણ ભિક્ષા લે. રાજા વગેરેએ ગુસ્સે થઇ ગામમાં બધે ભિક્ષાનો નિષેધ કર્યો હોય તો છૂપી રીતે શય્યાતરના ઘરેથી પણ ભિક્ષા લે. બીજા સ્થાને ચોર વગેરેના ભયના કારણે ભિક્ષા વગેરે શય્યાતરના ત્યાંથી લે. (૮૦૮)

## ૧૧૩ શ્રુતમાં સમ્યક્ત્વ

**चउदस दस य अभिन्ने नियगा सम्मं तु सेसए भयणा ।**
**मइओहिविवज्जासे होइ हु मिच्छं न सेसेसु ॥८०९॥**

જે સાધુને સંપૂર્ણ દશપૂર્વોથી લઈ ચૌદપૂર્વ સુધી જ્ઞાન હોય તેમને નક્કી એટલે નિશ્ચયથી સમ્યક્ત્વ હોય છે. બાકીના કંઇક ન્યૂન દશ પૂર્વધર વગેરેમાં વિકલ્પ એટલે

સમ્યક્ત્વ પણ હોય અને મિથ્યાત્વ પણ હોય. મતિઅજ્ઞાન અને વિભંગજ્ઞાન હોય તો નિશ્ચયથી મિથ્યાત્વ હોય છે. કેમકે મિથ્યાત્વના કારણે જ મતિજ્ઞાન અને અવધિજ્ઞાન વિપરીતપણાને પામે છે. શ્રુતજ્ઞાનનું વિપર્યાસ એટલે વિપરીતપણું તો જણાવેલું જ છે. બાકીના મનઃપર્યવ અને કેવળજ્ઞાનમાં મિથ્યાત્વ હોતું જ નથી. (૮૦૯)

## ૧૧૪ નિર્ગ્રંથનું ચારગતિમાં ગમન

**चउदस ओही आहारगावि मणनाणि वीयरागावि ।**
**हुंति पमायपरवसा तयणंतरमेव चउगइया ॥८१०॥**

ચૌદ પૂર્વધરો અવધિજ્ઞાની [1]આહારક લબ્ધિધારી સાધુઓ તથા મનઃપર્યવજ્ઞાની વીતરાગ એટલે ઉપશાંતમોહી (અહીં ક્ષીણમોહીઓનું પતન નથી હોતું માટે એમને ન લેવા.) આ બધાઓ પ્રમાદાધીન–વિષય કષાય વગેરેથી કલુષિત ચિત્તવાળા થવાના કારણે તે ભવ પછીના બીજા ભવમાં નારક, તિર્યંચ, દેવ, મનુષ્યરૂપ ચારે ગતિમાં જઈ શકે છે. (૮૧૦)

## ૧૧૫ ક્ષેત્રાતીત

**जमणुग्गए रविंमि अतावखेत्तंमि गहियमसणाइ ।**
**कप्पइ न तमुवभोत्तुं खेत्ताईयंति समउत्ती ॥८११॥**

સિદ્ધાંત પ્રમાણે ક્ષેત્રાતીત એટલે જે સૂર્ય ઉગ્યા પહેલા એટલે અતાપક્ષેત્રમાં અર્થાત્ રાત્રી સમયે જે અશન–પાન–ખાદિમ–સ્વાદિમ ગ્રહણ કર્યું હોય તે. તે વાપરવું સાધુઓને ખપે નહીં. (૮૧૧)

## ૧૧૬ માર્ગાતીત

**असणाई कप्पइ कोसदुगब्भंतराउ आणेउं ।**
**परओ आणिज्जंतं मग्गाईयंति तमकप्पं ॥८१२॥**

સાધુઓને અશન વગેરે બે ગાઉમાંથી લાવવું ખપે. બે ગાઉ ઉપરથી લાવેલ અશન વગેરે માર્ગાતીત હોવાથી સાધુઓને અકલ્પ છે. એટલે ન ખપે. (૮૧૨)

## ૧૧૭ કાલાતીત

**पढमप्पहराणीयं असणाइ जईण कप्पए भोत्तुं ।**
**जाव तिजामे उड्ढं तमकप्पं कालइक्कंतं ॥८१३॥**

---

૧. કેટલાક ચૌદપૂર્વીઓ આહારક લબ્ધિધારી નથી હોતા માટે આહારક લબ્ધિધારી લીધા છે.

પહેલાં પ્રહરમાં લાવેલ અશન વગેરે સાધુઓને દિવસના ત્રણ પ્રહર વાપરવું ખપે. ત્રણ પ્રહર પછી ચોથા પ્રહરમાં કાલાતિક્રાંત હોવાથી તેનો સિદ્ધાંતમાં નિષેધ હોવાથી ત્રણ પ્રહર પછી ચોથા પ્રહરમાં અકલ્પ છે. (૮૧૩)

## ૧૧૮ પ્રમાણાતીત

**कुक्कुडिअंडयमाणा कवला बत्तीस साहुआहारे ।**
**अहवा निययाहारो कीरइ बत्तीसभाएहिं ॥८१४॥**
**होइ पमाणाईयं तदहियकवलाण भोयणे जइणो ।**
**एगकवलाइऊणे ऊणोयरिया तवो तंमि ॥८१५॥**

કુકડીના ઈંડા જેટલા પ્રમાણનો એક કોળિયો થાય, તેવા બત્રીસ કોળિયા આહાર સાધુને હોય છે.

બીજી રીતે કોળિયાનું પ્રમાણ કહે છે.

જેટલા પ્રમાણના આહાર વડે સાધુનું પેટ ખાલી પણ ન રહે અને અધિકપણ ન થાય તેટલા પ્રમાણના પોતાના આહારના બત્રીસ ભાગ કરતાં જે બત્રીસમો ભાગ તે એક કોળિયો સમજવો. આ બત્રીસ કોળિયાના પ્રમાણથી અધિક કોળિયાનું ભોજન સાધુ કરે તો પ્રમાણાતીત ભોજન થાય છે. તથા આ બત્રીસ કોળિયા પ્રમાણ આહારથી એક, બે, ત્રણ, ચાર, પાંચ વગેરે કોળિયા ન્યૂન આહાર કરવાથી ઉનોદરીનામનો તપ થાય છે. (૮૧૪, ૮૧૫)

## ૧૧૯ દુઃખશય્યા

**पवयणअसद्दहाणं, १ परलाभेहा य, २ कामआसंसा, ३ ।**
**ण्हाणाइपत्थणं, ४ इय चत्तारिऽवि दुक्खसेज्जाओ ॥८१६॥**

**૧. પ્રવચનની અસદ્દહણા, ૨. પરલાભની ઇચ્છા, ૩. કામ આશંસા, ૪. સ્નાન વગેરેની ઇચ્છા. એમ ચાર પ્રકારે દુઃખશય્યા છે.**

જેમાં સુવાય તે શય્યા. દુઃખ આપનારી શય્યા તે દુઃખશય્યા; તે દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારે છે. તેમાં દ્રવ્યથી ખરાબ ખાટલારૂપ દુઃખશય્યા છે. ભાવથી દુઃખશય્યા ખરાબ ચિત્તપણાથી દુઃશ્રમણપણાના સ્વભાવવાળી ચાર પ્રકારે છે.

૧. પ્રવચનએટલે જિનશાસન, તેની અશ્રદ્ધા, પ્રવચન એટલે જિનશાસનની અશ્રદ્ધા રૂપ છે. અશ્રદ્ધા એટલે "આ આપ્રમાણે જ છે." એવી શ્રદ્ધાનો અસ્વીકાર.

૨. પરલાભેચ્છા. એટલે બીજાઓ પાસેથી વસ્ત્ર વગેરે પ્રાપ્ત કરવાની ઇચ્છા. ૩. કામ

આશંસા. એટલે મનોજ્ઞ શબ્દરૂપ રસ વગેરેની અભિલાષા. ૪. સ્નાન વગેરે એટલે સ્નાનાદિની પ્રાર્થના એટલે શરીરને માલિસ કરવું, દબાવવું, નહાવું વગેરેની ઈચ્છા આકાંક્ષા.

આ ક્લિષ્ટ સ્વભાવવાળી સાધુપણારૂપ શય્યામાં રહેલો જીવ ક્યારે પણ સાધુપણાના સુખને પામી શકતો નથી. (૮૧૬)

## ૧૨૦ સુખશય્યા

**सुहसेज्जाओऽवि चउरो जइणो धम्माणुरायरत्तस्स ।**
**विवरीयायरणाओ सुहसेज्जाउत्ति मन्नंति ॥८१७॥**

ધર્માનુરાગથી રક્ત એટલે જિનધર્મની ગાઢતર ઈચ્છામાં આસક્ત એવા સાધુની સુખશય્યા ચાર પ્રકારે છે. જે ચાર પ્રકારની પ્રવચન અશ્રદ્ધારૂપ દુઃખશય્યા છે, તેનાથી વિપરીત રૂપે ચાર પ્રકારે સુખશય્યા છે.

૧. પ્રવચનની શ્રદ્ધા,

૨. પરલાભની અનિચ્છા, સ્વ એટલે આત્મા અને પર એટલે પુદ્ગલ આથી પરલાભ એટલે પૌદ્ગલિક પદાર્થોની ઈચ્છા, તેનો અભાવ તે પરલાભેચ્છારહિતતા.

૩. કામની અનાશંસા.

૪. સ્નાન વગેરેની અપ્રાર્થના.

એ પ્રમાણે ચાર પ્રકારે સાધુની સુખશય્યા છે. એમાં રહેલો સાધુ પરમ સંતોષરૂપ અમૃતમાં મગ્ન બનીને હંમેશા તપ-અનુષ્ઠાન વગેરે ક્રિયાઓમાં રક્ત બની સુખને પ્રાપ્ત કરે છે. (૮૧૭)

## ૧૨૧ તેર ક્રિયાસ્થાન

**अट्ठा १ णट्ठा २ हिंसा ३ ऽकम्हा ४ दिट्ठी य ५ मोस ६ ऽदिन्ने ७ य ।**
**अज्झप्प ८ माण ९ मित्ते १० माया ११ लोभे १२ रियावहिया १३ ॥८१८॥**

**૧. અર્થ, ૨. અનર્થ, ૩. હિંસા, ૪. અકસ્માત, ૫. દૃષ્ટિવિપર્યાસ, ૬. મૃષા, ૭. અદત્તાદાન, ૮. અધ્યાત્મ, ૯. માનક્રિયા, ૧૦. અમિત્રક્રિયા, ૧૧. માયાક્રિયા, ૧૨. લોભ, ૧૩. ઇર્યાપથિકી. આ તેર ક્રિયા સ્થાનો છે.**

કર્મબંધના કારણરૂપ ચેષ્ટા તે ક્રિયા. તેના સ્થાનો એટલે ભેદો, તે ક્રિયાસ્થાન કહેવાય. તે તેર (૧૩) પ્રકારે છે.

(૧) પોતાના કે બીજાના પ્રયોજન માટે જે ક્રિયા કરાય તે અર્થક્રિયા.
(૨) પોતાના કે બીજાના પ્રયોજન વગર જે ક્રિયા કરાય તે અનર્થક્રિયા.
૩. હિંસા માટે જે ક્રિયા તે હિંસાક્રિયા.
૪. અકસ્માતક્રિયા એટલે અનભિસંધિ એટલે ઉપયોગ વગર જે ક્રિયા થાય તે.
૫. દૃષ્ટિ એટલે દૃષ્ટિવિપર્યાસક્રિયા.
૬. મૃષાક્રિયા.
૭. અદત્તાદાનક્રિયા.
૮. અધ્યાત્મક્રિયા.
૯. માન ક્રિયા.
૧૦. અમિત્રક્રિયા.
૧૧. માયાક્રિયા.
૧૨. લોભક્રિયા.
૧૩. ઈર્યાપથિકી ક્રિયા-એમ તેર ક્રિયાસ્થાનો છે. ૮૧૮

.૧ અર્થક્રિયા.

तसथावरभूएहिं जो दंड निसरई उ कज्जेणं ।
आयपरस्स व अट्ठा अट्ठादंडं तयं बिंति १ ॥८१९॥

**૧. ત્રસ કે સ્થાવર જીવો પર પોતાના કે બીજાના કાર્ય માટે એટલે પ્રયોજનથી જે દંડ એટલે હિંસા કરાય (કરે) તેને અર્થદંડ કહ્યો છે.**

બેઈન્દ્રિય વગેરે ત્રસ જીવો, પૃથ્વી વગેરે સ્થાવરો અને ભૂત એટલે પ્રાણીઓ પર જે કંઈ દંડ કરાય અર્થાત્ જેના વડે પોતે અથવા બીજા પ્રાણી દંડાય તે દંડનો અર્થ હિંસા. તે હિંસા પોતાના શરીર વગેરે માટે કે બીજાના એટલે ભાઈ વગેરેના કાર્ય માટે કરે તે અર્થદંડ કહેવાય. ક્રિયા અને ક્રિયાવાનના અ-ભેદ ઉપચારથી અર્થ-દંડને અર્થક્રિયા તીર્થંકર ભગવંતો કહે છે. (૮૧૯)

૨. અનર્થક્રિયા

जो पुण सरडाईयं थावरकायं व वणलयाईयं ।
मारेउं छिंदिऊण व छड्डेई सो अणट्ठाए २ ॥८२०॥

જે સરટાદિ એટલે કાચંડા, ઉંદર વગેરે ત્રસકાયને તથા વનલતા વગેરે સ્થાવર-કાયને પ્રયોજન વગર મારીને, કાપીને જે છોડી (ફેંકી) દે તે ધર્મ અને ધર્મીના અભેદ ઉપચારથી અનર્થક્રિયા કહેવાય. (૮૨૦)

### ૩. હિંસાક્રિયા

अहिमाइवइरियस्स व हिंसिंसु हिंसई व हिंसेही ।
जो दंडं आरंभई हिंसादंडो हवइ एसो ३ ॥८२१॥

આ સાપ વગેરે વેરી અમારી હિંસા કરે છે, હિંસા કરી હતી, હિંસા કરશે, એવી ધારણાપૂર્વક સાપ વગેરે અથવા શત્રુને જે દંડ કરે એટલે વધ કરે, તે હિંસાદંડ કહેવાય. આ ક્રિયા પણ ધર્મ અને ધર્મીના અભેદ ઉપચારથી થાય છે. (૮૨૧)

### ૪. અકસ્માત ક્રિયા

अन्नट्ठाए निसिरइ कंडाई अन्नमाहणे जो उ ।
जो व नियंतो सस्सं छिंदिज्जा सालिमाईयं ॥८२२॥

બીજા હરણ, પક્ષિ, સરીસૃપ એટલે સાપ વગેરેને મારવા માટે બાણ, પત્થર, વગેરે ફેંકે અને તેના વડે તે પ્રાણી હણાવાના બદલે બીજું પ્રાણી કે વ્યક્તિ હણાય, તે અકસ્માત ક્રિયા. અનભિસંધિ એટલે ઉપયોગ વગર સહસાત્કારથી બીજાને હણવા માટેની પ્રવૃત્તિ વડે એના સિવાય બીજાનો વિનાશ થાય તે અકસ્માતદંડ.

જે કાપવાની બુદ્ધિથી ઘાસ વગેરેને જોતો બીજા ચોખા (ડાંગર) વગેરે ધાન્યને પણ અનાભોગથી કાપી નાંખે તે અકસ્માત દંડ.

જેમકે ડાંગર વગેરે બીજા પાકની વચ્ચે રહેલા ઘાસ વગેરેને કાપવા તૈયાર થયેલ અનાભોગથી બીજા ડાંગર વગેરે ધાન્યને કાપી નાંખે તે અકસ્માતદંડ. (૮૨૨)

### ૫. દ્રષ્ટિવિપર્યાસ ક્રિયા.

एस अकम्हादंडो ४ दिट्ठिविवज्जासओ इमो होइ ।
जो मित्तममित्तंति य काउं घाएज्ज अहवावि ॥८२३॥
गामाई घाएज्ज व अतेण तेणत्ति वावि घाएज्जा ।
दिट्ठिविवज्जासेसो किरियाठाणं तु पंचमयं ५ ॥८२४॥

દૃષ્ટિ એટલે બુદ્ધિ, તેનો વિપર્યાસ એટલે વિપરીતપણું એટલે મતિવિભ્રમ તે દૃષ્ટિવિપર્યાસ. તેનાથી આ પ્રમાણે દંડ થાય છે. જે મિત્રને પણ દુશ્મન છે એવી બુદ્ધિપૂર્વક માની વધ કરે તે દૃષ્ટિવિપર્યાસદંડ અથવા ગામ વગેરેની હિંસા કરે, તે આ પ્રમાણે. ગામમાં રહેલા કોઈકે કોઈનો કોઈ અપરાધ કર્યો હોવાથી સંપૂર્ણ ગામની જે હિંસા કરે તે દૃષ્ટિ વિપર્યાસ દંડ, અથવા અચોરને આ ચોર છે એમ માની વધ કરે તે દૃષ્ટિવિપર્યાસ. એ પાંચમું ક્રિયાસ્થાન છે. (૮૨૩–૨૪)

૬. મૃષાક્રિયા

अत्तट्ठनायगाईण वावि अट्ठाए जो मुसं वयइ ।
सो मोसप्पच्चइओ दंडो छट्ठो हवइ एसो ६ ॥८२५॥

પોતાના માટે કે બીજા નાયક વગેરે પર માટે જે મૃષા એટલે જૂઠું બોલે તે મૃષાનિમિત્તક છઠ્ઠો દંડ (૮૨૫)

૭. અદત્તાદાનક્રિયા

एमेव आयनायगअट्ठा जो गिण्हई अदिन्नं तु ।
एसो अदिन्नवत्ती ७ अज्झत्थीओ इमो होइ ॥८२६॥

મૃષાવાદ દંડની જેમ અદત્તાદાનદંડ પણ પોતાના કે નાયક વગેરે પરના માટે બીજાએ આપ્યા વગરનું ગ્રહણ કરવું તે અદત્તાદાન—દંડ.

બીજો અર્થ જ્ઞાતિજનોકે સ્વજનો માટે આપ્યા વગરનું ગ્રહણ કરવું (૮૨૬)

૮. અધ્યાત્મક્રિયા

नवि कोइ य विंचि भणइ तहवि हु हियएण दुम्मणो किंचि ।
तस्सऽज्झत्थी सीसइ चउरो ठाणा इमे तस्स ॥८२७॥
कोहो माणो माया लोभो अज्झत्थकिरिय एवेसा ८ ।
जो पुण जाइमयाई अट्ठविहेणं तु माणेणं ॥८२८॥

અધ્યાત્મ ક્રિયાસ્થાન આ પ્રમાણે છે. અધ્યાત્મ એટલે મન, તે મનમાં બાહ્ય નિમિત્ત વગર જે શોક, વગેરેની ઉત્પત્તિ તે અધ્યાત્મ. જે તે સામે કોઈ કંઈ પણ ખરાબ બોલે નહીં છતાં મનમાં કંઈક વિચારીને અતિશય દુભાયા કરે તેને આધ્યાત્મિકીક્રિયા કહેવાય. આ આધ્યાત્મિક ક્રિયા ઉત્પન્ન થવાના ક્રોધ, માન, માયા અને લોભ. એમ ચાર કારણો છે, બાહ્યનિમિત્ત વિના (સ્વ પ્રકૃતિથી જ) અંદરમાં નિષ્કારણ ક્રોધાદિ કરીને દુ:ખી થવું તે આધ્યાત્મક્રિયા છે એમ રહસ્યાર્થ છે. (૮૨૭–૮૨૮)

૯ મદક્રિયા

मत्तो हीलेइ परं खिंसइ परिभवइ माणवत्तेसा ९ ।
माइपिइनायगाईण जो पुण अप्पेवि अवराहे ॥ ८२९ ॥

જે જાતિ, કુલ, રૂપ, બલ, શ્રુત, તપ, લાભ, ઐશ્વર્ય—એમ આઠ પ્રકારના માન વડે મદ વડે જે મત્ત થઈ પોતાના સિવાય બીજાનો જાતિ વગેરે દ્વારા તિરસ્કાર કરે કે 'આ હલકટ (હલકો) છે વગેરે વચનો વડે નિંદા કરે. અને અનેક પ્રકારની કદર્થના કરવા વડે પરાભવ કરે. એ માનક્રિયા સ્થાન છે.

૧૦ અમિત્રક્રિયા :–

तिव्वं दंड कुणई दहणंकणबंधताडणाईयं ।
तम्मित्तदोसवत्ति किरियाठाणं भवे दसमं १० ॥८३०॥

માતા–પિતા–જ્ઞાતિજનોના અલ્પઅપરાધમાં પણ, બાળવું. (ડામદેવો) આંકવું, બાંધવું, મારવું વગેરે જે તીવ્ર દંડ કરે તે મિત્ર દ્વેષવર્તિ ક્રિયા સ્થાન તે અમિત્રક્રિયા છે. તેમાં દહન એટલે ઉંબાડીયા વગેરે વડે ડામ આપવો, આંકવું એટલે કપાળ વગેરેમાં સોય વગેરે વડે ચિહ્ન કરવા, બંધન એટલે દોરડા વગેરે દ્વારા બાંધવું. તાડન એટલે ચાબૂક વગેરે દ્વારા મારવું. આદિ શબ્દથી અન્નપાણીનો (આહારનો) નિરોધ કરવો. (૮૨૭–૮૨૮–૮૨૯–૮૩૦)

૧૧ માયાક્રિયા :

एगारसमं माया अन्नं हियमि अन्न वायाए ।
अन्नं आयरई वा सकम्मणा गूढसामत्थो ॥ ८३१ ॥

**ગૂઢ સામર્થ્યવાળો હૃદયમાં જુદું, વચનમાં જુદું અને ક્રિયામાં જુદું એમ વિસંવાદી પોતાની ચેષ્ટા વડે કરે તે માયાક્રિયા છે.**

હૃદય એટલે મનમાં જુદો એટલે બોલે એનાથી જુદું જ વિચારતો હોય. વાણીમાં જુદો એટલે જે વિચાર્યું હોય તેનાથી જુદું જ બોલે બોલે. અને વિચારો ગૂઢ સામર્થ્યવાળો કરતા જુદા પ્રકારની પોતાની ચેષ્ટા–ઇંગિતાકાર કરે છે. આ માયા પ્રત્યયિક ક્રિયાસ્થાન છે. (૮૩૧)

૧૨ લોભક્રિયા :–

मायावत्ती एसा ११ एत्तो पुण लोहवत्तिया इणमो ।
सावज्जारंभपरिग्गहेसुं सत्तो महंतेसु ॥८३२॥
तह इत्थीकामेसु गिद्धो अप्पाणयं च रक्खंतो ।
अन्नेसिं सत्ताणं वहबंधणमारणे कुणइ ॥ ८३३ ॥

**મોટા સાવદ્યારંભ પરિગ્રહમાં અતિ આસક્ત, તથા સ્ત્રીના વિષે તથા કામભોગ વિષે અતિલોલુપી, પોતાને કષ્ટોમાંથી રક્ષણ કરવા માટે બીજા જીવોનો વધ, બંધન, મારવું. વગેરે કરે. લોભક્રિયા.**

જીવવિરાધના વગેરે રૂપ સાવદ્યારંભ તથા ધન ધાન્ય વગેરેના સંગ્રહરૂપ પરિગ્રહમાં ગાઢ ઇચ્છાવાળા તથા સ્ત્રીઓમાં તેમજ કામ એટલે સુંદર, રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દરૂપ પાંચ ઇન્દ્રિયના વિષયોમાં અત્યંત આસક્ત તથા પોતાને મુસીબતો (કષ્ટો) માંથી સાવચેતીપૂર્વક બચાવતો, બીજા જીવોના વધ બંધન મારણ વગેરે કરે.

લાકડી વગેરે વડે મારવું તે વધ, દોરડા વગેરે વડે બાંધવું તે બંધન, પ્રાણ નાશ રૂપ મારવું તે મરણ. આવા સ્વરૂપવાળું લોભ પ્રત્યયિક ક્રિયાસ્થાન સિદ્ધાંતમાં કહેલ છે. (૮૩૨, ૮૩૩)

### ૧૩ ઇર્યાપથિકીક્રિયાઃ—

एसेह लोहवत्ती १२ इरियावहिअं अओ पवक्खामि ।
इह खलु अणगारस्सा समिई गुत्तीसु गुत्तस्स ॥ ८३४ ॥
सययं तु अप्पमत्तस्स भगवओ जाव चक्खुपम्हंपि ।
निवयइ ता सुहमा हू इरियावहिया किरिय एसा १३ ॥ ८३५ ॥

**આ ક્રિયાસ્થાન સમિતિ ગુપ્તિથી સુગુપ્ત એવા સાધુને હોય છે. સતત અપ્રમત સાધુ ભગવંતના આંખના પલકારા માત્ર જેટલો સૂક્ષ્મ ઇર્યાપથિક ક્રિયાસ્થાન હોય છે.**

ગમન કરવું તે ઇર્યા. તે ઇર્યા એટલે ગમનથી વિશિષ્ટ જે પથ એટલે માર્ગ તે ઇર્યાપથ, તે સંબંધિત જે ક્રિયા તે ઇર્યાપથિકી ક્રિયા. આ અર્થ વ્યુત્પત્તિ માત્ર છે. પ્રવૃત્તિ નિમિત્તક અર્થ આ પ્રમાણે છે.

ઉપશાંતમોહ વગેરે ત્રણગુણ સ્થાનવર્તી જીવોનો કેવલયોગ પ્રત્યયિક જે સાતા-વેદનીય કર્મ બંધ, તે ઇર્યાપથિકી. ઇર્યા સમિતિ વગેરે સમિતિથી યુક્ત તેમજ મન વગેરે ગુપ્તિથી ગુપ્ત એવા સુસંવૃત્ત સાધુઓ જે અપ્રમત્ત એટલે ઉપશાંતમોહ, ક્ષીણમોહ અને સયોગિ કેવલિરૂપ ત્રણ ગુણસ્થાનકે રહેલા છે, તેઓને આ ક્રિયા હોય છે. બીજા અપ્રમત સાધુઓને કષાય પ્રત્યયિક કર્મબંધ હોય છે. માટે તેમને ફક્ત યોગ નિમિત્તક કર્મ બંધનો સંભવ ન હોવાથી અહીં અપ્રમત્ત શબ્દથી તેમને લીધા નથી. આવા સાધુ ભગવંત આંખનો પલકારો મારે તે આ યોગનું ઉપલક્ષણ છે, એટલે આંખનો ઉઘાડ બંધ માત્ર જેટલો યોગ સંભવે છે. તેટલી સૂક્ષ્મ એટલે એક સમય પ્રમાણ બંધ હોવાથી અતિ અલ્પ શાતા બંધ રૂપ ક્રિયા થાય છે તે આ તેરમું ઇર્યાપથિકી ક્રિયા સ્થાન છે. (૮૩૪-૮૩૫)

### ૧૨૨ સામાયિકના ચાર આકર્ષ :—

ચાર પ્રકારના સામાયિકોના એક ભવમાં જે આકર્ષો થાય તે કહે છે.

सामाइयं चउद्धा सुय १ दंसण २ देस ३ सव्व ४ भेएहिं ।
ताण इमे आगरिसा एगभवं पप्प भणियव्वा ॥ ८३६ ॥
तिण्ह सहस्सपुहुत्तं च सयपुहुत्तं होइ विरईए ।
एगभवे आगरिसा एवइया हुंति नायव्वा ॥ ८३७ ॥

**(૧) શ્રુતસામાયિક, (૨) દર્શનસામાયિક, (૩) દેશવિરતિસામાયિક અને (૪) સર્વવિરતિસામાયિક-એમ સામાયિક ચાર પ્રકારે છે. તેઓના એક ભવને આશ્રયિને પહેલા ત્રણ સામાયિકના સહસ્ર પૃથક્ત્વ આકર્ષ અને સર્વવિરતિના શતપૃથક્ત્વ-આકર્ષો હોય છે, એમ જાણવું.**

સમ એટલે રાગ-દ્વેષની વચ્ચે રહેલો મધ્યસ્થ. તે મધ્યસ્થનું સમભાવવાળાનું ગમન એટલે મોક્ષમાર્ગમાં જે પ્રવૃત્તિ, તે સમાય. તેનો ભાવ તે સામાયિક. એકાંત ઉપશમભાવને પામવું, તે સામાયિક કહેવાય.

તે ચાર પ્રકારે છે. ૧. શ્રુતસામાયિક, ૨. દર્શનસામાયિક, ૩. દેશવિરતિસામાયિક, ૪. સર્વવિરતિસામાયિક.

તે ચારેના એકભવને આશ્રયિ અને ઉપલક્ષણથી અનેકભવ આશ્રયિને આકર્ષો કહે છે.

આકર્ષ એટલે આકર્ષણ. પ્રથમથી અથવા છોડેલા ભાવને ફરીવાર પામવો તે આકર્ષ. તે એકભવાશ્રયિ અને અનેકભવાશ્રયિ એમ બે પ્રકારે છે. તેમાં પહેલા એકભવાશ્રયિ આકર્ષો કહે છે.

૧. સમ્યક્ત્વસામાયિક, ૨. શ્રુતસામાયિક અને ૩. દેશવિરતિસામાયિકોના એકભવમાં ઉત્કૃષ્ટથી સહસ્ર એટલે હજાર પૃથક્ત્વ આકર્ષો હોય છે અને સર્વવિરતિના એકભવમાં ઉત્કૃષ્ટથી શત એટલે સો પૃથક્ત્વ આકર્ષો હોય છે.

પૃથક્ત્વ એટલે બેથી નવ સુધીની સંખ્યા.

આટલા આકર્ષો ઉત્કૃષ્ટથી એક ભવમાં જાણવા. તે પછી તે ભાવથી પતન થાય છે. અથવા તેની પ્રાપ્તિ થતી નથી.

ચારે સામાયિકનો જઘન્ય એકજ આકર્ષ એક ભવમાં હોય છે. આવશ્યક-ચૂર્ણિમાં કહ્યું છે કે 'શ્રુતસામાયિકનો એકભવમાં જઘન્યથી એક આકર્ષ હોય છે. ઉત્કૃષ્ટથી સહસ્રપૃથક્ત્વ હોય છે. એ પ્રમાણે સમ્યક્ત્વસામાયિક અને દેશવિરતિમાં પણ સમજવું. સર્વવિરતિમાં જઘન્યથી એક આકર્ષ હોય છે અને ઉત્કૃષ્ટથી શત-પૃથક્ત્વ આકર્ષ એક ભવમાં હોય છે. (૮૩૬-૮૩૭)

હવે વિવિધ પ્રકારના ભવમાં પ્રાપ્ત થતા આકર્ષોનું પ્રતિપાદન કરે છે.

**तिण्ह असंखसहस्सा सहसपुहुत्तं च होइ विरईए ।**
**नाणभवे आगरिसा एवइया हुंति नायव्वा ॥ ८३८ ॥**

**ત્રણ સામાયિકના જુદા જુદા ભવાશ્રયી અસંખ્ય હજાર પૃથક્ત્વ આકર્ષો હોય છે અને વિરતિના સહસ્ર પૃથક્ત્વ આકર્ષ જાણવા.**

સમ્યક્ત્વસામાયિક, શ્રુતસામાયિક, દેશવિરતિસામાયિકના અનેકભવાશ્રયથી ઉત્કૃષ્ટથી અસંખ્ય હજાર આકર્ષો હોય છે. કારણ કે આ ત્રણેના એકભવાશ્રયી હજાર પૃથક્ત્વ

આકર્ષો કહેલા છે અને ભવો ક્ષેત્રપલ્યોપમના અસંખ્યાતમા ભાગમાં રહેલા આકાશપ્રદેશ તુલ્ય છે. કહ્યું છે કે,

'संमत्तदेसविरया पलियस्सासखभागमेत्ताउ'

સહસ્રપૃથક્ત્વને તેના વડે ગુણવાથી અસંખ્યાત હજારો થાય છે. જુદા જુદા ભવો આશ્રયી સર્વવિરતિના ઉત્કૃષ્ટથી સહસ્રપૃથક્ત્વ આકર્ષો થાય છે.

સર્વવિરતિના એકભવમાં શતપૃથક્ત્વ આકર્ષો કહ્યા છે અને ભવો આઠ છે. તેથી શતપૃથક્ત્વને આઠ વડે ગુણતાં સહસ્રપૃથક્ત્વ થાય છે. આટલા વિવિધ ભવાશ્રયી આકર્ષો જાણવા.

બીજા આચાર્યો કહે છે. "दोण्ह सहस्समसंखा" એમાં પણ સમ્યક્ત્વસામાયિક જોડે અવિનાભાવ સંબંધવાળું હોવાથી નહિ કહેલું હોવા છતાં પણ શ્રુતસામાયિક તે પ્રમાણે સ્વીકારવું. વિવિધભવોમાં તો અક્ષરાત્મક સામાન્યશ્રુતના અનંતગુણા આકર્ષો હોય છે.

# ૧૨૩. અઢાર હજાર શીલાંગરથ

**सीलंगाण सहस्सा अट्ठारस एत्थ हुंति नियमेणं ।**
**भावेणं समणाणं अक्खंडचरित्तजुत्ताणं ॥८३९॥**

**અખંડ ચારિત્ર યુક્ત ભાવસાધુઓને ભાવથી નિયમા અઢાર હજાર શીલાંગો હોય છે.**

શીલાંગ એટલે ચારિત્રના અંશો અથવા તેના કારણો. શાસનમાં કે સાધુધર્મમાં તે નિયમા અઢારહજાર હોય છે, પણ ઓછા વધતા હોતા નથી. તે વિશુદ્ધ પરિણામરૂપ ભાવથી હોય છે. પણ દ્રવ્યથી આચાર સેવનમાં ઓછા પણ હોય. આ અઢાર હજાર શીલાંગો સર્વવિરતિવાન સાધુઓને જ હોય છે, પણ શ્રાવકને હોતા નથી.

ઉક્ત સંખ્યાવાળા શીલાંગો સર્વવિરતિધરોમાં જ સંભવે છે. અથવા દ્રવ્યસાધુઓને હોતા નથી પણ ભાવસાધુઓને જ હોય છે. તે ભાવસાધુઓ સંપૂર્ણ ચારિત્રવાન હોય છે. પણ દર્પપ્રતિ સેવાવડે ખંડિત ચારિત્રવાળા હોતા નથી.

**પ્રશ્ન :–** અખંડ ચારિત્રવાન જ સર્વવિરતિધર હોય છે. તે ખંડિત ચારિત્રના સંબંધથી સર્વવિરતિપણાનો અભાવ થાય છે.

"पडिवज्जइ अइकम्मे पंच" (પાંચે વ્રતને જીવ પામે અને ખંડિત પણ કરે) એ આગમ વચન મુજબ સર્વવિરતિધરને પાંચે મહાવ્રતોનો સાથે જ સ્વીકાર હોય છે. અને પાંચનો સાથે અતિક્રમ એટલે ભંગ હોય છે, એક વગેરે વ્રતનો નહીં. તો પછી સર્વવિરતિનું દેશથી ખંડન (ભંગ) શી રીતે હોય ?

**ઉત્તર :–** સાચી વાત છે. પરંતુ આ વાત પાંચ મહાવ્રતની પ્રતિપત્તિ એટલે સર્વસ્વીકારની અપેક્ષાએ સર્વવિરતિપણામાં જાણવી. પાલન કરવાની અપેક્ષાએ

સંજ્વલનકષાયના ઉદયના કારણે અન્ય પ્રકારે પણ હોય. આથી જ કહ્યું છે કે 'બધાયે અતિચારો સંજ્વલનકષાયના ઉદયના કારણે થાય છે.' અને અતિચારો ચારિત્રના દેશથી ખંડનરૂપ જ છે. માટે એક વ્રતના ભંગમાં સર્વવ્રત ભંગ જે કહ્યું છે તે પણ અમુક અપેક્ષાએ છે. તે અપેક્ષા આ પ્રમાણે છે. 'જે અતિચારના પ્રાયશ્ચિત્તમાં છેદ સુધીનું પ્રાયશ્ચિત્ત આવે તેમાં એકે વ્રતનું ખંડન (ભંગ) થતું નથી. પણ જે અતિચારમાં મૂલપ્રાયશ્ચિત્ત જ્યાં આવે ત્યાં એક વ્રતના ખંડનમાં સર્વવ્રતનું ખંડન થાય છે. આ પ્રમાણે જ દશ પ્રકારના પ્રાયશ્ચિત્તનું વિધાન સફલ થાય છે. નહીં તો મૂલ વગેરે જ પ્રાયશ્ચિત્ત થશે. વ્યવહારનયને આશ્રયી જ અતિચારો સંભવે છે. નિશ્ચયનયથી તો એ સર્વવિરતિપણાનો ભંગ જ થાય છે. વધુ વિસ્તારથી સર્યું. (૮૩૯)

એક પ્રકારના શીલ (ચારિત્ર)ના અઢારહજાર ભેદો શી રીતે થાય, તે કહે છે.

**जोए ३ करणे ३ सन्ना ४ इंदिय ५ भोमाइ १० समणधम्मे य १० ।**
**सीलंगसहस्साणं अट्ठारगस्स निप्फत्ती ॥८४०॥**

**યોગ ૩, કરણ ૩, સંજ્ઞા ૪, ઇંદ્રીય ૫, પૃથ્વીકાય વગેરે ૧૦ અને દશવિધ શ્રમણધર્મ વડે અઢાર હજાર શીલાંગની ઉત્પત્તિ થાય છે.**

કરણ–કરાવણ વગેરે કરણના વિષયભૂત તે યોગ.

યોગના જ વિશિષ્ટ સાધન જે મન વગેરે તે કરણ.

ચેતના વિશેષરૂપ આહાર વગેરે સંજ્ઞાઓ,

કાન વગેરે ઇંદ્રિયો,

પૃથ્વીકાય વગેરે નવ જીવકાયો તથા દશમું અજીવકાય,

ક્ષમા વગેરે દશ યતિધર્મમાં પ્રસ્તુત અઢારહજાર શીલાંગ સમૂહનુ પરિમાણ ઉત્પન્ન થાય છે. (૮૪૦)

યોગ વગેરે પદોની વ્યાખ્યા કરે છે.

**करणाइँ तिन्नि जोगा मणमाईणि हवंति करणाइं ।**
**आहाराई सन्ना चउ सोयाइंदिया पंच ॥८४१॥**
**भोमाई नव जीवा अजीवकाओ य समणधम्मो य ।**
**खंताइ दसपयारो एवं ठिए भावणा एसा ॥८४२॥**

**કરણ, કરાવણ વગેરે ત્રણ યોગો, મન વગેરે ત્રણ કરણો, આહાર વગેરે ચાર સંજ્ઞાઓ, કાન વગેરે પાંચ ઇન્દ્રિયો, પૃથ્વીકાય વગેરે નવ જીવકાય અને અજીવકાય એમ દશ ક્ષમા વગેરે દશ પ્રકારનો શ્રમણધર્મ અને એ પ્રમાણે આની ભાવના કરવી.**

કરણ, કરાવણ અને અનુમોદન એમ ત્રણ પ્રકારે યોગ છે.

મન વગેરે એટલે મન–વચન–કાયાના યોગરૂપ ત્રણ જ કરણો છે.

વેદનીયકર્મ, ભયમોહનીય, વેદમોહનીય અને લોભકષાયોદયથી થયેલ અધ્યવસાય વિશેષરૂપ આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ વિષયવાળી ચાર સંજ્ઞાઓ છે.

પશ્ચાનુપૂર્વીથી કાન, આંખ, નાક, જીભ અને ચામડી એમ પાંચ ઇંદ્રિયો છે. ઉત્તરોત્તર ગુણોની પ્રાપ્તિથી સાધ્ય શીલાંગો છે. એ જણાવવા માટે ઇંદ્રિયોમાં પશ્ચાનુપૂર્વીક્રમ છે.

પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય, વનસ્પતિકાય, બેઇંદ્રિય, તેઇન્દ્રિય, ચઉરિંદ્રિય, પંચેંદ્રિય એમ નવ પ્રકારે જીવકાય છે અને દશમું અજીવકાય છે. તે દશમું અજીવકાય ત્યાજ્ય કહ્યું છે. તે મહામૂલ્યવાન વસ્ત્ર, પાત્ર, સોના, ચાંદીરૂપ છે, તથા દુષ્પડિલેહેલું તથા અપડિલેહેલું વસ્ત્ર, પુસ્તક ચર્મપંચક, તૃણ એટલે ઘાસ પંચક વગેરે રૂપ છે.

દશપ્રકારના યતિધર્મ ક્ષમા, માર્દવ (નમ્રતા), સરળતા, મુક્તિ એટલે નિર્લોભતા, તપ, સંયમ, સત્ય, શૌચ, અપરિગ્રહ અને બ્રહ્મચર્યરૂપ છે. આ પ્રમાણે ઉપરોક્ત ન્યાયપૂર્વક આગળ ગાથામાં કહેલ પદોના ત્રણ ત્રણ, ચાર, પાંચ, દશ, દશ સંખ્યાવાળા મૂલ પદોના સમૂહમાં આ શીલાંગની સિદ્ધિના વિષયવાળી આ ભાવના વડે શીલાંગના ભાંગા થાય છે. (૮૪૧–૮૪૨)

**न करइ मणेण आहारसन्नविप्पजढगो उ नियमेण ।**
**सोइंदियसंवरणो पुढविजिए खंतिसंजुत्तो ॥८४३॥**

'કરે નહીં' એ પ્રથમ કરણરૂપ યોગ જણાવ્યો, 'મન વડે' એ પ્રથમ કરણ જણાવ્યું, આહારસંજ્ઞા રહિત પણ' એ પ્રથમ સંજ્ઞા જણાવી, તથા અવશ્યમેવ 'શ્રોત્રેન્દ્રિયના વિષયનો સંવર એટલે રાગાદિમય શ્રોત્રેન્દ્રિયની પ્રવૃત્તિનો નિરોધ કર્યો છે.' આના વડે પ્રથમ ઇંદ્રિય જણાવી. આવા પ્રકારનો જીવ શું નથી કરતો તે કહે છે. 'પૃથ્વીકાય જીવો વિષયક આરંભ સમારંભ ન કરે' એ પ્રથમ જીવસ્થાનક કહ્યું "ક્ષમા ધર્મયુક્ત' એમ કહેવા વડે પ્રથમ શ્રમણ ધર્મનો ભેદ કહ્યો છે. એટલે આ પ્રમાણે "આહાર સંજ્ઞાથી રહિત, શ્રોત્રેન્દ્રિયના સંવરવાળો ક્ષમાધર્મથી યુક્ત, પૃથ્વીકાયના આરંભને મનથી કરે નહીં" એમ એક શીલાંગની પ્રાપ્તિ થાય. (૮૪૩)

હવે બાકીના શીલાંગોના ભાંગા પણ સંક્ષેપમાં જણાવે છે.

**इय मद्दवाइजोगा पुढवीकाए हवंति दस भेया ।**
**आउकायाईसुवि इअ एए पिंडिअं तु सयं ॥८४४॥**
**सोइंदिएण एवं सेसेहिवि जं इमं तओ पंच ।**
**आहारसन्नजोगा इय सेसाहिं सहस्सगंदु ॥८४५॥**

**एवं मणेण वयमाइएसु एवं तु छस्सहस्साइं ।**

**न करे सेसेहिंपि य एए सव्वेवि अट्ठारा ॥८४६॥**

**પૃથ્વીકાયમાં માર્દવ વગેરે દશ યતિધર્મ સાથે દશભાંગા થાય. એ પ્રમાણે અપ્કાય વગેરેમાં પણ સમજવુ એ બધા ભાંગાનો સરવાળો એક સો થાય. એ સો ભેદ શ્રોત્રેંદ્રિયના થયા. એ સિવાયની બીજી ચાર ઇન્દ્રિયોના ભાંગા કરતા પાંચસો થાય. એ પાંચસોનો આહાર વગેરે ચાર સંજ્ઞા સાથે સંયોગ કરતા બે હજાર થયા. એ પ્રમાણે મનવડે બે હજાર ભાંગા થાય. એમ વચન વગેરેમાં કરતા છ હજાર ભાંગા થાય. તે છ હજાર 'ન કરે' વગેરે ત્રણ સાથે જોડતા કુલ્લે અઢાર હજાર થયા.**

આગળ ઉપર કહ્યા પ્રમાણે માર્દવાદિ એટલે નમ્રતા,સરળતા વગેરે પદની સાથે પૃથ્વીકાયને આશ્રયીને પૃથ્વીકાય આરંભ એમ કહેવાપૂર્વક ભાંગા કરતા દશ શીલના ભેદો થાય છે.

એમ અપ્કાય વગેરે નવસ્થાનોમાં પણ જાણવું. આ પ્રમાણે દશ યતિધર્મ તથા પૃથ્વીકાયના પદો સાથે ભાંગા કરતા સો ભાંગા થાય.

આ સો ભાંગાને શ્રોત્રેન્દ્રિય સાથે ગુણતા સો થાય. બાકીની આંખ વગેરે ચાર ઇન્દ્રિયના પણ સો સો ભેદ ગણુતા બધા મળી ૫૦૦ (પાંચસો) ભાંગા થાય છે. કેમકે ઈન્દ્રિયો પાંચ છે. અને આ ભાંગાને આહારસંજ્ઞા સાથે સંયોગ કરતા પાંચસો ભાંગા થયા બાકીની ભય વગેરે ત્રણ સંજ્ઞાઓનો ઉપર પ્રમાણે પાંચસો પાંચસો ભેદો થાય છે. તે બધા મેળવતા ચાર સંજ્ઞા હોવાથી ૨૦૦૦ (બે હજાર) ભેદો થાય છે.

એ બે હજાર ભેદોનો મનોયોગ સાથે સંયોગ કરતા મનોયોગના બે હજાર ભેદો થાય છે. એ પ્રમાણે વચન કાયાના પણ દરેકના બે બે હજાર ભેદો કરતા કુલ્લે છ હજાર ભેદો થાય છે. કરણુયોગો ત્રણ પ્રકારે છે. આ છ હજારને 'ન કરે' એ પદની સાથે સંયોગ કરતા કુલ્લે છ હજાર ભાંગા થયા. એમ 'ન કરાવે, અને ન અનુમોદે, એના છ–છ હજાર મેળવતા કુલ્લે અઢાર હજાર શીલના ભેદો થયા.

એક એક શીલાંગની ગાથા આ પ્રમાણે બને છે.

न करेमि मणसाऽऽहार सन्नविरओउ सोय संगुत्तो ।

पुढवीकायारंभं खंतिगुणे वट्टमाणोऽहं ॥

શ્રોત્રેન્દ્રિયથી ગુપ્ત. આહારસંજ્ઞાથી વિરત અને ક્ષાન્તિગુણુમાં રહેલ એવો હું પૃથ્વીકાયનો આરંભ મનથી ન કરું.

(૧) એ પ્રમાણે માર્દવ ગુણુમાં રહેલો, (૨) આર્જવ ગુણુમાં રહેલો. યાવત્ બ્રહ્મચર્ય ગુણુમાં રહેલો હું એમ ૧૦ ભાંગા થાય આ પ્રમાણે અપ્કાય વિષયક પણ ગાથાઓ કહેવી.

कारेमि न मणसाहारसन्नविरओ उ सोयसंगुत्तो ।

पुढवीकायारंभं खंतिगुणे वट्टमाणोऽहं ॥

તથા શ્રોત્રેન્દ્રિયથી ગુપ્ત. આહારસંજ્ઞાથી વિરત, અને ક્ષાન્તિગુણમાં રહેલો એવો હું પૃથ્વીકાયના આરંભને મનથી ન કરાવું વિગેરે.

नऽणुमन्ने मणसाहारसन्नविरओ उ सोयसंगुत्तो ।

पुढवीकायारंभं खंतिगुणे वट्टमाणोऽहं ॥

તથા શ્રોત્રેન્દ્રિયથી ગુપ્ત. આહારસંજ્ઞાથી વિરત અને ક્ષાન્તિગુણમાં રહેલો એવો હું પૃથ્વીકાયના આરંભને મનથી ન અનુમોદું વિગેરે.

**પ્રશ્ન :–** એકે એકના યોગે જો અઢાર હજાર ભાંગા થાય. બે વગેરે પદોના સંયોગના જો ભાંગા લઈએ તો ઘણા ભાંગા થાય. તે આ પ્રમાણે એક બે વગેરે સંયોગ વડે યોગમાં સાત વિકલ્પ, કરણોમાં પણ સાત વિકલ્પો. સંજ્ઞાના પંદર, ઇન્દ્રિયોમાં એકત્રીસ પૃથ્વીકાય વગેરેમાં ૧૦૨૩ અને દશ યતિધર્મના પણ ૧૦૨૩ ભાંગા થાય. આ સંખ્યાઓનો પરસ્પર સંયોગ કરી ભાંગા કરતા બે હજાર કરોડ ત્રણસો કરોડ ચોરાસી કરોડ, એકાવન લાખ, ત્રેસઠહજાર, બસો પાંસઠ (૨૩૮૪૫૧૬૩૨૬૫) ભાંગા થાય છે. તો પછી અઢાર હજાર ભાંગા કેમ કહ્યા ?

**ઉત્તર :–** શ્રાવકધર્મની જેમ કોઈ પણ ભાંગે સર્વવિરતિપણું જો મનાતું હોય, તો આ ભાંગા કહેવા તે વાત બરાબર હતી. પણ સર્વવિરતિમાં તો આ અઢાર હજાર ભાંગામાંથી એક પણ ભાંગાનો ભંગ થવાથી શીલાંગનો ભંગ થાય છે. એટલે સર્વવિરતપણુ રહેતુ નથી. કહ્યું છે કે–

इत्थ इमं विन्नेयं अइदंपज्जं तु बुद्धिमंतेहिं

एक्कंपि सुपरिसुद्धं सीलंग सेससमावे (१)

અહીં શીલાંગના વિષયમાં બુદ્ધિમાનોએ આ પ્રમાણે તાત્પર્ય જાણવું. એક પણ સુપરિશુદ્ધ શીલાંગ ત્યારે જ હોય છે, જ્યારે બીજા શીલાંગો હોય તો જ. માટે બે ત્રણ વગેરે સાંયોગિક ભાંગાઓ કરવાની જરૂર નથી. પણ બધાયે પદોમાં છેલ્લા ભાંગાને અઢાર હજાર પણ કહ્યું છે. કારણ કે સાધુને ત્રિવિધ ત્રિવિધમાં નવ ભાંગા કહ્યા છે. તેથી શ્રાવકોને આ ભાંગા હોતા જ નથી. પરંતુ મનની સ્થિરતા માટે અનુમોદના (અનુમતિ) પ્રધાનતાએ પોતાને અનુલક્ષીને ગાથા બોલવારૂપ હોય છે. તે ગાથા ઉચ્ચારણ આ પ્રમાણે છે.

न करेंती मणसाहारसन्नविरया उ सोयसंगुत्ता । पुढवीकायारंभं धन्ना जे खंतिगुणजुत्ता ॥१॥

एवं धन्ना जे मद्दवुज्जुत्ता, धन्ना जे अज्जवजुत्ता । एवं यावदधन्ना जे बंभगुणजुत्ता ॥

વગેરે જે આહાર સંજ્ઞાથી વિરત, શ્રોત્રેન્દ્રિયથી ગુપ્ત, ક્ષમાગુણ યુક્ત, પૃથ્વીકાયનો આરંભ મનથી ન કરે તેઓને ધન્ય છે.

૧. માર્દવગુણયુક્તને ધન્ય છે. આર્જવગુણવાળાને ધન્ય છે. યાવત્ બ્રહ્મચર્ય ગુણવાળાને ધન્ય છે. ત્યાં સુધી કહેવું. (૮૪૪-૮૪૫-૮૪૬)


॥ श्रीशीलांगरथ ॥ १ ॥
जे नो करंति मणसा, निज्जियाहारसन्नासोइंदी ॥
पुढवीकायारंभं, खंतिजुआ ते मुणी वंदे ॥ १ ॥
खंतीअज्जवमद्दव, मुत्तीतवसंजमे य बोधव्वे ॥
सच्चं सोयं अकिंचणं च, बंभं च जइधम्मो ॥ २ ॥
जोए करणे सन्ना, इंदिय भूमाइ समणधम्मो य ॥
सीलंगसहस्साणं, अट्ठारससहस्सनिप्फत्ती ॥३॥
करणाइं तिण्णि जोगा, मणमाईणि हवन्ति करणाइं।
आहाराईसन्ना चउ, सोआइ इंदिया पंच ॥ ४ ॥
શાંતિલાલ દોશી

## ૧૨૪. સાતનય

**नेगम १ संगह २ ववहार ३ रिज्जुसुए ४ चेव होइ बोद्धव्वे ।**
**सद्दे ५ य समभिरुढे ६ एवंभूए ७ य मूलनया ॥८४७॥**

**(૧) નૈગમ, (૨) સંગ્રહ, (૩) વ્યવહાર, (૪) ઋજુસૂત્ર, (૫) શબ્દ, (૬) સમભિરુઢ અને (૭) એવંભૂત–આ સાત મૂલનયો જાણવા.**

અનેક ધર્માત્મક પદાર્થના કોઈપણ એક નિત્યત્વ વગેરે ધર્મને અનવધારણ એટલે "જ" કાર વગર પ્રતિપાદન કરવાપૂર્વક પોતાની બુદ્ધિમાં જે અભિપ્રાય વિશેષ ઉતારાય તે જ્ઞાતાનો અભિપ્રાય વિશેષ તે નય. આનો ભાવાર્થ આ પ્રમાણે છે.

જે નય બીજા નયોની અપેક્ષાપૂર્વક સ્યાદ્વાદ સહિત પદાર્થના સ્વરૂપને સ્વીકારે, તે વાસ્તવિકપણે સંપૂર્ણ વસ્તુને સ્વીકારતા હોવાથી પ્રમાણમાં જ તેનો સમાવેશ થાય છે. તે બીજા નયોની અપેક્ષા વગર પોતાને ઇચ્છિત ધર્મને અનવધારણ એટલે "જ" કાર વગર પદાર્થને જાણવાની ઇચ્છા કરે, તે વસ્તુના એક અંશને સ્વીકારનાર હોવાથી નય કહેવાય છે. તે નય નિયમા મિથ્યાદૃષ્ટિ જ હોય છે. કારણ કે તે પદાર્થને યથાવસ્થિત રૂપે સ્વીકારતો નથી આથી જ બીજા ગ્રંથમાં કહ્યું છે, કે–

'સર્વ નયો મિથ્યાવાદી છે.' માટે જ નયવાદ એ મિથ્યાવાદ છે. તેથી જ જિન સિદ્ધાંતને જાણનારો મિથ્યાવાદિપણાનો ત્યાગ કરવાની ઇચ્છાવડે દરેક પદાર્થને સ્યાત્કાર પૂર્વક બોલે પણ ક્યારેય સ્યાત્કાર વગર ન બોલે.

જો કે વ્યવહારમાર્ગમાં રહેલાઓ બધી જગ્યાએ હમેંશા સાક્ષાત્રૂપે સ્યાત્કારનો પ્રયોગ નથી કરતા, છતાં પણ ઉપલક્ષણથી સ્યાત્ શબ્દનો પ્રયોગ બોલનારની કુશળતાના કારણે તેમાં હોય છે. કહ્યું છે કે– 'બોલનાર જો કુશળ હોય તો, સ્યાત્કારનો પ્રયોગ દરેક સ્થળે ન કરવા છતાં પણ સ્યાત્કાર, વિધાન અને નિષેધમાં અર્થાપત્તિથી જણાય છે. તેમ અહીં તથા બીજે અનુવાદ તથા કથનાદિ પ્રસંગોમાં સમજી લેવું.

તે નયો મૂલ ભેદની અપેક્ષાએ સાત છે. તે આ પ્રમાણે (૧) નૈગમ, (૨) સંગ્રહ, (૩) વ્યવહાર, (૪) ઋજુસૂત્ર, (૫) શબ્દ, (૬) સમભિરૂઢ (૭) એવંભૂત.

**નૈગમ :**– એક નહીં તે નૈક, અહિં નञ् નથી પણ ન છે. તેથી 'अन् स्वरे' એ સૂત્ર નથી લાગતું. નૈક એટલે અનેક ઘણા એ અર્થ લેવો. તેથી ઘણી સંખ્યાવાળા માન વડે એટલે મહાસામાન્ય, અવાંતર, સામાન્ય અને વિશેષ વગેરે અનેક વિષયોરૂપ પ્રમાણો વડે પદાર્થને જાણી શકાય તે [1]નૈગમ.

---

૧. પૃષોદરાદિથી નૈગમરૂપની સિદ્ધિ થાય છે.

અથવા નિશ્ચિત ગમ એટલે બોધ તે નૈગમ. પરસ્પર વિભાજિત સામાન્ય વગેરે પદાર્થને ગ્રહણ કરવો તે [1]નૈગમ.

અથવા ગમ એટલે માર્ગ. જેના એક માર્ગ નહીં પણ અનેક માર્ગ છે, તે નૈગમ. એટલે અનેક પ્રકારે પદાર્થને સ્વીકારનાર, તે નૈગમ.

આ સત્તાલક્ષણરૂપ મહાસામાન્ય તથા દ્રવ્યત્વ, ગુણત્વ કર્મત્વ, વગેરે રૂપ અવાન્તર સામાન્ય છે. તથા અંત્ય એટલે સકલ અસાધારણરૂપ અવાંતર વિશેષ. જે પર રૂપને ભિન્ન કરવા સમર્થ છે સામાન્યથી અત્યંત જુદા સ્વરૂપે જે સ્વીકારાય છે. જેથી આ પદાર્થોની વ્યવસ્થા આ પ્રમાણે સ્થાપવામાં આવી છે. દ્રવ્ય વગેરે બધા પદાર્થોમાં જે સત્, સત્ એમ અવિશેષરૂપે પ્રતીતિ (ઉત્પન્ન) થાય છે અને દ્રવ્ય વગેરે અસર્વવ્યાપક હોવાથી તથારૂપ પ્રત્યય વચનપ્રયોગ પણ થાય છે—આ પ્રતીતિ અને વચનપ્રયોગ દ્રવ્યાદિમાત્રથી નથી થતા કારણ કે દ્રવ્યાદિ અસર્વવ્યાપક છે. (અને સત્ પ્રતીતિતો વ્યાપક છે.)

તે આ પ્રમાણેઃ- જો દ્રવ્યમાત્રના કારણરૂપ 'સત્' એ પ્રત્યય થાય તો તે પ્રત્યય ગુણ વગેરેમાં નથી થતો કેમકે ત્યાં દ્રવ્યત્વનો અભાવ છે.

જો સત્પ્રત્યય ગુણ માત્રના કારણરૂપ હોય, તો દ્રવ્યાદિમાં તેનો અનુભવ ન થાય, કારણ કે દ્રવ્યમાં ગુણત્વનો અભાવ છે. એ પ્રમાણે દરેક જગ્યાએ વિચારવું. માટે દ્રવ્ય વગેરેથી ભિન્ન મહાસત્તા નામનું સામાન્ય જેના વશથી અવિશેષરૂપે બધી જગ્યાએ 'સત્' રૂપની પ્રતીતિ કરાવે છે.

તથા નવે દ્રવ્યોમાં આ દ્રવ્ય-દ્રવ્ય છે. એવા પ્રકારની એક સરખી પ્રતીતિના દર્શનથી દ્રવ્યત્વ નામના અવાન્તર સામાન્યનો સ્વીકાર થાય છે. એ પ્રમાણે ગુણત્વ, કર્મત્વ, ગોત્વ, અશ્વત્વ વગેરેમાં પણ છે. અને આ અવાન્તર સામાન્યો સામાન્ય વિશેષરૂપે કહેવાય છે. કેમકે આ દ્રવ્યત્વ વગેરે પોતપોતાના આધાર વિશેષોમાં એક સરખી પ્રતીતિકારક વચનના કારણરૂપ હોવાથી સામાન્ય છે અને પોતાની જાતિને બીજી જાતિઓથી જુદા પાડનાર હોવાથી વિશેષરૂપે છે. માટે એ સામાન્યવિશેષ એમ બન્ને રીતે કહેવાય તથા તુલ્યજાતિ ગુણક્રિયાના આધારરૂપ જે પરમાણુ, આકાશ, દિશા વગેરે નિત્ય દ્રવ્યોમાં અત્યન્ત ભિન્નતા એટલે જુદાઈની બુદ્ધિના કારણરૂપ જે અંત્ય વિશેષ છે, તે વિશેષો યોગિઓને જ પ્રત્યક્ષ છે. આપણા જેવાને તે અનુમાનથી જણાય છે તે આ પ્રમાણે:—

તુલ્યજાતિ, ગુણક્રિયાના આધારરૂપ પરમાણુઓ, ભિન્નત્વ એટલે વ્યાવૃત્તિ પ્રત્યયના વિષયવાળા હોવાથી વ્યાવર્તક એટલે ભિન્નતાકારક ધર્મ સંબંધિત છે. મોતીના ઢગલામાં નિશાનીવાળા મોતીની જેમ.

---

૧. તે પ્રજ્ઞાદિના આકૃતિગણ રૂપે સ્વાર્થમાં अण् પ્રત્યય લાગવાથી 'નૈગમ'ની સિદ્ધિ થાય છે

જે અવાંતર વિશેષ છે તે ઘડા (ઘટ–પટ) અને વસ્ત્રની જેમ એક બીજાને ભિન્ન કરવામાં સમર્થ છે. તે નાના બાળકથી લઈ વૃદ્ધ અને સ્ત્રીઓને પણ પ્રત્યક્ષ છે.

આ મહાસામાન્ય, અવાન્તરસામાન્ય, અંત્યવિશેષ, અવાન્તરવિશેષ–એ પરસ્પર ભિન્ન સ્વરૂપવાળા છે.

તે જ પ્રમાણે જણાતા હોવાથી એ પ્રમાણે સમજાય છે.

તે આ પ્રમાણે સામાન્યગ્રાહી વિજ્ઞાનમાં વિશેષજ્ઞાન નથી અને વિશેષગ્રાહી જ્ઞાનમાં સામાન્યજ્ઞાન નથી. તેથી તે બધાયે પરસ્પર એક બીજાથી ભિન્નરૂપે સ્વતંત્ર સ્વરૂપે છે. તેનો પ્રયોગ આ પ્રમાણે થાય છે.

'જે જે પ્રમાણે જણાય છે. તેને તે પ્રમાણે સ્વીકારવુ" જેમકે નીલને નીલરૂપે સ્વીકારવું અને તે પરસ્પર ભિન્ન સ્વરૂપવાળા જણાય છે. એ પ્રમાણે નૈગમનયનું સ્વરૂપ થયું.

**પ્રશ્ન**:– જો આ નૈગમનય સામાન્ય વિશેષને સ્વીકારનાર હોય તો જે સામાન્ય છે તે દ્રવ્ય અને જે વિશેષ છે તે પર્યાયો, એમ પરમાર્થથી તો દ્રવ્યાસ્તિક અને પર્યાયસ્તિકનયના તેવા પ્રકારના સ્વરૂપને સમ્યગ્ જૈનસાધુની જેમ સ્વીકારનાર હોવાથી નૈગમનય સમ્યગ્દષ્ટિરૂપ બને જ છે. કેમકે જિનસિદ્ધાંતનો સ્વીકાર કરતો હોવાથી તેવા પ્રકારના સમ્યગ્ જૈનસાધુની જેમ તે સમ્યગ્દૃષ્ટિ જ છે. મિથ્યાદૃષ્ટિ શી રીતે કહેવાય?

**ઉત્તર**: આ વાત બરાબર નથી, કેમકે જિનમતના તત્ત્વનો સ્વીકાર થતો નથી માટે આ નય સામાન્ય અને વિશેષને પરસ્પર ભિન્નરૂપે જ સ્વીકારે છે.

તે આ પ્રમાણે–આ નૈગમનય સામાન્ય અને વિશેષ એ બંનેને પરસ્પર એકાંતે ભિન્નરૂપે જ સ્વીકારે છે. ગુણ અને ગુણી, અવયવ અને અવયવી, ક્રિયા અને ક્રિયા-કારકમાં અત્યંત ભેદ માને છે. પણ જૈનસાધુની જેમ દરેક જગ્યાએ ભેદાભેદ રૂપ પદાર્થને સ્વીકારતો નથી. તેથી કણાદ ઋષિની જેમ મિથ્યાદૃષ્ટિ છે.

કણાદ ઋષિએ પણ પોતાનું સમસ્ત શાસ્ત્ર દ્રવ્યાસ્તિક અને પર્યાયાસ્તિકરૂપ બંને નયોથી સમર્થિત કર્યું છે. છતાં તે મિથ્યાશાસ્ત્ર છે, કેમકે સ્વવિષયની પ્રધાનતારૂપે સામાન્ય વિશેષને પરસ્પર નિરપેક્ષપણે સ્વીકાર કરે છે. માટે કહ્યું છે કે, જે સામાન્ય વિશેષને વસ્તુથી પરસ્પર અત્યંત ભિન્નરૂપે માને છે. તે કણાદની જેમ મિથ્યાદૃષ્ટિ છે.

ઉલુક બંને નયોએ શાસ્ત્ર માનનાર હોવા છતાં પણ મિથ્યાત્વી છે કેમકે એક-બીજાથી નિરપેક્ષપણે સ્વવિષયની પ્રધાનતાવાળા હોવાથી.

**(૨) સંગ્રહનય :–** સમસ્ત વિશેષોને ઢાંકવાપૂર્વકસામાન્યરૂપે સંપૂર્ણ જગતને જે ગ્રહણ કરે તે સંગ્રહ. તે આ પ્રમાણે માને છે કે સામાન્ય એજ એક તત્ત્વરૂપે છે. વિશેષો નહીં.

તે વિશેષો ભાવલક્ષણ સામાન્યથી ભિન્ન છે કે અભિન્ન છે? બીજી ગતિનો અભાવ હોવાથી પહેલા પક્ષમાં તો વિશેષો હોતા જ નથી. કેમકે ભાવ (સત્તા)થી ભિન્ન એવા આકાશના ફૂલની જેમ, બીજો પક્ષ વિચારીએ તો વિશેષો પણ ભાવરૂપે જ છે. તે આ પ્રમાણે-વિશેષો ભાવ માત્ર જ છે. કેમકે તેનાથી અભિન્ન છે. માટે જે જેનાથી અભિન્ન હોય, તે તે સ્વરૂપે જ હોય છે. જેમ ભાવનું સ્વરૂપ. તેથી નક્કી થયું કે ભાવથી વિશેષો અભિન્ન છે.

વિશેષ વ્યવસ્થાપક પ્રમાણનો અભાવ હોવાથી વિશેષનો આગ્રહ વિશેષ પ્રકારે છોડી દેવા યોગ્ય છે. તે આ પ્રમાણે-વિશેષો ભેદ રૂપે છે. તેમાં કોઈ પણ ભેદ પ્રમાણ મળતું નથી. પ્રત્યક્ષ તો ભાવથી ઉત્પન્ન થયેલી સત્તા છે. આથી તેનો જ સાક્ષાત્કાર કરી શકાય છે, પણ અભાવનો નહીં. અભાવ સમસ્ત શક્તિના વિરહરૂપ હોવાથી તેની ઉત્પત્તિમાં પ્રયત્નનો અભાવ છે. અનુત્પન્ન પદાર્થને જો પ્રત્યક્ષ કરાતો હોય, તો સર્વ પદાર્થના સાક્ષાત્કારનો પ્રસંગ આવશે. તે પ્રમાણે થવાથી તો વિશેષાભાવથી બધાને જોનારો સર્વ-દર્શી થાય અને આ વાત બરાબર નથી. તેથી ભાવગ્રાહકને જ પ્રત્યક્ષરૂપે સ્વીકારવું. તે ભાવ બધે અવિશિષ્ટરૂપે છે. તે પ્રમાણે તેના વડે ગ્રહણ કરવા યોગ્ય છે. માટે પ્રત્યક્ષ-રૂપે વિશેષનું જ્ઞાન નથી અને અનુમાન વગેરે બીજા પ્રમાણોથી પણ વિશેષની જાણકારી નથી. કેમકે બીજા પ્રમાણો પ્રત્યક્ષના આધારે જ ચાલે છે. માટે પરમાર્થથી સામાન્ય એજ સત્ છે. વિશેષો નહીં. એમ સંગ્રહ નય થયો.

(૩) **વ્યવહારઃ**- વ્યવહારમાં આવે તે વ્યવહાર અથવા વિશેષનું પ્રતિપાદન કરે તે વ્યવહારનય છે. તે વ્યવહારનય આ પ્રમાણે વિચારે છે.

'સત્' આ પ્રમાણે કહેવાથી ઘટ-પટ વગેરેમાંથી કોઈપણ એક અનિર્દિષ્ટ સ્વરૂપવાળા વિશેષનું જ જ્ઞાન થાય છે. પણ સંગ્રહનયથી સંમત સામાન્યનું જ્ઞાન થતું નથી. કારણ કે તે સામાન્ય અર્થક્રિયાના બળ રહિત હોવાથી સમસ્ત લોકવ્યવહાર માર્ગની બહાર છે. માટે વિશેષ જ છે, સામાન્ય નથી. આથી ઉપલબ્ધિના લક્ષણથી યુક્ત તે સામાન્યની અનુપલબ્ધિ (અજ્ઞાન) હોવાથી તે સામાન્ય નથી. જે ઉપલબ્ધિ લક્ષણ યુક્ત 'સત્' ન મળે તે અસત્ છે. એ પ્રમાણે વ્યવહાર કરવો. જેમ ફક્ત (માત્ર) જમીન ઉપર ક્યારેક ઘડો નથી હોતો. સંગ્રહનય માન્ય સત્ ઉપલબ્ધિ લક્ષણ વડે યુક્ત ન મળતું હોવાથી સામાન્યના સ્વભાવની અનુપલબ્ધિ છે.

**પ્રશ્નઃ**- સામાન્ય એ વિશેષથી ભિન્ન છે કે અભિન્ન છે?

**ઉત્તર :**- જો પહેલો ભિન્ન પક્ષ માનો તો સામાન્યનો અભાવ જ થશે. કેમકે વિશેષથી ભિન્ન સામાન્યનો અસંભવ છે. આકાશ અને કુસુમ એ બંને અલગ-અલગ

સત્તારૂપે છે. પરન્તુ વિશેષની વિચારણા કરતા ખીલેલા-અખીલેલા આકાશપુષ્પથી કંઈ કાર્ય થતું નથી. હવે જો બીજો અભિન્ન પક્ષ માનીએ તો વિશેષો જ છે, સામાન્ય નથી. કેમકે વિશેષથી અભિન્ન હોવાના કારણે તે સામાન્ય વિશેષરૂપ જ છે. જે કહ્યું છે કે-

'ભાવ સંપાદિત સકલ સત્તારૂપે 'સત્' પ્રત્યક્ષ છે. આથી તેનો સાક્ષાત્કાર કરી શકાય છે.' વગેરે તે પણ બાળ પ્રલાપ છે. પ્રત્યક્ષ તે કહેવાય કે જે સંપાદિત સત્તાવાન હોય. જે ઉત્પન્ન થયેલ 'સત્' રૂપ પ્રત્યક્ષનો સાક્ષાત્કાર કરે છે અને જે પ્રત્યક્ષનો સાક્ષાત્કાર થાય છે. તે ઘટપટ વગેરે રૂપ વિશેષનો જ થાય છે. પણ સંગ્રહનય માન્ય સામાન્યનો નહીં. ઘટપટ વગેરે રૂપ વિશેષ ભાવાત્મક હોવાથી અભાવરૂપે નથી. માટે અર્થક્રિયા શક્તિ રહિત ન હોવાથી વિશેષ નિર્દોષ છે. માટે પ્રત્યક્ષ વગેરે પ્રમાણથી સિદ્ધ વિશેષ જ છે પણ સામાન્ય નથી. માટે સામાન્યનો આગ્રહ છોડી દેવો પણ વિશેષનો આગ્રહ ન છોડવો. કારણ કે જે અર્થક્રિયાકારી છે તે જ ખરેખર પરમાર્થથી 'સત્' છે. ગાય દોહવા વગેરે ક્રિયાઓમાં ગોત્વરૂપ સામાન્ય કામ નથી આવતું પણ ગાય વગેરે રૂપ વિશેષો જ ઉપયોગમાં આવે છે. માટે જ વિશેષ એ તાત્ત્વિક છે. સામાન્ય નહીં.

આ વ્યવહારનય લોકવ્યવહારમાં તત્પર છે. તેથી લોક જે માને તે આ નય પણ માને છે. બાકીનું તો 'સત્' હોય તો પણ ન માને. ભ્રમર વગેરેમાં વાસ્તવિકપણે પાંચે રંગો હોવા છતાં પણ લોકમાં કાળા રંગે સ્વીકારાય છે. કેમકે તે કાળો રંગ સ્પષ્ટરૂપે તેમાં વિશેષ જણાય છે. તેથી આ વ્યવહારનય પણ લોકાનુયાયી હોવાથી તે શ્યામ રંગને જ સ્વીકારે છે, પણ બીજા સફેદ વગેરે રંગો હોવા છતાં માનતો નથી.

૪. **ઋજુસૂત્ર નય** :-ઋજુ એટલે અતિ સરળ-કુટિલતા વગરનું. ભૂત-ભવિષ્ય કે પારકું એ વિચાર વિના-વર્તમાનકાલિન પોતાનું ગ્રહણ કરનાર-માનનાર તે ઋજુસૂત્ર.

ઋજુશ્રુત એવો શબ્દ સંસ્કાર હોય તો તેમાં ઋજુ એટલે પૂર્વોક્ત વક્રથી વિપરીત સરળતા તરફનું જે શ્રુત એટલે જ્ઞાન જેમાં છે તે ઋજુશ્રુત. બીજા જ્ઞાનનો સ્વીકાર ન થતો હોવાથી ઋજુશ્રુત. તે આ પ્રમાણે-

આ નય તેને જ પદાર્થરૂપે માને છે કે જે પ્રત્યક્ષ વગેરે પ્રમાણોથી સિદ્ધ હોય અને પોતાના અર્થ ક્રિયા કરવામાં સમર્થ હોય તે પદાર્થ વર્તમાનકાલિન જ છે. પરંતુ બીજા ભૂતકાળ સંબંધિ કે ભવિષ્યકાળ સંબંધી પદાર્થો નાશ પામેલ તેમજ પોતાના સ્વરૂપને ન પામેલા હોવાથી તથા અર્થક્રિયા કરવામાં સમર્થ ન હોવાથી અને પ્રત્યક્ષાદિ પ્રમાણો વડે જાણી ન શકાતા હોવાથી પદાર્થરૂપે નથી.

ભૂતકાળ કે ભવિષ્યકાળના આ વિદ્યમાન પદાર્થ માનીએ તો સસલાના શીંગડાને પણ પદાર્થ માનવાનો પ્રસંગ આવશે. માટે અર્થક્રિયા કરવાના સામર્થ્ય રહિત અને પ્રમાણોથી અસિદ્ધ હોવાના કારણે ભૂતકાલિન કે ભવિષ્યકાલિન પદાર્થ એ પદાર્થ નથી.

જે પારકી વસ્તુ તે વાસ્તવિકપણે અસત્ છે કારણ કે બીજાના ધનની જેમ પ્રયોજન વગરની હોવાથી. આ ઋજુસૂત્રનય વર્તમાન કાલિન પદાર્થને જ સ્વીકારે છે.

લિંગવચન ભિન્ન હોય તો પણ એક રૂપે જ માને છે. એટલે તટઃ તટી, તટં આ ત્રણે લિંગને તે એકરૂપે જ માને છે.

એકવચન, દ્વિવચન અને બહુવચન જેમકે गुरूः गुरू गुरवः એમ ત્રણે વચનને એકરૂપે જ માને છે.

પર્યાયવાચી શબ્દો જેમકે ग्रामौ ग्राम : आपः–जलम् दारा–कलत्र સ્ત્રી વગેરેને પણ એકરૂપે જ માને છે.

અને નામ, સ્થાપના, દ્રવ્ય ભાવ આ ચારે નિક્ષેપાઓને પણ એક માને છે.

**૫. શબ્દનય :**–જેના વડે વસ્તુનું પ્રતિપાદન થાય તે શબ્દ. શબ્દનો જે વાચ્ય અર્થ એટલે પદાર્થ તેને જે નય વડે તાત્વિકરૂપે જાણી શકાય, બીજા વડે નહીં, તે નય ઉપચારથી શબ્દનય કહેવાય છે.

આ નયનું બીજુ નામ સાંપ્રત પણ છે. કારણ કે આ નય વર્તમાનકાલિન વસ્તુને જ સ્વીકારતો હોવાથી સાંપ્રત કહેવાય છે.

આ નય પણ ઋજુસૂત્રની જેમ વર્તમાનકાલિન જ વસ્તુને સ્વીકારે છે, પણ ભૂતકાલિન કે ભવિષ્યકાલિન વસ્તુને સ્વીકારતો નથી અને વર્તમાનકાલિન પણ પારકા પદાર્થને સ્વીકારતો નથી.

ચારે નિક્ષેપ વિચારણામાં તો ફક્ત ભાવનિક્ષેપને જ માને છે. પણ નામ વગેરે નિક્ષેપોને નહીં અને નામ વગેરે નિક્ષેપોના ખંડન માટે પ્રમાણ પણ કહે છે.

ઘટકાર્યકારીપણાનો અભાવ હોવાથી નામ, સ્થાપના–દ્રવ્ય રૂપ–ઘડા એ ઘડા નથી. ઘટરૂપ કાર્ય કરવાનો અભાવ હોવાથી, જે ઘટનું કાર્ય ન કરી શકે તે ઘડો હોતો નથી. જેમ પટ એટલે વસ્ત્ર.

આ નામાદિ ઘડાઓ ઘટકાર્ય કરનારા ન હોવાથી ઘડા નથી. નામાદિ ઘડામાં ઘટત્વનો અભાવ છે. અહીં ઘટત્વનો અભાવ તેના લિંગ નહીં દેખાતા હોવાથી અને નામાદિ ઘડામાં ઘડાનું જે લિંગ પૃથુ, બુધ્ન, ઉદર વગેરે આકારરૂપ તથા પાણી ધારણ કરવારૂપ કાર્યની પ્રાપ્તિ થતી નથી.

તે લિંગો ન મળતા હોવાથી તે નામ વગેરેમાં શી રીતે ઘટનો વ્યપદેશ અમે કરી શકીએ ?

ઋજુસૂત્ર નયવાળાને નામ વગેરે ઘટોને ઘટ રૂપે કહેતા પ્રત્યક્ષ વિરોધ થાય છે. કેમકે નામ વગેરે નિક્ષેપાઓ પટની જેમ અઘટરૂપે પ્રત્યક્ષપણે દેખાય છે. બીજું આ નય લિંગ અને વચનના ભેદથી વસ્તુનો ભેદ સ્વીકારે છે. જેમ તટી શબ્દથી વાચ્ય પદાર્થ જુદો છે. તટઃ પુલ્લિંગ શબ્દથી વાચ્ય પદાર્થ જુદો અને નપુંસક તટં થી વાચ્ય પદાર્થ જુદો છે.

એમ એક વચન गुरुः શબ્દથી વાચ્યાર્થ જુદો. બહુવચન गुरवःથી વાચ્યાર્થ ભિન્ન છે. તેથી બહુવચનથી જે વાચ્યાર્થ છે તે એકવચન વડે ન બોલાય. એકવચનથી વાચ્યાર્થ બહુવચન વડે ન બોલાય. તથા પુલ્લિંગ પદાર્થ નપુંસકલિંગ વડે ન બોલી શકાય, તેમજ સ્ત્રીલિંગે પણ ન બોલાય. તેમ નપુંસક પદાર્થ પુલ્લિંગ કે સ્ત્રીલિંગ વડે અને સ્ત્રીલિંગ પદાર્થ પુલ્લિંગ કે નપુંસકલિંગ વડે ન બોલી શકાય. કારણ કે અર્થની સાથે સંબંધ ન હોવાથી તેઓ અર્થથી જુદા છે. તેનો પ્રયોગ આ પ્રમાણે છે.

જે પરસ્પર અર્થથી અસંબંધિત હોય, તેઓનો ભિન્ન (પદાર્થ) અર્થ રૂપે વ્યવહાર કરવો જેમ ઘટ, પટ. કેમકે લિંગ વચનના ભેદથી ભિન્ન શબ્દનો પરસ્પર અર્થથી સંબંધ નથી હોતો. જેમ ઇન્દ્ર, શક્ર, પુરંદર વગેરે શબ્દોમાં સુરપતિ વગેરે લક્ષણો એક અભિન્નલિંગ વચનને આશ્રયી તે અભિન્નલિંગ વચનવાળા તે શબ્દોના અભિન્ન જ અર્થ એમ એકાર્થપણું છે.

**૬. સમભિરુઢ:** समः એકી સાથે, अभिरोहति વ્યુત્પત્તિ પ્રમાણે ચઢે, તે સમભિરૂઢ. શબ્દ વ્યવહારમાં એકી સાથે વ્યુત્પત્તિના નિમિત્તને પામીજે પ્રવૃતિ કરે તે સમભિરૂઢ.

આ નય પર્યાયવાચી શબ્દોમાં પણ ભિન્ન અર્થ માને છે. જેમકે घटनात् घटः એટલે જે ઘટે તે ઘટ-વિશિષ્ટ કોઇપણ જે ચેષ્ટા. જેમ જે ઘડો સ્ત્રીના મસ્તક પર ચઢવારૂપ ક્રિયાને પામ્યો હોય તે જ વાસ્તવિકપણે ઘડો કહેવાય અને ઉપચારથી તે ક્રિયાયુક્ત સાધનમાં જ 'ઘડો' શબ્દ વપરાય.

એ પ્રમાણે कुट શબ્દ (ધાતુ) કૌટિલ્ય એટલે કુટિલ-વક્રતા અર્થમાં છે આથી અહીં પૃષ્ઠ, બુધ્ન, પેટ, ડોક, કાંઠલો વગેરે વક્ર આકારના કારણે ઘડો એ કુટ કહેવાય.

ઉંભ ધાતુ પૂરણ અર્થમાં છે. અને कु શબ્દ પૃથ્વી અર્થમાં છે એટલે 'કુ' પર જે રહે અથવા પૃથ્વીની જગ્યા પૂરે તે કુંભ. એ પ્રમાણે બધાય પર્યાયવાચી શબ્દો જુદા જુદા રૂપે સ્વીકારે છે અને કહે છે કે બીજા શબ્દ વડે કહેવા યોગ્ય વસ્તુ દ્રવ્ય કે પર્યાય તે અન્ય શબ્દથી કહેવા યોગ્ય વસ્તુરૂપમાં પરિણમતું નથી.

પટ શબ્દથી વાચ્ય જે પદાર્થ છે, તે ક્યારેય પણ ઘટ શબ્દ વાચ્ય પદાર્થરૂપે થતો હોય તેવું જણાતું નથી. અને જો અન્ય પદાર્થ રૂપે થાય, તો પદાર્થ સાંકર્ય (શંકર દોષ) નો દોષ આવશે. અને તે પ્રમાણે થવાથી આખા જગતમાં પ્રસિદ્ધ દરેક વિષય (પદાર્થ) ની નક્કી થયેલ પ્રવૃત્તિ-નિવૃત્તિ રૂપ વ્યવહારનો ઉચ્છેદ થશે. તેથી ઘટ વગેરે શબ્દોથી વાચ્ય પદાર્થો કુટ વગેરે શબ્દોથી વાચ્ય પદાર્થરૂપે પ્રાપ્ત ન થતા હોવાથી કુટાદિ શબ્દો ઘટ વગેરે પદાર્થને જણાવનારા નથી માટે પર્યાયવાચી શબ્દો અલગ અર્થ જણાવનારા છે. આ વાતને પ્રમાણથી સિદ્ધ કરે છે.

જે જે શબ્દો ભિન્ન ભિન્ન વ્યુત્પત્તિ નિમિત્તક છે, તે તે શબ્દો ભિન્ન પદાર્થ સૂચક છે. જેમ ઘટ (ઘડા), પટ (વસ્ત્ર) શકટ (ગાડુ), વગેરે શબ્દો માટે ભિન્ન વ્યુત્પત્તિ-વાળા પર્યાયવાચી શબ્દો છે. જે વિચાર્યા વગર પર્યાય શબ્દોને અમુક પ્રતીતિ બલના કારણે એક અર્થ જણાવવાપણુ સ્વીકારે છે, તે અતિપ્રસંગ દોષના કારણે બરાબર નથી. કેમકે પ્રતીતિ અને યુક્તિથી રહિત પદાર્થોનો અંગીકાર કરાય તો મંદ મંદ પ્રકાશમાં મોટી જગ્યામાં રહેલા શરીરવાળા જુદા જુદા લીંમડો, કદંબ, પીપળો, કોઠા વગેરે ઝાડની એક ઝાડના આકારને ધારણ કરવારૂપ પ્રતીતિ થાય છે. તો તે ઝાડોને એકરૂપે સ્વીકારવા જોઈએ પણ તે પ્રમાણે થતું નથી. પણ ભિન્ન ભિન્ન તેના સ્વરૂપને ગ્રહણ કરાવનાર વિરુદ્ધ પ્રત્યયના આગ્રહથી બાધિત હોવાથી પૂર્વ પ્રતીતિથી અલગ પ્રકારે જ તેનું ગ્રહણ થાય છે. એ પ્રમાણે બીજા સ્થળોમાં પણ વિચારવું અને બીજુ તો—

હે શબ્દનયઃ— જો તું પરસ્પર અર્થથી ભિન્ન હોવાના કારણે લિંગ અને વચનથી ભિન્ન શબ્દોને ભિન્ન અર્થો રૂપે વ્યવહાર કરે છે. તો પછી પર્યાયવાચી શબ્દોનો ભિન્ન અર્થ રૂપે કેમ વ્યવહાર કરતો નથી? તેથી કરીને જ તેઓ પરસ્પર અર્થથી ભિન્ન હોવાના કારણે પર્યાયવાચી શબ્દો પણ એક અર્થ (પદાર્થ) વાચક થતા નથી.

(૭) **એવંભૂત નયઃ**— એવં શબ્દ એટલે પ્રકાર, જે પ્રકારને જણાવનાર જે શબ્દ હોય તેના અર્થપ્રધાનતાને સ્વીકારનાર જે નય તે એવંભૂતનય. જે પ્રમાણે શબ્દની વ્યુત્પત્તિ થતી હોય, તે પ્રમાણે પદાર્થ જેમાં મળે, તે એવંભૂત શબ્દ કહેવાય તેને સમર્થન કરનારો નય પણ ઉપચારથી એવંભૂત કહેવાય. આ નય શબ્દને અર્થ વડે વિશેષિત કરે છે એટલે શબ્દને અર્થના વશથી નિયતભાવમાં સારી રીતે સ્થાપે છે.

જેમ તે જ વાસ્તવિકપણે ઘડો છે કે જે ઘડાની ક્રિયા યુક્ત અર્થને જણાવતો હોય. તથા અર્થને શબ્દ વડે વિશેષિત કરે એટલે શબ્દના વશથી તે શબ્દ વડે જણાતા અર્થને નિયત ભાવમાં સારી રીતે સ્થાપે તે. જેમ ઘટ શબ્દ વડે જણાવનારી જે પ્રસિદ્ધ ક્રિયા ઘટનાત્ ઘટઃ જે ઘટે તે ઘટ એવી વ્યુત્પત્તિવાળા અર્થની ભાવનાના બલથી સ્ત્રી વગેરેના મસ્તક પર ચઢેલા ઘડાને પાણી લાવવાની ક્રિયા યુક્ત હોય, તે ઘડો કહેવાય. પણ જગ્યા પૂરવારૂપ ક્રિયાવાન હોય તે નહીં. તેથી જે અર્થમાં શબ્દની વ્યુત્પત્તિ થતી હોય, તે વ્યુત્પત્તિ નિમિત્તક અર્થ સ્વરૂપમાં હોય છે. તે જ સ્વરૂપમાં તે શબ્દને તે જ વખતે પ્રયોજવા ઇચ્છે, બીજા વખતે નહીં.

સ્ત્રીના માથા પર રહેલ ઘડો જે વખતે પાણી લાવવાની વિશિષ્ટ ક્રિયા કરતો હોય, તે જ ઘડો 'ઘટ' શબ્દ વડે કહેવા યોગ્ય છે. બીજા ઘડા નહીં. કારણ કે ઘટ શબ્દની વ્યુત્પત્તિ નિમિત્તથી રહિત છે પટની જેમ. તથા ઘટ શબ્દ પણ વાસ્તવિક તે જ છે, કે જે ચેષ્ટાવાન અર્થ (પદાર્થ)નું પ્રતિપાદન કરતો હોય, બીજા અર્થનું નહીં.

કેમકે બીજા અર્થ પોતાના અભિધેય અર્થથી શૂન્ય છે. એમ આ નય વ્યુત્પત્તિ નિમિત્ત અસ્તિત્વથી ભૂષિતને જ તાત્ત્વિક શબ્દ કહે છે.

જે પાંચ ઈન્દ્રિય, ત્રણબલ વગેરે રૂપ દશ પ્રાણોને ધારણ કરે, તે નારક વગેરે રૂપ જ સંસારી પ્રાણી જ જીવ શબ્દ તરીકે કહેવાય. પણ સિદ્ધ ભગવંત નહીં, કારણ કે સૂત્રમાં કહેલા પ્રાણ ધારણરૂપ લક્ષણની વ્યુત્પત્તિથી રહિત હોવાથી, સિદ્ધ એ આત્મા વગેરે શબ્દથી જણાય છે.

તે આ પ્રમાણે अतति એટલે गच्छति જે સતત જ્ઞાન, દર્શન, સુખ વગેરે તે તે પર્યાયોને પામી રહ્યા છે એવા આત્માદિ શબ્દની વ્યુત્પત્તિ ઘટે છે તેથી સિદ્ધો એ આત્મા કહેવાય છે. (૮૪૭)

હવે આ સાત નયોના પેટા ભેદોની સંખ્યા કહે છે.

**एक्केको य सयविहो सत्त नयसया हवंति एवं तु ।**
**बीओ वि य आएसो पंचेव सया नयाणं तु ॥ ८४८ ॥**

**એકેક નયનાઃ સો સો ભેદ ગણતા સાત નયના સાતસો ભેદો થાય. બીજા મતે નયના પાંચસો ભેદ થાય છે.**

મૂલભેદની અપેક્ષાએ નયો ઉપરોક્ત રીતે સાત પ્રકારે છે. તે દરેકના પેટા ભેદો સો સો છે. તેથી તે સર્વ ભેદોનો સરવાળો કરતા સાતસો નયના ભેદો થાય છે. આમાં બીજો પણ મત છે. બીજા મતે પાંચસો ભેદ નયના થાય છે. તે આ પ્રમાણે–

શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત. આ ત્રણ નયો શબ્દ પ્રધાન હોવાથી ત્રણેનો એક જ ભેદ ગણાતા મૂળ નયો પાંચ જ થાય છે અને દરેકના સો સો. પેટા ભેદો ગણતા પાંચ નયોના પાંચસો ભેદ થાય છે.

ગાથામાં કહેલ अपि શબ્દથી છસો, ચારસો, બસો ભેદ પણ નયના જણાવ્યા છે. તેમાં છસો નય આ પ્રમાણે છે.

નૈગમમાં જે સામાન્ય ગ્રાહી છે, તેનો સંગ્રહમાં અને વિશેષ ગ્રાહીનો વ્યવહારમાં સમાવેશ કરતા મૂળનયો છ થાય તે દરેકના સો સો ભેદ ગણતા છ નયના છસો ભેદ થાય.

સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર અને શબ્દ એમ ચાર મૂળ નય માનીએ અને દરેકના સો સો ભેદ ગણતા પેટા ભેદો ચારસો થાય.

નૈગમથી લઈ ઋજુસૂત્ર સુધીના ચારે નયો દ્રવ્યાસ્તિક દ્રવ્યપ્રધાન છે. અને શબ્દ વગેરે ત્રણ પર્યાય પ્રધાન હોવાથી પર્યાયાસ્તિક–એમ દ્રવ્યાસ્તિક અને પર્યાયાસ્તિક બે ભેદો ગણી તેના દરેકના સો–સો ભેદ ગણતા બસો ભેદ થાય.

જેટલા વચનના માર્ગો એટલે ભેદો તેટલા નયો એમ ગણીએ તો અસંખ્યાત નયોનો સ્વીકાર થાય છે. (૮૪૮)

# १२५ वस्त्रग्रहण विधान

जन्न तयट्ठा कीयं नेव वुयं  नेवगहियमन्नेसिं ।
आहड पामिच्चं चिय कप्पए साहुणो वत्थं ॥ ८४९ ॥

**જે વસ્ત્ર સાધુ માટે ખરીદ્યું ન હોય, વણ્યું ન હોય, બીજા પાસે બળાત્કારે લીધું ન હોય, સામે લાવ્યા ન હોય, ઉધાર લાવ્યા ન હોય, આવું વસ્ત્ર સાધુને લેવું ખપે.**

વસ્ત્ર એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, અને પંચેન્દ્રિય જીવોના અવયવોમાંથી બનતા હોવાથી ત્રણ પ્રકારના વસ્ત્ર છે.

કપાસ વગેરેમાંથી બનતા સુતરાઉ કપડા એકેન્દ્રિય નિષ્પન્ન છે.

કોશેટા વગેરે વિકલેન્દ્રિયના અવયવમાંથી બનતા રેશમી વસ્ત્ર વિકલેન્દ્રિય નિષ્પન્ન છે. તે વસ્ત્ર કારણે જ સાધુથી લેવાય.

ઉન વગેરેના ગરમ વસ્ત્રો પંચેન્દ્રિયના અવયવોમાંથી બનેલા હોય છે.

આ દરેકના (૧) યથાકૃત (૨) અલ્પ પરિકર્મ, અને (૩) બહુ પરિકર્મ એમ ત્રણ ત્રણ ભેદો છે.

(૧) તેમાં જે વસ્ત્રો પરિકર્મ એટલે સિવવા વગેરેના સંસ્કાર વગર સ્વાભાવિક મળે તે યથાકૃત કહેવાય.

(૨) જે વસ્ત્ર એકવાર ફાડીને સીવ્યું હોય તે અલ્પપરિકર્મ વસ્ત્ર કહેવાય.

(૩) જે વસ્ત્ર ઘણી જગ્યાએ ફાડીને સીવ્યુ હોય, તે બહુપરિકર્મ.

આમાં અલ્પપરિકર્મવાળુ વસ્ત્ર બહુપરિકર્મવાળા વસ્ત્રની અપેક્ષાએ અલ્પ સંયમ વિરાધનાવાળુ હોવાથી તે અપેક્ષાએ શુદ્ધ છે. બંનેથી યથાકૃત વસ્ત્રો અતિશુદ્ધ છે. કેમકે જરાપણ સંયમવિરાધનારૂપ દોષોનો અભાવ છે. માટે વસ્ત્ર લેનારે પહેલા યથાકૃત વસ્ત્રો લેવા, તે ન મળે તો અલ્પપરિકર્મવાળા વસ્ત્ર લે, અને તે ન મળે તો બહુપરિકર્મવાળુ પણ વસ્ત્ર લે. આ બધાયે વસ્ત્રો ગચ્છવાસિઓને ખપે [કલ્પે] એવા જ લેવા. તે આ પ્રમાણે–

જે વસ્ત્ર સાધુ માટે ખરીદ્યું હોય, જે વસ્ત્ર સાધુ માટે વણ્યું (તુણ્યું) હોય, જે વસ્ત્ર સાધુને આપવા માટે છોકરા વગેરે ઇચ્છતા ન હોય; છતાં તેની પાસેથી તેનું વસ્ત્ર બળાત્કારે લઈને આપે, તો એવા પ્રકારનું વસ્ત્ર ન ગ્રહણ કરવું એ પ્રમાણેની અહીં વિચારણા છે.

અભ્યાહૃત એટલે સામે લાવીને, અપ્રમિત્ય એટલે ઉધાર બીજા પાસેથી લાવીને આપે તે વસ્ત્ર સાધુને ન ખપે. અભ્યાહૃત બે પ્રકારે છે.

સ્વગ્રામાભ્યાહૃત અને પરગ્રામાભ્યાહૃત.

જે બીજા ગામ વગેરેથી સાધુને વહોરાવવા માટે વસ્ત્ર લાવે, તે પરગ્રામાભ્યાહૃત.

દુકાન વગેરેમાંથી સાધુને ન દેખાય તે રીતે સાધુ માટે ઘરે જે વસ્ત્ર લવાય તે સ્વગ્રામાભ્યાહૃત. આવુ વસ્ત્ર સાધુને ન ખપે. પણ દુકાન વગેરેમાંથી સાધુ જોઈ શકે એ રીતે વસ્ત્ર ઘરે લાવીને સાધુને વહોરાવે તો તે ખપે.

અપ્રમિત્યક એટલે ઉધાર. બીજા પાસેથી ઉધાર લઈને જે આપે તે ન ખપે. પિંડમાં જેમ દોષો લાગે છે, તેમ આમાં પણ દોષો લાગે છે. બીજુ વસ્ત્રમાં પણ વિશોધિકોટી અને અવિશોધિકોટી–એમ બે ભેદો દોષના જાણવા. જે વસ્ત્ર મૂળથી સાધુના માટે જ વણ્યું વગેરે કર્યું હોય, તો તે વસ્ત્ર અવિશોધિકોટીનું છે. જે વસ્ત્ર સાધુને આપવા માટે ધોયું હોય, તે વિશોધિકોટીનું છે.

જો વસ્ત્ર ખપે એવુ લાગે, તો તેના બે છેડા પકડીને ચારે તરફથી વસ્ત્રને જોવું કેમ કે, તે વસ્ત્રમાં ગૃહસ્થનું મણિ વગેરે કે સુવર્ણ કે બીજુ રૂપિયા વગેરે બાંધેલું નથી તે ખ્યાલ આવે, અને જો એમ જણાયતો ગૃહસ્થને કહે કે આ વસ્ત્રને તમે બધી તરફથી જોઇ લો અને તે વસ્ત્ર જોતા મણિ વગેરે જોઇને લઇ લે તો બરાબર અને તેને મણિ વિગેરે ન દેખાય તો સાધુ પોતે તે મણિ વગેરે બતાવીને કહે કે આ લઇ લો.

**પ્રશ્ન :–** ગૃહસ્થને મણિ વગેરે લઈ લેવાનું કહેવાથી અધિકરણ ન થાય?

**ઉત્તર :–** ગૃહસ્થને લેવાનું કહેવાથી અલ્પદોષ છે. અને ન કહેવાથી મહાન શાસનની અપભ્રાજના વગેરે થવા રૂપ દોષ છે. (૮૪૯)

હવે કેવું વસ્ત્ર મળે તો શુભ થાય અને કેવું વસ્ત્ર મળે તો અશુભ થાય તે કહે છે.

**अंजणखंजणकद्दमलित्ते, मूसगभक्खियअग्गिविदड्ढे ।**
**उन्निय कुट्टिय पज्जवलीढे, होइ विवागो सुहो असुहो वा ॥८५०॥**
**नवभागकए वत्थे चउरो कोणा य दुन्नि अंता य ।**
**दो कन्नावट्टीउ मज्झे वत्थस्स एक्कं तु ॥ ८५१ ॥**
**चत्तारि देवया भागा, दुवे भागा य माणुसा ।**
**आसुरा य दुवे भागा, एगो पुण जाण रक्खसो ॥८५२॥**
**देवेसु उत्तमो लाभो, माणुसेसु य मज्झिमो ।**
**आसुरेसु य गेलन्नं, मरणं जाण रक्खसे ॥८५३॥**

**અંજન, ખંજન એટલે દીવાનો મેલ, કાદવ વગેરે લાગેલ, ઉંદરે ખાધેલ (કાતરેલ), આગથી બળેલ, તુણેલ, કાણા પડેલ, પર્યાયલીઢ (થીગડું મારેલ) વસ્ત્રથી શુભાશુભ વિપાક થાય.**

વસ્ત્રના નવ ભાગ આ પ્રમાણે કરે. ચાર ખૂણા, બે છેડા, બે કાનપટીયા અને એક વસ્ત્રનો મધ્ય ભાગ—આ નવ ભાગમાં ચારખૂણા દેવ ભાગમાં છે, બે છેડા માનવ ભાગમાં, બે કાનપટીયા અસુર ભાગમાં અને વચ્ચેનો મધ્યભાગ રાક્ષસ ભાગમાં જાણવો.

વસ્ત્રમાં દેવભાગ હોય તો ઉત્તમ લાભ, માનવભાગમાં મધ્યમ લાભ, અસુર ભાગમાં ગ્લાનતા એટલે માંદગી, રાક્ષસ ભાગમાં મરણ થાય છે.

સૌવિરાંજન અથવા તેલથી, કાજલ બનાવેલ અંજન, ખંજન એટલે દિવાનોમેલ, કાદવ વગેરેથી ખરડાયેલ વસ્ત્ર, તથા ઉંદરોથી ખવાયેલ અને ઉપલક્ષણથી કંસારી વગેરે જીવાતો વડે ખાધેલ કે કતરાયેલ, આગથી વિશેષ બળેલ, તુણનારે પોતાની કળાની હોંશિરીયાથી તૂણેલ એટલે પડેલા કાણા વગેરેને પૂરેલ વસ્ત્ર, ધોબી વડે કપડા પછાડતા પડેલ કાણાવાળું વસ્ત્ર તથા જૂના વગેરે પર્યાયોથી યુક્ત એટલે ઘણું જૂનું વસ્ત્ર થવાના કારણે ખરાબ રંગ વગેરે વાળું થયેલ વસ્ત્ર—આવા પ્રકારનું વસ્ત્ર લેવાથી શુભ કે અશુભ વિપાક રૂપ જે પરિણામ થાય, તે કહે છે. તેની વિચારણા આ પ્રમાણે છે.

ગ્રહણ કરેલ વસ્ત્રના નવ ભાગ કરવા. તેમાં કેટલાક ભાગોમાં અંજન, ખંજન વગેરે હોવાથી શુભફળ થાય અને કેટલાક ભાગોમાં ન હોવાથી અશુભ ફળ થાય છે. હવે તે ભાગો કહે છે.

વસ્ત્રના કલ્પનાવડે નવ ભાગો કરવા તે ભાગો આ પ્રમાણે જાણવા. વસ્ત્રના ચાર ખૂણા, બે છેડા જ્યાં દશી રહેલી હોય. બે કર્ણપટ્ટીકા એટલે કાનપટ્ટીયા અને વસ્ત્રનો વચ્ચેનો મધ્ય ભાગ.

| | | |
|---|---|---|
| ખૂણા | કર્ણપટીકા | ખૂણા |
| છેડા | મધ્ય ભાગ | છેડા |
| ખૂણા | કર્ણપટીકા | ખૂણા |

| | | |
|---|---|---|
| દેવ | અસુર | દેવ |
| મનુષ્ય | રાક્ષસ | મનુષ્ય |
| દેવ | અસુર | દેવ |

આ વિભાગોના ક્રમસર સ્વામિ કહે છે. વસ્ત્રના ચાર ખૂણારૂપ ભાગો દેવ સંબંધિ

છે. બે દશીના છેડાવાળો ભાગ મનુષ્યના સ્વામિ સંબંધિ છે. બે કાનપટ્ટીયાનો ભાગ અસુર સંબંધિ છે. સર્વ મધ્યમભાગ રાક્ષસ સંબંધિ છે. એમ ક્રમસર નવ ભાગોના સ્વામિ જાણવા.

હવે આ નવભાગમાં અંજન વગેરે લાગેલ હોવાથી જે શુભ–અશુભ ફળ થાય, તે કહે છે. દેવ ભાગરૂપ ખૂણામાં જો અંજન વગેરે લાગેલ વસ્ત્ર હોય, તો તે લેવાથી સાધુઓને–વસ્ત્ર પાત્ર વગેરેનો ઉત્તમ લાભ થાય.

મનુષ્ય સંબંધિ બે ભાગ રૂપ બે છેડે જો અંજન વગેરે લાગેલ વસ્ત્ર હોય, તો મધ્યમસરનો લાભ થાય.

અસુર સંબંધિ ભાગ જો અંજન વગેરેથી દૂષિત હોય, તો તેવું વસ્ત્ર લેવાથી સાધુઓને માંદગી થાય.

રાક્ષસ સંબંધિ ભાગ જો અંજન વગેરેથી દૂષિત હોય, તો સાધુઓનું મરણ થાય એમ જાણવું. (૮૫૦–૮૫૩)

## ૧૨૬ પાંચ વ્યવહાર

**आगम १ सुय २ आणा ३ धारणा ४ य जीए ५ य पंच ववहारा ।**
**केवल १ मणो २ हि ३ चउदस ४ दस ५ नवपुव्वाइ ६ पढमोऽत्थ ॥८५४॥**

**આગમ, શ્રુત, આજ્ઞા, ધારણા, જીત–આ પાંચ વ્યવહાર છે. એમાં પહેલો આગમવ્યવહાર કેવળજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની ચૌદપૂર્વી, દશપૂર્વી નવપૂર્વીનો હોય છે.**

જીવ વગેરેનો જેના વડે વ્યવહાર કરાય, તે વ્યવહાર અથવા વ્યવહાર કરવો તે વ્યવહાર એટલે મોક્ષાભિલાષી જીવોની પ્રવૃત્તિ નિવૃત્તિરૂપ જે ક્રિયા તે વ્યવહાર, તે વ્યવહારના કારણરૂપ જે જ્ઞાન વિશેષ પણ વ્યવહાર જ કહેવાય, તે પાંચ પ્રકાર આ પ્રમાણે છે.

(૧) આગમ એટલે જેના વડે પદાર્થો જાણી શકાય તે, (૨) શ્રુત એટલે જે શ્રવણ કરાય અથવા સંભળાય તે (૩) આજ્ઞા એટલે જેની આજ્ઞા કે આદેશ કરાય તે, (૪) ધારણા એટલે જે ધારણ કરી રખાય તે, (૫) જીત એટલે જે જીતાય તે.

### ૧ આગમવ્યવહાર :

એમાં આગમવ્યવહાર છ પ્રકારે છે તે આ પ્રમાણે:– કેવળજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની, ચૌદપૂર્વી દશપૂર્વી, અને નવપૂર્વી આ બધાયે આગમવ્યવહારી કહેવાય.

આમાં આલોચના કરનારને પ્રથમ કેવળજ્ઞાની મળે તો તેની પાસે જ આલોચના કરે, તે ન હોય, તો મનઃપર્યવજ્ઞાની પાસે, તેના અભાવમાં અવધિજ્ઞાની પાસે, તેના અભાવમાં ચૌદપૂર્વી, તેના અભાવે દશપૂર્વી અને તે પણ ન હોય તો નવપૂર્વી પાસે આલોચના કરે. (૮૫૪)

બધા કેવલી વગેરે આગમવ્યવહારીઓ પોતે જાતે શિષ્યના અતિચારોને જાણતા હોવાથી જાતે તે પ્રગટ કરી પ્રાયશ્ચિત્ત આપે છે કે બીજી રીતે આપે છે. તે કહે છે.

**कहेहि सव्वं जो वुत्तो, जाणमाणोऽवि गूहइ ।**
**न तस्स दिंति पच्छित्तं, बिंति अन्नत्थ सोहय ॥८५५॥**
**न संभरे य जे दोसे, सब्भावा न य मायओ ।**
**पच्चक्खी साहए ते उ, माइणो उ न साहए १ ॥ ८५६ ॥**

**બધું કહે–એમ કહેવા છતાં જે (શિષ્ય) પોતે જાણતો હોવા છતાં અતિચારોને છુપાવે તેને પ્રાયશ્ચિત્ત આપતા નથી. પણ બીજે અતિચાર શુદ્ધિ કરવાનું કહે.**

જેને સ્વભાવિકપણે અતિચારો યાદ ન આવતા હોય અને માયાથી છૂપાવતો ન હોય તેને પ્રત્યક્ષજ્ઞાની ગુરુ યાદ કરાવે પણ માયાવીને યાદ ન કરાવે.

આગમવ્યવહારી ગુરુએ જે શિષ્યને કહ્યું હોય, કે 'બધાયે અતિચારો કહે.' છતાં પણ જે જાણતો હોવા છતાં માયાવીપણાથી પોતાના દોષોને છુપાવતો હોય, તે માયાવી ને આગમવ્યવહારીઓ પ્રાયશ્ચિત્ત ન આપે. પણ કહે કે બીજા પાસે જઈ પ્રાયશ્ચિત્ત લો. પણ જેને સ્વભાવિકપણે કોઈક દોષ યાદ ન આવે તો તેને તે દોષો પ્રત્યક્ષજ્ઞાની, આગમવ્યવહારી યાદ કરાવે પણ માયાવીને ન કહે. તે આ પ્રમાણે.

આગમ વ્યવહારી જો કેવળજ્ઞાન વગેરેના આધારે જાણતા હોય કે 'આને યાદ કરાવવાથી શુદ્ધભાવવાળો હોવાથી વાતનો સારી રીતે સ્વીકાર કરશે' તો યાદ કરાવે કે 'તારા અમુક અતિચાર આલોવવા ભૂલાઈ ગયા છે. માટે તેની પણ આલોચના કર' અને જો જાણે કે આ પ્રમાણે 'આ કહેવા છતાં માયાવીપણાથી અતિચારોને સારી રીતે સ્વીકારશે નહીં' તો તે ન સ્વીકારનારને નિષ્ફળ હોવાના કારણે યાદ કરાવતા નથી. કારણ કે આગમવ્યવહારી ભગવંતો અમૂઢલક્ષી હોય છે.

આથી જ આલોચક આલોચના આપ્યા પછી સારી રીતે આવૃત્ત એટલે પાછો વળ્યો છે–એમ જાણીને તેને પ્રાયશ્ચિત્ત આપે. હવે જો આલોચક આલોચના પછી પ્રત્યાવૃત એટલે પાછો વળ્યો ન હોય તો પ્રાયશ્ચિત્ત ન આપે.

**પ્રશ્નઃ-** ચૌદપૂર્વી વગેરે શી રીતે પ્રત્યક્ષજ્ઞાની કહેવાય ? કેમ કે તેઓ શ્રુતજ્ઞાની છે અને શ્રુતજ્ઞાન તો પરોક્ષજ્ઞાન છે.

**ઉત્તરઃ-** ચૌદપૂર્વ વગેરેના બલથી જે જ્ઞાન ઉત્પન્ન થયું હોય, તે પ્રત્યક્ષ જેવું છે. જેથી જેને જે રીતે અતિચાર કર્યો હોય તેને તે પ્રમાણે આ ચૌદપૂર્વી વગેરે સર્વે જાણે છે.

**પ્રશ્નઃ-** હવે જો આગમવ્યવહારીને સર્વભાવ વિષયક જ્ઞાન હોય, તો તેમની આગળ જઈ આલોચના શા માટે કરે ? તેમની આગળ જઈને કહી દે કે 'મારા અપરાધો તમે બધા જાણો છો તેનું મને પ્રાયશ્ચિત્ત આપી દો.

**ઉત્તરઃ-** ગુરુ આગળ આલોચના કરવાથી ઘણા ગુણોની પ્રાપ્તિ થાય છે. તથા સમ્યગ્ આરાધના થાય છે. તે આ પ્રમાણેઃ—આલોચનાચાર્ય તે આલોચકને ઉત્સાહિત કરે કે 'હે વત્સ ! તું ધન્ય છે, તું ભાગ્યશાળી છે, કેમકે તું માન છોડી આત્મહિત માટે તારા ગુપ્ત પાપો પ્રગટ કરે છે.' આ કામ મહાદુષ્કર છે. આ પ્રમાણે ઉત્સાહિત કરવાથી પરિણામની વૃદ્ધિ થવાના કારણે વધતા પરિણામવાળો સારી રીતે શલ્યરહિત થઈ યથાસ્થિત આલોચના કરી પ્રાયશ્ચિતને સ્વીકારે. તેથી અંતકાલે આરાધક થઈ થોડા વખતમાં મોક્ષ પામે (૮૫૫-૮૫૬)

હવે શ્રુતવ્યવહાર અને આજ્ઞાવ્યવહાર કહે છે.

**आयारपकप्पाई सेसं सव्वं सुयं विणिद्दिट्ठं २ ।**
**देसंतरट्ठियाणं गूढपयालोयणा आणा ३ ॥८५७॥**

**આચારપ્રકલ્પ (નિશિથ) વગેરે બાકીનું સમસ્ત શ્રુત તે શ્રુતવ્યવહાર. બીજા દેશમાં રહેલા ગીતાર્થ પાસે જે ગૂઢ પદો વડે આલોચના કરવી તે આજ્ઞાવ્યવહાર.**

**૨ શ્રુતવ્યવહારઃ-** હવે શ્રુતવ્યવહાર કહે છે. આચારપ્રકલ્પ એટલે નિશિથથી માંડીને આઠ પૂર્વ, અગ્યાર અંગ, વ્યવહાર સૂત્ર અને દશાશ્રુતસ્કંધ વિગેરે સમસ્ત શ્રુત તે શ્રુતવ્યવહાર. નવ-દશ વગેરે પૂર્વોના જ્ઞાનનું શ્રુત હોવા છતાં પણ અતિંદ્રિય પદાર્થોમાં અતિશયવાળા હોવાથી વિશિષ્ટ જ્ઞાનરૂપે કેવળજ્ઞાન વગેરેની જેમ તે પણ આગમ-વ્યવહારી કહેવાય છે.

શ્રુતવ્યવહારીઓ સ્પષ્ટ જાણવા માટે આલોચક પાસે ત્રણ વખત અતિચારોની આલોચના કરાવે એટલે બોલાવે. કેમકે એક કે બે વાર આલોચના કરાવવાથી આના વડે સારી રીતે આલોચના કરી કે ન કરી તે વિશેષ (બરાબર) પ્રકારે જણાતું નથી.

**પ્રશ્નઃ-** કેવી રીતે ત્રણવાર આલોચના કરાવે ?

**ઉત્તર:**– પહેલીવાર આલોચના કરે ત્યારે જાણે ઉંઘતા ન હોય તે રીતે સાંભળે. અને કહે કે 'મને ઉંઘ આવી ગઈ એટલે કંઈ બરાબર ન સાંભળ્યું. માટે ફરીવાર આલોચના કર' બીજીવાર આલોચના કરે ત્યારે કહે કે 'હું અત્યારે ઉપયોગ વગરનો હોવાથી મેં બરાબર ધાર્યું નથી માટે ફરી આલોચના કર.'

એમ ત્રણવાર એક સરખી આલોચના કરે તો જાણવું કે આ માયાવી નથી. વિષમ આલોચના કરે તો જાણવું કે આ પરિણામથી કુટિલ છે, એટલે માયાવી છે. એમ થયે છતે તેને પણ ખબર પડે કે 'હું એક સરખું ન બોલવાના કારણે માયાવી રૂપે જણાયો છું.' માટે પહેલા તેને માયાજન્ય અતિચારનું પ્રાયશ્ચિત્ત આપવું તે પછી અપરાધ નિમિત્તક પ્રાયશ્ચિત્ત આપવું.

**૩. આજ્ઞાવ્યવહાર:–**

આજ્ઞાવ્યવહાર કહે છે. જુદા જુદા દેશમાં રહેલા બે ગીતાર્થોનો જે ગૂઢ પદો વડે પોત પોતાના અતિચારોની આલોચના કરવા રૂપ જે વ્યવહાર, તે આજ્ઞાવ્યવહાર. તે આ પ્રમાણે:–

સૂત્રાર્થની સેવના દ્વારા ગીતાર્થ થયેલા તેમજ જંઘાબળ ક્ષીણ થયેલ આચાર્યો વિહાર ક્રમના કારણે દૂર દૂર દેશોમાં રહેલા હોવાથી એકબીજાની પાસે જવા અસમર્થ હોય અને અતિચાર લાગે ત્યારે પ્રાયશ્ચિત્ત લેવા માટે એવા પ્રકારના યોગ્ય ગીતાર્થ શિષ્ય ન હોવાથી બુદ્ધિ ધારણામાં કુશળ એવા અગીતાર્થ શિષ્યને સિદ્ધાંતની ભાષામાં અતિચાર સેવનના ગૂઢ અર્થ પદો કહીને દેશાંતરમાં રહેલા ગીતાર્થ પાસે મોકલે. તે ત્યાં જઈને ગૂઢ પદો કહે તે સાંભળીને તે ગીતાર્થ આચાર્ય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, સંઘયણ, ધૃતિ બલ વગેરે જોઈ વિચારીને પોતે જાતે ત્યાં જાય અથવા તેવા યોગ્ય ગીતાર્થ શિષ્યને જાણકારી આપીને મોકલે. તેવા શિષ્ય ન હોય તો તે આવનાર સાધુને જ ગૂઢાર્થપણે અતિચાર શુદ્ધિ કહે. (૮૫૭)

હવે ધારણાવ્યવહાર કહે છે :–

**गीयत्थेणं दिन्नं सुद्धिं अवहारिऊण तह चेव ।**
**दिंतस्स धारणा तह उद्धियपयधरणरूवा वा ४ ॥८५८॥**

**ગીતાર્થે જે પ્રાયશ્ચિત્ત શુદ્ધિ આપી હોય તેને જ ધારણા કરી પ્રાયશ્ચિત્ત આપનારને ધારણાવ્યવહાર અથવા ઉદ્ધૃતપદ ધારણારૂપ ધારણાવ્યવહાર છે.**

**૪ ધારણાવ્યવહાર:–**

સંવિજ્ઞગીતાર્થ આચાર્ય વડે કોઈક શિષ્યને કોઈ અપરાધમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ પુરુષ, પ્રતિસેવના જોઈને જે પ્રાયશ્ચિત્ત આપ્યું હોય, તે પ્રાયશ્ચિત્તને તે પ્રમાણે ધારી

લઈ તે શિષ્ય જ્યારે બીજી વખતે બીજા કોઇને તેવો જ અપરાધ તેવા દ્રવ્યાદિકના અનુસારે થયો હોય, તો તેને તે પ્રમાણે પ્રાયશ્ચિત આપે. તે વખતે આ ધારણા નામે ચોથો વ્યવહાર કહેવાય અથવા ઉદ્ધાર કરેલ પદોની ધારણારૂપ પણ ધારણાવ્યવહાર છે. તે આ પ્રમાણે:– વૈયાવચ્ચ વગેરે કરવા દ્વારા ગચ્છ પર ઉપકાર કરનાર કોઈક સાધુ કે જે હજુ સમસ્ત શ્રુતજ્ઞાનને યોગ્ય ન થયો હોય, તો તેના પર ઉપકાર કરી ગુરુ મહારાજ કેટલાક પ્રાયશ્ચિત્તપદોને શાસ્ત્રમાંથી ઉદ્ધરીને કહે. અને તે પદોને તે ધારી રાખે તે ધારણાવ્યવહાર કહેવાય. (૮૫૮)

હવે જીતવ્યવહાર કહે છે.

**दव्वाइ चिंतिऊणं संघयणाईण हाणिमासज्ज ।**
**पायच्छित्तं जीयं रूढं वा जं जहिं गच्छे ५ ॥ ८५९॥**

**સંઘયણ વગેરેની હાનિના કારણે દ્રવ્યાદિનો વિચાર કરી જે પ્રાયશ્ચિત અપાય તે જીતવ્યવહાર અથવા જે ગચ્છમાં જે પ્રાયશ્ચિત્ત અપાતું હોય અને તે રૂઢ થયેલ હોય તે પણ જીત કહેવાય.**

**૫ જીતવ્યવહાર:–**

પૂર્વના આચાર્યો જે અપરાધમાં ઘણા તપો દ્વારા શુદ્ધિ કરતા હતા, તે જ અપરાધોમાં વર્તમાનકાળે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને વિચારી સંઘયણ, ધૃતિ, બલ વગેરે હાનિના કારણે યોગ્ય ઉચિત એવા તપ આદિ પ્રકારે ગીતાર્થો જે શુદ્ધિ બતાવે તે સિદ્ધાંતની ભાષામાં જીત કહેવાય.

અથવા જે પ્રાયશ્ચિત્ત કોઇક આચાર્યના ગચ્છમાં કારણે સૂત્ર સિવાયનું બીજું પ્રવર્ત્યું હોય અને ઘણાઓ તેને અનુસર્યા હોય, તે ત્યાં રૂઢ થયેલ હોય તો તે જીત વ્યવહાર કહેવાય છે.

આ પાંચે વ્યવહારમાંથી કોઈપણ વ્યવહારવાળા ગીતાર્થ ગુરુ પ્રાયશ્ચિત્ત આપવાના અધિકારી છે. અનેક દોષોનો સંભવ હોવાથી અગીતાર્થ પ્રાયશ્ચિત્ત આપવાના અધિકારી નથી. કહ્યું છે કે–

અગીતાર્થ ચારિત્રવાળો પ્રાયશ્ચિત્ત શુદ્ધિને જાણતો ન હોવાથી ઓછું અધિકુ પ્રાયશ્ચિત્ત આપે. જેથી પોતાને અને આલોચના કરનારને સંસારમાં પાડે છે. (૮૫૯)

## ૧૨૭ પાંચ યથાજાત

**पंच अहाजायाइं चोलगपट्टो १ तहेव रयहरणं २ ।**
**उन्निय ३ खोमिय ४ निस्सेज्जजुयलयं तह य मुहपोत्ती ५ ॥८६०॥**

**ચોલપટ્ટો તથા રજોહરણ (ઓઘો) ગરમ તથા સુતરાઉ એમ બે નિશેથીયા તથા મુહપત્તિ આ પાંચ યથાજાત છે.**

ચોલપટ્ટો તથા રજોહરણ, ઉનનું તથા સુતરાઉ એમ બે નિશેથીયા તથા મુહપત્તિ આ પાંચ યથાજાતો છે.

યથાજાત એટલે જન્મ. તે અહીં સાધુપણાના જન્માશ્રયી જાણવું. સાધુનો જન્મ ફક્ત ચોલપટ્ટા વગેરે ઉપકરણ યુક્ત જ થાય છે. આથી તે કારણે આ ઉપકરણો યથાજાત કહેવાય.

એમાં ચોલપટ્ટો પ્રસિદ્ધ છે.

બહાર અને અંદરના નિશેથીયા વગરનું એકનિષદ્યા જેવો રજોહરણ એટલે ઓઘો તે વર્તમાનકાળમાં દશીઓ સાથે દાંડીને બાંધવામાં આવે છે. સૂત્રાનુસારે તો તે દાંડી એકલી જ હોય છે. દશી સાથે નથી હોતી. તેની ત્રણ નિષદ્યા (નિશેથીયા) હોય છે. તેમાં જે દાંડી પર વીંટવા માટે ત્રણ આંટા વીંટી શકાય એટલું પહોળુ અને એક હાથ લાંબુ કામળીનો જે ટૂકડો તે પહેલું નિશેથીયું, તેના આગળના ભાગે હાથના ત્રીજા ભાગ જેટલી લાંબી દશીઓ બાંધવામાં આવે છે. આ દશીવાળુ નિશેથીયું અહીં રજોહરણ તરીકે કહેવાય. કહ્યું છે કે :–

એક નિષદ્યાવાળું રજોહરણ છે.

બીજુ નિશેથીયું આ રજોહરણને તિરછું ઘણા આંટા વડે વીંટવા દ્વારા કરાય છે. તે કંઇક એક હાથથી અધિક લાંબુ અને એક હાથ પહોળું સુતરાઉ કાપડનું અંદર નિશેથીયું હોય છે. જે અહીં સુતરાઉ નિશેથીયા તરીકે લેવાયું છે.

ત્રીજું નિશેથીયું તે અંદરના સુતરાઉ ઉપર જ તીરછો ઘણા આંટા વીંટવાપૂર્વક બાંધવામાં આવે છે. જે એક હાથ ને ચાર આંગળ પ્રમાણ ચોરસ ગરમ કાપડના ટૂકડામય છે. જેને વર્તમાન કાળમાં ઓઘારીયું કહેવામાં આવે છે. જે બેસવાના કામમાં પણ આવતુ હોવાથી વર્તમાન કાળમાં પાદપ્રોંછનક (આસન) તરીકે રૂઢ થયું છે. આ બહારનું નિશેથીયુ કહેવાય છે. આને અહીં ગરમ નિશેથીયા તરીકે લેવામાં આવ્યું છે.

મોઢું ઢાંકવા માટેનું વસ્ત્ર તે મુખપોત એટલે મુહપત્તી, મુહપત્તી એક વેંત ને ચાર આંગળ પ્રમાણની હોય છે. (૮૯૦)

## ૧૨૮ રાત્રિ જાગરણ

**सव्वेऽवि पढमजामे दोन्नि य वसहाण आइमा जामा ।**
**तइओ होइ गुरूणं चउत्थ सव्वे गुरू सुयइ ॥८६१॥**

**બધાયે સાધુઓ પહેલા પ્રહરે જાગે. પહેલા બે પ્રહરમાં વૃષભ સાધુઓ જાગે, ત્રીજા પ્રહરે ગુરુ એટલે આચાર્ય જાગે અને ચોથો પ્રહરે સર્વે સાધુઓ જાગે અને ગુરુ સૂઇ જાય.**

બધાયે સાધુઓ રાત્રીના પ્રથમ પ્રહરમાં સ્વાધ્યાય અધ્યયન વગેરે કરવા દ્વારા જાગે છે.

પહેલા બે પ્રહરમાં વૃષભ એટલે ગીતાર્થ સાધુઓ પ્રજ્ઞાપના વગેરે સૂત્રાર્થનું પરાવર્તન કરતા જાગે છે અને બીજા પ્રહરમાં જ સૂત્રવાન સાધુઓ છે તે સૂઈ જાય છે.

ત્રીજા પ્રહરે ગુરુ એટલે આચાર્ય જાગે છે કારણ કે બે પ્રહર વિત્યા પછી વૃષભ સાધુઓ સૂઈ જાય છે અને ગુરુ ઉઠીને પ્રજ્ઞાપના વગેરે સૂત્રાર્થનું પરાવર્તન ચોથા પ્રહર સુધી કરે.

ચોથા પ્રહરે બધાય સાધુઓ ઉઠી વૈરત્તિકાળનું કાળ ગ્રહણ લે અને કાલિકશ્રુતનું પુનરાવર્તન કરે.

ગુરુ એટલે આચાર્ય ચોથા પ્રહરે સૂઈ જાય. ન સૂવે તો સવારે ઉંઘવાળી આંખ હોવાના કારણે પીઠ (બરડો, વાંસો) તૂટતો હોવાથી ભવ્યજનોને ઉપદેશ વગેરે આપવારૂપ વ્યાખ્યાન કરવા પ્રયત્નશીલ ન થઈ શકે. (૮૬૧)

## ૧૨૯ આલોચના દાતાની ગવેષણા

**सल्लुद्धरणनिमित्तं गीयस्सऽन्नेसणा उ उक्कोसा ।**
**जोयणसयाइं सत्त उ बारस वासाइं कायव्वा ॥८६२॥**

**શલ્યોદ્ધાર માટે ગીતાર્થની ગવેષણા એટલે શોધખોળ. ઉત્કૃષ્ટથી સાતસો યોજનમાં બાર વર્ષ સુધી કરે.**

શલ્યોદ્ધાર એટલે આલોચના. તે માટે ગીતાર્થ ગુરુની શોધખોળ ક્ષેત્રથી ઉત્કૃષ્ટથી સાતસો યોજનમાં કરવી જોઈએ. કાળથી ઉત્કૃષ્ટપણે બાર વર્ષ સુધી કરવી જોઈએ. આનો ભાવાર્થ આ પ્રમાણે છે કે,

નજીકમાં જ કોઈ ગીતાર્થ ગુરુ જો ન મળે, તો સાતસો યોજન પ્રમાણ ક્ષેત્રમાં ઉત્કૃષ્ટથી શોધખોળ કરે અને કાળથી બાર વર્ષ સુધી આવવાની રાહ જુએ.

**પ્રશ્ન :–** સાતસો યોજન જેટલા ક્ષેત્રમાં શોધવા માટે ફરતા અને બાર વર્ષ સુધીના કાળમાં આવવાની રાહ જોતા વચ્ચે જ જો આલોચના કર્યા વગર કાળ કરી જાય તો તે આરાધક થાય કે ન થાય?

**ઉત્તર :–** આલોચના કરવાના સમ્યક્ પરિણામવાળો ઉપરોક્ત કારણે આલોચના કર્યા વગર વચ્ચે મરી જાય તો પણ વિશુદ્ધ અધ્યવસાય યુક્ત હોવાથી આરાધક જ છે. કહ્યું છે કે,

'આલોચના કરવાની બુદ્ધિથી પરિણત થયેલો ગુરુ પાસે જવા માટે સમ્યક્ પ્રકારે નીકળ્યો હોય, તેમાં વચ્ચે જ કાળ કરે એટલે મરણ પામે તો પણ આરાધક છે.'

આ પ્રમાણે શોધખોળ કરવા છતાં પણ કહેલ ગુણવાળા ગુરુ ન મળે તો સંવિજ્ઞ ગીતાર્થની પાસે પણ આલોચના કરવી. સંભળાય છે કે અપવાદથી ગીતાર્થ સંવિજ્ઞ પાક્ષિક પાસે, સિદ્ધપુત્રની પાસે, પ્રવચન એટલે શાસનદેવતાની પાસે અને છેવટે સિદ્ધની સાક્ષીએ પણ આલોચના કરવી. કારણકે શલ્યસહિત મરણ સંસારનું કારણ છે. કહ્યું છે કે,

"સંવિજ્ઞ ગીતાર્થ ન હોય પાસત્થા વગેરે [1]સારુપીક પાસે પણ આલોચના કરવી. (૮૬૨)

ગુરુ વગેરેની અશુદ્ધ શુદ્ધ દ્રવ્ય વડે કેટલા વખત સુધી શુશ્રુષા કરવી તે સંબંધી.

## ૧૩૦. ગુરુ શુશ્રૂષા કાળ પ્રમાણ

**जावज्जीवं गुरुणो असुद्धसुद्धेहिँ वावि कायव्वं ।**
**वसहे बारस वासा अट्ठारस भिक्खुणो मासा ॥८६३॥**

**ગુરુની શુશ્રૂષા યાવજ્જીવ સુધી અશુદ્ધ–શુદ્ધ દ્રવ્ય વડે કરવી. વૃષભ-સાધુની બાર વર્ષ અને સાધુની અઢાર મહિના સુધી કરવી.**

ગુરુ એટલે આચાર્યની, શુદ્ધ એટલે આધાકર્મ વગેરે દોષોથી અદૂષિત શુદ્ધ આહાર, પાણી, ઔષધ વગેરે વડે અને અશુદ્ધ દ્રવ્ય વડે યાવજ્જીવ સુધી વૈયાવચ્ચ કરવી જોઈએ. આનો ભાવાર્થ એ છે કે,

ગુરુ જીવે ત્યાં સુધી સાધુએ તથા શ્રાવકોએ શુદ્ધ કે અશુદ્ધ આહાર, પાણી વડે તેમની વૈયાવચ્ચ કરવી. કેમકે સમસ્ત ગચ્છ તેમને આધીન હોવાથી અને નિરંતર યથા-શક્તિ સૂત્રાર્થ નિર્ણયની પ્રવૃત્તિ ચાલુ હોવાથી.

વૃષભ એટલે ઉપાધ્યાય વગેરે ગીતાર્થની બાર વર્ષ સુધી શુદ્ધ–અશુદ્ધ દ્રવ્યોથી વૈયાવચ્ચ કરવી. તે પછી શક્તિ હોય તો ભોજન ત્યાગ કરે એટલે અનશન કરે. કેમકે બાર વર્ષના સમયમાં સમસ્ત ગચ્છભાર વહન કરવા સમર્થ બીજા વૃષભ સાધુ તૈયાર

---

૧. સંવિગ્ન ગીતાર્થની ગેરહાજરીમાં જ્ઞાની એવા પાર્શ્વસ્થ વિગેરે.

થઈ જાય છે. સામાન્ય સાધુઓની અઢાર (૧૮) માસ સુધી શુદ્ધ અશુદ્ધ દ્રવ્યો વડે વૈયાવચ્ચ કરવી. તે પછી પરમ સાધ્યરૂપે શક્તિ હોય તો અનશન સ્વીકારવું યોગ્ય છે.

આચાર્ય વગેરેની શુદ્ધ–અશુદ્ધ અશન વગેરે દ્વારા જે વૈયાવચ્ચ કહી છે. તે રોગ વગેરેથી ઘેરાયેલ દેહવાળાની ક્ષેત્રકાળ વગેરેની હાનિના કારણે ભોજન વગેરે ન મળતું હોય, તો કરવાની કહી છે નહીં કે સ્વસ્થ અવસ્થામાં રહેલા આચાર્ય વગેરેની.

વ્યવહાર ભાષ્યમાં સર્વ સામાન્ય ગ્લાન એવાની વ્યવસ્થા માટે આ પ્રમાણે ગાથા લખેલ છે.

छम्मासो आयरिओ कुलं तु संवच्छराइ तिन्निभवे
संवच्छरं गणो खलु जावज्जीवं भवे संघो

આચાર્ય મહારાજ ગ્લાનની (બિમાર સાધુ) ની ચિકિત્સા પહેલા છ મહિના સુધી કરાવે. છતાં પણ જો સ્વસ્થ ન થાય, તો તે ગ્લાન સાધુ કુલને સમર્પણ કરે. તે કુલ પણ ત્રણ વર્ષ સુધી તેની ચિકિત્સા કરાવે, તે છતાં પણ જો બિમારી ન જાય, તો કુલ તે સાધુ ગણને સોંપી દે. તે ગણ પણ એક વર્ષ સુધી તે બિમાર સાધુની શુશ્રૂષા કરાવે. છતાં પણ રોગ ન જાય, તો તે ગણ તે રોગી સાધુને સંઘને સોપે. સંઘ તે સાધુની નિર્દોષ દ્રવ્યથી સેવા કરે. નિર્દોષ દ્રવ્ય ન મળે તો દોષિત પદાર્થોથી પણ યાવજ્જીવ સુધી ભક્તિ કરે. આ વાત જે સાધુ અનશન કરવા અસમર્થ હોય, તેને માટે છે. જે સાધુ અનશન કરવા સમર્થ હોય તેમને અઢાર મહિના સુધી જ પહેલા ચિકિત્સા કરાવવી, તે પછી સ્વસ્થતા થાય તો સારું, ન થાય તો અનશન કરવું. કેમકે સંસારમાં વિરતિયુક્ત આયુષ્ય ( જીવન ) ની પ્રાપ્તિ દુષ્પ્રાપ્ય છે. (૮૬૩)

## ૧૩૧. ઉપધિ ધોવાનો કાળ

**अप्पत्ते च्चिय वासे सव्वं उवहिं धुवंति जयणाए ।**
**असईए उदगस्स उ जहन्नओ पायनिज्जोगो ॥८६४॥**

**વર્ષાઋતુ આવ્યા પહેલા જયણાપૂર્વક બધી ઉપધિને ધુવે. જો પાણી ન હોય, તો જઘન્યથી પાત્રનિર્યોગ ધુવે.**

વર્ષાઋતુ આવ્યા પહેલા એટલે વર્ષાઋતુના આવવાના થોડા જ ટાઈમ પહેલા પાણી વગેરે સામગ્રી સંપૂર્ણ હોય, તો ઉત્કૃષ્ટથી બધી ઉપધિ એટલે ઉપકરણોને યતનાપૂર્વક સાધુઓ ધુવે છે.

જો પાણીનો અભાવ હોય, તો જઘન્યથી પાત્ર નિર્યોગ એટલે પાત્રાના વસ્ત્રો તો જરૂર ધુવે.

પાત્ર નિર્યોગ એટલે પાત્રાના ઉપકરણો—જેમકે પાત્રબંધન એટલે ઝોળી વગેરે.કહ્યું છે કે,

પાત્ર, પાત્રબંધન (ઝોળી) પાત્રસ્થાપન, પાત્રકેસરીકા (ચરવળી), પલ્લા, રજસ્રાણ, ગુચ્છો આ પાત્રના ઉપકરણ છે.

**પ્રશ્ન :—** બધાના જ વસ્ત્રો વર્ષાકાળ પહેલા જ ધોવાય? કે એમાં કોઈ કોઈના વિષયમાં તફાવત છે? (૮૬૪)

आयरिय गिलाणाणं मइला मइला पुणोवि धोइज्जा ।
मा हु गुरूण अवण्णो लोगम्मि अजीरणं इअरे ॥८६५॥

**આચાર્ય અને ગ્લાનના મલિન વસ્ત્રો વારંવાર ધુવે—કારણ કે મલિન વસ્ત્રથી ગુરુ તથા ગ્લાનની લોકમાં નિંદા ન થાય. ગ્લાનને અજીરણ ન થાય માટે.**

**ઉત્તર :—** પ્રવચનના અર્થની વ્યાખ્યા કરવાના અધિકારી તથા સદ્ધર્મની દેશના-દાતૃ વગેરે ઘણા ગુણ સમૂહવાળા આચાર્યના મલિન વસ્ત્રોને વારંવાર ધુવે. અહીં આચાર્યના ઉપલક્ષણથી ઉપાધ્યાય વગેરે વડીલોને પણ ગ્રહણ કરવા. તથા ગ્લાન એટલે બિમાર તેઓના મેલા વસ્ત્રોને વારંવાર ધુવે.

આચાર્ય વગેરેના વસ્ત્ર વારંવાર ધોવાનું કારણ આ પ્રમાણે છે. ગુરુ એટલે આચાર્ય જો મલિન વસ્ત્રો પહેરે, તો લોકોમાં નિંદા થાય કે 'આ આચાર્ય તિરસ્કરણીય છે. દુર્ગંધી મેલનો શરીર પર લેપ કરેલા છે. તો આવા આચાર્ય પાસે જવાથી અમને શું મળશે? બિમારને મેલા વસ્ત્રોના કારણે અજીર્ણ ન થાઓ એટલા માટે વારંવાર ધુવે. મેલવાળું વસ્ત્ર પહેરવાથી ઠંડા પવન વગેરેના સંપર્કથી ઠંડક થવાના કારણે ખાધેલો આહાર ન પચવાના કારણે બિમારને વધુ માંદગી થાય છે.

વર્ષાઋતુના નજીકના કાળ સિવાયના બાકીના કાળે સાધુઓને વસ્ત્ર ધોવા ન જોઈએ કારણકે જીવોની વિરાધના ઉપકરણું બકુશતા વગેરે અનેક દોષોનો સંભવ હોવાથી.

**પ્રશ્ન :—** ઉપરોક્ત દોષો તો વર્ષાઋતુના નજીકના કાળે પણ હોઈ શકે છે. તો પછી ત્યારે પણ વસ્ત્ર ન ધોવા જોઈએ ને?

**ઉત્તર :—** આ વાત બરાબર નથી. તે વખતે સૂત્રોક્ત વિધિ પ્રમાણે વસ્ત્ર ધોવાથી ઘણો લાભ થાય છે. અને જે જીવવિરાધના વગેરે દોષો છે તે પણ જયણાપૂર્વક ધોનારને થતા નથી. જે સૂત્રાજ્ઞાને અનુસારે જયણાપૂર્વક સારી પ્રવૃત્તિ કરે, તેને જે કંઈ પણ જીવ વિરાધના થાય છતાં પણ તે પાપનો ભાગીદાર થતો નથી અને તીવ્ર પ્રાયશ્ચિત્તનો ભાગી થતો નથી. કારણકે સૂત્રના બહુમાન અને જયણાપૂર્વકની પ્રવૃત્તિ હોવાથી. આથી જ કહ્યું છે કે: 'धुवंति जयणाए' જયણાથી ધુવે. (૮૬૫)

# ૧૩૨ ભોજનના ભાગ

बत्तीसं किर कवला आहारो कुच्छिपूरओ भणिओ ।
पुरिसस्स महिलियाए अट्ठावीसं भवे कवला ॥८६६॥

પુરુષનો પેટપૂરતો મધ્યમ પ્રમાણ આહાર બત્રીસ કોળીયા અને સ્ત્રીનો પેટપૂરતો મધ્યમ પ્રમાણનો આહાર અઠ્ઠાવીસ કોળીયા છે. હવે ભોજનના ભાગનું પ્રતિપાદન કરે છે.(૮૬૬)

अद्धमसणस्स सव्वंजणस्स कुज्जा दवस्स दो भाए ।
वायपवियारणट्ठा छब्भागं ऊणयं कुज्जा ॥८६७॥

પેટના છ ભાગ કલ્પી તેમાંથી અડધા ભાગમાં વ્યંજન સહિત અશનનો, બે ભાગ પાણી વગેરે પ્રવાહીનો અને એક ભાગ વાયુના હલનચલન માટે ખાલી રાખવો. (૮૬૭)

सीओ उसिणो साहारणो य कालो तिहा मुणेयव्वो ।
साहारणंमि काले तत्थाहारे इमा मत्ता ॥८६८॥

અહીં આહારનું પ્રમાણ કાળના પ્રમાણે હોય છે. જેવો જેવો કાળ હોય તે તે પ્રમાણે આહારનું પ્રમાણ હોય છે.

કાળ શીત એટલે ઠંડો, ઉષ્ણ એટલે ગરમ અને સાધારણ એટલે શીતોષ્ણ–એમ ત્રણ પ્રકારે છે. સાધારણ એટલે શીતોષ્ણકાળમાં આહારનું પ્રમાણ ઉપરોક્ત પ્રમાણે જાણવું. ૮૬૮

सीए दवस्स एगो भत्ते चत्तारि अहव दो पाणे ।
उसिणे दवस्स दुन्नी तिन्नी व सेसा उ भत्तस्स ॥८६९॥

**શીતકાળમાં પાણીનો એક ભાગ અને ભોજનના ચાર અથવા ત્રણ ભાગ ઉનાળામાં પાણીના બે અથવા ત્રણ ભાગ અને બાકીના ભાગ ભોજનના.**

શીત એટલે અતિ ઠંડા કાળમાં પાણીનો એકભાગ કરવો અને ભોજનના ચાર ભાગ રાખવા.

મધ્યમ શીત કાળમાં બે ભાગ પાણીના રાખવા અને ત્રણ ભાગ ભોજનના.

ઉષ્ણ કાળમાં એટલે મધ્યમ ઉષ્ણ કાળમાં બે ભાગ પાણીના અને શેષ ત્રણ ભાગ ભોજનના રાખવા.

અતિતીવ્ર ઉનાળામાં ત્રણ ભાગ પાણીના અને બે ભાગ ભોજનના રાખવા.

દરેક કાળમાં છઠ્ઠો ભાગ તો વાયુના હલનચલન માટે ખાલી જ રાખવો. (૮૬૯)

હવે છ ભાગોના નિયત અને અનિયત વિભાગ કરે છે.

**एगो दवस्स भागो अवट्ठिओ भोयणस्स दो भागा ।**
**वड्ढंति व हायंति व दो दो भागा उ एक्केके ॥८७०॥**

**પાણીનો એક ભાગ અને ભોજનના બે ભાગ અવસ્થિત છે. ભોજન અને પાણીના બે બે ભાગની હાનિ-વૃદ્ધિ થયા કરે.**

પાણીનો એક ભાગ અને ભોજનના બે ભાગ નિયત છે. એટલા કાયમ માટે છે. ક્યારેક ન હોય એમ નથી. બાકીના બે ભાગો એટલે ભોજનના અને પાણીના બે ભાગોમાં વધારો-ઘટાડો થયા કરે તે આ પ્રમાણે.

અતિ ઠંડાકાળમાં ભોજનના બે ભાગ વધે છે. અને અતિ ઉષ્ણકાળમાં પાણીના બે ભાગ વધે છે.

અતિ ઉષ્ણકાળમાં ભોજનના બે ભાગ ઓછા થાય છે. અને અતિ ઠંડાકાળમાં પાણીના બે ભાગ ઘટે છે. (૮૭૦)

## ૧૩૩ વસતિની શુદ્ધિ

**पट्ठीवंसो दो धारणाउ चत्तारि मूलवेलीओ ।**
**मूलगुणेहिं विसुद्धा एसा हु अहागडा वसही ॥८७१॥**

**પૃષ્ઠવંશ એટલે પાટડો, બે ધારક, ચાર મૂળવળીઓ એટલે વાંસ. આ યથાકૃત વસતિ મૂળ ગુણવડે વિશુદ્ધ છે.**

ઘરના ઉપરના ભાગે તિરછો એટલે આડો જે રાખવામાં આવે તે પાટડો અથવા મોભ કહેવાય. બે મોટા વાંસડા કે જેના ઉપર પાટડો આડો (તીરછો) રખાય તે બે મૂળધારક કહેવાય છે. ચાર વાંસ વળી જે ઘરના ચાર પડખે રખાય છે, અને જે બંને બાજુ મૂળ ધારકોના બે બે પડખે હોય છે, તે ચાર મૂળવેલી કહેવાય છે.

આ વસ્તીના સાત મૂળગુણો છે. આ મૂલગુણોવાળી સજ્જન પુરુષો વડે પોતાના માટે કરાવેલી વસતિ વિશુદ્ધ થાય છે. અને જો વળી આ વસતિ સ્પષ્ટ રીતે સાધુને ઉદ્દેશીને કરાયેલી હોય, તો આધાકર્મી કહેવાય. (૮૭૧)

મૂળગુણવાળી વસતિ કહી, હવે ઉત્તરગુણવાળી વિશુદ્ધ વસતિ કહે છે. તે ઉત્તર-ગુણ બે પ્રકારે છે. (૧) મૂળ ઉત્તરગુણ (૨) ઉત્તર ઉત્તરગુણ. તેમાં પ્રથમ મૂળોત્તરગુણ કહે છે.

**वंसगकडणोक्कंवण छायण लेवण दुवारभूमी य ।**
**परिकम्मविप्पमुका एस मूलुत्तरगुणेसु ॥८७२॥**

**મુલોત્તરગુણ વિશુદ્ધ વસતિ; જે વાંસ, કટ, ઉત્કંબણ, છાદન એટલે ઢાંકવું. લીંપવું, બારણું કરવું. જમીન સરખી કરવી. આવા પરિકર્મ એટલે એ સંસ્કારથી રહિત હોય.**

૧. વાંસ કે જે મૂળ વળીઓની ઉપર રાખવામાં આવે છે.

૨. કટનં એટલેપાટડાના ઉપર તિરછું સાદડી વગેરે દ્વારા ચારે તરફથી પડખાને ઢાંકવું.

૩. ઉત્કંબન એટલે ઉપર રહેલા કંબીકા (વાંસ કે વળી) તેને બાંધવું.

૪. ઘાસ વગેરે દ્વારા છાપરું ઢાંકવું.

૫. કાદવ કે છાણ વડે ભીંતને લીંપવી તે લેપન.

૬. સાધુ માટે વસતિનું બારણું બીજે કરવું કે નાનું મોટું કરવું.

૭. વિષમભૂમિને સરખી કરવી. આ સાત મૂળભૂત ઉત્તરગુણો છે. એટલે ઉત્તરગુણોમાં આ મૂળ ગુણો છે. આ સાત દોષ રૂપ પરિકર્મ એટલે સંસ્કાર સાધુ માટે કરાયો હોય, તે મૂલોત્તર દોષવાળી વસતિ કહેવાય. તે દોષોથી રહિત વસતિ મૂલોત્તરગુણ વિશુદ્ધ વસતિ છે.

એટલે–આ સાત સંસ્કાર જે વસતિમાં સાધુ માટે કરાયા ન હોય, તે મૂલોત્તરગુણ વિશુદ્ધ વસતિ છે.

આ પૃષ્ઠ વંશા (પાટડા) વગેરે ચૌદ દોષો વિશોધિકોટીના છે. ૮૭૨

જે ઉત્તરોત્તરગુણો વિશોધિકોટીના છે. તે આ પ્રમાણે.

**दूमिय धूविय वासिय उज्जोइय बलिकडा अवत्ता य ।**
**सित्ता संमट्ठावि य विसोहिकोडिं गया वसही ॥८७३॥**

**દૂમિત એટલે સુકુમાર લેપથી કોમલ કરાયેલી અથવા ચુનાથી ધોળેલી, ધુપ આપેલ, સુગંધિત કરેલ, પ્રકાશવાળી કરેલ, બલી કરેલ, લીંપણ કરેલ, પાણી છાંટેલ વાસીદું વાળેલ. આ વસતિ વિશોધિકોટિ દોષવાળી છે.**

સાધુ માટે કહેવાતા આ કાર્યો કરવાથી વસતિ ઉત્તરોત્તર ગુણો કે જે વિશોધિકોટીના દોષો છે. તે દોષવાળી થાય છે. જેમ કે,

૧. જે વસતિની ભીંતને સુકુમાર લેપ વડે કોમલ કરાઇ હોય અથવા ચૂના વડે ધોળવામાં આવી હોય તે દૂમિત કહેવાય.

૨. અગર વગેરે ધૂપ વડે દુર્ગંધ દૂર કરવા માટે ધૂપ અપાય તે ધૂપિત.

૩. દુર્ગંધી દૂર કરવા માટે પટવાસ તથા ફૂલ વગેરે વડે સુગંધિત કરાય તે વાસિત.

૪. રત્ન, દીવો વગેરે દ્વારા અંધારામાં પ્રકાશ કરવો તે પ્રકાશિત.

૫. પૂડલા, કૂર વગેરે વડે બલિ કરવી તે બલિકૃત.

૬. છાણમાટીવાળા પાણી વડે જમીનને લીંપવી તે લિંપણ.

૭. ફક્ત પાણી વડે ભીની કરવી, પાણી છાંટવું તે સિક્તા.

૮. કચરો કાઢવો.

આ ઉત્તરોત્તર ગુણો વડે સંયત નિમિત્તે કરાયેલી વિશોધિકોટિના દોષોને પ્રાપ્ત થયેલી વસતિ છે. પણ અવિશોધિકોટિના નથી.

જ્યાં સાધુ માટે આ કાર્યો ન થાય તે વસતિ વિશુદ્ધ જ છે.

**मूलुत्तरगुणसुद्धं थीपसुपंडगविवज्जियं वसहिं ।**
**सेविज्ज सव्वकालं विवज्जए हुंति दोसा उ ॥८७४॥**

**મૂળ ઉત્તરગુણ શુદ્ધ અને સ્ત્રી, પશુ, નપુંસક રહિત વસતિને દોષોના ત્યાગપૂર્વક હમેંશા સેવે.**

મૂળ ઉત્તરગુણથી શુદ્ધ અને સ્ત્રી, પશુ, નપુંસક રહિત વસતિને હંમેશા સેવે. સ્ત્રી વગેરેના સંપર્કવાળી અશુદ્ધ વસતિમાં દોષો હોય છે. આ પ્રમાણે ચતુઃશાલા એટલે ચોરા (વરંડા) વગેરેમાં પણ મૂળ ઉત્તરગુણનો વિભાગ જાણવો. અહીં સૂત્રમાં ચતુઃશાળા વગેરેનો મૂલોત્તર ગુણ વિભાગ સાક્ષાત્ નથી કહ્યો તેનું કારણ એ છે કે–

વિચરતા સાધુઓને શ્રુતનો સ્વાધ્યાય વગેરેનો વ્યાક્ષેપ (અંતરાય) ન થાય માટે મોટે ભાગે સાધુઓ ગામ વગેરેમાં વસે તેવો સંભવ છે. તે ગામમાં વસતિ પાટડા વગેરે વાળી જ હોય છે. તેથી તે જ વસતિનું પ્રતિપાદન કર્યું છે. કહ્યું છે કે–

મૂળોત્તર વગેરે ગુણોમાં સાક્ષાત્ ચતુઃશાળા વગેરે ન કહેલ હોવા છતાં પણ આજ મૂળોત્તર ગુણનો વિભાગ ચતુઃશાળા વગેરેમાં પણ જાણવો.

સમાપ્ત થયા છે કાર્ય જેમના એવા વિચરતા સાધુઓ મોટે ભાગે ગામડાઓમાં વસે છે. અને ત્યાં વસતિ પ્રાયઃ કરી પાટડા વગેરે વાળી હોય છે. (૮૭૪)

## ૧૩૪. સંલેખના

**चत्तारि विचित्ताइं ४ विगईनिज्जूहियाइं चत्तारि ८ ।**
**संवच्छरे य दोन्नि उ एगंतरियं च आयामं १० ॥८७५॥**
**नाइविगिट्ठो य तवो छम्मासे परिमियं च आयामं ।**
**अवरेऽवि य छम्मासे होइ विगिट्ठं तवोकम्मं ११ ॥८७६॥**
**वासं कोडीसहियं १२ आयामं कट्टु आणुपुव्वीए ।**
**गिरिकंदरं व गंतुं पाओवगमं पवज्जेइ ॥८७७॥**

**ચાર વર્ષ વિચિત્ર (જુદા–જુદા) પ્રકારનો તપ કરે. ચાર વર્ષ વિચિત્ર તપ વિગઇ રહિતપણે કરે. બે વર્ષ એકાંતરા આયંબિલ સહ ઉપવાસ કરે.**

**પછી છ મહિના અતિ વિકૃષ્ટ તપ નહીં પણ કંઇક હળવો તપ અને પારણે પરિમિત આયંબિલ પછી બીજા છ મહિના વિકૃષ્ટ તપ કરે. પછી એક વર્ષ કોટિ સહિત આયંબિલ કરે. આ પ્રમાણેની અનુપૂર્વી એટલે ક્રમપૂર્વક બાર વર્ષ સુધી ઉત્કૃષ્ટ સંલેખના કરી પર્વતની ગુફામાં જઇ પાદપોપગમન અનશનને સ્વીકારે.**

સંલેખન કરવું તે સંલેખના એટલે આગમોક્ત વિધિપૂર્વક શરીર વગેરેને શોષવું, તે 'સંલેખના.

૧. જઘન્યથી છ માસની, ૨. મધ્યમ એક વર્ષની અને ૩. ઉત્કૃષ્ટથી બાર વર્ષની –એમ ત્રણ પ્રકારે છે.

**ઉત્કૃષ્ટ સંલેખના :**–પહેલા ચાર વર્ષ વિચિત્ર એટલે વિવિધ પ્રકારનો તપ કઠોર કરે એટલે ચાર વર્ષ સુધી ક્યારેક ઉપવાસ, ક્યારેક છટ્ઠ એટલે બે ઉપવાસ, ક્યારેક અટ્ઠમ (ત્રણ ઉપવાસ) ક્યારેક દશમભક્ત, દ્વાદશભક્ત (ચાર, પાંચ ઉપવાસ) કરે અને પારણામાં ઉદ્ગમ વગેરે દોષો રહિત મનોઇચ્છિત આહાર વાપરે.

તે પછી બીજા ચાર વર્ષ ઉપર પ્રમાણે ઘોર વિવિધ પ્રકારનો તપ કરે અને પારણામાં વિગઈ રહિત આહાર વાપરે એટલે ઉત્કૃષ્ટરસના ત્યાગપૂર્વકની નિવિ કરે.

તે પછી બીજા બે વર્ષ સુધી એકાંતરા આયંબિલ કરે એટલે આંતરામાં ઉપવાસ કરી પારણે આયંબિલ કરે. આ પ્રમાણે દશ વર્ષ પૂરા થાય.

પછી અગિયારમાં વર્ષમાં પહેલા છ મહિનામાં અતિગાઢ એટલે કઠોર તપ ન કરે એટલે ઉપવાસ કે છટ્ઠ કરે પણ અટ્ઠમ વગેરે તપ ન કરે. પારણામાં પરિમિત આયંબિલ એટલે ઉનોદરિપૂર્વકનું આયંબિલ કરે.

તે પછી બીજા છ મહિનામાં વિકૃષ્ટ એટલે અટ્ઠમ, દશમભક્ત, દ્વાદશભક્ત વગેરે કઠોર તપ કરે. પારણામાં હું જલ્દી મૃત્યુ ના પામું–એમ વિચારી ઊનોદરી વગર સંપૂર્ણ પેટ ભરીને આયંબિલ કરે.

બારમા વર્ષમાં કોટિ સહિત નિરંતર આયંબિલ કરે. નિશિથચૂર્ણિમાં કહ્યું છે કે–

'બારમા વર્ષમાં નિરંતર હાનિપૂર્વક એટલે ખોરાક ઓછો કરવાપૂર્વક ગરમ પાણી સાથે આયંબિલ કરે. તે કોટિ સહિત હોય છે. કોટિ એટલે આયંબિલ સાથે આયંબિલનું મળવું.' 'બારમા વર્ષમાં ઉપવાસ કરી પારણે આયંબિલ, ઉપવાસ કરી પારણે આયંબિલ કરે વગેરે' એમ અનેક મતાંતરો બારમા વર્ષ સંબંધી જોવામાં આવે છે. પણ ગ્રંથ વિસ્તારના ભયથી લખતા નથી.

બારમા વર્ષે દરરોજ ભોજન કરતી વખતે એકેક કોળીયો ઓછો કરવાપૂર્વક ઊનોદરી કરતા છેલ્લે ફક્ત એક જ કોળીયો આહારમાં રહે. તે પછી બાકીના દિવસોમાં

એક કોળીયામાંથી પણ એક દાણો ઓછાવાળો કોળીયો, બે દાણા ઓછાવાળો કોળીયો, ત્રણ દાણા ઓછાવાળો કોળીયો વાપરે. છેલ્લે એક જ દાણો ખાય. કારણ કે જેમ દિવામાં તેલ અને વાટ બંને સાથે પૂરા થાય તેમ અનશનીનાં પણ શરીર અને આયુષ્યનો સાથે જ ક્ષય થાય માટે આ પ્રમાણે કરે.

બીજુ બારમા વર્ષના છેલ્લા ચાર મહિના સુધી એકાંતરે મોઢામાં તેલનો ઘૂંટડો (કોગળો) લાંબા વખત સુધી રાખે, પછી તે ઘૂંટડાને રાખમાં નાખી ગરમપાણીથી મોઢું ચોખ્ખુ કરી લે. જો તેલનો કોગળો કરવામાં ન આવે, તો લુખ્ખાશના કારણે મોઢું જકડાઈ જવાનો સંભવ હોવાથી અંત સમયે નવકાર બોલી ન શકે.

આ ક્રમ પ્રમાણે બારવર્ષની ઉત્કૃષ્ટ સંલેખના કરી પર્વતની ગુફામાં જઈને એટલે ઉપલક્ષણથી બીજી પણ જે, છ જીવનિકાયની વિરાધના વગરનું એકાંત સ્થાન હોય, ત્યાં જઈને પાદપોપગમન અથવા ભક્તપરિજ્ઞા અથવા ઈંગિની મરણને સ્વીકારે.

મધ્યમસંલેખના ઉપરોક્ત રીતે જ બાર મહિને વિચારવી અને જઘન્યસંલેખના બાર પખવાડીયે એટલે છ મહિને જાણવી. મધ્યમ અને જઘન્ય સંલેખનામાં વર્ષના સ્થાને મહિના અને પખવાડીયામાં ઉપરોક્ત તપવિધિ સંપૂર્ણપણે કરે. (૮૭૫–૮૭૬–૮૭૭)

## ૧૩૫. વૃષભ સાધુઓદ્વારા વસતિ ગ્રહણ

**नयरगाइएसु घेप्पइ वसही पुव्वामुहं ठविय वसहं ।**
**वामकडीइ निविट्ठं दीहीकअग्गिमेक्कपयं ॥८७८॥**

નગર કે ગામ વગેરેમાં સાધુઓ પ્રશસ્ત પ્રદેશમાં વસતિ લે તેમાં આગળનો એક પગ લાંબો કરીને પૂર્વ દિશા સન્મુખ, ડાબા પડખે બેસેલા બળદની કલ્પના (સ્થાપના) કરી વસતિ લે. આનો ભાવાર્થ એવો છે.

જેટલા પ્રમાણ જગ્યા વસતિ તરીકે લેવાય તે બધી જગ્યામાં પૂર્વ દિશા તરફ મુખ રાખી ડાબા પડખે બેસેલ વૃષભની કલ્પના કરી સારી જગ્યામાં સાધુ વસતિ લે. ૮૭૮.

**सिंगक्खोडे कलहो ठाणं पुण नेव होइ चलणेसु ।**
**अहिठाणे पोट्टरोगो पुच्छंमि य फेडणं जाण ॥८७९॥**
**मुहमूलंमि य चारी सिरे य कउहे य पूयसक्कारो ।**
**खंधे पट्ठीय भरो पुट्टंमि य धायओ वसहो ॥८८०॥**

આ પ્રમાણે વૃષભરૂપ કલ્પેલ કયા અંગે વસવાથી શું ફળ થાય તે, કહે છે.

બળદના શીંગડાના ભાગે રહેવાથી સાધુઓને રોજ ઝઘડા થાય, પગની જગ્યાએ

રહેવાથી સાધુનું તે વસતિમાં રહેવાનું થતું નથી (વિહાર તુર્ત કરવો પડે) તથા બળદના ગુદાના ભાગે વસવાથી સાધુઓને પેટનો રોગ થાય. પૂંછડાના ભાગે રહેવાથી વસતિનો નાશ થાય છે. (અર્થાત્ બીજા મનુષ્યો કબજે કરે) મુખના પ્રદેશમાંની વસતિમાં વસવાથી સાધુઓને સુંદર ભોજન મળે. બે શીંગડાની વચ્ચે માથાના ભાગે અથવા કકુદ એટલે ખુંધના ભાગની વસતિમાં રહેવાથી ઉત્તમ વસ્ત્ર પાત્ર, વગેરે મળવારૂપ પૂજા તથા અભ્યુત્થાનાદિ (ઊભા થવું વગેરે માન–સન્માન–વિનયાદિ) સત્કાર સાધુઓને થાય. તથા સ્કંધના ભાગે અને પીઠના ભાગે વસવાથી હમેંશા આજુબાજુમાંથી સાધુઓ આવવાના કારણે વસતિ ભરચક રહે છે. પેટના ભાગે રહેલી વસતિમાં વાસ કરવાથી વૃષભ (વૃષભ-સમાન) સાધુવર્ગ તૃપ્ત થાય છે. (અર્થાત્ સંયમોપયોગી સર્વ સામગ્રી મળે છે.)

## ૧૩૬. પાણીનો કાળ

'ઉકાળેલ અચિત્તપાણીનો સચિત્તરૂપે થવાનો કાળ.'

**उसिणोदगं तिदंडुक्कलियं फासुयजलंति जइकप्पं ।**
**नवरि गिलणाइकए पहरतिगोवरिवि धरियव्वं ॥८८१॥**

**ત્રણ ઉકાળાવાળું ગરમ અચિત્તપાણી સાધુઓને કલ્પ્ય (ખપે) છે. પરંતુ ત્રણ પ્રહર ઉપરના સમયે તો ગ્લાન વગેરે માટે રાખી શકાય.**

ત્રણ દંડ એટલે ત્રણ ઉકાળાથી, ઉકળેલ જે ગરમ પાણી તથા જે સ્વકાય–પરકાય શસ્ત્રથી અચિત્ત થયેલ છે, તે જ પાણી સાધુને લેવું ખપે.

આમાં પહેલા ઉકાળાવાળું પાણી થોડું અચિત્ત થયેલ હોય અને થોડું સચિત્ત હોવાથી મિશ્ર હોય છે. બીજા ઉકાળામાં ઘણું પાણી અચિત્ત હોય છે અને થોડું સચિત્ત હોય છે. ત્રીજા ઉકાળામાં સંપૂર્ણ પાણી અચિત્ત થાય છે. માટે ત્રણ ઉકાળાવાળું પાણી ગ્રહણ કરવું.

આ સર્વ પાણી સાધુએ ત્રણ પ્રહરમાં જ વાપરવું કેમકે ત્રણ પ્રહર પછી કાળાતિક્રાંત નામના દોષનો સંભવ હોવાથી વાપરવા લાયક રહેતું નથી માટે રાખવુ નહીં. ફક્ત ગ્લાન બિમાર વૃદ્ધ વગેરે માટે તો ત્રણ પ્રહર ઉપરાંત પણ રખાય. (૮૮૧)

**जायइ सचित्तया से गिम्हंमि पहरपंचगस्सुवरिं ।**
**चउपहरोवरि सिसिरे वासासु पुणो तिपहरुवरिं ॥८८२॥**

**ઉનાળામાં પાંચ પ્રહર પછી, શિયાળામાં ચાર પ્રહર પછી અને ચોમાસામાં ત્રણ પ્રહર પછી પાણી સચિત્તરૂપે થાય છે.**

બિમાર વગેરે માટે રાખેલ અચિત્ત ઉકાળેલું પાણી ઉનાળામાં પાંચ પ્રહર પછી

સચિત્ત થાય છે. કેમકે ઉનાળામાં અતિ લુખ્ખો ( રુક્ષ ) કાળ હોવાથી લાંબા ગાળે પાણી જીવ સંસર્ગવાળું એટલે સચિત્ત થાય છે.

શિયાળામાં કાળ કંઈક ભેજવાળો હોવાથી પાણી ચાર પ્રહરે સચિત્ત થાય છે.

વર્ષાકાળમાં કાળ અતિ ભેજવાળો હોવાથી અચિત્ત પાણી પણ ત્રણ પ્રહર પછી સચિત્ત થાય છે.

આ કાળ વીત્યા પછી જો રાખવું હોય, તો પાણીમાં ક્ષાર (ચૂનો) નાંખવો જેથી ફરી સચિત્ત ન થાય. (૮૮૨)

## ૧૩૭. તિર્યંચ-મનુષ્ય અને દેવોથી ક્રમશઃ કેટલા ગણી સ્ત્રીઓ ?

હવે તિર્યંચીણી, સ્ત્રી અને દેવીઓ, તિર્યંચપુરુષ અને દેવથી કેટલી ગણી અને કેટલી અધિક છે તે કહે છે.

**तिगुणा तिरूवअहिया तिरियाणं इत्थिया मुणेयव्वा ।**
**सत्तावीसगुणा पुण मणुयाणं तयहिया चेव ॥८८३॥**
**बत्तीसगुणा बत्तीसरूवअहिया य तह य देवाणं ।**
**देवीओ पन्नत्ता जिणेहिं जियरागदोसेहिं ॥८८४॥**

રાગ-દ્વેષને જીતનાર જિનેશ્વરોએ કહ્યું છે કે, પુરુષવેદી તિર્યંચોથી સ્ત્રીવેદી તિર્યંચીણી ત્રણ ગણી અને ત્રણ અધિક છે એમ જાણવું. આનો ભાવાર્થ એ છે કે તિર્યંચયોનિ વાળા દરેક પુરુષોને ત્રણ ત્રણ તિર્યંચીણી આપીએ તો છેલ્લે ત્રણ તિર્યંચ સ્ત્રીઓ વધે, કે જેને માટે કોઈ પણ તિર્યંચપુરુષ હોતો નથી. આ પ્રમાણે જ માનવ સ્ત્રી અને દેવીના વિષયમાં પણ વિચારણા કરવી.

મનુષ્યોમાં માનવપુરુષો કરતાં સ્ત્રીઓ સત્તાવીસ ગુણી અને સત્તાવીશ અધિક છે.

દેવપુરુષો કરતા દેવીઓ બત્રીસ ગુણી અને બત્રીસ અધિક છે.

## ૧૩૮. દશ અચ્છેરા

**उवसग्ग १ गब्भहरणं २ इत्थीतित्थं३ अभाविया परिसा ४ ।**
**कण्हस्स अवरकंका ५ अवयरणं चंदसूराणं ६ ॥८८५॥**
**हरिवंसकुलुप्पत्ती ७ चमरुप्पाओ ८ य अट्ठसयसिद्धा ९ ।**
**अस्संजयाण पूया १० दसवि अणंतेण कालेणं ॥८८६॥**

**૧. ઉપસર્ગ, ૨. ગર્ભાપહરણ, ૩. સ્ત્રીતીર્થંકર, ૪. અભાવિત પર્ષદા, ૫. કૃષ્ણનું અપરકંકાગમન, ૬. ચંદ્ર-સૂર્યનું અવતરણ, ૭. હરિવંશ કુલની ઉત્પત્તિ, ૮. ચમરેન્દ્રનો ઉત્પાત, ૯. ૧૦૮ નું મોક્ષગમન, ૧૦. અસંયતોની પૂજા–આ દશ અચ્છેરા અનંતકાળે થયા છે.**

આ એટલે વિસ્મયપૂર્વક. चर्यन्ते એટલે જણાય. લોકો વડે વિસ્મયપૂર્વક જે જણાય તે આશ્ચર્ય. અદ્ભૂત પદાર્થો અર્થાત્ અદ્ભૂત વિષયો તે આશ્ચર્યો દશ છે.

**૧. ઉપસર્ગ :–** ઉપસર્ગ એટલે તાપ વગેરે દ્વારા પ્રાણી બાધિત થાય, ફેંકાય તે. દેવ–મનુષ્ય વગેરે વડે કરાયેલ ઉપદ્રવો તે ઉપસર્ગ.

સો યોજન પ્રમાણ ક્ષેત્રમાં દુઃખે કરીને વારી શકાય એવા વેર, મરકી, દુષ્કાળ, વિડ્વર એટલે તીડ વગેરે ઉપદ્રવોનો ઉદ્રેક પણ જેમના પ્રભાવે શાંત થાય છે–એવા શ્રેષ્ઠ પુણ્યના સ્થાનરૂપ, તીર્થંકર ભગવાન મહાવીરદેવને છદ્મસ્થકાળ અને કેવલિકાળમાં પણ મનુષ્ય તિર્યંચ અને દેવો દ્વારા ઉપસર્ગો થયા. આવું ભૂતકાળમાં થયું નથી. તીર્થંકરો સમસ્ત દેવ–મનુષ્ય અને તિર્યંચોના સન્માનનીય જ રહ્યા છે. પણ ઉપસર્ગના પાત્ર નથી. અનંતકાળે આવો પ્રસંગ બન્યો હોવાથી, લોકમાં અદ્ભૂત આશ્ચર્યરૂપે પ્રસિદ્ધ થયો.

**૨. ગર્ભાપહરણ :–**ગર્ભ એટલે સ્ત્રીની કૂખમાં ઉત્પન્ન થયેલ જીવ. તેને બીજી સ્ત્રીની કૂખમાં લઈ જવો તે ગર્ભ સંહરણ–આ અભૂતપૂર્વ પ્રસંગ મહાવીરસ્વામિ માટે બન્યો. તે આ પ્રમાણે–

શ્રી મહાવીરસ્વામીનો જીવ મરીચિના ભવે ઉપાર્જન કરેલ નીચગોત્ર કર્મના કારણે દશમા પ્રાણત દેવલોકના પુષ્પોત્તર વિમાનમાંથી ચ્યવી, બ્રાહ્મણકુંડગામમાં ઋષભદત્ત અપર નામ સોમિલ બ્રાહ્મણની પત્ની દેવાનંદાની કુક્ષિમાં અષાઢ સુદ છઠ્ઠના દિવસે અવતર્યા. બ્યાસી દિવસ વીત્યા પછી સૌધર્માધિપતિ ઈંદ્રે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકવા દ્વારા જાણી વિચાર્યું કે, 'તીર્થંકરો' ક્યારેય પણ નીચ કુલમાં ઉત્પન્ન થતા નથી. આમ વિચારી ત્રિભુવન ગુરુ પરમાત્માની ભક્તિથી ભાવિત મનવાળા તેઓએ હરિણૈગમેષિ સેનાપતિને આદેશ કર્યો કે 'આ ભરતક્ષેત્રમાં ચરમ તીર્થંકર પૂર્વોપાર્જિત કર્મના ઉદયથી તુચ્છ કુલમાં ઉત્પન્ન થયા છે. તેથી એમને ત્યાંથી સંહરણ કરી ક્ષત્રિયકુંડગામમાં પ્રસિદ્ધ સિદ્ધાર્થ રાજાની પત્ની ત્રિશલાદેવીની કૂખમાં સ્થાપન કરો.' ત્યારે હરિણૈગમેષિએ 'તહત્તિ' કહી વચન સ્વીકાર કરી આસો (ભાદરવા) વદી ૧૩ ના દિવસે રાત્રિ સમયે પહેલા બે પ્રહરની વચ્ચે દેવાનંદા નામની બ્રાહ્મણીની કુક્ષિમાંથી ત્રિશલાદેવીની કુક્ષિમાં ભગવાનનું સંહરણ કર્યું. આ પણ અનંતકાળે બનેલ હોવાથી આશ્ચર્યરૂપે છે.

**૩. સ્ત્રીતીર્થંકર :–** સ્ત્રીતીર્થંકર વડે ઉત્પન્ન થયેલ દ્વાદશાંગી કે સંઘરૂપ જે તીર્થ તે સ્ત્રીતીર્થ. તીર્થનું પ્રવર્તન ત્રણ ભુવનમાં અતિશયરૂપ નિરૂપમ મહિમાવાળા પુરુષો (તીર્થંકર) જ કરે છે.

આ અવસર્પિણીમાં કુંભરાજાની મલ્લિ નામની પુત્રીએ ઓગણીસમા તીર્થંકર રૂપે ઉત્પન્ન થઈને તીર્થ પ્રવર્તાવ્યું તે આ પ્રમાણે–

આ જંબૂદ્વીપમાં પશ્ચિમ મહાવિદેહમાં સલિલાવતી વિજયમાં, વીતશોકાનગરીમાં મહાબલ નામે રાજા હતો. તેણે લાંબો વખત રાજ્યનું પાલન કરી પોતાના બાલ્યાવસ્થાના છ મિત્રો સાથે અર્હત્ ધર્મ સાંભળીને વરધર્મ મુનીન્દ્ર પાસે દીક્ષા લીધી.

તે સાતે જણાએ એવું નક્કી કર્યું કે એક જણ તપ કરે તો બીજાએ પણ કરવો પછી ઉપવાસ વગેરે તપ સાથે કરવા લાગ્યા.

આમાં મહાબલ મુનિ આ બધાથી વિશિષ્ટતર ફલની ઈચ્છાથી પારણાના દિવસે આજે માથુ દુઃખે છે, આજે પેટ દુઃખે છે, આજે ભૂખ નથી ’ આવા બહાના કાઢી માયાથી તેમને છેતરી વધુ તપ કર્યો.

તે માયા મિશ્રિત તપથી સ્ત્રીવેદ કર્મ બાંધ્યું અને અર્હદ્વાત્સલ્ય વગેરે વીસ પદોની આરાધના વડે તીર્થંકર નામકર્મ બાંધી અંતિમ સમયે સિદ્ધાંતોક્ત આરાધના આરાધી કાળ કરી વૈજયંતવિમાનમાં દેવ તરીકે ઉત્પન્ન થયા.

ત્યાંથી ચ્યવી મિથિલાનગરીમાં કુંભરાજાની રાણી પ્રભાવતીની કૂખે પૂર્વભવમાં કરેલ માયાવડે બાંધેલ સ્ત્રીવેદ કર્મના કારણે મલ્લિ નામે પુત્રી તરીકે ઉત્પન્ન થયા.

ક્રમપૂર્વક યુવાવસ્થા પ્રાપ્ત કરી દીક્ષા લઈ કેવલજ્ઞાન પામી. આઠ મહાપ્રાતિહાર્ય વગેરે તીર્થંકરની સમૃદ્ધિથી શોભિત તીર્થનું પ્રવર્તન કર્યું. આ વસ્તુ પણ અનંતકાળે થયેલ હોવાથી આશ્ચર્યરૂપે છે.

**૪. અભાવિત પર્ષદા :–** અભવ્ય એટલે ચારિત્રધર્મને અયોગ્ય. પર્ષદા એટલે તીર્થંકરના સમવસરણમાં રહેલા શ્રોતાઓ. સંભળાય છે, કે ભગવાન વર્ધમાનસ્વામિને જૃમ્ભિકગામની બહાર અજોડ કેવળજ્ઞાનરૂપ પ્રકાશ ઉત્પન્ન થયો.

તે વખતે ક્રોડો દેવોએ સમવસરણની રચના કરી. તે જોઇને અનેક મનુષ્યો અને તિર્યંચો ભક્તિ અને કુતુહલથી આવ્યા. ભગવાને સૌને પોત–પોતાની ભાષામાં સમજાય એવી અને મેઘના નાદ જેવી ગંભીર અને મનોહરવાણીથી બધાને સંભળાય તે રીતે મહાનધ્વનિથી ધર્મદેશના આપવા છતાં કોઇએ પણ વિરતિનો સ્વીકાર ન કર્યો. ફક્ત પ્રથમ સમવસરણમાં તીર્થંકરે અવશ્યમેવ ધર્મદેશના આપવી જોઇએ–એ પરિપાટીનું પાલન કરવા માટે જ ધર્મકથા થઈ આવું કોઇપણ તીર્થંકરને ભૂતકાળમાં થયું નથી તે આશ્ચર્ય.

**૫. અપર કંકાગમન :–**નવમા વાસુદેવ કૃષ્ણનું અપરકંકા નામની નગરીમાં જવાનું થયું તે ભૂતકાળમાં ન થયેલ હોવાના કારણે આશ્ચર્ય. તે આ પ્રમાણે–

હસ્તિનાગપુરમાં યુધિષ્ઠિર વગેરે પાંચે પાંડવો કાંપિલ્યપુરના રાજા દ્રુપદરાજાની પુત્રી દ્રૌપદીની સાથે વારાપૂર્વક વિષયસુખને ભોગવતા આનંદથી દિવસો પસાર કરતા હતા.

એક વખત નારદ મુનિ મનગમતા દેશોમાં ભમતા ભમતા દ્રૌપદીના મહેલે આવ્યા. દ્રૌપદીએ આ અવિરતીધર છે—એ પ્રમાણે માનીને નમસ્કાર કરવા જેવો પણ તેનો સત્કાર ન કર્યો. તેથી મનમાં કોધિત થયેલા નારદે વિચાર્યું કે આને શી રીતે દુઃખી કરું ? કેમકે ભરતક્ષેત્રમાં કૃષ્ણના ભયથી તેને કોઈ દુઃખી ન કરે તેથી તેના મહેલમાંથી નીકળી ધાતકીખંડના ભરતક્ષેત્રમાં ચંપાનગરીના રાજા કપિલ વાસુદેવનો સેવક સ્ત્રી-લંપટ પદ્મનાભ રાજાની અપરકંકા નામની નગરીમાં ગયા.

તે રાજા પણ એકદમ ઊભા થઈ સત્કારપૂર્વક પોતાના અંતઃપુરમાં લઈ જઈ પોતાની બધી રાણીઓ બતાવી નારદને પૂછ્યું કે 'હે ભગવાન સતત બધી જગ્યાએ અપ્રતિબદ્ધપણે ફરતા તમે આવી સ્ત્રીઓ જોઈ છે ?' નારદે પણ મારું કામ આનાથી સિદ્ધ થશે. એમ મનમાં નક્કી કરી જવાબ આપ્યો કે 'હે રાજન ! કૂવાના દેડકાની જેમ આવી રાણીઓથી તું શું આનંદિત થાય છે ? જંબુદ્વીપના ભરતક્ષેત્રના ભૂષણરૂપ હસ્તિનાગપુર નગરમાં પાંડવોની પત્ની દ્રૌપદી આગળ તો આ બધી દાસી જેવી જ લાગે છે.' આ પ્રમાણે કહી નારદમુનિ આકાશમાં ઉડી ગયા. દ્રૌપદીને મેળવવા માટે વ્યાકુલ પદ્મનાભ રાજા પાતાલવાસી પૂર્વના મિત્રદેવને તપ વડે આરાધી પ્રત્યક્ષ કર્યો. દેવે પૂછ્યું 'હું શું કરું ? ત્યારે તેને કહ્યું કે, 'પાંડવોની સ્ત્રી દ્રૌપદીને અહીં લાવીને મને આપો.' દેવે કહ્યું 'હે રાજન્ ! દ્રૌપદી મહાસતી છે. પાંડવો સિવાય બીજાને મનથી પણ પતિરૂપે ઈચ્છતી નથી, છતાં પણ તમારા આગ્રહથી અહીં લાવું છું.' એમ કહી હસ્તિનાગપુરથી અવસ્વાપિની નિદ્રા આપી રાત્રે સૂતેલી દ્રૌપદીનું અપહરણ કરી તેને આપી. જાગેલી દ્રૌપદી પોતાના પતિ વગેરે પરિવારને ન જોવાથી ગભરાયેલ દ્રૌપદીને પદ્મનાભ આનંદથી કહેવા લાગ્યો કે, હે મૃગાક્ષિ ! ડરીશ નહીં. મારાવડે જ તું અહીં લવાયેલી છે.

હું ધાતકીખંડના ભરતક્ષેત્રની અપરકંકા નગરીનો પદ્મનાભ નામે રાજા છું. તને હું મારી પ્રિયા બનાવવા ઈચ્છું છું. તેથી મારી સાથે તું તારી ઈચ્છા પ્રમાણે ઘણા ભોગોને ભોગવ !

દ્રૌપદીએ પણ તેના વચનો સાંભળી તત્કાલિન ઔત્પાતિકી બુદ્ધિપૂર્વક કહ્યું કે, જો મારો સંબંધી કોઈ પણ છ મહિનામાં અહીં ન આવે તો તમારી ઈચ્છા હું પૂરી કરીશ. રાજાએ પણ જંબુદ્વીપનો કોઈપણ માણસ અહીં આવવો અસંભવ છે—એમ વિચારી તેની વાત સ્વીકારી.

આ તરફ પાંડવોએ સવારે દ્રૌપદીને ન જોઈ, બધી જગ્યાએ ખૂબ શોધ ખોળ કરવા છતાં તેના સમાચાર ન મલ્યા તેથી આ સર્વ હકીકત કૃષ્ણ વાસુદેવને જણાવી. કૃષ્ણ પણ વિમાસણમાં પડી ગયા. એટલે શું કરવું જોઇએ—એ પ્રમાણે મૂઢ થયા. તે વખતે અચાનક નારદ મુનિ પોતે કરેલ અનર્થના ફલને જોવા માટે ત્યાં આવ્યા.

કૃષ્ણે નારદને પૂછ્યું કે, રોકટોક વગર બધે જનારા તમે કોઈ જગ્યાએ દ્રૌપદીને

જોઈ છે ? ત્યારે તેમણે કહ્યું કે, ધાતકીખંડમાં અપરકંકાનગરીમાં પદ્મનાભ રાજાના મહેલમાં દ્રૌપદી જેવી કોઈ સ્ત્રીને મેં જોઈ છે. એમ કહીને બીજે ઠેકાણે નારદ ગયા.

કૃષ્ણે પાંડવોને કહ્યું કે, પદ્મનાભ રાજાવડે દ્રૌપદીનું અપહરણ કરાયું છે હું તેને (દ્રૌપદીને) અહીં લઈ આવીશ તમે જરા પણ ચિંતા ન કરશો ’ એમ આશ્વાસન આપી મોટી સેના લઈ પાંડવો સાથે દક્ષિણ સમુદ્રના કાંઠે આવ્યા. પાંડવોએ પણ અત્યંત ભીષણ અપાર એવા દરિયાને જોઈ કૃષ્ણને કહ્યું ‘હે સ્વામિન્ ! આ સમુદ્રતો મનથી પણ અલંઘ્ય છે. તો આપણે શી રીતે પાર કરીશું ? કૃષ્ણે કહ્યું કે ‘ તમારે કોઈ પણ જાતની ચિંતા ન કરવી ’ એમ કહી અટ્ઠમ તપ વડે લવણસમુદ્રના અધિષ્ઠાયક સુસ્થિત નામના દેવને આરાધ્યા ( પ્રગટ કર્યા. ) પ્રગટ થયેલ દેવે પૂછ્યું કે ‘ શું કામ છે ? કૃષ્ણે કહ્યું કે હે સુરશ્રેષ્ઠ ! પદ્મનાભ રાજાએ અપહરણ કરેલ દ્રૌપદીને ધાતકીખંડ દ્વીપથી અહીં જલ્દી લાવી શકાય તેમ કરો ’ દેવે કહ્યું ‘પદ્મનાભ રાજાને પૂર્વના મિત્રદેવે અપહરણ કરીને દ્રૌપદી આપી છે. તેમ તમને પણ હું આપું. અથવા તે રાજાને વાહનો અને લશ્કર સાથે દરિયામાં નાંખીને તેને લઈ આવું’ વગેરે ઘણું ઘણું કહ્યું.

કૃષ્ણે કહ્યું કે આ બધા રસ્તા યશકારી નથી. માટે મારો અને પાંડવોના એમ છ રથો દરિયામાંથી પેલેપાર કોઈ પણ જાતના વિઘ્ન વગર જાય એમ રસ્તો કરી આપો, જેથી જાતે જ ત્યાં જઈને તેને યુદ્ધમાં જીતી દ્રૌપદીને અમે લાવીશું.’ સુસ્થિતે પણ તે પ્રમાણે રસ્તો કરી આપતા કૃષ્ણ પાંચ પાંડવો સાથે બે લાખ યોજન પ્રમાણનો દરિયો જમીનની માફક ઓળંગી અપરકંકાનગરીના બહાર બગીચામાં રહીને પ્રથમ દારુક નામના દૂતને મોકલી દ્રૌપદીની માંગણી કરી.

પદ્મનાભે પણ તે દૂતને કહ્યું કે, તે ત્યાં જ વાસુદેવ છે. અહીં વળી પાંચ પાંડવ યુક્ત છઠ્ઠો પણ આ વાસુદેવ મારે માટે કંઇ જ નથી માટે ત્યાં જઇ તારા સ્વામીને યુદ્ધ માટે તૈયાર કર.’ એમ અભિમાનપૂર્વક કહીને યુદ્ધ કરવા માટે સૈન્ય સાથે તૈયાર થઈ તેજ ઉદ્યાનમાં આવ્યો.

કૃષ્ણ પણ દારુકનું વચન સાંભળી બેવડા ગુસ્સાવાળા થયેલા તેને સૈન્ય સહિત આવતો જોઇ શંખ વગાડ્યો. તેના અવાજથી ત્રીજા ભાગનું સૈન્ય નાસી ગયું. તે પછી ધનુષ્ય ટંકારના અવાજથી બીજું ત્રીજા ભાગનું સૈન્ય નાસી ગયું. પદ્મનાભ રાજા પણ બાકી રહેલા ત્રીજા ભાગના સૈન્ય સાથે રણમેદાનમાંથી નાસી જઈ પોતાની નગરીમાં પ્રવેશ કરી નગરના દરવાજા બંધ કરી દીધા.

કૃષ્ણે પણ ગુસ્સાપૂર્વક રથમાંથી ઊતરીને નરસિંહનું રૂપ કરી અત્યંત તર્જના કરતા પોતાના પગની લાતથી નગરના દરવાજાને પાડી નાખ્યો. તેથી ભયભીત થયેલ પદ્મનાભ હે દેવી માફ કર ! માફ કર ! આ ક્રોધી કૃષ્ણથી મારી રક્ષા કર ! રક્ષા કર !

–એમ બોલતો દ્રૌપદીના શરણે ગયો. ત્યારે દ્રૌપદીએ તેને કહ્યું કે 'તું સ્ત્રીનો વેષ પહેરી મને આગળ કરી કૃષ્ણના શરણે જા' તેણે પણ એ પ્રમાણે કર્યું. કૃષ્ણે પણ દ્રૌપદી પાંડવોને આપી તેજ માર્ગે રથમાં બેસી પાછા ફર્યા.

તે વખતે તે ક્ષેત્રમાં ચંપાનગરીના ઉદ્યાનમાં મુનિસુવ્રત નામના તીર્થંકર સમોસર્યા હતા. તેમની પાસે બેસેલા કપિલ નામના વાસુદેવે પૂછયું 'હે સ્વામિન્ ! આ કોના શંખનો અવાજ સંભળાય છે ?:' ત્યારે ભગવાને આખોય દ્રૌપદીનો વૃત્તાંત કહ્યો. ત્યારે કપિલે 'જંબૂદ્વીપના ભરતાર્ધના અધિપતિ આવ્યા છે.

તો તેમનું સ્વાગત કરવા હું જાઉં.' એમ ભગવાનને પૂછયું. ત્યારે ભગવાને કહ્યું કે 'એક જ જગ્યાએ બે ચક્રવર્તી, બે અરિહંતો કે બે વાસુદેવો હોતા નથી. છતાં કોઈક કારણથી આવ્યા હોય, તો પણ એક બીજાને મળી શકતા નથી' એમ કહેવા છતાં કુતૂહુલથી કૃષ્ણને જોવા માટે દરિયાકાંઠે ગયા. તે વખતે દરિયામાં જતા એવા કૃષ્ણના રથની ધજા જોઈ કપિલે સ્પષ્ટાક્ષરવાળો શંખ વગાડી જણાવ્યું કે 'હે વાસુદેવ ! તમને મળવાની (જોવાની) ઉત્કંઠાવાળો હું કપિલ વાસુદેવ અહીં આવ્યો છું માટે પાછા વળો' ત્યારે કૃષ્ણે પણ શંખ વગાડી કહ્યું કે 'અમે ઘણા દૂર નીકળી ગયા છીએ. માટે તમારે અમને કંઈ ન કહેવું' એમ જણાવી પોતાના સ્થાને આવ્યા.

**૬ સૂર્ય–ચંદ્રાવતરણ :–** કૌશંબીનગરીમાં સમવસરેલા ભગવાન વર્ધમાન સ્વામીને વંદન કરવા માટે પાછલા પ્રહરે આકાશમાંથી સૂર્ય–ચંદ્ર બંનેનું એક સાથે મૂળ શાશ્વત વિમાન સાથે આવવું થયું તે આશ્ચર્ય. અન્ય વખતે તો ઉત્તરવૈક્રિય વિમાન વડે આવે છે.

**૭ હરિવંશોત્પત્તિ :–** હરિ એટલે હરિવર્ષક્ષેત્રના પુરુષ વિશેષનો જે પુત્ર–પૌત્ર વગેરે પરંપરારૂપ વંશ તે હરિવંશ. હરિવંશ રૂપ જે કુલ તેની જે ઉત્પત્તિ તે હરિવંશ કુલોત્પત્તિ. કુલો અનેક પ્રકારના છે. તેથી હરિવંશ વડે વિશેષિત કર્યું. આ બનાવ પણ પૂર્વે ન બનેલ હોવાથી આશ્ચર્યરૂપ છે.

આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રના કૌશંબીનગરીમાં સુમુખ નામે રાજા હતો. એક વખત વિચિત્ર વિલાસવાળી વસંતઋતુ આવી ત્યારે હાથી પર બેસી તે રાજા રમવા માટે નગરીની બહાર રહેલ ઉદ્યાનમાં જતા રસ્તામાં વીરક નામના વણકરની નિરુપમ લાવણ્ય અને સુંદર દેહવાળી વનમાળા નામની સ્ત્રીને જોઈ, તે સ્ત્રી પણ પ્રેમને ઈચ્છતી આંખપૂર્વક વારંવાર ઈચ્છાપૂર્વક જોવા લાગી અને રાજા પણ તેને અનિમેષ નયને સ્પૃહાપૂર્વક જોતો, કામથી હણાયેલો તે ત્યાંજ હાથીને ફેરવતો જાણે કોઈની રાહ જોતો હોય, તેમ આગળ ન ગયો.

ત્યારે સુમતિ નામના મંત્રીએ રાજાના ભાવને જાણવાની ઈચ્છાથી પૂછયું" હે સ્વામિન્ ! બધુંય સૈન્ય અહીં આવી ગયું છે, તો શા માટે વિલંબ કરો છો ? રાજા મંત્રીના

વચનથી મનને જેમ તેમ સ્વસ્થ કરી લીલા ઉદ્યાનમાં ગયો. ત્યાં શૂન્યમનસ્કવાળો હોવાથી સુંદર ઉદ્યાન હોવા છતાં કોઈપણ જગ્યાએ આનંદિત ન થયો. આથી તે ઉદ્વિગ્ન ચિત્તવાળા રાજાને સુમતિ મંત્રીએ પૂછ્યું, હે દેવ ! આજે તમે શૂન્યમનસ્ક જેવા કેમ જણાઓ છો ? જો મનનો વિચાર છૂપાવવા જેવો ન હોય, તો કહો. રાજાએ કહ્યું 'તું મારા મનોવિકારને દૂર કરવા સમર્થ છે, તેથી તારાથી છૂપું કશું જ નથી.' એમ કહી પોતાની હકીકત કહી. મંત્રીએ કહ્યું 'હે દેવ ! તમારુ મનોભિલષિત હું જલ્દી પૂર્ણ કરીશ માટે સ્વસ્થ થઇને આપણા મહેલે ચાલો. મંત્રીએ આ પ્રમાણે કહેવાથી પોતાના મહેલે ગયા.

તે પછી મંત્રીએ વિવિધ ઉપાયોમાં પંડિતા એવી આત્રેયિકા નામની પરિવ્રાજિકાને વનમાલા પાસે મોકલી. તેણે પણ ત્યાં જઇ વિરહ વ્યાકુળ વનમાલાને કહ્યું, 'હે વત્સ! આજે કેમ તું ઉદાસ દેખાય છે? તારું જે દુઃખ હોય તે જણાવ.' તે વનમાલાએ પણ નિઃશ્વાસ મૂકી પોતાની દુષ્પ્રાપ્ય ઇચ્છારૂપ જે વાત હતી તે કહી.

આત્રેયિકાએ પણ કહ્યું કે, 'મારા મંત્ર-તંત્રોથી કોઇપણ વસ્તુ અસાધ્ય નથી. તેથી સવારે જ રાજા સાથે તારો મેળાપ કરાવી દઇશ.' એમ આશ્વાસન આપી મંત્રી પાસે જઇને રાજાનું કામ લગભગ પૂરું થઇ ગયું એમ જણાવ્યું, મંત્રીએ પણ રાજાને આ વાત જણાવી ખુશ કર્યા.

બીજે દિવસે સવારે પરિવ્રાજિકા વનમાલાને લઈ રાજમહેલે ગઈ. રાજાએ પણ પ્રેમવશ તેને અંતઃપુરમાં રાખી તેની સાથે ઘણું સંસાર સુખ ભોગવવા લાગ્યો.

આ તરફ વીરક વણકર પણ વનમાળાને ન જોવાના કારણે 'હે પ્રિય વનમાલા ! તું કયાં ગઈ' એમ અનેક પ્રકારે બોલતો ગાંડાની જેમ ત્રણ રસ્તા, ચાર રસ્તારૂપ ચોક વગેરેમાં ભમતો-ભમતો રાજાના મહેલ નજીક આવ્યો. તે વખતે રાજાએ પણ વનમાલા સાથે, શૂન્યમનસ્ક અને વિકૃતાકારવાળો તેમજ હે વનમાલા ! એ પ્રમાણે બોલતો તેને જોઈ વિચાર્યું કે, 'અરે આપણે ઉભયલોક વિરુદ્ધ અતિનિષ્ઠુર કાર્ય કર્યું છે.

આપણને તો નરકમાં પણ રહેવાનું સ્થાન જરાય નથી. આ પ્રમાણે પોતાની આત્મ-નિંદા કરતા હતા તે વખતે તે બંને પર અચાનક આકાશમાંથી વીજળી પડી અને મૃત્યુ પામ્યા. મરી બંને પરસ્પર સ્નેહના કારણે શુભ ધ્યાનથી હરિવર્ષ નામના ત્રીજા ક્ષેત્રમાં હરિ અને હરિણી નામે યુગલરૂપે ઉત્પન્ન થયા. ત્યાં આગળ કલ્પવૃક્ષ દ્વારા ઈચ્છાને પૂર્ણ કરતા પરસ્પર સ્નેહના કારણે સતત સાથે રહીને દીર્ઘકાળ સુધી વિલાસ કરતા હતા.

વીરક વણકર પણ તે બંનેનું મૃત્યુ જાણવાથી ડાહ્યો થઇને દુષ્કર એવો કંઇક અજ્ઞાન તપ કરીને મરીને સૌધર્મ દેવલોકમાં કિલ્બિષિક દેવરૂપે ઉત્પન્ન થયો.

અવધિજ્ઞાન વડે પોતાનો પૂર્વભવ અને હરિ-હરિણી નામના પોતાના પૂર્વભવના વૈરીઓને જોઈને ગુસ્સાથી લાલ આંખ કરીને તેણે વિચાર કર્યો કે, આ બંને જણા હરિવર્ષ ક્ષેત્રમાં ક્ષેત્ર પ્રભાવથી અવધ્ય છે, એટલે મરીને અવશ્ય દેવલોકમાં જશે. તેથી અકાળે મરણદાયક તથા દુર્ગતિના કારણરૂપ એવા બીજા ક્ષેત્રમાં લઈ જાઉં-એમ નિશ્ચય કરી તે બંને જણાને કલ્પવૃક્ષો સાથે ત્યાંથી અપહરણ કરી ભરતક્ષેત્રની ચંપાપુરીમાં લાવ્યો.

તે વખતે તે નગરમાં ઇક્ષ્વાકુવંશના ચંદ્રકીર્તિ નામનો રાજા, પુત્ર રહિત મૃત્યુ પામ્યો. તેથી તેની પ્રજા રાજ્ય યોગ્ય બીજા પુરુષને શોધવા માટે ચારે તરફ ફરતી હતી, તેને તે દેવે આકાશમાં રહી પોતાની સમૃદ્ધિ વડે બધા લોકોને આશ્ચર્ય પમાડતો આદર-પૂર્વક કહેવા લાગ્યો, હે રાજ્ય હિતચિંતકો! તમારા જ પુણ્યના ખેંચાણથી હું હરિવર્ષ ક્ષેત્રમાંથી રાજ્ય યોગ્ય હરિ નામના પુરુષ અને હરિણી નામની પત્ની-એમ યુગલરૂપે એમના આહાર યોગ્ય કલ્પવૃક્ષો સાથે અહીં લાવ્યો છું. તેથી આ તમારો રાજા થાઓ અને એમને કલ્પવૃક્ષના ફળ સાથે પશુ-પક્ષીનું માંસ-દારૂ વગેરે આહાર પણ આપવો.

પ્રજાએ પણ એ વાત સ્વીકારી અને હરિને રાજ્ય પર સ્થાપન કર્યો. તે દેવે પણ પોતાની શક્તિથી તેમની આયુસ્થિતિને નાની કરી તથા શરીરને સો ધનુષ્ય પ્રમાણ કરીને અદૃશ્ય થયો. હરિએ પણ સમુદ્ર સુધીની પૃથ્વી જીતીને ઘણો લાંબો વખત રાજ્ય કર્યું. ત્યારથી લઈ પૃથ્વીમાં તેમના નામનો વંશ પ્રવર્ત્યો.

**૮. ચમરેન્દ્રનો ઉત્પાત :-** અસુરકુમારનિકાયના ઇન્દ્ર ચમરેન્દ્રનો ઉત્પાત ઉપરના દેવલોકમાં જવું તે. તે પણ આકસ્મિક (અચાનક) થયું હોવાથી આશ્ચર્ય છે.

ભરતક્ષેત્રમાં, બિભેલ નામના ગામમાં પુરણ નામનો ધનિક ગૃહસ્થ રહેતો હતો. તે એક વખત રાત્રે વિચારવા લાગ્યો કે નિશ્ચે પૂર્વભવમાં કરેલ મોટા તપના પ્રભાવથી આ લક્ષ્મી અને માનપાન મલ્યા છે. તેથી આવતા ભવમાં વિશિષ્ટ ફળ મેળવવું હોય, તો ઘરવાસ છોડી કંઈક દુષ્કર તપ કરું-એમ વિચારી સવારે પોતાના બધાય સ્વજનોને પૂછી, પુત્રને પોતાનું સ્થાન આપી પ્રાણામ નામના તાપસ વ્રતને સ્વીકાર્યું.

તે દિવસથી જાવજ્જીવ સુધી છઠ્ઠ એટલે બે ઉપવાસરૂપ તપ કરવા માંડ્યો. પારણાના દિવસે લાકડાના ચાર ખાનાવાળું ભિક્ષા પાત્ર લઈ મધ્યાહ્ન વખતે ભિક્ષા માટે ફરતો હતો.

પહેલા ખાનામાં જે ભિક્ષા આવે તે મુસાફર વગેરેને આપતો, બીજા ખાનામાં આવેલ ભિક્ષા કાગડા વગેરેને, ત્રીજા ખાનામાં આવેલ ભિક્ષા માછલા વગેરે જળચર જીવોને આપી, ચોથા ખાનામાં આવેલ ભિક્ષા રાગ-દ્વેષ વગર પોતે ખાતો. એ પ્રમાણે બાર વર્ષ સુધી બાલતપ કરી અંતિમ સમયે એક મહિનાનું અનશન કરી મરણ પામી ચમરચંચા રાજધાનીમાં ચમરેન્દ્ર તરીકે થયો. અવધિજ્ઞાનથી આજુબાજુ જ્ઞાન વડે જોતા ઉપર સૌધર્મા-વતંસકમાં સૌધર્મેન્દ્રને જોઈ દેવોને કહેવા લાગ્યો કે, અરે! આ કોણ દુરાત્મા છે? જે ન ઇચ્છવા યોગ્ય (મરણ) ની ઇચ્છા કરતો મારા માથા ઉપર રહીને આમ મોજ કરે છે.

દેવોએ કહ્યું 'પૂર્વભવમાં ઉપાર્જન કરેલ પુણ્ય વડે સર્વાતિશયવાળી સમૃદ્ધિ અને પરાક્રમ યુક્ત સૌધર્મ દેવલોકના અધિપતિ શક્રેંદ્ર છે.' આ સાંભળી અધિક ગુસ્સે થયેલ પોતાના પરિવારે અટકાવવા છતાં પણ યુદ્ધ કરવાની ઇચ્છાવાળો 'આ અવજ્ઞા કરનારને હું શિક્ષા કરું' એમ બોલતો પરિઘ (શસ્ત્ર) ને લઇ ચાલ્યો. તે ખૂબ શક્તિશાળી છે એમ સંભળાય છે. તો તેનાથી હું પરાજિત થાઉં તો કોનું શરણ લઇશ? એમ વિચારતો તે સુસુમાર નગરમાં પ્રતિમા (ધ્યાન)માં રહેલ ભગવાન મહાવીરની પાસે આવી તેમને નમસ્કારપૂર્વક કહ્યું કે, 'હે ભગવાન! તમારા પ્રભાવથી શક્રેંદ્રને હું જીતીશ'–એમ વિનંતિ કરી. લાખયોજન પ્રમાણનું અતિવિકૃત પોતાનું શરીર કરી પરિઘ–શસ્ત્રને ચારે બાજુ ફેરવતો અફળાવતો (પછાડતો), ગર્જના કરતો, દેવોને ત્રાસ પમાડતો, અભિમાનમાં અંધ બનેલ સૌધર્મેન્દ્ર તરફ ઊડયો. પછી એક પગ સૌધર્માવતંસક વિમાનની વેદિકા પર અને બીજો પગ સુધર્મા સભામાં મૂકી પરિઘ વડે ઇન્દ્રના ખીલ્લાને ત્રણ વખત તાડના કરી અનેક પ્રકારે શક્રેંદ્ર પર આક્રોશ કરવા માંડયો.

શક્રે અવધિજ્ઞાનથી તેને ઓળખીને ગુસ્સાથી જાજવલ્યમાન ઘણા જ ખરતા અગ્નિના તણખાવાળુ વજ્ર તેના તરફ છોડયું. ચમરેંદ્ર પણ પાછળ આવતા વજ્રના તેજને જોવામાં અસમર્થ બનીને શ્રી મહાવીરનું શરણ લેવાની ઇચ્છાથી શરીરના વિસ્તારને સંકોચતો એકદમ ઉતાવળથી ભાગ્યો. એકદમ નજીક આવેલા વજ્રને જોઇ 'શરણ–શરણ' એમ બોલતો સૂક્ષ્મરૂપ કરી ભગવાનના બે પગ વચ્ચે પેસી ગયો.

શક્રે વિચાર્યું કે, અરિહંત વગેરેની નિશ્રા વગર અસુરોનું અહીં આવવાનું પોતાની શક્તિથી સંભવતુ નથી એટલે અવધિજ્ઞાનથી તેની હકીકત જાણી તીર્થંકરની આશાતનાના ભયે ત્યાં આવી ભગવાનના પગથી ચાર આંગળ દૂર રહેલ વજ્રને તુરત જ પાછું લઈ લીધું અને ભગવાન સાથે ક્ષમાપના કરી ચમરેંદ્રને કહ્યું 'તને ભગવાનની કૃપાથી મુક્ત કર્યો છે, હવે તને કોઈ ભય નથી' એમ ચમરેંદ્રને આશ્વાસન આપી ફરીવાર ભગવાનને નમી શક્ર પોતાના સ્થાને ગયા.

ચમરેંદ્ર પણ દેવેન્દ્ર ગયા પછી ભગવાનના બે પગ વચ્ચેથી નીકળી પ્રણામ કરી ભગવાનની સ્તુતિ કરી તે આ પ્રમાણે–

'હે શ્રીમાન વીરજિનેન્દ્ર! તમારું હંમેશા અતુલ કલ્યાણ થાવ. જે કલ્યાણના અદ્વિતીય દિવ્ય મહિમાથી મિશ્રિત તમારી નિશ્રા વડે કંઇક કર્મની બુદ્ધિથી પ્રાણીઓને સામી આવતી અને વિસ્તાર પામતી આપત્તિઓ પણ નાશને પામે છે અને સંપત્તિ વિલાસ કરે છે! આ પ્રમાણે સ્તુતિ કરીને ચમરચંચા નગરમાં ગયા.

**૯. એકસો આઠનું એક સમયે મોક્ષગમન :–** એક સમયમાં ઉત્કૃષ્ટ અવગાહનાવાળા એકસો આઠ સિદ્ધ થયા. આ ભરતક્ષેત્રમાં આ અવસર્પિણી કાળમાં

ભગવાન ઋષભદેવના નિર્વાણ વખતે એકસોને આઠ એક સમયમાં ઉત્કૃષ્ટ અવગાહનાવાળા સિદ્ધ થયા એમ સંભળાય છે.

સંઘદાસગણિએ વસુદેવ ચરિત્રમાં કહ્યું છે કે,

જગત્ગુરુ ભગવાન ઋષભદેવ એક લાખ પૂર્વ વર્ષમાં એક હજાર વર્ષ ન્યૂન સમય કેવલીપણે વિચરી અષ્ટાપદ પર્વત પર દશ હજાર સાધુઓ સાથે નિર્વાણને પામ્યા.

આમાં પરમાત્મા પોતે પોતાના ૯૯ પુત્રો આઠ પૌત્ર સાથે ચૌદભક્ત એટલે છ ઉપવાસપૂર્વક મહા વદ (પોષ વદ) તેરસના દિવસે અભિજીતનક્ષત્રમાં ચંદ્રનો યોગ હતો ત્યારે એક જ સમયમાં નિર્વાણ પામ્યા.

બાકીના ૧૦૮ ઓછા એવા દશ હજાર સાધુઓ એજ નક્ષત્રમાં સમયાંતરે સિદ્ધ થયા. આ પણ અનંતકાળે થયું હોવાના કારણે આશ્ચર્યરૂપ છે. આ આશ્ચર્ય ઉત્કૃષ્ટ અવગાહનાવાળાને આશ્રયિ જાણવું. મધ્યમ અવગાહનાવાળા અનેક એકસો આઠ સિદ્ધ થાય છે, માટે તેમાં આશ્ચર્ય નથી.

**૧૦ અસંયતીની પૂજા** :– અસંયતી એટલે આરંભ પરિગ્રહવાળા અબ્રહ્મચારીઓની જે પૂજા–સત્કાર તે અસંયતીની પૂજા. જૈન શાસનમાં હંમેશા સંયમીઓ જ પૂજવા યોગ્ય છે. આ અવસર્પિણીકાળમાં આનાથી વિપરીત એટલે અસંયતોની પણ પૂજા વગેરે થઈ તે આશ્ચર્ય.

શ્રી સુવિધિનાથસ્વામિના નિર્વાણ કાળ પછી કેટલોક સમય ગયા બાદ હુંડા અવસર્પિણીના દોષના કારણે સાધુઓનો વિચ્છેદ થયો. તેથી ધર્મમાર્ગના અજાણ લોકો સ્થવિર (વૃદ્ધ) શ્રાવકોને ધર્મમાર્ગ પૂછવા લાગ્યા તે સ્થવિર શ્રાવકો પોતાના જ્ઞાનાનુસાર કંઈક ધર્મ કહેતા હતા, તેમને તે લોકો શ્રાવકજન યોગ્ય ધન, વસ્ત્ર વગેરે આપવા વડે પૂજા કરવા લાગ્યા.

તેઓ પણ તે પૂજાથી અભિમાની બનીને તે વખતે પોતાની બુદ્ધિથી શાસ્ત્રોમાં જમીન, મકાન, પથારી, સોનું, રૂપુ, લોખંડ, તલ, કપાસ, ગાય, કન્યા, હાથી, ઘોડા વગેરેના દાનો આલોક–પરલોકમાં મહાફળ આપનારા છે–એમ ગૂંથણી કરી. અને મહાઆસક્તિના કારણે "અમે જ દાનને ઉચિત સુપાત્ર છીએ બાકીના બીજા બધા અપાત્ર છે." એ પ્રમાણે ઉપદેશ કરવા વડે બધા લોકોને ઠગતા હોવા છતાં પણ તેવા પ્રકારના ગુરુના અભાવથી લોકોનાં ગુરુ બની ગયા.

આ પ્રમાણે આ ક્ષેત્રમાં સમસ્ત તીર્થનો ઉચ્છેદ થવાથી શ્રી શીતલનાથસ્વામીના તીર્થ સુધી અસંયમી એવા તે બ્રાહ્મણોની વિસ્તૃત પૂજા થઈ.

આ દશે આશ્ચર્યો અનંતકાળ પછી આ અવસર્પિણીમાં થયા. ઉપલક્ષણથી આ દશ આશ્ચર્યો છે. એ સિવાય બીજા પણ જે અનંતકાળે થનારા હોય, તો તે પણ આશ્ચર્યરૂપે જાણવા. પંચવસ્તુમાં આવતી એયાઈ...' ગાથા દ્વારા જણાવી છે. (૮૮૫–૮૮૯)

सिरिरिसहसीयलेसुं एक्केक्के मल्लि नेमिनाहे य ।
वीरजिणिंदे पंच उ एगं सव्वेसु पाएणं ॥८८७॥

**શ્રી ઋષભદેવ, શીતલનાથ, મલ્લિનાથ અને નેમનાથના તીર્થમાં એક-એક આશ્ચર્ય થયું. મહાવીરસ્વામીના તીર્થમાં પાંચ આશ્ચર્યો અને એક આશ્ચર્ય પ્રાયઃ બધાના તીર્થમાં થયું.**

હવે કયા તીર્થંકરના વખતમાં કેટલા આશ્ચર્યો થયા તે કહે છે–

શ્રી ઋષભદેવ અને શીતલનાથના તીર્થમાં એક-એક આશ્ચર્ય થયા. એક સો આઠનું એક સમયમાં મોક્ષગમન ઋષભદેવના તીર્થમાં અને હરિવંશની ઉત્પત્તિ શીતલનાથના તીર્થમાં થઈ હતી.

મલ્લિનાથ અને નેમનાથના તીર્થમાં પણ એક-એક આશ્ચર્ય આ પ્રમાણે થયા. સ્રીતીર્થ મલ્લિનાથથી પ્રવર્ત્યું અને કૃષ્ણનું અપરકંકાગમન નેમનાથના તીર્થમાં થયું.

વીર જિનેન્દ્રના તીર્થમાં ૧. ગર્ભાપહરણ, ૨. ઉપસર્ગ ૩. ચમરેન્દ્રોત્પાત (૪) અભાવિત પર્ષદા, (૫) ચંદ્ર સૂર્યાવતરણ-આ પાંચ આશ્ચર્ય ક્રમસર થયા.

અસંયતોની પૂજારૂપ એક આશ્ચર્ય પ્રાયઃ કરી બધાય તીર્થંકરોના સમયમાં થયું.

આ જ વાતને સ્પષ્ટ રૂપે કહે છે. (૮૮૭)

रिसहे अट्ठऽहियसयं सिद्धं सीयलजिणंमि हरिवंसो ।
नेमिजिणेऽवरकंकागमणं कण्हस्स संपन्नं ॥८८८॥
इत्थीतित्थं मल्ली पूया अस्संजयाण नवमजिणे ।
अवसेसा अच्छेरा वीरजिणिंदस्स तित्थंमि ॥८८९॥

ઋષભદેવના તીર્થમાં એક સો આઠનું મોક્ષગમન
શીતલનાથના તીર્થમાં હરિવંશની ઉત્પત્તિ
નેમનાથના તીર્થમાં કૃષ્ણનું અપરકંકાગમન
મલ્લિનાથના તીર્થમાં સ્રી તીર્થંકર.
નવમા સુવિધિનાથના તીર્થમાં અસંયતોની પૂજા.
બાકીના આશ્ચર્યો વીર જિનેન્દ્રના તીર્થમાં થયા.

અહિં ગાથામાં જે 'पूया अस्संजयाण नवमजिणे' કહ્યું છે તે સર્વથા તીર્થોચ્છેદ થવાના કારણે અસંયતીની પૂજાની શરૂઆતને આશ્રયિને જાણવું. સુવિધિનાથથી લઈ શાંતિનાથ ભગવાન સુધી આઠ તીર્થંકરોના સાત આંતરામાં તીર્થોચ્છેદ થવાના કારણે અસંયતોની પૂજા થઈ હતી. જે ઋષભદેવ વગેરેના સમયે મરીચિ, કપિલ વગેરે અસંયતોની પૂજા સંભળાય છે તે તીર્થની વિદ્યમાનતા હતી ને થઈ હતી. આથી જ આગળની ગાથામાં एगं सव्वेसु पाएणं કહ્યું છે. (૮૮૮–૮૮૯)

# ૧૩૯. ચાર પ્રકારની ભાષા

**पढमा भासा सच्चा १ बीया उ मुसा विवज्जिया तासिं २ ।**
**सच्चामुसा ३ असच्चामुसा ४ पुणो तह चउत्थीत्ति ॥८९०॥**

**૧. પહેલી સત્યભાષા, ૨. બીજી તેનાથી વિપરીત મૃષાભાષા, ૩. સત્યામૃષા, ૪. અસત્યામૃષા એમ ચારભાષા છે.**

બોલાય તે ભાષા. તે ભાષા ચાર પ્રકારે છે.

૧. સત્યભાષા. સત્ એટલે મૂળ ઉત્તર ગુણો જ જગતમાં મુક્તિપદ અપાવવા વડે પરમ શોભારૂપ હોવાથી સત્‌રૂપ છે.

અથવા સત્ એટલે ભગવાને ઉપદેશ કરેલા વિદ્યમાન જીવ વગેરે પદાર્થો એ સત્ય છે. જ્યારે બીજા વડે કલ્પનારૂપે રચાયેલ સત્‌રૂપ વાસ્તવિકપણે અસત્‌રૂપ છે. પદાર્થ સત્ હિત કરનાર તે સત્યભાષા.

સત્ય ભાષાથી [1]વિપરીત સ્વરૂપવાળી જે ભાષા તે મૃષાભાષા છે.

૩. સત્ય અને અસત્ય એમ બંને સ્વભાવવાળી જે ભાષા તે સત્યામૃષા.

૪. સત્યમૃષા : ભાષામાં ન હોય એટલે ત્રણે ભાષાના લક્ષણ જે ભાષામાં ન ઘટતા હોય, આમત્રંણ, આજ્ઞાપન વગેરે વિષયવાળી અસત્યા અમૃષારૂપ ચોથી ભાષા છે. (૮૯૦)

હવે એ ભાષાઓના ઉત્તર ભેદો કહે છે.

**जणवय १ संमय २ ठवणा ३ नामे ४ रूवे ५ पडुच्चसच्चे य ६ ।**
**ववहार ७ भाव ८ जोगे ९ दसमे ओवम्मसच्चे य १० ॥८९१॥**

**જનપદ, સમ્મત, સ્થાપના, નામ, રૂપ, પ્રતીત્ય વ્યવહારભાવ, યોગ અને ઉપાય-આ દશ પ્રકારે સત્યાભાષા છે.**

જનપદ સત્યા વગેરે દશ પ્રકારે સત્યભાષા છે.

૧. જનપદ એટલે જે દેશોમાં જે શબ્દ જે અર્થમાં રૂઢ હોય, તે શબ્દને બીજા દેશોમાં તે અર્થરૂપે પ્રયોગ કરાય, તો તે સત્ય જનપદ સત્યા કહેવાય.

જેમ કોંકણ વિગેરે દેશોમાં પાણીને પિચ્ચનીર–ઉદક વગેરે રૂપે કહેવાય છે. આ ભાષાની સત્યતા, અદુષ્ટ વિવક્ષાનો હેતુ હોવાથી તથા ભિન્ન ભિન્ન દેશોમાં ઈષ્ટ પદાર્થના

---

૧. ગાથામાં **विवज्जिया** પદ છે. તેનો સંસ્કૃત છાયારૂપ અર્થ વિવર્જીત એવો થાય છે. એ પ્રમાણે પદનો અર્થ કરીએ તો **तेसिं** એટલે 'તે સત્યભાષાથી વિવર્જીત ભાષા બીજી મૃષા છે. એમ અર્થ થઈ શકે છે.

સ્વીકારનું કારણરૂપ અને વ્યવહારમાં પ્રવૃત્તિ થતી હોવાથી છે. આ પ્રમાણે આગળના ભેદમાં પણ વિચારણા કરી લેવી.

**૨. સંમતસત્યા :** સકળલોકની સંમતિપૂર્વક જે સત્યારૂપે પ્રસિદ્ધ થયું હોય તે સમ્મત સત્ય. જેમ કાદવમાં કુમુદ, કુવલય, ઉત્પલ, તામરસ વગેરે એક સરખા ઉત્પન્ન થવા છતાં પણ ગોવાળ વગેરે સામાન્ય લોકમાં અરવિંદ જ કમળરૂપે પ્રસિદ્ધ છે, બીજા નહીં. આ પ્રમાણે અરવિંદમાં જ કમળરૂપ સંમતિ હોવાથી તે સંમતસત્ય કહેવાય. કુવલય વગેરેમાં અસંમત હોવાથી તેમાં કમળ શબ્દ અસત્યરૂપ કહેવાય.

**૩. સ્થાપનાસત્યા :–** જે તેવા પ્રકારના આંકડાની રચના કે મુદ્રાની રચનાને આશ્રયિને જે પ્રયોગ કરાય તે સ્થાપનાસત્ય. જેમ એકડા આગળ બે મીંડા કરવાથી સો કહેવાય. અને એકડા આગળ ત્રણ મીંડા કરવાથી હજાર થાય. તથા માટી વગેરે પર તેવા પ્રકારની મુદ્રાઓના ન્યાસને જોઈને આ માસ છે, આ કાર્ષાપણ છે—એમ નાણારૂપે વ્યવહાર થાય છે.

લેપ્યાદિકર્મ એટલે રંગ વગેરેથી મૂર્તિનું આલેખન કરવું તે અરિહંત આદિના વિકલ્પથી સ્થપાય તે સ્થાપના. તેના વિષયમાં સત્ય તે સ્થાપનાસત્ય.

પ્રતિમા જિન ન હોવા છતાં તથા ગુરુની પ્રતિમા આચાર્ય ન હોવા છતાં સ્થાપનાની અપેક્ષાએ સ્થાપનાસત્ય કહેવાય.

**૪. નામસત્યા :–** જે નામથી સત્ય તે નામસત્ય. જેમ કુલને વધારનારો ન હોવા છતાં કુલવર્ધન નામ હોવાથી કુલવર્ધન કહેવાય. તેમ ધનને વધારનારો ન હોવા છતાં ધનવર્ધન નામથી કહેવાય. યક્ષ ન હોવા છતાં નામથી યક્ષ કહેવાય.

**૫. રૂપસત્યા :–** રૂપની અપેક્ષાએ જે સત્ય તે રૂપસત્ય. જેમ દંભથી કે માયાથી દીક્ષિત થયો હોવા છતાં પણ તે દીક્ષિત સાધુરૂપે કહેવાય.

**૬. પ્રતિત્ય સત્યા :–** પ્રતિત્ય એટલે અમુક વસ્તુ આશ્રયિને જે સત્ય તે પ્રતિત્ય સત્ય. જેમકે અનામિકા આંગળી ટચલી આંગળીને આશ્રયી મોટી છે પણ મધ્યમા આંગળીને આશ્રયિને નાની છે.

એમ ન કહેવું કે એક જ વસ્તુમાં તાત્ત્વિક નાના–મોટાપણું પરસ્પર વિરોધ હોવાથી શી રીતે સંભવે, કારણ કે જે નાના મોટાપણું એક જ વસ્તુમાં કહેવાય છે તે જુદા જુદા નિમિત્તોને આશ્રયિને કહેવાય છે. તેથી પરસ્પર વિરોધ રહેતો નથી પણ ફક્ત એકજ ટચલી કે મધ્યમા આંગળી આશ્રયિને જો હ્રસ્વત્વ (નાનાપણું) કે મોટાપણું જણાવાય તો વિરોધ આવે. કારણ કે એક નિમિત્ત વડે પરસ્પર બે વિરુદ્ધ કાર્ય થવાનો અસંભવ છે.

જ્યારે એક આંગળી આશ્રયિ નાનાપણું અને બીજી આંગળી આશ્રયિ મોટાપણું એ સત્ અસત્‌ની જેમ ભિન્ન નિમિત્તક હોવાથી પરસ્પર વિરોધ થતો નથી.

પ્રશ્ન :– હવે જો હ્રસ્વત્વ–દીર્ઘત્વ તાત્ત્વિક હોય, તો તે ઋજુત્વ એટલે સરખાપણું અને વક્રત્વ એટલે વાંકાપણાની જેમ પર નિરપેક્ષ કેમ જણાતા નથી ? માટે જ પરોપાધિક એટલે પર આશ્રયિને હોવાથી નાના મોટાપણું કાલ્પનિક છે.

ઉત્તર :– આ વાત બરાબર નથી. કેમકે પદાર્થોના ધર્મો બે પ્રકારે છે.

૧. સહકારી વ્યંગ્યરૂપ એટલે સહકારી કારણ મળવાથી પ્રગટ થનાર અને

૨. ઇતર એટલે અસહકારી વ્યંગ્યરૂપ એટલે સહકારી કારણની અપેક્ષા વગર સ્વયં જ પ્રગટ થનારા. તેમાં જે પાણીના સંસર્ગથી પૃથ્વીની ગંધ પ્રગટ થાય છે, તે સહકારી વ્યંગ્યરૂપ છે. અને એમને એમ સહજભાવે જે કપૂર વગેરેની ગંધ જણાય તે અસહકારી વ્યંગ્યરૂપ છે. એમ હ્રસ્વત્વ કે દીર્ઘત્વ પણ સહકારી વ્યંગ્યરૂપે છે. તેથી તેઓ તે તે સહકારી કારણો મેળવીને પ્રગટ થાય છે. માટે દોષ નથી.

**૭. વ્યવહારસત્યા :–** લોકવ્યવહાર આશ્રયિને જે સત્ય તે વ્યવહાર સત્ય. જેમ પર્વત બળે છે. વાસણ ઝરે છે. પેટ વગરની કન્યા, રોમરાજી વગરનો બકરો, આમાં પર્વત પરનું ઘાસ બળતું હોવા છતાં ઘાસનો પર્વતની સાથે એકી ભાવની વિવક્ષા કરીને લોક પર્વત બળે છે–એમ કહે છે.

વાસણમાં પાણી ગળતું હોવા છતાં પણ પાણી અને વાસણની અભિન્ન વિવક્ષાના કારણે વાસણ ગળે છે–એમ કહેવાય.

સંભોગના બીજ દ્વારા જે પેટ થવું જોઈએ તે ન થતું હોવાથી અનુદરા એટલે પેટ વગરની કન્યા કહેવાય.

લવન એટલે કાપવા યોગ્ય રોમ એટલે ઉનનો અભાવ હોવાથી અલોમિકા બકરી કહેવાય. તેવા પ્રકારના લોકવ્યવહારની અપેક્ષાએ સાધુઓ પણ આ પ્રમાણે બોલે તો તે વ્યવહાર સત્યભાષા છે.

**૮. ભાવસત્યા :–** ભાવ એટલે વર્ણ વગેરે સ્વરૂપે સત્ય તે ભાવસત્ય. તે શી રીતે છે ? જે વર્ણ વગેરે ભાવ જેમાં વધારે પ્રમાણમાં હોય તેને મુખ્ય રૂપે કરી બોલાય તે ભાવસત્ય. જેમ બગલામાં પાંચે રંગ હોવા છતાં પણ સફેદ રંગની અધિકતાના કારણે બગલો સફેદ છે–એમ કહેવાય છે.

**૯. યોગસત્યા :–** યોગ એટલે સંબંધ. તે સંબંધ વિશેષના કારણે જેને બોલાવાય તે યોગસત્ય. જેમ કોઈ માણસ પાસે છત્ર હોય અને તેના કારણથી દુનિયામાં છત્રી ( છત્રવાળા ) રૂપે પ્રસિદ્ધ થયો હોય, પાછળથી છત્ર ન હોય તો પણ છત્રના યોગનો સંભવ હોવાથી છત્રીરૂપે જ બોલાવાય છે. એ પ્રમાણે દંડ હોવાના કારણે દંડીરૂપે કહેવાય છે.

**૧૦. ઔપમ્યસત્યા :–** ઉપમા એ જ ઔપમ્ય. તે ઉપમા વડે જ સત્ય તે ઔપમ્યસત્ય. જેમ તળાવ સમુદ્ર જેવું છે. (૮૯૧)

બીજી મૃષાભાષાના ભેદો કહે છે.

**कोहे १ माणे २ माया ३ लोभे ४ पेज्जे ५ तहेव दोसे ६ य ।**
**हास ७ भए ८ अक्खाइय ९ उवघाए १० निस्सिया दसहा ॥८९२॥**

**૧. ક્રોધ, ૨. માન, ૩. માયા, ૪. લોભ, ૫. પ્રેમ, ૬. દ્વેષ, ૭. હાસ્ય, ૮. ભય, ૯. આખ્યાયિકા, ૧૦. ઉપઘાત–આ દશ પ્રકારે અસત્ય છે.**

અસત્યભાષા ક્રોધ વગેરે દ્વારા નીકળવાથી દશ પ્રકારે છે.

**૧. ક્રોધઅસત્યા :–** ક્રોધથી અભિભૂત વિસંવાદિત બુદ્ધિવાળો થઈ બીજાને વિશ્વાસ પમાડતો જે સાચું–જૂઠું જે કંઈ બોલે, તે બધુંયે અસત્ય છે. કારણ કે તેનો આશય અતિ દુષ્ટ છે. તે જે કંઈ ઘુણાક્ષર એટલે અણ ઉપયોગથી જે કંઈ બોલે, તે અથવા શઠબુદ્ધિ એટલે ઠગવાની બુદ્ધિથી જે કંઈ સાચું બોલાય તે પણ આશયદોષના કારણે અસત્ય છે. જેમકે પિતા ગુસ્સે થઈને પુત્રને કહે કે 'તું મારો પુત્ર નથી.' 'નોકર ન હોય તેને નોકર કહીને બોલાવે.'

**૨. માનઅસત્યા :–** માન એટલે અભિમાનથી જે કંઈ બોલાય તે માનઅસત્યા. જેમ પૂર્વમાં પોતે ન અનુભવેલા ઐશ્વર્ય એટલે વૈભવને પણ પોતે પોતાની મોટાઈ બતાવવા માટે આવો વૈભવ પોતે ભોગવેલ છે–એમ કહે તે માનઅસત્યા.

**૩. માયાઅસત્યા :–** માયાથી જે બોલાયેલ તે માયાઅસત્યા. જે બીજાને ઠગવાની બુદ્ધિથી સાચું–જુઠું જે કંઈ બોલાય તે માયાઅસત્યા.

**૪. લોભઅસત્યા :–** લોભથી જે બોલાય તે લોભઅસત્યા. વેપારી વગેરે જે કંઈ આમ નથી ખરીદ્યુ, આમ ખરીદ્યું છે વગેરે બોલે તે લોભઅસત્યા.

**૫. પ્રેમઅસત્યા :–** જેમ અતિ પ્રેમના કારણે પ્રેમિકાને કહે કે 'હું તારો દાસ છું' તે પ્રેમથી બોલાયેલ અસત્યા છે.

**૬. દ્વેષઅસત્યા :–** દ્વેષથી બોલાયેલ અસત્યા. જેમ 'ઇર્ષ્યા વગેરેના કારણે ગુણવાનને પણ આ નિર્ગુણી છે' એમ કહે તે દ્વેષઅસત્યા.

**૭. હાસ્યઅસત્યા :–** હાસ્યથી જે અસત્ય બોલાય તે હાસ્યઅસત્યા. જેમ કાંદર્પિક એટલે મશ્કરો માણસ કોઈકની કંઈક વસ્તુ લીધી હોય છતાં પૂછે તો મશ્કરીથી કહે કે, મેં જોઈ નથી તે હાસ્યઅસત્યા.

**૮. ભયઅસત્યા :–** ચોર વગેરેના ભયથી જે જૂઠું બોલાય તે ભયઅસત્યા.

**૯. આખ્યાયિકાઅસત્યા :–** આખ્યાયિકા એટલે કથા વગેરેમાં રસ જમાવવા માટે અસંભવિત વાતો કહેવી તે આખ્યાયિકાઅસત્યા.

**૧૦. ઉપઘાતઅસત્યા :–** ઉપઘાત એટલે આક્ષેપ આળરૂપ જે બોલાય તે, જેમકે 'તું ચોર છે' વગેરે તે ઉપઘાતઅસત્યા. (૮૯૨)

હવે ત્રીજી મિશ્રભાષાના ભેદો કહે છે.

**उप्पन्न १ विगय २ मीसग ३ जीव ४ अजीवे ५ य जीवअज्जीवे ६ ।**
**तह मीसगा अणंता ७ परित्त ८ अद्धा ९ य अद्धद्धा १० ॥८९३॥**

**૧. ઉત્પન્ન, ૨. વિગત, ૩. મિશ્ર, ૪. જીવ, ૫. અજીવ, ૬. જીવાજીવ, ૭. અણંત, ૮. પરિત્ત એટલે પ્રત્યેક, ૯. અદ્ધા એટલે કાળ, ૧૦. અદ્ધાદ્ધ– એમ મિશ્રભાષાના દશ ભેદો છે.**

ઉત્પન્ન મિશ્ર વગેરેના ભેદે મિશ્રભાષા દશ પ્રકારે છે.

**૧. ઉત્પન્નમિશ્રા :–** સંખ્યા પૂરવા માટે ન ઉત્પન્ન થયેલાની સાથે મિશ્રિત કરી જે બોલાય તે ઉત્પન્ન મિશ્રિત કહેવાય. એ પ્રમાણે બીજા ભેદોમાં પણ યથાયોગ્ય વિચારણા કરવી. જેમકે કોઇક ગામ–નગરમાં ઓછા વધતા બાળકનો જન્મ થયો હોય, છતાં 'આજ દશ બાળકો જન્મ્યા છે.' વગેરે બોલે તે વ્યવહારથી સત્ય અને જૂઠરૂપે મિશ્રિત છે.

'આવતી કાલે તને સો રૂપિયા આપીશ' એમ કહી પચાસ રૂપિયા આપવાથી લોકમાં જૂઠપણું ન દેખાવાથી અને બાકીનાં ન આપવાથી જૂઠપણાનો વ્યવહાર થતો હોવાથી મિશ્ર છે.

**૨. વિગતમિશ્રા :–** ઉપર પ્રમાણે મરણના વિષયમાં ઉત્પન્ન મિશ્રની જેમ જાણવું. જેમ 'આ ગામમાં આજે દશ ડોસા મરી ગયા છે.' તે વિગતમિશ્ર.

**૩. ઉત્પન્નવિગતમિશ્રમિશ્રિતા :–** જન્મ – મરણના વિષયમાં નક્કી કરેલ સંખ્યા કહેવાથી, તેથી તેમાં વિસંવાદીપણું થવાથી મિશ્ર મિશ્રિત એટલે ઉત્પન્નવિગતમિશ્ર ભાષા થાય છે. જેમકે 'આજે દશ છોકરા (બાળકો) જન્મ્યા અને દશ વૃદ્ધો મરી ગયાં'.

**૪. જીવમિશ્રા :–** ઘણા જીવતા અને થોડા મરેલા શંખ–છીપલા વગેરેનો એક જગ્યાએ ઢગલો જોઇ કોઇ એમ બોલે 'આ જીવોનો મોટો ઢગલો છે.' ત્યારે તે ભાષા જીવમિશ્ર કહેવાય. આનું મિશ્રપણું આ પ્રમાણે છે. જીવતા જીવો વિષે સત્યપણું અને મરેલા વિષયક અસત્યપણું એમ મિશ્રપણું જાણવું.

**૫. અજીવમિશ્રા :–** જ્યારે ઘણા મરેલા અને થોડા જીવતા જીવોવાળા શંખલા વગેરેનો એક જગ્યાએ ઢગલો જોઇને કહે કે 'આ મડદાનો મોટો ઢગલો છે.' ત્યારે તે ભાષા અજીવમિશ્ર કહેવાય. આમાં પણ સત્યાસત્યની મિશ્રતા મરેલામાં સાચારૂપે અને જીવતામાં જૂઠારૂપે જાણવી.

**૬. જીવાજીવમિશ્ર મિશ્રિતા :–** તે શંખલા વગેરેના ઢગલામાં આટલા

જીવતા છે અને આટલા મરેલા છે. આવો નિર્ણય કરતા તેમાં વિસંવાદિતા થવાથી જીવાજીવમિશ્રિતા રૂપ મિશ્રભાષા છે.

**૭. અનંતમિશ્રા :–** જેમ મૂળા વગેરે અનંતકાયમાં તેના જ ચારે બાજુથી પીળા પડી ગયેલા પાંદડા વગેરે તથા બીજી કોઈક પ્રત્યેક વનસ્પતિ સાથે હોય તે જોઈને આ બધો અનંતકાયનો ઢગલો છે. એમ બોલે તો અનંતકાય મિશ્રભાષા કહેવાય.

**૮. પ્રત્યેકમિશ્રા :–** પ્રત્યેક વનસ્પતિ સાથે અનંતકાય રહેલ હોય એવા ઢગલાને જોઈ આ બધી પ્રત્યેક વનસ્પતિ છે. એમ બોલવાથી પ્રત્યેક મિશ્રભાષા થાય છે.

**૯. અદ્ધામિશ્રા :–** અદ્ધા એટલે કાળ. અહીં રાત્રિ અથવા દિવસ રૂપ જાણવો તે રાત્રિ દિવસ રૂપ મિશ્રિત જે કાળ તે અદ્ધા મિશ્રકાળ. જેમકે કોઈક કોઈને ઉતાવળ કરાવવા માટે દિવસ હોવા છતાં એમ કહે કે 'ઊઠ, ઊઠ, રાત થઈ ગઈ છે.' અથવા રાત્રિ હોવા છતાં પણ કહે કે 'ઊઠ ઊઠ, દિવસ ઊગી ગયો છે.'

**૧૦. અદ્ધાદ્ધાકાળમિશ્રા :–** દિવસ અથવા રાત્રિનો એક ભાગ કે અંશ તે અદ્ધાદ્ધા કહેવાય. તેનાથી જે મિશ્ર તે અદ્ધાદ્ધામિશ્રિતભાષા. જેમ પહેલો પ્રહર ચાલતો હોય છતાં કોઈકને ક્યારેક ઉતાવળ કરાવવા એમ કહે કે ચાલ ચાલ મધ્યાહ્ન (બપોર) થઈ ગયો. (૮૯૩)

હવે ચોથી અસત્યામૃષા ભાષાના ભેદો કહે છે.

**आमंतणि १ आणमणी २ जायणि ३ तह पुच्छणी य ४ पन्नवणी ५ ।**
**पच्चक्खाणी भासा ६ भासा इच्छाणुलोमा य ७ ॥८९४॥**
**अणभिग्गहिया भासा ८ भासा य अभिग्गहंमि ९ बोद्धव्वा ।**
**संसयकरणी १० भासा वोयड ११ अव्वोयडा १२ चेव ॥८९५॥**

**આમંત્રણી, આજ્ઞાપની, યાચનિકા, પૃચ્છનીયા, પ્રજ્ઞાપનીયા પ્રત્યાખ્યાની, ઇચ્છાનુલોમા, અનભિગૃહિતા, અભિગૃહિતા, સંશયકરણી, વ્યાકૃતા (પ્રગટ)અને અવ્યાકૃતા (અપ્રગટ). એમ બાર પ્રકારની અસત્યા મૃષા ભાષા છે.**

અસત્યમૃષાભાષા આમંત્રણી વગેરે ભેદે બાર પ્રકારે છે.

**૧. આમંત્રણી :–** 'હે દેવદત્ત !' વગેરે. આ ભાષા આગળ કહેલ ત્રણ સત્ય વગેરે ભાષાના લક્ષણોથી રહિત હોવાથી સત્યરૂપે નથી, અસત્યરૂપે નથી, તેમજ સત્યાસત્યરૂપે પણ નથી પણ ફક્ત વ્યવહારમાત્રની પ્રવૃતિના કારણરૂપ અસત્યામૃષારૂપ ભાષા છે. આ પ્રમાણે આગળના દરેક બધાયે ભેદોમાં વિચારણા કરવી.

**૨. આજ્ઞાપની :–** બીજાને કાર્યમાં જોડવું જેમકે 'તમે આ કામ કરો'.

**૩. યાચની :–** કોઈની પાસે વસ્તુ વિશેષ માંગવી. જેમકે 'આ મને આપો'

**૪. પૃચ્છની:–** નહીં જાણેલા સંદેહવાળી કોઈક પદાર્થને જાણવા માટે તેના જાણકારની પાસે પૂછવું 'કે આ શી રીતે છે ?' વગેરે.

**૫. પ્રજ્ઞાપની :–** શિષ્યોને ઉપદેશ આપવો 'જેમકે હિંસાથી અટકવાથી જીવો ભવાંતરમાં દીર્ઘાયુષી થાય છે.' વગેરે

**૬. પ્રત્યાખ્યાની :–** માંગનારને નિષેધ ( નકારાત્મક ) વચન કહેવા તે.

**૭. ઇચ્છાનુલોમા :–** ( અનુમતિ ) જેમ કોઇક કંઇક કામ શરૂ કરતા કોઇકને પૂછે તો તે તેને કહે કે 'તમે આ કામ કરો છો તે મને પણ ઇચ્છિત છે' માટે કરો.

**૮. અનભિગૃહિતા :–** જેમાં વાતનો ( પદાર્થનો ) વિષય નક્કી ન હોય તે. જેમકે કાંઇક ઘણા કાર્યો આવી પડ્યા હોય અને કોઈને પૂછે કે 'હવે હું શું કરું ?' ત્યારે તે કહે કે 'જે ઠીક લાગે તે કરો.'

**૯. અભિગૃહિતા :–** જેમાં પદાર્થની વાતનો વિષય નક્કી હોય તે, જેમકે 'હમણા તમારે આ કામ કરવું, આ નહીં' અથવા જેમાં કોઇ પદાર્થની ધારણા વગર જે ડીત્થ વગેરે બોલાય તે અનભિગૃહિતા. જેમાં કોઇ પદાર્થને અનુલક્ષીને જે ઘટ વગેરે બોલાય તે અભિગૃહિતા.

**૧૦. સંશયકરણી :–** અનેક અર્થવાળા શબ્દનો પ્રયોગ કરી પરસ્પર શંકા ઊભી કરવી તે. જેમકે 'સૈંધવ લાવ' સૈંધવ શબ્દથી મીઠું (ખારુ), વસ્ત્ર, પુરુષ, ઘોડો થાય છે આમાંથી શું લાવવું, તે ખબર ન પડે અને શંકા રહે.

**૧૧. વ્યાકૃતા :–** સ્પષ્ટ પ્રગટ અર્થવાળી ભાષા.

**૧૨. અવ્યાકૃતા :–** અપ્રગટ અતિ ગંભીર શબ્દાર્થવાળી અથવા અવ્યક્ત અક્ષરવાળી ભાષા અવિભાવિત અર્થવાળી હોવાથી તે અવ્યાકૃતા ભાષા કહેવાય. (૮૯૪–૮૯૫)

## ૧૪૦ સોલ પ્રકારના વચન

**कालतियं ३ वयणतियं ६ लिंगतियं नव तह परोक्ख १० पच्चक्खं ११ ।**
**उवणयऽवणयचउक्कं १५ अज्झत्थं चेव १६ सोलसमं ॥८९६॥**

**કાળત્રિક, વચનત્રિક, લિંગત્રિક, પરોક્ષવચન, પ્રત્યક્ષવચન, ઉપનય–અપનય ચતુષ્ક અને અધ્યાત્મ. એમ સોળ પ્રકારનાં વચન છે.**

કાળત્રિક તથા વચનત્રિક તથા લિંગત્રિક, પરોક્ષ, તથા પ્રત્યક્ષ તથા ઉપનય–અપનય, ચતુષ્ક તથા સોળમું અધ્યાત્મવચન છે. આ ગાથાના પદનો અર્થ છે.

**૧–૩ કાળત્રિક :–** તેમાં કર્યું', કરે છે, કરશે'. આ ભૂતકાળ વગેરે ત્રણ કાળ જણાવનાર વચન એ કાળત્રિક વચન છે.

૪–૬ **વચનત્રિક** :– 'એક, બે, અને બહુ' એ એકત્વચન વગેરે જણાવનાર જે શબ્દસમૂહ તે વચનત્રિક છે.

૭–૯ લિંગત્રિક :– 'આ સ્ત્રી છે. આ પુરુષ છે. આ કુળ છે'. આ ત્રણ લિંગ-પ્રધાન વચનો લિંગત્રિક છે.

૧૦ **પરોક્ષવચન** :– 'તે' એ પરોક્ષ નિર્દેશક વચન છે.

૧૧. **પ્રત્યક્ષવચન** :– 'આ' એ પ્રત્યક્ષ નિર્દેશક વચન પ્રત્યક્ષ વચન છે. ઉપનય ગુણોક્તિ સ્તુતિ અપનય દોષ કથન–નિન્દા વચન ચાર પ્રકારે છે. તે આ પ્રમાણે.

૧૨. **ઉપનય અપનય વચન** :– આ સ્ત્રી રૂપવાન છે. પણ દુરાચારી છે.

૧૩. **ઉપનય ઉપનય વચન** :– આ સ્ત્રી રૂપવાન અને સદાચારી (શીલવતી) છે.

૧૪. **અપનય ઉપનય વચન** :– આ સ્ત્રી કદરૂપી છે. પણ શીલવતી છે.

૧૫. **અપનય અપનય વચન** :– આ સ્ત્રી કદરૂપી અને દુરાચારી છે.

૧૬. **અધ્યાત્મવચન** :– બીજાને ઠગવાની બુદ્ધિથી મનમાં બીજું રાખી વચન વડે બીજું કહેવાની ઇચ્છાવાળો અચાનક જેમ મનમાં હોય તે જ બોલી જાય તે અધ્યાત્મ વચન (૮૯૬)

# ૧૪૧ પાંચ પ્રકારના મહિના

**मासा य पंच सुत्ते नक्खत्तो १ चंदिओ २ य रिउमासो ३ ।**
**आइच्चोऽविय इयरो ४ ऽभिवड्ढिओ तह य पंचमओ ५ ॥८९७॥**

**(૧) સૂત્રમાં નક્ષત્રમાસ, (૨) ચન્દ્રમાસ (૩) ઋતુમાસ, (૪) સૂર્યમાસ, (૫) અભિવર્ધિત માસ. એમ પાંચ પ્રકારના મહિના કહ્યા છે.**

નક્ષત્ર વગેરે પાંચ મહિનાઓ પરમેશ્વર એટલે અરિહંતના સિદ્ધાંતમાં કહ્યા છે.

૧. **નક્ષત્રમાસ** :– નક્ષત્રો વડે સંબંધિત થતો જે મહિનો તે નક્ષત્રમાસ, તે ચંદ્રમા પરિભ્રમણ કરતા જેટલા વખતમાં અભિજિત નક્ષત્રથી લઇ ઉતરાષાઢા નક્ષત્ર સુધીમાં પરિભ્રમણ પૂર્ણ કરે તેટલા વખતને નક્ષત્રમાસ કહેવાય. અથવા ચંદ્રને આખું નક્ષત્રમંડળ ફરતા જે (કાળ) થાય તે ઉપચારથી મહિનો પણ નક્ષત્રમાસ કહેવાય.

૨. **ચંદ્રમાસ** :– ચંદ્રમા સંબંધી માસ તે ચંદ્રમાસ. યુગની આદિમાં શ્રાવણ (અષાઢ) વદ એકમના દિવસથી લઇ પૂનમ સુધીનો જે કાળ (પ્રમાણ) તે ચાંદ્રમાસ.

વદ એકમથી પુનમ સુધીનો મહિનો ચંદ્રમાસ. અથવા ચંદ્ર ભ્રમણથી બનેલ જે માસ તે ઉપચારથી ચાંદ્રમાસ છે.

**૩. ઋતુમાસ :–** લોકરૂઢીથી ઋતુ સાઠ (૬૦) રાત્રિ દિવસ પ્રમાણ બે માસની છે. તે ઋતુના અર્ધભાગ પ્રમાણ જે ભાગ તે માસ કહેવાય છે. અવયવમાં સમુદાયનો ઉપચાર થવાથી અડધા ભાગને માસ કહેવાય છે. તે ઋતુમાસ અર્થથી સંપૂર્ણ ત્રીસરાત્રી દિવસ પ્રમાણે છે.

આ ઋતુમાસનો કર્મમાસ સાવનમાસ રૂપે પણ વ્યવહાર થાય છે.

**૪. આદિત્યમાસ :–** સૂર્યનો જે માસ તે આદિત્યમાસ. તે એક દક્ષિણાયન કે ઉત્તરાયણના છઠ્ઠા ભાગ પ્રમાણ સૂર્યમાસ છે અથવા સૂર્યના પરિભ્રમણ દ્વારા જે માસ બને તે ઉપચારથી સૂર્યમાસ કહેવાય.

**૫. અભિવર્ધિત માસ :–** અભિવર્ધિત એટલે મુખ્યતાએ તેર ચંદ્રમાસ પ્રમાણ વર્ષ હોય છે. જે બાર ચાંદ્ર માસ પ્રમાણ વર્ષ હોવા છતાં એક મહિનો વધુ હોવાથી અભિવર્ધિત માસ કહેવાય છે. અવયવમાં સમુદાયનો ઉપચાર થવાથી અભિવર્ધિત તરીકે ગણાય છે. આ પ્રમાણે નક્ષત્ર વગેરે પાંચ મહિના નામથી કહ્યા. (૮૯૭)

હવે આ મહિનાઓનું દિન પ્રમાણ કહે છે.

**अहरत्त सत्तवीसं तिमत्तसत्तट्ठिभाग नक्खत्तो २७$\frac{२१}{६७}$ ।**
**चंदो अउणत्तीसं विसट्ठिभाया य बत्तीसं २९$\frac{३२}{६२}$ ॥८९८॥**
**उउमासो तीसदिणो ३० आइच्चो तीस होइ अद्धं च ३० ।**
**अभिवड्ढिओ य मासो चउवीससएण छेएणं ॥८९९॥**
**भागाणिगवीससयं तीसा एगाहिया दिणाणं तु ३१$\frac{१२१}{१२४}$ ।**
**एए जह निप्फत्तिं लहंति समयाउ तह नेयं ॥९००॥**

**૧. નક્ષત્રમાસ સત્તાવીશ અહોરાત્ર અને સડસઠીયા એકવીશ ભાગ પ્રમાણ ૨૭$\frac{૨૧}{૬૭}$ દિવસ પ્રમાણ છે.**

**૨. ચંદ્રમાસ ૨૯ દિવસ અને બાસટ્ઠીયા બત્રીસ ભાગ પ્રમાણ ૨૯$\frac{૩૨}{૬૨}$ દિવસ પ્રમાણ.**

**૩. ઋતુમાસ ત્રીસ દિવસનો.**

**૪. આદિત્યમાસ ત્રીસ દિવસ અને અડધો દિવસ એટલે ૩૦$\frac{૧}{૨}$ દિવસ પ્રમાણ**

**૫. અભિવર્ધિત માસ ૩૧ દિવસ અને ૧૨૪ ભાગમાંથી ૧૨૧ ભાગ પ્રમાણ એટલે ૩૧$\frac{૧૨૧}{૧૨૪}$ દિવસ પ્રમાણ છે. આ માસોની જે રીતે ઉત્પત્તિ થાય છે. તે રીતો સિદ્ધાંતમાંથી જાણવી.**

નક્ષત્ર સંબંધિત મહિનો સત્તાવીસ (૨૭) રાત દિવસ પ્રમાણ અને એક અહોરાત્રના સડસઠ ભાગ કરી તેમાંથી ત્રણ વખત સાત ભાગ એટલે એકવીસ ભાગ પ્રમાણ છે. એટલે ૨૭$\frac{૨૧}{૬૭}$ દિવસ પ્રમાણનો છે.

૨. ચંદ્રમાસ ઓગણત્રીસ (૨૯) દિવસ રાત અને અહોરાત્રના બાસઠ (૬૨) ભાગમાંથી બત્રીસ ભાગ પ્રમાણનો છે. એટલે ૨૯ ૩૨/૬૨ દિવસ પ્રમાણનો છે.

૩. ઋતુમાસ સંપૂર્ણ ત્રીસ રાત દિવસનો છે.

૪. આદિત્ય એટલે સૂર્યમાસ સંપૂર્ણ ત્રીસ રાત દિવસ અને ઉપર અડધો દિવસ એટલે સાડાત્રીસ દિવસ (૩૦ ૧/૨) દિવસનો છે.

૫. અભિવર્ધિતમાસ એક દિવસ અધિક. ત્રીસ એટલે એકત્રીસ દિવસ રાત પ્રમાણ અને એક અહોરાત્રના ૧૨૪ ભાગમાંથી ૧૨૧ ભાગ પ્રમાણ ૩૧ ૧૨૧/૧૨૪ રાત દિવસ પ્રમાણનો છે.

આ પાંચ માસોના દિવસો જે રીતે પ્રાપ્ત થાય તે સિદ્ધાંતમાંથી જાણી લેવું, તે દિવસોની પ્રાપ્તિની રીત સિદ્ધાંતાનુસારે શિષ્યોના ઉપકાર માટે કંઈક બતાવાય છે.

ચંદ્ર, ચંદ્ર, અભિવર્ધિત, ચંદ્ર, અભિવર્ધિત—રૂપ, પાંચ વર્ષના પ્રમાણ યુગની અંદર અઢારસો ત્રીસ (૧૮૩૦) અહોરાત્ર થાય છે.

એ અઢારસો ત્રીસ દિવસ શી રીતે થાય તે કહે છે.

સૂર્યના ઉત્તરાયણ અને દક્ષિણાયન એ બંને એકસોત્યાંસી (૧૮૩) રાત્રિ દિવસ પ્રમાણના છે. એક યુગમાં પાંચ દક્ષિણાયન અને પાંચ ઉત્તરાયણ મળી દશ અયન થાય છે, તેથી એક અયનનાં દિવસો એકસો ત્યાંસી થાય છે. (૧૮૩) તેને દસથી ગુણતા ઉપરોક્ત અઢારસો ત્રીસ (૧૮૩૦) દિવસ થાય છે.

આ દિવસના સમૂહની સ્થાપના કરી નક્ષત્ર, ચન્દ્ર, ઋતુ અને સૂર્યમાસના દિવસો લાવવા માટે અનુક્રમે સડસઠ (૬૭), બાસઠ (૬૨), એકસઠ (૬૧), સાંઇઠ (૬૦) ભાગ આપતા ઉપરોક્ત પ્રમાણવાળા નક્ષત્ર વગેરે મહિનાના દિવસોનું પરિમાણ આવે છે. તે આ પ્રમાણે—

૧. એક યુગના દિવસનું પ્રમાણ અઢારસોત્રીસ દિવસ છે. તેના સડસઠ (૬૭) નક્ષત્ર માસો એક યુગમાં થાય છે. માટે તેને સડસઠે (૬૭) ભાગતા, સત્તાવીસ (૨૭) રાત્રિ દિવસ આવે છે. ઉપર એક અહોરાત્રના સડસઠ ભાગ કરતાં એકવીસ ભાગ પ્રમાણ થાય એટલે ૨૭ ૨૧/૬૭ ભાગ દિવસ પ્રમાણ નક્ષત્રમાસ થાય છે.

૨. તેજ અઢારસોત્રીસ દિવસ પ્રમાણના યુગમાં ચાન્દ્રમાસો બાસઠ (૬૨) થાય છે. માટે તે દિવસોને બાસઠે (૬૨) ભાગ કરતા જે ભાગાકાર આવે તે ચંદ્રમાસના દિવસો થાય છે.

૩. તથા આજ યુગના દિવસોમાં ઋતુમાસો એકસઠ થાય છે. તે યુગના દિવસોને એકસઠે ભાગતા ઉપરોક્ત ઋતુમાસનું દિન પ્રમાણ આવે છે.

૪. એક યુગમાં સૂર્યમાસો સાઠ છે. તે સાઠ માસ વડે યુગના દિવસોને ભાગતા સૂર્યમાસના ઉપરોક્ત દિન પ્રમાણ આવે છે. કહ્યું છે કે—

'નક્ષત્ર વગેરે માસોને લાવવાના ઉપાયનું આ કરણ છે કે યુગના દિન પ્રમાણુ અઢારસો ત્રીસને સ્થાપના કરી તેને નક્ષત્ર માસથી લઈ સૂર્યમાસ સુધીના સડસઠ, બાસઠ, એકસઠ, અને સાઠ ભાગો વડે ભાગ કરતા દિન પ્રમાણુ આવે છે.

એક યુગમાં ત્રીજા અને પાંચમા અભિવર્ધિત એટલે વૃદ્ધિમાસવાળા વર્ષમાં તેર ચાંદ્રમાસો થાય. તે અભિવર્ધિત વર્ષના દિવસોના બાર ભાગ કરતા એક એક ભાગ અભિવર્ધિતમાસ તરીકે ગણાય છે.

હવે તેર માસવાળા અભિવર્ધિત વર્ષના દિવસો ૩૮૩ દિવસ અને એક અહોરાત્રના બાસઠ ભાગના ચુમ્માલીસ ભાગ ( $૩૮૩\frac{૪૪}{૬૨}$ ) પ્રમાણુ દિવસ થાય છે. તે આ પ્રમાણે.

એક ચંદ્રમાસમાં ૨૯ $\frac{૩૨}{૬૨}$ દિવસ હોય છે. અને મહિના તેર છે. તેને ચંદ્રમાસના દિવસ અને અંશ (ભાગ) સાથે ગુણુતા ત્રણુસો સત્યોતેર દિવસ અને ચારસો સોલ ભાગો થાય છે. તે ભાગોને દિવસના ૬૨ ભાગો વડે ભાગતા છ દિવસ અને ૪૪ ભાગ આવે છે. તેને ઉપરોક્ત ૩૭૭ દિવસમાં મેળવતા ૩૮૩ દિવસ થાય અને $\frac{૪૪}{૬૨}$ ભાગ થાય.

વર્ષના બારમાસ હોય છે. તેથી મહિનો લાવવા માટે વર્ષના દિવસોને બારે ભાગતા એકત્રીસ દિવસ આવ્યા અને ઉપર અગ્યાર દિવસ (૧૧) અને $\frac{૪૪}{૬૨}$ ભાગ વધ્યા. તે દિવસોને ૧૨૪ ભાગ કરવા માટે તેને ૧૨૪ વડે ગુણુતા તેરસો ચોસઠ ભાગ થાય, જે ઉપરના ચુમ્માલીસ ભાગ છે. તે ૧૨૪ના ભાગ કરવા માટે એ વડે ગુણુતા અઠ્ઠયાસી (૮૮) ભાગ થાય. તે ૮૮ ભાગોને ઉપરના ૧૩૬૪ ભાગમાં ઉમેરતા ૧૪૫૨ ભાગ થાય તેને બારે ભાગ કરતા ૧૨૪ના ભાગોમાંથી ૧૨૧ ભાગ આવે છે. એટલે અભિવર્ધિત માસનું પ્રમાણુ ૩૧ દિવસ અને ઉપર $\frac{૧૨૧}{૧૨૪}$ ભાગ પ્રમાણુ થાય છે. કહ્યું છે કે–

જે વર્ષમાં તેર ચંદ્રમાસો હોય તે વર્ષના બાર કરતા જે બારમો ભાગ હોય છે, તે અભિવર્ધિતમાસ કહેવાય. (૮૯૮–૮૯૯–૯૦૦)

## ૧૪૨ પાંચ પ્રકારના વર્ષ :–

**संवच्छरा उ पंच उ चंदे १ चंदे २ ऽभिवड्ढिए ३ चेव ।**
**चंदे ४ ऽभिवड्ढिए ५ तह बिसट्ठिमासेहिं जुगमाणं ॥९०१॥**

**૧. ચંદ્ર ૨. ચંદ્ર ૩. અભિવર્ધિત ૪. ચંદ્ર ૫. અભિવર્ધિત. એ પાંચ વર્ષોના નામ છે. આ પાંચ વર્ષો વડે બાસઠ (૬૨) માસ વડે એક યુગ થાય છે.**

૧. ચાંદ્ર ૨. ચાંદ્ર ૩. અભિવર્ધિત ૪. ચાંદ્ર અને ૫. અભિવર્ધિત. આ પ્રમાણેના ક્રમે વર્ષોના પાંચ પ્રકાર થાય છે. અને પાંચ વર્ષો ભેગા થવા એક યુગથી બને છે તેને યુગ સંવત્સર એ પ્રમાણે કહેવાય છે. તેમાં ઉપરોક્ત સ્વરૂપવાળા ચંદ્રમાસ વડે ઉત્પન્ન

થવાના કારણે વર્ષ પણ ચાંદ્ર કહેવાય છે, તે વર્ષનું પ્રમાણ ૩૫૪ દિવસ અને ઉપર એક અહોરાત્રના બાસઠીયા બાર ભાગ છે ૩૫૪ $\frac{૧૨}{૬૨}$ દિવસ છે. તે આ પ્રમાણે થાય છે.

એક મહિનો ૨૯ દિવસ અને બાસઠીયા બત્રીસ ભાગ પ્રમાણનો છે. ૨૯ $\frac{૩૨}{૬૨}$ તેને બાર માસ વડે ગુણતા ઉપર પ્રમાણે ચંદ્ર સંવત્સરનું પ્રમાણ આવે છે. આ પ્રમાણે બીજા તથા ચોથા ચાંદ્ર સંવત્સરનું દિન પ્રમાણ જાણવું.

ચંદ્ર સંવત્સરમાં એક મહિનો વધવાના કારણે અભિવર્ધિત સંવત્સર થાય. તેનું દિન પ્રમાણ ૩૮૩ દિવસ અને બાસઠીયા ચુમ્માલીસ ભાગ ૩૮૩ $\frac{૪૪}{૬૨}$ થાય છે. તે આ પ્રમાણે છે. અભિવર્ધિતમાસના ૩૧ દિવસ અને ઉપર એક અહોરાત્રના ૧૨૪ ભાગમાંથી ૧૨૧ ભાગ પ્રમાણ દિવસો છે. ૩૧ $\frac{૧૨૧}{૧૨૪}$ દિન પ્રમાણ છે. તેને બાર વડે ગુણતાં ત્રણસો બોત્તેર દિવસ થયા અને ૧૨૧ ભાગને પણ બારે ગુણતા ૧૪૫૨ ભાગ થયા. તેને ૧૨૪ વડે ભાગતા અગ્યાર દિવસ આવ્યા તેને ૩૭૨માં ઉમેરતા ૩૮૩ દિવસ થયા, ઉપર ૮૮ ભાગ વધ્યા તે ભાજ્ય સંખ્યાને ભાજક એકસો ચોવીસ (૧૨૪) ભાજક સંખ્યાનો યથોક્ત ભાગ લાવવા માટે બે એ ભાગ કરતા ઉપરોક્ત સંખ્યા આવે છે. એટલે $\frac{૪૪}{૬૨}$ ભાગ થાય છે. આ પ્રમાણે અભિવર્ધિત સંવત્સરનું દિન પ્રમાણ થાય છે. એ પ્રમાણે પાંચમું અભિવર્ધિત સંવત્સર જાણવુ.

આ પાંચે ચંદ્ર સંવત્સર વગેરે વડે એક યુગ થાય છે, તે યુગ બાસઠ ચંદ્રમાસ પ્રમાણ છે. તે આ પ્રમાણે છે. એક યુગમાં ત્રણ ચંદ્ર સંવત્સર અને એક ચંદ્ર વર્ષમાં બાર ચંદ્ર માસ એટલે ત્રણને બારે ગુણતા ૩૬ માસ થયા તથા અભિવર્ધિત સંવત્સર એક યુગમાં બે હોય છે. અને તે વર્ષમાં ચંદ્રમાસો તેર હોય છે. અધિક માસ હોવાથી તેથી બેને તેરે ગુણતા છવ્વીસ માસ થાય. ઉપરોક્ત ૩૬ માસ અને ૨૬ માસ મેળવતા બાસઠ ચંદ્રમાસો થયા. (૯૦૧)

## ૧૪૩. લોકસ્વરૂપ

माघवईए तलाओ ईसिपब्भारउवरिमतलं जा ।
चउदसरज्जू लोगो तस्साहो वित्थरे सत्त ॥९०२॥
उवरिं पएसहाणी ता नेया जाव भूतले एगा ।
तयणुप्पएसवुड्ढी पंचमकप्पंमि जा पंच ॥९०३॥
पुणरवि पएसहाणी जा सिद्धसिलाएँ एकगा रज्जू ।
धम्माए लोगमज्झो जोयणअसंखकोडीहिं ॥९०४॥

માઘવતીના તળિયેથી લઇ ઇષદ્ પ્રાગ્ભાર પૃથ્વીના ઉપરના ભાગ સુધી ચૌદરાજલોક પ્રમાણ લોક છે. તે લોકનો નીચેનો વિસ્તાર સાત રાજ

છે. પછી એક એક પ્રદેશ હાનિ થવાપૂર્વક ઉપર ભૂતલે એકરાજ પ્રમાણ છે. તે પછી એક એક પ્રદેશ વૃદ્ધિ થવાપૂર્વક પાંચમા દેવલોકે પાંચ રાજલોક છે. ફરીવાર પણ એક એક પ્રદેશની હાનિપૂર્વક સિદ્ધશિલાએ એક રાજ પ્રમાણ લોક છે.

ધમ્માપૃથ્વીએ અસંખ્યાત ક્રોડ યોજન પ્રમાણ લોકનો મધ્યભાગ છે.

## ઉર્ધ્વ લોક ચિત્ર



માઘવતી એટલે તમઃતમઃપ્રભા નામની સાતમી નરક પૃથ્વીના તળિયેથી એટલે અલોકને સ્પર્શેલ સહુથી નીચેના ભાગથી લઈ ઈષિદ્પ્રાગભારા નામની સિદ્ધશિલાના સર્વોપરિ લોકને સ્પર્શેલ લોકાન્તરૂપ ભાગ સુધી ચૌદરાજ પ્રમાણ લોક થાય છે. તે લોકની નીચે એટલે સાતમી નરક પૃથ્વીનો નીચેનો ભાગ વિસ્તારથી દેશ ઊન એટલે કંઈક ઓછા એવા સાત રાજ પ્રમાણ છે. ગ્રંથકારે દેશોનપણું અલ્પ હોવાથી તેની વિવક્ષા કર્યા વગર સંપૂર્ણ સાત રાજ જણાવ્યા છે. ત્યાર પછી અધોલોકથી ઉપર એક એક પ્રદેશની હાનિ એટલે તિરછું અંગુલના અસંખ્ય ભાગરૂપ પ્રદેશ હાનિ કરતા–કરતા ત્યાં સુધી જાણવી કે જ્યારે તિરછીલોકનો મધ્યભાગ રૂપ સમભૂતલ જમીનનો ભાગ આવે ત્યારે વિસ્તાર ફક્ત એકરાજ પ્રમાણ રહે.

તે પછી સમભૂતલ ભૂમિભાગથી આગળ, ઉપર તરફ એક એક પ્રદેશની વૃદ્ધિ એટલે તિરછીઅંગુલના અસંખ્યાત ભાગ પ્રમાણ વૃદ્ધિ ત્યાં સુધી જાણવી કે (જ્યાં સુધી-પાંચમા બ્રહ્મદેવલોકના પાંચ રજ્જુ પ્રમાણ વિસ્તાર આવે ત્યાર પછી આગળ ઉપર તરફ એક એક પ્રદેશની હાનિ સિદ્ધશિલા ઉપર રહેલ લોકાંત સુધી થાય છે. અને ત્યાં આગળ લોકનો વિસ્તાર એકરાજ પ્રમાણ રહે છે.

ધમ્મા અથવા રત્નપ્રભા નામની પહેલી પૃથ્વી ઉપર સમભૂતલ ભૂમિ ભાગથી અસંખ્યાતા ક્રોડ યોજન ઓળંગ્યા પછી લોકનો મધ્યભાગ આવે છે. ચૌદરાજલોક પ્રમાણ લોકના ત્રણ ભાગ થાય છે. તે આ પ્રમાણે–

(૧) ઊર્ધ્વલોક, (૨) તિર્યગ્લોક અને (૩) અધોલોક.

તેમાં ઉપર નીચેની અપેક્ષાએ અઢારસો યોજન પ્રમાણ તિરછીલોકના મધ્યભાગે જંબુદ્વીપમાં રત્નપ્રભાના બહુસમભૂતલ ભૂમિભાગે મેરુપર્વતની બરોબર મધ્યભાગમાં આઠ રુચક પ્રદેશો છે. તે ગાયના આંચળની જેમ ચાર પ્રદેશો ઉપર અને ચાર નીચે–એમ આઠ રુચક પ્રદેશો છે. આ રુચક પ્રદેશોથીજ બધી દિશા વિદિશાઓનો વ્યવહાર ગણાય છે. આ રુચક પ્રદેશથીજ ઊર્ધ્વલોક, અધોલોક અને તિરછીલોકના વિભાગો થાય છે. તે આ પ્રમાણે :–

રુચક પ્રદેશથી ઉપર નીચે નવસો નવસો યોજન તિરછીલોક છે. તે તિરછીલોકની નીચે અધોલોક અને ઉપર ઉર્ધ્વલોક છે. તેથી ઉર્ધ્વલોક દેશોન એટલે કઈક ન્યૂન સાત રાજ પ્રમાણ છે. અને અધોલોક સાધિક સાતરાજ પ્રમાણ છે. વચ્ચે અઢારસો (૧૮૦૦) યોજન ઊંચો તિરછીલોક છે તેથી આઠ રુચક પ્રદેશના સમભૂતલભૂમિ ભાગથી નીચે તરફ અસંખ્યાતા ક્રોડ યોજન ગયા પછી રત્નપ્રભા પૃથ્વીમાં ચૌદરાજ રૂપ લોકનો સંપૂર્ણ સાતરાજ લોક પ્રમાણનો લોકનો મધ્યભાગ આવે છે. (૯૦૨, ૯૦૩, ૯૦૪)


સાત નરક
૭ રાજલોક પ્રમાણ
અધોલોક
૧૮૦૦ યોજન ૯૦૦ યોજન
તિર્છાલોક ૯૦૦ યોજન
૯૦૦ યોજન નીચે અધોલોક નરક
મેરુ પર્વત
જ્યોતિષ મંડળ-સૂર્ય-ચંદ્રાદિ
અસંખ્ય દ્વીપ સમુદ્રો
૧. ધમા.
૨. વંશા.
૩. શૈલા.
૪. અંજના.
૫. રિષ્ઠા.
૬. મઘા.
૭. માઘવતી
રત્ન પ્રભા ૧.લી નરક
શર્કરા પ્રભા ૨.જી નરક
વાલુકા પ્રભા ૩.જી નરક
પંક પ્રભા ૪.થી નરક
ધૂમ પ્રભા ૫.મી નરક
તમઃ પ્રભા ૬.ઠી નરક
તમઃતમા પ્રભા
૭.મી નરક
૧
૨
૩
૪
૫
૬
૭

## ૧૪૩. લોકસ્વરૂપ



હવે લોકનું સંસ્થાન એટલે આકાર કહે છે :-

**हेट्ठाहोमुहमल्लगतुल्लो उवरिं तु संपुडठियाणं ।**
**अणुसरइ मल्लगाणं लोगो पंचत्थिकायमओ ॥९०५॥**

ચૌદરાજ લોકનો યથાર્થ દેખાવ



નીચેની તરફ અધોમુખ એટલે ઊંધા કરેલા કોડિયા-મલ્લક-શરાવડા સમાન આકારવાળો અને ઉપર તરફ સંપુટ કરેલા એટલે એક શરાવડાને બીજા શરાવડા વડે ઢાંકેલ હોય એવા શરાવડા સમાન આકારવાળો લોક છે. આનો ભાવાર્થ એ છે કે–

પહેલા એક શરાવડા (કોડિયા)ને ઊંધુ મૂકવું પછી તેના ઉપર બીજું શરાવડુ મૂકવામાં આવે, પછી તેના પર ત્રીજુ શરાવડુ ઉંધુ મૂકવામાં આવે. આ પ્રમાણે ગોઠવતા ત્રણ શરાવડાના આકાર સમાન સંપૂર્ણ લોક રહેલ છે. તે લોક ધર્મ, અધર્મ, આકાશ, પુદ્ગલ અને જીવરૂપ પંચાસ્તિકાયથી વ્યાપ્ત છે. (૯૦૫)

હવે ચૌદરાજલોકમયલોકના અસત્ કલ્પનાથી ખંડ વિભાગો બતાવવા માટે ખંડ બનાવવાની રીત કહે છે :–

**तिरियं सत्तावन्ना उड्ढं पंचेव हुंति रेहाओ ।**
**पाएसु चउसु रज्जू चउदस रज्जू य तसनाडी ॥९०६॥**

**સત્તાવન તિર્છી (આડી) રેખાઓ અને પાંચ ઊભી રેખાઓ દોરવી, ચાર પાદ એટલે ખંડોવડે એક રાજ થાય, ચૌદરાજ પ્રમાણ ત્રસનાડી છે.**

પાટી વગેરે ઉપર તિર્છી એટલે (આડી) સત્તાવન (૫૭) રેખાઓ દોરવી. પછી તેના પર ઊભી એટલે ઉપરથી નીચે સુધીની પાંચ રેખાઓ દોરવી. ચાર પાદો એટલે ખંડો વડે એકરાજ થાય. અહીં ચાર ખંડો વડે એક રાજની કલ્પના કરી છે. તેથી એકરાજના ચોથા ભાગને ખંડ કે પાદ કહ્યો છે. ઉપરથી નીચે સુધી ત્રસનાડી ચૌદરાજ લોક પ્રમાણ છે. આની વિચારણા આ પ્રમાણે છે.

આડી દોરેલી સત્તાવન રેખાઓ ઉપર ઊભી દોરેલ પાંચ રેખા વડે છપ્પન ખંડો (ખાના) થાય છે. ચાર ખંડો વડે એકરાજ લોક એ નિયમ પ્રમાણે છપ્પન (૫૬) ખંડોને ચારવડે ભાગતા ઉપરથી નીચે સુધીમાં ચૌદરાજ થશે. ત્રસનાડી ઉપર કે નીચેના દરેક ભાગે ઊભી પાંચ રેખાના કારણે આડી (તિર્છી) ફક્ત એકજ રાજ થાય છે. આ પ્રમાણે ત્રસનાડીમાં ઉપરથી નીચે સુધીમાં થતા ખંડો કહ્યા. (૯૦૬)

હવે સમસ્ત લોકના તિર્છા (આડા) ખંડોને કહે છે. તેમાં પ્રથમ ઊર્ધ્વલોકમાં રુચક આઠ પ્રદેશોથી લોકાંત સુધી જે તિર્છા ખંડો થાય છે તે કહે છે :–

**तिरियं चउरो दोसुं छ दोसुं अट्ठ दस य इक्किक्के ।**
**बारस दोसुं सोलस दोसु वीसा य चउसुंपि ॥९०७॥**

**તિર્છાખંડોમાં પ્રથમ બે (પંક્તિ)માં ચાર ચાર ખંડો, બેમાં છ છ ખંડો પછી એકમાં આઠ આઠ, એકમાં દશ દશ, બેમાં બાર બાર બેમાં સોળ સોળ અને ચાર પંક્તિમાં વીસ વીસ ખંડો છે.**

આઠ રુચકપ્રદેશરૂપ સમભૂતલ ભૂમિભાગથી ઉપર તરફ જતા પહેલી બે એટલે ઓગણત્રીસમી (૨૯મી) રેખાની ઉપરની આડી બે રેખાના ચાર ચાર ખંડો જે ત્રસ-નાડીમાં જ છે. ત્યાં ત્રસનાડીની બહાર ખંડોનો અભાવ છે. તેની ઉપરની બે પંક્તિમાં છ છ ખંડો છે. તેમાં ચાર ખંડો ત્રસનાડીમાં અને બંને તરફના પડખે એક એક ખંડ ત્રસનાડી બહાર છે. તે પછીની એક પંક્તિમાં આઠ ખંડો અને બીજી એક પંક્તિમાં દસ ખંડો છે. તે આ પ્રમાણે

એક પક્તિમાં ત્રસનાડીમાં ચારખંડો અને બંને તરફના પડખામાં બે-બે ખંડો છે. એમ કુલ્લે આઠ ખંડો થાય છે.

બીજી પંક્તિમાં ચાર ખંડો નાડીમાં અને નાડી બહાર બંને પડખે ત્રણ ત્રણ ખંડો એમ કુલ્લે દસ ખંડો થાય.

તે પછીની બે પંક્તિમાં બાર બાર ખંડો છે. જેમાં વચ્ચેના ચારખંડો લોકનાડી માં અને લોકનાડી બહાર ચાર ચાર ખંડો છે.

તે પછીની બે પંક્તિમાં સોળ સોળ ખંડો એમાં ચાર વચ્ચે લોકનાડીમાં અને આજુબાજુના પડખે છ છ ખંડો છે.

તેની ઉપરની ચાર પંક્તિમાં દરેકની અંદર વીસ વીસ ખંડો છે. તેમાં વચ્ચેના ચાર લોકનાડીમાં અને આજુબાજુના પડખે આઠ આઠ ખંડો છે.

આ પ્રમાણે ઊર્ધ્વલોકમાં ચૌદ પંક્તિમાં યથાયોગ્ય ખંડોની વૃદ્ધિ કહી. (૯૦૭)

હવે આ જ ચૌદ પંક્તિમાં ખંડોની હાનિ કહે છે.

पुणरवि सोलस दोसुं बारस दोसुंपि हुंति नायव्वा ।
तिसु दस तिसु अट्ठच्छा य दोसु दोसुपि चत्तारि ॥९०८॥

**ફરી ઉપરની બે પંક્તિમાં સોળ સોળ ખંડોની, બેમાં બાર બારની, ત્રણમાં દસ દસની, ત્રણમાં આઠ આઠની, બે માં છ છ ની, અને બેમાં ચાર ખંડોની હાનિ છે.**

ફરી ઉપરની બે પંક્તિમાં સોળ સોળ ખંડોની હાનિ છે. તેની વિચારણા દરેક સ્થળે આગળ પ્રમાણે (૯૦૭) ગાથા પ્રમાણે જાણવી. તે પછી ની બે પંક્તિમાં બાર બાર ખંડોની, તે પછીની ત્રણ પંક્તિમાં દસ દસ ખંડોની, તે પછીની ત્રણ પંક્તિમાં આઠ આઠ ખંડો, તે પછીની બે પંક્તિમાં છ-છ ખંડોની હાનિ, તે પછી સહુથી ઉપરની બે પંક્તિમાં ચાર ચાર ખંડો નાડીમાંજ છે.

આ પ્રમાણે પોતાના (ટીકાકારના ગુરુએ) બતાવેલ સ્થાપનાનુસારે રુચકપ્રદેશથી લઈ લોકના અંત સુધીના तिरिय चउदो दोसुं વગેરે બે ગાથામાં કહેલ ખંડોની વ્યાખ્યા કરી.

બીજા આચાર્યો બીજી રીતે પટમાં સ્થાપનાને જોતા એટલે 'લોકના અંતથી લઈ લોકના મધ્યભાગ સુધી ખંડોની વિચારણા'એ પ્રમાણે આ ગાથાની વ્યાખ્યા કરે છે. (૯૦૮)

હવે અધોલોકની સાતે પૃથ્વીઓમાં ઉપરથી નીચે સુધીમાં જે ખંડો થાય છે, તે કહે છે.

**ओयरिय लोयमज्झा चउरो चउरो य सव्वहिं नेया ।**
**तिग तिग दुग दुग एक्किकगो य जा सत्तमी पुढवी ॥९०९॥**

**લોકના મધ્યભાગમાંથી નીચે તરફ જતા બધી પૃથ્વીઓમાં ચાર ચાર ખંડ ત્રસનાડીમાં જાણવા. નાડી બહાર બીજી વગેરે પૃથ્વીમાં અનુક્રમે ત્રણ-ત્રણ, બે-બે, એક-એક ખંડ સાતમી પૃથ્વી સુધી જાણવા.**

લોકના અંત ભાગથી લોકના મધ્યભાગ સુધી આવી પછી ત્યાંથી એટલે આઠ રુચકપ્રદેશથી લઈ નીચે બધીયે પૃથ્વીઓમાં ચાર ચાર ખંડો ત્રસનાડીમાં જાણવા ત્રસનાડીની બહાર બીજી વગેરે પૃથ્વીઓમાં અનુક્રમે ત્રણ-ત્રણ, બે-બે અને એક-એક ખંડો સાતમી પૃથ્વી સુધી જાણવા. આનો ભાવાર્થ આ પ્રમાણે છે.

રત્નપ્રભાપૃથ્વીની ત્રસનાડી બહાર ખંડો નથી. માટે શર્કરાપ્રભા બીજી પૃથ્વીના ઉપરના ભાગેથી લઈ ડાબી જમણી બાજુએ દરેક હારમાં તિર્છા આડા ત્રણ ત્રણ ખંડો ઉપરથી નીચે સાતમી પૃથ્વીના તળિયા સુધી જાણવા.

તે પછી વાલુકાપ્રભાના ઉપરના ભાગેથી બંને તરફ ત્રણ ખંડોની આગળ બીજા ત્રણ ત્રણ ખંડો સાતમી પૃથ્વી સુધી જાણવા.

તે પછી પંકપ્રભાના ઉપરના ભાગેથી લઇ બંને તરફ પૂર્વોક્ત ખંડોથી આગળ બે-બે ખંડો સાતમી પૃથ્વી સુધી જાણવા.

તે પછી ધૂમપ્રભાના ઉપરના ભાગથી લઇ બંને તરફ બે બે ખંડો સાતમી પૃથ્વી સુધી છે.

ત્યાર બાદ ફરી તમઃપ્રભાથી લઇ બંન્ને તરફ એકેક ખંડ સાતમી પૃથ્વી સુધી સ્થાપવા.

તે પછી સાતમી પૃથ્વીમાં પણ પૂર્વોક્ત ખંડોથી આગળ બંને તરફ એકેક ખંડ દરેક હારમાં (પંક્તિ) માં છેલ્લી નીચેની પંક્તિ સુધી જાણવા. આ પ્રમાણે અધોલોકમાં ઉપરથી નીચે સુધી ખંડો કહ્યા. (૯૦૯)

હવે તમસ્તમઃપ્રભા પૃથ્વીથી લઇ રત્નપ્રભા સુધી તિર્છા (આડા) ખંડોનું પ્રમાણ કહે છે.

**अडवीसा छव्वीसा चउवीसा वीस सोल दस चउरो ।**
**सत्तासुवि पुढवीसुं तिरियं खण्डुयगपरिमाणं ॥९१०॥**

**અઠ્ઠાવીસ, છવ્વીસ, ચોવીસ, વીસ, સોલ, દસ, ચાર આ પ્રમાણે સાતે પૃથ્વીઓમાં તિર્ચ્છાખંડોનું પ્રમાણ છે.**

તમસ્તમઃપ્રભા નામની સાતમી પૃથ્વીમાં તિર્ચ્છા અઠયાવીસ ખંડો છે. તે આ પ્રમાણે છે. ત્રસનાડી બહાર એક પડખે બાર ખંડો છે. અને બીજે પડખે બાર ખંડો અને ત્રસનાડીના ચારખંડો એમ કુલ ૧૨+૧૨+૪=૨૮ ખંડો થાય છે.

છઠ્ઠી પૃથ્વી તમઃપ્રભામાં છવ્વીસખંડો છે. તે બહાર બંને તરફ અગ્યાર ખંડો છે અને વચ્ચે ત્રસનાડીમાં ચારખંડો એમ કુલ ૧૧+૧૧+૪=૨૬ ખંડો.

ધૂમપ્રભામાં ચોવીસ ખંડો છે. એમાં ચાર વચ્ચે બંને તરફના પડખે દશ દશ ખંડો છે. એમ કુલ ૧૦+૧૦+૪=૨૪ ખંડો.

પંકપ્રભામાં વીસ ખંડો છે. તેમાં વચ્ચે ચાર ખંડો અને બંને બાજુ આઠ આઠ ખંડો છે. એમ કુલ ૮+૮+૪=૨૦ ખંડો.

વાલુકાપ્રભામાં બંને તરફ છ છ ખંડો અને વચ્ચે ચાર એમ કુલ ૬+૬+૪=૧૬ ખંડો છે.

શર્કરાપ્રભામાં તિર્ચ્છા દશ ખંડો છે. ચાર વચ્ચે અને બંને તરફ ત્રણ, ત્રણ ખંડો છે. એમ કુલ ૩+૩+૪=૧૦ ખંડો.

રત્નપ્રભામાં ત્રસનાડીમાં રહેલા ચાર જ તિર્ચ્છાખંડો છે.

આ પ્રમાણે સાતે તમસ્તમઃપ્રભા વગેરે પૃથ્વીઓમાં તિર્ચ્છા ખંડો એટલે ચોરસ કલ્પિત આકાશના ભાગરૂપ ખંડનું સંખ્યા પ્રમાણ જાણવું. (૯૧૦)

હવે સમસ્ત લોકના સર્વ ખંડોનું સંખ્યા પ્રમાણ કહે છે.

**पंच सयं बारसुत्तर हेट्ठा तिसया उ चउर अब्भहिया ।**
**अह उड्ढं अट्ठ सया सोलहिया खंडुया सव्वे ॥९११॥**

**અધોલોકમાં પાંચસો બાર (૫૧૨) ખંડો છે. તથા ઊર્ધ્વલોકમાં ત્રણસો ચાર (૩૦૪) ખંડો આ બંનેને મેળવતા કુલ આઠસો સોળ(૮૧૬) ખંડો થાય છે.**

અધોલોકમાં પાંચસો બાર (૫૧૨) ખંડો છે. તે આ પ્રમાણે અડવીસા વગેરે ગાથામાં કહેલા ખંડોની સંખ્યાનો સરવાળો કરી દરેક પૃથ્વીના અઠ્ઠાવીસ–છવ્વીસ વગેરે ખંડ સંખ્યાવાળી પંક્તિઓ ચાર ચાર ભાગવાળી હોવાથી તે સંખ્યાને ચારે ગુણતાં પાંચસો બાર થાય.

અને ઊર્ધ્વલોકમાં ત્રણસો ચાર ખંડો છે. આ ખંડોની સંખ્યા तिरियं चउरो दोसु વગેરે બે ગાથામાં કહેલા ખંડોનો સરવાળો કરી તેને ચારે ગુણતા ઉપરોક્ત સંખ્યા આવે છે.

અધોલોક અને ઊર્ધ્વલોકના સર્વ ખંડોનો સરવાળો કરતા આઠસો સોળ થાય છે. (૯૧૧)

હવે સમસ્ત લોકમાં જેટલા જેટલા રજ્જુઓ થાય છે, તે બતાવે છે.

**बत्तीसं रज्जूओ हेट्ठा रुयगस्स हुंति नायव्वा ।**
**एगोणवीसमुवरिं इगवन्ना सव्वपिंडेणं ॥९१२॥**

**આઠ રુચકપ્રદેશોથી નીચે અધોલોકમાં બત્રીસ (૩૨) રાજ થાય છે–એમ જાણવું અને ઊર્ધ્વલોકમાં ઓગણીસ (૧૯) રાજ થાય–એમ આખા લોકના કુલ્લે (૫૧) એકાવન રાજ થાય છે.**

જેનું સ્વરૂપ આગળ કહેવાશે છે–એવા આઠ રુચકપ્રદેશોથી નીચે અધોલોકમાં બત્રીસ રાજ થાય છે–એમ જાણવું. અહીં રજ્જુ ત્રણ પ્રકારે છે.

૧. સૂચિરજ્જુ ૨. પ્રતરરજ્જુ ૩. ઘનરજ્જુ.

૧. જાડાઈથી એકખંડ પ્રમાણની ખંડ શ્રેણી સૂચી આકારરૂપે ચારખંડ વડે બનેલ છે. તેની સ્થાપના ●●●● આ પ્રમાણે.

૨. ઉપર બતાવેલ આ ચારખંડ પ્રમાણરૂપ વડે સૂચીરજ્જુને તેના વડે એટલે સૂચી રજ્જુ વડે જ ગુણાકાર કરવો આથી દરેક ચાર ખંડ વડે બનેલ ચાર સૂચીરૂપ ઉપર નીચે ખંડ સહિત સોળખંડ પ્રમાણની પ્રતરરજ્જુ આવે છે. તેની સ્થાપના

●●●●<br>●●●●<br>●●●●<br>●●●● આ પ્રમાણે થાય છે.

પ્રતરને જ સૂચિ વડે ગુણતા લંબાઈ પહોળાઈ અને જાડાઈ એક સરખી સંખ્યાવાળી હોવાથી બધી બાજુથી ચોરસ ઘનરજ્જુ થાય છે.

લંબાઈ વગેરે ત્રણે સ્થાનો એક સરખા હોય તે ઘનરૂપે કહેવાય છે. પ્રતરરજ્જુ લંબાઈ પહોળાઈ વડે એક સમાન હોવાથી એક ખંડ રૂપ જ છે. અને આ ઘનરજ્જુ ચોસઠ ખંડરૂપે છે. કેમકે આગળ કહેલ ચાર ખંડરૂપી સૂચી વડે સોળખંડરૂપ પ્રતરને ગુણતા ચોસઠ (૬૪) ખંડ થાય છે. તેની સ્થાપના આ પ્રમાણે છે.

આગળ કહેલ સોળખંડરૂપ પ્રતરના ઉપર ત્રણ વખત ઉપરાઉપરી સોળ સોળ ખંડરૂપ ત્રણ પ્રતરો ગોઠવવાથી એક ઘનરજ્જુ થાય છે. આ ઘનની લંબાઈ, પહોળાઈ અને જાડાઈ એક સરખી હોવાથી થાય છે. કહ્યું છે કે 'ચાર ખંડો વડે સૂચીરજ્જુ. સોળખંડો વડે પ્રતર રજ્જુ અને ચોસઠ ખંડો વડે ઘન રજ્જુ જાણવો.

તેથી ૫૧૨ (પાંચસો બાર) અધોલોકના ખંડો સમૂહનું પ્રતરરજ્જુ લાવવા માટે સોળે ભાગતા બત્રીસ પ્રતરરજ્જુ થાય અને ઉર્ધ્વલોકમાં એના ૩૦૪ (ત્રણસો ચાર) ખંડને સોળે ભાગતા ઓગણીસ (૧૯) પ્રતરરજ્જુ થાય. તથા અધોલોક ઉર્ધ્વલોકરૂપ બંને લોકમાં રજ્જુનો સરવાળો કરતા કુલ્લે એકાવન (૫૧) પ્રતરરજ્જુ થાય છે. (૯૧૨)



હવે ઘન રજ્જુની સંખ્યા પ્રતિપાદન કરવા માટે પહેલા લોકનો ઘન બનાવવાની રીત કહે છે.

दाहिणपास दुखंडा वामे संघिज्ज विहिय विवरीयं ।
नाडीजुया तिरज्जू उड्ढाहो सत्त तो जाया ॥९१३॥
हेट्ठाओ वामखंडं दाहिणपासंमि ठवसु विवरीयं ।
उवरिम तिरज्जूखंडं वामे ठाणंमि संघिज्जा ॥९१४॥

**જમણી બાજુના બે ખંડોને લઇ ડાબી બાજુ વિપરીત (ઊલટી રીતે) પણે ગોઠવે. તેથી બે ખંડો વડે રજ્જુના વિસ્તારપૂર્વક ત્રસનાડી સાથે કરવાથી બધી તરફ ત્રણ રાજનો વિસ્તાર થાય છે. આથી ઉપર નીચે સાતરાજ થાય છે. નીચેથી ડાબા ખંડને જમણી બાજુ ઊલટી રીતે સ્થાપન કરે અને ઉપર ત્રણ રજ્જુના ખંડને ડાબી બાજુના સ્થાને જોડે.**

ઊર્ધ્વલોકમાં ત્રસનાડીની જમણી બાજુના બ્રહ્મલોકમાંથી ઉપર નીચેના બે ખંડો લઈ તેમને ઊલટી રીતે એટલે ઉપરનો ખંડ નીચે અને નીચેનો ખંડ ઉપર એ પ્રમાણે ડાબી બાજુએ જોડે. તેથી તે બે ખંડોના રજ્જુ વિસ્તાર વડે ત્રસનાડીથી યુક્ત થવાથી પહોળાઈ ત્રણ રાજની થઈ અને ઉપરથી નીચેની ઊંચાઈ સાતરાજ થઈ–આ પ્રમાણે ઊર્ધ્વલોકની ગોઠવણી થઈ. હવે અધોલોકમાં ત્રસનાડીથી ડાબી બાજુના ખંડને કલ્પનાથી લઈ જમણી બાજુએ ઊલટો ગોઠવે. તે પછી ઉપરનો તૈયાર થયેલ ઊર્ધ્વલોક સંબંધિત ત્રણ રાજ વિસ્તારવાળા ખંડને અધોલોકના તૈયાર થયેલ ખંડના ડાબા ભાગે સ્થાપે. (બે બાજુએ જોડે.) આની વિચારણા આ પ્રમાણે છે.

અહીં લોકસ્વરૂપથી ઉપર નીચે સુધી ચૌદ રાજ પ્રમાણ છે. તેમાં નીચે વિસ્તારથી કંઈક ન્યૂન સાતરાજ પ્રમાણ છે. તિર્છાલોકના મધ્યભાગે ૧ રાજ પ્રમાણ છે. અને બ્રહ્મલોકના મધ્યભાગે પાંચ રાજપ્રમાણ વિસ્તાર છે. ઉપર લોકાંતે એક રાજ પ્રમાણ વિસ્તાર છે બીજા સ્થાનોનો વિસ્તાર અનિયત છે. આ પ્રમાણે બે હાથ કમ્મર પર રાખેલ અને બે પગ પહોળા કરી રહેલ પુરુષના આકારવાળો લોકનો ઘન કરવા માટે પહેલા ઉપરના લોકાર્ધનો ઘન તૈયાર કરે છે તે આ પ્રમાણે–

બધી જગ્યાએ એક રાજના વિસ્તારવાળી ત્રસનાડીના જમણી બાજુના બે ખંડો બ્રહ્મદેવલોકમાંથી ઉપર નીચેના જે બે ખંડો કૂર્પરાકારે (કોણીના આકારે) રહેલા બ્રહ્મલોકમાં જે બંને રાજના વિસ્તારવાળા છે અને કંઈક ન્યૂન સાડાચાર રજ્જુલોકની ઊંચાઇએ રહેલા તે બે ખંડોને બુદ્ધિ કલ્પનાથી લઈ ત્રસનાડીના ઉત્તર (ડાબા) પડખે ઊલટી રીતે જોડવો–એ પ્રમાણે ઉપર લોકાર્ધનો ત્રણરાજનો વિસ્તાર અને કંઈક ન્યૂન

સાતરાજની ઊંચાઈ થાય છે. અને જાડાઈ બ્રહ્મલોકના મધ્યભાગે પાંચરાજ પ્રમાણ છે. અને બીજે સ્થાને અનિયત જાડાઈ છે.

તે પછી અધોલોકમાં ત્રસનાડીની જમણી બાજુએ અધોલોકના ખંડ જે નીચેની તરફ કંઈક ન્યૂન ત્રણરાજના વિસ્તારવાળો અને પછી ક્રમસર ઉપરથી રજ્જુના જે અસંખ્ય ભાગનો વિષ્કંભ આવે ત્યાં સુધી ઘટતા વિસ્તારવાળો અને સાધિક સાતરાજની ઊંચાઈવાળા ખંડને કલ્પનાથી લઈ ત્રસનાડીના જ ઉત્તર ડાબે પડખે ઉપર નીચેના ભાગને ઊલટો કરી જોડે, આ પ્રમાણે કરવાથી નીચેનો લોકાર્ધભાગ જે દેશોન ચારરાજ વિસ્તારવાળો અને સાધિક સાતરાજ ઊંચાઈવાળો અને જાડાઈથી પણ નીચેના ભાગે ક્યારેક કંઈક ન્યૂન સાતરાજ પ્રમાણનો અને બીજા સ્થાને અનિયત પ્રમાણનો થાય છે.

તે પછી ઉપરના અડધા ભાગને કલ્પનાથી લઈ નીચેના અડધા ભાગના બીજા પડખે જોડી દે. આ પ્રમાણે કરવાથી ક્યારેક સાધિક સાતરાજ ઊંચો, ક્યારેક દેશોન સાતરાજ ઊંચો અને વિસ્તારથી દેશોન સાતરાજ પ્રમાણનો ઘન થાય છે.

તેમાં જે સાતરાજના ઉપર જે અધિક છે તે લઈને ઉપર નીચેના વિસ્તારમાં જોડતા વિસ્તારથી પણ સાતરાજ સંપૂર્ણ થાય છે તથા જોડેલા ઉપરના ખંડની જાડાઈ કંઈક પાંચરાજ પ્રમાણ છે અને નીચેના ખંડની જાડાઈ નીચેના ભાગે યથાસંભવ દેશોન સાતરાજ છે. ઉપરના ખંડની જાડાઈથી નીચેના ખંડની જાડાઈ દેશોન બે રજ્જુ વધે છે. તેથી આ અધિક પડતી જાડાઈમાંથી અડધી લઈને ઉપરના ખંડની જાડાઈમાં જોડવી. આ પ્રમાણે કરવાથી કેટલાક ભાગમાં કંઈક ન્યૂન છ રાજપ્રમાણ જાડાઈ થાય છે.

વ્યવહારથી આ સર્વ ખંડો ચોરસ આકારના આકાશના ભાગરૂપે થાય છે. તે સાતરાજ પ્રમાણ જ કહેવાય છે. કેમકે વ્યવહારનય કંઈક ન્યૂન સાત હાથ વગેરે પ્રમાણવાળા વસ્ત્ર વગેરે વસ્તુઓને સંપૂર્ણ સાત હાથ પ્રમાણ જ માને છે. અને દેશથી પણ કંઈક ન્યૂન જાડાઈવાળા પદાર્થો જણાતા હોય તે પણ સંપૂર્ણ વસ્તુરૂપે સ્થૂલ દૃષ્ટિપણાના કારણે વ્યવહાર કરાય છે.

આથી જ તે વ્યવહારનયના મતે અહીં સાતરાજની જાડાઈ બધી તરફ જાણવી. લંબાઈ પહોળાઈમાં પણ જ્યાં દેશોન સાતરાજ પ્રમાણ છે ત્યાં પણ વ્યવહારથી સાતરાજ પ્રમાણ જાણવું આ પ્રમાણે વ્યવહારનયના મતે દરેક લંબાઈ પહોળાઈ અને જાડાઈ વડે સાતરાજ પ્રમાણનો ઘન થાય છે. આ ઘનની વિચારણા પાટી વગેરે પર આલેખીને વિચારવી (૯૧૩, ૯૧૪)

# चतुर्दशरज्ज्वात्मकलोकस्यस्थापना




હવે ઘન કરેલ લોકની રજ્જુ સંખ્યાનું પ્રતિપાદન

तिन्नि सया तेयाला रज्जूणं हुंति सव्वलोगम्मि ।
चउरंसं होइ जयं सत्तण्ह घणेणिमा संखा ॥९१५॥

**બધી તરફથી સમચોરસ સાત (૭) ઘનરાજલોકની રજ્જુ સંખ્યા સર્વલોકમાં આ પ્રમાણે થાય છે અને તે ત્રણસો તેંતાલીસ (૩૪૩) રાજલોક થાય છે.**

સંપૂર્ણ ચૌદરાજરૂપ લોકને ઘન કરવાથી ત્રણસો તેંતાલીસ (૩૪૩) ઘનરાજ-લોક થાય છે. હવે ઘન કરતા લોકનો આકાર નીચે કહ્યા પ્રમાણે થાય છે.

ચારે તરફથી લોકનો આકાર ભેગો કરવાથી સમચોરસ થાય છે. આ ત્રણસો તેંતાલીસ (૩૪૩) ઘનરજ્જુ સંખ્યા. 'સરખી સંખ્યાને ત્રણવાર ગુણવાથી ઘન થાય છે.' એ ન્યાયે સાતની સંખ્યાને ત્રણ વખત ગુણવાથી ૩૪૩ રાજલોક થાય છે. તે આ પ્રમાણે : એકત્રિત કરેલ લોકની લંબાઈ–પહોળાઈ અને જાડાઈ દરેક સાતરાજ પ્રમાણ છે. માટે સાતને સાતે ગુણવાથી ઓગણપચાસ (૪૯) થાય છે. તે જ ઓગણપચાસને ફરી સાત (૭) વડે ગુણવાથી ત્રણસો તેંતાલીસ (૩૪૩) થાય છે.

આ રાજલોકની સંખ્યા વ્યવહારનયને આશ્રયિને છે. નિશ્ચયથી તો (૨૩૯) બસો ઓગણચાલીસ ઘનરજ્જુ થાય છે. તે આ પ્રમાણે.

तिरियं चउरो दोसु (ગાથા ૯૦૭–૯૦૮) વગેરે ગાથામાં કહેલ છપ્પન (૫૬) પંક્તિઓમાં જણાવેલા ચાર વગેરે પ્રતરખંડો છે. તેમને દરેક પંક્તિના પ્રતરોનો અલગ અલગ વર્ગ કરવો (વર્ગ એટલે સરખી સંખ્યાનો પરસ્પર ગુણાકાર) એટલે ચાર વગેરે સંખ્યાને ચાર વગેરે વડે ગુણવા એટલે સોળ વગેરે જવાબ આવે. તે બધાય ને મેળવતા (૧૫,૨૯૬) પંદર હજાર બસો છન્નુ ખંડો થાય છે. આ સંખ્યાનો ઘનરજ્જુ લાવવા માટે ચોસઠથી ભાગ આપતા ઘનરજ્જુની સંખ્યા ૨૩૯ (બસો ઓગણચાલીસ) થાય છે. કહ્યું છે કે–

છપ્પન (૫૬) પ્રતરોનો પ્રત્યક્ષ દૃષ્ટ ખંડોનો અલગ અલગ વર્ગ કરવો, હવે ત્રણે જગતનો ગણિતપદ એટલે વર્ગ આ પ્રમાણે થાય છે. અધોલોકમાં અગ્યાર હજાર બસો બત્રીસ (૧૧,૨૩૨) ખંડો. તે એક સરખી લંબાઈ–પહોળાઈ વડે સમચોરસ રજ્જુ પ્રમાણના છે. તથા ઊર્ધ્વલોકના ચાર હજાર ચોસઠ (૪૦૬૪) ખંડો છે. એટલે બંને લોકના મેળવતા કુલ્લે ખંડો ૧૫,૨૯૬ (પંદર હજાર બસો છન્નુ) થાય છે. હવે ચોસઠથી ભાગતા બસો ઓગણચાલીસ (૨૩૯) ઘનરજ્જુ થાય છે. (૯૧૫)

હવે ઉર્ધ્વલોકમાં જે જે ખંડોમાં જે જે દેવલોક છે તે કહે છે.

छसु खंडगेसु य दुगं चउसु दुगं दससु हुंति चत्तारि।
चउसु चउक्कं गेवेज्जणुत्तराइं चउक्कंमि ॥९१६॥

**છ ખંડોમાં બે દેવલોક, ચારમાં બે, દશમાં ચાર, ચાર ખંડોમાં ચાર અને ચાર ખંડોમાં ગ્રૈવેયક અને અનુત્તર દેવલોક છે.**

આઠ રુચક પ્રદેશના સમભૂતલા ભાગથી ઉપર તરફના છ ખંડોમાં એટલે દોઢરાજ લોક પ્રમાણ ક્ષેત્રમાં સૌધર્મદેવલોક અને ઇશાન દેવલોક–એમ બે દેવલોક છે.

તેની ઉપરના ચાર ખંડો એટલે એક રાજલોક પ્રમાણ ક્ષેત્રમાં સનત્કુમાર અને માહેન્દ્ર એમ બે દેવલોક છે.

તે પછી તેના ઉપર દશ ખંડોમાં એટલે અઢી રાજલોકમાં બ્રહ્મલોક, લાંતક, શુક્ર, સહસ્રાર એમ ચાર દેવલોક છે.

તે પછીના ચાર ખંડો એટલે એક રાજલોકમાં આણત, પ્રાણત, આરણ, અચ્યુત નામના ચાર દેવલોક છે.

તે પછી સર્વોપરી ચાર ખંડોમાં એટલે છેલ્લા રાજલોકમાં નવગ્રૈવેયક તથા વિજય, વૈજયંત, જયંત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધ નામના પાંચ અનુત્તર વિમાનો તથા સિદ્ધક્ષેત્ર છે. (૯૧૬)

હવે રજ્જુનું સ્વરૂપ કહે છે.

**सयंभुपुरिमंताओ, अवरंतो जाव रज्जुओ ।**
**एएण रज्जुमाणेण, लोगो चउदसरज्जुओ ॥९१७॥**

સમસ્ત દ્વીપસમુદ્રના છેડે રહેલા સ્વયંભૂરમણ નામના સમુદ્રની પૂર્વવેદિકાના છેડેથી લઇ તે જ સમુદ્રની બીજી એટલે પશ્ચિમ વેદિકાના છેડા સુધીનું જે પ્રમાણ, તે એક રાજલોક પ્રમાણ છે. આ રજ્જુપ્રમાણ વડે ચૌદરાજલોકની ઊંચાઈ જાણવી. (૯૧૭)

## ૧૪૪. ત્રણ સંજ્ઞા

**सन्नाउ तिन्नि पढमेऽत्थ दीहकालोवएसिया नाम ।**
**तह हेउवायदिट्ठीवाउवएसा तदियराओ ॥ ९१८ ॥**

**ત્રણ પ્રકારે સંજ્ઞા છે. (૧) દીર્ઘકાલોપદેશિકા, (૨) હેતુવાદોપદેશિકા, (૩) દૃષ્ટિવાદોપદેશિકા.**

સંજ્ઞાન, સંજ્ઞા અને જ્ઞાન–એ ત્રણે એક અર્થવાળા છે. તે સંજ્ઞા ત્રણ પ્રકારે છે. આ ત્રણ સંજ્ઞાઓમાં પહેલી સંજ્ઞા દીર્ઘકાલોપદેશિકા નામની છે. જે સંજ્ઞા ભૂતકાળ, ભવિષ્યકાળના પદાર્થના વિષયોને જણાવનાર અથવા કહેનાર હોવાથી તે સંજ્ઞા દીર્ઘ-કાલોપદેશિકા કહેવાય છે.

બીજી હેતુવાદોપદેશિકા અને ત્રીજી દૃષ્ટિવાદોપદેશિકા સંજ્ઞા છે.

તેમાં હેતુ કારણ નિમિત્ત વગેરેનું જે કથન તે વાદ. તે વાદ બાબતનો જે ઉપદેશ એટલે પ્રરૂપણા જેમાં હોય તે હેતુવાદોપદેશિકા.

દૃષ્ટિ એટલે દર્શનસમ્યક્ત્વ તેનું જે કથન તે વાદ, દર્શનનો જે વાદ તે દૃષ્ટિ-વાદ. તે દૃષ્ટિવાદ બાબતનો જે ઉપદેશ એટલે પ્રરૂપણા જેમાં હોય તે દૃષ્ટિવાદોપદેશિકી.

હવે દીર્ઘકાલોપદેશિકીસંજ્ઞાનું વિશેષ સ્વરૂપ જણાવવા માટે સંજ્ઞી જણાવે છે. (૯૧૮)

**एयं करेमि एयं कयं मए इममहं करिस्सामि ।**
**सो दिहकालसन्नी जो इय तिकालसन्नधरो ॥ ९१९ ॥**

**'આ હું કરું,' 'આમ કર્યું,' 'આ હું કરીશ' આ પ્રમાણે જે ત્રણે કાળની સંજ્ઞા એટલે જ્ઞાન ધરનાર જે હોય, તે દીર્ઘકાલિકસંજ્ઞી છે.**

'આ હું કરું છું', 'આ મેં કર્યું', 'આ હું કરીશ' આ પ્રમાણે જે ભૂત, ભવિષ્ય અને વર્તમાનરૂપ ત્રણે કાળ સંબંધિત પદાર્થવિષયક જે સંજ્ઞા એટલે મનોવિજ્ઞાન. તેને જે ધારણ કરે તે દીર્ઘકાલિકસંજ્ઞી છે. દીર્ઘકાળવિષયકસંજ્ઞા જેને હોય તે દીર્ઘકાલિકસંજ્ઞી છે. મનઃપર્યાપ્તિવાળા તે સંજ્ઞીઓ ગર્ભજ તિર્યંચ, મનુષ્ય તથા દેવ, નારક જાણવા. કેમ કે તેઓને જ ત્રિકાળ વિષયક વિચારણા વગેરે સંભવી શકે છે.

પ્રાયઃ કરી આ સંજ્ઞી બધા અર્થ (પદાર્થ)ને સ્પષ્ટરૂપે પ્રાપ્ત કરી શકે એટલે જાણી શકે. જેમ કે આંખવાળો દિવા વગેરેના પ્રકાશથી સ્પષ્ટપણે પદાર્થને જુએ છે. તેમ મનોલબ્ધિસંપન્ન આ સંજ્ઞી પણ મનોદ્રવ્યના આલંબનથી પ્રગટેલ વિચારના આધારે પૂર્વાપરના અનુસંધાનના કારણે યથાવસ્થિત સ્પષ્ટ પદાર્થને જાણી શકે છે. આથી જેને તેવા પ્રકારનો ત્રિકાળ વિષયક વિચારવિમર્શ નથી, તે અસંજ્ઞી છે—એમ ઉપલક્ષણથી જણાય છે.

તે અસંજ્ઞીઓ સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય, વિકલેન્દ્રિય વગેરે જાણવા. કેમ કે તેઓ અત્યંત અલ્પ, અત્યંત અલ્પતર, મનોલબ્ધિ યુક્ત હોવાથી અસ્પષ્ટ–અસ્પષ્ટતર પદાર્થને જાણે છે. તે આ પ્રમાણે. સંજ્ઞી પંચેન્દ્રિયની અપેક્ષાએ સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય અસ્પષ્ટ પદાર્થ જાણે છે. તેનાથી અસ્પષ્ટ ચૌરેન્દ્રિય જાણે. તેનાથી અસ્પષ્ટતર તેઇન્દ્રિય જાણે. તેનાથી અસ્પષ્ટતમ બેઇન્દ્રિય અને અત્યંત અસ્પષ્ટતમ એકેન્દ્રિય જાણે. કેમ કે તેને પ્રાયઃ કરી મનોદ્રવ્યનો અસંભવ છે. ફક્ત અવ્યક્તરૂપે કંઇક અતીવ અલ્પતર મનોદ્રવ્ય હોય છે. જેથી આહાર વગેરે સંજ્ઞાઓ અવ્યક્તરૂપે પ્રગટ થાય છે. (૯૧૯)

હવે હેતુવાદોપદેશિકી સંજ્ઞા વડે સંજ્ઞી, અસંજ્ઞી કહે છે.

**जे उण संचिंतेउं इट्ठाणिट्ठेसु विसयवत्थुसुं ।**
**वत्तंति नियत्तंति य सदेहपरिपालणाहेउं ॥ ९२० ॥**
**पाएण संपइच्चिय कालंमि न यावि दीहकालंमि ।**
**ते हेउवायसन्नी निच्चेट्ठा हुंति हु असन्नी ॥ ९२१ ॥**

**જે ઇષ્ટ કે અનિષ્ટ વિષય કે પદાર્થોને વિચારી તેમાંથી પોતાના**

**શરીરના પાલન માટે પ્રવૃત્તિ કરે કે અટકે તે પણ પ્રાયઃ કરીને વર્તમાનકાળને અનુલક્ષીને જ પરંતુ દીર્ઘકાળને અનુલક્ષીને નહીં, તે હેતુવાદોપદેશિકી સંજ્ઞી છે અને અસંજ્ઞીઓ ચેષ્ટા વગરના છે.**

જેઓ છાયો, તડકો અને આહાર વગેરે રૂપ ઇષ્ટ-અનિષ્ટ વિષયક વસ્તુઓને વિચારી પોતાના શરીરના પાલન–પોષણ માટે ઇષ્ટ વસ્તુમાં પ્રવૃત્તિ કરે અને અનિષ્ટ વસ્તુઓથી દૂર ખસે, તે પણ પ્રાયઃ કરી વર્તમાનકાળ વિષયક જ પરંતુ ભૂતકાળ કે ભવિષ્યકાળ-રૂપ દીર્ઘકાળને અનુલક્ષીને નહીં.

અહીં પ્રાયઃ કહેવાથી કોઈક વખત તેઓ ભૂતકાળ કે ભવિષ્યકાળને અનુલક્ષી પણ પ્રવૃત્તિ કરે છે. છતાં પણ તે અતિ દીર્ઘકાળની ન હોવાથી તે બેઇંદ્રિય વગેરેને હેતુવાદો-પદેશિકી જ સંજ્ઞા છે. તેથી તેઓ તે સંજ્ઞાનુસારે સંજ્ઞી છે.

જેઓ તડકા વગેરેથી તપવા છતાં પણ તે દૂર કરવા માટેની પ્રવૃત્તિ કે નિવૃત્તિથી રહિત એવા પૃથ્વીકાય વગેરે જીવો અસંજ્ઞી જ હોય છે.

જેઓ બુદ્ધિપૂર્વક એટલે વિચારણાપૂર્વક પોતાના શરીરના પાલન પોષણ માટે ઇચ્છિત આહાર વગેરે પદાર્થોમાં પ્રવૃત્તિ કરે અને ન ગમતા પદાર્થોથી અટકે, તે હેતુ-વાદોપદેશસંજ્ઞી છે. તે સંજ્ઞીરૂપે બેઇંદ્રિય વગેરેને પણ જાણવા. તે આ પ્રમાણે : ઇચ્છિત કે અનિચ્છિત વિષયમાં પ્રવૃત્તિ કે નિવૃત્તિની વિચારણા મનની પ્રવૃત્તિ વગર સંભવી ન શકે અને મન વડે વિચારવું તે સંજ્ઞા. તે સંજ્ઞા બેઇંદ્રિય વગેરેને પણ હોય છે. તેઓને પણ અમુક નિયત ઇષ્ટ-અનિષ્ટ વિષયોમાં પણ પ્રવૃત્તિ–નિવૃત્તિ દેખાય છે. તેથી બેઇંદ્રિય વગેરે પણ હેતુવાદોપદેશિકી સંજ્ઞા વડે સંજ્ઞી જણાય છે. પરંતુ એમની વિચારણા પ્રાયઃ કરી વર્તમાનકાળ વિષયક છે, ભૂત કે ભવિષ્યકાળ વિષયક નથી માટે તેઓ દીર્ઘકાલિકીસંજ્ઞા વડે સંજ્ઞી નથી.

જેમની અમુક ધારણાપૂર્વકની પ્રવૃત્તિ કે નિવૃત્તિની શક્તિ નથી, તે પ્રાણીઓ હેતુવાદોપદેશિકીસંજ્ઞા વડે અસંજ્ઞી કહેવાય છે. તે પૃથ્વીકાય વગેરે એકેન્દ્રિયો જાણવા. કેમ કે તેઓની ધારણાપૂર્વકની ઇષ્ટ-અનિષ્ટ વિષયોમાં પ્રવૃત્તિ કે નિવૃત્તિ દેખાતી નથી.

જે આહાર વગેરે દશ સંજ્ઞાઓ પૃથ્વીકાય વગેરેમાં આ ગ્રંથમાં તેમજ પ્રજ્ઞાપનામાં કહી છે, તે સંજ્ઞાઓ પણ અત્યંત અવ્યક્તરૂપે તથા મોહોદયથી પેદા થયેલ હોવાથી અશોભનીય હોવાના કારણે તે સંજ્ઞાઓની અપેક્ષાએ પણ તેઓનો સંજ્ઞીપણાનો વ્યવ-હાર થતો નથી.

લોકવ્યવહારમાં પણ પૈસો પઈ માત્ર હોવાથી ધનવાન કહેવાતો નથી અને સામાન્ય રૂપ હોવા માત્રથી રૂપવાન કહેવાતો નથી.

બીજે સ્થળે પણ હેતુવાદોપદેશસંજ્ઞીને આશ્રયિને કહ્યું છે કે 'હાલતા–ચાલતા

મન સહિત કરમીયા, કીડા, પતંગીયા વગેરે ત્રસો ચાર પ્રકારે છે તથા મન વગરનાં પૃથ્વીકાય વગેરે જીવો પાંચ પ્રકારના છે.' (૧) (૯૨૦-૯૨૧)

હવે દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞાના આધારે સંજ્ઞી-અસંજ્ઞી કહે છે.

**सम्मद्दिट्ठी सन्नी संते नाणे खओवसमिए य ।**
**असन्नी मिच्छत्तंमि दिट्ठिवाओवएसेणं ॥ ९२२ ॥**

**દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા વડે ક્ષાયોપશમિક જ્ઞાન હોય છે, તે સમ્યક્-દૃષ્ટિ સંજ્ઞી કહેવાય છે અને મિથ્યાત્વમાં અસંજ્ઞી કહેવાય છે.**

દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા વડે ક્ષાયોપશમિક જ્ઞાની એટલે સમ્યગ્દૃષ્ટિ જ સંજ્ઞી છે. કેમકે સંજ્ઞાન એટલે જાણવું તે સંજ્ઞા. તે સંજ્ઞા-સમ્યગ્જ્ઞાન યુક્ત હોવાથી સંજ્ઞી કહેવાય. મિથ્યાદૃષ્ટિ તે વિપરીત રૂપે હોવાથી અસંજ્ઞી છે. વાસ્તવિક રીતે તો સમ્યગ્જ્ઞાન રૂપ સંજ્ઞા રહિત હોવાથી અસંજ્ઞી છે. જો કે મિથ્યાદૃષ્ટિ પણ સમ્યગ્દૃષ્ટિની જેમ જ ઘટ વગેરે વસ્તુઓને જાણે છે અને પ્રવૃત્તિ કરે છે, છતાં પણ તે તત્સંબંધી વ્યવહાર માત્રથી તે જ્ઞાન પણ નિશ્ચયથી સ્યાદ્વાદના આશ્રય વડે અજ્ઞાન જ કહેવાય છે. કારણ કે જ્ઞાનના કારણરૂપ ભુવનગુરુ એટલે તીર્થંકરો વડે નક્કી થયેલ યથાવસ્થિત વસ્તુના સ્વીકારનો ક્યારેક અભાવ થતો હોવાથી અજ્ઞાન કહેવાય છે.

**પ્રશ્ન**-જો વિશિષ્ટ સંજ્ઞા યુક્ત હોવાથી સમ્યગ્દૃષ્ટિ સંજ્ઞી રૂપે લેવાય છે, તો પછી ક્ષાયોપશમિક જ્ઞાનયુક્ત એને શા માટે લો છો? કેમકે તે સંજ્ઞા ક્ષાયિક જ્ઞાનમાં વિશિષ્ટતર પ્રાપ્ત થશે તો પછી તે ક્ષાયિક જ્ઞાનવાળાને જ સંજ્ઞા કેમ સ્વીકારતા નથી?

**ઉત્તર**-જે ભૂતકાળની યાદ અને ભવિષ્યની જે વિચારણા તે સંજ્ઞા કહેવાય છે. તેવી સંજ્ઞા કેવળજ્ઞાનીઓને હોતી નથી. કેમ કે કેવળીઓને સર્વ પદાર્થો જણાતા હોવાથી યાદ કે વિચારણા હોતી નથી. માટે ક્ષાયોપશમિક જ્ઞાનવાળા સમ્યગ્દૃષ્ટિ જ સંજ્ઞી છે.

**પ્રશ્ન**-ખરેખર તો પહેલા હેતુવાદોપદેશસંજ્ઞા વડે સંજ્ઞીઓ કહેવા જોઈતા હતા કેમકે હેતુવાદોપદેશસંજ્ઞા વડે અલ્પ મનોલબ્ધિવાળા બેઈંદ્રિય વગેરેને સંજ્ઞીરૂપે ગ્રહણ કરવા જોઈતા હતા કારણ કે તેઓનું જ્ઞાન (સંજ્ઞા) અવિશુદ્ધતર છે. તે પછી દીર્ઘ-કાલોપદેશ સંજ્ઞા વડે સંજ્ઞી લેવા જોઈતા હતા. કેમકે તેઓ હેતુવાદોપદેશસંજ્ઞીઓ કરતા દીર્ઘકાળોપદેશ સંજ્ઞીઓ મનપર્યાપ્તિ વડે યુક્ત હોવાથી વિશુદ્ધતર છે. તો આ પ્રમાણે ન લેતા વિપરીત (ઊલટી) પ્રરૂપણા કેમ કરી?

**ઉત્તર**-અહીં આગમમાં દરેક સ્થળે જ્યાં જ્યાં સંજ્ઞી કે અસંજ્ઞી લેવામાં આવે છે, ત્યાં બધેય પ્રાયઃ કરી દીર્ઘકાલોપદેશસંજ્ઞા વડે સંજ્ઞી હોય તે જ લેવાય છે. પણ હેતુવાદોપદેશિકી કે દૃષ્ટિવાદોપદેશિકીસંજ્ઞા વડે સંજ્ઞી નહીં. આ વાત જણાવવા માટે પ્રથમ દીર્ઘકાલોપદેશિકી સંજ્ઞા વડે સંજ્ઞીનું ગ્રહણ કર્યું છે. કહ્યું છે કે-

સમસ્ત સૂત્રમાં જે સંજ્ઞી કે અસંજ્ઞીનો જ વ્યવહાર છે તે પ્રાયઃ કરી દીર્ઘકાલોપદેશસંજ્ઞા વડે કરાય છે તેથી તેને પ્રથમ કરાઈ (કહી) છે.'

(૧) ત્યારબાદ અપ્રધાન એટલે ગૌણ હોવાથી હેતુવાદોપદેશસંજ્ઞા વડે સંજ્ઞીઓ લીધા છે. ત્યારપછી સર્વમાં પ્રધાન હોવાથી છેલ્લે દૃષ્ટિવાદોપદેશસંજ્ઞા વડે સંજ્ઞી લીધા છે. (૯૨૨)

## ૧૪૫ ચાર સંજ્ઞા

**आहार १ भय २ परिग्गह ३ मेहुण ४ सन्नाओ हुंति चत्तारि ।**
**सत्ताणं सन्नाओ आसंसारं समग्गाणं ॥ ९२३ ॥**

**સંસારમાં રહેલા સમગ્ર જીવોને ભવવાસપર્યંત (૧) આહાર, (૨) ભય, (૩) પરિગ્રહ, (૪) મૈથુનરૂપ ચાર સંજ્ઞાઓ હોય છે.**

સંજ્ઞાનં સંજ્ઞા એટલે આભોગ (ઉપયોગ વિચાર). તે સંજ્ઞા બે પ્રકારે છે. (૧) ક્ષાયોપશમિકી અને (૨) ઔદયિકી. તેમાં પહેલી સંજ્ઞા જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ બુદ્ધિના ભેદરૂપે છે. તે આગળની ગાથામાં કહી ગયા છીએ. બીજી ઔદયિકીસંજ્ઞા સામાન્યથી આહાર વગેરે રૂપે ચાર પ્રકારે છે.

(૧) **આહારસંજ્ઞા** :–ક્ષુધાવેદનીયના ઉદયથી કવલ (કોળીયા) વગેરે આહારાદિ માટે તેવા પ્રકારના પુદ્ગલોને ગ્રહણ કરવાની જે ઇચ્છા, તે આહારસંજ્ઞા. તે આહારસંજ્ઞા આભોગાત્મિક (ઉપયોગાત્મક) છે. તે ચાર કારણોથી ઉત્પન્ન થાય છે. સ્થાનાંગ સૂત્રમાં કહ્યું છે. 'ચાર સ્થાનો (કારણો)થી આહારસંજ્ઞા ઉત્પન્ન થાય છે. તે આ પ્રમાણે.

(૧) ખાલી પેટ હોવાથી, (૨) ક્ષુધાવેદનીય કર્મના ઉદયથી, (૩) બુદ્ધિથી, (૪) આહારના ઉપયોગથી.'

તેમાં (૧) અવમકોષ્ઠપણાથી એટલે ખાલી પેટ થવાથી, (૨) ક્ષુધાવેદનીય કર્મના ઉદયથી, (૩) આહારની વાત (કથા)ના શ્રવણ વગેરે દ્વારા ઉત્પન્ન થયેલ બુદ્ધિથી, (૪) તદર્થોપયોગેન એટલે સતત આહારની ચિન્તા એટલે વિચારણાથી આહારસંજ્ઞા ઉત્પન્ન થાય છે.

**ભયસંજ્ઞા** :– ભય મોહનીયના ઉદયથી ભયથી વિહ્વળ થયેલાની આંખ અને મોઢાનું વિકૃત થવું, તથા રોમરાજી ખડી થઈ જવી વગેરે જે ક્રિયા તે ભયસંજ્ઞા. આ ભયસંજ્ઞા પણ ચાર કારણે ઉત્પન્ન થાય છે. કહ્યું છે કે (૧) હીનસત્ત્વપણાથી, (૨) ભયવેદનીય કર્મના ઉદયથી, (૩) ભયની બુદ્ધિથી, (૪) તદર્થોપયોગથી.'

(૧) હિનસત્ત્વ એટલે સત્ત્વ રહિતપણાથી, (૨) ભયવેદનીય કર્મના ઉદયથી, (૩) ભયની વાતો, શ્રવણ, ભયંકર દૃશ્યના દર્શન વગેરેથી ઉત્પન્ન થયેલ બુદ્ધિથી, (૪) તદર્થોપયોગ એટલે આ લોક વગેરે સાત ભયના લક્ષણોને વિચારવાથી.

(૩) **પરિગ્રહસંજ્ઞા :**–લોભના ઉદયથી, સંસારના મુખ્ય કારણરૂપ આસક્તિના કારણે સચિત્ત કે અચિત્ત દ્રવ્યનું ગ્રહણ કરવું તે પરિગ્રહસંજ્ઞા છે. આ પણ ચાર કારણોથી ઉત્પન્ન થાય છે. કહ્યું છે કે–

(૧) 'અવિમુક્તપણાથી, (૨) લોભવેદનીય કર્મના ઉદયથી, (૩) બુદ્ધિથી, (૪) તદર્થોપયોગથી'

(૧) અવિમુક્ત એટલે સપરિગ્રહપણાથી.

(૨) લોભવેદનીય એટલે લોભમોહનીય કર્મના ઉદયથી.

(૩) સચેતન વગેરે દ્રવ્યના પરિગ્રહના દર્શનથી ઉત્પન્ન થયેલ બુદ્ધિથી.

(૪) તદર્થોપયોગ એટલે પરિગ્રહની વિચારણાથી.

(૪) **મૈથુન :**– પુરુષવેદના ઉદયથી મૈથુન માટે સ્ત્રીને જોવું, પ્રસન્ન થવું. સ્તંભિત થવું. જાંઘ વગેરે કંપવી વગેરે લક્ષણરૂપ જે ક્રિયા તે મૈથુનસંજ્ઞા. આ મૈથુનસંજ્ઞા પણ ચાર કારણોથી ઉત્પન્ન થાય છે. કહ્યું છે કે :

(૧) 'લોહીમાંસના ભરાવાથી, (૨) મોહનીયકર્મના ઉદયથી, (૩) બુદ્ધિથી, (૪) તદર્થોપયોગથી'.

(૧) માંસ–લોહીનો જેને વધુ ભરાવો હોય તેથી.

(૨) (વેદ) મોહનીયકર્મના ઉદયથી.

(૩) સુરત એટલે સંભોગની વાતો–કથા સાંભળવા વગેરેથી ઉત્પન્ન થયેલ બુદ્ધિથી.

(૪) તદર્થોપયોગ મૈથુનની વિચારણા કરવાથી.

આ ચારે સંજ્ઞાઓ એકેન્દ્રિય વગેરેથી લઇ પંચેન્દ્રિય સુધીના સર્વ જીવોને જ્યાં સુધી સંસારમાં રહેવાનું હોય, ત્યાં સુધી હોય છે. તથા કેટલાક એકેન્દ્રિય વગેરેને આ સંજ્ઞાઓ સ્પષ્ટરૂપે જણાય છે.

જેમકે પાણી વગેરે આહાર વડે જીવવાથી વનસ્પતિ વગેરેને આહારસંજ્ઞા. સંકોચની વેલડી વગેરેને હાથ વગેરેના સ્પર્શના ભયથી અવયવ સંકોચન વગેરે વડે ભયસંજ્ઞા. બિલ્વ (બિલી) પલાશ વગેરેને નિધાનો એટલે દાટેલા પૈસા વગેરે ઉપર મૂળિયા વગેરે ફેલાવવા દ્વારા પરિગ્રહસંજ્ઞા. કુરૂબક, અશોક, તિલક વગેરે ઝાડો ને સુંદર સ્ત્રીના આલિંગન, પગની લાત, આંખના કટાક્ષ વગેરે વડે તે ઝાડના પલ્લવ, ફૂલ વગેરેની ઉત્પત્તિથી મૈથુનસંજ્ઞા જણાય છે. (૯૨૩)

## ૧૪૬ દશ સંજ્ઞા

**आहार १ भय २ परिग्गह ३ मेहुण ४ तह कोह ५ माण ६ माया ७ य ।**
**लोभो ८ ह ९ लोग १० सन्ना दसभेया सव्वजीवाणं ॥ ९२४ ॥**

**આહાર, ભય, પરિગ્રહ, મૈથુન તથા ક્રોધ, માન, માયા, લોભ, ઓઘ અને લોક. આ દસ સંજ્ઞાઓ સર્વ જીવોને જાણવી.**

જેના વડે આ જીવ છે એમ જણાય તે સંજ્ઞા. તે સંજ્ઞાઓ વેદનીય, મોહના ઉદય આશ્રયિને તથા જ્ઞાનાવરણ–દર્શનાવરણના ક્ષયોપશમ આશ્રયિને વિવિધ આહાર વગેરેને પ્રાપ્ત કરવાની જે ક્રિયા, તે સંજ્ઞા. તે ઉપાધિ ભેદે દસ પ્રકારે છે. તેમાં આહાર, ભય, પરિગ્રહ, મૈથુન સંજ્ઞાની વ્યાખ્યા આગળની ગાથામાં કરી છે.

(૫) ક્રોધવેદનીય (મોહ)ના ઉદયથી ક્રોધાવેશના કારણે કઠોર મુખ, આંખ, દાંત, હોઠ વગેરે કંપવા વગેરેની ચેષ્ટારૂપ ક્રોધસંજ્ઞા.

(૬) માનકષાયના ઉદયથી અહંકારરૂપ, ઉત્કર્ષતા વગેરેની પરિણતિરૂપ માનસંજ્ઞા.

(૭) માયાકષાયના ઉદયથી અશુભ સંક્લેશના કારણે અસત્યભાષણ વગેરેની ક્રિયા તે માયાસંજ્ઞા.

(૮) લોભવેદનીયના ઉદયથી લાલસારૂપે સચિત્ત–અચિત્ત દ્રવ્યોની ઈચ્છાતે લોભસંજ્ઞા.

(૯) મતિજ્ઞાનાવરણકર્મના ક્ષાયોપશમથી શબ્દ વગેરે વડે પદાર્થને જણાવતી સામાન્ય જ્ઞાનરૂપ જે ક્રિયા તે ઓઘસંજ્ઞા.

(૧૦) તે જ વિશેષ જ્ઞાનરૂપ જે ક્રિયા તે લોકસંજ્ઞા. એટલે એમ નક્કી થયું કે દર્શનોપયોગ તે ઓઘસંજ્ઞા અને જ્ઞાનોપયોગ તે લોકસંજ્ઞા.

આ ઠાણાંગસૂત્રની ટીકાનો અભિપ્રાય છે. પરંતુ આચારાંગ ટીકામાં કહ્યું છે કે,

અવ્યક્ત ઉપયોગરૂપ તે ઓઘસંજ્ઞા. જેમ વેલડીનું દિવાલ વગેરે પર ચડવું વગેરે અને લોકસંજ્ઞા તો સ્વછંદપણે કરેલ કલ્પનાથી લોકોવડે આચરેલ ક્રિયારૂપ છે.

જેમકે 'સંતતિ વગરનાની પરલોકમાં ગતિ થતી નથી. કૂતરાઓ યક્ષરૂપે છે. બ્રાહ્મણો દેવ છે. કાગડાઓ દાદા છે. મોરને પાંખના પવનથી ગર્ભ રહે છે. વગેરે'

બીજાઓ 'જ્ઞાનોપયોગને ઓઘસંજ્ઞા અને દર્શનોપયોગને લોકસંજ્ઞા છે' એમ કહે છે. આ દશે સંજ્ઞાઓ 'આ જીવ છે.' એમ જણાવવાના કારણરૂપ હોવાથી સંજ્ઞા કહેવાય છે અને બધાયે સંસારી જીવોને હોય છે. પંચેન્દ્રિયોને આશ્રયી સ્પષ્ટરૂપે સુખ પૂર્વક (સહેલાઇથી) જાણી શકાય છે. અને એકેન્દ્રિયોને આ સંજ્ઞા અવ્યક્ત (અપ્રગટ) રૂપે જણાય છે. (૯૨૪)

## ૧૪૭ પંદર સંજ્ઞા

आहार १ भय २ परिग्गह ३ मेहुण ४ सुह ५ दुक्ख ६ मोह ७ वितिगिच्छा ८।
तह कोह ९ माण १० माया ११ लोहे १२ लोगे य १३ धम्मो १४ हे १५ ॥९२५॥

૧. આહાર, ૨. ભય, ૩. પરિગ્રહ, ૪. મૈથુન, ૫. સુખ, ૬. દુઃખ, ૭. મોહ, ૮. વિચિકિત્સા, ૯. ક્રોધ, ૧૦. માન, ૧૧. માયા, ૧૨. લોભ, ૧૩. લોક, ૧૪. ધર્મ, ૧૫. ઓઘસંજ્ઞા.

પ્રકરણાનુસાર આવતો સંજ્ઞા શબ્દ દરેકને જોડવાથી આહારસંજ્ઞા વગેરેથી લઈને ઓઘસંજ્ઞા સુધી પંદર સંજ્ઞાઓ થાય છે. તેમાં દશ સંજ્ઞાઓનું સ્વરૂપ આગળ કહ્યા પ્રમાણે જ જાણવું.

(૧૧-૧૨) શાતા-અશાતાના અનુભવરૂપ સુખ-દુઃખ સંજ્ઞા.

(૧૩) મિથ્યાદર્શનરૂપ મોહસંજ્ઞા.

(૧૪) ચિત્ત વિપ્લુતિ એટલે ચિત્તની અસ્થિરતા (ચંચળતા)રૂપ વિચિકિત્સાસંજ્ઞા.

(૧૫) ક્ષમા વગેરેના સેવનરૂપ ધર્મસંજ્ઞા.

આ સંજ્ઞાઓ વિશેષ સ્વીકાર્યા વગર એટલે સામાન્યપણે સર્વજીવોને જાણવી.

આ સંજ્ઞાઓ કોઈક ગ્રંથમાં ચાર કહી છે. કોઈક સ્થળે દશ પ્રકારે કહી છે. કોઈક જગ્યાએ પંદર પ્રકારે પણ કહી છે. તેથી કોઈ કોઈ સંજ્ઞાઓ વારંવાર કહેવાઈ હોય તો પણ પુનરુક્ત દોષની શંકા ન કરવી.

આચારાંગસૂત્રમાં વિપ્રલાપ એટલે રુદનરૂપ અને વૈમનસ્ય (દીનતા)રૂપ શોકસંજ્ઞા નામની સોળમી સંજ્ઞા ઉમેરી સોળ સંજ્ઞા કહી છે. (૯૨૫)

## ૧૪૮ સમ્યક્ત્વના સડસઠ ભેદ

**चउसद्दहण ४ तिलिंग ३ दसविणय १० तिसुद्धि ३ पंचगयदोसं ५ ।**
**अट्ठपभावण ८ भूसण ५ लक्खण ५ पंचविहसंजुत्तं ॥ ९२६॥**
**छव्विहजयणा ६ ऽऽगारं ६ छब्भावण ६ भावियं च छट्ठाणं ६ ।**
**इय सत्तयसट्ठिलक्खणभेयविसुद्धं च सम्मत्तं ॥ ९२७ ॥**

**ચાર શ્રદ્ધા, ત્રણલિંગ, દસ વિનય, ત્રણ શુદ્ધિ, પાંચ દોષ આઠ પ્રભાવના, પાંચ ભૂષણ, છ જયણા, છ આગાર, છ ભાવના, છ સ્થાન. આ સડસઠ લક્ષણોના ભેદોથી વિશુદ્ધ સમ્યક્ત્વ કહેવાય છે.**

જેમાં ચાર શ્રદ્ધાન છે, તે ચાર સદ્દહણા એટલે ચાર શ્રદ્ધાન યુક્ત સમ્યક્ત્વ હોય છે. ત્રણ લિંગ, દશ વિનય અને ત્રણ શુદ્ધિ સહિત, પાંચ દોષ રહિત, આઠ પ્રકારની ભાવના, પાંચ પ્રકારના ભૂષણ અને પાંચ પ્રકારના લક્ષણોથી યુક્ત, છ યતના અને છ આગારથી યુક્ત છ પ્રકારની ભાવનાથી હમેંશા ભાવિત, છ સ્થાન યુક્ત એ પ્રમાણે ૬૭ (સડસઠ) લક્ષણના ભેદોથી વિશુદ્ધ પરમાર્થથી સમ્યક્ત્વ હોય છે.

જેના વડે સમ્યક્ત્વનો નિશ્ચય થાય, તે શ્રદ્ધા વગેરે લક્ષણો છે. અને તે શ્રદ્ધા વગેરેના પરમાર્થ સંસ્તવ વગેરે ભેદો છે. તે ભેદોથી વિશુદ્ધ સમ્યક્ત્વ પારમાર્થિક છે. સમ્યક્ શબ્દ પ્રશંસા કે અવિરોધના અર્થમાં છે. સમ્યક્ એટલે જીવ, તેનો જે ભાવ તે

સમ્યક્ત્વ. જીવનો મોક્ષ તરફનો અવિરોધી પ્રશસ્ત જે સ્વભાવ વિશેષ, તે સમ્યક્ત્વ (૯૨૬-૯૨૭)

હવે દરેક લક્ષણો ભેદોનું પ્રતિપાદન કરવા માટે પ્રથમ ચાર સદ્દહણાની વ્યાખ્યા કરે છે.

**ચાર શ્રદ્ધા :–**

**परमत्थसंथवो वा १ सुदिट्ठपरमत्थसेवणा वावि २ ।**
**वावन्न ३ कुदंसणवज्जणा य ४ सम्मत्तसद्दहणा ॥ ९२८ ॥**

**(૧) પરમાર્થ સંસ્તવ, (૨) સુદૃષ્ટ પરમાર્થ સેવન, (૩) વ્યાપન્ન દર્શન વર્જન, (૪) કુદર્શન વર્જન એમ સમ્યક્ત્વ સદ્દહણા ચાર ભેદે છે.**

**૧. પરમાર્થ સંસ્તવ :–** પરમ એટલે તાત્ત્વિક, અર્થો એટલે જીવ-અજીવ વગેરે પદાર્થો, તેનો સંસ્તવ એટલે પરિચય અર્થાત્ બહુમાનપૂર્વક જીવાદિ પદાર્થોના બોધ માટે અભ્યાસ, તે પરમાર્થસંસ્તવ.

**(૨) સુદૃષ્ટ પરમાર્થ સેવન :–** સુષ્ઠુ એટલે સમ્યગ્ નીતિપૂર્વક, દૃષ્ટ એટલે પ્રાપ્ત કર્યા છે (જાણ્યા છે) પરમાર્થ એટલે જીવાદિ પદાર્થો જેણે સારી રીતે. જીવાદિ પદાર્થોને જાણનાર આચાર્ય વગેરેની સેવા, તે સુદૃષ્ટપરમાર્થસેવન એટલે આચાર્યાદિની યથાશક્તિ વૈયાવચ્ચ કરવી.

**(૩-૪) વ્યાપન્ન કુદર્શન વર્જન :–** (૩) વ્યાપન્ન એટલે નાશ પામ્યું છે દર્શન એટલે સમકિત જેમનું એવા નિહ્નવ વગેરે વ્યાપન્ન દર્શન કહેવાય.

(૪) કુત્સિત એટલે ખરાબ છે દર્શન જેમનું તે. મિથ્યાત્વી બૌદ્ધ વગેરે કુદર્શન કહેવાય. તે વ્યાપન્ન દર્શન અને કુદર્શન એમ બન્નેનું જે વર્જન એટલે છોડી દેવા તે વ્યાપન્ન દર્શન વર્જન અને કુદર્શન વર્જન કહેવાય. સમ્યક્ત્વની મલિનતા ન થાય એટલા માટે વ્યાપન્નદર્શનવાળા અને કુદર્શનવાળાનું વર્જન કહ્યું છે.

જેના વડે સમ્યક્ત્વનો સ્વીકાર થાય તે સમ્યક્ત્વ સદ્દહણા કહેવાય.

**પ્રશ્ન :-** પરમાર્થ સંસ્તવ વગેરે અંગારમર્દકાચાર્ય આદિ મિથ્યાત્વીમાં પણ સંભવે છે, તો વ્યભિચાર દોષ ન લાગે?

**ઉત્તર**-ન લાગે. કારણ કે અહીં તાત્ત્વિક પરમાર્થ સંસ્તવ વગેરેનો અધિકાર છે. અને તે તાત્ત્વિક સદ્દહણાનો તેમને અસંભવ છે. (૯૨૮)

**ત્રણ લિંગ :–**

**सुस्सूस १ धम्मराओ २ गुरुदेवाणं जहासमाहीए ।**
**वेयावच्चे नियमो ३ सम्मद्दिट्ठिस्स लिंगाइं ॥ ९२९ ॥**

**(૧) શુશ્રુષા (૨) ધર્મરાગ (૩) સમાધિ થાય તે પ્રમાણે ગુરુદેવોની વૈયાવચ્ચનો નિયમ-એ ત્રણ સમ્યગ્દૃષ્ટિના લિંગો છે.**

**(૧) શુશ્રુષા :**-શુશ્રુષા એટલે સાંભળવાની ઇચ્છા. સદ્બોધ માટે સફળ કારણ રૂપ જે ધર્મશાસ્ત્ર શ્રવણની અભિલાષા તે શુશ્રુષા. તે ચતુરાઈ વગેરે ગુણયુક્ત યુવાન પુરુષ કિન્નરીના ગીતોને જે રાગપૂર્વક સાંભળે તેનાથી પણ અધિક રાગપૂર્વક સમકિતી જિનવાણીને સાંભળે.

**(૨) ધર્મરાગ :**-શ્રુતધર્મ અને ચારિત્રધર્મ-એમ બે પ્રકારે ધર્મ છે. તેમાં શ્રુતધર્મ શુશ્રુષાપદમાં આવી જતો હોવાથી અહીં ધર્મરાગપદથી ચારિત્રધર્મનો રાગ જાણવો. તે તેવા પ્રકારના કર્મદોષથી ચારિત્રધર્મ પાળી ન શકાય તો પણ જંગલમાંથી આવતો દુઃખી, ભૂખથી દુર્બળ એવા બ્રાહ્મણની જે ઘેવર ખાવાની ઇચ્છા હોય, તેનાથી પણ વધુ ઇચ્છા આ ચારિત્રધર્મ માટે હોય છે.

**(૩) યથાસમાધિ ગુરુદેવની વૈયાવચ્ચ :**-ગુરુ એટલે ધર્મોપદેશક આચાર્ય અને દેવ એટલે આરાધ્યતમ અરિહંતો, તે ગુરુદેવ.

અહીં દેવગુરુ ન કહેતા ગુરુ આગળ મૂકી ગુરુદેવ કહ્યું તે અમુક વિવક્ષાએ ગુરુઓની પૂજ્યતા જણાવવા માટે છે. કેમકે ગુરુના ઉપદેશ વગર સર્વજ્ઞ ભગવંતની ઓળખાણ (જાણકારી) થતી નથી.

યથાસમાધિ એટલે સમાધાન એટલે સમાધિનો ભંગ કર્યા વગર જે વૈયાવચ્ચ કરવી તે યથાસમાધિ.

વૈયાવચ્ચ એટલે તેમની સેવા-વિશ્રામણા-પૂજા વગેરેનો જે નિયમ એટલે અવશ્ય કરવાનો સ્વીકાર કરવો તે. આ ગુણો સમકિતની હાજરીમાં હોય છે.

આ સમ્યગ્દૃષ્ટિના એટલે ધર્મ અને ધર્મીનો અભેદ ઉપચાર હોવાથી સમ્યક્ત્વના લિંગો છે. એટલે આ શુશ્રુષા વગેરે ત્રણ લિંગો વડે સમકિત ઉત્પન્ન થયું છે- એવો નિશ્ચય થાય છે.

જો કે ઉપશાન્તમોહ વગેરે જીવોને કૃતકૃત્ય હોવાથી શુશ્રુષા વગેરે સાક્ષાત્ ન જણાતા હોવા છતાં પણ ફળરૂપે તે હોય છે. ઉપશાંત વગેરે ભાવો શુશ્રુષાનું ફળ છે માટે. (૯૨૯)

**દશ વિનય :-**

**अरहंत १ सिद्ध २ चेइय ३ सुए य ४ धम्मे य ५ साहुवग्गे य ६ ।**
**आयरिय ७ उवज्झाएसु ८ य पवयणे ९ दंसणे १० यावि ॥ ९३० ॥**
**भत्ती पुया वन्नज्जलणं, वज्जणमवन्नवायस्स ।**
**आसायणपरिहारो, दंसणविणओ समासेणं ॥ ९३१ ॥**

**૧. અરિહંત, ૨. સિદ્ધ, ૩. ચૈત્ય, ૪. શ્રુત, ૫. ધર્મ, ૬. સાધુવર્ગ, ૭. આચાર્ય, ૮. ઉપાધ્યાય, ૯. પ્રવચન ૧૦. દર્શન– આ દશની ભક્તિ, પૂજા, ગુણોદ્ભાવન, અવર્ણવાદ એટલે નિંદાનો ત્યાગ અને આશાતના ત્યાગ. આ સંક્ષેપથી દર્શનવિનય છે.**

૧. અર્હન્ત એટલે તીર્થંકર, ૨. આઠ કર્મથી મુક્ત સિદ્ધ, ૩. જિનેશ્વરની પ્રતિમા રૂપ ચૈત્યો, ૪. આચારાંગ વગેરે આગમરૂપ શ્રુતજ્ઞાન, ૫. ક્ષમા વગેરે દશ પ્રકારનો યતિ-ધર્મ, ૬. શ્રમણ સમુદાયરૂપ સાધુવર્ગ, ૭. આચાર્ય, ૮. ઉપાધ્યાય, ૯. જીવ વગેરે તત્ત્વોને કહે તે પ્રવચન એટલે સંઘ ૧૦. દર્શન એટલે સમ્યક્ત્વ, દર્શન અને દર્શનીને અભેદ ભાવે ગણવાથી ઉપચારથી દર્શનવાળા પણ દર્શન કહેવાય છે.

આ અરિહંત વગેરે દશ સ્થાનોને વિષે

**(૧) ભક્તિ**–ભક્તિ એટલે સામે લેવા જવું. આસન આપવું. પર્યુપાસના એટલે સેવા કરવી, હાથ જોડવા. જાય ત્યારે મૂકવા પાછળ જવું વગેરે ભક્તિ કરે.

**(૨) પૂજા**–ગંધ (ધૂપ) માળા, વસ્ત્ર, પાત્ર, આહાર, પાણી આપવા વગેરેથી સત્કારરૂપ પૂજા.

**(૩) વર્ણોજ્વલન**–વર્ણ એટલે પ્રશંસા. જ્વલન એટલે જ્ઞાન વગેરે ગુણોનું પ્રકટીકરણ. પ્રશંસા કરવાપૂર્વક દશે સ્થાનોના ગુણો પ્રકટ કરે તે વર્ણોજ્વલન.

**(૪) અવર્ણવાદનો ત્યાગ**–નિંદાનો ત્યાગ.

**(૫) આશાતના પરિહાર**–મન વચન કાયા વડે પ્રતિકૂળ વર્તનનો જે ત્યાગ તે આશાતના પરિહાર.

દશ સ્થાનના વિષયરૂપે હોવાથી આ દસ પ્રકારનો દર્શન વિનય છે. આ દર્શન-વિનય, સમ્યક્ત્વની હાજરીમાં હોવાથી સમ્યક્ત્વ વિનય સંક્ષેપથી જાણવો.
વિસ્તારથી તો બીજા શાસ્ત્રોથી જાણવો. (૯૩૦–૯૩૧)

**ત્રણ શુદ્ધિ :–**

**मोत्तूण जिणं १ मोत्तूण जिणमयं २ जिणमयट्ठिए मोत्तुं ३ ।**
**संसारकच्चवारं चिंतिज्जंतं जगं सेसं ॥ ९३२ ॥**

**૧. જિન, ૨. જિનમત, અને ૩. જિનમતમાં રહેલા સાધુ વગેરે સિવાય આખા જગતને સંસારના કચરારૂપે વિચારે.**

૧. જિનેશ્વર વીતરાગ સિવાય, ૨. તથા સ્યાત્‌પદ યુક્ત, જિનેશ્વર પ્રણીત યથાવસ્થિત જીવ–અજીવાદિ તત્ત્વરૂપ જિનમત–આગમ સિવાય, ૩. અને જિનમતમાં રહેલા એટલે જિનેશ્વરના પ્રવચનને સ્વીકારેલ સાધુ આદિ સિવાય બાકીના એકાંતવાદરૂપ ગ્રહથી પકડાયેલ જગતને સંસારમાં કચરાના ઢગલારૂપ અસાર વિચારે.

જિનેશ્વર વગેરે ત્રણ જ જગતમાં સારરૂપે છે, તે સિવાયનું બધુંયે અસાર છે –એમ વિચારવાથી સમ્યક્ત્વની શુદ્ધિ થાય છે. માટે આ ત્રણ શુદ્ધિ કહી. (૯૩૨)

**પાંચ દૂષણ ત્યાગ :–**

**संका १ कंख २ विगिच्छा ३ पसंस ४ तह संथवो कुलिंगीसु ५ ।**
**सम्मत्तस्सऽइयारा परिहरियव्वा पयत्तेणं ॥ ९३३ ॥**

**શંકા, કાંક્ષા, વિચિકિત્સા, મિથ્યાદૃષ્ટિપ્રશંસા, મિથ્યાદૃષ્ટિસંસ્તવ એટલે પરિચય- એ સમ્યક્ત્વના પાંચ અતિચારો પ્રયત્નપૂર્વક છોડવા.**

(૧) **શંકા** :– સર્વજ્ઞભગવંતે કહેલા વચનોમાં સંશય કરવો તે **શંકા.**

(૨) **કાંક્ષા** :– અન્ય દર્શનો એટલે ધર્મોની ઇચ્છા તે **કાંક્ષા.**

(૩) **વિચિકિત્સા** :– સદ્આચાર તથા સાધુઓ વગેરેની નિંદા તે **વિચિકિત્સા**

(૪) **કુલિંગીપ્રશંસા** :–કુલિંગી એટલે અન્યદર્શની, તેની પ્રશંસા તે **કુલિંગીપ્રશંસા**

(૫) **કુલિંગી સંસ્તવ** :– કુલિંગીઓનો સંસ્તવ એટલે સંભાષણ, વાતચીત વગેરે વડે પરિચય કરવો તે **કુલિંગીસંસ્તવ.**

આ શંકા વગેરે પાંચે સમ્યક્ત્વને મલિન કરનાર હોવાથી અતિચારો એટલે દોષો છે. તે સમ્યગ્દૃષ્ટિઓએ પ્રયત્નપૂર્વક છોડવા. આનું વિશેષ સ્વરૂપ (છઠ્ઠા) શ્રાવક પ્રતિક્રમણ અતિચાર દ્વારમાં પ્રતિપાદન કર્યું છે. (૯૩૩)

**આઠ પ્રભાવક :–**

**पावयणी १ धम्मकही २ वाई ३ नेमित्तिओ ४ तवस्सी ५ य ।**
**विज्जा ६ सिद्धो य ७ कवी ८ अट्ठेव पभावगा भणिया ॥ ९३४ ॥**

**(૧) પ્રાવચનિક, (૨) ધર્મકથી, (૩) વાદી, (૪) નૈમિત્તિક, (૫) તપસ્વી, (૬) વિદ્યા, (૭) સિદ્ધ, (૮) કવિ–આ આઠ પ્રભાવકો કહ્યા છે.**

**૧. પ્રાવચનિક** :–પ્રવચન એટલે દ્વાદશાંગી. તે જેમની પાસે અતિશય પૂર્વક હોય, તે પ્રાવચની એટલે યુગપ્રધાન–આગમધર વિગેરે.

**૨. ધર્મકથી** :–જેમની ધર્મકથા એટલે વ્યાખ્યાનશક્તિ સુંદર હોય, તે ધર્મકથી. જે ક્ષીરાશ્રવ વગેરે લબ્ધિસંપન્ન હોવાથી પાણી ભરેલા વાદળ જેવી ધ્વનિપૂર્વક આક્ષેપણી, વિક્ષેપણી, સંવેગની અને નિર્વેદની–રૂપ ચાર પ્રકારની લોકના મનને આનંદકારી ધર્મકથા કરે.

**૩. વાદી** :–૧. વાદી, ૨. પ્રતિવાદી, ૩. સભ્ય, ૪. સભાપતિ–એવી ચાર પ્રકારની સભામાં પ્રતિપક્ષ એટલે વિરોધી પક્ષના ખંડનપૂર્વક સ્વપક્ષના સ્થાપન માટે જે અવશ્ય બોલે તે વાદી.

નિરુપમવાદલબ્ધિ યુક્ત હોવાથી વાચાળવાદીઓના સમૂહ વડે પણ જેની વાણી પરાસ્ત ( નિસ્તેજ ) ન થાય તે વાદી.

૪. **નૈમિત્તિક :–** જે ત્રણકાળના લાભ અલાભને જણાવનાર શાસ્ત્રને જાણે–ભણે તે નૈમિત્તિક. એટલે સારી રીતે નિશ્ચયપૂર્વકભૂતકાળ વગેરે ત્રણે કાળને જે જાણે તે નૈમિત્તિક.

૫. **તપસ્વી :–** વિપ્રકૃષ્ટ એટલે અટ્ઠમ વગેરે કઠોર દુષ્કર તપ કરનાર જે હોય તે તપસ્વી.

૬. **વિદ્યાવાન :–**જેમને પ્રજ્ઞપ્તિ વગેરે વિદ્યાદેવીઓ કે શાસનદેવતા સહાયકરૂપે હોય તે વિદ્યાવાન. જેમ વજ્રસ્વામિ

૭. **સિદ્ધ :–**અંજન, પાદલેપ, તિલક, ગુટિકા, સકલજીવોનું આકર્ષણ, વૈક્રિય-લબ્ધિ વગેરે સિદ્ધિઓ વડે જે સિદ્ધ થયા હોય તે સિદ્ધ. એટલે જેમની પાસે ઉપરોક્ત સિદ્ધિ હોય તે સિદ્ધ.

૮. **કવિ :–** कवते इति कवि એટલે નવી નવી રચનાની ચતુરાઈ યુક્ત અત્યંત પરિપક્વ અને રસદાર–રસના આસ્વાદ વડે સજ્જનોના હૃદયને આનંદ કરાવનારી સમસ્ત ભાષાની વિદ્વત્તાયુક્ત, સુંદર ગદ્ય–પદ્ય રચનાઓ વડે જે વર્ણન કરે તે કવિ.

આ પ્રાવચનિક વગેરે આઠે- શાસનને–પ્રવચનને પ્રભાવિત કરતા હોવાથી પ્રભાવક કહેવાય છે. શાસન પ્રવચન સ્વયં પ્રકાશક સ્વભાવવાળું જ છે. તેને દેશકાળ વગેરેને ઉચિત પ્રવૃત્તિ વડે સહાય કરવા દ્વારા પ્રકાશિત (પ્રભાવિત) કરે, તેથી પ્રભાવક કહેવાય. તે પ્રભાવકોનું જે કાર્ય તે પ્રભાવના. તે શાસન પ્રભાવના સમ્યક્ત્વને નિર્મળ કરે છે.

બીજા ગ્રંથોમાં આઠ પ્રભાવકો બીજા પ્રકારે પણ કહ્યા છે. ૧. અતિશેષઋદ્ધિવાળા અતિશય ( લબ્ધિવાળા ), ૨. ધર્મકથક ( વ્યાખ્યાનકાર ), ૩. વાદી, ૪. આચાર્ય ૫. ક્ષપક (તપસ્વી), ૬. નૈમિત્તિક, ૭. વિદ્યાવંત, ૮. રાજગણસંમત ( રાજમાન્ય). આ આઠ તીર્થને પ્રભાવિત કરે છે. જેમાં અતિશેષ એટલે અવધિજ્ઞાન મનઃપર્યવજ્ઞાન આમર્ષૌષધિ વગેરે અતિશયો એટલે લબ્ધિરૂપી ઋદ્ધિઓ જેમની પાસે હોય તે અતિશેષર્દ્ધિ. રાજસમ્મત એટલે રાજાને પ્રિય. ગણસમ્મત એટલે મહાજન વગેરેને બહુમાન્ય. (૯૩૪)

**પાંચ ભૂષણ :–**

**जिणसासणे कुसलया १ पभावणा २ ऽऽययणसेवणा ३ थिरया ४ ।**
**भत्ती य ५ गुणा सम्मत्तदीवया उत्तमा पंच ॥ ९३५ ॥**

**(૧) જિનશાસનમાં કુશળતા, (૨) પ્રભાવના, (૩) આયતનસેવના, (૪) સ્થિરતા, (૫) ભક્તિ–આ પાંચે સમ્યક્ત્વને પ્રકાશિત ( દેદિપ્યમાન ) કરનારા ઉત્તમ ગુણો છે.**

૧. **જિનશાસનમાં કુશળતા :–**જિનશાસન એટલે અર્હદ્ દર્શન. તેમાં કુશળતા એટલે નિપુણતા પ્રાપ્ત કરી હોય, તે જિનશાસનકુશળ. ( તે જિનશાસનની કુશળતાના કારણે જુદા જુદા ઉપાયો વડે સુખપૂર્વક બીજા જીવોને પ્રતિબોધ કરી શકે ).

**૨. પ્રભાવના** :–જિનશાસન વિષયક પ્રભાવના. પ્રભાવના એટલે જિનેન્દ્રશાસનને ઉત્પન્ન કરે તે ( એટલે બીજાના હૃદયમાં જિનશાસન પ્રત્યે આદર–બહુમાન પ્રગટાવે–ઉત્પન્ન કરે તે.) ઉત્પત્તિમાં જે પ્રયોજક એટલે કારણરૂપ હોય તે પ્રભાવના. તે પ્રભાવના કરે તે પ્રભાવક. તેના આઠ પ્રકાર આગળ કહી ગયા છીએ.

આ પ્રભાવના ફરી **અહીં** કહેવામાં આવે છે, તેનું કારણ એ છે કે તે સ્વ–પરને ઉપકારી અને તીર્થંકરનામકર્મના બંધનું કારણ હોવાથી તેની પ્રધાનતા બતાવવા માટે છે.

**૩. આયતન આસેવના** :– આયતન એટલે ઘર સ્થાન. તે આયતન બે પ્રકારે છે. દ્રવ્ય અને ભાવથી. તેમાં જિનમંદિર વગેરે દ્રવ્યાયતન અને જ્ઞાન, દર્શન, ચારિત્રના આધાર રૂપ સાધુ વગેરે ભાવાયતન છે. તે આયતનનું આસેવન એટલે પર્યુપાસના.

**૪. સ્થિરતા** :– જિનધર્મમાં અસ્થિર ચિત્તવાળા થયેલા બીજાને સ્થિર કરવા અથવા બીજા અન્ય ધર્મીઓની સમૃદ્ધિ ચમત્કાર જોવા છતાં પણ પોતે જિનશાસનમાં સ્થિર રહેવું.

**૫. ભક્તિ** :– પ્રવચન (શાસન) પ્રત્યે વિનય વૈયાવચ્ચરૂપ સેવા કરવા વડે ભક્તિ કરે. આ પાંચે સમ્યક્ત્વના દીપક પ્રભાસિત કરનારા ઉત્તમગુણોરૂપ ભૂષણ છે. એટલે આ ગુણો વડે સમ્યક્ત્વ અલંકૃત થાય છે-શોભે છે. (૯૩૫)

**પાંચ લક્ષણ** :–

**उवसम १ संवेगोऽवि य २ निव्वेओ ३ तह य होइ अणुकंपा ४ ।**
**अत्थिक्कं चिय ५ एए संमत्ते लक्खणा पंच ॥ ९३६ ॥**

**(૧) ઉપશમ, (૨) સંવેગ, (૩) નિર્વેદ, (૪) અનુકંપા અને, (૫) આસ્તિક્ય– આ પાંચ સમ્યક્ત્વના લક્ષણો છે.**

(૧) **ઉપશમ** :– અપરાધ કરનારા ઉપર પણ ગુસ્સાનો જે ત્યાગ તે ઉપશમ. તે કોઈકને કષાયની પરિણતિના કડવા વિપાક એટલે ફળ જોવાના કારણે હોય છે. તો કોઇકને સ્વભાવથી જ હોય છે.

(૨) **સંવેગ** :– દેવ મનુષ્યના સુખના ત્યાગપૂર્વક મુક્તિના સુખની જે ઇચ્છા તે સંવેગ. સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તી તથા ઈન્દ્રના વિષયસુખોને દુઃખ મિશ્રિત (સંપર્કવાળા) હોવાથી દુઃખરૂપે માનતો મોક્ષ સુખને જ સુખરૂપે માને છે અને ઇચ્છે છે.

(૩) **નિર્વેદ** :– નારક, તિર્યંચ વગેરે સાંસારિક દુઃખોથી નિર્વિણ્ણતા એટલે કંટાળો, તે નિર્વેદ. સમ્યગ્દૃષ્ટિઓ દુઃખથી અતિગહન સંસારરૂપી જેલમાં (કેદખાનામાં) અતિભારે કર્મરૂપ કોટવાલો વડે ભિન્નભિન્ન પ્રકારે વિડંબના પામતા તેનો પ્રતિકાર ન કરી શકવાથી નિર્મમભાવે (મમત્વ વગર) દુઃખથી નિર્વિણ્ણતા (વૈરાગ્ય) પામે.

બીજા આચાર્યો સંસારથી વૈરાગ્યભાવને સંવેગ કહે છે અને મોક્ષની ઇચ્છાને નિર્વેદ જણાવે છે. આ પ્રમાણે આ બંનેના અર્થની વિપરીતતા છે.

**(૪) અનુકંપા :–** દુઃખી જીવોના દુઃખને નિષ્પક્ષપણે દૂર કરવાની જે ઇચ્છા તે અનુકંપા. પક્ષપાતપણે પોતાના પુત્ર વગેરેના દુઃખને દૂર કરવાની દયા તો વાઘ વગેરેને પણ હોય છે, તે અનુકંપા ન કહેવાય. તે અનુકંપા દ્રવ્યથી અને ભાવથી –એમ બે પ્રકારે છે. છતી શક્તિએ દુઃખનો પ્રતિકાર કરવો, તે દ્રવ્યથી દયા અને આર્દ્ર એટલે કોમળ–કુણા હૃદયપૂર્વક દુઃખનો પ્રતિકાર તે ભાવથી દયા છે.

**(૫) આસ્તિક્ય :–** વિદ્યમાનપણાની બુદ્ધિ જેને હોય તે આસ્તિક. તે આસ્તિકનો જે ભાવ અથવા કર્મ, તે આસ્તિક્ય. બીજા ધર્મોનું તત્ત્વ સાંભળવા છતાં પણ જિનકથિત તત્ત્વનો નિરાકાંક્ષભાવે જે સ્વીકાર કરવો તે આસ્તિકતા.

આ ઉપશમ વિગેરે પાંચે સમ્યક્ત્વના લક્ષણો છે. આ લક્ષણોથી બીજામાં રહેલ પરોક્ષ એવું સમ્યક્ત્વ પણ સારી રીતે જાણી શકાય છે. (૯૩૬)

**૭ જયણા :–**

**नोअन्नतित्थिए अन्नतित्थिदेवे य तह सदेवेऽवि ॥**
**गहिए कुतित्थिएहिं वंदामि न वा नमंसामि ॥ ९३७ ॥**
**नेव अणालत्तो आलवेमि नो संलवेमि तह तेसिं ।**
**देमि न असणाईयं पेसेमि न गंधपुप्फाइ ॥ ९३८ ॥**

**અન્યતિર્થી એટલે અન્યધર્મીને, અન્યધર્મીના દેવને તથા અન્યધર્મીએ લીધેલા સુદેવને હું વંદન કરૂં નહીં; નમું નહીં. કુતીર્થીએ પહેલા બોલાવ્યા વગર તેઓને બોલાવું નહીં કે બોલું નહીં તથા તેમને અશનાદિ આહાર આપું નહીં તેમજ ગંધ–પુષ્પ વિગેરે મોકલું નહીં.**

અન્યતીર્થિક એટલે પરધર્મી પરિવ્રાજક, ભિક્ષુક, બૌદ્ધ વિગેરેને તેમજ અન્યતીર્થિક દેવો એટલે મિથ્યાત્વીદેવો શંકર, વિષ્ણુ, બૌદ્ધ વિગેરેને તથા સ્વદેવો એટલે અરિહંત પ્રતિમારૂપ સુદેવોની પ્રતિમાને, કુતીર્થિકો એટલે દિગંબર વિગેરે એ ગ્રહણ કરેલ અથવા બૌદ્ધ વિગેરે મિથ્યાત્વીઓએ ગ્રહણ કરેલ મહાકાલ વિગેરેને મસ્તક નમાવવા રૂપ વંદન કરું નહીં. પ્રણામપૂર્વક મધુર ધ્વનિથી ગુણગાન કરવારૂપ નમસ્કાર કરૂં નહીં, કારણકે તેમ કરવાથી તેના ભક્તોના મિથ્યાત્વાદિનું સ્થિરીકરણ થાય છે. તથા અન્ય તીર્થિકોએ પહેલા બોલાવ્યા વગર તેઓની સાથે એકવાર બોલવારૂપ આલાપન કરૂં નહીં અને વારંવાર બોલવા રૂપ સંલાપન કરું નહીં.

"આઙ્" ઉપસર્ગ ઇષદ્ અર્થમાં હોવાથી કંઇક બોલવું તે આલાપન કહેવાય અને વારંવાર બોલવું તે સંલાપન કહેવાય."

તે મિથ્યાત્વીઓ સાથે બોલવાના કારણે તેઓ સાથે પરિચય થવો, તેમના ક્રિયાકાંડ સાંભળવા, જોવા વિગેરેથી મિથ્યાત્વનો ઉદય પણ થાય. જો એ મિથ્યાત્વી પહેલા બોલાવે તો અસંભ્રમપણે લોકનિંદાના ભયથી કંઈક થોડું બોલવું તથા તે અન્યધર્મીઓને અશન–પાન ખાદિમ-સ્વાદિમ, વસ્ત્ર–પાત્ર વિગેરે હું આપું નહીં. તે આહારાદિ આપવાથી પોતાને તેમજ જોનારા બીજાઓને તે મિથ્યાત્વીઓ પર બહુમાન સદ્‌ભાવ વિગેરે થવાના કારણે મિથ્યાત્વ પામે, જિનશાસનમાં અન્ય ધર્મીઓને ભક્તિથી અશનાદિનું દાન કરવાનો નિષેધ છે. અનુકંપાથી નિષેધ નથી અનુકંપનીય જો તેઓ જણાતા હોય, તો તેઓને પણ દાન આપવું. કહ્યું છે કે... "દુર્જય એવા રાગ–દ્વેષ મોહને જીતનારા જિનેશ્વરોએ જીવોની દયા માટે દાનનો ક્યાંય નિષેધ કર્યો નથી.

અન્ય ધર્મી દેવો કે અન્ય ધર્મીઓએ ગ્રહણ કરેલ એટલે એમના કબજામાં રહેલ જિનપ્રતિમા વિગેરેની પૂજા વિગેરે માટે ગંધ, ફુલ વિગેરે મોકલીશ નહીં, આદિ શબ્દથી એમનો વિનય, વૈયાવચ્ચ, યાત્રા, સ્નાત્ર વિગેરે પણ કરું નહીં, કેમ કે તે કરવાથી લોકોનું મિથ્યાત્વ સ્થિર કરાય છે. પરતીર્થિક વિગેરેને વંદન–નમસ્કાર–આલપન–સંલપન, અશનાદિનું દાન, ગંધ, પુષ્પ વિગેરે મોકલવા રૂપ આ છ યતનાઓ વડે યતના કરતો સમ્યક્ત્વને અતિક્રમતો નથી–ઉલ્લંઘતો નથી....(૯૩૭-૯૩૮)

### છ આગાર :

**रायाभिओगो य १ गणाभिओगो २, बलाभिओगो य ३ सुराभिओगो ४ ।**
**कंतारवित्ती ५ गुरुनिग्गहो य ६, छ छिंडिआओ जिणसासणम्मि ॥९३९॥**

**જિનશાસનમાં (૧) રાજાભિયોગ, (૨) ગણાભિયોગ, (૩) બલાભિયોગ, (૪) દેવાભિયોગ, (૫) કાંતારવૃત્તિ, (૬) ગુરુનિગ્રહ. આ છ આગારો છે.** ઇચ્છા ન હોવા છતાં પણ જે પ્રવૃત્તિ કે ક્રિયા કરવી પડે તે અભિયોગ.

(૧) રાજાભિયોગ :– રાજાનો જે અભિયોગ તે રાજાભિયોગ.

(૨) ગણાભિયોગ :– ગણ એટલે સ્વજન સગા-વહાલાનો સમૂહ તેનો જે અભિયોગ તે ગણાભિયોગ.

(૩) બલાભિયોગ :– બળવાન પુરુષ હઠપૂર્વક જે કરાવે તે બલાભિયોગ.

(૪) સુરાભિયોગ :– કુલ દેવતા વિગેરેનો જે અભિયોગ તે સુરાભિયોગ.

(૫) કાંતારવૃત્તિ :– કાંતાર એટલે જંગલ તેમાં જે વૃત્તિ એટલે નિર્વાહ કરવો, તે કાંતારવૃત્તિ અથવા જંગલ જેમ બાધા એટલે મુશ્કેલીનું કારણ છે. માટે અહિં કાંતાર શબ્દથી બાધા અર્થની વિવક્ષા કરવી. તેથી બાધાથી–મુશ્કેલીથી વૃત્તિ એટલે પ્રાણ ધારણારૂપ નિર્વાહ થાય, તે કાંતારવૃત્તિ. જેમાં મુશ્કેલીથી જીવનનિર્વાહ થાય તે કાંતારવૃત્તિ.

(૬) ગુરુનિગ્રહ :– ગુરુ એટલે માતા–પિતા વિગેરે. કહ્યું છે કે "સજ્જનોના મતે માતા–પિતા–કલાચાર્ય એમની જ્ઞાતિઓ તથા વૃદ્ધો (વડીલો) ધર્મોપદેશક આ ગુરુવર્ગ કહેવાય છે." આ ગુરુવર્ગનો જે નિગ્રહ એટલે આગ્રહ તે ગુરુનિગ્રહ. આ છ અપવાદો જિનશાસનમાં છે. અર્થાત્ સમકિત સ્વીકારેલ જીવને પરધર્મી વિગેરેના વંદનનો નિષેધ છે. પણ જો રાજા વિગેરેના છ અભિયોગોને કારણે ભક્તિ વગર દ્રવ્યથી વંદનાદિ કરે, તો સમ્યક્ત્વને અતિચાર લાગતો નથી કે ભંગ થતો નથી. (૯૩૯)

**છ ભાવના :**

**मूलं १ दारं २ पइट्ठाणं ३ आहारो ४ भायणं ५ निही ६ ।**
**दुच्छक्कस्सावि धम्मस्स सम्मत्तं परिकित्तियं ॥ ९४० ॥**

**સમ્યક્ત્વને બાર પ્રકારના શ્રાવકધર્મના (૧) મૂળ, (૨) દ્વાર, (૩) પ્રતિષ્ઠાન, (૪) આધાર, (૫) ભાજન અને (૬) નિધિરૂપ કહ્યું છે.**

**(૧) મૂળ** :– તીર્થંકર ભગવંતોએ પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત, ચાર શિક્ષાવ્રતરૂપી બાર પ્રકારના ચારિત્રધર્મનું આ સમ્યક્ત્વને મૂળ રૂપ કહ્યું છે.

જેમ મૂળ વગરનું ઝાડ પ્રચંડ પવન વડે ધ્રુજતું તરત જ નીચે પડે–એમ ધર્મ-વૃક્ષ પણ મજબૂત એવા સમકિત રૂપ મૂળ વગર વિધર્મીઓ રૂપ પવનથી આંદોલિત થઈને સ્થિરતાને પામતું નથી.

**(૨) દ્વાર** :– પ્રવેશ કરવા માટેનું બારણું, જેમ દરવાજા વગરનું નગર ચારે બાજુ કિલ્લાથી વિંટળાયેલ હોવા છતાં પણ લોકોનું આવાગમન ન થતું હોવાથી નગર રૂપે રહેતું નથી. એમ ધર્મરૂપ મહાનગર પણ સમકિત રૂપી બારણા વગર પામવું અશક્ય છે.

**(૩) પ્રતિષ્ઠાન** (પીઠ) :– જેના ઉપર પ્રાસાદ એટલે મહેલ ટકે તે પીઠ (પ્લીન્થ) કહેવાય, તેથી જે પીઠ સમાન હોય તે પીઠ કહેવાય. જેમ પાણી ન આવે ત્યાં સુધી જમીનમાં પાયો ખોદી તેને પૂર્યા વગર જો મકાન કરાય તો તે સ્થિર થતું નથી. તેમ ધર્મરૂપી મકાન સમ્યક્ત્વ રૂપી પીઠ વગર નિશ્ચલ–સ્થિર થતું નથી.

**(૪) આધાર** :–આધાર એટલે આશ્રય. જેમ પૃથ્વીના આધાર કે આશ્રય વગર આ જગત નિરાલંબન રૂપે રહી શકતું નથી. તેમ ધર્મ રૂપ જગત પણ સમ્યક્ત્વ રૂપ આધાર વગર ટકતું નથી.

**(૫) ભાજન** :–ભાજન એટલે પાત્ર, વાસણ, જેમ કુંડી વિગેરે વાસણ વિશેષ વગર દૂધપાક, ખીર વિગેરે દ્રવ્યનો સમૂહ નાશ પામે છે. તેમ ધર્મદ્રવ્યનો સમૂહ પણ સમકિતરૂપ વાસણ વગર નાશ પામે છે.

**(૬) નિધિ** :– નિધિ એટલે ખાણ જેમ વિશાળ ખાણ, વિના ઘણા મોંઘા મોતી, સોનું વિગેરે દ્રવ્ય મળતું નથી. તેમ સમકિત રૂપ મહાનિધાનને મેળવ્યા વગર નિરુપમ સુખ આપનાર ચારિત્ર ધર્મ પ્રાપ્ત થતું નથી.

આ છ ભાવના વડે ભાવિત થતું સમ્યક્ત્વ વિલંબ વિના નિરુપમ મોક્ષ સુખનું સાધક થાય છે. (૯૪૦)

**છ સ્થાન :–**

**अत्थि य १ मिच्चो २ कुणई ३ कयं च वेएइ ४ अत्थि निव्वाणं ५ ।**
**अत्थि य मोक्खोवाओ ६ छस्सम्मत्तस्स ठाणाइं ॥९४१॥**

**(૧) આત્મા છે (૨) નિત્ય છે (૩) કર્મ કરે છે. (૪) કરેલ કર્મ ભોગવે છે. (૫) મોક્ષ છે. (૬) મોક્ષનો ઉપાય છે. આ સમકિતના છ સ્થાનો છે.**

**(૧) આત્મા છે** :–અસ્તિ એટલે છે. અને ચ શબ્દ એવકાર એટલે "જ" કાર રૂપ હોવાથી એવો અર્થ નીકળે છે, "જીવ છે જ" કેમ કે દરેક પ્રાણીમાં સ્વાનુભવ રૂપ પ્રમાણ પ્રસિદ્ધ ચૈતન્યની પ્રાપ્તિ થાય છે. કહ્યું છે કે :

આ ચૈતન્ય ભૂતોનો ધર્મ (સ્વભાવ) નથી. જો ચૈતન્ય ભૂતોનો સ્વભાવ હોય, તો પૃથ્વીની કઠિનતાની જેમ બધી જગ્યાએ હંમેશા જણાવો જોઇએ. પણ માટીના ઢેફામાં અને મડદામાં ચૈતન્ય જણાતું નથી.

ચૈતન્ય એ ભૂતોનું કાર્ય પણ નથી. અત્યંત વૈલક્ષણ્ય એટલે બિલકુલ જુદા સ્વભાવવાળું હોવાથી જ કાર્ય કારણભાવની પ્રાપ્તિ થતી નથી. પ્રત્યક્ષથી ભૂતો કાઠિન્યાદિ સ્વભાવવાળા જ જણાય છે. જ્યારે ચૈતન્ય તેનાથી જુદા સ્વભાવનું છે, તો પછી ભૂત અને ચૈતન્યનો કાર્યકારણ ભાવ શી રીતે થાય ? માટે ચૈતન્ય એ ભૂતોનો ધર્મ નથી કે ભૂતોનું કાર્ય નથી. દરેક પ્રાણીઓથી અનુભવ સિદ્ધ ચૈતન્ય વિદ્યમાન છે. આથી નક્કી થયું કે આ ચૈતન્ય જેને હોય, તે જીવ છે. આના વડે નાસ્તિક મતનો નિરસન કર્યું.

**(૨) આત્મા નિત્ય છે** :–તે જીવ નિત્ય છે. એટલે ઉત્પત્તિ–નાશ વગરનો છે. કારણ કે જીવને ઉત્પન્ન કરનારા કારણનો અભાવ હોવાથી અને સત્‌નો સર્વથા વિનાશ ન થતો હોવાથી જીવ નિત્ય છે. જીવ જો અનિત્ય હોય, તો બંધ મોક્ષ વગેરે ક્રિયાઓ એકજ જીવ પદાર્થમાં ઘટી શકે નહિં તે આ પ્રમાણે.

જો આત્માને નિત્ય ન સ્વીકારીએ અને આગળ–પાછળની તૂટેલા ક્ષણના અનુસંધાન રૂપ જ્ઞાન ક્ષણ રૂપ જ છે–એમ માનીએ તો કર્મનો બંધ બીજાને થાય અને કર્મનો ક્ષય એટલે મોક્ષ અન્યને થશે, ભૂખ બીજાને લાગે અને તૃપ્ત બીજો થાય, અન્ય અનુભવ કરે તેની સ્મૃતિ બીજાને થાય, ચિકિત્સાની પીડા બીજો અનુભવે અને રોગ રહિત બીજો થાય, તપનું કષ્ટ બીજો અનુભવે અને સ્વર્ગ સુખ બીજો અનુભવે, શાસ્ત્રનો અભ્યાસ બીજો કરે અને શાસ્ત્રનો પાર બીજો પામે–એટલે અતિપ્રસંગ આવતો હોવાથી આ વાત બરાબર નથી. આ પ્રમાણે બૌદ્ધના સિદ્ધાંત રૂપ અંધકારનો નાશ કર્યો.

**(૩) જીવ કર્તા છે :**– તે જીવ કરે છે એટલે કર્તા છે જીવ, મિથ્યાત્વ, અવિરતિ, કષાય વગેરે બંધના કારણોથી જોડાઇને તે તે કર્મોને બાંધે છે. (કરે છે.) જો જીવ કર્મનો કર્તા ન હોય, તો દરેક જીવોમાં જણાતા જુદા-જુદા પ્રકારના સુખ-દુઃખ વિગેરેના અનુભવ તો નહિં થાય તે આ પ્રમાણે.

લોકમાં જે સુખ અથવા દુઃખની વિચિત્રતા જણાય, છે તે સુખ દુઃખાનુભવ રૂપ એ વિચિત્રતા કારણ વગર નથી. જો તે કારણ વગરની હોય, તો હંમેશા સદ્ભાવ અથવા અભાવ માનવાનો પ્રસંગ આવશે.

"नित्यं सत्त्वमसत्त्वं वाऽहेतोरन्यान पेक्षणात्" (પ્રમાણ વાર્તિક ૩/૩૫)

"હેતુ ન હોવાથી, અન્યની અપેક્ષા ન હોવાથી નિત્ય, સત્ત્વ અથવા અસત્ત્વ હોય." એ ન્યાય છે તેથી આ સુખ-દુઃખના અનુભવરૂપ કાર્યમાં જીવના પોતાના કરેલ કર્મ જ કારણ છે, માટે જીવ કર્મોનો કર્તા છે એમ સિદ્ધ થયું અને કાપિલમત એટલે સાંખ્ય મતનું ખંડન થયું.

**પ્રશ્ન :**– આ જીવ સુખનો અભિલાષી છે. ક્યારે પણ પોતે દુઃખની ઇચ્છા કરતો નથી. આ સર્વ સામાન્ય નિયમ છે, હવે જો જીવ પોતાના કર્મોનો કર્તા હોય તો પછી દુઃખ આવે તેવા કર્મો શા માટે કરે છે ?

**ઉત્તર :**– નિરોગપણાને ઇચ્છતો પણ રોગી, રોગથી પરાભવ પામેલ હોવાથી અપથ્ય ક્રિયા ભવિષ્યમાં નુકસાનકારક છે-એમ જાણતો હોવા છતાં પણ જેમ અપથ્ય ક્રિયાને સેવે છે, તેમ આ જીવ પણ મિથ્યાત્વાદિથી પરાભવ પામેલ હોવાથી કંઇક જાણતો હોવા છતાં પણ દુઃખદાયક કર્મોને કરે છે.

**(૪) આત્મા કર્મોનો ભોક્તા છે :**– તે જીવ પોતાના કરેલા શુભાશુભ કર્મોના ફળને પોતે જાતે જ ભોગવે છે. તે અનુભવ લોકવ્યવહાર અને આગમ પ્રમાણ વડે જે રીતે ઘટે છે તે આ પ્રમાણે.

જો જીવ પોતાના કરેલ કર્મોના ફળનો ભોક્તા ન હોય, તો સિદ્ધભગવંત અને આકાશની જેમ તેને સુખ-દુઃખનો અનુભવ ન થાય કેમકે તેમને સુખ-દુઃખના અનુભવમાં કારણભૂત શાતા-અશાતા વેદનીયકર્મોની હાજરી નથી, કારણ કે દરેક પ્રાણીમાં સ્વસંવેદન સિદ્ધ, સુખ અને દુઃખનો અનુભવ જણાય છે. લોકમાં પણ આ જીવ પ્રાયઃ કરી ભોક્તા તરીકે મનાય છે. જેમ કે કોઇક સુખી પુરુષને જોઇ લોકો કહે છે કે "આ પુણ્યશાળી છે. કે જે આવા પ્રકારના સુખને અનુભવે છે." તથા આગમોમાં અને જૈનેતર ગ્રંથોમાં પણ જીવ ભોક્તા તરીકે પ્રસિદ્ધ છે. તે આ પ્રમાણે.

"સર્વ કર્મ (જીવ) પ્રદેશ રૂપે ભોગવે છે. પણ અનુભવ એટલે રસથી ભજના છે." સેંકડો-કરોડો કલ્પે (વર્ષે) પણ કરેલા કર્મ ક્ષય થતાં નથી.

આ વાતમાં લોકપ્રતીત તથા વર્તમાન આગમોમાં કોઈપણ વિવેકદૃષ્ટિવાળાને વિરોધ નથી. કારણ કે વિરોધ કરવાથી કરેલ કાર્ય નિષ્ફળ જવાનો પ્રસંગ આવે, અને તે હકીકત બરાબર નથી. કેમ કે વેપારીઓ કે ખેડૂતો પોતાના કરેલા શુભ-અશુભ કર્મોના ફળને પ્રત્યક્ષ ભોગવતાં જોવામાં આવે છે. માટે નક્કી થયું કે, "આ જીવ પોતાના કરેલા કર્મોને ભોગવનારો છે. આ પદ વડે જીવ અભોક્તા છે. (ભોક્તા નથી) એમ માનનાર દુર્નયનો તિરસ્કાર કર્યો (ખંડન કર્યું"),

**(૫) આત્માનો મોક્ષ છે :–** આ જીવનો મોક્ષ હોય છે એટલે સત્ એવા જીવનો રાગ, દ્વેષ, મદ, મોહ, જન્મ, જરા, રોગ વિગેરે દુઃખોના ક્ષય (નાશ) રૂપ જીવની અવસ્થા વિશેષ સ્વરૂપ મોક્ષ છે. આ વાત કહેવાથી જે બૌદ્ધો કહે છે કે, "દિવાના બૂઝાવા (ઓલવાવા) રૂપ (જીવના) અભાવ સ્વરૂપ નિર્વાણ એટલે મોક્ષ છે." એ વાતનું ખંડન થયું, કેમ કે બૌદ્ધો દિવાની જ્યોતની જેમ જીવના સર્વથા નાશને જ મોક્ષ કહે છે. તે આ પ્રમાણે જણાવે છે કે–

"જેમ દિવો બૂઝાઇ ગયા પછી પૃથ્વીમાં જતો નથી, આકાશમાં જતો નથી. કોઈ દિશાઓમાં કે કોઈ વિદિશાઓમાં પણ જતો નથી. પરંતુ તેલનો ક્ષય થવાથી કેવલ શાંતિને પામે છે. તેમ મોક્ષ પામેલ જીવ પણ પૃથ્વીમાં જતો નથી કે આકાશમાં જતો નથી કે કોઈ દિશાઓમાં કે વિદિશાઓમાં જતો નથી. પરંતુ ક્લેશ નાશ થવાથી ફક્ત શાંતિને પામે છે.

પરંતુ આ માન્યતાથી દીક્ષા વિગેરે પાલનનો પ્રયાસ નિરર્થક થાય છે અને દિવાનું દૃષ્ટાંત અસિદ્ધ છે, તે આ પ્રમાણે છે.

દિવાની જ્યોતનો સર્વથા વિનાશ નથી. પરંતુ પુદ્ગલોની તેવા પ્રકારના પરિણમનની વિચિત્રતાના કારણે જ તે અગ્નિના (જ્યોતના) પુદ્ગલો જે પ્રકાશરૂપ હતા તે અંધકારરૂપને પામે છે. તથા દીવો બૂઝાયે છતે તરત જ અંધકારના પુદ્ગલરૂપ વિકાર ઉત્પન્ન થાય છે તેથી તે દીર્ઘકાળ દેખાતો નથી.

અંજનના રજની જેમ આ અંધકાર સૂક્ષ્મ-સૂક્ષ્મતર પરિણામ સ્વરૂપ હોવાથી પવનવડે હરણ કરાતી અંજન (મેશની) જે કાળી રજ ઉડે છે, તે અભાવથી નહિ પણ સૂક્ષ્મ પરિણામ સ્વરૂપ હોવાથી દેખાતી નથી.

તેથી ઉપરોક્ત સ્વરૂપવાળો દીવો અન્ય પરિણામને પામીને બૂઝાયેલો (નિર્વાણ પામેલો) કહેવાય છે. તેમ કર્મરહિત એવો જીવ પણ ફક્ત અમૂર્ત આત્મ સ્વરૂપ અન્ય પરિણામને પામીને નિર્વાણ પામ્યો કહેવાય છે. એટલે વિદ્યમાન જીવની દુઃખના ક્ષય સ્વરૂપ જીવની જે અવસ્થા તે નિર્વાણ એમ નક્કી થયું.

**(૬) આત્માના મોક્ષનો ઉપાય છે :–** મોક્ષ એટલે નિવૃત્તિ. તેનો ઉપાય એટલે સમ્યક્‌સાધન. તે સમ્યક્‌દર્શન–જ્ઞાન–ચારિત્ર મુક્તિના સાધકરૂપે ઘટે છે, તે આ પ્રમાણે :– બધાયે કર્મોના બંધનનું કારણ મિથ્યાત્વ–અજ્ઞાન–જીવહિંસા વિગેરે છે. માટે તેના વિરોધીરૂપે સમ્યગ્‌દર્શન વિગેરેનો અભ્યાસ પ્રવૃત્તિ સમસ્ત કર્મને ઉખેડવા સમર્થ છે જ. પરંતુ મિથ્યાદર્શનીઓએ કલ્પેલા તે મુક્તિના ઉપાય હિંસાદિ દોષથી કલુષિત હોવાથી સંસારના કારણ છે, આપદ વડે મોક્ષના ઉપાયનો અભાવ છે. એવું પ્રતિપાદન કરનારા દુર્નયનું ખંડન કરવામાં આવ્યું છે.

આત્મા છે વિગેરે આ છ પદો સમ્યક્‌ત્વના ૬ સ્થાનો છે. આ છ સ્થાનોની શ્રદ્ધા હોય, તો જ સમ્યક્‌ત્વ હોય છે. અહિં "આત્મા" છે વિગેરે દરેક સ્થાનોની સિદ્ધિમાં ઘણું કહેવા જેવું છે. પણ ગ્રંથ ગહન (કઠીન રહસ્ય સભર) થવાના કારણે કહ્યું નથી. (૯૪૧)

## ૧૪૯ સમ્યક્‌ત્વના પ્રકાર :–

**एगविह १ दुविह २ तिविहं ३ चउहा ४ पंचविह ५ दसविहं ६ सम्मं ।**
**दव्वाइ कारगाई उवसम मेएहि वा सम्मं ॥ ९४२ ॥**

**એકવિધ, દ્વિવિધ, ત્રિવિધ, ચતુર્વિધ, પંચવિધ, દસવિધ સમ્યક્‌ત્વ હોય છે. તે દ્રવ્ય, કારક, ઉપશમ આદિ ભેદોથી હોય છે.**

એક પ્રકારે, બે પ્રકારે, ત્રણ પ્રકારે, ચાર પ્રકારે, પાંચ પ્રકારે–એમ દશ પ્રકારે સમ્યક્‌ત્વ હોય છે.

તત્વાર્થ શ્રદ્ધારૂપ [1]એક પ્રકારે સમ્યક્‌ત્વ છે જ્યારે દ્વિવિધ વિગેરે ભેદો જણાતા નથી માટે ગાથામાં જણાવ્યા છે.

**બે પ્રકારે સમ્યક્‌ત્વ :–**

દ્રવ્યાદિ ભેદથી બે પ્રકારે છે. "દ્રવ્ય" શબ્દના સૂચન માત્રથી દ્રવ્ય અને ભાવથી એમ બે પ્રકારે છે.

તેમાં દ્રવ્યથી સમ્યક્‌ત્વ તે વિશિષ્ટ વિશુદ્ધિ વડે વિશુદ્ધ કરેલા મિથ્યાત્વના જે પુદ્‌ગલો, તે દ્રવ્યસમકિત છે અને વિશિષ્ટ વિશુદ્ધિના આલંબને ઉત્પન્ન થયેલ જિનેશ્વર ભગવંતે કહેલ તત્ત્વ ઉપર રુચિ, તે રૂપ જીવનો પરિણામ, તે ભાવસમ્યક્‌ત્વ છે.

દ્વિવિધ સમ્યક્‌ત્વ અન્ય પ્રકારે પણ છે તે આ પ્રમાણે.

નિશ્ચયસમ્યક્‌ત્વ અને વ્યવહારસમ્યક્‌ત્વ, પૌદ્‌ગલિકસમ્યક્‌ત્વ અને અપૌદ્‌ગલિક-સમ્યક્‌ત્વ, નૈસર્ગિકસમ્યક્‌ત્વ અને અધિગમિકસમ્યક્‌ત્વના ભેદોથી પણ બે પ્રકારે છે.

---

૧. તે ગાથામાં જણાવ્યું (કહ્યું) નથી. તો પણ ઉપાધિભેદની વિવક્ષા ન કરી હોવાથી સામાન્ય રૂપથી જણાય છે.

**નિશ્ચય વ્યવહાર સમ્યક્ત્વ :–**

દેશ, કાળ અને સંઘયણને અનુરૂપ યથાશક્તિ, યથાવત્ સંયમાનુષ્ઠાન રૂપ સંપૂર્ણ સાધ્વાચારના પાલનરૂપ જે મૌન, તે નિશ્ચયસમ્યક્ત્વ છે,

વ્યવહારસમ્યક્ત્વ ફક્ત ઉપશમ વિગેરે લિંગોથી લક્ષણો જણાતા આત્માના શુભ પરિણામ રૂપ જ નથી. પણ સમ્યક્ત્વના કારણરૂપ, જે અરિહતના શાસનનો રાગ આદિ પણ છે, કારણ કે કારણોમાં કાર્યનો ઉપચાર કરવા વડે સમ્યક્ત્વ મનાય છે, તે કારણો પણ પરંપરાએ શુદ્ધચિત્તવાળાને અપવર્ગ એટલે મોક્ષના કારણરૂપ થાય છે. કહ્યું છે, કે જે મૌન એટલે મુનિપણું તે જ સમ્યક્ત્વ છે અને જે સમ્યક્ત્વ છે તે, જ મૌન મુનિપણું છે. આ જ નિશ્ચયસમ્યક્ત્વ છે. વ્યવહારનયના મતે સમ્યક્ત્વ અને સમ્યક્ત્વના કારણો પણ સમ્યક્ત્વ છે.

જૈનશાસનમાં વ્યવહારનય પણ પ્રમાણરૂપ છે, કેમ કે તેના આધારે જ તીર્થ પ્રવર્તે છે. તે વ્યવહારનય જો ન હોય, તો તીર્થવિચ્છેદનો પ્રસંગ ઉપસ્થિત થાય છે. કહ્યું છે, કે–

જો જિનમતને સ્વીકારતા હો, તો વ્યવહાર અને નિશ્ચયને છોડતાં નહીં. કેમ કે વ્યવહારનયનો ઉચ્છેદ (નાશ) કરવાથી તીર્થ એટલે શાસનનો નાશ અવશ્ય થાય છે.

**પૌદ્ગલિકસમ્યક્ત્વ :–** મિથ્યાત્વ સ્વભાવ જેમાંથી દૂર કર્યો છે, તે સમ્યક્ત્વ પુંજના પુદ્ગલોના વેદન સ્વરૂપ ક્ષાયોપશમિકસમ્યક્ત્વ તે પૌદ્ગલિક છે.

**અપૌદ્ગલિક સમ્યક્ત્વ :–** મિથ્યાત્વ, મિશ્ર અને સમકિત મોહનીય રૂપ–દર્શન મોહનીયના પુદ્ગલોનો સર્વથા ક્ષય કે ઉપશમ થવાથી ઉત્પન્ન થયેલ કેવલ જીવના જ પરિણામરૂપ ક્ષાયિક કે ઔપશમિક સમકિત, તે અપૌદ્ગલિક સમ્યક્ત્વ છે.

નૈસર્ગિક અને આધિગમિક સમ્યક્ત્વનું વર્ણન આગળ કહેશે.

**ત્રણ પ્રકારે સમ્યક્ત્વ :–**કારક, રોચક અને દિપક–એમ ત્રણ પ્રકારે સમ્યક્ત્વ છે. તે ત્રણ પ્રકારનું સમ્યક્ત્વ બીજા પ્રકારે પણ છે, તે ઔપશમિક, ક્ષાયિક અને ક્ષાયોપશમિક.

**ચાર પ્રકારે સમ્યક્ત્વ :–** ક્ષાયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક અને સાસ્વાદન ભેદે–એમ સમ્યક્ત્વ ચાર પ્રકારે છે.

**પાંચ પ્રકારે સમ્યક્ત્વ :–** ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, સાસ્વાદન અને વેદક–એમ પાંચ પ્રકારે સમ્યક્ત્વ છે.

**દશ પ્રકારે સમ્યક્ત્વ :–** આ પાંચે ભેદો નિસર્ગ અને અધિગમના ભેદથી દશ પ્રકારે છે.

**પ્રશ્ન :**– સમ્યક્ત્વના દ્વિવિધ વિગેરે ભેદો શી રીતે કહ્યા છે ?

**ઉત્તર :**– અવિપરીતપણે આગમમાં કહેલ તે પ્રકારે સમ્યક્ત્વના ભેદ કહ્યા છે, પણ પોતાની બુદ્ધિની કલ્પનાથી નથી કહ્યા. (૯૪૨)

હવે આ જ ગાથાને સ્પષ્ટ કરે છે.

**एगविहं सम्मरुई १ निसग्गऽभिगमेहि २ तं भवे दुविहं ।**
**तिविहं तं खइयाई ३ अहवावि हु कारगाईहिं ॥ ९४३ ॥**

**(૧) સમ્યક્રુચિ રૂપ એક પ્રકારે (૨) નિસર્ગ અને અધિગમ એમ બે પ્રકારે. (૩) ક્ષાયિક વિગેરે ભેદે અથવા કારક વિગેરે ભેદે ત્રણ પ્રકારે સમકિત કહેલ છે.**

**એક પ્રકારે :**– ઉપાધિ ભેદોની વિવક્ષા વગરનું જે સમકિત, તે એક પ્રકારે સમકિત છે. તે સમ્યગ્રુચિ રૂપે છે.

સમ્યગ્ એટલે અજ્ઞાન, સંશય, વિપર્યાસના ત્યાગપૂર્વક "આ જ તત્ત્વ છે." એવા નિશ્ચયપૂર્વક જિનેશ્વર ભગવંતે કહેલા જીવાદિ પદાર્થો પર અભીપ્રીતિ એટલે જે રાગ, તે સમ્યગ્રુચિ કહેવાય. તાત્પર્ય એ છે કે જિનેશ્વરે કહ્યા પ્રમાણે તત્વાર્થ શ્રદ્ધારૂપ સમ્યક્ત્વ એક પ્રકારે છે.

**બે પ્રકારે :**– નિસર્ગ અને અધિગમ વડે સમ્યક્ત્વ બે પ્રકારે છે. તેમાં નિસર્ગ એટલે ગુરુઉપદેશ વિગેરે કારણોથી નિરપેક્ષપણે જે સ્વાભાવિક સમ્યક્ત્વ પેદા થાય છે, તે નિસર્ગસમકિત. જેમ નારક વિગેરેને થાય છે.

અધિગમ એટલે ગુરુના ઉપદેશ વિગેરે કારણોના લીધે જે સમ્યત્ક્વ થાય, તે અધિગમ સમકિત. તીર્થંકર વિગેરેના ઉપદેશ વગર પોતાની મેળે જ જીવને કર્મોનો ઉપશમ વિગેરે થવાથી જે સમકિત ઉત્પન્ન થાય, તે નિસર્ગ સમકિત છે. તીર્થંકર વિગેરેના ઉપદેશ, જિનપ્રતિમાના દર્શન વિગેરે બાહ્યનિમિત્તના આલંબનથી કર્મનો ઉપશમ વિગેરે થવાથી જે સમકિત ઉત્પન્ન થાય, તે અધિગમ સમક્તિ કહેવાય છે.

**ત્રણ પ્રકારે :**– ક્ષાયિક વિગેરે ભેદે અથવા કારક વિગેરે ભેદથી સમ્યક્ત્વ છે. (૯૪૩)

હવે ક્ષાયિક ક્ષાયોપશમીકની વ્યાખ્યા કરે છે :–

**सम्मत्तमीसमिच्छत्तकम्मक्खयओ भणंति तं खइयं ।**
**मिच्छत्तखओवसमा खाओवसमं ववइसंति ॥ ९४४ ॥**

**ગાથાર્થ :**– સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય, મિથ્યાત્વમોહનીય કર્મના ક્ષયથી જે થાય, તે ક્ષાયિકસમકિત કહેવાય છે. અને મિથ્યાત્વમોહનીયના ક્ષયોપશમથી જે થાય તે ક્ષયોપશમ સમકિત કહેવાય છે.

સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય અને મિથ્યાત્વમોહનીયકર્મના ક્ષયથી જે સમકિત ઉત્પન્ન થાય, તેને ક્ષાયિકસમકિત તીર્થંકર, ગણધરો કહે છે. ત્રણે પ્રકારના દર્શનમોહનીયનો મૂળથી નાશ થવાથી એટલે ક્ષય થવાથી થયેલ જે સમકિત, તે ક્ષાયિકસમકિત કહેવાય. આનો ભાવાર્થ આ પ્રમાણે છે.

ચાર અનંતાનુબંધિ કષાયના ક્ષય થયા પછી મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય અને સમકિતમોહનીયરૂપ ત્રણે દર્શન મોહનીયકર્મ પુંજ એટલે ઢગલીઓનો સર્વથા ક્ષય થવાથી ક્ષાયિક સમકિત થાય છે. તથા ઉદયમાં આવેલ મિથ્યાત્વમોહનીયકર્મના ક્ષયથી અને ઉદયમાં ન આવેલ કર્મના ઉપશમથી સમ્યક્ત્વ પ્રાપ્તિરૂપ અને અટકાવી દીધેલ મિથ્યાત્વના ઉદય સ્વરૂપને ક્ષાયોપશમિક સમ્યક્ત્વ કહે છે.

ઉદયમાં આવેલ જે મિથ્યાત્વમોહનીય છે, તેને વિપાકોદયરૂપે ભોગવીને નિર્જરે એટલે ક્ષય કરે. અને જે બાકી સત્તામાં રહેલ છે. પણ ઉદયમાં આવ્યું નથી તેને ઉપશમાવે છે ઉપશાંત એટલે જેના ઉદયને અટકાવ્યો છે, અને મિથ્યાત્વસ્વભાવને દૂર કર્યો છે તે મિથ્યાત્વ અને મિશ્રમોહના પુંજના ઉદયને અટકાવી દીધેલ છે અને શુદ્ધ પૂંજાશ્રયી મિથ્યાત્વસ્વભાવને દૂર કર્યો છે. એ પ્રમાણે અર્થ થયો.

આ પ્રમાણે ઉદયમાં આવેલ મિથ્યાત્વનો ક્ષય કરવાથી અને ઉદયમાં ન આવેલાનો ઉપશમ કરવાથી થયેલ તથા જેનો રસ તૂટી ગયો છે એવા શુદ્ધ પુંજરૂપ મિથ્યાત્વ પણ ક્ષાયોપશમિક સમ્યક્ત્વ કહેવાય છે. અતિ સ્વચ્છ વસ્ત્ર જેમ આંખને આવરણ કરનારું થતું નથી, તેમ શુદ્ધ થયેલ મિથ્યાત્વમોહનીયના પુદ્ગલો યથાવસ્થિત તત્ત્વરુચિરૂપ અધ્યવસાય સ્વરૂપ સમ્યક્ત્વને આવરણ કરનારા થતા નથી. આથી તે મિથ્યાત્વ પુદ્ગલો પણ ઉપચારથી સમ્યક્ત્વ કહેવાય છે. (૯૪૪.)

**मिच्छत्तस्स उवसमा उवसमयं तं भणंति समयन्नू ।**
**तं उवसमसेढीए आइमसम्मत्तलाभे वा ॥९४५॥**

**સિદ્ધાંતને જાણનારા મિથ્યાત્વમોહનીયના ઉપશમને ઔપશમિક સમકિત કહે છે. તે ઉપશમ શ્રેણીમાં અને પ્રથમ સમકિત પામતી વખતે હોય છે.**

મિથ્યાત્વમોહનીય કર્મનો પ્રદેશોદય અને વિપાકોદય એ બંને પ્રકારના ઉદયને રાખથી ઢંકાયેલ અગ્નિની જેમ રોકવો તે ઉપશમ કહેવાય. તેને જ સિદ્ધાંતને જાણનારાઓ ઔપશમિકસમ્યક્ત્વ કહે છે. તે સમકિત ઉપશમશ્રેણીમાં જેઓએ ઉપશમશ્રેણી માંડી હોય, તેવા જીવોને અનંતાનુબંધી ચાર તથા દર્શનત્રિકનો ઉપશમ કરવાથી હોય છે.

**પ્રશ્ન :–** આ સમકિત ઉપશમશ્રેણિમાં રહેલા ને જ હોય છે ?

**ઉત્તર :–** ના, અનાદિ મિથ્યાદષ્ટિ જીવને જે પ્રથમસમ્યક્ત્વનો લાભ થાય ત્યારે ઉપશમ સમકિત હોય છે.

અનાદિ મિથ્યાદષ્ટિ જીવ, આયુષ્ય કર્મ છોડી સાત કર્મપ્રકૃતિઓને અનાભોગ એટલે અનુપયોગપણે થયેલ યથાપ્રવૃત્તિ કરણ વડે દરેક પ્રકૃતિની સ્થિતિને ખપાવતા ખપાવતા પલ્યોપમનો અસંખ્યાત ભાગ ન્યૂન એક કોડાકોડી સાગરોપમ પ્રમાણની સ્થિતિ પ્રાપ્ત થાય, ત્યાં સુધી ખપાવે છે.

કહ્યું છે કે मन्नइ करणं तु परिणामो–કરણ એટલે પરિણામ એ વચનાનુસારે અધ્યવસાય વિશેષરૂપ અપૂર્વકરણ વડે અતિગાઢ મજબૂત રાગદ્વેષરૂપ પરિણામથી બનેલ વજ્ર-પથ્થર જેવી કોઇથી ભેદાય નહિ એવી કર્મની ગાંઠને ભેદે છે–તોડે છે. તે તોડીને જીવ અનિવૃત્તિકરણમાં પ્રવેશ કરે છે અને તે અનિવૃત્તિકરણમાં દરેક સમયે વિશુદ્ધિને પામતો તે કર્મોને જ સતત ખપાવતો અને ઉદયમાં આવેલ મિથ્યાત્વને ભોગવતો, ઉદયમાં ન આવેલ તે મિથ્યાત્વનું ઉપશમરૂપ અંતર્મુહૂર્તકાળ પ્રમાણનું અંતરકરણ કરે છે. તેની વિધિ આ પ્રમાણે છે.

અંતઃકરણ સ્થિતિમાંથી દલિકો લઇ લઈને પહેલી અને બીજી સ્થિતિમાં નાંખે છે. એ પ્રમાણે જ્યાં સુધી સંપૂર્ણ બધું અંતઃકરણ દલિક ક્ષય ન થાય, ત્યાં સુધી દરેક સમયે નાંખે. અંતર્મુહૂર્ત કાળમાં સંપૂર્ણ દલિકનો ક્ષય થાય છે. ત્યારબાદ તે અનિવૃત્તિકરણ પુરુ થયે છતે અને ઉદયમાં આવેલ મિથ્યાત્વનો ક્ષય થયે છતે, તથા ઉદયમાં ન આવેલને પરિણામની વિશુદ્ધિ વિશેષથી ઉદય રોકવા દ્વારા જીવ ઉખર ભૂમિ સરખા મિથ્યાત્વ-વિવરને પામી ઔપશમિકસમ્યક્ત્વને પામે છે. અને તેમાં રહેલ જીવ સત્તામાં રહેલ મિથ્યાત્વને શુદ્ધ કરી, ત્રણ પુંજરૂપે અવશ્ય સ્થાપે છે. જેમ મિણ પાયેલ કોદરાને કોઈક ઔષધ દ્વારા શુદ્ધ કરે, ત્યારે શુદ્ધ કરતાં કેટલાક કોદરા શુદ્ધ થાય, કેટલાક અડધા જ શુદ્ધ થાય અને કેટલાક જરાપણ શુદ્ધ થતા નથી–એ પ્રમાણે જીવપણ અધ્યવસાય વિશેષથી જિનવચન રુચિમાં પ્રતિબંધક અશુભ રસને નાશ કરવા વડે મિથ્યાત્વને શુદ્ધ કરે છે, તેને શુદ્ધ કરતાં તે મિથ્યાત્વના શુદ્ધ, અર્ધશુદ્ધ અને અશુદ્ધ–એમ ત્રણ પ્રકાર થાય છે. તેમાં શુદ્ધ પુંજરૂપ ભાગ સર્વજ્ઞધર્મનો સમ્યક્ સ્વીકારમાં અપ્રતિબંધક એટલે વિઘ્ન કરનાર ન હોવાથી ઉપચારથી સમ્યક્ત્વપુંજ કહેવાય છે. બીજો અર્ધશુદ્ધરૂપ ભાગ મિશ્રપુંજ કહેવાય છે. તેના ઉદયમાં જિનધર્મ પ્રત્યે ઉદાસીનતા જ હોય છે.

અશુદ્ધ પુંજમાં અરિહંત આદિ પ્રત્યે મિથ્યાપ્રતિપત્તિ એટલે સુદેવ તરીકે તેમનો સ્વીકારભાવ ન થતો હોવાથી મિથ્યાત્વપુંજ કહેવાય છે. આ પ્રમાણે અંતરકરણ વડે અંતર્મુહૂર્ત કાળ સુધી ઔપશમિકસમ્યક્ત્વનો અનુભવ કરીને, ત્યારબાદ જીવ નિયમા ક્ષયોપશમ સમ્યક્ત્વી કે મિશ્રદષ્ટિ કે મિથ્યાદષ્ટિ થાય છે. આ કર્મગ્રંથકારનો મત છે.

સિદ્ધાંતનો મત આ પ્રમાણે છે. કોઈક અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવ ગ્રંથિ ભેદ કરી તેવા પ્રકારના તીવ્ર પરિણામવાળો અપૂર્વકરણ પર આરૂઢ થઈ મિથ્યાત્વ મોહનીયના ત્રણ પુંજ કરે છે. કહ્યું છે કે—

'अपुव्वेण तिपुंजं मिच्छत्तं कुणइ कुद्दवोवमया' ત્યારપછી અનિવૃત્તિકરણના બળથી શુદ્ધપુંજના પુદ્ગલોને ભોગવતો, ઔપશમિકસમ્યક્ત્વને પામ્યા વગર જ પ્રથમથી જ ક્ષયોપશમિક સમ્યગ્દૃષ્ટિ થાય છે. અને કોઈ જીવ યથાપ્રવૃત્તિકરણ વગેરે ત્રણ કરણના ક્રમપૂર્વક અંતરકરણમાં ઔપશમિક સમ્યક્ત્વ પામે છે. પરંતુ ત્રણ પુંજ કરતો જ નથી. ત્યાર પછી ઔપશમિક સમકિતથી પડી અવશ્ય મિથ્યાત્વે જ જાય છે.

**પ્રશ્ન** :– ઔપશમિક સમકિતમાં ક્ષાયોપશમિક સમ્યક્ત્વથી કઈ વિશેષતા છે? કેમકે બંનેમાં અવિશેષ એટલે સામાન્યથી ઉદયમાં આવેલ મિથ્યાત્વનો ક્ષય અને અનુદયમાં રહેલનો ઉપશમ કહ્યો છે.

**ઉત્તર** :– વિશેષતા છે. ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાં મિથ્યાત્વનો પ્રદેશોદય હોય છે જ્યારે ઔપશમિક સમ્યક્ત્વમાં પ્રદેશોદય પણ હોતો નથી. બીજા આચાર્યો કહે છે કે,

ઉપશમ શ્રેણીમાં રહેલ ઔપશમિક સમકિતમાં પ્રદેશોદય હોતો નથી પણ બીજા એટલે સમકિત પામતી વખતના ઔપશમિક સમકિતમાં પ્રદેશોદય નથી એમ નથી. છતાં પણ ત્યાં આગળ સમ્યક્ત્વના અણુઓના ભોગવટાનો અભાવ એજ વિશેષતા છે. (૯૪૫.)

**હવે કારક, રોચક, દીપક સમ્યક્ત્વ ક્રમસર કહે છે.**

**विहिआणुट्ठाणं पुण कारगमिह रोयगं तु सद्दहणं ।**
**मिच्छद्दिट्ठी दीवइ जं तत्ते दीवगं तं तु ॥९४६॥**

**આગમોક્ત અનુષ્ઠાન કરવું તે કારક. અને તેની સદ્દહણા એટલે શ્રદ્ધા કરવી તે રોચક, મિથ્યાદૃષ્ટિ જે તત્ત્વને દિપાવે એટલે કહે તે દીપક સમકિત છે.**

**કારક**:—સમ્યક્ત્વ વિચારમાં આગમમાં વિહિત એટલે કહેલ જે અનુષ્ઠાન કરવું તે કારકસમ્યક્ત્વ કહેવાય છે. આનો ભાવાર્થ આ પ્રમાણે છે :— જે પરમવિશુદ્ધિરૂપ સમ્યક્ત્વ હોતે છતે સૂત્રમાં જે પ્રમાણે અનુષ્ઠાન કહ્યું છે, તેને દેશ, કાળ, સંઘયણાનુસારે શક્તિ છુપાવ્યા વગર તે પ્રમાણે કરે. તેથી સદનુષ્ઠાનને કરાવે છે એટલે તે કારક કહેવાય. આ સમ્યક્ત્વ સાધુઓને જાણવું.

**રોચક**:—શ્રદ્ધા માત્ર રૂપ રોચકસમ્યક્ત્વ છે. આનો ભાવ એ છે, કે જે સમ્યક્ત્વ સદનુષ્ઠાનોને ફક્ત રુચાડે જ—ગમાડે જ પણ તે અનુષ્ઠાનો કરાવે નહિ. તેવા પ્રકારની વિશુદ્ધિના સદ્ભાવથી આગમોક્ત અનુષ્ઠાન ગમાવે તે રોચક કહેવાય. જેમ શ્રેણિક વગેરેને.

**દીપક :–** જે પોતે અંગારમર્દકાચાર્ય વગેરેની જેમ મિથ્યાદૃષ્ટિ કે અભવ્ય હોય અને ધર્મકથાથી માયાપૂર્વક અનુષ્ઠાન કરવા દ્વારા અથવા કોઈક અતિશય વડે, જિનોક્ત કોઈક તત્ત્વોને દિપાવે એટલે બીજા આગળ તેનો પ્રકાશ કરે, પ્રગટ કરે તેથી, તે મિથ્યાત્વીને દીપકસમ્યક્ત્વ કહેવાય છે.

**પ્રશ્ન :–** પોતે મિથ્યાદૃષ્ટિ હોય અને તેને સમ્યક્ત્વ શી રીતે કહેવાય ? વિરોધ ન આવે ?

**ઉત્તર :–** તે મિથ્યાદૃષ્ટિનો પણ જે પરિણામ વિશેષ છે તે જ સમકિત સ્વીકારનારને સમ્યક્ત્વના કારણ રૂપે થાય છે. કારણમાં કાર્યના ઉપચારથી સમ્યક્ત્વ કહેવાય છે. જેમ ઘીને આયુષ્ય કહેતા કોઈ દોષ લાગતો નથી. (૯૪૬.)

**હવે ચાર પ્રકારે સમ્યક્ત્વ કહે છે.**

खइयाई सासायणसहियं तं चउविहं तु विन्नेयं ।
तं सम्मुत्तब्भंसे मिच्छत्ताऽऽपत्तिरूवं तु ॥९४७॥

**ક્ષાયિકાદિ ત્રણને સાસ્વાદન સહિત કરતા ચાર પ્રકારે સમ્યક્ત્વ જાણવું તે સમકિતથી પડયા બાદ અને મિથ્યાત્વ પ્રાપ્ત ન થયું હોય ત્યારે હોય છે.**

ક્ષાયિક વગેરે ત્રણ સમ્યક્ત્વને સાસ્વાદન સાથે મેળવતા ચાર પ્રકારે સમ્યક્ત્વ જાણવા. તે સાસ્વાદનસમકિત, અનંતાનુબંધી કષાયના ઉદયથી ઔપશમિકસમ્યક્ત્વથી ભ્રષ્ટ થયા પછી જીવને જ્યારે હજુ મિથ્યાત્વ પ્રાપ્ત ન થયું હોય ત્યારે જાણવું. આનો ભાવાર્થ આ પ્રમાણે છે :–

અંતરકરણમાં ઔપશમિકસમ્યક્ત્વના કાળે જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી છ આવલિકા કાળ બાકી હોય, ત્યારે કોઈક જીવને અનંતાનુબંધીકષાયનો ઉદય થાય છે તેથી તે કષાયોદયના કારણે ઔપશમિક સમ્યક્ત્વથી પડનારને હજુ સુધી મિથ્યાત્વ પ્રાપ્ત થયું નથી ત્યારે જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી છ આવલિકા કાળ પ્રમાણ સાસ્વાદન સમ્યક્ત્વ હોય છે. ત્યારબાદ આ જીવ નિયમામિથ્યાત્વના ઉદયથી મિથ્યાદૃષ્ટિ થાય છે. (૯૪૭.)

**હવે પાંચ પ્રકારે સમ્યક્ત્વ કહે છે.**

वेययसंजुत्तं पुण एयं चिय पंचहा विणिद्दिट्ठं ।
सम्मत्तचरिमपोग्गलवेयणकाले तयं होइ ॥९४८॥

**ઉપરોક્ત ચારે પ્રકારના સમ્યક્ત્વો સાથે વેદકસમ્યક્ત્વ ભેળવતા પાંચ પ્રકારે સમ્યક્ત્વ કહ્યા છે. તે વેદકસમ્યક્ત્વ, સમકિત મોહના છેલ્લા પુદ્ગલોના ભોગવટા કાળે હોય છે.**

વીતરાગ ભગવંતોએ ઉપરોક્ત ચારે પ્રકારના સમ્યક્ત્વમાં વેદક ભેળવતા સમ્યક્ત્વના પાંચ પ્રકાર કહ્યા છે, તે વેદકસમ્યક્ત્વ, સમ્યક્ત્વ મોહનીય પુંજ ઘણો ક્ષય થયા પછી

તેના છેલ્લા પુદ્ગલના ભોગવટાના કાળે હોય છે. સમ્યક્ત્વના પુદ્ગલોને જે ભોગવે–અનુભવે તે વેદક. તે વેદકથી એટલે અનુભવનારથી સમકિત અભિન્ન હોવાના કારણે સમ્યક્ત્વ પણ વેદક કહેવાય. અથવા જેમ આહારાય તે આહારક તેમ જે વેદાય તે વેદક.

આનો ભાવાર્થ આ પ્રમાણે છે, ક્ષપકશ્રેણી સ્વીકારનાર અનંતાનુબંધી કષાય ચતુષ્ક ખપાવી મિથ્યાત્વ અને મિશ્રપુંજને પણ સંપૂર્ણ ક્ષય કરી નાંખે પછી સમ્યક્ત્વના પુંજની પણ ઉદીરણા કરી કરીને ભોગવવા વડે ખપાવતા ઉદીરણા પૂરી થાય પછી છેલ્લો ભાગ બાકી હોતે છતે હજુ પણ જે કેટલાક સમકિતમોહના પુંજના પુદ્ગલોને, ભોગવતો (વેદતો) હોવાથી તેને વેદકસમ્યક્ત્વ ઉત્પન્ન થાય છે.

**પ્રશ્ન :–** જો વેદક સમકિત આ પ્રકારનું છે, તો ક્ષાયોપશમિકથી આમાં શું વિશેષતા છે? કારણ સમકિતપુંજના પુદ્ગલોનો ભોગવટો તો બંને જગ્યાએ સમાન છે.

**ઉત્તર :–** સાચી વાત છે. પરંતુ આ વેદકસમ્યક્ત્વ સંપૂર્ણ ઉદયમાં આવેલા પુદ્ગલોને ઉદયમાં અનુભવનારને કહ્યું છે. જ્યારે આ ક્ષયોપશમસમ્યક્ત્વ, જેમને સમ્યક્ત્વ મોહનીયના પુદ્ગલો ઉદયમાં આવ્યા છે અને ઉદયમાં નથી આવ્યા તેવાને હોય છે. આ વિશેષતા છે. બાકી વાસ્તવિક પણે તો વેદક પણ ક્ષાયોપશમિક જ છે. કારણ કે છેલ્લા ભાગમાં બાકી રહેલા પુદ્ગલોનો ક્ષય થતો હોવાથી અને છેલ્લા ભાગમાં રહેલા પુદ્ગલોનો મિથ્યાસ્વભાવ દૂર થવા રૂપ ઉપશમનો સદ્ભાવ હોવાથી ક્ષયોપશમ જ છે. (૯૪૮.)

**હવે દશ પ્રકારે સમ્યક્ત્વ કહે છે.**

**एयं चिय पंचविहं निस्सग्गाभिगमभेयओ दसहा ।**
**अहवावि निसग्गरुई इच्चाइ जमागमे भणिअं ॥९४९॥**

**આગળ કહેલા પાંચ પ્રકારોને નિસર્ગ અને અભિગમ એમ બે ભેદે ગુણતાં દસ પ્રકાર થાય છે. અથવા આગમમાં કહેલ નિસર્ગરુચિ વિગેરે જાણવા.**

ઉપર આગળ કહેલા પાંચ પ્રકારના સમ્યક્ત્વનો નિસર્ગ અને અધિગમ એ બે ભેદોવડે ગુણતા દશ પ્રકાર થાય છે. ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔપશમિક, સાસ્વાદન અને વેદક આ દરેકના નિસર્ગથી પાંચ ભેદ અને અધિગમથી પાંચ ભેદ–એમ દસભેદ થાય છે. અથવા એટલે બીજી રીતે નિસર્ગરુચિ, ઉપદેશરુચિ, વગેરે ભેદે દસ પ્રકારો પ્રજ્ઞાપના વગેરે આગમોમાં કહ્યા છે. (૯૪૯.)

**तहाहि–निस्सग्गु १ वएसरुई २ आणरुई ३ सुत्त ४ बीयरुईमेव ५ ।**
**अहिगम ६ वित्थारुई ७ किरिया ८ संखेव ९ धम्मरुई १० ॥९५०॥**

**નિસર્ગરુચિ, ઉપદેશરુચિ, આજ્ઞારુચિ, સૂત્રરુચિ, બીજરુચિ, અધિગમ-રુચિ, વિસ્તારરુચિ, ક્રિયારુચિ, સંક્ષેપરુચિ, ધર્મરુચિ,**

૧. **નિસર્ગરુચિ :–** નિસર્ગ એટલે સ્વભાવરુચિ, જિનકથિત તત્ત્વની અભિલાષા. સ્વભાવિકપણે જિનકથિત તત્ત્વની અભિલાષા જેમને હોય, તે નિસર્ગરુચિ.

૨. **ઉપદેશરુચિ:**-ઉપદેશ એટલે ગુરુ વગેરેએ કહેલ તત્ત્વવડે જે રુચિ ઉત્પન્ન થાય, તે ઉપદેશરુચિ.

૩. **આજ્ઞારુચિ:**–સર્વજ્ઞ વચનરૂપ આજ્ઞામાં જેની રુચિ એટલે અભિલાષા, તે આજ્ઞારુચિ.

૪. **સૂત્રરુચિ :–** આચારાંગ વગેરે અંગપ્રવિષ્ટ સૂત્ર અને આવશ્યક–દશવૈકાલિક વગેરે અંગ બાહ્ય સૂત્રવડે જેને રુચિ થાય, તે સૂત્રરુચિ.

૫. **બીજરુચિ :–** બીજની જેમ એકપણ વચન ( પદ ) અનેક અર્થનો બોધ કરાવનારુ થાય, તે વચનવડે જેને રુચિ થાય, તે બીજરુચિ.

૬. **અધિગમરુચિ :–** વિશિષ્ટ પરિજ્ઞાન જાણકારી. તેના વડે જેને રુચિ થાય, તે અધિગમરુચિ

૭. **વિસ્તારરુચિ :–** વિસ્તારપૂર્વક સમસ્ત દ્વાદશાંગીની નયોવડે જે વિચારણા, તે વિસ્તાર. આ વિસ્તારવડે ભાવિત થયેલ રુચિ જેને હોય, તે વિસ્તારરુચિ.

૮. **ક્રિયારુચિ :–** સમ્યક્ સંયમાનુષ્ઠાનરુપ ક્રિયામાં જેને રુચિ હોય, તે ક્રિયારુચિ.

૯ **સંક્ષેપરુચિ :–** સંક્ષેપ એટલે સંગ્રહ, વિસ્તૃત અર્થની જાણકારીના અભાવથી જેને સંગ્રહ (સંક્ષેપ)માં રુચિ હોય, તે સંક્ષેપરુચિ.

૧૦. **ધર્મરુચિ :–** ધર્મ એટલે અસ્તિકાયધર્મ અથવા શ્રુતધર્મ વગેરેમાં જેને રુચિ હોય, તે ધર્મરુચિ.

અહિં જે સમ્યક્ત્વને જીવથી અનન્યત્વરુપે એટલે અભેદરુપે કહ્યું છે, તે ગુણ અને ગુણવાનનો કથંચિતપણે અનન્યત્વભાવ એટલે અભેદ ભાવ છે તે જણાવવા માટે કહ્યું છે. ૯૫૦.

હવે ગ્રંથકાર જાતે જ આ પદોને વિસ્તારથી કહે છે.

૧. નિસર્ગરુચિ :–

जो जिणदिट्ठे भावे चउव्विहे सद्दहेइ सयमेव ।
एमेव नन्नहत्ति य स निसग्गरुइत्ति नायव्वो ॥९५१॥

**જિનેશ્વરોએ જોયેલ ભાવોને ચાર પ્રકારે પોતે જાતે જ જે શ્રદ્ધા કરે કે ‘ આ આ પ્રમાણે જ છે એમાં કંઇ અન્યથા નથી ’ તેને આ નિસર્ગરુચિ જાણવી.**

જે જિનદૃષ્ટિ એટલે તીર્થંકરોએ જાણેલા જીવાદિ પદાર્થોને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના ભેદે અથવા નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવના ભેદે ચાર પ્રકારે બીજાના ઉપદેશની

અપેક્ષા વગર જાતેજ એટલે જાતિસ્મરણ, પ્રતિભાથી સ્વયમેવ જે શ્રદ્ધા કરે. તે કેવી રીતે શ્રદ્ધા કરે છે, તે કહે છે. આ જીવાદિ પદાર્થો જિનેશ્વરોએ જે પ્રમાણે જોયા છે તે પ્રમાણે જ છે પણ અન્યથા પ્રકારે નથી' આ નિસર્ગરુચિ કહેવાય એમ જાણવું. (૯૫૧.)

૨. ઉપદેશરુચિ :–

एए चेव उ भावे उवइट्ठे जो परेण सद्दहइ ।
छउमत्थेण जिणेण व उवएसरुइत्ति नायव्वो ॥९५२॥

**જિન કે છદ્મસ્થરૂપ બીજા વડે ઉપદેશ કરાયેલ આજ ભાવોને જે શ્રદ્ધા કરે, તે ઉપદેશરુચિ છે–એમ જાણવું.**

છદ્મસ્થ કે જિનેશ્વરોએ ઉપદેશ કરેલા જીવાદિ પદાર્થોને શ્રદ્ધા કરે, તહત્તિ કરી સ્વીકારે, તે ઉપદેશરુચિ જાણવા.

છાદન કરે એટલે ઢાંકે તે છદ્મ કહેવાય. તે છદ્મ ચાર ઘાતિકર્મરૂપ છે, તે ચાર ઘાતિકર્મોમાં જે રહ્યા હોય, તે છદ્મસ્થ કહેવાય. જેમને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું નથી તે છદ્મસ્થ. રાગ વગેરે જેણે જીત્યા છે તે જિન કહેવાય. જેને કેવળજ્ઞાન ઉત્પન્ન થયેલ છે. તે તીર્થંકર વગેરે જિન કહેવાય. ગાથામાં પ્રથમ છદ્મસ્થપદ જણાવ્યો છે તે જિનાવસ્થાની પૂર્વે છદ્મસ્થ અવસ્થા હોય છે તે જણાવવા માટે તથા છદ્મસ્થ ઉપદેશકોની પ્રચુરતા વધુ હોય છે. તે જણાવવા પ્રથમ છદ્મસ્થ પદ મૂક્યું છે. (૯૫૨.)

૩. આજ્ઞારુચિ :–

रागो दोसो मोहो अन्नाणं जस्स अवगयं होइ ।
आणाए रोयंता सो खलु आणारुई नाम ॥ ९५३ ॥

**જેના રાગદ્વેષ, મોહ, અજ્ઞાન નાશ થયા છે તેને આજ્ઞાવડે જે રુચિ થાય, તે આજ્ઞારુચિ છે,**

અભિષ્વંગ એટલે આસક્તિરૂપ રાગ અપ્રીતિરૂપ દ્વેષ, બાકીની મોહનીયની પ્રકૃત્તિરૂપ મોહ તથા મિથ્યાજ્ઞાનરૂપ અજ્ઞાન, જેના દૂર થયા છે. અહીં સર્વથા રાગાદિનું દૂર થવું અસંભવ હોવાથી જેના દેશથી એટલે કંઇક રાગાદિ દૂર થયા છે. તેને ફક્ત તીર્થંકર વગેરેની આજ્ઞાવડે જ કુગ્રહના અભાવથી સિદ્ધાંતમાં કહેલ પદાર્થોને માષતુષ વગેરેની જેમ તહત્તિ કરે–સ્વીકારે તેને આજ્ઞારુચિરૂપે સ્વીકારવો. (૯૫૩.)

૪. સૂત્રરુચિ :–

जो सुत्तमहिज्जंतो सुएणमोगाहई उ सम्मत्तं ।
अंगेण बाहिरेण व सो सुत्तरुइत्ति नायव्वो ॥ ९५४ ॥

**જે આગમ સૂત્રને ભણતો તે જ આચારાંગાદિ અંગપ્રવિષ્ટ તથા આવશ્યકાદિ અંગ બાહ્ય સૂત્રવડે સમ્યક્ત્વને પામે તે સૂત્રરુચિ જાણવો–**

ગાથામાં તુ અક્ષર અધિક અર્થનો સૂચક હોવાથી સૂત્રને ભણતાં ભણતાં પ્રસન્ન પ્રસન્નતર એટલે શુભશુભતર અધ્યવસાયવાળો ગોવિંદ વાચકની જેમ સૂત્રરુચિ સમકિતી છે એમ જાણવું. (૯૫૪.)

**૫. બીજરુચિ :–**

**एगपएडणेगाइं पयाइं जो पसरई उ सम्मत्ते ।**
**उदएव्व तिल्लबिंदू सो बीयरुईत्ति नायव्वो ॥९५५॥**

**પાણીમાં તેલના બિંદુની જેમ એક પદ વડે અનેક પદોમાં જે સમકિત એટલે શ્રદ્ધા વ્યાપે (ફેલાવે) તે બીજરુચિ જાણવો.**

જીવ વગેરે કોઈપણ એક પદાર્થ જાણવા વડે અનેક જીવ વગેરે પદાર્થોમાં જે સમ્યક્ત્વ એટલે શ્રદ્ધા ફેલાય, તે સૂત્રરુચિ કહેવાય. અહિ ધર્મ અને ધર્મીના અભેદ ઉપચારથી આત્મા સમ્યક્ત્વવાળો થઈ રુચિ રૂપે વ્યાપે છે.

જ્યારે पयरई उ सम्मते એવો પાઠ હોય ત્યારે એક પદ વિષયકસમ્યક્ત્વ હોય છે તે તે અનેક પદાર્થોમાં રૂચિરૂપે જ સારી રીતે ફેલાય છે. એ પ્રમાણે અક્ષરાર્થ થાય છે ગાથામાં 'तु' શબ્દ અવધારણ અર્થમાં છે એટલે 'પ્રસરે જ છે.' એવો અર્થ થાય છે. પાણીના એક ભાગમાં તેલનું ટીંપુ પડ્યું હોય તે આખા (સંપૂર્ણ) પાણીમાં ફેલાય છે તેવી રીતે તત્ત્વના એકભાગમાં ઉત્પન્ન થયેલા રુચિ વડે આત્મા તેવા પ્રકારના ક્ષયોપશમના કારણે સમસ્ત તત્ત્વોમાં રુચિવાન થાય છે. આવા પ્રકારનો સમકિતી બીજરુચિવાળો જાણવો. જેમ એકબીજ અનેકબીજોની ઉત્પત્તિનું કારણ છે તેમ આનો પણ રુચિ વિષય બીજી અનેક રુચિઓની ઉત્પત્તિના કારણ રૂપ થાય છે. (૯૫૫.)

**૬. અભિગમરુચિ :–**

**सो होइ अहिगमरुई सुयनाणं जस्स अत्थओ दिट्ठं ।**
**एक्कारस अंगाइं पइन्नगा दिट्ठिवाओ य ॥९५६॥**

**જેને આચારાંગ વગેરે અગ્યારઅંગો, ઉત્તરાધ્યયન, નંદિ સૂત્ર વગેરે.**

પ્રકીર્ણકો, (પયન્ના) દૃષ્ટિવાદ પરિકર્મ સૂત્ર વગેરે શ્રુતજ્ઞાનને અર્થથી જોયા છે, જાણ્યા છે તેને અધિગમ રુચિ સમ્યક્ત્વ થાય છે. દૃષ્ટિવાદનો અંગસૂત્રમાં સમાવેશ થતો હોવા છતાં તેની પ્રધાનતા બતાવવા માટે ગાથામાં અલગ ગ્રહણ કરાયું છે. ગાથામાં કહેલ 'च' શબ્દથી ઔપપાતિક વગેરે ઉપાંગો પણ સમજી લેવા. (૯૫૬.)

## ૭. વિસ્તારરુચિ :

दव्वाण सव्वभावा सव्वपमाणेहिं जस्स उवलद्धा ।
सव्वाहिं नयविहीहिं वित्थाररुई मुणेयव्वो ॥९५७॥

**સર્વ પ્રમાણો વડે અને સર્વનયવિધિઓ વડે દ્રવ્યોના સર્વભાવોને જેને પ્રાપ્ત કર્યા છે-જાણ્યા છે તેને વિસ્તાર રુચિ જાણવો.**

ધર્માસ્તિકાય વગેરે બધાયે દ્રવ્યોના પણ તથા તેના સર્વભાવો એટલે પર્યાયોને પ્રત્યક્ષ વગેરે બધાયે પ્રમાણો વડે જેને પ્રાપ્ત કર્યા છે. એટલે જે પ્રમાણનો જ્યાં ઉપયોગ (પ્રયોગ) હોય, તે પ્રમાણવડે જ પદાર્થ જાણે તથા નૈગમ વગેરે સર્વેનયોના ભેદવડે એટલે આ ભાવ આ નય વડે, આ ભાવ આ નયને ઇચ્છે છે એ રીતે સર્વ દ્રવ્ય–પર્યાયોને વિસ્તાર વડે જાણવાથી જેની રુચિ અતિ નિર્મલ થઈ હોય, તેને વિસ્તારરુચિ જાણવો. (૯૫૭)

## ૮. ક્રિયારુચિ:

नाणे दंसणचरणे तवविणए सव्वसमिइगुत्तीसु ।
जो किरियाभावरुई सो खलु किरियारुई नाम ॥९५८॥

**જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વિનય, સર્વસમિતિ, ગુપ્તિરૂપ ક્રિયાઓમાં ભાવથી રુચિ હોય તેને ક્રિયારુચિ કહેવાય.**

જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વિનય તથા ઇર્યાસમિતિ વગેરે સમિતિ, મનગુપ્તિ વગેરે સર્વ ગુપ્તિઓ, સત્ય એટલે નિરુપચરિત વાસ્તવિક સમિતિગુપ્તિ અથવા અવિસંવાદિ યોગરૂપ હોય તે સમિતિ ગુપ્તિરૂપ ક્રિયાઓમાં જે ભાવથી રુચિ એટલે જ્ઞાનાચાર વગેરે ક્રિયામાં ભાવથી જેને રુચિ હોય, તેને જ ક્રિયારૂચિસમ્યક્ત્વ કહેવાય.

અહીં તપ વગેરેનો ચારિત્રમાં અંતર્ભાવ થતો હોવા છતાં ફરીવાર વિશેષરૂપ લીધા છે. તે તપ વિગેરે મોક્ષના અંગ રૂપે છે એમ જણાવવા માટે લીધા છે. (૯૫૮)

## ૯. સંક્ષેપરુચિ :–

अणभिग्गहियकुदिट्ठी संखेवरुइत्ति होइ नायव्वो ।
अविसारओ पवयणे अणभिग्गहिओ य सेसेसुं ॥९५९॥

**અનભિગૃહિત એટલે કુદર્શનનો જેણે સ્વીકાર નથી કર્યો. તથા જિન-પ્રવચનમાં અવિશારદ છે. અને બીજાઓ કપિલ વગેરેમાં પણ જે અનભિ-ગૃહિત છે તે સંક્ષેપરુચિ જાણવો.**

જેને બૌદ્ધ વિગેરે દર્શનનો સ્વીકાર કર્યો નથી તથા જિન પ્રરૂપિત સિદ્ધાંત પ્રવચનમાં અવિશારદ હોય અને કપિલ વગેરેએ કહેલ શાસ્ત્રોમાં પણ જે અનભિગૃહિત હોય એટલે મુખ્ય ઉપાદેય જ્ઞાનરૂપે ગ્રહણ ન કરે, તે અનભિગૃહિત.

આગળ કહેલ અનભિગૃહિત કુદૃષ્ટિવડે બીજા દર્શનના સ્વીકારનો નિષેધ કર્યો છે. અને આ અનભિગૃહિત વડે અન્યદર્શન સંબંધિત જ્ઞાનમાત્રનો પણ નિષેધ કર્યો છે–એ બંને અનભિગૃહિત વચ્ચે તફાવત છે. આનું તાત્પર્ય એ છે કે ઉપરોક્ત વિશેષણવાળો જીવ સંક્ષેપથી ચિલાતીપુત્રની જેમ ઉપશમ વગેરે ત્રણ પદો વડે તત્ત્વરુચિને પામે છે. તે સંક્ષેપરુચિ કહેવાય. (૯૫૯)

**૧૦. ધર્મરુચિ :–**

**जो अत्थिकायधम्मं सुयधम्मं खलु चरित्तधम्मं च ।**
**सद्दहइ जिणाभिहियं सो धम्मरुइत्ति नायव्वो ॥९६०॥**

**જે જીવ તીર્થંકરોએ કહેલ અસ્તિકાયના ધર્મને, શ્રુતધર્મને અને ચારિત્ર ધર્મને સદ્દહે–તહત્તિ કરી સ્વીકારે, તે ધર્મરુચિ જાણવો.**

જે જીવ તીર્થંકરોએ કહેલ અસ્તિકાયો વગેરે એટલે ધર્માસ્તિકાય વગેરેનો ધર્મ એટલે ગતિ સહાયક વગેરે સ્વભાવ, અંગપ્રવિષ્ટ વગેરે આગમરૂપ શ્રુતધર્મ, સામાયિક વગેરે ચારિત્રધર્મને તહત્તિ કરી સ્વીકારે, શ્રદ્ધા કરે તેને ધર્મરુચિ જાણવો.

અહીં આગળ આ પ્રમાણે ઉપાધિભેદથી સમ્યક્ત્વના ભેદો કહ્યા છે, તે શિષ્યની બુદ્ધિના વિકાસ માટે કહ્યા છે. નહીં તો નિસર્ગ અને ઉપદેશમાં અથવા અધિગમ વગેરે કોઈમાં કેટલાકનો અંતર્ભાવ છે જ.

ઉપરોક્ત ક્ષાયિક વગેરે ત્રણ સમકિતો પ્રસંગાનુસારે નારક વગેરે જીવોમાં વિચારે છે. (૯૬૦)

**आईपुढवीसु तीसुं खय १ उवसम २ वेयगं ३ च सम्मत्तं ।**
**वेमाणियदेवाणं पणिंदितिरियाण एमेव ॥९६१॥**
**सेसाण नारयाणं तिरियत्थीणं च तिविहदेवाणं ।**
**नत्थि ह खइयं सम्मं अन्नेसिं चेव जीवाणं ॥९६२॥**

**પહેલી ત્રણ પૃથ્વીમાં ક્ષાયિક, ઔપશમિક અને વેદકસમકિત હોય છે. તથા વૈમાનિકદેવોને અને પંચેન્દ્રિય તિર્યંચોને પણ આ જ ત્રણ હોય છે, બાકીના નારકો, તિર્યંચ સ્ત્રીઓ અને ત્રણ પ્રકારના દેવોને ક્ષાયિક સમકિત હોતું નથી. આ સિવાયના બીજા જીવોને સમકિત હોતું નથી.**

રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા–આ ત્રણ પહેલી નારક પૃથ્વીઓમાં सूत्रस्य सूचकत्वात् ન્યાયાનુસારે खय–उवसम–वेयग પદ પરથી ક્ષાયિક, ઔપશમિક અને વેદક-સમ્યક્ત્વ હોય છે.

અહીં આગળ જેમાં શુદ્ધસમ્યક્ત્વ પુંજના પુદ્ગલો વેદાય અનુભવાય, તે વેદક–ક્ષાયોપશમિક સમ્યક્ત્વ કહેવાય છે. ઔપશમિક ક્ષાયિકસમ્યક્ત્વમાં તો પુદ્ગલવેદન–ભોગવટાનો બિલકુલ અભાવ છે. જે ખપાવા સમ્યક્ત્વપુંજ પુદ્ગલના છેલ્લા ભાગરૂપ જે વેદકસમ્યક્ત્વ આગળ કહ્યું છે, તેને અહીં ક્ષયોપશમથી અલગ ન ગણ્યું કારણ કે પુદ્ગલ ભોગવટાની પ્રક્રિયા બંનેમાં સમાન હોવાથી ક્ષયોપશમસમકિતમાં જ વેદક-સમકિતનો અંતર્ભાવ થાય છે, તેથી આ પ્રમાણે ભાવાર્થ થાય છે.

પહેલી ત્રણ નરક પૃથ્વીઓમાં રહેલા નારકોને ક્ષાયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક, ત્રણ સમ્યક્ત્વ હોય છે. તે આ પ્રમાણે જે અનાદિ મિથ્યાદૃષ્ટિ નારક પ્રથમ સમ્યક્ત્વ પામે છે ત્યારે તેને અંતરકરણકાળે અંતર્મુહૂર્તકાળ પ્રમાણનું ઔપશમિક સમકિત હોય છે.

ઔપશમિક સમ્યક્ત્વ પછી શુદ્ધ સમકિત પુંજના પુદ્ગલોને ભોગવતા તેને ક્ષાયો-પશમિકસમ્યક્ત્વ થાય છે. મનુષ્ય, તિર્યંચમાંથી જે ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ નારકોમાં ઉત્પન્ન થાય છે. તેમને પારભવિક (પરભવ સંબંધી) ક્ષયોપશમસમકિત હોય છે.

સૈદ્ધાંતિક મતે કોઇક વિરાધિત સમ્યક્ત્વવાળો સમ્યક્ત્વ સાથે છઠ્ઠી નરક સુધી ઉત્પન્ન થાય છે.

કાર્મગ્રંથિક મતે તો, વૈમાનિકદેવ સિવાય બીજા સ્થાને તિર્યંચ અથવા મનુષ્યો ક્ષયોપશમસમ્યક્ત્વના વમનપૂર્વક ઉત્પન્ન થાય છે. પણ સમ્યક્ત્વ યુક્ત નહીં. જ્યારે કોઈક મનુષ્ય નરકાયુનો બંધ કરીને પછી ક્ષપકશ્રેણીને આરંભે ત્યારે તે બદ્ધાયુ હોવાથી તેને પૂર્ણ કરતો નથી ફક્ત દર્શનસપ્તકને ખપાવી ક્ષાયિક સમકિત પામે છે. ત્યારપછી જ્યારે મનુષ્યાયુ પૂર્ણ થાય ત્યારે મરીને નરકોમાં ઉત્પન્ન થાય છે. તે વખતે પહેલી ત્રણ નરકોના નારકોને પારભવિક ક્ષાયિકસમકિત હોય છે. પરંતુ તદ્ભવ સંબંધિત નથી હોતું. કારણ કે મનુષ્યભવમાં જ મનુષ્ય તેના આરંભ કરનારા હોય છે. તથા વૈમાનિકદેવોને અને 'पणिंदि तिरियाणं' એ પદના વ્યાખ્યાનથી વિશેષ જાણકારી આ છે, કે–પંચેંદ્રિય, તિર્યંચો અને મનુષ્યો સંખ્યાતવર્ષાયુવાળાને જ આગળ કહ્યા પ્રમાણે ત્રણે સમ્યક્ત્વો હોય છે.

વૈમાનિકદેવોને ઔપશમિકસમકિત નારકોની જેમ જાણવું. ક્ષાયોપશમિક તો ઔપશમિક સમકિત પછીના કાળે થનારુ હોવાથી તદ્ભવ સંબંધી પણ હોય છે. જે ક્ષાયોપશમિક સમકિતી તિર્યંચ કે મનુષ્ય હોય છે. તેઓ વૈમાનિકોમાં જ ઉત્પન્ન થાય છે. તેમને પરભવ સંબંધિત ક્ષાયોપશમિકસમકિત કહેવાય.

મનુષ્યો, સંખ્યાત વર્ષાયુ અને અસંખ્યાત વર્ષાયુ-એમ બે પ્રકારે છે. તેમાં સંખ્યાત વર્ષાયુવાળા મનુષ્યોને ઔપશમિકસમ્યક્ત્વ આગળ કહ્યા પ્રમાણે પ્રથમ સમ્યક્ત્વ પ્રાપ્તિ વખતે હોય છે. અથવા ઉપશમશ્રેણિમાં હોય છે. તે ઔપશમિકસમ્યક્ત્વના કાળ પછી તો તદ્ભવ સંબંધી ક્ષાયોપશમિકસમકિત હોય છે. ક્ષાયોપશમિકસમકિતી દેવો વગેરેની મનુષ્યોમાં જ ઉત્પત્તિ હોવાથી પારભવિક ક્ષાયોપશમિક સમકિત મનુષ્યોને હોય છે.

ક્ષાયિકસમકિત મનુષ્યોને ક્ષપકશ્રેણીમાં તદ્ભવ સંબંધિત હોય છે. દેવો અને નારકોની ઉત્પત્તિ મનુષ્યોમાં જ થતી હોવાથી પરભવ સંબંધિત ક્ષાયિકસમકિત મનુષ્યોને હોય છે.

અસંખ્ય વર્ષાયુવાળા મનુષ્યોને ઔપશમિક અને ક્ષાયિકસમકિત નારકોની જેમ જાણવું. ક્ષાયોપશમિકસમકિત, ઔપશમિક કાળ પછી થનારું હોવાથી આગળ પ્રમાણે તદ્ભવ સંબંધિત હોય છે. પરભવ સંબંધિત ક્ષયોપશમસમકિત અસંખ્ય વર્ષાયુવાળા મનુષ્યોને હોતું નથી. કારણ કે ક્ષાયોપશમ સમ્યક્ત્વવાળા તિર્યંચ મનુષ્યો તો વૈમાનિકોમાં જ ઉત્પન્ન થાય છે, બીજે નહિ. જેમને મિથ્યાદષ્ટિ અવસ્થામાં આયુ બાંધ્યુ હોવાથી અસંખ્ય વર્ષાયુવાળા મનુષ્યોમાં ઉત્પન્ન થાય તો પણ તેઓ મરણ વખતે મિથ્યાત્વે જઈને એમનામાં ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે પારભવિક ક્ષાયોપશમિક સમ્યક્ત્વ એમને પ્રાપ્ત થતું નથી એમ કાર્મગ્રન્થિકો કહે છે.

સિદ્ધાંતકારોના મતે ક્ષાયોપશમિકસમકિત સહિત પણ બદ્ધાયુવાળા કેટલાક મનુષ્ય અસંખ્ય વર્ષાયુવાળા મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે એમને પરભવ સંબંધી ક્ષાયોપશમિકસમ્યક્ત્વ હોય છે. અસંખ્ય વર્ષાયુવાળા તિર્યંચોને અસંખ્ય વર્ષાયુવાળા મનુષ્યોની જેમ ત્રણે સમકિત હોય છે.

બાકીના એટલે પહેલી ત્રણ નરક પૃથ્વી સિવાયના પંકપ્રભા વગેરે નીચેની ચાર નરકના નારકો, અસંખ્યાત વર્ષાયુવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચો તથા તેમની સ્ત્રીઓ તથા ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી–એમ ત્રણ પ્રકારના દેવોને ક્ષાયિકસમકિત હોતું નથી. ક્ષાયિકસમકિતના પ્રારંભક સંખ્યાત વર્ષાયુવાળા મનુષ્યો જ હોય છે. આથી એમને તદ્ભવ સંબંધિત ક્ષાયિકસમકિત હોતું નથી. તથા ક્ષાયિકસમ્યગ્દષ્ટિઓની એઓમાં ઉત્પત્તિ થતી ન હોવાથી આ પારભવિક ક્ષાયિકસમકિત પણ હોતું નથી પરંતુ ઔપશમિક અને ક્ષાયોપશમિકસમકિત હોય છે.

આ સિવાયના બીજા જીવોને સમ્યક્ત્વ જ હોતું નથી. આનો ભાવ આ પ્રમાણે છે. એકેન્દ્રિય, બેઇંદ્રિ, તેઇંદ્રિય, ચૌરિંદ્રિ, અસંજ્ઞી પંચેદ્રિયોને તદ્ભવ કે પરભવની અપેક્ષાએ આ ત્રણમાંથી એક પણ સમ્યક્ત્વ હોતું નથી. સાસ્વાદનસમ્યક્ત્વ, બાદરપૃથ્વીકાય. બાદરઅપ્કાય, બાદરવનસ્પતિકાય, બેઇંદ્રિય, તેઇન્દ્રિય, ચૌરેંદ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયને અપર્યાપ્ત અવસ્થામાં પારભવિક હોય છે. પર્યાપ્તસંજ્ઞી પંચેન્દ્રિયમાં તો તદ્ભવિક પણ હોય છે.

સૂક્ષ્મ એકેન્દ્રિયોમાં તથા બાદર તેઉકાય, વાયુકાયમાં લેશ પણ સમ્યક્ત્વવાળાની ઉત્પત્તિનો અભાવ હોવાથી સાસ્વાદનસમકિત હોતું નથી. આ કર્મગ્રંથિક મત છે.

સિદ્ધાંતના મતે તો પૃથ્વીકાય વગેરે એકેન્દ્રિયોને સાસ્વદનસમકિત હોતું નથી. પ્રજ્ઞાપનામાં કહ્યું છે કે पुढविकाइयाणं पुच्छा गोयमा, पुढविकाइया नो सम्मदिट्ठी मिच्छादीट्ठी, नो सम्मामिच्छादिट्ठी एवं जाव वणस्सइकाइया । ( પદ ૧૯ સૂ. ૧૪૦૨ ) પૃથ્વીકાયની પૃચ્છા હે ગૌતમ ! પૃથ્વીકાયિકો સમ્યગ્દષ્ટિ નથી. મિથ્યાદષ્ટિ છે. સમ્યગ્મિથ્યાદષ્ટિ નથી. એ પ્રમાણે વનસ્પતિકાય સુધી જાણવું. (૯૬૧–૯૬૨ )

## ૧૫૦. કુલકોટી સંખ્યા

बारस सत्त य तिन्नि य सत्त य कुलकोडिसयसहस्साइं ।
नेया पुढविदगागणिवाऊणं चेव परिसंखा ॥९६३॥
कुलकोडिसयसहस्सा सत्तट्ठ य नव य अट्ठवीसं च ।
बेइंदियतेइंदियचउरिंदियहरियकायाणं ॥ ९६४ ॥
अद्धत्तेरस बारस दस दस नव चेव सयसहस्साइं ।
जलयरपक्खिचउप्पयउरभुयसप्पाण कुलसंखा ॥९६५॥
छव्वीसा पणवीसा सुरनेरइयाण सयसहस्साइं ।
बारस य सयसहस्सा कुलकोडीणं मणुस्साणं ॥९६६॥
एगा कोडाकोडी सत्ताणउई भवे सयसहस्सा ।
पन्नासं च सहस्सा कुलकोडीणं मुणेयव्वा ॥९६७॥

૧. બારલાખ પૃથ્વીકાયની, ૨. સાતલાખ અપ્કાયની, ૩. ત્રણલાખ અગ્નિકાયની, ૪. સાતલાખ વાયુકાયની, ૫. સાતલાખ બેઇંદ્રિયની, ૬. આઠલાખ તેઇંદ્રિયની, ૭. નવલાખ ચૌરિન્દ્રિયની, ૮. અઠાવીસલાખ સમસ્ત વનસ્પતિકાયની, ૯. મગર માછલા વગેરે જળમાં ફરનારા જળચરોની સાડાબારલાખ, ૧૦. મોર કાગડા વગેરે પક્ષીઓની બારલાખ, ૧૧. ગધેડા હાથી વગેરે ચતુષ્પદોની દસલાખ, ૧૨. સાપ વગેરે ઉરપરિસર્પની દસલાખ, ૧૩. ઘો, નોળિયા વગેરે ભુજપરિસર્પની નવલાખ, ૧૪, ભવનપતિ વગેરે સમસ્ત દેવોની છવ્વીસલાખ, ૧૫. નારકોની પચ્ચીસલાખ અને ૧૬. મનુષ્યોની બારલાખ કુલકોટિ છે.

ઉપરોકત કુલકોટિની કુલ્લેસંખ્યા એક કરોડ સત્તાણુંલાખ પચાસહજાર (૧,૯૭,૫૦૦૦૦) જાણવી. (૯૬૩–૯૬૭)

## ૧૫૧. યોનિસંખ્યા

पुढविदगअगणिमारुये एक्केक्के सत्त जोणिलक्खाओ ।
वणपत्तेय अणंते दस चउदस जोणिलक्खाओ ॥९६८॥
विगलिंदिएसु दो दो चउरो चउरो य नारयसुरेसुं ।
तिरिएसु होंति चउरो चउदस लक्खा उ मणुएसु ॥९६९॥

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ–એ દરેકની સાત–સાતલાખ, પ્રત્યેક વનસ્પતિની દસલાખ, અનંતકાય વનસ્પતિની ચૌદલાખ, વિકલેંદ્રિયની બે–બે લાખ, નારકની ચારલાખ, દેવતાની ચારલાખ, તિર્યંચ પંચેન્દ્રિયની ચાર લાખ, મનુષ્યની ચૌદલાખયોનિ છે.

યોનિ શબ્દ યુ–મિશ્રણે એ ધાતુના આધારે થયો છે. બીજા ભવના પરિવર્તન વખતે તૈજસ–કાર્મણ શરીરવાળો જીવ, ઔદારિક વગેરે શરીર યોગ્ય પુદ્ગલ સ્કંધો સાથે જ્યાં આગળ મિશ્ર થાય, તે સ્થાનને યોનિ કહેવાય છે. અથવા જીવોનું જે ઉત્પતિસ્થાન તે યોનિ કહેવાય.

પૃથ્વી, અપ્, અગ્નિ, વાયુ–આ દરેકની સાત–સાતલાખ યોનિ છે, તે આ પ્રમાણે સાતલાખ પૃથ્વીકાય, સાતલાખ અપ્કાય, સાતલાખ અગ્નિકાય, સાતલાખ વાયુકાય.

વનસ્પતિકાય પ્રત્યેક અને અનંતકાય–એમ બે પ્રકારે છે તેમાં દસલાખ પ્રત્યેક વનસ્પતિકાય, ચૌદલાખ અનંત વનસ્પતિકાયની યોનિ છે.

બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરિંદ્રિયરૂપ વિકલેંદ્રિયની દરેકની બે–બે લાખ યોનિ છે. ચારલાખયોનિ નારકોની, ચારલાખ દેવોની, ચારલાખ તિર્યંચ પંચેંદ્રિયની અને ચૌદલાખયોનિ મનુષ્યોની છે. સર્વસંખ્યા મેળવતા એટલે કુલ્લે ચોર્યાસીલાખ (૮૪૦૦૦૦૦) યોનિ થાય છે.

અનંતા જીવોના ઉત્પત્તિ સ્થાનો અનંતા હોવા જોઇએ એમ ન કહ્યું. કારણ કે, જીવોને સામાન્યથી આધારભૂત જે લોક છે તે પણ અસંખ્યાત પ્રદેશરૂપ જ છે અને વિશેષાધારરૂપ સ્થાનો જેવા કે નરક, નિષ્કુટ, દેવશય્યા, પ્રત્યેક સાધારણ વનસ્પતિકાયના શરીરો પણ અસંખ્યાતા જ છે તેથી અનંતા જીવો હોવાં છતાં એમના ઉત્પત્તિસ્થાનો અસંખ્યાતા જ હોય ભલે ત્યારે અસંખ્યાતા ઉત્પત્તિસ્થાનો હો એમ કહો તો પણ બરાબર નથી. કારણકે કેવલિભગવંતે જોયેલા કોઇક વર્ણ વગેરે ધર્મના સરખાપણાના કારણે ઘણા સ્થાનો પણ એક જ યોનિરૂપે મનાય છે. તેથી અનંતા જીવોની પણ કેવલિ ભગવંતની વિવક્ષાએ વર્ણ વગેરેની સમાનતાના કારણે અરસપરસ એકબીજામાં અંતરભાવ થતો હોવાથી ચોર્યાસીલાખ સંખ્યારૂપ જ યોનિઓ થાય છે, વધારે ઓછી નહિ. (૯૬૮–૯૬૯)

**समवन्नाइसमेया बहवोऽवि हु जोणिलक्खभेयाओ ।**
**सामन्ना घिप्पंतिह एक्कगजोणीइ गहणेणं ॥९७०॥**

**સમાનવર્ણાદિ યુક્ત ઘણા લાખોયોનિ ભેદો હોવા છતાં તેમને સામાન્યથી એક જ યોનિરૂપે ગ્રહણ કરાય છે.**

સમાનવર્ણ વગેરેવાળા એટલે એક સરખા વર્ણ, ગંધ, રસ સ્પર્શવાળા ઘણા લાખો યોનિના ભેદો પણ સામાન્યથી એક જ યોનિની જાતિરૂપે ગ્રહણ કરાય છે. વ્યક્તિ ભેદે ઘણા ભેદો હોવા છતાં પણ એક સરખા વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, હોવાના કારણે સામાન્યથી એક જ યોનિ ગણાય છે.

**પ્રશ્ન :**—યોનિ અને કુલમાં શું તફાવત છે?

**ઉત્તર :**— જીવોનું ઉત્પત્તિસ્થાન તે યોનિ છે. જે વિંછી વગેરેની યોનિ છાણુ વગેરે છે. અને યોનિમાંથી ઉત્પન્ન થતા કુલ છે. એટલે એક જ યોનિમાં અનેક કુલો હોય. જેમ છાણુરૂપ યોનિમાં કરમિયાનું કુલ પણ હોય, કીડાનું કુલ પણ હોય, વિંછીનું કુલ પણ હોય વગેરે અથવા છાણુ આદિ એક યોનિમાં ઉત્પન્ન થયેલા પણ તે જ વિંછી વગેરેના કાબર ચિત્તરા, લાલ વગેરે વર્ણભેદથી અનેક પ્રકારના કુલો હોય છે.

## યોનિના અન્ય પ્રકાર-૧. શીત આદિ પ્રકાર

હવે પ્રજ્ઞાપના વગેરે આગમાનુસારે યોનિવિષયક બીજો વિશેષ વિષય બતાવે છે. જેમ શીતયોનિ, ઉષ્ણુયોનિ, મિશ્રયોનિ. એમ ત્રણુ પ્રકારે યોનિ છે. તેમાં નારકોની શીત અને ઉષ્ણુયોનિ છે. પહેલી ત્રણુ પૃથ્વીમાં ઉષ્ણુવેદના હોવાથી ત્યાં શીતયોનિ છે. ચોથીમાં ઘણા ઉપરના ઉષ્ણુવેદનાવાળા નરકાવાસોમાં શીતયોનિ છે. અને નીચેના થોડા શીતવેદનાવાળા નરકાવાસોમાં ઉષ્ણુયોનિ છે. પાંચમી પૃથ્વીમાં ઘણા શીતવેદનાવાળા નરકાવાસોમાં ઉષ્ણુયોનિ છે. અને થોડા ઉષ્ણુવેદનાવાળા નરકાવાસોમાં શીતયોનિ છે. છઠ્ઠી અને સાતમી પૃથ્વીમાં શીતવેદનાવાળા નારકોને યોનિ ઉષ્ણુ જ છે.

શીતયોનિવાળાને ઉષ્ણુવેદના અધિક પીડે છે. અને ઉષ્ણુયોનિવાળાને શીતવેદના વધારે પીડે છે. નારકોને જેમ પીડા વધુ થાય તેમ પ્રાયઃકરી દરેક વસ્તુ પરિણમે છે. તેથી વેદનાક્રમથી ઉલટી રીતે યોનિક્રમ સંભવે છે.

દેવો, ગર્ભજ તિર્યંચો અને મનુષ્યોને શીતોષ્ણુરૂપ મિશ્રસ્વભાવવાળી યોનિ હોય છે. જે એકાંતે શીત નથી તેમજ ઉષ્ણુ પણ નથી. પરંતુ અનુષ્ણુ, અશીત તેમનું ઉપપાત ક્ષેત્ર એટલે ઉત્પત્તિ સ્થાન છે—એમ ભાવ છે.

પૃથ્વીકાય. અપ્કાય. વાયુકાય, વનસ્પતિકાય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરિંદ્રિય, સંમૂર્ચ્છિમ, તિર્યંચ પંચેન્દ્રિય, સંમૂર્ચ્છિમ મનુષ્યના ઉત્પત્તિસ્થાનો શીતસ્પર્શવાળા, ઉષ્ણુસ્પર્શવાળા, અને મિશ્રસ્પર્શવાળા હોય છે. એ તેઓની ત્રણુ પ્રકારે યોનિ છે. કેટલાકની શીત, કેટલાકની ઉષ્ણુ, અને કેટલાકની, મિશ્રયોનિ હોય છે.

અગ્નિકાયની ઉષ્ણુયોનિ જ હોય છે. કારણુ કે ઉષ્ણુસ્પર્શથી પરિણુત ક્ષેત્રોમાં જ તેઓની ઉત્પત્તિ છે.

### ૨. સચિત્તઆદિ પ્રકાર:—

સચિત્ત, અચિત્ત અને મિશ્ર—એમ ત્રણુ પ્રકારે પણ યોનિ છે, તેમાં નારક અને દેવોની અચિત્ત યોનિ છે. કેમ કે તેઓનું ઉત્પત્તિનું સ્થાન કોઈ પણ જીવ વડે ગ્રહણુ કરાયેલું ન હોવાથી અચેતન છે. જો કે સૂક્ષ્મ એકેન્દ્રિયો સમસ્ત લોકમાં ફેલાયેલા હોવા

છતાં, તેના પ્રદેશો સાથે ઉત્પત્તિ સ્થાનના પુદ્ગલો એકબીજામાં મળી જવારૂપ સંબંધવાળા નથી, તેથી તેમને અચિત્તયોનિ છે.

એકેન્દ્રિય, બેઈંદ્રિય, તેઈંદ્રિય. ચૌરિંદ્રિય, સંમૂર્ચ્છિમ તિર્યંચ અને મનુષ્યોની ત્રણે પ્રકારની યોનિ હોય છે.

જીવતી ગાય વગેરેમાં ઉત્પન્ન થયેલા કરમીયા વગેરેની સચિત્તયોનિ છે. અચિત્ત લાકડા વગેરેમાં ઉત્પન્ન થતા ઘુણા વગેરેની અચિત્તયોનિ છે સચિત્ત–અચિત્ત એવા લાકડા, ગાય વગેરેના ઘામાં જે ઘુણા કે કરમીયા ઉત્પન્ન થાય તે મિશ્રયોનિ.

ગર્ભજ તિર્યંચો અને મનુષ્યોની મિશ્રયોનિ. શુક્રમિશ્રિત લોહીના પુદ્ગલો જે યોનિ વડે આત્મસાત કરાયા હોય તે સચિત્ત અને બીજા અચિત્ત–એમ મિશ્રયોનિ હોય છે.

**૩. સંવૃત્ત આદિ પ્રકાર :–**

સંવૃત્ત એટલે ઢાંકેલ, વિવૃત એટલે ખુલ્લી તથા સંવૃત્ત–વિવૃત્તરૂપ ઉભય–એમ ત્રણ પ્રકારે યોનિ છે. તેમાં દેવો, નારકો અને એકેન્દ્રિયોની સંવૃત્તયોનિ છે. નારકોના ઉત્પત્તિ સ્થાનરૂપ નિષ્કુટો, ઢાંકેલ ગવાક્ષ એટલે ઝરૂખા જેવા છે. દેવશય્યાઓમાં ઢાંકેલ દેવદૂષ્યની અંદર દેવોની ઉત્પત્તિ થાય છે. એકેન્દ્રિયોની યોનિ સ્પષ્ટરૂપે જણાતી ન હોવાથી સંવૃત્ત રૂપે છે.

બેઈંદ્રિય, તેઈંદ્રિય, ચૌરિંદ્રય, સમૂર્ચ્છિમ તિર્યંચ મનુષ્યોની યોનિવિવૃત્ત એટલે આવરણ રહિત છે કારણ કે તેમના ઉત્પત્તિ સ્થાનોરૂપ જળાશય વગેરે સ્પષ્ટરૂપે જણાય છે.

ગર્ભજ તિર્યંચ મનુષ્યોની સંવૃતવિવૃત્તરૂપ ઉભય યોનિ છે. કારણ કે ગર્ભ સંવૃત્ત વિવૃત્તરૂપ હોય છે. ગર્ભ પેટમાં હોવાના કારણે જણાતો નથી. માટે સંવૃત અને બહાર પેટ વધવું વગેરે લક્ષણોથી જણાવાના કારણે વિવૃત્ત–એમ સંવૃત્ત વિવૃત્તરૂપ ઉભયયોનિ છે.

મનુષ્યયોનિ વિષયક જે વિશેષતા છે, તે જણાવે છે. મનુષ્યોની યોનિ ત્રણ પ્રકારે છે. કૂર્મોન્નતા. શંખાવર્તા અને વંસીપત્રા.

કાચબાની પીઠની જેમ જે યોનિ ઊંચી હોય, તે કૂર્મોન્નતા, જે યોનિમાં શંખના આવર્તની જેમ આવર્તો હોય, તે શંખાવર્તાયોનિ, 'જોડાયેલ બે વાંસના પાંદડાના આકારે જે યોનિ છે, તે વંશીપત્રા.'

તીર્થંકર, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ, કૂર્મોન્નતા યોનિમાં ઉત્પન્ન થાય છે.

સામાન્ય મનુષ્યો વંશીપત્રાયોનિમાં ઉત્પન્ન થાય છે.

શંખાવર્તાયોનિ તો સ્ત્રી રત્નને જ હોય છે. તેમાં ગર્ભ ઉત્પન્ન થાય ખરો પણ જન્મી ન શકે કારણ કે પ્રબળતમ કામાગ્નિના તાપથી ગર્ભનો નાશ થાય છે એમ વૃદ્ધવાદ છે. (૯૭૦.)

# १५२ त्रिकाल-द्रव्यषट्क

त्रैकाल्यं ३ द्रव्यषट्कं ६ नवपदसहितं जीवषट्कायलेश्याः ६,
पञ्चान्ये चास्तिकाया ५ व्रत ५ समिति ५ गति ५ ज्ञान ५ चारित्र ५ भेदाः ।
इत्येते मोक्षमूलं त्रिभुवनमहितैः प्रोक्तमर्हद्भिरीशैः,
प्रत्येति श्रद्धाति स्पृशति च मतिमान यः स वैशुद्धदृष्टिः ॥९७१॥

**ત્રણકાળ, છ દ્રવ્ય, નવતત્ત્વ, છ જીવ, છકાય, છ લેશ્યા, પાંચ અસ્તિકાય, પાંચવ્રત, પાંચ સમિતિ, પાંચ ગતિ, પાંચ જ્ઞાન, પાંચ ચારિત્ર. આ બધાને ત્રિભુવન પૂજ્ય અરિહંત ભગવંતોએ મોક્ષના મૂળરૂપે કહ્યા છે. એને જે બુદ્ધિમાન જાણે છે, શ્રદ્ધા કરે છે, આદરે છે અને સ્પર્શે છે તે વિશુદ્ધ દૃષ્ટિ છે.**

ત્રણકાળનો જે સમૂહ તે ત્રિકાળ, ત્રિકાળ એ જ ત્રૈકાલ્ય એટલે ભૂતકાળ વગેરે ત્રણકાળો, ધર્માસ્તિકાય વગેરે છ ભેદ તે દ્રવ્યષટ્ક, જીવ વગેરે નવપદો એટલે નવ તત્ત્વો, દ્રવ્યષટ્કને જાણવાની જેમ, એકેન્દ્રિય વગેરે છ પ્રકારના જીવો, પૃથ્વીકાય વગેરે ષટ્કાય; કૃષ્ણ લેશ્યા વગેરે છ લેશ્યાઓ.

ધર્માસ્તિકાય વગેરે પંચાસ્તિકાય, પ્રાણિવધ વિરમણરૂપ પાંચવ્રતો, ઈર્યાસમિતિ વગેરે પાંચ સમિતિ, નરકગતિ વિગેરે પાંચ ગતિઓ, મતિજ્ઞાન વિગેરે પાંચ જ્ઞાનો. અને સામાયિક વગેરે પાંચ ચારિત્રો.

ઉપરોક્ત આ બધા પદાર્થો ત્રણભુવનવડે એટલે ત્રણ લોકવડે પૂજાયેલા "સ્વાભાવિકપણે, કર્મક્ષય થવાથી અને દેવોવડે કરાયેલ" એમ ચોત્રીસ અતિશયરૂપ પરમ ઐશ્વર્ય વડે શોભતા તીર્થંકરો વડે મોક્ષના કારણરૂપે ઉપદેશાયા છે, કહેવાયા છે, આથી જે બુદ્ધિમાન પુરુષ એટલે સારા વિવેકવાળો પુરુષ આ પદાર્થોને સ્વરૂપ વડે જાણે છે. 'આ જ તત્ત્વ છે.' એ પ્રમાણે આત્માને (પોતાને) રુચાડે-ગમાડે એટલે શ્રદ્ધા કરે અને સ્પર્શે છે એટલે યથાસ્થિતપણે સારી રીતે તેની સેવના કરે છે, તે સ્પષ્ટ પ્રગટપણે શુદ્ધ દૃષ્ટિ છે. શુદ્ધ એટલે મિથ્યાત્વરૂપ મલથી રહિત દૃષ્ટિવાળો એટલે સમ્યક્ત્વવાળો છે. (૯૭૧.)

આ શ્લોકની વ્યાખ્યા કરવાની ઇચ્છાવાળા ગ્રંથકાર કાળત્રિકની વ્યાખ્યા કરે છે.

કાળત્રિક :–

एयस्स विवरणमिणं तिकालमईयवट्टमाणेहिं ।
होइ भविस्सजुएहिं दव्वच्छक्कं पुणो एयं ॥९७२॥

**ભૂત, ભવિષ્ય અને વર્તમાન-એમ ત્રણકાળ છે અને છ દ્રવ્ય આ પ્રમાણે છે.**

આગળ કહેલ त्रैकाल्यम् વગેરે રૂપ સ્રગ્ધરા છંદમાંના શ્લોકનું વિવેચન જે આગળ કહેવાનું છે તે આ પ્રમાણે જાણવું. તેમાં ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ એમ ત્રણ કાળ છે.

અતીત એટલે अतिशयेन इतः गतोऽतीतः અત્યંત ગયેલો જે કાળ તે અતીતકાળ, જેમાંથી વર્તમાનપણું નીકળી ગયું છે તે અતીતકાળ.

જે વર્તે છે, હાલમાં જ ઉત્પન્ન થયેલ છે તે વર્તમાનકાળ. બધાયથી સૂક્ષ્મ, વિભાગ રહિત એક સમય પ્રમાણનો છે.

જે થશે તે ભવિષ્ય, જે કાળે વર્તમાનપણું પ્રાપ્ત કર્યું નથી એટલે જે કાળ હજુ આવ્યો નથી તે ભવિષ્યકાળ. ૯૭૨.

દ્રવ્યષટ્ક :–

धम्मत्थिकायदव्वं १ दव्वमहम्मत्थिकायनामं २ च ।
आगास ३ काल ४ पोग्गल ५ जीवदव्वस्सरूवंच ६ ॥९७३॥

**ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાળ, પુદ્‌ગલાસ્તિકાય, જીવાસ્તિકાય સ્વરૂપ છ દ્રવ્યો છે.**

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાળ, પુદ્‌ગલાસ્તિકાય, જીવાસ્તિકાય સ્વરૂપ છ દ્રવ્યો છે.

**ધર્માસ્તિકાય** :– સ્વયં ગતિક્રિયામાં પરિણત થયેલા જીવો તથા પુદ્‌ગલોનો તે ગતિ ક્રિયારૂપ સ્વભાવને ધારણ એટલે પોષવાના કારણરૂપ જે દ્રવ્ય તે ધર્મ, અહીં અસ્તિ એટલે પ્રદેશો જાણવા. તે પ્રદેશોનો જે સમૂહ તે કાય. તેથી ધર્મ એ જ અસ્તિકાય, તે ધર્માસ્તિકાય, સમસ્તલોકમાં ફેલાયેલ, અસંખ્ય પ્રદેશરૂપ અમૂર્ત એટલે અરૂપી જે દ્રવ્યવિશેષ તે ધર્માસ્તિકાય.

**અધર્માસ્તિકાય** :–ગતિ પરિણત જીવ તથા પુદ્‌ગલોને તેના સ્વભાવમાં અધારણ એટલે ન પોષવાના સ્વભાવવાળું જે દ્રવ્ય, તે અધર્મ. અધર્મ એ જ અસ્તિકાય તે અધર્માસ્તિકાય. સ્થિર રહેવાના પરિણામમાં પરિણમતા તે જીવ પુદ્‌ગલોના પરિણામને સહાયરૂપ, અમૂર્ત, લોક વ્યાપી અસંખ્ય પ્રદેશરૂપ જે દ્રવ્ય, તે અધર્માસ્તિકાય. આ બંને દ્રવ્યો લોક પ્રમાણ છે.

આ બે દ્રવ્યના આધારરૂપ આકાશવિભાગ જ લોકરૂપ છે. આ બે દ્રવ્યોનું અલોક વ્યાપીપણું થાય, તો જીવ અને પુદ્‌ગલોની પણ ત્યાં ગતિ થવાનો પ્રસંગ આવવાથી અલોકને પણ લોક કહેવો પડે.

**આકાશાસ્તિકાય** :–આङ્ ઉપસર્ગ મર્યાદા અર્થમાં છે એટલે મર્યાદાપૂર્વક બીજા દ્રવ્યોનાં સંયોગ હોવા છતાં પણ પોતપોતાના સ્વરૂપમાં રહેવાથી સર્વથા તેના સ્વરૂપને નહીં પામવારૂપ લક્ષણ વડે પ્રકાશે છે, સ્વાભાવિક રીતે હાજરી માત્રથી જ્યાં પદાર્થો પ્રકાશે તે આકાશ.

હવે આઙ્ ઉપસર્ગનો અર્થ અભિવિધિમાં કરીએ તો સર્વભાવો સંપૂર્ણ ફેલાવારૂપ અભિવ્યાપ્તિપૂર્વક જેમાં જણાય છે તે આકાશ. આકાશ એ જ અસ્તિકાય છે તે આકાશાસ્તિકાય. એ લોકાલોક વ્યાપી અનંતપ્રદેશરૂપ દ્રવ્ય વિશેષ છે.

**કાલ** :– સમસ્ત વસ્તુ સમૂહનું કલન એટલે સંખ્યાન–જાણવું તે કાલ. અથવા ઉત્પન્ન થયેલાને આવલિકા મુહૂર્તાદિ સમય થયો છે, ઈત્યાદિ પ્રકારે સર્વ સચેતન–અચેતન વસ્તુને કેવલી વગેરે જેના વડે જાણે, તે કાલ–સમય આવલિકાદિરૂપ દ્રવ્યવિશેષ છે.

**પુદ્ગલાસ્તિકાય** :– પૂરણ, ગલન સ્વભાવવાળા પુદ્ગલો છે. જે પરમાણુથી લઈ અનંતાણુસ્કંધ પર્યંતના હોય છે. આ પુદ્ગલો કોઈક દ્રવ્યોમાંથી છૂટા પડે છે. તો કોઈક દ્રવ્યને પોતાની સાથે જોડીને પુષ્ટ થાય છે. પુદ્ગલો તે જ અસ્તિકાય તે પુદ્ગલાસ્તિકાય.

**જીવાસ્તિકાય** :– જે જીવે છે, જીવશે અને જીવ્યા છે તે જીવો. જીવો એ જ અસ્તિકાય તે જીવાસ્તિકાય. તે દરેક અસંખ્ય પ્રદેશરૂપ સંપૂર્ણ લોકમાં રહેલ વિવિધ જીવદ્રવ્યનો સમૂહ છે.

જીવ તથા પુદ્ગલોની ગતિ અન્યથા નહીં ઘટવાથી ધર્માસ્તિકાય દ્રવ્યની.

જીવ તથા પુદ્ગલોની સ્થિતિ અન્યથા નહીં ઘટવાથી અધર્માસ્તિકાય દ્રવ્યની.

જીવાદિ પદાર્થોનો આધાર અન્યથા નહીં ઘટવાથી આકાશાસ્તિકાય દ્રવ્યની.

બકુલ, અશોક, ચંપકાદિ વૃક્ષોની ફળ ફૂલ આપવાની જે નિયતતા અન્યથા નહીં ઘટવાથી કાળ દ્રવ્યની.

ઘટ વગેરે કાર્યો અન્યથા નહીં ઘટવાથી પુદ્ગલાસ્તિકાય દ્રવ્યની.

દરેક પ્રાણીમાં સ્વાનુભવ સિદ્ધ ચૈતન્ય અન્યથા નહીં ઘટવાથી જીવાસ્તિકાય દ્રવ્યની. વિદ્યમાનતા (સત્ત્વ) જાણવી.

**નવતત્ત્વો**

**जीवा १ जीवा २ पुन्नं ३ पावा ४ ऽऽसव ५ संवरो य ६ निज्जरणा ७ ।**
**बंधो ८ मोक्खो ९ य इमाइं नव पयाइं जिणमयम्मि ॥९७४॥**

**જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ.–આ નવપદો જિનમતમાં એટલે શાસનમાં છે.**

૧. સુખ દુઃખ ઉપયોગ લક્ષણવાળા જીવો છે.

૨. જીવથી વિપરીત અધર્માસ્તિકાય વગેરે અજીવ દ્રવ્યો.

૩. શુભ પ્રકૃતિરૂપ કર્મ તે પુણ્ય.

૪. એનાથી વિપરીત અશુભ પ્રકૃતિરૂપ તે પાપ.

૫. જેનાથી કર્મો આવે તે આશ્રવ. જે શુભ–અશુભ કર્મ ગ્રહણના કારણ હિંસા વગેરે રૂપે છે.

૬. સંવર એટલે અટકાવ. ગુપ્તિ વગેરે દ્વારા આશ્રવોનો જે નિરોધ એટલે અટકાવ તે સંવર.

૭. ઝરવું, ખરવું તે નિર્જરા. વિપાક એટલે ભોગવટા દ્વારા કે તપ વડે કર્મોને દેશથી ખપાવવા તે નિર્જરા.

૮. જીવ અને કર્મોનું અતિ ગાઢપણે જે જોડાણ તે બંધ.

૯. સંપૂર્ણ કર્મ ક્ષયથી આત્માનું પોતાના આત્મામાં જે રહેવું તે મોક્ષ.

આ નવ સંખ્યાના પ્રમાણવાળા પદો એટલે તત્ત્વો જિનમત એટલે અરિહંત ભગવંતના શાસ્ત્રોમાં જાણવા.

આ નવમાં આશ્રવ, બંધ, પુણ્ય અને પાપ સંસારના મુખ્ય કારણ હોવાથી હેય છે.

સંવર અને નિર્જરા મોક્ષના મુખ્ય કારણ છે અને મોક્ષ મુખ્ય સાધ્ય છે. એમ ત્રણે તત્ત્વો ઉપાદેય છે.

એ પ્રમાણે શિષ્યને હેય ઉપાદેયના જ્ઞાન માટે મધ્યમ પ્રસ્થાન એટલે માર્ગની અપેક્ષાએ નવ તત્વ છે. એમ કહ્યું છે.

બાકી સંક્ષેપતાની અપેક્ષાએ જીવ અજીવ એ બેમાં જ પુણ્ય પાપ વગેરેનો સમાવેશ સંભવતો હોવાથી તત્ત્વની બે જ સંખ્યા કહેવા યોગ્ય છે. સ્થાનાંગસૂત્રમાં કહ્યું છે કે જે લોક છે તે સંપૂર્ણ બે પ્રકારે છે. તે આ પ્રમાણે-જીવ અને અજીવરૂપે. (સૂ. ૫૭)

વિસ્તારથી તો તત્ત્વના ઉત્તર-ઉત્તર ભેદની વિવક્ષાએ અનંતાભેદો પણ થાય છે.

**પ્રશ્ન :-** પુણ્ય પાપ વગેરેનો જીવ અને અજીવ એ બેમાં શી રીતે સમાવેશ થઈ શકે?

**ઉત્તર :-** પુણ્ય પાપ એ કર્મરૂપ છે અને બંધ પણ કર્મરૂપ જ છે અને કર્મ-પુદ્ગલોનો જ એક પરિણામ છે. પુદ્ગલો અજીવ છે. જીવનો જે મિથ્યાદર્શન વગેરે રૂપ પરિણામ તે આશ્રવ છે. તે પરિણામ આત્મા અને પુદ્ગલોને છોડી બીજા કોને હોય? કોઈને ના હોય. આશ્રવ નિરોધરૂપ આત્માનો દેશ ભેદે તથા સર્વ ભેદે નિવૃત્તિરૂપ જે પરિણામ તે સંવર. કર્મનો નાશ તે નિર્જરા. જીવ પોતાની શક્તિ વડે કર્મને આત્માથી જુદા કરે તે નિર્જરા. મોક્ષ પણ સંપૂર્ણ કર્મરહિત આત્મા જ છે. બીજા સ્થળે પુણ્ય પાપનો બંધમાં સમાવેશ કરી લીધો હોવાથી સાત તત્ત્વો પણ કહ્યા છે. (૯૭૪)

**जीवच्छक्कं इग १ बि २ ति ३ चउ ४ पणिंदिय ५ अणिंदियसरूवं ६ ।**
**छक्काया पुढवि १ जला २ नल ३ वाउ ४ वणस्सइ ५ तसेहिं ६ ।।९७५।।**

**એકેન્દ્રિય, બેઈદ્રિય, તેઈદ્રિય, ચઉરિંદ્રિય, પંચેન્દ્રિય, અનિંદ્રિય સ્વરૂપ છ પ્રકારના જીવો છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસકાય -એમ છ પ્રકારે કાયો છે.**

**જીવષટ્ક :–** એકેન્દ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરિન્દ્રિય, પંચેંદ્રિય અને અનિંદ્રિય –એમ છ પ્રકારના જીવો છે.

જેને ફક્ત એક સ્પર્શેન્દ્રિયરૂપ ઇંદ્રિય હોય તે એકેન્દ્રિય. જેમકે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ.

૨. સ્પર્શન અને રસના–એમ બે ઇંદ્રિય જેમને હોય તે બેઇંદ્રિય જીવો છે. જેમ કે શંખ, છીપલી, ચંદનક, કોડા, જળો, કરમીયા, ગંડોલક, પોરા વગેરે.

૩. સ્પર્શન, રસના અને ઘ્રાણ–એમ ત્રણ ઇંદ્રિય જેને હોય તે તેઇંદ્રિય. જેમકે જુ, માંકડ, ગર્દભક, ( ગદધયા ) ઈન્દ્રગોપ, કુંથુંઆ, મંકોડા, કીડી, ઉધઈ વગેરે.

કાર્યાસાસ્થિ એટલે કપાસના ઠળીયા, ત્રપુસબીજક એટલે કાકડીના બીજ, તુંબરૂ એટલે તુંબડું વગેરે વનસ્પતિકાયના જીવો છે. ( અહીં ટીકાકારે તેઈંદ્રિય જણાવ્યા છે. તે શા આધારે છે તે વિચારણીય છે.)

૪. સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુરૂપ ચાર ઇંદ્રિય જેને હોય તે ચૌરિંદ્રિય, જેમ ભમરા, માખી, ડાંસ, મચ્છર, વીંછી, કીડા, પતંગીયા વગેરે.

૫. સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર–એમ પાંચ ઇંદ્રિય જેને હોય તે પંચેંદ્રિય જીવો છે. જેમકે હાથી, મગર, મોર, મનુષ્ય વગેરે.

સકલ કર્મથી મુક્ત હોવાથી તથા શરીર રહિત હોવાથી જેમને સ્પર્શન આદિ ઇંદ્રિયો હોતી નથી તે અનિંદ્રિય એટલે સિદ્ધ ભગવંતો કહેવાય છે.

**છકાય :–** પૃથ્વીકાય, અપ્કાય, અગ્નિકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય –એમ છ કાયો છે.

કઠિનતાદિ સ્વરૂપવાળી પૃથ્વી છે; તે પૃથ્વી એ જ કાય એટલે શરીર છે જે જીવોનું તે પૃથ્વીકાયિક.

૨. જળ એટલે પાણી. પાણી એ જ જેમનું શરીર છે તે જળકાયિક.

૩. અનલ એટલે અગ્નિ, તે અગ્નિ જ જેમનું શરીર છે તે અગ્નિકાયિક.

૪. વાયુ એટલે પવન, હવા એ જ જેમનું શરીર છે તે વાયુકાયિક.

૫. લતા વગેરે રૂપ વનસ્પતિ જ જેમનું શરીર છે તે વનસ્પતિકાયિક.

૬. ત્રસન સ્વભાવવાળા એટલે ચાલવાના સ્વભાવવાળું જેમને શરીર છે તે ત્રસ-કાયિક છે. (૯૭૫)

**छल्लेसाओ कण्हा १ नीला २ काउ य ३ तेउ ४ पउम ५ सिया ६ ।**
**कालविहीणं दव्वच्छक्कं इह अत्थिकायाओ ॥९७६॥**

**કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ, શુક્લ–એમ છ લેશ્યાઓ છે. કાળ રહિત છ દ્રવ્યો જ અહીં પંચાસ્તિકાયરૂપે જાણવા.**

**છ લેશ્યા** :– જેના વડે જીવ કર્મો સાથે જોડાય. ચોંટે તે લેશ્યા કહેવાય. તે લેશ્યાઓ કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ, શુક્લવર્ણ સ્વરૂપદ્રવ્યની સહાયથી જીવના જે શુભાશુભ પરિણામ વિશેષ તે. કહ્યું છે કે, સ્ફટીકની જેમ કૃષ્ણ વગેરે દ્રવ્યોની સહાયથી (આધારથી) આત્માનો જે પરિણામ થાય છે, ત્યાં આ લેશ્યા શબ્દનો પ્રયોગ કરાય છે.

કૃષ્ણ વગેરે દ્રવ્યોને કેટલાક 'योग परिणामो लेश्या' એ વચનાનુસારે યોગ અંતર્ગત દ્રવ્યો કહે છે.

બીજા આચાર્યો सकल कर्म प्रकृति निःस्यन्दरुपा लेश्या એટલે બધી યે કર્મ પ્રકૃત્તિના રસરૂપ એટલે સારરૂપે લેશ્યા છે.

બીજા કેટલાક "कार्मण शरीरवत् पृथगेव कर्माष्ट कार्मण वर्गणा निष्पन्नानि कृष्णादि द्रव्याणि लेश्या"

કાર્મણ શરીરની જેમ આઠ કર્મોથી જુદા જ કાર્મણવર્ગણાથી બનેલા કૃષ્ણાદિદ્રવ્યો લેશ્યા છે. એમ જણાવે છે. તત્ત્વ તો તીર્થંકર ભગવંતો જાણે.

પરિણામ વિશેષરૂપ આ લેશ્યાઓ છ છે. તે આ પ્રમાણે, કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા, તેજોલેશ્યા, પદ્મલેશ્યા, શુક્લલેશ્યા. ગાથામાં કૃષ્ણદ્રવ્યરૂપ અથવા કૃષ્ણદ્રવ્યવડે બનેલ જે લેશ્યા, તે કૃષ્ણલેશ્યા, એ પ્રમાણે નીલલેશ્યા વગેરે પદોમાં પણ વિચારી લેવું. તે છ માં પહેલી ત્રણ અશુભલેશ્યાઓ છે અને પાછલી ત્રણ શુભલેશ્યા છે. એમનું વિશેષસ્વરૂપ જણાવવા માટે જાંબુ ખાનાર છ પુરુષોનું તથા ગામ ભાંગનારાનું દૃષ્ટાંત કહેવાય છે.

**જાંબુખાનાર છ પુરૂષો** :–

કોઈક જંગલમાં અત્યંત ભૂખ્યા એવા છ પુરુષોએ અત્યંત પાકેલ રસદાર ફળોના ભારથી નમેલું એવું કલ્પવૃક્ષ સમાન એક જાંબુનું વૃક્ષ જોયું, ત્યારે બધા આનંદિત થઈને બોલ્યા કે અરે! સમયસર આ આપણા જોવામાં આવ્યું. હવે આપણે ભૂખને દૂર કરીએ. બધાયે આ જાંબુના ઝાડના સ્વાદિષ્ટ મોટા ફળો આપણી ઇચ્છા પ્રમાણે ખાશું. એમ એક મનવાળા થયા ત્યારે તેઓમાંથી એક જે ક્લિષ્ટ પરિણામવાળો હતો, તેણે કહ્યું કે,

'ફક્ત આ જ બરાબર છે કે ચઢવામાં કઠીન એવા આ ઝાડપર ચઢતા જીવનનો પણ ભય રહે છે. માટે ધારદાર કુહાડાવડે આ ઝાડને મૂળથી કાપીને જમીન પર તિરછું પાડી સુખપૂર્વક આના બધાયે ફળોને આપણે ખાઇએ. આનો આવા પ્રકારનો જે પરિણામ છે, તે કૃષ્ણલેશ્યાનો પરિણામ છે.

બીજાએ કંઈક દયાપૂર્વક કહ્યું કે 'આટલું મોટું ઝાડ શા માટે કાપવું? આ ઝાડની એક મોટી ડાળ કાપીને ફળો ખાઓ.' આવા પ્રકારના નીલલેશ્યાના પરિણામ છે.

ત્રીજાએ કહ્યું 'આ મોટી ડાળ શું કામ કાપવી પણ તે ડાળની શાખારૂપ એક નાની ડાળ જ આપણે કાપીએ.' આવા પ્રકારના પરિણામ કાપોતલેશ્યાના છે.



કૃષ્ણ લેશ્યા
૨, નીલ લેશ્યા
૩, કાપોત લેશ્યા
૪, તેજો લેશ્યા
૫, પદ્મ લેશ્યા
૬, શુક્લ લેશ્યા

૬-લેશ્યા

ચોથાએ કહ્યું કે બિચારી નાની ડાળને પણ શા માટે કાપવી ? એ ડાળને લાગેલા કેટલાક ઝુમખાઓને કાપીએ આ તેજોલેશ્યાના પરિણામ છે.

પાંચમાએ કહ્યું કે 'આપણે ઝુમખા પણ શા માટે તોડવા? પણ તે ઝુમખામાંથી સારા પાકેલા ખાવા લાયક કેટલાક ફળો જ લેવા.' આ પદ્મલેશ્યાના પરિણામ છે.

છઠ્ઠાએ કહ્યું કે તે ફળો તોડવાની પણ શી જરૂર છે? આપણને જેટલા જોઈએ છે તેટલા પ્રમાણમાં આ ઝાડના ફળો નીચે જમીન પર પડેલા જ છે, તો એનાથી જ આપણે પેટ ભરીએ. શા માટે ઝાડ ઉખેડવા વગેરેની તકલીફ લઈએ ? આ શુક્લલેશ્યાના પરિણામ છે.

**ગામ ઘાતકનું દૃષ્ટાંત :-**

કોઈક ગામમાં ધન અનાજ વગેરેમાં આસક્ત એવા છ ચોરોના સ્વામિઓએ એકઠા થઈને ધાડ પાડી, તેઓમાંથી એકે કહ્યું કે, 'બે પગવાળા કે ચારપગવાળા પ્રાણિઓ, પુરુષ, સ્ત્રી, બાળક, ઘરડા વગેરે જે કોઈને તમે જુઓ તે બધાને મારો.' આવા પ્રકારના કૃષ્ણલેશ્યાના પરિણામ છે.

નીલલેશ્યાના પરિણામવાળા બીજાએ કહ્યું 'મનુષ્યોને જ મારો' પશુઓને શા માટે મારવા ?

કાપોતલેશ્યાવાળા ત્રીજાએ કહ્યું 'પુરુષોને જ મારવા.' સ્ત્રીઓને શા માટે મારવી ?

તેજોલેશ્યાના પરિણામવાળા ચોથાએ કહ્યું 'શસ્ત્રયુક્ત પુરુષને જ મારો, નિઃશસ્ત્રને શા માટે મારવા ?

પદ્મલેશ્યાના પરિણામવાળા પાંચમાએ કહ્યું. શસ્ત્રવાળામાં પણ જે યુદ્ધ કરે તેને જ મારો. બીજા નિરપરાધીને શા માટે ?

છઠ્ઠા શુક્લલેશ્યાના પરિણામવાળાએ કહ્યું 'અરે ! આ તો ઘણું અયોગ્ય છે. એક તો તમે ધન ચોરો છો અને ઉપરથી બિચારા લોકોને મારો છો ? તેથી તમારે ધન ચોરવું હોય તો ભલે પણ બધાયે લોકોના પ્રાણોની રક્ષા કરો.

**પાંચ અસ્તિકાય :-** કાળરહિત એટલે કાલ લક્ષણ રહિત પૂર્વે કહેલ છ દ્રવ્યો એ જ અસ્તિકાયો છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, જીવાસ્તિકાય, રૂપ પાંચ અસ્તિકાયદ્રવ્યો આગળ કહ્યા પ્રમાણેના સ્વરૂપવાળા જાણવા.

**પ્રશ્ન :-** જેમ ધર્માસ્તિકાય કહીએ છીએ તેમ કાલાસ્તિકાય શા માટે કહેતા નથી ?

**ઉત્તર :-** એમ ન કહેવાય. કારણકે જે દ્રવ્યને ઘણા પ્રદેશ હોય, તેને જ અસ્તિકાય કહેવાય. જ્યારે કાળમાં ઘણાં પ્રદેશ હોતા નથી. કારણકે ભૂતકાળના સમયો નાશ પામ્યા છે. ભવિષ્યના સમયો હજુ ઉત્પન્ન થયા નથી. આથી પ્રજ્ઞાપકના બોલવાના વખતે ફક્ત વર્તમાન એક સમયરૂપ જ કાળપ્રદેશની વિદ્યમાનતા હોય છે.

**પ્રશ્ન :**– જો આ પ્રમાણે હોય તો મુહૂર્ત, આવલિકા દિવસ વગેરે વગેરેની પ્રરૂપણાનો અભાવ થવાનો પ્રસંગ આવશે. કારણકે આવલિકા વગેરે પણ અસંખ્યાત સમયરૂપ હોવાથી પ્રદેશ બહુત્વની પ્રાપ્તિ થાય.

**ઉત્તર :**– સાચી વાત છે. ફક્ત સ્થિર સ્થૂલ ત્રણકાળમાં રહેલ વસ્તુના સ્વીકાર કરનાર વ્યવહારનયના મતાનુસારે આવલિકા વગેરે કાળની પ્રરૂપણા કરવામાં આવી છે. નિશ્ચયનયના મતાનુસારે તો તેનો અભાવ જ છે. માટે કાળમાં અસ્તિકાયતા નથી. (૯૭૬)

**પાંચ વ્રતો :–**

**पाणिवह १ मुसावाए २ अदत्त ३ मेहुण ४ परिग्गहेहि ५ इहं ।**
**पंच वयाइं भणियाइं पंच समिईओ साहेमि ॥९७७॥**

**શાસ્ત્રવિહિત જે નિયમ તે વ્રત કહેવાય. તે વ્રત શબ્દને દરેક સાથે જોડતા પ્રાણિવધવિરમણવ્રત, મૃષાવાદવિરમણવ્રત, અદત્તાદાનવિરમણવ્રત, મૈથુનવિરમણવ્રત, પરિગ્રહવિરમણવ્રત–એમ પાંચવ્રતો, જિન સિદ્ધાંતમાં કહ્યા છે. (૯૭૭)**

**પાંચ સમિતિ–પાંચ ગતિ :–**

**इरिया १ भासा २ एसण ३ गहण ४ परिट्ठवण ५ नामिया ताओ ।**
**पंच गईओ नारय १ तिरि २ नर ३ सुर ४ सिद्ध ५ नामाओ ॥९७८॥**

**ઇર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, ગ્રહણસમિતિ, પરિસ્થાપનાસમિતિ–એ પાંચસમિતિઓ છે. પાંચગતિઓ છે. તેના આ પ્રમાણેના નામ છે. ૧. નારક, ૨. તિર્યંચ, ૩. મનુષ્ય, ૪. દેવ અને ૫ સિદ્ધગતિ.**

ઈર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, ગ્રહણ એટલે આદાન નિક્ષેપસમિતિ, પરિષ્ઠાપનિકાસમિતિ–એમ આ પાંચ સમિતિ છે. (વ્રત અને સમિતિનું સ્વરૂપ ૬૬ અને ૬૭ માં દ્વારમાં વિસ્તારથી જણાવ્યું છે.)

નારકગતિ, તિર્યંચગતિ, મનુષ્યગતિ, દેવગતિ અને સિદ્ધગતિ નામની પાંચ ગતિઓ છે.

ગતિ એટલે પોતાના કર્મરૂપી દોરડાવડે ખેંચાઇને જીવવડે જે પ્રાપ્ત કરાય તે ગતિ. गम्यते प्राप्यते इति गतिः નારકોની જે ગતિ તે નરકગતિ. એકેન્દ્રિય વિગેરે તિર્યંચોની જે ગતિ તે તિર્યંચગતિ. મનુષ્યોની જે ગતિ તે મનુષ્યગતિ. દેવોની જે ગતિ તે દેવગતિ. સિદ્ધગતિ તો કર્મજન્ય ન હોવાથી શાસ્ત્રમાં કહેલી નથી. પરંતુ ફક્ત गम्यते इति गतिः એ વ્યુત્પતિની સામ્યતાના કારણે અહીં આગળ કહેવામાં આવી છે. (૯૭૮.)

## પાંચ જ્ઞાન અને પાંચ ચારિત્ર :-

नाणाइं पंच मइ १ सुय २ ओहि ३ मण ४ केवलेहि ५ भणियाइं ।
सामाइय १ छेय २ परिहार ३ सुहुम ४ अहक्खाय ५ चरणाइं ॥९७९॥

**મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવલજ્ઞાન. એમ પાંચ જ્ઞાનો કહ્યા છે. સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મ-સંપરાય, યથાખ્યાત-એમ પાંચ ચારિત્ર છે.**

મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવલજ્ઞાન—એમ પાંચ ભેદ જ્ઞાનના છે. એમની વ્યાખ્યા આગળ કરવામાં આવશે.

चर्यते-गम्यते-प्राप्यते भवोदधेः परकूलमेभिरति चरणानि. જેનાવડે ભવરૂપ સમુદ્રનો સામો કિનારો પામી શકાય, તે ચરણ એટલે ચારિત્ર છે. તે પાંચ પ્રકારે—આ પ્રમાણે છે. સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાતચારિત્ર

सम એટલે રાગદ્વેષ રહિતપણે, अय એટલે ગમન—જવું તે સમાય.

આ સમાયના ઉપલક્ષણથી બીજી પણ સાધુક્રિયાઓ સમાયરૂપે જાણવી, કારણ કે બધીયે સાધુક્રિયાઓ રાગ—દ્વેષ રહિતપણાથી હોય છે. સમાય વડે બનેલ અથવા સમાયમાં જે થયેલ હોય, તે સામાયિક છે.

અથવા સમ એટલે જ્ઞાન, દર્શન, ચારિત્રના લાભરૂપ આય છે જેમાં તે સમાય છે.

સમાય એ જ સામાયિક છે. વિનયાદિથી આકૃતિ ગણરૂપે સ્વાર્થમાં इकण પ્રત્યય લાગ્યો છે. તે સામાયિક સર્વ સાવદ્યની વિરતિરૂપ છે. જો કે, આખું ચારિત્ર અવિશેષપણે સામાયિકરૂપે જ છે. છતાં પણ છેદ વગેરે વિશેષ ક્રિયાઓથી વિશિષ્ટ થવાના કારણે અર્થથી અને શબ્દાન્તરથી વિવિધતા ( અલગ ભેદો ) થાય છે.

પહેલા તો વિશેષણ રહિતપણે સામાન્ય શબ્દ સામાયિક જ રહે છે. તે ઈત્વર અને યાવત્કથિક એમ બે પ્રકારે છે. તેમાં થોડા કાળનું તે ઈત્વર. આ સામાયિક ભરત, ઐરવત ક્ષેત્રમાં પહેલા અને છેલ્લા તીર્થંકરના તીર્થમાં મહાવ્રતારોપણ થયું નથી એવા નવ-દીક્ષિતને જાણવું. આ જન્મમાં જ્યાં સુધી આત્માની જીવનકથા છે. તેટલા કાળ પ્રમાણનું યાવત્કથં કહેવાય. તે યાવત્કથં એ જ યાવત્કથિક એટલે જીવે ત્યાં સુધી. આ યાવત્કથિક ભરત, ઐરવતક્ષેત્રમાં વચ્ચેના બાવીસ તીર્થંકરના તીર્થમાં તેમજ વિદેહ ક્ષેત્રના તીર્થંકરના તીર્થમાં મુનિઓને હોય છે. કારણ કે તેમને ઉપસ્થાપના હોતી નથી.

**પ્રશ્ન :–** ઈત્વરકાલિક સામાયિક करोमि भदंत सामायिकं यावज्जीवम् એ પ્રમાણે વ્રત ગ્રહણ વખતે જીવનપર્યંતનું ગ્રહણ કર્યું હોય છે તેને ઉપસ્થાપના વખતે છોડી દેવાથી પ્રતિજ્ઞા ભંગ કેમ ન થાય?

**ઉત્તર** :– આગળ જ કહ્યું છે કે આ બધાય ચારિત્ર અવિશેષભાવથી સામાયિક રૂપે છે. કેમકે બધામાં પણ સર્વ સાવદ્યયોગની વિરતિનો સદ્ભાવ છે. ફક્ત છેદ વગેરે વિશુદ્ધિની વિશેષતાથી વિશિષ્ટ થવાના કારણે અર્થ અને શબ્દાંતરથી જુદા જુદા ભેદો થાય છે. તેથી જેમ યાવત્ કથિક સામાયિક કે છેદોપસ્થાપનીય ચારિત્ર. પરમ વિશુદ્ધિ વિશેષરૂપ સૂક્ષ્મસંપરાય વગેરે ચારિત્રની પ્રાપ્તિ થવા છતાં ભંગ પામતા નથી. તેવી રીતે ઈત્વરસામાયિકનો પણ વિશુદ્ધિરૂપ છેદોપસ્થાપનાની પ્રાપ્તિમાં ભંગ થતો નથી. જ્યારે પ્રવ્રજ્યા છોડી દેવાય છે, ત્યારે જ તે સામાયિકનો ભંગ થાય છે. નહીં કે તે સામાયિકની જ વિશુદ્ધિ વિશેષની પ્રાપ્તિમાં. જે ચારિત્રમાં પૂર્વ પર્યાયનો છેદ કરી મહાવ્રતોમાં ઉપસ્થાપના કરાય, તે છેદોપસ્થાપના. તે જ છેદોપસ્થાપનીય ચારિત્ર છે. અથવા જ્યાં તે પૂર્વ પર્યાય છેદ અને મહાવ્રત સ્થાપના હોય, તે છેદોપસ્થાપનિક તે સાતિચાર અને નિરતિચાર —એમ બે પ્રકારે છે. તેમાં નિરતિચાર ઈત્વર સામાયિકવાળા નવદીક્ષિતને અપાય છે અથવા તીર્થાંતર સંક્રાતિમાં છે. એટલે એક ભગવાનના શાસનમાંથી બીજા ભગવાનના શાસનમાં જાય, ત્યારે છેદોપસ્થાપના અપાય છે. જેમકે

પાર્શ્વનાથ ભગવાનના તીર્થમાંથી વર્ધમાનસ્વામિના તીર્થમાં આવતા પાંચ મહાવ્રતને સ્વીકારતી વખતે હોય છે. મૂળગુણનો ઘાત કરનારને ફરી જે વ્રતારોપણ થાય, તે સાતિચાર છેદોપસ્થાપનીય ચારિત્ર કહેવાય.

પરિહરણ કરવું તે પરિહાર, જે એક તપ વિશેષ છે. તે તપ વડે જ વિશુદ્ધિ એટલે કર્મનિર્જરા જે ચારિત્રમાં હોય, તે પરિહારવિશુદ્ધિચારિત્ર. તે બે પ્રકારે છે. નિર્વિશમાનક અને નિર્વિષ્ટકાયિક.

વિવક્ષિત ચારિત્રને સેવનારાઓ નિર્વિશમાનક કહેવાય છે. અને જેમને વિવક્ષિત ચારિત્ર સેવ્યું છે, તે નિર્વિષ્ટકાયિક કહેવાય છે. ચારિત્રીથી ચારિત્ર ભિન્ન ન હોવાના કારણે ચારિત્ર નિર્વિશમાનક અને નિર્વિષ્ટકાયિક કહેવાય છે.

આમાં નવ સાધુનો ગણ હોય છે. એમાં ચાર નિર્વિશમાનક છે, ચાર તેમની વૈયાવચ્ચ કરનારા હોય છે. એક કલ્પસ્થિત વાચનાચાર્ય હોય છે. આ ચારિત્રનું વિસ્તારથી સ્વરૂપ ઓગણસીત્તેરમાં ( ૬૯ ) દ્વારમાં કહ્યું છે.

જેનાથી સંસારમાં પર્યટન એટલે રખડવાનું થાય, તે સંપરાય એટલે કષાયોદય. જેમાં લોભના અંશરૂપ સૂક્ષ્મકષાય બાકી રહ્યો છે, તે સૂક્ષ્મસંપરાય. તે વિશુદ્ધ્યમાનક અને સંક્લિશ્યમાનક–એમ બે પ્રકારે છે. ક્ષપકશ્રેણી કે ઉપશમશ્રેણી ચઢતાને વિશુદ્ધ્યમાનક અને ઉપશમશ્રેણીથી પડતાને સંક્લિશ્યમાનક સૂક્ષ્મસંપરાય ચારિત્ર હોય છે.

અથ શબ્દ યથાતથ્ય અર્થમાં છે. આઙ્ ઉપસર્ગ અભિવિધિ અર્થમાં છે. યથાતથ્યપણે અભિવિધિપૂર્વક જે ખ્યાત એટલે કહ્યું છે, તે અથાખ્યાત. એનું બીજું નામ

યથાખ્યાત છે. યથાખ્યાતનો અર્થ આ પ્રમાણે છે. યથા એટલે જે પ્રમાણે સંપૂર્ણ જીવ-લોકમાં ખ્યાત. એટલે પ્રસિદ્ધ અકષાયચારિત્ર થાય છે તે પ્રમાણેનું જે ચારિત્ર તે યથાખ્યાત. તે છાદ્મસ્થિક અને કૈવલિક એમ બે પ્રકારે છે. છાદ્મસ્થિક યથાખ્યાત, ઉપશાંત મોહ અને ક્ષીણમોહ ગુણસ્થાનકે હોય છે. કૈવલિક યથાખ્યાત, સયોગિકેવલી અને અયોગિકેવલી ગુણસ્થાનકે હોય છે. (૯૭૯.)

## ૧૫૩. 'શ્રાવક પ્રતિમા'

**दंसण १ वय २ सामाइय ३ पोसह ४ पडिमा ५ अबंभ ६ सच्चित्ते ।**
**आरंभ ८ पेस ९ उद्दिट्ठ १० वज्जए समणभूए ११ य ॥९८०॥**

**૧. દર્શન, ૨. વ્રત, ૩. સામાયિક, ૪. પૌષધ, ૫. પ્રતિમા, ૬. અબ્રહ્મચર્ય, ૭. સચિત્ત વર્જન, ૮. આરંભ વર્જન, ૯. પ્રેષ્યવર્જન, ૧૦. ઉદ્દિષ્ટવર્જન, ૧૧. શ્રમણભૂત–એમ શ્રાવકની અગિયાર પ્રતિમાઓ છે.**

૧. દર્શન એટલે સમ્યક્ત્વ, ૨. અણુવ્રત વગેરે વ્રતો. ૩. સાવદ્યયોગ ત્યાગ અનવદ્ય-યોગ સેવનરૂપ સામાયિક, ૪. આઠમ, ચૌદસ વગેરે પર્વદિવસોએ આરાધવા યોગ્ય જે અનુષ્ઠાન વિશેષ, તે પૌષધ. ૫. પ્રતિમા એટલે કાયોત્સર્ગ, ૬. અબ્રહ્મનું વર્જન તે બ્રહ્મચર્ય, ૭. સચેતન દ્રવ્યનો વર્જન તે સચિત્તવર્જન. અહીં દર્શન વગેરે પહેલી પાંચ પ્રતિમાઓ વિધેય એટલે કરવારૂપ–આચરવારૂપ પ્રતિમા એટલે અભિગ્રહ વિશેષરૂપે છે. (૬ અબ્રહ્મચર્ય અને ૭. સચિત્ત એ બે પ્રતિમાઓ નિષેધરૂપ એટલે ત્યાજ્ય–ત્યાગ કરવા રૂપે છે.) ૮. જાતે ખેતી વગેરે કરવારૂપ આરંભનો ત્યાગ. ૯. બીજાને પાપ વ્યાપાર-ક્રિયામાં જોડવારૂપ પ્રેષણનો ત્યાગ. ૧૦. ઉદ્દિષ્ટત્યાગ એટલે પ્રતિમાધારી શ્રાવકને ઉદ્દેશીને સચેતનને અચેતન કરવુ અથવા અચેતન ને રાંધવું તે ઉદ્દિષ્ટભોજન કહેવાય, તે ઉદ્દિષ્ટ ભોજન ત્યાગ. આ બધાની સાથે પ્રતિમા શબ્દ જોડવો કેમ કે અહીં પ્રતિમાનો વિષય છે. અહીં પ્રતિમાઓનો વિષય હોવા છતાં પણ પ્રતિમા અને પ્રતિમાવાનના અભેદ ઉપચારના કારણે પ્રતિમાવાનનો નિર્દેશ કર્યો છે. એ પ્રમાણે આગળ પણ જાણવું. ૧૧. શ્રમણ એટલે સાધુ. તે સાધુની જેવા શ્રાવક તે શ્રમણભૂત, અહીં ભૂત શબ્દ ઉપમાન અર્થમાં છે. આ બધા વ્રત વિશેષોનું દર્શનપ્રતિમા, વ્રતપ્રતિમા વગેરે રૂપે ઉચ્ચારણ કરવું.

શ્રાદ્ધ એટલે શ્રાવકોની આ અગિયાર પ્રતિમાઓ એટલે પ્રતિજ્ઞાઓ–અભિગ્રહ વિશેષ હોવાથી શ્રાદ્ધપ્રતિમા કહેવાય છે. (૯૮૦.)

હવે આ દરેક પ્રતિમાઓનું સ્વરૂપ પ્રતિપાદન કરતાં પહેલા આ પ્રતિમાઓનું કાળમાન–સામાન્ય સ્વરૂપ કહે છે.

जस्संखा जा पडिमा तस्संखा तीएँ हुंति मासावि ।
कीरंतीसुवि कज्जाउ तासु पुव्वुत्तकिरिया उ ।।९८१।।

**જે પ્રતિમાની જે સંખ્યાવાળો ક્રમાંક-આંક છે તે ક્રમાંક-સંખ્યા પ્રમાણ મહિના. તે પ્રતિમાનું કાળમાન થાય છે. તે-તે પ્રતિમાઓના કાર્ય કરતી વખતે પાછળની બધીયે પ્રતિમાઓની ક્રિયા પણ કરવાની હોય છે.**

જે પ્રતિમા જેટલા સંખ્યાપ્રમાણ એટલે પહેલી પ્રતિમા, બીજી પ્રતિમા એમ જેટલામો ક્રમાંક હોય, તે પ્રતિમાનું તેટલા માસપ્રમાણ કાળમાન હોય છે. આનો અર્થ આ પ્રમાણે છે. પહેલી પ્રતિમાનું કાળમાન એક મહિનો, બીજી પ્રતિમાનું કાળમાન બે મહિના, ત્રીજી પ્રતિમાનું ત્રણ મહિના. એમ અગ્યારમી પ્રતિમાનું અગ્યાર મહિના પ્રમાણ કાળમાન છે.

જો કે આ કાળમાન દશાશ્રુતસ્કંધ વગેરે ગ્રંથોમાં સ્પષ્ટરૂપે કહ્યું નથી, છતાં પણ ઉપાસકદશામાં પ્રતિમાકારક આનંદ વગેરે શ્રાવકોની અગ્યાર પ્રતિમાઓનો કાળ સાડા પાંચ ( ૫ાા ) વર્ષરૂપ જણાવ્યો છે. તે કાળમાન ઉપરોક્ત પ્રમાણે એક બે વગેરે વધવા-પૂર્વક બેસે છે. તથા આગળ આગળની પ્રતિમાઓ કરતી વખતે પાછળ પાછળની પ્રતિમાઓમાં જણાવેલ બધી યે અનુષ્ઠાનરૂપ ક્રિયાઓ કરવાની હોય જ છે. આનો ભાવાર્થ આ પ્રમાણે છે.

બીજી પ્રતિમા કરતી વખતે પહેલી પ્રતિમામાં કહેલ સંપૂર્ણ અનુષ્ઠાન કરવાનું હોય છે. ત્રીજી પ્રતિમામાં પહેલી અને બીજી-એમ બે પ્રતિમાનું કહેલ અનુષ્ઠાન પણ કરવાનું હોય છે. એ પ્રમાણે અગ્યારમી પ્રતિમામાં આગળની દસ પ્રતિમાઓમાં કહેલ બધું ય અનુષ્ઠાન કરવાનું હોય છે. (૯૮૧)

## ૧. દર્શન પ્રતિમા

पसमाइगुणविसिट्ठं कुग्गहसंकाइसल्लपरिहीणं ।
सम्मदंसणमणहं दंसणपडिमा हवइ पढमा १ ।।९८२।।

**પ્રશમાદિગુણ વિશિષ્ટ, કુગ્રહ શંકા વગેરે શલ્યોથી રહિતપણે અનઘ એટલે નિર્દોષ સમ્યગ્દર્શનરૂપ પહેલી દર્શન પ્રતિમા હોય છે.**

પ્રશમ, સંવેદ, નિર્વેદ, અનુકંપા, આસ્તિકચરૂપ-પાંચ ગુણોથી યુક્ત તથા તત્ત્વ પ્રત્યે શાસ્ત્ર બાધિતપણે જે કુત્સિત અભિનિવેશ તે કુગ્રહ તથા શંકા, કાંક્ષા, વિચિકિત્સા મિથ્યાદષ્ટિ પ્રશંસા, મિથ્યાદષ્ટિ સંસ્તવ એટલે પરિચયરૂપ સમ્યક્ત્વના પાંચ અતિચારો, આ કુગ્રહ અને શંકા વગેરે અતિચારો જ શલ્યરૂપે એટલે બાધકરૂપે જે જીવોને થાય તેથી તે શલ્ય કહેવાય. તે કુગ્રહ, શંકા વગેરે રૂપ શલ્યથી રહિતપણે હોવાથી જ નિર્દોષ એવું સમ્યગ્દર્શન જ પહેલી દર્શન પ્રતિમારૂપે છે. આનો ભાવાર્થ આ પ્રમાણે છે.

અણુવ્રત વગેરે ગુણોથી રહિત તથા કુગ્રહ શંકા વગેરે દોષોથી રહિત સમ્યગ્દર્શનનો જે સ્વીકાર, તે દર્શન પ્રતિમા.

સમ્યગ્દર્શનનો સ્વીકાર તો પહેલા પણ હોય છે. પરન્તુ અહીં ફક્ત શંકા વગેરે દોષો તથા રાજાભિયોગ વગેરે છ આગારોથી રહિતપણે યથાસ્થિતપણે સમ્યગ્દર્શનના આચારો વિશેષના પાલનના સ્વીકારરૂપે પ્રતિમા સંભવે છે નહીં તો શા માટે ઉપાસક-દશાંગમાં પહેલી પ્રતિમા એક મહિનો પાળવા વડે, બીજી પ્રતિમા બે મહિના પાળવા વડે, એમ અગ્યારમી પ્રતિમા અગ્યાર મહિના પાળવા વડે–એમ સાડાપાંચ વર્ષમાં અગ્યાર પ્રતિમાઓનું અર્થથી પાલન બતાવે અને આ અર્થ દશાશ્રુતસ્કંધ વગેરેમાં મળતો નથી. ત્યાં આગળ તો તેને ફક્ત શ્રદ્ધા માત્રરૂપે જણાવી છે. એ પ્રમાણે આગળ દર્શન (વ્રત) પ્રતિમા વગેરેમાં વિચારવું. (૯૮૨)

વ્રત, સામાયિક અને પૌષધ એમ ત્રણ પ્રતિમાઓ વિષે કહે છે.

बीयाणुव्वयधारी २ सामाइकडो य होइ तइयाए ३ ।
होइ चउत्थी चउद्दसीअट्ठमिमाईसु दिवसेसु ॥९८३॥
पोसह चउव्विहंपि य पडिपुण्णं सम्म सो उ अणुपाले ।
बंधाई अइयारे पयत्तओ वज्जईमासु ॥९८४॥

**બીજી પ્રતિમામાં અણુવ્રતધારી, ત્રીજી પ્રતિમામાં સામાયિક કરનાર હોય, ચોથી પ્રતિમામાં આઠમ, ચૌદસ વગેરે દિવસે ચાર પ્રકારનો પ્રતિ-પૂર્ણ પૌષધ સારી રીતે પાળે અને આ પ્રતિમાઓમાં પ્રયત્નપૂર્વક બંધ વગેરે અતિચારોનો ત્યાગ કરે છે.**

### ૨. વ્રતપ્રતિમા :–

સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વગેરે પાંચ અણુવ્રતો, ઉપલક્ષણથી ત્રણ, ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રતોને વધ–બંધ વગેરે અતિચાર રહિતપણે નિરપવાદપૂર્વક ધારણ કરી સારી રીતે પાલન કરતા બીજી વ્રત પ્રતિમા થાય. સૂત્રમાં પ્રતિમા અને પ્રતિમાવાનનો અભેદ ઉપચાર હોવાથી આ પ્રમાણે નિર્દેશ કર્યો છે.

### ૩. સામાયિકપ્રતિમા :–

ત્રીજી સામાયિક પ્રતિમામાં સાવદ્યયોગ ત્યાગ અને નિરવદ્યયોગ સેવનરૂપ સામાયિક દેશથી જેણે કર્યું હોય, તે સામાયિકકૃત કહેવાય. આનો ભાવ એ છે કે જેને પૌષધ-પ્રતિમાનો સ્વીકાર ન કર્યો હોય એવા દર્શનવ્રત પ્રતિમાવાળાએ રોજ બે ટાઈમ સામા-યિક કરવું તે ત્રીજી પ્રતિમા છે.

૪. પૌષધપ્રતિમા :–

ચૌદસ, આઠમ, અમાસ, પૂનમ વગેરે પર્વતિથિરૂપ દિવસોએ આહાર, શરીરસત્કાર, અબ્રહ્મચર્ય અને વ્યાપાર ત્યાગરૂપ ચાર પ્રકારના પૌષધને સંપૂર્ણપણે પાલન કરે જે. પૌષધપ્રતિમા સ્વીકારનાર બીજા કોઈપણ પ્રકારે ન્યૂન નહીં એવી રીતે આગમોક્તવિધિપૂર્વક સારી રીતે જ તે પ્રતિમાને પાળે છે, સેવે છે, આ ચારે પણ વ્રતાદિ પ્રતિમાઓમાં બંધ, વધ, છવિચ્છેદ વગેરે બારવ્રતના સાઈઠ (૬૦) અતિચારોનો પ્રયત્નપૂર્વક ત્યાગ કરે છે. (૯૮૩–૯૪૪.)

**सम्ममणुव्वयगुणवयसिक्खावयवं थिरो य नाणी य ।**
**अट्ठमिचउद्दसीसुं पडिमं ठाएगराईयं ॥९८५॥**

**સમ્યક્ત્વ, અણુવ્રત, ગુણવ્રત, શિક્ષાવ્રતવાળો, સ્થિર, અવિચલ–સત્ત્વવાન જ્ઞાની એવો આત્મા આઠમ–ચૌદસે એક રાત્રિ પ્રતિમામાં રહે છે.**

૫. કાઉસગ્ગપ્રતિમા :–

અણુવ્રત, ગુણવ્રત, શિક્ષાવ્રત જેમને હોય છે તેઓ એટલે આગળ કહેલ ચાર પ્રતિમાવાળો, સ્થિર એટલે અવિચલ સત્ત્વવાન હોય તે જ કાઉસગ્ગપ્રતિમાનો આરાધક છે. બીજો આ પ્રતિમાનો વિરાધક થાય છે. કારણ કે આ પ્રતિમામાં રાત્રે ચૌટા વગેરે સ્થળોએ કાઉસ્સગ્ગ કરે અને ત્યાં ઘણા ઉપસર્ગો થાય છે. તે સત્ત્વવાન હોય તે જ સહી શકે, બીજો વિરાધક થાય છે. જ્ઞાની એટલે પ્રતિમાના આચાર વગેરે જ્ઞાનયુક્ત હોય. અજ્ઞાની તો બધે અયોગ્ય છે તો પછી આ પ્રતિમા સ્વીકારવામાં કેમ ચાલે ?

આઠમ, ચૌદસ અને ઉપલક્ષણથી આઠમ–ચૌદસ–અમાસ–પૂનમરૂપ પૌષધના દિવસે પણ પ્રતિમામાં એટલે કાયોત્સર્ગમાં ઊભો રહે, એટલે કાઉસ્સગ્ગ કરે, ધાતુઓ અનેક અર્થવાળા હોવાથી 'ઊભો રહે'નો કાઉસ્સગ્ગ કરે એવો અર્થ થાય.

કેટલી રાત પ્રમાણ કાઉસ્સગ્ગ કરે ? એક રાત પ્રમાણ એટલે સંપૂર્ણ રાત્રિ કાઉસ્સગ્ગ પ્રતિમામાં રહે આનો ભાવાર્થ એ છે કે,

'સમ્યગ્દર્શન અણુવ્રત, ગુણવ્રત, શિક્ષાવ્રતવાળો સત્ત્વવાન સ્થિર જ્ઞાની શ્રાવક આઠમ, ચૌદસ, અમાસ, પૂનમરૂપ પૌષધના દિવસે સંપૂર્ણ રાત્રિ કાઉસ્સગ્ગ મુદ્રામાં રહે.

આ પ્રતિમાવાળો બાકીના દિવસે કેવા પ્રકારનો હોય છે તે કહે છે.

**असिणाण वियडभोई मउलियडो दिवसबंभयारी य ।**
**रत्तिं परिमाणकडो पडिमावज्जेसु दिवसेसुं ॥९८६॥**

**પ્રતિમા વગરના દિવસોમાં અસ્નાની (સ્નાન વગરનો) વિકટે એટલે**

**પ્રકાશમાં અથવા દિવસે જમનાર, કાછડી બાંધ્યા વગરનો, દિવસે બ્રહ્મચારી, રાત્રિએ પરિમાણ (પ્રમાણ) કરે.**

કાઉસ્સગ્ગ પ્રતિમાધારી પ્રતિમા વગરના અપર્વ દિવસોમાં સ્નાનનો ત્યાગી. વિકટ ભોજન કરનાર એટલે દિવસે પણ પ્રકાશવાળી જગ્યામાં ભોજન કરનાર અને રાત્રિભોજનનો ત્યાગી હોય છે. આગળની પ્રતિમાઓમાં રાત્રિભોજનનો નિયમ હોતો નથી. માટે આ પ્રમાણે કહ્યું. મુકુલિબદ્ધ એટલે કચ્છ, કાછડી બાંધ્યા વગર ધોતીયું (વસ્ત્ર) પહેરનાર તથા દિવસે બ્રહ્મચર્ય પાળનારો, રાત્રે પણ સ્ત્રીઓનું અથવા સ્ત્રીના ભોગોનું પરિમાણ એટલે પ્રમાણ કરે. આ પ્રમાણે બાકીના દિવસોએ રહે. (૯૮૬)

હવે કાયોત્સર્ગમાં રહી જે વિચારે તે કહે છે.

झायइ पडिमाएँ ठिओ तिलोयपुज्जे जिणे जियकसाए ।
नियदोसपच्चणीयं अन्नं वा पंच जा मासा ॥९८७॥

**કાઉસ્સગ્ગ પ્રતિમામાં રહેલો જીવ ત્રૈલોક્યપૂજ્ય, જિતકષાય એવા જિનેશ્વરોનું ધ્યાન કરે છે. બીજું પોતાના દોષોના દુશ્મનને (શત્રુને) પાંચ મહિના સુધી ધ્યાવે છે.**

કાઉસ્સગ્ગ પ્રતિમામાં રહેલો શ્રાવક કાઉસ્સગ્ગમાં ત્રૈલોક્યપૂજ્ય, સમસ્ત દ્વેષ વગેરે દોષોનો નાશ કરનાર તીર્થંકરોનું ધ્યાન કરે છે. જિનનું ધ્યાન ન કરે તો બીજું પોતાના દોષોના પ્રત્યનિક–દુશ્મન એટલે પોતાના કામ, ક્રોધ વગેરે દૂષણોના વિરોધી એવા કામનિંદા ક્ષમા વગેરે ગુણોનું પાંચ મહિના સુધી ધ્યાન કરે છે.

૬. અબ્રહ્મવર્જનપ્રતિમા :–

सिंगारकहविभूसुक्करिसं इत्थीकहं च वज्जितो ।
वज्जइ अबंभमेगंतओ य छट्ठीइ छम्मासे ॥९८८॥

**શૃંગારકથા, વિભૂષાના ઉત્કર્ષને, સ્ત્રી કથાને તથા સંપૂર્ણ અબ્રહ્મ એટલે મૈથુનને, આ છઠ્ઠી પ્રતિમા સ્વીકારનાર છ મહિના સુધી ત્યાગી દે, ત્યજી દે છે.**

શૃંગાર એટલે કામકથા, સ્નાનવિલેપન; ધૂપન વગેરે રૂપ વિભૂષા શણગાર વગેરેનો ઉત્કર્ષ એટલે અધિકતાનો ત્યાગ કરે. વિભૂષાનો ઉત્કર્ષ લેવાથી એવો ભાવ આવે છે કે ફક્ત શરીરાનુરૂપ વિભૂષા કરે તથા સ્ત્રીની સાથે ખાનગીમાં પ્રેમકથાનો ત્યાગ કરતો આ અબ્રહ્મ વર્જનરૂપ છઠ્ઠી પ્રતિમા સ્વીકારનાર, મૈથુન–અબ્રહ્મનો છ મહિના સુધી ત્યાગ કરે છે. આગળની પ્રતિમાઓમાં દિવસે જ મૈથુન ત્યાગ હતો. રાત્રે ત્યાગ ન હતો. આમાં તો દિવસે અને રાત્રે પણ સર્વથા મૈથુનનો નિષેધ છે. આથી જ આ પ્રતિમામાં ચિત્તને ડામાડોળ કરનાર કામકથા વગેરે પ્રવૃત્તિનો નિષેધ કર્યો છે. (૯૮૮)

**૭. સચિત્તવર્જન પ્રતિમા :–**

सत्तमि सत्त उ मासे नवि आहारइ सचित्तमाहारं ।
जं जं हेट्ठिल्लाणं तं तुवरिमाण सव्वंपि ॥९८९॥

**સાત માસની સાતમી પ્રતિમામાં સચિત્ત આહારને ખાય નહિ. જે-જે નીચેની પ્રતિમાની વિધિ છે તે આગળની પ્રતિમામાં પણ કરે.**

સાત માસની સાતમી સચિત્ત વર્જનરૂપ પ્રતિમામાં સાત મહિના સુધી સચેતન એટલે જીવવાળો આહાર જે અશન, પાન, ખાદિમ, સ્વાદિમરૂપ હોય છે, તેને વાપરે નહીં, ખાય નહીં. તથા જે જે નીચેની એટલે પાછળની પ્રતિમાઓનું જે અનુષ્ઠાન હોય છે. તે તે બધું યે ઉપર એટલે આગળની પ્રતિમાઓમાં સંપૂર્ણપણે કરે છે. આ વાત આગળ કહી હોવા છતાં ફરીવાર ભૂલકણા શિષ્યોને યાદ કરાવવારૂપ ઉપકાર માટે કહ્યું છે. એ પ્રમાણે બીજે પણ સમજવું. (૯૮૯)

**૮. આરંભવર્જનપ્રાતમા :–**

आरंभसयंकरणं अट्ठमिया अट्ठ मास वज्जेइ ।
नवमा नव मासे पुण पेसारंभेऽवि वज्जेइ ॥९९०॥

**આઠમી પ્રતિમામાં આઠ મહિના સુધી સ્વયં આરંભનો ત્યાગ કરે. નવમી પ્રતિમામાં નવ મહિના સુધી પ્રેષ્યારંભનો ત્યાગ કરે.**

સ્વયં આરંભ ત્યાગરૂપ આઠમી પ્રતિમામાં આઠ મહિના સુધી પૃથ્વીકાય વગેરેના મર્દનરૂપ આરંભ સમારંભનો પોતે જાતે કરવારૂપ ત્યાગ કરે. અહીં 'જાતે' કરવારૂપ વચનથી એ નક્કી થયું કે આજીવિકા માટેના આરંભોમાં તેવા પ્રકારના તીવ્ર પરિણામ વગર બીજા નોકર ચાકર વગેરે પાસેથી સાવદ્ય પણ વ્યાપાર (કામો) કરાવે.

**પ્રશ્ન :–** જાતે આરંભોમાં જોડાયા ન હોવા છતાં પણ નોકર વગેરે પાસેથી કરાવતા જીવહિંસા તો તેવી ને તેવી જ રહી તો આરંભત્યાગથી શું લાભ ?

**ઉત્તર :–** સાચી વાત છે છતાં જે પોતે જાતે આરંભ કરવા વડે અને બીજા પાસે કરાવવા વડે–એમ બે રીતે હિંસા થતી હતી. તે જાતે ન કરવા વડે તેટલી હિંસાનો ત્યાગ થયો. માટે થોડા પણ આરંભને છોડતા, વધતા મહાવ્યાધિના થોડા, અતિ થોડા ક્ષય (નાશ) થવાની જેમ તેનાથી હિત જ થાય છે.

**૯. પ્રેષ્યારંભ ત્યાગપ્રતિમા :–**

પ્રેષ્યારંભ ત્યાગરૂપ આ નવમી પ્રતિમામાં નવ મહિના સુધી પુત્ર, ભાઈ વગેરે ઉપર આખા કુટુંબ વગેરેનો ભાર સોંપી ધન, ધાન્ય વગેરે પરિગ્રહની અલ્પ આસક્તિથી પોતે જાતે તો ત્યાગ કરે પણ નોકર, ચાકર વગેરે પાસે પણ મોટા ખેતી વગેરે પાપકારી

આરંભ સમારંભનો ત્યાગ કરાવે. આસન અપાવવું વગેરે ક્રિયારૂપ અતિ નાના આરંભનો નિષેધ નથી. કારણ કે તેવા પ્રકારના કર્મબંધના કારણનો અભાવ હોવાથી આરંભપણાની પ્રાપ્તિ થતી નથી. (૯૯૦)

## ૧૦. ઉદ્દિષ્ટ ભોજનવર્જન પ્રતિમા :-

दसमा दस मासे पुणउद्दिट्ठकयंपि भत्त नवि भुंजे ।
सो होइ उ छुरमुंडो सिहालिं वा धारए कोई ॥९९१॥
जं निहियमत्थजायं पुच्छंत सुयाण नवरि सो तत्थ ।
जइ जाणइ तो साहइ अह नवि तो बेइ नवि याणे ॥९९२॥

**દસમી પ્રતિમામાં દસ મહિના સુધી ઉદ્દિષ્ટકૃત ભોજન ખાય નહીં અને અસ્ત્રથી મુંડન કરાવે. અથવા કોઇક ચોટલી પણ રાખે. જો દાટેલું ધન બાબત પુત્ર પૂછે તો તેને જાણતો હોય તો કહે અને ન જાણતો હોય તો ન કહે.**

દસ મહિના પ્રમાણની દસમી પ્રતિમા ઉદ્દિષ્ટ ભોજન ત્યાગરૂપ છે. જેમાં પ્રતિમાધારી શ્રાવકને જ ઉદ્દેશીને જે ભોજન કરાયું હોય, તે ઉદ્દિષ્ટકૃત. આવા પ્રકારના ભાત વગેરે ઉદ્દિષ્ટ ભોજનને પ્રતિમાધારી ખાય નહીં તો પછી બીજી સાવદ્યક્રિયા કરવાનું તો દૂર જ રહો. એમ અપિ શબ્દનો અર્થ છે. તે દસમી પ્રતિમાધારક શ્રાવક અસ્ત્રાથી મસ્તક મુંડાવે અથવા કોઇક માથે ચોટલી પણ રાખે અને તે જ શ્રાવક તે દસમી પ્રતિમામાં રહ્યો છતો જમીન વગેરેમાં દાટેલ સોનુ, પૈસા વગેરે દ્રવ્ય બાબત પુત્રો વગેરે અને ઉપલક્ષણથી ભાઈઓ વગેરે પૂછે તો જો જાણતો હોય તો તેમને કહે, ન કહે તો આજીવિકા નાશનો પ્રસંગ આવે. અને ન જાણતો હોય તો કહે કે 'હું કંઈપણ જાણતો નથી' આટલું છોડીને (આના સિવાય) બીજુ કંઈપણ ઘરનું કામ કરવું તે શ્રાવકને ખપે નહીં. એવો ભાવ છે. (૯૯૧-૯૯૨)

## ૧૧. શ્રમણભૂત પ્રતિમા :-

खुरमुंडो लोएण व रयहरणं पडिग्गहं च गिण्हित्ता ।
समणो हूओ विहरइ मासा एक्कारसुक्कोसं ॥९९३॥

**ઉત્કૃષ્ટથી અગ્યાર મહિના સુધી રજોહરણ-પાત્રા લઇ, લોચ કરાવી અથવા અસ્ત્રાવડે મુંડન કરાવી શ્રમણભૂત એટલે સાધુ જેવો થઇ વિચરે.**

અસ્ત્રાથી મસ્તક મુંડાવીને અથવા હાથથી વાળ ખેંચવારૂપ લોચ કરીને મુંડાવેલ માથાવાળો, રજોહરણ એટલે ઓઘો તથા પાત્રા લઈ, આના ઉપલક્ષણથી બધા પ્રકારના

સાધુઓના ઉપકરણો લઈને શ્રમણ–નિર્ગ્રંથ એટલે સાધુના જેવા અનુષ્ઠાન કરવા વડે તે શ્રમણભૂત એટલે સાધુ જેવો કહેવાય.

આવા પ્રકારનો સાધુ જેવો થઈ ઘરેથી નીકળી સમસ્ત સાધુની સામાચારી પાળવામાં હોંશિયાર એવો સમિતિ ગુપ્તિ વગેરેને સારી રીતે પાળતો, ભિક્ષા માટે ગૃહસ્થોને ત્યાં પ્રવેશ કરતી વખતે પ્રતિમાધારી શ્રમણોપાસકને ભિક્ષા આપો એમ બોલી પ્રવેશ કરે. કોઈ પૂછે કે 'તમે કોણ છો!' તો કહે કે 'પ્રતિમાધારી શ્રમણોપાસક હું છું.' એમ જણાવતો ગામ–નગર વગેરેમાં સાધુની જેમ માસકલ્પ વગેરે કરવાપૂર્વક અગ્યાર મહિના સુધી વિચરે. આ કાળમાન ઉત્કૃષ્ટથી કહ્યું છે. જઘન્યથી અગ્યારે પ્રતિમાઓ દરેક અંત-મુંહૂર્તાદિ પ્રમાણવાળી છે તે કાળ, મરણ વખતે અથવા દીક્ષા લીધેલાને સંભવે છે. બીજી રીતે નહીં.

**ममकारेऽवोच्छिन्ने वच्चइ सन्नायपल्लि दट्ठुं जे ।**
**तत्थवि साहुव्व जहा गिण्हइ फासुं तु आहारं ॥९९४॥**

**મમત્વભાવનો નાશ ન થયો હોવાથી સ્વજનોના ગામમાં તેમને મળવા માટે ત્યાં જાય. ત્યાં આગળ પણ સાધુની જેમ જ પ્રાસુક આહાર ગ્રહણ કરે.**

મારાપણું જે કરવું તે મમકાર, મમત્વભાવ દૂર ન થયો હોવાથી સ્વજનોને મળવા માટે તેમના ગામ તરફ જાય. આ કથન વડે મમત્વભાવ સ્વજનોને મળવાનું કારણ જણાવ્યું. બીજા સ્થળોએ તો સાધુની જેમ ભલે રહે પરંતુ તે સ્વજનોના ગામમાં પણ સાધુની જેમ જ વર્તે. પણ સ્વજનોના કહેવાથી ઘર ચિંતા વગેરે ન કરે. જેમ સાધુ પ્રાસુક, નિર્દોષ, એષણીય આહાર લે છે તેમ શ્રમણભૂત પ્રતિમાનો ધારક શ્રાવક પણ પ્રાસુક એટલે અચિત્ત એષણીય અશન વગેરે આહાર કરે.

સગા વ્હાલા સ્નેહ (રાગ)થી અનેષણીય ભોજન વગેરે બનાવે, આગ્રહ કરવાપૂર્વક તે વહોરાવવાને ઇચ્છે. તેઓ અનુવર્તન કરવા યોગ્ય પ્રાયઃ કરીને હોય છે. આથી તે અનેષણીય આહાર લેવાની સંભાવના હોય છે. છતાં પણ તે આહાર ગ્રહણ ન કરે. એવો ભાવ છે. આવશ્યક ચૂર્ણિમાં પાછળની સાત પ્રતિમાઓના જુદા પ્રકારે પણ નામો મળે છે. તે આ પ્રમાણે.

રાત્રિભોજન પરિજ્ઞારૂપ પાંચમી. સચિત્તાહાર પરિજ્ઞારૂપ છઠ્ઠી. દિવસે બ્રહ્મચારી રાત્રે પરિમાણકૃત સાતમી. દિવસે અને રાત્રે પણ બ્રહ્મચારી, અસ્નાન તથા દાઢી, મૂછ રોમરાજિ અને નખની શુશ્રુષા ત્યાગરૂપ આઠમી. સારંભ પરિજ્ઞારૂપ નવમી. પ્રેષ્ય આરંભ પરિજ્ઞારૂપ દસમી તથા ઉદ્દિષ્ટ ભક્ત ત્યાગ શ્રમણભૂતા નામની અગ્યારમી પ્રતિમા છે. (૯૯૪)

## १५४. धान्योनुं अबीजत्व

जव १ जवजव २ गोहुम ३ सालि ४ वीहि ५ धन्नाण कोट्ठयाईसुं ।
खिविऊणं पिहियाणं लित्ताणं मुद्दियाणं च ॥९९५॥

उक्कोसेण ठिइ होइ तिन्नि वरिसाणि तयणु एएसिं ।
विद्धंसिज्जइ जोणी तत्तो जायेइऽबीयत्तं ॥९९६॥

જવ, જવજવ. ઘઉં, શાલિ એટલે ડાંગર, વ્રીહિ એટલે ચોખા આ અનાજને કોઠી વગેરેમાં નાખી, બરાબર ઢાંકી ઉપર લીંપી અને મુદ્રિત કરાયેલ અનાજની ત્રણ વર્ષની સ્થિતિ છે. તે પછી આ અનાજની યોનિનો વિધ્વંસ થાય છે. તેથી તે અબીજ થાય છે.

જવ અને ઘઉં પ્રસિદ્ધ છે. આ બધા અનાજોને કોઠી, કોથળા, ખાડા વગેરેમાં નાંખીને તેવા પ્રકારના ઢાંકણુ વગેરેથી ઢાંકેલ, કોઠાર વગેરેના મોઢાને ઢાંકવા સાથે છાણુ વગેરે વડે ચારે બાજુથી લીંપેલ તથા માટી વગેરે વડે મુદ્રિત કરેલ આ અનાજ ઉત્કૃષ્ટથી ત્રણુ વર્ષ સુધી અવિનષ્ટ એટલે અખંડ યોનિવાળુ રહી શકે છે. ત્યારપછી આ જવ વગેરે પાંચે અનાજની યોનિ એટલે અંકુરાની ઉત્પત્તિનું કારણુ નાશ પામે છે. આથી તે અનાજ અબીજપણાને પામે છે. જેથી વાવવા છતાં પણુ અંકુરાની ઉત્પત્તિ થતી નથી. (૯૯૫–૯૯૬)

तिल १ मुग्ग २ मसूर ३ कलाय ४ मास ५ चवलय ६ कुलत्थ ७ तुवरीणं ८ ।
तह कसिणचणय ९ वल्लाण १० कोट्ठयाईसु खिविऊणं ॥९९७॥

ओलित्ताणं विहियाण लंछियाणं च मुद्दियाणं च ।
उक्किट्ठठिई वरिसाण पंचगं तो अबीयत्तं ॥९९८॥

તલ, મગ, અડદ, ચોખા, મસૂર એટલે ગોળાકાર અનાજ વિશેષ છે જેને બીજા આચાર્યો ચનકિકા કહે છે. કલાય એટલે ત્રિપુટ નામનું એક અનાજ વિશેષ છે. તુવર્ય એટલે તુવેર, વૃતચણુક એટલે શિખા વગરના ચણા એટલે વટાણા. કુલત્થ એટલે ચોખાના જેવું એક ચપટું અનાજ વિશેષ છે તથા વાલ–આ દશ પ્રકારના અનાજોને કોઠાર વગેરેમાં નાખીને ઢાંકેલા તથા લીંપેલા પછી લીટી વગેરે કરવા વડે લાંછિત એટલે મુદ્રિત કરેલાની વધુમાં વધુ સ્થિતિ પાંચ વર્ષની અખંડ યોનિપણાની હોય છે. ત્યારબાદ અબીજપણાને પામે છે. (૯૯૭-૯૯૮)

**अयसी १ लट्टा २ कंगू ३ कोद्दूसग ४ सण ५ वरट्ट ६ सिद्धत्था ७ ।**
**कोद्दव ८ रालग ९ मूलग बीयाणं १० कोट्ठयाईसु ॥९९९॥**
**निक्खित्ताणं एयाणुक्कोसठिईएँ सत्त वरिसाइं ।**
**होइ जहन्नेण पुणो अंतमुहुत्तं समग्गाणं ॥१०००॥**

**અળસી, લટ્ટ કસુંબો, કંગુ, કોદુસન, શણ, બંટી, સરસવ, કોદરા, રાલક, મૂલકબીજને કોઠાર વગેરેમાં નાંખેલાની ઉત્કૃષ્ટ સ્થિતિ સાત વર્ષની હોય છે અને બધા અનાજની જઘન્યસ્થિતિ અંતર્મુહૂર્ત છે.**

અળસી, લટ્ટ એટલે કુસુંભ કસુંબો, કંગુ એટલે પીળા ચોખા, કોરદ્દૂષક એટલે એક જાતના કોદરા, છાલપ્રધાન એક જાતનું અનાજ વિશેષ છે, શણ, બંટી જે સપાદલક્ષ વગેરે દેશોમાં પ્રસિદ્ધ છે. સરસવ, કોદરા, રાલક એટલે એક પ્રકારનું કંગુ વિશેષ છે, મૂલકના બીજ એટલે એક જાતના શાક વિશેષનું બીજ. આ દશે પ્રકારના અનાજને કોઠાર વગેરેમાં નાંખી અને ઉપલક્ષણથી ઢાંકી ઉપર લીંપી અને લાંછિત કરવાવડે મુદ્રિત કરી રાખેલનો વધુમાં વધુ કાળ સાત વર્ષનો હોય છે.

ઉપર કહેલ બધાયે અનાજનો જઘન્યથી એટલે ઓછામાં ઓછો કાળ અંતર્મુહૂર્ત હોય છે પછી પોતાનું આયુ પૂરું થવાથી અચિત્તપણાને પામે છે. તે અચિત્તતા વાસ્તવિકપણે અતિશાયિ જ્ઞાનવડે જ સારી રીતે જાણી શકાય છે. પરંતુ છાદ્મસ્થિક જ્ઞાનવડે જાણી ન શકાય. એ કારણથી વ્યવહાર માર્ગમાં તે ન આવે આથી જ તરસથી દુઃખી થયેલા સાધુઓને પણ સ્વભાવથી પોતાનું આયુષ્ય ક્ષય થવાથી અચિત્ત થયેલા તળાવના પાણીને પીવા માટેની રજા વર્ધમાનસ્વામી ભગવાને ન આપી, કારણ કે આ પ્રમાણે અચિત્ત થયેલ પાણીને જાણી શકવું એ છદ્મસ્થો માટે અસંભવ જેવું હોવાથી પાછળના સાધુઓને બધી જગ્યાએ સચિત્ત તળાવના પાણી પીવાની પ્રવૃત્તિનો પ્રસંગ ન થાય એટલા માટે રજા ન આપી. (૯૯૯–૧૦૦૦)

## ૧૫૫. ક્ષેત્ર વગેરેથી અચિત્તતા

**जोयणसयं तु गंता अणहारेणं तु भंडसंकंती ।**
**वायागणिधूमेहि य विद्धत्थं होइ लोणाई ॥१००१॥**

**સો યોજન ગયા પછી અનાહારપણાના કારણે તથા ફેક્ત માલનો એક જગ્યાએથી બીજી જગ્યાએ ફેરવતા. હવા, અગ્નિ, ધૂમાડો વગેરેના કારણે મીઠા વગેરે દ્રવ્યો અચિત્ત થાય છે.**

સો યોજન ઓળંગ્યા પછી મીઠા વગેરે દ્રવ્યો પોતાના દેશનો સ્વભાવિક આહાર ન મળવાના કારણે અચિત્ત થાય છે. આનો ભાવ આ પ્રમાણે છે. જ્યારે અમૂક ક્ષેત્રમાંથી

બીજા ક્ષેત્રમાં મીઠું વગેરે લઇ જવાય, ત્યારે તે દ્રવ્ય દરરોજ ( થોડું થોડું ) અચિત્ત થતાં થતાં સો યોજન જેટલું જાય, આ સો યોજન બાદ વળી જુદા પ્રકારના આહારના કારણે તથા ઠંડી વગેરે લાગવાના કારણે નિયમા અચિત્ત થાય છે. કેટલાક સો યોજનની બદલે સો ગાઉ કહે છે. નિશીથચૂર્ણિમાં કહ્યું છે કે 'केईपठंतिगाउयसयगाहा'

પ્રાકૃતના કારણે વિભક્તિનો ફેરફાર થયો હોવાથી ભાંડ એટલે માલને એક સ્થળેથી બીજે સ્થળે ખસેડવા–સંક્રાંત કરવા વડે એટલે એક વાસણમાંથી બીજા વાસણમાં નાંખવાના કારણે કે એક ગોડાઉનમાંથી બીજા ગોડાઉનમાં લઈ જવાના કારણે અથવા વાયુ, અગ્નિ, ધૂમાડો વગેરેના કારણે સો યોજન ગયા વગર પણ પોતાના સ્થાને અથવા બીજા સ્થાને રહેલ મીઠું વગેરે દ્રવ્યો અચિત્ત થાય છે. આ પ્રમાણે ક્ષેત્ર વગેરેના ક્રમે પૃથ્વીકાય વગેરેથી વનસ્પતિ સુધીના બધાયનું અચિત્તપણું સ્વીકારવું. (૧૦૦૧)

**हरियालो मणसिल पिप्पली उ खज्जूर मुद्दिया अभया ।**
**आइन्नमणाइन्ना तेऽवि हु एमेव नायव्वा ॥१००२॥**

હડતાલ, મનશિલ, પીંપર, દ્રાક્ષ, ખજુર, હરડે–આ દ્રવ્યો પણ આ પ્રમાણે એટલે આગળની ગાથામાં કહ્યા પ્રમાણે સો યોજન પછી ઉપરોક્ત કારણે અચિત્ત થાય છે. સો યોજનથી આવ્યા હોય તો પણ આ દ્રવ્યોમાં કેટલાક આચીર્ણ છે અને કેટલાક અનાચીર્ણ છે. તેમાં પીંપર, હરડે વગેરે આચીર્ણ હોવાથી લઈ શકાય અને ખજૂર, દ્રાક્ષ વગેરે અનાચીર્ણ હોવાથી અચિત્ત હોવા છતાં પણ લેવાતા નથી. (૧૦૦૨)

**आरुहणे ओरुहणे निसियण गोणाइणं च गाउम्हा ।**
**भोम्माहारच्छेओ उवक्कमेणं तु परिणामो ॥१००३॥**

**તે દ્રવ્યોને ચડાવતા, ઉતારતા, તેના પર બેસતા, ગાય વગેરેના શરીરની ઉષ્મા, પૃથ્વી વગેરે આહાર ન મળવાના કારણે વગેરે ઉપક્રમોથી પરિણમન અચિત્તતા થાય છે.**

મીઠા વગેરેની અચિત્તતા થવાના કારણો કહે છે. તે મીઠા વગેરે દ્રવ્યોને ગાડામાં બળદ વગેરેની પીઠ પર ચડાવતા તથા ગાડા વગેરેમાંથી ઉતારતા તથા નિષદના એટલે મીઠાં વગેરે પર બેસતા પુરુષો અને બળદ વગેરેના શરીરની ઉષ્મા એટલે ગરમીના કારણે, મીઠા વગેરે જે દ્રવ્યોનો જે પૃથ્વી વગેરે આહાર હોય તેને તે ન મળવાના કારણે ઉપક્રમ લાગવાથી એટલે ઘણા વખત સુધી ભોગવવા યોગ્ય આયુષ્ય પણ થોડા વખતમાં જેના કારણે પૂરુ થઈ જાય, તે ઉપક્રમ કહેવાય. જે સ્વકાય શસ્ત્ર વગેરે રૂપે છે. કોઈકને કોઈક સ્વકાય શસ્ત્ર હોય છે. જેમ ખારુ પાણી મીઠુ પાણીના શસ્ત્રરૂપે છે. કોઇકને પરકાયશસ્ત્ર હોય, જેમ વનસ્પતિને અગ્નિ પરકાયશસ્ત્ર છે. કોઈકને ઉભયકાયશસ્ત્ર હોય છે. જેમ માટીવાળુ પાણી ચોખ્ખા પાણીનું શસ્ત્ર છે. આ ઉપક્રમ લાગવાથી પરિણામ–અચિત્ત-પણુ થાય છે. આ કારણોથી સચિત્ત દ્રવ્યો પણ અચિત્તપણારૂપે પરિણમે છે. (૧૦૦૩)

## ૧૫૬. ચોવીસ ધાન્ય

धन्नाइ चउवीसं जव १ गोहुम २ सालि ३ वीहि ४ सट्ठी ५ य ।
कोद्दव ६ अणुया ७ कंगू ८ रालय ९ तिल १० मुग्ग ११ मासा १२ य ॥१००४॥
अयसि १३ हरिमंथ १४ तिउडग १५ निप्फाव १६ सिलिंद १७ रायमासा १८ य ।
इक्खू १९ मसूर २० तुवरी २१ कुलत्थ २२ तह धन्नय २३ कलाया २४ ॥१००५॥

ચોવીસ પ્રકારના અનાજ આ પ્રમાણે છે. જેમકે ૧. જવ, ૨. ઘઉં, ૩. શાલિ એટલે ડાંગર, ૪. વ્રીહી એટલે સામાન્ય ચોખા, ૫. ષષ્ઠિકા એક શાલિનો પ્રકાર છે. જે ૬૦ (સાઠ) રાત્રીએ પાકે છે. ૬. કોદરા, ૭. અણુકા, ૮. કંગુ, ૯. રાલક, ૧૦. તલ, ૧૧. મગ, ૧૨. અડદ, ૧૩. અળસી, ૧૪. હરિમંથ એટલે કાળા ચણા, ૧૫. ત્રિપુટક એટલે માલવા દેશમાં પ્રસિદ્ધ અનાજ, ૧૬. વાલ, ૧૭. શાલિન્દા એટલે મઠ, ૧૮. રાજમાષ એટલે ચોળા, ૧૯. ઈક્ષુ એટલે બંટી ધાન્યવિશેષ, ૨૦. મસૂર, ૨૧. તુવરી એટલે તુવેર, ૨૨. કુલત્થ, ૨૩. ધાન્યક એટલે ધાણા (કુસુંભરી), ૨૪. કલાયા એટલે ગોળ ચણા વટાણા—આ બધા મોટે ભાગે લોક પ્રસિદ્ધ છે અને આગળ કહ્યા છે. અણુકા એટલે યુગંધરી. મોટી નસવાળા કંગુ કહેવાય. અને અલ્પ નસવાળા રાલક કહેવાય.

## ૧૫૭. સત્તર પ્રકારના મરણ

आवीइ १ ओहि २ अंतिय ३ बलायमरणं ४ वसट्टमरणं च ५ ।
अंतोसल्लं ६ तब्भव ७ बालं ८ तह पंडियं ९ मीसं १० ॥१००६॥

छउमत्थमरण ११ केवलि १२ वेहायस १३ गिद्धपिट्ठमरणं १४ च ।
मरणं भत्तपरिन्ना १५ इंगिणि १६ पाओवगमणं च १७ ॥१००७॥

૧. આવીચિમરણ, ૨. અવધિમરણ, ૩. આત્યન્તિકમરણ, ૪. વલનમરણ, ૫. વશાર્તમરણ, ૬. અંતઃશલ્યમરણ, ૭. તદ્ભવમરણ, ૮. બાલમરણ, ૯. પંડિતમરણ, ૧૦. મિશ્રમરણ, ૧૧. છદ્મસ્થમરણ, ૧૨. કેવલિમરણ, ૧૩. વૈહાયસમરણ, ૧૪. ગૃધ્રપૃષ્ઠમરણ, ૧૫. ભક્ત પરિજ્ઞામરણ, ૧૬. ઇંગિનીમરણ, ૧૭. પાદપોપગમનમરણ. (૧૦૦૬–૧૦૦૭)

આ મરણોનું વિવરણ કરવા ઇચ્છતાં ગ્રંથકાર પ્રથમ આવિચીમરણ કહે છે.

૧. આવિચીમરણ :–

अणुसमयनिरंतरमाविइसन्निय तं भणंति पंचविहं ।
दव्वे खेत्ते काले भवे य भावे य संसारे ॥१००८॥

**દરેક સમયે સતત આયુષ્ય ઓછું થવારૂપ આવીચિ નામનું મરણ છે. તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ, ભાવ–એમ પાંચ પ્રકારે સંસારમાં કહ્યું છે.**

દરેક સમયે સમયે તે અમુક સમયને આશ્રયીને પણ હોઈ શકે છે. આથી ભ્રાન્તિ ન થાય માટે કહેલું છે કે સમયોના અંતર વગર સતત આવીચિ નામનું મરણ છે. જે મરણમાં દરેક સમયે ભોગવતા આયુષ્યમાં બીજા બીજા આયુના દલિયાના ઉદયથી પૂર્વ પૂર્વના આયુષ્યદળિયાના ક્ષય થવા રૂપ જે અવસ્થા હોય, તે આવીચિમરણ કહેવાય છે. આવીચિ એટલે ચારે તરફ તરંગોની જેમ આયુષ્યની હાનિ થવી તે આવીચિ. તે આવીચિની સંજ્ઞા જેને છે તે આવીચિસંજ્ઞિત. વીચિ એટલે વિચ્છેદ. તેનો અભાવ તે આવીચિ. બંને સ્થળે મરણ જ અર્થ ઇચ્છિત છે. આવા પ્રકારનું દરેક ક્ષણે આયુષ્યદ્રવ્યના ક્ષય થવારૂપ આવીચિમરણ આ જગતમાં પાંચ પ્રકારે તીર્થંકર ગણધર વગેરેએ કહ્યું છે. તે પાંચ પ્રકારે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ, ભાવરૂપે છે. એટલે દ્રવ્યઆવીચિમરણ, ક્ષેત્રઆવીચિમરણ, કાળઆવીચિમરણ, ભવઆવીચિમરણ અને ભાવઆવીચિમરણ. દ્રવ્યઆવીચિમરણ એટલે જે નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવોની ઉત્પત્તિથી લઈ પોત પોતાના આયુકર્મના દલિકોનો દરેક સમયે ભોગવી ભોગવીને નાશ કરવો, તે દ્રવ્યઆવીચિમરણ, તે નારક વગેરે ભેદે ચાર પ્રકારે છે. એ પ્રમાણે નરક વગેરે ચારગતિની અપેક્ષાએ તદ્‌વિષયકક્ષેત્ર પણ ચાર પ્રકારે છે. તેની પ્રધાનતાના કારણે ક્ષેત્રાવીચિમરણ પણ ચાર પ્રકારે છે.

કાલઆવીચિમરણમાં આયુષ્યકાળ લેવો પણ અદ્ધાકાળ ન લેવો, કારણકે તે દેવગતિ વગેરેમાં હોતો નથી, તે કાળ દેવાયુકાળ વગેરે ભેદે ચાર પ્રકારે છે. આથી તે કાળની પ્રધાનતાના કારણે કાળાવીચિમરણ પણ ચાર પ્રકારે છે. નારક વગેરે ચારભવની અપેક્ષાએ ભવાવીચિમરણ પણ ચાર પ્રકારે છે. તે જ નારક વગેરેના ચાર પ્રકારના આયુક્ષયરૂપ ભાવની પ્રધાનતાની અપેક્ષાએ ભાવાવીચિમરણ પણ ચાર પ્રકારે છે. ( ૧૦૦૮ )

હવે અવધિમરણ અને આત્યંતિકમરણ :

एमेव ओहिमरणं जाणि मओ ताणि चेव मरइ पुणो ।
एमेव होआइअंतियमरणं नवि मरइ ताणि पुणो ॥१००९॥

**જે અવસ્થામાં મર્યો છે તે જ અવસ્થા પામીને ફરી મરે તે અવધિમરણ. આત્યંતિક મરણ એટલે જે મર્યો છે તે ફરી ન મરે.**

**૨. અવધિમરણ :-**

જે પ્રમાણે આવીચિમરણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવ–એમ પાંચ પ્રકારે છે. તેમ આ અવધિમરણ પણ છે. જે હાલમાં મર્યો છે તે જ ફરીથી મરશે. તે અવધિમરણ છે. આનો ભાવાર્થ આ પ્રમાણે છે.

અવધિ એટલે મર્યાદા તેથી જે નરક વગેરે ભવના કારણે આયુષ્યના દલિયાઓને ભોગવી મરણ પામે છે. ફરીવાર જો તે જ દળિયાઓને અનુભવીને મરશે ત્યારે તે દ્રવ્યાવધિમરણ કહેવાય. કારણ કે તે દ્રવ્યોની અપેક્ષાએ ફરી તે દ્રવ્ય ગ્રહણ કરવા સુધી જીવમૃત હોય છે. ગ્રહણ કરી છોડી દીધેલા કર્મદલિકોને ફરી ગ્રહણ કરવારૂપ ક્રિયા પરિણામની વિચિત્રતાના કારણે સંભવે છે. એ પ્રમાણે ક્ષેત્ર કાળ વગેરેમાં પણ વિચારવું.

**૩. આત્યન્તિકમરણ :**

આત્યંતિકમરણ અવધિમરણની જેમ દ્રવ્ય વગેરે ભેદે પાંચ પ્રકારે છે. આ મરણમાં આ વિશેષતા છે કે તે તે દ્રવ્યરૂપે ફરીથી મરતા જ નથી આનો ભાવ આ પ્રમાણે છે.

નરક વગેરે આયુષ્યપણે કર્મદળિયાને અનુભવીને (ભોગવીને) મરે. અને મરેલ ફરીવાર તે દળિયાઓને અનુભવીને મરશે નહીં. એ પ્રમાણે જે મરણ થાય, તે દ્રવ્ય અપેક્ષાએ અતિ અંતવાળું થતું હોવાથી આત્યન્તિક કહેવાય છે. એ પ્રમાણે ક્ષેત્ર વગેરેમાં પણ વિચારવું. (૧૦૦૯)

**હવે વલનમરણ અને વશાર્તમરણ કહે છે.**

संजमजोगविसन्ना मरंति जे तं वलायमरणं तु ।
इंदियविसयवसगया मरंति जे तं वसट्टं तु ॥१०१०॥

**સંયમ યોગથી વિષણ્ણ એટલે ઉદ્વેગ પામી જે મરે તે વલનમરણ કહેવાય અને ઇંદ્રિયોના વિષયોને આધીન થઇ જેઓ મરે, તે વશાર્તમરણ કહેવાય છે.**

**૪. વલનમરણ :-**

સંયમ વ્યાપારરૂપ યોગોથી અથવા યોગોમાં વિષણ્ણ થયેલા ઉદ્વિગ્ન થયેલા તે સંયમયોગ વિષણ્ણ કહેવાય છે. અતિ દુષ્કર તપ અને ચારિત્રને આચરવા માટે અસમર્થ થયેલ અને જે કુલ વગેરેની લજ્જાથી સંયમ છોડી ન શકનાર વિચારે કે અમારો આ કષ્ટક્રિયાથી કોઈ પણ રીતે છૂટકારો થાઓ–એમ વિચારતો મરે તે વલનમરણ કહેવાય. સંયમાનુષ્ઠાનથી જે વળતા (પડતા) (પાછા ફરતાનું) પરિણામવાળાનું જે મરણ તે વલનમરણ. જેમની વ્રત પરિણતિ ભગ્ન થઈ છે તેવા સાધુઓને જ આ મરણ હોય. બીજાઓને સંયમયોગોનો જ અસંભવ છે તો તેમને વિષાદ ક્યાંથી હોય? સંયમનો જ અભાવ હોતે છતે સંયમ વિષણ્ણતા ક્યાંથી હોય?

૫. વશાર્તમરણ :-

આંખ વગેરે ઇંદ્રિયોના સુંદરરૂપ વગેરે વિષયોને આધીન થયેલાઓ સળગતા દિવાની દિવેટ ( જ્યોત ) જોઈને એમાં આસક્ત થયેલ પતંગીયાની જેમ મરે છે. આથી તે વશાર્તમરણ કહેવાય છે. ઇંદ્રિયોના વિષયોને પરાધીન થવાના કારણે જે દુઃખી થયેલા હોય, તે વશાર્ત કહેવાય છે. તેમનું મરણ પણ ઉપચારથી વશાર્તમરણ કહેવાય છે. (૧૦૧૦)

૬. અન્તઃશલ્યમરણ :-

गारवपंकनिबुड्डा अइयारं जे परस्स न कहंति ।
दंसणनाणचरित्ते ससल्लमरणं हवइ तेसिं ॥१०११॥

**ગારવરૂપ કાદવમાં ડૂબેલાઓ દર્શન, જ્ઞાન, ચારિત્ર સંબંધી જે અતિચારો છે, તે બીજાને કહેતા નથી. તેમનું સશલ્યમરણ થાય છે.**

શાતાગારવ, ઋદ્ધિગારવ, રસગારવ-ત્રણે કાળાશ-કલુષિતતાના કારણરૂપ હોવાથી કાદવરૂપે કહેવાય છે. તે કાદવમાં ડૂબેલાઓ એટલે તે કાદવને સ્વીકારતા જે અપરાધ કે અતિચારો, આલોચના લેવા યોગ્ય આચાર્ય વગેરેને કહેતા નથી એટલે વિચારે કે અમારે આલોચના યોગ્ય આચાર્ય વગેરેની પાસે જતા, તેમને વંદન વગેરે કરવાથી તથા તેમને કહેલ તપ વગેરે અનુષ્ઠાન આચરવાથી ઋદ્ધિ, રસ અને શાતાનો અભાવ થવાનો સંભવ ન હો. આના ઉપલક્ષણથી આ પણ જાણવું.

આ અલ્પશ્રુતવાળા, બહુશ્રુતવાળા એવા મારા શલ્યોનો ઉદ્ધાર શી રીતે કરશે ? આને હું વંદન વગેરે શી રીતે કરું ? 'આ કરવું તે તો મારી અપભ્રાજના છે.' એ પ્રમાણે અભિમાનથી અથવા શરમથી અયોગ્ય અનુષ્ઠાનથી અટકવા સ્વરૂપ અતિચારોને નથી કહેતા.

શંકા વગેરે દર્શનવિષયક, કાળાતિક્રમ વગેરે જ્ઞાનવિષયક, સમિતિ ન પાળવારૂપ ચારિત્રવિષયક અતિચારોને કહેતા નથી જે શલ્ય એટલે કાંટાની જેમ કાળાંતરે પણ અનિષ્ટફળ કરે જ છે તે શલ્ય કહેવાય. તે શલ્ય સહિત હોય તે સશલ્ય કહેવાય. તે શલ્ય સાથેનું જે મરણ તે સશલ્યમરણ-અન્તઃશલ્યમરણ ગૌરવરૂપ કાદવમાં ડૂબેલાને હોય છે. (૧૦૧૧)

૭. તદ્દભવમરણ :-

मोत्तुं अकम्मभूमिय नरतिरिए सुरगणे य नेरइए ।
सेसाणं जीवाणं तब्भवमरणं च केसिंचि ॥१०१२॥

**અકર્મભૂમિના મનુષ્ય અને તિર્યંચો, દેવ અને નારકોને છોડીને બાકીના જીવોને તદ્દભવમરણ હોય છે.**

દેવકુરુ-ઉત્તરકુરુ વગેરે અકર્મભૂમિઓમાં ઉત્પન્ન થયેલ મનુષ્યો, તિર્યંચોને, તેમના યુગલિકભવ પછી દેવોમાં જ ઉત્પત્તિ હોય છે. તથા દેવનિકાયો એટલે ચારે દેવનિકાયમાં રહેલા દેવોની તથા નરકમાં રહેલા નારકોની એમના તે ભવ પછી તિર્યંચ અને મનુષ્યોમાં જ ઉત્પત્તિ હોય છે. આથી અકર્મભૂમિના યુગલિકો, દેવો અને નારકો સિવાયના બીજા જીવો એટલે કર્મભૂમિના મનુષ્ય અને તિર્યંચોને તદ્ભવમરણ હોય છે. કારણ કે તે જીવોની ફરી ત્યાં ઉત્પત્તિ થાય છે.

જે મરણમાં ફરી તે જ ભવમાં ઉત્પન્ન થાય, તે તદ્ભવમરણ કહેવાય. તિર્યંચ મનુષ્યરૂપ ભવમાં રહેલ જીવ તે જ ભવ યોગ્ય જ આયુષ્ય બાંધી તે ભવ પૂરો થયે મરી ફરી તે જ ભવમાં ઉત્પન્ન થાય તેને તદ્ભવમરણ હોય છે. ગાથામાં તુ શબ્દ છે તે સંખ્યાતા વર્ષાયુવાળા તિર્યંચ મનુષ્યોને જ તદ્ભવમરણ હોય છે એ વિશેષતા જણાવવા માટે છે.

અસંખ્યાત વર્ષાયુવાળા યુગલ ધર્મવાળા હોવાથી અકર્મભૂમિના જીવોની જેમ દેવોમાં જ ઉત્પન્ન થાય છે. તે તદ્ભવ મરણ સંખ્યાત વર્ષાયુવાળા બધાને નથી હોતું પણ કેટલાકને જ હોય છે કે જેમણે તદ્ભવના કારણરૂપ આયુષ્ય કર્મ બાંધ્યુ હોય. (૧૦૧૨)

**मोत्तूण ओहिमरणं आवी(इ) अंतियंतियं चेव ।**
**सेसा मरणा सव्वे तब्भवमरणेण नायव्वा ॥१०१३॥**

અવધિમરણ, આવીચિમરણ, આત્યંતિકમરણ છોડીને બાકીના બધા મરણો તદ્ભવ-મરણપૂર્વક જાણવા. આ ગાથાનો ભાવાર્થ સારી રીતે સમજાતો નથી. તથા ઉત્તરાધ્યયન ચૂર્ણિ વગેરેમાં પણ આની વ્યાખ્યા કરી જ નથી એટલે અમે પણ આની ઉપેક્ષા કરીએ છીએ. (૧૦૧૩)

**હવે બાલમરણ, પંડિતમરણ અને મિશ્રમરણ કહે છે. :–**

अविरयमरणं बालं मरणं विरयाण पंडियं बिंति ।
जाणाहि बालपंडियमरणं पुण देसविरयाणं ॥१०१४॥

**અવિરતિધરનું બાલમરણ, વિરતિધરનું પંડિતમરણ અને દેશવિરતિ-ધરનું બાલપંડિત મરણ જાણવું.**

**૮. બાલમરણ :–**

વિરમણ એટલે વિરત–હિંસા જૂઠ વગેરેથી અટકવું. જેમને આ વિરમણ–વિરત નથી તે અવિરત કહેવાય. મરણ વખતે પણ દેશવિરતિને નહીં સ્વીકારતા એવા અવિરત સમ્યગ્દૃષ્ટિઓ કે મિથ્યાદૃષ્ટિઓનું જે મરણ તે અવિરતમરણ કહેવાય.

તે બાળક જેવા હોવાથી બાલ એટલે અજ્ઞાની–અવિરત તેમનું જે મરણ તે બાલમરણ કહેવાય.

૯. પંડિતમરણ :–

વિરત એટલે સર્વ સાવદ્યની નિવૃત્તિ સ્વીકારનારાઓનું જે મરણ, તેને તીર્થંકર ગણધર ભગવંતોએ પંડિતમરણ કહ્યું છે.

૧૦. બાલપંડિતમરણ :–

બાલપંડિતમરણ તે મિશ્રમરણ જાણવું. સર્વવિરતીની અપેક્ષાએ દેશથી સ્થૂલ પ્રાણિની હિંસા વગેરેથી વિરત થયેલ તે દેશવિરતિ, તેમનું જે મરણ તે બાલપંડિતરૂપ–મિશ્રમરણ છે. (૧૦૧૪)

**ચરણ (ચારિત્ર) દ્વારા બાલ વગેરે ત્રણ મરણો કહી હવે જ્ઞાનદ્વારા છદ્મસ્થ અને કેવલિમરણ કહે છે.**

**मणपज्जवोहिनाणी सुयमइनाणी मरंति जे समणा ।**
**छउमत्थमरणमेयं केवलिमरणं तु केवलिणो ॥१०१५॥**

**મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની, શ્રુતજ્ઞાની, મતિજ્ઞાની, શ્રમણોનું જે મરણ તે છદ્મસ્થમરણ છે. કેવલજ્ઞાનીનું જે મરણ તે કેવલિમરણ છે.**

૧૧. છદ્મસ્થમરણ :–

મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની, શ્રુતજ્ઞાની, મતિજ્ઞાની શ્રમણો એટલે તપસ્વીઓ જે મરે તે છદ્મસ્થમરણ કહેવાય. જે ઢાંકે–આવરે તે છદ્મ. એટલે જ્ઞાનાવરણ વગેરે કર્મો. તે કર્મોમાં જે રહ્યા હોય, તે છદ્મસ્થ, તેમનું જે મરણ તે છદ્મસ્થમરણ, અહીં ગાથામાં પહેલા મનઃપર્યવ જણાવ્યું છે તે વિશુદ્ધિની પ્રધાનતાના કારણે, ચારિત્રીઓને આ જ્ઞાન ઉત્પન્ન થાય છે. એમ સ્વામિકૃત પ્રધાનતાની અપેક્ષાએ જાણવું. એ પ્રમાણે અવધિજ્ઞાન વગેરેમાં પણ યથાયોગ્ય પોતાની બુદ્ધિથી હેતુઓની વિચારણા કરી લેવી.

૧૨. કેવલિમરણ :–

જેમને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે એવા કેવલિઓનું સમસ્તકર્મ પુદ્ગલક્ષય થવાથી જે મરણ થાય, તે કેવલિમરણ કહેવાય. (૧૦૧૫)

**હવે વૈહાયસ અને ગૃધ્રપૃષ્ઠમરણ કહે છે.**

**गिद्धाइभक्खणं गिद्धपिट्ठ उब्बंधणाइ वेहासं ।**
**एए दोन्निऽवि मरणा कारणजाए अणुन्नाया ॥१०१६॥**

**ગિધ વગેરેને ખાવા માટે પોતાનું શરીર આપવું તે ગૃધ્રપૃષ્ઠમરણ. ઊંચે પોતાને બાંધી મરવું તે વૈહાયસમરણ, કોઇક કારણ ઉત્પન્ન થયે છતે આ બંને મરણની અનુજ્ઞા છે.**

૧૩. ગૃધ્રપૃષ્ઠમરણ :–

ગીધો પ્રસિદ્ધ છે અને આદિપદથી સમળી શિયાળ વગેરે વડે પોતાનું શરીર

ખવાતું હોય, તો પણ તેને અટકાવ્યા વગર અને તેમના ભક્ષ્ય હાથી, ઊંટ વગેરેના મૃત શરીરમાં પ્રવેશ કરી ખાવાદે તે ગૃધ્રપૃષ્ઠમરણ.

જેમાં ગીધોવડે સ્પર્શ થાય તે ગૃધ્રસ્પૃષ્ટમરણ. અથવા ગીધોનું ભક્ષ્ય મરનારની પીઠ કે ઉપલક્ષણથી પેટ વગેરે જે મરણમાં છે, તે ગૃધ્રપૃષ્ઠમરણ કહેવાય, તે મરનાર અળતાની પૂણીના પુટ પોતાની પીઠપર આપી પોતાની પીઠ વગેરે ગીધ વગેરે પાસે ખવડાવે. આ મરણ પાછળ કહ્યું હોવા છતાં એને પહેલા કહ્યું. કારણ કે અતિમહાસત્ત્વવિષયક હોવાથી કર્મ નિર્જરામાં એને પ્રધાનતા છે. તે જણાવવા માટે પ્રથમ કહ્યું છે.

**૧૪. વૈહાયસમરણ :-**

ઝાડની ડાળી વગેરે ઉપર ઊંચે બંધાવું તે ઉદ્‌બંધન, આદિ પદ ઝાડ, પર્વતના ઢાળ વગેરે પરથી પડવા વગેરે દ્વારા પોતાની જાતે જ પોતાના આત્માનું જે મરણ કરે તે ઉદ્‌બંધન વગેરે મરણ કહેવાય. વિહાયસિ એટલે આકાશમાં જે થાય તે વૈહાયસ. ઊંચે બંધાયેલાઓ આકાશમાં જ હોય છે. તેથી આકાશની જ પ્રધાનતાની વિવક્ષાના કારણે વૈહાયસમરણ કહ્યું.

**પ્રશ્ન :-** જો એ પ્રમાણે હોય, તો ગૃધ્રપૃષ્ઠ પણ આપઘાતરૂપ હોવાથી તેનો પણ વૈહાયસમાં જ સમાવેશ કેમ નથી કરતા?

**ઉત્તર :-** સાચી વાત છે. ફક્ત આ ગૃધ્રપૃષ્ઠમરણ અલ્પસત્ત્વવાળા જીવોને આદરવું અશક્ય છે, તે જણાવવા માટે ભેદ પાડવાપૂર્વક જણાવ્યું છે.

**પ્રશ્ન :-** આગમમાં કહ્યું છે કે, भाविय जिणवयणाणं, ममत्त रहियाग नत्थि हु विसेसो, अप्पाणंमि परम्मिय, तो वज्जे पीडमुभओऽवि. १ જિનવચનથી ભાવિત, મમત્વરહિતજીવોને પોતાનો કે બીજાનો એવો કોઇ વિશેષ ભેદ નથી હોતો માટે બંનેની પીડાનો ત્યાગ કરવો જોઇએ. આ પ્રમાણે આગમમાં કહ્યું છે.

તો આ બે મરણો આત્માને અત્યંત પીડાકારક છે. તો આગમ વિરોધ કેમ ન થાય? આથી જ ભક્તપરિજ્ઞા વગેરેમાં પીડાના ત્યાગ માટે કહ્યું કે, પહેલા ચાર વર્ષો સુધી છટ્ઠ વગેરે વિવિધ તપો કરે પારણે વિગઈ વાપરે, પછી ચાર વર્ષો સુધી તે જ તપો વિકૃતિથી રહિત કરે. અર્થાત્ પારણે વિગઈ ન વાપરે. આ પ્રમાણે સંલેખનાવિધિ અને પાણી વગેરેની વિધિ તેમાં કહી છે અને દર્શન એટલે શાસનની મલિનતા બંને સ્થળે છે.

**ઉત્તર :-** ઉપર કહેલા ગૃધ્રપૃષ્ઠ અને વૈહાયસ નામના એ બે મરણો દર્શન એટલે શાસનની મલિનતા અપભ્રાજના દૂર કરવા વગેરે અથવા બીજા કારણો હોતે છતે ઉદાયી રાજાની પાછળ મરનાર તેવા પ્રકારના ગીતાર્થ આચાર્ય ભગવંતની જેમ અનુજ્ઞા આપેલ હોવાથી દોષ નથી. (૧૦૧૬)

હવે છેલ્લા ત્રણ મરણો કહે છે.

भत्तपइन्ना इंगिणि पायवगमणं च तिन्नि मरणाइं ।
कन्नसमज्झिमजेट्ठा धिइसंघयणेण उ विसिट्ठा ॥१०१७॥

ભક્ત પરિજ્ઞામરણ, ઈંગિનિમરણ, પાદપોગમન એ ત્રણ મરણો ધૃતિ સંઘયણમાં વિશિષ્ટતાના કારણે જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટરૂપે છે

**૧૫. ભક્તપરિજ્ઞામરણ :**

ભક્ત એટલે ભોજન, તેનું જે પરિજ્ઞાન એટલે જ્ઞાન તે પરિજ્ઞા. તે પરિજ્ઞા બે પ્રકારે છે. જ્ઞપરિજ્ઞા અને પ્રત્યાખ્યાનપરિજ્ઞા, જ્ઞપરિજ્ઞાવડે અમે ભૂતકાળમાં અનેક પ્રકારનું ખાધું. ભોજન કર્યાં અને આ કારણે બધું પાપ છે. એમ જે જ્ઞાન તે જ્ઞપરિજ્ઞા અને "ચારે પ્રકારના અશન પાન વગેરે સર્વને અને જે બાહ્યઉપધિ તથા અભ્યંતર ઉપધિને જાવજ્જીવ સુધી વોસિરાવે" આ પ્રમાણે આગમ વચનથી પ્રત્યાખ્યાન પરિજ્ઞાવડે ચાર પ્રકારના કે ત્રણ પ્રકારના આહારનો જાવજ્જીવ સુધી ત્યાગ કરવા રૂપ જે પ્રત્યાખ્યાન પચ્ચક્ખાણ તે ભક્તપરિજ્ઞા કહેવાય છે.

**૧૬. ઈંગિનીમરણ :-**

જે અનશનક્રિયામાં અમુક નક્કી કરેલ જગ્યામાં જ, ચેષ્ટાક્રિયા કરે તે ઇંગિની, ભક્તપરિજ્ઞા અનશનમાં ત્રિવિધ કે ચતુર્વિધ આહારનું પચ્ચક્ખાણ હોય છે. અને શરીરની સેવા પોતે જાતે કરે અથવા બીજા પાસે પણ કરાવે. જ્યારે ઈંગિનીમાં નિયમા ચારે આહારનો ત્યાગ હોય છે. અને બીજા પાસે સેવા પણ કરાવવાની નહીં, પોતે જાતે નક્કી કરેલ ક્ષેત્રમાં સ્વયં પોતાની ઉદ્વર્તનાદિ (પડખું બદલી બીજા પડખે સુવું વગેરે) ક્રિયારૂપ પરિકર્મ સમાધિ થાય તે રીતે કરે એટલો આ બે અનશનોમાં તફાવત છે.

**૧૭. પાદપોપગમનમરણ :-**

નીચે જમીનમાં ફેલાયેલા મૂળિયારૂપ પગ વડે પીએ તે પાદપ એટલે ઝાડ-વૃક્ષ. ઉપશબ્દ તે ઉપમા અર્થમાં છે. અને સદૃશતા એટલે સરખાપણામાં પણ જોવાય છે. માટે ઝાડની જેમ સરખાઈ એટલે સદૃશતા જેમાં પમાય, તે પાદપોપગમન, આનો ભાવ આ પ્રમાણે છે.

જેમ ઝાડ કોઈક સ્થળે કોઈક રીતે પડી ગયેલું આ સમ છે કે અસમ છે એમ ન વિચારતું નિશ્ચલ જ રહે છે, તેમ આ અનશની મુનિ ભગવંત પણ સરખી અસરખી જગ્યામાં અંગોપાંગ પહેલેથી જેમ પડ્યા હોય તેને તે પ્રમાણે જ રહેવા દે. તેને ત્યાંથી ખસેડે નહીં તે પાદપોપગમન અનશન છે. આવા પ્રકારના અનશનોથી ઓળખાતા મરણોને પણ એ પ્રમાણેના નામથી કહ્યા. આથી જ કહ્યું કે ત્રણ મરણો છે.

આ ત્રણ મરણોનું કંઈક સ્વરૂપ કહે છે. કનિષ્ઠ એટલે નાનું જઘન્ય. મધ્યમ એટલે નાના અને મોટાની વચ્ચે રહેલ તે મધ્યમ. જ્યેષ્ઠ એટલે સહુથી મોટું. આ ત્રણે મરણો યથાયોગ્યપણે કનિષ્ઠ, મધ્યમ અને જ્યેષ્ઠ જાણવા.

સંયમ પ્રત્યે ચિત્ત સ્વસ્થતા એ ધૃત્તિ. શરીર બળના કારણરૂપ વજ્રઋષભનારાચ વગેરે સંઘયણ. આ ત્રણે મરણોધૃતિ અને સંઘયણ બળ વડે વિશિષ્ટ હોય છે. જેથી ત્રણે મરણમાં આ પ્રમાણે ભાવનાથી ભાવિત થાય કે,

'ધીર પુરુષે પણ મરવાનું છે અને કાયર પુરુષે પણ અવશ્ય મરવાનું છે. આ પ્રમાણે અવશ્ય મરવાનું જ હોય, તો ધીરતાપૂર્વક મરવું એ જ ઉત્તમ છે. ૧ વગેરે ભાવનાથી ભાવિત થયેલ શુભાશયવાળો જ આ અનશન સ્વીકારે છે. આ ત્રણેનું ફળ પણ એક સરખું વૈમાનિક દેવપણું કે મોક્ષરૂપ છે. માટે કહ્યું છે કે 'સુવિહિત મુનિ આ પચ્ચક્ખાણને સારી રીતે પાળીને વૈમાનિક દેવ થાય છે. અથવા સિદ્ધ થાય છે છતાં વિશિષ્ટ, વિશિષ્ટતર અને વિશિષ્ટતમ ધતિમાનને જ આની પ્રાપ્તિ થાય છે. માટે જ્યેષ્ઠપણું વગેરે એમની વિશેષતા કહેવાય છે. તથા ભક્તપરિજ્ઞામરણ સાધ્વી વગેરેને પણ હોઈ શકે કહ્યું છે કે,

सव्वावि य अज्जाओ सव्वेविय पढम संघयण वज्जा ।
सव्वेवि देसविरया पच्चक्खाणेण उ मरंति ॥१॥ नि. भा. गा. ३९१८

બધીય સાધ્વીઓ, પહેલા સંઘયણ વગરનાં બધા સાધુઓ, બધા દેશવિરતિધરો પચ્ચક્ખાણ વડે મરે છે. ૧ અહીં પચ્ચક્ખાણ શબ્દ વડે ભક્તપરિજ્ઞા જ કહી છે. કારણ કે આગળ પાદપોપગમન વગેરે બીજી રીતે કહ્યા છે.

ઇંગિની મરણ તો વિશિષ્ટ ધૃતિ સંઘયણવાળા સાધુને જ હોય છે. આથી સાધ્વી વગેરેને એનો નિષેધ જણાઈ આવે છે. પાદપોપગમન નામ વડે જ વિશિષ્ટતમ ધૃતિ સંઘયણવાળા તથા વજ્રઋષભનારાચ સંઘયણવાળાને જ હોય છે.

કહ્યું છે કે, પર્વત અને દિવાલ સમાન મજબૂત પહેલું સંઘયણ છે. તેમનો પણ ચૌદપૂર્વીનો વિચ્છેદ થતા વિચ્છેદ થયો.

તીર્થંકર સેવિત હોવાથી પાદપોપગમનનું જ્યેષ્ઠપણું છે અને બે અનશન વિશિષ્ટ સાધુ વડે સેવિત હોવાથી અન્યથાપણું છે એટલે જ્યેષ્ઠપણું નથી. જેથી કહ્યું છે કે,

બધા કાળમાં, સર્વ કર્મભૂમિઓમાં, સર્વજ્ઞો બધાથી પૂજાયેલા, સર્વના ગુરુ, સર્વ મેરૂ ઉપર અભિષેક કરાયેલા સર્વ લબ્ધિવાળા, બધાય પરિસહોને પરાજિત કરીને બધાય તીર્થંકરો પાદપોપગમન વડે સિદ્ધિ પામ્યા. ૨. બાકીના ભૂતકાળ, વર્તમાનકાળ ભવિષ્યકાળના સર્વે સાધુઓમાં કોઈક પાદપોપગમન પચ્ચક્ખાણ વડે કેટલાક ઇંગિનીમરણ વડે તથા કેટલાક ભક્તપરિજ્ઞા વડે સિદ્ધિ પામ્યા છે. તેથી ભક્તપરિજ્ઞા કનિષ્ઠ, ઇંગિની મધ્યમ, પાદપોપગમન જ્યેષ્ઠ છે. (૧૦૧૭)


ધનવૃત્ત પ્યાલો.
પલ્યોપમના માપ માટે
૪ ગાઉ
૪ ગાઉ
૪ ગાઉ

## ૧૫૮. પલ્યોપમ

पलिओवमं च तिविहं उद्धारऽद्धं च खेत्तपलियं च ।
एक्केक्कं पुण दुविहं बायर सुहुमं च नायव्वं ॥१०१८॥

**ઉદ્ધાર, અદ્ધા અને ક્ષેત્રપલ્ય એમ ત્રણ પ્રકારે પલ્યોપમ છે. તે ત્રણેના બાદર અને સૂક્ષ્મ—એમ બે-બે ભેદો છે.**

પલ્ય એટલે ગોળાકાર અનાજ ભરવાનું સાધન, જેને કોઠી કહેવામાં આવે છે. આગળ જેનું સ્વરૂપ કહેવામાં આવશે તે પલ્યની ઉપમાવાળો કાળ પ્રમાણ જેમાં છે, તે પલ્યોપમ. તે પલ્યોપમ ત્રણ પ્રકારે છે. ૧. ઉદ્ધારપલ્યોપમ, ૨. અદ્ધાપલ્યોપમ અને ૩. ક્ષેત્રપલ્યોપમ.

૧. આગળ કહેવાશે એવા સ્વરૂપવાળા વાળોના અગ્ર ભાગ અને તેના ટુકડાઓનો ઉદ્ધાર એટલે કાઢવા વડે દ્વીપ સમુદ્રોનો પણ દરેક સમયે ઉદ્ધાર એટલે અપહાર કરવો તે ઉદ્ધાર, તે ઉદ્ધારવિષયક અથવા ઉદ્ધારપ્રધાન જે પલ્યોપમ તેને ઉદ્ધારપલ્યોપમ કહે છે.

૨. અદ્ધા એટલે કાળ. તે કાળ પ્રસંગે કહેવાશે એવા વાલાગ્રોના અથવા તેના ટુકડાઓનો દરેક સો સો વર્ષરૂપ કાળે કાઢવારૂપ ઉદ્ધારકાળ લેવાય છે. અથવા આ અદ્ધા પલ્યોપમવડે નારક વગેરેના આયુષ્યરૂપ કાળ માપી શકાય તે અદ્ધાકાળ. તે અદ્ધા-પ્રધાન અથવા અદ્ધાવિષયક જે પલ્યોપમ તે અદ્ધાપલ્યોપમ કહેવાય.

૩. વિવક્ષિત આકાશ પ્રદેશરૂપ ક્ષેત્રનો જે ઉદ્ધાર પ્રધાન જે પલ્યોપમ તે ક્ષેત્રપલ્યોપમ છે.

આ દરેકના બાદર અને સૂક્ષ્મ એમ બે–બે ભેદો જાણવાથી તેમાં વાળાગ્રોના સૂક્ષ્મ ટુકડા કર્યા વગર જેમ છે તે જ સ્થૂલરૂપે ગ્રહણ કરાતા હોવાથી બાદર અને તે જ વાળાગ્રો અસંખ્યાત સૂક્ષ્મ ટુકડા કરવા વડે લેવાય તે સૂક્ષ્મ. (૧૦૧૮)

**કેવા પ્રકારના પલ્યવડે પલ્યોપમની ઉપમા અપાય છે તે કહે છે.**

जं जोयणविच्छिन्नं तं तिउणं परिरएण सविसेसं ।
तावइयं उव्विद्धं पल्लं पलिओवमं नाम ॥१०१९॥

**જે એક યોજન વિસ્તારવાળો અને કંઇક અધિક ત્રણ ગુણી પરિધિ-વાળો અને એટલી જ એટલે એક યોજન ઊંડાઇવાળો જે ખાડો તે પલ્ય કહેવાય છે.**

ધાન્યની કોઠી જેવા પલ્ય જે પહેલા કહી ગયા છે તે પલ્ય, પલ્યોપમના વિષયમાં જાણવો. જે ઉત્સેધાંગુલ યોજનથી એક યોજન વિસ્તારનો છે. ગોળાકાર હોવાથી લંબાઈ પણ એક યોજન જાણવી. તે યોજનને કંઈક અધિક એવો ત્રણ ગુણો કરતા તે પલ્યની પરિધિ આવે છે. ગોળાઈને આશ્રયી ગોળપરિધિનું માપ કંઈક ન્યૂન છ ભાગ અધિક ત્રણ ગુણું હોય છે. આથી આ પલ્યની પણ પરિધિ છ ભાગ અધિક ત્રણ યોજન જાણવી. તે પલ્ય લંબાઇ પહોળાઈથી એક યોજન અને ઊંચાઈ પણ એક યોજન જ છે. અને પરિધિ કંઈક ન્યૂન છ ભાગ અધિક ત્રણ યોજન છે. આવા માપવાળો પલ્ય અહીં પલ્યોપમમાં જાણવો. એવું તાત્પર્ય છે. (૧૦૧૯)

**કેવા પ્રકારના વાળાગ્રો વડે આ પલ્ય ભરવામાં આવે છે તે વાળાગ્રોનું સ્વરૂપ જણાવે છે.**

**एगाहियबेहियतेहियाण उक्कोस सत्तरत्ताणं ।**
**सम्मट्ठं संनिचियं भरियं वालग्गकोडीहिं ॥१०२०॥**

**એક દિવસના, બે દિવસના, ત્રણ દિવસનાથી** લઇ **ઉત્કૃષ્ટથી સાત રાત-દિવસ સુધીના વાળોના સૂક્ષ્મ અગ્રભાગ એટલે છેડાઓથી ઠાંસી ઠાંસીને કાંઠા સુધી ભરવો.**

એક દિવસના ઉગેલા એકાહિકય, બે દિવસના ઉગેલા જે વાળ તે દ્વયાહિકય, ત્રણ દિવસના ઉગેલા ત્ર્યાહિકય તે એક દિવસના, બે દિવસના, ત્રણ દિવસના, ચાર દિવસનાથી લઈ ઉત્કૃષ્ટ સાત રાત દિવસના ઉગેલા વાળોના જ અતિ સૂક્ષ્મ હોવાથી અગ્રકોટિ એટલે છેડા તે વાલાગ્રકોટિનો ભરેલો આ પાલો છે તે અહીં સમજવો.

મુંડાવેલા માથા પર એક દિવસમાં જેટલા પ્રમાણવાળા વાળાગ્ર ઉગે તે એકાહિકય કહેવાય. બે દિવસમાં જેટલા પ્રમાણવાળા વાળાગ્ર ઉગે તે દ્વયાહિકય, ત્રણ દિવસના ત્ર્યાહિકય. એમ સાત રાતમાં ઉગેલા વાળો સાતરાત્રિકી કહેવાય. તે વાળાગ્રકોટિને શી રીતે ભરે તે કહે છે. આ કર્ણ એટલે પલ્યના કાંઠા સુધી દબાવી દબાવીને સંપૂર્ણ ભરે. જેથી આ ભરેલ પલ્યમાંથી કોઈપણ રીતે તે વાળાગ્રોને વાયુ ઉડાડી ન શકે, અગ્નિ બાળી ન શકે અને પાણી અંદર પેસી કોહવડાવી ન શકે. અનુયોગદ્વાર સૂત્રમાં કહ્યું છે કે 'તે વાળાગ્રોને અગ્નિ બાળતો નથી, વાયુ હરતો નથી અને પાણી કોહવડાવતું નથી. (૧૦૨૦)

**૧. બાદર ઉદ્ધારપલ્યોપમ :–**

**तत्तो समए समए इक्किक्के अवहियंमि जो कालो ।**
**संखिज्जा खलु समया बायरउद्धारपल्लंमि ॥१०२१॥**

**તે પછી સમયે સમયે એક એક વાળાગ્રને કાઢતા જે કાલ થાય, તે બાદરઉદ્ધારપલ્યોપમ કહેવાય છે. તેમાં સંખ્યાતા સમયો થાય છે.**

તે પછી ઉપર કહેલ વાળાગ્રથી ભરેલા ખાડામાંથી સમયે સમયે એટલે દરેક સમયે એક એક વાળાગ્રને કાઢીએ તેમાં જેટલો સમય-વખત લાગે એટલે દરેક સમયે વાળાગ્રોને કાઢતા જેટલા કાળે તે પ્યાલો સાવ ખાલી થઈ જાય એક પણ વાળાગ્ર બચે નહિ. તેટલા વખતને બાદરઉદ્ધારપલ્યોપમ કહેવાય છે.

આ બાદરઉદ્ધારપલ્યોપમમાં સંખ્યાતા જ સમયો થાય છે. અસંખ્યાતા નહીં. કારણ કે વાળાગ્રો પણ સંખ્યાતા છે. આથી તેમને દરેક સમયે કાઢતા સંખ્યાતા જ સમયો આવશે. (૧૦૨૧)

બાદરઉદ્ધારપલ્યોપમ કહ્યું. હવે ક્રમાનુસાર સૂક્ષ્મઉદ્ધારપલ્યોપમ કહે છે.

**૨. સૂક્ષ્મઉદ્ધારપલ્યોપમ :–**

**एक्केक्कमओ लोमं कट्टुमसंखिज्जखंडमदिस्सं ।**
**समछेयाणंतपएसियाण पल्लं भरिज्जाहि ॥१०२२॥**

**એક એક વાળાગ્રરૂપ લોમના, જોઈ ન શકાય એવા અસંખ્યાતા ટુકડા કરવા. તે ટુકડા પરસ્પર એક સમાન (સરખા) અનંત પ્રદેશરૂપ હોય એનાથી પલ્ય ભરવો.**

સહજ વાળાગ્રોથી ભરેલ પલ્યમાંથી એક એક લોમ એટલે આગળ કહેલા વાળાગ્રરૂપ લોમના ન જોઈ શકાય તેવા અસંખ્યાતા ટુકડાઓ કરે આનો ભાવ એ છે કે,

આગળ સ્વાભાવિક (સહજ) વાળાગ્રો લીધા છે અહીં તે જ વાળાગ્રોના દરેકના અસત્ કલ્પનાએ ટુકડા કરવા કે એકેક વાલાગ્રના અદૃશ્ય એટલે જોઈ ન શકાય એવા અસંખ્ય ટુકડારૂપે એક એક વાળાગ્રના થાય. તે દરેક વાળાગ્રોના ટુકડા દ્રવ્યથી અત્યંત નિર્મળ આંખવાળો છદ્મસ્થ પુરુષ જે અતિ સૂક્ષ્મપુદ્ગલ દ્રવ્યને જુએ છે. તેનાથી પણ અસંખ્યાતમા ભાગે તે ટુકડા હોય. ક્ષેત્રથી સૂક્ષ્મપનક એટલે સેવાળનું શરીર જેટલા ક્ષેત્રમાં રહી શકે–અવગાહી શકે તેનાથી અસંખ્યગુણ ક્ષેત્રમાં રહેનાર ટુકડો હોય એ ટુકડારૂપ વાળાગ્રનું દ્રવ્ય પ્રમાણ છે. અનુયોગદ્વારસૂત્રમાં પણ કહ્યું છે–

'તે એક એક વાળાગ્રના અસંખ્યાત ટુકડા કરવા. તે વાળાગ્રના ટુકડા દૃષ્ટિની અવગાહનાથી અસંખ્યાતમા ભાગ પ્રમાણ, સૂક્ષ્મપનક જીવના શરીરની અવગાહનાથી અસંખ્યાતગુણ છે.'

વૃદ્ધો આ પ્રમાણે વ્યાખ્યા કરે છે. 'બાદર પર્યાપ્ત પૃથ્વીકાયના શરીર તુલ્ય પ્રમાણ' અનુયોગદ્વારસૂત્રના મૂળ ટીકાકાર શ્રીહરિભદ્ર સૂ. મ. કહે છે. 'બાદર પર્યાપ્ત પૃથ્વીકાયના શરીર તુલ્ય અસંખ્યાત ખંડો એમ વૃદ્ધવાદ છે.' આ પ્રમાણે કરીને શું કરવું તે કહે છે. તે પછી આ બધાયે વાળાગ્રોના પરસ્પર એક સરખા ટુકડા કરેલ દરેક વાળાગ્રો હજુ પણ

અનંત પ્રદેશરૂપ એટલે અનંત પરમાણુરૂપ છે. તે વાળાગ્ર વડે પૂર્વોક્તપલ્ય બુદ્ધિ કલ્પનાથી સંપૂર્ણ ભરે. (૧૦૨૨)

**તે પલ્યને ભર્યા પછી જે કરવાનું છે તે કહે છે.**

**तत्तो समए समए एक्केक्के अवहियंमि जो कालो ।**
**संखिज्ज वासकोडी सुहुमे उद्धारपल्लंमि ॥१०२३॥**

**તે પછી સમયે સમયે એક એક વાળાગ્રને અપહરતા સંખ્યાતા ક્રોડ વર્ષ પ્રમાણ જે કાળ થાય, તે સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ કહેવાય છે.**

ત્યારબાદ સૂક્ષ્મ ટુકડા કરેલ વાળાગ્રોથી ભરેલ પલ્યમાંથી દરેક સમયે એક એક સૂક્ષ્મવાળાગ્રના ટુકડાને અપહરતા જેટલો વખત લાગે તેટલા વખતને સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ કહેવાય. આ સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમમાં સંખ્યાતા ક્રોડ વર્ષો થાય છે એમ જાણવું. અહીં દરેક વાળાગ્રો અસંખ્યાત ખંડાત્મક હોવાથી એક એક વાળાગ્રોના ટુકડાઓને કાઢતા અસંખ્યાતા સમયો આવતા હોવાથી બધા વાળાગ્રોના ટુકડાઓને અપહરતા સંખ્યાતા ક્રોડ વર્ષો જ થાય. (૧૦૨૩)

**૩. બાદરઅદ્ધાપલ્યોપમ :–**

**वाससए वाससए एक्केक्के बायरे अवहियंमि ।**
**बायर अद्धापलियं संखेज्जा वासकोडीओ ॥१०२४॥**

**એક એક બાદર વાળાગ્રોને સો સો વર્ષે અપહરતા (કાઢતા) સંખ્યાતા ક્રોડ વર્ષ પ્રમાણ બાદરઅદ્ધાપલ્યોપમ થાય છે.**

ઉત્સેધાંગુલ પ્રમાણના એક યોજન પ્રમાણનો લાંબો, પહોળો અને ઊંડો પલ્ય આગળ કહેલ સહજ બાદર વાળાગ્રો વડે ભરે. ભરાયા પછી દરેક સો સો વર્ષે એક એક વાળાગ્રને કાઢતા જેટલા વખતે તે પાલો ખાલી થાય, તેટલો કાળ બાદરઅદ્ધાપલ્યોપમ જાણવો. બાદરઅદ્ધાપલ્યોપમમાં સંખ્યાતા ક્રોડ વર્ષો થાય છે. (૧૦૨૪)

**૪. સૂક્ષ્મઅદ્ધાપલ્યોપમ :–**

**वाससए वाससए एक्केक्के अवहियम्मि सुहुमंमि ।**
**सुहुमं अद्धापलियं हवंति वासा असंखिज्जा ।१०२५।**

આગળની જેમ જ તે ખાડો અસંખ્યાત ટુકડા કરેલ સૂક્ષ્મવાળાગ્રો વડે સંપૂર્ણ ભરવો. પછી સો સો વર્ષ વીત્યા પછી એક એક સૂક્ષ્મવાળાગ્રોને કાઢતા જેટલા વખતે તે પલ્ય સંપૂર્ણ ખાલી થાય તેટલો કાળ સૂક્ષ્મઅદ્ધાપલ્યોપમ જાણવો. તે સૂક્ષ્મઅદ્ધા પલ્યોપમમાં અસંખ્યાતા વર્ષો એટલે અસંખ્ય ક્રોડ વર્ષો થાય છે. (૧૦૨૫)

**૫–૬. સૂક્ષ્મ–બાદર ક્ષેત્રપલ્યોપમ :–**

बायरसुहुमायासे खेत्तपएसाणुसमयमवहारे ।
बायरसुहुमं खेत्तं उस्सप्पिणीओ असंखेज्जा ॥१०२६॥

**સૂક્ષ્મબાદર વાળાગ્રોથી ભરેલા પલ્યના આકાશક્ષેત્રના પ્રદેશોને દરેક સમયે અપહરતા એટલે કાઢતા સૂક્ષ્મબાદર ક્ષેત્રપલ્યોપમ થાય છે. જેમાં અસંખ્યાતી ઉત્સર્પિણી થાય છે.**

પૂર્વોક્ત પલ્યમાં રહેલા સ્વાભાવિક અને અસંખ્યાત ટુકડા કરેલ બાદર અને સૂક્ષ્મ વાળાગ્રો, જે આકાશપ્રદેશને અવગાહી રહેલ છે. તે આકાશ ક્ષેત્રના જે પ્રદેશો એટલે જેના બે ભાગ ન થઈ શકે એવા આકાશના વિભાગ સ્વરૂપ પ્રદેશો તેને દરેક સમયે એક એક કાઢતા જેટલો કાળ લાગે, તે કાળને અનુક્રમે બાદર ક્ષેત્રપલ્યોપમ અને સૂક્ષ્મ-ક્ષેત્ર પલ્યોપમ કહેવાય છે. આની વિચારણા આ પ્રમાણે છે.

ઉત્સેધાંગુલથી એક યોજન પ્રમાણ લાંબા, પહોળા અને ઊંડા પલ્યને આગળની જેમ એક રાત્રિ દિવસથી માંડી સાત રાત્રિ દિવસમાં ઉગેલા વાળાગ્રો વડે કાંઠા સુધી ઠાંસી ઠાંસીને ભરવો. તે પછી તે વાળાગ્રો વડે જે આકાશ પ્રદેશો સ્પર્શાયેલા છે તે આકાશ પ્રદેશોને સમયે સમયે એક એક આકાશપ્રદેશ–એમ દરેક સમયે કાઢતા જેટલાં વખતમાં સંપૂર્ણપણે તે આકાશપ્રદેશો ખાલી થઈ જાય, તેટલા કાળ વિશેષને બાદરક્ષેત્ર પલ્યોપમ કહે છે. આ બાદરક્ષેત્ર પલ્યોપમમાં અસંખ્યાત ઉત્સર્પિણી પ્રમાણ કાળ થાય છે. કારણ કે ક્ષેત્ર અતિ સૂક્ષ્મ હોવાથી એક એક વાળાગ્રે રહેલ ક્ષેત્રના પ્રદેશોને પણ દરેક સમયે એક એક પ્રદેશ કાઢતાં अंगुलअसंखभागे ओसप्पिणीओ असंखेज्जा ' 'અંગુલના અસંખ્યાતમાં ભાગ ક્ષેત્રમાં અસંખ્યાતી ઉત્સર્પિણી થાય ' એ વચનાનુસારે અસંખ્યાતી ઉત્સર્પિણી–અવસર્પિણી થાય, તો પછી સમસ્ત વાળાગ્રો વડે અવગાહેલા ક્ષેત્ર પ્રદેશોનો અપહાર કરતા કેમ ન લાગે ! લાગે જ.

આગલ કહેલ તે ખાડો જ આગળની જેમ એક એક વાળાગ્રના અસંખ્યાતા ટુકડા કરીને ટુકડા વડે કાંઠા સુધી દબાવી–દબાવી ભરવો. જેથી જરાપણ અગ્નિ વગેરે તેને નુકસાન ન કરી શકે. આ પ્રમાણે ભરેલ તે પલ્યમાં જે આકાશપ્રદેશો વાળાગ્રોવડે સ્પર્શાયેલા છે કે સ્પર્શાયેલા નથી તે બધાને દરેક સમયે એક એક આકાશપ્રદેશને અપ-હરીને કાઢતા જેટલા વખતમાં સંપૂર્ણપણે નિષ્ઠા પામે તેટલા કાળ વિશેષને સૂક્ષ્મક્ષેત્ર પલ્યોપમ કહેવાય.

આ કાળમાં પણ અસંખ્યાતી ઉત્સર્પિણી–અવસર્પિણી પ્રમાણ કાળ થાય. ફક્ત આગળના કાળ કરતાં અસંખ્યાતગુણો કાળ હોય છે. કારણ કે વાળાગ્રવડે સ્પર્શાયેલ આકાશપ્રદેશોથી નહિ સ્પર્શાયેલા આકાશપ્રદેશો અસંખ્યાતગુણા છે.

**પ્રશ્ન :-** જે વાળાગ્રો વડે ઠાંસી ઠાંસીને સંપૂર્ણ ભરેલા પલ્યમાં અગ્નિ વગેરે પણ જરાયે અસર કરી શકતા નથી ત્યાં વાળાગ્રોવડે નહીં સ્પર્શાયેલા આકાશપ્રદેશો શી રીતે સંભવે? જેથી તમે કહી શકો કે વાળાગ્રોવડે અસ્પૃષ્ટ આકાશપ્રદેશો છે?

**ઉત્તર :-** વાળાગ્રોના અસંખ્યાતા ટુકડા કરવા છતાં પણ, આકાશપ્રદેશો અતિ સૂક્ષ્મ હોવાથી તેના કરતાં અસંખ્યગુણા છે. અહીં આ બાબતમાં પ્રશ્નોત્તર રૂપે અનુયોગ દ્વારનું સૂત્ર કહે છે. 'ત્યાં એક પ્રશ્નકાર પ્રરૂપકને આ પ્રમાણે કહે છે કે 'તે પલ્યના જે આકાશપ્રદેશો છે, તે વાળાગ્રો વડે નહીં સ્પર્શાયેલા એમ હોય?

હા. હોય છે. એમાં કયું દૃષ્ટાંત છે. જેમ કોઈક એક ખાડો હોય તેને કોળાવડે સંપૂર્ણ ભર્યો હોય, તેમાં બીજોરા નાંખો તો તે પણ તેમાં સમાય. તેમાં આમળા નાંખો તો તે પણ તેમાં સમાય, તેમાં બોર નાંખો તો તે પણ સમાય. તેમાં ચણા નાંખો તો તે પણ સમાય. એમ આ દૃષ્ટાંત વડે તે પલ્યના આકાશપ્રદેશો તે વાળાગ્રો વડે અસ્પર્શાયેલા હોય છે. સૂત્ર (૩૩૭)

આ પ્રમાણે અર્વાગ્ દૃષ્ટિ એટલે બાદરદૃષ્ટિવાળા યથોક્ત પાલામાં પોલાણના અભાવે અસ્પૃષ્ટ આકાશપ્રદેશોની સંભાવના ન કરે છતાં પણ સૂક્ષ્મ પણ વાલાગ્રો બાદર છે તે આકાશપ્રદેશો અતિ સૂક્ષ્મ હોવાથી અસંખ્યાતા આકાશપ્રદેશો અસ્પર્શાયેલા હોય છે. અતિ ઘન મજબૂત એવા થાંભલા હોવા છતાં પણ તેમાં ખીલી વગેરેને ઠોકતા તે ઘણી અંદર પેસી શકે છે. તે થાંભલામાં પોલાણ વગર સંભવે નહિ.

**પ્રશ્ન :-** જો આકાશપ્રદેશો વાળાગ્રોવડે સ્પર્શાયેલા કે ન સ્પર્શાયેલા લેવાના હોય, તો પછી વાળાગ્રોની શી જરૂર છે? આ પ્રમાણે જ પ્રરૂપણા કરો કે ઉત્સેધાંગુલ પ્રમાણથી એક યોજન લાંબા, પહોળા, ઊંડા પલ્યમાં જેટલા આકાશપ્રદેશો રહેલા હોય તે લેવા એમ કહો.

**ઉત્તર :-** સાચી વાત છે. ફક્ત આ સૂક્ષ્મ પલ્યોપમવડે દૃષ્ટિવાદમાં સ્પૃષ્ટ અસ્પૃષ્ટ ભેદે દ્રવ્ય પ્રમાણ કરાય છે. જેમકે જે વાળાગ્રો વડે આકાશપ્રદેશો સ્પર્શાયેલા છે. તેમાંના એકેક આકાશપ્રદેશને દરેક સમયે અપહરતા જે બાદરક્ષેત્ર પલ્યોપમ થાય છે, તેટલા પ્રમાણવાળા આ દ્રવ્યો છે. જે આકાશપ્રદેશો વાળાગ્રોવડે સ્પર્શાયેલા હોય કે ન સ્પર્શાયેલા હોય તેઓના દરેક સમયે એક એક આકાશપ્રદેશને અપહરતા જે સૂક્ષ્મક્ષેત્ર પલ્યોપમ થાય, તેટલા પ્રમાણવાળા આ દ્રવ્યો છે. માટે દૃષ્ટિવાદમાં વાળાગ્રો વડે પ્રયોજન હોવાથી તેની પ્રરૂપણા કરીએ છીએ. (૧૦૨૬)

## ૧૫૯. સાગરોપમ

**उद्धारपल्लगाणं कोडाकोडी भवेज्ज दसगुणिया ।**
**तं सागरोवमस्स उ एक्कस्स भवे परीमाणं ॥१०२७॥**

**ઉદ્ધાર પલ્યોપમને જો દસ કોડાકોડી વડે ગુણવામાં આવે તો, તે એક સાગરોપમ પ્રમાણ થાય છે.**

અતિ મોટાઈની સમાનતાના કારણે સમુદ્રની ઉપમા જે કાળને અપાય છે, તે સાગરોપમ. તે સાગરોપમ ઉદ્ધારસાગરોપમ, અદ્ધાસાગરોપમ અને ક્ષેત્રસાગરોપમ–એમ ત્રણ પ્રકારે છે. તે ત્રણે સાગરોપમ પણ બાદર અને સૂક્ષ્મ એમ બે–બે પ્રકારે છે. એમાં આગળ કહેલ સૂક્ષ્મ બાદર ભેદ યુક્ત બંને પલ્યોપમને દસ કોડાકોડી વડે ગુણતાં, બાદરઉદ્ધારસાગરોપમ અને સૂક્ષ્મઉદ્ધાર સાગરોપમનું પ્રમાણ થાય છે. દસ કોડાકોડી બાદરઉદ્ધારપલ્યોપમથી બાદરઉદ્ધારસાગરોપમ અને દસ કોડાકોડી સૂક્ષ્મઉદ્ધારપલ્યોપમ વડે સૂક્ષ્મઉદ્ધારસાગરોપમ થાય છે. (૧૦૨૭)

**સૂક્ષ્મઉદ્ધારસાગરોપમનું પ્રયોજન કહે છે.**

**जावइओ उद्धारो अड्ढाइज्जाण सागराण भवे ।**
**तावइआ खलु लोए हवंति दीवा समुद्दा य ॥१०२८॥**

**અઢી સૂક્ષ્મ ઉદ્ધાર સાગરોપમના જેટલા સમયો થાય તેટલા લોકમાં દ્વીપ સમુદ્રો છે.**

અઢી ઉદ્ધાર સાગરોપમ એટલે પચ્ચીસ કોડાકોડી પલ્યોપમ. વાળાગ્રોના ઉદ્ધારથી થયેલ સમય સમૂહ પ્રમાણ જ લોકમાં દ્વીપો અને સમુદ્રો થાય છે. આનો ભાવાર્થ આ છે. અઢી ઉદ્ધાર સૂક્ષ્મ સાગરોપમના જેટલા સમયો થાય, તેટલા લોકમાં દ્વીપ સમુદ્રો છે.

અઢી સૂક્ષ્મઉદ્ધારસાગરોપમમાં કે પચ્ચીસ કોડાકોડી સૂક્ષ્મઉદ્ધારપલ્યોપમમાં વાલાગ્રના ઉદ્ધાર વિષયવાળા જેટલા સમયો થાય, તેટલા તિર્છાલોકમાં સર્વ દ્વીપ સમુદ્રો થાય છે. જો કે અહીં સૂત્રમાં સામાન્યથી કહેલું હોવા છતાં પણ સૂક્ષ્મઉદ્ધાર સાગરોપમનું દ્વીપ સમુદ્રની સંખ્યા લાવવારૂપ આ પ્રયોજન જ જાણવું.

અનુયોગદ્વારસૂત્રમાં આ સૂક્ષ્મઉદ્ધારપલ્યોપમ સાગરોપમવડે દ્વીપ સમુદ્રોનો ઉદ્ધાર લેવાય છે.

બાદરઉદ્ધાર સાગરોપમનું કોઈપણ પ્રયોજન નથી. ફક્ત બાદરની પ્રરૂપણા પછી સૂક્ષ્મની પ્રરૂપણા ક્રમસર પ્રાપ્ત થવાથી તે પ્રરૂપણા સુખપૂર્વક કરવા યોગ્ય તથા સુખ એટલે સહેલાઈથી જાણી શકાય તેવી થાય છે, આથી તેની ફક્ત પ્રરૂપણા જ કરી છે. એ પ્રમાણે બાદર અદ્ધા અને બાદરક્ષેત્ર સાગરોપમ અને ત્રણે બાદરપલ્યોપમમાં પણ જાણવું. (૧૦૨૮)

**तह अद्धापल्लाणं कोडाकोडी भवेज्ज दसगुणिया ।**
**तं सागरोवमस्स उ परिमाणं हवइ एगस्स ॥१०२९॥**

સૂક્ષ્મ અને બાદર અદ્ધાપલ્યોપમને દસ કોડાકોડીવડે ગુણતા બાદર અદ્ધાપલ્યો-

પમના બાદર અદ્ધાસાગરોપમ થાય છે. અને સૂક્ષ્મઅદ્ધાપલ્યોપમના સૂક્ષ્મઅદ્ધાસાગરોપમ થાય છે. આનો ભાવાર્થ ઉદ્ધારસાગરોપમના જેવો છે. (૧૦૨૯)

**હવે સૂક્ષ્મઅદ્ધાસાગરોપમનું પ્રયોજન કહે છે.**

**सुहुमेण उ अद्धासागरस्स माणेण सव्वजीवाणं ।**
**कम्मठिई कायठिई भवट्ठिई होइ नायव्वा ॥१०३०॥**

**સૂક્ષ્મઅદ્ધાસાગરોપમના પ્રમાણથી સર્વજીવોની કર્મસ્થિતિ, કાયસ્થિતિ, ભવસ્થિતિ મપાય છે.**

સૂક્ષ્મઅદ્ધાસાગરોપમના પ્રમાણવડે નારક–તિર્યંચ વિગેરે સર્વજીવોની કર્મસ્થિતિ, કાયસ્થિતિ, ભવસ્થિતિ માપી શકાય છે. એમ જાણવું.

જ્ઞાનાવરણીય વિગેરે કર્મોની ત્રીસ કોડાકોડી સાગરોપમ આદિ કર્મોની જે સ્થિતિ તે કર્મસ્થિતિ. અહીં કાય એટલે પૃથ્વી વિગેરે છ કાયો અપેક્ષિત છે. તેથી એક કાયમાં ફરી–ફરીને ત્યાં જ ઉત્પન્ન થવા રૂપ, જે અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણીરૂપ સ્થિતિ તે કાયસ્થિતિ.

નારક વિગેરે કોઈક એક જીવનો વિવક્ષિત જે જન્મ તે જન્મમાં જે સ્થિતિ એટલે આયુષ્યકર્મના અનુભવાત્મકરૂપ તેત્રીસ સાગરોપમ વિગેરે જે સ્થિતિ, તે ભવસ્થિતિ એટલે આયુષ્ય. આ કર્મસ્થિતિ, કાયસ્થિતિ અને ભવસ્થિતિ સૂક્ષ્મઅદ્ધાસાગરોપમવડે મપાય છે. (૧૦૩૦)

**હવે બાદર–સૂક્ષ્મક્ષેત્ર સાગરોપમનું સ્વરૂપ અને સૂક્ષ્મક્ષેત્ર સાગરોપમનું પ્રયોજન કહે છે.**

**इह खेत्तपल्लगाणं कोडाकोडी हवेज्ज दसगुणिया ।**
**तं सागरोवमस्स उ एक्कस्स भवे परीमाणं ॥१०३१॥**

**एएण खेत्तसागरउवमाणेणं हविज्ज नायव्वं ।**
**पुढविदगअगणिमारुयहरियतसाणं च परिमाणं ॥१०३२॥**

બાદરક્ષેત્ર પલ્યોપમને દસ કોડાકોડીવડે ગુણતા સૂક્ષ્મક્ષેત્ર સાગરોપમનું પ્રમાણ થાય છે. આનો ભાવાર્થ આગળ પ્રમાણે છે.

આ સૂક્ષ્મક્ષેત્ર સાગરોપમવડે પૃથ્વીકાય, અપ્કાય, અગ્નિકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાયજીવોનું પ્રમાણ એટલે આ જીવોની કેટલી સંખ્યા છે તે જાણી શકાય. આ વિષે ઘણું દૃષ્ટિવાદ એટલે ચૌદપૂર્વોમાં જણાવ્યું છે, બીજા સ્થળે એક જ વાર.

સૂક્ષ્મઉદ્ધાર, અદ્ધા અને ક્ષેત્ર પલ્યોપમનું પણ આ જ પ્રયોજન છે–એમ જાણવું. (૧૦૩૧–૧૦૩૨)

## १६०. અવસર્પિણીનું સ્વરૂપ

**दस कोडाकोडीओ अद्धाअयराण हुंति पुन्नाओ ।**
**अवसप्पिणीएँ तीए भाया छच्चेव कालस्स ॥१०३३॥**

**દસ કોડાકોડી અદ્ધાસૂક્ષ્મસાગરોપમ પૂર્ણ થાય, ત્યારે અવસર્પિણી થાય છે. તે કાળના છ ભાગો છે.**

જે કાળ આરે–આરે ઓછો થતો હોય, તે અથવા જે કાળ આયુષ્ય, શરીર વિગેરેના ભાવોને ઓછો કરતો હોય, તે અવસર્પિણીકાળ. તે અવસર્પિણીકાળમાં સૂક્ષ્મઅદ્ધા સાગરોપમ દસ કોડાકોડી સંપૂર્ણ થાય.

જેને તરવું એટલે પાર પામવું અશક્ય છે એવા ઘણા કાળે તરાતો એટલે પાર પમાતો જે કાળ, તે અતર એટલે સાગરોપમ. અર્થાત્ સૂક્ષ્મઅદ્ધા દસ કોડાકોડી સાગરોપમો વડે અવસર્પિણીરૂપ કાળ વિશેષ જાણવો. તે અવસર્પિણીમાં સુષમ–સુષમા વિગેરે છ કાળના ભાગો થાય છે. (૧૦૩૩)

**सुसमसुसमा य १ सुसमा २ तइया पुण सुसमदुस्समा ३ होइ ।**
**दूसमसुसम चउत्थी ४ दूसम ५ अइदूसमा छट्ठी ६ ॥१०३४॥**

**૧. સુષમ–સુષમા, ૨. સુષમા, ૩. સુષમ–દુષમા, ૪. દુષમ–સુષમ, ૫. દુષમ, ૬. અતિદુષમ.**

સુષમ–સુષમા :– જે કાળમાં સમ ( વર્ષ ) એટલે ક્ષેત્ર શોભન હોય તે સુષમા. અત્યંત સુષમા તે સુષમ–સુષમા. એટલે દુઃખના પ્રભાવથી રહિત એકાંત સુષમારૂપ અવસર્પિણીનો પહેલો ભાગ છે.

બીજો સુષમ.

ત્રીજો સુષમ–દુષમ. જે કાળમાં સમ એટલે ક્ષેત્ર દુષ્ટ ખરાબ હોય તે દુષમા. સુષમા અને દુષમા તે સુષમ–દુષમા. જે કાળમાં સુષમા–સુખનો પ્રભાવ ઘણો હોય અને દુઃખનો પ્રભાવ થોડો હોય તે સુષમદુષમા.

ચોથો દુષમ–સુષમ. દુષમ અને સુષમ તે દુષમ–સુષમા એટલે જે કાળમાં દુષમ-દુઃખનો પ્રભાવ ઘણો હોય અને સુષમ–સુખનો પ્રભાવ થોડો હોય, તે દુષમ–સુષમ.

પાંચમો દુષમ.

છઠ્ઠો અતિશયપૂર્વક દુષ્ષમા. તે અતિદુષ્ષમા. બિલ્કુલ સુષમાના પ્રભાવથી રહિત તે દુષ્ષમ–દુષ્ષમા. (૧૦૩૪)

હવે સુષમ–સુષમા વિગેરે છ આરાઓનું પ્રમાણ કહે છે.

सुसमसुसमाएँ कालो चत्तारि हवंति कोडिकोडीओ ।
तिन्नि सुसमाएँ कालो दुन्नि भवे सुसमदुसमाए ॥१०३५॥
एक्का कोडाकोडी बायालीसाएँ जा सहस्सेहिं ।
वासाण होइ ऊणा दूसमसुसमाई सो कालो ॥१०३६॥
अह दूसमाएँ कालो वास सहस्साइं एक्कवीसं तु ।
तावइओ चेव भवे कालो अइदूसमाएवि ॥१०३७॥

૧. સુષમ સુષમા આરામાં ચાર કોડાકોડી સૂક્ષ્મ અદ્ધાસાગરોપમ કાળ થાય છે.
૨. સુષમામાં ત્રણ કોડા–કોડી.
૩. સુષમદુષમમાં બે કોડાકોડી.
૪. દુષમ સુષમામાં બેંતાલીસ હજાર વર્ષ ન્યૂન એક કોડાકોડી સાગરોપમ.
૫. દુષ્ષમામાં એકવીસહજાર વર્ષ.
૬. અતિ દુષ્ષમામાં તેટલો જ એટલે એકવીસહજાર વર્ષનો કાળ છે.

આ અવસર્પિણીકાળમાં શરીરની ઊંચાઈ, આયુષ્ય, કલ્પવૃક્ષ વિગેરે શુભભાવોની પછી–પછી અનંતગુણી હાનિ થતી હોય છે. તે આ પ્રમાણે :–

સુષમ–સુષમામાં મનુષ્યોના શરીરની ઊંચાઈ ત્રણ ગાઉ અને આયુષ્ય ત્રણ–પલ્યોપમ, કલ્પવૃક્ષ વિગેરે શુભ પરિણામો પણ અનેક હોય છે.

સુષમામાં બે ગાઉનું શરીર, બે પલ્યોપમનું આયુ અને કલ્પવૃક્ષ વિગેરે શુભ પરિણામ પણ હીનતર હોય છે.

સુષમ–દુષમામાં એક ગાઉનું શરીર, એક પલ્યોપમનું આયુ અને કલ્પવૃક્ષ વિગેરે પરિણામો પણ હિનતમ હોય છે.

દુષમ–સુષમમાં પાંચસો ધનુષથી સાત હાથનું શરીર, આયુ પૂર્વક્રોડ પ્રમાણ, કલ્પ-વૃક્ષ વિગેરે પરિણામ નાશ પામ્યા હોય છે.

દુષમામાં દેહમાન તથા આયુ અનિયત છે. જે શરૂઆતમાં સો વર્ષ ઉપરથી લઈ છેલ્લે વીસ વર્ષનું ઉત્કૃષ્ટ આયુ છે. શરીરની ઊંચાઈ પણ બે હાથની છે. ઔષધિની, વીર્યની પરિહાનિ અનંતગુણી છે.

અતિ દુષ્ષમામાં પણ શરીરની ઊંચાઈ વિગેરે બધું અનિયત છે. એક હાથ પ્રમાણ શરીર અને સોળ વર્ષનું ઉત્કૃષ્ટ આયુષ્ય છે. સમસ્ત ઔષધિ વિગેરેનો નાશ છે. આ પ્રમાણે આ આરાઓનું બીજું સ્વરૂપ સમય એટલે સિદ્ધાંતમાંથી જાણવું. (૧૦૩૫–૧૦૩૭)




## ૧૬૧. ઉત્સર્પિણી

अवसप्पिणीव भागा हवंति उस्सप्पिणीइवि छ एए ।
पडिलोमा परिवाडी नवरि विभाएसु नायव्वा ॥१०३८॥

**અવસર્પિણીની જેમ ઉત્સર્પિણીમાં પણ આ જ છ ભાગો થાય છે. પરંતુ એના ક્રમની પરિપાટી આરાઓમાં પ્રતિલોમથી એટલે ઉલટી રીતે જાણવી.**

આરાની અપેક્ષાએ વધતો જે કાળ તે ઉત્સર્પિણી અથવા આયુષ્ય વિગેરે ભાવોને વધારનાર કાળ તે ઉત્સર્પિણી.

આ ઉત્સર્પિણીમાં પણ અવસર્પિણીના જ સુષમ સુષમા વિગેરે છ આરારૂપ કાળ વિભાગો છે. પરંતુ આરારૂપ વિભાગોમાં વિપરીત પરિપાટી એટલે વિપરીત ક્રમ જાણવો.

અર્થાત્ અવસર્પિણીમાં સુષમ–સુષમાથી લઈ દુષમ–દુષ્ષમા સુધી છ આરા કહ્યા છે. તે ઉત્સર્પિણીમાં દુષમ-દુષ્ષમાથી લઈ સુષમ-સુષમા પર્યંતના છ આરા થાય છે. આ પ્રમાણે વીસ કોડાકોડી સૂક્ષ્મ અદ્ધાસાગરોપમ પ્રમાણ બાર આરા થાય છે.

આ બાર આરારૂપ ઉત્સર્પિણી, અવસર્પિણીનું કાળચક્ર, પાંચ ભરત અને પાંચ ઐરવતમાં અનાદિ અનંતકાળથી ચાલે છે. જેમ રાત–દિવસની શરૂઆત કે અંતમાં પ્રથમ રાત કે દિવસ તે જે કહી શકાતું નથી કેમકે રાત્રિ દિવસનું ચક્ર અનાદિથી ચાલે છે, તેમ આ કાળચક્ર પણ અનાદિથી ચાલે છે. (૧૦૩૮)

## ૧૬૨. પુદ્ગલ પરાવર્તનનું સ્વરૂપ

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવરૂપ પુદ્ગલ–પરાવર્તન દ્વાર કહેવાય છે.

ओसप्पिणी अणंता पोग्गलपरियट्टओ मुणेयव्वो ।
तेऽणंता तीयद्धा अणागयद्धा अणंतगुणा ॥१०३९॥

**અનંત ઉત્સર્પિણી–અવસર્પિણી એ પુદ્ગલ પરાવર્તકાળ જાણવો, તે ભૂતકાળમાં અનંતી થઇ છે અને ભવિષ્યમાં અનંતગુણી થશે.**

અનંતી ઉત્સર્પિણી–અવસર્પિણીઓ એકત્રિત થવાથી પુદ્ગલ પરાવર્ત કાળ જાણવો. ગાથામાં અવસર્પિણી કહી છે તેના ઉપલક્ષણથી ઉત્સર્પિણી પણ જાણવી. તે પુદ્ગલ પરાવર્તો ભૂતકાળમાં અનંતા થયા છે એટલે ભૂતકાળ અનંત પુદ્ગલ પરાવર્ત સ્વરૂપ છે. અને ભવિષ્યકાળ અતિતકાલની અપેક્ષાએ અનંતગુણો છે.

**પ્રશ્ન :** ભગવતી સૂત્રમાં " अणागयद्धाणं तीयद्धाओ समयाहिय "

"અનાગતકાળ અતિત કાળથી સમયાધિક છે." એ પ્રમાણે સૂત્રમાં ભવિષ્યકાળ ભૂતકાળથી એક સમય અધિક છે, એમ કહ્યું છે તથા ભૂતકાળ અને ભવિષ્યકાળ અનાદિ-પણાથી અને અનંતપણાથી બંને સમાન છે. તે બેની વચ્ચે ભગવાનનો પ્રશ્ન સમય

હોય છે, તે નાશ ન પામ્યો હોવાથી ભૂતકાળમાં આવતો નથી અને અવિનષ્ટપણાની સમાનતાના કારણે અનાગતમાં તેને નાખતા ભૂતકાળથી ભવિષ્યકાળ સમયાધિક થાય છે. તો પછી ભૂતકાળથી ભવિષ્યકાળ અનંત ગુણો કહો છો તો તે વિરોધ કેમ ન થાય ?

**ઉત્તર :** જેમ ભવિષ્યકાળનો અંત નથી તેમ ભૂતકાળની આદિ એટલે શરૂઆત નથી. એમ બંનેનો અંત અભાવમાત્રથી તુલ્યતાની વિવક્ષા કરી છે માટે દોષ નથી. જો ભૂતકાળ અને ભવિષ્યકાળ વર્તમાન સમયમાં સમ હોય, તો સમય વીત્યા પછી અનાગતકાળ એક સમય ન્યૂન થશે. તે પછી બીજા વિગેરે સમયોથી વધારે ઓછો થશે. એ પ્રમાણે તુલ્યપણું રહેશે નહીં માટે ભૂતકાળથી ભવિષ્યકાળ અનંત ગુણો છે એમ નક્કી થયું. આથી અનંતકાળ ગયા પછી પણ આ ભવિષ્યકાળ નાશ પામતો નથી. વર્તમાન એક સમય રૂપ વર્તમાનકાળ પણ છે. તે અતિ સૂક્ષ્મ હોવાથી અહીં પૃથગ્રૂપે કહ્યો નથી. (૧૦૩૯)

**હવે પુદ્ગલ પરાવર્તના ભેદો કહે છે.**

**पोग्गलपरियट्टो इह दव्वाइ चउव्विहो मुणेयव्वो ।**
**थूलेयरभेएहिं जह होइ तहा निसामेह ॥१०४०॥**

આ જિનેશ્વર ભગવાનના શાસનમાં પુદ્ગલ પરાવર્ત દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના ભેદથી ચાર પ્રકારે છે. તે આ પ્રમાણે :

(૧) દ્રવ્ય પુદ્ગલ પરાવર્ત

(૨) ક્ષેત્ર પુદ્ગલ પરાવર્ત

(૩) કાળ પુદ્ગલ પરાવર્ત

(૪) ભાવ પુદ્ગલ પરાવર્ત.

આ ચારે પુદ્ગલ પરાવર્તના દરેકના બાદર અને સૂક્ષ્મ–એમ બે ભેદો છે. તે આ પ્રમાણે–(૧૦૪૦)

**૧. બાદર દ્રવ્ય પુદ્ગલ પરાવર્ત**

**ओरालविउव्वा तेयकम्म भासाण पाण मणएहिं ।**
**फासेवि सव्वपोग्गल मुक्का अह बायरपरट्टो ॥१०४१॥**

**ઔદારિક, વૈક્રિય, તૈજસ, કાર્મણ, ભાષા, શ્વાસોશ્વાસ અને મનવડે સર્વ પુદ્ગલોને સ્પર્શી કરી જેટલા વખતમાં મૂકે, તેટલા કાળને બાદરદ્રવ્ય પુદ્ગલ પરાવર્ત કહે છે.**

કોઈ એક જીવ વિકટ ભવરૂપી વનમાં ભમતા-ભમતા અનંતા ભવોમાં ઔદારિક, વૈક્રિય, તૈજસ, કાર્મણ, ભાષા, શ્વાસોશ્વાસ અને મન–એ સાત પદાર્થોરૂપે ચૌદ રાજ-

લોકમાં રહેલા સર્વ પુદ્ગલોને સ્પર્શી એટલે ભોગવી-ભોગવી જેટલા વખતમાં મૂકી દે, એ બાદર પુદ્ગલ પરાવર્ત કહેવાય. આનું તાત્પર્ય એ છે કે જેટલા વખતમાં એક જીવ જગતમાં રહેલા બધાયે પરમાણુઓને યથાયોગ્યપણે ઔદારિક વિગેરે સાત વર્ગણારૂપે ભોગવી-ભોગવીને છોડી દે તેટલા વખતને બાદર દ્રવ્ય પુદ્ગલ પરાવર્તકાળ કહેવાય...

આહારક શરીર વધારેમાં વધારે એક જીવને ચાર જ વાર હોઈ શકે તેથી તે પુદ્ગલ પરાવર્ત માટે અનુપયોગી હોવાથી ગ્રહણ કર્યું નથી. (૧૦૪૧)

**મતાંતરે દ્રવ્ય પુદ્ગલ પરાવર્ત કહે છે.**

**अहव इमो दव्वाई ओरालविउव्वतेय कम्मेहिं ।**
**नीसेस दव्व गहणंमि बायरो होइ परियट्टो ॥१०४२॥**

બીજા આચાર્યોના મતે ઔદારિક, વૈક્રિય, તૈજસ, કાર્મણ રૂપ ચાર શરીરો વડે એક જીવ સમસ્ત દ્રવ્ય ગ્રહણ કરવા વડે સંપૂર્ણ લોકમાં રહેલા પુદ્ગલોને ભોગવી-ભોગવી ત્યજી દે, તે બાદર યાને સ્થૂલ દ્રવ્ય પુદ્ગલ પરાવર્ત થાય છે. જે પુદ્ગલ પરાવર્તની આદિ એટલે શરૂઆતમાં દ્રવ્ય શબ્દ છે તે દ્રવ્ય પુદ્ગલ પરાવર્ત કહેવાય. (૧૦૪૨)

**૨. સૂક્ષ્મ દ્રવ્ય પુદ્ગલ પરાવર્ત**

**दव्वे सुहुमपरट्टो जाहे एगेण अह शरीरेणं ।**
**फासेवि सव्वपोग्गल अणुक्कमेणं नणु गणिज्जा ॥१०४३॥**

**કોઇપણ એક શરીરવડે અનુક્રમે સર્વ પુદ્ગલોને સ્પર્શે તે ગણતરીથી ભોગવી-ભોગવી મૂકે તે દ્રવ્ય સૂક્ષ્મ પુદ્ગલ પરાવર્ત કહેવાય.**

દ્રવ્ય વિષયક સૂક્ષ્મ પુદ્ગલ પરાવર્ત જ્યારે ઔદારિક વિગેરે કોઇપણ એક શરીર વડે કોઈક એક જીવ સંસારમાં ભમતા-ભમતા બધાય પુદ્ગલોને અનુક્રમે ભોગવી-ભોગવી ત્યજે ત્યારે સૂક્ષ્મ દ્રવ્ય પુદ્ગલ પરાવર્ત થાય. અર્થાત્ જેટલા વખતમાં લોકાકાશમાં રહેલા સર્વ પરમાણુઓને ઔદારિક વિગેરે કોઈપણ એક વિવક્ષિત શરીરરૂપે ભોગવી-ભોગવી પૂરા કરે તેટલા કાળ વિશેષને સૂક્ષ્મદ્રવ્ય પુદ્ગલ પરાવર્ત કહે છે.

પુદ્ગલ એટલે પરમાણુઓને ઔદારિક વિગેરે કોઈ એક વિવક્ષિત શરીરરૂપે અથવા સામસ્ત્યરૂપે જે પરિણમન જેટલા વખતમાં થાય, તેટલા વખતને પુદ્ગલ પરાવર્ત કહેવાય. આ વ્યાખ્યા પુદ્ગલ પરાવર્ત શબ્દની વ્યુત્પત્તિ નિમિત્તથી થઇ. આ વ્યુત્પત્તિ નિમિત્ત વ્યાખ્યા વડે પોતાના એક જ અર્થ એટલે પદાર્થની સમવાયી પ્રવૃત્તિ નિમિત્ત અનંત ઉત્સર્પિણી-અવસર્પિણીના પ્રમાણ સ્વરૂપ કાર્ય જણાય છે. આથી ક્ષેત્ર પુદ્ગલ પરાવર્ત વિગેરેમાં પુદ્ગલ પરાવર્તનનો અભાવ હોવા છતાં પણ પ્રવૃત્તિ નિમિત્ત અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી પ્રમાણ સ્વરૂપની હયાતિ હોવાથી પુદ્ગલ પરાવર્ત શબ્દની પ્રવૃત્તિ વિરૂદ્ધ થતી નથી. વિરોધ પામતી નથી.

જેમ ગાય શબ્દની વ્યુત્પત્તિ આગળ ગમન અર્થમાં કરી હતી. તે ગમન શબ્દ વડે વ્યુત્પત્તિ નિમિત્તક પોતાના એક જ પદાર્થમાં સમવાયી સંબંધથી રહેલા ખરી, ખૂંધ, પૂછડું, સાસ્ના એટલે ગોદડી વિગેરે રૂપ પ્રવૃત્તિ નિમિત્તરૂપ પદાર્થ પ્રાપ્ત થાય છે. આથી ગમન રહિત હોવા છતાં ગોપિંડ એટલે ગાયના દેહમાં પ્રવૃત્તિના નિમિતનો સદ્ભાવ એટલે વિદ્યમાનતા હોવાથી ગાય શબ્દ વપરાય છે.

આ પુદ્ગલોને વિવક્ષિત એક શરીર વડે ભોગવવા રૂપ અનુક્રમ વડે જ ગણે. આનું તાત્પર્ય એ છે કે, આ સૂક્ષ્મદ્રવ્ય પુદ્ગલ પરાવર્તમાં અમુક નક્કી કરેલ શરીર સિવાય બીજા શરીર રૂપે જે પરમાણુ ભોગવી છોડયા હોય તે ન ગણવા પરંતુ ઘણો વખત ગયા પછી જે પુદ્ગલો અમુક નક્કી કરેલ શરીરરૂપે પરિણમાવી ત્યજાય તે પરમાણુઓ જ ગણાય છે.

પહેલા પક્ષના અભિપ્રાયે તો ઔદારિક વિગેરે સાતમાંથી કોઈપણ એક વર્ગણા વડે આગળ કહ્યા પ્રમાણે સર્વ પુદ્ગલોને સ્પર્શ કરતાં સૂક્ષ્મ પુદ્ગલ પરાવર્ત થાય છે. (૧૦૪૩)

### ૩. બાદર ક્ષેત્ર પુદ્ગલ પરાવર્ત

**लोगागासपएसा जया मरंतेण एत्थ जीवेणं ।**
**पुट्ठा कमुक्कमेणं खेत्तपरट्टो भवे थूलो ॥१०४४॥**

**આ જગતમાં જીવ વડે જ્યારે લોકાકાશના સર્વપ્રદેશોને મરણદ્વારા ક્રમ કે ઉત્ક્રમથી સ્પર્શે ત્યારે એક બાદર ક્ષેત્ર પુદ્ગલ પરાવર્ત થાય છે.**

ચૌદ રાજલોકના આકાશપ્રદેશો એટલે જેના બે ભાગ ન થઈ શકે એવા આકાશ-ક્ષેત્રના ભાગો. તેને આ જગતમાં જીવ જ્યારે મરણ દ્વારા સ્પર્શે એટલે તે આકાશપ્રદેશ પર રહી મરે, તે આકાશપ્રદેશના અંતર વગર એટલે ક્રમપૂર્વક અથવા ઉત્ક્રમથી ક્રમ વગર ગમે ત્યાં રહેલા આકાશપ્રદેશને સ્પર્શી મરે, ત્યારે બાદરક્ષેત્ર પુદ્ગલ પરાવર્ત થાય છે, અર્થાત્ જેટલા વખતમાં એક જીવ ક્રમસર કે ક્રમવગર જ્યાં ત્યાં મરવા વડે બધાય લોકાકાશના પ્રદેશોને મરણરૂપે સ્પર્શે તેટલા કાળ વિશેષને બાદર ક્ષેત્ર પુદ્ગલ પરાવર્ત કહેવાય. (૧૦૪૪)

### ૪. સૂક્ષ્મ ક્ષેત્ર પુદ્ગલ પરાવર્ત :

**जीवो जइया एगे खेत्तपएसंमि अहिगए मरइ ।**
**पुणरवि तस्साणंतरि बीयपएसंमि जइ मरए ॥१०४५॥**

**एवं तरतमजोगेण सव्वखेत्तंमि जइ मओ होइ ।**
**सुहुमो खेत्तपरट्टो अणुक्कमेणं नणु गणेज्जा ॥१०४६॥**

**જીવ જ્યારે એક ક્ષેત્ર પ્રદેશને પામીને તે સ્થાને મરે. ફરી પણ તેની બાજુમાં જ રહેલા બીજા પ્રદેશમાં મરે–એ પ્રમાણે તરતમયોગે સર્વ-ક્ષેત્રમાં ક્રમશઃ મરણ દ્વારા સ્પર્શે તો સૂક્ષ્મક્ષેત્ર પુદ્‌ગલ પરાવર્ત થાય.**

કોઈ એક જીવ અનંતભવ ભ્રમણ કરતા-કરતા જ્યારે કોઈ એક ક્ષેત્રપ્રદેશને કલ્પના વડે પ્રાપ્ત કરી એટલે તે પ્રદેશ પર રહી મરે છે–પ્રાણો છોડે છે. અહીં કલ્પનાથી સમજવું કારણ કે વાસ્તવિકપણે જીવને અસંખ્યાત પ્રદેશની અવગાહના હોય છે. ફરીવાર પણ તે જ પ્રથમ મરણ સ્પર્શીત પ્રદેશની બિલકુલ બાજુમાં જ રહેલા બીજા પ્રદેશમાં જો મરણ પામે, ફરી પણ તેની બાજુમાં રહેલા ત્રીજા પ્રદેશમાં મરે, એ પ્રમાણે તરતમયોગે એટલે બાજુ–બાજુના પ્રદેશો પર મરણ પામવા વડે સંપૂર્ણ લોકાકાશરૂપ ક્ષેત્રમાં મરણ પામે.ત્યારે સૂક્ષ્મ ક્ષેત્ર પુદ્‌ગલ પરાવર્ત થાય–એમ જાણવું. અહીં ક્ષેત્ર પ્રદેશોને અનુક્રમે એટલે પ્રથમ પ્રદેશની બિલકુલ બાજુમાં રહેલા પ્રદેશોની પરંપરાની હારપૂર્વક જ ગણવી. પરંતુ આગળ સ્પર્શાઈ ગયેલ અથવા આંતરાપૂર્વકના જે પ્રદેશો પર મરે તે પ્રદેશો ન ગણવા. આનો ભાવાર્થ આ પ્રમાણે છે.

જો કે જીવની જઘન્યથી પણ અસંખ્યાત પ્રદેશ પ્રમાણ અવગાહના હોય છે. છતાં પણ અમુક કોઈક ભાગમાં મરનારની વિવક્ષાથી કોઈક એક પ્રદેશની મર્યાદાપૂર્વક વિવક્ષા કરાય છે ત્યારબાદ તે પ્રદેશથી બીજા સ્થળે રહેલા જે આકાશપ્રદેશો છે, તેને મરણ વડે સ્પર્શ કરવામાં આવે, તે ગણાય નહીં. પરંતુ અનંતકાળ ગયા પછી પણ વિવક્ષિત પ્રદેશની બિલકુલ બાજુમાં રહેલ જે પ્રદેશ છે, તેના પર મરણ પામે તો તે ગણાય. તેના પછી તેની બાજુમાં રહેલ જે પ્રદેશ તેના પર મરે તો તે ગણાય. એમ પ્રદેશના આંતરા વગર સતત પ્રદેશની પરંપરા વડે જેટલા વખતમાં સર્વલોકાકાશ પ્રદેશને મરણ વડે સ્પર્શે, તેટલા કાળ વિશેષને સૂક્ષ્મક્ષેત્ર પુદ્‌ગલ પરાવર્ત કહેવાય.

બીજા આચાર્યો એમ વ્યાખ્યા કહે છે કે જે,–

આકાશપ્રદેશો પર રહી જીવ મરણ પામ્યો હોય તે બધાયે આકાશપ્રદેશો ગણવા. પણ તે આકાશપ્રદેશોમાં રહેલ અમુક કોઈક એક જ આકાશપ્રદેશ નહીં પણ બધાયે આકાશ પ્રદેશો ગણવા. (૧૦૪૫–૧૦૪૬)

**૫. બાદરકાળ પુદ્‌ગલ પરાવર્ત :–**

**ओसप्पिणीएँ समया जावइया ते य नियमरणेणं ।**
**पुट्ठा कमुक्कमेणं कालपरट्टो भवे थूलो ॥१०४७॥**

અવસર્પિણીના ઉપલક્ષણથી ઉત્સર્પિણીના પણ જેટલા સમયો જે અતિસૂક્ષ્મ કાળ વિભાગ છે. તે સમયોને જ્યારે એક જીવ પોતાના મરણો વડે ક્રમપૂર્વક કે ક્રમવગર સ્પર્શે ત્યારે તે સ્થૂલ એટલે બાદરકાળ પુદ્‌ગલ પરાવર્ત થાય છે. આનો ભાવાર્થ એ છે કે

જેટલા કાળમાં એક જીવ અવસર્પિણી–ઉત્સર્પિણીના સર્વ સમયોને ક્રમસર કે ક્રમ-વગર મરણવડે સ્પર્શે તેટલા કાળ વિશેષને બાદર કાળ પુદ્‌ગલ પરાવર્ત કહેવાય. (૧૦૪૭)

**૬. સૂક્ષ્મકાળ પુદ્‌ગલ પરાવર્ત :–**

**सुहुमो पुण ओसप्पिणी पढमे समयंमि जइमओ होइ ।**
**पुणरवि तस्साणंतर बीए समयंमि जइ मरइ ॥१०४८॥**
**एवं तरतमजोएण सव्वसमएसु चेव एएसुं ।**
**जइ कुणइ पाणचायं अणुक्कमेणं नणु गणिज्जा ॥१०४९॥**

**અવસર્પિણીના જે પ્રથમ સમયમાં જો મર્યો હોય અને ફરી તેની બાજુમાં રહેલા બીજા સમયમાં જો મરે, એ પ્રમાણે તરતમયોગે આ સર્વ સમયોમાં જો અનુક્રમે પ્રાણ ત્યાગ કરે, તે સમયો ગણવાથી સૂક્ષ્મકાળ પુદ્‌ગલ પરાવર્ત થાય છે.**

કોઈક એક જીવ અવસર્પિણીના પ્રથમ સમયે જો મર્યો હોય ફરી વાર તે અવ-સર્પિણીના પ્રથમ સમયની બીલ્કુલ બાજુમાં રહેલા બીજા સમયે મરે. એ પ્રમાણે તરતમયોગે એટલે આંતરા વગર ક્રમસર સમયોએ મરણ પામવા સ્વરૂપ અવસર્પિણી-ઉત્સર્પિણીના બધાયે સમયોએ જો પ્રાણત્યાગ કરે ત્યારે સૂક્ષ્મકાળ પુદ્‌ગલ પરાવર્ત થાય છે. અહીં પણ સમયોને અનુક્રમે એટલે પ્રથમ સમયની પાછળ આવતા બીજા-ત્રીજા સમયોની પરંપરાની પંક્તિ પૂર્વક જ ગણવા પણ આગળ સ્પર્શાયેલ સમયો કે આંતરાવાળા સમયો ગણવા નહીં. અહીં પણ આની વિચારણા આ પ્રમાણે છે.

અવસર્પિણીના પ્રથમ સમયે કોઈક જીવ મૃત્યુ પામ્યો. ત્યારબાદ જો એક સમય ન્યૂન વીસ કોડાકોડી સાગરોપમ પસાર કર્યા પછી ફરીવાર પણ તે જીવ અવસર્પિણીના બીજા સમયે મરે ત્યારે તે બીજો સમય મરણ સ્પૃષ્ટ તરીકે ગણાય. બાકીના સમયો મરણ સ્પૃષ્ટ હોવા છતાં પણ ન ગણાય, જો તે અવસર્પિણીના દ્વિતીય-બીજા સમયે ન મરે પણ અન્ય સમયમાં મરે, તો તે સમય પણ ન ગણાય, પરંતુ અનંત અવસર્પિણી–ઉત્સર્પિણી પસાર થયા પછી જ્યારે અવસર્પિણીના બીજા સમયે જ મરશે ત્યારે તે સમય ગણાય. એ પ્રમાણે આંતરા વગરના સમયોપૂર્વક મરવા વડે જેટલા વખતે અવસર્પિણી-ઉત્સર્પિણીના બધા સમયો મરણવડે સ્પર્શાય તેટલા કાળ વિશેષને–સૂક્ષ્મ પુદ્‌ગલ પરાવર્ત કહેવાય છે (૧૦૪૮-૧૦૪૯)

હવે બે પ્રકારના ભાવ પુદ્‌ગલ પરાવર્ત કહેતા પહેલા અનુભાગ એટલે રસબંધના સ્થાનોનું પરિમાણ એટલે સંખ્યા કહે છે.

**एग समयंमि लोए सुहुमागणिजिया उ जे उ पविसंति ।**
**ते हुंतऽसंखलोयप्पए सतुल्ला असंखेज्जा ॥१०५०॥**

**આ લોકમાં એક સમયમાં જેટલા જીવો સૂક્ષ્મ અગ્નિકાયમાં પ્રવેશ કરે છે, તે અસંખ્યાત લોકના પ્રદેશ સમાન અસંખ્યાતા છે.**

આ જગતમાં એક સમયે જે પૃથ્વીકાય વિગેરે જીવો, સૂક્ષ્મ નામકર્મના ઉદયવાળા સૂક્ષ્મ અગ્નિકાયના જીવોમાં પ્રવેશે એટલે ઉત્પન્ન થાય છે, તે ઉત્પન્ન થનાર જીવો અસંખ્યાતા થાય છે. અસંખ્યાતા લોકાકાશ પ્રદેશ પ્રમાણ આ અસંખ્યાત જાણવું.

અહીં વિજાતિય જીવનું બીજી જાતિરૂપે ઉત્પત્તિ તે પ્રવેશ કહેવાય. પ્રજ્ઞપ્તિ (ભગવતિ) સૂત્રમાં પ્રવેશ શબ્દનો આ પ્રમાણે અર્થ કહેલ છે, તેથી જે જીવો પૃથ્વીકાય વિગેરે બીજી કાયોમાંથી તથા બાદર અગ્નિકાયમાંથી નીકળી, સૂક્ષ્મ તેઉકાયરૂપે ઉત્પન્ન થાય, તે જીવો અહીં લેવા. પરંતુ જે પહેલાં ઉત્પન્ન થયેલાં સૂક્ષ્મ તેઉકાયો છે તેઓ જ મરીને ફરીવાર તે સૂક્ષ્મ અગ્નિકાયના પર્યાયરૂપે ઉત્પન્ન થાય તે અહીં ન લેવા કારણ કે તેઓએ આગળથી તેમાં પ્રવેશ કરેલ છે, આથી એક સમયે ઉત્પન્ન થયેલ સૂક્ષ્મ અગ્નિકાયો સહુથી થોડા છે. (૧૦૫૦)

**तत्तो असंखगुणिया अगणिकाया उ तेसि कायठिइ ।**
**तत्तो संजम अणुभाग बंध ठाणाणिऽसंखाणि ॥१०५१॥**

**તે એક સમયે પ્રવેશીત સૂક્ષ્મ અગ્નિકાયથી અસંખ્ય ગુણા અગ્નિકાય જીવો છે અને તેનાથી તેમની કાયસ્થિતિ અસંખ્યગુણ છે. તેનાથી અસંખ્ય ગુણ સંયમના સ્થાન તથા રસબંધના સ્થાનો પરસ્પર તુલ્ય છે.**

એક સમયમાં ઉત્પન્ન થયેલા સૂક્ષ્મ અગ્નિકાય જીવોથી અસંખ્યાત ગુણા આગળ ઉત્પન્ન થયેલ સૂક્ષ્મ અગ્નિકાય જીવો છે. તે આ રીતે છે.

ઉત્પન્ન થયેલો એક સૂક્ષ્મ અગ્નિકાયનો જીવ, અંતર્મુહૂર્ત જીવે છે કારણ કે તેમનું આયુષ્ય એટલું જ હોય છે. તે અંતર્મુહુર્તમાં જે સમયો છે, તે દરેક સમયોમાં અસંખ્યાત લોકાકાશના પ્રદેશ પ્રમાણ સૂક્ષ્મ અગ્નિકાય જીવો ઉત્પન્ન થાય છે. આથી નક્કી થયું કે એક સમયે ઉત્પન્ન થયેલ સૂક્ષ્મ અગ્નિકાયિકોથી પૂર્વમાં ઉત્પન્ન થયેલા બધા સૂક્ષ્મ અગ્નિકાયિકો અસંખ્યાત ગુણા છે.

પૂર્વોત્પન્ન બધા સૂક્ષ્મ અગ્નિકાયિકોથી દરેકની કાયસ્થિતિ એટલે વારંવાર તે કાયમાં જ ઉત્પન્ન થવારૂપ કાયસ્થિતિ અસંખ્યાત ગુણી છે. કારણ કે એક-એક સૂક્ષ્મ અગ્નિકાયની અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણી પ્રમાણ કાયસ્થિતિ ઉત્કૃષ્ટથી જણાવેલ છે. તે કાયસ્થિતિથી પણ સંયમ સ્થાનો અને અનુભાગ એટલે રસબંધના સ્થાનો એ બંને અસંખ્યાતગુણા છે. કારણ કે કાયસ્થિતિમાં અસંખ્યાતા સ્થિતિબંધો છે. અને એક-એક સ્થિતિબંધમાં અસંખ્યાત અનુભાગ બંધના સ્થાનો છે. સંયમ સ્થાનો પણ અનુભાગ બંધના સ્થાનોના જેટલા જ સમાન છે. આથી તે સંયમ સ્થાનોનું ગ્રહણ કર્યું છે. એમનું સ્વરૂપ આગળ કહીશું.

**પ્રશ્ન** :– અનુભાગબંધ સ્થાનનો શું શબ્દાર્થ છે?

ઉત્તર :– જેમાં જીવ રહે તે સ્થાન કહેવાય. અનુભાગ એટલે રસબંધ એટલે અનુભાગ બંધસ્થાન. એક કષાયવાળા અધ્યવસાય વડે ગ્રહણ કરાયેલા કર્મ પુદ્‌ગલોનો જે વિવક્ષિત એક સમયે બંધાયેલ રસ સમુદાયનો જે સમુદાય તે અનુભાગબંધસ્થાન કહેવાય. તે અનુભાગબંધસ્થાનો અસંખ્યાતા લોકાકાશના પ્રદેશ જેટલા છે તે અનુભાગ-બંધસ્થાનોને ઉત્પન્ન કરનારા જે કષાયોદયરૂપ અધ્યવસાય વિશેષો છે. તે પણ કારણમાં કાર્યનો ઉપચાર કરાતો હોવાથી અનુભાગબંધસ્થાનકો કહેવાય છે. તે અનુભાગબંધના અધ્યવસાયો પણ અસંખ્યાતા લોકાકાશ પ્રદેશ જેટલા છે. (૧૦૫૧)

**૭. બાદર સૂક્ષ્મભાવ પુદ્‌ગલ પરાવર્ત :–**

**ताणि मरंतेण जया पुट्ठाणि कमुक्कमेण सव्वाणि ।**
**भावंमि बायरो सो सुहुमो य कमेण बोद्धव्वो ॥१०५२॥**

**તે બધા રસબંધ સ્થાનોને જ્યારે જીવક્રમથી કે વ્યુત્ક્રમથી મરણવડે સ્પર્શે, ત્યારે તે બાદર ભાવપુદ્‌ગલ પરાવર્ત કહેવાય. સૂક્ષ્મ ભાવપુદ્‌ગલ પરાવર્તમાં ક્રમપૂર્વક તે સ્થાનો સ્પર્શે એમ જાણવું.**

અસંખ્યાતા લોકાકાશ પ્રદેશ પ્રમાણ સર્વે અનુભાગબંધના અધ્યવસાય સ્થાનોને જ્યારે એક જીવ ક્રમપૂર્વક એટલે હારબદ્ધ અને ઉત્ક્રમ એટલે હાર વગર સ્પર્શે ત્યારે બાદર ભાવપુદ્‌ગલ પરાવર્ત થાય છે. આનો ભાવ આ પ્રમાણે છે.

જીવ જેટલા વખતમાં ક્રમસર કે ક્રમ વગર બધાયે અનુભાગબંધ અધ્યવસાયોમાં રહી મરણ પામે તેટલા વખતને બાદર ભાવપુદ્‌ગલ પરાવર્ત કહેવાય છે.

**૮. સૂક્ષ્મભાવ પુદ્‌ગલ પરાવર્ત :–**

સૂક્ષ્મભાવ પુદ્‌ગલ પરાવર્ત જ્યારે ક્રમપૂર્વક બધાય અનુભાગ બંધ અધ્યવસાય સ્થાનોને મરણવડે સ્પર્શે, ત્યારે થાય છે. આની વિચારણા આ પ્રમાણે છે.

કોઈક જીવ સર્વ જઘન્ય કષાયોદયરૂપ અધ્યવસાય સ્થાન પર રહી મરણ પામે, પછી જ્યારે તે જ જીવ અનંતકાળ ગયે છતે પ્રથમ અધ્યવસાય સ્થાનની બીલકુલ પાસે જ રહેલા બીજા અધ્યવસાય સ્થાન પર રહી મરે ત્યારે તે મરણ ગણાય. ઉત્ક્રમપુર્વક–ક્રમ વગર જે અનંતા મરણો થયા હોય તથા કાળાંતરે ફરી પણ જો બીજા અધ્યવસાય સ્થાનની બાજુમાં રહેલા ત્રીજા અધ્યવસાય સ્થાને રહેતા મરે ત્યારે ત્રીજું મરણ ગણાય. પણ વચ્ચે થયેલા અનંતા પણ મરણો ગણાતા નથી. એ પ્રમાણે ક્રમસર બધાય અનુભાગ-બંધના અધ્યવસાય સ્થાનોને જેટલા કાળે મરણવડે સ્પર્શે, તેટલા કાળ વિશેષને સૂક્ષ્મ-ભાવ પુદ્‌ગલ પરાવર્ત કહેવાય.

અહીં બાદરપુદ્‌ગલપરાવર્તની પ્રરૂપણા કરવાથી સૂક્ષ્મપુદ્‌ગલપરાવર્ત સહેલાઈથી

શિષ્યો સારી રીતે જાણી શકે માટે બાદરપુદ્ગલપરાવર્તની પ્રરૂપણા કરી છે. પરંતુ કોઈપણ બાદરપુદ્ગલપરાવર્તની સિદ્ધાંત પ્રદેશમાં–શાસ્ત્રોમાં જરાપણ પ્રયોજન જણાતું નથી.

ચારે સૂક્ષ્મપુદ્ગલપરાવર્તોમાંથી જીવાભિગમ વિગેરે સૂત્રોમાં ક્ષેત્ર સૂક્ષ્મપુદ્ગલ પરાવર્ત મોટે ભાગે લીધો છે. કારણ કે ક્ષેત્રથી માર્ગણામાં તેવું ગ્રહણ કર્યું છે. તે સૂત્ર આ પ્રમાણે–"જે સાદિ સપર્યવસિત મિથ્યાદષ્ટિ છે તે જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અનંતકાળ, તે કાળથી અનંતી ઉત્સર્પિણી–અપસર્પિણી કાળ પ્રમાણ છે. અને ક્ષેત્રથી દેશન્યૂન અપાર્ધ પુદ્ગલ પરાવર્ત કાળ છે." તથા બીજે પણ જ્યાં વિશેષ નિર્દેશ ન હોય, તો ત્યાં પણ પુદ્ગલ પરાવર્ત ગ્રહણ કરીએ તો ક્ષેત્રપુદ્ગલપરાવર્ત જ લેવો એમ સંભવે છે. આમાં તત્ત્વ બહુશ્રુતો જ જાણે છે. (૧૦૫૨)

## ૧૬૩. પંદર કર્મભૂમિ

**भरहाइ ५ विदेहाइं ५ एरवयाइं च ५ पंच पत्तेयं ।**
**भन्नंति कम्मभूमी उ धम्मजोग्गा उ पन्नरस ॥१०५३॥**

**ભરત, મહાવિદેહ અને ઐરવત–એ દરેક પાંચ–પાંચ ગણતા ધર્મ યોગ્ય પંદર કર્મભૂમિ કહી છે.**

પાંચ ભરત, પાંચ મહાવિદેહ અને પાંચ ઐરવત–એમ પંદર કર્મભૂમિ છે. એમનું સ્વરૂપ આ પ્રમાણે છે.

શ્રુતધર્મ અને ચારિત્રધર્મને યોગ્ય એટલે એને યોગ્ય ઉચિત ક્રિયાઓ આ કર્મ-ભૂમિમાં જ હોઈ શકે છે. આનો ભાવ એ છે કે–

કર્મ એટલે ખેતી, વેપાર વિગેરે અથવા મોક્ષની ક્રિયાઓ તે કર્મ. તે કર્મપ્રધાન ભૂમિ તે કર્મભૂમિ. તે પંદર છે. તે આ પ્રમાણે એક ભરતક્ષેત્ર જંબુદ્વીપમાં, બે ભરત તે ધાતકીખંડમાં, અને બે પુષ્કરાર્ધદ્વીપમાં–એમ પાંચ ભરત છે. એ પ્રમાણે મહાવિદેહ અને ઐરવતક્ષેત્રો પણ પાંચ–પાંચ જાણવા. (૧૦૫૩)

## ૧૬૪. ત્રીસ અકર્મભૂમિ

**हेमवयं १ हरिवासं २ देवकुरू ३ तह य उत्तरकुरूवि ४ ।**
**रम्मय ५ एरन्नवयं ६ इय छब्भूमी उ पंचगुणा ॥१०५४॥**
**एया अकम्मभूमीउ तीस सया जुअलधम्मजणठाणं ।**
**दसविहकप्पमहद्दुमसमुत्थ भोगा पसिद्धाओ ॥१०५५॥**

**હિમવંત, હરિવર્ષ, દેવકુરુ તથા ઉત્તરકુરુ, રમ્યક્, હિરણ્યવંત–એ છ ભૂમિને પાંચ ગુણી કરતાં ત્રીસ અકર્મભૂમિ થાય. આ ત્રીસ અકર્મભૂમિઓ**

**હંમેશ યુગલધર્મીઓનું સ્થાન છે. અને દશપ્રકારના મહાકલ્પવૃક્ષોથી ઉત્પન્ન થયેલ ભોગવાળીએ ભૂમિ તરીકે પ્રસિદ્ધ છે.**

હિમવંત, હરિવર્ષ, દેવકરુ તથા ઉત્તરકુરુ, રમ્યક્, હિરણ્યવંત–આ છ ભૂમિઓને પાંચે ગુણતા ત્રીસ અકર્મભૂમિઓ એટલે ઉપરોક્તકર્મથી રહિત ભૂમિ થાય છે. એટલે ત્રીસ અકર્મભૂમિઓ છે. આ બધી ભૂમિઓ હંમેશા યુગલિકોનું આશ્રયસ્થાન છે, એટલે ત્યાં આગળ યુગલધર્મવાળા મનુષ્ય તિર્યંચો વસે છે. તથા દસપ્રકારના જે મહાવૃક્ષો જેમનું સ્વરૂપ આગળ કહેવામાં આવશે તેમની પાસેથી મળેલા અન્નપાણી, વસ્ત્ર, અલંકાર વિગેરે ભોગવડે તે ભૂમિ પ્રસિદ્ધ છે. (૧૦૫૪–૧૦૫૫)

## ૧૬૫. "આઠ મદ"

**जाइ १ कुल २ रूव ३ बल ४ सुय ५ तव ६ लाभि ७ स्सरिय ८ अट्ठमयमत्तो ।**
**एयाइं चिय बंधइ असुहाइं बहुं च संसारे ॥१०५६॥**

**૧. જાતિ, ૨. કુલ, ૩. રૂપ, ૪. બલ, ૫. શ્રુત, ૬. તપ, ૭. લાભ અને ૮. ઐશ્વર્ય–આ આઠ મદોથી મદોન્મત્ત થઇ સંસારમાં આ જીવ ઘણા અશુભજાતિ વિગેરે મળે તેવા કર્મ બાંધે છે.**

૧. જાતિ, ૨. કુલ, ૩. રૂપ, ૪. બલ, ૫, શ્રુત, ૬. તપ, ૭. લાભ ૮. ઐશ્વર્ય–આ આઠ મદ એટલે અભિમાનને આધીન થઈ જીવો, આ જાતિ વિગેરે અશુભ એટલે હિનસ્વરૂપે મેળવે છે. અને લાંબા–ઘણા કાળ સુધી આ સંસારમાં ભમે છે. આનો ભાવ એ છે કે,

જાતિમદ કરનારો જીવ બીજાભવમાં હલકી જાતિ પામે છે. અને ભયંકર–કઠીન ભવરૂપ જંગલમાં ભમે છે. એ પ્રમાણે આગળના મદોમાં વિચારવું. માતા સંબંધી અથવા બ્રાહ્મણ વિગેરે જાતિ, પિતા સંબંધિત કુલ હોય છે અથવા ઉગ્રકુલ વિગેરે કુલ કહેવાય, શરીર શોભા સ્વરૂપ રૂપ કહેવાય. સમર્થતારૂપ બલ, અનેક શાસ્ત્રની જાણકારીરૂપ શ્રુતજ્ઞાન, અનશન વિગેરેરૂપ તપ, ઈચ્છિત વસ્તુ પ્રાપ્તિરૂપ લાભ, માલિકીરૂપ ઐશ્વર્ય. (૧૦૫૬)

## ૧૬૬. ૨૪૩ પ્રાણાતિપાતના ભેદો

**भू १ जल २ जलणा ३ निल ४ वण ५ बि ६ ति ७ चउ ८ पंचिंदिएहिं ९ नव जीवा ।**
**मणवयणकाय ३ गुणिया हवंति ते सत्तवीसंति ॥१०५७॥**
**एक्कासीई सा करणकारणाणुमइताडिया होइ ।**
**सच्चिय तिकालगुणिया दुन्नि सया होंति तेयाला (२४३) ॥१०५८॥**

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરિંદ્રિય અને પંચેંદ્રિય–આ નવ ભેદે નવ પ્રકારના જીવો છે, તે જીવોને મન–વચન–કાયા રૂપ ત્રણ કરણવડે ગુણતાં સત્તાવીસ (૨૭) ભેદો થાય છે. તે સત્તાવીસને કરણ, કરાવણ, અનુમોદનાવડે ગુણતા એક્યાસી (૮૧) થાય છે. એ એક્યાસી ભેદોને ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાનકાળ રૂપ ત્રણકાળવડે ગુણતા બસો તેતાલીસ (૨૪૩) ભેદો થાય છે. આનો ભાવાર્થ આ પ્રમાણે છે.

પૃથ્વીકાય વિગેરે નવે પ્રકારના જીવોનો મન–વચન–કાયાથી વધનો સંભવ હોવાથી સત્તાવીસ (૨૭) ભેદો થાય. તેમાં પૃથ્વી વિગેરેના વધને કોઇક મન વિગેરે વડે જાતે કરે, કોઇક બીજા પાસે કરાવે અને કોઇક બીજા કરનારની અનુમોદના કરે. એમ એક્યાસી ભેદો થાય. આ એક્યાસી ભેદો ત્રણે કાળમાં હોઇ શકે. એટલે બસો તેંતાલીસ ભેદો પ્રાણાતિપાતના થાય છે. (૧૦૫૭–૧૦૫૮)

## ૧૬૭. "પરિણામના એકસો આઠ ભેદ"

**संकप्पाइतिएणं ३ मणमाईहिं ३ तहेव करणेहिं ३ ।**
**कोहाइचउक्केणं ४ परिणामेऽट्ठोत्तरसयं च ॥१०५९॥**

**સંકલ્પ વિગેરે ત્રણને મન વિગેરે ત્રણવડે તથા ત્રણ કરણવડે અને ક્રોધ વિગેરે ચારવડે ગુણતા એકસો આઠ પરિણામના ભેદો થાય છે.**

અહીં સંકલ્પ શબ્દવડે સંરંભ પર્યાયવાચી શબ્દ જાણવો. સંરંભ, સમારંભ અને આરંભ–એ ત્રણને મન–વચન–કાયાવડે ગુણતા નવ થાય છે. તથા એ નવને કરણ–કરાવણ અને અનુમોદનવડે ગુણતા સત્તાવીસ થાય છે. કરણની સાથે કરાવણ અને અનુમોદનને પણ ગ્રહણ કરી લેવા. તે સત્તાવીસ ભેદોને ક્રોધ–માન–માયા–લોભરૂપ ચાર–કષાયોવડે ગુણતા, પરિણામના એટલે ચિત્ત વિગેરેની પરિણતિ વિશેષરૂપ એકસો આઠ ભેદો થાય છે. અહીં આ પ્રમાણે તાત્પર્ય છે :–

જેને ક્રોધનો જે પરિણામ પ્રગટ થયો છે એવો આત્મા જાતે કાયાવડે સંરંભ એટલે સંકલ્પ કરે, તે એક વિકલ્પ. તથા માનકષાય ઉત્પન્ન થયેલ આત્મા જાતે કાયાવડે સંરંભ કરે, એ બીજો વિકલ્પ. જેને માયા પરિણતિ થઇ છે, એવો આત્મા જાતે કાયાવડે સંરંભ, કરે એ ત્રીજો વિકલ્પ. તથા લોભથી પકડાયેલો આત્મા જાતે કાયાવડે સંરંભ કરે એ ચોથો વિકલ્પ. એ પ્રમાણે કરવા વડે ચાર વિકલ્પ, કરાવવાવડે ચારવિકલ્પ, અને અનુમતિવડે ચાર, વિકલ્પ. એમ કુલ બાર વિકલ્પ કાયાવડે થયા. તથા વચનવડે બાર અને મનવડે પણ બાર, બધા મળી છત્રીસ વિકલ્પ સંરંભ એટલે સંકલ્પવડે થયા. એમ સમારંભવડે છત્રીસ વિકલ્પો તથા આરંભવડે છત્રીસ વિકલ્પો–એમ કુલ એકસો આઠ ભેદો પરિણામના થાય છે. (૧૦૫૯)

સંકલ્પ વિગેરેનું સ્વરૂપ :–

संकप्पो संरंभो १ परितावकरो भवे समारंभो २ ।
आरंभो ३ उद्दवओ सुद्धनया चणं सव्वेसिं ॥१०६०॥

**સંરંભ એટલે સંકલ્પ. સમારંભ એટલે પરિતાપ વડે પીડાકારક થાય અને આરંભ એટલે જીવની હિંસા. એ અર્થ સર્વ શુદ્ધનયોને માન્ય છે.**

હું પ્રાણાતિપાત કરૂં એવો જે સંકલ્પ એટલે અધ્યવસાય તે [સંરંભ કહેવાય. બીજાને જે પીડાકારક ક્રિયા તે સમારંભ, અને જીવથી મારી નાખવારૂપ જે ક્રિયા તે આરંભ. આ સંરંભ વિગેરે ત્રણેય બધા શુદ્ધનયોને માન્ય છે. આનો ભાવ એ છે કે– નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત–એમ સાત નયો છે. અંદર શુદ્ધિ કરતા હોવાથી શુદ્ધ એટલે જે નયો જીવના કર્મમલોને શુદ્ધ કરે તે શુદ્ધ નૈગમ, સંગ્રહ, વ્યવહારરૂપ ત્રણ શુદ્ધ નયો છે. આ નયો અનુયાયી]એટલે જેની પરંપરા પાછળ ચાલતી રહે એવા દ્રવ્યને સ્વીકારનારા છે. તેથી ભવાંતરમાં કરેલા કર્મોના ફળનો ભોગવટો સંભવી શકતો હોવાથી સદ્ધર્મ દેશના વિગેરે પ્રવૃત્તિથી તાત્ત્વિક શુદ્ધિ થાય છે. તેથી જ આ નયો શુદ્ધ છે.

ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ, એવંભૂતરૂપ ચાર નયો અશુદ્ધ છે. કારણ કે તેઓ ફક્ત પર્યાયને જ સ્વીકારે છે. અને પર્યાયોમાં પરસ્પર એક બીજાથી આત્યંતિક ભેદને સ્વીકારે છે. આ પ્રમાણે હોવાથી કરેલ કાર્યના નાશરૂપ કૃતવિનાશ આદિ દોષ આવશે. તે આ પ્રમાણે–

મનુષ્યે કરેલ કર્મને દેવ ભોગવે છે. મનુષ્ય અવસ્થાથી દેવ અવસ્થા જુદી છે. તેથી મનુષ્યે કરેલ કર્મનો નાશ થાય છે. કારણ કે મનુષ્યે કરેલ કર્મ તેઓ ભોગવી ન શકતા હોવાથી અને દેવો ફલો ભોગવતા હોવાથી તેમનો અકૃતાભ્યાગમ એટલે ન કરેલ કાર્યના ફળની પ્રાપ્તિરૂપ દોષ આવે છે. કેમકે દેવે તે કાર્ય ન કર્યું હોવાથી કૃતનાશ વિગેરે દોષ જાણ્યે છતે કોઈપણ ધર્મશ્રવણ અનુષ્ઠાનમાં પ્રવર્તશે નહીં. આથી મિથ્યાત્વ શુદ્ધિનો અભાવ થાય છે. તે શુદ્ધિનો અભાવ હોવાથી આ નયો અશુદ્ધ છે.

અથવા અહીં ગાથામાં પ્રાકૃતના કારણે शुद्धनयाणं ની આગળ રહેલ अ કારનો લોપ થયો છે. એમ જાણવું. માટે અશુદ્ધ બધાયે નયોને આ સંરંભ વિગેરે ત્રણે માન્ય છે. પણ શુદ્ધનયોને નહીં. તેથી નૈગમ, વ્યવહાર, સંગ્રહરૂપ પહેલા ત્રણ નયો વ્યવહારપરક હોવાથી અશુદ્ધ છે. અને પાછળના ચાર નયો નિશ્ચયકારક હોવાથી શુદ્ધ છે. આનો ભાવ આ પ્રમાણે છે:–

સંરંભ, સમારંભ અને આરંભરૂપ ત્રિક નૈગમ વિગેરે ત્રણ નયોને જ સંમત છે. કારણ કે વ્યવહારપરક હોવાથી તેમના મતે ત્રણેનો સંભવ હોઈ શકે.

ઋજુસૂત્ર વિગેરે તો હિંસા વિચારના પ્રસંગે પ્રકરણમાં બાહ્ય વસ્તુમાં રહેલ હિંસાને માનતા નથી. આથી તેમના મતે તેવા પ્રકારના હિંસક અધ્યવસાય યુક્ત આત્મા જ હિંસા છે. પણ મનુષ્યો વિગેરે પર્યાયોના નાશરૂપ બાહ્ય હિંસા નથી. કહ્યું છે કે :–

"आया चेव उ हिंसा" "આત્મા જ હિંસા છે."

તેથી સંરંભ એટલે સંકલ્પ જ હિંસા છે, સમારંભ તથા આરંભ હિંસા નથી આ પ્રમાણે ઋજુસૂત્ર વિગેરે નયોનો મત છે. (૧૦૬૦)

## ૧૬૮. "અઢાર ભેદે બ્રહ્મચર્ય"

**दिव्वा कामरइसुहा तिविहं तिविहेण नवविहा विरइ ।**
**ओरालियाउवि तहा तं बंभं अट्ठदसभेयं ॥१०६१॥**

**દિવ્યકામ રતિ સુખનો ત્રિવિધે-ત્રિવિધે ત્યાગ કરવારૂપ નવ પ્રકારની વિરતિ તથા એ પ્રમાણે ઔદારિક, શરીર સંબંધી પણ નવ પ્રકારની વિરતિ-એમ અઢાર ભેદે બ્રહ્મચર્ય છે.**

દિવિ એટલે દેવલોકમાં થયેલ તે દિવ્ય. તે વૈક્રિય શરીરમાં હોય છે. જે ઈચ્છાય તે કામ એટલે વિષયો, તે વિષયોમાં રતિ એટલે આસક્તિ. તે આસક્તિથી જે સુખ, તે કામરતિ સુખ એટલે સુરત–સંભોગસુખ. તે દિવ્ય કામસુખ રતિની કરવા–કરાવવા–અનુમોદવારૂપ મન–વચન–કાયાથી ત્યાગ કરવાપૂર્વક ત્રિવિધે–ત્રિવિધે નવ પ્રકારે જે વિરતિ તે દિવ્ય કામસુખ રતિ વિરતિ.

એ પ્રમાણે ઔદારિક શરીરવાળા તિર્યંચ મનુષ્યથી થતી કામસુખ રતિની પણ ત્રિવિધે–ત્રિવિધે નવ પ્રકારની વિરતિ–આ પ્રમાણે અઢાર પ્રકારે બ્રહ્મચર્ય થાય છે. આનો ભાવાર્થ આ પ્રમાણે છે. મન વડે અબ્રહ્મ હું કરું નહીં, કરાવું નહીં અને કરતાને અનુમોદુ નહીં. એ પ્રમાણે વચનથી ત્રણ પ્રકાર અને કાયાથી ત્રણ પ્રકાર થયા. દિવ્ય બ્રહ્મચર્યમાં નવભેદો અને ઔદારિકમાં પણ નવ ભેદો–એમ અઢાર ભેદો થાય છે. (૧૦૬૧)

## ૧૬૯. કામના ચોવીસ પ્રકાર

**कामो चउवीसविहो संपत्तो खलु तहा असंपत्तो ।**
**चउदसहा संपत्तो दसहा पुण होअसंपत्तो ॥१०६२॥**

ચોવીસ પ્રકારે કામ છે. તે સામાન્યથી બે પ્રકારે છે. ૧. સંપ્રાપ્ત અને અસંપ્રાપ્ત. એમાં કામીઓના પરસ્પર મેલાપથી જે કામ થાય તે સંપ્રાપ્ત. વિયોગરૂપ અસંપ્રાપ્ત. તેમાં ચૌદ પ્રકારે સંપ્રાપ્ત કામ છે અને દસ પ્રકારે અસંપ્રાપ્ત કામ છે.

થોડો વિષય હોવાથી અસંપ્રાપ્ત કામ પહેલા કહે છે.

तत्थ असंपत्तेऽत्था १ चिंता २ तह सद्ध ३ संभरण ४ मेव ।
विक्कवय ५ लज्जनासो ६ पमाय ७ उम्माय ८ तब्भावो ९ ॥१०६३॥
मरणं च होइ दसमो १० संपत्तंपि य समासओ वोच्छं ।
दिट्ठीए संपाओ १ दिट्ठीसेवा २ य संभासो ३ ॥१०६४॥
हसिय ४ ललिओ ५ वगूहिय ६ दंत ७ नहनिवाय ८ चुंबणं ९ चेव ।
आलिंगण १० मादाणं ११ कर सेवण १३ ऽणंगकीडा ॥१०६५॥

**અસંપ્રાપ્તમાં ૧. અર્થ, ૨. ચિંતા, ૩. શબ્દ, ૪. સ્મરણ, ૫. વિકલ્પ, ૬. લજ્જાનાશ, ૭. પ્રમાદ, ૮. ઉન્માદ, ૯. તદ્ભાવ અને ૧૦. દસમો મરણ છે.**

**સંપ્રાપ્તમાં ૧. દૃષ્ટિ સંપાદન, ૨. દૃષ્ટિસેવા, ૩. સંભાષણ, ૪. હાસ્ય, ૫. લલિત, ૬. અવગૂહન, ૭. દાંત મારવા, ૮. નખ મારવા, ૯. ચુંબન, ૧૦. આલિંગન, ૧૧. આદાન એટલે ગ્રહણ, ૧૨. કરસેવન, ૧૩. આસેવન, ૧૪. અનંગક્રિયા.**

સંપ્રાપ્ત અને અસંપ્રાપ્ત એ બે કામોમાં અસંપ્રાપ્ત કામ આ પ્રમાણે છે.

૧. અર્થ એટલે ઇચ્છા કરવી તે. જે ન જોઈ હોવા છતાં સ્ત્રી વિગેરેને સાંભળીને તેની ફક્ત ઇચ્છા કરવી તે અર્થ.

૨. ચિંતા એટલે વિચાર કરવો તે જેમકે 'અહો...! કેવું સુંદર રૂપ છે' એમ તે સ્ત્રીના ગુણોને રાગથી વિચારવા તે ચિંતા.

૩. શ્રદ્ધા એટલે તેના મિલનની ઇચ્છા.

૪. સંસ્મરણ એટલે સંકલ્પિત કરેલ તેના રૂપના ચિત્ર વિગેરે જોઈને પોતે આનંદ કરે.

૫. વિહ્વલતા એટલે સ્ત્રીના વિરહ દુઃખની અધિકતાથી આહાર વિગેરેનો ઉપેક્ષાભાવ.

૬. લજ્જાનાશ એટલે વડીલ વિગેરેની સમક્ષ પણ સ્ત્રીના ગુણો ગાવા.

૭. પ્રમાદ એટલે સ્ત્રીના માટે બધાયે આરંભોમાં પ્રવર્તે.

૮. ઉન્માદ એટલે શૂન્યચિત્તપણાથી ગમે તેમ બોલે.

૯. તદ્ભાવના એટલે થાંભલા વિગેરેમાં પણ તે સ્ત્રીની કલ્પનાથી તે થાંભલા વિગેરેને ભેટવું.

૧૦. મરણ-એ દસમો અસંપ્રાપ્ત કામનો ભેદ છે. અહીં સર્વથા પ્રાણ ત્યાગરૂપ મરણ ન જાણવું. કેમકે શ્રૃંગારરસનો ભંગ થઈ જાય પરંતુ મરણતુલ્ય નિશ્ચેષ્ટ મૂર્છા જેવી કંઈક દશા થવી, તે મરણ જાણવું.

ભરત ટીકાકાર અભિનવ ગુપ્તે પણ આ પ્રમાણે વ્યાખ્યા કરી છે.

હવે સંપ્રાપ્ત કામ સંક્ષેપથી કહે છે.

૧. દૃષ્ટિસંપાત એટલે સ્ત્રીના સ્તન વિગેરે જોવા.

૨. દૃષ્ટિસેવા એટલે હાવ-ભાવપૂર્વક તેની આંખથી આંખ મેળવવી.

૩. સંભાષણ એટલે યોગ્ય વખતે કામકથા કરવી.

૪. હાસ્ય એટલે વક્રોક્તિ-કટાક્ષપૂર્વક હસવું.

૫. લલિત એટલે પાસા વિગેરેથી રમત કરવી.

૬. ઉપગૂઢ એટલે ગાઢપણે વળગવું.

૭. દંતપાત એટલે દાંત છેદનવિધિ-દાંત કરડવા.

૮. નખનિપાત એટલે નખ મારવા.

૯. ચુંબન એટલે મુખ મેળવવા.

૧૦. આલિંગન એટલે કંઈક સ્પર્શ કરવું.

૧૧. આદાન એટલે સ્તન વિગેરે પકડવા.

૧૨. કરસેવન એટલે સુરત ક્રિડાના આરંભરૂપ યંત્ર એટલે આસન કરવું તે. જે વાત્સ્યાયન ગ્રંથમાં ચોર્યાસી પ્રકારે પ્રસિદ્ધ છે.

૧૩. આસેવન એટલે મૈથુનક્રિયા.

૧૪. અનંગક્રિડા એટલે મોઢા વિગેરેમાં અર્થ ક્રિયા કરવી. (૧૦૬૩-૧૦૬૫)

## ૧૭૦. દસપ્રાણ

**इंदिय ५ बल ३ ऊसासा १ उ १ पाण चउ छक्क सत्त अट्ठेव ।**
**इगि विगल असन्नी सन्नी नव दस पाणा य बोद्धवा ॥१०६६॥**

**ઇન્દ્રિય, બલ, શ્વાસોશ્વાસ, આયુષ્ય એ પ્રમાણે દસ પ્રાણો છે.**

**એકેન્દ્રિયને ચાર, વિકલેંદ્રિયને છ, સાત અને આઠ, અસંજ્ઞીને નવ અને સંજ્ઞીને દસ પ્રાણો જાણવા.**

ઇન્દ્રિય, બલ, શ્વાસોશ્વાસ અને આયુષ્ય પ્રાણ કહેવાય છે, તે પ્રાણો આ પ્રમાણે દસ પ્રકારે છે.

સ્પર્શેન્દ્રિય વિગેરે પાંચ ઇન્દ્રિયો, મન-વચન-કાયારૂપ ત્રણ બલ, ઉચ્છ્વાસ શબ્દ સાથે સદા સાથે રહેનાર નિઃશ્વાસ પણ લેવો એટલે શ્વાસોશ્વાસ અને આયુષ્ય-એમ દસ પ્રાણો છે.

હવે જે જીવોને જેટલા પ્રાણો, સંભવી શકે તે કહે છે.

એકેન્દ્રિયોને ચાર પ્રાણ, વિકલેંદ્રિયમાં બેઈન્દ્રિયને છ, તેઈન્દ્રિયને સાત, અને ચૌરેન્દ્રિયને આઠ પ્રાણો છે તેની વિચારણા આ પ્રમાણે છે.

સ્પર્શનેન્દ્રિય, કાયબલ, શ્વાસોશ્વાસ, આયુષ્ય-એમ ચાર પ્રાણો પૃથ્વીકાય વિગેરે એકેન્દ્રિયને હોય છે.

સ્પર્શનેન્દ્રિય, રસનેંદ્રિય કાયબલ, વચનબલ, શ્વાસોશ્વાસ અને આયુષ્ય-એમ છ પ્રાણો બેઈન્દ્રિયને હોય છે.

ઉપરોક્ત છ પ્રાણોને ઘ્રાણેંદ્રિય સહિત કરતા સાત પ્રાણો તેઈન્દ્રિયને હોય છે.

ઉપરોક્ત સાત પ્રાણોને ચક્ષુરિંદ્રિય સહ ગણુતા આઠ પ્રાણો ચૌરેંન્દ્રિયને હોય છે.

પાંચ ઈન્દ્રિય, કાયબલ, વચનબલ, શ્વાસોશ્વાસ અને આયુષ્ય-એમ નવ પ્રાણો અસંજ્ઞી પંચેન્દ્રિયને જાણુવા.

સંજ્ઞી પંચેન્દ્રિયોને પૂર્વોક્ત દશ પ્રાણો હોય છે. (૧૦૬૬)

## ૧૭૧. "દસ કલ્પવૃક્ષ"

**मत्तंगया य १ भिंगा २ तुडियंगा ३ दीव ४ जोइ ५ चित्तंगा ६ ।**
**चित्तरसा ७ मणियंगा ८ गेहागारा ९ अणियणा य १० ॥१०६७॥**

**મત્તાંગક, ભૃતાંગ, તુડિતાંગ, દીપ, જ્યોતિ, ચિત્રાંગ, ચિત્રરસા, મણિઅંગ, ગેહાકાર, અનગ્ના-એ દસ કલ્પવૃક્ષો છે.**

૧. મત્ત એટલે મદ. તેનું જે અંગ એટલે કારણ, તે મદિરા, મદિરાને આપનારા તે મત્તાંગક અથવા મત્ત એટલે મદ. તેનું અંગ એટલે કારણુ તે મદિરારૂપ છે. જેમાં તે મત્તાંગ-મત્તાંગ જ-મત્તાંગક કહેવાય.

૨. ભૃતાંગ ભૃત એટલે ભરવું પુરવું. તેના કારણરૂપ ભૃતાંગ એટલે વાસણો-ભાજનો કહેવાય. ભરણક્રિયા વાસણુ વગર થાય નહીં, તેથી તે પ્રાપ્ત કરાવનાર વૃક્ષો પણુ ભૃતાંગ કહેવાય. પ્રાકૃતમાં "ભિંગા" કહેવાય.

૩. ત્રુટિત એટલે તૂર્ય વાજિંત્ર. તેના કારણરૂપ જે વૃક્ષો તે ત્રુટિતાંગ કહેવાય.

૪. દીપ એટલે પ્રકાશક વસ્તુ. તેના કારણરૂપ જે વૃક્ષ તે દીપાંગ કલ્પવૃક્ષ કહેવાય.

૫. જ્યોતિ એટલે અગ્નિ. સુષમસુષમા કાળમાં અગ્નિનો અભાવ હોવાથી જ્યોતિની જેમ જે વસ્તુ ગરમીવાળા પ્રકાશવાળી હોય છે, તે વસ્તુના કારણરૂપ હોવાથી તે કલ્પ-વૃક્ષો જ્યોતિરંગ કહેવાય.

૬. ચિત્ર શબ્દ અનેક પ્રકારની વિવક્ષાપૂર્વક પ્રધાનતાવાળો હોવાથી (વિવિધ-પ્રકારની) માળાઓના કારણરૂપ જે કલ્પવૃક્ષ તે ચિત્રાંગ.

૭. ચિત્ર એટલે વિવિધ પ્રકારના સુંદર મીઠા રસો વિગેરે જે કલ્પવૃક્ષમાંથી મળે તે ચિત્રરસા.

૮. મણિઓની મુખ્યતાવાળા આભૂષણોના કારણરૂપ જે કલ્પવૃક્ષો તે મણ્યંગ.

૯. જે કલ્પવૃક્ષોનો ઘર જેવો આકાર હોય તે ગૃહાકાર કલ્પવૃક્ષ.

૧૦. વિચિત્ર વસ્ત્ર આપનાર હોવાથી ત્યાં રહેનારા લોકો નગ્ન રહેતા નથી. જે વૃક્ષના કારણે તે અનગ્ન કલ્પવૃક્ષો.

આ પ્રમાણે આ દસ કલ્પવૃક્ષો હોય છે. (૧૦૬૭)

હવે આ કલ્પવૃક્ષોમાંથી જેની પાસે જે મળે છે તે કહે છે.

**मत्तंगएसु मज्जं सुहपेज्जं १ भायणा य भिंगेसु २ ।**
**तुडियंगेसु य संगयतुडियाइं बहुप्पगाराइं ३ ॥१०६८॥**
**दीवसिहा ४ जोइसनामगा य एए करेंति उज्जोयं ५ ।**
**चित्तंगेसु य मल्लं ६ चित्तरसा भोयणट्ठाए ७ ॥१०६९॥**
**मणियंगेसु य भूसणवराइं ८ भवणाइ भवणरुक्खेसु ९ ।**
**तह अणियणेसु धणियं वत्थाइं बहुप्पयाराइं १० ॥१०७०॥**

**૧. મત્તાંગકોમાંથી સુખપેયા મદ્ય, ૨. ભૃતાંગોથી વાસણો, ૩. ત્રુટિતાંગમાંથી ઘણા પ્રકારના સંગત વાજિંત્રો મળે છે. ૪-૫. દીપશિખા અને જ્યોતિરંગ નામના બે પ્રકાશ કરે છે. ૬. ચિત્રાંગમાંથી માળા અને ૭. ચિત્રરસ ભોજન માટે છે. ૮. મણિઅંગમાંથી ઉત્તમ ભૂષણો મળે છે. ૯. ભવનવૃક્ષમાંથી ઘરો. ૧૦, અનગ્નમાંથી બહુ પ્રકારના ઘણા વસ્ત્રો મળે છે.**

૧. મત્તાંગક કલ્પવૃક્ષોમાં અતિશય ઊંચા પ્રકારના રંગ વિગેરેથી વિશિષ્ટ હોવાથી પીવાની ઇચ્છા કરવા યોગ્ય, સુખે પીવા લાયક, સારી રીતે પાકેલ દ્રાક્ષ વિગેરેના રસોમાંથી બનેલ મદિરા થાય છે. આનો આ ભાવ છે કે આ કલ્પવૃક્ષના ફળો વિશિષ્ટ બળ, વીર્ય કાંતિના કારણરૂપ સ્વાભાવિક રીતે રસદાર, સુગંધી, વિવિધ પરિપાકને પામેલા સુંદર પરિણમેલ મદિરાથી સંપૂર્ણ ભરેલા હોય છે. તે ફળો ફૂટી ફૂટીને મદિરાને છોડે છે એટલે ઝરે છે.

૨. ભૃતાંગો પર થાલ વિગેરે વાસણો હોય છે. આનો ભાવ એ છે કે, અહીં જેમ મણિ સોના-ચાંદી વિગેરેના વિવિધ વાસણો જોવામાં આવે છે. તેમ સ્વભાવિકરૂપ પરિણમેલા ઘણા થાળા, કચોળા, કળશ, કરક એટલે ચમચા વિગેરે વાસણો ફળોની જેમ શોભતા દેખાય છે.

૩. ત્રુટિતાંગો પર સંગત એટલે સારી રીતે જોડાયેલ. ત્રુટિત એટલે વાજિંત્ર. જે તત, વિતત, ઘનશુષિર એટલે પોલા-એમ વિવિધ પ્રકારના ફળોની જેમ હોય છે.

વીણા વિગેરે તત કહેવાય. પડહ વિગેરે વિતત કહેવાય. કાંસી જોડા વિગેરે ઘન કહેવાય અને કાહલા વિગેરે શુષિર કહેવાય છે.

૪–૫. દીપશિખા અને જ્યોતિષિક નામના આ બે કલ્પવૃક્ષો પ્રકાશ કરે છે. આનો ભાવાર્થ આ પ્રમાણે છે.

જેમ અહીં તેલવાળી બળતી સુવર્ણ–મણિમય દીવી પ્રકાશ કરતી દેખાય છે. તેની જેમ સ્વાભાવિકરૂપ પરિણમેલ દીપશિખા નામના કલ્પવૃક્ષો શ્રેષ્ઠ પ્રકારના પ્રકાશવડે બધાયને પ્રકાશિત કરે છે. જ્યોતિષિક કલ્પવૃક્ષો સૂર્યમંડલની જેમ પોતાના તેજ વડે બધાને પ્રકાશિત કરતા હોય છે.

૬. ચિત્રાંગ પર અનેક પ્રકારની સરસ સુંગધવાળી જુદા–જુદા રંગની ફુલની માળાઓ રૂપ હોય છે.

૭. યુગલિકોના ભોજન માટે ચિત્રરસ કલ્પવૃક્ષો હોય છે. આનો ભાવ આ છે કે–અહીંના જેવી વિશિષ્ટ દાળ, કલમી ચોખા, શાલનક પકવાન્ન વિગેરેથી અતિ ઘણા સ્વાદિષ્ટ વગેરે ગુણયુક્ત ઇન્દ્રિય, બળ વિગેરેની પુષ્ટિના કારણરૂપ આહ્‌લાદકારી, ખાવાલાયક ભોજ્ય પદાર્થવડે સંપૂર્ણ ફળોવડે શોભતા ચિત્રરસ કલ્પવૃક્ષો રહેલાં છે.

૮. મણ્યંગ કલ્પવૃક્ષો પર સ્વાભાવિકરૂપે પરિણમેલા કડા, કેયુર, એટલે બાજુબંધ, કુંડલ વિગેરે આભૂષણો હોય છે.

૯. ભવન એટલે ગૃહાકાર નામના કલ્પવૃક્ષો પર સ્વભાવિકરૂપે પરિણમેલા જ ભવનો જે માટીના કિલ્લાથી ઢંકાયેલા, સુખે ચઢી શકાય તેવા પગથીયાની હારવાળા, વિચિત્ર ચિત્રશાળાવાળા, મોટી બારીઓ, અનેક ગુપ્ત તેમજ ખુલ્લા ઓરડાઓ, છતો વિગેરેથી અલંકૃત જુદા–જુદા પ્રકારના ઘરો હોય છે.

૧૦. અનગ્ન કલ્પવૃક્ષો પર ઘણા વિવિધ પ્રકારના વસ્ત્રો સ્વભાવિકરૂપે જ અતિ ઝીણા સુકુમાર, દેવદુષ્ય જેવા મનોહર, નિર્મલ તેજવાળા વસ્ત્રો થાય છે. (૧૦૬૮–૧૦૭૦)

## ૧૭૨. "નરક"

**धम्मा १ वंसा २ सेला ३ अंजण ४ रिट्ठा ५ मघा ६ य माघवई ७ ।**
**नरयपुढवीण नामाइं हुंति रयणाइं गोत्ताइं ॥१०७१॥**
**रयणप्पह १ सक्करपह २ वालुयपह ३ पंकपहमिहाणाओ ४ ।**
**धूमपह ५ तमपहाओ ६ तह महातमपहा ७ पुढवी ॥१०७२॥**

**ધમ્મા, વંશા, સેલા, અંજના, રિષ્ટા, મઘા માઘવતી-એ નરકપૃથ્વીઓના નામો છે. તથા રત્નપ્રભા વિગેરે ગોત્રો છે. ૧. રત્નપ્રભા, ૨. શર્કરાપ્રભા, ૩. વાલુકાપ્રભા, ૪. પંકપ્રભા, ૫. ધૂમપ્રભા, ૬. તમઃપ્રભા, ૭. તમઃતમઃપ્રભા.**

જે અનાદિકાળથી પ્રસિદ્ધ અર્થને અનુરૂપ નહીં, તેવું, જે નામ, તે સર્વકાળે યથા-કથંચિત્ રૂપે એટલે ગમે તે રીતે અર્થની અપેક્ષા વગર પ્રવર્તતું હોવાથી નામ કહેવાય છે.

જે અર્થયુક્ત હોય તે ગોત્ર જેમકે ગો એટલે પોતાનું કહેનાર વચન. ને त्राणात् એટલે પાલનાત્ એટલે યથાર્થ અર્થ પ્રાપ્ત કરાવવા વડે જે પાળનાર હોય તે ગોત્ર.

ધમ્મા, વંશા, શૈલા, અંજના, રિષ્ટા, મઘા, માઘવતિ-એમ અનુક્રમે સાત નરક પૃથ્વીના નામો છે.

પદના એક ભાગવડે આખું પદ જણાય. એ ન્યાયે रयण પદ પરથી રત્નપ્રભા વિગેરે ગોત્રો છે, એમાં પ્રભા શબ્દ બહુલતાવાચક છે. તેથી કર્કેતન વિગેરે રત્નોની પ્રભા એટલે બહુલતા જેમાં છે, તે રત્નપ્રભા. એટલે રત્નની અધિકતાવાળી પૃથ્વી એ ભાવ છે. એ પ્રમાણે શર્કરા એટલે પથ્થરોના ટૂકડારૂપ કાંકરાની બહુલતા જેમાં હોય, તે શર્કરાપ્રભા.

વાલુકા એટલે કઠોર ધૂળના ઢગલારૂપ એટલે રેતીની બહુલતા જેમાં હોય, તે વાલુકાપ્રભા.

પંકપ્રભા એટલે કાદવની જેવા આભા-તેજવાળા દ્રવ્યોની બહુલતા જેમાં હોય, તે પંકપ્રભા.

ધૂમ એટલે ધૂમાડાની બહુલતાવાળા દ્રવ્યો જેમાં હોય, તે ધૂમપ્રભા.

જેમાં તમઃ એટલે અંધકારની બહુલતા હોય, તે તમઃપ્રભા.

મહાતમઃપ્રભા એટલે અતિ અંધકારની બહુલતા જેમાં હોય, તે મહાતમઃપ્રભા. બીજાઓ તમઃતમઃપ્રભા કહે છે.

અધિકતમ અંધકારની બહુલતા જેમાં હોય, તે તમઃતમઃપ્રભા એમ માને છે. (૧૦૭૧-૧૦૭૨)

## ૧૭૩. નારકોના આવાસ

**तीसा य १ पन्नवीसा २ पन्नरस ३ दस ४ चेव तिन्नि ५ य हवंति ।**
**पंचूण सयसहस्सं ६ पंचेव ७ अणुत्तरा नरया ॥१०७३॥**

સાતે નરકોમાં ક્રમસર ત્રીસલાખ વિગેરે નરકાવાસો આ પ્રમાણે હોય છે. ૧. પહેલી પૃથ્વીમાં ત્રીસલાખ, ૨. બીજી પૃથ્વીમાં પચીસલાખ, ૩. ત્રીજી પૃથ્વીમાં પંદરલાખ, ૪. ચોથી પૃથ્વીમાં દસલાખ, ૫. પાંચમી પૃથ્વીમાં ત્રણલાખ, ૬. છટ્ઠી પૃથ્વીમાં પાંચ ઓછા એવા એકલાખ એટલે ૯૯.૯૯૫ અને સાતમી પૃથ્વીમાં અનુત્તર એટલે સહુથી નીચે રહેલા પાંચ નરકાવાસો છે. તે આ પ્રમાણે-

પૂર્વદિશામાં કાલ, પશ્ચિમ દિશામાં મહાકાલ, દક્ષિણ દિશામાં રોરુક, ઉત્તર દિશામાં મહારોરુક અને વચ્ચે અપ્રતિષ્ઠાન નામના નરકાવાસ છે-એમ સાતે નરકના મળી કુલ્લે ચોર્યાસી (૮૪)લાખ નરકાવાસો છે. (૧૦૭૩)

## ૧૭૪. નરકવેદના

सत्तसु खेत्तसहावा अन्नोऽन्नुदीरिया य जा छट्ठी ।
तिसु आइमासु वियाणा परमाहम्मियसुरकया य ॥१०७४॥

**ક્ષેત્ર સ્વભાવવાળી વેદના સાતે નરકમાં, પરસ્પર એકબીજાની ઉદીરણા રૂપ વેદના છઠ્ઠી સુધી અને પહેલી ત્રણ સુધી પરમાધામી દેવોએ કરેલ વેદના હોય છે.**

ક્ષેત્રના સ્વભાવથી ઉત્પન્ન થયેલ દુઃખ વેદના સાતે નરકપૃથ્વીઓમાં છે. અન્યોન્ય ઉદીરિતરૂપ વેદના એટલે નારકોએ જ પરસ્પર એકબીજાને કરેલ વેદના–પીડા પાંચમી સુધી હોય છે આનો ભાવાર્થ આ છે કે:–પરસ્પર કરાતી વેદના બે પ્રકારે છે. ૧. શસ્ત્રોવડે કરાયેલ અને ૨. શરીરવડે કરાયેલ વેદના. તેમાં શસ્ત્રવડે કરાયેલ વેદના પહેલી પાંચ સુધી જ હોય છે. અને શરીરવડે કરાયેલ વેદના સામાન્ય સાતે પૃથ્વીમાં હોય છે. આ વાત અનાર્ષ એટલે અપ્રમાણ–અશાસ્ત્રીય નથી કેમકે જીવાભિગમ નામના ઉપાંગમાં કહ્યું છે કે,

"હે ભગવંત! આ રત્નપ્રભા પૃથ્વીમાં રહેલા નારકો એક રૂપ વિકુર્વા સમર્થ હોય છે કે, ભિન્ન એટલે ઘણા રૂપો વિકુર્વા સમર્થ હોય છે?

એક રૂપ વિકુર્વતા હોય છે તો એક મોટા મુદગરરુપ અથવા કરવત, તલવાર, શક્તિ, હળ, ગદા, મુસલ, ચક્ર, નારાચ એટલે બાણ, કુંત એટલે ભાલા, તોમર, શૂળ, લગુડ એટલે દંડ યાવત્ ભિંડિમાલરૂપે વિકુર્વે છે, પૃથગ્ એટલે ઘણા રૂપો વિકુર્વે તો પણ મુદ્ગરરૂપથી ભિંડિમાલ સુધીના ઘણાય રૂપો વિકુર્વે છે, તે રૂપ સંખ્યાતા જ હોય છે, અસંખ્યાતા નહીં. સંબદ્ધ હોય છે, અસંબદ્ધ નહીં. એક સરખા હોય પણ જુદા–જુદા નહીં. એવા વિકુર્વે છે. વિકુર્વીને એકબીજાના શરીરને આક્રમણ કરતાં પીડા ઉત્પન્ન કરે છે. એ પ્રમાણે ધૂમપ્રભા પૃથ્વી સુધી જાણવું.

છઠ્ઠી સાતમી પૃથ્વીમાં નારકો લોહિત–કુંથુવાનારૂપ વજ્ર જેવા મોઢાવાળા, છાણના કીડા સમાન વિકુર્વીને એક–બીજાના શરીરપર ઘોડાની જેમ ચઢતા–ચઢતા એટલે આક્રમણ કરતા, ખાતા–ખાતા, શેરડીના કરમીયાની જેમ ચાલતા–ચાલતા અંદર પ્રવેશ કરતા વેદના–પીડા ઉત્પન્ન કરે છે.

અહીં પૃથગ્ શબ્દ બહુત્વવાચી છે, તેથી પૃથગ્ એટલે ઘણા મુદ્ગરોથી ભિંડિમાલ એટલે એક જાતનું શસ્ત્ર વિશેષ છે. ત્યાં સુધીના શસ્ત્રો વિકુર્વતા થોડા પોતાના શરીરને લાગેલા સમાન રૂપવાળા વિકુર્વે છે. અસંખ્યાતા પોતાના શરીરથી જુદા, એકસરખા નહીં એવા શસ્ત્રો વિકુર્વા માટે તેવા પ્રકારના ભવસ્વભાવથી શક્તિ ન હોવાના કારણે

વિકુર્વતા નથી. समतुरङ्गोमाणा समतुरङ्गोमाणा એટલે સરખા બે ઘોડાની જેમ વર્તતા એટલે ઘોડાની જેમ એક બીજા પર ચઢવાની જેમ લડતા शलपर्वक्रमय એટલે શેરડીના કરમીયાની જેમ ચાલતા–ચાલતા શરીરમાં ચાલે છે.

પહેલી ત્રણ પૃથ્વીમાં પરમાધામી દેવે કરેલ પીડા પણ હોય છે. તેમાં ક્ષેત્રસ્વભાવથી ઉત્પન્ન થયેલ ઉષ્ણ પીડા રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભામાં હોય છે. આ નારકોની શીતયોનિપણાથી ફક્ત બરફ જેવા ઠંડા પ્રદેશરૂપ યોનિસ્થાનથી બીજા સ્થળોની સમસ્ત-ભૂમિ વિગેરે ખેરના અંગારાથી પણ અત્યંત તપેલી હોવાથી અત્યંત ઉષ્ણવેદનાનો અનુભવ હોય છે. એ પ્રમાણે બીજી પૃથ્વીઓમાં પણ જાણવું.

પંકપ્રભામાં ઘણા ઉપરના ભાગના નરકાવાસોમાં ઉષ્ણવેદના છે. નીચેના થોડા નરકાવાસોમાં શીતવેદના છે.

ધૂમપ્રભામાં ઘણામાં શીત અને થોડામાં ઉષ્ણવેદના છે.

છઠ્ઠી–સાતમી પૃથ્વીમાં ફક્ત શીતવેદના જ છે. આ બધી વેદનાઓ પણ જેમ–જેમ નીચે જઈએ તેમ–તેમ અનંતગુણ તીવ્ર–તીવ્રતર–તીવ્રતમ થતી જાય છે.–એમ જાણવું.

પ્રવચનના જાણકારો ઉષ્ણવેદના અને શીતવેદનાનું સ્વરૂપ આ પ્રમાણે બતાવે છે. જેમ ઉનાળામાં અંતિમકાળમાં મધ્યાહ્ન વખતે આકાશમાં મધ્યભાગે પ્રૌઢ પ્રતાપી સૂર્ય આવ્યો હોય અને બીલકુલ વાદળ વગરનું આકાશ હોય, જરાપણ પવન ફરકતો ન હોય અને જેને ઘણો પિત્તનો પ્રકોપ થયો હોય અને તડકો દૂર કરવાનું છાપરૂં વિગેરે કશું ન હોય. બધી તરફથી સળગતા અગ્નિની જ્વાળાઓથી જેનું શરીર ઘેરાયેલ છે એવા કોઈક પુરુષને એવી ઉષ્ણવેદના હોય છે. જેની સંવેદના વચનાતીત હોય છે. તેનાથી પણ ઉષ્ણવેદનાવાળી નરકોમાં રહેલા નારકોને અનંતગુણી ઉષ્ણવેદના હોય છે. જો એ નારકોને ઉષ્ણવેદનાવાળી નરકોમાંથી ઉપાડી ભુંગળીવડે ફુંકી–ફુંકીને સળગાવાતા ખેરના અંગારાના ઢગલાની પથારીપર સૂવડાવવામાં આવે ત્યારે તેને અમૃતથી સિંચીને ઠંડી કરેલ જાણે ન હોય તેમ અત્યંત સુખનો અનુભવ કરતો આનંદિત મનવાળો થઈ ઊંઘી પણ જાય.

પોષ મહામહિનાની રાત્રિમાં બિલકુલ વાદળાઓથી રહિત આકાશમાં ચારે તરફથી શરીરને ધ્રુજાવનારો પવન વાતો હોય, બરફના પહાડના શિખર પર રહ્યો હોય, ત્યાં બરફના કરાનો સમૂહ પોતાને અડતો હોય, અગ્નિ હોય નહીં, કોઈપણ જાતનું છાપરૂં વિગેરે આશ્રય સ્થાન ન હોય તેવા વસ્ત્ર વગરના પુરુષને જે ઠંડીની પીડા થાય તેથી શીત વેદનાવાળા નરકોમાં નારકોને અનંતગુણી વેદના છે.

જો તે નારકોને શીતવેદનાવાળી નરકમાંથી ઉપાડી ઉપરોક્ત પુરુષની જગ્યાએ મૂકવામાં આવે ત્યારે તે નારકોને બિલ્કુલ પવન વગરની જગ્યાની જેમ નિરૂપમ સુખ થવાથી નિદ્રાને પણ પામી જાય છે.

આગમોમાં નારકોને ભૂખ, તરસ, ખંજવાળ, પરવશતા, તાવ, દાહ, બળતરા, ભય, શોક વિગેરે બીજી પણ પીડા સંભળાય છે. તે આ પ્રમાણે–

હંમેશા નાશ ન પામે એવી ભૂખરૂપી અગ્નિથી બળતા શરીરવાળા હોય છે. જે ભૂખ આખા જગતમાં રહેલા સારી ચિકાશવાળા ઘી વિગેરે પુદ્ગલોનો આહાર કરવા છતાં પણ શાંત ન થાય.

તરસ પણ હંમેશા ગળું, હોઠ, તાળવું, જીભ વિગેરેને સૂકવી નાખતી અને સમસ્ત દરિયાના પાણી પીવા છતાં પણ શાંત ન થાય.

ખંજવાળ પણ છરી વિગેરેથી ખણવા છતાં પણ નાશ ન થાય. એ પ્રમાણે–

પરવશતા, તાવ, દાહ–બળતરા, ભય, શોક વિગેરે પણ અહીં કરતાં અનંતગુણી પીડા હોય છે.

નારકોને જે અવધિજ્ઞાન કે વિભંગજ્ઞાન હોય, તે પણ તેમને દુઃખના કારણરૂપે થાય છે. તેઓ દૂરથી જ ઉપર–નીચે કે તિર્છા ભાગથી હંમેશા દુઃખના કારણોને આવતા જુએ છે. જોઈને ભયથી કંપતા શરીરવાળા ઉદ્વેગથી ઉભા રહે છે. આ બધી ક્ષેત્રના સ્વભાવથી ઉત્પન્ન થયેલ દુઃખ પીડા છે.

હવે પરસ્પરે ઉદીરેલી વેદના કહે છે.

સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ–એમ બે પ્રકારે નારકો છે. એમાં જે મિથ્યાદૃષ્ટિઓ છે, તે મિથ્યાજ્ઞાનથી લેપાયેલ ચિત્તવાળા પરમાર્થને ન જાણતા એકબીજાને દુઃખોની ઉદીરણા કરે છે. જ્યારે સમ્યક્દૃષ્ટિ વિચારે કે અમે પૂર્વભવમાં કરેલ કોઈક જીવહિંસા વિગેરે પાપના કારણે ઘણા દુઃખરૂપ સમુદ્રમાં પડ્યા છીએ–એમ વિચારતા બીજાએ કરેલ દુઃખોને સારી રીતે સહે છે. પણ બીજાઓને દુઃખ પમાડતા નથી, પીડા કરતા નથી. કારણ કે પોતાના કર્મોનો વિપાક જોયેલો હોવાથી તેઓ મિથ્યાદૃષ્ટિઓથી અધિકતર દુઃખી આગમમાં કહ્યા છે. કારણ કે ઘણા માનસિક દુઃખવાળા સંભવે છે.

જે મિથ્યાદૃષ્ટિઓ છે તેઓ પરસ્પર એકબીજાને ઉદીરે છે. તે આ પ્રમાણે–

જેમ આ જગતમાં બીજા ગામમાંથી કોઈ નવા કૂતરાને આવતો જોઇ તે ગામમાં રહેલ કૂતરાઓ તે કૂતરા ઉપર ક્રોધવાળા થાય છે અને નિર્દયપણે પરસ્પર પ્રહાર કરતા લડે છે. તેમ નારકો પણ વિભંગજ્ઞાનના બળે દૂરથી જ એકબીજાને જોઈ ક્રોધાંધ થઈ ભયાનક વૈક્રિયરૂપ બનાવી પોત–પોતે જાતે જ નરકાવાસોમાં ક્ષેત્રના પ્રભાવથી થયેલ પૃથ્વી પરિણામરૂપ શૂળ, શિલા, મુદ્ગર, ભાલો, તોમર, તલવાર, લાકડી, પરશુ એટલે કુહાડી વિગેરે વૈક્રિય શસ્રો લઇ, તે શસ્રોવડે હાથ–પગ–દાંતવડે એકબીજાને હણે છે. તથા પરસ્પર ઘા કરવાથી વિકૃત અંગવાળા તેઓ રડતા–રડતા તીવ્ર દુઃખવાળા કતલખાનામાં રહેલા પાડા વિગેરેની જેમ લોહીના કાદવમાં આળોટે છે. આવી રીતની પરસ્પરોદીરિત દુઃખવેદના છે.

તપેલ શીશું ખવડાવવું, તપાવેલ લોખંડની સ્ત્રીને આલિંગન કરાવવું, કૂટ શાલ્મલિ ઝાડની ટોચે ચડાવવા, લોખંડના ઘનવડે ટીપવા, ફરસીવડે છોલવા, ઘા વિગેરે પર ખારો નાંખવો, ગરમ તેલ છાંટવું, ભાલા વિગેરેમાં પરોવવું, ભાડભુંજની જેમ ભુંજવું, યંત્રમાં પીલવું, કરવતવડે ફાડવું, વૈક્રિય અનેક પ્રકારના કંક પક્ષી, ઘુવડ, સિંહ વિગેરે પશુ પક્ષી દ્વારા કદર્થના કરવી, તપેલી રેતીમાં ઉતારવા, તલવાર જેવા પાંદડાવાળા વનમાં પ્રવેશ કરાવે, વૈતરણી નદીમાં ડૂબાડે, પરસ્પર લોખંડના ઘન વિગેરે મારવા દ્વારા ઉત્પન્ન કરેલ પીડાઓ પરમાધામીઓ કરે છે. પાર વગરની પીડાઓ સિદ્ધાંતરૂપ સાગરમાંથી જાણવી. અને કુંભીઓમાં પકાવાતા તીવ્રતાપના કારણે નારકો ઊંચે પાંચસો યોજન સુધી ઉત્કૃષ્ટથી ઉછળે છે. જીવાભિગમમાં કહ્યું છે કે,

"સેંકડો વેદનાઓથી સારી રીતે પકડાયેલા દુઃખવડે ઉપદ્રવિત થયેલા નારકો ઉત્કૃષ્ટ પાંચસો યોજન સુધી–ઊંચે ઊછળે છે." પાછા પડતા વચ્ચે વજ્ર જેવા વિકુર્વેલા મોઢાવાળા પક્ષીઓ ચાંચવડે એમને તોડે છે. અને જમીન પર પડતાં જ વાઘ–વિગેરે વિખેરી નાખે છે. ફાડી નાખે છે. (૧૦૭૪)

## ૧૭૫. 'નરકાયુ'

**सागरमेगं १ तिय २ सत्त ३ दस ४ य सत्तरस ५ तह य बावीसा ६ ।**
**तेत्तीसं ७ जाव ठिई सत्तसु पुढवीसु उक्कोसा ॥१०७५॥**

સાતે નરક પૃથ્વીઓમાં અનુક્રમે ઉત્કૃષ્ટસ્થિતિ એટલે આયુષ્ય આ પ્રમાણે છે. રત્નપ્રભા પૃથ્વીમાં એક, શર્કરાપ્રભામાં ત્રણ, વાલુકાપ્રભામાં સાત, પંકપ્રભામાં દસ, ધૂમપ્રભામાં સત્તર, તમઃપ્રભામાં બાવીસ, તમઃતમઃપ્રભામાં તેત્રીસ સાગરોપમ ઉત્કૃષ્ટ આયુષ્ય છે. (૧૦૭૫)

**जा पढमाए जेट्ठा सा बीयाए कणिट्ठिया भणिया ।**
**तरतमजोगो एसो दसवास सहस्स रयणाए ॥१०७६॥**

**જે આયુષ્ય પહેલીમાં ઉત્કૃષ્ટરૂપે છે તે બીજીમાં જઘન્ય આયુ તરીકે કહ્યું છે, એ પ્રમાણે તરતમયોગે રત્નપ્રભામાં દશ હજાર વર્ષ છે.**

હવે સાતે નરક પૃથ્વીઓમાં જઘન્ય સ્થિતિ કહે છે. જે પહેલી રત્નપ્રભા નરકમાં ઉત્કૃષ્ટ સ્થિતિ એક સાગરોપમ કહી છે, તે બીજી શર્કરાપ્રભા નરકપૃથ્વીમાં જઘન્યરૂપે કહી છે. જઘન્ય ઉત્કૃષ્ટ સ્થિતિરૂપ આ તરતમયોગ બધીયે પૃથ્વીઓમાં વિચારવો તે આ પ્રમાણે, જે બીજી નરકમાં આયુ ઉત્કૃષ્ટ તે ત્રીજી નરકમાં જઘન્ય, જે ચોથીમાં ઉત્કૃષ્ટ

તે પાંચમીમાં જઘન્ય, જે પાંચમીમાં ઉત્કૃષ્ટ તે છઠ્ઠીમાં જઘન્ય, જે છઠ્ઠીમાં ઉત્કૃષ્ટ તે સાતમીમાં જઘન્ય. પહેલી રત્નપ્રભા પૃથ્વીમાં દસ હજાર વર્ષ જઘન્ય સ્થિતિ છે. આનો અભિપ્રાય આ પ્રમાણે છે–

પહેલી રત્નપ્રભા પૃથ્વીમાં જઘન્ય સ્થિતિ દસ હજાર વર્ષ છે. શર્કરાપ્રભામાં એક સાગરોપમ, વાલુકાપ્રભામાં ત્રણ સાગરોપમ, પંકપ્રભામાં સાત સાગરોપમ, ધૂમપ્રભામાં દસ સાગરોપમ, તમઃપ્રભામાં સત્તર સાગરોપમ, તમઃતમઃપ્રભામાં બાવીસ સાગરોપમ જઘન્યસ્થિતિ કાળ વિગેરે ચાર નરકાવાસોમાં જાણવી. બધીયે નરકોમાં જઘન્ય અને ઉત્કૃષ્ટ વચ્ચેની સ્થિતિ મધ્યમરૂપે જાણવી. ( ૧૦૭૬ )

## ૧૭૬. નારક શરીર પ્રમાણ

**पढमाए पुढवीए नेरइयाणं तु होइ उच्चत्तं ।**
**सत्तधणु तिन्नि रयणी छच्चेव य अंगुला पुण्णा ॥१०७७॥**
**सत्तम पुढवीए पुणो पंचेव धणुस्सयाइं तणुमाणं ।**
**मज्झिम पुढवीसु पुणो अणेगहा मज्झिमं नेयं ॥१०७८॥**

**નારકોને પહેલી પૃથ્વીમાં સાત ધનુષ, ત્રણ હાથ અને પૂર્ણ છ આંગળ-રૂપ ઊંચાઇ હોય છે. સાતમી પૃથ્વીમાં પાંચસો ધનુષનું શરીર પ્રમાણ હોય છે. મધ્યની-વચ્ચેની પૃથ્વીઓમાં અનેક પ્રકાર મધ્યમ દેહમાન જાણવું.**

જીવ જેમાં અવગાહે એટલે રહે તે અવગાહના, શરીર, તનુ વિગેરે એક અર્થવાળા શબ્દો છે. તે શરીર ભવધારણીય અને ઉત્તર વૈક્રિય એમ બે પ્રકારે છે. ભવ એટલે નરક વિગેરેમાં આયુષ્યના અંત સુધી જે એક સરખું શરીર ધરાય તે, ભવધારણીય–સ્વાભાવિક શરીર કહેવાય, ઉત્તર એટલે સહજ શરીર ગ્રહણ કર્યા પછીના જે કાળ તે ઉત્તરકાળના કાર્યને આશ્રયી જે વિવિધ ક્રિયા કરાય, તે ઉત્તરવૈક્રિય શરીર. તે બંનેનું પણ જઘન્ય અને ઉત્કૃષ્ટ એમ બે પ્રકારનું દેહમાન છે. એમાં પ્રથમ દરેક પૃથ્વીની ભવધારણીય ઉત્કૃષ્ટ અવગાહના કહે છે.

પહેલી રત્નપ્રભા પૃથ્વીમાં નારકોની ઉત્કૃષ્ટ ભવધારણીય અવગાહના સાત ધનુષ, ત્રણ હાથ અને પૂરા છ આંગળ એટલે ઉત્સેધાંગુલ પ્રમાણ વડે સવા એકત્રીસ હાથની ઊંચાઈ છે એ ભાવ છે. સાતમી પૃથ્વીમાં પાંચસો ધનુષનું ઉત્કૃષ્ટથી નારકોના શરીરની ઊંચાઈ છે.

શર્કરાપ્રભાથી લઈ તમઃપ્રભા સુધીની પૃથ્વીઓમાં મધ્યમ એટલે પહેલી અને સાતમી પૃથ્વીની ઊંચાઈ વચ્ચેની ઊંચાઈ અનેક પ્રકારે છે. આગળ–આગળની પૃથ્વી કરતાં પાછળ–પાછળની પૃથ્વીઓમાં બેગણું–બેગણું ( ડબલ–ડબલ ) શરીર પ્રમાણ ઉત્કૃષ્ટથી જાણવું.

તે આ પ્રમાણે–રત્નપ્રભા નારકના શરીર પ્રમાણુથી બે ગણું શર્કરાપ્રભામાં પંદર ધનુષ, બે હાથ બાર આંગળ શરીર પ્રમાણ છે. એ પ્રમાણે વાલુકાપ્રભામાં એકત્રીસ ધનુષ ને એક હાથ, પંકપ્રભામાં બાસઠ ધનુષ ને બે હાથ, ધૂમપ્રભામાં એકસો પચ્ચીસ ધનુષ, તમઃપ્રભામાં અઢીસો (૨૫૦) ધનુષ, તમઃતમપ્રભામાં પાંચસો ધનુષનું દેહમાન છે. (૧૦૭૭–૧૦૭૮)

**હવે દરેક પૃથ્વીમાં ઉત્કૃષ્ટથી ઉત્તર વૈક્રિય શરીર અવગાહના કહે છે.**

**जा जम्मि होइ भवधारणिज्ज अवगाहणा य नरएसु ।**
**सा दुगुणा बोद्धवा उत्तरवेउव्वि उक्कोसा ॥१०७९॥**

**જે નરકોમાં જે ભવધારણીય અવગાહના હોય, તેનાથી દ્વિગુણી અવગાહના, ઉત્તરવૈક્રિય શરીર ઉત્કૃષ્ટથી હોય છે.**

સાતે નરક પૃથ્વીઓમાં જે નરકમાં ઉત્કૃષ્ટ ભવધારણીય અવગાહના કહી છે. તે દ્વિગુણી કરતાં જેટલી અવગાહના થાય તેટલી તે નરક પૃથ્વીમાં ઉત્કૃષ્ટથી ઉત્તરવૈક્રિય અવગાહના જાણવી.

તે આ પ્રમાણે– રત્નપ્રભામાં ઉત્કૃષ્ટ ઉત્તરવૈક્રિય અવગાહના પંદર ધનુષ અને અઢી હાથ છે. શર્કરાપ્રભામાં એકત્રીસ ધનુષ અને એક હાથ, વાલુકાપ્રભામાં બાસઠ ધનુષ બે હાથ, પંકપ્રભામાં એકસો પચ્ચીસ ધનુષ, ધૂમપ્રભામાં બસો પચ્ચાસ ધનુષ, તમઃપ્રભામાં પાંચસો ધનુષ, તમઃતમઃપ્રભામાં એક હજાર ધનુષનું ઉત્તરવૈક્રિય માન છે. (૧૦૭૯)

**હવે ભવધારણીય અને ઉત્તરવૈક્રિય શરીરની જઘન્ય અવગાહના કહે છે.**

**भवधारणिज्जरूवा उत्तर विउव्विया य नरएसु ।**
**ओगाहणा जहन्ना अंगुल अस्संखभागो उ ॥१०८०॥**

**નરકોમાં ભવધારણીય અને ઉત્તરવૈક્રિય શરીરની જઘન્ય અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ છે.**

બધીયે નરક પૃથ્વીઓમાં નારકોની ભવધારણીય અને ઉત્તરવૈક્રિય શરીરની જઘન્ય અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ છે. આ જઘન્ય અવગાહના ઉત્પત્તિ સમયે જાણવી. બીજા વખતે નહિ. ઉત્તરવૈક્રિયની જઘન્ય અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે. તે પણ પ્રારંભ વખતે જાણવી. તે પણ ઉત્તરવૈક્રિયની રચના વખતે પ્રથમ સમયે પણ તેવા પ્રકારના પ્રયત્ન ન હોવાથી અંગુલનો સંખ્યાતમો ભાગ માત્ર જ છે. પણ અસંખ્યાત ભાગ પ્રમાણ નથી.

કેટલાક આચાર્યો "अंगुल असंख भागो उ" એ પ્રમાણે બોલતા ઉત્તરવૈક્રિય શરીરની જઘન્ય અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ પ્રમાણ કહે છે." તે વાત બરાબર નથી કારણ કે સિદ્ધાંત સાથે વિરોધ આવે છે.

પ્રજ્ઞાપનાસૂત્રમાં કહ્યું છે કે:—" तत्थ णं जा सा उत्तर वेउव्विया सा जहन्नेणं अंगुलस्स संखेज्जइ भागं उक्कोसेणं धणुसहस्सं " તેમાં જે ઉત્તરવૈક્રિય છે, તે જઘન્ય અંગુલનો સંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી હજાર ધનુષ."

તથા અનુયોગદ્વારસૂત્રમાં હરિભદ્રસૂરિ પણ કહે છે "ઉત્તરવૈક્રિય તેવા પ્રકારના પ્રયત્નના અભાવથી પહેલા સમયે પણ અંગુલના સંખ્યાતમા ભાગ પ્રમાણ છે. (૧૦૮૦)

## ૧૭૭. નારકોની ઉત્પત્તિ અને ચ્યવનનો વિરહકાળ

**चउवीसई मुहुत्ता १ सत्त अहोरत्त २ तह य पन्नरस ३ ।**
**मासो य ४ दोय ५ चउरो ६ छम्मासा ७ विरहकालो उ ॥१०८१॥**
**उक्कोसो रयणाइसु सव्वासु जहन्नओ भवे समओ ।**
**एमेव य उव्वट्टण संखा पुण सुर वरू तुल्ला ॥१०८२॥**

**રત્નપ્રભા વિગેરે સર્વ નરકોમાં ૧. ચોવીસ મુહૂર્ત, ૨. સાત અહોરાત્ર, ૩. પંદર દિવસ, ૪. એક મહિનો, ૫. બે મહિના ૬. ચાર મહિના ૭. છ મહિના ઉત્કૃષ્ટથી (અનુક્રમે) વિરહકાળ છે. જઘન્યથી એક સમય હોય છે. એ પ્રમાણે ચ્યવન-મરણનો વિરહકાળ છે અને ચ્યવન-મરણની સંખ્યા દેવોના સમાન જાણવી.**

નરકગતિમાં તિર્યંચ-મનુષ્યગતિના જીવો એક ધારા સતત ઉત્પન્ન થાય છે. તેમાં ક્યારેક અંતર પણ પડે છે. તે અંતર સામાન્યથી બધી નરકગતિને આશ્રયી જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી બાર મુહૂર્ત છે. આટલા વખત સુધી બીજી ગતિમાંથી આવી એક પણ જીવ નરકગતિમાં ઉત્પન્ન થતો નથી. એ ભાવ છે. આ હકીકત સૂત્ર (ગાથા)માં નહીં હોવા છતાં પણ જાતે જાણી લેવી. સમવાયાંગસૂત્રમાં કહ્યું છે કે,

"હે ભગવંત! નરકગતિમાં કેટલો કાળ ઉપપાત-વિરહનો કહ્યો છે.

હે ગૌતમ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી બાર મુહૂર્ત.

દરેક પૃથ્વીઓમાં ઉત્કૃષ્ટથી ઉત્પત્તિ એટલે જન્મનો અંતરકાળ એટલે વિરહકાળ આ પ્રમાણે છે. ૧. રત્નપ્રભામાં ચોવીસ મુહૂર્ત, ૨. શર્કરાપ્રભામાં સાત અહોરાત્ર, ૩. વાલુકાપ્રભામાં પંદર દિવસ, ૪. પંકપ્રભામાં એક માસ, ૫. ધૂમપ્રભામાં બે માસ, ૬. તમઃપ્રભામાં ચાર માસ, ૭. તમઃતમઃપ્રભામાં છ માસ ઉત્કૃષ્ટથી વિરહકાળ છે, જઘન્યથી રત્નપ્રભા વિગેરે બધીયે પૃથ્વીઓમાં દરેકનો એક સમયનો વિરહકાળ છે.

જે પ્રમાણે ઉત્પત્તિ વિરહકાળ કહ્યો એ પ્રમાણે ઉદ્વર્તન એટલે મરણનો વિરહકાળ પણ જઘન્ય અને ઉત્કૃષ્ટથી કહેવો. આનો ભાવ આ પ્રમાણે છે કે, નરકમાંથી નારકો

પ્રાયઃ કરી સતત મરતા જ હોય છે. ક્યારેક એમાં અંતર પણ પડે છે. તે સામાન્યથી નરકગતિ આશ્રયી જઘન્યથી એક સમય ઉત્કૃષ્ટથી બાર મુહુર્તનો વિરહકાળ છે. વિશેષથી વિચારતા તો જઘન્યથી બધીયે પૃથ્વીઓમાં ચ્યવનનો વિરહકાળ એક સમય છે અને ઉત્કૃષ્ટથી રત્નપ્રભામાં ચોવીસ મુહૂર્ત, શર્કરાપ્રભામાં સાત દિવસ, વાલુકાપ્રભામાં પંદર દિવસ, પંકપ્રભામાં એક મહિનો, ધૂમપ્રભામાં બે માસ, તમઃપ્રભામાં ચાર મહિના અને તમઃતમઃપ્રભામાં છ મહિના એક નારક જીવ મરણ પામ્યા પછી વધુમાં વધુ આટલા વખતે બીજો નારક જીવ ચ્યવે છે એવો ભાવ છે.

એક સમયમાં કેટલી સંખ્યામાં નારકો ઉત્પન્ન એટલે જન્મે છે અને ચ્યવે એટલે મરે છે. તેની સંખ્યા કહે છે.

તે નારકો દેવોની સંખ્યા સમાન મરે છે અને જન્મે છે. એટલે જે પ્રમાણે દેવોની સંખ્યા કહેવાશે તે પ્રમાણે જાણવી. આ પ્રમાણે જઘન્યથી એક સમયે નારકોની ઉત્પત્તિ અને ચ્યવનની સંખ્યા એક અથવા બે હોય છે અને ઉત્કૃષ્ટથી સંખ્યાત અથવા અસંખ્યાતા હોય. (૧૦૮૧–૧૦૮૨)

## ૧૭૮. નારકોની લેશ્યા

**काऊ १ काऊ २ तह काऊनील ३ नीला ४ य नीलकिण्हा ५ य ।**
**किण्हा ६ किण्हा ७ य तहा सत्तसु पुढवीसु लेसाओ ॥१०८३॥**

**૧. કાપોત, ૨. કાપોત, ૩. કાપોતનીલ, ૪. નીલ, ૫. નીલકૃષ્ણ, ૬. કૃષ્ણ, તથા ૭. કૃષ્ણ. આ પ્રમાણે સાતે પૃથ્વીઓમાં લેશ્યા છે.**

સામાન્યથી નારકોને છ લેશ્યામાંથી પહેલી ત્રણ કૃષ્ણ, નીલ, કાપોત નામની જ લેશ્યા હોય છે. તે ત્રણ લેશ્યાઓ દરેક નરકમાં કઈ–કઈ હોય છે તે કહે છે. તેમાં કાપોત વિગેરે લેશ્યાઓ સાતે નરક પૃથ્વીઓમાં યથાસંખ્ય હોય છે. તે આ પ્રમાણે–

રત્નપ્રભામાં ફક્ત એક કાપોત લેશ્યા જ હોય છે, શર્કરાપ્રભામાં પણ કાપોત લેશ્યા જ છે. પણ રત્નપ્રભા કરતાં ક્લિષ્ટતર જાણવી. એ પ્રમાણે બધા સ્થળે સજાતીય અને વિજાતીય લેશ્યાઓ જેમ જેમ નીચે જઈએ તેમ–તેમ ક્લિષ્ટતર, ક્લિષ્ટતમ કહેવી. વાલુકાપ્રભામાં કાપોત અને નીલ લેશ્યા હોય છે. એટલે ઉપરના કેટલાંક પ્રતરોમાં કાપોત લેશ્યા છે અને નીચેના કેટલાંક પ્રતરોમાં નીલલેશ્યા છે એવો ભાવ છે.

પંકપ્રભામાં ફક્ત નીલલેશ્યા જ છે. ધૂમપ્રભામાં નીલલેશ્યા અને કૃષ્ણલેશ્યા છે. એટલે ઉપરના કેટલાંક પ્રતરોમાં નીલલેશ્યા છે અને બાકીના નીચેના પ્રતરોમાં કૃષ્ણલેશ્યા

છે. તમઃપ્રભામાં ફક્ત કૃષ્ણલેશ્યા છે. અને તમઃતમઃપ્રભામાં અતિસંક્લિષ્ટતમ કૃષ્ણલેશ્યા જ છે.

**પ્રશ્ન :–** અહીં કેટલાક કહે છે કે નારકોને તથા આગળ કહેવાશે એ દેવોને બાહ્યવર્ણરૂપ દ્રવ્ય લેશ્યાઓ જ જાણવી. એમ ન હોય તો સાતમી પૃથ્વીના નારકોને જે સમકિત પ્રાપ્તિ આગમમાં કહી છે, તે ઘટશે નહીં. કારણ કે તેજોલેશ્યા વિગેરે ત્રણ લેશ્યાઓમાં જ તે સમકિત પ્રાપ્તિ કહી છે.

આવશ્યકસૂત્રમાં પણ કહ્યું છે – "सम्मत्तस्सय तिसु उवरिमासु पडिवज्जमाणओ होइ, पुव्व पडिवन्नओ पुण अन्नयरीए उ लेसाए । १ ।

સમ્યક્ત્વને સ્વીકારનાર ઉપરની એટલે પાછળની ત્રણ લેશ્યામાં હોય છે અને પહેલા સ્વીકારી લીધેલ કોઈપણ લેશ્યામાં હોઈ શકે.

ઉપરની એટલે પાછળની ત્રણ લેશ્યા તેમને હોતી નથી. કારણ કે સાતમી પૃથ્વીમાં કૃષ્ણલેશ્યા જ કહી છે. તથા સૌધર્મ દેવલોકમાં ફક્ત તેજોલેશ્યા જ કહેશે. તેજોલેશ્યાના પ્રશસ્ત પરિણામ હોવાના કારણે સંગમ વિગેરેને ત્રિભુવનપતિ વર્ધમાનસ્વામીને રૌદ્ર ઉપસર્ગ કરવાનું ઘટશે નહિ તથા કહેલ છે કે "કાપોત, નીલ અને કૃષ્ણ એ ત્રણ લેશ્યા નરકમાં હોય છે. વિગેરે રૂપ નિયમ પણ વિરોધ પામશે. જીવસમાસમાં પણ કહ્યું છે કે, "દેવો અને નારકોને આ દ્રવ્યલેશ્યાઓ હોય છે. ભાવ પરાવર્તનાએ દેવ–નારકોને છ લેશ્યાઓ હોય છે." માટે કહેવાશે તે દેવોને તથા નારકોને બાહ્યવર્ણરૂપ જ લેશ્યા આ છે. એમ માનવું જોઈએ.

**ઉત્તર :–** શાસ્ત્રનો અભિપ્રાય ન જાણતા હોવાથી તમારી આ વાત બરાબર નથી. લેશ્યા શબ્દની વ્યાખ્યા શુભાશુભ પરિણામ વિશેષરૂપ છે. તે પરિણામ વિશેષ ઉત્પન્ન કરનારા કૃષ્ણ વિગેરે રૂપ દ્રવ્યો હંમેશા જીવ પાસે જ રહેલા હોય છે. આ કૃષ્ણ વિગેરે દ્રવ્યોવડે જીવના જે પરિણામ વિશેષ થાય છે, તે જ મુખ્યતયા લેશ્યા શબ્દરૂપે કહેવાય છે. ગૌણપણે કારણમાં કાર્યનો ઉપચાર થાય એ ન્યાયે આ કૃષ્ણ વિગેરેરૂપ દ્રવ્યો લેશ્યા શબ્દરૂપે વિવક્ષાય છે. તેથી નારકોને અને દેવોને જે લેશ્યા છે, તે દ્રવ્ય લેશ્યા જાણવી. તેને લેશ્યા દ્રવ્યો તે-તે નારક અથવા દેવોને હંમેશા અવસ્થિત ઉદયવાળા જ જાણવા એ ભાવ છે. પણ બાહ્યવર્ણરૂપ ન જાણવા.

તે લેશ્યા દ્રવ્યો તિર્યંચ મનુષ્યોને બીજી લેશ્યા દ્રવ્યનો સંપર્ક થયે છતે જેમ વિશુદ્ધ કપડું મંજિષ્ઠ–કીરમજી વિગેરે રંગ લાગવાથી બિલકુલ પોતાનું સ્વરૂપ છોડી તે રંગરૂપે પરિણમે છે. તેમ તે લેશ્યા દ્રવ્યો બીજી લેશ્યા દ્રવ્યરૂપનો સંપર્ક થવાથી તે લેશ્યારૂપે પરિણમે છે. એમ ન હોય તો આ લેશ્યાની ત્રણ પલ્યોપમની સ્થિતિ સંભવતી હોવા છતાં પણ આગમમાં અંતર્મુહૂર્ત પ્રમાણ કહી છે તેનો વિરોધ થશે.

નારક–દેવની લેશ્યા દ્રવ્યોને તો બીજી લેશ્યાના દ્રવ્યનો સંપર્ક થવાથી તેના આકાર માત્રરૂપ કે તેના પ્રતિબિંબ એટલે ફક્ત છાયા માત્રરૂપ જ થાય છે. પણ પોતાનું સ્વરૂપ છોડી તે સ્વરૂપને પામતી નથી તે આ પ્રમાણે–

જેમ વૈડૂર્ય વિગેરે મણિ કાળા દોરામાં પરોવતા તેનો સંપર્ક થવાથી કંઈક અસ્પષ્ટ તેના આકાર માત્રરૂપે તે વર્ણ પરિણમે છે. જ્યારે સ્ફટિક પત્થર જાસુદના ફૂલ વિગેરેનો સંયોગ થવાથી સ્પષ્ટરૂપે તેના પ્રતિબિંબ એટલે છાયારૂપે થાય છે. પણ પ્રતિબિંબ માત્ર કે તદાકાર માત્ર એ બંનેમાં તદ્રૂપતા થતી નથી. તથા કૃષ્ણ વિગેરે લેશ્યા દ્રવ્યો પણ નીલ વિગેરે લેશ્યા દ્રવ્યોના જથ્થાને મેળવી ક્યારેક અસ્પષ્ટ તદાકાર ભાવમાત્રને કે ક્યારેક સ્પષ્ટ તત્પ્રતિબિંબ માત્રને સ્વીકારે છે. પણ તે નીલદ્રવ્યના વર્ણ, ગંધ, રસ, સ્પર્શરૂપે પરિણમી નીલ વિગેરે લેશ્યાના દ્રવ્યરૂપે થતા નથી. આ હકીકત અમારી મતિ કલ્પનાની નથી. કારણ કે પ્રજ્ઞાપનાસૂત્રમાં લેશ્યાપદમાં આ પ્રમાણે જ પ્રતિપાદન કર્યું છે. તે સૂત્ર વિસ્તાર ભયના કારણે અહીં લખતા નથી.

એ પ્રમાણે સાતમી પૃથ્વીમાં પણ જ્યારે કૃષ્ણલેશ્યા–તેજોલેશ્યા વિગેરેના દ્રવ્યોને પામી તદાકાર માત્ર કે તત્ પ્રતિબિંબ માત્રવાળા થાય છે. ત્યારે સદાવસ્થિત કૃષ્ણલેશ્યાના દ્રવ્યનો યોગ હોવા છતાં પણ સાક્ષાત્ તેજોલેશ્યા વિગેરે દ્રવ્યોનો જ જાણે સંપર્ક ન હોય, તેમ શુભ પરિણામ નારકને થાય છે. લાલ જાસુદના ફૂલના સંપર્કથી સ્ફટીકને જેમ લાલાશ આવે છે તેમ.

આ પ્રમાણે તેજોલેશ્યાના પરિણામ હોવાથી સાતમી નરકના નારકને સમ્યક્ત્વ પ્રાપ્તિમાં વિરોધ થતો નથી. અને આ પ્રમાણે તેજોલેશ્યા વિગેરે હોવા છતાં સાતમી નરકમાં ફક્ત "કૃષ્ણ લેશ્યા છે" એમ કહેનારા સૂત્રોનો વ્યાઘાત થતો નથી. કારણ કે ત્યાં કૃષ્ણલેશ્યા હંમેશા રહેનારી છે અને તેજોલેશ્યા વિગેરે આકાર માત્ર કે પ્રતિબિંબ માત્રરૂપે ક્યારેક થનારી છે અને તે તેજોલેશ્યા વિગેરે પણ ઉત્પન્ન થઈ હોય તો પણ લાંબો કાળ રહેનારી નથી. અને રહે તો પણ તે લેશ્યાઓમાં કૃષ્ણલેશ્યાના દ્રવ્યો બીલકુલ પોતાનું સ્વરૂપ છોડી દેતા નથી. તેથી આ અધિકૃત સૂત્રમાં "સાતમી નરકમાં કૃષ્ણ-લેશ્યા જ કહી છે." એ પ્રમાણે બધે સ્થળે વિચારવું. (૧૦૮૩)

આથી જ સંગમ વગેરેને પણ આકાર માત્રથી કૃષ્ણલેશ્યાનો સંભવ હોવાથી ત્રિભુવનગુરુ અરિહંત ઉપર ઉપસર્ગ કરવાની વાત ઘટે છે. ભાવ પરાવર્તનથી દેવ નારકોને જે છ લેશ્યાઓ કહી છે, તે પણ આગળ કહેલ આકાર ભાવમાત્ર વગેરે રૂપે જ ઘટે છે. બીજી રીતે નહીં. ત્રણે લેશ્યાનો નિયમ તો હંમેશા અવસ્થિત ઉદયવાળી લેશ્યા દ્રવ્યની અપેક્ષાએ હોવાથી અવિરૂદ્ધ છે.

આ લેશ્યાઓ બાહ્યવર્ણરૂપ છે તે વિષયમાં પ્રજ્ઞપ્તિ (ભગવતિ)માં કહ્યું છે કે, હે ભગવંત ! નારકીઓ બધા સમાન વર્ણના છે ? હે ગૌતમ ! આ અર્થ સમર્થ નથી એટલે આ વાત સંભવતી નથી.

હે ભગવંત ! કયા કારણથી એમ કહો છો, કે આ વાત સંભવતી નથી ?
હે ગૌતમ ! નારકીઓ બે પ્રકારે કહ્યા છો, તે આ પ્રમાણે : પૂર્વોત્પન્ન અને પશ્ચાતોત્પન્ન. તેમાં જે પૂર્વોત્પન્ન છે તેઓ અવિશુદ્ધત્તર વર્ણવાળા છે. અને જે પશ્ચાતોત્પન્ન છે. તેઓ અવિશુદ્ધતર વર્ણવાળા છે. માટે હે ગૌતમ ! આ કારણથી એમ કહેવાય છે, કે બધા નારકીઓ સમાન વર્ણના નથી.

આ પ્રમાણે વર્ણનું સ્વરૂપ કહી, હવે લેશ્યાનું સ્વરૂપ કહે છે.

હે ભગવંત ! નારકીઓ બધા સમાન લેશ્યાવાળા છે ?

હે ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. એટલે આ વાત સંભવતી નથી.

હે ભગવંત ! કયા કારણથી એમ કહો છો, કે આ વાત સંભવતી નથી. હે ગૌતમ ! નારકીઓ બે પ્રકારે કહ્યા છે. તે આ પ્રમાણે પૂર્વોત્પન્ન અને પશ્ચાતોત્પન્ન. તેમાં જે પૂર્વોત્પન્ન છે તેઓ વિશુદ્ધતર લેશ્યાવાળા છે. અને જે પશ્ચાતોત્પન્ન છે તેઓ અવિશુદ્ધતર લેશ્યાવાળા છે. માટે હે ગૌતમ ! આ કારણથી એમ કહેવાય છે, કે નારકીઓ બધા સમાન લેશ્યાવાળા નથી.' એમ લેશ્યાની હકીકત જુદી કહી છે. વર્ણોનો જ લેશ્યારૂપે સ્વીકાર છે. અને વર્ણોનું પ્રતિપાદન આગળના સૂત્રવડે કર્યું છે. (૧૦૮૩)

## ૧૭૯. નારકોને અવધિજ્ઞાન

**चत्तारि गाउयाइं १ अद्धुट्ठाइं २ तिगाउयं चेव ३ ।**
**अड्ढाइज्जा ४ दोन्नि य ५ दिवड्ढ ६ मेगं च ७ नरयोही ॥१०८४॥**

**૧. ચાર ગાઉ, ૨. સાડા ત્રણ ગાઉ, ૩. ત્રણ ગાઉ, ૪. અઢી ગાઉ, ૫. બે ગાઉ, ૬. દોઢ ગાઉ, ૭. એક ગાઉ. આટલા ક્ષેત્ર પ્રમાણ અવધિજ્ઞાન નારકીઓને સાતે નરકમાં ક્રમશઃ હોય છે.**

અહીં રત્નપ્રભાના નરકાવાસમાં ઉત્કૃષ્ટથી અવધિજ્ઞાનનું ક્ષેત્ર પ્રમાણ ચાર ગાઉનું થાય છે. શર્કરાપ્રભામાં સાડા ત્રણ (૩॥) ગાઉ, વાલુકાપ્રભામાં ત્રણ ગાઉ, પંકપ્રભામાં અઢી (૨॥) ગાઉ, ધૂમપ્રભામાં બે ગાઉ, તમઃપ્રભામાં દોઢ (૧॥) ગાઉ અને સાતમી નરક તમઃતમઃપ્રભામાં એક ગાઉ ઉત્કૃષ્ટ અવધિજ્ઞાનનું ક્ષેત્ર પ્રમાણ છે.

હવે સાતે પૃથ્વીઓમાં દરેકના ઉત્કૃષ્ટ અવધિજ્ઞાનના ક્ષેત્ર પ્રમાણમાંથી અડધો ગાઉ ઓછું કરવાથી જઘન્ય અવધિજ્ઞાનનું ક્ષેત્ર પ્રમાણ થાય છે. તે આ પ્રમાણે—પહેલી નરકમાં સાડા ત્રણ ગાઉ છે, બીજી નરકમાં ત્રણ ગાઉ, ત્રીજી નરકમાં અઢી (૨॥) ગાઉ, ચોથી નરકમાં બે ગાઉ, પાંચમી નરકમાં દોઢ (૧॥) ગાઉ, છઠ્ઠી નરકમાં એક ગાઉ, સાતમી નરકમાં અડધો ગાઉ જઘન્ય અવધિજ્ઞાનનું ક્ષેત્ર પ્રમાણ છે. કહ્યું છે કે,

'अध्धुट्ठगाउयाई जहन्नयं अद्धगाउयंताई' જઘન્ય સાડા ત્રણ (૩॥) ગાઉથી અડધા ગાઉ સુધી. (૧૦૮૪)

# ૧૮૦. પરમાધામી

अंबे १ अंबरिसी २ चेव, सामे य ३ सबलेइ य ४ ।
रुद्दो ५ वरुद्द ६ काले य ७, महाकालित्ति ८ आवरे ॥१०८५॥
असिपत्ते ९ धणू १० कुंमे ११, वालू १२ वेयरणी इय १३ ।
खरस्सरे १४ महाघोसे १५, पन्नरस परमाहम्मिया ॥१०८६॥

**૧. અંબ, ૨. અંબરીષ, ૩. શ્યામ, ૪. શબલ, ૫. રૌદ્ર, ૬. ઉપરૌદ્ર, ૭. કાલ, ૮. મહાકાળ, ૯. અસિપત્ર, ૧૦. ધનુ, ૧૧. કુંભ, ૧૨. વાલુક, ૧૩. વૈતરણિ, ૧૪. ખરસ્વર, ૧૫. મહાઘોષ-એમ પંદર પરમાધામીઓ છે.**

સંક્લિષ્ટ પરિણામવાળા હોવાથી પરમ અધાર્મિકને પરમાધાર્મિકો કહેવાય છે. તેઓ અસુર વિશેષો એટલે અસુરકુમાર નિકાયના છે. તેઓ વ્યાપાર એટલે ક્રિયા ભેદે પંદર પ્રકારના છે.

૧. જે નારકોને આકાશમાં લઈ જઈ નિઃસંકોચપણે છોડી મૂકે તે અંબ નામના પરમાધામીઓ છે.

૨. જેઓ હણાયેલ નારકોને કાતર વડે ટુકડાઓ કરી ભુંજવા યોગ્ય કરે છે માટે અંબરીષ એટલે ભુંજવાના સંબંધના કારણે અંબરીષ નામના છે.

૩. જેઓ દોરડા, હાથ વગેરેના પ્રહારવડે મારવું, કૂટવું વગેરે કરે છે. અને રંગથી શ્યામ એટલે કાળા હોવાથી તે શ્યામ નામના છે.

૪. જેઓ નારકોના આંતરડા, વસા ચરબી, હૃદય, કલેજુ વગેરે ઉખેડી નાંખે છે. અને રંગથી શબલ એટલે કાબર ચિતરા હોય, તે શબલ કહેવાય છે.

૫. જેઓ નારકોને શક્તિ, ભાલા, વગેરેમાં પરોવે છે. તેઓ રૌદ્ર હોવાથી રૌદ્ર નામના છે.

૬. જેઓ નારકોના અંગોપાંગોને ભાંગી નાખે છે. તે અત્યંત રૌદ્ર હોવાથી ઉપરૌદ્ર કહેવાય.

૭. જે નારકોને કુંડા વગેરેમાં પકાવે છે. અને રંગથી કાળા હોવાના કારણે કાલનામના પરમાધામીઓ છે.

૮. નારકીઓના માંસના ટુકડાઓને ખાંડી ખાંડીને ખવડાવે તથા રંગથી ઘણા કાળા હોવાથી મહાકાળ નામના પરમાધામી કહેવાય છે.

૯. અસિ એટલે તલવાર. તે આકારના પાંદડાનું વન વિકુર્વી એટલે બનાવી જે નારકો તે વનમાં આશ્રય કરે તેમને તલવારરૂપ પાંદડા પાડી તલ જેવા નાના ટુકડાઓ કરી જે કાપે છે, તે અસિપત્ર પરમાધામી છે.

૧૦. જે નારકોને ધનુષમાંથી અર્ધચંદ્ર વગેરે બાણો છોડી, કાન વગેરે અવયવોનો ભેદ-છેદ કરે છે. તે ધનુ નામના પરમાધામીઓ છે.

ભગવતી સૂત્રમાં તો મહાકાળ પછી અસિ, તે પછી અસિપત્ર, તે પછી કુંભ નામના પરમાધામીઓ કહ્યા છે. તેમાં જેઓ તલવાર વડે નારકોને કાપે છે. તે અસિ નામના પરમાધામી છે. બાકીના તે જ પ્રમાણે જાણવા.

૧૧. જે કુંભી વગેરેમાં નારકોને પકાવે છે, તે કુંભ નામના પરમાધામીઓ છે.

૧૨. જે પરમાધામીઓ કદંબ પુષ્પના આકારવાળી અથવા વજ્રાકારવાળી વૈક્રિય તપેલી રેતીઓમાં ચણાની જેમ નારકોને પકાવે છે. તે વાલુક નામના પરમાધામી છે.

૧૩. જે નદીને તરવાનું પ્રયોજન વિરૂપ એટલે ખરાબ છે. તે વૈતરણી, આ પ્રમાણે યથાયોગ્ય અર્થવાળી નદી છે. જે અતિ તાપથી ઉકળતા પરુ, લોહી, શીશુ, તાંબુ વગેરેથી ભરેલ નદીને વિકુર્વી તેમાં નારકોને તરાવી જે ખૂબ કદર્થના એટલે હેરાન કરે તે વૈતરણિ નામના પરમાધામી છે.

૧૪. જે વજ્ર જેવા કાંટાવાળા શાલ્મલીના ઝાડ પર નારકોને ચડાવી કઠોર અવાજ કરતા કરતા નારકોને એકદમ ઝાડ પરથી ખેંચે, તે ખરસ્વર નામના પરમાધામીઓ છે.

૧૫. બીકથી નાસભાગ કરતા નારકોને જે મહા અવાજ કરવાપૂર્વક પશુઓની જેમ વાડામાં પૂરે છે, તે મહાઘોષ નામના પરમાધામી છે.

આ પંદર પ્રકારના પરમાધામીઓ પૂર્વજન્મમાં સંક્લિષ્ટ ક્રુરક્રિયાવાળા, પાપોમાં રક્ત, પંચાગ્નિ વગેરેરૂપ મિથ્યા કષ્ટકારી એવું તપ કરીને, રૌદ્રી આસુરી ગતિને પ્રાપ્ત કરે છે. તે આસુરી સ્વભાવના કારણે, પહેલી ત્રણ નરક પૃથ્વીઓમાં નારકોને વિવિધ પ્રકારની વેદનાઓ ઉદીરે છે. એટલે પીડા આપે છે. તેવી રીતે પીડાતા નારકોને જોઈ અહીં જેમ બકરા, પાડા, કૂકડા વગેરેના યુદ્ધને જોઈ મનુષ્યો આનંદ પામે છે. તેમ પરમાધામિઓ નારકોને પીડાતા જોઈ આનંદિત થઈ અટ્ટહાસ કરે છે. વસ્ત્ર ઉછાળે છે. ત્રિપદી એટલે ત્રણવાર પગનું પછાડવું, અફાળવું વગેરે કરે છે. વધારે કહેવા વડે શું? આ પરમાધામીઓને હંમેશા અત્યંત મનોહર નાટક વગેરે જોવામાં જેટલી મજા નથી આવતી, તેટલી મજા નારકોને પીડવામાં આવે છે. (૧૦૮૫–૧૦૮૬)

## ૧૮૧. નારકમાંથી નીકળેલાઓને લબ્ધિનો સંભવ

तिसु तित्थ चउत्थीए उ केवलं पंचमीए सामन्नं ।
छट्ठीऍ विरइऽविरई सत्तमपुढवीए सम्मत्तं ॥१०८७॥

**પહેલી ત્રણ નરકમાંથી આવેલ તીર્થંકર, ચોથીમાંથી આવેલ કેવલી (થઇ શકે છે.) પાંચમીમાંથી આવેલ સાધુપણું, છઠ્ઠીમાંથી આવેલ શ્રાવકપણું (પામી શકે છે.) અને સાતમીમાંથી આવેલ સમ્યક્ત્વ પામે છે.**

પહેલી ત્રણ નારકમાંથી નીકળેલ બીજા ભવમાં તીર્થંકર થાય છે. પણ ચોથી વગેરે બીજી નારકોમાંથી આવેલ નહીં. આ તીર્થંકર વગેરે થવાનો સંભવ છે. પણ નિયમ

નથી. આ પ્રમાણે આગળની લબ્ધિઓના વિષયમાં પણ સમજવું. તેથી પૂર્વે (પહેલા) જેને નરકાયુષ્ય બાંધ્યું હોય અને તીર્થંકરનામકર્મના કારણો વડે તીર્થંકર નામ ગોત્ર બાંધી શ્રેણીક વગેરેની જેમ નરકમાં જાય, તેઓ જ ત્યાંથી નીકળી બીજા ભવમાં તીર્થંકર થાય છે. પણ બીજા નહીં.

એકથી ચાર નરકમાંથી આવેલ કેટલાકો સામાન્યથી કેવળજ્ઞાન પામે છે. પણ તીર્થંકર નિયમા થતા નથી.

પાંચ સુધીની નરકમાંથી આવેલા (નીકળેલા) સર્વ વિરતિરૂપ સાધુપણાને પામે છે. પણ કેવળજ્ઞાન પામતા નથી.

છ સુધીની નરકમાંથી નીકળેલા દેશવિરતિ પામી શકે છે. પણ સાધુપણું પામી શકતા નથી.

સાતમી નરકમાંથી નીકળેલાઓને સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે. પણ દેશવિરતિ વગેરે મળતું નથી. આનો ભાવ એવો છે કે,

પહેલી ત્રણ નારકમાંથી નીકળેલા જીવો, તીર્થંકર થાય છે. ચાર નરકમાંથી નીકળેલાઓ કેવળજ્ઞાની થાય છે. પાંચ નરકથી નીકળેલાઓ સંયમી થાય છે. છ નરકથી નીકળેલાઓ દેશવિરતિ પામી શકે છે. સાત નરકથી નીકળેલાઓ સમ્યગ્દૃષ્ટિ થાય છે. (૧૦૮૭)

**पढमाउ चक्कवट्टी बीयाओ रामकेसवा हुंति ।**
**तच्चाओ अरहंता तहऽंतकिरिया चउत्थीओ ॥१०८८॥**

**પહેલીમાંથી ચક્રવર્તિ, બીજીમાંથી બળદેવ વાસુદેવ, ત્રીજીમાંથી અરિહંત, ચાર નરકથી નીકળેલ અંતઃક્રિયા મોક્ષ પામે.**

ફરીથી પણ વિશેષ લબ્ધિના સંભવને બતાવતા કહે છે. પહેલી રત્નપ્રભા નરકમાંથી જ નીકળેલાઓ ચક્રવર્તિ થઈ શકે છે. બાકીની નરકમાંથી નીકળેલ નહીં. પહેલી બે નરકમાંથી નીકળેલાઓ બળદેવ વાસુદેવ થાય છે. ત્રીજીથી (પ્રથમ ત્રણ નરકમાંથી) નીકળેલા અરિહંતો થાય છે. ચોથીથી (ચાર નરકમાંથી) નીકળેલા અંતઃક્રિયાના સાધક થાય છે એટલે મોક્ષગામી થાય છે. આ પ્રમાણે સર્વ ઠેકાણે મર્યાદા વિચારવી. (૧૦૮૮)

**उव्वट्टिया उ संता नेरइया तमतमाओ पुढवीओ ।**
**न लहंति माणुसत्तं तिरिक्खजोणिं उवणमंति ॥१०८९॥**
**छट्ठीओ पुढवीओ उव्वट्टा इह अणंतरभवंमि ।**
**भज्जा मणुस्सजम्मे संजमलंभेण उ विहीणा ॥१०९०॥**

તમઃતમપ્રભા નામની સાતમી નરકમાંથી નીકળેલા જીવો નિયમા મનુષ્યપણું પામતા નથી. પરંતુ તિર્યંચયોનિને પામે છે.

તથા છઠ્ઠી તમઃપ્રભા નામની નરકમાંથી નીકળેલા નારકો, બીજા ભવમાં કેટલાક મનુષ્ય જન્મ પામે છે. અને કેટલાક નથી પામતા એટલે મનુષ્ય જન્મની પ્રાપ્તિમાં ભજના છે અને જેઓ મનુષ્ય જન્મ પામે છે, તેઓ પણ નિયમા સર્વ વિરતિની પ્રાપ્તિ વિહીન હોય છે. એટલે સંયમજીવન કદીયે પામતા નથી. (૧૦૮૯–૧૦૯૦)

## ૧૮૨. નરકોમાં કોની કોની ઉત્પત્તિ

अस्सन्नी खलु पढमं दोच्चं च सरिसिवा तइय पक्खी ।
सीहा जंति चउत्थि उरगा पुण पंचमि पुढवि ॥१०९१॥
छट्ठि च इत्थियाओ मच्छा मणुया य सत्तमि पुढवि ।
एसो परमुववाओ बोद्धव्वो नरयपुढवीसु ॥१०९२॥

**અસંજ્ઞી જીવો પહેલી નરકમાં જાય છે, સરિસૃપો બીજી નરક સુધી જાય છે, પક્ષીઓ ત્રણ નરક સુધી જાય, સિંહ ચાર સુધી, સાપ પાંચ પૃથ્વી સુધી, સ્ત્રીઓ છ નરક સુધી જાય છે અને સાતમી પૃથ્વીમાં મનુષ્ય અને માછલા જાય છે. આ પ્રમાણે નરક પૃથ્વીઓમાં ઉત્કૃષ્ટ ઉપપાત એટલે ઉત્પત્તિ જાણવી.**

અસંજ્ઞી એટલે સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિયો જ પહેલી નરક પૃથ્વી સુધી જાય છે. અસંજ્ઞીઓ પહેલી નરક પૃથ્વી સુધી જ જાય છે. તેનાથી આગળ નહીં. અસંજ્ઞીઓ જ પહેલી નરકમાં જાય એવો નિયમ નથી. પરંતુ ગર્ભજ સરિસૃપ વગેરે તેમજ આગળની છ નરકમાં જનારાઓ પણ ત્યાં પહેલી નરકમાં જાય છે.

આ પ્રમાણે આગળ પણ અવધારણરૂપે 'જ' કારની વિચારણા કરવી. અહીં અસંજ્ઞી-રૂપે સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચો જાણવા, કેમકે સંમૂર્ચ્છિમ મનુષ્યો તો અપર્યાપ્ત અવસ્થામાં જ મરણ પામતા હોવાથી, નરકગમનનો અભાવ છે. તે નરકમાં પણ અસંજ્ઞીઓ પલ્યોપમના અસંખ્યાતા ભાગના આયુષ્યવાળા જ થાય છે. કહ્યું છે કે, અસંજ્ઞીઓ નરકાયુષ્ય બાંધતા જઘન્યથી દસ હજાર વર્ષનું અને ઉત્કૃષ્ટથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગનું બાંધે છે.

બીજી નરક પૃથ્વી સુધી જ સરિસૃપો એટલે ગર્ભજ ભુજપરિસર્પો, ઘો, નોળિયા વગેરે જાય છે. બીજી પૃથ્વીથી આગળ ન જાય. આ પ્રમાણે ત્રીજી પૃથ્વી સુધી ગર્ભજ ગીધ વગેરે પક્ષીઓ જાય છે. ચોથી નરક સુધી સિંહો, ઉપલક્ષણથી જ ગર્ભજ ચતુષ્પદો જાય છે. પાંચમી નરક સુધી ગર્ભજ ઉરપરિસર્પો સાપ વગેરે જાય છે. છઠ્ઠી નરક સુધી મહારંભાદિ યુક્ત સ્ત્રીરત્ન વગેરે જાય છે. સાતમી નરક સુધી ગર્ભજ માછલા વગેરે જળચરો અને મનુષ્યો, જે અતિક્રૂરાધ્યવસાયવાળા મહાપાપ કરવાવાળા હોય, તે જાય છે. આ જીવ વિશેષ ભેદે ઉત્કૃષ્ટ ઉત્પત્તિ નરકોમાં જાણવી. જઘન્યથી બધા જીવોની રત્ન-પ્રભાના પ્રથમ પ્રતરમાં ઉત્પત્તિ જાણવી. જઘન્યથી આગળ પોતપોતાના ઉત્કૃષ્ટ ઉત્પત્તિ-સ્થાન પહેલામાં જે ઉત્પત્તિ થાય, તે મધ્યમ ઉપપાત જાણવો. (૧૦૯૧–૧૦૯૨)

**હવે કેટલાક તિર્યંચ યોનિવાળા જીવોની બહુલતાને આશ્રયી નરકગતિમાં ઉત્પત્તિ કહે છે.**

**वालेसु य दाढीसु य पक्खीसु य जलयरेसु उववन्ना ।**
**संखिज्जाउठिईया पुणोऽवि नरयाउया हुंति ॥१०९३॥**

નરકોમાંથી નીકળી નારકો સાપ વગેરેમાં, દાઢવાળા વાઘ, સિંહ વગેરેમાં, ગીધ વગેરે પક્ષીઓમાં અને માછલા વગેરે જળચરોમાં, સંખ્યાતા આયુષ્યવાળા ઉત્પન્ન થઈ ફરી પાછા ક્રુર અધ્યવસાયવાળા થઈ પંચેન્દ્રિય જીવોનો વધ વગેરે કરી નરકાયુ બાંધી નરકમાં ઉત્પન્ન થાય છે. આ હકીકત બહુલતાને આશ્રયી જાણવી. નિયમરૂપે નહીં. કારણ કે નરકમાંથી નીકળી કેટલાક સમ્યક્ત્વ વગેરે પ્રાપ્ત થવાથી શુભગતિને પણ પ્રાપ્ત કરે છે. (૧૦૯૩)

## ૧૮૩–૧૮૪. નારકમાં ઉત્પન્ન થનાર તથા ચ્યવનાર જીવોની સંખ્યા

નારકમાં ઉત્પન્ન થનાર તથા ચ્યવનાર એટલે મરણ પામનાર (નીકળનાર) જીવોની સંખ્યારૂપ દ્વારના વિવરણનો પ્રસંગ છે. પરંતુ ઉત્પત્તિ અને મરણરૂપ સંખ્યા 'ઉત્પત્તિ અને નાશનો વિરહકાળ' રૂપ દ્વારમાં संखा पुण सुरवरतुल्ला એ ૧૦૮૨ ગાથાના પદવડે ઉપરોક્ત બંને દ્વારોની સ્પષ્ટરૂપે આગળ વ્યાખ્યા કરી હોવાથી ફરી તેની વ્યાખ્યા કરતા નથી.

## ૧૮૫. એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, સંજ્ઞીજીવોની કાયસ્થિતિ

**अस्संखोसप्पिणिसप्पिणीउ एगिंदियाण य चउण्हं ।**
**ता चेव ऊ अणंता वणस्सइए उ बोद्धव्वा ॥१०९४॥**
**वाससहस्सा संखा विगलाणं ठिईउ होइ बोद्धव्वा ।**
**सत्तट्ठभवा उ भवे पणिंदितिरिमणुय उक्कोसा ॥१०९५॥**

**ચાર એકેંદ્રિયોની કાયસ્થિતિ અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી, કાળ અને વનસ્પતિકાયની અનંત ઉત્સર્પિણી અવસર્પિણી કાળ જાણવી, વિકલેંન્દ્રિયોની સંખ્યાતા હજાર વર્ષોની અને પંચેન્દ્રિય તિર્યંચ મનુષ્યની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ, સાત આઠ ભવની જાણવી.**

પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય–એ ચારે એકેન્દ્રિયની દરેકની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ એટલે મરી–મરીને ફરીવાર તે જ કાયમાં ઉત્પન્ન થવારૂપ જે અવસ્થા, તે કાયસ્થિતિ. તે અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી કાળરૂપ છે. આ કાયસ્થિતિનું પ્રમાણ

કાળથી છે. ક્ષેત્રથી અસંખ્યાતા લોક પ્રમાણ એટલે અસંખ્યાતા લોકાકાશોમાં રહેલા આકાશપ્રદેશોને દરેક સમયે અપહરતા સર્વ આકાશપ્રદેશના અપહાર જેટલી અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણીમાં થાય, તેટલા કાળ પ્રમાણ કાયસ્થિતિ જાણવી.

વનસ્પતિકાયની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ અનંત ઉત્સર્પિણી અવસર્પિણી કાળ પ્રમાણ જાણવી, આ પણ કાળથી છે. અને ક્ષેત્રથી આગળ કહ્યા પ્રમાણે અનંતા લોકાકાશ પ્રમાણની છે. તે અસંખ્યાતા પુદ્ગલપરાવર્તકાળ પ્રમાણ છે. અને તે પુદ્ગલ પરાવર્તો આવલિકાના અસંખ્યાતમા ભાગે જેટલા સમયો થાય, તેટલા સમય પ્રમાણ જાણવા. આ કાયસ્થિતિ સંવ્યવહાર રાશિના જીવો આશ્રયી જાણવી. અસંવ્યવહાર રાશિના જીવો આશ્રયી અનાદિ કાળ જાણવો. તેથી મરુદેવામાતાના પ્રસંગ સાથે વ્યભિચાર આવતો નથી.

પૂ. ક્ષમાશ્રમણજીએ કહ્યું છે કે, તથા કાયસ્થિતિનો કાળ વગેરે જીવ વિશેષોને આશ્રયીને છે. પણ જે સંવ્યવહારરાશિ બાહ્ય અનાદિ વનસ્પતિ એટલે અવ્યવહાર રાશિ છે તેને આશ્રયી જે અસંવ્યવહારિક જીવોની અનાદિકાય સ્થિતિ છે, તે પણ કેટલાક જીવોની અનાદિ અપર્યવસાન એટલે અનાદિ અનંત કાળની જાણવી, કેમકે તે જીવો ક્યારે પણ અસંવ્યવહાર રાશિમાંથી નીકળી સંવ્યવહાર રાશિમાં આવવાના નથી. માટે કેટલાક જીવોની અનાદિ સપર્યવસાન એટલે અનાદિસાંત કાયસ્થિતિ છે. કેમકે તે જીવો અસંવ્યવહાર રાશિમાંથી નીકળી વ્યવહારરાશિમાં આવનારા છે. માટે

**પ્રશ્ન :–** અસાંવ્યવહાર રાશિમાંથી નીકળી જીવો સંવ્યવહાર રાશિમાં આવે છે?

**ઉત્તર :–** વિશેષણવૃત્તિમાં કહ્યું છે કે 'અહીં જેટલા જીવો સંવ્યવહાર રાશિમાંથી સિદ્ધ થાય છે. તેટલા જીવો તેમાં અનાદિ વનસ્પતિકાયની રાશિમાંથી આવે છે.' તેમાં જે જીવો અનાદિ સૂક્ષ્મ નિગોદમાંથી નીકળી અન્ય જીવનિકાયમાં ઉત્પન્ન થાય છે, તે જીવો પૃથ્વીકાય વગેરેના વિવિધ વ્યવહારને પામવાના કારણે સાંવ્યવહારિક કહેવાય છે. જે વળી અનાદિ કાળથી લઈ સૂક્ષ્મ નિગોદમાં રહ્યા છે. તેઓ તેવા પ્રકારનાં પૃથ્વી વગેરેના વ્યવહાર રહિત હોવાથી અસાંવ્યવહારિક કહેવાય છે.

તેમાં સાંવ્યવહારિક જીવો સૂક્ષ્મ નિગોદમાંથી નીકળી બીજી જીવનિકાયોમાં ઉત્પન્ન થાય છે. તે અન્ય જીવનિકાયોમાંથી નીકળી કેટલાક ફરીવાર પણ તે જ નિગોદોમાં ઉત્પન્ન થાય છે. પરંતુ ત્યાં પણ તે જીવો સંવ્યવહાર રાશિના જ કહેવાય છે. કારણ કે વ્યવહારમાં આવ્યા હોવાથી.

તે વ્યવહાર નિગોદમાં ગાથામાં (સૂત્ર) કહેલ ઉત્કૃષ્ટ અવસ્થાન એટલે ઉત્કૃષ્ટ કાયસ્થિતિ કાળમાન જાણવું. અસાંવ્યવહારિક જીવો તો હંમેશા નિગોદમાં જ જન્મ–મરણ પામનારા હોવાથી, ક્યારે પણ ત્રસાદિભાવને પામ્યા નથી.

વિકલેન્દ્રિય એટલે બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચૌરિંદ્રિયોની દરેકની કાયસ્થિતિ સંખ્યાતા હજાર વર્ષની છે.

પંચસંગ્રહમાં કહ્યું છે, કે 'विगलाण य वाससहस्सं संखेज्ज' સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત તિર્યંચ મનુષ્યોની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ સાત આઠ ભવની છે. તેમાં સાત ભવો સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા તિર્યંચ મનુષ્યોના હોય છે. આઠમો ભવ અસંખ્યાત વર્ષના આયુવાળાનો જ હોય છે. આનો ભાવ એ છે કે,

પર્યાપ્ત મનુષ્યો કે પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચો સતત ઉપરા–ઉપરી સાતભવો મનુષ્ય તિર્યંચના અનુભવી જો આઠમા ભવમાં ફરીવાર તિર્યંચ મનુષ્યમાં ઉત્પન્ન થાય તો નિયમા અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા તિર્યંચ મનુષ્યમાં જ ઉત્પન્ન થાય, પણ બીજે નહીં. અને અસંખ્યાયુષ્યવાળા મરીને દેવમાં જ ઉત્પન્ન થાય છે. તેથી નવમો ભવ મનુષ્ય કે તિર્યંચનો નિરંતર થતો નથી. આઠ ભવોમાં ઉત્કૃષ્ટથી કાળમાન ત્રણ પલ્યોપમ સાધિક પૂર્વક્રોડ પૃથક્ત્વ થાય છે. જઘન્યથી બધાની કાયસ્થિતિ અંતર્મુહૂર્તની છે. (૧૦૯૪–૧૦૯૫)

# ૧૮૬. એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને સંજ્ઞી જીવોની ભવસ્થિતિ

**बावीसइ सहस्सा सत्तेव सहस्स तिन्निऽहोरत्ता ।**
**वाए तिन्नि सहस्सा दसवाससहस्सिया रुक्खा ॥१०९६॥**
**संवच्छराइं बारस राइंदिय हुंति अउणपन्नासं ।**
**छम्मास तिन्नि पलिया पुढवाईणं ठिउक्कोसा ॥१०९७॥**

પૃથ્વીકાયથી લઈ મનુષ્ય સુધીનાની આયુરૂપ ઉત્કૃષ્ટસ્થિતિ આ પ્રમાણે છે. પૃથ્વીકાયની ભવસ્થિતિ બાવીસ હજાર વર્ષ, અપ્કાયની સાત હજાર વર્ષ, તેઉકાયની ત્રણ અહોરાત્રી, વાયુકાયની ત્રણ હજાર વર્ષ, વનસ્પતિકાયની દશ હજાર વર્ષની છે. તથા બેઇન્દ્રિયની બાર વર્ષ, તેઇન્દ્રિયની ૪૯ દિવસની, ચૌરિન્દ્રિયની છ મહિનાની સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્ય તિર્યંચની ત્રણ પલ્યોપમની ઉત્કૃષ્ટ ભવસ્થિતિ છે.

આ ઉત્કૃષ્ટસ્થિતિ પ્રાયઃ કરી નિરુપદ્રવ સ્થાનમાં રહેલાઓની જાણવી. એ પ્રમાણે આગળ પણ જાણવું. (૧૦૯૬–૧૦૯૭)

આ પ્રમાણે સામાન્યપણે પૃથ્વીકાયની ઉત્કૃષ્ટસ્થિતિ કહી હવે પૃથ્વીકાયના ભેદ વશેષ કહે છે.

**सण्हा य १ सुद्ध २ वालुय ३ मणोसिला ४ सक्करा य ५ खरपुढवी ६ ।**
**एक्कं १ बारस २ चउदस ३ सोलस ४ अट्ठार ५ बावीसा ६ ॥१०९८॥**

મરુસ્થલ (મારવાડ) વગેરેની શ્લક્ષ્ણ પૃથ્વીકાયનું એક હજાર વર્ષનું ઉત્કૃષ્ટ આયુષ્ય છે, શુદ્ધ એટલે કુમારમાટી તેનું બાર હજાર વર્ષનું, વાલુકા એટલે રેતી તેનું ચૌદ હજાર વર્ષ, મનઃશિલાનું સોળ હજાર વર્ષ, શર્કરા એટલે પથરા જેવા કાંકરાનું અઢાર હજાર વર્ષ, ખર પૃથ્વી એટલે શિલા કે પત્થરરૂપ પૃથ્વીકાયનું બાવીસ હજાર વર્ષનું ઉત્કૃષ્ટ આયુષ્ય છે. જઘન્યથી તો બધાનું અંતર્મુહૂર્ત છે. (૧૦૯૮)

# ૧૮૭. એકેન્દ્રિય વગેરેનું શરીર પ્રમાણ

जोयणसहस्समहियं ओहएगिंदिए तरुगणेसु ।
मच्छजुयले सहस्सं उरगेसु य गब्भजाईसु ॥१०९९॥

**ઓઘપણે એટલે સામાન્યથી એકેન્દ્રિયોમાં, વનસ્પતિકાયમાં સાધિક એક હજાર યોજન (ઉત્કૃષ્ટપણે) દેહમાન છે તથા મત્સ્ય યુગલ અને ગર્ભજ ઉરપરિસર્પમાં એક હજાર યોજન દેહમાન હોય છે.**

એકેન્દ્રિયમાં ઓઘપદે એટલે સામાન્યથી વિચારતા એટલે પૃથ્વીકાય વગેરે વિશેષ ભેદ ગ્રહણ કર્યા વગર એકેન્દ્રિયોની અવગાહના એવો ભાવ છે. અને ભેદ વિશેષે વિચારતા પ્રત્યેક વનસ્પતિકાયનું ઉત્કૃષ્ટ દેહમાન સાધિક એક હજાર યોજન પ્રમાણ જાણવું. આ દેહમાન સમુદ્રમાં ગોતીર્થ વગેરે સ્થાનમાં રહેલી લત્તાઓ કે કમળની નાળ વગેરેને આશ્રયી જાણવું. બીજી જગ્યાએ આટલાં ઔદારિક દેહમાનનો અસંભવ છે.

તેમજ પંચેન્દ્રિય તિર્યંચો જળચર, સ્થળચર અને ખેચર–એમ ત્રણ પ્રકારે છે.

એમાં જળચરો સંમૂર્ચ્છિમ અને ગર્ભજ એમ બે પ્રકારે છે અને તે બંને ભેદો પણ પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ બબ્બે ભેદો ગણતા ચાર ભેદ જળચરના થયા.

સ્થળચરો, ચતુષ્પદ અને પરિસર્પ–એમ બે પ્રકારે છે. ચતુષ્પદો ગર્ભજ અને સંમૂર્ચ્છિમ-ભેદે છે. અને તે બંને ભેદો પર્યાપ્ત અને અપર્યાપ્ત ભેદે ગણતા કુલ્લે ચાર ભેદ ચતુષ્પદના થયા.

ઉરપરિસર્પ અને ભુજપરિસર્પ–એમ બે ભેદે પરિસર્પો છે. આ બંને ભેદોના ચાર ભેદ ચતુષ્પદની જેમ જાણવા એ પ્રમાણે સ્થળચરના બધા મળી બાર ભેદ થયા.

જળચરની જેમ ખેચરના પણ ચાર ભેદો છે. એમ તિર્યંચના વીસ ભેદોના શરીર પ્રમાણની વિચારણામાં મત્સ્ય યુગલ એટલે સંમૂર્ચ્છિમ અને ગર્ભજરૂપ જળચરોનું દેહમાન તથા સાપ વગેરે ગર્ભજ ઉરપરિસર્પો આ દરેકનું દેહમાન સંપૂર્ણ એક હજાર યોજન છે. (૧૦૯૯)

उस्सेहंगुलगुणियं जलासयं जमिह जोयणसहस्सं ।
तत्थुप्पन्नं नलिणं विन्नेयं भणिय मित्तंतु ॥११००॥
जं पुण जलहिदहेसुं पमाणजोयणसहस्समाणेसुं ।
उप्पज्जइ वरपउमं तं जाणसु भूवियारंति ॥११०१॥

**જે જળાશય ઉત્સેધાંગુલ પ્રમાણ વડે એક હજાર યોજન ઊંડું હોય, ત્યાં ઉત્પન્ન થયેલ કમળનું આગળ કહેલ દેહમાન જાણવું. જે સમુદ્ર કે**

**સરોવર પ્રમાણાંગુલ માપે હજાર યોજન ઊંડા છે. ત્યાં ઉત્પન્ન થયેલા કમળોને પૃથ્વીકાયના વિકારરૂપે જાણવા.**

**પ્રશ્ન :-** 'उस्सेह प्रमाणओ मिणसु देह' એ વચનાનુસારે શરીર પ્રમાણ ઉત્સેધાંગુલે મપાય છે. સમુદ્રો, પદ્મસરોવર વગેરેનું પ્રમાણાંગુલવડે પ્રમાણ ગણાય છે. તો પછી સમુદ્ર વગેરેનું એકહજાર યોજનની ઊંડાઈ પ્રમાણાંગુલવડે ગણતા તેમાં રહેલા કમળની નાલ વગેરે ઉત્સેધાંગુલની અપેક્ષાએ અત્યંત લાંબા થશે. તો પછી ઉત્સેધાંગુલ પ્રમાણે સાધિક હજાર યોજનની અવગાહના શી રીતે ઘટશે ?

**ઉત્તર :-** परमाणु रहरेणु વગેરે ક્રમાનુસારે બનેલ ઉત્સેધાંગુલના માપથી જે જળાશયો. જેવા કે સમુદ્ર ગોતીર્થ વગેરે જે હજાર યોજન પ્રમાણના મનુષ્યલોકમાં છે. તેમાં ઉત્પન્ન થયેલા કમળો આગળ કહેલ સાધિક હજાર યોજન પ્રમાણના જાણવા. જે સમુદ્રો સરોવરો વગેરે પ્રમાણાંગુલ માપે હજાર યોજન ઊંડા હોય, તેમાં જે ઉત્તમ કમળો ઉત્પન્ન થાય છે, તે કમળો પૃથ્વીના વિકારરૂપે જાણવા, પણ વનસ્પતિરૂપે નહીં. આનો ભાવ એવો છે કે,

અહીં સમુદ્રમાં જે પ્રમાણાંગુલથી હજાર યોજન અવગાહમાં કમળો રહેલા છે, તે પૃથ્વીકાયરૂપે જ છે. જેમ પદ્મસરોવરમાં લક્ષ્મીદેવીનું કમળ. જે કમળો બીજા ગોતીર્થ વગેરે સ્થાનોમાં રહેલા છે. તે કમળો વનસ્પતિરૂપે હોય છે. કારણ કે તે ગોતીર્થ વગેરે જળાશયોમાં, વેલડી વગેરે ઉત્કૃષ્ટથી ઉપરોક્ત પ્રમાણવાળા થાય છે.

વિશેષણવતીમાં પણ કહ્યું છે કે, 'લક્ષ્મીદેવીના નિવાસરૂપ કમળ પૃથ્વીના પરિણામ રૂપે છે. અને ગોતીર્થોમાં વનસ્પતિના પરિણામરૂપે હોય છે. જે બાકીના જલાશયોમાં ઉત્સેધાંગુલ હજાર (યોજન) હોય છે ત્યાં વેલડી લતા વગેરે પણ આયામ એટલે લંબાઈથી હજાર (યોજન) થાય છે. (૧૧૦૦-૧૧૦૧)

પ્રત્યેક વનસ્પતિ સિવાય પૃથ્વીકાય વગેરે પાંચની અંગુલના અસંખ્યાત ભાગ પ્રમાણની અવગાહના કહેશે તેમાં જે વિશેષ છે તે કહે છે-

**એકેન્દ્રિયોની અવગાહના :-**

**वणऽणंतसरीराणं एगमनिलसरीरगं पमाणेणं ।**
**अनलोदगपुढवीणं असंखगुणिया भवे वुड्ढी ॥११०२॥**

**અનંતકાય વનસ્પતિના શરીરથી એક સૂક્ષ્મવાયુકાયના શરીરનું પ્રમાણ અસંખ્યગણું, તેવાયુથી અગ્નિકાયનું અસંખ્યગણું, તેનાથી અપ્કાયનું શરીર અસંખ્યગણું, તેનાથી પૃથ્વીકાયનું અસંખ્યગણું મોટું જાણવું.**

સૂક્ષ્મ અનંતકાય સાધારણ વનસ્પતિકાયના અસંખ્યાતા શરીરોના પ્રમાણ વડે એટલે સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાયના અસંખ્યાતા શરીરો બરાબર સૂક્ષ્મ વાયુકાયનું એક શરીર થાય. પ્રજ્ઞપ્તિમાં એટલે ભગવતીસૂત્રમાં કહ્યું છે કે,

સૂક્ષ્મ અનંતકાય વનસ્પતિના જેટલા શરીરો છે તેના બરાબર એક સૂક્ષ્મ વાયુકાયનું શરીર છે, અનંતી વનસ્પતિને એકથી લઈ અસંખ્યાતા શરીર છે. પણ અનંતા શરીરનો અભાવ છે.

તે પછી સૂક્ષ્મ વાયુકાયના શરીરથી અગ્નિકાય, અપ્કાય, પૃથ્વીકાયના સૂક્ષ્મ બાદર શરીરોની અનુક્રમે અસંખ્યગુણી વૃદ્ધિ એટલે મોટાઈ જાણવી. આનો ભાવ આ પ્રમાણે છે.

જેટલા પ્રમાણનું એક સૂક્ષ્મ વાયુકાયનું શરીર છે. તેનાથી અસંખ્યગુણું મોટું એક સૂક્ષ્મ તેજસ્કાયનું શરીર છે. તેનાથી અસંખ્યગુણું મોટું એક સૂક્ષ્મ અપ્કાયનું શરીર છે. તેનાથી અસંખ્યગુંણું એક સૂક્ષ્મ પૃથ્વીકાયનું શરીર છે. તેનાથી અસંખ્યગુણું એક બાદર વાયુકાયનું શરીર મોટું છે. તેનાથી અસંખ્યાતગુણું મોટું એક બાદર અગ્નિકાયનું શરીર છે. તેનાથી અસંખ્યાતગુણું મોટું એક બાદર અપ્કાયનું શરીર છે. તેનાથી અસંખ્યાતગુણું મોટું એક બાદર પૃથ્વીકાયનું શરીર છે. તેનાથી અસંખ્યાતગુણું મોટું એક બાદર નિગોદનું શરીર છે. આ બધી હકીકત ભગવતીસૂત્રના ઓગણીસમા શતકના ત્રીસમા ઉદ્દેશાના આધારે કહી છે. નહીં કે પોતાની કલ્પનાનુસારે.

અહીં પૃથ્વીકાય વગેરેની અંગુલના અસંખ્યાતમા ભાગની અવગાહના હોવા છતાં પણ અંગુલના અસંખ્યાતમા ભાગના અસંખ્ય ભેદો હોવાથી એક બીજાની અપેક્ષાએ અસંખ્યગુણપણામાં વિરોધ આવતો નથી. (૧૧૦૨)

## વિકલેન્દ્રિયની અવગાહના :–

**विगलिंदियाण बारस जोयणा तिन्नि चउर कोसा य ।**
**सेसाणोगाहणया अंगुलभागो असंखिज्जो ॥११०३॥**

બેઇન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરિન્દ્રિયરૂપ, વિકલેન્દ્રિય શરીર પ્રમાણ અનુક્રમે બાર યોજન, ત્રણ ગાઉ અને એક યોજન એટલે ચાર ગાઉ છે આનો ભાવ એવો છે કે, શંખ વગેરે બેઈન્દ્રિય જીવોનું ઉત્કૃષ્ટથી દેહમાન બાર યોજન છે.

કાનખજુરા, મંકોડા વગેરે તેઈન્દ્રિયોનું ઉત્કૃષ્ટ દેહમાન ત્રણ ગાઉ છે.

ભમરા વગેરે ચૌરિન્દ્રિયનું ઉત્કૃષ્ટ દેહમાન એક યોજન છે. બાકીના જીવો એટલે પૃથ્વીકાય, અપ્કાય, અગ્નિકાય, વાયુકાય, સાધારણ વનસ્પતિકાય, સંમૂર્છિમ મનુષ્યો અને બધાયે અપર્યાપ્ત જીવોની ઉત્કૃષ્ટ અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ છે. (૧૧૦૩)

## તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યોની અવગાહના

**गब्भचउप्पय छग्गाउयाइं भुयगेसु गाउयपुहुत्तं ।**
**पक्खीसु धणुपुहुत्तं मणुएसु य गाउया तिन्नि ॥११०४॥**

ગર્ભજ ચતુષ્પદની અવગાહના છ ગાઉ, ભૂજપરિસર્પની ગાઉ પૃથક્ત્વ, પક્ષીઓની ધનુપૃથક્ત્વ અને મનુષ્યની અવગાહના ત્રણ ગાઉ છે.

હાથી વગેરે ગર્ભજ ચતુષ્પદોની ઉત્કૃષ્ટ અવગાહના એટલે દેહમાન છ ગાઉ છે. ઘો, નોળિયા વગેરે ગર્ભજ ભુજપરિસર્પોની ઉત્કૃષ્ટ અવગાહના ગાઉ પૃથક્ત્વ છે. ( પૃથક્ત્વ એટલે બેથી નવની સંખ્યા જાણવી )

'વ્યાખ્યાનથી વિશેષ પ્રતિપત્તિ થાય છે.' એ ન્યાયાનુસારે ગર્ભજ સંમૂર્ચ્છિમ ગીધ વગેરે પક્ષીઓરૂપ ખેચરની અવગાહના ધનુષ પૃથક્ત્વ છે. ગર્ભજ મનુષ્યોમાં ઉત્કૃષ્ટ અવગાહના ત્રણ ગાઉ છે. સંમૂર્ચ્છિમ ચતુષ્પદ ગાય વગેરેની ઉત્કૃષ્ટ અવગાહના ગાઉપૃથક્ત્વ છે. સંમૂર્ચ્છિમ ભુજપરિસર્પોની ઉત્કૃષ્ટ અવગાહના ધનુપૃથક્ત્વ છે સંમૂર્ચ્છિમ ઉરપરિસર્પ યોજન પૃથક્ત્વ છે. આ અવગાહના અમે પ્રજ્ઞાપના ગ્રંથના અવગાહના સંસ્થાનપદના કથનાનુસારે કહી છે. આ બધુંયે દેહમાન ઉત્કૃષ્ટપણે કહ્યું છે. જઘન્યથી બધાયે જીવોની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની ઉત્પત્તિ સમયે જાણવી. ( ૧૧૦૪ )

## ૧૮૮. આ જીવોની ઈન્દ્રિયનું સ્વરૂપ તથા વિષયગ્રહણ

ઈન્દ્રિયોનું સ્વરૂપ :–

**कायंबपुप्फगोलय १ मसूर २ अइमुत्तयस्स कुसुमं च ३ ।**
**सोयं १ चक्खू २ घाणं ३ खुरप्पपरिसंठिअं रसणं ४ ॥११०५॥**
**नाणागारं फासिंदियं तु बाहल्लओ य सव्वाइं ।**
**अंगुलअसंखभागं एमेव पुहुत्तओ नवरं ॥११०६॥**

**કદંબનાં પુષ્પ આકારે એટલે ગોળાકારે કાન, મસુરના આકારે આંખ, અતિમુક્તક એટલે શિરીષના ફૂલાકારે નાક, ક્ષુરપ્ર એટલે અસ્ત્રાકારે જીભ છે. સ્પર્શેન્દ્રિય વિવિધ આકારે છે. વળી બધીયે જાડાઇથી અંગુલના અસંખ્ય ભાગે છે અને પહોળાઇથી પણ એ પ્રમાણે જ છે.**

इन्दनात् इन्द्रः એટલે આત્મા. બધાયે દ્રવ્યોની પ્રાપ્તિરૂપ શ્રેષ્ઠ ઐશ્વર્ય ભોગવનાર હોવાથી આત્મા એ ઇન્દ્ર છે. તે ઇન્દ્રરૂપ આત્માનું જે લિંગ કે ચિહ્ન તે ઈન્દ્રિય. તે ઈન્દ્રિયો, દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય એમ બે પ્રકારે છે. તેમાં દ્રવ્યેન્દ્રિય ૧. નિર્વૃત્તિરૂપ અને ૨. ઉપકરણરૂપ–એમ બે પ્રકારે છે.

નિર્વૃત્તિ એટલે વિશિષ્ટ આકાર વિશેષરૂપે છે. તે નિર્વૃત્તિ બાહ્ય અને અભ્યંતર એમ બે પ્રકારે છે. બાહ્યનિર્વૃત્તિ ૩. બહાર દેખાતા કાન, નાક વગેરેરૂપે છે. તે વિવિધ સ્વરૂપે છે. માટે તેનો કોઈ નક્કી વિશિષ્ટ આકાર કહી શકાતો નથી. જેમ માણસના કાનો આંખોના બે પડખે રહેલ ભમ્મરોની ઉપરના બે ભાગે, શ્રવણબંધની અપેક્ષાએ સમ રહેલા છે. ઘોડાના બે કાન આંખના ઉપરના ભાગે છેડે અણીદાર આકારના છે.

વગેરે જાતિ ભેદથી જુદા જુદા પ્રકારના છે. અભ્યંતર નિર્વૃત્તિ તો બધાયે જીવોની એક સરખી હોય છે. તેને આશ્રયીને જ આ ગાથામાં કહેલ સંસ્થાન આકાર જાણવો. પ્રાયઃ કરીને ફક્ત સ્પર્શેન્દ્રિયના બાહ્ય અભ્યંતર આકારમાં ફરક નથી. તત્ત્વાર્થની મૂળ ટીકામાં કહ્યું છે.

તલવાર સ્થાનીય બાહ્યનિવૃત્તિ ઈન્દ્રિય છે તેની જે તલવારની ધાર સમાન સ્વચ્છતર પુદ્ગલના સમૂહરૂપ અભ્યન્તર નિવૃત્તિરૂપ ઈન્દ્રિય, તેની જે (વિષય પારખવાની) શક્તિ વિશેષ તે ઉપકરણરૂપ દ્રવ્યેન્દ્રિય કહેવાય.

આ ઉપકરણ અને અંતર્નિર્વૃત્તિરૂપ દ્રવ્યેન્દ્રિયનો કથંચિત્ શક્તિ અને શક્તિમાનનો ભેદ હોવાથી અર્થાંતર ભેદ છે. આ બંનેનો કથંચિત ભેદ આ પ્રમાણે છે તે અંતર્નિર્વૃત્તિ ઈન્દ્રિય હોતે છતે દ્રવ્યાદિનો આઘાત લાગવાથી ઉપકરણના વિઘાતનો સંભવ છે. આનો ભાવ એ છે કે,

કદંબ પુષ્પ વગેરે આકારરૂપ અંતર્નિર્વૃત્તિરૂપ ઇંદ્રિયને અતિ કઠોરતર વાદળાની ગર્જના વગેરેનો આઘાત લાગવાથી ઉપકરણરૂપ શક્તિનો નાશ થવાથી જીવો શબ્દાદિનો બોધ કરવા સમર્થ થઈ શકતા નથી.

ભાવેન્દ્રિય પણ લબ્ધિ અને ઉપયોગરૂપ–એમ બે પ્રકારે છે. લબ્ધિ ભાવેન્દ્રિય :– શ્રોત્રેન્દ્રિયાદિના વિષયરૂપ, સમસ્ત આત્મપ્રદેશોને આવરણ કરનારા કર્મોનો જે ક્ષયોપશમ તે લબ્ધિભાવેન્દ્રિય. આત્માની શ્રોત્રેન્દ્રિય વગેરેના વિષયોને પારખવાની જે શક્તિ વિશેષ તે લબ્ધિ. ઉપયોગેન્દ્રિય :– એટલે ઈંદ્રિયોનો પોતપોતાના વિષયમાં લબ્ધિરૂપ ઈંદ્રિયોના અનુસારે આત્માનો જે વ્યાપાર, પ્રણિધાન, તે ઉપયોગ, તે શ્રોત્ર વગેરેના ભેદે પાંચ પ્રકારે છે.

તેમાં કાન અભ્યંતર નિર્વૃત્તિને આશ્રયી કદંબ પુષ્પના આકારે માંસના ગોળારૂપે છે.

આંખ કંઈક ઊંચા અને વચ્ચે ગોળાકાર મસૂર નામના અનાજના દાણા જેવી દેખાય છે.

નાક અતિમુક્તક એટલે શિરિષના ફુલની જેમ કંઈક ગોળાકાર અને વચ્ચે ઊંડુ છે.

જીભ લાંબા ત્રિકોણાકારવાળા, કર્ણાટક દેશમાં પ્રસિદ્ધ ક્ષુરપ્ર નામના શસ્ત્રાકારે છે.

ચામડી અનેક વિવિધ આકારે છે. કેમકે શરીરના અસંખ્ય ભેદો છે તથા આ સર્વે ઈન્દ્રિયોની જાડાઈ અંગુલના અસંખ્યાતમા ભાગે છે.

**પ્રશ્ન** :– જો સ્પર્શેન્દ્રિયની અંગુલના અસંખ્યાતમા ભાગની જાડાઈ હોય તો તલવાર વગેરેના ઘા થવાથી શરીરમાં પીડાનો અનુભવ શી રીતે થાય છે?

**ઉત્તર** :– સાચી હકીકત ન જાણતા હોવાથી તમારી આ વાત યોગ્ય નથી. સ્પર્શેન્દ્રિયના વિષયરૂપે શીત વગેરે સ્પર્શો છે. જેમ આંખનો વિષય રૂપ છે. તલવાર વગેરેનો ઘા થવાથી શરીરની અંદર ઠંડક વગેરે સ્પર્શનો અનુભવ થતો નથી. પરંતુ ફક્ત દુઃખનો જ અનુભવ છે અને તે દુઃખનો અનુભવ તાવ વિગેરેની વેદનાની જેમ આત્મા સંપૂર્ણ શરીરવડે અનુભવે છે, ફક્ત ચામડી વડે ભોગવે છે એવું નથી. માટે કોઈ દોષ નથી.

**પ્રશ્ન :–** ઠંડુ પાણી પીવાથી અંદર ઠંડા સ્પર્શનો અનુભવ થાય છે. તો તે શી રીતે ઘટે છે?

**ઉત્તર :** આ સ્પર્શેન્દ્રિય બધી જગ્યાએ વળી પ્રદેશપર્યન્તવર્તી છે. એમ પૂર્વાચાર્યોએ વ્યાખ્યા કરી છે તથા પ્રજ્ઞાપનાની મૂળ ટીકામાં પણ કહ્યું છે કે, સર્વપ્રદેશપર્યન્તવર્તી હોવાથી ચામડીના અંદરના ભાગે પણ પોલાણના ઉપર ચામડી જ છે.' તેથી અંદરથી પણ પોલાણના ઉપર સ્પર્શેન્દ્રિયની વિદ્યમાનતા સ્વીકારાય છે. માટે અંદરના ભાગે શીત સ્પર્શનો અનુભવ થાય છે.

આ પ્રમાણે એટલે અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણની પહોળાઈવાળી જ બધી ઈન્દ્રિયો જાણવી. (૧૧૦૫–૧૧૦૬)

**अंगुलपुहुत्त रसणं फरिसं तु सरीरवित्थडं भणियं ।**
**बारसहिं जोयणेहिं सोयं परिगिण्हए सद्दं ॥११०७॥**
**रूवं गिण्हइ चक्खू जोयणलक्खाओ साइरेगाओ ।**
**गंधं रसं च फासं जोयणनवगाउ सेसाइं ॥११०८॥**

**રસનેન્દ્રિય વિસ્તારથી અંગુલ પૃથક્ત્વ અને સ્પર્શેન્દ્રિય શરીર વિસ્તાર પ્રમાણ કહી. શ્રોત્રેન્દ્રિય બાર યોજનથી આવેલો શબ્દ ગ્રહણ કરી શકે છે. સાધિક લાખ યોજન દૂરથી આંખ રૂપ ગ્રહણ કરી શકે છે. અને બાકીની જીભ, નાક અને ચામડી અનુક્રમે રસ, ગંધ અને સ્પર્શને નવ યોજન દૂરથી ગ્રહી શકે છે.**

અંગુલ પૃથક્ત્વ વિસ્તારવાળી રસનેન્દ્રિય છે. સ્પર્શેન્દ્રિય શરીર પ્રમાણ વિસ્તારવાળી છે. એટલે જે જીવનો જેટલા પ્રમાણમાં શરીરનો વિસ્તાર હોય, તેટલા પ્રમાણમાં સ્પર્શનેન્દ્રિયનો પણ વિસ્તાર હોય છે.

**ઇંદ્રિયોની વિષય ગ્રહણની શક્તિ :–**

ઉત્કૃષ્ટ બાર યોજન દૂરથી આવેલા વાદળાની ગર્જના વગેરે અવાજને કાન ગ્રહી શકે એનાથી આગળથી આવેલા અવાજને ગ્રહી ન શકે કારણ કે બાર યોજન કરતા અધિક દૂરથી આવેલ અવાજના પુદ્ગલો તથા સ્વભાવે મંદ પરિણામવાળા થવાથી કાન પોતાના સાંભળવાના વિષયરૂપ ગ્રહણ કરવા સમર્થ થતા નથી. એટલે શ્રોત્રેન્દ્રિયનું એવું અદ્ભુત બળ હોતું નથી. કે જે આગળથી આવેલ શબ્દને સાંભળી શકે.

ચક્ષુરિન્દ્રિય પણ ઉત્કૃષ્ટથી સાધિક એક લાખ યોજન દૂર રહી સાદડી, ભીંત વગેરે અવરોધો વગરના રૂપને ગ્રહી શકે એટલે જાણી શકે છે. એનાથી આગળનું રૂપ અવરોધ વગરનું હોય તો પણ આંખની શક્તિનો અભાવ હોવાથી ગ્રહી ન શકે. આ હકીકત અપ્રકાશિત દ્રવ્યોને આશ્રયી જાણવી. પ્રકાશિત દ્રવ્યોની અપેક્ષાએ પ્રમાણાંગુલાશ્રયી

એકવીસ લાખ યોજનથી પણ આગળના પદાર્થો જોઈ શકે છે. કહ્યું છે કે જેમ પુષ્કરવર-દ્વીપાર્ધમાં માનુષોત્તર પર્વત પાસે રહેલા મનુષ્યો કર્કસંક્રાંતિમાં એકવીસલાખ, ચોત્રીસ હજાર, પાંચસો સાડત્રીસ (૨૧૩૪૫૩૭) યોજનથી અધિક દૂર રહેલા સૂર્યના બિંબને જુએ છે. આ આંખના વિષયનું પ્રમાણ પુષ્કરવરદ્વીપાર્ધવાસી મનુષ્યોનું છે. આ પ્રમાણ પૂર્વ (દિશા) અને પશ્ચિમદિશાનું જુદુંજુદું જાણવું.

બાકીની નાક, જીભ અને ચામડી અનુક્રમે ગંધ, રસ અને સ્પર્શ એમ દરેકને ઉત્કૃષ્ટથી નવયોજનથી આવેલાને ગ્રહી શકે. એની આગળનાને નહીં. આગળથી આવેલા વિષયો મંદપરિણામવાળા થાય છે તથા ઘ્રાણ વગેરે ઇંદ્રિયો તે વિષયોને તે રૂપમાં જાણવા સમર્થ થતી નથી. (૧૧૦૭–૧૧૦૮)

**હવે જઘન્યથી વિષય ગ્રહણનું પ્રમાણ કહે છે.**

**अंगुलअसंखभागा मुणंति विसयं जहन्नओ मोत्तुं ।**
**चक्खुं तं पुण जाणइ अंगुलसंखिज्जभागाओ ॥११०९॥**

ચક્ષુરિન્દ્રિય સિવાય બાકીની કાન વગેરે ચાર ઇન્દ્રિયો જઘન્યથી અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણથી આવેલ પોતપોતાના શબ્દ વગેરે વિષયોને જાણે છે. કારણ કે આ ઇંદ્રિયો પ્રાપ્ત અર્થનાં વિષયને જાણતી હોવાથી.

ચક્ષુરિન્દ્રિય અપ્રાપ્તકારી હોવાથી અંગુલના સંખ્યાતમા ભાગે દૂર રહેલ પદાર્થને જઘન્યથી જોઈ શકે છે. તેનાથી નજીક રહેલ પદાર્થને ન જોઈ શકે. આ વાતની ખાત્રી દરેક જીવને છે. તથા અતિ નજીક રહેલા આંખમાં આંજેલ મેશ, રજ, મેલ વગેરેને આંખ જોઈ શકતી નથી. અહીં વિસ્તાર પ્રમાણ સ્પર્શેન્દ્રિય સિવાય બાકીની ચાર ઇંદ્રિયોનો આત્માંગુલ પ્રમાણથી જાણવો. અને સ્પર્શેદ્રિયનો ઉત્સેધાંગુલ પ્રમાણથી જાણવો. વિષય ગ્રહણ પ્રમાણ તો દરેકનો આત્માંગુલ વડે જ જાણવો. અહીં બંને સ્થળોની ચર્ચા વિસ્તારથી ભાષ્યમાંથી જાણવી. (૧૧૦૯)

## ૧૮૯. આ જીવોને લેશ્યા

**पुढवीआउवणस्सइबायरपत्तेसु लेस चत्तारि ।**
**गब्भे तिरियनरेसु छल्लेसा तिन्नि सेसाणं ॥१११०॥**

બાદર પૃથ્વીકાય, બાદર અપ્કાય, બાદર પ્રત્યેક વનસ્પતિકાયમાં ચાર લેશ્યા છે. ગર્ભજ તિર્યંચ મનુષ્યમાં છ લેશ્યાઓ છે. અને બાકીનામાં ત્રણ લેશ્યાઓ છે.

બાદર પર્યાપ્ત પૃથ્વીકાય, અપ્કાય, પ્રત્યેક વનસ્પતિકાયમાં પહેલી ચાર કૃષ્ણ, નીલ, કાપોત અને તેજોલેશ્યા હોય છે. આ બધા પર્યાપ્ત ગ્રહણ કરવા જેથી તેજોલેશ્યા ઘટી શકે.

**પ્રશ્ન** :– આ જીવોને તેજોલેશ્યા શી રીતે પ્રાપ્ત થાય છે?

**ઉત્તર** :–ઈશાન દેવલોક સુધીના દેવો આમાં ઉત્પન્ન થતા હોવાથી કેટલોક કાળ તેજોલેશ્યા સંભવે છે. જે લેશ્યામાં જીવ મરે છે તે જ લેશ્યામાં પરભવમાં ઉત્પન્ન થાય છે. પણ પાછળના ભવના છેલ્લા સમયે બીજી લેશ્યા હોય અને આગામીભવના પહેલા સમયે બીજી લેશ્યાનો પરિણામ હોય, એમ બનતું નથી. આગમમાં કહ્યું છે કે,

'જે લેશ્યાના દ્રવ્યો લઈ જીવ કાળ કરે, તે જ લેશ્યામાં જીવ ઉત્પન્ન થાય છે.' ફક્ત તિર્યંચ મનુષ્યો આગામી ભવ સંબંધી લેશ્યાનું અંતર્મુહૂર્ત વીત્યા પછી, દેવ નારકો પોત-પોતાના ભવ સંબંધી લેશ્યાનું અંતર્મુહૂર્તકાળ બાકી રહ્યા પછી પરલોકમાં જાય છે.

ગર્ભજ તિર્યંચ મનુષ્યો અનવસ્થિતલેશ્યાવાળા હોવાથી છયે લેશ્યા હોય છે. પૃથ્વીકાય વગેરે તિર્યંચો અને ગર્ભજ સંમૂર્છિમ મનુષ્યોને શુક્લલેશ્યા છોડી જે લેશ્યા હોય, તે બધી લેશ્યાઓ જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્તકાળની છે. શુક્લલેશ્યા જઘન્યથી અંતર્મુહૂર્તકાળની છે. અને ઉત્કૃષ્ટથી કંઇક ન્યૂન નવ વર્ષ ઊણુ પૂર્વક્રોડ પ્રમાણ કાળની છે. આ ઉત્કૃષ્ટસ્થિતિ પૂર્વક્રોડ વર્ષથી ઉપર સંયમ પ્રાપ્તિનો અભાવ હોવાથી છે. પૂર્વક્રોડ વર્ષના આયુવાળો કોઈક સાધિક આઠવર્ષની ઉપરની ઉંમરવાળો જીવ કેવળજ્ઞાન પ્રાપ્ત કરેલ હોય એવા કેવળજ્ઞાનીને જાણવી. બાકી બીજા છદ્મસ્થોને તો અંતર્મુહૂર્તકાળની ઉત્કૃષ્ટથી પણ જાણવી.

બાકીના તેઉકાય-વાયુકાય, સૂક્ષ્મ પૃથ્વીકાય, અપ્કાય, સાધારણ વનસ્પતિકાય તથા અપર્યાપ્ત બાદર પૃથ્વી, પાણી, પ્રત્યેક વનસ્પતિકાય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરિંદ્રિય, સંમૂર્છિમ, પંચેંદ્રિય, તિર્યંચ મનુષ્યોને કૃષ્ણ, નીલ, કાપોત, લેશ્યાઓ હોય છે. (૧૧૧૦)

## ૧૯૦. એકેન્દ્રિયાદિની ગતિ

एगेंदीयजीवा जंती नरतिरिच्छेसु जुयलवज्जेसुं ।
अमणतिरियावि एवं नरयंमिवि जंति ते पढमे ॥१११९॥
तह संमुच्छिमतिरिया भवणाहिववंतरेसु गच्छंति ।
जं तेसिं उववाओ पलियासंखेज्जआउसुं ॥१११२॥

**એકેન્દ્રિયો યુગલિક સિવાયના મનુષ્ય તિર્યંચમાં જાય છે. મન વગરના તિર્યંચો પણ ઉપર પ્રમાણે અને નરકમાં પણ પહેલી નરક સુધી જાય છે. તથા સંમૂર્છિમ તિર્યંચો ભવનપતિ અને વ્યંતરમાં જાય છે. જ્યાં તેમની ઉત્પત્તિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગના આયુષ્યમાં થાય છે.**

અહીં સામાન્યરૂપે એકેન્દ્રિય કહ્યા હોવા છતાં તેઉકાય-વાયુકાય. લેવા નહીં. કેમકે તેઓની મનુષ્યોમાં ઉત્પત્તિ નથી. કહ્યું છે કે, 'સાતમી નરકના નારકો, તેઉકાય, વાયુકાય, તથા અસંખ્યાયુષ્યવાળા (તિર્યંચ-મનુષ્ય) જીવો બીજાભવમાં મરીને સીધા મનુષ્યપણું પામતા નથી. તેથી એકેન્દ્રિયજીવો એટલે પૃથ્વીકાય, અપ્કાય, વનસ્પતિકાય જીવો યુગલિક સિવાયના મનુષ્યોમાં એટલે સંખ્યાતાવર્ષાયુવાળા મનુષ્ય અને તિર્યંચોમાં જાય છે.

દેવ-નારકો અસંખ્યવર્ષાયુવાળા મનુષ્ય, તિર્યંચમાં ઉત્પન્ન થતા નથી. તથા મન વગરના એટલે અસંજ્ઞી પંચેંદ્રિય તિર્યંચો પણ ઉપર પ્રમાણે સંખ્યાતા વર્ષાયુવાળા મનુષ્ય તિર્યંચોમાં ઉત્પન્ન થાય છે અને નરકમાં પણ પહેલીમાં જ તેઓ જાય છે. આનો ભાવ એવો છે કે-

અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચો ચારે ગતિમાં ઉત્પન્ન થાય છે. ફક્ત નરક અને દેવગતિમાં ઉત્પન્ન થનારામાં આ વિશેષતા છે. તેમાં નરકગતિમાં પ્રથમ નારકીમાં જાય છે. બીજી નરકોમાં નહીં તેમાં પણ ઉત્કૃષ્ટથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગના આયુષ્યમાં જ ઉત્પન્ન થાય છે. અધિક આયુષ્યમાં નહીં. દેવગતિમાં ઉત્પન્ન થનારાની વિશેષતા કહે છે.

દેવોમાં ઉત્પન્ન થનારા સંમૂર્ચ્છિમ તિર્યંચો, ભવનપતિ, વ્યંતરોમાં જ ઉત્પન્ન થાય છે, જ્યોતિષ વગેરેમાં નહીં. તેથી સંમૂર્ચ્છિમ તિર્યંચો, દેવોમાં પલ્યોપમના અસંખ્યાત ભાગના આયુવાળામાં જ ઉત્પન્ન થાય છે. અધિક આયુવાળામાં નહીં. (૧૧૧૧-૧૧૧૨)

**पंचिंदियतिरियाणं उववाउक्कोसओ सहस्सारे ।**
**नरएसु समग्गसुवि वियला अजुयलतिरिनरेसु ॥१११३॥**

**પંચેન્દ્રિય તિર્યંચોની ઉત્કૃષ્ટ ઉત્પત્તિ સહસ્રારદેવલોક સુધી છે. અને સમગ્ર નરકમાં પણ ઉત્પત્તિ છે. વિકલેન્દ્રિયો યુગલિક સિવાયના મનુષ્ય તિર્યંચોમાં ઉત્પન્ન થાય છે.**

પંચેન્દ્રિય તિર્યંચોની ઉત્કૃષ્ટ ઉત્પત્તિ સહસ્રારદેવલોક સુધી જ થાય છે અને બધીયે નરકોમાં ઉત્પત્તિ થાય છે, આનો ભાવાર્થ એ છે કે,

સંખ્યાતા આયુષ્યવાળા સંજ્ઞીપંચેન્દ્રિય તિર્યંચો ચારેગતિમાં ઉત્પન્ન થાય છે. ફક્ત દેવગતિમાં સહસ્રારદેવલોક સુધી જ ઉત્પન્ન થાય છે. પરંતુ તથાવિધ યોગ્યતાના અભાવે સહસ્રાર દેવલોકથી આગળ આનત વગેરે દેવલોકમાં ઉત્પન્ન થતા નથી. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરિન્દ્રિયરૂપ વિકલેંદ્રિયો યુગલિક સિવાયના તિર્યંચ મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે. દેવ નારકોમાં નહીં. (૧૧૧૩)

**नरतिरिअसंखजीवी जोइसवज्जेसु जंति देवेसु ।**
**नियआउयसमहीणाउएसु ईसाण अंतेसु ॥१११४॥**

**અસંખ્ય આયુવાળા મનુષ્ય–તિર્યંચો જ્યોતિષ સિવાય ઇશાન દેવલોક સુધીના દેવોમાં સમાન કે હીનાયુષ્યવાળામાં ઉત્પન્ન થાય છે.**

અસંખ્ય વર્ષાયુવાળા મનુષ્ય, તિર્યંચો, જ્યોતિષ સિવાયના દેવોમાં ઉત્પન્ન થાય છે. દેવગતિ સિવાયની બીજી ત્રણ ગતિઓમાં અને મોક્ષમાં તેઓ જતા જ નથી. એવો અહીં ભાવ છે. જો કે અહીં સામાન્યથી અસંખ્ય વર્ષાયુવાળા મનુષ્ય તિર્યંચો કહ્યા છે. છતાં सूचकत्वात् सूत्रस्य એ ન્યાયે વિશિષ્ટ ખેચર તિર્યંચ પંચેન્દ્રિયો જ અને અંતરદ્વીપમાં ઉત્પન્ન થયેલ તિર્યંચ મનુષ્યો જાણવા. તે આ પ્રમાણે : અસંખ્ય વર્ષાયુવાળાઓ દેવોમાં પોતાના આયુષ્ય સમાન સ્થિતિમાં અથવા પોતાના આયુષ્યથી ઓછી સ્થિતિવાળા દેવોમાં ઉત્પન્ન થાય છે. પણ પોતાના આયુષ્યથી અધિક આયુવાળા દેવોમાં ઉત્પન્ન થતા નથી. તેથી પલ્યોપમના અસંખ્ય ભાગ માત્ર આયુષ્યવાળા અસંખ્ય વર્ષાયુષી ખેચર તિર્યંચ પંચેન્દ્રિયો, અંતરદ્વીપના તિર્યંચ મનુષ્યો, જ્યોતિષ સિવાયના દેવોમાં ઉત્પન્ન થાય છે. એટલે જ્યોતિષ, સૌધર્મ, ઈશાન સિવાયના દેવોમાં ઉત્પન્ન થાય છે. કારણ કે તેઓની અધિક સ્થિતિવાળાઓમાં ઉત્પત્તિનો અભાવ છે.

જ્યોતિષ વગેરેમાં પણ ઉત્પન્ન થતા નથી. કેમકે જ્યોતિષમાં જઘન્યાયુ પલ્યોપમનો આઠમો ભાગ અને સૌધર્મ ઈશાનમાં એક પલ્યોપમની જઘન્ય સ્થિતિ છે.

બાકી અસંખ્ય વર્ષાયુવાળા હૈમવત વગેરે ક્ષેત્રોમાં જન્મેલા તથા સુષમસુષમા વગેરે ત્રણ આરામાં ભરત ઐરવતમાં જન્મેલા તિર્યંચ મનુષ્યો પોતાના આયુષ્ય સમાન આયુવાળા કે હીન આયુષ્યવાળા બધાયે ઈશાન સુધીના દેવોમાં ઉત્પન્ન થાય છે. તેના ઉપર તો સર્વથા નિષેધ છે. કારણ કે ઈશાન દેવલોકથી ઉપર સનતકુમાર વગેરે દેવલોકમાં જઘન્યથી પણ બે સાગરોપમ વગેરેની સ્થિતિ છે. અને અસંખ્યવર્ષાયુવાળા તિર્યંચ મનુષ્યોની ઉત્કૃષ્ટથી પણ ત્રણ પલ્યોપમની જ સ્થિતિ છે (૧૧૧૪)

**उववाओ तावसाणं उक्कोसेणं तु जाव जोइसिया ।**
**जावंति बंभलोगो चरगपरिव्वाय उववाओ ॥१११५॥**

**તાપસોનો ઉત્કૃષ્ટ ઉપપાત જ્યોતિષદેવ સુધી છે. ચરક પરિવ્રાજકનો ઉપપાત બ્રહ્મદેવલોક સુધી છે.**

મૂળ–કંદ અને ફળાહાર કરનારા વનવાસી, બાળતપસ્વી એવા તાપસોની ઉત્કૃષ્ટ ઉત્પત્તિ જ્યોતિષ દેવલોક સુધી હોય છે. એનાથી ઉપર ઉત્પન્ન થતા નથી. તથા ચરક પરિવ્રાજકો એટલે ધાટી ભિક્ષા વડે જીવનારા ત્રિદંડીઓ અથવા કચ્છોટક વગેરે ચરક અને કપિલમુનિના સુનુ એટલે શિષ્યો તે ચરક અને પરિવ્રાજકોનો ઉત્કૃષ્ટઉપપાત પાંચમા બ્રહ્મદેવલોક સુધી છે. (૧૧૧૫)

**जिणवयउक्किट्ठतवक्किरियाहिं अभव्वभव्वजीवाणं ।**
**गेविज्जेसुक्कोसा गई जहन्ना भवणवईसु ॥१११६॥**

**જિનેશ્વર વડે કહેલા વ્રતો, ઉત્કૃષ્ટ તપક્રિયા વડે અભવ્ય અને ભવ્ય જીવોની ઉત્કૃષ્ટગતિ ગ્રૈવેયક સુધી છે. જઘન્યગતિ ભવનપતિમાં થાય છે.**

જિનેશ્વરોએ કહેલા પ્રાણાતિપાત વિરમણ વગેરે વ્રતો તથા અઠ્ઠમ વગેરે વિશિષ્ટ-તપો દરરોજ કરવા યોગ્ય પડિલેહણ વગેરે ક્રિયાઓ વડે ભવ્ય-અભવ્ય મિથ્યાદષ્ટિજીવો દેવોમાં ઉત્કૃષ્ટપણે ગ્રૈવેયકમાં ઉત્પન્ન થાય છે. આનું તાત્પર્ય એ છે કે,

જે સમકિત રહિત ભવ્યો કે અભવ્યો જેઓ શ્રમણગુણને ધારનારા તથા સંપૂર્ણ સામાચારીનું પાલન કરનારા દ્રવ્યલિંગધારીઓ છે તેઓ પણ ફક્ત ક્રિયા કલાપના પ્રભાવથી ઉપરના ગ્રૈવેયક સુધી જ ઉત્પન્ન થાય છે. આ લોકો અનુષ્ઠાનો હોવા છતાં ચારિત્રના પરિણામથી રહિત હોવાથી અસંયતો જ છે.

જઘન્યથી એમની ગતિ ભવનપતિમાં છે. આ જઘન્ય ઉપપાત દેવગતિની અપેક્ષાએ જાણવો. નહીં તો દેવપણાથી બીજે પણ યથાધ્યવસાય ઉત્પત્તિ થાય છે. (૧૧૧૬)

**छउमत्थसंजयाणं उववाउक्कोसओ अ सव्वट्ठे ।**
**उववाओ सावयाणं उक्कोसेणऽच्चुओ जाव ॥१११७॥**

**છદ્મસ્થ સંયત એટલે સાધુઓની ઉત્કૃષ્ટ ઉત્પત્તિ સર્વાર્થસિદ્ધ વિમાન સુધી છે અને શ્રાવકોની ઉત્કૃષ્ટ ઉત્પત્તિ બારમા અચ્યુત દેવલોક સુધી છે.**

આત્માના યથાવસ્થિતસ્વરૂપને જે આવરે-ઢાંકે તે છદ્મ એટલે જ્ઞાનાવરણ વગેરે કર્મો, તેમાં જે રહ્યા હોય તે છદ્મસ્થો. તે છદ્મસ્થ સાધુઓ ઉત્કૃષ્ટપણે સર્વાર્થસિદ્ધ મહાવિમાનમાં ઉત્પન્ન થાય છે. દેશવિરતિધર મનુષ્ય એવા શ્રાવકોની ઉત્કૃષ્ટ ઉત્પત્તિ બારમા અચ્યુતદેવલોક સુધી છે. (૧૧૧૭)

**उववाओ लंतगंमि चउदसपुव्विस्स होइ उ जहन्नो ।**
**उक्कोसो सव्वट्ठे सिद्धिगमो वा अकम्मस्स ॥१११८॥**

ચૌદપૂર્વધરની જઘન્યથી ઉત્પત્તિ છઠ્ઠા લાંતક નામના દેવલોક સુધી હોય છે. ઉત્કૃષ્ટથી સર્વાર્થસિદ્ધ વિમાન સુધી થાય છે. અકર્મક એટલે આઠ કર્મક્ષય થયા છે એવા ચૌદપૂર્વીઓને તથા ઉપલક્ષણથી ક્ષીણકર્મી અન્ય મનુષ્યોને મોક્ષ પ્રાપ્તિ થાય છે. (૧૧૧૮)

**अविराहियसामन्नस्स साहुणो सावयस्सऽवि जहन्नो ।**
**सोहम्मे उववाओ वयभंगे वणयराईसुं ॥१११९॥**

**અવિરાધિત સાધુપણાવાળા સાધુઓ અને શ્રાવકોની જઘન્ય ઉત્પત્તિ સૌધર્મદેવલોકમાં છે. વ્રતભંગ થયેથી વ્યંતર વગેરેમાં પણ થાય છે.**

દીક્ષા લે ત્યારથી લઈ અખંડિતપણે સાધુપણાને વિરાધ્યા વગરના સાધુઓ તથા અવિ-રાધિત શ્રાવકપણાવાળા શ્રાવકોની જઘન્યથી ઉત્પત્તિ પહેલા સૌધર્મદેવલોકે થાય છે. કેવળ ત્યાં પણ સાધુઓની જઘન્ય સ્થિતિ પલ્યોપમ પૃથક્ત્વ અને શ્રાવકોની એક પલ્યોપમ હોય છે.

સાધુઓ અને શ્રાવકોને પોતાના વ્રતોનો ભંગ થયો હોય, તો તેમની જઘન્યથી ઉત્પત્તિ વનચર એટલે વ્યંતર વગેરેમાં થાય છે.

સાધુઓ અને શ્રાવકોને પોતાના વ્રતોનો ભંગ થયો હોય, તો જઘન્યથી ઉત્પત્તિ ભવનપતિ, વ્યંતર વગેરે દેવોમાં થાય છે. પ્રજ્ઞાપનામાં કહ્યું છે કે,

'વિરાધિત સંજમવાળાઓનો જઘન્યથી ભવનપતિમાં ઉત્કૃષ્ટથી સૌધર્મ દેવલોકમાં' તથા 'વિરાધિત સંયમાસંયમ (દેશવિરતિ)વાળાઓનો જઘન્યથી ભવનપતિમાં ઉત્કૃષ્ટથી જ્યોતિષમાં' (ઉત્પાત થાય છે) અહીં વિરાધિત સંયમ એટલે વ્રત સંપૂર્ણપણે ખંડિત થયું હોય ફરીવાર પ્રાયશ્ચિત્ત સ્વીકારવા વડે સંયમનું તથા સંયમાસંયમનું સંધાન ન કર્યું હોય જેમને તે વિરાધિત સંયમવાળા તથા વિરાધિત સંયમાસંયમવાળા જાણવા. (૧૧૧૯)

**सेसाण तावसाईण जहन्नओ वंतरेसु उववाओ ।**
**भणिओ जिणेहिं सो पुण नियकिरियठियाण विन्नेओ ॥११२०॥**

તીર્થંકરોએ બાકીના તાપસ, ચરક, પરિવ્રાજક વગેરેનો જઘન્યથી ઉપપાત વ્યંતરમાં કહ્યો છે. પ્રજ્ઞાપનામાં તાપસોનો 'જઘન્યથી ભવનપતિમાં છે, એમ કહ્યું છે. આ ઉપપાતવિધિ પોતપોતાના શાસ્ત્રોમાં કહેલા આચારોના પાલનમાં રક્ત હોય તેમનો જાણવો, પણ પોતાના આચારોમાં ભ્રષ્ટ થયેલાનો નહીં. (૧૧૨૦)

## ૧૯૧. એકેન્દ્રિયાદિની આગતિ

**नेरइयजुयलवज्जा एगिंदिसु इंति अवरगइजीवा ।**
**विगलत्तेणं पुण ते हवंति अनिरईय अमरजुयला ॥११२१॥**

**નારકીઓ અને યુગલિકો સિવાયના બીજી ગતિના જીવો એકેન્દ્રિયમાં જાય છે. નારકો, દેવો અને યુગલિક સિવાયના જીવો વિકલેન્દ્રિયપણે થાય છે.**

નારકી અને યુગલિકો સિવાય બીજી ગતિના જીવો એટલે સંખ્યાત વર્ષાયુવાળા એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરિંદ્રિય, પંચેન્દ્રિય તિર્યંચો, મનુષ્યો, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને સૌધર્મ ઈશાન દેવલોકના દેવો, એકેન્દ્રિયમાં પૃથ્વીકાય વગેરેમાં આવે છે. પરંતુ સનતકુમાર આદિ દેવો પૃથ્વીકાય વિગેરેમાં આવતા નથી.

દેવો તથાસ્વભાવથી તેઉ, વાયુ સિવાયના પર્યાપ્તબાદર એકેન્દ્રિયમાં આવે છે એમ જાણવું. તથા નારકો, દેવો, યુગલિકો સિવાયના તિર્યંચ અને મનુષ્યો વિકલેંદ્રિયરૂપે થાય છે એટલે બેઇંદ્રિય, તેઈન્દ્રિય, ચૌરિંદ્રિયમાં આવે છે. (૧૧૨૧)

**हुंति हु अमणतिरिच्छा नरतिरिया जुयलधम्मिए मोत्तुं ।**
**गब्भचउप्पयभावं पावंति अजुयलचउगइया ॥११२२॥**

**યુગલિક મનુષ્ય, તિર્યંચ સિવાયના બીજા મનુષ્ય તિર્યંચો અસંજ્ઞિ તિર્યંચ થાય છે. ગર્ભજ ચતુષ્પદમાં યુગલિક સિવાયના ચારે ગતિના જીવો આવે છે.**

યુગલિક તિર્યંચ મનુષ્યો સિવાયના બીજા મનુષ્યતિર્યંચો અસંજ્ઞિ એટલે મન વગરના તિર્યંચો થાય છે. ઉપલક્ષણથી અમનસ્ક મનુષ્ય પણ થાય છે. આનો ભાવ એ છે કે સંખ્યાત વર્ષાયુવાળા મનુષ્ય તિર્યંચો જ અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ મનુષ્યમાં ઉત્પન્ન થાય છે. પણ દેવ-નારકો નહીં.

તથા યુગલિક મનુષ્ય તિર્યંચોને છોડી ચારે ગતિના જીવો ગર્ભજ ચતુષ્પદભાવને પામે છે. પરંતુ દેવો સહસ્રાર સુધીના જ જાણવા. કેમકે આનત વગેરે ઉપરના દેવલોકના દેવો મનુષ્યમાં જ ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે બાકીના ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિયનું પણ જાણવું. જીવાભિગમ વગેરેમાં ચારગતિના જીવોની જળચર વગેરેમાં ઉત્પત્તિ કહી છે. (૧૧૨૨)

नेरइया अमरावि य तेरिच्छा माणवा य जायंति ।
मणुयत्तेणं वज्जित्तु जुयलधम्मियनरतिरिच्छा ॥११२३॥

નારકીઓ, દેવો તથા યુગલિક મનુષ્ય, તિર્યંચ સિવાયના તિર્યંચો, મનુષ્યો, ગર્ભજ મનુષ્યરૂપે ઉત્પન્ન થાય છે. (૧૧૨૩)

## ૧૯૨–૧૯૩. ઉત્પત્તિ–મરણનો વિરહકાળ અને સંખ્યા

भिन्नमुहुत्तो विगलेंदियाण संमुच्छिमाण य तहेव ।
बारस मुहूत्त गब्भे सव्वेसु जहन्नओ समओ ॥११२४॥

બેઇન્દ્રિય, તેઇંદ્રિય, ચૌરિંદ્રિયરૂપ વિકલેન્દ્રિયો, અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચરૂપ સંમૂર્ચ્છિમો આ દરેકનો ઉત્કૃષ્ટથી ઉત્પત્તિનો વિરહકાળ ભિન્ન મુહૂર્ત એટલે અંતર્મુહૂર્ત છે. તથા ગર્ભજ પંચેંદ્રિય તિર્યંચનો ઉત્કૃષ્ટ ઉત્પત્તિ વિરહકાળ બાર મુહૂર્ત છે. જઘન્યથી બધાય વિકલેન્દ્રિય વગેરેનો ઉપપાત વિરહકાળ એક સમય છે. (૧૧૨૪)

उव्वट्टणावि एवं संखा समएण सुरवरु तुल्ला ।
नरतिरियसंख सव्वेसु जंति सुरनारया गब्भे ॥११२५॥

**ઉદ્વર્તના એટલે મરણ પણ ઉપપાત પ્રમાણે જાણવું. એની સંખ્યા એક સમયમાં દેવોના સમાન જાણવી. સંખ્યાતાવર્ષાયુવાળા મનુષ્ય તિર્યંચો બધામાં જાય છે. દેવ નારકો ગર્ભજમાં જાય છે.**

વિકલેન્દ્રિય, સંમૂર્ચ્છિમો અને ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચોનો ઉત્પત્તિ વિરહકાળ સરખું મરણ વિરહકાળ પણ જાણવો.

આ બેઈન્દ્રિય વગેરેની જ એક સમયમાં ઉત્પત્તિ અને મરણમાં જે સંખ્યા હોય છે તે દેવોના સમાન જાણવી. તે આ પ્રમાણે કહી છે. 'એક સમયમાં એક, બે, ત્રણ, સંખ્યાત, અસંખ્યાતા જીવો ઉત્પન્ન થાય છે અને મરણ પામે છે.

સંખ્યાત વર્ષાયુવાળા મનુષ્ય, તિર્યંચો બધા સ્થાનમાં જાય છે એટલે ચારે ગતિમાં ઉત્પન્ન થાય છે.

सूत्रस्य सूचामात्रपरत्वात् એ ન્યાયે सुरनारया गब्भे थी એવો અર્થ કરવો કે દેવો અને નારકો ગર્ભજ પર્યાપ્ત સંખ્યાતા વર્ષાયુવાળા તિર્યંચ મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે. બીજે નહીં. પરંતુ દેવો એકેન્દ્રિયમાં પણ જાય છે. કહ્યું છે કે 'દેવોની બાદર પર્યાપ્ત પૃથ્વીકાય, અપ્કાય, વનસ્પતિકાયમાં ઉત્પત્તિ છે. તે ઉત્પત્તિ ઈશાન સુધીના દેવોની છે. તેના ઉપરના દેવોની નહીં. (૧૧૨૫)

**बारस मुहुत्त गब्भे मुहुत्त सम्मुच्छिमेसु चउवीसं ।**
**उक्कोस विरहकालो दोसुवि य जहन्नओ समओ ॥११२६॥**
**एमेव य उव्वट्टणसंखा समएण सुरवरुतुल्ला ।**
**मणुएसुं उववज्जेऽसंखाउय मोत्तु सेसाओ ॥११२७॥**

**ગર્ભજ મનુષ્યમાં ઉત્કૃષ્ટ વિરહકાળ બાર મુહૂર્ત અને સંમૂર્ચ્છિમ મનુષ્યમાં ઉત્કૃષ્ટ વિરહકાળ ચોવીસ મુહૂર્ત છે. જઘન્ય બંનેમાં વિરહકાળ એક સમય છે. એ પ્રમાણે મરણનો વિરહકાળ જાણવો. એક સમયમાં ઉત્પત્તિ મરણની સંખ્યા દેવોના સમાન છે. મનુષ્યોમાં અસંખ્ય વર્ષાયુવાળાને છોડી બાકીના બધા જીવો ઉત્પન્ન થાય છે.**

તિર્યંચોનો ઉપપાત, ચ્યવનનો વિરહકાળ અને એક સમયમાં સંખ્યા કહી. પ્રસંગાનુસારે સામાન્ય ગતિ દ્વાર પણ કહ્યું. હવે આ બધો વિષય મનુષ્યોને આશ્રયી કહે છે.

ગર્ભજ મનુષ્યનો ઉત્કૃષ્ટ ઉપપાત વિરહકાળ બાર મુહૂર્ત છે. અને સંમૂર્ચ્છિમ મનુષ્યનો ઉત્કૃષ્ટ ઉપપાત વિરહકાળ ચોવીસ મુહૂર્ત છે. જઘન્યથી બંનેનો એક સમયનો વિરહકાળ છે. તથા ઉદ્વર્તના એટલે ચ્યવનનો વિરહકાળ, ઉપપાત વિરહકાળના સમાન જાણવો.

ઉત્પન્ન થતા અને મરતા મનુષ્યોની એક સમયની સંખ્યા દેવો સમાન જાણવી. તે આ પ્રમાણે. 'એક સમયમાં એક, બે, ત્રણ, સંખ્યાત-અસંખ્યાત જીવો ઉત્પન્ન થાય છે. અને મરણ પામે છે. ૧. અહીં અસંખ્યાતપણું સામાન્યથી ગર્ભજ અને સમૂર્ચ્છિમના સંગ્રહની અપેક્ષાએ જાણવું. તથા અસંખ્યાત વર્ષાયુ મનુષ્ય તિર્યંચના ઉપલક્ષણથી સાતમી નરકના નારકો અને તેઉવાયુને છોડી બાકીના બધા દેવો, નારકો તિર્યંચો અને મનુષ્યો, મનુષ્યમાં ઉત્પન્ન થાય છે. (૧૧૨૬-૧૧૨૭)

# ૧૯૪. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી, વૈમાનિક દેવોની સ્થિતિ

**भवणवइवाणमंतरजोइसियविमाणवासिणो देवा ।**

**दस १ अट्ठ २ पंच ३ छव्वीस ४ संखजुत्ता कमेण इमे ॥११२८॥**

**ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી, વિમાનવાસી આ દેવો અનુક્રમે દસ, આઠ, પાંચ અને છવીસ એમ સંખ્યાવાળા છે.**

**ભવનપતિ** પૂર્વભવમાં પ્રાપ્ત કરેલ પુણ્યના સમૂહ વડે વિશિષ્ટ ભોગ સુખવાળા જીવ વિશેષ તે દેવ.

જેઓ આકાશમાં રહ્યા દીપી રહ્યા છે, તે દેવો. તેમના મૂળભેદ ચાર છે. તે આ પ્રમાણે ૧. ભવનપતિ, ૨. વ્યંતર, ૩. જ્યોતિષી, ૪. વિમાનવાસી.

ભવનોનાપતિ એટલે તેમાં વસવા વડે તેના સ્વામી તે ભવનપતિ દેવો અને તે રહેવાપણું મોટે ભાગે નાગકુમાર વગેરેની અપેક્ષાએ જાણવું. કેમકે તેઓ પ્રાયઃ કરી ભવનોમાં વસે છે. ક્યારેક આવાસોમાં અસુરકુમારો ઘણે ભાગે આવાસોમાં વસે છે. ક્યારેક ભવનોમાં વસે છે. ભવન અને આવાસ વચ્ચે આ પ્રમાણે તફાવત છે.

ભવનો બહારથી ગોળ અને અંદરથી ચોરસ છે. નીચેના ભાગે કર્ણિકાના આકારના છે. આવાસો કાયમાન સ્થાનીય મહામંડપરૂપ છે અને વિચિત્ર એટલે વિવિધ પ્રકારના મણિરત્નના પ્રકાશવડે સમસ્ત દિશા સમૂહને પ્રકાશિત કરનારા છે.

**વાણવ્યંતર** જેમનો પર્વતોના અંતર એટલે મધ્યમાં, ગુફાઓના અંતરમાં, વનોના અંતરમાં એમ વિવિધ પ્રકારના અંતરોમાં વાસ (આશ્રય) છે તે વનાન્તર કહેવાય છે. અથવા મનુષ્યો સાથેનું અંતર જેમનામાંથી નીકળી ગયું છે. તે વ્યંતરો, ચક્રવર્તી, વાસુદેવ વગેરે મનુષ્યોની પણ કેટલાક દેવો નોકરની જેમ સેવા કરે છે. માટે કહેવાય છે કે મનુષ્ય વચ્ચેના અંતર વગરના છે.

વાનમંતર એ પાઠ લઈએ તો તેમાં પણ વનોના અંતરાઓ તે વનાંતરો, તે વનાંતરોમાં ઉત્પન્ન થયેલા અથવા વસેલા તે વાનમંતરો. અહીં તો વ્યુત્પત્તિ નિમિત્ત કે પ્રવૃત્તિ નિમિત્તમાં બધે જાતિભેદને જ અનુસરવાનું છે.

**જ્યોતિષી** જે જગતને પ્રકાશિત કરે તે, જ્યોતિષી, તે જ્યોતિષી વિમાનમાં ઉત્પન્ન થયેલા દેવો જ્યોતિષીદેવો કહેવાય છે.

**વિમાનવાસી** જે પુણ્યવાન જીવો વડે વિવિધ પ્રકારે ભોગવાય તે વિમાન. તે વિમાનોમાં વસનારા દેવો તે વિમાનવાસી એટલે વૈમાનિક દેવો કહેવાય છે.

આ ભવનપતિ વગેરે દેવોનાં અનુક્રમે દશ, આઠ, પાંચ અને છવ્વીસ ભેદ છે. (૧૧૨૮)

હવે આ ચારે દેવોના ક્રમસર ભેદો કહે છે, તેમાં પ્રથમ ભવનપતિના ભેદો કહે છે.

ભવનપતિ :–

असुरा १ नागा २ विज्जू ३ सुवन्न ४ अग्गी ५ य वाउ ६ थणिया ७ य ।
उदही ८ दीव ९ दिसाविय १० दस भेया भवणवासीणं ॥११२९॥

**ભવનવાસીના દશ ભેદો આ પ્રમાણે છે. ૧. અસુરકુમાર, ૨. નાગકુમાર, ૩. વિદ્યુતકુમાર, ૪. સુવર્ણકુમાર, ૫. અગ્નિકુમાર, ૬. વાયુકુમાર, ૭. સ્તનિતકુમાર, ૮. ઉદધિકુમાર, ૯. દ્વિપકુમાર, ૧૦. દિશીકુમાર.**

ભવનવાસી દેવોના પેટાભેદો આશ્રયી નાગકુમાર આદિ દશ ભેદો થાય છે.

**પ્રશ્ન :–** આ દેવો કુમાર એમ શા માટે કહેવાય છે?

**ઉત્તર :–** કુમારની જેમ ચેષ્ટા-વર્તન કરનારા હોવાથી. તે આ પ્રમાણે આ બધા જ દેવો કુમારની જેમ શૃંગાર કરવાની ઈચ્છાથી વિશિષ્ટ વિશિષ્ટતર ઉત્તર રૂપ ક્રિયા, ઉદ્ધતરૂપ વેષભૂષા, ભાષા, આભરણ, હથિયાર અને એના આવરણ, યાન વાહનવાળા, અતિ ઉત્કટ રાગવાળા અને રમત પરાયણ કુમાર જેવા હોવાથી કુમાર કહેવાય છે.

ભેદોનો આ ક્રમ ગાથાનુબંધ તથા ગાથાનુલોમના કારણે કોઈક જગ્યાએ આ પ્રમાણે પણ કહ્યો છે. પરંતુ પ્રજ્ઞાપના વગેરેમાં આ ક્રમ કહેલો છે. ૧. અસુરકુમાર, ૨. નાગકુમાર, ૩. સુવર્ણકુમાર, ૪. વિદ્યુતકુમાર, ૫. અગ્નિકુમાર, ૬. દ્વીપકુમાર, ૭. ઉદધિકુમાર, ૮. દિશિકુમાર, ૯. પવનકુમાર, ૧૦. સ્તનિતકુમાર આ ભવનવાસિના દસ ભેદો છે. (૧૧૨૯)

વ્યંતર :–

पिसाय १ भूया २ जक्खा ३ य रक्खसा ४ किन्नरा ५ य किंपुरिसा ६ ।
महोरगा ७ य गंधव्वा ८ अट्ठविहा वाणमंतरिया ॥११३०॥

હવે વ્યંતરના ભેદો કહે છે. ૧. પિશાચ, ૨. ભૂત, ૩. યક્ષ, ૪. રાક્ષસ, ૫. કિન્નર, ૬. કિંપુરુષ, ૭. મહોરગ, ૮. ગાંધર્વ-એમ આઠ પ્રકારે વાનમંતર દેવો છે. (૧૧૩૦)

અહીં બીજા આઠ વ્યંતરભેદો છે. તે કહે છે.

अणवन्निय १ पणवन्निय २ इसिवाइय ३ भूयवाइए ४ चेव ।
कंदिय ५ तह महकंदिय ६ कोहंडे ७ चेव पयगे ८ य ॥११३१॥
इय पढमजोयणसए रयणाए अट्ठ वंतरा अवरे ।
तेसु इह सोलसिंदा रुयगअहो दाहिणुत्तरओ ॥११३२॥

**૧. અપ્રજ્ઞપ્તિક, ૨. પંચ પ્રજ્ઞપ્તિક, ૩. ઋષિવાદિત, ૪. ભૂતવાદિત, ૫. કંદિત, ૬. મહાકંદિત, ૭. કૂષ્માંડ, ૮. પતંગ.**

**રત્નપ્રભાના પહેલા સો યોજનમાં આ આઠ વ્યંતરો છે. તેમના સોળ ઈંદ્રો રૂચકની નીચે ઉત્તર-દક્ષિણ દિશામાં છે.**

અપ્રજ્ઞપ્તિક, પંચપ્રજ્ઞપ્તિક, ઋષિવાદિત, ભૂતવાદિત, ક્રન્દિત, મહાક્રન્દિત, કૂષ્માંડ અને પતંગ એ પ્રમાણે બીજા પિશાચ વગેરે સિવાય આઠ વ્યંતરના ભેદો છે. તેઓ રત્નપ્રભા, પૃથ્વીના પહેલા એટલે ઉપરના સો યોજનમાં હોય છે. આનો ભાવાર્થ એ છે કે, રત્નપ્રભા-પૃથ્વીના ઉપરના રત્નકાંડરૂપ એકહજાર યોજનમાં ઉપર નીચેના સો સો યોજન છોડી વચ્ચેના આઠસો યોજનના ભાગમાં પિશાચ વગેરે આઠ વ્યંતરનિકાય છે. તેમાં ઉપર જે સો યોજન છોડયા હતા તેમાં ઉપર નીચે દશ, દશ યોજન છોડી વચ્ચેના (એંસી) યોજનમાં અપ્રજ્ઞપ્તિ વગેરે આઠ વ્યંતરો રહે છે. તે અપ્રજ્ઞપ્તિ વગેરે આઠ વ્યંતર નિકાયોમાં રૂચક પ્રદેશોની નીચે ઉત્તર અને દક્ષિણ તરફના ભાગના બે બે ઇંદ્રો હોવાથી સોળ ઇંદ્રો થાય છે.

એ પ્રમાણે પિશાચ વગેરે આઠ નિકાયોમાં સોળ, દશ ભવનપતિઓમાં વીસ ઇંદ્રો હોય છે. આથી વીસ ભવનપતિના ઇંદ્રો બત્રીસ વ્યંતરોના ઇંદ્રો, સૂર્ય, ચંદ્રના અસંખ્ય ઇંદ્રો હોવા છતાં જાતિમાત્રરૂપે ગણતા સૂર્યચંદ્રના બે ઇંદ્રો એટલે જ્યોતિષીના બે ઇંદ્રો અને દશ સૌધર્મ વગેરે દેવલોકના ઇંદ્રો આ બધા મેળવતા ચોસઠ (૬૪) ઇંદ્રો થાય છે. (૧૧૩૧-૧૧૩૨)

જ્યોતિષી :-

**चंदा १ सूरा २ य गहा ३ नक्खत्ता ४ तारया ५ य पंच इमे ।**
**एगे चल जोइसिया घंटायारा थिरा अवरे ॥११३३॥**

ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા—એમ પાંચ જ્યોતિષીના ભેદો છે. તેમાં જે મનુષ્ય ક્ષેત્રમાં રહેલા જ્યોતિષીઓ મેરુની ચારે બાજુ પ્રદક્ષિણારૂપે હંમેશા ફરતા હોવાથી ચલ છે.

બીજા જે માનુષોત્તર પર્વતથી આગળ સ્વયંભૂરમણ સમુદ્ર સુધીમાં રહ્યા છે, તે બધાયે હંમેશા સ્થિર રહેવાના સ્વભાવવાળા અને નહીં ચાલવાના સ્વભાવવાળા હોવાથી ઘંટાકાર જેવા એટલે ઘંટની જેમ સ્થાનમાં રહેનારા હોવાથી અચલ કહેવાય છે. (૧૧૧૩)

**सोहंमी १ साण २ सणंकुमार ३ माहिंद ४ बंभलोयमिहा ५ ।**
**लंतय ६ सुक्क ७ सहस्सार ८ आणय ९ प्पाणया १० कप्पा ॥११३४॥**
**तह आरण ११ अच्चुया १२ विहु इण्हि गेविज्जवरविमाणाइं ।**
**पढमं सुदरिसणं १३ तस्स बिइयं सुप्पबुद्धंति १४ ॥११३५॥**
**तइयं मणोरमं १५ तह विसालनामं १६ च सव्वओभद्दं १७ ।**
**सोमणसं १८ सोमाणस १९ मह्पीइकरं च २० आइच्चं २१ ॥११३६॥**
**विजयं च २२ वेजयंतं २३ जयंत २४ मपराजियं २५ च सव्वट्ठं २६**
**एयमणुत्तरपणगं एएसिं चउव्विहसुराणं ॥११३७॥**

**વૈમાનિક :–**

કલ્પોપન્ન અને કલ્પાતીત એમ બે પ્રકારે વૈમાનિકદેવો છે.

કલ્પ એટલે આચાર. તે આચાર અહીં ઈન્દ્ર, સામાનિક, ત્રાયસ્ત્રિંશત્ વગેરે વ્યવસ્થારૂપ જાણવો. તે કલ્પયુક્ત જે હોય, તે કલ્પોપન્ન અને કલ્પરહિત હોય, તે કલ્પાતીત.

કલ્પોપન્ન દેવો બાર પ્રકારે છે. તે આ પ્રમાણે–સૌધર્મ દેવલોકમાં રહેનારા સૌધર્મ દેવો કહેવાય. ઈશાનદેવલોકમાં રહેનારા ઈશાનદેવો કહેવાય. એમ આગળ બધે વિચારી લેવું. જેમ तात्स्थ्यात् तद्व्यपदेश એટલે જ્યાં રહેતા હોય તે તે રૂપે કહેવાય. દા.ત. પંચાલદેશમાં રહેનારા પાંચાલ કહેવાય છે. એ પ્રમાણે બાર દેવલોકના દેવો ૧. સૌધર્મ, ૨. ઈશાન, ૩. સનતકુમાર, ૪. માહેન્દ્ર, ૫. બ્રહ્મદેવલોક, ૬. લાંતક, ૭. મહાશુક્ર, ૮. સહસ્રાર, ૯. આનત, ૧૦. પ્રાણત, ૧૧. આરણ, ૧૨. અચ્યુત.

કલ્પાતીત દેવો ગ્રૈવેયક અને અનુત્તરવાસી એમ બે પ્રકારે છે. તે બધાયે અહમિંદ્રો છે. તેમાં ગ્રૈવેયક એટલે લોક પુરુષાકારના ગ્રીવા એટલે ડોકના ભાગે જેમના વિમાનો રહેલા છે. તે ગ્રૈવેયક નવ પ્રકારે છે. ૧. સુદર્શન, ૨. સુપ્રબુદ્ધ, ૩. મનોરમ, ૪. વિશાલ, ૫. સર્વતોભદ્ર, ૬. સુમન, ૭. સૌમનસ, ૮. પ્રીતિકર, ૯. આદિત્ય.

જેમનાથી ઉત્તર એટલે પ્રધાન શ્રેષ્ઠ વિમાનો નથી તે અનુત્તર તે ૧. વિજય, ૨. વૈજયંત, ૩. જયંત, ૪. અપરાજિત અને ૫. સર્વાર્થસિદ્ધ–એ પાંચ પ્રકારે છે. આ વિમાનોમાં રહેનારા દેવો પણ આ નામના જ કહેવાય છે. બધા મળી વૈમાનિકના છવ્વીસ ભેદો થયા.

હવે મૂળભેદની અપેક્ષાએ ભવનપતિ વગેરે ચાર પ્રકારના દેવોની આયુષ્યરૂપ સ્થિતિનું પ્રતિપાદન કરે છે. (૧૧૩૪-૧૧૩૭)

**चमरबलि सारमहियं सेसाण सुराण आउयं वोच्छं ।**
**दाहिण दिवड्ढपलियं दो देसूणुत्तरिल्लाणं ॥११३८॥**

**ચમરેંદ્ર અને બલીંદ્રનું આયુષ્ય એક સાગરોપમ અને સાધિક સાગરોપમ છે. દક્ષિણ દિશાના દેવોનું દોઢ પલ્યોપમનું અને ઉત્તરદિશાના દેવોનું દેશોન બે પલ્યોપમ છે.**

ભવનપતિમાં અસુરકુમાર વગેરે દશ નિકાયો છે. તેમાં તે નિકાયોના મેરુની દક્ષિણ દિશા તરફ અને મેરુની ઉત્તરદિશા તરફ–એમ બે ભાગો છે. તેમાં અસુરકુમારના દક્ષિણદિશા તરફના ઈન્દ્ર ચમરેંદ્ર નામના છે અને ઉત્તરદિશા તરફના બલિંદ્ર નામના ઈંદ્ર છે.

ચમરેંદ્ર અને બલિંદ્રનું ઉત્કૃષ્ટ આયુષ્ય અનુક્રમે સાગરોપમ અને સાધિક સાગરોપમ છે. એટલે દક્ષિણ દિશાના અસુરેંદ્ર ચમરનું ઉત્કૃષ્ટ આયુષ્ય એક સાગરોપમનું છે. અને ઉત્તર દિશાના અસુરેંદ્ર બલીંદ્રનું ઉત્કૃષ્ટ આયુષ્ય સાધિક એક સાગરોપમ છે.

ચમર અને બલિ સિવાયના બાકીના નાગકુમાર વગેરે નવ નિકાયના ધરણેંદ્ર વગેરે ઈંદ્રોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ગ્રંથકાર કહે છે.

દક્ષિણ દિશાના નાગકુમાર વગેરે નવનિકાયના અધિપતિ ધરણેંદ્ર વગેરે નવ ઈંદ્રોનું ઉત્કૃષ્ટ આયુષ્ય દોઢ પલ્યોપમ છે. ઉત્તરદિશાના નાગકુમાર વગેરે નવનિકાયના ભૂતાનંદ વગેરે નવ ઈંદ્રોનું ઉત્કૃષ્ટ આયુષ્ય કંઈક ન્યૂન બે પલ્યોપમ છે. ઉત્તર દિશામાં રહેલા આ ઈન્દ્રો સ્વભાવથી જ શુભ અને દીર્ઘાયુષી હોય છે. દક્ષિણ દિશામાં રહેલા એનાથી વિપરીત હોય છે. (૧૧૩૮)

ભવનપતિદેવોનું ઉત્કૃષ્ટાયુ કહ્યું. હવે ભવનપતિ અને વ્યંતરદેવીઓનું ઉત્કૃષ્ટ આયુ કહે છે.

**अड्डुट्ठ अद्धपंचमपलिओवम असुरजुयलदेवीणं ।**
**सेसवणदेवयाण य देसूणद्धपलियमुक्कोसं ॥११३९॥**

**અસુર યુગલદેવીઓનું સાડા ત્રણ અને સાડા ચાર પલ્યોપમ આયુષ્ય છે બાકીની નવનિકાયની દેવી અને વ્યંતરદેવીઓનું દેશોન એક પલ્યોપમ અને અડધો પલ્યોપમ આયુષ્ય છે.**

અસુરોના ઈન્દ્ર, ચમરેંદ્ર અને બલીંદ્ર એ બેની દેવીઓનું ઉત્કૃષ્ટ આયુષ્ય અનુક્રમે આ પ્રમાણે છે. ચમરેન્દ્ર દેવીઓનું સાડા ત્રણ પલ્યોપમ છે અને બલીન્દ્રદેવીઓનું સાડાચાર પલ્યોપમ છે.

બાકીના નાગકુમાર વગેરે નવનિકાયના ઉત્તરદિશાના ઈંદ્રોની દેવીઓનું તથા વ્યંતરોની ઉત્તર દક્ષિણ દિશાની દેવીઓનું તથા નાગકુમાર વગેરેના નવનિકાયના દક્ષિણ દિશાના ઈંદ્રોની દેવીઓનું અનુક્રમે ઉત્કૃષ્ટ આયુષ્ય કંઈક ન્યૂન એક પલ્યોપમ અને અડધો પલ્યોપમ છે. આનો ભાવાર્થ એ છે.

ઉત્તરદિશાના નાગકુમારના ઈંદ્રોની દેવીઓનું ઉત્કૃષ્ટ આયુષ્ય દેશોન પલ્યોપમ એટલે એક પલ્યોપમમાં થોડો ભાગ ઓછો છે.

દક્ષિણદિશાના નવનિકાયના ઈંદ્રોની દેવીઓનું તેમજ દક્ષિણ અને ઉત્તરદિશાના વ્યંતર ઈંદ્રોની દેવીઓનું ઉત્કૃષ્ટ આયુ અડધો પલ્યોપમ છે.

હવે કેટલાક વ્યંતરદેવીઓનું ઉત્કૃષ્ટ આયુષ્ય श्री ह्री धृतिकीर्तिबुद्धिलक्ष्म्यः पल्योपमस्थितयः એવા વચનો સાંભળી એક પલ્યોપમની સ્થિતિ કહે છે. તે તેમની આગમની અજ્ઞાનતાનો વિલાસ છે. કેમકે પ્રજ્ઞાપનામાં કહ્યું છે કે,

वाणमंतरीणं भंतेकेवइकालं ठिई पन्नता? गोयमा! जहन्नेणं दसवास सहस्साइं उक्कोसेणं अद्धपलिओवमम्' 'હે ભગવંત! વાણવ્યંતરીઓની કેટલી સ્થિતિ એટલે આયુષ્ય છે? હે ગૌતમ! જઘન્યથી દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટથી અડધો પલ્યોપમ છે.'

શ્રી વગેરે દેવીઓ ભવનપતિ નિકાયની છે. હરિભદ્રસૂરિ મહારાજે સંગ્રહણી ટીકામાં કહ્યું છે કે,

तासां भवनपतिनिकायान्तर्गतत्वात्.

તેઓ ભવનપતિનિકાયાંતર્ગત છે. (૧૧૩૯)

હવે ભવનપતિ વ્યંતરદેવ–દેવીઓની જઘન્ય સ્થિતિ અને વ્યંતરદેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ કહે છે.

**दस भवणवणयराणं वाससहस्सा ठिई जहण्णेणं ।**
**पलिओवममुक्कोसं वंतरियाणं वियाणिज्जा ॥११४०॥**

**ભવનપતિ, વ્યંતરદેવ દેવીઓનું જઘન્ય આયુષ્ય દશ હજાર વર્ષ છે. વ્યંતરોનું ઉત્કૃષ્ટ આયુષ્ય એક પલ્યોપમનું જાણવું.**

ભવનપતિ અને વ્યંતરદેવો અને દેવીઓનું જઘન્ય આયુષ્ય દસ હજાર વર્ષ છે. જઘન્ય એટલે નીચેનો એકદમ હલકો ભાગ. ત્યાં આગળ જે થયેલા રામમલ વગેરે જઘન્ય કહેવાય. તે થોડા, તેનાથી બીજા પણ થોડા એ પ્રમાણે જઘન્ય કહેવાય. અહીં ભાવપ્રધાન નિર્દેશ હોવાથી જઘન્યરૂપે–સહુથી થોડારૂપે અર્થ લેવો.

વ્યંતરદેવોનું ઉત્કૃષ્ટ આયુ એક પલ્યોપમનું જાણવું અને તેમની દેવીઓનું ઉત્કૃષ્ટ આયુ અડધો પલ્યોપમ છે. એમ આગળ કહ્યું છે. (૧૧૪૦)

હવે જ્યોતિષી દેવ–દેવીઓની ઉત્કૃષ્ટ અને જઘન્ય સ્થિતિ કહે છેઃ–

**पलियं सवरिसलक्खं ससीण पलियं रवीणस सहस्सं ।**
**गहणक्खत्ततारण पलियमद्धं च चउब्भागो ॥११४१॥**
**तद्देवीणवि तट्ठिइ अद्धं अहियं तमंतदेविदुगे ।**
**पाओ जहन्नमट्ठसु तारयतारीणमट्ठंसो ॥११४२॥**

**ચંદ્રનું લાખ વર્ષ અધિક એક પલ્યોપમ, સૂર્યનું હજાર વર્ષાધિક એક પલ્યોપમ, ગ્રહનું એક પલ્યોપમ, નક્ષત્રનું અડધો પલ્યોપમ અને તારાનું પા ($\frac{1}{4}$) પલ્યોપમ ઉત્કૃષ્ટ આયુ છે.**

**તેમની દેવીઓનું ઉત્કૃષ્ટ આયુ તે દેવોથી અડધું છે. છેલ્લા બે નક્ષત્ર અને તારાની દેવીનું દેવોથી સાધિક અડધું છે. જઘન્યાયુ તારા દેવ–દેવી સિવાય આઠનું પલ્યોપમનો ચોથો ભાગ છે અને તારાદેવ–દેવીનું પલ્યોપમનો આઠમો ભાગ છે.**

જ્યોતિષીદેવો ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારા એમ પાંચ પ્રકારે છે અને તેમની દેવીઓ પણ પાંચ પ્રકારે છે. એમ બંને મળીને દસ ભેદો થયા. તેમાં ચંદ્રનું અસંખ્ય દ્વીપ સમુદ્રમાં રહેલા ચંદ્ર વિમાનોમાં રહેલા દેવોનું ઉત્કૃષ્ટ આયુ એક લાખ વર્ષાધિક એક પલ્યોપમ છે.

સૂર્યનું એટલે બધાયે સૂર્યોનું ઉત્કૃષ્ટ આયુષ્ય હજાર વર્ષાધિક એક પલ્યોપમ છે.

ગ્રહ, નક્ષત્ર, તારાઓનું અનુક્રમે, એક પલ્યોપમ, અડધો પલ્યોપમ અને પા (¼) પલ્યોપમ એમ ઉત્કૃષ્ટ આયુ છે. આનો ભાવ એ છે કે,

મંગલ, બુધ વગેરે ગ્રહોનું ઉત્કૃષ્ટ આયુષ્ય સંપૂર્ણ પલ્યોપમ પ્રમાણ છે. અશ્વિની વગેરે નક્ષત્રોનું અડધો પલ્યોપમ અને તારાદેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય પા (¼) પલ્યોપમ છે.

તેમની દેવીઓનું ઉત્કૃષ્ટ આયુષ્ય સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારા દેવોના આયુષ્યથી અડધા ભાગનું છે. ફક્ત છેલ્લી દેવીઓ એટલે નક્ષત્ર અને તારાદેવીનું સાધિક અર્ધભાગ ઉત્કૃષ્ટ આયુષ્ય જાણવું. આનો ભાવ એ છે કે, ચંદ્રવિમાનમાં રહેલી દેવીઓનું ઉત્કૃષ્ટ આયુ પચાસહજાર (૫૦,૦૦૦) વર્ષાધિક અડધો પલ્યોપમ છે. સૂર્યદેવીઓનું પાંચસો (૫૦૦) વર્ષાધિક અડધો પલ્યોપમ ઉત્કૃષ્ટાયુ છે. ગ્રહદેવીઓનું ઉત્કૃષ્ટાયુ અડધો પલ્યોપમ છે. નક્ષત્ર દેવીઓનું પલ્યોપમનો ચોથો ભાગ એટલે પા (¼) પલ્યોપમ વિશેષાધિક ઉત્કૃષ્ટાયુ છે. તારાદેવીઓનું ઉત્કૃષ્ટાયુ પલ્યોપમનો આઠમો ભાગ સાધિક છે.

હવે જઘન્ય આયુષ્ય તારાદેવ દેવીનું અલગ કહ્યું હોવાથી તેમના સિવાયના આઠ ભેદો સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, દેવદેવીઓનું જઘન્યાયુષ્ય પલ્યોપમનો ચોથોભાગ એટલે પા (¼) પલ્યોપમ છે. તથા તારા દેવ અને દેવીઓનું જઘન્ય આયુષ્ય પલ્યોપમનો આઠમો ભાગ છે. (૧૧૪૧–૧૧૪૨)

## હવે વૈમાનિકદેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ કહે છે.

दो साहि सत्त साहिय दस चउदस सत्तरेव अयराइं ।
सोहम्मा जा सुक्को तदुवरि एक्केकमारोवे ॥११४३॥
तेत्तीसऽयरुक्कोसा विजयाइसु ठिइ जहन्न इगतीसं ।
अजहन्नमणुक्कोसा सव्वट्ठे अयर तेत्तीसं ॥११४४॥

**બે સાગરોપમ, સાધિક બે સાગરોપમ, સાત સાગરોપમ, સાધિક સાત સાગરોપમ, દસ સાગરોપમ, ચૌદ સાગરોપમ, સત્તર સાગરોપમ ઉત્કૃષ્ટ આયુષ્ય સૌધર્મથી મહાશુક્ર દેવલોક સુધી જાણવું. એની ઉપર દેવલોક દીઠ એક એક સાગરોપમની વૃદ્ધિ કરતા વિજય વગેરે ચાર અનુત્તરમાં તેત્રીસ સાગરોપમનું ઉત્કૃષ્ટાયુ છે. જઘન્યાયુ એકત્રીસ સાગરોપમ છે. અને સર્વાર્થસિદ્ધમાં અજઘન્ય અનુત્કૃષ્ટ આયુ તેત્રીસ સાગરોપમ છે.**

સૌધર્મ દેવલોકથી મહાશુક્ર દેવલોક સુધી ઉત્કૃષ્ટ સ્થિતિ એટલે આયુષ્ય આ પ્રમાણે જાણવું.

સૌધર્મ દેવલોકમાં દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ બે અતર એટલે બે સાગરોપમ છે. જેને તરી ન શકાય તે અતર, ઘણો કાળ હોવાથી પાર ન પામી શકાય તેથી અતર એટલે

સાગરોપમ કહેવાય. ઈશાનમાં સાધિક બે સાગરોપમ, સનતકુમારમાં સાત સાગરોપમ, માહેન્દ્રમાં સાધિક સાત સાગરોપમ, બ્રહ્મલોકમાં દશ સાગરોપમ. લાંતકમાં ચૌદ સાગરોપમ, મહાશુક્રમાં સત્તર સાગરોપમ ઉત્કૃષ્ટાયુ છે. તે મહાશુક્ર દેવલોકની ઉપર સહસ્રાર વગેરે દરેક દેવલોકમાં અને દરેક ગ્રૈવેયકમાં આગળ આગળનાથી એક એક સાગરોપમ ઉત્કૃષ્ટ આયુ વિચારણામાં ઉમેરતા જવું. તે આ પ્રમાણે–

સહસ્રારમાં અઢાર સાગરોપમ, આનતમાં ઓગણીસ સાગરોપમ, પ્રાણતમાં વીસ સાગરોપમ, આરણમાં એકવીસ સાગરોપમ, અચ્યુતમાં બાવીસ સાગરોપમ, અધસ્તન અધસ્તન ગ્રૈવેયકમાં ત્રેવીસ સાગરોપમ, અધસ્તન મધ્યમમાં ચોવીસ સાગરોપમ, અધસ્તન ઉપરિતન ગ્રૈવેયકમાં પચ્ચીસ સાગરોપમ, મધ્યમ અધસ્તનમાં છવ્વીસ સાગરોપમ, મધ્યમ મધ્યમમાં સત્તાવીસ સાગરોપમ, મધ્ય ઉપરિતનમાં અઠ્ઠાવીસ સાગરોપમ, ઉપરિતન અધસ્તનમાં ઓગણત્રીસ સાગરોપમ, ઉપરિતન મધ્યમમાં ત્રીસ સાગરોપમ, ઉપરિતન ઉપરિતનમાં એકત્રીસ સાગરોપમ ઉત્કૃષ્ટાયુ છે.

એકેકની વૃદ્ધિપૂર્વક અનુત્તરમાં એકત્રીસ પછી બત્રીસ સાગરોપમ જ આવે. આથી તે અનુત્તરોમાં જે વિશેષ છે. તે કહે છે.

વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત–આ ચાર અનુત્તર વિમાનોમાં તેત્રીસ સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. અને આ ચારે વિજય વગેરેમાં જઘન્યાયુ એકત્રીસ સાગરોપમનું છે. તથા સર્વાર્થસિદ્ધ વિમાનમાં અજઘન્યોત્કૃષ્ટ સ્થિતિ (આયુષ્ય) તેત્રીસ સાગરોપમ છે. (૧૧૪૩–૧૧૪૪)

**હવે વૈમાનિક દેવોની અને દેવીઓની જઘન્ય સ્થિતિ કહે છે.**

**पलियं अहियं सोहंमीसाणेसु तओऽहकप्पठिइ ।**
**उवरिल्लंमि जहन्ना कमेण जावेक्कतीसयरा ॥११४५॥**
**सपरिग्गहेयराणं सोहंमीसाण पलियसाहियय़ं ।**
**उक्कोस सत्त पन्ना नव पणपन्ना य देवीणं ॥११४६॥**

**સૌધર્મ અને ઇશાન દેવલોકમાં દેવોની જઘન્ય સ્થિતિ એક પલ્યોપમ અને સાધિક એક પલ્યોપમ અનુક્રમે જાણવી. ત્યારપછી નીચેના કલ્પની ઉત્કૃષ્ટ સ્થિતિ તે ઉપરના કલ્પની જઘન્ય સ્થિતિ છે. એમ અનુક્રમે એકત્રીસ સાગરોપમ સુધી જાણવું. સૌધર્મ ઇશાન કલ્પમાં દેવીઓની જઘન્ય સ્થિતિ એક પલ્યોપમ અને સાધિક એક પલ્યોપમ જાણવી. ઉત્કૃષ્ટ સ્થિતિ સૌધર્મ દેવલોકમાં પરિગૃહિતાની સાત પલ્યોપમ અને અપરિગૃહિતાની પચાસ પલ્યોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. ઇશાન દેવલોકમાં પરિગૃહિતાની નવ પલ્યોપમ અને અપરિગૃહિતાની પંચાવન (૫૫) પલ્યોપમ છે.**

સૌધર્મ દેવલોકમાં એક પલ્યોપમ અને ઈશાન દેવલોકમાં સાધિક એક પલ્યોપમ જઘન્ય સ્થિતિ છે. તે પછી સનતકુમાર વગેરે ઉપરના દેવલોકમાં ગ્રૈવેયક અનુત્તર વિમાન સુધીના દેવોની જઘન્ય સ્થિતિ નીચેના કલ્પની જે ઉત્કૃષ્ટ સ્થિતિ તે ઉપર ઉપરના દેવલોકની જઘન્ય સ્થિતિ છે. આ ક્રમાનુસારે એકત્રીસ સાગરોપમ સુધી જાણવું, તે આ પ્રમાણે.

સૌધર્મ દેવલોકમાં જે બે સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. તે જ ઉપર રહેલા સનતકુમાર દેવલોકમાં જઘન્ય સ્થિતિ છે.

જે ઈશાન દેવલોકમાં સાધિક બે સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ છે. તે ઉપર રહેલા માહેન્દ્ર દેવલોકમાં જઘન્ય સ્થિતિ છે.

સનતકુમારમાં જે સાત સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ છે. તે ઉપર રહેલા બ્રહ્મલોકમાં જઘન્ય સ્થિતિ છે.

પ્રજ્ઞાપનામાં કહ્યું છે. 'બ્રહ્મલોક કલ્પમાં દેવોની કેટલા કાળની સ્થિતિ છે ? હે ગૌતમ ! જઘન્યથી સાત સાગરોપમ' તત્વાર્થભાષ્યમાં તો જે માહેન્દ્રમાં સાધિક સાત સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ કહી છે. તે બ્રહ્મદેવલોકની જઘન્ય સ્થિતિ થાય એમ કહ્યું છે.

બ્રહ્મલોકની દસ સાગરોપમરૂપ ઉત્કૃષ્ટ સ્થિતિ છે તે લાંતકમાં જઘન્ય સ્થિતિ છે.

લાંતકમાં ચૌદ સાગરોપમની જે ઉત્કૃષ્ટ સ્થિતિ છે તે મહાશુક્રમાં જઘન્ય સ્થિતિ છે.

મહાશુક્રની સત્તર સાગરોપમરૂપ ઉત્કૃષ્ટ સ્થિતિ છે તે સહસ્રારમાં જઘન્ય સ્થિતિ છે.

સહસ્રારની ઉત્કૃષ્ટ સ્થિતિ અઢાર સાગરોપમ છે તે આનતમાં જઘન્ય સ્થિતિ છે.

આનતની ઓગણીસ સાગરોપમરૂપ ઉત્કૃષ્ટ સ્થિતિ છે તે પ્રાણતની જઘન્ય સ્થિતિ છે.

પ્રાણતની વીસ સાગરોપમરૂપ ઉત્કૃષ્ટ સ્થિતિ છે તે આરણની જઘન્ય સ્થિતિ છે.

આરણની એકવીસ સાગરોપમરૂપ ઉત્કૃષ્ટ સ્થિતિ છે તે અચ્યુતની જઘન્ય સ્થિતિ છે.

અચ્યુતની બાવીસ સાગરોપમરૂપ ઉત્કૃષ્ટ સ્થિતિ છે તે અધસ્તન અધસ્તન ગ્રૈવેયકની જઘન્ય સ્થિતિ છે.

એમ એક એક સાગરોપમ વધતા વધતા વિજય, વૈજયંત, જયંત, અપરાજીતરૂપ ચાર અનુત્તરોમાં એકત્રીસ સાગરોપમ જઘન્ય સ્થિતિ જાણવી. સર્વાર્થસિદ્ધમાં જઘન્ય-સ્થિતિ નથી. કારણ કે ત્યાં આગળ તેત્રીસ સાગરોપમરૂપ અજઘન્યોત્કૃષ્ટરૂપ જ સ્થિતિ કહી છે.

હવે વૈમાનિક દેવીઓની જઘન્ય ઉત્કૃષ્ટ સ્થિતિ કહી છે. અહીં વૈમાનિક દેવીઓની ઉત્પત્તિ સૌધર્મ અને ઈશાન દેવલોકમાં જ છે. તે દેવીઓ ૧. પરિગૃહિતા એટલે કુળવધૂ જેવી, ૨. અપરિગૃહિતા એટલે વેશ્યા જેવી–એમ બે પ્રકારે છે. તેમાં પરિગૃહિતા અને અપરિગૃહિતા દેવીઓની સૌધર્મ અને ઈશાન દેવલોકમાં અનુક્રમે જઘન્ય સ્થિતિ એક પલ્યોપમ અને સાધિક એક પલ્યોપમની જાણવી. એટલે સૌધર્મ દેવલોકમાં પરિગૃહિતા દેવી અને અપરિગૃહિતા દેવીઓની જઘન્ય સ્થિતિ એક પલ્યોપમ છે. ઈશાનમાં પરિગૃહિતા અને અપરિગૃહિતા દેવીઓની સાધિક એક પલ્યોપમની જઘન્ય સ્થિતિ છે.

સૌધર્મ દેવલોકમાં પરિગૃહિતા અને અપરિગૃહિતાનું ઉત્કૃષ્ટ આયુ અનુક્રમે સાત પલ્યોપમ અને પચાસ પલ્યોપમનું જાણવું. ઈશાન દેવલોકમાં પરિગૃહિતા અને અપરિગૃહિતાનું ઉત્કૃષ્ટ આયુ અનુક્રમે નવ પલ્યોપમ અને પંચાવન પલ્યોપમનું જાણવું.

આનો ભાવ એ છે કે, સૌધર્મ દેવલોકમાં પરિગૃહિતાનું ઉત્કૃષ્ટ આયુ સાત પલ્યોપમ અને અપરિગૃહિતાનું ઉત્કૃષ્ટાયુ પચાસ પલ્યોપમ છે. ઈશાન દેવલોકમાં પરિગૃહિતાનું ઉત્કૃષ્ટાયુ નવ પલ્યોપમ અને અપરિગૃહિતાનું ઉત્કૃષ્ટાયુ પંચાવન પલ્યોપમ છે. (૧૧૪૫-૧૧૪૬)

## ૧૯૫. દેવોના ભવન

**सत्तेव य कोडीओ हवंति बावत्तरी सहसहस्सा ।**
**एसो भवणसमासो भवणवईणं वियाणिज्ञा ॥११४७॥**

ભવનપતિ દેવોની દશે નિકાયોમાં ભવનની કુલ સંખ્યા સાતક્રોડ, બહોતેર લાખ (૭,૭૨,૦૦૦૦૦) ની થાય છે. એમ જાણવું.

આ ભવનો ૧ લાખ એંસીહજાર યોજનની જાડાઈવાળી રત્નપ્રભા પૃથ્વીની ઉપર નીચે એક હજાર યોજન છોડી વચ્ચેના એક લાખ અઠ્ઠોતેર હજારમાં જાણવા. બીજાઓ કહે છે. નેવું હજાર (૯૦,૦૦૦) યોજન નીચે ભવનો છે. બીજે સ્થળે નીચે ઉપર હજાર યોજન છોડી બધે યથાયોગ્ય સ્થળે આવાસો છે. (૧૧૪૭)

**હવે ભવનપતિમાં દરેક નિકાયની અલગ અલગ ભવન સંખ્યા કહે છે.**

**चउसट्ठी असुराणं नागकुमाराण होइ चुलसीई ।**
**बावत्तरि कणगाणं वाउकुमाराण छन्नउई ॥११४८॥**
**दीवदिसाउदहीणं विज्जुकुमारिंदथणियअग्गीणं ।**
**छण्हंपि जुयलयाणं छावत्तरिमो सयसहस्सा ॥११४९॥**

દક્ષિણ ઉત્તર દિશામાં રહેલ અસુરકુમારની સર્વ ભવનોની સંખ્યા ચોસઠ લાખ (૬૪ લાખ), નાગકુમારોના ભવનો ચોરાસી લાખ (૮૪ લાખ), સુવર્ણકુમારના બોતેરલાખ (૭૨ લાખ), વાયુકુમારના છન્નુ (૯૬) લાખ, દ્વીપકુમાર, દિક્કુમાર, ઉદધિકુમાર, વિદ્યુતકુમાર, સ્તનિતકુમાર, અગ્નિકુમારના દરેકના ભવનોની સંખ્યા છોતેર (૭૬)-છોતેર લાખ છે. આ બધાનો સરવાળો કરતાં ઉપરોક્ત ગાથામાં કહેલ ૭ ક્રોડ ૭૨ લાખ થાય છે. (૧૧૪૮-૧૧૪૯)

**હવે વ્યંતરોના નગરની હકીકત કહે છે.**

**इह संति वणयराणं रम्मा भोमनयरा असंखिज्जा ।**
**तत्तो संखिज्जगुणा जोइसियाणं विमाणाओ ॥११५०॥**

**અહીં વ્યંતરોના ભૂમિમાં અસંખ્યાતા સુંદર નગરો છે. તેનાથી સંખ્યાતગુણા જ્યોતિષીના વિમાનો છે.**

આ તિર્છાલોકમાં રત્નપ્રભાના રત્નકાંડરૂપ પહેલા એક હજાર યોજનમાં ઉપર નીચે સો–સો યોજન છોડી, વ્યંતરોના જમીનમાં રહેલા અસંખ્યાતા સુંદર નગરો છે. આ નગરોમાં સુંદરતા એવી છે કે, ત્યાં રહેલા હંમેશા આનંદિત વ્યંતરોને પોતાનો સમય ક્યાં જાય છે. તેની પણ ખબર પડતી નથી. કહ્યું છે કે,

'ત્યાં રહેલા વ્યંતરદેવો ઉત્તમ દેવીઓના ગીત, વાજિંત્રના અવાજવડે હંમેશા સુખી અને આનંદિત હોવાથી પસાર થતા કાળની ખબર એમને પડતી નથી.' મનુષ્ય ક્ષેત્રની બહાર દ્વીપસમુદ્રોમાં જે વ્યંતરના નગરો છે. તેનું સ્વરૂપ જીવાભિગમ વગેરે શાસ્ત્રોથી જાણવું. તે વ્યંતર નગરોથી સંખ્યાતગુણા જ્યોતિષી દેવોના વિમાનો છે (૧૧૫૦)

**હવે વૈમાનિકદેવોના વિમાનોની સંખ્યા કહે છે.**

**बत्तीसऽट्ठावीसा बारस अट्ठ चउरो सयसहस्सा ।**
**आरेण बंभलोया विमाणसंखा भवे एसा ॥११५१॥**

બ્રહ્મદેવલોક સુધી વિમાનોની સંખ્યા આ પ્રમાણે છે. ૧. સૌધર્મ દેવલોકમાં બત્રીસ લાખ, ૨. ઈશાન દેવલોકમાં અઠ્ઠાવીસ લાખ, ૩. સનતકુમાર દેવલોકમાં બારલાખ, ૪. ચોથા માહેન્દ્રમાં આઠલાખ અને ૫. બ્રહ્મદેવલોકમાં ચારલાખ વિમાનો છે. (૧૧૫૧)

**पंचास चत्त छच्चेव सहस्सा लंत सुक सहसारे ।**
**सय चउरो आणयपाणएसु तिन्नारणच्चुयए ॥११५२॥**

૬. લાંતકમાં પચ્ચાસ હજાર, ૭. મહાશુક્રમાં ચાલીસ હજાર, ૮. સહસ્રારમાં છ હજાર તથા આનત, પ્રાણત, દેવલોકમાં બંને મળી ચારસો (૪૦૦) અને ૯–૧૦. આરણ અચ્યુતમાં બંને મળી ત્રણસો (૩૦૦) વિમાનો છે. (૧૧૫૨)

**एक्कारसुत्तरं हेट्ठिमेसु सत्तुत्तरं च मज्झिमए ।**
**सयमेगं उवरिमए पंचेव अणुत्तरविमाणा ॥११५३॥**

અધસ્તન ગ્રૈવેયકત્રિકમાં ત્રણેના મળી ૧૧૧ (એકસો અગિયાર) વિમાનો છે. મધ્યમ ગ્રૈવેયકત્રિકમાં ત્રણે મળી એકસો સાત (૧૦૭) અને ઉપરિતન ગ્રૈવેયકત્રિકમાં ત્રણે મળી એકસો વિમાનો અને છેલ્લા પ્રતરમાં વિજય વગેરે પાંચ જ અનુત્તર વિમાનો છે. (૧૧૫૩)

**હવે સર્વે વિમાનોની સંખ્યા કહે છે.**

**चुलसीई सयसहस्सा सत्ताणउई भवे सहस्साइं ।**
**तेवीसं च विमाणा विमाणसंखा भवे एसा ॥११५४॥**

આગળની ત્રણે ગાથામાં કહેલ વિમાનોની એકત્રીસ પ્રકારના દેવોની સંખ્યાનો સરવાળો આ પ્રમાણે છે. ચોર્યાસીલાખ, સત્તાણુ હજાર અને ત્રેવીસ (૮૪,૯૭,૦૨૩) વિમાનો વૈમાનિકદેવોના છે. (૧૧૫૪)

## ૧૯૬. દેવોના શરીરની અવગાહના

**भवणवणजोइसोहम्मीसाणे सत्त हुंति रयणीओ ।**
**एक्केक्कहाणि सेसे दु दुगे य दुगे चउक्के य ॥११५५॥**
**गेविज्जेसुं दोन्नि य एगा रयणी अणुत्तरेसु भवे ।**
**भवधारणिज्ज एसा उक्कोसा होइ नायव्वा ॥११५६॥**

ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને સૌધર્મ, ઈશાન દેવલોકમાં દેવોનું ઉત્સેધાંગુલ વડે ઉત્કૃષ્ટ દેહમાન સાત હાથ છે. ત્યારપછી બે, બે અને ચાર દેવલોકમાં એક-એક હાથ ઓછા કરતા જવું તે આ પ્રમાણે (૩-૪) સનતકુમાર-માહેન્દ્રમાં ૬ હાથ, (૫-૬) બ્રહ્મલોક અને લાંતકમાં પાંચ હાથ, (૭-૮) મહાશુક્ર અને સહસારમાં ચાર હાથ, (૯-૧૦-૧૧-૧૨) આનત, પ્રાણત, આરણ, અચ્યુત દેવલોકમાં (૩) ત્રણ હાથ દેહમાન છે. તથા ગ્રૈવેયકમાં ઉત્કૃષ્ટથી બે હાથનું શરીર પ્રમાણ અને અનુત્તર વિમાનોમાં એક હાથનું દેહમાન છે.

આ સાત હાથ વગેરે ઉત્કૃષ્ટ દેહમાન, ભવધારણીય શરીરની અપેક્ષાએ જાણવું. (૧૧૫૫-૧૧૫૬)

**सव्वेसुक्कोसा जोयणाण वेउव्विया सयसहस्सं ।**
**गेविज्जणुत्तरेसुं उत्तरवेउव्विया नत्थि ॥११५७॥**

**બધાયનું ઉત્તર વૈક્રિય શરીર ઉત્કૃષ્ટથી એક લાખ યોજન છે. ગ્રૈવેયક-અનુત્તર વિમાનમાં ઉત્તર વૈક્રિય શરીર નથી.**

ઉત્તર વૈક્રિય શરીરની અવગાહના કહે છે. ભવનપતિ વગેરેથી અચ્યુત દેવલોક સુધીના બધાય દેવોનુ ઉત્તર વૈક્રિય શરીર ઉત્કૃષ્ટથી એકલાખ યોજનનું હોય છે.

ગ્રૈવેયક અને અનુત્તર દેવોને ઉત્તરવૈક્રિય શરીર પણ પ્રયોજનનો અભાવ હોવાથી નથી. તેઓ શક્તિ હોવા છતાં પણ ઉત્તરવૈક્રિય કરતા નથી. કારણ કે દેવો જવા-આવવા માટે તથા પરિચારણા (વિષય સેવન) માટે ઉત્તરવૈક્રિય શરીર કરે છે. અને આ પ્રયોજન એમને હોતું નથી. (૧૧૫૭)

**अंगुलअसंखभागो जहन्न भवधारणिज्ज पारंभे ।**
**संखेज्जा अवगाहण उत्तरवेउव्वियासावि ॥११५८॥**

ભવનપતિ વગેરે સર્વે દેવોની ભવધારણીય શરીરની એટલે સ્વાભાવિક શરીરની જઘન્ય અવગાહના ઉત્પત્તિના પ્રથમ સમયે અંગુલનો અસંખ્યાતમો ભાગ જાણવી અને ઉત્તર-વૈક્રિય શરીરની જઘન્ય અવગાહના અંગુલના સંખ્યાતમો ભાગ જાણવી–તે પણ ઉત્તર-વૈક્રિય શરીરના પ્રારંભકાળના પ્રથમ સમયે હોય છે. ઉત્તરવૈક્રિયની જઘન્ય અવગાહના અંગુલનો સંખ્યાતમા ભાગની તેમને પર્યાપ્ત હોવાના કારણે તથાવિધ જીવના પ્રદેશનો સંકોચનો અભાવ હોવાથી હોય છે. (૧૧૫૮)

*

## ૧૯૭. દેવોની લેશ્યા

किण्हा नीला काऊ तेऊलेसा य भवणवंतरिया ।
जोइससोहंमीसाण तेऊलेसा मुणेयव्वा ॥११५९॥
कप्पे सणंकुमारेमाहिंदे चेव बंभलोए य ।
एएसु पम्हलेसा तेण परं सुक्कलेसाओ ॥११६०॥

**ભવનપતિ, વ્યંતરોમાં કૃષ્ણ, નીલ, કાપોત અને તેજોલેશ્યા છે. જ્યોતિષી સૌધર્મ અને ઇશાન દેવોમાં તેજોલેશ્યા જાણવી. સનતકુમાર, માહેન્દ્ર, બ્રહ્મ દેવલોકમાં પદ્મલેશ્યા, તે પછી ઉપરના બધા દેવલોકમાં શુક્લલેશ્યા જાણવી.**

ભવનપતિ અને વ્યંતરો કૃષ્ણ, નીલ, કાપોત, તેજોલેશ્યાવાળા છે. એટલે આ દેવોની કૃષ્ણા, નીલા, કાપોતી, તૈજસી લેશ્યા છે. તેમાં પણ પરમાધામી દેવોની કૃષ્ણ-લેશ્યા છે. તથા જ્યોતિષી, સૌધર્મ અને ઇશાન દેવલોકમાં દેવોને તેજોલેશ્યા જાણવી. તથા સનતકુમાર, માહેન્દ્ર, બ્રહ્મદેવલોકમાં દેવોને પદ્મલેશ્યા હોય છે. તે બ્રહ્મલોક પછી ઉપર લાંતક વગેરેથી લઈ અનુત્તરવિમાન સુધીના દેવોને શુક્લલેશ્યા જાણવી. બધીયે લેશ્યા આગળ આગળના દેવોમાં વિશુદ્ધ વિશુદ્ધતર જાણવી.

આ લેશ્યાઓ ભાવલેશ્યાના કારણરૂપ સંસારમાં રહેલ કૃષ્ણ વગેરે દ્રવ્યરૂપ, દ્રવ્ય લેશ્યાઓરૂપે જ સ્વીકારવી પણ ભાવલેશ્યારૂપે નહીં. કારણ કે તે ભાવલેશ્યાઓ અનવ-સ્થિતરૂપે છે. આ લેશ્યાઓ બાહ્યવર્ણરૂપે પણ નથી. કારણ કે દેવોના બાહ્યવર્ણ પ્રજ્ઞાપના વગેરેમાં અલગ કહ્યા છે. અને આ હકીકત નારકના લેશ્યા દ્વારમાં આગળ જ જણાવી છે. ભાવલેશ્યાઓ તો દેવોની દરેક નિકાયમાં યથાસંભવરૂપે છયે હોય છે. હરિભદ્રસૂરિ મહારાજે તત્ત્વાર્થની મૂળ ટીકામાં કહ્યું છે કે, 'દેવોની દરેક નિકાયમાં છયે ભાવ લેશ્યાઓ સ્વીકારાય છે.' (૧૧૫૯–૧૧૬૦)

## ૧૯૮. દેવોનું અવધિજ્ઞાન

सक्कीसाणा पढमं दोच्चं च सणंकुमार माहिंदा ।
तच्चं च बंभलंतग सुक्कसहस्सारय चउत्थि ॥११६१॥
आणयपाणयकप्पे देवा पासंति पंचमीं पुढवीं ।
तं चेव आरणच्चुय ओहिणाणेण पासंति ॥११६२॥
छट्ठिं हिट्ठिममज्झिमगेविज्जा सत्तमिं च उवरिल्ला ।
संभिन्नलोगनालिं पासंति अणुत्तरा देवा ॥११६३॥

**સૌધર્મ, ઇશાન દેવો પ્રથમ નરક સુધી અને સનતકુમાર, માહેન્દ્ર દેવો બે નરક સુધી, બ્રહ્મલોક તથા લાંતકદેવો ત્રણ નરક સુધી, શુક્ર અને સહસ્રાર દેવો, ચાર નરક સુધી, આનત, પ્રાણત, આરણ, અચ્યુત, પાંચ નરક સુધી અવધિજ્ઞાનવડે જુએ છે.**

**અધસ્તન મધ્યમ ગ્રૈવેયક દેવો છઠ્ઠી નરક સુધી અને ઉપરિતન, ગ્રૈવેયકવાસી દેવો સાતમી નરક સુધી અને અનુત્તરદેવો સંભિન્ન (સંપૂર્ણ) લોકનાડીને અવધિજ્ઞાન વડે જુએ છે.**

સૌધર્મ ઈશાન કલ્પના ઇંદ્રો, ઉપલક્ષણથી સામાનિક વગેરે ઉત્કૃષ્ટ આયુવાળા દેવો, એમ આગળ બીજે બધે ઉપલક્ષણથી વ્યાખ્યા કરવી. રત્નપ્રભા નામની પહેલી પૃથ્વીના નીચેના ભાગ સુધી ઉત્કૃષ્ટપણે અવધિજ્ઞાન વડે જુએ છે.

સનતકુમાર માહેન્દ્રના ઈન્દ્રો બીજી શર્કરાપ્રભા પૃથ્વીના નીચેના છેલ્લા ભાગ સુધી જુએ છે. આ પ્રમાણે આગળની પૃથ્વીઓમાં પણ જાણવું.

બ્રહ્મલોક-લાંતકદેવો ત્રીજી વાલુકાપ્રભા સુધી, મહાશુક્ર-સહસ્રાર દેવો ચોથી પંકપ્રભા સુધી, આનત, પ્રાણત, કલ્પનાદેવો એટલે ઈન્દ્ર સામાનિક વગેરે પાંચમી ધૂમપ્રભા પૃથ્વી સુધી અવધિજ્ઞાનવડે જુએ છે. આરણ-અચ્યુત દેવો પણ તે પાંચમી પૃથ્વી સુધી જ જુએ છે. પરંતુ આનત, પ્રાણત, દેવો કરતા આરણ, અચ્યુત તેને વિશુદ્ધતર અને ઘણા પર્યાયોને જુએ છે. તેમાં આનત દેવોથી પ્રાણત દેવો અને આરણદેવોથી અચ્યુતદેવો સવિશેષરૂપે જુએ છે. કારણ કે પાછળના દેવો કરતા આગળ આગળના દેવોનું અવધિજ્ઞાન વિશુદ્ધ વિશુદ્ધતર છે. એ પ્રમાણે આગળ પાછળનો બધે વિચાર કરવો.

અધસ્તન અને મધ્યમ ગ્રૈવેયકત્રિકવાસીદેવો છઠ્ઠી તમઃપ્રભા પૃથ્વી સુધી જુએ છે. ઉપરિતન ગ્રૈવેયકત્રિકના દેવો સાતમી નારકી સુધી અને અનુત્તરવાસી દેવો સંભિન્ન એટલે સંપૂર્ણ -પરિપૂર્ણ લોકનાડી એટલે લોકના મધ્યભાગે રહેલ ત્રસનાડીને નીચે અવધિજ્ઞાનવડે જુએ છે.

તત્ત્વાર્થભાષ્યમાં કહ્યું છે કે 'અનુત્તર વિમાનવાસી દેવો સંપૂર્ણ લોકનાડીને જુએ છે.' બીજા આચાર્યો તો કહે છે કે પોતાના વિમાનની ધજાની ઉપર જોઈ ન શકતા હોવાથી

કંઈક ન્યૂન લોકનાડી જુએ છે.' આ પ્રમાણે અધો વિષયરૂપ અવધિજ્ઞાનનું ક્ષેત્ર કહ્યું. (૧૧૬૧-૧૧૬૩)

**હવે અવધિજ્ઞાનનું તિર્ચ્છું અને ઉર્ધ્વક્ષેત્ર પ્રમાણ કહે છે–**

**एएसिमसंखेज्जा तिरियं दीवा य सागरा चेव ।**

**बहुययरं उवरिमया–उड्ढं च सकप्पथूभाइं ॥११६४॥**

**એ દેવોનું તિર્ચ્છું અવધિજ્ઞાન અસંખ્યાતા દ્વીપ સમુદ્ર છે. ઉપર ઉપરના દેવોનું બહુ બહુતર અવધિજ્ઞાન છે. ઊર્ધ્વ પોતાના કલ્પના સ્તૂપ વગેરે સુધીનું હોય છે.**

શુક, ઈશાન વગેરે દેવોનું અવધિજ્ઞાન વિષયક તિર્ચ્છુંક્ષેત્ર પ્રમાણ અસંખ્યાત દ્વીપ સમુદ્ર છે. એટલે અસંખ્યાતા દ્વિપ અને અસંખ્યાતા સમુદ્રો સુધી અવધિજ્ઞાનવડે તિર્ચ્છું જુએ છે. ફક્ત આજ અસંખ્યાતા દ્વીપ સમુદ્રોને ઉપર ઉપરના દેવલોકના દેવો બહુ, બહુતર, બહુત્તમરૂપે તિર્ચ્છા જુએ છે. કેમકે ઉપર–ઉપરના દેવલોકના દેવોનું વિશુદ્ધ, વિશુદ્ધતર અવધિજ્ઞાન હોય છે.

સૌધર્મ વગેરે સર્વ દેવો પોતાના દેવલોકના વિમાનનું શિખર ધ્વજા વગેરે સુધી ઊંચે જુએ છે, તેનાથી આગળ નહીં. તેવા પ્રકારના ભવ–સ્વભાવના કારણે ઊંચે વધુ જોઈ શકતા નથી.

સૌધર્મ દેવલોકથી લઈ તે અનુત્તર વિમાનવાસી દેવો સુધીના સર્વે જઘન્યથી અંગુલના અસંખ્ય ભાગ પ્રમાણ ક્ષેત્રને અવધિજ્ઞાનવડે જુએ છે. આવશ્યકચૂર્ણિમાં કહ્યું છે કે,

વૈમાનિકો–સૌધર્મ દેવલોકથી લઈ અનુત્તર વિમાન સુધીના દેવો જઘન્યથી અંગુલના અસંખ્ય ભાગને અવધિજ્ઞાનવડે જુએ છે અને જાણે છે.'

**પ્રશ્ન :–** જો અંગુલના અસંખ્યાત ભાગ માત્ર ક્ષેત્ર પ્રમાણ અવધિજ્ઞાન સર્વ જઘન્ય હોય છે. તો તે સર્વ જઘન્ય અવધિજ્ઞાન તિર્યંચ મનુષ્યોમાં જ હોય છે, બીજામાં નહીં, કહ્યું છે કે, 'ઉત્કૃષ્ટ મનુષ્યમાં જ અને જઘન્ય મનુષ્ય તિર્યંચમાં જ હોય છે.' તો પછી અહીં વૈમાનિકોને સર્વ જઘન્ય અવધિજ્ઞાન શા માટે કહ્યું છે?

**ઉત્તર :–** સૌધર્મ વગેરે દેવોને પરભવ સંબંધી અવધિજ્ઞાન પણ ઉત્પત્તિ વખતે સંભવે છે. તે પારભવિક અવધિજ્ઞાન ક્યારેક સર્વ જઘન્ય પણ હોય છે. ઉત્પત્તિ પછી તો દેવભવ સંબંધી જ હોય છે તેથી કોઈ દોષ નથી.

જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે કહ્યું છે કે, 'વૈમાનિકોને જઘન્યથી અંગુલના અસંખ્યાતમા ભાગે ઉત્પત્તિ વખતે પારભવિક અવધિજ્ઞાન હોય છે. દેવભવ સંબંધી જઘન્ય અવધિજ્ઞાન પછીથી હોય છે' અને આ પારભાવિક હોવાથી સૂત્રકારે કહ્યું નથી. (૧૧૬૪)

વૈમાનિકોનું ઊર્ધ્વ, અધો અને તિર્ચ્છું અવધિ પ્રમાણ કહ્યું હવે સામાન્યથી બાકીના દેવોનું અવધિજ્ઞાનનું ક્ષેત્ર પ્રમાણ કહે છે.

संखेज्जजोयणा खलु देवाणं अद्धसागरे ऊणे ।
तेण परमसंखेज्जा जहन्नयं पन्नवीसं तु ॥११६५॥
भवणवइवाणयराणं उड्ढं बहुओ अहो य सेसाणं ।
जोइसनेरइयाणं तिरियं ओगलिओ चित्तो ॥११६६॥

**અડધા સાગરોપમથી કંઈક ઓછા આયુષ્યવાળા દેવોનું અવધિજ્ઞાન સંખ્યાતા યોજન હોય છે. તેનાથી ઉપરના આયુવાળા દેવોનું અસંખ્યાતા યોજન હોય છે. જઘન્યથી પચ્ચીસ યોજન છે. ભવનપતિ, વ્યંતરોનું ઊર્ધ્વમાં અવધિજ્ઞાન ઘણું હોય છે. બીજાઓનું નીચે વધુ હોય છે. જ્યોતિષી—ને નારકોનું તિર્ચ્છું વધુ હોય છે. તથા ઔદારિક શરીર બધાનું ભિન્ન-ભિન્ન પ્રકારનું હોય છે.**

ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી દેવોમાં જેમનું અડધા સાગરોપમથી ઓછું આયુષ્ય હોય, તેમનું અવધિજ્ઞાન સંખ્યાતા-યોજન પ્રમાણ ક્ષેત્રનું હોય છે. તે પછી પૂરા અડધા સાગરોગમ વગેરે આયુ હોય, તેમનું અવધિજ્ઞાન અસંખ્યાતા યોજન હોય છે. ફક્ત આયુ વૃદ્ધિ સાથે અસંખ્યાત યોજનની વૃદ્ધિ પણ કહેવી. જઘન્યથી અવધિજ્ઞાનનું ક્ષેત્ર પચ્ચીસ યોજન, જેમનું સર્વ જઘન્ય દશહજાર વર્ષનું આયુષ્ય હોય, તે ભવનપતિ વ્યંતરોને હોય છે. બીજાને નહીં. ભાષ્યકારે કહ્યું છે કે,

'જેમની દસહજાર વર્ષની સ્થિતિ છે. તેમને પચ્ચીસ યોજન હોય છે.'

જ્યોતિષીઓ અસંખ્યાત વર્ષની સ્થિતિવાળા હોવાથી જઘન્યથી તેઓ અવધિજ્ઞાનવડે સંખ્યાત યોજન પ્રમાણ સંખ્યાતા દ્વીપ સમુદ્રો જુએ છે. ઉત્કૃષ્ટથી તેટલા પ્રમાણ ક્ષેત્રને જ પણ અધિકતર જુએ છે.

પ્રજ્ઞાપનામાં કહ્યું છે કે, 'હે ભગવંત! જ્યોતિષીઓ અવધિજ્ઞાનવડે કેટલા ક્ષેત્રને જુએ છે. અને જાણે છે?

હે ગૌતમ! જઘન્યથી સંખ્યાતા દ્વીપ સમુદ્ર ને ઉત્કૃષ્ટથી પણ સંખ્યાતા દ્વીપ સમુદ્રને જુએ છે.

હવે નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવોમાં કોને કઈ દિશામાં વધુ અવધિજ્ઞાન હોય છે તે કહે છે.

ભવનપતિ, વ્યંતરને ઊર્ધ્વદિશામાં વધુ અવધિજ્ઞાન હોય છે. બીજી દિશામાં અલ્પ અવધિજ્ઞાનનો વિષય હોય છે. એમ આગળ પણ વિચારવું. બાકીના વૈમાનિકદેવોને નીચેની દિશાનું અવધિજ્ઞાન વધુ હોય છે. જ્યોતિષી, નારકોને તિર્યગ્ દિશાનું વધુ હોય છે.

તિર્યંચ મનુષ્યો સંબંધી અવધિજ્ઞાન તે ઔદારિક અવધિજ્ઞાન કહેવાય છે. આ ઔદારિક અવધિજ્ઞાન ભિન્ન ભિન્ન પ્રકારે વિચિત્ર કોટીનું હોય છે. કોઈને ઊંચે વધુ હોય તો કોઈકને નીચે વધુ હોય તો બીજાઓને તિર્ચ્છું વધુ હોય છે. તો કોઈને બધુંય સરખું હોય. (૧૧૬૫-૧૧૬૬)

## ૧૯૯. ઉત્પત્તિનો વિરહકાળ

भवणवणजोइसोहंमीसाण चउवीसई मुहुत्ता उ ।
उक्कोस विरहकालो सव्वेसु जहन्नओ समओ ॥११६७॥

**ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને સૌધર્મ ઇશાનદેવોનો ઉત્કૃષ્ટ ઉપપાત વિરહકાળ ચોવીસ મુહૂર્ત છે અને જઘન્ય વિરહકાળ બધામાં એક સમય છે.**

ભવનપતિ વગેરે દેવો પ્રાયઃ કરી સતત ઉત્પન્ન થતા હોય છે. ક્યારેક જ અંતર પડે છે. તે અંતર સામાન્યથી ચારે નિકાયના દેવોને આશ્રયી બાર મુહૂર્ત છે. તે પછી કોઈપણ નિકાયમાં અવશ્યમેવ દેવની ઉત્પત્તિ થાય જ છે.

કહ્યું છે કે 'ગર્ભજ તિર્યંચ, મનુષ્ય, દેવ, નારકોનો વિરહકાળ બાર મુહૂર્ત છે.' વિશેષથી ભવનપતિ, વ્યંતર, અને જ્યોતિષી તથા સૌધર્મ ઈશાન. દેવલોકમાં દરેકનો ઉત્કૃષ્ટથી ઉપપાતનો વિરહકાળ ચોવીસ મુહૂર્ત છે. આનો ભાવ એ છે કે,

ભવનપતિ વગેરે કોઈમાં પણ એક અથવા ઘણા દેવો ઉત્પન્ન થયા પછી બીજો દેવ ઉત્કૃષ્ટથી ચોવીસ મુહૂર્તનું અંતર પડ્યા પછી નિયમા ઉત્પન્ન થાય છે. જઘન્યથી ઉત્પત્તિનો વિરહકાળ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી, સૌધર્મ, ઈશાન રૂપ સર્વે દેવોમાં એક સમયનો છે. આ પાંચ સ્થાનોમાં દરેકની અંદર એક અથવા ઘણા દેવો ઉત્પન્ન થયા પછી બીજો દેવ એક સમયનું જઘન્યથી અંતર પાડી ઉત્પન્ન થાય છે. બાકીનો બધોયે ઉત્પત્તિ વિરહકાળ મધ્યમ વિરહકાળ જાણવો. (૧૧૬૭)

नव दिण वीस मुहुत्ता बारस दस चेव दिण मुहुत्ता उ ।
बावीसा अद्धं चिय पणयाल असीइ दिवससयं ॥११६८॥
संखिज्जा मासा आणयपाणय तह आरणच्चुए वासा ।
संखेज्जा विन्नेया गेविज्जेसु अओ वोच्छं ॥११६९॥
हिट्ठिमे वाससयाइं मज्झिमे सहसाइं उवरिमे लक्खा ।
संखिज्जा विन्नेया जहसंखेणं तु तीसुंपि ॥११७०॥
पलिया असंखभागो उक्कोसो होइ विरहकालो उ ।
विजयाइसु निद्दिट्ठो सव्वेसु जहन्नओ समओ ॥११७१॥

સનતકુમાર દેવલોકમાં દેવોનો ઉત્કૃષ્ટ ઉત્પત્તિ વિરહકાળ નવ રાત દિવસ અને વીસ મુહૂર્ત છે. માહેન્દ્ર દેવલોકમાં બાર દિવસ અને દશ મુહૂર્ત છે. બ્રહ્મલોકમાં સાડી બાવીસ દિવસ છે. લાંતકમાં પીસ્તાલીસ દિવસ છે. મહાશુક્રમાં એંસી ( ૮૦ ) દિવસ હોય છે. સહસ્રારમાં સો રાત્રિ દિવસ છે. આનત–પ્રાણત બંનેમાં ઉત્કૃષ્ટથી સંખ્યાતા માસો છે.

અહીં આનત કરતા પ્રાણતમાં અધિક માસો જાણવા. પરંતુ તે વર્ષની અંદર જાણવા. તથા આરણ, અચ્યુતમાં દરેકના સંખ્યાતા વર્ષો જાણવા. અહીં પણ આરણ કરતા અચ્યુતમાં અધિક જાણવા. તે પણ સો વર્ષની અંદર જ જાણવા.

આના પછી ગ્રૈવેયકોમાં ઉત્કૃષ્ટથી ઉપપાત વિરહકાળ કહે છે.

અધસ્તન, મધ્યમ અને ઉપરિતન ગ્રૈવેયકત્રિકોમાં યથાયોગ્ય અનુક્રમે સંખ્યાતા વર્ષ શતકો, સંખ્યાતા હજાર વર્ષો અને સંખ્યાતા લાખ વર્ષો જાણવા. આનો ભાવાર્થ આ પ્રમાણે છે.

અધસ્તન ગ્રૈવેયકત્રિકમાં ઉત્કૃષ્ટ ઉપપાત વિરહકાળ હજારવર્ષની અંદર સંખ્યાતા સેંકડોવર્ષ. મધ્યમ ગ્રૈવેયકત્રિકમાં લાખવર્ષની અંદરના સંખ્યાતા હજારવર્ષો, ઉપરિતન ગ્રૈવેયકત્રિકમાં ક્રોડવર્ષની અંદરના સંખ્યાતા લાખવર્ષો જાણવા. નહીં તો ક્રોડવર્ષ જ ગ્રહણ કરત. આ પ્રમાણે હજાર સેંકડોમાં પણ વિચારવું. આ વ્યાખ્યા હરિભદ્રસૂરિજીએ કરેલ સંગ્રહણી ટીકાનુસારે છે. બીજાઓ તો સામાન્યથી જ વ્યાખ્યા કરે છે.

અનુત્તર વિમાનોમાં ઉપપાત વિરહકાળનું પ્રમાણ કહે છે.

વિજય, વૈજયંત, જયંત, અપરાજિત, ચારે વિમાનમાં ઉત્કૃષ્ટ ઉપપાત વિરહકાળ અદ્ધા પલ્યોપમનો અસંખ્યાતમા ભાગે છે.

ગાથામાં "તુ" શબ્દ અનુક્ત સમુચ્ચય એટલે નહીં કહેલ હકીકતને ગ્રહણ કરવાના અર્થમાં છે. આથી સર્વાર્થસિદ્ધ વિમાનમાં પલ્યોપમનો સંખ્યાતમો ભાગ જાણવો.

પ્રજ્ઞાપનામાં કહ્યું છે કે, 'હે ભગવંત! સર્વાર્થસિદ્ધદેવોનો ઉપપાત આશ્રયી વિરહકાળ કેટલો પ્રરૂપ્યો છે.? ગૌતમ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી પલ્યોપમનો સંખ્યાતમો ભાગ છે.' જઘન્યથી સનતકુમારથી લઈ અનુત્તર સુધીના બધા દેવોનો ઉપપાત વિરહકાળ એક સમય છે. (૧૧૬૮-૧૧૭૧)

## ૨૦૦. મરણ આશ્રયી વિરહકાળ

**उववायविरहकालो एसो जह वण्णिओ य देवेसु ।**
**उव्वट्टणावि एवं सव्वेसिं होइ विन्नेया ॥११७२॥**

**જે પ્રમાણે દેવોમાં ઉપપાત વિરહકાળ વર્ણવ્યો છે. તે પ્રમાણે બધા દેવોમાં ઉદ્વર્તનાકાળ પણ જાણવો.**

ઉત્પન્ન થવું તે ઉપપાત કહેવાય છે. એટલે બીજી ગતિના જીવોનું દેવરૂપે ઉત્પન્ન થવું તે ઉપપાત. તેનો વિરહ–અંતરકાળ તે ઉપપાત વિરહકાળ. તે ચોવીસ મુહૂર્ત વગેરે રૂપે ઉત્કૃષ્ટ અને જઘન્યથી જે પ્રમાણે દેવોમાં આગળ વર્ણવ્યો છે. તે પ્રમાણે બધા દેવોના ઉદ્વર્તના વિરહકાળ પણ આ પ્રમાણે જાણવો.

ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી, સૌધર્મ, ઇશાન દેવોનો ઉત્કૃષ્ટ ઉદ્વર્તના વિરહકાળ ચોવીસ મુહૂર્ત છે. સનતકુમારમાં નવ દિવસ વીસ મુહૂર્ત, માહેન્દ્રમાં બાર દિવસ દસ મુહૂર્ત, બ્રહ્મલોકમાં સાડી બાવીસ દિવસ, લાંતકમાં પીસ્તાલીસ દિવસ, મહાશુક્રમાં એંસી દિવસ, સહસ્રારમાં સો દિવસ, આનત પ્રાણતમાં સંખ્યાતા મહિનાઓ, આરણ અચ્યુતમાં સંખ્યાતા વર્ષો, અધસ્તન ગ્રૈવેયકત્રિકમાં સંખ્યાતા સેંકડો વર્ષ, મધ્યમ ગ્રૈવેયકત્રિકમાં સંખ્યાતા હજાર વર્ષ અને ઉપરિતન ગ્રૈવેયકત્રિકમાં સંખ્યાતા લાખ વર્ષો. વિજય વગેરે ચાર અનુત્તરોમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ, સર્વાર્થસિદ્ધમાં પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ઉત્કૃષ્ટથી ઉદ્વર્તના વિરહકાળ છે. જઘન્યથી બધાનો ઉદ્વર્તના વિરહકાળ એક સમયનો જાણવો. (૧૧૭૨)

## ૨૦૧. ઉપપાત અને ઉદ્વર્તનાની સંખ્યા

**एक्को व दो व तिन्नि व संखमसंखा य एगसमएणं ।**
**उववज्जंतेवइया उव्वट्टंतावि एमेव ॥११७३॥**

ભવનપતિ વગેરે દરેકમાં એક સમયમાં જઘન્યથી એક, બે, ત્રણ જીવો ઉત્પન્ન થાય છે. ઉત્કૃષ્ટથી સંખ્યાતા અથવા અસંખ્યાતા ઉત્પન્ન થાય છે. ફક્ત સહસ્રારથી ઉપરના દેવલોકમાં સંખ્યાતા જ કહેવા અસંખ્યાતા નહીં કારણ કે સહસ્રારથી ઉપરના દેવોમાં મનુષ્યો જ ઉત્પન્ન થાય છે, તિર્યંચો નહીં. અને મનુષ્યો સંખ્યાતા જ કહ્યા છે.

એ પ્રમાણે મરણ પામનારા એટલે ભવનપતિ, વ્યંતર વગેરેમાંથી જીવ ચવે છે. તે જઘન્યથી એક, બે અથવા ત્રણ. ઉત્કૃષ્ટથી સંખ્યાતા અથવા અસંખ્યાતા સહસ્રાર સુધીના દેવો ચ્યવે છે. સહસ્રાર કલ્પથી આગળના દેવો સંખ્યાતા જ ઉત્કૃષ્ટથી ચ્યવે છે. કારણ કે આનત વગેરેથી ચ્યવેલા જીવો મનુષ્યોમાં જ આવે છે. તિર્યંચોમાં જતા નથી. અને મનુષ્યો સંખ્યાતા જ છે. (૧૧૭૩)

## ૨૦૨ દેવોની ગતિ

**पुढवीआउवणस्सइ गब्भे पज्जत्तसंखजीवीसुं ।**
**सग्गच्चुयाण वासो सेसा पडिसेहिया ठाणा ॥११७४॥**

સ્વર્ગથી એટલે દેવોની ઉત્પત્તિ સ્થાનથી ચ્યવેલા સામાન્યથી ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિકદેવોનો વાસ એટલે ઉત્પત્તિ, પૃથ્વીકાય, અપ્કાય, વનસ્પતિકાયમાં તથા ગર્ભજ પર્યાપ્ત સંખ્યાતવર્ષાયુ તિર્યંચ મનુષ્યમાં થાય છે. આ સિવાયના બીજા

સ્થાનો તેઉકાય, વાઉકાય, બેઇન્દ્રિય, તેઇદ્રિય, ચૌરિન્દ્રિય, અસંખ્ય વર્ષાયુવાળા જીવો, સંમૂર્છિમ અપર્યાપ્ત તિર્યંચ, મનુષ્યો, દેવો અને નારકોમાં દેવોની ગતિનો તીર્થંકર ગણધરોએ નિષેધ કર્યો છે. (૧૧૭૪)

बायरपज्जत्तेसुं सुराण भूदगवणेसु उप्पत्ती ।
ईसाणंताणं चिय तत्थवि न उवट्टगाणंपि ॥११७५॥
आणयपभिईहिंतो जाऽणुत्तरवासिणो चविऊणं ।
मणुएसुं चिय जायइ नियमा संखिज्जजीविसुं ॥११७६॥

બાદર પર્યાપ્ત પૃથ્વીકાય, અપ્કાય અને પ્રત્યેક વનસ્પતિકાયમાં પણ ઈશાન સુધીના દેવોની જ ઉત્પત્તિ છે. પરંતુ એનાથી આગળ સનતકુમાર આદિની નહીં. સૂક્ષ્મ પૃથ્વીકાય, અપ્કાય, સાધારણ વનસ્પતિકાય તથા અપર્યાપ્ત બાદર પૃથ્વીકાય, અપ્કાય, પ્રત્યેક વનસ્પતિકાયમાં દેવોની ઉત્પત્તિ નથી.

સનતકુમાર વગેરે દેવો પંચેન્દ્રિય તિર્યંચ મનુષ્યોમાં જ ઉત્પન્ન થાય છે. અને એમાં આનત દેવલોકથી લઈ અનુત્તરવાસી દેવો પોતાના સ્થાનથી ચ્યવી નિયમા સંખ્યાતા-વર્ષાયુવાળા મનુષ્યોમાં જ ઉત્પન્ન થાય છે. એકેન્દ્રિયો કે તિર્યંચોમાં નહીં. (૧૧૭૫-૧૧૭૬)

## ૨૦૩. દેવોની આગતિ

परिणामविसुद्धीए देवाउयकम्मबंधजोगाए ।
पंचिंदिया उ गच्छे नरतिरिया सेसपडिसेहो ॥११७७॥
आईसाणा कप्पा उववाओ होइ देवदेवीणं ।
तत्तो परं तु नियमा देवीणं नत्थि उववाओ ॥११७८॥

**પરિણામની વિશુદ્ધિથી દેવાયુ કર્મબંધનો યોગ પંચેન્દ્રિય મનુષ્ય તિર્યંચમાં થતો હોવાથી મનુષ્ય-તિર્યંચ જ દેવમાં જાય છે. બીજાઓનો નિષેધ છે. ઇશાન દેવલોક સુધી જ દેવ-દેવીની ઉત્પત્તિ છે. તે પછી નિયમા દેવીઓની ઉત્પત્તિ નથી.**

માનસિક વ્યાપાર વિશેષ તે પરિણામ. તે વિશુદ્ધ અને અવિશુદ્ધ-એમ બે પ્રકારે છે. તેમાં જે વિશુદ્ધ છે તે દેવગતિના કારણરૂપે છે તે જણાવવા માટે ગાથામાં વિશુદ્ધિ-પદ ગ્રહણ કર્યું છે. પરિણામની જે વિશુદ્ધિ તે પરિણામવિશુદ્ધિ. તેના વડે એટલે સારા મનના વ્યાપાર વડે. આ પદવડે શુભ-અશુભ ગતિની પ્રાપ્તિમાં મનોવ્યાપારની પ્રધાનતા જણાવી છે. અને તે પરિણામવિશુદ્ધિ ક્યારેક ઉત્કૃષ્ટભાવને પામે તો મોક્ષપદને અપાવનારી

પણ થાય. આથી તેના નિષેધ માટે કહ્યું છે કે, દેવાયુકર્મબંધના કારણરૂપ પરિણામ-વિશુદ્ધિવડે પંચેંદ્રિય તિર્યંચ મનુષ્યો જ દેવોમાં જાય છે.

એકેન્દ્રિય કે બેઇંદ્રિય વગેરે નહીં પણ પંચેંદ્રિયો જ મનુષ્યો અને તિર્યંચો દેવલોકની મધ્યમાં જાય છે. બાકીના દેવો નારકોનો દેવગતિગમનનો નિષેધ જાણવો. એટલે દેવો કે નારકો પોતાના આયુષ્યનો ક્ષય થયા પછી દેવરૂપે ઉત્પન્ન થતા નથી.

હવે પ્રસંગાનુસારે દેવદેવીના ઉત્પત્તિ સ્થાન કહે છે. ઇશાન દેવલોક સુધી, એટલે ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને સૌધર્મ, ઇશાન દેવલોક સુધી, દેવો અને દેવીઓનો ઉપપાત એટલે જન્મ થાય છે. ત્યારપછી ઇશાનથી ઉપર સનતકુમાર વગેરે દેવલોકમાં દેવીઓનો જન્મ નથી. ફક્ત દેવોનો જ જન્મ છે.

પરંતુ સનતકુમાર વગેરે દેવોને જ્યારે ભોગાભિલાષા થાય, ત્યારે અપરિગૃહિતા દેવીઓ જ સૌધર્મ ઇશાન દેવલોકથી સહસાર દેવલોક સુધી જાય છે. તેનાથી આગળ જતી નથી. તથા અચ્યુતકલ્પથી આગળ દેવોનું પણ ગમનાગમન થતું નથી. કારણ કે નીચેના દેવોની ઉપર જવાની શક્તિનો અભાવ છે અને ઉપરના દેવોને અહીં આવવાનું પ્રયોજન નથી.

ગ્રૈવેયક અનુત્તર દેવો તો જિનેશ્વરના જન્મ મહિમા વગેરે પ્રસંગો પર પણ અહીં આવતા નથી. પરંતુ પોતાના સ્થાનમાં રહીને ભક્તિ કરે છે અને સંશય અને પ્રશ્ન હોય, તો અવધિજ્ઞાનથી ભગવાને પ્રયોજેલા મનોદ્રવ્યને સાક્ષાત્ જોઈ તેના આકાર ઉપરથી અન્યથા અનુપપત્તિવડે (સ્પષ્ટ નિર્ણયથી) ઇચ્છિત અર્થનો નિશ્ચય કરે છે. બીજું કોઈ પ્રયોજન નથી. તેથી તે દેવોનું અહીં આગમન નથી. (૧૧૭૭-૧૧૭૮)

## ૨૦૪. સિદ્ધિગતિમાં વિરહ

**एकसमओ जहन्नो उक्कोसेणं तु जाव छम्मासा।**
**विरहो सिद्धिगईए उव्वट्टणवज्जिया नियमा ॥११७९॥**

સિદ્ધિગતિમાં જઘન્યથી એક સમયનો વિરહ હોય છે. અને ઉત્કૃષ્ટથી છ મહિના સુધી વિરહ હોય છે. તે સિદ્ધગતિ નિયમા ઉદ્વર્તના એટલે મરણ રહિત છે. આથી સિદ્ધો ત્યાંથી ક્યારે પણ ચ્યવવાના નથી. કારણ કે ચ્યવનના કારણરૂપ કર્મોનું મૂળથી ઉન્મૂલન એટલે નાશ થયો છે. કહ્યું છે કે,

'જેમ બીજ અત્યંત બળી ગયે છતે અંકુરો ઉત્પન્ન થતો નથી. તેમ કર્મરૂપી બીજ બળી ગયે છતે ભવરૂપ અંકુરો ઉગતો નથી.' (૧૧૭૯)

## ૨૦૫. જીવોનો આહાર અને શ્વાસ ગ્રહણ

**सरिरेणोयाहारो तयाय फासेण रोमआहारो ।**
**पक्खेवाहारो पुण कावलिओ होइ नायव्वो ॥११८०॥**

**શરીરવડે ઓજાહાર, ત્વચાના સ્પર્શવડે લોમાહાર હોય છે અને પ્રક્ષેપાહાર કોળિયારૂપે હોય છે.**

ફક્ત શરીરવડે જ જે આહાર કરાય તે ઓજાહાર, આનો ભાવ એ છે કે, શરીરો ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ ભેદે પાંચ પ્રકારના છે. છતાં અહીં પૂર્વ શરીરનો ત્યાગ કર્યા બાદ તૈજસ અને તેનું સહચારી કાર્મણ શરીર વડે વિગ્રહ ગતિ કે અવિગ્રહગતિ વડે ઉત્પત્તિ સ્થાનમાં આવેલો જીવ, જે પ્રથમ ઔદારિક વગેરે શરીર યોગ્ય પુદ્ગલોનો આહાર કરે છે અને જે બીજા વગેરે સમયોમાં ઔદારિક, મિશ્ર શરીરવડે જે આહાર કરે છે અને જ્યાં સુધીમાં શરીર બનાવે છે, ત્યાં સુધીનો આ બધો પણ આહાર ઓજાહાર છે. ઓજસ એટલે તૈજસ શરીરવડે જે આહાર કરવો તે ઓજાહાર. અહીં ઓજસમાંનો સ્ નો લોપ થવાથી ઓજાહાર થયું છે. અથવા ઓજ એટલે પોતાના જન્મસ્થાનમાં રહેલ શુક્રયુક્ત લોહી વગેરે પુદ્ગલ સમૂહનો જે આહાર તે ઓજાહાર.

તથા ત્વચા એટલે ચામડી. સ્પર્શનેન્દ્રિયના સ્પર્શ વડે, જે શરીરના ટેકારૂપ ઠંડી, વર્ષા વગેરે કાળમાં ઠંડા પાણી વગેરે પુદ્ગલોનું લોમ એટલે રોમરાજી વડે જે ગ્રહણ કરવું તે લોમાહાર. તે અતિ પેશાબ થવા વગેરે વડે જણાય છે.

જે આહાર કોળિયા લેવા વડે થાય તે કાવલિક એટલે પ્રક્ષેપાહાર જાણવો. પ્રક્ષેપ એટલે મોઢામાં પ્રવેશ કરાવવો તે પ્રક્ષેપ. તે ભાત વગેરેના આહારરૂપે છે. જે મોઢામાં નંખાય તે ભાત વગેરેના કોળિયારૂપ આહાર તે પ્રક્ષેપાહાર. ( ૧૧૮૦ )

**હવે જીવોનો જે અવસ્થામાં જે આહાર હોય, તે કહે છે.**

**ओयाहारा जीवा सव्वे अपजत्तगा मुणेयव्वा ।**
**पज्जत्तगा य लोमे पक्खे हुंति भइयव्वा ॥११८१॥**

**સર્વે અપર્યાપ્ત જીવો ઓજાહારી જાણવા અને પર્યાપ્તા સર્વે જીવો લોમાહારી નિયમા હોય છે. પ્રક્ષેપાહારીઓની ભજના હોય છે.**

ઓજ એટલે ઉત્પત્તિસ્થાનમાં પોતાના શરીર યોગ્ય પુદ્ગલોનો જે આહાર કરે તે ઓજાહારવાળા અથવા ઓજ એટલે તૈજસશરીર. તેના વડે જેઓને આહાર હોય, તે ઓજાહારવાળા.

તે ઓજાહારી જીવો એકેન્દ્રિયોથી લઈ પંચેંદ્રિય સુધીના બધાયે અપર્યાપ્તાઓ જાણવા. અહીં અપર્યાપ્તપણું શરીર પર્યાપ્તિની અપેક્ષાએ છે. આહાર પર્યાપ્તિની અપેક્ષાએ નથી. કેમકે તે અપર્યાપ્તાઓ અનાહારી હોય છે કેટલાકો એમ કહે છે. પોતાના યોગ્ય બધી પર્યાપ્તિઓ વડે જે અપર્યાપ્તા હોય, તે ઓજાહારી છે.

તથા શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા મતાન્તરે સ્વયોગ્ય પર્યાપ્તિ વડે પર્યાપ્તા હોય, તે બધાય જીવો નિયમા લોમાહારી હોય છે. બધાય પર્યાપ્તા જીવો હંમેશા લોમાહારી હોય જ છે એવો ભાવ છે. અને તાપ-ગરમી વગેરેથી સારી રીતે તપેલા જીવો છાયા, ઠંડો પવન, ઠંડુ પાણી વગેરેના સ્પર્શથી આનંદિત થાય છે.

પ્રક્ષેપાહારની ભજના હોય છે. એટલે જ્યારે જીવ કોળિયા ખાતો હોય, ત્યારે જ પ્રક્ષેપાહાર હોય છે. બીજા સમયે નહીં. લોમાહાર તો પવન વગેરેના સ્પર્શથી હંમેશા હોય છે. (૧૧૮૧)

**હવે એકેન્દ્રિય વગેરેના અલગ આહારની નિયતતા કહે છે.**

**रोमाहारा एगिंदिया य नेरइयसुरगणा चेव ।**
**सेसाणं आहारो रोमे पक्खेवओ चेव ॥११८२॥**

**લોમાહારી એકેન્દ્રિયો, નારકીઓ અને દેવગણો છે. બાકીનાઓ લોમાહારી અને પ્રક્ષેપાહારી છે.**

શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા મતાંતરે સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિ એ પર્યાપ્તા એકેન્દ્રિયો, નારકીઓ અને બધા દેવગણો લોમાહારી જાણવા. પ્રક્ષેપાહારી નથી. કારણ કે એકેન્દ્રિયને મોઢાનો અભાવ હોવાથી પ્રક્ષેપાહાર નથી. અને નારકી અને દેવોને વૈક્રિય શરીરી હોવાથી તથાસ્વભાવે પ્રક્ષેપાહાર નથી. કહ્યું છે કે,

'એકેન્દ્રિય, દેવો અને નારકોને પ્રક્ષેપાહાર નથી. બાકીના સંસારસ્થ જીવોને પ્રક્ષેપાહાર છે.'

બાકીના બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરિંદ્રિયજીવો, તિર્યંચ પંચેન્દ્રિયો અને મનુષ્યોને લોમાહાર તથા પ્રક્ષેપાહાર હોય છે. બંને પ્રકારના આહારનો તેમને સંભવ છે. (૧૧૮૨)

**હવે દેવોના આહાર બાબતમાં વિશેષ કહે છે.**

**ओयाहारा मणभक्खिणो य सव्वेऽवि सुरगणा होंति ।**
**सेसा हवंति जीवा लोमाहारा मुणेयव्वा ॥११८३॥**

**બધાયે દેવગણો ઓજાહારી અને મનભક્ષી એટલે મનવડે ભક્ષણ કરનારા હોય છે. બાકીના જીવો લોમાહારી હોય છે એમ જાણવું.**

બધાયે ભવનપતિ વગેરે દેવગણો અપર્યાપ્ત અવસ્થામાં ઓજાહારી છે અને પર્યાપ્ત અવસ્થામાં મનોભક્ષી છે. એટલે મનવડે વિચારમાત્રથી આવેલા સકલ ઇન્દ્રિયોને આનંદ આપનાર, પ્રાપ્ત થયેલ સુંદર પુદ્ગલોને ખાતા હોય, તેમ ખાય છે. એટલે વૈક્રિય શરીર સાથે આત્મસાત્ કરે છે. એવા પ્રકારના મનોભક્ષી છે. આનો ભાવ એવો છે કે,

જેમ શીતયોનિવાળા જીવોને શીતપુદ્ગલો સુખરૂપ પરિણમે છે. અથવા ઉષ્ણયોનિવાળા જીવોને ઉષ્ણપુદ્ગલો સુખરૂપે પરિણમે છે. તેમ દેવોવડે મનથી ગ્રહણ કરાતા પુદ્ગલો દેવોને પરમ સંતોષ અને તૃપ્તિ માટે થાય છે. જેથી એમની આહારની ઇચ્છા પૂર્ણ થાય છે. બાકીના દેવ સિવાયના નારકી વગેરે જીવો અપર્યાપ્ત અવસ્થામાં ઓજાહારી છે. પર્યાપ્તદશામાં લોમાહારી જાણવા. પણ મનોભક્ષી નથી. કેમકે મનોભક્ષણરૂપ આહાર તે કહેવાય કે જે તેવા પ્રકારની શક્તિ વિશેષથી મનવડે પોતાના શરીરની પુષ્ટિ કરનારા પુદ્ગલો ગ્રહણ કરે અને જે ગ્રહણ કર્યા પછી જીવને તૃપ્તિપૂર્વકનો પરમ સંતોષ થાય. આ હકીકત નારકી વગેરેને નથી કારણ કે તેમને પ્રતિકૂલ કર્મોદયના કારણે તેવા પ્રકારની શક્તિનો અભાવ છે. (૧૧૮૩)

**अपज्जत्ताण सुराणऽणाभोगनिवत्तिओ य आहारो ।**
**पज्जत्ताणं मणभक्खणेण आभोगनिम्माओ ॥११८४॥**

**અપર્યાપ્ત દેવોને અનાભોગનિર્મિત આહાર હોય છે અને પર્યાપ્ત દેવોને આભોગનિર્મિત મનોભક્ષણરૂપ આહાર હોય છે.**

આભોગ એટલે વિચારવાપૂર્વક, ઈરાદાપૂર્વક જે કરાય, તે આભોગ. આભોગપૂર્વક જે કરાય, તે આભોગનિવર્તિત એટલે હું આહાર કરું, એવી ઇચ્છાપૂર્વક જે આહાર કરાય, તે આભોગનિવર્તિતઆહાર કહેવાય. આભોગથી વિપરીત 'હું આહાર કરું છું' એવી ઇચ્છા, ઈરાદા વગર જે આહાર કરાય, તે અનાભોગનિવર્તિતઆહાર કહેવાય.

વર્ષાઋતુમાં જે ઘણો પેશાબ થવા વગેરેના બહાનાથી જણાતા શીતપુદ્ગલના આહારની જેમ તે અનાભોગનિવર્તિતઆહાર છે. અહીં અપર્યાપ્તદેવોનો ઓજાહાર અનાભોગનિવર્તિત હોય છે. કારણ કે મનપર્યાપ્તિ ન હોવાથી ઇચ્છાનો સંભવ નથી. પર્યાપ્તાઓનો જે મનવડે વિચારી વિશિષ્ટ પુદ્ગલ ગ્રહણ કરવાપૂર્વક આહાર છે, તે આભોગનિવર્તિત એટલે ઇચ્છાપૂર્વક પ્રાપ્ત કરેલો આહાર છે. (૧૧૮૪)

**હવે સાગરોપમની સંખ્યા વડે આહાર અને શ્વાસોશ્વાસનું કાળમાન કહે છે.**

**जस्स जइ सागराइं ठिइ तस्स तेत्तिएहिं पक्खेहिं ।**
**ऊसासो देवाणं वाससहस्सेहिं आहारो ॥११८५॥**

**જે દેવને જેટલા સાગરોપમની સ્થિતિ હોય છે. તેને તેટલા પખવાડીયે ઉચ્છ્વાસ હોય છે અને તેટલા હજાર વર્ષોએ આહાર હોય છે.**

દેવોમાં જે દેવને જેટલા સાગરોપમની સ્થિતિ હોય, તેને તેટલા પખવાડીયે ઉચ્છ્વાસ–શરીરની અંદર રહેલ પ્રાણરૂપ પવનનું ઊંચેથી નીકળવું હોય છે અને તેટલા જ હજાર વર્ષોએ આહારની ઇચ્છા થાય છે.

જેમ કે દેવને એક સાગરોપમનું આયુષ્ય હોય, તેને એક પખવાડીયે ઉચ્છ્વાસ અને એક હજાર વર્ષે આહાર. જેને બે સાગરોપમનું આયુષ્ય હોય, તેને બે પખવાડીએ ઉચ્છ્વાસ અને બે હજાર વર્ષે આહારની ઇચ્છા થાય છે. એમ જેને તેત્રીસ સાગરોપમની સ્થિતિ હોય તેમને તેત્રીસ પખવાડીયે ઉચ્છવાસ અને તેત્રીસ હજાર વર્ષે આહારેચ્છા થાય છે.

દેવોમાં જે જેટલો મોટા આયુષ્યવાળો તે તેટલો સુખી અને સુખી જીવોને ઉત્તરોત્તર શ્વાસોશ્વાસની ક્રિયાનો વિરહકાળ મોટો હોય છે. કેમકે શ્વાસોશ્વાસની ક્રિયા એ દુઃખરૂપ છે. તેથી જેમ જેમ આયુષ્યમાં સાગરોપમની વૃદ્ધિ થાય છે, તેમ તેમ શ્વાસોશ્વાસની ક્રિયાના વિરહકાળના પ્રમાણની પણ પાક્ષિક વૃદ્ધિ થાય છે. અને આહારની ક્રિયા તો શ્વાસોશ્વાસ કરતાં પણ અધિક દુઃખરૂપે હોવાથી હજાર વર્ષોની વૃદ્ધિ થાય છે. (૧૧૮૫)

**હવે જઘન્ય આયુવાળાના શ્વાસોશ્વાસ અને આહારનું કાળમાન કહે છે.**

दसवाससहस्साइं जहन्नमाऊ धरंति जे देवा ।
तेसिं चउत्थाहारो सत्तहिं थोवेहिं ऊसासो ॥११८६॥

**દશ હજાર વર્ષનું જઘન્ય આયુ જે દેવો ધારણ કરે છે તેઓને જ આહારાભિલાષ ચોથભક્તે થાય છે. અને શ્વાસોશ્વાસ સાત સ્તોકે હોય છે.**

જે ભવનપતિ વ્યંતરદેવો દસહજાર વર્ષના જઘન્ય આયુષ્યવાળા છે. તેમને આહારની ઇચ્છા ચોથભક્તે એટલે એક રાત–દિવસ પસાર થયા પછી થાય છે. એટલે મનવડે ઇચ્છેલા શુભપુદ્ગલો સંપૂર્ણ કાયાવડે આહારરૂપે પરિણમાવે છે.

તથા તેઓને સાત સ્તોકરૂપ કાળ વિશેષે એક શ્વાસોશ્વાસ હોય છે. એટલે સાત-સાત સ્તોક વીત્યા પછી એક એક શ્વાસોશ્વાસ લે છે. બાકીના કાળે તેઓ તેની આબાધા રહિત સ્વસ્થપણે જ રહે છે. (એક સ્તોક એટલે આધિ વ્યાધિ રહિત, સ્વસ્થ મનુષ્યના સાત શ્વાસોશ્વાસ પ્રમાણ જે કાળ વિશેષ, તે એક સ્તોક. એવા સાત સાત સ્તોક વીત્યા પછી દેવોને શ્વાસોશ્વાસ હોય છે.) (૧૧૮૬)

**દસ હજાર વર્ષની સ્થિતિથી લઈ એક સાગરોપમ સુધીની સ્થિતિવાળા દેવોના આહાર અને શ્વાસોશ્વાસનું કાળમાન કહે છે.**

दसवाससहस्साइं समयाई जाव सागरं ऊणं ।
दिवसमुहुत्तपुहुत्ता आहारूसास सेसाणं ॥११८७॥

**દસ હજાર વર્ષથી ઉપર એક સમયથી લઇ ન્યૂન સાગરોપમની સ્થિતિવાળા દેવોનો આહાર દિવસ પૃથક્ત્વે અને શ્વાસોશ્વાસ મુહૂર્ત પૃથક્ત્વે હોય છે.**

ઉપર કહેલ સ્થિતિવાળા દેવો સિવાયના બાકીની સ્થિતિવાળા દેવો, જે દશ હજાર વર્ષથી ઉપર સમય, આવલિકા, મુહૂર્ત, દિવસ, માસ, વર્ષ, યુગ વગેરે અધિક આયુષ્યવાળાથી લઈ કંઈક ન્યૂન એક સાગરોપમની સ્થિતિવાળા દેવોનો દિવસ પૃથક્ત્વે આહાર હોય છે. અને મુહૂર્ત પૃથક્ત્વે શ્વાસોશ્વાસ હોય છે.

દશ હજાર વર્ષથી ઉપર સમય વગેરેની વૃદ્ધિ જેમ જેમ થાય, તેમ તેમ યથાક્રમ આહાર અને શ્વાસોશ્વાસના દિવસ અને મુહૂર્ત પૃથક્ત્વની વૃદ્ધિ થાય, તે વૃદ્ધિ ત્યાં સુધી કરવી કે જ્યારે પૂર્ણ એક સાગરોપમ આયુષ્યવાળાને એક પખવાડીયે શ્વાસોશ્વાસ તથા હજારવર્ષે આહારનું કાળમાન રહે.

એકેન્દ્રિયોને સતત આહારાભિલાષ હોય છે. વિકલેન્દ્રિય નારકીઓને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત, પંચેન્દ્રિય તિર્યંચોને બે અહોરાત્ર વીત્યા બાદ, મનુષ્યોને ત્રણ અહોરાત્ર વીત્યા બાદ હોય છે. નારકોને શ્વાસોશ્વાસ નિરંતર હોય છે. એકેન્દ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરિંદ્રિય, પંચેંદ્રિય તિર્યંચ અને મનુષ્યોનો શ્વાસોશ્વાસ અનિયતમાત્ર છે. (૧૧૮૭)

## ૨૦૬. ત્રણસો ત્રેસઠ પાખંડી

असीइसयं किरियाणं १८० अकिरियवाईण होइ चुलसीई ८४ ।
अन्नाणिय सत्तट्ठी ६७ वेणइयाणं च बत्तीसं ३२ ॥११८८॥

**ક્રિયાવાદીના એકસો એંસી (૧૮૦), અક્રિયાવાદીના ચોર્યાસી (૮૪), અજ્ઞાનવાદીના સડસઠ (૬૭) અને વિનયવાદીના બત્રીસ (૩૨) ભેદો છે.**

પુણ્યબંધ વગેરે રૂપ ક્રિયાઓ કર્તા વગર હોતી નથી.' આ પ્રમાણે જાણી 'તે ક્રિયાઓ આત્મ સમવાયિની એટલે આત્માશ્રયી છે. એમ જેઓ બોલે છે, તે ક્રિયાવાદીઓ છે. આત્મા વગેરેના ક્રિયાવાદીઓના ભેદ આગળ કહેવાશે તે પ્રકારોવડે એકસોએંસી (૧૮૦) છે.

ક્ષણવાર રહેનાર કોઈપણ પદાર્થને ક્રિયા હોતી નથી. કારણ કે ઉત્પન્ન થયા પછી તરત જ પદાર્થ નાશ પામે છે. એમ જેઓ બોલે છે. તે અક્રિયાવાદીઓ એટલે આત્મા વગેરેને નાસ્તિરૂપ સ્વીકારનારાઓ છે. કહ્યું છે કે, 'સર્વ સંસ્કારો ક્ષણિક છે. આથી અસ્થિર સંસ્કારોને ક્રિયા ક્યાંથી હોય? એમની જે ભૂતિ છે, તે જ ક્રિયા છે અને તે જ કારક કહેવાય છે એ અક્રિયા વાદીઓના ચોર્યાસી ભેદો છે.

જેમને કુત્સિતજ્ઞાન એટલે અજ્ઞાન છે તે અથવા અજ્ઞાનવડે જે ચરે છે, તે અજ્ઞાનીઓ છે. તેઓ અસંચિંત્ય એટલે વિચાર્યા વગર કરેલ બંધની વિફળતા વગેરેનું પ્રતિપાદન કરનારા છે. તેઓ એ પ્રમાણે કહે છે કે, ‘જ્ઞાન કલ્યાણકારી નથી. કારણ કે જ્ઞાન હોવાથી પરસ્પર વિવાદના કારણે ચિત્ત કાલુષ્ય વગેરે થવાથી દીર્ઘતર સંસારની પ્રવૃત્તિ થવાનો સંભવ છે. તે આ પ્રમાણે છે.

કોઈક પુરુષે બીજી રીતે બતાવેલ વસ્તુમાં અમુક કોઈક જ્ઞાની જ્ઞાનના ગર્વથી ઉદ્ધત-મનવાળો થઈ તેના ઉપર કલુષિત ચિત્તપૂર્વક તેની સાથે વિવાદ કરે. વિવાદ કરતા તીવ્ર, તીવ્રતર ચિત્તના કલુષિત ભાવથી અને અહંકારથી ઘણા ઘણા અશુભ કર્મબંધનો સંભવ છે. તેનાથી લાંબો અતિલાંબો સંસાર થાય છે.’ તથા કહ્યુ છે કે,

‘બીજા કોઈએ બીજી રીતે બતાવેલ ભાવમાં જ્ઞાનના ગર્વથી વિવાદ કરી કલુષિત ચિત્તવાળો થાય છે, તેથી તેને કર્મબંધ થાય છે.’ માટે જો અજ્ઞાનનો આશ્રય કરવામાં આવે, તો અહંકાર થાય નહીં અને બીજા ઉપર કલુષિત ચિત્ત પણ થાય નહીં. આથી કર્મબંધ પણ થાય નહીં. પરંતુ જે વિચારણાપૂર્વક કર્મબંધ કરાય છે, તેનો વિપાક એટલે ફળ ભયંકર હોય છે. અને તે તીવ્ર અધ્યવસાયપૂર્વક થયેલ હોવાથી અવશ્ય ભોગવવા પડે છે.

તથા મનના વ્યાપાર એટલે વિચાર વગર જે કાયા અને વચનની પ્રવૃત્તિ માત્રથી જે કર્મબન્ધ થાય છે તેમાં મનનો અભિનિવેશ એટલે આગ્રહ ન હોવાથી અવશ્ય ભોગવવા લાયક થતા નથી. અને તેના ફળ પણ ભયંકર હોતા નથી. પરંતુ તે કર્મનો સંગ ફક્ત અતિ સુકાઈ ગયેલ ચૂનાથી ધોળેલ ભીંત પર રહેલી ધૂળ સમાન હોય છે. તે કર્મસંગ જાતે જ શુભઅધ્યવસાયરૂપ પવનના જોરથી દૂર થઈ જાય છે.

મનમાં અભિનિવેશનો ભાવ એટલે આગ્રહ રહિતપણું અજ્ઞાનના સ્વીકારથી આવે છે. જ્ઞાન હોવાથી અભિનિવેશપણાનો સંભવ છે. તેથી અજ્ઞાનને જ મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ કરનાર મુમુક્ષુઓએ સ્વીકારવું. પણ જ્ઞાનને નહીં સ્વીકારવું.

જ્ઞાનનો સ્વીકાર ત્યારે યુક્ત એટલે યોગ્ય થઈ શકે. જો જ્ઞાનનો નિશ્ચય કરવામાં આવે તો, પરંતુ તે જ્ઞાનનો નિશ્ચય થઈ શકતો નથી. કારણ કે બધા દર્શનીઓ એટલે ધર્મવાળાઓ પરસ્પર ભિન્ન પ્રકારનું જ જ્ઞાન સ્વીકારે છે–માને છે. તેથી નિશ્ચય કરી શકાતો નથી કે શું આ જ્ઞાન સમ્યગ્ છે, કે મિથ્યા છે? કહ્યુ છે કે, ‘બધા જ્ઞાનીઓ પરસ્પર જ્ઞાન ભિન્ન–ભિન્ન પ્રકારે કહે છે. તેથી ‘આ–પ્રમાણે છે.’ એમ નિશ્ચય કરી શકાતો નથી. તે (૧) અજ્ઞાનીઓના સડસઠ (૬૭) ભેદો છે.

વિનયપૂર્વક ચરનારા એટલે વિનયાચાર પાળનારને વૈનયિકો કહેવાય. એઓ કોઈ લિંગ, આચાર કે શાસ્ત્રને ધરનારા એટલે માનનારા નથી. ફક્ત વિનયને જ સ્વીકારનારા છે. એમના બત્રીસ ભેદો છે. (૧૧૮૮)

હવે જે પ્રમાણે ઉદ્દેશ હોય છે તે પ્રમાણે નિર્દેશ કરવો એ ન્યાયાનુસારે ક્રિયાવાદીઓના એકસો એંસી (૧૮૦) ભેદો લાવવાની રીત કહે છે.

ક્રિયાવાદીના ભેદો:-

जीवाइनवपयाणं अहो ठविज्जंति सयपरयसद्दा ।
तेसिंपि अहो निचानिचा सद्दा ठविज्जन्ति ॥११८९॥
काल १-स्सहाव २ नियई ३ ईसर ४ अप्पत्ति ५ पंचवि पयाइं ।
निचानिचाणमहो अणुक्कमेणं ठविज्जंति ॥११९०॥

જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા બંધ અને મોક્ષ એ નવ પદાર્થોને ક્રમસર પાટીપર લખવા પછી તે દરેક નવે પદોની નીચે, સ્વતઃ અને પરતઃ એમ બે શબ્દ લખવા. ત્યાર પછી તે સ્વતઃ અને પરતઃ શબ્દની નીચે નિત્ય અને અનિત્ય શબ્દો લખવા તે પછી નિત્ય અને અનિત્ય શબ્દ નીચે ક્રમસર કાળ, સ્વભાવ, નિયતિ, ઈશ્વર અને આત્મસ્વરૂપ એ પાંચ પદો સ્થાપવા. (૧૧૮૯-૧૧૯૦)

હવે આજ ભેદોને વિસ્તારથી કહે છે.

जीवो इह अत्थि सओ निचो कालाउ इय पढमभंगो ।
बीओ य अत्थि जीवो सओ अनिचो य कालाओ ॥११९१॥
एवं परओऽवि हु दोन्नि भंगया पुव्वदुगजुया चउरो ।
लद्धा कालेणेवं सहावपमुहावि पाविंति ॥११९२॥
पंचहिवि चउक्केहिं पत्ता जीवेण वीसई भंगा ।
एवमजीवाईहिवि य किरियावाई असिइसयं ॥११९३॥

અહીં જીવ છે, સ્વતઃ છે, નિત્ય છે. કાળથી છે. આ પ્રથમ ભંગ છે. બીજો ભંગ જીવ છે. સ્વતઃ છે, અનિત્ય છે અને કાળથી છે. એ પ્રમાણે પરતઃના પણ બે ભાંગા જાણવા. એમ પૂર્વના કહેલ સ્વતઃના બે ભાંગા સાથે કાળના ચાર ભાંગા થયા. એ પ્રમાણે સ્વભાવ વગેરેના પણ ચાર ચાર ભાંગા આવે છે. એમ પાંચના ચાર ચાર ભાંગા ગણતા જીવપદના વીસ ભાંગા થયા. એ પ્રમાણે અજીવ વગેરેના પણ ગણતા ક્રિયાવાદીના એકસો એંસી ભાંગા થાય.

# ક્રિયાવાદી ૧૮૦ ભેદોની સ્થાપના




આ પ્રમાણે એક જીવ પદાર્થના વીસ (૨૦) ભેદ થયા. એ રીતે નવે પદોના વીસ-વીસ ભેદો ગણતા કુલ ક્રિયાવાદી એકસો અંસી (૧૮૦) ભેદો થાય છે.

**કાળવાદી :** જીવ છે. સ્વતઃ છે. કાળથી છે અને નિત્ય છે. એ પહેલો ભાંગો થયો. આ ભાંગાનો ભાવાર્થ કહે છે. આ જગતમાં જીવ આત્મા છે. આ જીવ આત્મા સ્વતઃ સ્વરૂપથી ખરેખર વિદ્યમાન છે અને તે પોતાના સ્વરૂપથી છે. હ્રસ્વત્વ–દીર્ઘત્વની જેમ પરની અપેક્ષાથી નથી. વળી નિત્ય શાશ્વત છે, પણ ક્ષણિક નથી. કારણ કે આગળ પાછળના સમયે હંમેશા રહેલો હોવાથી, આ જીવ આત્મા છે.

સ્વતઃ એટલે સ્વરૂપે છે. કાળવાદીના મતે, કાળવાદીઓ તે જાણવા કે જેઓ આખું જગત કાળવડે કરાયેલું છે એમ માને છે અને તેઓ એમ કહે છે કે,

કાળ વગર આંબો, ચંપો, અશોક વગેરે ઝાડો ઉપર ફૂલ તથા ફળોની ઉત્પત્તિની પરંપરા ચાલતી નથી. વળી હિમકણ યુક્ત ઠંડી પડવી. નક્ષત્રો ઊગવા, ગર્ભધાન થવું. વરસાદ પડવો વગેરે ઋતુઓનો વિભાગ કાળ વગર થતો નથી. તેમજ બાલ્યાવસ્થા, કુમારાવસ્થા, યુવાવસ્થા, શરીરપર કરચલી પડવી, સફેદ વાળ આવવા વગેરે અવસ્થાઓ કાળ વગર થતી નથી. કેમકે આ બધીયે વસ્તુઓ અમુક ચોક્કસ કાળ વિભાગમાં પ્રાપ્ત થાય છે. જો કાળ વિભાગ ન હોય, તો બધીય અવ્યવસ્થા થઈ જાય જે આપણને ઈચ્છિત કે માન્ય નથી. તથા લોકમાં પણ મગ વગેરેનું પાકવું એટલે રંધાવું પણ કાળ વગર થતું દેખાતું નથી. પરંતુ કાળક્રમે થાય છે. જો કાળ વગર થતું હોય તો વાસણ, થાળી, ઇંધન, અગ્નિ વગેરે સામગ્રીના મળવા માત્રથી કે સંપર્ક થવાથી પ્રથમ સમયમાં મગ વગેરે પાકી જવાનો (રંધાઈ જવાનો) પ્રસંગ આવશે. પણ તે પ્રમાણે પ્રથમ સમયે રંધાવાનું થતું નથી. માટે જે કંઈ કરાયું છે. તે બધું કાળવડે જ કરાયેલ છે. કહ્યું છે કે, કાળ વિના ગર્ભ–બાલ્યાવસ્થા, યુવાન વિગેરે કાંઈપણ થતું નથી માટે જે કાંઈ લોકમાં થાય છે. તે બધાનું ખરેખર કારણ કાળ છે.

થાળી વગેરે સામગ્રીનો સંપર્ક હોવા છતાં પણ કાળ વગર મગ વગેરે રંધાવાનું દેખાતું નથી. તેથી આ કાળથી થાય છે એમ માનવું.

હવે બીજો ભાંગો આ પ્રમાણે છે. ૨. 'જીવ છે. સ્વથી છે, અનિત્ય છે, કાળથી છે' એમ ઉપર કહ્યા પ્રમાણે પરતઃ પણ બે ભાંગા કરવા તે આ પ્રમાણે ૩. 'જીવ છે. પરથી છે. નિત્ય છે. કાળથી છે. ૪. જીવ છે. પરથી છે. અનિત્ય છે. કાળથી છે.

બધાય પદાર્થોના સ્વરૂપનું જ્ઞાન પરપદાર્થના સ્વરૂપની અપેક્ષાએ થાય છે. જેમ દીર્ઘત્વની અપેક્ષાએ હ્રસ્વત્વનું જ્ઞાન થાય છે અને હ્રસ્વત્વની અપેક્ષાએ દીર્ઘત્વનું જ્ઞાન થાય છે. એમ આત્માનું જ્ઞાન થાંભલા, ઘડા વગેરેને જોઈને (વિચારીને) તેના સિવાયની ચીજોમાં આત્માની બુદ્ધિ એટલે જ્ઞાન થાય છે. આથી આત્માનું જે સ્વરૂપ છે તે પરથી જ જણાય છે. સ્વથી નહીં. આગળ 'સ્વથી જ' પદ વડે પ્રાપ્ત થયેલા બે

ભાંગાઓને આ બે પરતઃથી બે પદવાળા બે ભાંગા સાથે મેળવતા ચાર ભાંગા થાય છે. આ ચાર ભાંગા કાળપદના થયા. આ પ્રમાણે સ્વભાવ, નિયતિ, ઈશ્વર, આત્મપદ એ દરેકના ચાર ચાર વિકલ્પો પ્રાપ્ત થાય છે. તે આ પ્રમાણે :–

**સ્વભાવવાદી** :– ૧. જીવ છે. સ્વથી છે. નિત્ય છે. સ્વભાવથી છે.

૨. જીવ છે. સ્વથી છે. અનિત્ય છે. સ્વભાવથી છે.

૩. જીવ છે. પરથી છે. નિત્ય છે. સ્વભાવથી છે.

૪. જીવ છે. પરથી છે. અનિત્ય છે. સ્વભાવથી છે.

તે સ્વભાવવાદીઓ આ પ્રમાણે કહે છે.

'આ જગતમાં બધાયે ભાવો–પદાર્થો સ્વભાવના વશથી ઉત્પન્ન થાય છે. તે આ પ્રમાણે :– માટીમાંથી ઘડો થાય છે. વસ્ત્ર વગેરે નહીં. તંતુ દોરામાંથી વસ્ત્ર ઉત્પન્ન થાય છે. ઘડો વગેરે નહીં. અને આ પ્રમાણે જે અમુક નક્કી થવાપણું હોય છે તે તથાસ્વભાવ, વગર થતું નથી. માટે આખું જગત સ્વભાવકૃત જાણવું અને વળી બીજા કાર્યોનો સમૂહ તો દૂર રહો, અહીં મગ વગેરે રંધાવાનું પણ સ્વભાવ વગર થઈ શકતું નથી. જેમ થાળી ઈંધન કાળ વગેરે બધીયે સામગ્રી હોવા છતાં પણ કોયડું મગ રંધાતું નથી. એમ જણાય છે. તેથી જે વસ્તુ જે ભાવ હોવાથી થાય છે. અને જે (ભાવ) ન હોવાથી જે વસ્તુ થતી નથી. તે અન્વયવ્યતિરેકવ્યાપ્તિને અનુસરનાર તે જે કરાયું તે સ્વભાવકૃત મગનું પાકવું વગેરે મનાય છે. તેથી આ આખા જગતમાં ઉત્પન્ન થયેલ પદાર્થો સ્વભાવથી ઉત્પન્ન થાય છે. એમ જાણવું'.

**નિયતિવાદી** :– ૧. જીવ છે. સ્વથી છે. નિત્ય છે. નિયતિથી છે.

૨. જીવ છે. સ્વથી છે. અનિત્ય છે. નિયતિથી છે.

૩. જીવ છે. પરથી છે. નિત્ય છે. નિયતિથી છે.

૪. જીવ છે. પરથી છે. અનિત્ય છે. નિયતિથી છે.

નિયતિવાદીઓ આ પ્રમાણે કહે છે. નિયતિ એ ખરેખર બીજું તત્ત્વ છે. જેનાથી આ સર્વે પદાર્થો નિયત સ્વરૂપે જ ઉત્પન્ન થાય છે. બીજા રૂપે નહીં, જ્યારે જે જેનાથી થાય છે. ત્યારે તે તેનાથી જ એટલે નિયતરૂપથી જ થતું મળે છે. એમ ન હોય તો કાર્ય-કારણભાવની વ્યવસ્થા અને અમુક નક્કી રૂપની વ્યવસ્થા ન રહે. કારણ કે નિયામકનો અભાવ હોવાથી. માટે આ પ્રમાણે કાર્ય નિયતતાથી જણાતી આ નિયતિનું નિરાકરણ કરવા ( અપલાપ કરવા ) કોણ સમર્થ થાય ? તથા કહ્યું છે કે, જે બધા ભાવો નિયત-રૂપે જ થાય છે. તે તેના સ્વરૂપના અનુભેદથી ( અનુવેધથી ) નિયતિથી જ થાય છે.

'જ્યારે જે જેનાથી થાય છે તે ત્યારે તેનાથી જ થાય.' એમ ન્યાયથી જે નિયતપણે થાય છે. તેને બાધિત કરવા કોણ સમર્થ છે. ? ( ૨ )'

**ઈશ્વરવાદી :**- ૧. જીવ છે. સ્વથી છે. નિત્ય છે. ઈશ્વરથી છે.

૨. જીવ છે. સ્વથી છે. અનિત્ય છે. ઈશ્વરથી છે.

૩. જીવ છે. પરથી છે. નિત્ય છે. ઈશ્વરથી છે.

૪. જીવ છે. પરથી છે. અનિત્ય છે. ઈશ્વરથી છે.

ઈશ્વરવાદીઓ આખું જગત ઈશ્વરકૃત માને છે અને જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ અને ઐશ્વર્યરૂપ ચતુષ્ક જેને સહજ રીતે સિદ્ધ થયેલું છે તથા પ્રાણિઓનાં-સ્વર્ગ અને મોક્ષના પ્રેરક ઈશ્વર છે એમ તે માને છે. કહ્યું છે કે, જે જગત્પતિને અપ્રતિબંધ એટલે નાશ ન પામે તેવું ૧. જ્ઞાન છે તથા ૨. વૈરાગ્ય, ૩. ઐશ્વર્ય અને ૪. ધર્મ. આ ચાર સહસિદ્ધ છે.

આત્માના (પોતાના) સુખદુઃખમાં આ અજ્ઞાની જીવ અસમર્થ છે. ઈશ્વર પ્રેરિત તે સ્વર્ગમાં અથવા નરકમાં જાય છે.

**આત્મવાદી :**- ૧. જીવ છે. સ્વથી છે. નિત્ય છે. આત્માથી છે.

૨. જીવ છે. સ્વથી છે. અનિત્ય છે. આત્માથી છે.

૩. જીવ છે. પરથી છે. નિત્ય છે, આત્માથી છે.

૪. જીવ છે. પરથી છે. અનિત્ય છે. આત્માથી છે.

આત્મવાદીઓ વિશ્વની પરિણતિરૂપ એક આત્માને જ સ્વીકારે છે. કહ્યું છે કે,

દરેક દેહમાં રહેલો ભૂતાત્મા એક જ છે. પાણીમાં રહેલા ચન્દ્રની જેમ તે એક પ્રકારે અને અનેક પ્રકારે જણાય છે.

આ (પ્રત્યક્ષ જણાતું ચેતન-અચેતન સ્વરૂપ) જે ભૂતકાળમાં થયેલું છે અને જે ભવિષ્યકાળમાં થવાનું છે તે સર્વપુરુષ એટલે આત્મા જ છે.

આ પ્રમાણે પાંચે ને ચારે ગુણતા વીસ ભાંગા થયા. આ વીસ ભાંગા જીવપદના આવ્યા. એ પ્રમાણે અજીવ વગેરે આઠે પદોના દરેકના વીસ વીસ ભાંગા થાય છે. જેમ 'જીવ છે. સ્વથી છે. નિત્ય છે. કાળથી છે' વગેરે એ પ્રમાણે વીસ ભાંગા વિચારવા. એવી રીતે વીસને નવે ગુણતા ક્રિયાવાદીના એકસો એંસી (૧૮૦) ભાંગા થયા. (૧૧૯૧-૧૧૯૨-૧૧૯૩)

## હવે અક્રિયાવાદીના ચોર્યાસી (૮૪) ભાંગા લાવવાની રીત કહે છે.

### અક્રિયાવાદીના ભેદો

**इह जीवाइपयाइं पुन्नं पावं विणा ठविज्जन्ति ।**
**तेसिमहोभायम्मि ठविज्जए सपरसद्दुगं ॥११९४॥**
**तस्सवि अहो लिहिज्जइ काल १ जहिच्छा य २ पयदुगसमेयं ।**
**नियइ १ स्सहाव २ ईसर ३ अप्पत्ति ४ इमं पयचउक्कं ॥११९५॥**

**આમાં જીવો વગેરે પદોને પુણ્ય, પાપ એ બે પદ વિના સ્થાપવા. તેની નીચેના ભાગે સ્વ અને પર એ બે શબ્દો લખવા. તે બે શબ્દોની નીચે ૧. કાળ, ૨. યદૃચ્છા, ૩. નિયતિ, ૪. સ્વભાવ, ૫. ઇશ્વર, ૬. આત્મા. એ છ પદો લખવા.**

અક્રિયાવાદીઓના ભેદો લાવવાની રીતમાં પ્રથમ ઉપરોક્ત જીવાદિપદોને પુણ્ય, પાપ વગર સાત પદો અનુક્રમે એક લાઇનમાં ( પાટી ) લખવા. પછી તે જીવ વગેરે દરેક પદોની નીચે સ્વ અને પર એ બે શબ્દો લખવા. આત્મા અસત્ત્વ એટલે અવિદ્યમાન હોવાથી તેના નિત્ય-અનિત્ય વિકલ્પ એટલે ભાંગા હોતા નથી. કારણ કે આત્મારૂપ ધર્મીની સિદ્ધિ થવારૂપ આપત્તિ આવતી હોવાથી તે સ્વ અને પર એ બે શબ્દોની નીચે ૧. કાળ, ૨. યદૃચ્છા, ૩. નિયતિ, ૪. સ્વભાવ, ૫. ઈશ્વર, ૬. આત્મા-એ છ પદો લખવા.

બધા યદૃચ્છાવાદીઓ અક્રિયાવાદી જ છે. કોઈ જ ક્રિયાવાદી નથી. તેથી આગળ ક્રિયાવાદીઓમાં તેનું પ્રતિપાદન કર્યું નથી. (૧૧૯૪-૧૧૯૫)

पढमे भंगे जीवो नत्थि सओ कालओ तयणु बीए ।
परओऽवि नत्थि जीवो कालाइय भंगगा दोन्नि ॥११९६॥
एवं जइच्छाईहिवि पएहिं भंगदुगं दुगं पत्तं ।
मिलियावि ते दुवालस संपत्ता जीवतत्तेणं ॥११९७॥
एवमजीवाईहिवि पत्ता जाया तओ य चुलसीई ।
भेया अकिरियवाईण हुंति इमे सव्वसंखाए ॥११९८॥

**પ્રથમ ભાંગામાં 'જીવ નથી સ્વથી અને કાળથી તે પછી બીજા ભાંગામાં જીવ નથી. પરથી અને કાળથી એ બે ભાંગા થયા. એમ યદૃચ્છા વગેરે પાંચ પદોના દરેકના બે-બે ભાંગા થશે. તે બધા ભાંગા ભેગા કરતાં જીવપદના બાર ભાંગા થયા. એ પ્રમાણે અજીવ વગેરેના ભાંગાઓ કરતાં કુલ્લે સર્વ મળી અક્રિયાવાદીઓની ભેદ સંખ્યા ચોર્યાસીની (૮૪) થઇ.**

હવે વિકલ્પની રીતને કહે છે. ૧. 'જીવ નથી. સ્વથી અને કાળથી' એ પહેલો ભાંગો થયો. તે પછી ૨. 'જીવ નથી. પરથી અને કાળથી' એ બીજો ભાંગો થયો. આ બે ભાંગા કાળને આશ્રયી થયા. હવે યદૃચ્છા વગેરે પાંચ પદોના પણ દરેકના સ્વથી અને પરથી એમ બબ્બે ભેદો ગણતા બધા મળીને જીવપદના બાર ભેદો થશે. આ ભાંગાઓનો અર્થ આગળની જેમ વિચારવો.

**પ્રશ્ન :-** યદૃચ્છાથી એટલે યદૃચ્છાવાદીઓના મતે એમ અર્થ કરવો. તો તે યદૃચ્છાવાદીઓ કોણ છે?

## અક્રિયાવાદીના ૮૪ ભેદો.




આ પ્રમાણે જીવ પદના બાર (૧૨) ભેદ થયા. એ પ્રમાણે અજીવ વગેરે દરેક પદોના બાર-બાર ભેદો ગણતા કુલ ચોર્યાસી (૮૪) ભેદો થાય છે.

**ઉત્તર :–** યદચ્છાવાદીઓ ભાવો એટલે પદાર્થોના કાર્ય–કારણ ભાવને અમુક નિયત સંતાન એટલે પરંપરાની અપેક્ષાએ સ્વીકારતા નથી. એટલે માનતા નથી. પરંતુ યદચ્છા વડે એટલે એમને એમ થવાનું માને છે. તથા તેઓ એમ કહે છે ' વસ્તુઓનો અમુક નિયત કોઈ કાર્ય–કારણ ભાવ નથી કારણ કે, તથાપ્રકારના પ્રમાણુનો અભાવ હોવાથી. જેમકે દેડકો જેમ દેડકાથી ઉત્પન્ન થાય છે. તેમ ગોમય એટલે છાણ (કાદવ)માંથી પણ ઉત્પન્ન થાય છે. અગ્નિ અગ્નિમાંથી પેદા થાય છે. તેમ અરણિના લાકડામાંથી પણ પેદા થાય છે. ધૂમાડો ધૂમાડાથી ઉત્પન્ન થાય છે. તેમ અગ્નિ ઈંધનના સંયોગથી પણ થાય છે. કદલી એટલે કેળા કંદમાંથી પેદા થાય છે. તેમ કેળાનાં બીજમાંથી પણ થાય છે. વડ વગેરે પણ બીજમાંથી પેદા થાય છે. તેમ ડાળીના એક ભાગ એટલે કલમથી પણ પેદા થાય છે. તેથી ક્યારે પણ અમુક નિયત કાર્ય–કારણભાવ હોતા નથી. પરંતુ યદચ્છાથી ક્યારેક કંઈક થાય છે. એમ માનવું. નહીં તો વસ્તુના સદ્ભાવને અન્ય સ્વરૂપે જોતા બુદ્ધિમાનો પોતે પોતાના આત્માને ક્લેશ પમાડે છે.

આ બાર ભાંગાઓ જીવપદના પ્રાપ્ત થયા. એ પ્રમાણે અજીવ વગેરે છ પદોમાં દરેકના બાર બાર ભાંગાઓ થાય છે. આથી બારને સાતે ગુણતા બધા મળી ચોર્યાસી ભાંગાઓ અક્રિયાવાદીના થયા. (૧૧૯૬–૧૧૯૮)

**હવે અજ્ઞાનીઓના સડસઠ (૬૭) ભેદો લાવવાની રીત કહે છે.**

**અજ્ઞાનવાદીઓના ભેદો**

संत १ मसंतं २ संतासंत ३ मवत्तव्व ४ सयअवत्तव्व ५ ।
असयअवत्तव्वं ६ सयसयवत्तव्वं ७ च सत्त पया ॥११९९॥
जीवाइनवपयाणं अहोकमेणं इमाइं ठविऊणं ।
जह कीरइ अहिलावो तह साहिज्जइ निसामेह ॥१२००॥

**૧. સત્વ, ૨. અસત્વ, ૩. સત્વાસત્વ, ૪. અવક્તવ્ય, ૫. સત્-અવક્તવ્ય, ૬. અસત્ અવક્તવ્ય, ૭. સત્ અસત્ અવક્તવ્ય–એ સાત પદો છે. એ સાતે પદોને જીવ વગેરે નવ પદોની નીચે યથાક્રમે સ્થાપવા અને જે પ્રમાણે એનો અભિલાપ કરાય છે અને બોલાય છે તે સાંભળો.**

૧. સત્વ, ૨. અસત્વ, ૩. સત્વાસત્વ, ૪. અવક્તવ્ય, ૫. સત્અવક્તવ્ય, ૬. અસત્ અવક્તવ્ય, ૭. સત્ અસત્ અવક્તવ્ય–એ સાત પદો અથવા ભાંગા થાય છે. તેમાં

૧. સત્વ એટલે સ્વરૂપે વિદ્યમાનપણું.

૨. અસત્વ એટલે પરરૂપે અવિદ્યમાનપણું.

૩. સત્ત્વ–અસત્ત્વ એટલે સ્વ–પરરૂપે વિદ્યમાન અને અવિદ્યમાનપણુ.

૪. જો કે બધી વસ્તુઓ સ્વ પરરૂપવડે હંમેશા સ્વભાવથી ક્યારેક પ્રગટ સત્ત્વાસત્ત્વરૂપે છે. છતાં પણ ક્યારેક કંઈક ઉત્પન્ન થયેલ એટલે જાણનાર વડે વિવક્ષા કરાય છે. ત્યારે આ પ્રમાણે ત્રણ વિકલ્પો થાય છે. તે વખતે સત્ત્વ અને સત્ત્વને એક શબ્દ વડે બોલવાની ઈચ્છા કરે ત્યારે તેને જણાવનારો કોઈપણ તેનો વાચક શબ્દ ન હોવાથી અવક્તવ્યરૂપે ભેદ થયો.

૫. જ્યારે એક ભાગ સત્‌રૂપે અને બીજો ભાગ અવક્તવ્યરૂપે એમ બંનેની એક સાથે વિવક્ષાપૂર્વક બોલવામાં આવે, ત્યારે સત્ અવક્તવ્ય.

૬. જ્યારે એક ભાગ અસત્‌રૂપે હોય અને બીજો ભાગ અવક્તવ્યરૂપે હોય, અને તે બંનેની એક સાથે વિવક્ષા કરવામાં આવે ત્યારે અસત્ અવક્તવ્ય.

૭. જ્યારે એક ભાગ સત્ છે. એક ભાગ અસત્‌રૂપે છે. એક ભાગ અવક્તવ્યરૂપે હોય અને ત્રણેની વિવક્ષા કરવી હોય, તો સત્ અસત્ અવક્તવ્ય.

આ સાત વિકલ્પો સિવાય બીજો કોઈ વિકલ્પ સંભવી શકે નહીં. બધાયે વિકલ્પોનો આ સાતમાં જ સમાવેશ થઈ જાય છે. અહીં ઘટને લઈ આ સાત વિકલ્પોની (સપ્તભંગીની) વિચારણા કરે છે.

૧. કાંઠો, ડોક, કપાલ, પેટ, તળિયા વગેરે પોતાના પર્યાયોનો સદ્‌ભાવ હોવાથી ઘડો ઘડારૂપે કહેવાય છે. આથી 'સત્ ઘડો છે. सन्घटः એ રૂપ પ્રથમ ભાંગો થયો.

૨. વસ્ત્રમાં રહેલ તંતુ વગેરે પર પર્યાયોનો ઘડામાં અસત્‌ભાવ હોવાથી અઘટ એટલે ઘટાભાવ છે. પરપર્યાયોવડે સમસ્ત ઘટની અસત્‌ભાવની વિવક્ષાના કારણે 'असन् घटः' એ બીજો ભાંગો થયો.

૩. એક ભાગમાં સ્વપર્યાયોવડે સત્‌રૂપે અને બીજા ભાંગામાં પર પર્યાયોવડે અસત્ રૂપે હોય, તે વિવક્ષાના કારણે 'सत् असन् घटः એ ત્રીજો ભાંગો થયો.

૪. આખો યે ઘડો સ્વ અને પર એ બંને પર્યાયો વડે સત્‌ભાવ અને અસત્‌ભાવ વડે વિશેષિત હોવાથી એક સાથે કહી શકવા માટે ઈચ્છનાર વ્યક્તિ અસમર્થ હોવાથી અવક્તવ્ય ભાંગો થાય છે. સ્વપર પર્યાયરૂપ સત્ત્વ–અસત્ત્વમાંથી કોઈક એક સાંકેતિક શબ્દ વડે સંપૂર્ણ ઘડાને એક સાથે કહેવો અશક્ય હોવાથી 'अवक्तव्यो घटः' રૂપે ચોથો ભાંગો થયો.

૫. એક ભાગમાં પોતાના પર્યાયોવડે સત્‌રૂપે રહેલો ઘડો અને બીજા ભાગમાં સ્વપરરૂપ ઉભય પર્યાયો વડે સત્ત્વ–અસત્ત્વરૂપે એક સાથે કોઈ એક અસાંકેતિક શબ્દવડે કહેવા માટે વિવક્ષા કરાયેલ તે કુંભ–सदवक्तव्य घटः થાય. એમ કહી શકાય. અમુક ભાગમાં ઘડો ઘટત્વરૂપે અને અમુક ભાગમાં ઘડો અવક્તવ્યરૂપે હોવાથી સત્ અવક્તવ્યરૂપે કહેવાય છે. આ પાંચમો ભાંગો થયો.

૬. એક ભાગમાં પરપર્યાયો વડે અસત્‌રૂપે વિશેષિત ઘડો અને બીજા ભાગમાં સ્વપર પર્યાયોવડે સત્ત્વ-અસત્ત્વરૂપે એક સાથે સાંકેતિક એક શબ્દ વડે કહેવા માટે વિવક્ષા કરાયેલ ઘડો અસત્ અવક્તવ્યરૂપે થાય છે. અમુક ભાગમાં અસત્‌રૂપે ન હોવાથી અસત્ અને અમુક ભાગમાં અવક્તવ્યરૂપે હોવાથી असद् अवक्तव्य घटः રૂપ છઠ્ઠો ભાંગો થયો.

૭. એક ભાગમાં સ્વ પર્યાયોવડે સત્ત્વરૂપે વિશેષિત ઘડો વળી એક ભાગમાં પર-પર્યાયો વડે અસત્ત્વરૂપે વિશેષિત ઘડો અને બીજા ભાગમાં સ્વપરરૂપ ઉભય પર્યાયો વડે સત્ત્વ-અસત્ત્વરૂપે એકસાથે બોલવાની વિવક્ષા કરાયેલ ઘડો 'सत्त असत्त अवक्तव्य घटः' એ રૂપે સાતમો ભાંગો થયો. અમુક ભાગમાં ઘટરૂપે સત્, અમુક ભાગમાં અઘટત્વરૂપે અસત્ અને અમુક ભાગમાં અવક્તવ્યરૂપે હોવાથી સત્-અસત્ અવક્તવ્ય. આ પ્રમાણે સાત ભેદે ઘડો થયો.

આ રીતે પટ વગેરે પદાર્થો પણ જાણવા. આ સાતે પદોને પાટીમાં લખેલ (સ્થાપેલ) જીવ વગેરે છે તે દરેકની નીચે ક્રમસર લખવા. જેથી જે રીતે એ ભેદોને અભિલાપ એટલે કથન થશે. (૧૧૯૯-૧૨૦૦)

संतो जीवो को जाणइ? अहवा किं व तेण नाएणं ?।
सेसपएहिवि भंगा इय जाया सत्त जीवस्स ॥१२०१॥
एवमजीवाईणऽवि पत्तेयं सत्त मिलिय तेसट्ठी ।
तह अन्नेऽवि हु भंगा चत्तारि इमे उ इह हुंति ॥१२०२॥

**જીવ છે. એમ કોણ જાણે છે? અથવા 'તેને જાણવાથી શું'? એમ બાકીના પદોવડે જીવના સાત ભાંગા થાય છે. એ પ્રમાણે અજીવ વગેરે દરેકના પણ સાત સાત ભાંગા આ પ્રમાણે થાય છે.'**

'જીવ છે' એમ કોણ જાણે છે? અથવા તેને જાણવાથી શું? એ પ્રમાણે પહેલો ભાંગો થયો. આનો ભાવાર્થ આ છે કે કોઈને પણ કોઈ એવું વિશિષ્ટ જ્ઞાન નથી કે જે અતીન્દ્રિય એવા આત્માને જાણી શકે અને તે આત્માને જાણવાથી કંઈપણ કશો લાભ નથી. તે આ પ્રમાણે: જેમ 'આત્માને નિત્ય, સર્વવ્યાપી, અમૂર્ત (અરૂપી) જ્ઞાન વગેરે ગુણોથી યુક્ત અથવા ગુણ રહિત છે. એમ જાણવાથી કયા પુરુષાર્થની સિદ્ધિ થાય છે? માટે અજ્ઞાન જ કલ્યાણકારી છે.' એમ બાકીના અસત્ વગેરે છ પદોવડે જીવના ભાંગા થાય છે. જેમ 'જીવ નથી.' એમ કોણ જાણે છે? અથવા તેને જાણવાથી શું' વગેરે એ પ્રમાણે જીવપદનાં સાત ભાંગા થાય છે. એ પ્રમાણે અજીવ વગેરે આઠ પદોનાં દરેકનાં સાત સાત ભાંગા થાય છે. તે બધાને એકત્રિત કરતા ત્રેંસઠ ભાંગાઓ થયા. (૧૨૦૧-૧૨૦૨)

તથા બીજા પણ આગળ ચાર જ ભાંગા થાય છે તે અજ્ઞાનિક મતના પ્રરૂપણાના સમયે કહેવાશે.

संती भावुप्पत्ती को जाणइ किंच तीऍ नायाए ? ।
एवमसंती भावुप्पत्ती सदसंतिया चेव ॥१२०३॥
तह अव्वत्तव्वावि हु भावुप्पत्ती इमेहिं मिलिएहिं ।
भंगाण सत्तसट्ठी जाया अन्नाणियाण इमा ॥१२०४॥

ભાવોત્પત્તિ છે. એમ કોણ જાણે છે. તેને જાણવાથી શું ? એ પ્રમાણે 'ભાવોત્પત્તિ નથી' અને 'સત્' અસત્ ભાવોત્પત્તિ તથા અવક્તવ્ય ભાવોત્પત્તિ એને મેળવતા અજ્ઞાનીઓના આ સડસઠ ભાંગા થયા.

૧. 'ભાવોત્પત્તિ છે. એમ કોણ જાણે છે? એને જાણવાથી શું ?
૨. ભાવોત્પત્તિ નથી. એમ કોણ જાણે છે? એને જાણવાથી શું ?
૩. ભાવોત્પત્તિ સત્ અસત્ છે, એમ કોણ જાણે છે? તથા એને જાણવાથી શું?
૪. ભાવોત્પત્તિ અવક્તવ્ય છે, એમ કોણ જાણે છે? એને જાણવાથી શું ?

આ ભાંગાઓનો આ ભાવાર્થ છે. 'આ પદાર્થોની ઉત્પત્તિ શું સત્‌રૂપે છે કે અસત્‌રૂપે છે? કે સદસત્‌રૂપે છે કે અવાચ્યરૂપે છે ? એમ કોણ જાણે છે? અને જાણવાથી પણ કોઈજ પ્રયોજન નથી. બાકીના ત્રણ વિકલ્પો ઉત્પત્તિ પછી થનારા પદાર્થોના અવયવોની અપેક્ષાએ હોવાથી અહીં સંભવતા નથી. માટે કહ્યા નથી. આ ચાર ભાંગાઓ ત્રેસઠ ભાંગાઓમાં મેળવતા અજ્ઞાનવાદીઓના સડસઠ ભેદો થાય છે. (૧૨૦૩-૧૨૦૪)

વિનયવાદીના ભેદો

હવે વિનયવાદીના બત્રીશ ભેદો કહે છે.

सुर १ निवइ २ जइ ३ न्नाई ४ थविरा ५ वम ६ माइ ७ पिइसु ८ एएसिं ।
मण १ वयण २ काय ३ दाणेहिं ४ चउव्विहो कीरए विणओ ॥१२०५॥
अट्ठवि चउक्कगुणिया बत्तीस हवंति वेणइयभेया ।
सव्वेहिं पिंडिएहिं तिन्नि सया हुंति तेसट्ठा ॥१२०६॥

દેવ, રાજા, યતિ, જ્ઞાતિજન, સ્થવિર (વૃદ્ધ), અવમ એટલે દયનીય માણસ અને માતા, પિતા–આ આઠનો મન, વચન, કાયા અને દાનવડે– એમ ચાર પ્રકારે વિનય કરવો જોઇએ. આ આઠને પણ ચાર વડે ગુણતા વિનયવાદીના બત્રીશ (૩૨) ભેદો થાય છે. આ સર્વ મેળવતા ત્રણસો ત્રેસઠ (૩૬૩) ભેદો થાય છે.

## અજ્ઞાનવાદીઓના ૬૭ ભેદો.

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
|---|---|---|---|---|---|---|---|---|
| જીવ | અજીવ | પુણ્ય | પાપ | આશ્રવ | સંવર | નિર્જરા | બંધ | મોક્ષ |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
|---|---|---|---|---|---|---|
| સત્વ | અસત્વ | સત્વાસત્વ | અવક્તવ્ય | સત્વ-અવક્તવ્ય | અસત્વ-અવક્તવ્ય | સત્વાસત્વ અવક્તવ્ય |

આ પ્રમાણે સાત ભેદોએ જીવ પદાર્થ થયો છે. એ રીતે અજીવ વગેરે આઠ પદોના સાત-સાત ભેદો કરવાથી કુલ ( ૬૩ ) ત્રેસઠ ભેદો થયા. તેમાં

૧. ભાવોત્પત્તિ છે-એમ કોણ જાણે છે? એને જાણવાથી શું?

૨. ભાવોત્પત્તિ નથી-એમ કોણ જાણે છે? એને જાણવાથી શું?

૩. ભાવોત્પત્તિ સત્-અસત્ છે-એમ કોણ જાણે છે? એને જાણવાથી શું?

૪. ભાવોત્પત્તિ અવક્તવ્ય છે-એમ કોણ જાણે છે? એને જાણવાથી શું?

આ ચાર ભાંગાઓને ઉપરના ૬૩ ( ત્રેસઠ ) ભેદોમાં ઉમેરતાં કુલ સડસઠ ( ૬૭ ) ભેદો અજ્ઞાનવાદીઓના થાય છે.

સુર એટલે દેવો, રાજા, યતિ એટલે મુનિ સાધુ, જ્ઞાતિજન એટલે સગાવહાલા, સ્થવિર એટલે વૃદ્ધ પુરુષો, અવમ એટલે દયા કરવા લાયક કાર્પટિક વિગેરે, માત. અને પિતા-આ આઠેને મન-વચન-કાય અને દાનવડે એમ ચાર પ્રકારે વિનય કરવો જોઈએ. તે આ પ્રમાણે દેવોને મનવડે, વચનવડે, કાયાવડે અને દેશકાળાનુસાર દાનવડે વિનય કરવો જોઇએ. એ પ્રમાણે રાજા વિગેરે ભેદોમાં પણ જાણવું. આ વિનય કરવાથી સ્વર્ગ અને મોક્ષમાં જવાય છે. ( મોક્ષને પમાય છે. )

વિનય એટલે નમ્રભાવપૂર્વકની મોટાઈરહિતતા તે વિનય છે. બધા ભેદોમાં આ પ્રમાણે વિનયથી દેવ વિગેરેને સેવવાથી સ્વર્ગ અને મોક્ષના ભાગી થાય છે. આ આઠે ભેદોને ચારવડે ગુણતા બત્રીસ વૈનયિક એટલે વિનયવાદીના ભેદો થાય છે.

આગળ કહેલા ક્રિયાવાદી, અક્રિયાવાદી, અજ્ઞાનવાદી અને આ વિનયવાદીના બધાયે ભેદોને એકઠા કરતા ત્રણસો ત્રેસઠ ( ૩૬૩ ) ભેદો પાખંડીઓના થાય છે. આ બધાનું ખંડન સૂત્રકૃતાંગ વિગેરે ગ્રંથોમાંથી જાણવું. ( ૧૨૦૫-૧૨૦૬ )

## ૨૦૭. 'આઠ' પ્રકારે પ્રમાદ

**पमाओ य मुणिंदेहिं, भणिओ अट्ठभेयओ ।**
**अन्नाणं १ संसओ २ चेव, मिच्छानाणं ३ तहेव य ॥१२०७॥**
**रागो ४ दोसो ५ मइब्भंसो ६, धम्मंमि य अणायरो ७ ।**
**जोगाणं दुप्पणिहाणं ८, अट्ठहा वज्जियव्वओ ॥१२०८॥**

મોક્ષમાર્ગમાં જેનાવડે જીવ શિથિલ પ્રયત્ન એટલે ઢીલાશવાળો થાય, તે પ્રમાદ. તે પ્રમાદ મુનિઓના ઈન્દ્ર એવા તીર્થંકરોએ આઠ પ્રકારે આ પ્રમાણે કહ્યો છે. ૧. અજ્ઞાન એટલે મૂઢતા, મૂર્ખતા, ૨. સંશય એટલે આ પદાર્થ આ પ્રમાણે છે કે નહીં એવો જે સંદેહ, ૩. વિપરીત જાણકારીરૂપ મિથ્યાજ્ઞાન, ૪. આસક્તિરૂપ રાગ, ૫. અપ્રીતિરૂપ દ્વેષ, ૬. યાદનાશરૂપ સ્મૃતિભ્રંશ, ૭. અરિહંત પ્રણિતધર્મમાં અનાદરરૂપ અનુદ્યમ, ૮. મન-વચન-કાયાની દુષ્ટ પ્રવૃત્તિરૂપ યોગ દુષ્પ્રણિધાન. આ આઠે પ્રકારનો પ્રમાદ કર્મબંધના કારણરૂપ હોવાથી ત્યજી દેવા યોગ્ય છે. ( ૧૨૦૭-૧૨૦૮ )

## ૨૦૮. ભરતાધિપતિરૂપ ચક્રવર્તી

**भरहो १ सगरो २ मघवं ३ सणंकुमारोयरा य सद्दुलो ८ ।**
**संती ५ कुंथू ६ य अरो ७ हवइ सुभूमो ८ य कोरव्वो ॥१२०९॥**
**नवमो य महापउमो ९ हरिसेणो १० चेव रायसद्दुलो ।**
**जयनामो ११ य नरवई बारसमो बंभदत्तो य १२ ॥१२१०॥**

૧. પ્રથમ ચક્રવર્તી ભરત, ૨. બીજા રાજશાર્દૂલ એટલે રાજાઓમાં સિંહ સમાન ચક્રવર્તી સગર, ૩. ત્રીજા મઘવાન, ૪. ચોથા સનતકુમાર, ૫. પાંચમા શાંતિનાથ, ૬. કુંથુનાથ, ૭. સાતમા અરનાથ, ૮. આઠમા કૌરવ્ય ગોત્રવાળા સુભૂમ, ૯. નવમા મહાપદ્મ, ૧૦. દસમા હરિષેણ, ૧૧. અગ્યારમા જય, ૧૨. બારમા બ્રહ્મદત્ત ચક્રવર્તી કહ્યા છે. (૧૨૦૯–૧૨૧૦)

## ૨૦૯. હળધર એટલે બળદેવ

**अयले १ विजये २ भद्दे ३, सुप्पमे य ४ सुदंसणे ५ ।**
**आणंदे ६ नंदणे ७ पउमे ८, रामे यावि ९ अपच्छिमे ॥१२११॥**

૧. પહેલા અચલ બળદેવ, ૨. બીજા વિજય, ૩. ત્રીજા ભદ્ર, ૪. ચોથા સુપ્રભ; ૫. પાંચમા સુદર્શન, ૬. છઠ્ઠા આનંદ, ૭. સાતમા નંદન, ૮. આઠમા પદ્મ એટલે સીતાપતિ રામચંદ્ર. ૯ નવમા રામ એટલે કૃષ્ણના ભાઈ બળભદ્ર. (૧૨૧૧)

## ૨૧૦. હરિ એટલે વાસુદેવ

**तिविट्ठू य १ दुविट्ठू य २ सयंभू ३ पुरिसुत्तमे ४ पुरिससीहे ५ ।**
**तह पुरिसपुंडरीए ६ दत्ते ७ नारायणे ८ कण्हे ९ ॥१२१२॥**

૧. પહેલા વાસુદેવ ત્રિપૃષ્ઠ, ૨. બીજા દ્વિપૃષ્ઠ, ૩. ત્રીજા સ્વયંભૂ, ૪. ચોથા પુરૂષોત્તમ, ૫. પાચમા પુરુષસિંહ, ૬. છઠ્ઠા પુરુષપુંડરીક, ૭. સાતમા દત્ત, ૮. આઠમા નારાયણ એટલે રામના ભાઈ લક્ષ્મણ, ૯. નવમા કૃષ્ણ (૧૨૧૨)

## ૨૧૧. પ્રતિવાસુદેવ

**आसग्गीवे १ तारय २ मेरय ३ मधुकेढवे ४ निसुंभे ५ य ।**
**बलि ६ पहराए ७ तह रावणे य ८ नवमे जरासंधे ॥१२१३॥**

૧. પહેલા અશ્વગ્રીવ પ્રતિવાસુદેવ, ૨. બીજા તારક, ૩. ત્રીજા મેરક, ૪. ચોથા મધુ કૈટભ, આમનું ફક્ત મધુ જ નામ છે પણ કૈટભ નામના પોતાના ભાઈના સંબંધથી મધુ કૈટભ કહેવાય છે, ૫. પાંચમા નિશુમ્ભ, ૬. છઠ્ઠા બલિ, ૭. પ્રહ્લાદ અથવા પ્રભારાજ, ૮. આઠમા રાવણ, ૯. નવમા જરાસંધ.

આ ત્રિપૃષ્ઠ વિગેરે સર્વે નવે વાસુદેવોના યથાનુક્રમે પ્રતિશત્રુ છે. બધાયે ચક્રયોધિ એટલે ચક્ર વડે લડનારા છે. અને બધાયે પોતાના ચક્રો વડે હણાય છે. એટલે પ્રતિ

વાસુદેવો પોતાના ચક્રો વાસુદેવોને મારી નાખવા માટે તેના પર છોડે છે. પણ પુણ્યોદયના કારણે તે ચક્ર વાસુદેવોને નમસ્કાર કરીને વાસુદેવોના હાથમાં આવે છે. પછી વાસુદેવો તે ચક્ર છોડી પ્રતિ વાસુદેવોને હણે છે.

## ૨૧૨. ચૌદ રત્નો

**सेणावइ १ गाहावइ २ पुरोहि ३ गय ४ तुरय ५ वड्ढई ६ इत्थी ७ ।**
**चक्कं ८ छत्तं ९ चम्मं १० मणि ११ कागिणि १२ खग्ग १३ दंडो १४ य ॥१२१४॥**

**૧. સેનાપતિ, ૨. ગાથાપતિ એટલે ગૃહપતિ, ૩. પુરોહિત, ૪. હાથી, ૫. ઘોડો, ૬. વર્ધકી એટલે (સુથાર), ૭. સ્ત્રી, ૮. ચક્ર, ૯. છત્ર, ૧૦. ચર્મ, ૧૧. મણિ, ૧૨. કાકિણી, ૧૩. ખડ્ગ. ૧૪. દંડ – આ ચૌદ રત્નો છે.**

૧. સેનાપતિ, ૨. ગૃહપતિ, ૩. પુરોહિત, ૪. હાથી, ૫. ઘોડા, ૬. વર્ધકી, ૭. સ્ત્રી, ૮. ચક્ર, ૯. છત્ર, ૧૦ ચર્મ, ૧૧. મણિ, ૧૨. કાગિણિ, ૧૩. ખડ્ગ, ૧૪. દંડ આ ચૌદ રત્નો કહેવાય છે.

" रत्नं निगद्यते तज्जातौ जातौ यदुत्कृष्टम् " । " પોતાની જાતિમાં જે ઉત્કૃષ્ટ એટલે શ્રેષ્ઠ હોય, તે રત્ન કહેવાય." એ વચનાનુસારે સેનાપતિ વગેરે પોતાની જાતિમાં વીર્ય એટલે શક્તિથી ઉત્કૃષ્ટ હોવાના કારણે રત્નો કહેવાય છે.

**૧. સેનાપતિ** એટલે સેનાનો નાયક ગંગા–સિંધુની પેલી પારના દેશ વિજય કરવામાં બળવાન.

**૨. ગૃહપતિ :–** એટલે ચક્રવર્તીના ઘર યોગ્ય કાર્યો કરવા તત્પર, શાલિ એટલે ડાંગર વિગેરે બધા અનાજો તથા સ્વાદિષ્ટ કેરી વિગેરે બધા ફળો, બધા શાક વિશેષોને ઉત્પન્ન કરનાર હોય છે.

**૩. પુરોહિત :–** શાંતિ કર્મ વિગેરે કાર્યો કરનાર પુરોહિત હોય છે.

**૪.–૫. ઘોડા અને હાથી :** ઉત્કૃષ્ટ વેગવાળા મહા પરાક્રમી વિગેરે ગુણ યુક્ત હોય છે.

**૬. વર્ધકી :–** એટલે સુથાર જે ઘરની સ્થાપના વિગેરે કરવામાં હોંશિયાર. તમિસ્ર ગુફામાં અને ખંડપ્રપાત ગુફામાં ઉન્મગ્નજલા–નિમગ્નજલા નદી ઉપર ચક્રવર્તીના સૈન્યને ઉતરવા માટે લાકડાના પુલ બાંધે છે.

**૭. સ્ત્રીરત્ન :–** અતિ અદ્ભૂત રૂપવાન અને કામસુખના નિધાનરૂપ સ્ત્રીરત્નહોય છે.

**૮. ચક્રરત્ન :–** સમસ્ત શસ્ત્રોમાં અતિશયવાન અને દુર્દાન્ત ( દુઃખે કરીને દમન કરી શકાય એવા) શત્રુનો જય કરનારું ચક્રરત્ન છે.

**૯. છત્રરત્ન :–** ચક્રવર્તીના હાથના સ્પર્શ–માત્રના પ્રભાવથી બારયોજન લાંબા–પહોળા થઈ વૈતાઢ્યપર્વતના ઉત્તર વિભાગમાં રહેલા મ્લેચ્છોના અનુરોધથી મેઘકુમાર-દેવોએ કરેલા વૃષ્ટિના પાણીના સમૂહને દૂર કરી રક્ષા કરવા સમર્થ, નવ્વાણુ હજાર સોનાના સળીયાવાળું, કાણુવગરનું, સુપ્રશસ્ત–સુંદર સોનાના દાંડાવાળા અને નીચેના ભાગમાં પાંજરામાં રહેલ, રાજલક્ષ્મીના ચિન્હવાળું, અર્જુન નામના પાંડુર (સફેદ) સોના વડે જેનો પાછળનો ભાગ ઢંકાયેલો છે, શરદ પૂર્ણિમાના ચંદ્રમંડલ જેવું મનોહર, સૂર્યનો તાપ, હવા, વરસાદ વિગેરે દોષોનો નાશ કરનાર છત્રરત્ન છે.

**૧૦. ચર્મરત્ન :–** છત્રરત્નની નીચે ચક્રવર્તીના હાથના સ્પર્શ માત્રના પ્રભાવથી બાર યોજનની લંબાઈવાળું થાય છે. અને જેમાં સવારે વાવેલ શાલિ વિગેરે સાંજે વાપરવા લાયક થાય છે.

**૧૧. મણિરત્ન :–** વૈડૂર્યરત્નમય છે. ત્રિકોણાકારે છ અંશનું હોય છે. ઉપર–નીચે રહેલા છત્રરત્ન અને ચર્મરત્નની વચ્ચે છત્રના તુંબ એટલે વચ્ચેથી ધરી પર મૂકવાથી બાર યોજનના વિસ્તારમાં રહેલા ચક્રવર્તીની સમસ્ત સેના ઉપર નિરૂપમ પ્રકાશ કરે છે. તમિસ્રગુફા તથા ખંડપ્રપાતા ગુફામાં પ્રવેશ કરતા ચક્રવર્તીના હસ્તીરત્નના માથા ઉપર જમણી બાજુ ચક્રવર્તી આ રત્નને બાંધે છે. જેથી બાર યોજન સુધી પૂર્વ પશ્ચિમ અને આગળના ભાગે–એમ ત્રણે દિશાઓમાં અતિગાઢ અંધકારના જથ્થાને દૂર કરે છે. જેના હાથે કે માથે બાંધવામાં આવે, તેના દેવી, તિર્યંચ કે મનુષ્ય સંબંધી સમસ્ત ઉપદ્રવ અને બધાયે રોગોનો નાશ થાય છે. એને મસ્તક ઉપર કે બીજા કોઈપણ અંગ પર રાખીને યુદ્ધમાં જાય, તો કોઈપણ શસ્ત્રથી મરે નહીં અને બધા ભયથી મુક્ત થાય છે.

તે મણીરત્ન હંમેશા જે પુરુષને મણીબંધ વિગેરે પર એટલે હાથના કાંડા વિગેરે પર બાંધવામાં – રાખવામાં આવે તે નિત્ય યૌવનવાલો અને અવસ્થિત વાળ અને નખવાળો થાય છે.

**૧૨. કાકિણીરત્ન :–** આઠ સૌવર્ણિક પ્રમાણ અને સમચોરસ આકારમાં રહેલ હોય છે. ઝેર દૂર કરવાની શક્તિવાળું, જે જગ્યામાં ચંદ્રની પ્રભા એટલે પ્રકાશ, સૂર્યનો પ્રકાશ, અગ્નિની જ્યોત પણ અંધકારના સમૂહને દૂર કરવા સમર્થ ન હોય, તે તમિસ્રગુફામાં અતિ ગાઢ અંધકાર દૂર કરવા શક્તિમાન છે. જેના દિવ્ય પ્રભાવ યુક્ત બાર યોજન સુધી અંધકારના સમૂહને નાશ કરનારા કિરણો વધે છે જેને ચક્રવર્તી પોતાની છાવણીમાં હંમેશા રાત્રે મૂકે જેથી તેના પ્રકાશ વડે રાત્રિ, દિવસના જેવા પ્રકાશને ધારણ કરે છે. જેના પ્રભાવથી ચક્રવર્તી બીજા અડધા ભરતને જીતવા માટે સંપૂર્ણ સૈન્ય સાથે તમિસ્ર ગુફામાં પ્રવેશે છે. તે ગુફામાં પેસી ચક્રવર્તી પૂર્વદિશાની ભીંત અને પશ્ચિમ દિશાની ભીંત

પર એક-એક યોજનના આંતરે પાંચસો ધનુષના લાંબા-પહોળા પૈડાની નેમિના આકારના, બંને તરફ એક-એક યોજન સુધી પ્રકાશ કરનારા ચંદ્રમાના મંડલ જેવા ગોળ, સોનાની રેખા જેવા, ગાયના પેશાબ આકારે-ગોમૂત્રિકા ન્યાયપૂર્વક પૂર્વદિશાની ભીંત પર પચ્ચીશ અને પશ્ચિમદિશાની ભીંત પર ચોવીસ-એમ બંને મળી ઓગણપચાસ (૪૯) મંડલો આલેખતા જાય છે. તે મંડલો જ્યાં સુધી ચક્રવર્તી, ચક્રવર્તી પદને પાળે છે, ત્યાં સુધી રહે છે. ગુફા પણ તે પ્રમાણે જ ઉઘાડી રહે છે. ચક્રવર્તી પદ પૂરું થાય એટલે તે બધું યે બંધ થઈ જાય.

**૧૩. ખડ્ગ રત્ન :-** યુદ્ધભૂમિમાં અપ્રતિહત શક્તિવાળું ખડ્ગરત્ન છે.

**૧૪. દંડરત્ન :-** રત્નમય પાંચ લત્તાવાળું વજ્રસારમય, આખા શત્રુ સૈન્યનો નાશ કરનારું ચક્રવર્તીની છાવણીમાં જે ઊંચા-નીચા ભાગોને સરખા કરનારું; શાંતિ-કારક, હિતકાર, ઈચ્છિત મનોરથને પૂરનાર, દૈવી, અપ્રતિહત, શક્તિવાળું, પ્રયત્ન વિશેષથી વાપરતા એક હજાર યોજન જેટલું નીચે જાય છે.

આ ચૌદરત્નોમાં દરેક રત્ન એક-એક હજાર યક્ષોથી અધિષ્ઠિત હોય છે. તથા આમાં સેનાપતિ વિગેરે સાત પંચેન્દ્રિય રત્નો છે. અને ચક્ર વિગેરે સાત એકેન્દ્રિય પૃથ્વી પરિણામ રૂપ રત્નો છે. આ એકેન્દ્રિય રત્નો જંબૂદ્વીપમાં જઘન્યથી એકી સાથે અઠ્ઠાવીસ મળે છે. કારણ કે જઘન્યથી ચાર જ ચક્રવર્તી હોય છે ઉત્કૃષ્ટથી બસોદસ (૨૧૦) હોય છે. કારણ કે ચક્રવર્તીઓ ઉત્કૃષ્ટથી એકી સાથે ત્રીસ હોય છે. તે આ પ્રમાણે: મહાવિદેહક્ષેત્રમાં અઠ્ઠાવીસ અને ભરત-ઐરવતમાં એક-એક એમ કુલ્લે ત્રીસ થાય છે. આ ત્રીસને સાતે ગુણતા બસો દશ થાય છે... (૧૨૧૪)

રત્નોના પ્રસંગથી વાસુદેવના પણ રત્નો કહે છે...

## વાસુદેવના રત્નો

**चक्कं १ खग्गं २ च धणू ३ मणी ४ य माला ५ तहा गया ६ संखो ७ ।**
**एए सत्त उ रयणा सव्वेसिं वासुदेवाणं ॥१२१५॥**

ચક્ર, ખડ્ગ, ધનુષ, મણિ, વનમાલા, ગદા, શંખ – આ સાત રત્નો બધા વાસુદેવોને હોય છે.

માળા દેવે આપેલી હોય છે. અને કદી કરમાય નહીં. કૌમોદકી નામની ગદા એક હથિયાર વિશેષ છે. બાર યોજન વિસ્તાર પામતાં અવાજવાળો પાંચજન્ય શંખ હોય છે. (૧૨૧૫)

## હવે સાતે એકેન્દ્રિય રત્નોનું પ્રમાણ કહે છે.

**चक्कं छत्तं दंडं तिन्निवि एयाइं वाममित्ताइं ।**
**चम्मं दुहत्थदीहं बत्तीसं अंगुलाइ असी ॥१२१६॥**

चउरंगुलो मणी पुण तस्सद्धं चेव होइ विच्छिन्नो ।
चउरंगुलप्पमाणा सुवन्नवरकागिणी नेया ॥१२१७॥

**ચક્રરત્ન, છત્રરત્ન, દંડરત્ન–એ ત્રણ વામ પ્રમાણ છે. બે હાથ લાંબુ ચર્મરત્ન છે. બત્રીસ આંગળનું ખડ્ગરત્ન, ચાર આંગળ લાંબુ અને એનાથી અડધું એટલે બે આંગળ પહોળું મણિરત્ન છે. ચાર આંગળ પ્રમાણ જાત્ય સુવર્ણમય કાકિણીરત્ન જાણવું.**

ચક્ર, છત્ર, દંડ–એ ત્રણ રત્નો વામ પ્રમાણ એટલે લાંબા કરેલ બે હાથ પ્રમાણ. તિરછી લાંબા કરેલ પુરુષના બે હાથના આગળાની વચ્ચેનો જે ભાગ તે વ્યામ કહેવાય.

ચર્મરત્ન બે હાથ લાંબુ, ખડ્ગરત્ન બત્રીસ આંગળ લાંબુ, મણિરત્ન ચાર આંગળ લાંબુ અને બે આંગળ પહોળું છે. જાત્ય સુવર્ણમય કાકિણીરત્ન ચાર આંગળ પ્રમાણ જાણવું. આ સાતે એકેન્દ્રિય રત્નો બધાયે ચક્રવર્તીઓના આત્માંગુલે જાણવું. બાકીના સાત પંચેન્દ્રિય રત્નો તે તે વખત પુરુષને યોગ્ય પ્રમાણવાળા હોય છે. (૧૨૧૬–૧૨૧૭)

## ૨૧૩. નવનિધિ

नेसप्पे १ पंडुयए २ पिंगलए ३ सव्वरयण ४ महपउमे ५ ।
काले य ६ महाकाले ७ माणवग ८ महानिही संखे ९ ॥१२१८॥

૧. નૈસર્પ, ૨. પાંડુક, ૩. પિંગલક, ૪. સર્વરત્ન, ૫. મહાપદ્મ, ૬. કાલ, ૭. મહાકાલ, ૮. માણવક, ૯. શંખ–આ નવ મહાનિધિઓ છે. આ નિધિઓમાં શાશ્વતાકલ્પ એટલે આચારના પુસ્તકો છે. તે પુસ્તકોમાં વિશ્વસ્થિતિ કહેવાયેલી છે. (૧૨૧૮)

હવે જે નિધિમાં જે વિષયના કલ્પ પુસ્તકો હોય તે કહે છે.

### ૧. નૈસર્પનિધિ :–

नेसप्पंमि निवेसा गामगरनगरपट्टणाणं च ।
दोणमुहमडंबाणं खंधाराणं गिहाणं च ॥१२१९॥

**ગામ, ખાણ, નગર, પટ્ટણ, દ્રોણમુખ, મડંબ, સ્કંધાવાર, ઘરોની સ્થાપનાની વિધિ નૈસર્પમાં કહી છે.**

નૈસર્પ નામના નિધિમાં ગામ, ખાણ, નગર, પત્તન, દ્રોણમુખ, મડંબ, સ્કંધાવાર એટલે છાવણી, ઘરો અને દુકાનોની સ્થાપનાની વિધિ કહી છે.

વાડથી ઘેરાયેલ ગામ કહેવાય. જે ગામમાં મીઠું વિગેરે ઉત્પન્ન થતું હોય તે, આકર કહેવાય. નગર એટલે રાજધાની, જ્યાં આગળ જળમાર્ગે–સ્થળમાર્ગે પ્રવેશ અને નિર્ગમન–

નીકળાય તે પત્તન કહેવાય. જ્યાં આગળ જળમાર્ગે પ્રવેશ અને નીકળવાનું હોય તે દ્રોણમુખ. જેની ચારે તરફ અઢીગાઉ સુધી કોઈપણ બીજું ગામ ન હોય તે મડંબ કહેવાય. જ્યાં સૈન્યનો પડાવ હોય તે છાવણી કહેવાય. ભવનને ઘર કહેવાય. આપણ એટલે હટ્ટ અથવા દુકાન કહેવાય. (૧૨૧૯)

૨. પાંડુકનિધિ :–

**गणियस्स य गीयाणं माणुम्माणस्स जं पमाणं च ।**
**धन्नस्स य बीयाणं उप्पत्ती पंडुए भणिया ॥१२२०॥**

**પાંડુકનિધિમાં ગણિતની, ગીતોની માન-ઉન્માનનું જે પ્રમાણ અને ધાન્યના બીજોની ઉત્પત્તિ કહી છે.**

દીનાર અને સોપારી વિગેરેની ગણત્રીરૂપ ગણિત, ગીત એટલે સ્વરકરણ, પાટકરણ, ધૂપકરણ, કાગાસૂક ટિક્કા વિગેરે પ્રબંધોનું જેમાં વર્ણન હોય તે. બે પસલીની એક સેતિકા વિગેરે માન કહેવાય. તે સેતિકા વિગેરેની વિષયરૂપ જે હોય, તે પણ માન જ છે. અને અનાજ વિગેરે મેય એટલે માપવા યોગ્ય છે. ઉન્માન એટલે તુલા-કર્ષ વિગેરે તેના વિષયરૂપે જે હોય તે ઉન્માન કહેવાય. ખાંડ-ગોળ વિગેરે ધરિમ કહેવાય. શાલિ એટલે ડાંગર વિગેરેના બીજોની દેશ-કાળની ઔચિત્યતાપૂર્વક જે ઉત્પત્તિ એટલે બનાવટને પાંડુક નામના નિધિમાં કહી છે-વર્ણવી છે. (૧૨૨૦)

૩. પિંગલનિધિ :–

**सव्वा आहरणविही पुरिसाणं जा य जा य महिलाणं ।**
**आसाण य हत्थीण य पिंगलगनिहिम्मि सा भणिया ॥१२२१॥**

પુરુષો, સ્ત્રીઓ, ઘોડાઓ અને હાથીઓની જે સર્વ પ્રકારની આભરણવિધિ હોય છે, તે યથોચિત્યપૂર્વક પિંગલ નામના મહાનિધિમાં કહી છે. (૧૨૨૧)

૪. સર્વરત્નનિધિ :–

**रयणाइं सव्वरयणे चउद्दस पवराइं चक्कवट्टीणं ।**
**उप्पज्जंति एगिंदियाइं पंचिंदियाइं च ॥१२२२॥**

ચક્રવર્તીના ચૌદ રત્નો સર્વોત્તમ હોય છે. તે આ પ્રમાણે : ચક્ર વિગેરે સાત એકેન્દ્રિય અને સેનાપતિ વિગેરે સાત પંચેન્દ્રિય રત્નો. તે ચૌદ રત્નો સર્વરત્ન નામની મહાનિધિમાં ઉત્પન્ન થાય એટલે તેમાં વર્ણવાયા છે. બીજા આચાર્યો ઉત્પન્ન થાય એટલે આ નિધિના પ્રભાવથી ચૌદરત્નો તેજવાળા તેજસ્વી થાય છે એમ કહે છે. (૧૨૨૨)

५. મહાપદ્મનિધિ :–

वत्थाण य उप्पत्ती निप्फत्ती चेव सव्वभत्तीणं ।
रंगाण य धाऊण य सव्वा एसा महापउमे ॥१२२३॥

બધાયે વસ્ત્રોની જે ઉત્પત્તિ તથા બધાયે વસ્ત્રોમાં રહેલી જે રચના વિશેષ અને મંજિષ્ઠ, કિરમજી, કુસુંબો વિગેરે રંગોની. લોઢું, તાંબુ વિગેરે ધાતુઓની બધી વિધિ આ મહાપદ્મનિધિમાં કહી છે. બધાયે વસ્ત્ર વિગેરેને ધોવાની વિધિ પણ આ નિધિમાં કહી છે. (૧૨૨૩)

૬. કાલનિધિ :–

काले कालन्नाणं भव्व पुराणं च तिसुवि वंसेसु ।
सिप्पसयं कम्माणि य तिन्नि पयाए हियकराइं ॥१२२४॥

**કાલ નામના નિધિમાં કાળ, જ્ઞાન, ત્રણે વંશોમાં જે ભવ્ય એટલે ભવિષ્યકાળ તથા પુરાણ એટલે ભૂતકાળ હોય તે તથા પ્રજાને હિતકારી સો શિલ્પ અને કર્મો ત્રણ પ્રકારે કહ્યા છે.**

કાળ નામના નિધિમાં સમસ્ત જ્યોતિષશાસ્ત્ર સંબંધી જ્ઞાન કહ્યું છે. જગતમાં ત્રણ વંશો છે. વંશ એટલે પરંપરા, પ્રવાહ, આવલિકા આ બધા પર્યાયવાચી શબ્દો છે. તે ત્રણ વંશો, તીર્થંકરનો વંશ, ચક્રવર્તીનો વંશ, બળદેવ-વાસુદેવનો વંશ. તે વંશોમાં જે ભાવ્ય એટલે ભવિષ્યકાળ તથા જે પુરાણ એટલે ભૂતકાળ અને ઉપલક્ષણથી વર્તમાન કાળમાં જે પુરુષો થયા તે કહેવા અથવા तिसु विवासेसु એ પ્રમાણેના પાઠ મુજબ ભવિષ્યકાલિન વસ્તુ વિષયક અને ભૂતકાલિન વસ્તુ વિષયક કાલજ્ઞાન ભવિષ્યના તેમજ ભૂતકાળના ત્રણ વર્ષ વિષયક કાળજ્ઞાન. કોઈ જગ્યાએ भव्व पुराणं च तिसु वि कालेसु એ પાઠ મુજબ વર્તમાનકાળ. ભૂતકાળ, ભવિષ્યકાળ એ ત્રણે કાળ વિષયક ભવ્ય એટલે શુભકાળ અને પુરાણ એટલે અશુભકાળનું જ્ઞાન.

સો શિલ્પો જે ઘડાવિષયક, લુહારવિષયક, ચિત્રવિષયક, વસ્ત્રવિષયક અને હજામ-વિષયક–એમ પાંચ શિલ્પો છે. આ દરેકના વીસ–વીસ ભેદો ગણતા સો ભેદ શિલ્પના થાય. ખેતી–વેપાર વિગેરે જઘન્ય, મધ્યમ–ઉત્કૃષ્ટ ભેદે ત્રણ પ્રકારના કર્મો પ્રજાને હિતકારી છે. તે બધાયે આ નિધિમાં કહ્યા છે. (૧૨૨૪)

૭. મહાકાલનિધિ :–

लोहस्स य उप्पत्ती होइ महाकाल आगराणं च ।
रुप्पस्स सुवण्णस्स य मणिमोत्तियसिलप्पवालाणं ॥१२२५॥

મહાકાળનિધિમાં જુદા–જુદા ભેદવાળા લોખંડની ખાણ, સોનું રૂપુ, ચંદ્રકાંત વિગેરે મણિ, મોતી, સ્ફટિક વિગેરે શિલાઓ, વિદ્રુમ એટલે પરવાળાની ( પ્રવાલની ) ખાણોની ઉત્પત્તિ કહી છે. (૧૨૨૫)

૮. માણવકનિધિ :–

जोहाण य उप्पत्ती आवरणाणं च पहरणाणं च ।
सव्वा य जुद्धनीई माणवगे दंडनीई य ॥१२२६॥

માણવકનિધિમાં શૂરવીર પુરુષો, ઢાલ, બખ્તર વિગેરેની, તલવાર વિગેરે શસ્ત્રોની જ્યાં જે પ્રમાણે ઉત્પત્તિ હોય છે, તે તે પ્રમાણે કહેવાય છે. તથા વ્યુહરચના વિગેરે દરેક પ્રકારની યુદ્ધનીતિ સામ વિગેરે ચાર પ્રકારની દંડનીતિ કહી છે. (૧૨૨૬)

૯. શંખમહાનિધિ :–

नट्टविही नाडयविही कव्वस्स चउव्विहस्स निप्फत्ती ।
संखे महानिहिम्मि उ तुडियंगाणं च सव्वेसिं ॥१२२७॥

શંખ મહાનિધિમાં બધા પ્રકારની નર્તન વિધિ એટલે દરેક પ્રકારના નાચ–નૃત્ય કરવાના પ્રકારો, અભિનય કરવા યોગ્ય પ્રબંધોના વિસ્તારરૂપ બધા પ્રકારની નાટક વિધિ તથા ધર્મ–અર્થ–કામ અને મોક્ષરૂપ ચાર પુરૂષાર્થની ગુંથણીરૂપ ચાર પ્રકારના કાવ્યો અથવા સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ સંકીર્ણ–રૂપ ચાર ભાષામાં ગુંથાયેલા ચાર પ્રકારના કાવ્યો ગદ્ય, પદ્ય, ગેય, ચૌર્ણપદ બદ્ધ ચાર પ્રકારના કાવ્ય તથા બધા પ્રકારના ત્રુટિત એટલે વાજીંત્રોની ઉત્પત્તિ કહેલ છે.

બીજા આચાર્યો "ઉપરોક્ત પદાર્થો બધી નવેનિધિઓમાં સાક્ષાત્ પદાર્થરૂપે જ ઉત્પન્ન થાય છે." એમ વ્યાખ્યા કરે છે. (૧૨૨૭)

**હવે નવે નિધિઓનું સામાન્યથી સ્વરૂપ કહે છે.**

चक्कट्ठपइट्ठाणा अट्ठस्सेहा य नव य विक्खंभे ।
बारस दीहा मंजूससंठिया जण्हवीएँ मुहे ॥१२२८॥

**નવે નિધિઓ આઠ ચક્ર એટલે પૈંડા પર રહેલી, આઠ યોજન ઊંચી, નવ યોજન પહોળી, બાર યોજન લાંબી, મંજુષા એટલે પેટી આકારની, ગંગાના મુખ આગળ રહેલી છે.**

નવે નિધિઓ દરેક આઠ પૈડાઓ પર રહેલી છે. તે આઠ યોજન ઊંચી, નવ યોજન પહોળી, બાર યોજન લાંબી પેટીઓના આકારે છે અને તે હંમેશા ગંગાનદીના મુખ આગળ રહે છે.

ચક્રવર્તીની ઉત્પત્તિ વખતે અને ભરતક્ષેત્રનો વિજય કર્યા પછી ચક્રવર્તીની સાથે પાતાલ માર્ગે ચક્રવર્તીના નગરમાં આવે છે. (૧૨૨૮)

**वेरुलियमणिकवाडा कणयमया विविहरयणपडिपुन्ना ।**
**ससिसूरचक्कलक्खण अणुसमचयणोववत्तीया ॥१२२९॥**

**વૈડૂર્યમણિમય જેના બારણા છે તેના પર સોનાના વિવિધ રત્નોથી પૂર્ણચંદ્ર, સૂર્યના આકારના ચક્ર આદિ ચિન્હો છે અને અનુરૂપ એટલે એક સરખા બારણાવાલા છે.**

જેના કપાટ એટલે બારણા વૈડૂર્યમણિના છે. તેની ઉપર સોનાના વિવિધ રત્નોથી પૂર્ણ એટલે જડેલા ચંદ્ર-સૂર્ય આકારના ચક્રોના ચિન્હો છે. તે નિધિઓ એક સમાન વિષમતા વગરના બારણાવાળી છે.

अणुपम એ પાઠના આધારે જેના પર સ્વરૂપના વર્ણનમાં ઉપમા માટેના વચનો મળતા નથી તે અનુપમ વચનોપપત્તિકા એટલે ઉપમા વડે જેનું વર્ણન કરી શકાય નહીં, કારણ કે ઉપમાનો અભાવ છે.

अणुसमय चयणोववत्तीय એ પાઠના આધારે કે દરેક સમયે પુદ્‌ગલોનું જેમાંથી ચ્યવન એટલે દૂર થવું અને ઉપપત્તિ એટલે જોડાવું થાય છે. એટલે એ બારણામાંથી જેટલા પુદ્‌ગલો દૂર થાય છે તેટલાજ પુદ્‌ગલો દરેક સમયે લાગે છે.

સ્થાનાંગસૂત્ર अणुसमजुगबाहुरयणीय એ પાઠના આધારે આ પ્રમાણે અર્થ થાય છે. જેના મોઢા આગળ અનુપમ એટલે એક સમાન યૂપ એટલે યજ્ઞના થાંભલા જેવા આકારવાળા ગોળ તથા લાંબા બાહુ એટલે બારશાખ-દ્વારશાખા છે. (૧૨૨૯)

**पलिओवमट्ठिईया निहिसरिनामा य तत्थ खलु देवा ।**
**जेसिं ते आवासा अक्केज्जा आहिवच्चाय ॥१२३०॥**

તે નિધિઓમાં એક પલ્યોપમના આયુષ્યવાળા, નિધિના જેવાજ નામવાળા દેવો હોય છે. તે દેવોનું આ નિધિ આશ્રય સ્થાન છે અને તે દેવો આધિપત્ય માટે ખરીદાય એવા નથી. કેમકે આધિપત્ય ખરીદવાથી મળતું નથી. એ ભાવ છે. (૧૨૩૦)

**एए ते नव निहिणो पभूयधणरयणसंचयसमिद्धा ।**
**जे वसमुवगच्छंति सव्वेसिं चक्कवट्टीणं ॥१२३१॥**

આ નવેનિધિઓ ઘણા ધનરત્નના સંગ્રહથી સમૃદ્ધ છે. આ નિધિ ભરતક્ષેત્રના અધિપતિ બધાયે ચક્રવર્તિઓને વશમાં આવે છે. (૧૨૩૧)

## ૨૧૪. જીવ સંખ્યા કુલક

**नमिउं नेमिं एगाइजीवसंखं भणामि समयाओ ।**

**चेयणजुत्ता एगे १ भवत्थसिद्धा दुहा जीवा २ ॥१२३२॥**

**નેમિનાથને નમી એક વિગેરે જીવની સંખ્યા સિદ્ધાંતમાંથી કહું છું. એક પ્રકારે ચેતના યુક્ત જીવ છે. તથા બે પ્રકારે સંસારી અને સિદ્ધના જીવો છે. (૧૨૩૨)**

બાવીસમા તીર્થંકર નેમનાથને નમી એક બે વિગેરે જીવની સંખ્યા સિદ્ધાંતમાંથી હું કહું છું પણ મારી મતિકલ્પનાથી નહીં. એક પ્રકારે ચૈતન્ય યુક્ત જીવો છે. કારણ દરેક જીવ ઉપયોગ લક્ષણવાળો છે. સિદ્ધના તથા સંસારી એમ બંને પ્રકારની અવસ્થામાં ઉપયોગધર્મ રહે છે. કારણ કે, સતત બોધ રહે છે. જો સતત બોધ ન હોય, તો અજીવ થવાનો પ્રસંગ આવે.

ભવસ્થ અને સિદ્ધ-એમ બે ભેદે જીવો છે. ભવસ્થ એટલે સંસારમાં રહેલા અને સિદ્ધ એટલે મુક્તિપદને પામેલા. (૧૨૩૨)

**तस थावरा य दुविहा २ तिविहा थीपुंनपुंसगविभेया ३ ।**

**नारयतिरियनरामरगइभेयाओ चउब्भेया ४ ॥१२३३॥**

**ત્રસ અને સ્થાવર એમ બે પ્રકારે, સ્ત્રી-પુરુષ અને નપુંસક એમ ત્રણ પ્રકારે, નારક તિર્યંચ-મનુષ્ય અને દેવ-એમ ચાર પ્રકારે જીવો છે.**

ત્રસ અને સ્થાવર એમ બે પ્રકારે જીવો છે. તેમાં બેઇન્દ્રિય વિગેરે ત્રસો છે અને પૃથ્વીકાય વિગરે એકેન્દ્રિય સ્થાવરો છે.

સ્રી-પુરુષો અને નપુસક એમ ત્રણ પ્રકારે ત્રિવિધ જીવો છે. અહીં સ્રી વિગેરે સ્રીવેદ આદિ વેદના ઉદયથી, યોનિ વિગેરે ચિન્હોથી યુક્ત જાણવા તે આ પ્રમાણે.

૧. સ્રીપણાના સાત લક્ષણો આ પ્રમાણે છે.

૧. યોનિ, ૨. કોમળતા, ૩. અસ્થિરતા, ૪. મુગ્ધતા, ૫. અબલતા, ૬. સ્તનો, ૭. પુરુષની ઇચ્છા...

૨. પુરુષપણાના સાત લક્ષણો આ પ્રમાણે છે.

૧. લીંગ, ૨. કઠોરતા, ૩. દ્રઢતા, ૪. પરાક્રમ, ૫. દાઢી, મૂછ, ૬. ધૃષ્ટતા, ૭. સ્રીની ઇચ્છા. આ સાત લક્ષણો પુરુષના છે.

૩. જેને સ્તન વિગેરે હોય અને દાઢી-મૂછના વાળ વિગેરે હોવા ન હોવાથી જે યુક્ત હોય અને જેને મોહરૂપી આગ સારી રીતે સળગે છે તેને પંડિતો નપુસક કહે છે.

નરક-તિર્યંચ-મનુષ્ય અને દેવના ભેદે ચાર પ્રકારે જીવો છે. (૧૨૩૩)

**अहव तिवेयअवेयसरुवओ वा हवंति चत्तारि ४ ।**
**एगबितिचउपणिंदियरुवा पंचप्पयारा ते ॥१२३४॥**

અથવા ત્રણવેદ અને અવેદી એમ ચાર પ્રકારે જીવો છે. સ્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ અને જેમનો વેદ ઉપશમી ગયો છે અથવા ક્ષય થયો છે એવા અનિવૃત્તિ બાદર વિગેરે ગુણઠાણાવાળા સંસારી જીવો તેમજ સિદ્ધો–એમ ચાર પ્રકારે જીવો છે.

એકેન્દ્રિય–બેઇન્દ્રિય–તેઇન્દ્રિય–ચઉરિન્દ્રિય પંચેન્દ્રિય–એમ પાંચ પ્રકારે જીવો છે. (૧૨૩૪)

**एए च्चिय छ अणिंदियजुत्ता ६ अहवा छ भूजलग्गिनिला ।**
**वणतससहिया ६ छप्पिय ते सत्त अकायसंबलिया ॥१२३५॥**

આ એકેન્દ્રિય વિગેરે પાંચને અનિન્દ્રિય સાથે ગણતા છ પ્રકારના જીવો થાય છે. જેમને ઈન્દ્રિયો નથી તે અનિન્દ્રિય એટલે સિદ્ધો.

અથવા પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસકાયના ભેદે છ પ્રકારે જીવો છે.

આગળ કહેલ પૃથ્વીકાય વિગેરે છ પ્રકારના જીવોને અકાય સાથે ગણતા સાત પ્રકારે જીવો થાય છે. પાંચ પ્રકારમાંથી એક પણ શરીર જેને ન હોય તે અકાય એટલે સિદ્ધો. (૧૨૩૫)

**अंडय १ रसय २ जराउय ४ संसेयय ४ पोयया ५ समुच्छिमया ६ ।**
**उब्भिय ७ तहोववाइय ८ मेएणं अट्ठहा जीवा ॥१२३६॥**

**અંડજ, રસજ, જરાયુજ, સંસ્વેદજ, પોતજ, સમૂર્ચ્છિમ, ઉદ્‌ભિન્ન, તથા ઔપપાતિક એમ આઠ ભેદે જીવો છે.**

અંડજ વિગેરે આઠ પ્રકારે જીવો હોય છે.

૧. તેમાં ઈંડામાંથી ઉત્પન્ન થયેલા તે અંડજ. જેમ કે પક્ષીઓ, ગરોળી, માછલી, સાપ વિગેરે.

૨. રસથી ઉત્પન્ન થયેલા રસજ. જેમ કે છાસ, ઓસામણ, દહિં, કાંજી વિગેરેમાં પોરા કે કૃમિ આકારના અતિસૂક્ષ્મ જીવ વિશેષો ઉત્પન્ન થાય છે.

૩. જરાયુજ એટલે ગર્ભ વીંટવાથી ઉત્પન્ન થયેલા અથવા જરાયુથી વીંટળાયેલા જે જીવો તે જરાયુજ. જેમકે માણસો, ગાય, ભેંસ વિગેરે.

૪. સંસ્વેદજ એટલે પરસેવાથી ઉત્પન્ન થયેલા તે સંસ્વેદજ. જેમકે માંકડ, જૂ, શતપદી, કાનખજુરા વિગેરે.

૫. પોત એટલે વસ્ત્ર. વસ્ત્રની જેમ ઓહીત્થથી ઉત્પન્ન થયેલ એટલે જરાયુથી વીંટળાયા વગર ઉત્પન્ન થનારા તે પોતજ. જેમકે હાથી, વાગોર, ચામાચીડીયા, જળો વિગેરે.

૬. સંમૂર્ચ્છિમ એટલે સંમૂર્ચ્છનવડે થયેલ તે સંમૂર્ચ્છિમ. જેમકે કરમીયા, કીડી, માખી, શાલિકા વિગેરે.

૭. ઉદ્ભેદજ એટલે ભૂમિભેદથી થયેલા તે ઉદ્ભેદજ. પતંગીયા, ખંજનક વિગેરે.

૮. ઉપપાત એટલે દેવશય્યા વિગેરેમાં થનારા ઔપપાતિક જેમકે દેવો અને નારકો. (૧૨૩૬)

**पुढवाइ पंच बितिचउपणिंदि ४ जुत्ता य नवविहा ९ हुंति ।**
**नारय नपुंस तिरिनरतिवेय सुरथीपुमेवं वा ॥१२३७॥**

પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય-એ પાંચ તથા બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરિંદ્રિય, પંચેન્દ્રિય એ બધા મળી નવ પ્રકારે જીવો થાય છે.

અથવા નારકો નપુંસકરૂપે એક પ્રકારે છે. તિર્યંચો અને મનુષ્યો સ્ત્રી-પુરુષ અને નપુંસકભેદે ત્રણ ત્રણ વેદના પ્રકારે છે. અને દેવો, સ્ત્રી અને પુરુષ એમ બે પ્રકારે. એટલે નારકોનો એક પ્રકાર, મનુષ્યના ત્રણ પ્રકાર, તિર્યંચોના ત્રણ પ્રકાર તથા દેવોના બે પ્રકાર-એમ નવ પ્રકારે જીવો થાય છે. (૧૨૩૭)

**पुढवाइ अट्ठ असन्नि सन्नि दस तेससिद्ध इगदसउ ११ ।**
**पुढवाइयातसंता अपज्जपज्जत्त बारसहा ॥१२३८॥**

પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરિંદ્રિય-એમ આઠ તથા અસંજ્ઞી, સંજ્ઞીપંચેન્દ્રિય-એમ બે મળી કુલ દસ પ્રકારે જીવો છે.

આ જ દસ પ્રકારને સિદ્ધ સહિત ગણુતા અગ્યાર પ્રકારે જીવો થાય છે.

તથા પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય, ત્રસકાય એ છના પર્યાપ્ત અને અપર્યાપ્ત બે-બે ભેદ દરેકના ગણુતા બાર પ્રકારે જીવો થાય છે. (૧૨૩૮)

**बारसवि अतणुजुत्ता तेरस सुहुमियरेगिंदि बेइंदी ।**
**तिय चउ असन्नि सन्नी अपज्ज पज्जत्त चउदसहा ॥१२३९॥**

ઉપરોક્ત બાર ભેદોમાં શરીર રહિત સિદ્ધોને ગણુતા તેર ભેદો થાય છે.

તથા સૂક્ષ્મએકેન્દ્રિય, બાદરએકેન્દ્રિય એમ બે પ્રકારે એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેંદ્રિય, સંજ્ઞીપંચેન્દ્રિય, અસંજ્ઞીપંચેન્દ્રિય-એમ બે પ્રકારે પંચેન્દ્રિય બધા મળી સાત

પ્રકારે જીવો થયા. એ સાતેના પર્યાપ્ત અને અપર્યાપ્ત ભેદો ગણુતા ચૌદ પ્રકારે જીવો થાય છે. (૧૨૩૯)

**चउदसवि अमलकलिया पनरस तह अंडगाइ जे अट्ठ ।**
**ते अपज्जत्तगपजत्तभेयओ सोलस हवंति ॥१२४०॥**

આ જ ચૌદ ભેદોમાં મલ રહિત સિદ્ધ જીવો ઉમેરતા પંદર પ્રકાર થાય.

સ્વાભાવિક નિર્મળ સ્વરૂપવાળા જીવને મલિન કરનાર હોવાથી આઠ પ્રકારના કર્મરૂપી મેલ જેમનો નાશ પામ્યો છે, તે અમલ જીવો એટલે સિદ્ધના જીવો છે.

આગળ કહેલ અંડજ, રસજ વિગેરે આઠ પ્રકારના જીવોના અપર્યાપ્ત અને પર્યાપ્ત ભેદો ગણુતા સોલ પ્રકારો થાય છે. (૧૨૪૦)

**सोलसवि अकायजुया सतरस नपुमाइ नव अपज्जत्ता ।**
**पज्जत्ता अट्ठारस अकम्म जुअ ते इगुण वीसं ॥१२४१॥**

આજ સોલ પ્રકારોને શરીર રહિત સિદ્ધો સહિત ગણુતા સત્તર પ્રકારે જીવો થાય છે.

આગળ કહેલા નપુંસક વિગેરે નવ પ્રકારના ભેદો એટલે નારકો નપુંસકરૂપે. તિર્યંચો–સ્ત્રી, પુરુષ, નપુંસકરૂપે, મનુષ્યો–સ્ત્રી, પુરુષ, નપુંસકરૂપે તથા દેવો–સ્ત્રી–પુરુષ-વેદરૂપે નવે પ્રકારના જીવોના પર્યાપ્ત અને અપર્યાપ્ત ભેદરૂપે ગણુતા અઢાર ભેદો થાય છે.

આ જ અઢાર ભેદો કર્મ રહિત સિદ્ધો સહિત ગણુતા ઓગણીસ ભેદો થાય છે. (૧૨૪૧)

**पुढवाइ दस अपज्जा पज्जत्ता हुंत्ति वीस संखाए ।**
**अशरीरं जुएहिं तेहिं वीसई होइ एगहिया ॥१२४२॥**

આગળ જે પૃથ્વીકાય વિગેરે દસ પ્રકારના જીવો કહ્યા છે, તે જ દસ પ્રકારોને પર્યાપ્ત અપર્યાપ્ત–એમ બે–બે ભેદો ગણુતા વીસ ભેદો થાય છે.

તથા આ પૃથ્વીકાય વિગેરે વીસ ભેદોમાં અશરીરી સિદ્ધોને ઉમેરતા જીવોના એકવીસ ભેદો થાય છે. (૧૨૪૨)

**सुहुमियर भूजलानल वाउ वणाणंत दस सपत्तेआ ।**
**बिति चउ असन्नि सन्नी अपज्ज पज्जत्त बत्तीसं ॥१२४३॥**

સૂક્ષ્મ–બાદર પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, અનંત વનસ્પતિકાય, એ દસ ભેદો તથા પ્રત્યેકવનસ્પતિકાય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેંદ્રિય, અસંજ્ઞી–સંજ્ઞી પંચેન્દ્રિય આ દરેકના પર્યાપ્તા–અપર્યાપ્તા ભેદો ગણુતા બત્રીસ ભેદો થાય.

પૃથ્વીકાય, અપ્કાય, અગ્નિકાય, વાયુકાય અને અનંત (સાધારણ) વનસ્પતિકાય એ પાંચેને સૂક્ષ્મ અને બાદર ભેદે ગણતા દસ ભેદો થાય છે. આ દસ ભેદો તથા પ્રત્યેક વનસ્પતિકાય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેંદ્રિય, સંજ્ઞીપંચેન્દ્રિય, અસંજ્ઞીપંચેન્દ્રિય-આ બધાને મેળવતા કુલ્લે સોળ ભેદો થાય. આ સોળ ભેદોને પર્યાપ્ત અને અપર્યાપ્ત ભેદે ગણતા બત્રીસ ભેદો થાય છે. આની વિચારણા આ પ્રમાણે છે.

સૂક્ષ્મપૃથ્વીકાય, બાદરપૃથ્વીકાય એમ બે પ્રકાર છે. એ બન્ને પર્યાપ્ત સૂક્ષ્મપૃથ્વીકાય અને અપર્યાપ્ત સૂક્ષ્મપૃથ્વીકાય, પર્યાપ્ત બાદર પૃથ્વીકાય, અપર્યાપ્ત બાદર પૃથ્વીકાય, બાદર પૃથ્વીકાય-એમ ચાર પ્રકારે પૃથ્વીકાય છે. આ પ્રમાણે અપ્કાય, અગ્નિકાય, વાયુકાયના પણ ચાર ભેદો જાણવા. સાધારણવનસ્પતિકાય અને પ્રત્યેકવનસ્પતિકાય-એમ બે પ્રકારે વનસ્પતિકાય છે. તેમાં સાધારણવનસ્પતિકાય સૂક્ષ્મ અને બાદર એમ-બે પ્રકારે છે. આ બંને ભેદો પણ પર્યાપ્ત-અપર્યાપ્ત એમ બે પ્રકારે ગણતા સાધારણવનસ્પતિકાયના ચાર ભેદો તથા પ્રત્યેક વનસ્પતિના પર્યાપ્ત-અપર્યાપ્તરૂપ બે ભેદો ગણતા વનસ્પતિકાયના કુલ્લે છ ભેદો થાય છે. બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેંદ્રિય, સંજ્ઞિપંચેન્દ્રિય, અસંજ્ઞિપંચેન્દ્રિય એ દરેકના પર્યાપ્ત-અપર્યાપ્ત એમ બે-બે ભેદો ગણતા કુલ્લે બત્રીસ ભેદો જીવના થાય. (૧૨૪૩)

**तह नरयभवणवणजोइकप्पगेवेज्जऽणुत्तरूप्पन्ना ।**
**सत्तदसऽट्ठपणबारस नवपणछप्पन्नवेउव्वा ॥१२४४॥**
**हुंति अडवन्न संखा ते नरतेरिच्छसंगया सव्वे ।**
**अपजत्तपजत्तेहिं सोलसुत्तरसयं तेहिं ॥१२४५॥**

**સાત નરક, દસ ભવનપતિ, આઠ વ્યંતર, પાંચ જ્યોતિષ, બાર દેવલોક, નવ ગ્રૈવેયક, પાંચ અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયેલા જીવો છે તેના આ પ્રમાણે છપ્પન વૈક્રિય શરીરીના ભેદો થયા. તેમાં મનુષ્યો અને તિર્યંચો ઉમેરતા કુલ્લે અઠ્ઠાવન ભેદો થાય છે. એના અપર્યાપ્ત-પર્યાપ્ત ભેદો ગણતા એકસો સોલ જીવના ભેદો થાય છે.**

સાત નરક, દસ ભવનપતિ, આઠ વનચર એટલે વ્યંતર, પાંચ જ્યોતિષી, બાર કલ્પ એટલે દેવલોક, નવગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયેલા વૈક્રિય શરીરવાળા જીવોના આ પ્રમાણે છપ્પન ભેદો થયા. આનો ભાવાર્થ આ પ્રમાણે છે.

રત્નપ્રભા વિગેરે સાત પૃથ્વીમાં રહેતા હોવાથી નારકો સાત પ્રકારે છે. અસુરકુમાર વિગેરે દસ પ્રકારે ભવનપતિઓ છે. પિશાચ વિગેરે આઠ પ્રકારે વ્યંતરો છે. ચંદ્ર વિગેરે પાંચ પ્રકારે જ્યોતિષીઓ છે. સૌધર્મ વિગેરે બાર દેવલોકમાં ઉત્પન્ન થયેલ હોવાથી બાર પ્રકારના કલ્પોપન્ન દેવો છે. અધસ્તન અધસ્તન વિગેરે નવ પ્રકારના ગ્રૈવેયકમાં રહેતા હોવાથી નવ પ્રકારના ગ્રૈવેયક. વિજય વિગેરે પાંચ અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયેલ હોવાથી પાંચ

પ્રકારના અનુત્તરદેવો. બધા મળી છપ્પન ભેદો વૈક્રિય શરીરવાળા જીવોના થાય છે. તેમાં મનુષ્ય ને તિર્યંચના બે ભેદ ઉમેરતાં કુલ્લે અઠ્ઠાવન ભેદ જીવના થાય છે. તે અઠ્ઠાવન ભેદના દરેકના અપર્યાપ્ત-પર્યાપ્ત ગણતા એકસો સોલ ભેદ જીવના થાય છે. (૧૨૪૪-૧૨૪૫)

सन्निदुगहीण बत्तीससंगयं तं सयं छयत्तालं ।
तं भव्वाभव्वदूरभव्वा आसन्नभव्वं च ॥१२४६॥
संसारनिवासीणं जीवाण सय इमं छयत्तालं ।
अप्पं व पालियव्वं सिवसुहकंखीहिं जीवेहिं ॥१२४७॥

**સંજ્ઞિ દ્વિક વગર આગળ કહેલા બત્રીસ ભેદોને ગણતા એકસો છેંતાલીસ ભેદો થાય છે. તે ભવ્ય, અભવ્ય, દુર્ભવ્ય અને આસન્નભવ્ય, સંસારમાં રહેલા આ એકસો છેંતાલીસ ભેદોને શિવસુખ ઇચ્છનારા જીવોએ પોતાના આત્માની જેમ પાળવાં જોઇએ.**

પર્યાપ્ત-અપર્યાપ્તરૂપ સંજ્ઞિદ્વિક વગર આગળ કહેલા બત્રીસ ભેદોને એટલે ત્રીસ ભેદોને એકસો સોલ ભેદોમાં ઉમેરતા-મેળવતા એકસો છેંતાલીસ ભેદો થાય છે. અહીં એકસો સોલ ભેદોમાં સંજ્ઞિદ્વિકનો સમાવેશ થઈ જતો હોવાથી સંજ્ઞિદ્વિકને બત્રીશ ભેદ માંથી છોડી દીધું છે. આ એકસો છેંતાલીશ ભેદોનો ભવ્ય, અભવ્ય, દુર્ભવ્ય અને આસન્નભવ્યરૂપ ચાર ભેદોમાં સમાવેશ થાય છે. આનો ભાવાર્થ આ પ્રમાણે છે...

આગળ કહેલા એકસો છેંતાલીસ ભેદોમાંથી કેટલાક જીવો ભવ્ય છે. કેટલાંક અભવ્ય છે, કેટલાંક દુર્ભવ્ય છે. કેટલાંક આસન્નભવ્ય જીવો છે. એમાં જે જીવો મુક્તિરૂપ પર્યાયને પામશે તે ભવ્ય એટલે મોક્ષમાં જવા યોગ્ય જે જીવો તે ભવ્ય જીવો પણ તે બધાય અવશ્ય સિદ્ધિગામિ નથી. કારણ કે કેટલાક ભવ્યોનો પણ મોક્ષમાં જવાનો સંભવ નથી. કહ્યું છે કે "भव्वा वि न सिज्झिस्संति केइ" કેટલાંક ભવ્યો પણ સિદ્ધ થશે નહિ." વિગેરે ભવ્યથી જે વિપરીત તે અભવ્ય. તે અભવ્યો ક્યારે પણ સંસાર સાગરનો પાર પામ્યા નથી- પામવાના નથી અને પાર પામશે નહીં. ભવ્યોનું આ ભવ્યત્વપણું અનાદિકાલથી સિદ્ધ એવું શાશ્વત છે. જેથી એ બીજી સામગ્રી વડે પાછળથી ઉત્પન્ન થતું નથી કે નાશ પામતું નથી. ભવ્યનું ભવ્યપણું પારિણામિક ભાવનું છે, છતાં મોક્ષે જાય છે ત્યારે તે નાશ પામે છે. આ પ્રમાણે અભવ્યોનું અભવ્યત્વપણું પણ જાણવું.

જો કે ભવ્ય-અભવ્ય એ ભેદોમાંજ બધાયે જીવ ભેદોનો સમાવેશ થઈ જાય છે. છતાં પણ ભવ્યપણાની વિશેષતાના કારણે દુર્ભવ્ય તથા આસન્નભવ્ય ભેદો જુદા ગ્રહણ કર્યા છે. દૂર એટલે અતિ લાંબા કાળે મોક્ષે જવા યોગ્ય જે જીવો છે, તે દુર્ભવ્ય. જેઓ ગોશાળાની જેમ લાંબા વખતે મોક્ષમાં જશે....જેઓ તે જ ભવમાં કે બે-ત્રણ વિગેરે ભવોમાં મોક્ષે જશે તે આસન્નભવ્ય...

હવે ભવ્યત્વ-અભવ્યત્વનું લક્ષણ વૃદ્ધો આ પ્રમાણે કહે છે :- જેઓ સંસારના વિપક્ષરૂપ મોક્ષને માને અને તેને પ્રાપ્ત કરવાની ઇચ્છા-સ્પૃહાપૂર્વક ધારી રાખે તથા હું ભવ્ય છું કે અભવ્ય છું ? જો હું ભવ્ય હોઉં તો સારું અભવ્ય હોઉં તો મને ધિક્કાર છે વિગેરે વિચાર જેને કયારે પણ થાય વિગેરે ચિહ્નોથી જીવ ' ભવ્ય ' છે એ પ્રમાણે જાણી શકાય. જેને કયારે પણ આવા પ્રકારના વિચારો ઉત્પન્ન થયા નથી. થતા નથી અને થશે નહીં, તેને અભવ્ય જાણવો. આચારાંગસૂત્રની ટીકામાં કહ્યું છે.

" अभव्यस्यहि भव्याभव्य शकाया अभावात् " અભવ્યને જ ભવ્ય છું કે અભવ્ય છું-એવી શંકા થાય નહિ.

સંસારમાં રહેલા આ એકસો છેંતાલીસ (૧૪૬) પ્રકારના જીવોને પોતાના આત્માની જેમ શિવસુખને ઇચ્છનારા જીવોએ પાળવા જોઈએ એટલે રક્ષા કરવી જોઈએ... (૧૨૪૬-૧૨૪૭)

**सिरिअम्मएवमुणिवइ विणेयसिरिनेमिचंदसूरीहिं ।**
**सपरहियत्थं रइयं कुलयमिणं जीवसंखाए ॥१२४८॥**

શ્રી આમ્રદેવસૂરિજી મ. ના શિષ્ય શ્રી નેમિચંદ્રસૂરિ મહારાજે પોતાને યાદ રહે અને ભૂલાય નહીં તે માટે તથા બીજા જીવોના બોધ માટે એમ પોતાના અને બીજાના હિત માટે જીવ સંખ્યા પ્રતિપાદકરૂપ કુલક એટલે ગાથા સમૂહની રચના કરી છે. (૧૨૪૮)

## ૨૧૫. આઠ કર્મ

**पढमं नाणावरणं १ बीयं पुण दंसणस्स आवरणं २ ।**
**तइयं च वेयणीयं ३ तहा चउत्थं च मोहणीयं ४ ॥१२४९॥**
**पंचममाउं ५ गोयं ६ छट्ठं सत्तमगमंतरायमिह ७ ।**
**बहुतमपयडित्तेणं भणामि अट्ठमपए नामं ८ ॥१२५०॥**

**પહેલું જ્ઞાનાવરણ, બીજું દર્શનાવરણ, ત્રીજું વેદનીય, ચોથું મોહનીય, પાંચમું આયુષ્ય, છટ્ઠું ગોત્ર, સાતમું અંતરાય, ઘણી ઉત્તર પ્રકૃતિવાળું આઠમું નામકર્મ કહું છું.**

પ્રથમ જ્ઞાનાવરણ, બીજું દર્શનાવરણ, ત્રીજું વેદનીય, ચોથું મોહનીય, પાંચમું આયુષ્ય, છટ્ઠું ગોત્ર, સાતમું અંતરાય-ઘણી ઉત્તર પ્રકૃતિ હોવાથી અને ઘણું વકતવ્ય હોવાના કારણે આઠમા સ્થાને નામકર્મ હું કહું છું. બીજા ગ્રંથમાં આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય આ પ્રમાણેનો ક્રમ કહ્યો છે. જ્યારે અહીં ઘણી પ્રકૃતિ હોવાથી છેલ્લે નામકર્મ કહ્યું છે...

**૧. જ્ઞાનાવરણીય :**–જેનાવડે વસ્તુ જાણી શકાય તે જ્ઞાન, સામાન્ય વિશેષરૂપ પદાર્થમાં વિશેષ ગ્રહણરૂપ જે બોધ તે જ્ઞાન, જેનાવડે અવરાય–ઢંકાય તે આવરણ. તે આવરણ મિથ્યાત્વ વિગેરેની સહાયથી જીવની ક્રિયાવડે ગ્રહણ કરાયેલ કર્મવર્ગણામાં–રહેલ જે વિશિષ્ટ પુદ્ગલ સમૂહ તે આવરણરૂપ છે. મતિ વિગેરે જે જ્ઞાનનું આવરણ તે જ્ઞાનાવરણ કહેવાય.

**૨. દર્શનાવરણ :**– જેના વડે જોઈ શકાય તે દર્શન, સામાન્ય વિશેષરૂપ વસ્તુમાં જે સામાન્યગ્રહણરૂપ બોધ કરાય તે દર્શન. તે દર્શનનું જે આવરણ તે દર્શનાવરણ.

**૩. વેદનીય :**– આહ્‌લાદ એટલે આનંદ વિગેરેરૂપે જે અનુભવાય–ભોગવાય તે વેદનીય. જો કે બધા ય કર્મો ભોગવાય છતાં પંકજ વિગેરે શબ્દની જેમ વેદનીય શબ્દ સુખદુઃખના અનુભવમાં રૂઢ થયેલ હોવાથી શાતા–અશાતા કર્મને જ વેદનીય કહેવાય છે–બીજા કર્મોને નહીં.

**૪. મોહનીય :**– જે કર્મ મોહ પમાડે એટલે સત્–અસત્‌ના વિવેક વગરનો જીવને કરે, તે મોહનીય.

**૫. આયુષ્ય :**– પોતાના કરેલ કર્મથી પ્રાપ્ત થયેલ નરક વિગેરે દુર્ગતિમાંથી નીકળવાના મનવાળા જીવને અવરોધકરૂપે આવે એટલે કે થાય, તે આયુષ્ય. એક ભવમાંથી બીજા ભવમાં જતી વખતે જીવને ચારે તરફથી વિપાકોદયરૂપે ઉદયમાં આવે તે આયુષ્ય.

**૬. ગોત્ર :**– गूयते शब्दयते गोत्रम् – ઊંચનીચના શબ્દરૂપે જે બોલાવાય તે ગોત્ર. જે ઉચ્ચ–નીચ કુલમાં ઉત્પત્તિરૂપ પર્યાય વિશેષ છે. તે પર્યાયના વિપાકને ભોગવવામાં જે કર્મ કારણરૂપ છે, તે પણ ગોત્ર. કારણમાં કાર્યનો ઉપચાર થતો હોવાથી....

**૭. અંતરાય :**– આપનાર અને લેનારની વચ્ચે જે વિઘ્નરૂપ આવે તે અંતરાય. જે જીવને દાન વિગેરે ન કરવા દે તે અંતરાય.

**૮. નામ :**–ગતિ વિગેરે વિવિધ ભાવોને અનુભવવા માટે જે જીવને તૈયાર કરે તે નામ.

આ આઠ મૂળ પ્રકૃતિઓ છે. (૧૨૪૯-૧૨૫૦)

## ૨૧૬ એકસો અઠ્ઠાવન ઉત્તર પ્રકૃતિ

**पंचविहनाणवरणं नव भेया दंसणस्स दो वेए ।**
**अट्ठावीसं मोहे चत्तारि य आउए हुंति ॥१२५१॥**
**गोयम्मि दोन्नि पंचंतराइए तिगहियं सयं नामे ।**
**उत्तरपयडीणेवं अट्ठावन्नं सयं होइ ॥१२५२॥**

જ્ઞાનાવરણના પાંચ, દર્શનાવરણના નવ 'વેદનીય' ના બે, મોહનીયના અઠ્ઠાવીશ, આયુષ્યના ચાર, ગોત્રના બે, અંતરાયના પાંચ તથા નામકર્મના એકસો ત્રણ ભેદો છે. આ પ્રમાણે બધી ઉત્તર પ્રકૃતિઓને મેળવતા એકસો અઠ્ઠાવન ભેદો થાય છે. (૧૨૫૧-૧૨૫૨)
હવે આ ભેદોને અનુક્રમે નામોચ્ચારપૂર્વક કહે છે.

मइ १ सुय २ ओही ३ मण ४ केवलाणि जीवस्स आवरिज्जंति ।
जस्सप्पभावओ तं नाणावरणं भवे कम्मं ॥१२५३॥

૧. **જ્ઞાનાવરણીય** :-જેના પ્રભાવથી જીવના મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન કે કેવળજ્ઞાન આવરાય-ઢંકાય તે જ્ઞાનાવરણકર્મ કહેવાય છે. તે જ્ઞાનાવરણ પાંચ પ્રકારે આ પ્રમાણે થાય છે. મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અવધિજ્ઞાનાવરણ, મનઃપર્યવજ્ઞાનાવરણ, કેવલજ્ઞાનાવરણ. (૧૨૫૩)

૨. દર્શનાવરણીય :

नयणे १ यरो २ हि ३ केवल ४ दंसण आवरणयं भवे चउहा ।
निद्दा ५ पयलाहि छहा ६ निद्दाइदुरुत्त ७-८ थीणद्धी ९ ॥१२५४॥
एवमिह दंसणावरणमेयमावरइ दरिसणं जीवे ।
सायमसायं च दुहा वेयणियं सुहदुहनिमित्तं ॥१२५५॥

ચક્ષુ, અચક્ષુ, અવધિ, કેવળ એમ દર્શનાવરણ એ ચાર પ્રકારે તથા નિદ્રા, પ્રચલા સહિત ગણતા છ પ્રકાર અને નિદ્રા-નિદ્રા, પ્રચલા-પ્રચલા, થીણદ્ધિ આ પ્રમાણે દર્શનાવરણ છે. એ જીવના દર્શનને આવરે છે.

સુખ-દુઃખના નિમિત્તરૂપ વેદનીયકર્મ શાતા-અશાતારૂપે બે પ્રકારે છે.

દર્શનાવરણકર્મ બંધ, ઉદય અને સત્તામાં ત્રણ પ્રકારે છે. ક્યારેક ચાર પ્રકારે, ક્યારેક છ પ્રકારે અને ક્યારેક નવ પ્રકારે છે.

એમાં પહેલા ચાર પ્રકારે દર્શનાવરણ આ પ્રમાણે છે. ચક્ષુદર્શનાવરણ, અચક્ષુ-દર્શનાવરણ, અવધિદર્શનાવરણ, કેવલદર્શનાવરણ. આનો ભાવાર્થ આ પ્રમાણે છે. જ્યારે દર્શનાવરણબંધ, ઉદય, સત્તામાં ચાર પ્રકારે ગણાય છે. ત્યારે આ પ્રમાણે જાણવું. ચક્ષુ-દર્શનાવરણ ઈતર એટલે અચક્ષુદર્શનાવરણ, અવધિદર્શનાવરણ અને કેવલદર્શનાવરણ. આ દર્શનાવરણ ચતુષ્કને નિદ્રા અને પ્રચલા સહિત ગણતા છ પ્રકારે દર્શનાવરણ થાય છે.

જ્યાં-જ્યાં દર્શનાવરણ ષટ્ક લેવાનું હોય ત્યાં-ત્યાં આ જ દર્શનાવરણ ષટ્ક ગ્રહણ કરવું.

આ દર્શનાવરણ નિદ્રાદિને બેવડાવવાપૂર્વક એટલે નિદ્રા-નિદ્રા, પ્રચલા-પ્રચલા અને થિણદ્ધિ સહિત ગણતા નવ પ્રકારે થાય છે. ગાથામાં જે વિભક્તિનો લોપ આર્ષ પ્રયોગથી છે. નિદ્રા વિગેરે એટલે નિદ્રા-પ્રચલા શબ્દ બેવડાવવાનું જણાવવા નિદ્રા-નિદ્રા, પ્રચલા-પ્રચલા અર્થ જાણવો.

આ શાસ્ત્રમાં નવ પ્રકારે દર્શનાવરણ કહ્યું છે. આ દર્શનાવરણકર્મ જીવના સામાન્ય ઉપયોગરૂપ દર્શનગુણને આવરે એટલે ઢાંકે છે. નિદ્રાપંચક ફક્ત પ્રાપ્ત થયેલ દર્શનલબ્ધિનો ઉપઘાત કરે છે અને દર્શનાવરણચતુષ્ક મૂલથી દર્શનલબ્ધિને હણે છે.

ગંધહસ્તિજીએ પણ કહ્યું છે કે, " પ્રાપ્ત થયેલ દર્શનલબ્ધિના ઉપઘાત કરવામાં નિદ્રા વિગેરે પ્રવર્તે છે. દર્શનાવરણ ચતુષ્ક તો ઉગતાનો જ નાશ કરનાર હોવાથી મૂળ ઘાત સહિત દર્શનલબ્ધિને હણે છે.

### ૩. વેદનીય

૧. શાતાવેદનીય ૨. અશાતાવેદનીય. એમ બે પ્રકારે વેદનીયકર્મ છે. એ બંને અનુક્રમે સુખ અને દુઃખના કારણરૂપે છે. એટલે શાતાવેદનીય સુખનું કારણ છે અને અશાતાવેદનીય દુઃખનું કારણ છે. (૧૨૫૪-૧૨૫૫)

### ૪. મોહનીય

कोहो माणो माया लोभोऽणंताणु बंधिणो चउरो ।
एवमपच्चक्खाणा पच्चक्खाणा य संजलणा ॥१२५६॥
सोलस इमे कसाया एसो नवनोकसाय संदोहो ।
इत्थी पुरिस नपुंसकरूवं वेयत्तयं तंमि ॥१२५७॥
हास रई अरई भय सोग दुगुंछत्ति हास छक्क मिमं ।
दरिसण तिगं तु मिच्छत्त मीस सम्मत्त जोएणं ॥१२५८॥

**ક્રોધ, માન, માયા, લોભ, એમ ચાર-ચાર અનંતાનુબંધી અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની, સંજ્વલન-આ સોલ કષાયો છે તથા નવ નોકષાય આ રીતે છે. સ્ત્રી-પુરુષ, નપુંસક-એમ ત્રણ વેદ તથા હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા-એમ હાસ્યષટ્ક તથા મિથ્યાત્વ, મિશ્ર, સમકિત મોહનીય-એમ દર્શનમોહનીયત્રિક.**

દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય-એમ બે પ્રકારે મોહનીયકર્મ છે.

દર્શન એટલે સમ્યક્ત્વ. તે સમ્યક્ત્વને મોહ પમાડે એટલે સમ્યક્ત્વમાં જે મુંઝવે તે દર્શનમોહનીય.

ચારિત્ર એટલે પાપપ્રવૃત્તિના ત્યાગરૂપ તથા નિષ્પાપપ્રવૃત્તિના સેવનરૂપ જણાવનાર જે આત્માનો પરિણામ, તે ચારિત્ર. તે ચારિત્રમાં મોહ પમાડે એટલે મુંઝવે તે ચારિત્રમોહનીય. એમાં ચારિત્રમોહનીયનો ઘણો વિષય હોવાથી પ્રથમ ચારિત્રમોહનીય બતાવે છે.

તે ચારિત્રમોહનીય કષાય અને નોકષાય–એમ બે પ્રકારે છે. તેમાં ક્રોધ, માન, માયા, લોભ એમ અનંતાનુબંધીના ચાર કષાય છે. એ પ્રમાણે અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની, સંજ્વલનના ક્રોધ વિગેરે ચાર ચાર ગણતા બધા મળી સોલ કષાયો થાય છે. તથા સ્ત્રી, પુરુષ, નપુંસક–એમ ત્રણ વેદ તથા હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, હાસ્યષટ્ક–એમ નવ નોકષાયો છે.

દર્શનમોહનીયના મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય અને સમ્યક્ત્વમોહનીય–એમ ત્રણ પ્રકાર છે. આ અઠ્ઠાવીસ મોહનીયની પ્રકૃતિ છે. (૧૨૫૬–૧૨૫૮)

**इय मोह अट्ठवीसा नारयतिरिनरसुराउय चउक्कं ।**
**गोयं नीयं उच्चं च अंतरायं तु पंचविहं ॥१२५९॥**
**दाउं न लहइ लाहो न होइ पावइ न भोग परिभोगं ।**
**निरूओऽवि असत्तो होइ अंतरायप्पभावेणं ॥१२६०॥**

**નારક, તિર્યંચ, મનુષ્ય, દેવ–એ ચાર આયુષ્ય છે. ગોત્ર–ઉંચ–નીચ છે. અંતરાય પાંચ પ્રકારે છે. આપી ન શકે, લાભ ન થાય, ભોગ અને પરિભોગ ન પામે, નિરોગી હોવા છતાં અશક્ત થાય તે અંતરાયનો પ્રભાવ છે.**

**૫. આયુષ્ય :–**

નરકાયુ, તિર્યંચાયુ, મનુષ્યાયુ, દેવાયુ–એમ ચાર પ્રકારે આયુષ્યની પ્રકૃતિઓ છે.

**૬. ગોત્ર :–**

ઉચ્ચગોત્ર અને નીચગોત્ર–એમ બે પ્રકારે ગોત્રકર્મ છે.

**૭. અંતરાય :–**

અંતરાયકર્મ પાંચ પ્રકારે છે. તે આ પ્રમાણે દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય અને વીર્યાંતરાય. આ ભેદોને સારી રીતે જાણવા માટે એના અર્થ ગ્રંથકાર બતાવે છે.

જે અંતરાયના પ્રભાવથી જીવ વસ્તુ હોતે છતે દાન આપી ન શકે તે દાનાંતરાય. એ પ્રમાણે જેના પ્રભાવથી જીવને લાભ ન થાય તે લાભાંતરાય. જેના પ્રભાવથી જીવ ભોગો અને પરિભોગોને પ્રાપ્ત ન કરે તે ભોગાંતરાય અને પરિભોગાંતરાય, જેના પ્રભાવથી જીવ નિરોગી હોવા છતાં અશક્ત–અસમર્થ રહે તે વીર્યાંતરાય. આનો ભાવાર્થ આ પ્રમાણે છે.

૧. જે કર્મના ઉદયથી વૈભવ હોવા છતાં અને ગુણવાન પાત્ર મળવા છતાં અને આને આપવામાં અમને મોટું ફળ–મહાન લાભ છે એમ જાણવા છતાં આપવાનો ઉત્સાહ ન થાય તે દાનાંતરાય.

૨. જે કર્મના ઉદયથી દાની તરીકે પ્રસિદ્ધ હોય એવા દાતારના ઘરે આપવા યોગ્ય-દાનયોગ્ય ચીજ હોવા છતાં, માગવામાં હોંશિયાર હોય, ગુણવાન હોય છતાં યાચક પદાર્થ મેળવી ન શકે, તે લાભાંતરાય.

૩. જે કર્મના ઉદયથી વિશિષ્ટ આહાર વિગેરે સામગ્રી મળી હોય કે વિદ્યમાન હોય અને વૈરાગ્ય અથવા પચ્ચક્ખાણના પરિણામ-ભાવ પણ ન હોય. ફક્ત કંજુસાઈના કારણે તે પદાર્થ વાપરવાનો ઉત્સાહ ન થાય તે ભોગાંતરાય.

૪. એ પ્રમાણે પરિભોગ એટલે ઉપભોગાંતરાય પણ જાણવું. ભોગાંતરાય અને ઉપભોગાંતરાયમાં આ પ્રમાણે તફાવત છે. જે એક જ વાર વાપરી શકાય કે ભોગવી શકાય તે ભોગ. જેમકે ખોરાક, ફુલમાળા વિગેરે.. જે વારંવાર ભોગવાય, વપરાય તે પરિભોગ. જેમકે મકાન, સ્ત્રી વિગેરે..

૫. જે કર્મના ઉદયથી નિરોગી શરીર હોય, યૌવનવય હોય, છતાં ઓછી શક્તિવાળો થાય. અથવા બળવાન શરીર હોવા છતાં, પ્રયોજન સાધ્ય હોવા છતાં-કાર્ય કરવા યોગ્ય હોવા છતાં હીનસત્ત્વતાના કારણે કામ કરવા ન ઇચ્છે. તે વીર્યાંતરાય. (૧૨૫૯-૧૨૬૦)

**૮. નામકર્મ :**

**વિવક્ષાંતર અને કારણાંતરના કારણે નામકર્મ અનેક પ્રકારે છે. તે આ પ્રમાણે.**

**नामे बायालीसा भेयाणं अहव होइ सत्तट्ठी ।**
**अहवावि हु तेणउई तिग अहिय सयं हवइ अहवा ॥१२६१॥**

નામકર્મના બેંતાલીસ (૪૨) ભેદો અથવા સડસઠ (૬૭) અથવા ત્રાણું (૯૩) અથવા એકસો ત્રણ (૧૦૩) ભેદો થાય છે. (૧૨૬૧)

**पढमा बायालीसा ४२ गइ १ जाइ २ शरीर ३ अंगुवंगे य ४ ।**
**बंधण ५ संघायण ६ संघयण ७ संठाण ८ नामं च ॥१२६२॥**
**तह वन्न ९ गंध १० रस ११ फास १२ नाम अगुरु लहुयं च १३ बोद्धव्वं ।**
**उवघाय १४ पराघाया १५ णुपुव्वि १६ ऊसास नामं च १७ ॥१२६३॥**
**आयावु १८ ज्जोय १९ विहायगई २० तस २१ थावरा मिहाणं च २२ ।**
**बायर २३ सुहुमं २४ पज्जत्ता २५ पज्जत्तं च २६ नायव्वं ॥१२६४॥**
**पत्तेयं २७ साहारण २८ थिर २९ मथिर ३० सुभा ३१ सुभं च ३२ नायव्वं ।**
**सुभग ३३ दूभग ३४ नामं सूसर ३५ तह दूसरं ३६ चेव ॥१२६५॥**

आएज्ज ३७ मणाएज्जं ३८ जसकित्ती नाम ३९ अजसकित्ती ४० य ।
निम्माणं ४१ तित्थयरं ४२ भेयाण वि हुंतिमे भेया ॥१२६६॥

પ્રથમ બેંતાલીસ ભેદો આ પ્રમાણે જાણવા. ૧. ગતિનામ, ૨. જાતિનામ, ૩. શરીરનામ, ૪. અંગોપાંગ નામ, ૫. બંધનનામ, ૬. સંઘાતનનામ, ૭ સંઘયણનામ, ૮. સંસ્થાનનામ, ૯. વર્ણનામ, ૧૦. ગંધનામ, ૧૧. રસનામ, ૧૨. સ્પર્શનામ, ૧૩. અગુરુલઘુનામ, ૧૪. ઉપઘાતનામ, ૧૫. પરાઘાતનામ, ૧૬. આનુપૂર્વીનામ, ૧૭. ઉચ્છ્વાસ-નામ, ૧૮. આતપનામ, ૧૯. ઉદ્યોતનામ, ૨૦. વિહાયોગતિનામ, ૨૧. ત્રસનામ, ૨૨. સ્થાવરનામ, ૨૩. બાદરનામ, ૨૪. સૂક્ષ્મનામ, ૨૫. પર્યાપ્તનામ, ૨૬. અપર્યાપ્તનામ, ૨૭. પ્રત્યેકનામ, ૨૮. સાધારણનામ, ૨૯. સ્થિરનામ, ૩૦. અસ્થિરનામ, ૩૧. શુભનામ, ૩૨. અશુભનામ, ૩૩. સુભગનામ, ૩૪. દુર્ભગનામ, ૩૫. સુસ્વરનામ, ૩૬. દુઃસ્વરનામ, ૩૭. આદેયનામ, ૩૮. અનાદેયનામ, ૩૯. યશકીર્તિનામ, ૪૦. અપયશકીર્તિનામ, ૪૧. નિર્માણ-નામ, ૪૨. તીર્થંકરનામ. (૧૨૬૨ થી ૧૨૬૬)

गइ होइ चउप्पयारा जाईवि य पंचहा मुणेयव्वा ।
पंचय हुंति सरीरा अंगोवंगाइं तिन्नेव ॥१२६७॥
छस्संघयणा ६ जाणसु संठाणा विय हवंति छच्चेव ६ ।
वन्नाईण चउक्कं ४ अगुरुलहु १ वघाय १ परघायं १ ॥१२६८॥
अणुपुव्वी चउभेया ४ उस्सासं १ आयवं १ च उज्जोयं १ ।
सुह असुहा विहग गई २ तसाइवीसं च २० निम्माणं ॥१२६९॥
तित्थयरेणं सहिया १ सत्तट्ठी एव हुंति पयडीओ ६७ ।
संमामीसेहिं विणा तेवन्ना सेस कम्माणं ॥१२७०॥
एवं वीसुत्तर सयं १२० बंधे पयडीण होइ नायव्वं ।
बंधण संघाया वि य सरीर गहणेण इह गहिया ॥१२७१॥

ચાર પ્રકારે ગતિ, પાંચ પ્રકારે જાતિ, પાંચ શરીર, ત્રણ અંગોપાંગ છ સંઘયણ, છ સંસ્થાન, વર્ણ વિગેરે ચાર, અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત, ચાર આનુપૂર્વી, ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, શુભ-અશુભ વિહાયોગતિ, ત્રસ વિગેરે વીસ, નિર્માણ, તીર્થંકર નામ સહિત સડસઠ (૬૭) પ્રકૃતિ થાય છે. સમકિત અને મિશ્રમોહનીય બાકીના કર્મની તેપ્પન (૫૩) પ્રકૃતિઓ ગણતા એકસો વીસ પ્રકૃતિ બંધમાં થાય છે. એમ જાણવું. અહીં શરીરના ગ્રહણ વડે બંધન અને સંઘાતનનું પણ ગ્રહણ થયું છે.

હવે ગતિ વિગેરે ભેદોના જો નરકગતિ વિગેરે પેટાભેદો પણ ગણવામાં આવે તો નામકર્મના સડસઠ ભેદો થાય છે. તે સડસઠ (૬૭) ભેદો આ પ્રમાણે છે.

૧. નરકગતિ, ૨. તિર્યંચગતિ, ૩. મનુષ્યગતિ, ૪. દેવગતિ–એમ ચાર પ્રકારે ગતિનામ.

૨. એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરિંદ્રિય, પંચેન્દ્રિય–એમ પાંચ પ્રકારે જાતિનામ.

૩. ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, કાર્મણ–એમ પાંચ પ્રકારે શરીરનામ.

૪. ઔદારિક, વૈક્રિય, આહારક–એમ ત્રણ પ્રકારે અંગોપાંગનામ.

૫. વજ્રઋષભનારાચ, ઋષભનારાચ, નારાચ, અર્ધનારાચ, કીલિકા અને છેવટ્ઠું –એમ છ પ્રકારે સંઘયણનામ.

૬. સમચતુરસ્ર, ન્યગ્રોધ પરિમંડલ, સાદિ, વામન, કુબ્જ અને હુંડક–એમ છ પ્રકારે સંસ્થાનનામ.

૭. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ–એમ ચાર પ્રકારે વર્ણચતુષ્ક તથા

૮. અગુરુલઘુ, ૯. ઉપઘાત, ૧૦. પરાઘાત.

૧૧. નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવાનુપૂર્વીના ભેદે આનુપૂર્વીનામ ચાર પ્રકારે.

૧૨. ઉચ્છ્વાસ, ૧૩. આતપ, ૧૪. ઉદ્યોત, ૧૫. શુભ–અશુભ વિહાયોગતિ ત્રસ વિગેરે વીશ એટલે ત્રસ–સ્થાવરથી યશઃકીર્તિ અને અપયશઃકીર્તિનામ સુધી તથા નિર્માણ નામ–આ પ્રકૃતિઓના તીર્થંકરનામ સાથે ગણતા સડસઠ ભેદ થાય છે.

બંધ–ઉદયને આશ્રયી નામકર્મની આ જ ઉત્તરપ્રકૃતિઓ લેવાય છે. તથા બાકીના સાત કર્મની તેપ્પન (૫૩) પ્રકૃતિઓ સમકિત અને મિશ્રમોહનીય વિના જાણવી. બંધની વિચારણામાં દર્શનમોહનીયની ઉત્તરપ્રકૃતિ જે સમકિતમોહનીય અને મિશ્ર-મોહનીયને ગણતા નથી. કારણ કે તે બે પ્રકૃતિઓનો બંધ હોતો નથી. પણ મિથ્યાત્વ મોહનીયના પુદ્ગલો જ તેવા પ્રકારની વિશુદ્ધિના કારણે સમકિતમોહરૂપે, મિશ્રમોહરૂપે પરિણમે છે. આ પ્રમાણે સડસઠ નામકર્મના ભેદો તથા તેપ્પન બાકીના કર્મોના ભેદો (૬૭ + ૫૩ = ૧૨૦) એ બંને મેળવતા એકસો વીસ ભેદો થાય છે એમ જાણવું.

**પ્રશ્ન :–** આગળ કહેલ બેંતાલીસ ઉત્તરપ્રકૃતિમાં જે બંધન અને સંઘાતન નામ કહ્યા હતા તે સડસઠ ભેદોમાં કેમ ન ગણ્યા ?

**ઉત્તર :–** બંધન અને સંઘાતન નામનો શરીરનામકર્મમાં સમાવેશ કરી લીધો હોવાથી સડસઠ ભેદોની વિચારણામાં એ અલગ નથી ગણ્યા. તથા સત્તાની પ્રકૃતિઓની વિચારણામાં નામકર્મ તાણું (૯૩) અને મતાંતરે એકસો ત્રણ (૧૦૩) પ્રકૃતિઓ ગણાય છે. (૧૨૬૭ થી ૧૨૭૧)

## હવે ક્રમસર ત્રાણું તથા એકસો ત્રણ પ્રકૃતિઓ કહે છે.

**बंधणभेया पंच उ संघायावि य हवंति पंचेव ।**
**पण वन्ना दो गंधा पंच रसा अट्ठ फासा य ॥१२७२॥**

दस सोलस छव्वीसा एया मेलिवि सत्तसट्ठीए ।
तेणउई होइ तओ बंधणभेया उ पन्नरस ॥१२७३॥
वेउव्वाहारोरालियाण सगतेयकम्मजुत्ताणं ।
नव बंधणाणि इयरदुसहियाणं तिन्नि तेसिंपि ॥१२७४॥
सव्वेहिवि छूढेहिं तिगअहियसयं तु होइ नामस्स ।
इय उत्तरपयडीणं कम्मट्ठग अट्ठवन्नसयं ॥१२७५॥

**પાંચ બંધન, પાંચ સંઘાતન, પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ, આઠ સ્પર્શ, દસ, સોલ અને છવ્વીસ ભેદો મેળવતા કુલ્લે સડસઠ (૬૭) ભેદો થાય છે. જ્યારે બંધના ભેદો પંદર કરીએ તો ત્રાણું ભેદો થાય છે. વૈક્રિય, આહારક, ઔદારિક, પોતાની સાથે, તૈજસ સાથે અને કાર્મણ સાથે એમ દરેકના ત્રણ-ત્રણ ગણતા નવ બંધનો થાય. ઇત્તર એટલે તૈજસ, કાર્મણ. એ બેની સાથે ગણતા ત્રણ-ત્રણ ભેદો. આ બધા ભેદોને એકઠા કરતા એકસો ત્રણ ભેદો નામકર્મના થાય છે. આઠ કર્મની આ એકસો અટ્ઠાવન ઉત્તર પ્રકૃતિઓ છે.**

ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, કાર્મણ, એમ પાંચ પ્રકારના બંધન.
સંઘાતનામ પણ ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, કાર્મણ-એમ પાંચ પ્રકારે છે.
કૃષ્ણ (કાળો), નીલ (લીલો), લાલ, પીળો અને સફેદ-એમ પાંચ પ્રકારે વર્ણનામ છે.
સુરભિ (સુગંધ) અને દુરભિ (દુર્ગંધ)-એમ બે પ્રકારે ગંધનામ છે.
તીખો, કડવો, તૂરો, ખાટો અને મીઠો-એમ પાંચ પ્રકારે રસનામ છે.

કર્કશ એટલે ખરબચડો, મૃદુ એટલે કોમળ, હલકો-લઘુ, ભારે-ગુરુ, ઠંડો, ગરમ, ચીકણો અને લુખ્ખો-એમ આઠ પ્રકારે સ્પર્શનામ છે. એમ આ પ્રમાણે વીસ પ્રકારે વર્ણાદિનામકર્મ છે. આ વીસમાંથી વર્ણ, ગંધ, રસ, સ્પર્શને સામાન્યરૂપે ચાર જ ગણતા સોળ પ્રકૃતિઓ દૂર થવાથી સડસઠ પ્રકૃતિઓ થાય છે.

આ સોળ પ્રકૃતિઓ તેમજ બંધન-સંઘાતનના દસભેદો સાથે ગણવાથી છવ્વીસ પ્રકૃતિઓ થાય છે.

આ છવ્વીસ પ્રકૃતિઓને આગળની સડસઠ પ્રકૃતિઓમાં ઉમેરતાં નામકર્મની ત્રાણું પ્રકૃતિઓ થાય છે.

બંધન નામના બીજી રીતે પંદર ભેદો થાય છે. તે આ પ્રમાણે ૧. વૈક્રિય, આહારક, ઔદારિક એ દરેક ભેદોને પોતાના ભેદ સાથે તથા કાર્મણ અને તૈજસ સાથે ગણતા દરેકના ત્રણ-ત્રણ ભેદ થવાથી ત્રણના નવ ભેદો થાય છે, તે આ પ્રમાણે ૧. વૈક્રિય-

વૈક્રિય બંધન, ૨. વૈક્રિય તૈજસબંધન, ૩. વૈક્રિય કાર્મણુબંધન, ૪. આહારક આહારક બંધન, ૫. આહારક તૈજસબંધન, ૬. આહાર કાર્મણુબંધન, ૭. ઔદારિક-ઔદારિક-બંધન, ૮. ઔદારિક તૈજસબંધન, ૯. ઔદારિક કાર્મણુબંધન.

આગળ ગ્રહણુ કરેલા વૈક્રિય પુદ્ગલોને ગ્રહણુ કરાતા વૈક્રિય પુદ્ગલો સાથે જે સંબંધ તે વૈક્રિય-વૈક્રિયબંધન. આગળ ગ્રહણુ કરેલા કે ગ્રહણુ કરાતા તેજ વૈક્રિય-પુદ્ગલોનો પૂર્વમાં ગ્રહણુ કરેલ કે ગ્રહણુ કરાતા તૈજસ પુદ્ગલો સાથે જે સંબંધ તે વૈક્રિય તૈજસબંધન. તથા પૂર્વમાં ગ્રહણુ કરેલ કે કરાતા વૈક્રિય પુદ્ગલોનો પૂર્વમાં ગ્રહણુ કરેલ કે ગ્રહણુ કરાતા કાર્મણુ પુદ્ગલોની સાથે જે સંબંધ તે વૈક્રિય કાર્મણુબંધન.

આગળ ગ્રહણુ કરેલ આહારક પુદ્ગલોનો પોતેજ ગ્રહણુ કરતાં આહારક પુદ્ગલો સાથે-જે સંબંધ તે આહારક-આહારકબંધન. આગળ ગ્રહણુ કરેલ કે કરાતા આહારક-પુદ્ગલોનો આગળ ગ્રહણુ કરેલ કે ગ્રહણુ કરાતા તૈજસપુદ્ગલો સાથે જે સંબંધ તે આહારક તૈજસબંધન. આગળ ગ્રહણુ કરેલ કે ગ્રહણુ કરાતા આહારક પુદ્ગલોનો આગળ ગ્રહણુ કરેલ કે ગ્રહણુ કરાતા કાર્મણુપુદ્ગલો સાથે જે સંબંધ, તે આહારક કાર્મણુબંધન.

પૂર્વમાં ગ્રહણુ કરેલ ઔદારિકપુદ્ગલોનો પોતે જ ગ્રહણુ કરતા ઔદારિકપુદ્ગલો સાથે જે સંબંધ, તે ઔદારિક-ઔદારિકબંધન.

પૂર્વમાં ગ્રહણુ કરેલ કે ગ્રહણુ કરાતા તે જ ઔદારિકપુદ્ગલોનો પૂર્વમાં ગ્રહણુ કરેલ કે ગ્રહણુ કરાતા તૈજસપુદ્ગલો સાથે જે સંબંધ તે ઔદારિક તૈજસબંધન.

પૂર્વમાં ગ્રહણુ કરેલ કે ગ્રહણુ કરાતા ઔદારિક પુદ્ગલો પૂર્વમાં ગ્રહણુ કરેલ કે ગ્રહણુ કરાતા કાર્મણુ પુદ્ગલો સાથે જે સંબંધ તે ઔદારિકકાર્મણુબંધન.

તથા તૈજસ-કાર્મણુરૂપ સંયુક્ત એ બેની સાથે વૈક્રિય, આહારક-ઔદારિક સાથે ત્રણુ બંધન થાય છે. તે આ પ્રમાણે : વૈક્રિય તૈજસ કાર્મણુબંધન, આહારક તૈજસ કાર્મણુબંધન, ઔદારિક તૈજસ કાર્મણુબંધન.

તેમાં વૈક્રિય પુદ્ગલોનો ગ્રહણુ કરાતા કે ગ્રહણુ કરેલ તૈજસ પુદ્ગલો અને કાર્મણુ પુદ્ગલો સાથે જે પરસ્પરનો સંબંધ તે વૈક્રિય તૈજસ કાર્મણુ બંધન. એ પ્રમાણે આહારક તૈજસ કાર્મણુ બંધન, ઔદારિક તૈજસ કાર્મણુબંધનની પણુ વિચારણા જાણુવી.... આ બંધનત્રિક સાથે આગળના નવ બંધનો ગણુતા બાર બંધન થાય છે...

તે તૈજસ કાર્મણુના પોતાના સ્થાનના અને પરસ્પરના બંધન વિચારતા ત્રણુ બંધનો આ પ્રમાણે થાય છે.

તૈજસતૈજસ બંધન, તૈજસ કાર્મણુબંધન અને કાર્મણુ-કાર્મણુ બંધન.

આગળ ગ્રહણ કરેલ તૈજસ પુદ્ગલોનો ગ્રહણ કરાતા તૈજસ પુદ્ગલો સાથે જે સંબંધ તે તૈજસ-તૈજસબંધન, પૂર્વમાં ગ્રહણ કરેલ કે કરાતા તૈજસ પુદ્ગલોનો પૂર્વમાં ગ્રહણ કરેલ કે ગ્રહણ કરાતા કાર્મણ પુદ્ગલો સાથે જે સંબંધ, તે તૈજસ કાર્મણબંધન. પૂર્વમાં ગ્રહણ કરેલ કાર્મણ પુદ્ગલોનો ગ્રહણ કરાતા કાર્મણ પુદ્ગલો સાથે જે સંબંધ તે કાર્મણ-કાર્મણબંધન. આ ત્રણ બંધન સાથે આગળ કહેલા બંધનો મેળવતાં પંદર બંધનો થાય છે. આ બંધનના કારણભૂત જે–જે બંધનનામકર્મ છે, તે પણ પંદર છે.

આ બધા બંધનના ભેદો આગળના પાંચ બંધન વગર આગળ ત્રાણું (૯૩) ભેદોમાં ઉમેરતા નામકર્મની ઉત્તર પ્રકૃતિ એકસો ત્રણ થાય. આ પ્રમાણે આઠે કર્મોની બધી મળી ઉત્તરપ્રકૃતિઓની સંખ્યા એકસો અઠ્ઠાવન (૧૫૮) થાય છે.

આ પ્રમાણે નામોચ્ચારપૂર્વક બધીયે ઉત્તરપ્રકૃતિઓ કહી. હવે આ પ્રકૃતિઓનો અર્થ કહે છે.

## વ્યાખ્યા

**મતિજ્ઞાન :–**

તેમાં મન શબ્દ જ્ઞાન અર્થમાં છે. જેના વડે મનન એટલે વિચારાય તે મતિ અથવા મન્યતે એટલે ઈન્દ્રિય અને મન વડે અમુક નિયત વસ્તુ જેના વડે જાણી શકાય, તે મતિ, યોગ્ય જગ્યામાં રહેલ વસ્તુ કે વિષયને ઈન્દ્રિય અને મનરૂપ નિમિત્ત વડે જાણકારી વિશેષ તે મતિજ્ઞાન. મતિ એ જ જ્ઞાન છે તે મતિજ્ઞાન.

તે મતિજ્ઞાન શ્રુતનિશ્રિત, અશ્રુતનિશ્રિત એમ બે પ્રકારે છે.

તેમાં જે મોટે ભાગે શ્રુત અભ્યાસ વગર સ્વાભાવિકરૂપે વિશિષ્ટ ક્ષયોપશમના કારણે ઉત્પન્ન થાય તે અશ્રુતનિશ્રિત. જે ઔત્પાતિકી વિગેરે ચાર પ્રકારની બુદ્ધિમય છે.

જે પૂર્વમાં શ્રુતાભ્યાસ વડે ભાવિત બુદ્ધિના કારણે વ્યવહાર કાલે ઉપયોગ વખતે અશ્રુતાનુસારે જે જ્ઞાન ઉત્પન્ન થાય, તે શ્રુતનિશ્રિત-તે ચાર પ્રકારે છે. ૧. અવગ્રહ, ૨. ઈહા, ૩. અપાય, ૪. ધારણા.

અવગ્રહ, વ્યંજનાવગ્રહ અને અર્થાવગ્રહ એમ બે પ્રકારે છે. જેના વડે શબ્દ વિગેરે અર્થ–પદાર્થો પ્રગટ એટલે ખુલ્લા થાય, તે વ્યંજન. કદંબ, પુષ્પ વિગેરે આકારરૂપ ઉપકરણેંદ્રિયવાળી કાન, નાક, જીભ, સ્પર્શરૂપ ઈન્દ્રિયની સાથે શબ્દ, ગંધ, રસ, સ્પર્શરૂપ પરિણમેલ દ્રવ્યોનો જે પરસ્પરનો જે પહેલો ફક્ત સ્પર્શરૂપ જે સંબંધ તે વ્યંજનાવગ્રહ, ઈન્દ્રિયવડે પણ અર્થ પ્રગટ થતો હોવાથી ઈન્દ્રિય પણ વ્યંજન કહેવાય છે. તેથી ઈન્દ્રિયરૂપ વ્યંજનવડે વિષય સંબંધરૂપ વ્યંજનનું જે અવગ્રહણ એટલે પરિચ્છેદન એટલે જાણવું તે વ્યંજનાવગ્રહ કહેવાય છે. અહીં બે વ્યંજનમાંથી એક વ્યંજનનો લોપ થવાથી વ્યંજનાવગ્રહ કહેવાય. "આ કંઈક છે" એવું આ વ્યંજનાવગ્રહ અવ્યક્ત જ્ઞાનરૂપ અર્થાવગ્રહથી પણ નીચી કક્ષાનું અવ્યક્તતરજ્ઞાન માત્ર છે. આ વ્યંજનાવગ્રહ

આંખ અને મનને છોડી ચાર ઈન્દ્રિયના ભેદે ચાર પ્રકારે છે. આંખ અને મન અપ્રાપ્યકારી હોવાથી વિષય સંબંધ ન હોવાના કારણે એ બેનો વ્યંજનાવગ્રહ હોતો નથી.

વ્યંજનાવગ્રહ, ઈન્દ્રિય અને વિષયનો સંબંધ થયે થતો હોવાથી આ બે ઈન્દ્રિયનો એટલે આંખ અને મનનો વ્યંજનાવગ્રહ હોતો નથી.

અર્થ્યતે ઈતિ અર્થ = જે ઇચ્છાય તે અર્થ, એટલે પદાર્થ. તે અર્થના શબ્દ, રૂપ વિગેરે ભેદોમાંથી કોઈપણ એક ભેદનું કોઈપણ નિશ્ચય–નિર્ધાર વગર સામાન્યરૂપે જે ગ્રહણ કરવું, જ્ઞાન કરવું તે અર્થાવગ્રહ. જેમકે "આ કંઈક છે" એ રૂપે ગ્રહણ કરવુ તે અર્થાવગ્રહ અવ્યક્તજ્ઞાનરૂપે છે. તે મન અને પાંચ ઈન્દ્રિય સહિત છ પ્રકારે ઉત્પન્ન થતો હોવાથી છ પ્રકારે છે.

અવગ્રહિત કરેલ વસ્તુને "આ શું છે"? લાકડાનું ઠુંઠુ છે કે પુરુષ છે? વિગેરે રૂપ વસ્તુને સંશોધનરૂપ જે જ્ઞાનચેષ્ટા, તે ઈહા. કહ્યું છે કે,

"આ જંગલ છે, સૂર્ય અસ્ત થઈ ગયો છે. માટે અહીં માનવ ન હોઈ શકે. તથા આ પક્ષી વિગેરે વડે સેવાઈ રહ્યું છે માટે કામદેવના શત્રુ શંકરના સમાન નામ જેવું લાગે છે. એટલે શંકરના લિંગ સમાન (ઠુંઠું) દેખાય છે" ૧. વિગેરે રૂપ અન્વય-ધર્મનો સ્વીકારપૂર્વક અને વ્યતિરેકધર્મનો ત્યાગ કરવા દ્વારા જે જ્ઞાન વિશેષ પ્રાપ્ત કરાય, તે ઈહા. તે ઈહા પણ મન અને પાંચ ઈન્દ્રિય–એમ છ પ્રકારવડે ઉત્પન્ન થતી હોવાથી છ પ્રકારે ઈહા છે.

ઈહિત કરેલ પદાર્થનો એવો નિશ્ચય કરવો કે "આ સ્થાણુ એટલે ઠુંઠુ છે" એવો જે નિશ્ચયાત્મક બોધ વિશેષ, તે અપાય. એ પણ આગળની જેમ છ પ્રકારે છે.

નિશ્ચિત કરેલ પદાર્થને જ ભૂલી ન જવાય તે રીતે યાદ રાખવારૂપ જે વાસના સ્વરૂપે ધારવું તે ધારણા. તે પણ આગળની જેમ છ પ્રકારે છે. આ પ્રમાણે અર્થાવગ્રહ વિગેરે ચારેના દરેકના છ–છ પ્રકારો હોવાથી તથા વ્યંજનાવગ્રહના ચાર ભેદો એમાં ઉમેરતા શ્રુતનિશ્રિત મતિજ્ઞાનના અઠ્ઠાવીસ ભેદો થાય છે, અને ઔત્પાતિકીબુદ્ધિ વિગેરે ચાર અશ્રુતનિશ્રિતના પણ ચાર ભેદો એમાં ઉમેરતા બત્રીસભેદો મતિજ્ઞાનના થાય છે.

ભૂતકાળમાં થયેલા સંખ્યાતા ભવોના જ્ઞાનરૂપ જાતિસ્મરણ પણ મતિજ્ઞાનનો જ ભેદ છે. તથા આચારાંગ ટીકામાં કહ્યું છે કે, "જાતિસ્મરણ પણ આભિનિબોધિક વિશેષ એટલે મતિજ્ઞાનરૂપે જ છે." આટલા ભેદવાળા આ મતિજ્ઞાનના દરેક ભેદને આવરણ કરવાના સ્વભાવવાળું જે કર્મ તે મતિજ્ઞાનાવરણ.

**શ્રુતજ્ઞાન :–**

જે શ્રવણં શ્રુત. સાંભળવું તે શ્રુત. વાચ્ય–વાચકભાવપૂર્વક જે શ્રવણ તે શ્રુત. શબ્દ સંસૃષ્ટ–સંયુક્ત અર્થગ્રહણના કારણરૂપ જે લબ્ધિવિશેષ, તે શ્રુતજ્ઞાન. આવા પ્રકારના

આકારવાળી વસ્તુ "ઘટ" શબ્દવડે કહેવા યોગ્ય છે અને જળ–પાણી ધારણ કરવારૂપ (અર્થ) ક્રિયા કરવામાં સમર્થ છે. વિગેરે પરિણામ જેના વિષયમાં પ્રધાન એટલે મુખ્યરૂપે થયા હોય, તે પરિણામાનુસાર શબ્દાર્થની વિચારણારૂપ જે ઈન્દ્રિય અને મનોનિમિત્તક જ્ઞાન વિશેષ, તે શ્રુતજ્ઞાન. શ્રુત એ જ જ્ઞાન છે તે શ્રુતજ્ઞાન. તેના ભેદો નંદીસૂત્ર વિગેરેથી જાણવા. તે શ્રુતજ્ઞાનને ભેદ સહિત આવરણ કરનાર જે કર્મ તે શ્રુતજ્ઞાનાવરણ.

**અવધિજ્ઞાન :–**

અવ શબ્દ અધઃ એટલે નીચેના અર્થમાં છે. અવ એટલે જેમ–જેમ નીચે જાય તેમ–તેમ વધારે વિસ્તારથી પદાર્થને જેનાવડે ધીયતે એટલે જાણે તે અવધિ. અથવા અવધિ એટલે મર્યાદા અર્થમાં છે.

રૂપીદ્રવ્યોને જ જાણવારૂપ પ્રવૃત્તિ કરનાર તે મર્યાદારૂપ અવધિવડે ઓળખાતું જ્ઞાન પણ અવધિજ્ઞાન કહેવાય.

અવધિ એ જ જ્ઞાન છે તે અવધિજ્ઞાન. તે જ્ઞાન અનંત દ્રવ્ય ભાવના વિષયવાળું હોવાથી તે દ્રવ્યભાવની તારતમ્યતાની વિવક્ષાએ તેના અનંત ભેદો થાય છે. અને અસંખ્ય ક્ષેત્રકાળના વિષયને ગ્રહણ કરતું હોવાથી તે, ક્ષેત્રકાળની વિવક્ષાએ તેના અસંખ્ય ભેદો છે. બીજા પ્રકારોની વિવક્ષાએ અનુગામિક વિગેરે ભેદો આવશ્યક વિગેરે સૂત્રોમાંથી જાણવા.

તે અવધિજ્ઞાનને અને તેના ભેદોને આવરનારું જે કર્મ, તે અવધિજ્ઞાનાવરણ.

**મનઃપર્યવજ્ઞાન :–**

સંજ્ઞીજીવોએ કાયયોગ વડે મનોવર્ગણામાંથી ગ્રહણ કરેલા પુદ્ગલોને મનોયોગ વડે મનરૂપે પરિણમાવી જે દ્રવ્યોનું આલંબન કરાય છે, તે મન કહેવાય છે. તે મનના પર્યાયો જે વિચારણારૂપે પરિણામ પામ્યા છે. તેના વિષે જે જ્ઞાન, તે મનઃપર્યવજ્ઞાન. આ જ્ઞાન અઢી દ્વીપ અને બે સમુદ્રમાં રહેલ સંજ્ઞીજીવોના મનમાં રહેલા દ્રવ્યોનું આલંબન કરીને જાણે. તે મનઃપર્યવજ્ઞાન.

તે ઋજુમતિ અને વિપુલમતિ–એમ બે પ્રકારે છે. એનું સ્વરૂપ લબ્ધિદ્વારમાં કહેવામાં આવશે. તે મનઃપર્યવજ્ઞાન અને તેના ભેદોને આવરનાર જે કર્મ, તે મનઃપર્યાય જ્ઞાનાવરણકર્મ.

**કેવળજ્ઞાન :–**

કેવળ એટલે મતિ વિગેરે જ્ઞાનની અપેક્ષા રહિત હોવાથી એક. કેવળ એટલે કેવળજ્ઞાનને આવરનાર કર્મમલરૂપ કલંકનો નાશ થયો હોવાથી શુદ્ધ.

સકલ એટલે પહેલેથી જ તેને આવરનાર આવરણ સંપૂર્ણપણે દૂર થવાથી સંપૂર્ણ જ્ઞાન ઉત્પન્ન થયું છે, તે સકલ.

કેવળ એટલે એ સમાન બીજું કોઈ જ્ઞાન ન હોવાથી અસાધારણ.

કેવળ એટલે જાણવા યોગ્ય પદાર્થ અનંત હોવાથી અનંત.

કેવળ એ જ જ્ઞાન તે કેવળજ્ઞાન. તેને આવરનાર જે કર્મ તે કેવળજ્ઞાનાવરણ...

અહીં જે ચાર મતિજ્ઞાન વિગેરે આવરણ છે, તે દેશઘાતિ છે. કારણ કે કેવળ-જ્ઞાનાવરણ સિવાયના જ્ઞાન દેશઘાતિ છે. અને કેવળજ્ઞાનાવરણ સર્વઘાતિ છે. આ મતિજ્ઞાનાવરણ વિગેરે પાંચ જ્ઞાનાવરણકર્મની ઉત્તરપ્રકૃતિઓ છે. તે ઉત્તરપ્રકૃતિવડે બનેલ સામાન્યરૂપે જ્ઞાનાવરણ મૂલપ્રકૃતિ છે. જેમ પાંચ આંગળી વડે બનેલ મુઠી કહેવાય છે. ઘી, ગોળ, લોટ વિગેરે વડે બનેલ લાડુ કહેવાય, એ પ્રમાણે આગળની પ્રકૃતિઓમાં પણ વિચારી લેવું.

**દર્શનાવરણ કર્મ :–**

**ચક્ષુદર્શનાવરણ :–** એ આંખો વડે સામાન્ય જ્ઞાનરૂપ જે દર્શન તે નયનદર્શન. તેને આવરનાર જે કર્મ, તે ચક્ષુદર્શનાવરણ.

**અચક્ષુદર્શનાવરણ :–** ઈતર એટલે ચક્ષુ સિવાયની બાકીની ઈન્દ્રિય અને મનવડે જે દર્શન તે ઈતર એટલે અચક્ષુ દર્શન. તે–તે આવરનાર જે કર્મ તે અચક્ષુદર્શનાવરણ.

**અવધિદર્શનાવરણ :–** અવધિ એ જ દર્શન તે અવધિદર્શન. તેને આવરનાર જે કર્મ તે–તે અવધિદર્શનાવરણ.

**કેવળદર્શનાવરણ :–** કેવળ એ જ દર્શન તે કેવલદર્શન. તેને આવરનાર જે કર્મ તે કેવળદર્શનાવરણ.

**નિદ્રા :–** દ્રા ધાતુ કુત્સિતગતિ અર્થમાં છે. જેનાવડે ચૈતન્ય કુત્સિત નિંદિતભાવને અસ્પષ્ટભાવને નિયતપણે પામે તે નિદ્રા. ચપટી વગાડવા માત્રથી જ જે સુખપૂર્વક જાગી જાય–જવાય એવી ઊંઘની અવસ્થા, તે નિદ્રા. "કારણમાં કાર્યનો ઉપચાર" એ ન્યાયે નિદ્રાના વિપાકના ભોગવટામાં કારણરૂપ જે કર્મપ્રકૃતિ હોય છે, તે પણ નિદ્રા કહેવાય છે.

**પ્રચલા :–** બેઠા–બેઠા અથવા ઉભા–ઉભા જે ઊંઘ લે એવી રીતે સૂવે તે પ્રચલા. જે પ્રકૃતિ બેઠા–બેઠા અથવા ઉભા–ઉભા ઊંઘવારૂપ વિપાક દ્વારા ભોગવાય તે પ્રચલા.

**નિદ્રા–નિદ્રા :–** નિદ્રાથી વધુ પડતી જે નિદ્રા તે નિદ્રા–નિદ્રા. જે ઊંઘમાંથી દુઃખપૂર્વક જાગી શકાય તે નિદ્રા–નિદ્રા. આ ઊંઘમાં ચેતનતા અત્યંત અપ્રગટ હોવાથી ઘણું ઢંઢોળવા વિગેરે દ્વારા જાગી શકાય છે. આ જ સુખ–પ્રબોધ નિદ્રા કરતા નિદ્રા–નિદ્રાનું વિશેષપણું છે. અતિશાયિપણું છે. નિદ્રા–નિદ્રારૂપ વિપાકના ભોગવટામાં કારણરૂપ પ્રકૃતિ પણ નિદ્રા–નિદ્રા કહેવાય.

**પ્રચલા–પ્રચલા :–** પ્રચલાથી અધિક વિશેષ જે નિદ્રા, તે પ્રચલા–પ્રચલા. જે નિદ્રામાં ચાલવા વિગેરે ક્રિયાઓ કરતા પણ ઊંઘ આવે, તે પ્રચલા–પ્રચલા. આમાં સ્થાન પર રહીને ઊંઘનારા બેઠા–બેઠા કે ઉભા–ઉભા સૂનારા પ્રચલા નિદ્રાવાળાની અપેક્ષાએ ચાલવા વિગેરે ક્રિયા કરતાં–કરતાં ઊંઘવું એ વિશેષતા છે.

**થીણદ્ધિ** :– સ્ત્યાંના એટલે ઘણી એકઠી-ભેગી થયેલી ગૃદ્ધિ એટલે આકાંક્ષા–ઈચ્છા (વાસના) તે સ્ત્યાનગૃદ્ધિ. જાગૃતઅવસ્થામાં વિચારેલ કાર્યને કરવારૂપ ક્રિયા જે ઊંઘમાં થાય, તે સ્ત્યાનગૃદ્ધિ. જાગૃત અવસ્થામાં વિચારેલ કાર્ય ઊંઘમાં જ ઉઠીને કરે. અથવા સ્ત્યાન એટલે એકઠી થયેલ. ગૃદ્ધિ એટલે આત્મશક્તિ. જે ઊંઘમાં ભેગી થયેલ આત્માની શક્તિ. વપરાય તે સ્ત્યાનર્દ્ધિઃ પણ કહેવાય. આ નિદ્રાનો ઉદય હોય, ત્યારે પ્રથમ સંઘયણવાળાને ઉત્કૃષ્ટથી વાસુદેવથી અડધા બળ જેટલું બળ ઉત્પન્ન હોય છે. તથા સિદ્ધાંતમાં પણ કહેવાયું છે કે,

કોઈક જગ્યાએ સ્ત્યાનર્દ્ધિનિદ્રાના વિપાકવાળા સાધુને દિવસે કોઈક હાથીએ હેરાન કર્યો તેથી હાથી પ્રત્યે દ્વેષ થયેલ તે સાધુ રાત્રે સ્ત્યાનર્દ્ધિનિદ્રાનો ઉદય થતાં ઊંઘમાં જ ઉઠીને તે હાથીના બે દાંતો ઉખેડી નાખી પોતાના ઉપાશ્રયના બારણા આગળ નાખી ફરીવાર સૂઈ ગયા વિગેરે. સ્ત્યાનર્દ્ધિના વિપાક ભોગવટાવાળી કર્મપ્રકૃતિ પણ સ્ત્યાનગૃદ્ધિ કે સ્ત્યાનર્દ્ધિ કહેવાય છે.

**વેદનીયકર્મ** :– આત્મા વડે સુખ અથવા દુઃખ ભોગવાય અથવા જણાય, તે વેદનીય. તે શાતા અને અશાતા–એમ બે પ્રકારે છે.

**શાતાવેદનીય** :– જે કર્મના ઉદયથી જીવ આરોગ્ય, વિષય, ઉપભોગ વિગેરે દ્વારા ઉત્પન્ન થયેલ આનંદ–આહ્લાદરૂપ શાતા એટલે સુખ ભોગવે, તે શાતાવેદનીય.

**અશાતાવેદનીય** :– જે કર્મના ઉદયથી રોગ વિગેરે વડે ઉત્પન્ન થયેલ પરિતાપ એ તાપરૂપ અશાતા એટલે દુઃખ અનુભવે તે અશાતા વેદનીય.

**મોહનીય** :– જેમાં જીવો પરસ્પર એક બીજાને कष्यन्ते એટલે હિંસા કરે તે. કષ એટલે સંસાર. તેને પામવું તે કષાય. તે કષાયો, ક્રોધ, માન, માયા અને લોભ એમ ચાર પ્રકારે છે.

અક્ષમારૂપ જીવની જે પરિણતિ તે ક્રોધ.
જાતિ વિગેરે દ્વારા ઉત્પન્ન થયેલ અક્કડતારૂપ જે ગર્વ તે માન.
ઠગાઈરૂપ જીવની જે પરિણતિ તે માયા.
અસંતોષરૂપ જીવનો જે પરિણામ તે લોભ.

આ ચારે અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણ, પ્રત્યાખ્યાનાવરણ, સંજ્વલન–એમ ચાર પ્રકારે છે. માટે કષાયના સોલ ભેદો થાય છે.

**અનંતાનુબંધી** :– જે પરંપરાએ અનંતાભવોનો અનુબંધ કરે એટલે અનુસંધાન કરાવે તે અનંતાનુબંધી કષાય. જો કે અનંતાનુબંધી કષાયનો બીજા કષાયોના ઉદય વગર એનો ઉદય હોતો નથી. છતાં પણ અવશ્ય અનંતભવ ભ્રમણના મૂલ કારણરૂપ મિથ્યાત્વનો ઉદય પણ આક્ષેપક એટલે ખાસ કારણરૂપ હોવાથી આ કષાયોનું આ નામ છે. સ્વાભાવિક

ઉદયવાળા બીજા કષાયોનું અનંત ભવભ્રમણપણું નથી કારણ કે તે કષાયોના ઉદયમાં અવશ્ય મિથ્યાત્વનો ઉદય હોતો નથી.

**અપ્રત્યાખ્યાનાવરણ :–** નઞ્ઃ અલ્પ અર્થમાં હોવાથી અલ્પપચ્ચક્ખાણ તે અપ્રત્યાખ્યાન એટલે દેશવિરતિરૂપ પચ્ચક્ખાણને આવરણ કરે તે અપ્રત્યાખ્યાનાવરણ.

**પ્રત્યાખ્યાનાવરણ :–** પ્રત્યાખ્યાન એટલે સર્વ વિરતિરૂપ પચ્ચક્ખાણને આવરનાર તે પ્રત્યાખ્યાનાવરણ.

**સંજ્વલન :–** પરિષહ ઉપસર્ગ આવી ચડે ત્યારે ચારિત્રવંતને પણ કંઈક બાળે-જલાવે તે સંજ્વલન.

**નોકષાય :–** નો શબ્દ સાહચર્યના અર્થમાં છે, તેથી કષાયોની સાથે રહેનારા તે સહચારી કહેવાય. એવા જે હોય, તે નોકષાય કહેવાય અને તે આગળના બાર કષાયોના સહચારી છે. કારણ કે બાર કષાયોનો ક્ષય થયા પછી નોકષાયો હોવાનો સંભવ નથી. તે કષાયોનો ક્ષય કર્યા પછી તરત જ ક્ષપક નોકષાયનો ક્ષય કરવા તૈયાર થાય છે અથવા આ નોકષાયોનો ઉદય થયે છતે અવશ્ય કષાયોને ઉદ્દિપાવે છે એટલે ઉદય થાય છે. માટે એ કષાયના સહચારી કહેવાય. આ નોકષાયો નવ છે.

**સ્ત્રીવેદ :–** જે કર્મના ઉદયથી સ્ત્રીને પુરુષની ઈચ્છા ઉત્પન્ન થાય તે સ્રીવેદ. જેમ પિત્તનો ઉદય થવાથી મીઠા દ્રવ્યો ખાવાની ઈચ્છા થાય તેમ. આ સ્રીવેદ બકરીની લીંડીના અગ્નિ જેવો છે.

**પુરુષવેદ :–** જેના ઉદયથી પુરુષને સ્રીની ઈચ્છા થાય, તે પુરુષવેદ. જેમ કફ-પ્રકોપનો ઉદય હોય તેને ખાટી ચીજ ખાવાની ઈચ્છા થાય તેમ. આ વેદ ઘાસના અગ્નિ જેવો છે.

**નપુંસકવેદ :–** જેના ઉદયથી નપુંસકને, સ્રી–પુરુષ બંનેની ઈચ્છા થાય તે નપુંસકવેદ. જેમ પિત્ત–કફ બંનેનો ઉદય એક સાથે હોય, ત્યારે કાંજી ( મજ્જિકા )ને વાપરવાની ઈચ્છા થાય તેમ. આ નપુંસકવેદ નગરની આગ જેવો છે.

**હાસ્ય :–** જે કર્મના ઉદયે સકારણ કે નિષ્કારણ હસવું આવે તે હાસ્યમોહનીય.

**રતિ :–** જે કર્મના ઉદયથી બાહ્ય કે આંતરિક પદાર્થ પર જે પ્રીતિ ઉત્પન્ન થાય, તે રતિમોહનીય.

**અરતિ :–** જે કર્મના ઉદયથી આ જ ચીજો પર જે અપ્રીતિ ઉત્પન્ન થાય તે અરતિમોહનીય.

**ભય :–** જે કર્મના ઉદયથી સકારણ કે નિષ્કારણ અથવા તેવા પ્રકારના પોતાના સંકલ્પથી જીવ બીએ–ડરે તે ભયમોહનીય.

**શોક :–**જેના ઉદયથી પ્રિય–વિયોગ વગેરે પ્રસંગે પોતાની છાતી કૂટવી, આક્રંદ કરવું, પીડિત થવું, જમીન પર આળોટવું, લાંબા–લાંબા શ્વાસ લેવા તે શોકમોહનીય.

**જુગુપ્સા** :- જે કર્મના ઉદયથી વિષ્ટા વિગેરે બિભત્સ ખરાબ પદાર્થો પર દુર્ગંછા-અણગમો થાય તે જુગુપ્સામોહનીય.

**મિથ્યાત્વ** :- જે કર્મના ઉદયથી જિનેશ્વરોએ કહેલા તત્ત્વ ઉપર અશ્રદ્ધા થવી અથવા વિપરીત શ્રદ્ધા થવી તે મિથ્યાત્વ.

**મિશ્ર** : જે કર્મના ઉદયથી જિનપ્રણીત તત્ત્વોની શ્રદ્ધા પણ કરે નહિ અને નિંદે પણ નહિ તે મિશ્ર એટલે સમ્યગ્મિથ્યાત્વમોહનીય.

**સમ્યક્ત્વ** :- જે કર્મના ઉદયથી જિનપ્રણીત તત્ત્વની સમ્યક્ શ્રદ્ધા કરે તે સમ્યક્ત્વમોહનીય.

**આયુષ્ય** :- નારક થઈને જે આયુષ્ય ભોગવે તે નરકાયુષ્ય કહેવાય. તિર્યંચ થઈને જે આયુષ્ય ભોગવે તે તિર્યંચાયુ કહેવાય. મનુષ્ય થઈને જે આયુષ્ય ભોગવે તે મનુષ્યાયુ કહેવાય. દેવ થઈને જે આયુષ્ય ભોગવે તે દેવાયુ કહેવાય.

**ઉચ્ચગોત્ર** :- જે કર્મના ઉદયથી ઉત્તમ-જાતિ, કુલ, તપ, રૂપ, ઐશ્વર્ય, સત્કાર, અભ્યુત્થાન, આસન આપવું, હાથ જોડવા વિગેરે સન્માન મળે તે ઉચ્ચગોત્ર.

**નિચગોત્ર** :- જે કર્મના ઉદયથી જીવ જ્ઞાન વિગેરે ગુણોવાળો હોવા છતાં નિંદા પામે અને હીન જાતિમાં ઉત્પન્ન થાય, તે નીચગોત્ર.

**અંતરાય** :- અંતરાયના ભેદો તો ગ્રંથકારે સ્વયં એના નામો જણાવતી વખતે જ જણાવી દીધેલ છે.

**નામકર્મ** :

**ગતિ** :- તેવા પ્રકારના કર્મોની સહાયથી જીવ જ્યાં જાય અથવા જે પ્રાપ્ત કરે તે ગતિ. જે ગતિ નારકપણું વિગેરેના પર્યાયોની પરિણતિરૂપ છે. તે ગતિ પર્યાયનો વિપાક જે કર્મ પ્રકૃતિ વડે ભોગવાય, તે પણ ઉપચારથી ગતિ કહેવાય. તે જ ગતિ નામકર્મ એ પ્રમાણે બીજી પ્રકૃતિઓમાં પણ જાણવું તેથી નરક વિષયક જે ગતિનામ તે નરકગતિ નામકર્મ, નારક શબ્દથી ઓળખાતા પર્યાયના કારણરૂપ જે કર્મ તે નરકગતિ નામ એ એનો ભાવ છે. એ પ્રમાણે તિર્યંચ, મનુષ્ય, દેવગતિ નામ પણ જાણવું.

**જાતિ** :- એકેન્દ્રિય વિગેરે નામકર્મ પણ એકેન્દ્રિયપણાના પરિણામના કારણરૂપ હોવાથી એકેન્દ્રિય વિગેરેના વ્યવહારરૂપે જે સામાન્યપણું છે, તે જાતિ. આનો ભાવાર્થ આ પ્રમાણે છે : દ્રવ્યઇન્દ્રિય અંગોપાંગ નામકર્મ તથા ઇન્દ્રિય પર્યાપ્તિ નામકર્મના કારણે થાય છે અને ભાવઇન્દ્રિય-સ્પર્શન વિગેરે ઇન્દ્રિયાવરણ ક્ષયોપશમના બળથી થાય છે. કહ્યું છે કે-"क्षायोपशमिकानीन्द्रियाणि" જે એકેન્દ્રિય વિગેરે જાતિના વ્યવહારના કારણરૂપે તેવા પ્રકારની સમાન પરિણતિના ભાવના કારણરૂપ જે સામાન્ય છે તે સામાન્ય બીજા કર્મ વડે ન સાધી શકાય એવા જાતિનામકર્મના કારણથી છે. કહ્યું છે

કે "अव्यभिचारिणा सादृश्येनैकी कृतोऽसौ जाति" અવ્યભિચારી સમાન–સરખા ભાવ વડે એકી ભાવને જેના વડે પદાર્થ પામે થાય તે જાતિ કહેવાય, તે જાતિના કારણરૂપ જે કર્મ તે જાતિનામકર્મ.

એક સ્પર્શેન્દ્રિયના જ્ઞાનના આવરણના ક્ષયોપશમના કારણે એકઇન્દ્રિયના–સ્પર્શના જ્ઞાનને પામનારા એકેન્દ્રિયો કહેવાય છે.

એ પ્રમાણે જેને જેટલી ઇન્દ્રિયો હોય, તેને તેટલી ઇન્દ્રિયો આશ્રયી જ્ઞાનનું વિધાન એકેન્દ્રિયોની જેમ કરવું તે ત્યાં સુધી કહેવું કે પંચેન્દ્રિયોનું સ્પર્શ–ચામડી, જીભ, નાક, આંખ અને કાન એ પાંચ ઇન્દ્રિયના જ્ઞાનના આવરણના ક્ષયોપશમથી પાંચ ઇન્દ્રિયના જ્ઞાનને પામનારા પંચેંદ્રિયો કહેવાય. તે એકેન્દ્રિયોની જે જાતિ તે એકેન્દ્રિય જાતિ નામકર્મ. એ પ્રમાણે પંચેન્દ્રિયજાતિ નામકર્મ સુધી જાણવું...

**શરીર :**– 'शीर्यते इति शरीरम्' જે ઘસાય તે શરીર. જે હંમેશા દરેક ક્ષણે આગળની અવસ્થાથી મળવા–એકઠા થવા અને વિખરવા દ્વારા નાશ પામે તે શરીર. જે કર્મના ઉદયથી જીવ ઔદારિકવર્ગણાના પુદ્ગલોને લઈ ઔદારિક શરીરરૂપે પરિણમાવે–બનાવે તે ઔદારિકશરીરનામકર્મ. એ પ્રમાણે વૈક્રિય, આહારક, તૈજસ, કાર્મણ શરીર નામકર્મમાં પણ જાણવું. જે કર્મના ઉદયથી કાર્મણ વર્ગણાના પુદ્ગલોને લઈ કાર્મણ શરીરરૂપે બનાવે તે કાર્મણશરીરનામકર્મ. એકસરખી સમાન વર્ગણાના પુદ્ગલમય આ કાર્મણશરીરનામકર્મ હોવા છતાં પણ પોતાના કાર્યરૂપે થયેલ કાર્મણ શરીરથી તે બીલકુલ ભિન્ન છે, કાર્મણશરીર નામકર્મ કાર્મણશરીરના કારણરૂપે નામ કર્મની ઉત્તર પ્રકૃતિ છે. કાર્મણશરીર તો કાર્મણશરીર નામકર્મના ઉદયથી થયેલ હોવાથી એના કાર્યરૂપે છે અને સમસ્તકર્મને ઉગવા માટે જમીનની જેમ આધારરૂપ છે તથા સંસારી જીવોને એક ગતિમાંથી બીજી ગતિમાં જવારૂપ કાર્યને સાધનારું કારણ સાધન છે, આથી જ પોતાના કાર્યરૂપ કાર્મણ શરીરથી કારણરૂપ આ કાર્મણશરીર નામકર્મ અલગ જ છે.

**ઉપાંગ :**– માથું, છાતી, પેટ, પીઠ, વાંસો, બરડો, હાથ, ઉરુ એટલે જંઘા એ આઠ અંગો છે. એ અંગના અવયવરૂપ આંગળી વિગેરે ઉપાંગ કહેવાય છે. તે ઉપાંગના પેટા અવયવરૂપ આંગળીના વેઢા, રેખા વિગેરે અંગોપાંગ કહેવાય. અંગો અને ઉપાંગો તે અંગોપાંગ. જે કર્મના ઉદયથી પ્રથમના ત્રણ શરીરમાં જે અંગોપાંગ થાય છે, તે ત્રણ પ્રકારે અંગોપાંગ નામકર્મ. તેમાં જે કર્મના ઉદયથી ઔદારિક શરીરરૂપે પરિણમેલા પુદ્ગલોનું અંગોપાંગરૂપે જે પરિણમન થાય, તે ઔદારિકશરીર અંગોપાંગ નામકર્મ, એ પ્રમાણે વૈક્રિય, આહારકઅંગોપાંગનામકર્મ પણ જાણવું.

તૈજસ, કાર્મણશરીરો જીવના પ્રદેશના સંસ્થાનના આકારે હોવાથી એ બંનેને અંગોપાંગ હોઈ શકે નહીં.

**બંધન** :– જેના વડે બંધાય તે બંધન. ગ્રહણ કરાયેલા કે ગ્રહણ કરાતા ઔદારિક વિગેરે પુદ્ગલોનું પરસ્પર જે જોડાણ–ચોંટવું તે બંધન, તે પાંચ શરીરના ભેદે પાંચ પ્રકારે છે. જે કર્મના ઉદયથી આત્મા પૂર્વમાં ગ્રહણ કરેલ ઔદારિક પુદ્ગલો સાથે ગ્રહણ કરાતા ઔદારિક પુદ્ગલને પરસ્પર જોડે તે ઔદારિકબંધનનામ. લાકડા, પત્થર વિગેરેને જોડવા માટે લાખ કે રાળ વિગેરે ચીટકાડનાર દ્રવ્યની જેમ. એ પ્રમાણે વૈક્રિય વિગેરે ચાર બંધનોમાં પણ જાણવું અથવા ઔદારિક–ઔદારિકબંધન વિગેરે પંદર ભેદો પણ જાણવા, તેની વ્યાખ્યા આગળ કરી ગયા છે. જો શરીર પુદ્ગલોને પરસ્પર જોડનાર આ બંધનનામકર્મ ન હોય, તો તે પુદ્ગલો શરીર પરિણમનરૂપે એકઠા ભેગા થયેલા હોવા છતાં પણ જોડાયેલા ન હોવાથી કુંડામાં એકઠા કરેલા સકતૂના એટલે ચણાના લોટના ઢગલાને જેમ પવન ઉડાડી–વેરવિખેર કરી મૂકે, તેમ આ પુદ્ગલો એક સ્થાને સ્થિરતા ન પામી શકે.

**સંઘાતન** :–જેના વડે ઔદારિક વિગેરે પુદ્ગલો એકઠા કરાય–ભેગા કરાય તે સંઘાતન. તે સંઘાતન પણ પાંચ શરીરના ભેદે પાંચ પ્રકારે છે. જે કર્મના ઉદયથી ઔદારિક શરીરરૂપે પરિણમેલ પુદ્ગલોને આત્મા સંઘાત એટલે એકઠા કરે એટલે એક બીજાને ભેગા કરી આપે તે ઔદારિકસંઘાતનામ.

એ પ્રમાણે વૈક્રિય વિગેરે ચાર શરીરમાં પણ જાણવું. જો પુદ્ગલોને ભેગા કરવાના કારણરૂપ સંઘાતન નામ ન હોય તો બંધ પણ ન થાય. કહ્યું છે કે "ना संहतस्य बंधनम्" છુટાનું બંધન ન હોય, એ ન્યાયે.

**સંઘયણ** :– એકઠા કરાયેલા શરીરના પુદ્ગલોને લોખંડના પટ્ટાની જેમ ઉપકારક જે સંહનન એટલે સંઘયણ, જે હાડકાની રચના વિશેષરૂપે છે. તે સંઘયણ ઔદારિક શરીરમાં જ હોય છે, બીજા શરીરોમાં નહિ, કારણ કે તે શરીરો હાડકા વિગેરેથી રહિત છે, તે સંઘયણ વજ્રઋષભનારાચ વિગેરે છ પ્રકારે છે. (૧) તેમાં વજ્રકીલિકા એટલે ખીલી, ઋષભ એટલે વીંટવાનો પાટો, નારાચ એટલે બંને તરફથી મર્કટબંધ એટલે બંને તરફથી હાડકાની પક્કડ, તેથી બે હાડકાઓ બંને તરફથી મર્કટબંધ વડે બંધાયેલા હોય અને તેને પાટાના આકારે ત્રીજું હાડકું વીંટળાયેલું હોય અને તે ત્રણે હાડકાની વચ્ચેથી ખીલાના આકારે વજ્રનામનું હાડકું હોય છે. તે સંઘયણ વજ્રઋષભનારાચ નામે પ્રથમ સંઘયણ છે.

(૨) વજ્ર એટલે ખીલા વગરનું ઋષભનારાચ નામે બીજું સંઘયણ છે. કેટલાંક આચાર્યો ઋષભ એટલે પાટા વગરનું વજ્રનારાચ નામે બીજું સંઘયણ કહે છે.

(૩) વજ્ર અને ઋષભ વગરનું નારાચ નામે ત્રીજું સંઘયણ છે.

(૪) એક તરફ મર્કટબંધ હોય અને બીજી તરફ ખીલી મારેલ હોય તે અર્ધનારાચ નામે ચોથું સંઘયણ છે.

(૫) ઋષભ અને નારાચ વગરના બે હાડકાં ખીલા વડે વિંધાયેલા હોય તે કીલિકા નામે પાંચમું સંઘયણ.

(૬) જે સંઘયણમાં પરસ્પર બે હાડકાંના છેડા માત્ર અડેલા છે. સેવાને પામ્યા છે હાડકાઓ જેમાં, તે સેવાર્ત. જેને હંમેશા તેલ માલિસરૂપ સેવા કરવી પડે તે છઠ્ઠું સેવાર્ત નામે સંઘયણ છે.

**સંસ્થાન :–** સંસ્થાન એટલે અવયવોની રચનાત્મક શરીરાકાર તે સંસ્થાન સમચતુરસ્ર વિગેરે છ પ્રકારે છે.

૧. સમ એટલે શરીર લક્ષણ શાસ્ત્રમાં કહેલ પ્રમાણ અને લક્ષણથી યુક્ત શરીરનાં ચારે અસ્ર એટલે ચાર દિશા વિભાગ વડે જણાતા શરીર અવયવો જેના હોય, તે સમચતુરસ્ર એટલે શરીરના ચારે ખૂણા જેના સરખા હોય તે.

૨. ન્યગ્રોધવત્ પરિમંડલ જેનું હોય, તે ન્યગ્રોધપરિમંડલ. જેમ ન્યગ્રોધ એટલે પીપળાનું ઝાડ ઉપર સંપૂર્ણ અવયવ શોભાવાળું હોય છે. અને નીચેના ભાગે બરાબર ન હોય. તેવી રીતે જેનું શરીર નાભિના ઉપરના ભાગે ઘણા વિસ્તારવાળું અને સંપૂર્ણ લક્ષણયુક્ત હોય છે. તેમ નીચેના ભાગે હીનલક્ષણ હોય તે ન્યગ્રોધપરિમંડલ.

૩. આદિ એટલે ઉત્સેધ નામનો નાભિ–ડુંટીની નીચેનો શરીરનો ભાગ જાણવો. તેથી આદિ સહિત નાભિની નીચે યથાયોગ્ય પ્રમાણ લક્ષણવાળો હોય, તે સાદિ.

જો કે બધાયે શરીરો સાદિ સહિત જ હોય છે છતાં પણ સાદિત્વ વિશેષણ અન્યથા ઘટતું ન હોવાથી પ્રમાણ લક્ષણ યુક્ત વિશિષ્ટ આદિ અહીં જાણવી. તેથી કહ્યું છે કે, યથોક્તપ્રમાણ લક્ષણયુક્ત તે સાદિ. આનું તાત્પર્ય એ છે કે, જે સંસ્થાન નાભિની નીચે પ્રમાણયુક્ત હોય અને ઉપર પ્રમાણ હીન હોય તે સાદિ. કેટલાકો "સાચી" એમ પણ કહે છે. સાચી એટલે શાલ્મલીનું ઝાડ એમ સિદ્ધાંતને જાણનારા કહે છે. તેથી સાચીના જેવું જે સંસ્થાન હોય તે સાચી. જેમ શાલ્મલિના ઝાડનું થડ–કાંડ વિગેરે અતિપુષ્ટ અને વિશાળ હોય છે અને ઉપરનો ભાગ તે થડ જેવો મહાવિશાલ નથી હોતો, તેમ આ સંસ્થાનનો નીચેનો ભાગ સંપૂર્ણ હોય છે અને ઉપરનો ભાગ તેવો હોતો નથી.

વામન એટલે મડહકોષ્ઠ, હાથ-પગ, માથું, ડોક યથોક્ત પ્રમાણ લક્ષણયુક્ત હોય છે. બાકી છાતી પેટ વિગેરે કોઠાંનો એટલે શરીરનો મધ્યભાગ લક્ષણરહિત હોય તે વામન.

જે સંસ્થાનમાં નીચેનું શરીર મડહ એટલે વિપરીત લક્ષણવાળું હોય. જેમ હાથ, પગ, માથું, ડોક વિગેરે પ્રમાણ, લક્ષણ, હીન હોય અને મધ્યના અવયવો યથોક્ત

લક્ષણવાળા હોય, તે કુબ્જસંસ્થાન. વામનથી વિપરીત લક્ષણવાળું હોય તે કુબ્જ કહેવાય. બીજા આચાર્યો કહેલ લક્ષણથી વિપરીતપણે પહેલા કુબ્જ અને પછી વામન કહે છે. એટલે જે લક્ષણ વામનનું છે તે કુબ્જનું જાણવું. અને જે કુબ્જનું છે તે વામનનું જાણવું.

હુંડકસંસ્થાનમાં બધાયે અવયવો પ્રાયઃ કરી લક્ષણ રહિત હોય છે. જેમાં એક પણ અવયવ પ્રાયઃ કરી લક્ષણવાન ન હોય. બધા સ્થળે–અંગો અવ્યવસ્થિત હોય તે હુંડક.

**વર્ણ :–** જેના વડે શરીર વિગેરે વર્ણવાન એટલે અલંકરાય અથવા ગુણવાન કરાય તે વર્ણ એટલે રંગ, રૂપ, તે શ્યામ વિગેરે પાંચ પ્રકારે છે. તેમાં શ્યામ વર્ણ, કાજળ, મેશ વિગેરે જેવો છે. લીલો રંગ, પ્રિયંગુ એટલે રાયણના પાંદડા વિગેરે જેવો છે. લોહિત એટલે લાલરંગ હિંગળોક વિગેરે જેવો છે, હારિદ્ર એટલે પીળો રંગ હળદર વિગેરે જેવો છે, શુક્લ એટલે સફેદ રંગ ખડી વિગેરે જેવો છે.

**ગંધ :–** જે સુંઘી શકાય તે ગંધ. તે ચંદન વિગેરેની જેમ સુગંધી અને લસણ વિગેરેની જેમ દુર્ગંધી એમ બે પ્રકારે છે.

**રસ :–** જેનો સ્વાદ કરી શકાય તે રસ. તે તીખા વિગેરે પાંચ પ્રકારે છે. તેમાં તિક્ત એટલે તીખો એટલે કડવો. કોશાતકી એક જાતની વનસ્પતિ છે. તેના જેવો કડવો રસ તે તિક્ત.

કટુ એટલે કડવો એટલે તીખો. જે સુંઠ વિગેરેના જેવો તીખો હોય છે. શાસ્ત્રમાં જેનું અતિ દારૂણ એટલે ભયંકર પરિણામ હોય તેને કડવોરસ કહ્યો છે. આથી તીખા-રસને કડવોરસ જણાવ્યો છે. જેનું પરિણામ અતિ ઠંડુ હોય એવા લીમડા વિગેરે લોકોમાં કડવા હોવા છતાં પણ શાસ્ત્રમાં તિક્તરૂપ જણાવ્યા છે.

અપક્વ કોઠા વિગેરે જેવો તૂરો જે રસ, તે કષાયરસ.

આમલી, આમળા વિગેરેના જેવો જે રસ તે ખાટોરસ.

સાકર વિગેરેના જેવો મીઠોરસ તે મધુર રસ.

**સ્પર્શ :–** જે સ્પર્શાય તે સ્પર્શ, તે કર્કશ વિગેરે આઠ ભેદે છે. પત્થર વિગેરેનો કર્કશ સ્પર્શ, હંસના પીંછા, રૂ વિગેરે જેવો જે તે સ્પર્શમૃદુસ્પર્શ. ઘી વિગેરે જેવો સ્નિગ્ધ, ભસ્મ વિગેરે જેવો રૂક્ષ–લુખ્ખો, આકડાના રૂ જેવો લઘુ એટલે હલકો સ્પર્શ, વજ્ર વિગેરે જેવો ગુરુ એટલે ભારે સ્પર્શ, મૃણાલ એટલે કમળની નાળ જેવો ઠંડોસ્પર્શ, અગ્નિ વિ. જેવો ગરમસ્પર્શ. આ વર્ણ વિગેરે જે કર્મના ઉદયથી જીવોના શરીરમાં થાય છે તે કર્મો પણ એજ નામના જાણવા.

**અગુરુલઘુ :–** જે કર્મના ઉદયથી બધા જીવોના શરીરો પોતપોતાની અપેક્ષાએ એકાંતે લઘુ એટલે હલકા નહીં, ગુરુ એટલે મોટા નહિ. પરંતુ અગુરુલઘુ પરિણામે પરિણમેલ હોય છે, તે અગુરુલઘુનામકર્મ કહેવાય. એકાંતે ગુરુ ભારે શરીર હોય, તો

ઉપાડવું અશક્ય થાય અને એકાંતે લઘુ હોય તો વાયુ વડે ફેંકાય તો પોતે ધારણ ન કરી-પકડી ન રાખી શકે.

**ઉપઘાત :-** જે કર્મના ઉદયથી પોતાના જ શરીરના અવયવો જેમકે પડજીભ, ગલકંબલ, ગલવૃંદ ( કંઠમાળ ), લંબક-રસોલી, ચોરદાંત વિગેરે શરીરમાં વધવાના કારણે જીવને પીડા-દર્દ થાય તે ઉપઘાતનામકર્મ.

**પરાઘાત :-** જે કર્મના ઉદયથી જીવ તેજસ્વી, જોવામાત્રથી અથવા વાણીની કુશળતાએ રાજસભામાં ગયો હોય તો ત્યાં રહેલા સભ્યોને ક્ષોભ પમાડી શકે તથા પ્રતિપક્ષનો પ્રતિઘાત કરી શકે તે પરાઘાતનામકર્મ.

**આનુપૂર્વી :-** કૂર્પર એટલે કોણી, લાંગલ એટલે પૂંછડી ગોમૂત્રિકાકાર, ગાયના પેશાબના ધાર જેવી અનુક્રમે બે-ત્રણ-ચાર સમય પ્રમાણની વિગ્રહગતિ એટલે વળાંક વડે ભવાંતરમાં ઉત્પત્તિસ્થાને જતા જીવની અનુશ્રેણીનું નિયમન કરનાર જે ગમન પરિપાટી તે આનુપૂર્વી. નરકગતિની સાથે રહેનારની સહચારી તે નરકાનૂપૂર્વી. એનું સહચારીપણું તે વખતે જ ભોગવાતી હોવાથી છે. એ પ્રમાણે તિર્યંચ, મનુષ્ય અને દેવાનુપૂર્વીમાં પણ જાણવું.

**ઉચ્છ્વાસ :-** જે કર્મના ઉદયથી ઉચ્છવાસ-નિશ્વાસ લબ્ધિ આત્માને મળે તે ઉચ્છવાસનામકર્મ.

**પ્રશ્ન :-**બધી લબ્ધિઓ ક્ષાયોપશમિકભાવની હોય છે તો પછી ઔદયિકભાવે લબ્ધિ શી રીતે હોય ?

**ઉત્તર :-** એ પ્રમાણે નથી. કારણ કે વૈક્રિય, આહારક લબ્ધિઓ પણ ઔદયિક-ભાવે સંભવે. અહીં વીર્યાંતરાયનો ક્ષયોપશમ નિમિત્તરૂપે હોવા છતાં પણ ઔદયિક-ભાવોમાં ક્ષાયોપશમિકનો વ્યપદેશ કરવામાં વિરોધ આવતો નથી.

**પ્રશ્ન :-** જો ઉચ્છ્વાસ નામકર્મના ઉદયથી શ્વાસોશ્વાસ હોય, તો પછી ઉચ્છ્વાસ પર્યાપ્તિ નામની શી જરૂર છે ?

**ઉત્તર :-** શ્વાસોચ્છવાસ નામકર્મથી શ્વાસોશ્વાસ લેવા અને છોડવા વિષયક લબ્ધિ ઉત્પન્ન થાય છે. તે લબ્ધિ ઉચ્છવાસ પર્યાપ્તિ વગર પોતાનું ફળ સાધી કાર્ય કરી શકતી નથી. બાણ ફેંકવાની શક્તિ હોય છતાં પણ ધનુષ લીધા વગર બાણ ફેંકી શકાય નહીં. માટે ઉચ્છ્વાસલબ્ધિને કાર્યાન્વિત કરવા માટે ઉચ્છ્વાસપર્યાપ્તિ નામની જરૂર છે. એ પ્રમાણે બીજા વિષયોમાં પણ ભિન્ન વિષયપણું યથાયોગ્યરૂપે સૂક્ષ્મબુદ્ધિપૂર્વક વિચારવું.

**આતપ :-** જે કર્મના ઉદયથી જીવનું શરીર સ્વરૂપે અનુષ્ણ એટલે ઠંડું હોવા છતાં પણ ગરમ પ્રકાશરૂપ આતપ એટલે તાપ કરે તે આતપનામકર્મ. આ કર્મનો

વિપાક એટલે ભોગવટો સૂર્યમંડલ વિગેરેમાં રહેલ પૃથ્વીકાય જીવોમાં જ હોય છે. પરંતુ અગ્નિમાં નહીં કારણ પ્રવચન એટલે સિદ્ધાંતમાં નિષેધ કર્યો છે. અગ્નિમાં ઉષ્ણતા છે તે ઉષ્ણનામકર્મના ઉદયથી છે અને પ્રકાશકપણું ઉત્કટકોટીના લાલરંગ-રક્તવર્ણ નામકર્મના ઉદયથી છે.

**ઉદ્યોત :–** જે કર્મના ઉદયથી જીવોના શરીરો સ્વાભાવિકપણે અનુષ્ણ હોય અને અનુષ્ણ પ્રકાશરૂપ તેજ ફેલાવે છે, તે ઉદ્યોતનામકર્મ. જેમકે સાધુ, દેવ વિગેરેના ઉત્તર-વૈક્રિય શરીરો, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારા, વિમાન, રત્ન, ઔષધિ વિગેરે.

વિહાયસ્ એટલે આકાશ. આકાશ વડે એટલે આકાશમાં જે ગતિ એટલે પ્રવૃત્તિ તે વિહાયોગતિ.

**પ્રશ્ન :–** આકાશ સર્વ વ્યાપી છે. એટલે એના સિવાય બીજે ક્યાંયે ગતિ હોતી નથી તો પછી વિહાયસ વિશેષણની શી જરૂર ? કારણ કે વ્યવચ્છેદ કરવા યોગ્ય બીજો પદાર્થ નથી.

**ઉત્તર :–** સાચી વાત છે. પરંતુ જો ફક્ત ગતિ એમ કહીએ તો નામકર્મની પહેલી પ્રકૃતિ પણ ગતિ છે. તેથી પુનરુક્તતાની શંકા થાય છે. આથી તેના નિવારણ માટે વિહાયસ્ વિશેષણ લીધું છે. વિહાયોગતિ નારક વિગેરે પર્યાય પરિણતિરૂપ નથી. વિહાયોગતિ પ્રશસ્ત એટલે સારી ચાલ અને અપ્રશસ્ત એટલે ખરાબ ચાલ એમ બે પ્રકારે છે. હંસ, હાથી, બળદ વિગેરેની પ્રશસ્ત અને ગધેડો, ઊંટ, પાડા વિગેરેની અપ્રશસ્તગતિ છે.

**ત્રસ :–** જે ત્રાસ પામે તે ત્રસ. ગરમી વિગેરેથી તપેલા જીવો અમુક સ્થાનથી ઉદ્વેગ પામી છાયા વિગેરેના સેવન માટે બીજી જગ્યાએ જવાની ઈચ્છા કરે તે ત્રસ જીવો બેઈન્દ્રિય વિગેરે જાણવા. તે ત્રસપર્યાય ભોગવવામાં કારણરૂપ જે કર્મ તે ત્રસનામકર્મ.

**સ્થાવર :–** જે ઉભા રહેવાના યાને સ્થિર રહેવાના સ્વભાવવાળા તે સ્થાવર. ગરમી વિગેરેથી તપ્યા હોવા છતાં પણ તે સ્થાન છોડી ન શકે તે છોડવા અસમર્થ હોય, તે સ્થાવર. જે પૃથ્વીકાય વિગેરે એકેન્દ્રિયરૂપે છે. તેના પર્યાયને ભોગવવામાં કારણરૂપ જે કર્મ તે પણ સ્થાવરનામ. તેજસ્કાય અને વાયુકાયને સ્થાવર નામકર્મનો ઉદય હોવા છતાં ચાલવું સ્વાભાવિક છે. પણ ગરમી વિગેરે તાપથી પીડાયેલા બેઈન્દ્રિય વિગેરેની જેમ વિશિષ્ટ ગતિ નથી.

**બાદર :–** જે કર્મના ઉદયથી જીવો બાદર થાય, તે બાદરનામ. અહીં બાદરપણું પરિણામ વિશેષરૂપ છે. જે કારણથી પૃથ્વીકાય વિગેરેનું એકેક જીવનું શરીર આંખથી ન દેખાતું હોવા છતાં પણ ઘણો શરીરસમૂહ ભેગો થવાથી આંખ વડે જોઈ શકાય છે.

**સૂક્ષ્મ :–** બાદરથી વિપરીતપણે સૂક્ષ્મનામકર્મ. જેના ઉદયથી ઘણાયે જીવોના શરીરો ભેગા થવા છતાં આંખે જોઈ શકાતા નથી.

**પર્યાપ્ત :–** જે કર્મના ઉદયથી જીવ પોતાને યોગ્ય પર્યાપ્તિ પૂરી બનાવવા–કરવા સમર્થ થાય તે પર્યાપ્તનામકર્મ.

**અપર્યાપ્ત :–** જે કર્મના ઉદયથી પોતાને યોગ્ય પર્યાપ્તિ પૂરી કરવા જીવ સમર્થ ન થાય, તે અપર્યાપ્તનામકર્મ. પર્યાપ્તિનું સ્વરૂપ આગળ ૨૨૨માં દ્વારમાં વિશેષપણે કહેશે.

**પ્રત્યેક :–** જે કર્મના ઉદયથી દરેક જીવને અલગ–અલગ શરીર મળે થાય તે પ્રત્યેકનામકર્મ. તેનો ઉદય પ્રત્યેક શરીરવાળા જીવોને હોય છે. પ્રત્યેક શરીરવાળા જીવો નારક, દેવ, મનુષ્ય, વિકલેંદ્રિય, પૃથ્વી વિગેરે તથા કપિત્થ એટલે કોળા વિગેરેના ઝાડો પ્રત્યેક શરીરવાળા છે.

**પ્રશ્ન :–** કોળા વિગેરેના ઝાડોને પ્રત્યેક નામનો ઉદય તો માની શકાય જો તેમના દરેક જીવે જીવે અલગ અલગ શરીર હોય. પરંતુ કોળા, પીપળો, પીલુ, શેલુ વિગેરે ઝાડો, મૂળ, થડ, છાલ, ડાળ વિગેરેના દરેકના અસંખ્યાત જીવો કહ્યા છે. કેમકે પ્રજ્ઞાપનાસૂત્રમાં એક ઠળિયાવાળા બહુબીજવાળા વૃક્ષોની પ્રરૂપણા વખતે કહ્યું છે કે :–

एएसिं मूला असंखेज्ज जीविया कंदावि खंधावि ।
तयावि सालावि पवालावि पत्ता पत्तेय जीविया ।                    (પદ ૧–સૂ. ૪૦)

ઝાડો મૂળ વિગેરેથી લઈ ફળ સુધીના બધાયે દેવદત્તના શરીરની જેમ એક શરીરાકારવાળા હોય છે. જેમ દેવદત્તનું શરીર અખંડિત એક સ્વરૂપે હોય છે. તેમ મૂળ વિગેરે પણ હોય છે. માટે એક શરીરરૂપ કોળા વિગેરે અસંખ્યાત જીવવાળા હોવાથી પ્રત્યેક શરીરી કેમ હોઈ શકે ?

**ઉત્તર :–** કોળા વિગેરેના ઝાડો પ્રત્યેક શરીરવાળા જ છે. કારણ કે તેમના મૂળ વિગેરેમાં અસંખ્યાત જીવોના અલગ–અલગ શરીર હોય છે. ફક્ત ચીકણા પદાર્થમાં મિશ્રિત કરેલ ચોંટાડેલ સરસવની વાટની જેમ અતિ રાગ–દ્વેષથી ભારે થયેલા તેવા પ્રકારના પ્રત્યેક નામકર્મના પુદ્ગલોના ઉદયથી તે જીવો પરસ્પર મિશ્રિત શરીરવાળા થાય છે. પ્રજ્ઞાપનાસૂત્રમાં જ કહ્યું છે કે,

जह सगल सरिसवालं (न) सिलेस मिस्साण वट्टिया वट्टी पत्तेय सरीराणं तह होंति सरीर संघाया । १

जह वा तिल पप्पडिया बहुएहिं तिलेहिं मीसिया संती । पत्तेय सरीराणं तह होंति सरीर संघाया । २

જેમ બધા સરસવોનો ચીકણા દ્રવ્ય વડે મિશ્રિત કરેલ વર્તિ એટલે વાટ બને છે. જેમ ઘણા તલો વડે મિશ્રિત થયેલ તલપાપડી બને છે. તેમ પ્રત્યેક શરીરવાળા જીવોના શરીરનો સમૂહ જાણવો. એની વિચારણા આ પ્રમાણે છે. જેમ સરસવની વાટમાં બધા

સરસવો પરસ્પર અલગ છે. કારણ એકબીજાની સાથે એકબીજામાં મળી ગયેલ દેખાતા નથી. આથી જ સકલનું ગ્રહણ સ્પષ્ટ જ છે. જેનાવડે એકબીજામાં મળી જવા રૂપ એકીભાવ જણાતો નથી. એ પ્રમાણે ઝાડોમાં પણ મૂળિયા વિગેરેમાં અસંખ્યાતા જીવો પણ દરેક પરસ્પર એકબીજાથી ભિન્ન-ભિન્ન શરીરવાળા છે. જેમ તે સરસવો ચીકણા દ્રવ્યના સંયોગોના કારણે એકબીજા સાથે મિશ્રિત થાય છે. તેમ પ્રત્યેક શરીરવાળાઓ પણ તેવા પ્રકારના પ્રત્યેકનામકર્મના પુદ્ગલોના ઉદયથી પરસ્પર ભેગા થયેલ હોય છે.

**સાધારણ** :-જે કર્મના ઉદયથી અનંતા જીવોનું એક શરીર હોય, તે સાધારણનામકર્મ.

**પ્રશ્ન** :- અનંતાજીવોનું એક શરીર શી રીતે હોઇ શકે ? કારણ કે જે જીવ પહેલો ઉત્પત્તિની જગ્યાએ આવ્યો હોય તે જીવે તે શરીર બનાવ્યું હોય અને આસપાસ ફેલાવાવડે તેને સંપૂર્ણ પોતે કબજે કરી લીધું હોય છે તો પછી તે જગ્યામાં શરીરમાં બીજા જીવોને શી રીતે જગ્યા મળે ? દેવદત્તના શરીરમાં દેવદત્તે આસપાસ ફેલાવાવડે કબજો કરેલ શરીરમાં બીજાની ઉત્પત્તિ હોતી નથી. તેમ સંપૂર્ણ શરીર સાથે ફેલાવાવડે કબજો કરાયેલ શરીરમાં બીજા જીવોની ઉત્પત્તિ દેખાતી નથી. જો જગ્યા હોય તો પણ જેનાવડે તે શરીર બનાવાયું હોય અને આસપાસ આત્મપ્રદેશ ફેલાવાવડે કબજો કરેલ શરીરમાં તે જ ત્યાં મુખ્ય હોય છે. અને તેની જ પર્યાપ્ત-અપર્યાપ્ત વ્યવસ્થા હોય છે તથા શ્વાસોશ્વાસ વિગેરે યોગ્ય પુદ્ગલો લેવા. મૂકવા વિગેરે તેને જ થાય છે બીજાને નહીં.

**ઉત્તર** :-આ તમારી વાત બરાબર નથી. કારણ કે સમ્યગ્ જિનવચનની જાણકારીનો અભાવ છે. તે અનંતાજીવો પણ તેવા પ્રકારના કર્મોદયના કારણે સાથે જ ઉત્પન્ન થવાની જગ્યાએ આવે છે. સાથે જ તે શરીરમાં આશ્રય કરે છે અને પર્યાપ્તિઓ બનાવવાનો આરંભ કરે છે અને સાથે જ પર્યાપ્તા થાય છે અને સાથે જ એકી સમયે શ્વાસોશ્વાસ યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે. જે એકજણ જે પુદ્ગલનો ઉપયોગ કરે છે તે બીજા અનંતાઓને પણ સાધારણરૂપે ઉપયોગમાં હોય છે. જે અનંતાજીવો વાપરે છે તે જ એક વિવક્ષિત જીવ વાપરે છે. તેથી ક્યારે પણ અનુપપત્તિ અભાવ હોતી નથી. પ્રજ્ઞાપનામાં કહ્યું છે કે, "સાથે જ ઉત્પન્ન થયેલા તેઓની સાથે શરીરની ઉત્પત્તિ રચના છે સાથે જ શ્વાસોશ્વાસ લે છે અને સાથે શ્વાસોશ્વાસ મૂકે છે. જે એક જીવનું ગ્રહણ છે, તે જ ઘણા જીવોનું સાધારણપણે ગ્રહણ હોય છે. જે ઘણા જીવોનું ગ્રહણ છે તે પણ સમાસથી એકનું હોય છે. બધાને સાધારણ હોય, સાધારણ શ્વાસોચ્છવાસ ગ્રહણ એ જ સાધારણ જીવોનું સાધારણ લક્ષણ હોય છે. (૧-૨-૩)

**સ્થિર** :- જે કર્મના ઉદયથી શરીરના અવયવો જેવાં કે માથું, હાડકાં, દાંત સ્થિર હોય તે સ્થિરનામ છે.

**અસ્થિર** :– જે કર્મના ઉદયથી જીભ વિગેરે શરીરના અવયવો અસ્થિર હોય તે અસ્થિરનામકર્મ છે.

**શુભ** :– જે કર્મના ઉદયથી નાભિની ઉપરના માથું વિગેરે અવયવો શુભ હોય તે શુભનામ. માથા વિગેરેનું શુભત્વ તેનાવડે બીજાને અડતા–સ્પર્શ કરતા તે રાજી થાય છે. આથી તેનું શુભત્વ છે.

**અશુભ** :– જે કર્મના ઉદયથી નાભિની નીચેના પગ વિગેરે અવયવો અશુભ હોય છે તે અશુભનામ. તે પગ વિગેરે દ્વારા અડવાથી બીજી વ્યક્તિને ગુસ્સો આવે છે તે તેનું અશુભત્વ છે.

સ્ત્રીના પગનો સ્પર્શ થવાથી કેટલાકને સંતોષ થાય છે. તેથી વ્યભિચારદોષ થાય–લાગે છે. દોષ નથી લાગતો કારણ કે તે રાજીપાનું કારણ મોહનીયકર્મ–મોહ છે. અહીં વાસ્તવિકતાનો વિચાર કરવાનો હોય છે આથી દોષ નથી.

**સુભગ** :– જે કર્મના ઉદયથી ઉપકાર ન કર્યો હોવા છતાં બધાના મનને આનંદકારી થાય તે સુભગનામકર્મ.

**દુર્ભગ** :– જે કર્મના ઉદયથી ઉપકાર કરવા છતાં પણ લોકોના દ્વેષનું કારણ બને તે દુર્ભગનામકર્મ.

**સુસ્વર** :– જે કર્મના ઉદયથી મીઠા, ગંભીર, ઉદાર અવાજવાળો થાય તે સુસ્વરનામ.

**દુસ્વર** :– જે કર્મના ઉદયથી જીવ ગધેડા જેવા ભેદાયેલ, ગરીબ, હીન અવાજવાળો થાય તે દુસ્વરનામકર્મ.

**આદેય** :– જે કર્મના ઉદયથી જે કંઈ બોલે તે બધુંયે બધાને ગ્રહણ કરવાલાયક થાય, તે આદેયનામ.

**અનાદેય** :– જેના ઉદયથી તે યુક્તિયુક્ત કહેવા છતાં પણ તે વચન ત્યાજ્ય થાય તે અનાદેયનામકર્મ.

**યશ** :– તપ, શૌર્ય, ત્યાગ વિગેરે વડે પ્રાપ્ત કરેલ યશવડે જે કીર્તન એટલે બોલવા વડે જે પ્રશંસા કરવી તે યશકીર્તિ. અથવા સામાન્યથી જે પ્રસિદ્ધિ તે યશ અને ગુણોને ગાવારૂપ જે પ્રશંસા તે કીર્તિ. અથવા બધી દિશામાં ફેલાનારી, પરાક્રમવડે પ્રાપ્ત થયેલ અને બધા લોકોવડે ગુણો ગવાય તે યશ. દાન–પુણ્યવડે કરાયેલ એક દિશામાં ફેલાનારી કીર્તિ કહેવાય છે. તે યશ અને કીર્તિ જે કર્મના ઉદયથી જીવને થાય તે યશકીર્તિનામ.

**પ્રશ્ન** :– યશકીર્તિ નામકર્મના ઉદયના કારણે યશકીર્તિ શી રીતે હોઇ શકે? કારણ કે ક્યારેક તે કર્મનો ઉદય હોવા છતાં કેટલાંકને તે યશકીર્તિનો અભાવ હોય છે.

કહ્યું છે કે, "તેમની જ કેટલાંક યશકીર્તિ બોલનારા હોય છે અને કેટલાંક અપયશકીર્તિ બોલનારા હોય છે. જે કારણથી સમવસરણના કિલ્લા, પ્રાકાર વિગેરેને ઇન્દ્રજાળપણું કહે છે.

ઉત્તર :– આ દોષ નથી. કારણ કે સદ્‌ગુણી મધ્યસ્થ પુરુષોની–જીવોની અપેક્ષાએ એ જ યશકીર્તિ નામનો ઉદય સ્વીકારાયો છે. કહ્યું છે કે, "કોઈકને કોઈ રીતે ધાતુઓ વિષમ થવાથી દૂધ પણ કડવું લાગે–થાય અને લીમડો મીઠો લાગે છતાં પણ તે પ્રમાણ-રૂપ થતું નથી. દ્રવ્યગુણને વિપરીત બોલવા વડે તેની જ અપ્રમાણતા સિદ્ધ થાય છે. તેથી સદ્‌ગુણ વિષયક યશકીર્તિનામકર્મ જાણવું."

**અપયશ :–** જે કર્મના ઉદયથી યશકીર્તિ નામથી વિપરીત અપયશકીર્તિનામ જેના પ્રભાવથી મધ્યસ્થ લોકોમાં અપ્રશંસનીય થાય છે.

**નિર્માણ :–** જે કર્મના ઉદયથી જીવોના શરીરોમાં પોતપોતાની જાતિ અનુસારે અંગોપાંગોને એના નિયત સ્થળે ગોઠવણી થાય તે નિર્માણનામકર્મ. આ કર્મ સુથારના જેવું હોય છે. જો આ કર્મનો અભાવ હોય તો એના નોકર જેવા અંગોપાંગ નામકર્મ વડે બનાવાયેલા માથું, પેટ વિગેરે અવયવોના સ્થાન નિયમનનો અભાવ થશે.

**તીર્થંકર :–**જે કર્મના ઉદયથી આઠ મહાપ્રાતિહાર્ય વિગેરે ચોત્રીશ અતિશયો પ્રગટ થાય છે તે તીર્થંકર નામકર્મ. (૧૨૭૨–૧૨૭૩–૧૨૭૪–૧૨૭૫)

## ૨૧૭. બંધ, ઉદય, ઉદીરણા, સત્તાનું સ્વરૂપ

**सत्तट्ठछेगबंधा संतुदया अट्ठ सत्त चत्तारि ।**
**सत्तट्ठछपंचदुगं उदीरणाठाणसंखेयं ॥१२७६॥**

**સાત, આઠ, છ, એક પ્રકૃતિનું બંધસ્થાનક આઠ, સાત, ચાર પ્રકૃતિનું ઉદય અને સત્તા સ્થાનક સાત, આઠ, છ, પાંચ અને બે પ્રકૃતિનું ઉદીરણા સ્થાનક છે. આ સંખ્યાસ્થાન છે.**

મિથ્યાત્વ વિગેરે બંધના કારણોવડે અંજનચૂર્ણ–મેશવડે ભરેલ પેટીની જેમ હંમેશા પુદ્‌ગલોવડે ભરેલ લોકમાં કર્મયોગ્ય જે વર્ગણાના પુદ્‌ગલોવડે આત્માને હંમેશા લોખંડ અને અગ્નિની જેમ એકબીજામાં મળી જઈ એકરૂપ થવા સ્વરૂપ જે સંબંધ તે બંધ કહેવાય છે. તેના ચાર સ્થાન–પ્રકાર છે. તે આ પ્રમાણે : સાત, આઠ, છ અને એક.

તે બંધાયેલા કર્મ પુદ્‌ગલો, બંધન અને સંક્રમણવડે પોતાના સ્વરૂપે પ્રાપ્ત થયેલા કર્મો નિર્જરા સંક્રમણ સ્વરૂપ નાશ પામવા છતાં પણ જે વિદ્યમાનરૂપે રહ્યા હોય તે સત્તા કહેવાય. તે સત્તાના સ્થાનકો એટલે પ્રકારો આઠ, સાત અને ચાર એમ ત્રણ છે.

તે સત્તારૂપે રહેલા કર્મપુદ્ગલોનો જ પોતાની બંધાયેલ સ્થિતિ પ્રમાણે અપવર્તના વિગેરે કરણ વિશેષથી અથવા સ્વાભાવિકપણે ઉદય સમયને પામેલા કર્મોના ફળને ભોગવવા તે ઉદય કહેવાય. તે ઉદયના સ્થાનકો પણ આઠ, સાત અને ચાર એ ત્રણ પ્રકારે છે.

ઉદયાવલિકામાં બહાર રહેલા એટલે ઉદયઅવસ્થાને ન પામેલા સ્થિતિના દલિકોને કષાય સહિત અથવા કષાય વગર યોગ નામના વીર્ય વિશેષવડે ખેંચી-ખેંચી ઉદયાવલિકામાં પ્રવેશ કરાવવો તે ઉદીરણા. તે ઉદીરણાના સ્થાનો એટલે પ્રકારો સાત, આઠ, છ, પાંચ અને બે-એમ પાંચ છે. આ પ્રમાણે બંધ વિગેરેની સ્થાન સંખ્યા છે. (૧૨૭૩)

**હવે આ બંધ વિગેરે સ્થાનોનું સ્વરૂપ કહે છે.**

**बंधेऽट्ठसत्तऽणाउग छव्विहममोहाउ इगविहं सायं ।**
**संतोदएसु अट्ठ उ सत्त अमोहा चउ अघाई ॥१२७७॥**
**अट्ठ उदीरइ सत्त उ अणाउ छव्विहमवेयणीआऊ ।**
**पण अवियण मोहाउग अकसाई नाम गोत्तदुगं ॥१२७८॥**

**બંધમાં આઠનો બંધ, આયુષ્ય વગર સાતનો બંધ, મોહ અને આયુ વગર છ નો બંધ, ફક્ત શાતારૂપ એક પ્રકારનો બંધ છે.**

**સત્તામાં અને ઉદયમાં આઠ, મોહ વગર સાતનો અને ચાર અઘાતી કર્મનો હોય છે.**

**ઉદીરણામાં આઠ, આયુ વગર સાત, વેદનીય અને આયુ વગર છ, મોહ, વેદનીય, આયુ વગર પાંચ, અકષાયીને નામ અને ગોત્રકર્મની ઉદીરણા હોય છે.**

આયુષ્યના બંધ વખતે જ્ઞાનાવરણ વિગેરે આઠ પ્રકૃતિ બંધમાં હોય છે. એ સિવાયના સમયે આયુષ્ય વગર સાત પ્રકૃતિનો બંધ હોય છે. મોહનીય અને આયુષ્ય વગર છ પ્રકૃતિઓનો બંધ છે. જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય, નામ; ગોત્રનો બંધ અટકયા પછી ફક્ત એક શાતા વેદનીય બાંધતા એક પ્રકારે બંધ થાય છે.

સત્તા તથા ઉદયમાં સર્વપ્રકૃતિઓનો સમુદાય હોય ત્યારે આઠ પ્રકૃતિની સત્તા તથા ઉદય હોય છે. મોહનીયની સત્તા તથા ઉદય નાશ-વિચ્છેદ થયે છતે સાતનો ઉદય-સત્તા રહે છે, જ્ઞાનાવરણ-દર્શનાવરણ, અંતરાયની ઉદયસત્તા વિચ્છેદ થયે છતે તે ચારનો સત્તા-ઉદય રહે છે.

સર્વ પ્રકૃતિ સમૂહમાં હોય ત્યારે આઠ પ્રકૃતિની ઉદીરણા રહે છે. આયુષ્યની ઉદીરણા વિચ્છેદ થયે છતે આયુ સિવાય સાતની ઉદીરણા. વેદનીય અને આયુકર્મની ઉદીરણા દૂર થયે છતે છ કર્મોની ઉદીરણા હોય છે.

હવે આ બંધ વિગેરેના સ્થાનો શિષ્યોને વિસ્તૃત જ્ઞાન થાય માટે ગુણસ્થાનકની વિચારણાપૂર્વક કહે છે.

મિથ્યાદષ્ટિથી લઈ મિશ્ર વગર અપ્રમત્ત સુધીના છ ગુણઠાણે આઠ અથવા સાત કર્મો બંધાય છે. આયુ ક્યારેક બંધાય છે માટે આયુષ્ય બંધાય ત્યારે આઠ અને તે સિવાયના કાળે આયુષ્યનો બંધ ન હોવાથી સાત કર્મ બંધાય છે.

મિશ્ર, અપૂર્વકરણ, અનિવૃત્તિબાદર ગુણઠાણે આયુષ્યના બંધનો અભાવ હોવાથી સાત જ પ્રકૃતિઓ બંધાય છે, તેમાં મિશ્રે તથાસ્વાભાવે આયુ નથી બંધાતું અને અપૂર્વકરણ અને અનિવૃત્તિબાદરે અતિવિશુદ્ધિ હોવાથી બંધાતું નથી કારણ કે આયુષ્યનો બંધ ઘોલના પરિણામે થાય છે.

સૂક્ષ્મસંપરાય ગુણઠાણે મોહનીય અને આયુષ્ય વગર છ પ્રકૃતિઓ બંધાય છે, મોહનીયનો બંધ બાદરકષાયનો ઉદય હોય તો થાય છે અને તે દસમે ગુણઠાણે નથી અને આયુષ્યનો બંધ અતિવિશુદ્ધિ હોવાથી થતો નથી. ઉપશાંતમોહ, ક્ષીણમોહ, સયોગીકેવલીગુણઠાણે એક શાતા વેદનીયનો બંધ હોય છે, બીજા કર્મોનો બંધ હોતો નથી કારણ કે તે કર્મોના બંધ હેતુઓનો અભાવ હોય છે. અયોગી કેવલીઓને તો યોગરૂપ બંધ હેતુનો અભાવ છે માટે અબંધત્વ હોય છે.

મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકથી લઈ સૂક્ષ્મસંપરાયગુણસ્થાનક સુધી આઠે કર્મપ્રકૃતિઓ ઉદય અને સત્તામાં હોય છે, કારણકે બધેય મોહનીયનો ઉદય અને સત્તા હોય છે, ઉપશાંતમોહગુણઠાણે સાત પ્રકૃતિઓ ઉદયમાં હોય છે. કારણકે મોહનીયકર્મ ઉપ-શાંત થવાથી ઉદય હોતો નથી, પણ સત્તામાં આઠ પ્રકૃતિ હોય છે કેમ કે મોહનીય–કર્મ વિદ્યમાન છે. ક્ષીણમોહ ગુણઠાણે સત્તા અને ઉદયમાં સાત પ્રકૃતિઓ છે, કારણકે ઉદય અને સત્તામાંથી મોહનીય કર્મનો ક્ષય થયો હોવાથી તેનો અભાવ છે. સયોગી-અયોગી કેવલીને ચાર અઘાતી કર્મો ઉદય અને સત્તામાં હોય છે. બીજા કર્મો ક્ષય થયા હોવાથી હોતા નથી.

મિથ્યાદષ્ટિગુણસ્થાનકથી લઈ પ્રમત્તસંયતગુણઠાણા સુધી જીવ નિરંતર આઠે કર્મોનો ઉદીરક હોય છે, જ્યારે અનુભવાતા આયુષ્યની છેલ્લી આવલિકા બાકી રહે, ત્યારે આયુષ્યકર્મ છેલ્લી આવલિકામાં પ્રવેશેલ હોવાથી ઉદીરણાનો વિચ્છેદ–અભાવ થાય છે. આથી જીવ, સાત પ્રકૃતિનો ઉદીરક થાય છે. મિશ્રગુણઠાણે રહેલાને તો હંમેશા આઠ પ્રકૃતિની જ ઉદીરણા હોય છે. કારણકે મિશ્રગુણઠાણે આયુષ્યકર્મની અંતિમ આવ-લિકાનું બાકી રહેવાપણું–શેષત્વપણું નથી કારણકે અંતર્મુહૂર્ત આયુષ્ય બાકી રહ્યે છતે જીવ મિશ્ર ગુણઠાણાથી પડી સમ્યક્ત્વ કે મિથ્યાત્વ ગુણઠાણે જતો રહે છે.

અપ્રમત્ત, અપૂર્વકરણ, અનિવૃત્તિબાદર ગુણઠાણે વેદનીય અને આયુષ્યકર્મ છોડી સિવાય બાકીના છ કર્મોની ઉદીરણા હોય છે. કારણકે અતિ વિશુદ્ધિ હોવાથી વેદનીય

અને આયુષ્યકર્મની ઉદીરણા યોગ્ય અધ્યવસાય સ્થાનોનો અભાવ છે. સૂક્ષ્મસંપરાય ગુણઠાણે છ અથવા પાંચ કર્મોનો જીવ ઉદીરક હોય છે. અહીં જ્યાં સુધી મોહનીય કર્મનો એક આવલિકા કાળ બાકી ન રહે, ત્યાં સુધી છ કર્મની ઉદીરણા હોય છે. એક આવલિકા કાળ બાકી રહ્યા પછી તે મોહનીયકર્મની ઉદીરણાનો અભાવ થવાથી પાંચ કર્મની ઉદીરણા હોય છે. ઉપશાંતમોહગુણઠાણે વેદનીય-આયુષ્ય અને મોહનીયકર્મ સિવાય પાંચ કર્મની જ ઉદીરણા હોય છે, અહીં વેદનીય અને આયુષ્યની ઉદીરણાના અભાવનું કારણ આગળ કહેલ છે અને મોહનીયનો તો ઉદય નથી માટે ઉદીરણા નથી કહ્યું છે કે :–

"वेद्यमानमेवोदीर्यते" જે ભોગવાતી હોય તેની ઉદીરણા હોય છે. ક્ષીણમોહ–ગુણઠાણે પણ ઉપરોક્ત પાંચકર્મોની જ ઉદીરણા હોય છે. આ પાંચ કર્મોની ઉદીરણા ત્યાં સુધી હોય છે કે જ્યાં સુધીમાં જ્ઞાનાવરણકર્મ, દર્શનાવરણકર્મ, અંતરાયકર્મ છેલ્લી આવલિકામાં પ્રવેશ કર્યા પછી એ ત્રણે કર્મની પણ ઉદીરણાનો અભાવ થવાથી નામ અને ગોત્રકર્મરૂપ બે કર્મોની જ ઉદીરણા હોય છે. કારણ કે ચારઘાતી કર્મોનો મૂળથી ક્ષય થયો છે. અને વેદનીય તથા આયુષ્યકર્મની ઉદીરણા પૂર્વોક્ત કારણથી થતી નથી. અયોગીકેવલી અનુદીરક એટલે ઉદીરણા રહિત છે કારણ કે ઉદીરણા યોગ સાપેક્ષપણે થાય છે અને અયોગીને યોગનો અભાવ છે. (૧૨૭૭-૧૨૭૮)

હવે બંધ વિગેરેમાં જેટલી ઉત્તરપ્રકૃત્તિઓ હોય છે તેની સર્વ સંખ્યારૂપ સંખ્યા કહે છે.

**बंधे वीसुत्तरसय १२० सयबावीसं तु होइ उदयंमि १२२ ।**
**उदीरणाएँ एवं १२२ अडयालसयं तु सन्तंमि १४८ ॥१२७९॥**

**બંધમાં એકસોવીસ, ઉદયમાં અને ઉદીરણામાં એકસો બાવીસ અને સત્તામાં એકસો અડતાલીસ પ્રકૃતિઓ છે.**

બંધમાં એટલે બંધની વિચારણામાં એકસોવીસ પ્રકૃતિઓ હોય છે. ઉદયમાં એકસો બાવીસ (૧૨૨) પ્રકૃતિઓ હોય છે, ઉદીરણામાં ઉદય જેટલી જ એટલે એકસો બાવીસ પ્રકૃતિઓ હોય છે. સત્તામાં એકસો અડતાલીસ (૧૪૮) પ્રકૃતિઓ હોય છે. એની વિચારણા આ પ્રમાણે છે.

બંધ અને ઉદયમાં વિચારતા બંધન અને સંઘાતનનામકર્મના પોતપોતાના શરીર નામકર્મમાં જ સમાવેશ કરવામાં આવે છે. તથા વર્ણ–ગંધ–રસ-સ્પર્શના જે ઉત્તર–ભેદો અનુક્રમે પાંચ, બે, પાંચ, આઠ છે તે પણ બંધમાં ઉદયમાં ગણાતા નથી. પરંતુ વર્ણાદિ ચાર જ ગણાય છે તથા બંધની વિચારણામાં સમ્યક્ત્વમોહનીય અને મિશ્ર-મોહનીય લેવાતી નથી. કારણ એ બે પ્રકૃતિઓ મિથ્યાત્વમોહનીયના પુદ્ગલોમાંથી

પરિણત થાય છે એટલે બને છે. આ પ્રમાણે હોવાથી બંધની વિચારણામાં બંધન-પંચક, સંઘાતનપંચક, વર્ણાદિ સોલ ને નામની ત્રાણું (૯૩) પ્રકૃતિમાંથી બાદ કરતાં બાકી સડસઠ (૬૭) પ્રકૃતિઓ રહે છે તથા મોહનીયની, સમકિત મોહનીય અને મિશ્ર-મોહનીય વગર બાકી રહેલ છવ્વીસ પ્રકૃતિઓ છે. આ બધીયે પ્રકૃતિઓનો સરવાળો કરતાં બંધમાં એકસોવીસ (૧૨૦) પ્રકૃતિ થાય છે.

જ્ઞા – દ – વે – મો – આ – નામ – ગો – અંત = ૮

૫ + ૯ + ૨ + ૨૬ + ૪ + ૬૭ + ૨ + ૫ = ૧૨૦

ઉદયમાં વિચારતા સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય ઉદયમાં આવતી હોવાથી એ બે ને ગણતા ઉદયમાં એકસોબાવીસં (૧૨૨) પ્રકૃતિઓ થાય છે.

ઉદય હોતે છતે જ ઉદીરણા થાય છે. આથી ઉદીરણામાં પણ એકસોબાવીસ (૧૨૨) પ્રકૃતિઓ હોય છે

સત્તાની વિચારણામાં આગળ દૂર કરેલ બંધન પંચક, સંઘાતન પંચક, વર્ણાદિ સોલને ફરી લેતાં સત્તામાં બધી મળી એકસો અડતાલીસ (૧૪૮) પ્રકૃતિઓ થાય છે. કર્મસ્તવમાં કહ્યું છે કે "अडयालं पयडिसयं खवियजिणं निव्वुयं वंदे" એકસો અડતાલીસ પ્રકૃતિ ખપાવી નિવૃત્ત થયેલ જિનને હું વંદુ છું."

ગર્ગર્ષિ શિવશર્મસૂરીજી મ. વિગેરે આચાર્યોના મતે એકસો અઠ્ઠાવન પ્રકૃતિ સત્તામાં ગણે છે. ત્યારે પંદર બંધનની ગણત્રી કરવામાં આવે છે. તેથી પૂર્વોક્ત એકસો અડતાલીસ પ્રકૃતિઓમાં બંધન સંબંધિત દસ પ્રકૃતિઓ વધારે ઉમેરતાં એકસો અઠ્ઠાવન થાય છે. (૧૨૭૯)

## ૨૧૮. અબાધાસહિત કર્મસ્થિતિ

**मोहे कोडाकोडीउ सत्तरी वीस नाम गोयाणं ।**
**तीसियराण चउण्हं तेत्तीसऽयराइं आउस्स ॥१२८०॥**

**મોહનીયની સીત્તેર કોડાકોડી સાગરોપમ, નામ-ગોત્રની વીસ કોડાકોડી, બીજા ચારની ત્રીસ કોડાકોડી, આયુષ્યની તેત્રીસ સાગરોપમની સ્થિતિ છે.**

મોહનીયકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ સીત્તેર કોટાકોટી સાગરોપમની છે. અહીં સ્થિતિ બે પ્રકારની છે. (૧) કર્મ સ્વરૂપે રહેવારૂપ. (૨) કર્મના અનુભવરૂપ. તેમાં કર્મ સ્વરૂપે રહેવારૂપ સ્થિતિને આશ્રયી ઉત્કૃષ્ટ અથવા જઘન્ય પ્રમાણને કહેવાનું અભિપ્રેત-યોગ્ય જાણ્યું છે. અનુભવ યોગ્ય સ્થિતિ અબાધાકાળ વગરની છે, જે કર્મની જેટલા કોડા-

કોડી સાગરોપમની સ્થિતિ છે, તેમનો તેટલા સો વર્ષનો અબાધાકાળ જાણવો. તેથી મોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિ સીત્તેર કોડાકોડી સાગરોપમની છે અને તેનો અબાધાકાળ સીત્તેર સો એટલે સાતહજાર વર્ષ છે. તે આ પ્રમાણે છે. કોઈકે મોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિને બાંધી હોય તેને સાતહજાર (૭૦૦૦) વર્ષ સુધી મોહનીયકર્મ પોતાના ઉદય વડે જીવને કોઈપણ બાધા ઉત્પન્ન ન કરી શકે-કરતું નથી. અબાધાકાળ વગરની સ્થિતિ કર્મદલિકનો નિષેધકાળ છે. એટલે કર્મ દળિયાનાં ભોગવટાનો કાળ છે. એટલે સાતહજાર વર્ષ પ્રમાણ વખતમાં-કાળમાં ભોગવવા યોગ્ય દળિયાનો નિષેધ એટલે ભોગવટો થતો નથી. પરંતુ તે પછીના કાળે ભોગવટો થાય છે.

નામ અને ગોત્રકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ વીસ કોડાકોડી સાગરોપમની છે, બે હજાર વર્ષની અબાધા છે અને અબાધાકાળ વગરનો કાળ કર્મદળિયાને ભોગવવાનો કાળ છે.

જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય અને અંતરાય એ ચારકર્મોની ત્રીસ કોડાકોડી સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ છે અને ત્રણ હજાર વર્ષનો અબાધાકાળ છે તથા અબાધાકાળ વગરની સ્થિતિ કર્મદળિયાને ભોગવવાનો કાળ છે.

આયુષ્યની ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસ સાગરોપમની છે, પૂર્વકોડનો ત્રીજો ભાગ અબાધાકાળ છે અને અબાધાકાળ વગરનો કાળ કર્મદલિકના ભોગવટાનો કાળ છે. સૂત્રકારે આયુષ્યનો પૂર્વક્રોડનો ત્રીજો ભાગ અબાધારૂપપણે જ જાય છે પણ ઉદયમાં નથી આવતો આથી આયુષ્યની જેટલી સ્થિતિ આયુષ્યરૂપે ભોગવાય છે. તેટલી સ્થિતિ અબાધાકાળ વગરની સ્વીકારી છે એમ જાણવું (૧૨૮૦)

## ઉત્કૃષ્ટ સ્થિતિના ઉપસંહારપૂર્વક જઘન્યસ્થિતિ કહે છે.

**एसा उक्कोसठिई इयरा वेयणिय बारस मुहुत्ता ।**
**अट्ठट्ठ नामगोत्तेसु सेसएसु मुहुत्तंतो ॥१२८१॥**

**આ પૂર્વે કહેલી ઉત્કૃષ્ટ સ્થિતિ છે. બીજી જઘન્ય સ્થિતિ વેદનીયની બારમુહૂર્ત, નામગોત્રની આઠ-આઠ મુહૂર્તની છે અને બાકીનાની અંતમુહૂર્તની છે.**

પૂર્વોક્ત-ઉપરોક્ત ઉત્કૃષ્ટ સ્થિતિ કહી. હવે જઘન્યસ્થિતિ વેદનીયકર્મની બારમુહૂર્તની છે. વેદનીયની જઘન્ય સ્થિતિ બે પ્રકારે હોય છે. ૧. કષાયવાળા જીવોની અને ૨. અકષાયવાળા જીવોને આશ્રયી. એમાં કષાય રહિત જીવોને વેદનીય જઘન્ય સ્થિતિ બે સમયની છે. આથી તે કર્મ પહેલાં સમયે બંધાય. બીજે સમયે ભોગવાય અને ત્રીજા સમયે નિર્જરાય એટલે અકર્મભાવને પામે છે. કષાય વગરના જીવોને, કષાય વગરના હોવાથી બહુતર સ્થિતિના બંધનો અસંભવ છે. કષાયવાળાને ગાથામાં કહેલ બાર-

મુહૂર્તરૂપ જઘન્ય સ્થિતિ છે. અંતર્મુહૂર્તની અબાધા છે તથા અબાધાકાળ વગરનો કર્મ-દળિયાનો ભોગવટાનો કાળ છે. નામ-ગોત્રની આઠમુહૂર્ત જઘન્ય સ્થિતિ છે. તથાઅંત-મુહૂર્ત અબાધાકાળ છે અને અંતમુહૂર્તહીન નિષેધકાળ છે.

જ્ઞાનાવરણું, દર્શનાવરણ, અંતરાય, મોહનીય અને આયુષ્યની જઘન્યસ્થિતિ અંતર્મુહૂર્તની છે. અહીં પણ અબાધાકાળ અંતર્મુહૂર્તનો જ છે. પરંતુ તે અતિ લઘુ જાણવું. અબાધાકાળ વગરનો કર્મદળિયાનો ભોગવટાનો કાળ છે.

આ પ્રમાણે મૂળ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ અને જઘન્યસ્થિતિ કહી. ઉત્તર પ્રકૃતિની કર્મ-પ્રકૃતિ વિગેરે ગ્રંથોમાંથી જાણવી. (૧૨૮૧)

**હવે આ કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિનું અબાધાકાળનું પ્રમાણ કહે છે.**

**जस्स जइ कोडिकोडीउ तस्स तेत्तियसयाइं वरिसाणं ।**
**होइ अबाहाकालो आउम्मि पुणो भवतिभागो ॥१२८२॥**

**જે કર્મની જેટલા કોડાકોડી સાગરની સ્થિતિ હોય, તેનો તેટલા સો વર્ષનો અબાધાકાળ હોય છે, આયુષ્યનો-ભવનો ત્રીજો ભાગ અબાધા છે.**

જે કર્મની જેટલા કોડાકોડી સાગરોપમની ઉત્કૃષ્ટસ્થિતિ કહી છે તે કર્મની તેટલા સો વર્ષ ઉત્કૃષ્ટ અબાધાકાળ થાય છે. જેમ કે મોહનીયની સીત્તેર કોડાકોડી સાગરો-પમની ઉત્કૃષ્ટસ્થિતિ છે. તેથી તેનો અબાધાકાળ સીત્તેરસો વર્ષ એટલે સાતહજાર વર્ષ થાય છે એ પ્રમાણે બધાયે કર્મોમાં વિચારી લેવું. આયુષ્યનો ઉત્કૃષ્ટ અબાધાકાળ ભવનો ત્રીજો ભાગ એટલે પૂર્વક્રોડ વર્ષનો ત્રીજો ભાગ છે. આ પૂર્વક્રોડ વર્ષના ત્રીજા ભાગમાં બંધાતા આયુષ્યના બે ભાગ વીતી ગયા પછી બાકી રહેલા ત્રીજા ભાગમાં પરભવનું આયુષ્ય બંધાય છે. તેથી પૂર્વક્રોડ વર્ષનો ત્રીજો ભાગ અબાધાકાળ આવે છે. બધાય કર્મોની સ્થિતિ જઘન્ય અબાધા અંતર્મુહૂર્તકાળની છે (૧૨૮૨)

## ૨૧૯ બેંતાલીસ પુણ્ય પ્રકૃતિ

**सायं १ उच्चागोयं २ नरतिरिदेवाउ ५ नाम एयाओ ।**
**मणुयदुगं ७ देवदुगं ९ पंचिंदिय जाइ १० तणुपणगं १५ ॥१२८३॥**
**अंगोवंगतिगंपि य १८ संघयणं वज्जरिसहनारायं १९ ।**
**पढमं चिय संठाणं २० वन्नाइ चउक्क सुपसत्थं २४ ॥१२८४॥**
**अगुरुलहु २५ पराघायं २६ उस्सासं २७ आयवं च २८ उज्जोयं २९ ।**
**सुपसत्था विहगगई ३० तसाइदसगं च ४० निम्माणं ४१ ॥१२८५॥**

तित्थयरेणं सहिया पुन्नप्पयडीओ हुंति बायाला ४२ ।
सिवसिरिकडक्खियाणं सयावि सत्ताणमेयाउ ॥१२८६॥

**શાતાવેદનીય, ઉચ્ચગોત્ર, મનુષ્યાયુ, દેવાયુ અને તિર્યંચાયુ. નામકર્મની પ્રકૃતિ આ પ્રમાણે છે, મનુષ્યદ્વિક, દેવદ્વિક, પંચેન્દ્રિયજાતિ, શરીરપંચક, અંગોપાંગત્રિક, વજ્રઋષભ નારાચ સંઘયણ, પહેલું સંસ્થાન, સુપ્રશસ્ત વર્ણચતુષ્ક, અગુરૂલઘુ, પરાઘાત, શ્વાસોચ્છ્‌વાસ, આતપ, ઉદ્યોત, સુપ્રશસ્ત વિહાયોગતિ, ત્રસદશક, નિર્માણ, તીર્થંકર સહિત પુણ્યપ્રકૃતિઓ બેંતાલીસ થાય છે. આ પ્રકૃતિઓ જેના પર શિવશ્રીએ કટાક્ષ કર્યો છે. એની સત્તામાં હોય છે.**

૧. શાતા વેદનીય, ૨. ઉચ્ચગોત્ર, ૩. મનુષ્યાયુ, ૪. દેવાયુ, ૫. તિર્યંચાયુ નામ પ્રકૃતિઓ આ પ્રમાણે છે. ૬. મનુષ્યગતિ અને ૭. મનુષ્યાનુપૂર્વીરૂપ મનુષ્યદ્વિક ૮. દેવગતિ અને ૯. દેવાનુપૂર્વીરૂપ દેવદ્વિક, ૧૦. પંચેન્દ્રિય જાતિ, ૧૧. ઔદારિક, ૧૨. વૈક્રિય, ૧૩. આહારક, ૧૪. તૈજસ, ૧૫. કાર્મણ એ શરીર પંચક ૧૬. ઔદારિક અંગોપાંગ ૧૭. વૈક્રિય અંગોપાંગ, ૧૮. આહારક અંગોપાંગ એ અંગોપાંગત્રિક ૧૯. વજ્રઋષભ-નારાચ સંઘયણ, ૨૦. સમચતુરસ્ર પ્રથમ સંસ્થાન, ૨૧. સુપ્રશસ્ત, વર્ણ–૨૨. ગંધ ૨૩. રસ, ૨૪. સ્પર્શરૂપ એ વર્ણચતુષ્ક.

સફેદ તથા પીળો રંગ-વર્ણ શુભ, સુગંધ, મીઠો, ખાટો, તુરો શુભરસ, મૃદુ એટલે કોમળ, હલકો, સ્નિગ્ધ, એટલે ચીકણો, ઉષ્ણ એટલે ગરમ સ્પર્શ શુભ છે. ૨૫. અગુરૂલઘુ, ૨૬. પરાઘાત, ૨૭. ઉચ્છ્‌વાસ, ૨૮. આતપ, ૨૯. ઉદ્યોત, ૩૦. સુપ્રશસ્તવિહાયો-ગતિ, ૩૧. ત્રસ, ૩૨. બાદર, ૩૩. પર્યાપ્ત, ૩૪. પ્રત્યેક, ૩૫. સ્થિર, ૩૬. શુભ, ૩૮. સુભગ, ૩૮. સુસ્વર, ૩૯. આદેય ૪૦. યશકીર્તિ એ ત્રસદશક છે. ૪૧. નિર્માણ, ૪૨ તીર્થંકર નામકર્મ સહિત આ બેંતાલીસ (૪૨) પ્રકૃતિ, શુભપુણ્ય પ્રકૃતિઓ છે. જેના પર શિવ-રૂપી લક્ષ્મીનો કટાક્ષ થયો છે. એવા જીવોને હંમેશા પ્રાપ્ત થાય છે. (૧૨૮૩–૧૨૮૬)

## ૨૨૦ બ્યાસી પાપપ્રકૃતિ

नाणंतरायदसगं १० दंसण नव ९ मोहपयइ छव्वीसा २६ ।
अस्सायं निरयाउं नीयागोएण अडयाला ॥१२८७॥
नरयदुगं २ तिरियदुगं ४ जाइचउक्कं ८ च पंच संघयणा १३ ।
संठाणावि य पंच उ १८ वन्नाइचउक्कमपसत्थं २२ ॥१२८८॥

**उवघाय २३ कुविहयगई २३ थावरदसगेण होंति चोत्तीसा ३४ ।**
**सव्वाओ मीलियाओ बासीई पावपयडीओ ॥१२८९॥**

**જ્ઞાનાવરણ અને અંતરાયની દસ, દર્શનાવરણ નવ, મોહનીયની છવ્વીસ, અશાતા વેદનીય, નરકાયુષ્ય, નીચ ગોત્ર આ અડતાલીસ થઇ. નરકદ્વિક, તિર્યંચદ્વિક, જાતિ ચતુષ્ક, સંઘયણ પંચક, સંસ્થાન પંચક, અપ્રશસ્ત વર્ણચતુષ્ક, ઉપઘાત, અશુભવિહાયોગતિ, સ્થાવરદશક, એમ નામની ચોત્રીસ થઈ. બધી મળી બ્યાસી પાપ પ્રકૃતિઓ થાય છે.**

જ્ઞાનાવરણ પાંચ, અંતરાય પાંચ, દર્શનાવરણ નવ, સમકિત અને મિશ્રમોહનીય ફક્ત ઉદય આશ્રયી અશુભબંધમાં નથી કેમકે તે બેનો બંધ હોતો નથી. આથી તે બે સિવાય મોહનીયની છવ્વીસ પ્રકૃતિઓ, અશાતા વેદનીય, નરકાયુષ્ય અને નીચગોત્ર એમ અડતાલીસ પ્રકૃતિઓ થાય છે. હવે નામની પ્રકૃતિઓ નરકગતિ અને નરકાનુપૂર્વીરૂપ નરકદ્વિક, તિર્યંચગતિ અને તિર્યંચાનુપૂર્વીરૂપ તિર્યંચદ્વિક, એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરિંદ્રિયરૂપ જાતિ ચતુષ્ક, પહેલાં સંઘયણ સિવાય પાંચ સંઘયણ, પહેલા સંસ્થાન સિવાય પાંચ સંસ્થાન, અપ્રશસ્ત વર્ણચતુષ્ક, લીલો–કાળો વર્ણ, અશુભ દુર્ગંધ, તીખો, કડવો અશુભરસ, ગુરૂ એટલે ભારે, લુખ્ખો, ખરબચડો, ઠંડો સ્પર્શ અશુભ છે. ઉપઘાત, અપ્રશસ્ત વિહાયોગતિ, સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, અસ્થિર, અશુભ, દુર્ભગ, દુઃસ્વર, અનાદેય, અપયશકીર્તિરૂપ આ સ્થાવરદશક છે. આ ચોત્રીસ નામકર્મની પ્રકૃતિઓ છે. બધી પ્રકૃતિઓ મેળવતાં બ્યાસી પાપ પ્રકૃતિઓ થશે. જે અશુભ સંજ્ઞાવાળી છે. વર્ણ ચતુષ્ક શુભપ્રકૃતિની સંખ્યામાં તથા અશુભપ્રકૃતિઓની સંખ્યામાં લેવાય છે. કારણ કે તે બે પ્રકારની છે. આથી બંધમાં કહેલ એકસોવીસ પ્રકૃતિની સંખ્યાનો બાધ–વ્યાઘાત થતો નથી. (૧૨૮૭–૧૨૮૯)

# ૨૨૧. પેટા ભેદ સહિત ષડ્–છ–ભાવ

**भावा छुओवसमिय १ खइय २ खओवसम ३ उदय ४ परिणामा ५ ।**
**दु २ नव ९ ट्ठारि १८ गवीसा २१ तिग ३ भेया सन्निवाओ य ॥१२९०॥**

**ઔપશમિક, ક્ષાયિક, ક્ષયોપશમ, ઔદયિક, પારિણામિક, સન્નિપાતિક. એ છ ભાવો છે. તેના બે, નવ, અઢાર, એકવીસ, ત્રણ ભેદો છે.**

જીવનું વિશિષ્ટ કારણોવડે અથવા સ્વાભાવિક તે–તે રૂપે–થવું તે ભાવો એટલે વસ્તુના પરિણામ વિશેષ અથવા ઉપશમ વિગેરે પર્યાયો વડે જે થાય તે ભાવો.

ભાવો છ જ છે. તે આ પ્રમાણે ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયિક, પારિણામિક અને સાન્નિપાતિક.

**ઔપશમિક :–** ઉપશમ એટલે રાખવડે ઢંકાયેલ અગ્નિની શાંત અવસ્થા. જેમાં પ્રદેશથી પણ ઉદયનો અભાવ છે. આવા પ્રકારનો ઉપશમ તે સર્વોપશમ કહેવાય. તે સર્વોપશમ મોહનીયકર્મનો જ હોય છે. પણ બીજા કર્મોનો નથી. કહ્યું છે કે "सव्वुवसमो मोहस्सेव उ" અહીં આ પ્રમાણે શબ્દ વ્યુત્પત્તિ થાય છે. ઉપશમ એજ ઔપશમિક અથવા જે ઉપશમવડે થાય તે ઔપશમિક, જે ક્રોધ વિગેરે કષાયના ઉદયના અભાવરૂપ જીવની પરમશાંત અવસ્થારૂપ પરિણામ વિશેષ.

**ક્ષાયિક:–** કર્મનો મૂળથી બિલકુલ નાશ કરવો તે ક્ષય. ક્ષય એજ ક્ષાયિક છે અથવા ક્ષય વડે બનેલ જે ભાવ તે ક્ષાયિક. કર્મના અભાવરૂપ ફળવડે થયેલ જીવની જે પરિણતિ વિશેષ તે ક્ષાયિક.

**ક્ષાયોપશમિક:–**ઉદય પામેલ અંશનો ક્ષય અને ઉદય ન પામેલ અંશનો વિપાક આશ્રયી ઉપશમ તે ક્ષયોપશમ. ક્ષયોપશમ એજ ક્ષાયોપશમિક અથવા ક્ષયોપશમવડે બનેલ, જે ઘાતીકર્મના ક્ષયોપશમવડે પ્રાપ્ત થયેલ મતિજ્ઞાન વિગેરે લબ્ધિરૂપ આત્માનો જે પરિણામ વિશેષ તે ક્ષાયોપશમિકભાવ.

**ઔદયિક:–** આઠે કર્મો પોત–પોતાના ઉદય સમય આવ્યે છતે પોતપોતાના સ્વરૂપે જે અનુભવ કરવો તે ઉદય. ઉદય એજ ઔદયિક અથવા ઉદયવડે બનેલ જે ભાવ તે ઔદયિક. જે નારક વિગેરેરૂપ પર્યાયોની પરિણતિરૂપ છે.

**પારિણામિક:–** પરિણમવું તે પરિણામ, એટલે કંઈક અવસ્થિત વસ્તુનું પૂર્વ અવસ્થાને છોડયા વગર આગળની અવસ્થાને પામવું તે પરિણામ. પરિણામ એજ પારિણામિક છે. અથવા પરિણામ વડે બનેલ તે પારિણામિક.

આ ભાવોના અનુક્રમે ભેદો કહે છે.

ઔપશમિકના બે, ક્ષાયિકના નવ, ક્ષાયોપશમિકના અઢાર, ઔદયિકના એકવીસ, અને પારિણામિકના ત્રણ ભેદો છે.

**સાન્નિપાતિક :–** સન્નિપતન એટલે મળવું તે સન્નિપાત એટલે મિલન. તે સન્નિપ એજ સાન્નિપાતિક અથવા સન્નિપાતવડે બનેલા જે ભાવ તે સન્નિપાતિક. ઔદયિક વિગેરે બે ત્રણ ભાવોના સંયોગવડે બનેલ જે અવસ્થા વિશેષ તે સાન્નિપાતિક. (૧૨૯૦)

હવે ઔપશમિક અને ક્ષાયિકના બે ભેદોની વ્યાખ્યા કરે છે.

सम्म चरणाणि पढमे दंसणनाणाइं दाण लाभा य ।
उवभोग भोगवीरिय सम्मचरित्ताणि य बिइए ॥१२९१॥

**પ્રથમ ઔપશમિક-ઉપશમભાવમાં સમ્યક્ત્વ અને ચારિત્ર એમ બે ભેદો છે.**

**બીજા ક્ષાયિકભાવમાં દર્શન-જ્ઞાન-દાન, લાભ, ઉપભોગ, ભોગ, વીર્ય સમ્યક્ત્વ અને ચારિત્ર એમ નવ ભેદો છે.**

ઉપશમસમકિત અને ચારિત્ર એ બે પહેલા ઔપશમિકભાવના ભેદો છે.

ઔપશમિકસમકિત દર્શનસપ્તકનો ઉપશમ થવાથી થાય છે અને ચારિત્ર, ચારિત્રમોહનીયનો ઉપશમ થવાથી થાય છે. दंसणनाणाई પદ વડે કેવલદર્શન, કેવલજ્ઞાન સમજવું. દાન, લાભ, ઉપભોગ, પરિભોગ, વીર્યલબ્ધિઓ, ક્ષાયિકસમ્યક્ત્વ, અને ક્ષાયિકચારિત્ર બીજા ક્ષાયિકભાવમાં હોય છે. કેવળજ્ઞાન અને કેવળદર્શન પોત-પોતાના આવરણોનો ક્ષય થવાથી જ થાય છે.

પાંચે પ્રકારના અંતરાયના ક્ષયથી જ ક્ષાયિક દાન વિગેરે પાંચ લબ્ધિઓ ઉત્પન્ન થાય છે.

ક્ષાયિકસમ્યક્ત્વ પણ દર્શનમોહ સપ્તકના ક્ષયથી થાય છે અને ક્ષાયિકચારિત્ર તો ચારિત્રમોહનીયનો ક્ષય થવાથી થાય છે. (૧૨૯૧)

**હવે ક્ષાયોપશમિક ભાવના અઢાર ભેદો કહે છે.**

**चउनाणमणाणतिगं दंसणतिग पंचदाणलद्धीओ ।**
**सम्मतं चारित्तं च संजमासंजमो तइए ॥१२९२॥**

**ચાર જ્ઞાન, ત્રણ અજ્ઞાન, ત્રણ દર્શન, પાંચ દાનાદિલબ્ધિ, સમ્યક્ત્વ, ચારિત્ર અને સંયમાસંયમ ત્રીજામાં.**

મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન-એ ચાર જ્ઞાનો, મતિઅજ્ઞાન, શ્રુતાજ્ઞાન, વિભંગઅજ્ઞાન-એ ત્રણ અજ્ઞાનો, ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન-એ ત્રણ દર્શનો, પાંચ દાન વિગેરેથી ઓળખાતી લબ્ધિઓ જે દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્યલબ્ધિરૂપે છે. સમ્યગ્દર્શન, સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાયરૂપ ચારિત્ર અને દેશવિરતિરૂપ સંયમાસંયમ-એમ અઢાર ભેદો ત્રીજા ક્ષાયોપશમિકભાવમાં હોય છે. તે આ પ્રમાણે થાય છે: ચાર જ્ઞાનો અને ત્રણ અજ્ઞાનો પોત-પોતાના આવરણ કરનારા મતિજ્ઞાન વિગેરે કર્મોના ક્ષયોપશમથી જ થાય છે. દર્શનત્રિક, ચક્ષુદર્શન વિગેરે દર્શનાવરણના ક્ષયોપશમથી થાય છે. દાન વિગેરેમાં પાંચ લબ્ધિઓ અંતરાયકર્મના ક્ષયોપશમથી થાય છે.

**પ્રશ્ન:-** દાનાદિ પાંચ લબ્ધિઓ આગળ ક્ષાયિકભાવમાં કહી છે. અહીં ક્ષાયોપશમિકમાં કહી છે તો વિરોધ કેમ ન થાય?

ઉત્તર:– વિરોધ નથી કારણકે કહેવાનું તાત્પર્ય જાણતા નથી. દાનાદિલબ્ધિઓ બે પ્રકારે છે. ૧. અંતરાયકર્મના ક્ષયથી થનારી અને ૨. અંતરાયકર્મના ક્ષયોપશમથી થનારી. તેમાં જે આગળ કહેલ ક્ષાયિકભાવની છે, તે અંતરાયના ક્ષયથી થયેલી કેવલજ્ઞાનીઓને હોય છે. અહીં જે ક્ષાયોપશમિકી કહી છે તે અંતરાયના ક્ષયોપશમથી છદ્મસ્થોને હોય છે.

સમ્યક્ત્વ દર્શનસપ્તકના ક્ષયોપશમથી થાય છે.

ચારિત્રચતુષ્ક ચારિત્રમોહનીયના ક્ષયોપશમથી થાય છે.

સંયમાસંયમ અપ્રત્યાખ્યાનાવરણ કષાયમોહનીયના ક્ષયોપશમથી થાય છે. (૧૨૯૨)

## હવે ઔદયિકભાવના એકવીસ ભેદો કહે છે.

**चउगइ चउकसाया लिंगतिगं लेसछक्कमन्नाणं ।**
**मिच्छत्तमसिद्धत्तं असंजमो तह चउत्थम्मि ॥१२९३॥**

**ચાર ગતિ, ચાર કષાય, ત્રણ લિંગ, છ લેશ્યા, અજ્ઞાન, મિથ્યાત્વ, અસિદ્ધત્વ, અસંયમ–એ ચોથા ઔદયિકભાવના ભેદો છે.**

ગતિ વિગેરે એકવીશ ભાવો ચોથા ઔદયિકભાવમાં હોય છે. તે આ પ્રમાણે– ચાર નરક વિગેરે ગતિમાં જે નરકગતિ વિગેરે ગતિનામકર્મના ઉદયથી જ જીવમાં પ્રગટે છે. ચાર પ્રકારના ક્રોધ વિગેરે કષાયો પણ કષાયમોહનીયકર્મના ઉદયથી થાય છે. સ્રીવેદ વિગેરેરૂપ ત્રણ લિંગો પણ સ્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ મોહનીયકર્મના ઉદયથી થાય છે. છ લેશ્યાઓ "योग परिणामो लेश्या"એ મતાનુસારે ત્રણ યોગજનક કર્મના ઉદયથી થાય છે. જેમના મતે કષાય નિસ્સ્યંદો લેશ્યા છે. તેમના અનુસારે કષાયમોહનીયકર્મના ઉદયથી છે. જેમના મતે કર્મ નિસ્સ્યંદો લેશ્યા છે તેમના અભિપ્રાયે સંસારિત્વ, અસિદ્ધત્વની જેમ આઠ પ્રકારના કર્મોદયથી છે. વિપરીત બોધરૂપ અજ્ઞાન પણ મતિઅજ્ઞાન વિગેરે જ્ઞાનાવરણ મિથ્યાત્વ મોહનીયકર્મના ઉદયથી છે.

જે આગળ મતિઅજ્ઞાન વિગેરેને ક્ષાયોપશમિકપણું કહ્યું છે, તે ફક્ત વસ્તુની જાણકારીની અપેક્ષાએ છે. બધીયે વસ્તુમાત્રની જાણકારી ભલે વિપરીત હોયકે અવિપરીત હોય પણ જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમથી જ થાય છે. તે જાણકારીનું જે વિપરીતપણારૂપ અજ્ઞાનપણું છે, તે જ્ઞાનાવરણ અને મિથ્યાત્વમોહનીયકર્મના ઉદયથી જ થાય છે. આથી એક જ અજ્ઞાનના ક્ષાયોપશમિક અને ઔદયિકભાવમાં વિરોધ થતો નથી. એ પ્રમાણે બીજા સ્થળોએ પણ વિરોધ દૂર કરવો.

મિથ્યાત્વ–મિથ્યાત્વમોહનીયના ઉદયથી થાય છે. આઠ કર્મોના ઉદયથી અસિદ્ધપણું છે. અસંયમ એટલે અવિરતપણું અપ્રત્યાખ્યાનાવરણ કષાયોના ઉદયથી થાય છે.

**પ્રશ્ન :–** નિદ્રાપંચક, અશાતા વિગેરે વેદનીય હાસ્ય, રતિ, અરતિ વિગેરે બીજા પણ ઘણા ઘણા ભાવો કર્મના ઉદયથી થનારા છે. તો પછી આટલા જ કેમ બતાવ્યા?

**ઉત્તર :–** સાચી વાત છે. આ ભાવો ઉપલક્ષણ માત્રથી છે. આના બીજા પણ સંભવી શકતા ભેદો જાણી લેવા. (૧૨૯૩)

**હવે પારિણામિક ભાવના ત્રણ ભેદો કહે છે.**

**पंचमगंमि य भावे जीवा भव्वत्त भव्वया चेव ।**
**पंचण्हवि भावाणं भेया एमेव तेवन्ना ॥१२९४॥**

**પાંચમા ભાવમાં જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વ ભેદો છે. પાંચે ભાવોના આ પ્રમાણે તેપ્પન (૫૩) ભેદો થાય છે.**

પાંચમા પારિણામિકભાવમાં ૧. જીવત્વ, ૨. ભવ્યત્વ, ૩. અભવ્યત્વ અનાદિ પારિણામિકભાવ છે. એના ઉપલક્ષણથી જે ઘી, ગોળ, પૌંઆ (તંદુલ), દારૂ (આસવ), ઘડા વિગેરેની નવી-જુની વિગેરે અવસ્થા વિશેષો, વર્ષધર પર્વત, ભવન, વિમાન, કૂટો, રત્નપ્રભા પૃથ્વી વિગેરેના પુદ્ગલો એકઠા થવા, છૂટા પડવા વિગેરે અવસ્થા વિશેષો અંધર્વનગરો, કપિ એટલે વાંદરાનું હસવું, ઉલ્કાપાત એટલે ધુમકેતુ, વાદળાની ગર્જના, મહિકા એટલે ઝાકળ, દિગ્દાહ-વીજળી, ચંદ્રપરિવેષ, સૂર્યપરિવેષ, ચંદ્રગ્રહણ, સૂર્યગ્રહણ, ઈન્દ્રધનુષ વિગેરે સર્વે આદિ પારિણામિકભાવ છે.

લોકસ્થિતિ, અલોકસ્થિતિ, ધર્માસ્તિકાયપણા વિગેરેરૂપ અનાદિ પારિણામિકભાવ છે. આ પ્રમાણે દરેક ભાવના ભેદો કહ્યા. હવે આ ભેદોની કુલ્લે સંખ્યા કહે છે.

ઉપરોક્ત ઔપશમિક વિગેરે ભાવોના ભેદોને એકત્રિત કરતા ત્રેપન (૫૩)ની સંખ્યા થાય છે. ૨+૯+૧૮+૨૧+૩=૫૩ આ પ્રમાણે સરવાળો કરતાં થાય છે. છઠ્ઠો સાન્નિપાતિકભાવ આ જ ભાવોને બે-ત્રણ વિગેરેની સંખ્યા મેળવતા થાય છે. સંખ્યારૂપે સંયોગ કરતાં થાય છે. તેથી આગમમાં કહેલ ક્રમાનુસારે ઔદયિક, ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક અને પારિણામિકરૂપ પાંચ ભાવો-પદોના સામાન્ય છવ્વીસ ભાંગાઓ ઉત્પન્ન થાય છે. તે આ પ્રમાણે બેના સંયોગે દસ, ત્રણના સંયોગે દસ, ચારના સંયોગે પાંચ અને પાંચના સંયોગે એક-એમ કુલ્લે ૧૦+૧૦+૫+૧=૨૬ ભાંગા થાય છે.

**બે ના સંયોગે દસ ભાંગા :–**

૧. ઔદયિક ઔપશમિક, ૨. ઔદયિક ક્ષાયિક, ૩. ઔદયિક ક્ષાયોપશમિક, ૪. ઔદયિક પારિણામિક, ૫. ઔપશમિક ક્ષાયિક, ૬. ઔપશમિક ક્ષાયોપશમિક, ૭. ઔપશમિક પારિણામિક, ૮. ક્ષાયિક ક્ષાયોપશમિક, ૯. ક્ષાયિક પારિણામિક, ૧૦. ક્ષાયોપશમિક પારિણામિક.

**ત્રણના સંયોગે દસ ભાંગા :–**

૧. ઔદયિક ઔપશમિક ક્ષાયિક, ૨. ઔદયિક ઔપશમિક ક્ષાયોપશમિક, ૩. ઔદયિક ઔપશમિક પારિણામિક, ૪. ઔદયિક ક્ષાયિક ક્ષાયોપશમિક, ૫. ઔદયિક ક્ષાયિક પારિણામિક, ૬. ઔદયિક ક્ષાયોપશમિક પારિણામિક, ૭. ઔપશમિક ક્ષાયિક પારિણામિક, ૮. ઔપશમિક ક્ષાયિક ક્ષાયોપશમિક, ૯. ઔપશમિક ક્ષાયોપશમિક-પારિણામિક- ૧૦. ક્ષાયોપશમિક ક્ષાયિક પારિણામિક.

**ચારના સંયોગે પાંચ ભાંગા :–**

૧. ઔદયિક ઔપશમિક ક્ષાયિક ક્ષાયોપશમિક, ૨. ઔદયિક ઔપશમિક ક્ષાયિક પારિણામિક, ૩. ઔદયિક ઔપશમિક ક્ષાયોપશમિક પારિણામિક, ૪. ઔદયિક ક્ષાયિક ક્ષાયોપશમિક-પારિણામિક, ૫. ઔપશમિક ક્ષાયિક ક્ષાયોપશમિક પારિણામિક.

**પાંચના સંયોગે થતો એક ભાંગો.**

ઔપશમિક–ક્ષાયિક–ક્ષાયોપશમિક–ઔદયિક–પારિણામિક.

આ છવ્વીસ ભાંગાઓ ભંગરચનાને આશ્રયી બતાવ્યા છે. એમ જાણવું બાકી આમાંથી સંભવી શકે, ઘટી શકે એવા વાસ્તવિક તો છ ભાંગા જ છે. તે આ પ્રમાણે ૧. એકદ્વિક સંયોગી નવમો ભાંગો, ત્રીક સંયોગી પાંચમો છઠ્ઠો એમ બે ભાંગા, ચતુઃસંયોગી બે ભાંગા, ત્રીજો–ચોથો અને પાંચમો સંયોગી એક ભાંગો એમ છ ભાંગા થયા. (૧૨૯૪)

**આ ભાંગાઓ અવાંતર ભેદો વડે પંદર થાય છે તેને કહે છે.**

**ओदयिय खओवसमिय परिणामेहिं चउरो गइचउके ।**
**खइयजुएहिं चउरो तदभावे उवसमजुएहिं ॥१२९५॥**
**एक्केको उवसमसेढी सिद्धकेवलिसु एवमविरूद्धा ।**
**पन्नरस सन्निवाइय मेया वीसं असंभविणो ॥१२९६॥**

**ચાર ગતિના હિસાબે ઔદયિક, ક્ષાયોપશમિક, પારિણામિકના ચાર ભાંગા, ક્ષાયિક સાથે પણ ચાર ભાંગા અને ક્ષાયિક વગર ઉપશમ–ઔપશમિક સાથે પણ ચાર ભાંગા, ઉપશમશ્રેણીમાં એક ભાંગો, સિદ્ધાવસ્થામાં એક ભાંગો, કેવલિપણામાં એક ભાંગો અવિરુદ્ધ છે. આ પ્રમાણે પંદર સાન્નિપાતિક ભેદો થયા. બાકીના વીસ અસંભવિત ભેદો છે.**

ઔદયિક, ક્ષાયોપશમિક, પારિણામિક ભાવવડે બનેલ સાન્નિપાતિક ભાવના નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિરૂપ ચારગતિ અનુસારે વિચારતાં ચાર ભેદો થાય છે. આનો ભાવ એ છે કે, ઔદયિક, ક્ષાયોપશમિક અને પારિણામિકરૂપ ત્રિક સંયોગી ભાંગો. ચાર ગતિના ભેદે ચાર પ્રકારે થાય છે. તે આ પ્રમાણે: નરકગતિમાં જે ઔદયિક છે તે નારકત્વરૂપે છે. ઈન્દ્રિય વિગેરે ક્ષાયોપશમિકીભાવે છે. જીવત્વ વિગેરે પારિણામિકભાવે છે.

તિર્યંચગતિ ઔદયિકભાવ તિર્યંચયોનિરૂપે છે. ક્ષાયોપશમિકભાવે ઈન્દ્રિય વિગેરે અને પારિણામિકભાવે જીવત્વ વિગેરે છે. એ પ્રમાણે મનુષ્ય તથા દેવગતિની વિચારણા કરવી.

આ જ ઔદયિક વિગેરે ત્રણની સાથે ક્ષાયિક ભેળવતા બનેલ સન્નિપાતિક ભાવના ચાર ભેદો થાય. આનો ભાવ આ પ્રમાણે છે. આ જ ત્રણ ભાવોમાં જ્યારે ચોથો ક્ષાયિક ભાવ ઉમેરીએ ત્યારે ચતુઃસંયોગી ભાંગો થાય છે તે આ પ્રમાણે બોલવો. ઔદયિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, પારિણામિક આ પણ ગતિભેદે ચાર પ્રકારે છે. તે આ પ્રમાણે ઔદયિકી, નરકગતિ, ક્ષાયિક સમકિત, ઈન્દ્રિય વિગેરે ક્ષાયોપશમિક અને જીવત્વ વિગેરે પારિણામિકભાવ એ પ્રમાણે તિર્યંચગતિ, મનુષ્યગતિ અને દેવગતિમાં પણ જાણવું.

ચતુઃસંયોગીમાં બીજી રીતે પણ ચાર ભાંગા થાય છે તે કહે છે. આગળ ઉમેરેલ ક્ષાયિકભાવ વગર અને ઔપશમિકભાવ યુક્ત કરતા ઔદયિક વિગેરે વડે ચાર ભેદો થાય છે. આનો ભાવ એ છે કે, જ્યારે ક્ષાયિકભાવની જગ્યાએ ઔપશમિકભાવ ઉમેરવામાં આવે ત્યારે પણ ચતુઃસંયોગી ભાંગો થાય છે. તે આ પ્રમાણે બોલાય છે. ઔદયિક ઔપશમિક, ક્ષાયોપશમિક પારિણામિક. આ ભાંગો પણ ગતિના ભેદાનુસારે આગળની જેમ ચાર પ્રકારે વિચારવો પરંતુ અહીં સમ્યક્ત્વ ઔપશમિક જાણવું.

એક સંખ્યાવાળો સાન્નિપાતિક ભેદ ઉપશમશ્રેણીમાં સિદ્ધપણામાં અને કેવલિપણામાં હોય છે. તેમાં ઔદયિક, ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક અને પારિણામિક-એ પાંચ સંયોગીનો એક ભાંગો છે. તે ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ જ્યારે ઉપશમશ્રેણીનો સ્વીકાર કરે, ત્યારે તેને હોય છે. તે આ પ્રમાણે ઔદયિકભાવે મનુષ્યપણું વિગેરે. ઔપશમિકભાવે ચારિત્ર, ક્ષાયિકભાવે સમકિત, ક્ષાયોપશમિકભાવે ઈન્દ્રિય વિગેરે. પારિણામિકભાવે જીવત્વ વિગેરે.

સિદ્ધોમાં દ્વિકસંયોગી એક સાન્નિપાતિક ભાંગો છે, તે આ પ્રમાણે—ક્ષાયિક અને પારિણામિક, એમાં કેવળજ્ઞાન, સમ્યક્ત્વ વિગેરે ક્ષાયિકભાવે છે. જીવત્વ પારિણામિકભાવે છે.

કેવળીઓને ત્રિકસંયોગી એક સાન્નિપાતિકભેદ છે. તે આ પ્રમાણે—ઔદયિક, ક્ષાયિક અને પારિણામિક. મનુષ્યત્વ વિગેરે ઔદયિકભાવે છે. કેવળજ્ઞાન વિગેરે ક્ષાયિકભાવે છે. જીવત્વ, ભવ્યત્વ વિગેરે પારિણામિકભાવે છે. આ પ્રમાણે ગતિ વિગેરેમાં છ સંયોગભાંગા વિચારતા અવિરુદ્ધ છે. પરસ્પર વિરોધ ન હોવાથી સંભવતા પંદર સાન્નિપાતિક ભેદો છ ભાવના ભાંગા થાય છે. વીસ અસંભવીત ભાંગાઓ ફક્ત સંયોગોના ભાંગારૂપ જ માત્ર છે. પણ જીવોમાં ક્યારે પણ હોતા નથી. (૧૨૯૫-૧૨૯૬)

**હવે આ છ જ ભાંગા જે જીવોમાં સંભવે તે કહે છે.**

**दुगजोगो सिद्धाणं केवलि संसारियाण तियजोगो ।**
**चउजोगजुअं चउसुवि गईसु मणुयाण पण जोगो ॥१२९७॥**

मोहस्सेवोवसमो खाओवसमो चउण्ह घाईणं ।
उदयक्खय परिणामा अट्ठण्हवि हुंति कम्माणं ॥१२९८॥

**દ્વિકસંયોગી ભાંગા સિદ્ધોને, કેવલિઓને તથા સંસારીજીવોને ત્રિક-સંયોગી, ચતુઃસંયોગી ચારે ગતિઓમાં છે. મનુષ્યોને પંચસંયોગી ભાંગો છે. ઉપશમભાવ મોહનો જ હોય છે. ક્ષયોપશમ ચાર ઘાતિકર્મનો હોય છે. ઔદયિક અને ક્ષાયિક-પારિણામિકભાવ આઠે કર્મનો હોય છે.**

દ્વિકસંયોગી દસ ભાંગાઓમાંથી ક્ષાયિક, પારિણામિક બે ભાવવડે બનેલ નવમો દ્વિસંયોગીભાંગો સિદ્ધોને હોય છે. બાકીના નવ ભાંગા ફક્ત પ્રરૂપણારૂપે છે. બીજા જીવોને તો ઔદયિકીગતિ, ક્ષાયોપશમિકી ઈન્દ્રિયો અને પારિણામિક જીવત્વ-એ ત્રણ ભાવ જઘન્યથી પણ પ્રાપ્ત થાય છે. તથા કેવલિઓને અને સંસારીઓને ત્રિકસંયોગી ભાંગો હોય છે. ત્રિકસંયોગી દસ ભાંગાઓમાંથી કેવલિઓને ઔદયિક, ક્ષાયિક અને પારિણામિક એ ત્રણ ભાવવડે બનેલ પાંચમો ભાંગો હોય છે. ઔપશમિકભાવ મોહને આશ્રયીને હોવાથી તે મોહનીયકર્મનો ક્ષય થયેલો હોવાથી કેવલિઓને સંભવતો નથી. અને ઈન્દ્રિય વિગેરેનો અભાવ હોવાથી ક્ષાયોપશમિકભાવ હોતો નથી. કહ્યું છે કે,

"अतीन्द्रियाः केवलिनः" કેવલિઓ ઈન્દ્રિયોથી પર હોય છે. સંસારી જીવોને એટલે ચાર ગતિના જીવોને ઔદયિક, ક્ષાયોપશમિક, પારિણામિક-એ ત્રણ ભાવવડે બનેલ છઠ્ઠો ત્રિકસંયોગી ભાંગો હોય છે. બાકીના આઠ ફક્ત પ્રરૂપણારૂપે જ છે. કારણ કે કોઈપણ જગ્યાએ હોતા નથી.

ચતુઃસંયોગી પાંચ ભાંગાઓમાંથી ચાર સંયોગી બે ભાંગા ચારે ગતિઓમાં હોય છે. તે આ પ્રમાણે-ઔપશમિક સમ્યગ્દૃષ્ટિવાળાને ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક અને પારિણામિક-એ પ્રમાણેનો ચતુઃસંયોગી ત્રીજો ભાંગો ઘટે છે અને ક્ષાયિક સમ્યગ્-દૃષ્ટિને તો ઔદયિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, પારિણામિક-એ સ્વરૂપ ચોથો ભાંગો ચારે ગતિમાં હોય છે. તથા મનુષ્યોને પૂર્વોક્ત પંચસંયોગી જે પાંચ ભાવ બનેલ છે તે હોય છે. આ ભાંગો જે ક્ષાયિકસમ્યક્ત્વ યુક્ત ઉપશમશ્રેણી સ્વીકારે છે તેમને જ હોય છે, પણ બીજાને હોતો નથી. કારણ કે એક સાથે પાંચે ભાવો તેમને જ સંભવે છે. જીવોને આશ્રયી બધાયે ભાવો કહ્યા.

હવે કયો ભાવ કયા કર્મને આશ્રયી થાય છે તેનું નિરૂપણ કરે છે. આઠ કર્મોમાંથી ફક્ત મોહનીયનો જ ઉપશમ થાય છે. કારણ કે એનો જ પ્રદેશોદય તથા વિપાકોદયરૂપ બંને ઉદય રોકી-અવરોધી શકાય છે. બીજા કર્મોનો નહીં. અહીં ઉપશમરૂપે સર્વ-ઉપશમની વિવક્ષા છે, દેશઉપશમની નહિ. તે દેશઉપશમ સર્વકર્મોનો હોય છે.

ઉદયઆવલિકામાં પ્રવેશેલકર્મો–અંશોનો ક્ષય કરવાવડે અનુદય આવલિકામાં પ્રવેશેલ–રહેલ અંશોનો ઉપશમ કરવાવડે વિપાકોદયને રોકવારૂપ થયેલ ભાવ ક્ષાયોપશમિક છે. તે જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય, અંતરાયરૂપ–ચાર ઘાતિકર્મોનો હોય છે. બીજા કર્મોનો ક્ષયોપશમભાવ નથી. ચાર ઘાતિકર્મમાં પણ કેવલજ્ઞાનાવરણ અને કેવલદર્શનાવરણ વગર ક્ષયોપશમ બીજી પ્રકૃતિઓનો જાણવો. કેમકે આ બે પ્રકૃતિઓનો વિપાકોદયનો અટકાવ–અવરોધ હોતો નથી માટે ક્ષયોપશમ હોતો નથી. ઔદયિક, ક્ષાયિક અને પારિણામિકભાવ આઠે કર્મોનો હોય છે. અહીં ઉદય એટલે વિપાકનો અનુભવ કરવો તે ઉદય કહેવાય છે. તે ઉદયભાવ બધાયે સંસારીજીવોને આઠે કર્મોનો જોવામાં આવે છે.

ક્ષય એટલે કર્મોનો અત્યંત ઉચ્છેદ એટલે મૂળથી નાશ કરવો તે ક્ષય, મોહનીયકર્મનો સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકના છેલ્લા સમયે હોય છે. બાકીના ત્રણ ઘાતિકર્મોનો ક્ષીણકષાય (મોહ) ગુણઠાણે હોય છે. અઘાતિકર્મોનો અયોગીકેવલિ ગુણઠાણે હોય છે. પરિણમવું તે પરિણામ. જીવના પ્રદેશો સાથે એકમેક થવારૂપે મિશ્રીત થવું તે અથવા તેને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને અધ્યવસાયની અપેક્ષાએ તેવા–તેવા સંક્રમ વિગેરે ભાવરૂપે જે પરિણમવું તે પરિણામ. આનો અહીં આ પ્રમાણે તાત્પર્યાર્થ છે.

મોહનીયકર્મના ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદાયિક, પારિણામિકરૂપે પાંચે ભાવ હોય છે. જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાયકર્મ, ઔપશમિકભાવ વગર ચાર ભાવો હોય છે, નામ, ગોત્ર, વેદનીય અને આયુષ્યકર્મના ક્ષાયિક, ઔદયિક, પારિણામિકરૂપે ત્રણ ભાવો હોય છે. (૧૨૯૭–૧૨૯૮)

## હવે પાંચ ભાવો ગુણઠાણામાં વિચારે છે.

**सम्माइचउसु तिग चउ भावा चउ पणुवसाम गुवसंते ।**
**चउ खीणऽपुव्वे तिन्नि सेस गुणठाण गेगजिए ॥१२९९॥**

**સમકિત વિગેરે ચારમાં ત્રણ અથવા ચાર ભાવ હોય છે. ચાર અથવા પાંચ ભાવ ઉપશામક અને ઉપશાંતને હોય છે. ચાર ક્ષીણમોહ અને અપૂર્વકરણે હોય છે. બાકીના ગુણઠાણે ત્રણ ભાવો એકજીવ આશ્રયી હોય છે.**

અવિરતસમ્યગ્દષ્ટિ, દેશવિરત, પ્રમત્ત, અપ્રમત્ત એ ચાર ગુણઠાણે ત્રણ અથવા ચાર ભાવો હોય છે. તેમાં ક્ષાયોપશમિકસમ્યગ્દષ્ટિને ચારે ગુણસ્થાનકોમાં ત્રણ ભાવો હોય છે. તે આ પ્રમાણે–યથાયોગ્યઔદયિકીગતિ, ક્ષાયોપશમિક, ઈન્દ્રિયસમ્યક્ત્વ વિગેરે. પારિણામિક, જીવત્વ, ક્ષાયિકસમ્યગ્દષ્ટિ અને ઔપશમિકસમ્યગ્દષ્ટિને ચાર ભાવો હોય છે. એમાં ત્રણ ભાવો ઉપરોક્ત જ છે અને ચોથો ભાવ ક્ષાયિકસમકિતીને ક્ષાયિક સમ્યક્ત્વરૂપે છે અને ઉપશમસમકિતીને ઔપશમિકસમ્યક્ત્વરૂપ ચોથો ભાવ છે.

ચાર અથવા પાંચ ભાવો ઉપશમક અને ઉપશાંત ગુણઠાણે હોય છે. એનો ભાવ આ પ્રમાણે છે–અનિવૃત્તિબાદર અને સૂક્ષ્મસંપરાય એ બે ગુણઠાણે રહેલા જીવો ઉપશમક કહેવાય છે. અને ઉપશાંતમોહ ગુણઠાણે રહેલ ઉપશાંત કહેવાય છે. એમાં અનિવૃત્તિબાદર અને સૂક્ષ્મસંપરાય ગુણઠાણામાં આગળની જેમ ચાર ભાવો છે. ઉપશાંતમોહમાં ચોથો ભાવ ઔપશમિકસમ્યક્ત્વ અને ચારિત્રરૂપ છે. ત્રણે ગુણઠાણે પાંચમો ભાવ દર્શનસપ્તકનો ક્ષય કર્યા પછી ક્ષાયિકસમકિતિને ઉપશમશ્રેણી સ્વીકારનારને હોય છે. કેમકે તેમાં ક્ષાયિકસમ્યક્ત્વ અને ઔપશમિકચારિત્ર હોય છે. ક્ષીણમોહ ગુણઠાણે તથા અપૂર્વકરણ ગુણઠાણે ચાર ભાવો હોય છે. તેમાં ત્રણ ભાવો આગળની જેમ સમજવા.

ચોથો ભાવ ક્ષીણમોહમાં ક્ષાયિક સમકિત અને ચારિત્રરૂપે છે અને અપૂર્વકરણમાં ક્ષાયિકસમ્યક્ત્વરૂપ અથવા ઔપશમિક સમકિતરૂપે છે. બાકીના ગુણસ્થાનકોમાં ત્રણ ભાવો હોય છે. મિથ્યાદૃષ્ટિ, સાસ્વાદન, મિશ્ર, સયોગીકેવલિ, અયોગીકેવલિરૂપ–પાંચ ગુણઠાણામાં ત્રણ ભાવો છે તે આ પ્રમાણે–મિથ્યાદૃષ્ટિ વિગેરે ત્રણ ગુણઠાણામાં ઔદયિક, ક્ષાયોપશમિક અને પારિણામિક એમ ત્રણ ભાવો છે. સયોગીકેવલી અને અયોગીકેવલીને ઔદયિક, ક્ષાયિક અને પારિણામિક–એમ ત્રણ ભાવો છે.

**પ્રશ્ન** :– ત્રણ વિગેરે જે ભાવો ગુણસ્થાનકોમાં વિચારાય તે સર્વ જીવાશ્રયી વિચારાય છે કે એક જીવાશ્રયી વિચારાય છે ?

**ઉત્તર** :– એક જીવાશ્રયી આ ભાવોની વિચારણા જાણવી, અનેક જીવોની અપેક્ષાએ સંભવિત બધાયે ભાવો હોય છે. (૧૨૯૯)

## ૨૨૨. ચૌદ પ્રકારે જીવો.

**इह सुहुमबायरेगिंदियबितिचउ असन्नि सन्नि पंचिंदि ।**
**पज्जत्तापज्जत्ता कमेण चउदस जियट्ठाणा ॥१३००॥**

**૧. સૂક્ષ્મ, ૨. બાદર એકેન્દ્રિય, ૩. બેઇન્દ્રિય, ૪. તેઇન્દ્રિય, ૫. ચૌરેન્દ્રિય, ૬. સંજ્ઞી અને ૭. અસંજ્ઞિપંચેન્દ્રિય. આ બધા અનુક્રમે પર્યાપ્ત અને અપર્યાપ્ત ગણતા ચૌદ જીવ સ્થાનકો થાય છે.**

આ જગત અથવા પ્રવચનમાં આ ક્રમાનુસારે ચૌદ જીવસ્થાનકો થાય છે. તે તે પ્રકારના કર્મોની પરતંત્રતાના કારણે જીવો જ્યાં–જ્યાં ઊભા રહે છે તે સ્થાનો કહેવાય. તે સ્થાનો સૂક્ષ્મપર્યાપ્ત એકેન્દ્રિયત્વ વિગેરે ભેદો રૂપે છે. જીવોના જે સ્થાનો તે

જીવસ્થાનો. તે જીવસ્થાનો આ ક્રમ પ્રમાણે છે. ૧. સૂક્ષ્મ એકેન્દ્રિય, ૨. બાદર એકેન્દ્રિય, એમ બે પ્રકારે એકેન્દ્રિયો, ૩. બેઇન્દ્રિય, ૪. તેઇન્દ્રિય, ૫. ચૌરેન્દ્રિય, (એમ ત્રણ પ્રકારે વિકલેન્દ્રિય.) ૬. અસંજ્ઞિ પંચેન્દ્રિય. ૭. સંજ્ઞિ પંચેન્દ્રિય–એમ બે પ્રકારે પંચેન્દ્રિયો છે, બધા મળીને સાત થયા. આ સાત સૂક્ષ્મ એકેન્દ્રિય વિગેરે દરેકના પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ–બે–બે ભેદો જાણવા....

અહીં એટલું વિશેષ છે કે અપર્યાપ્તાઓ લબ્ધિ અને કરણ એમ બે પ્રકારે છે. તેમાં જે અપર્યાપ્તા જ મરે છે. અને પોતાને યોગ્ય પર્યાપ્તિઓ પૂરી કરતા નથી તે લબ્ધિઅપર્યાપ્તા. જેઓ પોતાને કરવા યોગ્ય પર્યાપ્તિઓ જ્યાં સુધી પૂરી ન કરે પરંતુ ભવિષ્યમાં જરૂર પર્યાપ્તિઓ પૂરી કરનાર હોય, ત્યાં સુધી તે કરણઅપર્યાપ્ત કહેવાય છે. આગમમાં પણ આ પ્રમાણે કહ્યું છે કે–

"લબ્ધિ અપર્યાપ્તાઓ પણ નિયમા આહાર, શરીર, ઇન્દ્રિય, પર્યાપ્તિ પૂરી કર્યા પછી જ મરે છે, પહેલા નહીં. જેથી આગામીભવનું આયુષ્ય બાંધીને જ બધા જીવો મરે છે. તે આહાર, શરીર, ઇન્દ્રિય પર્યાપ્તિએ પર્યાપ્તાઓને જ બંધાય છે." (૧૩૦૦)

## ૨૨૩. અજીવના ચૌદ ભેદ.

**धम्मा १ ऽधम्मा २ ऽऽगासा ३ तियतियभेया तहेव अद्धाय १० ।**
**खंधा ११ देस १२ पएसा १३ परमाणु १४ अजीव चउदसहा ॥१३०१॥**

**ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાયના ત્રણ–ત્રણ ભેદો છે તથા કાળનો એક ભેદ અને પુદ્ગલાસ્તિકાયના સ્કંધ, દેશ, પ્રદેશ, પરમાણુ એમ ચાર પ્રકાર મળીને અજીવના ચૌદ પ્રકાર છે.**

અજીવ રૂપી અને અરૂપી–એમ બે પ્રકારે છે. જેને રૂપ હોય તે રૂપી. રૂપના ઉપલક્ષણથી ગંધ, વર્ણ, રસ, સ્પર્શ આકાર વિગેરે સમજવું. કારણ કે ગંધ વિગેરે વગર રૂપ હોતું નથી અથવા રૂપ એટલે સ્પર્શરૂપ વિગેરે વડે સંમૂર્ચ્છિતરૂપ–ઉત્પન્ન થયેલ આકાર તે રૂપ. તે રૂપ જેને હોય તે રૂપી પુદ્ગલો કહેવાય છે કારણ કે તેજ રૂપવાન છે.

રૂપ વગરના હોય તે અરૂપી, તે ધર્માસ્તિકાય વિગેરે છે. એમાં રૂપી ચાર પ્રકારે છે અને અરૂપી દશ પ્રકારે છે. ઘણો વિષય હોવાથી પહેલાં અરૂપી કહે છે.

જેનું સ્વરૂપ આગળ કહેલ છે એવા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય એ દરેકના ત્રણ–ત્રણ ભેદો છે. તે આ પ્રમાણે ૧. ધર્માસ્તિકાય દ્રવ્ય. ૨. ધર્માસ્તિકાય દેશ, ૩. ધર્માસ્તિકાય પ્રદેશ.

ધર્માસ્તિકાયરૂપ સંપૂર્ણ દેશ–પ્રદેશ રૂપ વિભાગ વગર ધર્મમય સમાન પરિણામવાળું જે અવયવી દ્રવ્ય તે ધર્માસ્તિકાયદ્રવ્ય. તથા તેજ ધર્માસ્તિકાયદ્રવ્યના જ દેશો એટલે બુદ્ધિ કલ્પનાનુંસાર બે વિગેરે પ્રદેશરૂપ જે વિભાગો, તે ધર્માસ્તિકાય દેશો

કહેવાય. ધર્માસ્તિકાયદ્રવ્યના જ પ્રકૃષ્ટ દેશ એટલે જેના વિભાગો ન પડી શકે એવો અતિ સૂક્ષ્મ ભાગ તે પ્રદેશ. તે પ્રદેશો અસંખ્યાતા છે કારણ કે તે લોકાકાશના પ્રદેશ પ્રમાણ છે એ પ્રમાણે અધર્માસ્તિકાય તથા આકાશાસ્તિકાયના પણ ત્રણ-ત્રણ ભેદો કહેવા. પરંતુ આકાશાસ્તિકાયના પ્રદેશો અનંતા જાણવા.કારણ કે લોક અનંત છે. દશમો અદ્ધાકાલ છે. આ અદ્ધાકાલ વાસ્તવિકપણે વર્તમાન એક સમયરૂપે જ હોવાથી દેશ-પ્રદેશથી કલ્પના વગરનું દ્રવ્ય છે.

સ્કંધ, દેશ. પ્રદેશ અને પરમાણુ-એમ ચાર પ્રકારે રૂપી અજીવ છે. स्कंदन्ति એટલે સુકાય છે. અને धीयन्ते એટલે પોષાય છે. જે દ્રવ્ય છૂટા પડવા વડે તથા ભેગા થવા વડે સુકાય છે અને પોષાય છે. તે સ્કંધ કહેવાય છે.જે સ્કંધો અનંતા અનંત પરમાણુના જથ્થારૂપે છે. જે ચર્મચક્ષુ વડે જોઈ શકાય એવા ઘડા થાંભલા વિગેરે રૂપે છે. ચર્મચક્ષુ વડે જોઇ ન શકાય અચિત મહાસ્કંધો વિગેરે પણ રૂપીદ્રવ્ય છે. પુદ્ગલ સ્કંધોનું અનંતાપણું જણાવવા માટે અહીં બહુવચન કહ્યું છે. સ્કંધત્વના પરિણામને છોડ્યા વગર બુદ્ધિની કલ્પનાનુસાર સ્કંધોના જ બે વિગેરે પ્રદેશો રૂપ જે વિભાગો તે દેશો કહેવાય છે. અહીં બહુવચન કહ્યું છે કારણ કે, અનંત પ્રદેશોવાળા તેવા પ્રકારના સ્કંધોમાં અનંતદેશો સંભવે છે. સ્કંધત્વરૂપ પરિણામે પરિણમેલ સ્કંધોના બુદ્ધિ કલ્પનાનુસારે અતિસૂક્ષ્મ દેશ જે વિભાગ વગરના ભાગો રૂપે છે. અનંતા પ્રદેશો હોવાથી અહીં પણ બહુવચન કહ્યું છે. પરમ જે અણુઓ તે પરમાણુ ભાગ વગરના દ્રવ્યરૂપે છે.

**પ્રશ્ન :**– પ્રદેશ અને પરમાણુમાં શું ફરક છે ? કારણ કે બંને ભાગ વગરના છે.

**ઉત્તર :**– સ્કંધની સાથે જોડાયેલ ભાગ વગરના જે અણુ હોય તે પ્રદેશ અને જેઓ સ્કંધપણાના પરિણામ રહિત એટલે જે સ્કંધથી છૂટા પડેલા એકલા જ આલોકમાં રહેલા હોય તે પરમાણુ કહેવાય. આ પ્રમાણે જીવ સિવાયના અજીવો ચૌદ પ્રકારે છે. (૧૩૦૧)

## ૨૨૪. ચૌદ ગુણસ્થાનક

**मिच्छे १ शासण २ मिस्से ३ अविरय ४ देसे ५ पमत्त ६ अपमत्ते ७ ।**
**नियट्टि ८ अनियट्टि ९ सुहुमु १० वसम ११,**
**खीण १२ सजोगि १३ अजोगि १४ गुणा ॥१३०२॥**

૧. મિથ્યાત્વ, ૨. સાસ્વાદન, ૩. મિશ્ર, ૪, અવિરત, ૫. દેશવિરતિ, ૬. પ્રમત્ત, ૭. અપ્રમત્ત, ૮. નિવૃત્તિ, ૯. અનિવૃત્તિ બાદર સંપરાય, ૧૦. સૂક્ષ્મસંપરાય, ૧૧. ઉપશમમોહ, ૧૨. ક્ષીણમોહ, ૧૩. સયોગી, ૧૪. અયોગી. એ ચૌદ ગુણઠાણા છે.

૧૪ ગુણસ્થાન



સિધ્ધભગવાન
સિદ્ધ શિલા
૧૪ અયોગી કેવલી ગુ.
૧૩ સયોગી કેવલી ગુ.
૧૨ ક્ષીણ મોહ ગુ.
૧૧ ઉપશાન્ત મોહ ગુ.
૧૦ સૂક્ષ્મ સંપરાય ગુ.
૯ અનિવૃત્તિકરણ અથવા બાદરસંપરાય
૮ અપૂર્વકરણ (નિવૃત્તિકરણ)
૭ અપ્રમત્ત સર્વવિરતિ
૬ પ્રમત્ત સર્વવિરતિ
૫ દેશ વિરતિ ગુ.
૪ અવિરત સમ્યગ્ દૃષ્ટિ ગુ.
૩ મિશ્ર ગુણસ્થાન
૨ સાસ્વાદન ગુણસ્થાન
૧ મિથ્યાત્વ ગુણસ્થાન

"સૂચનાત્ સૂત્રમ્" સૂત્ર સૂચન કરનાર હોય છે. એ ન્યાયે પદના એક ભાગ વડે પણ આખા પદનો બોધ થાય છે એ અનુસારે અહીં પણ ગુણઠાણાનો નિર્દેશ જાણવો, તે આ પ્રમાણે ૧. મિથ્યાદષ્ટિ ગુણસ્થાનક, ૨. સાસ્વાદનસમ્યગ્દષ્ટિ ગુણસ્થાનક ૩. સમ્યક્‌મિથ્યાદષ્ટિ (મિશ્ર) ગુણસ્થાનક, ૪. અવિરતસમ્યગ્દષ્ટિ ગુણસ્થાનક, ૫. દેશવિરતિ ગુણસ્થાનક, ૬. પ્રમત્તસંયત ગુણસ્થાનક, ૭. અપ્રમત્ત ગુણસ્થાનક, ૮. અપૂર્વકરણ ગુણસ્થાનક, ૯. અનિવૃત્તિબાદરસંપરાય ગુણસ્થાનક, ૧૦. સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક, ૧૧. ઉપશાંતકષાય વીતરાગ છદ્મસ્થ ગુણસ્થાનક, ૧૨. ક્ષીણકષાય વીતરાગ છદ્મસ્થ ગુણસ્થાનક, ૧૩. સયોગીકેવલી ગુણસ્થાનક, ૧૪. અયોગીકેવલિ ગુણસ્થાનક. આ પ્રમાણે આ ચૌદ ગુણઠાણા છે.

**૧. મિથ્યાત્વ ગુણસ્થાનક :-**

૧. મિથ્યા એટલે વિપરીત. દષ્ટિ એટલે અરિહંતે પ્રરૂપેલ તત્ત્વનો સ્વીકાર. જેને વિપરીતપણે અરિહંતે પ્રરૂપેલ તત્ત્વનો સ્વીકાર કર્યો હોય છે, તે મિથ્યાદષ્ટિ. જેમ ધતુરો ખાધેલ પુરુષ સફેદ વસ્તુઓ પીળીરૂપે સ્વીકારે છે તેમ મિથ્યાદષ્ટિ જાણવો.

ગુણ એટલે જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ જીવના સ્વભાવ વિશેષ છે. જેમાં આ ગુણો રહે તે સ્થાન. ગુણોનું જે સ્થાન તે ગુણસ્થાનક અથવા ગુણઠાણા. જે ગુણઠાણા જ્ઞાન વિગેરે ગુણોની જ શુદ્ધિ-અશુદ્ધિની હાની-વૃદ્ધિના કારણે થયેલ સ્વરૂપ ભેદરૂપે છે. મિથ્યાદષ્ટિ ગુણઠાણુ સાસ્વાદનની અપેક્ષાએ જ્ઞાન વિગેરે. ગુણોની શુદ્ધિની હાનીની અપેક્ષાએ થયેલ સ્વરૂપભેદ એ મિથ્યાદષ્ટિ ગુણસ્થાનક.

**પ્રશ્ન :-** જો આ મિથ્યાદષ્ટિ છે તો તેને ગુણસ્થાન શી રીતે સંભવે? કેમકે જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ ગુણો છે તેમને તે ગુણઠાણામાં જ્ઞાન વિગેરે વિપરીતપણે શી રીતે થાય છે?

**ઉત્તર :-** જો કે જીવને તત્ત્વાર્થ શ્રદ્ધારૂપ આત્મગુણ નાશક સર્વઘાતી પ્રબલ મિથ્યાત્વમોહનીયના વિપાકોદયના કારણે પદાર્થ સ્વીકારરૂપ દષ્ટિ, વિપરીતરૂપે જીવને થાય છે. છતાં પણ કોઈક મનુષ્ય પશુ વિગેરેને અંતિમ નિગોદ અવસ્થામાં પણ તેવા પ્રકારના ફક્ત અવ્યક્ત સ્પર્શરૂપ પ્રતિપત્તિ અવિપરીતપણે હોય છે. જેમ અતિગાઢ વાદળાના સમૂહથી સૂર્ય-ચંદ્રનું તેજ ઢંકાયેલ હોવા છતાં પણ કંઈક પ્રકાશ-તેજ ખુલ્લો રહે છે. જેમ સારી રીતે ચઢી આવેલા નવીન વાદળોના ગાઢ સમૂહવડે સૂર્ય-ચંદ્રના કિરણોનો સમૂહ તિરસ્કૃત થયો હોવા છતાં એકાંતે તે સૂર્ય-ચંદ્રના તેજનો નાશ થઈ શકતો નથી. જો એ પ્રમાણે સૂર્ય-ચંદ્રના સમસ્ત તેજનો નાશ થતો હોય તો, સમસ્ત જીવોમાં પ્રસિદ્ધ દિવસ-રાતનો જે વિભાગ છે તેના અભાવનો પ્રસંગ આવશે. કહ્યું છે કે,

"સારી રીતે વાદળોનો સમૂહ હોવા છતાં પણ ચંદ્ર-સૂર્યની પ્રભા હોય છે." એ પ્રમાણે અહીં પણ પ્રબળ મિથ્યાત્વનો ઉદય હોવા છતાં પણ કંઈક અવિપરીત દૃષ્ટિ હોય છે તે અપેક્ષાએ મિથ્યાદૃષ્ટિને પણ ગુણસ્થાન સંભવે છે.

**પ્રશ્ન :–** તો પછી એ મિથ્યાદૃષ્ટિ જ શી રીતે કહેવાય? કારણ કે મનુષ્ય-પશુ વિગેરેને સ્વીકારની અપેક્ષાએ છેલ્લી નિગોદ અવસ્થામાં પણ તેવા પ્રકારની ફક્ત અવ્યક્ત સ્પર્શરૂપ પ્રતિપત્તિની અપેક્ષાએ સમ્યક્દૃષ્ટિ પણ છે.

**ઉત્તર :–** મિથ્યાદૃષ્ટિ કહેવામાં દોષ નથી કારણ કે અરિહંત ભગવંતે કહેલ સંપૂર્ણ પ્રવચનના અર્થની શ્રદ્ધા કરવા છતાં પણ જો તેમાંના એક અક્ષરની પણ અશ્રદ્ધા કરે તો તે મિથ્યાદૃષ્ટિ જ કહેવાય. કારણ કે તેનો સર્વજ્ઞ ભગવંતમાંનો વિશ્વાસ નાશ પામ્યો છે. કહ્યું છે કે, "સૂત્રનો એક પણ અક્ષર ન રુચવાથી મનુષ્ય મિથ્યાદૃષ્ટિ થાય છે. આથી અમને જિનેશ્વર ભગવંતે કહેલ સૂત્ર જ પ્રમાણ છે." તો પછી અરિહંત ભગવંતે કહેલ યથાવત્ જીવાજીવાદિ વસ્તુતત્ત્વની પ્રતિપત્તિથી રહિત થયેલા બીજાઓની તો શી વાત કરવી?

**પ્રશ્ન :** તો પછી સંપૂર્ણ પ્રવચન રૂચવાના-શ્રદ્ધા થવાના કારણ અને તેમાં રહેલા કેટલાક પદાર્થની શ્રદ્ધા ન થવાના કારણે મિશ્રતાના ન્યાયે એ જીવ સમ્યગ્મિથ્યાદૃષ્ટિ જ થવાને યોગ્ય છે. તો પછી એને મિથ્યાદૃષ્ટિ કેવી રીતે કહેવાય?

**ઉત્તર :–** વાસ્તવિક વાત ન જાણતા હોવાથી આ વાત બરોબર નથી. જ્યારે જિનેશ્વરે કહેલી સમસ્ત વસ્તુઓની સારી રીતે શ્રદ્ધા કરે ત્યારે જ સમ્યગ્દૃષ્ટિ થાય. જ્યારે એક પણ પદાર્થમાં કે પર્યાયમાં મતિદુર્બળતા વિગેરેના કારણે એકાંતે સમ્યક્ જાણકારી, શ્રદ્ધા કે મિથ્યા જાણકારી-શ્રદ્ધાના અભાવ હોવાથી સાચી શ્રદ્ધા નથી અને એકાંતે ખોટી-વિપરીત શ્રદ્ધા પણ નથી ત્યારે સમ્યગ્મિથ્યાદૃષ્ટિરૂપ મિશ્રદૃષ્ટિ કહેવાય છે.

શતકબૃહત્ ચૂર્ણિમાં કહ્યું છે કે :–

"જેમ નાળિયેર દ્વીપમાં વસનારા ભૂખ્યા પુરુષની આગળ અહીંથી આવેલો પુરુષ ઓદન, ભાત વિગેરે અનેક પ્રકારનો આહાર મૂકે તો તેને આહાર ઉપર રૂચિ પણ થતી નથી અને તિરસ્કાર-નિંદા પણ થતો નથી. કારણ કે તેને ભાત વિગેરે આહાર ક્યારે પણ જોયો નથી અને સાંભળ્યો પણ નથી. એ પ્રમાણે સમ્યગ્મિથ્યાદૃષ્ટિને જીવાદિ તત્ત્વો તરફ રૂચિ પણ હોતી નથી અને નિંદા પણ હોતી નથી." જ્યારે એકપણ પદાર્થ અથવા પર્યાયમાં એકાંતે વિપરીતતા સ્વીકારે છે, ત્યારે મિથ્યાદૃષ્ટિ જ છે એમાં દોષ નથી.

## ૨. સાસ્વાદન ગુણસ્થાનક :–

ઔપશમિક સમ્યક્ત્વની પ્રાપ્તિરૂપ લાભને એટલે આયને સાદયતિ એટલે દૂર કરે તે આસાદન. જે આસાદનમાં અનંતાનુબંધી કષાયનો ભોગવટો હોય છે.

સાસાદન હોતે છતે પરમાનંદરૂપી ફલને આપનાર, કલ્યાણરૂપી ઝાડના બીજરૂપ ઔપશમિકસમ્યક્ત્વરૂપી લાભ જઘન્યથી એક સમયમાં અને ઉત્કૃષ્ટથી છ આવલિકા કાળમાં નાશ પામે છે. આસાદન સહિત હોય તે સાસાદન, અવિપરીતપણે જિનેશ્વરે કહેલ પદાર્થનો સ્વીકાર તે સમ્યગ્દષ્ટિ કહેવાય. સાસાદન એજ સમ્યગ્દષ્ટિ તે સાસાદન સમ્યગ્દષ્ટિ તેનું જે ગુણસ્થાન તે સાસાદન સમ્યગ્દષ્ટિગુણસ્થાન.

અનંતાનુબંધી ઉદયરૂપ આસાતના સહિત જે હોય તે સાસાતન. સાસાતન એજ સમ્યગ્દષ્ટિ, તે સાસાતનસમ્યગ્દષ્ટિ. તેનું જે ગુણસ્થાન તે સાસાતનસમ્યગ્દષ્ટિ ગુણસ્થાન.

સાસ્વાદનસમ્યગ્દષ્ટિ ગુણસ્થાન એવો પણ પાઠ છે, તેનો અર્થ આ પ્રમાણે છે. સમ્યક્ત્વરૂપ રસના આસ્વાદ યુક્ત જે હોય, તે સાસ્વાદન કહેવાય. જેમ ખીરનું ભોજન ખાધા પછી તેના પર વ્યાકુલ–અરૂચી મનવાળા પુરુષને તે ખીરની ઉલ્ટી કરતી વખતે ખીરના રસનો સ્વાદ હોય છે. તેમ આ સાસ્વાદની પણ મિથ્યાત્વ સન્મુખ થયેલો હોવાથી સમ્યક્ત્વ પર અરૂચી મનવાળો થઈ સમ્યક્ત્વને વમતા તે સમ્યક્ત્વના રસને આસ્વાદે છે. તેથી સાસ્વાદન એજ સમ્યગ્દષ્ટિ તે સાસ્વાદનસમ્યગ્દષ્ટિ. તેનું જે ગુણસ્થાન તે સાસ્વાદન ગુણસ્થાન. આ ગુણસ્થાન આ પ્રમાણે થાય છે.

અપાર સંસારસાગરમાં રહેલો જીવ મિથ્યાદર્શન મોહનીય વિગેરે પ્રકૃતિઓના કારણે અનંત પુદ્‍ગલપરાવર્તો સુધી અનેક પ્રકારના શારીરિક–માનસિક લાખો દુઃખો અનુભવી કોઈપણ રીતે તથાભવ્યત્વ પરિપાક થવાના કારણે મોટા પહાડ પરથી વહેતી નદીના પ્રવાહમાં તણાવાના–વહેવાના કારણે ગોળ થઈ ગયેલા પત્થરની જેમ અધ્યવસાય વિશેષવડે અનાભોગપણે–ઉપયોગ વગર, વિચાર્યા વગર થયેલ યથાપ્રવૃત્તિકરણથી આયુષ્યકર્મ છોડીને જ્ઞાનાવરણ વિગેરે સાતે કર્મોની પલ્યોપમ પૃથક્ત્વના સંખ્યાતાભાગ ન્યૂન–હિન એક કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ કરે છે. અહીં વચ્ચે કર્કશ કર્મપડલરૂપ દૂર કરેલ વીર્ય વિશેષની અતિકઠોર મજબૂત લાંબા વખતની ઉગેલ, ઘણી ઊંડી ઝાડની ગાંઠની જેમ, જીવની ભેદી ન શકાય એવા કર્મના પરિણામથી ઉત્પન્ન થયેલ જીવના ગાઢ રાગ–દ્વેષના પરિણામરૂપ પહેલા કદી નથી ભેદાઈ એવી ગાંઠ હોય છે. આ ગાંઠ સુધી અભવ્ય જીવો પણ યથાપ્રવૃત્તિકરણવડે કર્મ ખપાવી અનંતીવાર આવે છે પણ ગ્રંથીભેદ કરવા અસમર્થ હોવાથી પાછા વળી જઈ સંકલેશના કારણે ઉત્કૃષ્ટસ્થિતિવાળા કર્મો બાંધે છે. પણ પરમ નિવૃત્તિરૂપ સુખ જેનું નજીક છે એવા કોઈક મહાત્મા પુરુષ જેનો નિવારી ન શકાય એવો ઘણો વીર્ય સમૂહ સારી રીતે ઉલ્લસિત થઈ રહ્યો છે તથા અત્યંત તીક્ષ્ણ કુહાડાની ધાર જેવો અપૂર્વકરણરૂપ પરમ વિશુદ્ધિવડે ઉપરોક્ત સ્વરૂપવાળી ગાંઠને ભેદી નાખી મિથ્યાત્વમોહનીયકર્મની સ્થિતિથી અંતર્મુહૂર્ત ઉદય ક્ષણથી ઉપર જઈને અનિવૃત્તિકરણ નામના અંતર્મુહૂર્ત કાળ પ્રમાણ તે મિથ્યાત્વના

પ્રદેશોદયવડે ભોગવવા યોગ્ય દળિયાના અભાવરૂપ અંતઃકરણ કરે છે. અહીં યથાપ્રવૃત્તકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણનો આ પ્રમાણે ક્રમ છે. "ગ્રંથી સુધી પહેલું યથાપ્રવૃત્તકરણ હોય છે. ગ્રંથીનો સમચ્છેદ એટલે ભેદ થાય ત્યાં સુધી બીજું અપૂર્વકરણ છે અને અનિવૃત્તિકરણ જ્યારે જીવને સમ્યક્ત્વ નજીક હોય ત્યારે હોય છે" ૧. गंठि समइच्छेओ એટલે ગ્રંથી ઓળંગી, ગાંઠ ભેદે ત્યાં સુધી. सम्मत्तपुरक्खडे એટલે જેનાવડે સમ્યક્ત્વ આગળ કર્યું છે તે અથવા તે વખતે એટલે જીવને જ્યારે નજીક સમ્યક્ત્વ હોય ત્યારે અનિવૃત્તિકરણ હોય છે.

આમાં અંતરકરણ કરવાથી તે કર્મની બે સ્થિતિ થાય છે. જે એક અંતરકરણની નીચેની પ્રથમ સ્થિતિ અંતર્મુહૂર્ત પ્રમાણની છે. તે જ અંતરકરણની ઉપરની બીજી સ્થિતિ છે. એની સ્થાપના આ પ્રમાણે છે.–઼એમાં પહેલી સ્થિતિમાં મિથ્યાત્વના દળિયા ભોગવવાના હોવાથી એ જીવ મિથ્યાદૃષ્ટિ જ હોય છે. અંતર્મુહૂર્તમાં તે પહેલી સ્થિતિના દળિયા પૂરા થયે છતે અંતરકરણના પ્રથમ સમયે જ ઔપશમિક સમ્યક્ત્વને પામે છે. કારણ કે મિથ્યાત્વના દળિયાના ભોગવટાનો અભાવ છે. જેમ વનનો અગ્નિ બાળવા યોગ્ય ઇંધનને બાળી ઉજ્જડ જમીન પર આવી બુઝાઈ જાય છે તેમ મિથ્યાત્વના ભોગવટારૂપ વનઅગ્નિ પણ અંતરકરણને પામી બુઝાઈ જાય છે. આ પ્રમાણે થવાથી તે જીવને ઔપશમિકસમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. કહ્યું છે કે, "વન દાવાનલ ઘાસને બાળીને ઉખર ભૂમિ આવતા બુઝાઈ જાય છે. એમ મિથ્યાત્વનો અનુદય થયા પછી ઉપશમ-સમ્યક્ત્વ જીવ પામે છે." ૧. તે અંતર્મુહૂર્તકાળવાળી ઉપશાંત અવસ્થાના વખતે પરમનિધિ મળ્યા સમાન કાળમાં જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી છ આવલિકામાં ઉત્પન્ન થયેલ કોઈક મહા ભયાનક તેવા પ્રકારનું કંઈક નિમિત્તને પામી અનંતાનુબંધીનો ઉદય થાય છે. તેનો ઉદય થવાથી આ સાસાદનસમ્યગ્દૃષ્ટિ ગુણઠાણું હોય છે. અથવા કોઈક ઉપશમશ્રેણીથી પડતા સાસાદનપણાને પામે છે. એમ કાર્મગ્રંથીક મત છે. સિદ્ધાંતના મતે શ્રેણીની સમાપ્તિ થયા પછી પડેલા પ્રમત્તગુણઠાણે કે અપ્રમત્ત ગુણઠાણે રહે છે. કાળધર્મને પામે તો દેવોમાં જ અવિરત સમકિતરૂપે ઉત્પન્ન થાય છે. સાસાદન ગુણઠાણા પછીના સમયે અવશ્ય મિથ્યાત્વના ઉદયથી મિથ્યાદૃષ્ટિ થાય છે.

### ૩. મિશ્રગુણસ્થાનક :–

સમ્યક્ અને મિથ્યા એ બંને દૃષ્ટિ જેને હોય, તે સમ્યગ્મિથ્યાદૃષ્ટિ. તેનું જે ગુણઠાણું તે સમ્યગ્મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાન. આગળ કહેલા વિધિપૂર્વક પ્રાપ્ત કરેલ ઔપશમિક સમ્યક્ત્વરૂપ ઔષધ વિશેષ વડે મીણુ પાયેલા કોદરા જેવા મિથ્યાત્વમોહનીયકર્મને શોધી શુદ્ધ કરી ત્રણ પ્રકારના કરે છે. ૧. શુદ્ધ, ૨. અર્ધશુદ્ધ, ૩. અશુદ્ધ. એની સ્થાપના આ પ્રમાણે ○ ◐ ● એ ત્રણ પૂંજેમાંથી જ્યારે અર્ધવિશુદ્ધ પૂંજનો ઉદય થાય છે ત્યારે

તેના ઉદયથી જીવને અર્ધવિશુદ્ધ અરિહંત ભગવંતે કહેલ તત્ત્વ પર શ્રદ્ધા થાય છે. ત્યારે તેના વડે જીવને અંતર્મુહૂર્ત કાળ પ્રમાણ સમ્યક્‌મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાન સ્પર્શે છે. તે પછી જીવ અવશ્ય સમ્યક્‌ત્વને અથવા મિથ્યાત્વને પામે છે.

### ૪. અવિરતસમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનક :-

સર્વ સાવદ્યયોગોથી અટકવું–વિરમવું તે વિરત. જે વિરત નથી તે અવિરત અથવા વિરમણ. વિરત એટલે અટકેલ એટલે સાવદ્યયોગોનું પચ્ચક્‌ખાણ. જે વિરત અટકેલ નથી તે અવિરત. અવિરત એ જ સમ્યગ્દૃષ્ટિ. તે અવિરતસમ્યગ્દૃષ્ટિ. આનો ભાવ એ છે કે, આગળ વર્ણવેલ જે ઔપશમિક સમ્યગ્દૃષ્ટિ શુદ્ધદર્શન મોહનીયપુંજના ઉદયવાળા ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ દર્શનસપ્તકનો ક્ષય કરનાર ક્ષાયિકસમ્યક્‌ત્વી અવિરતિના કારણથી મળનારા દુરન્ત નરક વિગેરે દુઃખ ફળરૂપ થતા કર્મબંધને જાણવા છતાં અને પરમમુનિ એવા જિનેશ્વરોએ કહેલ સિદ્ધિરૂપ મહેલ પર ચડવા માટેની નિસરણી સમાન સાવદ્યયોગની વિરતિ જાણવા છતાં પણ વિરતિનો સ્વીકાર કરતાં નથી અને તેના પાલન માટે પ્રયત્ન કરતા નથી. કારણ કે અપ્રત્યાખ્યાનાવરણ કષાયનો ઉદય વિઘ્નરૂપ બને છે. આ કષાય થોડા પણ પચ્ચક્‌ખાણને આવરે છે. તે અહીં અવિરતસમ્યગ્દૃષ્ટિ કહેવાય છે.

### ૫. દેશવિરતિ ગુણસ્થાનક :-

સર્વસાવદ્યયોગના પચ્ચક્‌ખાણની અપેક્ષાએ એક દેશરૂપ વિરતિ. એક વ્રત વિષયક સ્થૂલ સાવદ્યયોગ વિગેરેથી લઈ સર્વવ્રત વિષયક અનુમતિ સિવાય સાવદ્યયોગની જે વિરતિ તે દેશવિરતિ. તે પ્રત્યાખ્યાનાવરણ કષાયોના ઉદયથી સર્વ સાવદ્યયોગની વિરતિ એમને હોતી નથી. સર્વવિરતિરૂપ પચ્ચક્‌ખાણને જે આવરે ઢાંકે તે પ્રત્યાખ્યાનાવરણ કહેવાય છે. દેશવિરતિનું જે ગુણસ્થાન તે દેશવિરતિ ગુણસ્થાનક.

### ૬. પ્રમત્તસંયત ગુણસ્થાનક :-

જે સંયમ કરે તે સંયત એટલે સર્વ સાવદ્યયોગોથી જે સારી રીતે અટકે–વિરમે તે સંયત. મોહનીય વિગેરે કર્મોના ઉદયના પ્રભાવથી અથવા સંજ્વલન કષાય, નિદ્રા વિગેરે કોઈપણ પ્રમાદના યોગથી સંયમયોગોમાં જે સીદાય તે પ્રમત્ત. પ્રમત્ત એજ સંયત તે પ્રમત્તસંયત. તેનું જે ગુણસ્થાન તે પ્રમત્તગુણસ્થાન. વિશુદ્ધિ–અવિશુદ્ધિની હાનિ–વૃદ્ધિવડે થયેલ સ્વરૂપભેદ છે. તે આ પ્રમાણે–દેશવિરતિ ગુણઠાણાની અપેક્ષાએ પ્રમત્ત ગુણઠાણાની વિશુદ્ધિની વૃદ્ધિ છે અને અશુદ્ધિની હાનિ છે. અપ્રમત્તસંયત ગુણઠાણાની અપેક્ષાએ એથી વિપરીત છે. એ પ્રમાણે બીજા પણ ગુણઠાણામાં આગળ–પાછળના ગુણઠાણાની અપેક્ષાએ વિશુદ્ધિ–અવિશુદ્ધિની હાનિ–વૃદ્ધિની ઘટના જાણી લેવી.

**૭. અપ્રમત્તસંયત ગુણસ્થાનક :-**

જે પ્રમત્ત નથી તે અપ્રમત્ત છે. એટલે નિદ્રા વિગેરે પ્રમાદોથી રહિત છે. અપ્રમત્ત એ જ સંયત. તે અપ્રમત્તસંયત ગુણસ્થાન.

**૮. અપૂર્વકરણ ગુણસ્થાનક :-**

અપૂર્વ એટલે નવું, અદ્વિતીય, એના જેવું બીજું ન હોય તે. જેમાં સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણી, ગુણસંક્રમ, સ્થિતિબંધ–એ પાંચ કરણો એટલે પદાર્થોની રચના અપૂર્વપ્રકારની થાય તે અપૂર્વકરણ. તે આ પ્રમાણે છે—

૧. જ્ઞાનાવરણ વિગેરે કર્મોની મોટી સ્થિતિને અપવર્તના કરણવડે ખાંડવી એટલે નાની કરવી તે **સ્થિતિઘાત.**

૨. રસને એટલે કર્મપરમાણુમાં રહેલ ઘણી ચિકાશરૂપ રસને અપવર્તના કરણવડે ખાંડવો એટલે થોડો કરવો તે **રસઘાત.**

આ બંને આગળના ગુણઠાણે અલ્પવિશુદ્ધિ હોવાથી અલ્પપ્રમાણમાં થતા હતા તે અહીં વિશુદ્ધિની અતિ અધિકતા હોવાથી મોટા પ્રમાણમાં આગળ ન કરી હોય–કર્યો હોય એવા રસઘાત-સ્થિતિઘાત કરે છે.

૩. ઉપરની સ્થિતિના દલિકને વિશુદ્ધિના કારણે અપવર્તના કરણવડે ઉતારી તે દલિકને અંતર્મુહૂર્ત સુધી ઉદયક્ષણથી ઉપર એકદમ જલ્દી ખપાવવા માટે દરેક ક્ષણે અસંખ્યાત ગુણવૃદ્ધિવડે જે રચવા તે **ગુણશ્રેણી.**

એની સ્થાપના→ o o o o o o o o o

o o o o o o o

o o o o o

o o o

આ ગુણશ્રેણી આગળના ગુણઠાણામાં અવિશુદ્ધત્તર હોવાથી કાળવડે મોટી અને દલિકોની રચના આશ્રયી નાની કારણ કે અપવર્તનાવડે થોડા જ દલિકોની અપવર્તના થઈ હોવાથી નાની શ્રેણીઓને રચી હતી. અહીં આગળ તે જ વિશુદ્ધિ હોવાથી અપૂર્વશ્રેણીઓ રચે છે. જે કાળથી અલ્પકાળની અને દલિકરચના આશ્રયી ઘણી મોટી કારણ કે અપવર્તનાવડે ઘણા દલિયાઓનું અપવર્તન થયું હોવાથી મોટી શ્રેણીઓ રચે.

૪. બંધાતી શુભાશુભ પ્રકૃતિઓમાં નહીં બંધાતી શુભાશુભ પ્રકૃતિના દલિકોને દરેક ક્ષણોએ અસંખ્યગુણવૃદ્ધિવડે વિશુદ્ધિના કારણે લઈ જવી તે **ગુણસંક્રમ.** તે ગુણસંક્રમ પણ અહીં અપૂર્વ કરે છે.

૫. અશુદ્ધિપણાથી પહેલા જે કર્મોની સ્થિતિ મોટી બાંધી હતી તે અહીં અપૂર્વ એટલે પલ્યોપમના અસંખ્યભાગે હીન, હીનતર, હીનતમ સ્થિતિ વિશુદ્ધિના કારણે બાંધે છે.

આ અપૂર્વકરણ ક્ષપક અને ઉપશમક એમ બે પ્રકારે છે. કર્મ ખપાવવાને તથા ઉપશમાવવાને યોગ્ય હોવાથી આ ગુણઠાણે જીવ ક્ષપક અને ઉપશમક એમ કહેવાય છે. જેમ રાજ્ય યોગ્ય રાજકુમારને રાજા કહેવાય છે તેમ.

આ ગુણઠાણામાં કોઈપણ-જરાપણ કર્મ સંપૂર્ણ ખપાવતો નથી કે ઉપશમાવતો નથી. તેનું જે ગુણસ્થાન તે અપૂર્વકરણ ગુણસ્થાન. આ ગુણઠાણામાં ત્રણે કાળના જીવોને આશ્રયી દરેક સમયે યથોત્તર અધિક વૃદ્ધિપૂર્વક અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ અધ્યવસાય સ્થાનો હોય છે તે આ પ્રમાણે-

જેઓ અંતર્મુહૂર્ત પ્રમાણના આ ગુણસ્થાનકને પ્રથમ સમયે સ્વીકાર્યું હોય, સ્વીકારે છે અને સ્વીકારશે તે બધાની અપેક્ષાએ જઘન્યથી લઈ ઉત્કૃષ્ટ સુધી અસંખ્યાતા લોકાકાશ પ્રદેશ પ્રમાણ અધ્યવસાયસ્થાનો થાય છે. કારણ કે, કદાચ ક્યારેક કોઈકને પ્રથમ સમયે રહેલાઓના પરસ્પર અધ્યવસાયસ્થાનોમાં ભિન્નતા-જુદા-જુદાપણું થાય છે. તેમની-તેમની આ ભિન્નતા કેવળજ્ઞાનવડે જ જાણી શકાય છે.

ત્રણેકાળમાં રહેલાઓનું પ્રથમ સમયે આ ગુણઠાણાને સ્વીકારનારાઓનું અનંતપણું હોવાથી પરસ્પર અધ્યવસાયસ્થાનોની ભિન્નતા હોવાથી અનંતા અધ્યવસાયસ્થાનો પામે છે એમ ન કહેવું. કારણકે, પ્રાયઃ કરી ઘણા જીવો એક સરખા અધ્યવસાયસ્થાને રહેલા હોય છે. પછીના બીજા સમયે તેનાથી બીજા અધિકતર અધ્યવસાયસ્થાનો પ્રાપ્ત થાય છે. ત્રીજા સમયે તેનાથી અધિકતર બીજા પ્રાપ્ત થાય છે. ચોથા સમયે બીજા તેનાથી અધિકતર મળે છે. એમ છેલ્લા સમય-સુધી અધ્યવસાયસ્થાનો મળે છે. એની સ્થાપના કરતા વિષમ ચોરસ આકારના ક્ષેત્રમાં થાય છે.

તે સ્થાપના આ પ્રમાણે→ o o o o o o o

o o o o o o o

o o o o o o

o o o o

**પ્રશ્ન** :- બીજા વિગેરે સમયોમાં અધ્યવસાયસ્થાનોની વૃદ્ધિમાં કયું કારણ છે?

**ઉત્તર** :-સ્વભાવ વિશેષતા એજ કારણ છે. આ ગુણઠાણાને સ્વીકારનારો દરેક સમયે વિશુદ્ધિની અધિકતાને પામતો જ સ્વભાવથી જ ઘણા જુદા-જુદા પ્રકારના અધ્યવસાયસ્થાનોમાં રહે છે. અહીં પહેલા સમયના જઘન્ય અધ્યવસાયસ્થાનથી પ્રથમ સમયનું ઉત્કૃષ્ટ અધ્યવસાયસ્થાન અનંતગુણવિશુદ્ધ છે. તેનાથી બીજા સમયનું જઘન્ય અધ્યવસાય-

સ્થાન અનંતગુણવિશુદ્ધ છે. તેનાથી ઉત્કૃષ્ટ અનંતગુણવિશુદ્ધ છે. તે આ પ્રમાણે–દ્વિચરમ એટલે છેલ્લેથી બીજા સમયના ઉત્કૃષ્ટ અધ્યવસાયસ્થાનથી છેલ્લા સમયનું જઘન્ય અધ્યવસાયસ્થાન અનંતગુણ વિશુદ્ધ છે. તેનાથી પણ તેનું ઉત્કૃષ્ટ અનંતગુણ વિશુદ્ધ છે. એક સમયમાં રહેલ આ અધ્યવસાયસ્થાનો પરસ્પર ષટ્સ્થાન પતિતરૂપે રહેલા છે. એકી સાથે આ ગુણઠાણામાં પેસેલા જીવોના અધ્યવસાયસ્થાનો પરસ્પર વ્યાવૃત્તિ એટલે પાછા ફરવારૂપ નિવૃત્તિપણે પણ હોય છે. આને ઉપર કહ્યા પ્રમાણે નિવૃત્તિ હોવાથી નિવૃત્તિગુણસ્થાનક પણ કહે છે.

### ૯. અનિવૃત્તિબાદર ગુણસ્થાનક :–

એકી સાથે આ ગુણઠાણાને સ્વીકારનારા ઘણાજીવોની એક બીજાના અધ્યવસાયસ્થાનોની નિવૃત્તિરૂપ વ્યાવૃત્તિ અહીં નથી માટે અનિવૃત્તિ છે. એટલે એક સમાન સમયે આ ગુણઠાણે ચઢેલો બીજા જીવના અધ્યવસાયસ્થાનો એ જ સમયે એ જ અધ્યવસાયસ્થાન પર ચઢેલા બીજા વિવક્ષિત પુરુષના તે સમયે તે જ અધ્યવસાયસ્થાનના સમાન હોય છે. જેનાથી સંસારમાં ફરાય–ભટકાય તે સંપરાય એટલે કષાયોનો ઉદય. બાદર એટલે સૂક્ષ્મકિટ્ટિરૂપ કરેલા કષાયની અપેક્ષાએ સ્થૂલ સંપરાય જેનો હોય તે બાદરસંપરાય. અનિવૃત્તિ એ જ બાદરસંપરાય, તેનું જે ગુણસ્થાનક તે અનિવૃત્તિબાદર સંપરાય ગુણઠાણું. તે અનિવૃત્તિબાદરસંપરાય ગુણસ્થાનકના અંતર્મુહૂર્તકાળ પ્રમાણમાં પહેલા સમયથી લઈ દરેક સમયે અનંતગુણ વિશુદ્ધિવાળા યથોત્તર અધ્યવસાયસ્થાનો હોય છે. અંતર્મુહૂર્તકાળમાં જેટલા સમયો છે, તેટલા જ અધ્યવસાયસ્થાનો તે ગુણઠાણામાં રહેલા જીવોને હોય છે. એનાથી અધિક હોતા નથી. કારણકે એકી સમયે પ્રવેશેલા બધાને એક જ અધ્યવસાયસ્થાન હોય છે.

તે અનિવૃત્તિબાદર ગુણઠાણાવાળા જીવ ક્ષપક અને ઉપશમક–એમ બે પ્રકારે છે અહીં આઠ કષાય વિગેરેને ખપાવવા તથા ઉપશમાવતા હોય છે.

### ૧૦. સૂક્ષ્મસંપરાય ગુણથાનક :–

સૂક્ષ્મકિટ્ટીરૂપ કરેલ–થયેલ છે લોભ કષાયોદયરૂપ સંપરાય જેમને ઉદય હોય, તે સૂક્ષ્મસંપરાય, તે ક્ષપક અને ઉપશમક–એમ બે પ્રકારે છે. અનિવૃત્તિબાદર ગુણઠાણે-કિટ્ટીરૂપ કરેલ એક લોભને જે ખપાવે છે. અથવા ઉપશમાવે છે તેનું જે ગુણસ્થાન તે સૂક્ષ્મસંપરાય ગુણસ્થાન.

### ૧૧. ઉપશાંત મોહગુણસ્થાનક :–

આત્માના જ્ઞાન વિગેરે ગુણોને જે ઢાંકે, આવરે તે છદ્મ. એટલે જ્ઞાનાવરણ વિગેરે ઘાતિકર્મોનો ઉદય તે છદ્મ કહેવાય. તે છદ્મભાવમાં રહેલ હોય તે છદ્મસ્થ. તે છદ્મસ્થ સરાગી પણ હોય છે. તેને દૂર કરવા માટે વીતરાગપદ ગ્રહણ કર્યું છે.

વીત એટલે નીકળી ગયો છે, રાગ એટલે માયા, લોભરૂપ કષાયોનો ઉદય અને ઉપલક્ષણથી ક્રોધ, માનના ઉદયરૂપ દ્વેષ પણ જેનો ગયો છે, તે વીતરાગ કહેવાય. વીતરાગ એ જ છદ્મસ્થ. તે વીતરાગછદ્મસ્થ. તે ક્ષીણકષાયવાળા પણ હોય છે. કારણ કે, તેમને પણ ઉપરોક્ત રાગ દ્વેષરૂપી ભાવ દૂર થયા છે. આથી તેને દૂર કરવા માટે ઉપશાંત કષાયપદ લીધું છે. જેમને કષાયોને સંક્રમણ, ઉદ્વર્તન, અપવર્તન વિગેરે કરણો તેમજ વિપાકોદય, પ્રદેશોદયને યોગ્ય રાખ્યા નથી એવી રીતે શાંત કરેલા છે તે ઉપશાંતકષાય. ઉપશાંતકષાય એ જ વીતરાગછદ્મસ્થ તે ઉપશાંતકષાય વીતરાગછદ્મસ્થ. તેનું જે ગુણસ્થાનક તે ઉપશાંતકષાય વીતરાગછદ્મસ્થ ગુણસ્થાનક.

### ૧૨. ક્ષીણકષાય ગુણસ્થાનક.

ક્ષીણ એટલે નાશ પામ્યા છે કષાયો જેના તે ક્ષીણકષાય. બીજા કેટલાંક ગુણઠાણાઓમાં પણ ક્ષપક–શ્રેણી દ્વારમાં કહેલ રીતે ક્યારેક કેટલાંક કષાયો ક્ષય થયા હોય છે આથી તે ગુણઠાણાઓમાં પણ ક્ષીણકષાયપણાનો વ્યપદેશ થઈ શકે છે. તેથી તે ગુણઠાણાઓને દૂર કરવા માટે "વીતરાગ" પદ લીધું છે. ક્ષીણકષાય વીતરાગપણું તો કેવલિઓને પણ હોય છે. તેને દૂર કરવા માટે "છદ્મસ્થ" પદ લીધું છે. છદ્મસ્થ સરાગી પણ હોય છે. તેથી તેને દૂર કરવા માટે "વીતરાગ" પદ લીધું છે. વીતરાગ એ જ છદ્મસ્થ, તે વીતરાગછદ્મસ્થ. તે ઉપશાંતકષાયવાન પણ હોય છે તેને દૂર કરવાં "ક્ષીણકષાય" પદ લીધું છે. ક્ષીણકષાય એ જ વીતરાગ છદ્મસ્થ તે ક્ષીણકષાય વીતરાગછદ્મસ્થ. તેનું જે ગુણઠાણું તે ક્ષીણકષાય વીતરાગ છદ્મસ્થગુણસ્થાનક.

### ૧૩. સંયોગીકેવલિગુણસ્થાનક :–

જે જોડનાર હોય તે યોગ એટલે વ્યાપાર કહેવાય છે. તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું છે કે, कायवाङ्मनः कर्मयोगः" મન–વચન–કાયાની જે ક્રિયા તે યોગ. યોગ સહિત જે હોય તે સયોગી કહેવાય. તે યોગ, ભગવાનને જવા–આવવા, આંખના–પલકારા મારવા વિગેરે રૂપ કાયયોગ છે. દેશના આપવા વિગેરેરૂપે વચનયોગ છે. મનઃપર્યવજ્ઞાની અથવા અનુત્તરદેવ વિગેરે મનવડે પૂછાયેલાં પ્રશ્નોના જવાબ મનવડે ઉત્તર આપવામાં મનોયોગ. તે દેવો અને મનઃપર્યવજ્ઞાનીઓ મનઃપર્યવજ્ઞાનવડે અને અવધિજ્ઞાનવડે ભગવાને મોકલેલ મનોવર્ગણાના પુદ્ગલો જુએ છે. અને જોઈને તેઓ વિવક્ષિત વસ્તુની વિચારણાના આકારને વાસ્તવિકરૂપે પૂછેલ બાહ્યપદાર્થરૂપ અલોકના સ્વરૂપ વિગેરેને જાણે છે. કેવલજ્ઞાન અને દર્શન જેમને હોય, તે કેવલિ. સયોગી એ જ કેવલિ, તે સયોગીકેવલિ. તેનું જે ગુણઠાણું તે સયોગીકેવલિ ગુણઠાણું કહેવાય છે.

### ૧૪. અયોગીકેવલિ ગુણસ્થાનક :–

ઉપરોક્ત યોગો જેમને હોય તે યોગી કહેવાય. જે યોગી નથી તે અયોગી. અયોગી એ જ કેવલિ તે અયોગીકેવલિ. તેમનું જે ગુણસ્થાન તે અયોગીકેવલિ ગુણસ્થાન એમનું

અયોગીપણું આ પ્રમાણે છે. ત્રણે યોગના દરેકના સૂક્ષ્મ અને બાદર એમ બે–બે પ્રકાર છે. કેવલજ્ઞાનની ઉત્પત્તિ પછી જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી દેશોન પૂર્વક્રોડવર્ષ સુધી વિચરી–વિહરી જ્યારે અંતર્મુહૂર્ત આયુષ્ય બાકી રહે ત્યારે સયોગીકેવલિ શૈલેશીકરણને સ્વીકારવા માટે પહેલા બાદરકાયયોગવડે બાદર વચનયોગનો નિરોધ કરે છે તે પછી બાદરમનોયોગનો નિરોધ કરે છે. ત્યારપછી સૂક્ષ્મકાયયોગવડે બાદર કાયયોગને રૂંધે છે. કારણ કે બાદરયોગ જ્યાં સુધી હોય ત્યાં સુધી સૂક્ષ્મયોગનો નિરોધ થઈ શકતો નથી. પછી તે સૂક્ષ્મમનોયોગવડે જ સૂક્ષ્મવચનયોગને, તે પછી સૂક્ષ્મ મનોયોગને રૂંધે છે. તે પછી સૂક્ષ્મક્રિયા અનિવૃત્તિ નામનું શુક્લધ્યાનનું ધ્યાન કરતા–કરતા સૂક્ષ્મકાયયોગનો પોતાના આત્માવડે જ નિરોધ કરે છે. કારણ કે બીજા ટેકારૂપ યોગનો અભાવ હોય છે. તે સૂક્ષ્મકાયયોગના નિરોધ પછી સમુચ્છિન્નક્રિયા અપ્રતિપાતિ નામના શુક્લધ્યાનને ધ્યાવતા–ધ્યાવતા હ્રસ્વ પાંચ અક્ષરોના ઉચ્ચારણ પ્રમાણ કાળના શૈલેશીકરણમાં પ્રવેશ કરે છે. યોગલેશ્યારૂપ કલંક રહિત યથાખ્યાત ચારિત્રના જે ઈશ એટલે સ્વામી–માલિક તે શીલેશ. તેનો જે ભાવ તે શૈલેશી. ત્રીજા ભાગની ન્યૂનતાપૂર્વક પોતાના શરીરને અવગાહનામાં પેટ વિગેરેના પોલાભાગને પૂરવાના કારણે પોતાના આત્મપ્રદેશો સંકુચિત થવાથી આત્માનો જે શૈલેશભાવ. ( સર્વ સંવરરૂપી જે શીલ તેના ઈશ ) એટલે આત્માની અતિ સ્થિરતાપૂર્વક સ્થિતિ. તેમાં જે કરણ તે શૈલેશીકરણ. તે કરણ આ પ્રમાણે છે–

**શૈલેશીકરણની પ્રક્રિયા :**

આગળ રચેલ શૈલેશીકરણના સમયોના સમાન ગુણશ્રેણીવાળા વેદનીય, નામ, ગોત્ર એ ત્રણ અઘાતિકર્મોની અસંખ્યાત ગુણશ્રેણીવડે અને બાકી રહેલા આયુષ્ય યથા-સ્વરૂપ સ્થિત શ્રેણીવડે જે નિર્જરા કરવી તે શૈલેશીકરણ. તે શૈલેશીકરણમાં પ્રવેશેલ અયોગીકેવલિ થાય છે. આ ભવસ્થને હોય છે. તે શૈલેશીકરણના અંતિમ સમય પછી તરત જ એરંડાનો કોશ–ડોડો ફાટવારૂપ સહકારી સ્વભાવ વિશેષ પ્રગટવાથી એરંડાના ડોડા–ફલની જેમ કેવલિભગવંત પણ કર્મસંબંધથી છૂટવારૂપ સહકારી સ્વભાવ વિશેષથી જીવની ઉર્ધ્વગતિ હોવાથી જીવ, ઉપરની દિશા તરફ ગતિ કરે છે. તે ઉપર જતા ઋજુશ્રેણીપૂર્વક ઉપર જઈ અહીં જેટલા આકાશપ્રદેશમાં પોતે રહ્યા હોય તેટલાં જ પ્રદેશોને અવગાહીને રહે છે. જે સમયે અહીંથી આત્માક્ષેત્ર છોડે છે, તેના પછી બીજા સમયને સ્પર્શ્યા વગર એટલે એ જ સમયે લોકના છેડે જાય છે. લોકાંતથી આગળ ગતિ-સહાયક ધર્માસ્તિકાયનો અભાવ હોવાથી જતા નથી. ત્યાં જઈ શાશ્વતકાલ સુધી રહે છે. ( ૧૩૦૨ )




## ૨૨૫. ચૌદ માર્ગણા

गइ १ इंदिए य २ काये ३ जोए ४ वेए ५ कसाय ६ नाणेय ७ ।
संजम ८ दंसण ९ लेसा १० भव ११ सम्मे १२ सन्नि १३ आहारे १४ ॥१३०३॥

૧. ગતિ, ૨. ઇન્દ્રિય, ૩. કાય, ૪. યોગ, ૫. વેદ, ૬. કષાય, ૭. જ્ઞાન, ૮. સંયમ, ૯. દર્શન, ૧૦. લેશ્યા, ૧૧. ભવ્ય, ૧૨. સમ્યક્ત્વ, ૧૩. સંજ્ઞી, ૧૪. આહાર—એ ચૌદ માર્ગણા છે.

ગતિ, ઈન્દ્રિય, કાય, યોગ, વેદ, કષાય, જ્ઞાન, સંયમ, દર્શન, લેશ્યા, ભવ્ય, સમ્યક્ત્વ, સંજ્ઞી, આહારક–એ પ્રમાણે મૂલભેદની અપેક્ષાએ ચૌદ માર્ગણા સ્થાનો છે.

માર્ગણા એટલે જીવ વિગેરે પદાર્થોનું સંશોધન જેના વડે થાય તે માર્ગણા. તે માર્ગણાના સ્થાનો–આશ્રયો તે માર્ગણાસ્થાનો. તે માર્ગણાઓ ઉત્તરભેદોની અપેક્ષાએ બાસઠ (૬૨) છે. તે આ પ્રમાણે છે—

૧. દેવ, નારક, તિર્યંચ અને મનુષ્ય એમ ગતિ ચાર.

૨. સ્પર્શ, રસ, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર–એમ પાંચ ઈન્દ્રિય.

૩. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસકાય-એમ છ કાય.

૪. મન, વચન અને કાયા–એમ ત્રણ યોગ.

૫. સ્ત્રી, પુરુષ, નપુંસક–એમ ત્રણ વેદ.

૬. ક્રોધ, માન, માયા, લોભ–એમ ચાર કષાયો.

૭. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ, કેવલજ્ઞાન-એમ પાંચ જ્ઞાન.

જ્ઞાન ગ્રહણવડે ઉપલક્ષણથી તેના વિરોધી અજ્ઞાન પણ લેવા. તે મતિઅજ્ઞાન, શ્રુતાજ્ઞાન, વિભંગજ્ઞાન એમ ત્રણ પ્રકારે છે. એ પ્રમાણે આઠ જ્ઞાન.

૮. સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત એમ પાંચ સંયમ. તથા તેના પ્રતિપક્ષી એવા દેશસંયમ અને અસંયમ (અવિરતિ)ને લેતા સાત પ્રકારો થાય.

૯. ચક્ષુ, અચક્ષુ, અવધિ અને કેવલદર્શન–એમ ચાર દર્શન.

૧૦. કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ, શુક્લ–એમ છ લેશ્યા.

૧૧. ભવ્ય અને તેના પ્રતિપક્ષી હોવાથી અભવ્ય-એમ બે ભવ્ય.

૧૨. ક્ષાયિક, ઔપશમિક, ક્ષયોપશમ–એમ ત્રણ સમ્યક્ત્વ. સમ્યક્ત્વ લેવાવડે તેના પ્રતિપક્ષીરૂપ મિશ્ર, સાસાદન, મિથ્યાત્વને પણ લેતા છ સમકિત.

૧૩. સંજ્ઞી અને તેના પ્રતિપક્ષી અસંજ્ઞી એમ બે.

૧૪. આહારક અને તેના પ્રતિપક્ષી અનાહારક એમ બે.

બધાયે ભેદોનો સરવાળો કરતાં બાસઠ ભેદો થાય છે. (૧૩૦૩)

## ૨૨૬. બાર ઉપયોગ

**मइ १ सुय २ ओही ३ मण ४ केवलाणि ५ मइ ६ सुयअन्नाण ७ विब्भंगा ८।**
**अचक्खु ९ चक्खु १० अवही ११ केवलचउदंसणु १२ वउगा ॥१३०४॥**

**મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ, કેવળ–એ પાંચ જ્ઞાન. મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગ–એ ત્રણ અજ્ઞાન. ચક્ષુ, અચક્ષુ, અવધિ, કેવલ એ ચાર દર્શન–એમ કુલ્લે બાર ઉપયોગ છે.**

જીવ પદાર્થોને જાણવા માટે જેમનો પ્રયોગ વ્યાપાર–ઉપયોગ કરે, તે ઉપયોગ. જીવનો જે પોતાનો તત્ત્વરૂપ–બોધરૂપ જે વ્યાપાર તે ઉપયોગ. તે સાકારોપયોગ અને અનાકારોપયોગરૂપ બે પ્રકારે છે. તેમાં આકાર એટલે દરેક પદાર્થનો નક્કી થયેલ ગ્રહણ પરિણામ જે વિશેષ તે આકાર. કહ્યું છે કે आगारो उ विसेसो આકાર સહિત હોય તે સાકાર. સામાન્ય વિશેષરૂપ પદાર્થમાંથી જે વિશેષ અંશને ગ્રહે તે સાકારોપયોગ. એનાથી વિપરીત તે અનાકાર એટલે સામાન્ય અંશને ગ્રહણ કરનાર, તેમાં મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ, કેવળ–એ પાંચ જ્ઞાનના નામો છે. મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, વિભંગજ્ઞાન–એ ત્રણ અજ્ઞાનો છે. આ બે મળીને સાકારોપયોગ આઠ પ્રકારે છે.

ચક્ષુ, અચક્ષુ, અવધિ, કેવલદર્શન એ ચાર દર્શન અનાકાર ઉપયોગ છે. એ પ્રમાણે બંને મળીને બાર ઉપયોગો થાય છે. એમાં જ્ઞાન અને દર્શનનું સ્વરૂપ આગળ કહ્યું છે.

મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન જ नञ એટલે નકાર અર્થમાં એટલે કુત્સા–નિંદનીય અર્થમાં હોવાથી મિથ્યાત્વથી દુષિત થવાથી જે જ્ઞાનો નિંદનીય થાય છે ત્યારે તે અનુક્રમે મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, વિભંગજ્ઞાનરૂપે ઓળખાય છે. જે જ્ઞાનમાં જાણવાનો પ્રકાર એટલે ભંગ વિપરીત હોય, તે વિભંગ કહેવાય. (૧૩૦૪)

## ૨૨૭ "પંદર યોગ"

**सच्चं १ मोसं २ मीसं ३ असच्चमोसं ४ मणो तह वई य ४ ।**
**उरल १ विउव्वा २ हारा ३ मीस ३ कम्मयग् १ मिय जोगा ॥१३०५॥**

**૧. સત્ય, અસત્ય, મિશ્ર, અસત્યામૃષા–એ ચાર મનના એ પ્રમાણે જ ચાર વચનના ભેદો તથા કાયાના સાત ઔદારિક, વૈક્રિય, આહારક અને એ ત્રણના મિશ્ર તથા કાર્મણ (તૈજસ)– એમ પંદર યોગો છે.**

જો કે મન, વચન, કાયાના આધારે જીવનો ઉત્પન્ન થયેલ જે પરિસ્પંદ એટલે વ્યાપાર તે જ યોગ કહેવાય છે. છતાં પણ અહીં કારણમાં કાર્યનો ઉપચાર એ ન્યાયે તે યોગના સહાયક રૂપ મન વિગેરેની જ યોગ રૂપે વિવક્ષા કરી છે. તેમની સાથે યોગનું સામાનાધિકરણ્ય છે. એમાં મનોયોગ ૧. સત્ય, ૨. અસત્ય, ૩. મિશ્ર અને ૪. અસત્યઅમૃષા–એમ ચાર પ્રકારે છે. તેમાં સત્ય એટલે સન્ત એટલે મુનિઓ અથવા

જીવ વિગેરે પદાર્થોના વિષે યથાયોગ્ય યુક્તિ–પ્રાપ્તિ કરાવનાર રૂપે યથાવસ્થિત પદાર્થના સ્વરૂપની વિચારણામાં તત્પર તે સાધુ અને સત્ય. (જેમકે–જીવ છે. સ્વરૂપે સત્ છે, પરરૂપે અસત્ શરીર માત્ર વ્યાપી વિગેરે રૂપે યથાવસ્થિત પદાર્થના વિકલ્પોની વિચારણામય તે સત્ય.)

એનાથી વિપરીત તે અસત્ય જેમકે "જીવ નથી" અથવા 'એકાંતે સત્ રૂપે' છે વિગેરે રૂપે અયથાવસ્થિત વસ્તુની જાણકારી રૂપે છે.

સાચું અને જુઠું એ બંને મિશ્રિત તે મિશ્ર. જેમકે ધવ, ખેર, પીપળ, પલાશ વિગેરેથી મિશ્રિત હોવા છતાં ઘણા અશોકવૃક્ષ હોવાથી આ અશોકવન છે એવું જે વિચારવું તે મિશ્ર. અહીં કેટલાંક અશોકવૃક્ષોની વિદ્યમાનતા હોવાથી સત્યતા અને ધવ વિગેરે પણ હોવાથી અસત્યતા છે. વ્યવહારનય મતની અપેક્ષાએ આ મિશ્ર એ પ્રમાણે બોલાય છે. બાકી વાસ્તવિકપણે તો અસત્ય જ છે. કારણ કે યથાવસ્થિત પદાર્થની વિકલતા ન હોવાથી.

જે સત્ય નથી, અસત્ય નથી, અને સત્ય મૃષારૂપ મિશ્ર નથી. તે અસત્ય અમૃષા છે. અહીં વિપ્રતિપત્તિ–વિપરીત સ્વીકાર હોવા છતાં પણ જે પદાર્થની સ્થાપનાની આશાથી સર્વજ્ઞ મતાનુસારે વિચારે જેમકે "જીવ છે તે સત્–અસત્ રૂપે છે" તે સત્ય કહેવાયું છે કારણ કે આરાધકતા વધે માટે. વિપ્રતિપત્તિ–વિપરીત સ્વીકાર હોવા છતાં પદાર્થની સ્થાપનાની આશાથી સર્વજ્ઞના વચનની બહારનું વિચારે જેમકે "જીવ નથી" અથવા "એકાંતે નિત્ય છે" તે અસત્ય છે. કારણ કે વિરાધકપણું છે. જે પદાર્થની સ્થાપનાની આશા વગર ફક્ત સ્વરૂપ માત્રની વિચારણા યુક્ત હોય જેમ કે હે ! દેવદત્ત ! ઘડો લાવ, મને ગાય આપ" વિગેરે જે વિચારણા તે અસત્ય–અમૃષા. આ ફક્ત સ્વરૂપ વિચારણારૂપ હોવાથી સત્યના ઉપરોક્ત લક્ષણવાળું ન હોવાથી સત્ય નથી. અને અસત્ય પણ નથી. આ અસત્ય–અમૃષા પણ વ્યવહારનય મતને આશ્રયી જ જાણવી. નિશ્ચયનયના અનુસાર તો ઠગવા વિગેરેની બુદ્ધિપૂર્વક હોય તો અસત્યમાં એનો સમાવેશ થાય છે. અને નહીં તો સત્યમાં સમાવેશ થાય છે.

જેમ મનયોગ, સત્ય વિગેરે ચાર પ્રકારે છે, તેમ વચનયોગ સત્ય વિગેરેના ચાર પ્રકાર છે...

ઔદારિક, વૈક્રિય અને આહારક એ શરીરો છે. એમાં ઔદારિક શરીર ઉદાર એટલે પ્રધાન મુખ્ય છે. અહીં પ્રધાનતા તીર્થંકર–ગણધર શરીરના કારણે છે. એમના શરીરથી બીજા અનુત્તરવાસી દેવોના શરીરનું રૂપ અનંતગુણહીન કક્ષાએ છે. અથવા ઉદાર એટલે સાધિક હજાર યોજન પ્રમાણ શરીરની ઊંચાઇ છે. જે બીજા શરીરો કરતાં

મોટા પ્રમાણુની છે. આની મોટાઈ વૈક્રિય શરીરને આશ્રયિને ભવધારણીય સ્વાભાવિક શરીરની અપેક્ષાએ જાણવી. બાકીના ઉત્તરવૈક્રિય શરીરની ઊંચાઇ એક લાખ યોજન ઉપર ચાર આંગળ પ્રમાણ છે. ઉદાર એ જ ઔદારિક.

જેમાં વિવિધ અથવા વિશિષ્ટ ક્રિયા–વિક્રિયા થાય તે વૈક્રિય. જેમ કે, તે એક થઈને અનેક થાય અને અનેક થઈને એક થાય અથવા અણુ–નાનો–થઈને મોટો થાય અને મોટો થઇને નાનો–અણુ થાય વિગેરે...

ચૌદ પૂર્વધરો વડે તીર્થંકરની ઋદ્ધિના દર્શન વિગેરે ...

તેવા પ્રકારના કાર્યો ઉત્પન્ન થયે છતે વિશિષ્ટ લબ્ધિના કારણે આ કરાય એટલે બનાવાય તે આહારકશરીર છે.

આ ત્રણે શરીરને મિશ્ર શબ્દ જોડતાં ઔદારિકમિશ્ર, વૈક્રિયમિશ્ર અને આહારક મિશ્ર–એમ બીજા ત્રણ ભેદો થાય છે.

ઔદારિક કાર્મણ સાથે અપર્યાપ્ત અવસ્થામાં અથવા કેવલિ સમુદ્દઘાત અવસ્થામાં મિશ્રિત થાય છે. ત્યારે ઔદારિકમિશ્ર, ઉત્પન્ન થવાની જગ્યાએ પૂર્વભવથી તરત જ કોઈક જીવ આવી પહેલાં સમયે ફક્ત કાર્મણશરીર વડે જ આહાર કરે છે. તે પછી ઔદારિકશરીરનો આરંભ થતો હોવાથી જ્યાં સુધી ઔદારિક શરીર બને નહિ ત્યાં સુધી ઔદારિક સાથે કાર્મણમિશ્રિત રહે છે. કેવલિ સમુદ્દઘાત અવસ્થામાં તો બીજા, છઠ્ઠા, અને સાતમા સમયમાં કાર્મણ સાથે ઔદારિક મિશ્રિત હોય છે. તે પ્રસિદ્ધ છે...

કાર્મણ અથવા ઔદારિક સાથે વૈક્રિયમિશ્ર હોય છે. એમાં દેવ–નારકોને અપર્યાપ્ત અવસ્થામાં પહેલા સમય પછી કાર્મણ સાથે મિશ્ર જાણવું. બાદર પર્યાપ્ત, વાયુકાય, પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યોને વૈક્રિયલબ્ધિ હોય, તો વૈક્રિય શરીરના આરંભ વખતે અને વૈક્રિય શરીર છોડતી વખતે ઔદારિક સાથે મિશ્રિત હોય છે.

સિદ્ધ થયું છે પ્રયોજન એવા ચૌદ પૂર્વધરોને અને ઔદારિક શરીરને ગ્રહણ કરતા અથવા આહારક શરીરને છોડતાં આહારક મિશ્રિત ઔદારિક સાથે હોય છે. એમ જાણવું.

કર્મોવડે બનેલ–થયેલ તે કાર્મણ એટલે કર્મરૂપ શરીર તે જ કાર્મણ, આનો ભાવ એ છે, કે આત્મપ્રદેશો સાથે કર્મના પરમાણુઓ દૂધ અને પાણીની જેમ, એકબીજામાં મળી જવાથી શરીરરૂપ પરિણમન થાય છે તે કાર્મણ શરીર છે. આથી જે તેને બીજી જગ્યાએ કર્મોનો જે વિકાર તે કાર્મણ એમ પણ કહ્યું છે. તથા કહ્યું છે કે...

"કર્મનો જે વિપાક તે કાર્મણ, જે આઠ પ્રકારના વિચિત્ર કર્મ વડે બનેલ છે. અને તે બધાયે શરીરોના કારણરૂપે જાણવું."

અહીં ઔદારિક વગેરે બધાયે શરીરોના કારણરૂપે એટલે બીજરૂપે કાર્મણ શરીર છે. ભવરૂપ વિસ્તારના બીજરૂપ તે કાર્મણ શરીરનો મૂળથી ઉચ્છેદ થાય તો બીજા શરીરોની ઉત્પત્તિ ન થાય. આ કાર્મણ શરીર, જીવને બીજી ગતિઓમાં જવાની

અંદર સાધકતમ એટલે મુખ્ય કરણ-સાધન છે કહ્યું છે કે.... જીવ કાર્મણ શરીર સહિત મરણની જગ્યા છોડી ઉત્પન્ન થવાની જગ્યા તરફ જાય છે.

**પ્રશ્ન :-** જો જીવ કાર્મણ શરીર સાથે એક ગતિમાંથી બીજી ગતિમાં જાય છે તો જતા-આવતા તે શરીર કેમ દેખાતું નથી ?

**ઉત્તર :-** કર્મ પુદ્ગલોની અતિ-સૂક્ષ્મતા હોવાથી ચક્ષુ ઇન્દ્રિયવડે જોઈ શકાતા નથી. તથા બીજા દર્શનકારોએ પણ કહ્યું છે કે "સૂક્ષ્મ હોવાથી પ્રવેશ કરતા કે નીકળતા વચ્ચે સંસારી દેહ જણાતો નથી. માટે દેખાતો ન હોવા છતાં પણ અભાવ નથી.

આ પ્રમાણે ચાર પ્રકારે મનોયોગ, ચાર પ્રકારે વચનયોગ અને સાત પ્રકારે કાયયોગ – એમ પંદર યોગો છે.

**પ્રશ્ન :-** પાંચમું તૈજસ નામનું પણ શરીર છે જે ખાધેલા આહારને પચાવવામાં નિમિત્તરૂપ છે. અને જેના કારણથી વિશિષ્ટ તપ વિશેષ દ્વારા ઉત્પન્ન થનારી લબ્ધિ વિશેષવાળો પુરુષ તેજોલેશ્યા છોડી શકે છે તે શરીર કેમ ન કહ્યું ?

**ઉત્તર :-** તે શરીર હંમેશા કાર્મણ સાથે જ રહેનારું હોવાથી કાર્મણના ગ્રહણ વડે તૈજસનું ગ્રહણ પણ થઈ જાય છે. (૧૩૦૫)

## ૨૨૮. ગુણઠાણાઓ ઉપર પરલોકગતિ

**मिच्छे सासाणे वा अविरयभावंमि अहिगए अहवा ।**
**जंति जिया परलोयं सेसेक्कार सगुणे मोत्तुं ॥१३०६॥**

**મિથ્યાત્વ, સાસ્વાદન અને અવિરતભાવને પ્રાપ્ત કરી પરલોકમાં જાય છે અથવા બાકીના અગ્યાર(૧૧) ગુણઠાણા સિવાય ત્રણ ગુણઠાણામાં રહેલા જીવો પરલોકમાં જાય છે.**

મિથ્યાત્વ, સાસ્વાદન, અને અવિરત એટલે અવિરત સમ્યગ્દૃષ્ટિપણાને પામી એટલે લઈને જીવો પરલોકમાં એટલે બીજા ભવમાં જાય છે. મિશ્ર, દેશવિરતિ વિગેરે બાકીના અગ્યાર ગુણઠાણા આ ભવમાં સર્વથા છોડીને જીવો પરલોકમાં જાય છે. એની વિચારણા આ પ્રમાણે છે–

મિથ્યાત્વની સાથે પરલોકગમન તો પ્રસિદ્ધ છે. કારણ તે તો બધે સ્થળે હોય છે. એ પ્રમાણે સાસ્વાદન ભાવમાં પણ છે કહ્યું છે કે "સાસ્વાદની અનંતાનુબંધીના બંધ, ઉદય અને આયુષ્યના બંધપૂર્વક કાળ કરે છે," સમ્યક્ત્વ પામેલાની દેવ વિગેરેમાં ઉત્પત્તિ હોવાથી અવિરત સમ્યગ્દૃષ્ટિપણામાં પણ પરલોકગમન હોય છે. મિશ્ર ગુણ-ઠાણાને પામેલો " न सम्ममिच्छो कुणई कालं " એ વચનાનુસારે ભવાંતરે જતો નથી. દેશવિરતિ વિગેરે ગુણઠાણાઓ તો વિરતિ હોય તો જ હોય છે. અને વિરતિ આયુષ્ય સુધીની મર્યાદાવાળી છે માટે તે ગુણઠાણાઓમાં પરલોક ગમન સંભવી ન શકે. (૧૩૦૬)

## २२९ ગુણઠાણાઓનું કાળ પ્રમાણ

मिच्छत्तम भव्वाणं अणाइय मणंतयं च विन्नेयं ।
भव्वाणं तु अणाई सपज्जवसियं च सम्मते ।१३०७।
छावलियं सासाणं समहियतेत्तीससायर चउत्थं ।
देसूण पुव्वकोडी पंचमगं तेरसं च पुढो ॥१३०८॥
लहुपंचक्खर चरिमं तइयं छट्ठाइ बारसं जाव ।
इह अट्ठ गुणट्ठाणा अंतमुहुत्ता पमाणेणं ॥१३०९॥

મિથ્યાત્વ, અભવ્યોને અનાદિ અનંત જાણવું. ભવ્યોને અનાદિ સાંત અને પતિત સમકિતીને સાદિસાંત કાળ જાણવું.

સાસ્વાદન છ આવલિકા પ્રમાણ, ચોથું સાધિક તેત્રીસ સાગરોપમ, પાંચમું તથા તેરમું બંને જુદા-જુદા દેશોન પૂર્વક્રોડવર્ષ, હ્રસ્વ પાંચ અક્ષરકાળ પ્રમાણ છેલ્લું, ત્રીજું અને છટ્ઠાથી બારમાં સુધીએ આઠ ગુણઠાણાનો અંતર્મુહૂર્તકાળ છે.

મિથ્યાત્વના કાળની વિચારણા ચતુર્ભંગીપૂર્વક કરે છે. તે આ પ્રમાણે ૧. અનાદિ અનંત, ૨. અનાદિ સાંત, ૩. સાદિ અનંત અને ૪. સાદિ સાંત.

એમાં વિપરીત રૂચિરૂપ મિથ્યાત્વ અભવ્યોને અનાદિ અનંતકાળનું જાણવું, અનાદિ એટલે શરૂઆત વગરનું અને અંત વગરનું તે અનંત. અભવ્યોને અનાદિકાળથી મિથ્યાત્વ છે અને ભવિષ્યમાં તેનો અભાવ થવાનો સંભવ નથી માટે અનાદિ અનંત.

ભવ્યોને અનાદિસાંત કાળનું મિથ્યાત્વ છે. આથી ભવ્યોને સાદિસાંત કાળપણુ જાણવો, સાંતત્વ સમ્યક્ત્વ પ્રાપ્ત થયે છતે થાય છે આનો ભાવાર્થ આ પ્રમાણે છે.

જે અનાદિ મિથ્યાદૃષ્ટિપણામાં રહેલ ભવ્યજીવ સમ્યક્ત્વ પામશે, માટે તેનું મિથ્યાત્વ અનાદિસાંત કહેવાય છે. કારણ કે અનાદિકાલથી તે મિથ્યાત્વ ભવ્યોમાં હોય છે અને ભવિષ્યમાં ભવ્યત્વપણા અન્યથા અનુપપત્તિના કારણે અવશ્ય સમકિત પ્રાપ્ત થવાથી શાંત છે. હવે જે અનાદિ મિથ્યાદૃષ્ટિ સમકિત પામીને કોઈક કારણથી ફરી મિથ્યાત્વ પામે છે. તેને તે મિથ્યાત્વ સાદિ છે. કારણ કે સમ્યક્ત્વ પામ્યા પછી ફરીવાર તે મિથ્યાત્વ પામતો હોવાથી તેનું સાદિપણું છે. અને મિથ્યાત્વે જઘન્યથી અંતર્મુહૂર્તકાળ અને ઉત્કૃષ્ટથી અરિહંતની આશાતના વિગેરે પાપોની બહુલતાના કારણે અર્ધપુદ્ગલ પરાવર્તકાળ સુધી રહી ફરી જ્યારે સમ્યક્ત્વ પામે ત્યારે તેનું સાન્તત્વ ઘટે છે, સાદિ

અનંત નામનો ત્રીજો ભાંગો શૂન્ય છે. સમ્યક્ત્વથી પડેલાને જ મિથ્યાત્વની સાદિ હોય છે. કારણ કે તેમને અવશ્ય સમ્યક્ત્વ પ્રાપ્ત થતું હોવાથી મિથ્યાત્વના અનંતપણાનો અસંભવ છે... સાસ્વાદન ગુણસ્થાનક જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી છ આવલિકા પ્રમાણ કાળનું ત્યારબાદ અવશ્ય મિથ્યાત્વે જાય છે. આવલિકામાં જઘન્યયુક્ત અસંખ્યાત સમયોના સમુહ હોય છે.

ચોથું અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણઠાણું સાધિક [1]તેત્રીસ સાગરોપમકાળ પ્રમાણ છે. તે આ પ્રમાણે...કોઇક અહીંથી ઉત્કૃષ્ટ સ્થિતિવાળા અનુત્તર વિમાનોમાં ઉત્પન્ન થાય છે ત્યાં તે અવિરત સમકિતરૂપે તેત્રીસ સાગરોપમ રહે છે ત્યાંથી ચ્યવી અહીં આવી જ્યાં સુધી વિરતિને પ્રાપ્ત ન કરે ત્યાં સુધી તે સમ્યક્ત્વ ભાવમાં જ રહેતો હોવાથી મનુષ્ય ભવ સંબંધિત કેટલાક વર્ષો અધિક તેત્રીસ સાગરોપમ સંભવે છે.

પાંચમું દેશવિરિત ગુણઠાણું અને તેરમું સયોગિ કેવલી ગુણઠાણું એટલે ગુણઠાણાનો અલગ-અલગ કંઈક ન્યૂન પૂર્વક્રોડ વર્ષ પ્રમાણ કાળ છે. ગર્ભમાં રહેલો જીવ સાધિક નવ મહિના ગર્ભરૂપે પસાર કરે છે અને જન્મ્યા પછી પણ આઠ વર્ષ સુધી વિરતિને યોગ્ય થતો નથી. તે પછી દેશવિરતિને સ્વીકારી અથવા સર્વવિરતિ સ્વીકારી કેવળજ્ઞાન પામે છે. જો દેશવિરતિ અને સયોગિ કેવલિ એ બંને પૂર્વક્રોડ વર્ષ સુધી જીવે તો તેમને કંઈક ન્યૂન નવવર્ષરૂપ દેશ-ભાગની ન્યૂનતા હોવાથી દેશોન પૂર્વક્રોડ વર્ષ છે.

છેલ્લું અયોગિ કેવલિ ગુણસ્થાન હ્રસ્વ પાંચ અક્ષર ઉચ્ચારણના કાળ પ્રમાણ છે. તે આ પ્રમાણે કોઈક અતિ ઝડપથી નહિ અને અતિ ધીરેથી પણ નહિ એ રીતે મધ્યમ પ્રકારે જેટલા વખતમાં ङ ञ ण न् म् બોલી શકાય તેટલા કાળ પ્રમાણનું ચૌદમું ગુણઠાણું છે, તે પછી મુક્તિની પ્રાપ્તિ થાય છે....

ત્રીજું સમ્યક્ત્વ મિથ્યાત્વરૂપ મિશ્ર ગુણઠાણું તથા છટ્ઠાથી બારમા સુધી એટલે પ્રમત્ત-સંયત, અપ્રમત્ત-સંયત્ત, અપૂર્વકરણ, અનિવૃત્તિબાદર, સૂક્ષ્મસંપરાય, ઉપશાંત મોહ, ક્ષીણમોહરૂપ સાત ગુણઠાણા. એમ કુલ્લે આઠ ગુણઠાણાઓમાં દરેકનો અંતર્મુહૂર્ત પ્રમાણકાળ છે, ત્યારબાદ બીજા ગુણઠાણાઓમાં જીવ જાય છે અથવા કાળ એટલે મૃત્યુ પામે છે...

આ કાળ પ્રમાણ ઉત્કૃષ્ટથી કહ્યું છે, જઘન્યથી તો સાસ્વાદન, પ્રમત્ત-અપ્રમત્ત સંયત, અપૂર્વકરણ, અનિવૃત્તિબાદરસંપરાય, સૂક્ષ્મસંપરાય, ઉપશાંતમોહનો કાળ એક સમયનો છે. કારણ કે ત્યારબાદ મરણ થતું હોવાથી બીજા ગુણઠાણાઓમાં જાય છે. મિથ્યાત્વ, મિશ્ર, અવિરત સમકિતી, દેશવિરતિ, ક્ષીણમોહ, સયોગિકેવલિ ગુણઠાણાઓનો જઘન્યકાળ અંતર્મુહૂર્ત છે. અયોગી કેવલિઓને જઘન્ય અને ઉત્કૃષ્ટથી ઉપરોક્ત કાળ જ છે. (૧૩૦૭-૧૩૦૯)

---

[1] ૬૬ સાગરોપમ પણ ઘટે છે.

## ૨૩૦ નરક તિર્યંચ-મનુષ્ય અને દેવોની વિકુર્વણાનો ઉત્કૃષ્ટકાળ

अंतमुहुत्तं नरएसु हुंति चत्तारि तिरियमणुएसुं ।
देवेसु अद्धमासो उक्कोस विउव्वणाकालो ॥१३१०॥

નરકમાં ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત, તિર્યંચો અને મનુષ્યોમાં ચાર અંતર્મુહૂર્તો (અથવા ચાર મુહૂર્તો), ભવનપતિ વિગેરે ચાર પ્રકારનાં દેવોમાં અર્ધમાસ એટલે પંદર દિવસનો ઉત્કૃષ્ટથી ઉત્તરવૈક્રિયનો વિકુર્વણાકાળ છે. (૧૩૧૦)

## ૨૩૧. સાત સમુદ્દ્ઘાત

वेयण १ कसाय २ मरणे ३ वेउव्विय ४ तेयए ५ आहारे ६ ।
केवलिय समुग्घाए ७ सत्त इमे हुंति मणुयाणं ॥१३११॥

**વેદના, કષાય, મરણ, વૈક્રિય, તૈજસ, આહારક, કેવલિ-આ સાત સમુદ્દ્ઘાતો મનુષ્યોને હોય છે...**

સમ એટલે એકીભાવે, ઉત્ પ્રબલતાપૂર્વક ઘાત એટલે હણવું. એકીભાવે પ્રબલતાપૂર્વક વેદનીય વિગેરે કર્મપ્રદેશોનો ઘાત કરવો એટલે નિર્જરા કરવી...તે સમુદ્ઘાત, પ્રબલતાપૂર્વક એકીભાવે જે ઘાત તે સમુદ્ઘાત.

**પ્રશ્ન** :-કોની સાથે એકભાવ એટલે એકરૂપ થાય છે ?

**ઉત્તર** :-અર્થથી વેદના વિગેરે સાથે એકરૂપ થાય છે. તે આ પ્રમાણે-જ્યારે આત્મા વેદના વિગેરે સમુદ્ઘાતને કરે છે ત્યારે વેદના વિગેરેના અનુભવજ્ઞાનમાં જ તદાકાર થઈ જાય છે. પણ બીજા જ્ઞાનમાં પરિણમતો નથી. એમ વેદના વિગેરેના અનુભવ જ્ઞાનની સાથે જીવની એક ભાવરૂપતાને જાણવી....

**પ્રશ્ન** :-પ્રબલતાપૂર્વક ઘાત શી રીતે હોય છે ?

**ઉત્તર** :- વેદના વિગેરે સમુદ્ઘાતમાં પરિણમેલો જીવ, વેદનીય વિગેરે ઘણા કર્મપ્રદેશોને જે કાળાંતરે ભોગવવા યોગ્ય હતા, તેને ઉદીરણાકરણ વડે ખેંચી ઉદયમાં લાવી, ભોગવી અને નિર્જરે એટલે નાશ-ક્ષય કરે છે, આત્મપ્રદેશો સાથે ચોંટેલાનો નાશ કરે-છૂટા કરે છે. એવો ભાવ છે. તે સમુદ્ઘાત, વેદના સમુદ્ઘાત, કષાય સમુદ્ઘાત, મારણાંતિક સમુદ્ઘાત, વૈક્રિય સમુદ્ઘાત, તૈજસ સમુદ્ઘાત, આહારક સમુદ્ઘાત અને કેવલિસમુદ્ઘાત એમ સાત પ્રકારે છે...

**૧. વેદના સમુદ્દઘાત** :–અશાતાવેદનીયના ઉદયથી ઉત્પન્ન થયેલ પીડારૂપ કારણવડે થયેલ જે સમુદ્દઘાત તે વેદનાસમુદ્દઘાત. એ અશાતાવેદનીયકર્મને આધારે થનારો છે. તે આ પ્રમાણે–વેદનાથી પીડાયેલો જીવ અનંતાનંત કર્મસ્કંધોયુક્ત પોતાના આત્મપ્રદેશોને શરીરની બહાર ફેંકે છે એટલે કાઢે છે અને તે પ્રદેશો વડે મોઢું, પેટ વિગેરેના પોલાણ ભાગને તથા કાન–ખભા વિગેરેના આંતરાઓ પૂરી લંબાઈ–પહોળાઈથી શરીર પ્રમાણના ક્ષેત્રમાં વ્યાપીને, અંતર્મુહૂર્ત સુધી રહે. તે અંતર્મુહૂર્તમાં ઘણા વેદનીય કર્મોના પુદ્ગલોનો નાશ કરે છે. ત્યારપછી સમુદ્દઘાતથી નિવૃત્ત થઈ ફરી પોતાના સ્વરૂપમાં આવે છે...

**૨. કષાય સમુદઘાત** :–

ક્રોધ વિગેરે કષાયના કારણોથી થયેલ સમુદ્દઘાત, કષાયસમુદ્દઘાત કહેવાય છે. તે કષાય નામનાં ચારિત્રમોહનીય કર્મના આધારે થાય છે. તે આ પ્રમાણે :– તીવ્ર કષાયના ઉદયથી આકુલ થયેલો જીવ પોતાના આત્મપ્રદેશો બહાર ફેંકી એટલે કાઢી તે પ્રદેશો વડે મોઢુ–પેટ વિગેરેના પોલા–ખાલી ભાગને તથા કાન–ખભા વિગેરેનાં આંતરાઓને પૂરી લંબાઈ–પહોળાઈ વડે શરીર પ્રમાણ ક્ષેત્રમાં ફેલાઈને રહે છે. તેવા પ્રકારનો થયેલ આત્મા ઘણા કષાયરૂપ કર્મ–પુદ્ગલોનો ક્ષય કરે છે.

**૩. મારણાંતિક સમુદ્દઘાત** :–

પ્રાણીઓને મરણ એજ અંત કરનાર હોવાથી મરણ અંત કહેવાય છે. તે મરણાંતમાં થયેલ જે ક્રિયા તે મારણાંતિક. મારણાંતિક એજ સમુદ્દઘાત તે મારણાન્તિક સમુદ્દઘાત તે અંતર્મુહૂર્ત બાકી રહેલ આયુષ્યકર્મના આધારે થાય છે તે આ પ્રમાણે–

કોઇક જીવ અંતર્મુહૂર્ત પોતાનું આયુષ્ય બાકી રહે ત્યારે પોતાના આત્મપ્રદેશોને બહાર કાઢી તેના મોઢું–પેટ વિગેરે ખાલી ભાગોને તથા કાન–ખભા વિગેરેના આંતરાઓ પૂરી જાડાઇ–પહોળાઈ વડે પોતાના શરીર પ્રમાણ અને લંબાઈથી પોતાના શરીર ઉપરાંત જઘન્યથી અંગુલના અસંખ્યાતમા ભાગના અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત યોજન સુધી એક દિશાના ક્ષેત્રમાં ફેલાઈને રહે છે. આવા પ્રકારનો આત્મા ઘણા આયુષ્યકર્મના પુદ્ગલોનો નાશ કરે છે.

**૪. વૈક્રિય સમુદ્દઘાત** :–

વૈક્રિય શરીરનો પ્રારંભ કરતાં જે સમુદ્દઘાત થાય તે વૈક્રિય સમુદ્દઘાત. તે વૈક્રિય શરીર નામકર્મના આધારે થાય છે તે આ પ્રમાણે–

વૈક્રિય લબ્ધિવાળો જીવ વૈક્રિય શરીર કરતી વખતે પોતાના આત્મપ્રદેશોને શરીરની બહાર કાઢી પહોળાઇ અને જાડાઈ વડે શરીર પ્રમાણ અને લંબાઇથી સંખ્યાતા યોજન

પ્રમાણ દંડ કરે છે–કાઢે છે. દંડ કરીને વૈક્રિય શરીરના નામકર્મના સ્થૂલપુદ્ગલો જે આગળ બાંધ્યા હતા તેને ક્ષય કરે છે. કહ્યું છે કે–"વૈક્રિય સમુદ્ઘાત વડે સમુદ્ઘાત કરે છે, સમુદ્ઘાત કરી સંખ્યાતા યોજનનો દંડ કાઢે છે. દંડ કાઢી [1]યથા બાદરપુદ્ગલોને પરિસાડે એટલે નાશ કરે છે.

**૫. તૈજસ સમુદ્ઘાત :–**

તેજ વિષય જે હોય તે તૈજસ. તૈજસ એ જ સમુદ્ઘાત તે તૈજસસમુદ્ઘાત. આ સમુદ્ઘાત તેજોલેશ્યા છોડવાના વખતે હોય છે. તૈજસ શરીર નામકર્મના આધારે આ સમુદ્ઘાત હોય છે. તે આ પ્રમાણે. તેજોલેશ્યા–લબ્ધિવાળો ક્રોધિત થયેલ સાધુ સાત–આઠ ડગલા પાછો હટી પહોળાઈ–જાડાઈ વડે શરીર પ્રમાણ અને લંબાઈ વડે સંખ્યાતા યોજન પ્રમાણ જીવના પ્રદેશોનો દંડ શરીરની બહાર કાઢી જેના પર ક્રોધ કર્યો હોય, તે મનુષ્ય વિગેરેને બાળે છે. એમાં તે તૈજસશરીરનામકર્મના ઘણા પુદ્ગલોનો ક્ષય કરે છે.

**૬. આહારક સમુદ્ઘાત :–**

આહારક શરીરનો આરંભ કરતાં જે સમુદ્ઘાત થાય તે આહારક સમુદ્ઘાત. તે આહારક શરીર નામકર્મના આધારે થાય છે. તે આ પ્રમાણે–આહારક શરીરની લબ્ધિ-વાળો જીવ, આહારકશરીર કરવાની ઈચ્છાથી શરીર પ્રમાણ પહોળો–જાડો અને સંખ્યાતા યોજનનો લાંબો પોતાના આત્મપ્રદેશોનો દંડ શરીર બહાર કાઢી યથાસ્થૂલ આહારક-શરીરનામકર્મના યથાસ્થૂલ પુદ્ગલોને જે આગળ બાંધેલ હતા તેનો ક્ષય કરે છે. આ છ સમુદ્ઘાતોમાં દરેકનો અંતર્મુહુર્તનો કાળ છે.

**૭. કેવલિ સમુદ્ઘાત :–**

કેવલિઓને પરમપદ એટલે મોક્ષ પામવાના અંતર્મુહુર્ત પહેલા જે થાય, તે કૈવલિક તે કૈવલિક એ જ સમુદ્ઘાત. તે કૈવલિક સમુદ્ઘાતઆ સમુદ્ઘાત શાતા–અશાતા વેદનીયકર્મ શુભાશુભ નામકર્મ ઉચ્ચ–નીચ ગોત્રકર્મને આધારે થાય છે. આ સમુદ્ઘાતની ગ્રંથકાર જાતે આગળ વિસ્તારથી વ્યાખ્યા કરશે. હવે આ સમુદ્ઘાતો કયા જીવોમાં કેટલા હોય છે, તે વિચારે છે. આ કહેલ સાતે સમુદ્ઘાતો મનુષ્યોને હોય છે. કારણ કે મનુષ્યને બધાયે ભાવો હોય છે. ૧૩૧૧

**एगिंदीणं केवलि आहारगवज्जिया इमे पंच ।**
**पंचावि अवेउव्वा विगलासन्नीण चत्तारि ॥१३१२॥**

**કેવલિ અને આહારક વગર એકેન્દ્રિયને આ પહેલા પાંચ હોય છે. આ પાંચે પણ વૈક્રિય વગર ચાર વિકલેંદ્રિય અને અસંજ્ઞીઓને હોય છે.**

---

૧. બાદર

પૃથ્વીકાય વિગેરે એકેન્દ્રિયોને કેવલિ અને આહારક સમુદ્ઘાત વગર પહેલાં પાંચ સમુદ્ઘાતો હોય છે. આ પાંચ પણ વૈક્રિય વગર ચાર સમુદ્ઘાતો વિકલેંદ્રિય અને અસંજ્ઞિ પંચેન્દ્રિયોને હોય છે. આ ગાથાનો પ્રજ્ઞાપના, પંચસંગ્રહ જીવસમાસ વિગેરે બીજા શાસ્ત્રો સાથે વિસંવાદ-વિરોધ થાય છે, તે ગ્રંથોમાં એકેન્દ્રિય વિગેરે તૈજસ સમુદ્ઘાતનો નિષેધ કર્યો છે. તથા પ્રજ્ઞાપના સૂત્રમાં ચોવીસ દંડક ક્રમમાં કહ્યું છે કે,

"હે ભગવંત! નારકીઓને કેટલા સમુદ્ઘાત કહ્યા છે?

હે ગૌતમ! ચાર સમુદ્ઘાતો કહ્યા છે. તે આ પ્રમાણે, વેદનાસમુદ્ઘાત, કષાય-સમુદ્ઘાત, મારણાંતિકસમુદ્ઘાત, વૈક્રિયસમુદ્ઘાત.

હે ભગવંત ! અસુરકુમારોને કેટલા સમુદ્ઘાતો કહ્યા છે?

હે ગૌતમ! પાંચ સમુદ્ઘાત કહ્યા છે તે આ પ્રમાણે, વેદનાસમુદ્ઘાત, તૈજસ-સમુદ્ઘાત, કષાયસમુદ્ઘાત, મારણાંતિકસમુદ્ઘાત, વૈક્રિયસમુદ્ઘાત એ પ્રમાણે સ્તનિત કુમાર સુધી જાણવું.

હે ભગવંત! પૃથ્વીકાયિકોને કેટલા સમુદ્ઘાત કહ્યા છે? હે ગૌતમ! ત્રણ સમુદ્ઘાત કહ્યા છે તે આ પ્રમાણે, વેદનાસમુદ્ઘાત, કષાયસમુદ્ઘાત, અને મારણાંતિક સમુદ્ઘાત. એ પ્રમાણે ચૌરિંદ્રિય સુધી જાણવું, પરંતુ વાયુકાયિકોને ચાર સમુદ્ઘાત કહ્યા છે. તે આ પ્રમાણે વેદનાસમુદ્ઘાત, કષાયસમુદ્ઘાત, મારણાંતિકસમુદ્ઘાત, વૈક્રિયસમુદ્ઘાત.

હે ભગવંત! પંચેન્દ્રિય તિર્યંચથી લઈ વૈમાનિકો સુધી કેટલા સમુદ્ઘાતો કહ્યા છે?

હે ગૌતમ! પાંચ સમુદ્ઘાત કહ્યા છે. તે આ પ્રમાણે. વેદનાસમુદ્ઘાત, વૈક્રિય સમુદ્ઘાત, કષાયસમુદ્ઘાત, તૈજસસમુદ્ઘાત, મારણાંતિકસમુદ્ઘાત, પરંતુ મનુષ્યોને સાત પ્રકારના સમુદ્ઘાતો કહ્યા છે. તે આ પ્રમાણે. વેદનાસમુદ્ઘાતથી લઈ કેવલિ સમુદ્ઘાત સુધી જાણવા. (૨૦૮૯-૨૦૯૨)

આ સૂત્રને સહેલાઈથી જાણી શકાય તે માટે કંઈક વ્યાખ્યા કરે છે. નારકીઓને પહેલા ચાર સમુદ્ઘાતો છે. કારણકે તેઓને ભવ પ્રત્યયથી જ તેજોલેશ્યાલબ્ધિ, આહારક લબ્ધિ અને કેવલિપણાનો અભાવ હોવાથી બાકીના ત્રણ સમુદ્ઘાતો હોતા નથી. દશે અસુરકુમાર વિગેરે ભવનપતિઓને તેજોલેશ્યાની લબ્ધિ હોવાથી પહેલાં પાંચ સમુદ્ઘાત હોય છે. પૃથ્વી-અપ્-તેઉ-વનસ્પતિ-બેઇન્દ્રિય-તેઇન્દ્રિય-ચઉરિન્દ્રિયને પહેલા ત્રણ એટલે વેદનાસમુદ્ઘાત, કષાયસમુદ્ઘાત, મરણાંતિકસમુદ્ઘાત હોય છે. ત્યાં વૈક્રિય લબ્ધિનો અસંભવ હોવાથી વૈક્રિયસમુદ્ઘાત નથી. વાયુકાયને પહેલા ચાર હોય છે કારણ કે બાદર પર્યાપ્ત વાયુકાયિકને વૈક્રિયલબ્ધિનો સંભવ હોવાથી વૈક્રિયસમુદ્ઘાત સંભવે છે પંચેન્દ્રિય તિર્યંચોને પહેલાં પાંચ હોય છે. કેમકે તેઓમાં કેટલાકને વૈક્રિય અને તેજોલેશ્યાની લબ્ધિ પણ હોય છે. મનુષ્યોને સાતે હોય છે. વ્યંતર જ્યોતિષી અને વૈમાનિકોને પહેલા પાંચ હોય છે. ૧૩૧૨

હવે કેવલિસમુદ્ઘાતની સૂત્રકાર જાતે વ્યાખ્યા કરે છે.

केवलिय समुग्घाओ पढमे समयंमि विरयए दंडं ।
बीए पुणो कवाडं मंथाणं कुणइ तइयंमि ॥१३१३॥
लोयं भरइ चउत्थे पंचमए अंतराइं संहरइ ।
छट्ठे पुण मंथाणं हरइ कवाडंपि सत्तमए ॥१३१४॥
अट्ठमए दंडंपि हु उरलंगो पढमचरम समएसुं ।
सत्तमछट्ठबिइज्जेसु होइ ओराल मिस्सेसो ॥१३१५॥
कम्मणसरीरजोई चउत्थए पंचमे तइज्जे य ।
जं होइ अणाहारो सो तंमि तिगेऽवि समयाणं ॥१३१६॥

કેવલિસમુદ્ઘાતમાં પહેલા સમયે દંડ રચે છે. બીજા સમયે કપાટ, ત્રીજા સમયે મંથાન કરે છે, ચોથા સમયે લોકને પૂરે છે, પાંચમા સમયે આંતરાઓને સંહરે છે, છટ્ઠા સમયે મંથાન સંહરે છે, સાતમા સમયે કપાટને સંહરે છે, આઠમા સમયે દંડને પણ સંહરે છે.

પહેલા અને છેલ્લા સમયે ઔદારિક શરીરી હોય છે. સાતમા-છટ્ઠા અને બીજા સમયે ઔદારિક મિશ્ર શરીરી હોય છે ચોથા પાંચમા ત્રીજા સમયે કાર્મણ શરીર યોગી હોય છે અને આ ત્રણ સમયોમાં જીવ અણાહારી હોય છે.

કેવલિ સમુદ્ઘાતનું પ્રતિપાદન કરે છે. એમાં જ્યારે અંતમુહુર્ત આયુષ્ય બાકી રહે ત્યારે કેવલિ ભગવાન કેટલાક કર્મોને સરખા કરવા માટે સમુદ્ઘાત કરે છે, જેમને આયુષ્યકર્મ કરતાં વેદનીય વિગેરે કર્મો વધારે હોય છે. તેઓ આ સમુદ્ઘાત કરે છે. બીજાઓ આ સમુદ્ઘાત કરતાં નથી.

સમુદ્ઘાત કરતાં, પહેલા સમયે જાડાઈથી પોતાના શરીર પ્રમાણનો અને ઉપર નીચે લોકાંત સુધીનો આત્મપ્રદેશોને દંડ આકારે ફેલાવીને દંડની રચના કરે છે. બીજા સમયે તે જ દંડને પૂર્વ–પશ્ચિમ અથવા ઉત્તર–દક્ષિણ પણ આત્મપ્રદેશોને બે પડખામાં ફેલાવવા વડે લોકાંત સુધીનું લાંબુ કપાટ આકારના જેવું કપાટ કરે છે. ત્રીજા સમયે તે જ કપાટને ઉત્તર–દક્ષિણ અથવા પૂર્વ–પશ્ચિમ બે દિશામાં ફેલાવવા વડે મંથાન જેવા આકારનું મંથાનલોકાંત સુધીનું લાંબુ રચે છે, એ પ્રમાણે લોકનો ઘણો ભાગ પૂર્યો કહેવાય. પણ મંથાનના આંતરા પૂરેલા હોતા નથી. કેમકે જીવપ્રદેશો અનુશ્રેણીએ જતા હોય છે માટે ચોથા સમયે તે મંથાનના આંતરાઓ લોકના નિષ્કુટો સાથે પૂરે છે અને સમસ્ત લોકને આત્મપ્રદેશો વડે પૂરી દે છે તે પછી પાંચમા સમયે ઉલટા ક્રમે

## કેવળી સમુદ્ઘાત


દંડાકાર
પ્રથમ/સાતમો સમય
પૂર્વ પશ્ચિમ કપાટ
બીજો/છઠ્ઠો સમય
મંથન આકાર
ત્રીજો/પાંચમો સમય
લોકપૂર્તિ આકાર
ચોથો સમય

મંથાનના આંતરાઓ સંહરે છે. એટલે મંથાનના આંતરામાં કર્મસહિત ફેલાવેલા જીવ પ્રદેશોનો સંકોચ કરે છે. છઠ્ઠા સમયે મંથાનનો સંકોચ કરે છે. કારણ કે ગાઢતર ઘનતર સંકોચ છે માટે, સાતમા સમયે કપાટનું પણ સંહરણ કરે છે. આત્મદંડમાં સંકોચ થાય છે માટે, આઠમા સમયે દંડને પણ સંહરી પોતાના શરીરમાં જ સ્થિર થાય છે. એ પ્રમાણે આઠ સમય પ્રમાણનો કેવલિસમુદ્ઘાત છે. એ આઠે સમયોમાં કેવલિ વેદનીય, નામ, ગોત્ર, કર્મના ઘણા પુદ્ગલોનો ક્ષય કરે છે.

હવે સમુદ્ઘાતમાં કયા-કયા યોગોનો ઉપયોગ વ્યાપાર હોય છે તે વિચારે છે. મન-વચન-કાયા એ ત્રણ યોગો છે. તેમાં ફકત કાયયોગનો જ સમુદ્ઘાતમાં ઉપયોગ થાય છે. મન-વચન યોગનો પ્રયોજન ન હોવાથી ઉપયોગ નથી.

પહેલાં અને છેલ્લા એ બે સમયે ઔદારિકકાયયોગ હોય છે, કારણ કે ઔદારિક કાયયોગના વ્યાપારની પ્રધાનતા હોવાથી ઔદારિકકાયયોગ યુક્ત જ હોય છે.

સાતમા-છઠ્ઠા અને બીજા સમયે ઔદારિકમિશ્રકાયયોગ હોય છે. સમુદ્ઘાતને પામેલ ઔદારિકકાયમાં અને બહાર તેમાંથી કાર્મણકાયયોગ વીર્યનું અનુભવન હોવાથી ઔદારિક કાર્મણ મિશ્રકાયયોગ યુક્ત હોય છે.

ચોથા, પાંચમા અને ત્રીજા સમયે ઔદારિક શરીરની બહાર અતિ ઘણા આત્મ-પ્રદેશોનો વ્યાપાર હોવાથી કાર્મણ શરીર યોગવાળો જ હોય છે, કારણ કે તે વખતે ફક્ત તે કાર્મણ શરીરની ક્રિયા હોય છે. આથી તે ત્રણ સમયોમાં કાર્મણ કાયયોગી અણાહારી હોય છે જે [1]અણાહારી હોય છે. તે નિયમા ફક્ત કાર્મણ કાયયોગી જ હોય છે. ૧૩૧૩-૧૩૧૬

## ૨૩૨. છ પર્યાપ્તિ

**आहार १ शरीरिं २ दिय ३ पज्जत्ती ४ आणपाण ४ भास ५ मणे ६ ।**
**चत्तारि पंच छप्पिय एगिंदिय विगलसन्नीणं ॥१३१७॥**

**આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસોશ્વાસ, ભાષા અને મન એ છ પર્યાપ્તિ છે, એકેન્દ્રિયને ચાર વિકલેન્દ્રિયને પાંચ અને સંજ્ઞિ પંચેન્દ્રિયને છ પર્યાપ્તિ હોય છે.**

ગ્રહણ કરેલા આહાર વિગેરે પુદ્ગલોને પરિણમાવવા માટેની આત્માની જે શક્તિ વિશેષ તે પર્યાપ્તિ. તે શક્તિ પુદ્ગલોનો જથ્થો ભેગો થવાથી ઉત્પન્ન થાય છે. આનો ભાવાર્થ આ પ્રમાણે છે.

૧. જે અણાહારી હોય તે કાર્મણ કાયયોગી જ હોય પણ કાર્મણ કાયયોગી અણાહારી જ હોય. તેવો નિયમ નથી કારણ કે ઉત્પત્તિના પહેલા સમયે જીવ કાર્મણકાયથી આહાર કરે છે.

જીવ ઉત્પત્તિ સ્થાને આવીને પ્રથમ જે ગ્રહણ કરેલા પુદ્ગલો તેને તથા બીજા પણ દરેક સમયે ગ્રહણ કરાતા પુદ્ગલોનો તેના સંપર્કથી તે રૂપે થયેલાઓની જે શક્તિ તે પર્યાપ્તિ કહેવાય છે.

જે આહાર વિગેરેના પુદ્ગલોને ખલ અને રસ વિગેરે રૂપ બનાવવાના કારણરૂપ તે પર્યાપ્તિ. જે પેટમાં રહેલા પુદ્ગલ વિશેષોના આહાર પુદ્ગલોને ખલ રસરૂપે પરિણમાવવામાં કારણરૂપ જે શક્તિ વિશેષ તે પર્યાપ્તિ, તે આહારપર્યાપ્તિ. શરીરપર્યાપ્તિ, ઇન્દ્રિયપર્યાપ્તિ, શ્વાસોશ્વાસપર્યાપ્તિ, ભાષાપર્યાપ્તિ અને મનપર્યાપ્તિ—એમ છ પ્રકારે છે.

૧. તેમાં જે શક્તિ વડે જીવ, બહારનો આહાર લઈ ખલરૂપે કે રસરૂપે પરિણમાવે તે આહારપર્યાપ્તિ.

૨. જે રસરૂપે થયેલ આહારને રસ, લોહી, અસૃગ, માંસ, ચરબી, હાડકા મજ્જા અને શુક્ર એમ સાત ધાતુરૂપે પરિણમાવે તે શરીરપર્યાપ્તિ.

૩. જે ધાતુરૂપે પરિણમેલ આહારમાંથી એક, બે, ત્રણ, ચાર અથવા પાંચ ઇન્દ્રિય યોગ્ય દ્રવ્યોને લઈ એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય વિગેરે રૂપે પરિણમાવે તે ઇન્દ્રિય-પર્યાપ્તિ.

૪. જેના વડે ઉચ્છ્વાસ યોગ્ય વર્ગણામાંથી તેના દળિયાઓ લઈ શ્વાસોચ્છ્વાસ રૂપે પરિણમાવી એનું આલંબન લઈને છોડે, તે શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિ.

૫. જેના વડે ભાષા યોગ્ય દલિકોને લઈ ભાષારૂપે પરિણમાવી અને તેનું આલંબન લઈ છોડે તે ભાષાપર્યાપ્તિ.

૬. જેના વડે મનોયોગ્ય વર્ગણામાંથી દળિયા લઈ મનરૂપે પરિણમાવી એનું આલંબન લઈને છોડે તે મનપર્યાપ્તિ.

**પ્રશ્ન** :–શું બધાયે જીવોને આ બધીયે પર્યાપ્તિઓ હોય છે ?

**જવાબ** :–બધાય જીવોને બધી પર્યાપ્તિઓ નથી હોતી પણ, યથાયોગ્યપણે હોય છે તે આ પ્રમાણે. એકેન્દ્રિયોને ભાષા અને મનનો અભાવ હોવાથી પહેલી ચાર પર્યાપ્તિઓ હોય છે. અહીં જે મન વગરના હોય તે વિકલેંદ્રિય તરીકે જાણવા. આથી બેઇંદ્રિય, તેઇન્દ્રિય, ચૌરિન્દ્રિય અને અસંજ્ઞિપંચેન્દ્રિય વિકલેંદ્રિયરૂપે ગણી શકાય છે. તે વિકલેંદ્રિયોને પહેલી પાંચ પર્યાપ્તિઓ હોય છે. તેમને મન ન હોવાથી મનપર્યાપ્તિ હોતી નથી.

સંજ્ઞિપંચેન્દ્રિયોને છ પર્યાપ્તિઓ હોય છે. કારણ કે તેમને મન હોય છે. પોતપોતાના યોગ્ય આ પર્યાપ્તિવડે અપર્યાપ્તાપણામાં જેઓ મરણ પામે છે. તેઓ પણ પહેલી ત્રણ પર્યાપ્તિઓ પૂરી કરી, તે પછી અંતર્મુહુર્ત કાળે આયુષ્ય બાંધી ત્યારબાદ અબાધાકાળ રૂપ અંતર્મુહુર્ત સુધી જીવીને જ મરે છે. ૧૩૧૭

**હવે પર્યાપ્તિઓને રચવાનો કાળ કહે છે.**

**पढमा समयपमाणा सेसा अंतोमुहुत्तिया य कमा ।**
**समगंपि हुंति नवरं पंचम छठ्ठा य अमरणं ॥१३१८॥**

**પહેલી પર્યાપ્તિ એક સમય પ્રમાણની છે. બાકીની પર્યાપ્તિનો ક્રમસર દરેકનો અંતર્મુહુર્ત કાળ છે. પરંતુ દેવોને પાંચમી અને છટ્ઠી સાથે હોય છે.**

પહેલી આહારપર્યાપ્તિ એક સમય પ્રમાણની છે. બાકીની શરીર પર્યાપ્તિ વિગેરે પાંચ પર્યાપ્તિઓનો દરેકનો ક્રમસર અંતર્મુહુર્તનો કાળ છે. આનો ભાવાર્થ આ પ્રમાણે છે. આ બધી પર્યાપ્તિઓને ઉત્પત્તિના પહેલા સમયે જ જીવ એકી સાથે પોતાને યોગ્ય પર્યાપ્તિ રચવાનો પ્રારંભ કરે છે અને ક્રમસર સંપૂર્ણ કરે છે. તે આ પ્રમાણે પહેલાં આહારપર્યાપ્તિ, તે પછી શરીરપર્યાપ્તિ, ઇન્દ્રિયપર્યાપ્તિ વિગેરે. આમાં સૌથી પ્રથમ આહારપર્યાપ્તિ પહેલા સમયે જ પૂર્ણ કરે છે. બાકીની પાંચેને અંતર્મુહુર્ત કાળે ક્રમસર પૂર્ણ કરે છે.

**પ્રશ્ન**:–આહારપર્યાપ્તિ પહેલા સમયેજ પૂરી કરે છે એમ શી રીતે જાણી શકાય ?

**ઉત્તર** : ભગવાન આર્યશ્યામાચાર્યજીએ પ્રજ્ઞાપનામાં આહારપદના દ્વિતીય ઉદ્દેશામાં આ પ્રમાણે સૂત્ર કહ્યું છે.

"आहार पज्जत्तीए अपज्जतए णं भते ! किं आहारए अणाहारए ? ગોયમાનો आहारए" (પ્ર. ૨૮ સૂ. ૧૯૫)

હે ભગવન્ ! આહારપર્યાપ્તિની અપૂર્ણતામાં જીવ આહારક હોય કે અનાહારક હોય ?

હે ગૌત્તમ ! અનાહારક" હોય.

તેથી આહારપર્યાપ્તિએ અપર્યાપ્તો વિગ્રહગતિમાં જ પ્રાપ્ત થાય છે. પણ ઉત્પત્તિ ક્ષેત્રે આવેલ જીવ નહીં. કારણ કે ઉત્પત્તિ ક્ષેત્રે આવેલ પહેલાં સમયે જ આહારી થાય છે, માટે આહારપર્યાપ્તિની પૂર્ણતા એક સમયની છે. જો ઉત્પત્તિ ક્ષેત્રમાં આવ્યા પછી પણ જીવ આહારપર્યાપ્તિએ અપર્યાપ્ત હોય, તો વ્યાકરણ એટલે પ્રશ્નોત્તર સૂત્રમાં આ પ્રમાણે કહ્યું હોત કે "सिय आहारए सिय अणाहारए" "આહારક હોય અને અનાહારક પણ હોય" જેમ શરીર પર્યાપ્તિ વિગેરેમાં કહ્યું છે કે "सिय आहारए सिय अणाहारए" એ પ્રમાણે કહ્યું હોત. આહારપર્યાપ્તિ સિવાય બધીયે પર્યાપ્તિનો સંપૂર્ણ થવાનો કાળ અંતર્મુહુર્ત પ્રમાણનો છે. આ ગાથામાં પર્યાપ્તિનો કાળ સામાન્યથી કહ્યો છે. છતાં પણ ઔદારિક શરીરવાળાને જ જાણવો. વૈક્રિયઆહારક શરીરવાળાને તો આહાર ઇન્દ્રિય, શ્વાસોશ્વાસ, ભાષા અને મન–એ પાંચે પર્યાપ્તિઓ એક–એક સમયે પૂરી થાય છે અને શરીર પર્યાપ્તિ અંતર્મુહુર્તકાળ હોય છે. કહ્યું છે કે "વૈક્રિયઆહારક શરીરવાળાને શરીર સિવાય પાંચે એક સમયની છે. ઔદારિક શરીરમાં પાંચે અલગ અંતર્મુહુર્ત પ્રમાણની છે અને આહાર પર્યાપ્તિ એક સમયની છે."

હવે દેવોમાં જે વિશેષતા છે તે કહે છે. ફક્ત પાંચમી અને છઠ્ઠી ભાષા અને મનપર્યાપ્તિ-એ બે પર્યાપ્તિઓ દેવોને એક સાથે પૂર્ણ થાય છે. કોઈપણ અભિપ્રાયથી વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ (ભગવતી સૂત્ર.) વિગેરે ગ્રંથોમાં દેવોને આ બે પર્યાપ્તિઓ એક રૂપે જણાવી છે. એ વ્યાખ્યા પ્રજ્ઞપ્તિનો ટીકા-પાઠ આ પ્રમાણે છે. "પાંચ પ્રકારે પર્યાપ્તિઓ વડે" પર્યાપ્તિઓ એટલે આહાર-શરીર વિગેરેની સંપૂર્ણ રચના. તે બીજા સ્થળોએ છ કહી છે. અહીં પાંચ પ્રકારે કહી છે. ભાષા અને મનપર્યાપ્તિઓ બહુશ્રુતોના અભિપ્રાય મુજબ કોઈપણ કારણે એકરૂપે વિવક્ષા કરી છે. (ભગવતીટીકા (શ. ૩ ઉ. ૧. સૂ. ૧૨૯) ૧૩૧૮

## ૨૩૩. "ચાર અણાહારી"

**विग्गह गइमावन्ना केवलिणो समोहया अजोगी य ।**
**सिद्धा य अणाहारा सेसा आहारगा जीवा ॥१३१९॥**

**વિગ્રહગતિમાં રહેલાઓ; કેવલિસમુદ્ઘાતમાં રહેલા કેવલીઓ, અયોગીકેવલિઓ અને સિદ્ધો અણાહારી, બાકીના જીવો આહારી છે.**

વિગ્રહગતિ એટલે એક ભવથી બીજા ભવમાં વક્રગતિએ જવું તે ૧. વિગ્રહગતિમાં રહેલા બધાયે જીવો, ૨. કેવલિ સમુદ્ઘાત કરેલ કેવલિઓ, ૩. શૈલેશી અવસ્થામાં રહેલ કેવલિઓ, ૪. આઠ કર્મોનો ક્ષય કરેલ સિદ્ધ ભગવંતો-આ બધાયે અણાહારી જીવો છે. એ ચાર સિવાયના બાકીના બધાયે આહારી જીવો છે.

પરભવમાં જતા જીવની ગતિ બે પ્રકારની છે. ઋજુગતિ અને વિગ્રહગતિ.

જ્યારે મરણ સ્થાનથી ઉત્પત્તિ સ્થાને સમશ્રેણીએ સીધો જ જાય છે ત્યારે ઋજુ ગતિ થાય છે. તે એક સમયની છે. સમશ્રેણીમાં ઉત્પત્તિ સ્થાન રહેલ હોવાથી પહેલા સમયે જ તે સ્થાન પ્રાપ્ત કરી લે છે આથી આ સમશ્રેણીમાં જીવ નિયમાઆહારક હોય છે. કારણ છોડાતા અને ગ્રહણ કરાતા શરીરને છોડવામાં અને ગ્રહણ કરવાની વચ્ચે સમયોનું આંતરું ન હોવાથી આહારનો વ્યવચ્છેદ થતો નથી.

મરણસ્થાનથી ઉત્પત્તિ સ્થાન વાંકી-વક્રશ્રેણીએ હોય, ત્યારે વિગ્રહગતિ થાય છે. વક્રશ્રેણી આંતરારૂપે હોવાથી વિગ્રહરૂપે ઓળખાયેલ ગતિ વિગ્રહગતિ કહેવાય છે. વિગ્રહ-ગતિમાં ઉત્પન્ન થયેલા ઉત્કૃષ્ટથી ત્રણ સમય સુધી અનાહારક હોય છે. તે આ પ્રમાણે આ વક્રગતિમાં રહેલો જીવ એક, બે, ત્રણ, ચાર વળાંકવડે ઉત્પત્તિ સ્થાને આવે છે. તેમાં એક વક્રગતિમાં રહેલા જીવને બે સમયો હોય છે તે બંને સમયમાં આહારક હોય છે. તે આ પ્રમાણે.

પહેલા સમયે આગળનું શરીર છોડતા તે સમયે તે શરીરને યોગ્ય કેટલાંક પુદ્ગલો અને જીવનો યોગ હોવાથી લોમાહારના કારણે સંબંધમાં આવે છે. ઔદારિક, વૈક્રિય, આહારક શરીરના પુદ્ગલોને લેવા તે આહાર કહેવાય. તેથી પહેલા સમયે આહારી હોય છે. બીજા સમયે ઉત્પત્તિ સ્થળે તે ભવયોગ્ય શરીર પુદ્ગલો લેતો હોવાથી આહારી કહેવાય.

બે વળાંકવાળી ગતિમાં ત્રણ સમયો હોય છે. એમાં પહેલા અને છેલ્લા સમયે ઉપર મુજબ આહારક હોય છે. અને વચ્ચેના સમયે અણાહારી હોય છે.

ત્રણ વક્રવાળી ગતિમાં ચાર સમયો હોય છે. ઉપરના મતે આ પ્રમાણે છે. ત્રસનાડીની બહાર નીચેના ભાગેથી અથવા ઉપરના ભાગેથી નીચેના ભાગે ઉત્પન્ન થનાર જીવને વિદિશામાંથી દિશામાં અથવા દિશામાંથી વિદિશામાં જ્યારે ઉત્પન્ન થાય ત્યારે એક સમયમાં વિદિશામાંથી દિશામાં જાય છે. બીજા સમયે ત્રસનાડીમાં પ્રવેશે છે. ત્રીજા સમયે ઉપર અથવા નીચે જાય છે. અને ચોથા સમયે બહાર ઉત્પન્ન થાય છે. દિશામાંથી વિદિશામાં ઉત્પત્તિના પહેલા સમયે ત્રસનાડીમાં પ્રવેશે છે બીજા સમયે ઉપર અથવા નીચે જાય છે. ત્રીજા સમયે બહાર જાય છે. ચોથા સમયે વિદિશામાં ઉત્પન્ન થાય છે. અહીં પણ પહેલા અને છેલ્લા સમયે આગળની જેમ આહારક હોય છે. વચ્ચેના બે સમયે અણાહારી હોય છે.

ચાર વળાંકવાળી ગતિમાં પાંચ સમયો હોય છે. તે જીવ જ્યારે ત્રસનાડીની બહાર જ વિદિશામાંથી વિદિશામાં ઉત્પન્ન થતી વખતે હોય છે. તેની વિચારણા આગળની જેમ સમજવી. અહીં પણ પહેલો અને છેલ્લો સમય આહારી હોય છે. અને ત્રણ સમયોમાં અણાહારી હોય છે.

કેવલિઓને આઠ સમયવાળા સમુદ્ઘાતમાં ત્રીજા–ચોથા–પાંચમા સમયે ફક્ત કાર્મણકાયયોગવાળો હોવાથી ત્રણ સમયો અણાહારી હોય છે.

શલેશી અવસ્થામાં અયોગીઓને હ્રસ્વ પાંચ અક્ષર ઉચ્ચારણ પ્રમાણ કાળમાં અનાહારીપણું હોય છે.

સિદ્ધો સાદિ અનંતકાળ સુધી અનાહારી હોય છે. ૧૩૧૯

# ૨૩૪. "સાત ભય સ્થાનો"

इह १ परलोया २ ऽऽयाणा ३ मकम्ह ४ आजीव ५ मरण ६ मसिलोए ७ ।
सत्त भयट्ठाणाइं इमाइं सिद्धंतभणियाइं ।।१३२०।।

ઇહલોકભય, પરલોકભય, આદાનભય, અકસ્માતભય, આજીવિકાભય, મરણભય, અશ્લોકભય–આ સાત ભય સ્થાનો સિદ્ધાંતમાં કહ્યા છે.

ભયમોહનીય પ્રકૃતિથી ઉત્પન્ન થયેલ આત્માનો જે પરિણામ તે ભય. તે ભયના સ્થાનો એટલે કારણો તે ભયસ્થાનો.

૧. **ઇહલોકભય** :– મનુષ્ય વિગેરેને પોતાના સજાતિય બીજા મનુષ્ય વિગેરેથી જે ભય થાય તે ઈહલોકભય. અધિકૃત ભયવાળા જીવની, જીવની જાતિમાં જે લોક, તે ઈહલોક. તે ઈહલોકથી ભય તે ઈહલોકનો ભય. આ પ્રમાણે વ્યુત્પત્તિ થાય છે.

૨. **પરલોકભય** :– એટલે વિજાતિય તિર્યંચ, દેવ વિગેરે રૂપ પર જાતિથી મનુષ્યો વિગેરેને જે ભય તે પરલોકભય.

૩. **આદાનભય** :– એટલે જે ગ્રહણ કરાય તે આદાન. એનો ભાવ એવો છે કે, તેના માટે મારી પાસેથી આ–આ વસ્તુ લઈ લે છે. એવો જે ભય તે આદાનભય. જેમકે ચોર વિગેરે તરફથી જે ભય તે આદાનભય.

૪. **અકસ્માતભય** :– બાહ્ય કારણ વગર ઘર વિગેરેમાં જ રહેલા રાત્રિ વિગેરેમાં જે બીક લાગે તે અકસ્માતભય.

૫. **આજીવિકાભય** :– "ધન–ધાન્ય વિગેરે વિના હું દુકાળમાં શી રીતે જીવીશ ?" એ પ્રમાણે દુકાળ પડવા વિગેરેનું સાંભળી જે ભય તે આજીવિકાભય.

૬. **મરણભય** :– નૈમિત્તિક એટલે જ્યોતિષી વિગેરેએ કહ્યું હોય કે, "તું હમણાં મરી જઈશ" એ સાંભળી જે ભય થાય તે મરણભય.

૭. **અશ્લોકભય** :– ખરાબ કામ કરવા તૈયાર થયેલાને વિવેક કરતા લોકનિંદાને વિચારી જે ભય લાગે, તે અશ્લોક એટલે નિંદાનો ભય તે અશ્લોકભય. ૧૩૨૦

## ૨૩૫. "અપ્રશસ્ત છ ભાષાઓ"

**हीलय १ खिसिय २ फरुसा ३ अलिआ ४ तह गारहत्थिया भासा ५ ।**
**छट्ठी पुण उवसंताहिगरण उल्लास संजणणी ६ ॥१३२१॥**

**હીલિતા, ખિંસિતા, પરુષ, અલિક એટલે જુઠ, ગૃહસ્થીભાષા અને છટ્ઠી ઉપશાંત અધિકરણ એટલે કલહને જગાડનારી એ અપ્રશસ્તભાષા છે.**

જે બોલાય તે ભાષા એટલે વચનો તેમાં જે ભારે કર્મ બંધ કરનારા હોવાથી અશોભિત છે માટે તે અપ્રશસ્ત ભાષારૂપે કહેવાય છે. તે અપ્રશસ્તભાષા હીલિતા વિગેરે ભેદે છ પ્રકારે છે.

૧. હીલિતા એટલે અસૂયાપૂર્વક અવગણના કરતો બોલે કે, હે વાચક ! હે જ્યેષ્ઠાચાર્ય વિગેરે હીલનાકારક વચનો બોલવા.

૨. ખિંસિતા એટલે જાતિ અથવા કાર્ય વિગેરે પ્રગટ કરવાવડે તિરસ્કારકારક વચનો બોલવા તે ખિંસિતાભાષા છે.

૩. પરુષ એટલે કઠોરભાષા. જેમકે હે દુષ્ટ શિષ્ય...! વિગેરેરૂપ કર્કશ કઠોર વચનો બોલવા તે પરુષભાષા.

૪. અલીકા એટલે જૂઠીભાષા. જેમકે શું તું દિવસે જાય છે? વિગેરે પ્રશ્નના જવાબમાં કહે કે, "ના હું દિવસે જવાનો નથી" વિગેરે જુઠું કહે.

૫. ગૃહસ્થીભાષા એટલે ગૃહસ્થોની જે ભાષા તે ગાર્હસ્થીભાષા જેમકે મારો દિકરો મારો ભણેજ વિગેરેરૂપે છે.

૬. ઉપશાંતઅધિકરણ ઉલ્લાસ સંજનની એટલે શાંત પડેલ અધિકરણ, એટલે કલહ–ક્લેશ ઝઘડા વિગેરેને ઉલ્લાસ કરનાર એટલે સારી રીતે ફેલાવનાર અને જગાડનાર ભાષા એ છઠ્ઠી ઉપશાંતાધિકરણ ઉલ્લાસને ઉત્પન્ન કરનાર ભાષા છે. ૧૩૨૧

## ૨૩૬. "અણુવ્રતોના ભાંગા"

**दुविहा २ अट्ठविहा वा ८ बत्तीसविहा य ३२ सत्तपणतीसा ७३५ ।**
**सोलस य सहस्स भवे अट्ठ सयट्ठोत्तरा १६८०८ वइणो ॥१३२२॥**

**બે પ્રકારે, આઠ પ્રકારે, બત્રીસ પ્રકારે, સાતસો પાંત્રીસ પ્રકારે, સોલહજાર આઠસો આઠ પ્રકારે વ્રતધારીઓ હોય છે.**

નિયમ વિશેષરૂપ જેમને વ્રતો હોય તે વ્રતિ કહેવાય છે. એટલે શ્રાવક કહેવાય છે. તે આગળ કહેવાશે. એ પ્રમાણે બે પ્રકારના (૨) અથવા આઠ પ્રકારના (૮) અથવા બત્રીસ પ્રકારના (૩૨) અથવા સાતસો પાંત્રીસ પ્રકારના (૭૩૫) અથવા સોળહજાર આઠસોઆઠ (૧૬૦૮૦૮) પ્રકારના શ્રાવકો હોય છે. અહીં વ્રતધારી એ પ્રમાણે કહેવાથી સામાન્યરૂપે શ્રાવકો લેવાય છે. નહીં કે દેશવિરતિધરો જ, કેમકે અવિરત સમ્યગ્દૃષ્ટિઓને સમ્યક્ત્વ સ્વીકારરૂપ નિયમ હોય છે. ૧૩૨૨

**હવે આ ભેદોની વ્યાખ્યા કરવાની ઇચ્છાથી પહેલા ત્રણ ભેદોની વ્યાખ્યા કરે છે.**

**दुविहा विरयाविरया दुविहंतिविहाइणट्ठहा हुंति ।**
**वयमेगेगं छव्विह गुणियं दुगमिलिय बत्तीसं ॥१३२३॥**

**વિરત અને અવિરત-એમ બે પ્રકારે દ્વિવિધ, ત્રિવિધ વિગેરે ભેદે આઠ પ્રકારે થાય છે. એકેક વ્રત છ પ્રકારે ગુણતા અને બે ઉમેરતા બત્રીસ પ્રકારો થાય છે.**

બે પ્રકારના શ્રાવકો વિરત અને અવિરત એમ બે ભેદે છે. જેમને દેશવિરતિ સ્વીકારી હોય, તે વિરત અને જેમને ક્ષાયિક વિગેરે સમ્યક્ત્વ સ્વીકાર્યું હોય, તે અવિરત. જેમકે સત્યકી, શ્રેણીક, કૃષ્ણ વિગેરે. કરવા, કરાવવારૂપ બે પ્રકારે દ્વિવિધ અને મન, વચન, કાયરૂપ, ત્રિવિધ એમ એક ભાંગો જેની શરૂઆતમાં છે તે દ્વિવિધ-ત્રિવિધ વિગેરે આઠ ભાંગાઓનો સમૂહ હોવાથી આઠ પ્રકારના શ્રાવકો થાય છે. કહ્યું છે કે, પહેલો ભાંગો દ્વિવિધ-ત્રિવિધ, બીજો દ્વિવિધ-દ્વિવિધ હોય છે. ત્રીજો એકવિધ-દ્વિવિધ, ચોથો એકવિધ ત્રિવિધ, પાંચમો એકવિધ દ્વિવિધ, છટ્ઠો એકવિધ એકવિધ સાતમો ઉત્તરગુણવાળો અને આઠમો અવિરત હોય છે.

૧. શ્રાવકોના વ્રતના ઘણા ભાંગાઓ હોવાથી કોઈપણ વ્રત સ્વીકારવાની ઈચ્છાવાળો કંઈક સ્વીકારે છે. તેમાં કરવા-કરાવવારૂપ બે પ્રકારે દ્વિવિધ, મન, વચન, કાયાવડે ત્રણ પ્રકારે ત્રિવિધ. એમ પહેલો ભાંગો એની વિચારણા આ પ્રમાણે છે. જાતે સ્થૂલહિંસા વિગેરે ન કરે. બીજા પાસે ન કરાવે મનથી, વચનથી, કાયાથી-આમાં અનુમતીનો નિષેધ નથી. કારણ કે સંતાન વિગેરેનો પરિગ્રહ વિદ્યમાન હોવાથી તેમના વડે કરાયેલ હિંસા વિગેરે કાર્યોમાં તેની અનુમતી મળે છે. જો એ પ્રમાણે ન હોય તો પરિગ્રહ અપરિગ્રહની અવિશેષતા થવાથી દિક્ષીત અને અદીક્ષિત વચ્ચે કોઈ ભેદ રહેશે નહીં.

વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ વિગેરેમાં જે શ્રાવકોને ત્રિવિધે-ત્રિવિધે પચ્ચક્ખાણ કહ્યું છે તે વિશેષ વિષયાનુસારેની અપેક્ષાએ જાણવું. કહ્યું છે કે જે ખરેખર દીક્ષા લેવાની ઈચ્છાવાળો હોય, પણ પુત્ર વિગેરે સંતતિના પાલન માટે રોકાવાથી-વિલંબ થવાથી શ્રાવકની પ્રતિમાનો સ્વીકાર કરે અથવા જે વિશેષ (પ્રકારે) સ્વયંભૂરમણ વિગેરે સમુદ્રમાં રહેલા માછલાનું માંસ, હાથીદાંત, ચિત્તાનું ચામડું વિગેરેની સ્થૂલહિંસા વિગેરેનું કોઈક અવસ્થા વિશેષે પચ્ચક્ખાણ કરે છે તે જ ત્રિવિધ-ત્રિવિધનું પચ્ચક્ખાણ કરે છે, એ અલ્પવિષય હોવાથી અહીં એની વિવક્ષા કરી નથી.

દ્વિવિધ-દ્વિવિધએ બીજો ભાંગો. આ બીજા ભાંગાના ઉત્તર ભાંગા ત્રણ થાય છે. સ્થૂલહિંસા વિગેરે ન કરે, ન કરાવેએ દ્વિવિધ ભાંગાના ૧. મન વચનવડે, ૨. મન કાયાવડે અને ૩. વચન કાયાવડે.

૧. જ્યારે મન-વચન વડે કરે નહીં અને કરાવે નહીં ત્યારે મનવડે ઉપયોગ-અભિસંધિ વગર જ અને વચનથી બોલ્યા વગર જ ફક્ત કાયાવડે અસંજ્ઞીની જેમ દુષ્ચેષ્ટા વિગેરે કરે છે.

૨. મન અને કાયાવડે કરે નહીં અને કરાવે નહીં ત્યારે મનવડે ઉપયોગ વગર જ અને કાયાવડે દુષ્ચેષ્ટા વિગેરેનો ત્યાગ કરતો અનાભોગથી વાણીવડે જ "હું હણું છું, હું ઘાત કરૂં છું વિગેરે બોલે.

૩. જ્યારે વચન કાયાવડે ન કરું ન કરાવું, ત્યારે મનવડે જ ઉપયોગપૂર્વક કરે કરાવે છે. અનુમતી તો ત્રણે પ્રકારે બધે સ્થળે જ છે. એ પ્રમાણે બીજા ભાંગાઓ પણ વિચારવા.

૩. દ્વિવિધ એકવિધ :– આમાં પણ ઉત્તરભાંગા ત્રણ થાય છે. દ્વિવિધ કરવું અને કરાવવું ૧. એક પ્રકારે મનવડે, ૨. વચનવડે અને ૩. કાયાવડે.

૪. એકવિધ ત્રિવિધ :– અહીં પેટાભાંગા બે થાય. એક પ્રકારે કરવું તે મનવડે, વચનવડે અને કાયાવડે અથવા એક પ્રકારે કરાવવું મનવડે, વચનવડે અને કાયાવડે.

૫. એકવિધ દ્વિવિધ :– આના ઉત્તરભેદો છ થાય છે. એકવિધ કરવું તે. ૧. મનવડે વચનવડે, ૨. મનવડે કાયાવડે, ૩. વચનવડે કાયાવડે અથવા એકવિધે કરાવવું તે. ૧. મનવચનવડે, ૨. મનકાયાવડે, ૩. અને વચનકાયાવડે એમ છ ભાંગા થાય.

૬. એકવિધ એકવિધ :– એ છટ્ઠો મૂળભાંગો આના પણ ઉત્તરભેદો છ થાય છે. એક પ્રકારે કરવું. ૧. મનવડે, ૨. વચનવડે, ૩. કાયાવડે અથવા એક પ્રકારે કરાવવું. ૧. મનવડે, ૨. વચનવડે, ૩. કાયાવડે આ પ્રમાણે છ મૂળભાંગા થયા, છ મૂળભાંગાના ઉત્તરભાંગા બધા મળીને ૧ + ૩ + ૩ + ૨ + ૬ + ૬ = એકવીસ ( ૨૧ ) થાય છે.

दुविहतिविहाइ छब्विह तेसिं भेया कमेणिमे हुंति पढमेक्कोदुन्नि तिया दुगेग दो छक्क इगवीसं ॥

"દ્વિવિધ ત્રિવિધ વિગેરે છ ભાંગાના ભેદો ક્રમસર આ પ્રમાણે થાય છે. પહેલાનો એક ભેદ ૧. બે ભાંગાના ત્રણ–ત્રણ ભેદ, ચોથાના બે ભેદ, અને છેલ્લા બે ના છ–છ ભેદ છે એમ કુલ એકવીસ ભેદ થાય છે."

આગળ કહેલા જ દ્વિવિધ–ત્રિવિધ વિગેરે છ ભાંગાઓની સ્થાપના કરે છે. તે છ ભાંગાઓના ક્રમસર આ પેટાભેદો થાય છે. તે આ પ્રમાણે પહેલા એકની સ્થાપના કરવી. તે પછી ક્રમસર બે ત્રગડા (૩) ની સ્થાપના, તે પછી એક બગડો (૨) તે પછી બે છગડા (૬) લખવા.

આગળ કહેલી ષટ્ભંગીના પહેલા ભાંગાનો એક જ ભેદ, બીજા ભાંગામાં ઉત્તરભેદો ત્રણ છે. ત્રીજાભાંગામાં પણ ત્રણ છે. ચોથા ભાંગામાં બે ભેદો, પાંચમામાં છ અને છટ્ઠામાં પણ છ ઉત્તરભેદો છે, છ ભાંગાના ઉત્તરભેદો બધાયે મેળવતા કુલ્લે એકવીસ થાય છે. એની સ્થાપના આ પ્રમાણે છે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| યોગો | ૨ | ૨ | ૨ | ૧ | ૧ | ૧ |
| કરણો | ૩ | ૨ | ૧ | ૩ | ૨ | ૧ |
| ભાંગાઓ | ૧ | ૩ | ૩ | ૨ | ૬ | ૬ |

એ પ્રમાણે કરવા-કરાવવારૂપ કરણના મન, વચન, કાયા સાથે ઉત્તરભેદો ૨૧ થાય છે.

૭. ઉત્તરગુણ સ્વીકારનારનો સાતમો ભેદ છે, તે આ પ્રમાણે શ્રાવકોને નિયમ ૧. મૂલગુણવિષયક, ૨. ઉત્તરગુણવિષયક એમ બે પ્રકારે છે. તેમાં જે મૂળભૂત ગુણો તે મૂળગુણો જે પાંચ અણુવ્રતોરૂપે છે. ઉત્તરભૂત-ગૌણરૂપે જે ગુણો તે ઉત્તરગુણો જે ત્રણ અણુ (ગુણ) વ્રતોરૂપે અને ચાર શિક્ષાવ્રતોરૂપે છે. અહીં સંપૂર્ણ કે અપૂર્ણ ઉત્તરગુણોના ભેદોની વિવક્ષા ન ગણતા સામાન્યથી એક જ ભેદની વિવક્ષા કરી છે.

૮. અવિરતસમ્યગ્દષ્ટિ:- એ આઠમો ભેદ શ્રાવકોનો થાય છે.

આ પ્રમાણે [1]આઠ પ્રકારે શ્રાવકો કહ્યા. હવે બત્રીસપ્રકારે શ્રાવકો કહે છે.

સ્થૂલપ્રાણાતિપાત વિરમણ વિગેરે પાંચ વ્રતોને દ્વિવિધ-ત્રિવિધ વિગેરે આગળ કહેલા છ ભાંગાઓવડે ગુણતા કુલ્લે ત્રીસ ભેદો થાય છે અને તેમાં ઉત્તરગુણ સ્વીકારનારનો તેમજ અવિરત સમ્યગ્દષ્ટિનો એમ બે ભેદો ઉમેરતા બત્રીસ ભેદો થાય છે. તે આ પ્રમાણે.

જેમકે કોઈક સ્થૂલ પ્રાણાતિપાતનું પચ્ચક્ખાણ છ ભાંગામાંથી કોઈ પહેલા ભાંગે સ્વીકારે કોઈક બીજા ભાંગે, કોઈક ત્રીજા ભાંગે, કોઈક ચોથા ભાંગે, કોઈક પાંચમા ભાંગે, કોઈક છઠ્ઠા ભાંગે સ્વીકારે એમ પ્રાણાતિપાત વિરતિના છ ભાંગા થાય, એ પ્રમાણે મૃષાવાદવિરમણ, અદત્તાદાનવિરમણ, મૈથુનવિરમણ પરિગ્રહ પરિમાણમાં પણ દરેકના છ-છ ભાંગાઓ સમજવા. તેમ પાંચેના ત્રીસ ભાંગા થાય.

આવશ્યકસૂત્રમાં આ પ્રમાણે ત્રીસ ભાંગા કહ્યા છે. કોઈક પાંચે અણુવ્રતો સાથે જ સ્વીકારે અને તેમાં દ્વિવિધ-ત્રિવિધ વિગેરે છ ભેદો થાય છે. બીજો કોઈક ચાર અણુવ્રતો લે તેમાં પણ છ ભાંગા, અન્ય કોઈક ત્રણ વ્રત સ્વીકારે તેમાં પણ છ ભાંગા, બીજો કોઈક બે વ્રત સ્વીકારે. તેમાં પણ છ ભાંગા અને કોઈક એક જ વ્રત સ્વીકારે તેમાં પણ છ ભાંગા, એ પ્રમાણે પાંચ ષટ્ક થવાથી ત્રીસ ભેદો થાય છે. ઉત્તરગુણો અને અવિરત સમકિતી સહિત બત્રીસ ભેદો શ્રાવકના થાય છે. ૧૩૨૩

આ પ્રમાણે આવશ્યક નિર્યુક્તિ અનુસારે ભાંગાની પ્રરૂપણા કરી હવે સાતસો પાંત્રીસ (૭૩૫) ભેદો શ્રાવકોના કહેવાની ઈચ્છાથી ભગવતીસૂત્રના અનુસારે નવભંગી એટલે નવભાંગા કહે છે.

**तिन्नि तिया तिन्न य दुया, तिन्निक्केक्का य हुंति जोएसु ।**
**ति दु एक्कं ति दु एक्कं, तिदुएक्कं चेव करणाइं ॥१३२४॥**

**યોગોમાં ત્રણ ત્રગડા, ત્રણ બગડા, ત્રણ એકડાઓ હોય છે. કરણોમાં ત્રણ, બે, એક, ત્રણ, બે, એક, ત્રણ, બે, એક-એમ ભેદો લખવા.**

૧. એક વ્રતના છ ભાંગા થયા તે આ પ્રમાણે છ પ્રકારના ઉત્તરગુણનો એક અને અવિરતનો એક-એમ આઠ પ્રકારના શ્રાવકો કહ્યા.

યોગોમાં મનકરણ, વચનકરાવણ અને કાયારૂપ યોગોમાં અનુમોદનરૂપે ત્રણ ત્રગડા, ત્રણ બગડા અને ત્રણ એકડા ક્રમસર સ્થાપવા તેની નીચે ક્રમસર ત્રણ, બે, એક, ત્રણ, બે, એક, ત્રણ, બે, એક–એ પ્રમાણે ક્રમસર મનકરણ, વચનકરાવણ અને કાયા, અનુમોદનરૂપ કરણો સ્થાપવા જોઈએ. એમ પદ ઘટના છે. આનો ભાવાર્થ આ પ્રમાણે છે.

૧. ત્રિવિધ–ત્રિવિધરૂપ પહેલો ભાંગો છે એમાં કોઈક ગૃહસ્થ નિયમ કરે કે સાવદ્ય-યોગ કરું નહિ, કરાવું નહિ, અનુમોદુ નહિ. મન, વચન, કાયાવડે એક ભાંગો થયો.

૨. ત્રિવિધ-દ્વિવિધ એ બીજો મૂળભાંગો છે. એના પેટાભાંગા ત્રણ છે. તે આ પ્રમાણે કરૂં નહિ, કરાવું નહિ, અનુમોદુ નહિ. ૧. મનવચનથી, ૨. મનકાયાથી, ૩. વચનકાયાથી.

૩. ત્રિવિધ–એકવિધ એ ત્રીજો ભાંગો છે. એના પણ પેટાભેદો ત્રણ છે. કરું નહિ, કરાવું નહિ, અનુમોદુ નહિ ૧. મનથી, ૨. વચનથી અથવા ૩. કાયાથી.

૪. દ્વિવિધ–ત્રિવિધરૂપ ચોથો ભાંગો એના પણ ઉત્તરભેદો ત્રણ છે. ૧. કરવું નહિ, કરાવવું નહિ, મન–વચન–કાયાવડે, ૨. કરવું નહિ, અનુમોદવું નહિ, મન–વચન–કાયાવડે અથવા કરાવવું નહિ અને અનુમોદવું નહિ મન–વચન–કાયાવડે.

૫. દ્વિવિધ–દ્વિવિધરૂપ પાંચમો ભાંગો એના ઉત્તરભેદો નવ છે. તે આ પ્રમાણે ૧. મનવચનવડે ન કરે ન કરાવે, ૨. મનકાયાવડે ન કરે ન કરાવે, ૩. વચનકાયાવડે ન કરે ન કરાવે, ૪. કરે નહિ, અનુમોદે નહી મનવચનવડે, ૫. મનકાયાવડે, ૬.વચનકાયાવડે, ૭. કરાવે નહિ, અનુમોદે નહિ, મનવડે, ૮. વચનવડે, ૯. કાયાવડે.

૬. દ્વિવિધ–એકવિધરૂપ છઠ્ઠો ભાંગો છે. તેના પેટાભેદ નવ છે. ૧. કરે નહીં, કરાવે નહિ મનથી, ૨. વચનથી, ૩. કાયાથી, ૪. કરે નહિ, અનુમોદે નહિ, મનથી, ૫. વચનથી, ૬. કાયાથી, ૭. કરાવે નહિ, અનુમોદે નહિ મનથી, ૮. વચનથી, ૯. કાયાથી.

૭. એકવિધ–ત્રિવિધરૂપ સાતમો ભાંગો છે. એના પણ પેટાભેદો ત્રણ છે. ૧. મન–વચન–કાયાવડે કરે નહિ, ૨. મન–વચન–કાયાવડે કરાવે નહિ, ૩. મન–વચન-કાયાવડે અનુમોદે નહિ.

૮. એકવિધ–દ્વિવિધ એ આઠમો ભાંગો એના પણ પેટાભેદો નવ છે. તે આ પ્રમાણે ૧. મનવચનવડે કરે નહિ, ૨. મનકાયાવડે કરે નહિ, ૩. વચનકાયાવડે કરે નહિ, ૪. અથવા કરાવે નહિ મનવચનવડે, ૫. મનકાયાવડે, ૬. વચનકાયાવડે, ૭. અનુમોદે નહિ મનવચનવડે, ૮. મનકાયાવડે, ૯. વચનકાયાવડે.

૯. એકવિધ–એકવિધ એ નવમો મૂળભાંગો. અહીં પણ પેટાભાંગા નવ છે. ૧. કરે નહિ મનવડે, ૨. વચનવડે, ૩. કાયાવડે, ૪. કરાવે નહિ મનવડે, ૫. વચનવડે, ૬. કાયાવડે, ૭. અનુમોદે નહિ મનવડે, ૮. વચનવડે, ૯. કાયાવડે–આ પ્રમાણે નવ

મૂળભાંગાઓ થયા. એના ઉત્તરભાંગાઓ બધાને મેળવતા કુલ્લે ઓગણપચાસ (૪૯) થાય છે. કહ્યું છે કે, "ત્રિવિધે-ત્રિવિધે પહેલો, ત્રિવિધ-દ્વિવિધે બીજો છે. ત્રિવિધ-એકવિધે ત્રીજો, દ્વિવિધ-ત્રિવિધે ચોથો, દ્વિવિધ-દ્વિવિધે પાંચમો, દ્વિવિધ-એકવિધે છટ્ઠો, એકવિધ ત્રિવિધે સાતમો અને એકવિધ-દ્વિવિધે આઠમો, એકવિધ-એકવિધે એ નવમો ભાંગો. પહેલા ભાંગામાં એક ભાંગો થાય, પછી બાકીનામાં અનુક્રમે ત્રણ, ત્રણ, ત્રણ, નવ, નવ, ત્રણ, નવ, નવ (૧ + ૩ + ૩ + ૩ + ૯ + ૯ + ૩ + ૯ + ૯ = ૪૯) એમ બધા મળી ઓગણપચાસ થાય છે. એની સ્થાપના આ પ્રમાણે છે.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૩ | ૩ | ૨ | ૨ | ૨ | ૧ | ૧ | ૧ |
| ૩ | ૨ | ૧ | ૩ | ૨ | ૧ | ૩ | ૨ | ૧ |
| ૧ | ૩ | ૩ | ૩ | ૯ | ૯ | ૩ | ૯ | ૯ |

કરણ, કરાવણ, અનુમોદન-એ ત્રણ કરણ અને મન, વચન, કાયા-એ ત્રણ યોગો છે.

**પ્રશ્ન :-** વચન અને કાયાવડે થતી કરણ-કરાવણ અને અનુમોદન તો પ્રત્યક્ષ વિગેરે પ્રમાણથી જણાઈ-દેખાય આવે છે. પણ મનવડે થતી કરણ, કરાવણ, અનુમોદન શી રીતે જાણવી ? કારણ કે તે આંતરિક ક્રિયારૂપે હોવાથી બીજા લોકોથી જણાતી નથી.

**ઉત્તર :-** વચન અને કાયાના વ્યાપાર વગરનો જ્યારે સાવદ્યયોગ કરવાનો મનવડે વિચારે ત્યારે કાયા અને વચનની જેમ મુખ્યતા એ મનમાં કરવા વિગેરેરૂપ કરણો સંભવે છે. તે આ પ્રમાણે, "આ સાવદ્યયોગ હું કરૂં" એમ મનવડે જ્યારે વિચારે ત્યારે કરવારૂપ કરણ થાય છે. જ્યારે "મનથી વિચારે કે કોઈક સાવદ્ય કાર્ય કરે" અને કોઈક ઈંગિતને જાણનારો મનનો વિચાર જાણી તે કાર્ય કરવા માંડે ત્યારે મનવડે કરાવવું થાય. જ્યારે સાવદ્ય કાર્ય કરીને મનથી વિચારે કે, "આ મેં સારૂં કામ કર્યું" ત્યારે માનસિક અનુમતિ આ પ્રમાણે ગ્રન્થકારે કહેલ નવ ભાંગાનું વિવરણ કરતાં પ્રસંગાનુસારે ઓગણપચાસ ભાંગા પણ બતાવ્યા. ૧૩૨૪

## હવે ગ્રંથકાર જ બીજી રીતે એની પ્રરૂપણા કરે છે.

मणवयकाइय जोगे करणे कारावणे अणुमईए ।
एक्कग दुगतिग जोगे सत्ता सत्तेव गुवन्ना ॥१३२५॥

**મન-વચન-કાયાના ત્રણ યોગોનો કરણ-કરાવણ અનુમતીરૂપ ત્રણ કરણો સાથે સંબંધ થવાથી એક પ્રકારે, બે પ્રકારે, ત્રણ પ્રકારે વિચારતા સાત સપ્તકવડે ઓગણપચાસ (૪૯) થાય છે.**

કરણ, કરાવણ, અનુમોદનરૂપ ત્રણ કરણને મન, વચન, કાયારૂપ ત્રણ યોગની સાથે સંબંધ કરતા એક પ્રકારે સંયોગિક, બે સંયોગી, ત્રણ સંયોગી ભાંગાની વિચારણા કરતાં સાત સપ્તકો થાય છે. તે આ પ્રમાણે, ૧. સ્થૂલહિંસા વિગેરે ન કરવી મનવડે, ૨. વચનવડે, ૩. કાયાવડે, ૪. મનવચનવડે, ૫. મનકાયાવડે, ૬. વચનકાયાવડે, ૭. મન–વચન–કાયાવડે. આ કરવારૂપ કરણના સાત ભાંગા થયા. એ પ્રમાણે કરવાના સાત ભાંગા, કરાવવાના સાત ભાંગા એ પ્રમાણે અનુમતીના સાત ભાંગા, કરવું, કરાવવું–સાત ભાંગા કરવું, અનુમતીના સાત ભાંગા, કરાવવું અનુમતીના સાત ભાંગા, કરવું–કરાવવું અનુમતીના સાત ભાંગા કુલ ૪૯ થાય છે. (૧૩૨૫)

**સૂત્રકાર અહીં આગળ કહેલા જ નવ ભાંગાના ઉત્તરભાંગાના પ્રતિપાદન-પૂર્વક એકસો સુડતાલીસ (૧૪૭) ભાંગાઓ કહે છે.**

**पढमेक्को तिन्नि तिया दोन्नि नवा तिन्नि दो नवा चेवा ।**
**काल तिगेण य गुणिया सीयालं होइ भंगसयं ॥१३२६॥**

**પહેલા ભાંગામાં એક ભેદ પછી ત્રણ ભાંગામાં ત્રણ–ત્રણ ભેદો, પછી બે ભાંગાના નવ–નવ ભેદો, પછી એકમાં ત્રણ અને છેલ્લે બેમાં નવ-નવ –એ બધાને ત્રણ કાળ વડે ગુણતા એકસો સુડતાલીસ (૧૪૭) ભાંગા થાય છે.**

તિન્નિતિયા (૧૩૨૪) ગાથા વિગેરેમાં કહેલા નવ ભાંગાના પ્રતિપાદક આંકડાની નીચે પહેલા સ્થાને એકડો સ્થાપવો–લખવો. તે પછી ક્રમસર ત્રણ ત્રગડા લખવા. તે પછી બે નવડા લખવા. તે પછી એક ત્રગડો, તે પછી ફરીવાર બે નવડા લખવા.

આનો ભાવાર્થ આ પ્રમાણે છે. ત્રિવિધ–ત્રિવિધ ભાંગાનો એકજ ભેદ છે. સંપૂર્ણ પ્રકારે પચ્ચક્ખાણ હોવાથી બીજા વિકલ્પનો અભાવ છે. તે પછી બીજા, ત્રીજા, ચોથા ભાંગામાં ત્રણ-ત્રણ, પાંચમા–છઠ્ઠામાં નવ–નવ, સાતમામાં ત્રણ, આઠમા–નવમામાં નવ–નવ ભાંગા–એમ બધા મળીને ઓગણપચાસ (૪૯) ભાંગા થાય છે. એ ઓગણપચાસ ભાંગાઓ ત્રણ કાળના પચ્ચક્ખાણના વિષય રૂપે હોવાથી ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાનકાળ રૂપ–ત્રણ કાળ વડે ગુણતા એકસો સુડતાલીસ (૧૪૭) ભાંગા થાય છે. એની ત્રિકાળ વિષયતા ભૂતકાળની નિંદા કરવા વડે, વર્તમાનકાળમાં સંવર કરવા વડે અને ભવિષ્યકાળનું પચ્ચક્ખાણ કરવા વડે થાય છે. કહ્યું છે કે "ભૂતકાળને હું નિંદુ છું, વર્તમાનકાળમાં હું સંવર કરૂં છું અને ભવિષ્યકાળના હું પચ્ચક્ખાણ કરૂં છું."

**હવે શ્રાવકોના સાતસો પાંત્રીસ ભેદો કહે છે.**

**पंचाणुव्वयगुणियं सीयालसयं तु नवरि जाणाहि ।**
**सत्त सया पणतीसा सावयवयगहण कालंमि ॥१३२७॥**

**એકસો સુડતાલીસ ભેદોને પાંચ અણુવ્રત સાથે ગુણતા સાતસો પાંત્રીસ ભેદો શ્રાવકના વ્રત ગ્રહણ કાળે જાણવા.**

આ એકસો સુડતાલીસ ભેદોને જ પાંચ અણુવ્રતોના દરેક અણુવ્રતોમાં એકસો સુડતાલીસ–એકસો સુડતાલીસ ભેદો માનવામાં આવે, તો પાંચને એકસો સુડતાલીસ વડે ગુણતા સાતસોને પાંત્રીસ ભેદો શ્રાવકોના પાંચ અણુવ્રત ગ્રહણ કરતી વખતે હોય છે. (૧૩૨૭)

## આ ભાંગાઓ જેણે અર્થથી જાણ્યા છે તે જ પચ્ચક્ખાણ કુશળ છે —એમ બતાવે છે.

**सीयालं भंगसयं जस्स विसुद्धीए होइ उवलद्धं ।**
**सो खलु पच्चक्खाणे कुसलो सेसा अकुसलाउ ॥१३२८॥**

**જેણે વિશુદ્ધિપૂર્વક એટલે પચ્ચક્ખાણપૂર્વક એકસો સુડતાલીસ ભાંગા પ્રાપ્ત કર્યા છે, જાણ્યા છે, તે જ ખરેખર પચ્ચક્ખાણમાં કુશળ એટલે હોંશિયાર છે, બાકીના બીજા-અકુશળ છે.**

જીવને વિશુદ્ધ કરતા હોવાથી પચ્ચક્ખાણને જ વિશુદ્ધિ કહી છે. તે પચ્ચક્ખાણના વિષયરૂપ એકસો સુડતાલીસ ભાંગાઓને એટલે પચ્ચક્ખાણ ગ્રહણ કરવાના પ્રકારને જેણે અર્થથી સારી રીતે જાણવા પૂર્વક પ્રાપ્ત કર્યા, તે જ ખરેખર પચ્ચક્ખાણમાં એટલે નિયમ વિશેષ સ્વીકારવામાં કુશળ એટલે નિષ્ણાત છે. તે સિવાયના બીજાઓ અકુશળ એટલે અજ્ઞાની છે. જો કે અહીં આગળની ગાથામાં જ સાતસો પાંત્રીસ ભેદો કહ્યા છે છતાં પણ એકસો સુડતાલીસ ભેદો મૂળરૂપે હોવાથી તેની મુખ્યતાએ ગાથામાં એકસો સુડતાલીસ ભેદો કહ્યા છે. (૧૩૨૮)

## હવે છ ભાંગાના જ ઉત્તરભેદો રૂપ એકવીસ ભેદો કહે છે.

**दुविहतिविहाइ छच्चिय तेसिं भेया कमेणिमे हुंति ।**
**पढमेक्को दुन्नि तिया दुगेग दो छक्क इगवीसं ॥१३२९॥**

**દ્વિવિધ, ત્રિવિધ વિગેરે છ ભાંગા છે, તેના ભેદો આ ક્રમે થાય છે. પહેલામાં એક, બેમાં ત્રણ, એકમાં બે, અને બેમાં છ-છ, એમ કુલ્લે એકવીસ ભેદો થાય છે.**

આ ગાથાની વ્યાખ્યા આગળ (૧૩૨૩ મી ગાથામાં) કરી જ છે. અહીં દ્વિવિધ-ત્રિવિધ વિગેરે આગળ કહેલ ભાંગાઓના સમૂહવડે શ્રાવક યોગ્ય પાંચ અણુવ્રત વિગેરે વ્રત સંગ્રહોના ભાંગાની દેવકુલિકા (કોઠો) જણાવી છે. તે દેવકુલિકાઓ એક-એક વ્રતની અપેક્ષાએ કહેવાથી છ ભાંગાવડે, એકવીસ ભાંગાવડે તથા નવભાંગા અને ઓગણપચાસ ભાંગાવડે બને છે.

**પ્રશ્ન** :– દેવકુલિકા શબ્દનો અર્થ શું થાય છે?

**ઉત્તર** :– એક–બે વિગેરે વ્રતોના થયેલ ભાંગાઓના સમૂહને જણાવનારા આંકડાઓને પટ–કાગળ વિગેરે પર લખતા દેવકુલિકાનો આકાર રૂપે જણાતો હોવાથી દેવકુલિકા–એ પ્રમાણે કહેવાય છે. બધીયે દેવકુલિકાઓમાં દરેકની ત્રણ–ત્રણ સંખ્યાઓ છે. તે આ પ્રમાણે, પહેલી એક ગુણ્ય સંખ્યા એટલે જેનો ગુણાકાર કરવાનો હોય તે, બીજી-વચ્ચે ગુણકારક સંખ્યા એટલે જેના વડે ગુણાકાર કરવાનો હોય તે સંખ્યા અને છેલ્લે જવાબ રૂપે આવેલ સંખ્યા હોય છે. (૧૩૨૯)

**હવે પહેલી આ જ દેવકુલિકાઓને છ ભાંગા વિગેરેના ક્રમપૂર્વક અમુક-વ્રતના ભાંગાની સર્વસંખ્યા આ પ્રમાણે થાય છે તે કહે છે.**

**एगवए छब्भंगा निद्दिट्ठा सावयाण जे सुत्ते ।**
**ते च्चिय पयवुड्ढीए सत्त गुणा छज्जुया कमसो ॥१३३०॥**

**સૂત્રમાં શ્રાવકોને જે એક વ્રતના છ ભાંગા કહ્યા–બતાવ્યા છે, તે જ ભાંગાઓની પદવૃદ્ધિ કરવાથી છ યુક્ત સાત ગણા થાય છે,**

સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વિગેરે વ્રતોમાં જે દ્વિવિધ–ત્રિવિધ વિગેરે છ ભાંગાઓ આવશ્યક નિર્યુક્તિ વિગેરે સૂત્રમાં શ્રાવકોના કહ્યા છે, તે જ છ ભાંગાઓને સાતવડે ગુણતા અને છ યુક્ત એટલે છ ઉમેરતાં બધા કુલ્લે ભાંગાઓની સંખ્યા આવે છે.

**પ્રશ્ન** :– છ ભાંગાઓને સાતથી શી રીતે ગુણવા?

**ઉત્તર** :– પદવૃદ્ધિ કરવા પૂર્વક ગુણવા વડે,–એટલે મૃષાવાદ વિગેરે એક–એક વ્રતની વૃદ્ધિ કરવા પૂર્વક, જેટલા વ્રતોની વિવક્ષા કરીએ તેટલી વાર ગુણવા એ ભાવ-તાત્પર્ય છે. સ્થૂલન્યાયાનુસારે એમ કહેવાય છે કે,

એક વ્રતના ભાંગાની સંખ્યા જ્યાં સુધી રહી હોય ત્યાં સુધી વિવક્ષિત વ્રતથી એક ઓછી વાર ગુણવું.

આની વિચારણા આ પ્રમાણે છે. એક વ્રતમાં છ ભાંગા છે, તેને સાતે ગુણતા બેંતાલીસ (૪૨) થાય છે. તેમાં છ ઉમેરતા અડતાલીસ થાય છે. એને પણ સાતે ગુણી છ ઉમેરતા ત્રણસો બેંતાલીસ (૩૪૨) થાય છે. આ પ્રમાણે સાતે ગુણી છ ઉમેરતાં ત્યાં સુધી જવું જ્યારે અગ્યારમી વખત ગુણતા આ પ્રમાણેની સંખ્યા આવે ૧૩, ૮૪, ૧૨૮૭૨૦૦ આ ૪૮ વિગેરે બાર સંખ્યા સમૂહ જે ઉપર નીચે ગોઠવતા અર્ધદેવકુલિકાના આકારમાં જમીન પર સંખ્યા સમૂહ ફેલાય છે. તેને ખંડ દેવકુલિકા એમ પણ કહેવાય છે. આ પ્રમાણે છ ભાંગાવડે થતી ખંડદેવકુલિકા કહી. (૧૩૩૦)

**इगवीसं खलु भंगा निद्दिट्ठा सावयाण जे सुत्ते ।**
**ते च्चिय बावीसगुणा इगवीसं पक्खिवेयव्वा ॥१३३१॥**

સૂત્રમાં શ્રાવકોને જે એકવીસ ભાંગા કહ્યા છે તેને બાવીસવડે ગુણી એકવીસ ઉમેરવાથી થાય છે. એકવીસ વિગેરે ભાંગાની ખંડ દેવકુલિકા પણ આ પ્રમાણે જ વિચારવી. ફક્ત એકવીસ ભાંગાના પક્ષમાં એકવીસને વારંવાર બાવીસ વડે ગુણાકાર કરવો. અને એકવીસ ઉમેરતાં રહેવું. એ પ્રમાણે કરતાં અગ્યારમી વખતે બાર વ્રતનાં બધાયે ભાંગાઓની સંખ્યા ૧૨૮૫૫૦૦ ૨૬૩૧૦ ૪૯૨૧૫ આવશે. (૧૩૩૧)

एगवए नव भंगा निद्दिट्ठा सावयाण जे सुत्ते ।
ते च्चिय दसगुण काउं नव पक्खेवंमि कायव्वा ॥१३३२॥

સૂત્રમાં જે શ્રાવકોના એક વ્રતના નવ ભાંગા બતાવ્યા છે, તેને જ દસવડે ગુણી નવ ઉમેરવા એ પ્રમાણે અગ્યારવાર ગુણવાથી સર્વ વ્રતના ભાંગાની સર્વ સંખ્યા આ પ્રમાણે આવે છે. ૯૯૯૯૯૯૯૯૯૯૯૯ (૧૩૩૨)

इगवन्नं खलु भंगा निद्दिट्ठा सावयाण जे सुत्ते ।
ते च्चिय पन्नासगुणा, गुणवन्नं पक्खिवेयव्वा ॥१३३३॥

સૂત્રમા જે શ્રાવકોના ૪૯ ભાંગાઓ કહ્યા છે, તેને જ પચાસ વડે ગુણી એકાવન ઉમેરવા. ૪૯ ભાંગાઓના પક્ષમાં ઓગણપચાસ (૪૯) સુધીની સંખ્યા જાણવી. તેને વારંવાર પચાસવડે (૫૦) ગુણી એકાવન ઉમેરવા. આ પ્રમાણે અગ્યારમી વાર કરતા બધાયે વ્રતોના ભાંગાઓની સંખ્યા આ પ્રમાણે આવે છે. ૨૪૪ ૧૪૦ ૬૨૪ ૯૯૯ ૯૯૯ ૯૯૯ ૯૯૯ તથા એકસો અડતાલીસ ભાંગાના પક્ષના પણ એ પ્રમાણે જ જાણવું પરંતુ એમાં એકસો અડતાલીસ સુધીની સંખ્યા રાખવી અને તેને વારંવાર એકસો સુડતાલીસ સંખ્યાવડે ગુણવુ અને તેમાં એકસો સુડતાલીસ ઉમેરતાં જવું, જેથી અગ્યારમી વખતમાં ૧૧૦ ૪૪ ૩૬૦૭૭ ૧૯૬૧૧૫ ૩૩૩૫૬૯૫ ૭૬૯૫ થાય છે. કહ્યું છે કે-

"એકસો સુડતાલીસ ( ૧૪૭ ) ભાંગાઓ છે. તેમાં વ્રત વૃદ્ધિ મુજબ એકસો અડતાલીસ ( ૧૪૮ ) ગુણા કરી એકસો સુડતાલીસ ઉમેરતા સમસ્ત ભાંગાઓ આવે છે.

આ પ્રમાણે પાંચ ખંડ દેવકુલિકાઓ કહી. હવે સંપૂર્ણ દેવકુલિકા કહેવાનો પ્રસંગ છે. તેમાં દરેક વ્રતની એક-એક દેવકુલિકાઓ હોવાથી છ ભાંગા વિગેરેમાં દરેકની બાર કુલિકાઓ થશે.

તે બધીયે દેવકુલિકાઓ કહેવાથી મોટો ગ્રંથ વિસ્તાર થઈ જાય છે. આથી એક દિશા સૂચનરૂપે ષડ્ભંગીમાંજ બાર દેવકુલિકાને કહેવા માટે એક દ્વિક વિગેરે સંયોગ જણાવનાર ગુણાકારની સંખ્યા લાવવાનો ઉપાય કહે છે.

एगाई एगुत्तरपत्तेयपयंमि उवरि पक्खेवो ।
एक्केक्कहाणि अवसाण संखया हुंति संयोगा ॥१३३४॥

**એક વિગેરે એક પછી એક-એકની વૃદ્ધિપૂર્વક સ્થાપવા અને દરેક ઉપર-ઉપરના દરેક પદમાં નાંખવા તે એક-એકની હાનિપૂર્વક છેલ્લી સંખ્યા વડે સંયોગ થાય છે.**

જેટલા પ્રમાણુ પદોના એક-બે વિગેરે સંયોગો લાવવાની ઈચ્છા હોય તેટલા પ્રમાણુમાં જ એક વિગેરે પદોને એક-એકની વૃદ્ધિપૂર્વક એક બીજાની ઉપર ક્રમસર સ્થાપવા – લખવા અને બાર વ્રતોના સંયોગો-ભાંગા કરવા તેથી એકથી લઈ બાર સુધી આ પ્રમાણે લખવા.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૨ | ૧૧ | ૧૦ | ૯ | ૮ | ૭ | ૬ | ૫ | ૪ | ૩ | ૨ | ૧ |

તે પછી ઉપર રહેલ દરેકે-દરેક પદોમાં નીચે રહેલા અંક-સંખ્યાને ઉમેરવી અને નીચેનો અંક તે પ્રમાણે જ રહેવા દેવો. કેવી રીતે પ્રક્ષેપ કરવો તે કહે છે. ઉપરના એક-એક અંકની હાનિ એટલે બાદબાકી એવી રીતે કરવી, જેથી દરેક વખતે ઉમેરતા ઉપરનો આંક-સંખ્યા નીચેની ઉમેરેલી સંખ્યા વગરની કરવી-એવો ભાવ છે. બધી સંખ્યાઓના સરવાળા રૂપ જે છેલ્લી સંખ્યા છે, તે સંખ્યા પ્રમાણુ ક્રમસર એક-બે-ત્રણુ વિગેરે પદો મેળવવા રૂપ સંયોગો થાય છે.

આનો ભાવાર્થ આ પ્રમાણે છે. પહેલાં તો એકથી બાર સુધીની સંખ્યા ઉભી હારમાં લખવી. તે પછી એકને બેમાં ઉમેરવો એટલે ત્રણુ થાય. તે ત્રણુને ત્રણુમાં ઉમેરતાં છ થાય. તે છ ને ચારમાં ઉમેરતાં દસ થાય છે. તે દસને પાંચમાં ઉમેરતા પંદર થાય છે. તેને છમાં ઉમેરતા એકવીસ થાય છે. તેને સાતમાં ઉમેરતા અઠ્ઠાવીસ થાય છે. તેને આઠમાં ઉમેરતાં છત્રીસ થાય છે. તેને નવમાં ઉમેરતાં પીસ્તાલીસ થાય છે. તેને દસમાં ઉમેરતાં પંચાવન થાય છે. તેને અગ્યારમાં ઉમેરતાં છાસઠ થાય છે. અને ઉપરની બારની સંખ્યામાં ઉમેરવી નહિ. પરંતુ બાર એમને એમ રહેવા દેવો. કહ્યું છે કે, एकैक ह्राणि એ વચનાનુસારે એ પ્રમાણે પહેલો પ્રક્ષેપ થયો.

ફરી એકને ત્રણુમાં ઉમેરવા એટલે ચાર થાય છે. તેને છમાં ઉમેરતાં દસ થાય છે. તેને દસમાં ઉમેરતાં વીસ થાય છે. તેને પંદરમાં ઉમેરતાં પાંત્રીસ થાય છે. તેને એકવીસમાં ઉમેરતાં છપ્પન થાય છે. તેને અઠ્ઠાવીસમાં ઉમેરતાં ચોર્યાસી થાય છે. તેને છત્રીસમાં ઉમેરતાં એકસોવીસ થાય છે. તેને પીસ્તાલીસમાં ઉમેરતાં એકસો પાંસઠ થાય છે. તેને પણુ પંચાવનમાં ઉમેરતાં બસોવીસ થાય છે. એને एकक ह्राणि એ વચનાનુસારે ઉપર રહેલ છાસઠમાં ઉમેરવા નહીં. એ પ્રમાણે બીજો પ્રક્ષેપ થયો.

એ પ્રમાણે વારંવાર છેલ્લા અંકને છોડી ઉપર-ઉપરના અંકોમાં અગ્યાર સરવાળા થાય ત્યાં સુધી ઉમેરતાં રહેવું એક છેલ્લો હોવાથી કોઈમાં પણુ ઉમેરાતો નથી એટલે બારમાં સરવાળો સંભવતો-થતો નથી.

સ્થાપનાનો કોઠો.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૨ | | | | | | | | | | | |
| ૧૧ | ૬૬ | | | | | | | | | | |
| ૧૦ | ૫૫ | ૨૨૦ | | | | | | | | | |
| ૯ | ૪૫ | ૧૬૫ | ૪૯૫ | | | | | | | | |
| ૮ | ૩૬ | ૧૨૦ | ૩૩૦ | ૭૯૨ | | | | | | | |
| ૭ | ૨૮ | ૮૪ | ૨૧૦ | ૪૬૨ | ૯૨૪ | | | | | | |
| ૬ | ૨૧ | ૫૬ | ૧૨૬ | ૨૫૨ | ૪૬૨ | ૭૯૨ | | | | | |
| ૫ | ૧૫ | ૩૫ | ૭૦ | ૧૩૬ | ૨૧૦ | ૩૩૦ | ૪૯૫ | | | | |
| ૪ | ૧૦ | ૨૦ | ૩૫ | ૬૬ | ૮૪ | ૧૨૦ | ૧૬૫ | ૨૨૦ | | | |
| ૩ | ૬ | ૧૦ | ૧૫ | ૨૧ | ૨૮ | ૩૬ | ૪૫ | ૫૫ | ૬૬ | | |
| ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | |
| ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |

એ પ્રમાણે એક સંયોગી બાર, દ્વિકસંયોગી છાસઠ, ત્રિકસંયોગી બસોવીસ, ચાર સંયોગી ચારસો પંચાણું, પાંચ સંયોગી સાતસો બાણું, છ સંયોગી નવસો ચોવીસ, સાત સંયોગી સાતસો બાણું; આઠ સંયોગી ચારસો પંચાણું, નવ સંયોગી બસોવીસ, દસ સંયોગી છાસઠ, અને અગ્યાર સંયોગી બાર, બાર સંયોગી એક ભાંગો થાય છે. (૧૩૩૪)

## હવે બીજી રીતે સંયોગોની સંખ્યા જાણવાનો ઉપાય કહે છે.

**अहवा पयाणि ठविउं अक्खे चित्तूण चारणं कुज्झा ।**
**एक्कग दुगाइ जोगा भंगाणं संख कायव्वा ॥१३३५॥**

**અથવા પદો લખી-સ્થાપીને અક્ષો લઈને ચારણા એટલે ગુણાકાર કરવો. એ પ્રમાણે એક-બે વિગેરે સંયોગો કરવાથી ભાંગાની સંખ્યા કરવી.**

વિવક્ષિત વ્રતરૂપ પદોને પટ વિગેરે ઉપર લખી અક્ષોને લઈ ક્રમસર ચારણા-ગુણાકાર કરવો. તેથી એક બે વિગેરે સંયોગ વિષયક ભાંગા ઉત્પન્ન થાય છે. તેમની સંખ્યા કરવી, જો કે અહિં બાર દેવકુલિકાઓ કહેવાનો વિષય હોવા છતાં ટુંકાણ માટે પાંચ અણુવ્રતોને આશ્રયી વિચાર કરે છે. તેમાં પાંચ પદોનો એકના સંયોગે એક-એક ચારણાવડે પાંચ ભાંગા થાય છે. બેના સંયોગે દશ. તે આ પ્રમાણે, પહેલો બીજો, પહેલો ત્રીજો, પહેલો ચોથો, પહેલો પાંચમો એમ ચાર ભાંગા થયા. બીજો ત્રીજો, બીજો ચોથો, બીજો પાંચમો-એમ ચારણાવડે. ત્રણ, ત્રીજો ચોથો, ત્રીજો પાંચમો એમ ચારણાવડે બે. ચોથો-પાંચમો એમ એક બધા મળી દશ ભાંગા થયા.

તથા ત્રિકના યોગે પણ દસ ભાંગા થાય છે. તે આ પ્રમાણે, પહેલો બીજો ત્રીજો, પહેલો બીજો ચોથો, પહેલો બીજો પાંચમો, પહેલો ત્રીજો ચોથો, પહેલો ત્રીજો પાંચમો, પહેલો ચોથો પાંચમો એમ ચારણાવડે છ ભાંગા. બીજો ત્રીજો, ચોથો, બીજો ત્રીજો પાંચમો, બીજો ચોથો પાંચમો એમ ચારણાવડે ત્રણ, ત્રીજો ચોથો પાંચમો એ એક–એમ કુલ્લે દસ ભાંગા થયા.

ચારના સંયોગે પાંચ ભાંગા થાય છે. પહેલો બીજો, ત્રીજો ચોથો–એ પહેલો, પહેલો ત્રીજો, ચોથો પાંચમો–એ બીજો, પહેલો બીજો, ત્રીજો પાંચમો–એ ત્રીજો, પહેલો બીજો, ચોથો પાંચમો–એ ચોથો, બીજો ત્રીજો, ચોથો પાંચમો–એ પાંચમો ભાંગો. પાંચના યોગે ચારણાનો અભાવ હોવાથી એકજ ભાંગો છે. (૧૩૩૫)

**એ પ્રમાણે બધે ચારણા કરવી. હવે ગ્રંથકાર જાતેજ બારે દેવકુલિકાઓની ક્રમસર ગુણાકારરૂપ સંખ્યા કહે છે.**

**बारस १ छावट्ठीवि य २ वीसहिया दोय ३ पंच नव चउरो ४ ।**
**दो नव सत्त य ५ चउ दोन्नि नव य ६ दो नव य सत्तेव ९ ॥१३३६॥**
**पण नव चउरो ८ वीसा य दोन्नि ७ छावट्ठि १० बारसे ११ क्को १२ य**
**सावय भंगाणमिमे सव्वाणवि हुंति गुणकारा ॥१३३७॥**

**૧. બાર ૨. છાસઠ ૩. બસોવીસ ૪. ચારસો પંચાણુ ૫. સાતસોબાણું ૬. નવસોચોવીસ ૭. સાતસોબાણું ૮. ચારસોપંચાણું ૯. બસોવીસ ૧૦. છાસઠ ૧૧, બાર ૧૨. એક શ્રાવકના આ બધાયે ભાંગાઓનો આ પ્રમાણે ગુણાકાર થાય છે.**

બાર, છાસઠ, બસોવીસ ગાથામાં ગણિત વ્યવસ્થાના આધારે ઉલટી રીતે સંખ્યા કહી છે. આથી પાંચ, નવ અને ચારને ચારસો પંચાણું રૂપે સમજવું. એ પ્રમાણે આગળના પદોમાં પણ જાણવું. સાતસો બાણું, નવસો ચોવીસ, સાતસો બાણું, ચારસો પંચાણું, બસોવીસ, છાસઠ, બાર અને એક–આ પ્રમાણેની સંખ્યા શ્રાવકોના છત્રીસ વિગેરે બધાયે ભાંગારૂપ ગુણ્ય સંખ્યાઓના અનુક્રમે ગુણાકારો થાય છે. અહિં "સવ્વ" શબ્દથી એ જણાવે છે કે ફક્ત ષડ્ભંગીઓના જ આ ગુણાકારો નથી પરંતુ એકવીસ ભંગી વિગેરે ભાંગાઓમાં પણ છે. કારણ કે ગુણાકારરૂપ સંખ્યા બધે એક સરખા સ્વરૂપવાળી છે. (૧૩૩૬–૧૩૩૭)

**હવે બારે દેવકુલિકાઓની ક્રમસર ગુણ્ય સંખ્યા કહે છે.**

**छच्चेव य १ छत्तीसा २ सोल दुगं चेव ३ छ नव दुगमिक्कं ४ ।**
**छ सत्त सत्त सत्त य ५ छप्पन छसट्ठि चउ छट्ठे ६ ॥१३३८॥**

छत्तीसा नवनउई सत्तावीसा य ७ सोल छन्नउई ।
सत्त य सोलस भंगा अट्ठमठाणे वियाणाहि ८ ॥१३३९॥
छन्नउई छावत्तरि सत्त दु सुन्नेक्क हुंति नवमम्मि ९ ।
छाहत्तरि इगसट्ठि छायाला सुन्न छच्चेव १० ॥१३४०॥
छप्पन सुन्न सत्त य नव सत्तावीस तह य छत्तीसा ११ ।
छत्तीसा तेवीसा अडहत्तरी छहत्तरीगवीसा १२ ॥१३४१॥

છ, છત્રીસ, બસો સોલ (૨૧૬), બારસો છન્નુ (૧૨૯૬), સત્યોતેરસો છોતેર (૭૭૭૬), છેંતાલીસ હજાર છસો છપ્પન (૪૬૬૫૬), બે લાખ ઓગણ્યાએંસી હજાર નવસો છત્રીસ (૨૭૯૯૩૬), સોળ લાખ ઓગણ્યાએંસી હજાર છસ્સો સોળ (૧૬૭૯૬૧૬) ભાંગા આઠમા સ્થાને જાણવા.

એક કરોડ સત્યોતેર હજાર છસો છન્નુ (૧૦૦૭૭૬૯૬) એટલા ભાંગા નવમાસ્થાનમાં છે. છ કરોડ ચાર લાખ છાસઠ હજાર એકસો છોતેર (૬૦૪૬૬૧૭૬) છત્રીસ કરોડ સત્યાવીસ લાખ સત્તાણુ હજાર છપ્પન (૩૬૨૭૯૭૦૫૬) બે અબજ સત્તર કરોડ સડસઠ લાખ, બ્યાસી હજાર ત્રણસો છત્રીસ. (૨૧૭૬૭૮૨૩૩૬)

(૧) ૬ (૨) ૩૬ (૩) ૨૧૬ (૪) ૧૨૯૬ (૫) ૭૭૭૬ (૬) ૪૬૬૫૬ (૭) ૨૭૯૯૩૬ (૮) ૧૬૭૯૬૧૬ એ ભાંગા આઠમા સ્થાને જાણવા. નવમા સ્થાને ૧૦૦૭૭૬૯૬ (૧૦) ૬૦૪૬૬૧૭૬ (૧૧) ૩૬૨૭૯૭૦૫૬ (૧૨) ૨૧૭૬૭૮૨૩૩૬.

આ સંખ્યા લાવવાની રીત આ પ્રમાણે છે, પહેલી છ ની સંખ્યાને છ વડે ગુણતા છત્રીસ થાય છે. તે છત્રીસને પણ છ વડે ગુણતાં બસ્સો સોળ થાય છે. એ પ્રમાણે બારે સંખ્યાઓને વારંવાર છ વડે ગુણતા બારે ગુણ્ય સંખ્યાઓ સંપૂર્ણ પ્રાપ્ત થશે. આ દેવકુલિકાઓમાં રહેલી છત્રીસ વિગેરે બાર ગુણ્ય સંખ્યાને ક્રમસર બાર, છાસઠ વિગેરે બાર સંખ્યા વડે ગુણતા ઉપર આવેલી – કહેલી સંખ્યાઓ થાય છે. કહ્યું છે કે "પહેલા વ્રતમાં છ ભાંગાઓને છ–છ વડે ગુણાયેલા બાર સ્થાનોને સંયોગો વડે ગુણતા શ્રાવકવ્રતના ભાંગા થાય છે."

અહીં ગ્રંથકારે આવેલ સંખ્યાને ગ્રંથના વિસ્તાર ભયના કારણે કહી નથી. પરંતુ અમે શિષ્યોના ઉપકાર માટે ગાથાઓ વડે બતાવીએ છીએ.

૧. (૭૨) બોતેર ૨. (૨૩૭૬) તેવીસસો છોત્તેર ૩. (૪૭૫૨૦) સુડતાલીસ હજાર પાંચસો વીસ ૪. (૬૪૧૫૨૦) છ લાખ એકતાલીસ હજાર પાંચસો વીસ. ૫. (૬૧૫૮૫૯૨) એકસઠ લાખ અઠ્ઠાવન હજાર પાંચસો બાણુ ૬. (૪૩૧૧૦૧૪૪) ચાર કરોડ એકત્રીસ લાખ

દસ હજાર એકસો ચુમ્માલીસ. ૭. (૨૨,૧૭૦૯૩૧૨) બાવીસ કરોડ સત્તરલાખ નવ હજાર ત્રણુસો બાર, ૮. (૮૩,૧૪૦,૯૯૨૦) ત્યાસી કરોડ, ચૌદલાખ, નવહજાર નવસોવીસ. ૯. (૨,૨૧,૭૦,૯૩૧૨૦) બે અબજ એકવીસ કરોડ સીત્તેર લાખ ત્રાણું હજાર એકસોવીસ, ૧૦. (૩,૯૯૦૭૬૭૬૧૬) ત્રણ અબજ નવાણું કરોડ, સાતલાખ, સડસઠ હજાર, છસ્સો સોળ, ૧૧. ( ૪,૩૫,૩૫૬૪૬૭૨ ) ચાર અબજ પાંત્રીસ કરોડ, પાંત્રીસ લાખ ચોસઠ હજાર છસ્સો બોતેર ૧૨. (૨,૧૭,૬૭,૮૨,૩૩૬) બે અબજ, સત્તર કરોડ, સડસઠ લાખ બ્યાસી હજાર, ત્રણુસો છત્રીસ.

આ ચારે ગાથાનો અર્થ આગળની જેમ જાણવો. આ પ્રમાણે ગુણ્ય અને ગુણુકારક વડે આવેલ ત્રણ સંખ્યા બતાવવા વડે બારમી દેવકુલિકા પણ કહી છે. આ પ્રમાણે બીજી ન કહેલી અગ્યાર (૧૧) દેવકુલિકાઓ જાતે જાણી લેવી. જેમ ષડ્ભંગીમાં બાર દેવકુલિકા કહી છે. તેમ એકવીસ, નવ, ઓગણપચાસ, એકસો સુડતાલીસ ભાંગાઓમાં પણ આ પ્રમાણે દરેક ભાંગાની બાર–બાર દેવકુલિકાઓ જાણવી. બધી મળીને સાઈઠ દેવકુલિકાઓ થશે. આ બધી દેવકુલિકાઓની સ્થાપના (કોઠા) બહુશ્રુત આચાર્ય ભગવંતે કહેલ–બનાવેલ પટમાંથી જાણી લેવી. એનો ભાવાર્થ આગળ ખુલ્લો કરાશે. (૧૩૩૮ થી ૧૩૪૧)

**આગળ જે "દ્વિવિધ–ત્રિવિધ" આઠ પ્રકારે હોય છે એમ કહ્યું છે, તેનું વિવરણ કરે છે.**

दुविह तिविहेण पढमो दुविहं दुविहेण बीयओ होइ ।
दुविहं एगविहेणं एगविहं चेव तिविहेणं ॥१३४२॥
एगविहं दुविहेणं एकेक विहेण छट्ठओ होइ ।
उत्तरगुण सत्तमओ अविरयओ अट्ठमो होइ ॥१३४३॥

૧. દ્વિવિધ–ત્રિવિધવડે પહેલો, ૨. દ્વિવિધ દ્વિવિધવડે બીજો, ૩. દ્વિવિધ એકવિધવડે ત્રીજો, ૪. એકવિધ ત્રિવિધવડે ચોથો, ૫. એકવિધ દ્વિવિધવડે પાંચમો, ૬. એકવિધ એકવિધવડે છટ્ઠો, ૭. ઉત્તર ગુણરૂપ સાતમો અને ૮. અવિરત સમકિતરૂપ આઠમો ભાંગો છે. આની વ્યાખ્યા આગળ કરેલ છે. (૧૩૪૨–૧૩૪૩)

**હવે સોળહજાર આઠસો આઠ (૧૬૮૦૮) સંખ્યા પ્રમાણ શ્રાવકના ભેદોને કહેવાની ઈચ્છાથી પાંચ અણુવ્રતોની દેવકુલિકાનું પ્રતિપાદન કરવા માટે પહેલા એક વિગેરે સંયોગોનું પરિમાણ બતાવનાર ગુણકારક સંખ્યા કહે છે.**

पंचण्ह मणुवयाणं एकगदुगतिग चउक्क पणगेहिं ।
पंचग दसदस पण एक्कगो य संजोय नायव्वा ॥१३४४॥

**પાંચ અણુવ્રતો એક સંયોગી પાંચ, બે સંયોગી દસ, ત્રણ સંયોગી દસ, ચાર સંયોગી પાંચ અને પાંચ સંયોગી એક ભાંગો જાણવો.**

પાંચ અણુવ્રતોના એક સંયોગી, બે સંયોગી, ત્રણ સંયોગી, ચાર સંયોગી, પાંચ સંયોગી ભાંગા વિચારતા અનુક્રમે એમના પાંચ, દસ, દસ, પાંચ અને એક એ પ્રમાણે ભાંગાઓ જાણવા આનો ભાવાર્થ આ પ્રમાણે છે.

પાંચ અણુવ્રતોના એક સંયોગી પાંચ, બે સંયોગી દસ, ત્રણ સંયોગી પણ દસ, ચાર સંયોગી પાંચ અને પાંચ સંયોગી એક ભાંગો છે. આ ભાંગાઓ एगाइ एगुत्तर વિગેરે કરણવડે અક્ષ સંચારણાથી લાવવા એની ભાવના આગળ બતાવેલ છે. (૧૩૪૪)

**હવે પાંચમી દેવકુલિકાની ગુણ્યરાશિ કહે છે :–**

**छच्चेव य छत्तीसा सोल दुगं चेव छ नव दुग एक्कं ।**
**छस्सत्त सत्त सत्त य पंचह्न वयाण गुणण पयं ॥१३४५॥**

શરૂઆતમાં છ જ, તે પછી છત્રીસ, બસો સોલ, બારસો છન્નુ, (૭૭૭૬)સાત હજાર સાતસો છોતેર એ પાંચ અણુવ્રતોના ગુણન પદો એટલે ગુણ્ય સંખ્યા છે. (૧૩૪૫)

**હવે પાંચમી દેવકુલિકાની આવેલ સંખ્યા કહે છે :–**

**वय एक्कग संजोगाण हुंति पंचण्ह तीसई भंगा ।**
**गुणसंजोग दसण्हंपि तिन्नि सट्ठा सया हुंति ॥१३४६॥**
**तिग संजोग दसण्हं भंगसया एक्कवीसइ सट्ठा ।**
**चउ संजोग पणगे चउसट्ठि सयाण असियाणि ॥१३४७॥**
**सत्तत्तरी सयाइं छहत्तराइं तु पंचगे हुंति ।**
**उत्तरगुण अविरय मेलियाण जाणाहि सव्वग्गं ॥१३४८॥**
**सोलस चेव सहस्सा अट्ठ सया चेव हुंति अट्ठहिया ।**
**एसो वयपिंडत्थो दंसणमाई उ पडिमाओ ॥१३४९॥**

**વ્રત સંબંધી એક–એક સંયોગી પાંચના ત્રીસ ભાંગા થાય છે. બે સંયોગી દસના ત્રણસોને સાઠ (૩૬૦) ભાંગા થાય છે. ત્રણ સંયોગી દસના–એકવીસસો સાઠ (૨૧૬૦) ભાંગા થાય છે. ચાર સંયોગી પંચકના (૬૪૮૦) ચોસઠસો એંસી ભાંગા થાય છે. પાંચ સંયોગીના સત્યોતેર સો છોતેર (૭૭૭૬) ભાંગા થાય છે. ઉત્તરગુણ અને અવિરતને મેળવતાં બધા મળીસોળ હજાર આઠસો આઠ ( ૧૬૮૦૮ ) ભાંગા થાય છે. આ દર્શન વિગેરે પ્રતિમાઓનો વ્રતપિંડાર્થ સમુહાર્થ છે.**

વ્રત સંબંધિત એક સંયોગી પાંચ ભેદના (૩૦) ત્રીસ ભાંગા થાય છે, બે સંયોગી દસ ભેદોના ત્રણસો સાઈઠ (૩૬૦) ભાંગા થાય છે. ત્રણ સંયોગી દસ ભેદોના એકવીસ સો સાઠ (૨૧૬૦) ભાંગા થાય છે, ચાર સંયોગી પાંચ ભેદોના (૬૪૮૦) ચોસઠસો એંસી ભાંગા થાય છે, પાંચ સંયોગી એક ભેદના સત્યોતેરસો છોતેર (૭૭૭૬) ભાંગા થાય છે.

આની વિચારણા આ પ્રમાણે છે. કોઈક સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વિગેરે પાંચ અણુવ્રતોને સ્વીકારે છે. તેમાં એક સંયોગી પાંચ ભેદો છે. એટલે એકએકમાં એક એક સંયોગી દ્વિવિધ–ત્રિવિધ વિગેરે છ–છ ભાંગા થાય છે તેથી છ ને પાંચે ગુણતા ત્રીસ થાય છે. આટલા પાંચવ્રતોના એક–એક સંયોગી ભાંગા થાય છે. તથા એકએક દ્વિક સંયોગી ભાંગામાં છત્રીસ–છત્રીસ ભાંગાઓ થાય છે. તે આ પ્રમાણે પ્રાણાતિપાત વ્રત સંબંધી દ્વિવિધ–ત્રિવિધ પહેલો ભાંગો અવસ્થિત છે. મૃષાવાદ સંબંધિત છ ભાંગા આવે એ પ્રમાણે પ્રાણાતિપાત સંબંધી દ્વિવિધ–દ્વિવિધ રૂપ બીજો ભાંગો પણ અવસ્થિત છે. મૃષાવાદ સંબંધિત છ ભાંગા મળે. એ પ્રમાણે પ્રાણાતિપાત વ્રત સંબંધિત દ્વિવિધ-એકવિધ–ત્રીજો ભાંગો અવસ્થિત છે. એકવિધ–ત્રિવિધ રૂપ ચોથો ભાંગો તથા એકવિધ દ્વિવિધરૂપ પાંચમો ભાંગો અને એકવિધ એકવિધ રૂપ છઠ્ઠો ભાંગો પણ અવસ્થિત છે. એ પ્રમાણે મૃષાવાદ સંબંધિ છ ભાંગા દરેક ભેદના આવે છે. તેથી છ ને છ વડેગુણતા છત્રીસ થાય છે. અહિં બે સંયોગી દસ ભેદો છે. આથી છત્રીસને દસવડે ગુણતા ત્રણસો સાઈઠ થાય છે. આટલા દ્વિકસંયોગી પાંચ વ્રતના ભાંગા થાય છે. ભાંગાઓનું ઉચ્ચારણ આ પ્રમાણે,

૧. સ્થૂલ પ્રાણાતિપાતનું પચ્ચક્ખાણ દ્વિવિધ–ત્રિવિધે કરે તેમ ,સ્થૂલ મૃષાવાદને પણ દ્વિવિધ–ત્રિવિધે પચ્ચક્ખાણ કરે. ૨. સ્થૂલ પ્રાણાતિપાત દ્વિવિધ–ત્રિવિધ અને સ્થૂલ મૃષાવાદ દ્વિવિધ–દ્વિવિધે ૩. સ્થૂલ પ્રાણાતિપાત દ્વિવિધ ત્રિવિધ અને સ્થૂલ મૃષાવાદ દ્વિવિધ–એકવિધે. ૪. સ્થૂલ પ્રાણાતિપાત દ્વિવિધ–ત્રિવિધ, સ્થૂલ મૃષાવાદ એકવિધ ત્રિવિધે ૫. સ્થૂલ પ્રાણાતિપાત દ્વિવિધ–ત્રિવિધ, સ્થૂલ મૃષાવાદ–એકવિધ દ્વિવિધ. ૬. સ્થૂલ પ્રાણાતિપાત દ્વિવિધ–ત્રિવિધ, સ્થૂલ મૃષાવાદ એકવિધ–એકવિધ.

એ પ્રમાણે સ્થૂલ–અદત્તાદાન મૈથુન અને પરિગ્રહમાં પણ દરેકના છ–છ ભાંગા ગણતા બધા મળી ચોવીસ ભાંગા થાય છે. આ દ્વિવિધ–ત્રિવિધરૂપ પ્રાણાતિપાતના પહેલા ભાંગાને છોડ્યા વગર આવે છે. આ પ્રમાણે બીજા, ત્રીજા, ચોથા, પાંચમા તથા છઠ્ઠા ભાંગામાં પણ પ્રાણાતિપાતના ભાંગાઓ ચોવીસ, ચોવીસ, થાય છે. એ બધા મળી એકસો ચુમ્માલીસ થાય છે.

૧. સ્થૂલ મૃષાવાદનું પચ્ચક્ખાણ દ્વિવિધ–ત્રિવિધે કરે, સ્થૂલ અદત્તાદાન પણ દ્વિવિધ–ત્રિવિધ,. ૨. સ્થૂલ મૃષાવાદ દ્વિવિધ ત્રિવિધે સ્થૂલ અદત્તાદાન પણ દ્વિવિધ–દ્વિવિધ

એ પ્રમાણે આગળ મુજબ છ ભાંગા જાણવા, એ પ્રમાણે મૈથુન પરિગ્રહમાં પણ દરેકના છ–છ ભાંગા થાય છે. બધા મળી અઢાર ભાંગા થાય. આ મૃષાવાદના પહેલા ભાંગાને છોડ્યા વગર આવે છે. એ પ્રમાણે બીજા વિગેરે છ ભાંગામાં પણ અઢાર–અઢાર થાય છે. બધા મળી એકસો આઠ ભેદ થાય છે.

૧. સ્થૂલ અદત્તાદાન અને સ્થૂલ મૈથુનને દ્વિવિધ–ત્રિવિધે પચ્ચક્ખાણ કરે. ૨. સ્થૂલ અદત્તાદાન દ્વિવિધ–ત્રિવિધે, સ્થૂલ મૈથુન દ્વિવિધ–દ્વિવિધે ૩. એ પ્રમાણે આગળ મુજબ છ ભાંગા જાણવા. એ પ્રમાણે મૈથુન અને પરિગ્રહમાં પણ છ–છ ભાંગા એટલે બધા મળી બાર થયા. આ ભાંગા સ્થૂલ અદત્તાદાનના પ્રથમ ભાંગાને છોડ્યા વગર આવેલા છે. એ પ્રમાણે બીજા વિગેરે છ ભાંગામાં બાર–બાર ભેદ ગણતા બધા મળી બોંતેર (૭૨) ભેદો થાય છે.

સ્થૂલ મૈથુન અને સ્થૂલ પરિગ્રહને દ્વિવિધે ત્રિવિધે પચ્ચક્ખાણ કરે, સ્થૂલ મૈથુન દ્વિવિધ–ત્રિવિધે, સ્થૂલ પરિગ્રહ દ્વિવિધ–દ્વિવિધે એ પ્રમાણે આગળ મુજબ છ ભાંગા થાય છે. આ ભાંગા સ્થૂલ મૈથુનના પ્રથમ ભાંગાને છોડ્યા વગર આવે છે. એ પ્રમાણે બીજા વિગેરેમાં દરેક ભાંગા પણ દરેકના છ–છ ભેદો ગણતા બધા મળી છત્રીસ થાય છે, એકસો ચુમ્માલીસ. એકસો આઠ, બોંતેર, છત્રીસ (૧૪૪+૧૦૮+૭૨+૩૬ = ૩૬૦) આ બધા મૂળથી લઇને કુલ્લે ભાંગા ત્રણુસો સાઇઠ થાય છે. એ પ્રમાણે ત્રણ સંયોગી વિગેરેમાં પણ ભાંગાઓનું ઉચ્ચારણ કરવું. અહીં ગ્રંથ વિસ્તારના ભયથી બતાવતા નથી.

ત્રિકસંયોગી એક–એક ભાંગામાં દરેક બસ્સો સોળ ભેદો થાય છે. તે આ પ્રમાણે મૃષાવાદ સંબંધિત પહેલો ભાંગો અવસ્થિત અદત્તાદાન સંબંધીત છ ભાંગા એ પ્રમાણે બીજા, ત્રીજા, ચોથા. પાંચમા, છઠ્ઠામાં પણ છ ભાંગાઓ આવે, તેથી અહીં પણ છત્રીસ ભાંગા થયા. તે પણ પ્રાણાતિપાતના પ્રથમ ભાંગાએ આવ્યા. એ પ્રમાણે બીજા, ત્રીજા, ચોથા, પાંચમા, છઠ્ઠામાં પણ પ્રાણાતિપાત સંબંધી ભાંગાઓ ગણતા છત્રીસ–છત્રીસ આવે છે. આથી છત્રીસને છ વડે ગુણતા બસ્સો સોલ ભેદ થાય છે. અહિં ત્રણ સંયોગી દસ ભાંગા છે તેથી બસ્સો સોલને દસ વડે ગુણતા એકવીસસો સાઇઠ (૨૧૬૦) કુલ્લે ભાંગા થાય છે. આટલા ત્રિકસંયોગી પાંચ વ્રતોના ભાંગા થાય છે.

ચાર સંયોગી એક–એક ભેદમાં બારસો છન્નુ ભાંગા દરેક ભેદમાં થાય છે. તે આ પ્રમાણે. અદત્તાદાન સંબંધી પહેલો ભાંગો અવસ્થિત અને મૈથુન વ્રત સંબંધિત છ ભાંગા આવે છે. એ પ્રમાણે બીજા–ત્રીજા–ચોથા–પાંચમા અને છઠ્ઠાના પણ છ–છ ભાંગા આવે, આથી બધા મળી છત્રીસ ભાંગા થાય છે. આ ભાંગા મૃષાવાદના પ્રથમ ભાંગાવડે આવ્યા. એ પ્રમાણે બીજા, ત્રીજા, ચોથા. પાંચમા, છઠ્ઠા ભેદવડે પણ મૃષાવાદના ભાંગા છત્રીસ છત્રીસ આવે આથી બધા મળી બસોસોળ ભાંગા થાય. આ ભાંગાઓને

પ્રાણાતિપાતના છ ભાંગાવડે ગુણતા બધા મળી બારસો છન્નુ (૧૨૯૬) ભાંગા થાય છે. ચાર સંયોગના અહીં પાંચ ભેદો છે તેથી બારસો છન્નુને પાંચ વડે ગુણતા ચોસઠસો એંશી (૬૪૮૦) થાય છે. આટલા ભાંગા ચતુસંયોગી પાંચ વ્રતોના છે.

પાંચ સંયોગીમાં મૈથુન વ્રત સંબંધિત પહેલા વિગેરે છ યે ભાંગાના દરેકના પરિગ્રહ સંબંધી છ–છ ભાંગાઓ આવે છે એટલે છત્રીસ થયા. તે છત્રીસ અદત્તાદાનના દરેક છ યે ભાંગાઓને આવે છે એટલે બસ્સો સોલ થાય. આ બસ્સો સોલ મૃષાવાદના છ યે ભાંગાઓમાં દરેકના ગણુતા બારસો છન્નુ થાય છે. આ બારસો છન્નુ પ્રાણાતિપાત વ્રત સંબંધી છ યે ભાંગાઓમાં દરેકના ગણુતા સત્યોતેરસો છોતેર (૭૭૭૬) થાય છે. અહિં પંચસંયોગી એક જ ભાંગો છે, આથી સત્યોતેરસો છોતેરને એકે ગુણતા 'એક વડે ગુણતા તે જ સંખ્યા આવે' એ ન્યાયે ગુણ્ય સંખ્યાની વૃદ્ધિનો અભાવ હોવાથી સત્યોતેરસો છોતેર અવસ્થિત સંખ્યા આવે છે. પાંચ સંયોગી પાંચ વ્રતોના કુલ્લે આટલા ભાંગા થાય છે. વ્રતયંત્રની સ્થાપના આ પ્રમાણે છે.

| | | | પ્રા. | મૃ. | અ. | મૈ. | પ. |
|---|---|---|---|---|---|---|---|
| | | | ૨૩ | ૨૩ | ૨૩ | ૨૩ | ૨૩ |
| ૬ | ૫ | ૩૦ | ૨૨ | ૨૨ | ૨૨ | ૨૨ | ૨૨ |
| ૩૬ | ૧૦ | ૩૬૦ | ૨૧ | ૨૧ | ૨૧ | ૨૧ | ૨૧ |
| ૨૧૬ | ૧૦ | ૨૧૬૦ | ૧૩ | ૧૩ | ૧૩ | ૧૩ | ૧૩ |
| ૧૨૯૬ | ૫ | ૬૪૮૦ | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૨ |
| ૭૭૭૬ | ૧ | ૭૭૭૬ | ૧૧ | ૧૧ | ૧૧ | ૧૧ | ૧૧ |

ગુણ્ય સંખ્યા, ગુણકારક સંખ્યા અને જવાબ રૂપ આવેલ સંખ્યા એ ત્રણ સંખ્યા વડે પાંચમી દેવકુલિકા પૂર્ણ થાય છે. એ પ્રમાણે બધીયે દેવકુલિકાઓની ઉત્પત્તિ મતિમાનો–નિપુણોએ સ્વયં જાણી લેવી. એમાં ઉત્તરગુણ સ્વીકારરૂપ તથા અવિરત સમ્યક્દૃષ્ટિરૂપ બે ભેદોને ઉમેરતા આગળ કહેલા ત્રીસ વિગેરે ભાંગાઓની સર્વ સંખ્યા આ પ્રમાણે જાણવી. સોલ હજાર આઠસો છ (૧૬૮૦૬) (૩૦+૩૬૦+૨૧૬૦+૬૪૮૦+૭૭૭૬ =૧૬૮૦૬) આ સંખ્યા આગળ કહેલ પાંચ સંખ્યારૂપ વ્રતોના પિંડાર્થ એટલે સર્વ સમૂહની સંખ્યા રૂપે છે. દર્શન વિગેરે પ્રતિમા એટલે અભિગ્રહ વિશેષ રૂપે છે. વ્રત રૂપે નથી કારણ કે તે પ્રતિમાઓનું સ્વરૂપ–વ્રતોનું સ્વરૂપ અલગ પ્રકારે છે. આ શ્રાવકના પાંચ અણુવ્રતોને આશ્રયી કહ્યા છે. બાર વ્રતના અનુસારે અતિઘણા ભેદો થાય છે તે કહે છે. (૧૩૪૬–૧૩૪૯)

तेरसकोडिसयाइं चुलसी जुयाइं बारस य लक्खा ।
सत्तासीई सहस्सा दो य सया तह दुरुत्ताय ॥१३५०॥

**તેરસોચોર્યાસી કરોડ, બારલાખ, સત્યાસી હજાર બસો ને બે. (૧૩,૮૪,૧૨,૮૭,૨૦૨)**

તેરસો ચોર્યાસી કરોડ બારલાખ સત્યાસી હજાર બસો બે (૧૩,૮૪,૧૨,૮૭,-૨૦૨) આ સંખ્યા છ ભંગી યુક્ત બાર દેવકુલિકાઓની આવેલી સર્વ સંખ્યાના સમૂહમાં ઉત્તરગુણ તથા અવિરત સમ્યક્ત્વરૂપ બે ભેદ ઉમેરવાથી થાય છે. આ બધાયે ભેદો શ્રાવકોના વ્રતના ભાંગાઓના કહ્યા છે. સાધુઓના તો સત્તાવીસ ભાંગા જ થાય છે. તે આ પ્રમાણે-

જે મન-વચન-કાયાથી કરે નહીં એમ મન-વચન-કાયા વડે કરાવે નહીં એમ મન-વચન-કાયા વડે અનુમોદે નહીં. આ નવ ભાંગા થયા. એ વર્તમાન કાળાનુસારે નવ, ભૂતકાળને આશ્રયી નવ અને ભવિષ્યકાળ આશ્રયી નવ એ પ્રમાણે બધા મળી સત્તાવીસ ભાંગા થાય છે. ભાષ્યકારે કહ્યું છે કે,

"સાધુઓને એક-એક (યોગે) ત્રણ કરણવડે અને ત્રણકાળવડે એમ ત્રણ ઘન રૂપ એટલે (૩ × ૩ × ૩ = ૨૭) સત્યાવીસ સંખ્યા રૂપ બધા ભાંગાની હોય છે. અને ગૃહસ્થના એકસો સુડતાલીસ છે."

અહીં ન કરું ન કરાવું વિગેરે એક-એક યોગને મન વિગેરે ત્રણ કરણ સાથે ત્રણ કાળ સાથે ચારણા કરવી. તેથી ત્રણનો જે ઘન એટલે સત્તાવીસ રૂપ સંખ્યા સાધુઓના ભાંગારૂપે જાણવી. કારણ કે સાધુઓએ "સર્વ સાવદ્ય યોગં પ્રત્યાખ્યામિ" એ પ્રમાણે પચ્ચક્ખાણ કર્યું હોય છે. આથી તેમના પચ્ચક્ખાણના ભાંગાની સંખ્યાનું પ્રમાણ આ પ્રમાણે થાય છે. અસર્વ સાવદ્યયોગના પચ્ચક્ખાણવાળા ગૃહસ્થોને પચ્ચક્ખાણના એકસો સુડતાલીસ ભાંગા જાણવા. (૧૩૫૦)

## ૨૩૭. અઢાર પાપસ્થાનક

सव्वं पाणाइवायं १ अलियं २ मदत्तं ३ च मेहुणं सव्वं ४ ।
सव्वं परिग्गहं ५ तह राईभत्तं ६ च वोसरिमो ॥१३५१॥
सव्वं कोहं ७ माणं ८ मायं ९ लोहं १० च राग ११ दोसे १२ य ।
कलहं १३ अब्भक्खाणं १४ पेसुन्नं १५ परपरीवायं १६ ॥१३५२॥
मायामोसं १७ मिच्छादंसण सल्लं १८ तहेव वोसरिमो ।
अंतिमऊसासंमि देहंपि जिणाइ पच्चक्खं ॥१३५३॥

**સર્વ પ્રાણાતિપાત, અસત્ય, અદત્તાદાન, સર્વ મૈથુન, સર્વ પરિગ્રહ. રાત્રિભોજનને હું વોસિરાવું છું. સર્વ ક્રોધ, માન, માયા, લોભ રાગ, દ્વેષ કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય (ઈર્ષ્યા) પરપરિવાદ (નિંદા) માયા મૃષાવાદ, મિથ્યાદર્શન શલ્યને તથા દેહને પણ જિન વિગેરેની પ્રત્યક્ષતાએ એટલે સાક્ષીએ છેલ્લા શ્વાસોશ્વાસે વોસિરાવું છું.**

૧. બધાયે ભેદો સહિત પ્રાણાતિપાત ૨. બધાયે અસત્ય ૩. બધીયે ચોરીઓ ૪. બધા મૈથુન ૫. બધા પરિગ્રહ ૬. સર્વ રાત્રિભોજનને અમે છોડીએ છીએ. ૭. સર્વ ક્રોધ, ૮. માન ૯. માયા ૧૦. લોભ ૧૧. રાગ ૧૨. દ્વેષ ૧૩. કલહ–કજીયો ૧૪. અભ્યાખ્યાન એટલે આળ–આક્ષેપ ૧૫. પૈશુન્ય એટલે ઈર્ષ્યા ૧૬. પરપરિવાદ એટલે નિંદા ૧૭. માયા મૃષાવાદ અને ૧૮. મિથ્યાત્વદર્શન શલ્યને પણ. તે પ્રમાણે બધાયે ભેદો સહિત વોસિરાવીએ છીએ. આ અઢાર પાપના કારણરૂપ હોવાથી પાપસ્થાનક કહેવાય છે. ફક્ત આ પાપો જ નહીં પરંતુ છેલ્લા શ્વાસોશ્વાસે એટલે પરલોક જવાના સમયે પોતાના દેહમાંથી પણ મમત્વભાવ દૂર કર્યો હોવાથી જિનેશ્વર–સિદ્ધ વિગેરેની સમક્ષ એટલે સાક્ષીએ શરીરને પણ વોસિરાવું છું.

પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન મૈથુન, પરિગ્રહ, રાત્રિભોજન, ક્રોધ, માન, માયા, લોભ પ્રસિદ્ધ છે. રાગ એટલે અપ્રગટ માયા, લોભ રૂપ સ્વભાવવંત આસક્તિ રૂપે છે. જે તિરસ્કાર કરવો તે દ્વેષ અથવા દૂષિત કરવું તે દોષ, તે અપ્રગટ ક્રોધ–માનરૂપ સ્વભાવ વાળી અપ્રીતિ રૂપે છે. કલહ એટલે રાડો પાડવા પૂર્વક ઝઘડો કરવો. અભ્યાખ્યાન એટલે સ્પષ્ટરૂપે અસત્ દોષારોપણ કરવું. આળ આપવું તે. પૈશન્ય એટલે પિશુન કર્મ છૂપી રીતે સત્–અસત્ દોષો બોલવા ઈર્ષ્યા કરવી. બીજાઓનો જે પરિવાદ પરપરિવાદ એટલે નિંદા કરવી તે. માયા એટલે કપટ મૃષા એટલે જુઠું બોલવું, તે માયા મૃષાવાદ એટલે કપટવડે અથવા કપટપૂર્વક જે જુઠું બોલવું, તે માયા મૃષાવાદ. બે દોષો ભેગા મળ્યા છે. માયામૃષાના ઉપલક્ષણથી માનમૃષા વિગેરે દોષોનો સંયોગ પણ જાણી લેવો.

વેષ પરાવર્તન કરી લોકોને ઠગવું તે માયામૃષાવાદ છે-એમ બીજા આચાર્યોનો મત છે.

જે વિપરીત દૃષ્ટિ–માન્યતા તે મિથ્યાદર્શન, તે ભાલા વિગેરેની અણી કાંટાની જેમ જે શલ્યરૂપે એટલે દુઃખના કારણરૂપે હોવાથી મિથ્યાદર્શન શલ્ય કહેવાય છે.

સ્થાનાંગ સૂત્રમાં રાત્રિભોજન પાપસ્થાનકમાં ગણ્યું નથી પરંતુ પરપરિવાદની આગળ રતિ–અરતિને ગણ્યું છે. તેનો અર્થ આ પ્રમાણે છે. અરતિ મોહનીયના ઉદયથી ખેદ રૂપ ઉત્પન્ન થયેલ જે ચિત્તવિકાર તે અરતિ અને ચિત્તના આનંદરૂપ રતિ. અહિં રતિ અરતિની એકજ પાપસ્થાનક રૂપે વિવક્ષા કરી છે. કારણકે કોઈક વિષયમાં જે રતિ છે,

તે જ વિષયાંતરની અપેક્ષાએ અરતિરૂપે કહેવાય છે—એ પ્રમાણે અરતિ જ રતિ છે એમ ઔપચારિકપણે બંનેનું એકત્વ રૂપ છે. તથા રાગના સ્થાને पिज्ज પદ એટલે પ્રેમ પણ કહ્યો છે. પિજ્જ એટલે પ્રિયપણાનો જે ભાવ અથવા કાર્ય—કર્મ તે પ્રેમ એનો અર્થ રાગના જેવો જ છે. (૧૩૫૧ થી ૧૩૫૩)

## ૨૩૮. સત્યાવીશમુનિના ગુણો

छव्वय छकायरक्खा पंचिंदियलोह निग्गहो खंती ।
भावविसुद्धी पडिलेहणाइकरणे विसुद्धी य ॥१३५४॥
संजमजोए जुत्तय अकुसल मणवयणकाय संरोहो ।
सीयाइपीडसहणं मरणंतुवसग्ग सहणं च ॥१३५५॥

**છ વ્રત, છ કાય રક્ષા, પાંચ ઇન્દ્રિય અને લોભનો નિગ્રહ, ક્ષમા, ભાવ-વિશુદ્ધિ, પડિલેહણ વિગેરે કાર્યોમાં વિશુદ્ધિ, સંયમ યોગોથી યુક્ત, અકુશલ મન-વચન-કાયાનો રોધ, ઠંડી વિગેરે પરિસહની પીડા સહન અને મરણાંત ઉપસર્ગ સહન કરવા એ સાધુના સત્યાવીશ ગુણ કહ્યા છે.**

પ્રાણાતિપાતથી લઇ રાત્રિભોજન સુધીના છ વ્રતો, પૃથ્વીકાયથી ત્રસકાય સુધીની છકાયની રક્ષા એટલે સંઘટ્ટ-પરિતાપ વિગેરે પીડાના ત્યાગપૂર્વક સારી રીતે પાલન કરવા. શ્રોત્રેન્દ્રિય વિગેરે પાંચ ઇન્દ્રિયોનો જે નિગ્રહ એટલે નિયંત્રણ કરવું એટલે સારા ખરાબ શબ્દ વિગેરેમાં રાગ દ્વેષ ન કરવો. લોભનો નિગ્રહ એટલે વિરાગભાવ. ક્રોધ નિગ્રહરૂપ ક્ષાન્તિ એટલે ક્ષમા. અકલુષાન્તરાત્મભાવ અથવા કુશલ અંતરાત્મ ભાવ તે ભાવવિશુદ્ધિ. પડિલેહણ વિગેરે ક્રિયાઓમાં વિશુદ્ધિ એટલે શુદ્ધ અધ્યવસાયપૂર્વક સમ્યગ્ ઉપયોગ યુક્ત પડિલેહણ વિગેરેની ક્રિયા કરવી. અસંયમના આધારરૂપ જે યોગો, તેનો રોધ કરવો. એટલે પ્રશસ્ત યોગોને જ આદરવા. એ ભાવ છે. ઠંડી હવા ગરમી વિગેરેથી ઉત્પન્ન થયેલ પીડાઓને સારી રીતે સહન કરવી. મરણાંત ઉપસંર્ગ સહન કરવા. જેના છેડે મરણ છે તે મરણાંત એટલે મરણના કારણરૂપ જે પદાર્થ વિગેરે, તે મરણના કારણરૂપ જે ઉપસર્ગ તે મરણાંત ઉપસર્ગ, તેને સહન કરવા. એટલે તે ઉપસર્ગો કલ્યાણ મિત્ર છે-એમ માની એવી બુદ્ધિપૂર્વક સહન કરવું. આ સત્તાવીસ, સાધુઓના ચારિત્ર વિશેષ રૂપ ગુણો છે.

બીજા સ્થળોએ આ પ્રમાણે સાધુના ગુણો કહ્યા છે. પાંચ મહાવ્રતો, પાંચ ઇન્દ્રિય નિગ્રહ, ચાર ક્રોધ વિગેરે કષાયોનો વિવેક. ત્રણ સત્ય એમાં ભાવ સત્ય શુદ્ધ

અંતરસ્વરૂપ છે. યથોક્ત પડિલેહણ વિગેરે ક્રિયા કરવી તે કરણસત્ય. મન વિગેરે યોગોનું અવિતથ એટલે સાચો ભાવ તે યોગ સત્ય, અપ્રગટ, ક્રોધ, માન રૂપ દ્વેષ નામની અપ્રીતિ માત્રનો જે અભાવ તે ક્ષમા. ક્રોધ, માન શબ્દ વડે ઉદયમાં આવેલને રોકવા તે નિરોધ તે આગળ કહ્યો છે. આસક્તિ માત્રનો અભાવ તે વિરાગતા અથવા માયા–લોભની ઉદય રહિત અવસ્થા. માયા–લોભ વિવેક શબ્દ વડે ઉદયમાં આવેલાનો નિરોધ એટલે રોકવા તે આગળ કહેલ છે.

મન વિગેરેનો નિરોધ. ત્રણ જ્ઞાન-દર્શન-ચારિત્ર વિગેરેની સંપન્નતા એટલે યુક્તતા, વેદના આદિ સહનતા, એટલે મરણાંત ઉપસર્ગ સહન રૂપ સાધુના સત્યાવીશ ગુણો છે. (૧૩૫૪–૧૩૫૫)

## ૨૩૯. શ્રાવકના એકવીસ ગુણ

धम्मरयणस्य जोगो अक्खुद्दो १ रूववं २ पगइसोमो ३ ।
लोयप्पिओ ४ अक्रूरो ५ भीरू ६ असठो ७ सदक्खिन्नो ८ ॥१३५६॥
लज्जालुओ ९ दयालू १० मज्झत्थो ११ सोमदिट्ठि १२ गुणरागी १३ ।
सक्कहसुयक्खजुत्तो १४ सुदीहदंसी १५ विसेसन्नू १६ ॥१३५७॥
वुड्ढाणुगो १७ विणीओ १८ कयन्नुओ १९ परहियत्थकारी य २० ।
तह चेव लद्धलक्खो २१ इगवीसगुणो हवइ सड्ढो ॥१३५८॥

૧. અક્ષુદ્ર ૨. રૂપવાન ૩. સૌમ્યપ્રકૃતિવાન ૪. લોકપ્રિય ૫. અક્રૂર ૬. ભીરુ એટલે પાપથી ડરનાર ૭. અશઠ ૮. દાક્ષિણ્યવાન ૯. લજ્જાળુ ૧૦. દયાળુ ૧૧. મધ્યસ્થ ૧૨. સૌમ્યદષ્ટિવંત ૧૩. ગુણાનુરાગી ૧૪. સત્કથ અને સુપક્ષવાન ૧૫. સુદીર્ઘદર્શી ૧૬. વિશેષજ્ઞ ૧૭. વૃદ્ધાનુયાયી ૧૮. વિનીત ૧૯. કૃતજ્ઞ ૨૦. પરહિતાર્થ કરનાર ૨૧. લબ્ધ લક્ષ્ય–આ એકવીસ ગુણવાળો શ્રાવક ધર્મરત્નને યોગ્ય હોય છે.

બધાયે પરધર્મીઓએ રચેલ ધર્મોમાં જે મુખ્ય-પ્રધાન હોવાથી રત્નની જેમ શોભે છે તે ધર્મરત્ન. અથવા જે જિનેશ્વરે કહેલ દેશવિરતિ વિગેરે રૂપ સામાચારી મય છે. તે ધર્મરત્ન તેને યોગ્ય આવા પ્રકારના ગુણવાળો શ્રાવક જ થાય છે.

**અક્ષુદ્ર** :– ક્ષુદ્ર એટલે તુચ્છ, ક્રૂર, દરિદ્ર, લઘુ એટલે નાનો વિગેરે અનેક અર્થમાં છે. છતાં પણ અહીં ક્ષુદ્રનો અર્થ તુચ્છ–હીનતાવાળો લેવો. કારણ કે તે જ અહીં ઉપયોગી છે. ક્ષુદ્ર એટલે તુચ્છ–અગંભીર એનાથી જે વિપરીત તે અક્ષુદ્ર. તે અક્ષુદ્ર સૂક્ષ્મ બુદ્ધિવાળો હોવાથી સુખપૂર્વક ધર્મ જાણી શકે છે.

**૨. રૂપવાન :–** સંપૂર્ણ અંગોપાંગ હોવાથી મનોહર આકારવાળો જે હોય, તે રૂપવાન. તે તેવા પ્રકારના રૂપવાળો હોવાથી સદાચારની પ્રવૃત્તિવડે ભાવિક લોકોને ધર્મમાં બહુમાન જગાડી ધર્મનો પ્રભાવક થાય છે.

**પ્રશ્ન :–** નંદિષેણ, હરિકેશીબલ વિગેરે કુરૂપવાનને પણ ધર્મપ્રાપ્તિ શાસ્ત્રોમાં સંભળાય છે, તો પછી અહીં રૂપવાનને ધર્મનો અધિકારી કેમ માનો છો ?

**ઉત્તર :–** સાચી વાત છે. રૂપ સામાન્ય અને અતિશયવાન એમ બે પ્રકારે છે. એમાં સંપૂર્ણ અંગવાળા હોવું તે સામાન્ય જે નંદિષેણ વિગેરેને પણ હતું. આથી તેનો વિરોધ આવતો નથી અને આ વાત પ્રાયિક છે. બીજા ગુણો જો રહ્યા હોય અને કુરૂપ-પણું હોય, તો પણ તેને અદુષ્ટ જ ગણ્યું છે. એ પ્રમાણે આગળના ગુણોમાં પણ જાણવું. જો કે અતિશય રૂપવાન તો તીર્થંકર વિગેરે જ હોય છે છતાં ક્યારેક જે દેશમાં, જે કાળમાં, જે વયમાં રહ્યો હોય અને લોકો રૂપવાન-એમ માને તે રૂપવાન-પણું અહીં લેવું માનવું.

**૩. સૌમ્ય પ્રકૃતિ :–** સ્વભાવથી જે સૌમ્ય એટલે ભયંકર આકારવાળો ન હોય. પણ વિશ્વસનીય રૂપવાળો હોય. આવા પ્રકારનો મોટે ભાગે પાપ પ્રવૃત્તિમાં જોડાય નહી. અને સુખે આશ્રય કરી શકાય છે અને સમજાવી શકાય એવો હોય છે.

**૪. લોકપ્રિય :–** આલોક અને પરલોક વિરૂદ્ધ કાર્યો છોડવાથી અને દાન-શીલ વિગેરે ગુણોથી યુક્ત હોવાથી બધાયે લોકોને પ્રિય થાય તે; લોકપ્રિય. તે લોકપ્રિય પણ બધાને ધર્મમાં બહુમાન ઉત્પન્ન કરાવી શકે છે.

**૫. અક્રૂર :–** અક્લિષ્ટ અધ્યવસાય એટલે ખરાબ પરિણામ, વિચાર વગરનો. ક્રૂર માણસ બીજાના છિદ્રો જોવાના સ્વભાવવાળો હોવાથી કલુષિત મનવાળો હોવાથી પોતાનું ધર્મ અનુષ્ઠાન ક્રિયા કરવા છતાં પણ ફળ પ્રાપ્ત કરી શકતો નથી. ધર્મની નિંદા કરાવનારો થાય છે.

**૬. ભીરુ એટલે ભયવાન :–** જે આલોક અને પરલોકના અપાય એટલે વિઘ્નો-કષ્ટોથી ત્રાસ પામવાના-ડરવાના સ્વભાવવાળો હોય તે ભીરૂ. પાપના ડરવાળો તે ભીરૂ ગુણવાળો, કારણ હોય તો પણ અધર્મમાં નિઃશંકપણે પ્રવૃત્તિ ન કરે.

**૭. અશઠ :–** કપટ રહિતપણે ક્રિયાનુષ્ઠાન કરનારો અશઠ કહેવાય. શઠ એટલે કપટી ઠગવાની-છેતરવાની ક્રિયામાં-પ્રવૃત્ત હોવાથી બધાને અવિશ્વસનીય થાય છે.

**૮. સદાક્ષિણ્ય :–** પોતાનું કામ છોડી બીજાના કામ કરવામાં રસ ધરાવનારો હોય છે, તે દાક્ષિણ્યવાન. તે કોને માન્ય ન થાય ?

**૯. લજ્જાલુ એટલે લજ્જાવાન :–** લજ્જાવાન અકૃત્ય સેવવાની વાત માત્રથી શરમાઇને પોતે સ્વીકારેલ અનુષ્ઠાન ક્રિયાને છોડી શકે નહીં.

**૧૦. દયાળુ એટલે દયાવાન :–** દુઃખીજીવોના દુઃખ દૂર કરવાની ઈચ્છાવાળો. દયા ધર્મનું મૂળ છે, જે પ્રસિદ્ધ છે.

**૧૧. મધ્યસ્થ :–** રાગ–દ્વેષ રહિત બુદ્ધિવાળો હોય તે મધ્યસ્થ. તે મધ્યસ્થી રાગ–દ્વેષ વગરનો હોવાથી જગતને પણ પ્રિય થાય છે.

**૧૨. સૌમ્યદૃષ્ટિ :–** કોઇને પણ ઉદ્વેગ એટલે હેરાન ન કરનાર હોય, તે જીવોને જોવા માત્રથી પણ વહાલો લાગે.

**૧૩ ગુણરાગી :–** ગંભીરતા–સ્થિરતા વિગેરે ગુણોનો પ્રેમી હોય, તે ગુણરાગી. તે ગુણરાગી ગુણનો પક્ષપાતી હોવાથી સદ્ગુણોનું અને ગુણીનું બહુમાન કરે અને નિર્ગુણીની ઉપેક્ષા કરે છે.

**૧૪. સત્કથ–સુપક્ષ યુક્ત :–** સદાચાર સેવનારો હોવાથી સત્ચારિત્રની વાત કરવાની ઈચ્છા–રૂચિવાળો હોય. સત્ચારિત્રવાન હોવાથી તેનો પરિવાર પણ સત્ ચારિત્રની કથા કરનાર હોય પણ દુઃચારિત્રની કથા કરનાર ન હોય, તે સત્કથ સપક્ષ યુક્ત કહેવાય. એટલે ધર્મમાં બાધક ન હોય એવા પરિવારવાળો એ ભાવ છે. આવા પ્રકારના જીવને કોઇપણ ઉન્માર્ગમાં લઇ જઈ ન શકે.

બીજા આચાર્યો સત્કથ અને સુપક્ષયુક્ત એમ બે ગુણો અલગ માને છે. અને મધ્યસ્થ તથા સૌમ્યદૃષ્ટિ એ બે ગુણોને એક ગુણ રૂપે માને છે

**૧૫. સુદીર્ઘદર્શી :–** સારી રીતે વિચારીને સારા પરિણામવાળા કાર્યને કરનારો હોય, તે જ વ્યક્તિ પારિણામિકી બુદ્ધિવડે સુંદર પરિણામવાળા આલોકના કાર્યને પણ આરંભે છે.

**૧૬. વિશેષજ્ઞ :–**ધર્મમાં બાધક–અબાધક વિગેરેને જાણનારો એટલે વિવેક કરનારો અવિશેષજ્ઞતો દોષોને પણ ગુણરૂપે અને ગુણને દોષરૂપે માને છે.

**૧૭. વૃદ્ધાનુગ :–** એટલે વૃદ્ધાનુયાયી એટલે પરિણત બુદ્ધિવાળા અનુભવી માણસની ગુણ પ્રાપ્ત કરવાની બુદ્ધિથી સેવા કરે, તે વૃદ્ધાનુગ–વૃદ્ધ પુરુષોની સલાહ પ્રમાણે ચાલનારો માણસ ક્યારે આપત્તિને પામતો નથી.

**૧૮. વિનીત :–** વિનયી વડીલ લોકોનો આદર બહુમાન કરનારો હોય છે, તે વિનયવાનને તરત જ સંપદાઓ પ્રાપ્ત થાય છે.

**૧૯. કૃતજ્ઞ :–** ઈહલૌકિક કે પરલૌકિક થોડો પણ બીજાએ કરેલ ઉપકારને માને પણ એને છુપાવે નહિં તે કૃતજ્ઞ. જે કૃતઘ્ની એટલે કરેલ ઉપકારને ન માનનારો તે જગતમાં નિંદાને પામે છે.

**૨૦. પરહિતાર્થકારી :–** બીજાના હિતકારી કાર્યો કરવાનો જેમનો સ્વભાવ છે, તે પરહિતાર્થકારી. દાક્ષિણ્યવાન એટલે કોઈ તેને પ્રાર્થના કરે એટલે કહે, તો જ ઉપકાર કરે. જ્યારે પરહિતકારી પોતાની મેળે જ પરોપકાર કરે છે. એ પ્રમાણે એ બે માં ભેદ છે.

જે સ્વાભાવથી જ પરહિત કરવામાં હંમેશા રક્ત હોય તે સ્વભાવિકપણે જ નિસ્પૃહપણાના ભાવથી બીજાને પણ સત્ધર્મમાં સ્થાપન કરે છે.

**૨૧. લબ્ધલક્ષ :–** લબ્ધ એટલે જે મેળવવું તે, લક્ષ એટલે શીખવા યોગ્ય જે અનુષ્ઠાનક્રિયા. જેને શીખવા યોગ્ય અનુષ્ઠાનક્રિયા પ્રાપ્ત કરી લીધા છે. લબ્ધલક્ષ પૂર્વભવમાં જાણે અભ્યાસ કરીને ન આવ્યો હોય, એમ બધુંયે ધર્મકાર્ય જલ્દી–ઝડપથી સમજી જાય જાણીલે એ આ ગુણનો ભાવે છે.

આવા પ્રકારના જીવને જ વંદન પડિલેહણ વિગેરે ધર્મક્રિયાને સુખપૂર્વક શીખવી શકાય છે અને આવા પ્રકારના એકવીસ ગુણવાળો શ્રાવક હોય છે. (૧૩૫૬–૧૩૫૭–૧૩૫૮)

## ૨૪૦. તિર્યંચીણીનીઉત્કૃષ્ટ ગર્ભસ્થિતિ

**उक्किट्ठा गब्भठिई तिरियाणं होइ अट्ठ वरिसाइं ।**
**माणुस्सीणुक्किट्ठ इत्तो गब्भट्ठिई वुच्छं ॥१३५९॥**

તિર્યંચ સ્ત્રીની ગર્ભ રહેવા રૂપ ગર્ભસ્થિતિ ઉત્કૃષ્ટ આઠ વર્ષની છે, તે પછી ગર્ભ નાશ પામે અથવા પ્રસૂતિ થાય છે.

## ૨૪૧–૨૪૨. મનુષ્યસ્ત્રીની ઉત્કૃષ્ટ ગર્ભસ્થિતિ અને મનુષ્યપુરુષની ગર્ભની કાયસ્થિતિ

**गब्भट्ठिइ मणुस्सीणुक्किट्ठा होइ वरिस बारसगं ।**
**गब्भस्स य कायठिई नराण चउवीस वरिसाइं ॥१३६०॥**

**મનુષ્ય સ્ત્રીની ઉત્કૃષ્ટ ગર્ભસ્થિતિ બારવર્ષની અને ગર્ભમાં રહેલ મનુષ્યની કાયાસ્થિતિ ચોવીસ વર્ષની છે.**

મનુષ્યસ્ત્રીઓની ઉત્કૃષ્ટગર્ભસ્થિતિ બાર વર્ષ પ્રમાણની છે. આનો ભાવ એ છે, કે કોઈક જીવ ઘણા પાપોનો ઉદય પ્રગટવાથી વાયુપિત્ત વિગેરેથી દૂષિત થવાના કારણે અથવા દેવ વિગેરે દ્વારા સ્તંભિત થવાથી બાર વર્ષ સુધી ગર્ભમાં સતત રહે છે. આ ભવસ્થિતિ કહી. મનુષ્યોનાગર્ભની કાયસ્થિતિ ચોવીસ વર્ષ કહ્યા છે.

કોઈક જીવ બાર વર્ષ સુધી જીવીને ત્યાર બાદ મૃત્યુ પામી તેવા પ્રકારના કર્મવશે તે ગર્ભમાં જ રહેલા જ કલેવર એટલે શરીરમાં પાછો ઉત્પન્ન થાય છે અને ફરીવાર તે જ બાર વર્ષ જીવે–એ પ્રમાણે ચોવીસ વર્ષ ઉત્કૃષ્ટથી ગર્ભમાં જીવ રહે છે. (૧૩૬૦)

## ૨૪૩. ગર્ભસ્થિતજીવનો આહાર

**पढमे समये जीवा उप्पन्ना गब्भवास-मज्झंमि ।**
**ओयं आहारंता सव्वप्पणयाइ पूयव्व ॥१३६१॥**
**ओयाहारा जीवा सव्वे अपज्जत्तया मुणेयव्वा ।**
**पज्जत्ता उण लोमे पक्खेवे हुंति भइयव्वा ॥१३६२॥**

**ગર્ભાવાસમાં ઉત્પન્ન થનારા જીવો પહેલા સમયે સર્વાત્મપ્રદેશવડે પૂડલાની જેમ ઓજ આહારને કરે છે. સર્વે અપર્યાપ્તાજીવો ઓજાહારી જાણવા, પર્યાપ્તા જીવો લોમાહારી-પ્રક્ષેપાહારી હોય છે.**

ગર્ભાવાસમાં ઉત્પન્ન થનારા જીવો પહેલા સમયે સંપૂર્ણ આત્મપ્રદેશોવડે ઓજ આહારને પૂડલાની જેમ કરે છે. જેમ તેલથી ભરેલ ગરમ કઢઈમાં તવાપર પહેલા જ સમયે પૂડલો બધુ તેલ પી જાય છે-એમ જીવો પણ ગર્ભોત્પતિના પ્રથમ સમયે ઓજ આહાર કરે છે. પિતાનું શુક્ર એટલે વીર્ય અને માતાનું લોહી એટલે રજ એ બંનેનો એક જગ્યાએ જે સંયોગ તે ઓજ કહેવાય છે. કઈ અવસ્થામાં જીવને કયો આહાર હોય છે તે પ્રસંગાનુસાર કહ્યું આ ગાથાની વ્યાખ્યા આગળ ૨૦૫મા દ્વારમાં કરી છે. (૧૩૬૧-૧૩૬૨)

## ૨૪૪. કેટલાકાળે ગર્ભોત્પત્તિ

ઋતુકાળે લોહી અને વીર્યનો યોગ થયે છતે કેટલા કાળે ગર્ભોત્પત્તિ થાય છે. તે આ દ્વારમાં કહે છે.

**रिउसमयण्हायनारी नरोवभोगेण गब्भ संभूई ।**
**बारस मुहुत्त मज्झे जायइ उवरिं पुणो नेय ॥१३६३॥**

**ઋતુસ્નાતા સ્ત્રીને પુરુષવડે ભોગવાયા પછી બાર મુહુર્તમાં ગર્ભની ઉત્પત્તિ થાય છે. તે પછીના કાળે ન થાય.**

મહિનાને અંતે ત્રણ દિવસ સુધી સ્ત્રીઓને જે સતત લોહી ઝરે, તે ઋતુ કહેવાય. એમાં ત્રણ દિવસ પછી શુદ્ધિ માટે સ્નાન કરેલ સ્ત્રી ઋતુસ્નાતા કહેવાય. તે સ્ત્રીને પુરુષના સંભોગવડે ગર્ભની ઉત્પત્તિ થાય છે, તે ગર્ભની ઉત્પત્તિ બાર મુહુર્તની અંદર જ થાય છે. એટલે ચોવીસ ઘડીની અંદર જ થાય છે-એવો ભાવ છે. ત્યાર બાદ ગર્ભોત્પત્તિ થતી નથી. કારણ કે, બાર મુહુર્ત સુધી જ શુક્ર અને લોહી અવિધ્વસ્ત યોનિવાળું હોય છે. ત્યારબાદ ધ્વસ્ત એટલે નાશ પામેલ યોનિવાળું થાય છે. (૧૩૬૩)

## ૨૪૫–૨૪૬. ગર્ભમાં કેટલા પુત્રો–જીવો ઉત્પન્ન થાય અને પુત્રના પિતા કેટલા હોય

सुयलक्खपुहुत्तं होइ एगनरभुत्तनारिगब्भंमि ।
उक्कोसोसेणं नवसयनर भुत्तत्थीइ एगसुओ ॥१३६४॥

**એક પુરૂષવડે ભોગવાયેલી સ્ત્રીના ગર્ભમાં લાખ પૃથક્ત્વ પુત્રો–જીવો હોય છે. ઉત્કૃષ્ટથી નવસો પુરૂષ વડે ભોગવાયેલ સ્ત્રીના ગર્ભમાં એક પુત્ર હોય છે.**

એક પુરૂષવડે ભોગવાયેલ સ્ત્રીના ગર્ભમાં લાખ પૃથક્ત્વ પુત્રો (જીવો) હોય છે. પૃથક્ત્વ એટલે સિદ્ધાંતમાં કહેલ બેથી લઈ નવ સુધીની સંખ્યા સમજવી. આનો ભાવાર્થ આ પ્રમાણે છે. પુરૂષ વડે ભોગવાયેલ એક સ્ત્રીના ગર્ભમાં જઘન્યથી એક–બે–ત્રણથી લઈ ઉત્કૃષ્ટ નવ લાખ સુધી જીવો ઉત્પન્ન થાય છે. જ્યારે જન્મ રૂપ ઉત્પત્તિ તો પ્રાયઃ કરી એક અથવા બે જીવોની જ થાય છે. બાકીના જીવો થોડો કાળ જીવી મરણ પામે છે. તથા ઉત્કૃષ્ટથી નવસો પુરૂષવડે ભોગવાયેલ સ્ત્રીના ગર્ભમાં એક પુત્ર થાય છે. આનો ભાવ આ પ્રમાણે છે. કોઈક મજબૂત સંઘયણ–શરીરવાળી કામાતુર સ્ત્રી જ્યારે બાર મુહુર્તમાં ઉત્કૃષ્ટથી નવસો પુરૂષની સાથે ભોગ ભોગવે ત્યારે તે બીજમાં જે પુત્ર ઉત્પન્ન થાય તે નવસો પિતાનો પુત્ર કહેવાય છે. (૧૩૬૪)

## ૨૪૭. મહિલાઓને ગર્ભ ન રહેવાનો કાળ અને પુરૂષને અબીજ થવાનો કાળ

पणपन्नाए परेणं जोणी पमिलायए महिलियाणं ।
पणहत्तरीएँ परओ होइ अबीयओ नरो पायं ॥१३६५॥
वाससयाउ कमेणं परेण जा होइ पुव्वकोडीओ ।
तस्सद्धे अमिलाया सव्वाउयवीस भागे य ॥१३६६॥

**પંચાવન વર્ષ પછી મહિલાઓની યોનિ મ્લાન એટલે કરમાઇ જાય છે, પંચોતેર વર્ષ પછી પુરૂષ પ્રાયઃ કરી અબીજ થાય છે. આ વાત સો વર્ષના આયુષ્યના હિસાબે છે. ત્યારબાદ પૂર્વ ક્રોડ વર્ષ સુધી તેના અડધા આયુષ્યે સ્ત્રીયોનિ અમ્લાન હોય છે. અને પુરૂષ સર્વાયુનો છેલ્લો વીસમો ભાગ અબીજ થાય છે,**

પંચાવન વર્ષ પછી આર્તવનો અભાવ થવાથી સ્ત્રીઓની યોનિ પ્રમ્લાન એટલે કરમાય છે એટલે ગર્ભોત્પત્તિના કારણવાળી રહેતી નથી. એનો ભાવર્થ નિશીથ ચૂર્ણીના પાઠ વડે બતાવે છે.

"સ્ત્રી જ્યાં સુધી પંચાવન વર્ષ પૂરા ન કરે ત્યાં સુધી અમ્લાન યોનિવાળી હોય છે એટલે આર્તવ થાય છે અને ગર્ભધારણ કરે છે. પંચાવનમાં વર્ષે કોઈકને આર્તવ થાય પણ ગર્ભધારણ ન કરી શકે. પંચાવન વર્ષ પછી તો આર્તવ પણ હોતું નથી અને ગર્ભધારણ પણ હોતું નથી." પંચોતેર વર્ષ પછી પુરૂષ અબીજ એટલે ગર્ભાધાન યોગ્ય વીર્યરહિત થાય છે.

આ પ્રમાણ વર્તમાન કાલીન સો વર્ષના આયુષ્યવાળા જીવોને આશ્રયી ગર્ભ-ધારણ વિગેરેનું કાલમાન કહ્યું છે. એનાથી વિશેષ હોય તે બાબત આ પ્રમાણે જાણવી.

સો વર્ષથી આગળ બસો વર્ષ, ત્રણસો વર્ષ, ચારસો વર્ષ વિગેરેથી લઈ મહા-વિદેહ વિગેરે ક્ષેત્રના મનુષ્યના જે પૂર્વક્રોડ વર્ષના સર્વ આયુષ્ય હોય ત્યારે સર્વાયુના અડધા ભાગ સુધી સ્ત્રીઓની યોનિ ગર્ભધારણ યોગ્ય અમ્લાન રૂપે હોય છે. પૂર્વક્રોડ વર્ષથી વધારે આયુષ્યવાળી સ્ત્રીઓ તો એકવાર જ પ્રસૂતિ કરવાના સ્વભાવવાળી, અમ્લાન યોનિવાળી અને હંમેશાં સ્થાયી યૌવનવાળી હોય છે પૂર્વક્રોડ વર્ષ સુધીના આયુષ્ય સુધીના બધાયે પુરૂષો પોતાના આયુષ્યનો છેલ્લો વીસમો ભાગ અબીજ રૂપે હોય છે. (૧૩૯૫-૧૩૯૬)

## ૨૪૮. શુક્ર વિગેરેનું પ્રમાણ

**बीयं सुक्कं तह सोणियं च ठाणं तु जणणि गब्भंमि ।**
**ओयं तु उवट्ठंभस्स कारणं तस्स रूवं तु ॥१३६७॥**

**માતાના ગર્ભમાં શરીરના બીજરૂપ શુક્ર અને લોહીનું સ્થાન છે. એ બેનો યોગ એ બેનું મિશ્રણ એ ઓજ કહેવાય છે. તે શરીરના આધારનું કારણ છે. અને તે શરીરનું સ્વરૂપ આ પ્રમાણે છે.**

પિતાનું શુક્ર એટલે વીર્ય અને માતાનું લોહી એટલે રજ—એ બંને શરીરના બીજ રૂપે એટલે કારણ રૂપે છે. એ શુક્ર અને લોહીનું પ્રથમ સ્થાન માતાના પેટમાં ગર્ભમાં છે. શુક્ર અને લોહીનું જે મિશ્રણરૂપ સમૂહ તે ઓજ કહેવાય છે. જે શરીરના આધાર—શરીરની રચનામાં પ્રથમ કારણ છે. તે શરીરનું સ્વરૂપ अट्ठारस—पिट्ठ—करंडयस्स વિગેરે ગાથારૂપે આગળ કહેવાશે. (૧૩૯૭)

अट्ठारसपिट्ठकरंडयस्स संधी उ हुंति देहंमि ।
बारस पंसुलियकरंडयाइह तह छ पंसुलिए ॥११६८॥
होइ कडाहे सत्तंगुलाइं जीहा पलाइ पुण चउरो ।
अच्छीउ दो पलाइं सिरं तु भणियं चउकवालं ॥११६९॥

**શરીરમાં અઢાર (૧૮) પૃષ્ઠ કરંડક એટલે પાંસળીઓના સાંધા છે. એમાંથી બાર (૧૨) પાંસળીના કરંડક એટલે વાંસ રૂપે છે અને છ પાંસળીઓ કટાહરૂપે હોય છે. જીભ સાત આંગળ લાંબી અને ચાર પલ પ્રમાણ વજનની છે. આંખ બે પલ પ્રમાણ વજનની છે. માથું ચાર કપાલ વડે એટલે હાડકાના ચાર ટુકડાવડે બનેલ છે એમ કહ્યું છે.**

મનુષ્યના શરીર પૃષ્ઠ કરંડક એટલે પાંસળીઓના અઢાર ગાંઠરૂપે સાંધા છે. જેમ વાંસની ગાંઠ પર્વ હોય એના જેવા છે. તે અઢાર સાંધામાંથી બાર સાંધાઓમાંથી બાર પાસળીઓ નીકળી બંને પડખે વીંટળાય છાતીના વચ્ચેના અને ઉપરના હાડકાને લાગી-સ્પર્શી પ્યાલાના આકારે પરિણમે છે, આકારરૂપે થાય છે આથી જ કહ્યું છે કે આ શરીરમાં બાર પાંસળીરૂપે વાંસડા છે તથા તે જ પાંસળીઓમાંથી બાકીની છ પાંસળીઓના સાંધામાંથી છ પાંસળી નીકળી બંને પડખાને આવરી લઈ હૃદયને બંને તરફથી છાતી રૂપ પાંજરાથી નીચે અને નરમ-ઢીલા પેટની ઉપર પરસ્પર એકબીજાને મળીને રહે છે, આને કટાહ કહેવાય છે. મોંઢામાં રહેલ માંસના ટુકડા રૂપી જીભ આત્માંગુલ સાત આંગળ પ્રમાણ લાંબી છે. વજનથી મગધ દેશમાં પ્રસિદ્ધ એવા ચાર પલ પ્રમાણ છે. આંખ રૂપ માંસના ગોળા બે પલ પ્રમાણના છે. માથું હાડકાના ચાર ટુકડારૂપ કપાલ વડે બનેલ છે. (૧૩૬૮-૧૩૬૯)

अद्धट्ठपलं हिययं बत्तीसं दंसण अट्ठिखंडाइं ।
कालेज्जयं तु समए पणवीस पलाइ निद्दिट्ठं ॥११७०॥

હૃદયમાં રહેલ હૃદયરૂપી માંસ ખંડ સાડા ત્રણ પલનો છે. મોંઢામા હડકાના કટકા ટુકડારૂપ બત્રીસ દાંતો છે. છાતીની અંદર ગુપ્તપણે રહેલ માંસ વિશેષરૂપ કલેજું પચ્ચીસ પલ પ્રમાણનું આગમમાં કહ્યું છે. (૧૩૭૦)

अंताइं दोन्नि इहयं पत्तेयं पंच पंच वामाओ ।
सट्ठिसयं संधीणं मम्माण सयं तु सत्तहियं ॥११७१॥

આ શરીરમાં બે આંતરડા છે તે બંને પાંચ-પાંચ હાથ પ્રમાણના છે. તથા આંગળી વિગેરેના હાડકાના ટુકડાઓના જોડાણ રૂપ સાંધા એકસો સાંઈઠ (૧૬૦) છે અને મર્મસ્થાનો જે સંખાણિકા વિરક વિગેરે એકસો સાત છે. (૧૩૭૧)

सट्ठिसयं तु शिराणं नाभिप्पभवाण सिरमुवगयाणं ।
रसहरणि नाम धेज्जाण जाणऽणुग्गह विघाएसु ॥१३७२॥
सुइचक्खुघाणजीहाणणुग्गहो होइ तह विघाओ य ।
सट्ठसयं अन्नाण वि सिराणऽहोगामिणीण तहा ॥१३७३॥
पायतलमुवगयाणं जंघाबलकारिणीणऽणुवघाए ।
उवघाए सिरवियणं कुणंति अंधत्तणं च तहा ॥१३७४॥
अवराण गुदपविट्ठाण होइ सट्ठं सयं तह सिराणं ।
जाण बलेण पवत्तइ वाऊ, मुत्तं पुरीसं च ॥१३७५॥
अरिसाउ पांडुरोगो वेगनिरोहो य ताण य विघाए ।
तिरिय गमाण सिराणं सट्ठ सयं होइ अवराणं ॥१३७६॥
बाहुबलकारिणीओ उवघाए कुच्छिउयर वियणाओ ।
कुव्वंति तहऽन्नाओ पणवीसं सिंमधरणीओ ॥१३७७॥
तह पित्तधारिणीओ पणवीसं दस य सुक्कधरणीओ ।
इय सत्तसिरसयाइं नाभिप्पभवाइं पुरिसस्स ॥१३७८॥

પુરૂષના શરીરમાં નાભિ એટલે ડુંટીમાંથી સાતસો નસો–શિરાઓ નીકળે છે. તેમાં એકસો સાંઈઠ નાભિમાંથી નીકળી માથા ઉપરમાં જાય છે, તેમનું રસહરણી નામ છે. કારણુ કે જે રસને લઈ જાય અથવા ફેલાવે તે રસહરણી. એ નસ ઉપર આઘાત લાગવાથી કે એના ઉપર અનુગ્રહ થવાથી કાન–આંખ–નાક જીભને ઉપર પણ એની આઘાત રૂપ ખરાબ તથા અનુગ્રહ રૂપ સારી અસર થાય છે.

તથા નીચે પગના તળિયા તરફ જતી નસોને કોઈપણુ ઉપઘાત ન લાગે, તો તે જંઘાબલ કરનારી એકસો સાંઈઠ નસો છે અને જો ઉપઘાત થાય તો માથાની વેદના અને અંધત્વ આદિ કરે છે.

ગુદામાં પ્રવેશેલી એકસો સાંઈઠ નસો છે જે નસોના બળથી વાયુ, પેશાબ, વિષ્ટા જીવોને સારી રીતે થાય છે. એ નસોને ઉપઘાત લાગવાથી મસા, પાંડુરોગ અને સ્થંડીલ પેશાબનો રોગ થાય છે.

બીજી એકસો સાંઈઠ નસો તિર્છી જનારી છે. તે નસો હાથના બળને કરનારી ને બલ આપનારી છે અને એ નસોને આઘાત લાગવાથી કાખમાં, પેટમાં વેદના કરે છે,

તથા બીજી પચ્ચીસ નસો શ્લેષ્મ એટલે કફને ધારણ કરનારી છે. પચ્ચીસ પિત્તની નસો છે. દસ નસો શુક્ર એટલે વીર્ય નામની સાતમી ધાતુને વહન કરનારી છે. આ પ્રમાણે ડુંટીમાંથી નીકળતી સાતસો નસો પુરૂષના શરીરમાં હોય છે. (૧૩૭૨ થી ૧૩૭૮)

**હવે સ્ત્રી અને નપુંસકોને આ નસો કેટલી હોય છે તે કહે છે.**

**तीसूणाइं इत्थीण वीसहीणाइं हुंति संढस्स ।**
**नव ण्हारूण सयाइं नव धमणीओ य देहंमि ॥१३७९॥**

સ્ત્રીઓને ત્રીસ ઓછી સાતસો એટલે છસો સીત્તેર (૬૭૦) નસો હોય છે અને વીસ ઓછી સાતસો એટલે છસો એંસી નસો નપુંસકને હોય છે.

સ્નાયુઓની એટલે હાડકાના બંધન રૂપ નવસો નસો છે અને શરીરમાં નવ ધમની એટલે મોટી નાડીઓ રસને વહન કરનારી છે. (૧૩૭૯)

**तह चेव सव्वदेहे नवनउई लक्ख रोमकूवाणं ।**
**अद्धुट्ठा कोडीओ समं पुणो केसमंसूहिं ॥१३८०॥**

સંપૂર્ણ શરીરમાં નવ્વાણું (૯૯) લાખ રોમકૂપો એટલે શરીર પર રહેલ રોમ રાજીઓ છે. આ સંખ્યા દાઢી-મૂછ અને માથાના વાળ વગરની જાણવી. તે દાઢી મૂછ અને માથાના વાળ સહિત તે રોમરાજી સાડાત્રણ કરોડ થાય છે. શ્મશ્રુ એટલે દાઢી-મૂછના વાળ તથા કેશ એટલે માથાના વાળ. (૧૩૮૦)

**मुत्तस्स शोणियस्स य पत्तेयं आढयं वसाए उ ।**
**अद्धाढयं भणंति य पत्थं मत्थुलुय वत्थुस्स ॥१३८१॥**

શરીરમાં હંમેશા પેશાબ તથા લોહી એ બંને મગધ દેશમાં પ્રસિદ્ધ પ્રમાણ એવા એક-એક આઢક પ્રમાણ છે. કહ્યું છે કે "બે અસતિની એક પસલી થાય છે, બે પસલીની એક સેતિકા થાય છે, ચાર સેતિકાનો એક કુલક થાય. ચાર કુલકનો પ્રસ્થ થાય છે અને ચાર પ્રસ્થનો એક આઢક થાય છે. ચાર આઢકનો એક દ્રોણ થાય છે." ઊંધો કરેલ અનાજ ભરેલ હાથપ્રમાણ એક અસતિ થાય.

વસા એટલે ચરબીનું પ્રમાણ અડધા આઢક જેટલું કહ્યું છે, મસ્તકમેજ્જક એટલે મસ્તુલુંકનું પ્રમાણ પ્રસ્થ પ્રમાણ છે. બીજા આચાર્યોએ મસ્તુલુંગ એટલે મેદ પિપ્પિસા વિગેરે કહ્યું છે. (૧૩૮૧)

**असुइमल पत्थछक्कं कुलओ कुलओ य पित्तसिंभाणं ।**
**सुक्कस्स अद्धकुलओ दुट्ठं हीणाहियं होज्जा ॥१३८२॥**

અશુચિ એટલે અપવિત્ર જે મલ છે તે છ પ્રસ્થ હોય છે. પિત્ત અને કફ એ બંને અલગ-અલગ કુલવ પ્રમાણ હોય છે. વીર્ય અર્ધ કુલવ હોય છે. આઢક, પ્રસ્થ

વિગેરે માપો બાળક, કુમાર, યુવાન વિગેરે એ "दो असइओ पसइ" વિગેરે ગણિતના ક્રમાનુસારે પોતાની જાતે જ જાણી લેવા. જ્યાં આગળ કહેલા પ્રમાણથી વીર્ય લોહી વિગેરે ઓછા વધતાં જણાય ત્યાં વાયુ વિગેરે દૂષણના કારણે છે–એમ જાણવું. (૧૩૮૨)

**હવે શરીરમાં કેટલા (મલ નીકળવાના) દ્વારો છે તે કહે છે.**

**एक्कारस इत्थीए नव सोयाइं तु हुंति पुरिसस्स ।**
**इय किं सुइत्तणं अट्ठिमंसमल रूहिर संघाए ? ॥१३८३॥**

**સ્ત્રીના શરીરમાં અગ્યાર અને પુરુષના શરીરમાં નવ શ્રોતો એટલે દ્વાર છે. હાડકા, માંસ, મલ, અને લોહીના સમુહરૂપ આ શરીરમાં શું પવિત્રતા છે?**

બે કાન, બે આંખ, બે નાક, મોઢું, બે સ્તન, યોનિ અને ગુદા–એ પ્રમાણે અગ્યાર શ્રોત દ્વારો સ્ત્રીના શરીરમાં હોય છે. અને બે સ્તન છોડી બાકીના નવ દ્વારો પુરુષના શરીરમાં હોય છે. આ દ્વારો મનુષ્ય ગતિ આશ્રયી જાણવા.

તિર્યંચગતિમાં બે સ્તનવાળા બકરી વિગેરેને અગ્યાર, ચાર સ્તનવાળી ગાય વિગેરેને તેર અને આઠ સ્તનવાળી ભૂંડણી વિગેરેને સત્તર દ્વારો જાણવા. આ પ્રમાણે કોઈ જાતના ખોડ–ખાપણ વગર જાણવું. વ્યાઘાત હોય ત્યારે એક સ્તન–આંચળવાળી બકરીને દસ અને ત્રણ સ્તન–આંચળવાળી ગાયને બાર જાણવા. આ પ્રમાણે હાડકા–માંસ–મલ–લોહી વિગેરેના સમૂહરૂપ આ શરીરમાં સ્વરૂપથી કઈ પવિત્રતા છે? કંઈપણ પવિત્રતા નથી. (૧૩૮૩)

## ૨૪૯. સમ્યક્ત્વ વિગેરે ઉત્તમગુણોની પ્રાપ્તિમાં ઉત્કૃષ્ટથી પડતું અંતર

**सम्मत्तंमि य लद्धे पलिय पुहुत्तेण सावओ होइ ।**
**चरणोवसमखयाणं सायर संखंतरा हुंति ॥१३८४॥**

**સમ્યક્ત્વ પ્રાપ્ત કરતી વખતે જે કર્મસ્થિતિ હતી તેમાંથી પલ્યોપમ પૃથક્ત્વ પ્રમાણ કર્મસ્થિતિ ખપે ત્યારે શ્રાવક થાય છે. તે પછી અનુક્રમે ચારિત્ર, ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણી અનુક્રમે સંખ્યાતા સાગરોપમો ખપે ત્યારે પામે છે.**

જીવ જ્યારે સમ્યક્ત્વ પામ્યો, તે વખતે જેટલી કર્મસ્થિતિ હોય છે, તેમાંથી પલ્યોપમ પૃથક્ત્વ એટલે ૨ થી ૯ પલ્યોપમ જેટલી કર્મસ્થિતિનો ક્ષય થાય, ત્યારે

શ્રાવકપણું એટલે દેશવિરતિપણું પામે. ત્યારબાદ ચારિત્ર, ઉપશમશ્રેણી, ક્ષપકશ્રેણી સંખ્યાતા–સંખ્યાતા સાગરોપમ ખપવાથી પામે છે. તેની વિચારણા આ પ્રમાણે છે. દેશવિરતિ પામ્યા પછી સંખ્યાતા સાગરોપમો ખપ્યા બાદ ચારિત્રને જીવ પામે છે. તે પછી સંખ્યાતા સાગરોપમો ખપ્યા પછી જીવ ઉપશમશ્રેણી પામે છે. ત્યારબાદ સંખ્યાતા સાગરોપમો પ્રમાણ કર્મસ્થિતિ ખપ્યા પછી ક્ષપકશ્રેણી પામે છે. અને ત્યારપછી તે જ ભવમાં મોક્ષ પામે છે. આ પ્રમાણે જીવને સમ્યક્ત્વથી પડ્યા વગર દેવ, મનુષ્ય જન્મોમાં ફરતાં બીજા–બીજા મનુષ્યોના ભવમાં દેશવિરતિ વિગેરેનો લાભ થાય છે. અથવા તીવ્ર શુભ પરિણામ હોય, તો ઘણી કર્મસ્થિતિઓ ખપવાથી એક ભવમાં પણ બેમાંથી એક શ્રેણી સિવાય આ બધા ભાવોને પણ જીવ પામે છે.

સિદ્ધાંતાનુસારે એક ભવમાં બે શ્રેણીઓ હોતી નથી. પરંતુ ઉપશમશ્રેણી અથવા ક્ષપકશ્રેણી રૂપ એક જ શ્રેણી હોઈ શકે છે. કહ્યું છે કે, "એ પ્રમાણે અપ્રતિપતિત સમ્યક્ત્વવાળો મનુષ્ય, દેવમનુષ્ય જન્મમાં હોય, તો એક ભવમાં પણ બેમાંથી એક શ્રેણી સિવાય દેશવિરતિ આદિ બધા ભાવોને પામે છે." (૧૩૮૪)

## ૨૫૦. જે જીવો મૃત્યુ પામ્યા પછી બીજા ભવમાં મનુષ્ય ભવ પામતા નથી તે જીવો વિષે

**सत्तममहि नेरइया तेऊ वाऊ अणंत रुवट्टा ।**
**न लहंति माणुसत्तं तहा असंखाउया सव्वे ॥१३८५॥**

સાતમી નરક પૃથ્વીમાં રહેલા નારકીઓ, તેઉકાય અને વાઉકાયના જીવો, અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા બધાયે તિર્યંચો અને મનુષ્યો ત્યાંથી નીકળ્યા પછી એટલે મૃત્યુ પામ્યા પછી તરત જ બીજા ભવમાં મનુષ્યપણાને પામતા નથી. બાકીના દેવો મનુષ્યો તિર્યંચો અને નારકો મનુષ્યમાં ઉત્પન્ન થાય છે. (૧૩૮૫)

## ૨૫૧. પૂર્વાંગનું માપ

**वरिसाणं लक्खेहि चुलसी संखेहिं होइ पुव्वंगं ।**
**एयं चिय एयगुणं जायइ पुव्वं तयं तु इमं ॥१३८६॥**

પૂર્વ નામની સંખ્યા વિશેષનું અંગ એટલે કારણરૂપ જે સંખ્યા તે પૂર્વાંગ, તે સંખ્યા ચોર્યાસી લાખ (૮૪ લાખ) વર્ષ છે. એ જ ચોર્યાસી લાખને ચોર્યાસી લાખ વડે ગુણતા પૂર્વ થાય છે. તે પૂર્વનું સ્વરૂપ એટલે સંખ્યા આના પછીના દ્વારમાં કહે છે. (૧૩૮૬)

## ૨૫૨. પૂર્વનું માપ

पुव्वस्स उ परिमाणं सयरिं खलु वासकोडि लक्खाओ ।
छप्पन्नं च सहस्सा बोद्धव्वा वासकोडीणं ॥१॥ १३८७॥

પૂર્વ નામની સંખ્યા વિશેષનું માપ આ પ્રમાણે થાય છે. એટલે ચોર્યાસી લાખને ચોર્યાસી લાખ વડે ગુણતા સીત્તેર લાખ છપ્પન હજાર ક્રોડ (૭૦૫૬૦૦૦,૦૦૦,૦૦૦,૦) વર્ષ થાય છે. (૧૩૮૭)

## ૨૫૩. લવણસમુદ્રની શિખાનું પ્રમાણ

दसजोयणा सहस्सा लवणसिहा चक्कवालओ रुंदा ।
सोलस सहस्स उच्चा सहस्समेगं तु ओगाढा ॥२॥ ॥१३८८॥

**લવણ સમુદ્રની શિખા રથના ચક્રની જેમ વિસ્તારવાળી દસ હજાર યોજન છે. સોળ હજાર યોજન ઊંચી છે અને એક હજાર યોજન ઊંડી છે.**

બે લાખ યોજનના વિસ્તારવાળા લવણસમુદ્રમાં મધ્ય ભાગે નગરના કિલ્લાની જેમ દસ હજાર યોજન પ્રમાણ સુધી પાણીની ઊંચાઈ શિખા એટલે શિખરની જેમ વધે છે, માટે લવણસમુદ્રમાં જે શિખા તે લવણશિખા કહેવાય છે. તે લવણશિખા દસ હજાર યોજન રથના ચક્રની જેમ વિસ્તારવાળી એટલે પહોળી છે. જમીનના સમાન રહેલ પાણીના પટથી સોળ હજાર યોજન ઊંચી છે અને એક હજાર યોજન નીચે ઊંડી છે.

આની વિચારણા આ પ્રમાણે છે. લવણસમુદ્રમાં જંબૂદ્વીપથી અને ધાતકી ખંડથી એ બંને તરફથી પંચાણુ હજાર પંચાણુ હજાર યોજન સુધી ગોતીર્થ છે. ગોતીર્થ એટલે તળાવ વિગેરેમાં જેમ પ્રવેશ કરવાના રસ્તારૂપ નીચો, અતિ નીચો જે જમીનનો ભાગ, તે ગોતીર્થ એવી વ્યુત્પતિ છે. મધ્યભાગની ઊંડાઈ તેનો દસ હજાર યોજન પ્રમાણ જમીનનો વિસ્તાર છે. જંબૂદ્વીપની વેદિકા પાસે તથા ધાતકી ખંડની વેદિકા પાસે ગોતીર્થ અંગુલના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ છે. ત્યારબાદ જમીનના સમતલ ભાગથી લઇ એક-એક પ્રદેશની હાનીપૂર્વક ઊંડાઈ અતિ ઊંડાઈપણું વિચારતા જવું, તે જ્યાં સુધી પંચાણુ હજાર યોજન ન આવે, ત્યાં સુધી વિચારવા. પંચાણુ હજાર યોજન પૂરા થાય ત્યારે જમીનના સમતલ ભાગથી એક હજાર યોજનની ઊંડાઈ થાય છે.

જંબૂદ્વીપની વેદિકાથી અને ધાતકી ખંડ દ્વીપની વેદિકાથી સમતલ જમીનના ભાગે પહેલી જળની વૃદ્ધિ અંગુલના સંખ્યાતા ભાગ પ્રમાણની છે. ત્યારબાદ સમતલ

જમીનના ભાગથી જ લઈ પ્રદેશ વૃદ્ધિપૂર્વક જળરાશિ પાણીનો સમૂહ ક્રમસર વધતા વધતા ત્યાં સુધી વિચારવી કે જ્યાં બંને તરફથી પંચાણું હજાર યોજન થાય. પંચાણુ હજાર યોજન પૂરા થાય ત્યારે બંને તરફથી સમતલ જમીન ભાગની અપેક્ષાએ પાણીની વૃદ્ધિ સાતસો યોજન થાય છે. એનો એવો ભાવ છે કે તે જગ્યાએ સમતલ જમીનના ભાગની અપેક્ષાએ હજાર યોજનની ઊંડાઈ છે. અને તેની ઉપર સાતસો યોજનની જળ-વૃદ્ધિ છે, ત્યારપછી બરાબર વચ્ચેની દસ હજાર યોજન વિસ્તારવાળી જગ્યામાં એક હજાર યોજનની ઊંડાઈ છે અને સોળ હજાર યોજન પાણીની વૃદ્ધિ છે.

પાતાળ કળશમાં રહેલા વાયુનો ક્ષોભ થવાથી તે સોળ હજાર યોજન ઉપર દિવસમાં અહોરાત્રમાં બેવાર કંઈક ન્યૂન બે ગાઉ જેટલું પાણી વિશેષ રૂપે વધે છે. અને પાતાળ કળશમાં રહેલો વાયુ શાંત થવાથી તે વધારો ઓછો થઈ જાય છે. (૧૩૮૮)

## ૨૫૪. ઉત્સેધાંગુલ, આત્માંગુલ, અને પ્રમાણાંગુલ

उस्सेहंगुल १ मायंगुलं च २ तइयं पमाणनामं च ३ ।
इय तिन्नि अंगुलाइं वावारिज्जंति समयंमि ॥१३८९॥

**સિદ્ધાંતમાં ઉત્સેધાંગુલ, આત્માંગુલ અને ત્રીજું પ્રમણાંગુલ-એ ત્રણ અંગુલોનો વ્યાપાર એટલે ઉપયોગ છે.**

અગિ-રગિ વિગેર ધાતુના દંડકમાં અગિ ધાતુ ગતિ અર્થમાં છે. અને ગતિ અર્થ વાળા ધાતુઓ જ્ઞાનના અર્થમાં પણ આવે છે. આથી જેનાવડે પદાર્થો જાણી શકાય તે અંગુલ, એટલે પ્રમાણ-માપ વિશેષ. તે પ્રમાણ ઉત્સેધાંગુલ-આત્માંગુલ અને ત્રીજું પ્રમાણાંગુલ-એમ ત્રણ પ્રકારે છે. આ ત્રણે અંગુલોવડે સિદ્ધાંતમાં તે-તે વસ્તુઓ યથા-યોગ્ય મપાય છે. (૧૩૮૯)

**હવે આ ત્રણે અંગુલોમાં ઉત્સેધાંગુલ કેટલા પ્રમાણનું છે. એવી શંકાના સમાધાન રૂપે તે અંગુલની ઉત્પત્તિનો ક્રમ કહે છે.**

**ઉત્સેધાંગુલ :-**

सत्थेण सुतिक्खेणवि छेत्तुं भेतुं च जं किर न सक्का ।
तं परमाणुं सिद्धा वयंति आइं पमाणाणं ॥१३९०॥

**સુતીક્ષ્ણ શસ્ત્રવડે જે બિલકુલ છેદી કે ભેદી શકાય નહીં તેને સિદ્ધા-કેવળજ્ઞાનીઓ, પ્રમાણના આદિ કારણ પ્રથમ મૂળરૂપ પરમાણુ કહે છે.**

સારી એવી તીક્ષ્ણ તલવાર વગેરે શસ્ત્રોવડે જેને બે ભાગ કરવા રૂપ છેદી ન શકાય તથા ટુકડાઓ કરવા રૂપ ફાડી ન શકાય અથવા કાણાઓવાળું ન કરી શકાય

એવું જે પુદ્ગલ વિશેષ, તે પરમાણુ કહેવાય, જે પરમાણુ ઘડા વિગેરેની અપેક્ષાએ અતિ સૂક્ષ્મ છે. એમ સૈદ્ધાંતિકરૂપે પ્રસિદ્ધ અથવા કેવળજ્ઞાની રૂપે પ્રસિદ્ધ જ્ઞાનસિદ્ધ સિદ્ધોએ કહ્યું છે. મોક્ષમાં ગએલ સિદ્ધોએ કહ્યું નથી. કારણ કે તેઓને શરીર વિગરેનો અભાવ હોવાથી વાણી હોતી નથી.

આ પરમાણુ અંગુલ હાથ વિગેરે પ્રમાણોનું મૂળ છે.

અહિં किल શબ્દ વડે એમ જણાવે છે કે, આ ફક્ત પરમાણુનું લક્ષણ જ છે. પરંતુ કોઇપણ એને છેદવા કે ભેદવાનો પ્રયત્ન કરતા નથી. કારણકે અતિ શ્લક્ષ્ણ-સૂક્ષ્મ હોવાથી છેદવા-ભેદવા રૂપ શકયતા રહેતી નથી. તથા તેનું કોઈ પ્રયોજન નથી. આ પરમાણુને વ્યવહાર નયના મતથી પરમાણુરૂપે કહેવાય છે, બાકી તો તે અનંતા પરમાણુનો સ્કંધ જ છે. ફક્ત સૂક્ષ્મ પરિમાણને પામેલ હોવાથી, આંખવડે દેખાતું ન હોવાથી તથા છેદન-ભેદન પણ ન થઇ શકતું હોવાથી એને પણ "વ્યવહાર નય પરમાણુ કહે છે. માને છે." આથી અહીં આગળ એને પરમાણુરૂપે પ્રરૂપણા કરી છે. (૧૩૯૦)

**પરમાણુનું સ્વરૂપ કહ્યું. હવે એની આગળના બાકીના જે ઉત્સેધાંગુલની ઉત્પત્તિમાં કારણ રૂપ જે બીજા માપો-પ્રમાણો છે તે કહે છે.**

**परमाणू तसरेणू रहरेणू अग्गयं च बालस्स ।**
**लिक्खा जूया य जवो अट्ठगुणविवड्ढिया कमसो ॥१३९१॥**

**પરમાણુ, ત્રસરેણુ, રથરેણુ, વાળાગ્ર, લિક્ષા, જૂ, જવ-આ દરેક ક્રમસર એકબીજાથી આઠ-આઠ ગણા મોટા જાણવા.**

અહીં પરમાણુ પછી ઉપલક્ષણની વ્યાખ્યાથી ઉત્શ્લક્ષ્ણ શ્લક્ષ્ણિકા વિગેરે ત્રણ પદો ગાથામાં ન કહ્યા હોવા છતાં પણ જાણવા. કારણ કે અનુયોગદ્વાર વિગેરે સૂત્રોમાં તે પ્રમાણે કહ્યા છે તથા યુક્તિ સંગત છે. તેથી અનંતા પરમાણુઓ વડે એક ઉત્લક્ષ્ણ-શ્લક્ષ્ણિકા આગમમાં કહી છે. પરમાણુને છોડી આ બધાયે ઉત્શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા, શ્લક્ષ્ણ શ્લક્ષ્ણિકા, ઉર્ધ્વરેણુ, ત્રસરેણુ, રથરેણુ વિગેરેથી લઇ યવ સુધીના પરિમાણ વિશેષો એકબીજાથી ક્રમસર આઠ-આઠ ગુણા જાણવા. તેનાથી ઉત્સેધાંગુલ ઉત્પન્ન થાય છે. આની વિચારણા આ પ્રમાણે છે. આગળ કહેલ વ્યવહારિક અનંતા પરમાણુઓ મળવાથી એક ઉત્લક્ષ્ણ શ્લક્ષ્ણિકા થાય છે. અતિશય શ્લક્ષ્ણા તે શ્લક્ષ્ણ-શ્લક્ષ્ણા તે જ શ્લક્ષ્ણ શ્લક્ષ્ણિકા. ઉત્તરપ્રમાણની અપેક્ષાએ-આગળના માપ કરતા જે ઉત્ એટલે વધારે જે શ્લક્ષ્ણ શ્લક્ષ્ણિકા તે ઉત્શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા. આઠ ઉત્ શ્લક્ષ્ણ-શ્લક્ષ્ણિકાની એક શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા આગળ કહેલ પ્રમાણની અપેક્ષાએ આઠ ગણી મોટી હોય છે. અને ઉર્ધ્વરેણુની અપેક્ષાએ આઠમા ભાગની છે. આઠ શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા વડે એક ઉર્ધ્વરેણુ થાય છે. જે જાળીના પ્રકાશ વડે જણાતી અને પોતાની જાતે અથવા બીજાથી ઉપર-નીચે-તિરછી

જવાના સ્વભાવવાળી જે ધૂળ, તે ઉર્ધ્વરેણુ. આઠ ઉર્ધ્વરેણુ વડે એક ત્રસરેણુ થાય છે, પૂર્વ વિગેરે દિશાના પવનની પ્રેરણાથી ઉડતી–ચાલતી જે ધૂળ તે ત્રસરેણુ. આઠ ત્રસરેણુઓવડે એક રથરેણુ થાય છે. ચાલતા રથના પૈડાથી ખોદાયેલ ધૂળ તે રથરેણુ. આગળની જે ત્રસરેણુ છે પૂર્વ વિગેરે દિશાના વાયુથી ઉડે છે. પરંતુ આ રથરેણુમાં તે વાયુ હોવા છતાં પણ રથના ચક્રવડે ખોદાયા વગર ન ઉડે આથી પૂર્વની રેણુ અલ્પ પ્રમાણુ છે.

અહિં ઘણી સૂત્ર પ્રતોમાં परमाणू, रहरेणू तसरेणू વિગેરે પાઠ જોવાય છે. તે અસંગત લાગે છે. કારણુ કે રથરેણુ આશ્રયી ત્રસરેણુનું આઠ ગુણાપણું મળતું નથી. ઉપર કહેલ ન્યાયાનુસારે વિપરીત જ ઘટતું હોવાથી. જો કે સંગ્રહણીમાં પણુ " परमाणू रहरेणू तसरेणू " વિગેરે પાઠ જોયો છે–એમ કહેવાય છે. તેમાં પણુ એક સરખી જ વાત છે. સરખો જ રસ્તો છે. કારણુ કે તેની પણુ ઘટનાને વિચારતા આગમની સાથે વિરોધ આવે છે અને યુક્તિ સંગત ન થતા હોવાથી વાત બેસતી નથી.

આઠ રથરેણુ વડે દેવકુરૂ–ઉત્તરકુરૂક્ષેત્રના મનુષ્યોનો એક વાળાગ્ર થાય છે. તે આઠ વાળાગ્રનો હરિવર્ષ–રમ્યકક્ષેત્રના મનુષ્યનો એક વાળાગ્ર થાય છે. તે આઠ વાળાગ્રવડે હિમવંત–હિરણ્યવંત ક્ષેત્રના મનુષ્યનો એક વાળાગ્ર થાય છે. તે આઠ વાળાગ્રવડે, પૂર્વ પશ્ચિમ મહાવિદેહના મનુષ્યનો એક વાળાગ્ર થાય છે. તે આઠ વાળાગ્રવડે ભરત ઐરાવત ક્ષેત્રના મનુષ્યનો એક વાળાગ્ર થાય છે. અહિં આ પ્રમાણે વાળાગ્રોના ભેદો હોવા છતાં પણુ વાળાગ્ર જાતિ સામાન્યની અપેક્ષા–વિવક્ષાએ એક જ બતાવેલ છે.

ભરત–ઐરવત ક્ષેત્રના મનુષ્યના આઠ વાળાગ્રોવડે એક લિખ થાય છે. તે આઠ આઠ લિખ વડે એક યૂકા એટલે જૂ થાય છે. તે આઠ જૂ વડે યવ–જવ શબ્દથી જણાવતો એક જવનો મધ્ય ભાગ થાય છે. આઠ જવ મધ્યવડે એક ઉત્સેધાંગુલ થાય છે.

આનાથી આગળના માપો ગાથામાં ન કહેલા હોવા છતાં પણુ ઉપયોગી હોવાથી કહે છે.

આ છ આંગળના એટલે છ આંગળ પહોળું, પગનો મધ્ય ભાગ થાય છે. પગનો એક ભાગ હોવાથી પગ કહેવાય છે. એ બે પગ એકઠા કરવાથી બાર આંગળ પ્રમાણુની એક વેંત થાય છે. બે વેંતનો હાથ થાય છે. ચાર હાથનો એક ધનુષ થાય છે. બે હજાર ધનુષનો એક ગાઉ થાય છે. ચાર ગાઉનો એક યોજન થાય છે. કહ્યું છે કે,

આઠ યવમધ્યવડે એક અંગુલ થાય છે. છ અંગુલનો એક પગ, બે પગની એક વેંત, બે વેંતનો એક હાથ થાય છે. ચાર હાથનો એક ધનુષ થાય છે. બે હજાર ધનુષનો એક ગાઉ થાય છે. ચાર ગાઉનો એક યોજન થાય. (૧૩૯૧)

### હવે એક ઉત્સેધાંગુલમાં કેટલા પરમાણુ થાય છે તે કહે છે.

**वीसं परमाणू लक्खा सत्तानउई भवे सहस्साइं ।**
**सयमेगं बावन्नं एगंमि उ अंगुले हुंति ॥१३९२॥**

વીસ લાખ સત્તાણુ હજાર એકસો બાવન પરમાણુ એક ઉત્સેધાંગુલમાં હોય છે. (૨૦,૯૭,૧૫૨), આ સંખ્યા પરમાણૂ તસરેણૂ આદિ ગાથામાં ર૫૯ રૂપે ગ્રહણ કરેલ પરમાણુ વિશેષને આશ્રયી જાણવું. ઉપલક્ષણ વ્યાખ્યાથી આવેલ ઉત્શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા વિગેરે ત્રણની અપેક્ષાએ તો અતિ મોટી સંખ્યા પરમાણુની થાય છે. (૧૩૯૨)

**હવે ઉત્સેધાંગુલનો ઉપસંહાર કરી આત્માંગુલનું સ્વરૂપ કહે છે.**

**परमाणू इच्चाइक्कमेण उस्सेहअंगुलं भणियं ।**
**जं पुण आयंगुलमेरिसेण तं भासियं विहिणा ॥१३९३॥**

**પરમાણુ વિગેરેના ક્રમપૂર્વક ઉત્સેધાંગુલ કહ્યું હવે જે આત્માંગુલ છે, તે આવી વિધિપૂર્વક કહ્યું છે.**

પરમાણુ વિગેરેના ક્રમપૂર્વક પહેલું ઉત્સેધાંગુલ કહ્યું. દેવ વિગેરેના શરીરની જે ઊંચાઈ, તે ઉત્સેધ કહેવાય. તે ઉત્સેધનો નિર્ણય કરનાર હોવાથી તદ્વિષયક જે અંગુલ તે ઉત્સેધાંગુલ અથવા ઉત્સેધ એટલે "અનંતા સૂક્ષ્મ પરમાણુ પુદ્ગલોનો સમૂહ સારી રીતે ભેગો થવાથી એક વ્યવહાર પરમાણુ થાય છે." વિગેરે એવા ક્રમપૂર્વક ઉચ્છ્રય એટલે વૃદ્ધિ થવી તેનાથી જે અંગુલ થાય, તે ઉત્સેધાંગુલ છે. હવે આગળ નિર્દેશ કરેલ આત્માંગુલને તીર્થંકર ગણધરોએ આગળ કહેવાશે તે પ્રકારવડે કહેલ છે. (૧૩૯૩)

**આત્માંગુલ :–**

**जे जंमि जुगे पुरिसा अट्ठसयंगुलसमूसिया हुंति ।**
**तेसिं जं मियमंगुलमायंगुलमेत्थ तं होइ ॥१३९४॥**

**જે યુગમાં જે પુરુષો પોતાના આંગળથી એકસો આઠ આંગળ ઊંચા હોય છે તેમનું જે પોતાનું અંગુલ તે અહિં આત્માંગુલ થાય છે.**

સુષમા :– દુષમા વિગેરે જે યુગમાં ચક્રવર્તી–વાસુદેવ વિગેરે જે પુરૂષો, પોતાના આંગળ વડે જ એકસો આઠ (૧૦૮) આંગળ ઊંચા હોય છે, તેમનું પોતાનું જે અંગુલ તે આત્માંગુલ કહેવાય છે. અહિં આગળ જે કાળમાં જે પુરૂષો પ્રમાણ યુક્ત હોય, તે જ પુરૂષોનો આત્મા અહિં લેવાતો હોવાથી આત્માનું જે અંગુલ, તે આત્માંગુલ. (૧૩૯૪)

**जे पुण एय पमाणा ऊणा अहिगा व तेसिमेयं तु ।**
**आयंगुलं न भन्नइ किंतु तदाभासमेवत्ति ॥१३९५॥**

**જે આ પ્રમાણથી ઓછા વધતા હોય તેમનું એ પ્રમાણ આત્માંગુલ ન કહેવાય. પરંતુ તે આત્માંગુલાભાસ કહેવાય છે.**

આ આત્માંગુલ કાળાદિ ભેદથી પુરૂષોનું ઊંચાઇનું પ્રમાણ અનવસ્થિત એટલે અનિયત હોવાથી આ અંગુલ પણ અનિયત પ્રમાણનું જાણવું. જે પુરૂષો એકસો આઠ અંગુલ પ્રમાણથી (આત્માંગુલ પ્રમાણ) ઓછા અથવા વધારે માપના હોય, તેમનું જે અંગુલ, તે આત્માંગુલ ન કહેવાય. પરંતુ આત્માંગુલાભાસ કહેવાય છે એટલે વાસ્તવિકપણે તે આત્માંગુલ ન કહેવાય.

લક્ષણ શાસ્ત્રમાં કહેલ સ્વર વિગેરે બીજા લક્ષણ વિકલતા સાથે યથોક્ત પ્રમાણથી વધારે ઓછાનો અહિં નિષેધ નથી કર્યો–એમ સંભવે છે.

ભરત ચક્રવર્તી વિગેરે પોતાના અંગુલથી એકસો વીસ આંગળના પ્રમાણ રૂપે નિર્ણીત થયેલા છે. અને કેટલાક આચાર્યના મતે તો મહાવીરસ્વામી વિગેરેને ચોર્યાસી આંગળનું પ્રમાણનું પ્રમાણ છે. (૧૩૯૫)

**પ્રમાણાંગુલ :–**

**उस्सेहंगुलमेगं हवइ पमाणंगुलं सहस्सगुणं ।**
**उस्सेहंगुलदुगुणं वीरस्सायंगुलं भणियं ॥१३९६॥**

**ઉત્સેધાંગુલથી એક હજારગણું પ્રમાણાંગુલ થાય છે. બે ગણુ ઉત્સેધાંગુલ થાય ત્યારે વીર ભગવંતનું આત્માંગુલ થાય છે.**

આગળ કહેલા સ્વરૂપવાળું ઉત્સેધાંગુલ એક હજાર ગુણ થાય ત્યારે એક પ્રમાણાંગુલ થાય છે. પરમ પ્રકર્ષ એટલે અતિ વૃદ્ધિ રૂપ પ્રમાણને પામેલ જે અંગુલ તે પ્રમાણાંગુલ. આનાથી મોટું બીજુ કોઈ અંગુલ નથી–એ ભાવ છે, અથવા તો સમસ્ત લોક વ્યવહાર રાજ્ય વિગેરેની સ્થિતિ આચારનો પ્રથમ રચનાર હોવાથી પ્રમાણરૂપ આ અવસર્પિણી કાલમાં યુગાદિદેવ ઋષભદેવ અથવા ભરત ચક્રવર્તી જેવા પ્રમાણ રૂપ પુરૂષનું જે અંગુલ, તે પ્રમાણાંગુલ. તે પ્રમાણાંગુલ ભરત ચક્રવર્તીનું આત્માંગુલ છે. તે વખતે આત્માંગુલ અને પ્રમાણાંગુલ સમાન માપના થાય છે.

**પ્રશ્ન :–**ભરત ચક્રવર્તીનું જે અંગુલ તે આત્માંગુલ એમ કહીએ તો ઉત્સેધાંગુલથી પ્રમાણાંગુલ તો ચારસો ગુણ થાય છે, પણ હજારગુણ થતું નથી. તે આ પ્રમાણે ભરત ચક્રવર્તિ પોતાના અંગુલથી એકસોવીસ આંગળ ઊંચા છે એવો નિર્ણય અનુયોગ દ્વાર ચૂર્ણિ વિગેરેમાં થાય છે, અને ઉત્સેધાંગુલથી પાંચસો ધનુષની ઊંચાઈ છે. એક ધનુષ્ય છન્નુ આંગળનું થાય છે. આથી પાંચસો ધનુષના અડતાલીસ (૪૮) હજાર આંગળ થાય છે. આ પ્રમાણે થવાથી એક પ્રમાણાંગુલમાં ઉત્સેધાંગુલ ચારસો (૪૦૦) જ થવાના, કારણકે એકસોવીસ વડે પ્રમાણાંગુલના (૪૮) અડતાલીસ હજાર ઉત્સેધાંગુલના ભાગ કરતા ચારસો જ આવે છે. તેથી આ પ્રમાણે ભરત મહારાજા સંબંધિત અંગુલરૂપ પ્રમાણાંગુલ ઉત્સેધાંગુલથી ચારસો ગુણ જ થાય છે પણ હજાર ગુણ થતું નથી. તો પછી શા માટે પ્રમાણાંગુલ ઉત્સેધાંગુલથી હજાર ગુણ કહો છો ?


ઘન





ઉત્તર :-સાચું કહ્યું પરંતુ પ્રમાણાંગુલ અઢી આંગળ રૂપ પહોળાઈવાળું છે. તેથી જ્યારે પોતાની પહોળાઇ સાથે યથાવસ્થિત આ પ્રમાણાંગુલ વિચારાય ત્યારે પ્રમાણાંગુલની અઢી આંગળની ઉત્સેધાંગુલે પહોળાઈ પણ વિચારવાની હોય છે. માટે જ્યારે પોતાની પહોળાઈ સાથે યથાવસ્થિત રૂપે એને વિચારીએ ત્યારે ઉત્સેધાંગુલથી પ્રમાણાંગુલ ચારસોગુણ થાય છે. અને જ્યારે અઢી આંગળ ઉત્સેધાંગુલ રૂપ વિષ્કંભ સાથે ચારસો ગુણારૂપ પ્રમાણાંગુલની લંબાઇને ગુણીએ ત્યારે ઉત્સેધાંગુલ એક આંગળ પહોળી અને હજાર આંગળ લાંબી પ્રમાણાંગુલની સૂચિ થાય છે.

આનો ભાવાર્થ આ પ્રમાણે છે. એક પ્રમાણાંગુલમાં અઢી ઉત્સેધાંગુલ પહોળાઈમાં ત્રણ શ્રેણિઓ થાય છે, કલ્પાય છે. પહેલી શ્રેણિ એક ઉત્સેધાંગુલ પહોળી અને ચારસો આંગળ લાંબી. બીજી શ્રેણી પણ આટલા જ માપની છે. ત્રીજી પણ લંબાઈથી ચારસો આંગળ પ્રમાણની છે. પણ પહોળાઈ અડધા આંગળ પ્રમાણની છે. તેથી આ શ્રેણીની લંબાઈ બસો આંગળ લઈ પહોળાઇ અંગુલ પ્રમાણ ગણતા આ શ્રેણી પણ બસો આંગળ લાંબી અને એક આંગળ પહોળી નક્કી થઈ ત્યારપછી આ ત્રણે શ્રેણી-ઉપર-ઉપર મૂકતા ઉત્સેધાંગુલવડે એક હજાર આંગળ લાંબી અને એક આંગળ પહોળી પ્રમાણાંગુલની સૂચિ સિદ્ધ થાય છે. માટે આ સૂચિની અપેક્ષાએ કહ્યું છે કે ઉત્સેધાંગુલથી પ્રમાણાંગુલ હજારગુણ લાંબુ છે, બાકી વાસ્તવિકપણે તો ચારસો ગુણ જ મોટું છે.

આથી પૃથ્વી, પર્વત, દ્વીપ, સમુદ્ર, વિમાન વિગેરેના માપો આ ચારસો ગુણામાં લાંબા અને અઢી આંગળ પહોળા પ્રમાણાંગુલ વડે જ મપાય છે. હજાર ગુણા આંગળવાળી સૂચિ શ્રેણી રૂપ પ્રમાણાંગુલ વડે નહી. એ પ્રમાણ વૃદ્ધ પુરૂષોના સંપ્રદાયથી જાણ્યું છે. આમાં તત્ત્વતો કેવલિઓ જાણે.

તે જ ઉત્સેધાંગુલને બે ગુણ એટલે બમણું કરીએ ત્યારે છેલ્લા તીર્થંકર ભગવાન વીરપ્રભુનું એક આત્માંગુલ થાય છે-એમ પૂર્વાચાર્યોએ કહ્યું છે.

ભગવાન વર્ધમાન સ્વામી એક આદેશ મુજબ પોતાના આંગળથી ચોર્યાસી આંગળ ઊંચા છે. ઉત્સેધાંગુલ મુજબ સાત હાથનું પ્રમાણ હોવાથી એકસો અડસઠ (૧૬૮) આંગળ થાય છે અને અનુયોગદ્વાર ચૂર્ણિમાં કહ્યું છે કે "આદેશાંતરે વીર પ્રભુ આત્માંગુલ વડે ચોર્યાસી આંગળ ઊંચા છે અને ઉત્સેધાંગુલે એકસો અડસઠ (૧૬૮) આંગળ ઊંચા છે. (૧) માટે બે ઉત્સેધાંગુલે વીરપ્રભુનું એક આત્માંગુલ થાય છે. અહિં મતાંતરોને આશ્રયી ઘણું કહેવા યોગ્ય છે પણ ગ્રંથ વિસ્તાર ગૌરવના ભયથી કહેતા નથી.

આ ત્રણે અંગુલોના દરેકના ત્રણ-ત્રણ ભેદો છે.

૧. સૂચિઅંગુલ ૨. પ્રતરાંગુલ ૩. ઘનાઅંગુલ.

જે આકાશ પ્રદેશની શ્રેણિ આંગળ લાંબી અને જાડાઈ એક પ્રદેશ પ્રમાણની હોય, તે સૂચિઅંગુલ કહેવાય છે. આ સૂચિઅંગુલ વાસ્તવિકરૂપે અસંખ્ય પ્રદેશરૂપ હોવા છતાં અસત્ કલ્પનાથી સૂચિ આકારે ત્રણ પ્રદેશો રાખવા પૂર્વક બનેલ જાણવી. તેની સ્થાપના આ પ્રમાણે ૦૦૦.

સૂચિને સૂચિ વડે જ ગુણતા પ્રતરાંગુલ થાય છે–એ પણ વાસ્તવિકરૂપે તો અસંખ્ય પ્રદેશરૂપ છે. છતાં અસત્ કલ્પનાવડે આગળ કહ્યા મુજબ ત્રણ પ્રદેશ રૂપ સૂચિને ત્રણ પ્રદેશરૂપ સૂચિવડેજ ગુણવી. આથી ત્રણ પ્રદેશવડે બનેલ ત્રણ સૂચિ–શ્રેણીરૂપ નવ પ્રદેશવાળું પ્રતરાંગુલ થશે. એની સ્થાપના આ પ્રમાણે છે.

૦ ૦ ૦

૦ ૦ ૦

૦ ૦ ૦

પ્રતરને સૂચિવડે ગુણતા લંબાઈ, જાડાઈ અને પહોળાઈવડે સમાન માપવાળો–સંખ્યાવાળો ઘનાંગુલ થાય છે. કારણ કે લંબાઈ વિગેરે ત્રણે સ્થાનોમાં સમાનરૂપે જ ઘનની વ્યાખ્યા સિદ્ધાંતમાં રુઢ થયેલ છે. પ્રતરાંગુલ લંબાઈ અને પહોળાઈ વડે પ્રદેશોમાં સમાન છે પણ જાડાઈમાં નહી કારણ કે જાડાઈ ફક્ત એક પ્રદેશરૂપે છે. આ ઘનાંગુલ વાસ્તવિકરૂપે તો લંબાઈ, પહોળાઈ, જાડાઈ એ તો બધા અસંખ્ય પ્રદેશ પ્રમાણરૂપે છે પણ અસત્કલ્પનાએ સત્તાવીશ પ્રદેશરૂપે છે. કારણ કે આગળ કહેલ ત્રણ પ્રદેશરૂપ સૂચિને હમણાં જ બતાવેલ નવ પ્રદેશરૂપ પ્રતરવડે ગુણતા સત્તાવીસ પ્રદેશો જ આવે છે. એની સ્થાપના હમણાં બતાવેલ નવ પ્રદેશરૂપ પ્રતરની નીચે અને ઉપર નવ–નવ પ્રદેશો મૂકવા વડે વિચારવી જેથી લંબાઈ, પહોળાઈ અને જાડાઈ એ ત્રણે એક સરખા આવશે. (૧૩૯૬)

**જે અંગુલવડે જે પદાર્થ મપાય, તે પદાર્થ કહે છે.**

**आयंगुलेण वत्थुं उस्सेह–पमाणओ मिणसु देहं ।**
**नगपुढविविमाणाइं मिणसु पमाणंगुलेणं तु ॥१३९७॥**

**આત્માંગુલવડે વાસ્તુ એટલે મકાન, ઉત્સેધાંગુલવડે શરીર અને પ્રમાણાંગુલવડે પર્વત, પૃથ્વી વિમાનો વિગેરે માપવા.**

આત્માંગુલવડે વાસ્તુઓ માપે. તે વાસ્તુ ખાતરૂપે, ઉચ્છ્રિત અને ઉભયરૂપે છે. એમાં કૂવા, ભોંયરા તળાવ વિગેરે ખાતરૂપે છે, ધવલગૃહ વિગેરે ઉચ્છ્રિત રૂપે છે, ભોંયરા સહિત જે ધવલગૃહ તે ઉભયરૂપે છે.

દેવ વિગેરેના શરીરોની ઊંચાઈ ઉત્સેધાંગુલ પ્રમાણથી માપે છે.

પ્રમાણાંગુલવડે મેરૂ વિગેરે પર્વતો, ધમ્મા વિગેરે પૃથ્વીઓ, સૌધર્માવતંસક વિગેરે વિમાનો આદિ શબ્દવડે ભવન, નરકાવાસો, દ્વીપ, સમુદ્ર વિગેરે માપવા. (૧૩૯૭)

## ૨૫૫. તમસ્કાયનું સ્વરૂપ

जंबूदीवाउ असंखेज्जइमा अरुणवर समुद्दाओ ।
बायालीस सहस्से जगईउ जलं विलंघेउं ॥१३९८॥
समसेणीए सत्तरस एकवीसाइं जोयणसयाइं ।
उल्लसिओ तमरूवो वलयागारो अउक्काओ ॥१३९९॥
तिरियं पवित्थरमाणो आवरयंतो सुरालय चउक्कं ।
पंचमकप्पे रिट्ठंमि पत्थडे चउदिसिं मिलिओ ॥१४००॥

**જંબૂદ્વીપથી અસંખ્યાતમા અરૂણુવર સમુદ્રમાં જગતીથી બેંતાલીસ હજાર (૪૨૦૦૦) યોજન પાણીમાં ઓળંગ્યા પછી સમશ્રેણીએ એકવીસસો સત્તર (૨૧૧૭) યોજન સુધીનો વલયાકારે અંધકારરૂપ અપ્કાય ઉછળે છે. તે તિરછો ફેલાતો-ફેલાતો ચાર દેવલોકને આવરતો-ઢાંકતો પાંચમા દેવલોકમાં રિષ્ટ પ્રતરે ચારે દિશાએ મળે છે.**

જંબૂદ્વીપથી અસંખ્યાતમો અરૂણુવર સમુદ્ર છે. તેમાં જગતીથી બેંતાલીસ હજાર યોજન પાણી ઓળંગ્યા પછી ભીંતની જેમ સમશ્રેણિપૂર્વક એકવીસસો સત્તર (૨૧૧૭) યોજન સુધીનો વલયાકારવાળો તમસ્કાય જેમાં પ્રકાશના અભાવથી દેવોને પણ અગમ્ય એવો મહાઅંધકારરૂપ અપ્કાય ઉછળે છે. આનો ભાવાર્થ આ પ્રમાણે છે.

આ જંબૂદ્વીપથી તિરછીદિશામાં અસંખ્યાતા દ્વીપ સમુદ્રો ઓળંગ્યા પછી અરૂણુવર નામનો દ્વીપ છે. તે દ્વીપની વેદિકાના છેડાથી બેતાલીસ હજાર યોજન (૪૨૦૦૦) અરૂણુવર સમુદ્રમાં ગયા પછી પાણીની ઉપરની સપાટીથી ઉપર એકવીસસો સત્તર (૨૧૧૭) યોજન સુધી વર્તુલ ગોળ દિવાલ આકારે અપ્કાયમય મહાઅંધકારરૂપ તમસ્કાય ઊંચે ઉછળે છે. એ તિરછો ફેલાતો-ફેલાતો સૌધર્મ, ઈશાન, સનત્ કુમાર માહેન્દ્રરૂપ ચાર દેવલોકને આચ્છાદન એટલે ઢાંકતો ઉપર પાંચમા બ્રહ્મદેવલોકના ત્રીજા અરિષ્ટ વિમાન પ્રતરે ચારે દિશાઓમાં મળી જાય છે. (૧૩૯૮-૧૩૯૯-૧૪૦૦)

**હવે તમસ્કાયનું સંસ્થાન એટલે આકાર કહે છે.**

हेट्ठा मल्लयमूलट्ठिइट्ठिओ उवरि बंभलोयं जा ।
कुकुड पंजरागार संठिओ सो तमक्काओ ॥१४०१॥

આગળ કહેલા સ્વરૂપવાળો તમસ્કાય નીચેના ભાગે શરાવના મૂળ એટલે તળિયાના આકારે રહેલો છે એટલે શરાવના તળિયા આકારનો છે અને ઉપરના ભાગે બ્રહ્મદેવલોક સુધી કુકડાના પાંજરાના આકારે રહેલો છે તમસ્કાય એટલે અંધકારરૂપ પુદ્ગલોનો સમૂહ. (૧૪૦૧)

॥ અરૂણવર સમુદ્રમાંથી ઉછળતો 'તમસ્કાય' દેખાવ ॥




જંબૂદ્વીપથી માંડી અસંખ્ય દ્વીપ સમુદ્રનું ઉલ્લંઘન કર્યા બાદ અરૂણવર નામનો દ્વીપ આવેલ છે, તેને ફરતો અરૂણવર નામનો સમુદ્ર છે. અરૂણવર દ્વીપના ગઢથી ૪૨ હજાર યોજન દૂર સમુદ્રમાં ચારે બાજુથી જઈએ ત્યારે ત્યાં ચારે બાજુએ ઉપસ્થિત જલપ્રદેશથી તમસ્કાય નામના અંધકારના પુદ્ગલરૂપ એક પદાર્થની એક પ્રદેશથી શરૂઆત થાય છે, તે ક્રમશઃ વિસ્તૃત પામતો ૧૭૨૧ યોજન સુધી ઉર્ધ્વ ભાગે પ્રસરતો અસંખ્ય યોજન ઊંચો ગયા બાદ ક્રમશઃ ચારે બાજુથી [કૂકડા-પંજરવત્] વલયાકારે રહેતો ઢળતો ઢંકાતો પાંચમા બ્રહ્મકલ્પના ત્રીજા રિષ્ટપ્રતરે જઈને અટક્યો છે.

એ તમસ્કાય અરૂણોદક સમુદ્રના જલના વિકારરૂપ હોવાથી અપ્કાય સ્વરૂપ છે. જેથી તેમાં બાદર વનસ્પતિ-વાયુ-ત્રસ જીવોના સ્થાનરૂપ છે. વિસ્તારવડે સંખ્ય યો. અને પરિક્ષેપવડે અસંખ્ય યો. છે.

ઘનઘોર-ભયંકર-અંધકારમય છે. દેવોને વિહ્વળ તથા ક્ષોભ પમાડનારો છે. દુર્ધર શત્રુદેવને છૂપાઈ જવા આશ્રયરૂપ છે. તો પણ તે ભયંકર હોવાથી બાંધુ રહી શકાતું નથી. આવો ભયંકર અંધકાર બીજે ક્યાંય નથી. સામાન્ય દેવો તો જોઈ ત્રાસ પામી જાય તેવો છે.

**હવે તમસ્કાયનો વિષ્કંભ અને પરિધિ કહે છે.**

दुविहो से विक्खंभो संखेज्जो अत्थि तह असंखेज्जो ।
पढमंमिउ विक्खंभो संखेज्जा जोयणसहस्सा ॥१४०२॥
परिहीऍ ते असंखा बीए विक्खंभपरिहि जोएहिं ।
हुंति असंखसहस्सा नवरमिमं होइ वित्थारो ॥१४०३॥

**સંખ્યાતા તથા અસંખ્યાતા-એમ બે પ્રકારે વિષ્કંભ છે. પહેલા વિષ્કંભમાં સંખ્યાતા હજાર યોજન છે. તેમાં પરિધિ ઉમેરતા અસંખ્યાતા યોજન વિષ્કંભ થાય છે. બીજો વિષ્કંભ, વિષ્કંભ અને પરિધિ એ બંનેવડે ગણુતા અસંખ્યાતા હજાર યોજનનો થાય છે.**

તે તમસ્કાયનો વિષ્કંભ એટલે વિસ્તાર સંખ્યાતા તથા અસંખ્યાતા યોજન-એમ બે પ્રકારે છે. તેમાં પહેલા વિષ્કંભમાં નીચે શરૂઆતથી લઈ ઉપર સંખ્યાતા યોજન સુધી સંખ્યાતા હજાર યોજન પ્રમાણુનો વિષ્કંભ થાય છે. એ વિષ્કંભમાં પરિધિ ઉમેરવાથી તે જ વિષ્કંભ અસંખ્યાતા હજાર યોજન પ્રમાણુનો થાય છે. તમસ્કાયનો નીચેનો ભાગ સંખ્યાતા યોજનના વિસ્તારવાળો હોવા છતાં પણ અસંખ્યાતમા દ્વીપની પરિધિ ઘણી મોટી હોવાથી તેને ઉમેરતા અસંખ્યાતા હજાર યોજન પ્રમાણુવાળા વિષ્કંભમાં વિરોધ રહેતો નથી. દ્વીપની અંદર કે બહારની કઈ પરિધિ ઉમેરવી એનો ભેદ બતાવ્યો-કહ્યો નથી. એટલે બંને અંદર અને બહારની પરિધિઓ અસંખ્યાત યોજનરૂપે સમાન છે.

બીજા વિસ્તારમાં વિષ્કંભ અને પરિધિ એ બંને વડે એટલે વિષ્કંભવડે પણ અસંખ્યાતા હજાર યોજન અને પરિધિવડે પણ અસંખ્યાતા હજાર યોજન થાય છે. અહીંઆ ફક્ત અસંખ્યાતા હજાર યોજન પ્રમાણ વિસ્તાર થાય છે આ પ્રમાણ જ્યારે આ વલયાકાર તમસ્કાય ઊંચે ક્રમસર વિસ્તાર પામે છે ત્યારે આ પ્રમાણુ જાણવું.

આ તમસ્કાયની મોટાઈ-વિસ્તાર આગમજ્ઞ પુરુષો આ પ્રમાણે જણાવે છે.

કોઈક મહર્દ્ધિકદેવ, જે ગતિવડે ત્રણ ચપટી વગાડતા એકવીસ (૨૧) વખત આખા જંબૂદ્વીપને પ્રદક્ષિણા આપી પાછો આવે, તે જ દેવ તે જ ગતિપૂર્વક છ મહિને સંખ્યાતા યોજન વિસ્તારવાળા તમસ્કાયને ઓળંગી શકે છે. બીજા અસંખ્યાતા યોજનના તમસ્કાયને નહી.

જ્યારે કોઈક દેવ બીજા દેવની દેવીને ભોગવવાની ઈચ્છાવાળો થયેલો કે બીજાના રત્નો ચોરવા વિગેરે અપરાધ કરે ત્યારે બળવાન દેવના ભયથી નાસીને દેવોને પણ ઘણી બીક લગાડનારો હોવાથી ગમનમાં વિઘાતરૂપ તે તમસ્કાયમાં સંતાઈ જાય છે. (૧૪૦૨-૧૪૦૩)

## ૨૫૬. અનંત ષટ્ક

सिद्धा १ निगोयजीवा २ वणस्सई ३ काल ४ पोग्गला ५ चेव ।
सव्वमलोगागासं ६ छप्पेएऽणंतया नेया ॥१४०४॥

૧. સર્વ કર્મકલંકથી રહિત સિદ્ધો, ૨. તથા બધાયે એટલે સૂક્ષ્મ–બાદર ભેદવાળા નિગોદ એટલે અનંતકાયરૂપ જીવો, ૩. તથા પ્રત્યેક અને અનંત વનસ્પતિકાયરૂપ સર્વે વનસ્પતિ જીવો, ૪. ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાનકાળના સમયરૂપ કાળ, ૫. સંપૂર્ણ પુદ્ગલાસ્તિકાયમાં રહેલા બધા પરમાણુરૂપ પુદ્ગલો, ૬. સંપૂર્ણ અલોકાકાશ. આ છયે રાશિ એટલે સમૂહો અનંતા જાણવા. (૧૪૦૪)

## ૨૫૭. અષ્ટાંગ નિમિત્ત

अंगं १ सुविणं २ च सरं ३ उप्पायं ४ अंतरिक्ख ५ भोमं च ६ ।
वंजण ७ लक्खण ८ मेव य अट्ठपयारं इह निमित्तं ॥१४०५॥

અંગ, સ્વપ્ન, સ્વર, ઉત્પાત, અંતરિક્ષ–આકાશ, જમીન–ભૌમ, વ્યંજન, લક્ષણ– એમ આઠ પ્રકારે શાસ્ત્રમાં નિમિત્તો છે.

ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળના જે અતીન્દ્રિય ભાવોને એટલે હકીકતને જાણવામાં નિમિત્ત એટલે કારણરૂપે જે ભાવો કે પદાર્થો થાય, તે નિમિત્ત કહેવાય છે. (૧૪૦૫)

હવે ક્રમસર આઠે પ્રકારના નિમિત્તોની વ્યાખ્યા કરે છે.

अंगप्फुरणाईहिं सुहासुहं जमिह भन्नइ तमंगं १ ।
तह सुसुमिणय दुस्सुमिणएहिं जं सुमिणयंति तयं २ ॥१४०६॥

અંગની સ્ફુરણા વિગેરે વડે જે શુભાશુભ કહેવાય, તે અંગનિમિત્ત કહેવાય. તથા સુસ્વપ્ન અને દુઃસ્વપ્નવડે જે શુભાશુભ કહેવાય તે સ્વપ્ન.

૧. અંગ :– અંગસ્ફુરણા એટલે શરીરના અવયવો ફરકવા વિગેરે પ્રમાણ દ્વારા જે ભૂત, ભવિષ્ય, વર્તમાનકાળને તથા શુભ એટલે સારું અને અશુભ ખરાબ ભાવ બીજાને કહેવો, તે અંગ નામનું નિમિત્ત કહેવાય છે. જેમકે જમણી બાજુનું અંગ ફરકવાનું જે ફળ પુરુષોને કહેવાશે તે ફળ સ્ત્રીઓને ડાબી બાજુએ કહેવું મસ્તક ફરકવાથી જમીનનો લાભ થાય અને લલાટ ફરકવાથી સ્થાનની વૃદ્ધિ થાય છે. ૧. વિગેરે.

૨. **સ્વપ્ન** :– સારા સ્વપ્નવડે તથા ખરાબ સ્વપ્નવડે જે શુભ અથવા અશુભ કહેવાય, તે સ્વપ્ન નામનું નિમિત્ત છે જેમકે–દેવપૂજા, પુત્ર, ભાઈ, ઉત્સવ, ગુરુ, છત્ર, કમળ જોવું તથા કિલ્લો, હાથી, વાદળા, ઝાડ, પહાડ, પ્રાસાદ ઉપર ચડવું, દરિયો તરવો, દારૂ, અમૃત, દૂધ, દહીંનું પીવું, સૂર્ય, ચંદ્રને ગ્રસ્ત એટલે ખાઈ જવું, શિવપદ પર રહેવું આદિ સ્વપ્નમાં જુએ તો મનુષ્યો માટે શુભ છે. ૧. વિગેરે (૧૪૦૬)

**इट्ठमणिट्ठं जं सरविसेसओ तं सरंति विन्नेयं ३ ।**
**रुहिरवरिसाइ जंमि जायइ भन्नइ तम्मुप्पायं ४ ॥१४०७॥**

**ઇષ્ટ–અનિષ્ટ સારો અને ખરાબ જે સ્વર વિશેષ તે સ્વર જાણવો. લોહીની વર્ષા વિગેરે જે થાય તે ઉત્પાત કહેવાય છે.**

૩. **સ્વર** :– સારા અને ખરાબ જે સ્વર વિશેષથી એટલે ષડ્જ વિગેરે સાત સ્વરવડે અથવા પક્ષી વિગેરેના અવાજવડે જે બીજાને કહેવું તે સ્વર નામનું નિમિત્ત છે. જેમકે, ષડ્જ સ્વરવડે વૃત્તિ એટલે આજીવિકા મળે, કરેલું કાર્ય નિષ્ફળ ન જાય પણ સફળ થાય છે, ગાય, મિત્ર, પુત્રવાળો થાય અને સ્ત્રીઓને પ્રિય થાય છે. વિગેરે અથવા શ્યામાનો ચિલિ–ચિલિ શબ્દ સારો છે. સૂલિ–સૂલિ શબ્દ ધન્ય છે. ચેરી–ચેરી શબ્દ દિપ્ત છે. ચિકકુ શબ્દ લાભના કારણરૂપ છે.

૪. **ઉત્પાત** :– સ્વભાવિક લોહી વિગેરેનો વરસાદ જેમાં થાય તે ઉત્પાત નામનું નિમિત્ત કહેવાય છે. આદિ શબ્દવડે હાડકાંનો વરસાદ વિગેરે સમજવું. જેમકે કહ્યું છે કે–જ્યાં આગળ મજ્જા, લોહી, હાડકા, અનાજ–ધાન્ય, અંગાર તથા ચરબીનો વરસાદ વરસે છે, ત્યાં ચાર પ્રકારનાં ભય થાય છે. (૧૪૦૭)

**गहवेहभूयअट्टट्टहासपमुहं जमंतरिक्खं तं ५ ।**
**भोमं च भूमिकंपाइएहिं नज्जइ वियारेहिं ६ ॥१४०८॥**

**ગ્રહવેધ, ભૂત–અટ્ટહાસ્ય વિગેરે જે થાય, તે અંતરિક્ષ કહેવાય છે. ધરતીકંપ વિગેરે વિકારોવડે ભૌમિક નિમિત્ત જાણવું.**

૫. **અંતરિક્ષ** :– ગ્રહવેધ, ભૂતઅટ્ટહાસ્ય વિગેરે અંતરિક્ષ નિમિત્ત કહેવાય છે. ગ્રહનું જે ગ્રહની વચ્ચેથી નીકળવું તે ગ્રહવેધ કહેવાય છે અને આકાશમાં આકસ્મિકરૂપે જે અતિમહાન કિલ–કિલ–એવો અવાજ થવો તે ભૂતઅટ્ટહાસ્ય કહેવાય છે જેમકે–ગ્રહોમાંથી કોઈપણ ગ્રહ ચંદ્રને ભેદે છે ત્યારે રાજભય થાય છે અને ભયંકર પ્રજા ક્ષોભ થાય છે. વિગેરે. પ્રમુખ શબ્દવડે ગાંધર્વનગર વિગેરેનો સમાવેશ કરી લેવો. જેમકે, કપિલ એટલે કાબરચીતરા રંગનું ગંધર્વનગર અનાજના ઘાત માટે થાય છે. મંજિષ્ઠ રંગનું ગાયોનું હરણ થાય છે. અને અવ્યક્ત રંગનું બળ એટલે સૈન્ય ક્ષોભ કરે છે. એમાં સંશય નથી. જે ગાંધર્વ સ્નિગ્ધ, કિલ્લા સહિત, તોરણ સહિત, સૌમ્ય દિશામાં રહેલું હોય, તે રાજાને વિજય કરનારું થાય છે.

૯. ભૌમ :- ધરતીકંપ વિગેરે વિકારો વડે જે શુભાશુભ જણાય તે ભૌમ નિમિત્ત કહેવાય છે. જેમકે- જ્યારે મોટા શબ્દપૂર્વક ધરતી અવાજ કરે અને કંપે ત્યારે સેનાપતિ, મંત્રી, રાજા અને રાષ્ટ્ર પીડાય છે, દુઃખી થાય છે. (૧૪૦૮)

**इह वंजणं मसाई ७ लंछणपमुहं तु लक्खणं भणियं ८ ।**
**सुहअसुह सूयगाइं अंगाईयाइं अट्ठावि ॥१४०९॥**

**વ્યંજન એટલે મસા વિગેરે અને લાંછન એટલે લાખુ વિગેરે લક્ષણ કહ્યા. અંગ વિગેરે આઠે નિમિત્તો શુભાશુભના સૂચક છે.**

૭. વ્યજંનલક્ષણ :- આ નિમિત્ત શાસ્રમાં મસા વિગેરેને વ્યંજન-લાંછન એટલે લાખુ વિગેરેને લક્ષણ કહ્યા છે. જેમકે, નાભિ એટલે ડુંટીની નીચે રહેલ લાંછન અથવા મસો પણ કુમ-કુમ એટલે કંકુના જેવો લાલ હોય, તો તે સારો કહેવાય ૧. વિગેરે નિશીથગ્રંથમાં આ પ્રમાણે કહ્યું છે કે,

"માણ-માન વિગેરે લક્ષણ અને મસા વિગેરે વ્યંજન છે અથવા જે શરીર સાથે ઉત્પન્ન થાય, તે લક્ષણ અને પાછળથી ઉત્પન્ન થએલા વ્યંજન કહેવાય છે." આ પ્રમાણે શુભ-અશુભ સૂચક અંગ વિગેરે આઠે નિમિત્તોનું પ્રતિપાદન કર્યું છે. લક્ષણ પુરુષોના વિભાગવડે આ પ્રમાણે નિશીથમાં કહ્યાં છે.

"સામાન્ય મનુષ્યોને બત્રીસ. બલદેવ, વાસુદેવને એકસો આઠ અને ચક્રવર્તી તીર્થંકરોને એક હજાર આઠ લક્ષણો હોય છે, જે સ્પષ્ટરૂપે હાથ-પગ વિગેરેમાં (બાહ્ય) લક્ષણો જણાય છે તેનું પ્રમાણ કહ્યું, જે અંદર રહેલ આંતરિક સ્વભાવ સત્ત્વ વિગેરે છે તેની સાથે તો ઘણા લક્ષણો થાય છે." (૧૪૦૯)

## ૨૫૮. માન-ઉન્માન અને પ્રમાણ

**जलदोणमद्धभारं समुहाइं समूसिओ उ जो नव उ ।**
**माणुम्माणपमाणं तिविहं खलु लक्खणं नेयं ॥१४१०॥**

**દ્રોણ પ્રમાણ વજન જળમાન કહેવાય, અર્ધભાર પ્રમાણ વજન ઉન્માન કહેવાય, પોતાના મોંઢાના-મુખના માપથી નવ ગણો ઊંચો પુરુષ પ્રમાણ કહેવાય છે. આ ત્રણ પ્રકારે માન, ઉન્માન, પ્રમાણનું લક્ષણ જાણવું.**

એક દ્રોણ પ્રમાણ પાણી હોય તે માન કહેવાય.

ત્રાજવામાં અર્ધાભાર પ્રમાણ જે વજન થાય તે ઉન્માન કહેવાય.

જે પુરુષ પોતાના મુખથી નવ ગણો ઊંચો હોય તે પુરુષ, પ્રમાણ યુક્ત કહેવાય. આનો ભાવાર્થ આ પ્રમાણે છે.

પુરુષના શરીર પ્રમાણથી કંઈક મોટી એવી પાણીથી સંપૂર્ણ ભરેલ કુંડીમાં જે પુરુષ પ્રવેશ કરે અને તેના પ્રવેશ કરવાથી તે કુંડીમાંથી એક દ્રોણ પ્રમાણ એટલે સંપૂર્ણ અડધી ઘડી જેટલું પાણી નીકળે તે દ્રોણ કહેવાય. અથવા દ્રોણ પ્રમાણ પાણીથી ઓછી તે કુંડીને જે પુરુષ પ્રવેશ કરી સંપૂર્ણ કુંડી પ્રમાણવાળી કરી દે, તે પુરુષ માન યુક્ત કહેવાય છે. સારયુક્ત પુદ્ગલોથી ઉપચિત હોવાથી જે પુરુષને ત્રાજવામાં તોલતા-જોખતા-વજન કરતાં અડધા ભાર જેટલું જેનું વજન થાય, તે પુરુષ ઉન્માનયુક્ત કહેવાય છે.

જેનું પોતાનું જે અંગુલ તે આત્માંગુલ. તે પોતાના અંગુલવડે જેનું મોઢું બાર આંગળ પ્રમાણ હોય, તે પ્રમાણ યુક્ત મુખ કહેવાય. આ મુખ પ્રમાણવડે નવ મુખ પ્રમાણ જે પુરુષ હોય તે પુરુષ પ્રમાણ યુક્ત થાય છે. બાર આંગળ પ્રમાણ એક મુખવડે નવ મુખ પ્રમાણના એકસો આઠ આંગળ થાય છે. તેથી આટલી ઉંચાઈ પ્રમાણનો પુરુષ પ્રમાણ યુક્ત થાય છે. આ પ્રમાણે માન, ઉન્માન, પ્રમાણરૂપ ત્રણ પ્રકારના લક્ષણ ઉત્તમ પુરુષોના નિશ્ચિયથી જાણવા. (૧૪૧૦)

## ૨૫૯. અઢાર પ્રકારે ભક્ષ્યભોજન

सूओ १ जणो २ जवन्नं ३ तिन्नि य मंसाई ६ गोरसो ७ जूसो ८ ।
भक्खा ९ गुललावणिया १० मूलफला ११ हरियगं १२ डागो १३ ॥१४११॥
होइ रसालू य १४ तहा पाणं १५ पाणीय १६ पाणगं १७ चेव ।
अट्ठारसमो सागो १८ निरुवहओ लोइओ पिण्डो ॥१४१२॥

સૂપ એટલે દાળ, ઓદન એટલે ભાત, જવરૂપી અન્ન, ત્રણ પ્રકારના માંસ, ગોરસ, ઓસામણ, ગોળપાપડી, મૂળફળ, લીલું શાક, રસાલુ, પાન, પાણી, પાણક એટલે પીણા અને શાક. આ અઢાર પ્રકાર નિરૂપહત એટલે દોષ વગરનો લૌકિકપિંડ એટલે નિર્વિવેકી લોકમાં પ્રસિદ્ધ આહાર છે. (૧૪૧૧-૧૪૧૨)

जलथलखयरमंसाइं तिन्नि जूसो उ जीरयाइजूओ ।
मुग्गरसो भक्खाणि य खंडखज्ज य पमोक्खाणि ॥१४१३॥
गुललावणिया गुडपप्पडीउ गुलहाणियाउ वा भणिया ।
मूलफलंतिक्कपयं हरियपमिह जीरयाईयं ॥१४१४॥
डाओ वत्थुल राईण भज्जिया हिंगुजीरयाइजुया ।
सा य रसालू जा मज्जियत्ति तल्लक्खणं चेयं ॥१४१५॥
दो घयपला महु पलं दहियस्सऽद्धाढयं मिरिय वीसा ।
दस खंडगुलपलाइं एस रसालू निवइ जोगो ॥१४१६॥

पाणं सुराइयं पाणियं जलं पाणगं पुणो एत्थ ।
दक्खावाणियपमुहं सागो सो तक्कसिद्धं जं ॥१४१७॥

સૂપ એટલે દાળ, ઓદન એટલે ભાત, યવાન્ન એટલે જવનું બનાવેલું પરમાન્ન (ખીર) દૂધ–દહિં–ઘી વિગેરે ગોરસ કહેવાય. જળચર, સ્થળચર, ખેચર–એમ ત્રણ પ્રકારે માંસ છે. માછલા વિગેરેનું જળચર, હરણ વિગેરેનું સ્થળચર, લાવક વિગેરે પક્ષીઓનું ખેચર. જૂષ એટલે જીરૂ, કટુભાણ્ડ વિગેરે વડે સારી રીતે ભરેલ એટલે વઘારેલ, સંસ્કારીત મગનો રસ એટલે મગનું પાણી. ખાંડના ચોપડેલ ખાજા વિગેરે. ગુલલાવણિક એટલે ગોળપાપડી, પૂર્વદેશમાં ગોળની પ્રધાનતાવાળી જે પાપડી તે ગોળપાપડી. અથવા ગોળ મિશ્રિત જે ધાણા તે ગોળ ધાણા પણ ગુલલાવણિકા કહેવાય છે. મૂલકફલ એ (એકજ પદ લેવું પણ બે પદ ન લેવા) અશ્વગંધા વિગેરે મૂલ જાણવા અને કેરી–આંબા વિગેરેના ફળો જાણવા. હરિતક ડાક એટલે જીરા વિગેરેના પાંદડાથી બનેલ તે હરિતક તથા ડાક એટલે વત્થુલ રાજિક વિગેરેની ભાજી વત્થુલરાજિકની ભાજીને હિંગ–જીરા વિગેરે યુક્ત કરવામાં આવે, ત્યારે રસાલૂ થાય છે, જે લોકોમાં માર્જિતા નામે પ્રસિદ્ધ છે. એ રસાલાનું આ સ્વરૂપ કહેવાય છે. જેમાં બે પલ ઘી, એક પલ મધ, અડધો આઢક દહિં, વીસ વાટેલા મરચાં. દસ પલ ગોળ અથવા ખાંડ, આ બધી વસ્તુ મેળવતા રસાલા થાય છે, આ રસાલા રાજાઓ તથા ઉપલક્ષણથી શ્રીમંતો યોગ્ય છે. પાન એટલે બધી જાતના દારૂઓ જાણવા. પાણી એટલે ઠંડુ અને સ્વાદિષ્ટ પાણી. અને પાનક એટલે દ્રાક્ષ–ખજૂર વિગેરેના બનાવેલા પીણા. શાક તે કહેવાય જે છાશવડે બનેલ હોય, જેમકે વડી વિગેરે. (૧૪૧૩થી૧૪૧૭)

## ૨૬૦. છસ્થાનવૃદ્ધિહાનિ

वुड्ढी वा हाणी वा अणंत १ अस्संख २ संखभागेहिं ।
वत्थूण संख ४ अस्संख ५ णंत ६ गुणणेण य विहेया ॥१४१८॥

**વસ્તુઓની વૃદ્ધિ અથવા હાનિ અનંતભાગ, અસંખ્યાતભાગ, સંખ્યાતભાગ, સંખ્યાતગુણ, અસંખ્યાતગુણ અને અનંતગુણવડે કરવી.**

અનંત, અસંખ્યાત અને સંખ્યાત ભાગવડે તથા સંખ્યાત–અસંખ્યાત, અનંતગુણવડે વસ્તુઓની વૃદ્ધિ અથવા હાનિ કરવી. અહીં ષટ્સ્થાનમાં ત્રણ સ્થાનોની ભાગાકારવડે હાનિ અથવા વૃદ્ધિ કરવી અને ત્રણ સ્થાનોની ગુણાકારવડે હાનિ અથવા વૃદ્ધિ કરવી કહ્યું છે કે, "भागो तिसु गुणणा तिसु". એમાં ભાગાકારમાં અનંત, અસંખ્યાત, સંખ્યાત એ પ્રમાણે ક્રમ છે. અને ગુણાકારમાં સંખ્યાત અસંખ્યાત, અનંત–એ પ્રમાણે ક્રમ છે. આનો ભાવાર્થ આ પ્રમાણે છે.

સર્વવિરતિના વિશુદ્ધિસ્થાનો વિગેરે પદાર્થોની વિચારણા કરતાં તેમની વૃદ્ધિ અથવા હાનિ છ સ્થાનોમાં રહેલી મળે છે. તે આ પ્રમાણે અનંતભાગવૃદ્ધિ, અસંખ્યાતભાગવૃદ્ધિ, સંખ્યાતભાગવૃદ્ધિ, સંખ્યાતગુણવૃદ્ધિ, અસંખ્યાતગુણવૃદ્ધિ, અનંતગુણવૃદ્ધિ. એ પ્રમાણે હાનિ પણ જાણવી. સર્વવિરતિની વિચારણા કાંઈક સહેલી હોવાથી તેના વિશુદ્ધિ સ્થાનોને આશ્રયી થોડી વિચારણા કરે છે.

સર્વઉત્કૃષ્ટ દેશવિરતિના વિશુદ્ધિસ્થાનકથી સર્વવિરતિનું સર્વ જઘન્ય વિશુદ્ધિસ્થાનક અનંતગુણ છે. અને બધી જગ્યાએ અનંતગુણપણું ષટ્સ્થાનક વિચારણામાં સર્વજીવના અંનત–પ્રમાણ ગુણાકારવડે જાણવું. એની ભાવના આ પ્રમાણે છે.

સર્વ વિરતિનું સર્વથી જઘન્ય વિશુદ્ધિ સ્થાનને પણ કેવલિની બુદ્ધિરૂપ છેદવડે છેદવું અને છેદ કરી તેના નિર્વિભાગ ભાગોને જુદા કરવા. તે નિર્વિભાગ ભાગો સર્વ સંકલના કરવાપૂર્વક વિચારતા સર્વ ઉત્કૃષ્ટ દેશવિરતિના સ્થાનમાં રહેલા જે નિર્વિભાગ ભાગો છે. તેનાથી સર્વજીવ અનંતરૂપ ગુણાકારવડે ગુણતા જેટલી સંખ્યા થાય, તેટલા પ્રમાણ વિશુદ્ધિ સ્થાનો જાણવા. આનો ભાવાર્થ આ પ્રમાણે છે.

અહીં અસત્ કલ્પનાએ સર્વ ઉત્કૃષ્ટ દેશવિરતિના વિશુદ્ધિસ્થાનના નિર્વિભાગ ભાગો દસ હજાર છે. સર્વજીવ અનંતપ્રમાણની સંખ્યા સો (૧૦૦) માનીએ, તો તે સંખ્યારૂપ સર્વજીવ અનંત પ્રમાણ–રૂપ સંખ્યાવડે દસહજાર સંખ્યારૂપ સર્વઉત્કૃષ્ટ દેશવિરતિના વિશુદ્ધિસ્થાનમાં રહેલા નિર્વિભાગ ભાગોને ગુણતા દસલાખ થાય છે તે દસલાખ એ સર્વવિરતિના વિશુદ્ધિસ્થાનના નિર્વિભાગ ભાગો સર્વજઘન્યરૂપે થાય છે. અને આ સર્વ-જઘન્યચારિત્ર સંબંધિત વિશુદ્ધિસ્થાનમાં નિર્વિભાગ ભાગો એકઠા થયે છતે સર્વજઘન્ય સંયમસ્થાન કહેવાય છે તેના પછીનું બીજું જે સંયમસ્થાન, તે આગળના સંયમસ્થાનથી અનંતભાગ વૃદ્ધિવાળું છે. આનો ભાવ એ છે કે, પહેલા સંયમસ્થાનમાં રહેલા નિર્વિભાગ ભાગોની અપેક્ષાએ બીજા સંયમસ્થાનમાં રહેલા નિર્વિભાગ ભાગો અનંતતમભાગ અધિક થાય છે. તેના પછીનું જે ત્રીજું છે તે તેનાથી અનંતભાગ વૃદ્ધિવાળું છે. એમ આગળ–આગળના સંયમસ્થાનોથી પછી–પછીના સંયમસ્થાનો સતત અનંતભાગવૃદ્ધિવાળા એટલા થાય છે, કે અંગુલમાત્ર ક્ષેત્રના અસંખ્યાતમાભાગમાં રહેલા પ્રદેશોની સંખ્યા પ્રમાણ થાય છે.

આ બધા સંયમસ્થાનો મળીને એક કંડક થાય. અંગુલ પ્રમાણ ક્ષેત્રના અસંખ્યાતમ ભાગે રહેલા પ્રદેશોના પ્રમાણ રૂપ સંખ્યાને સિદ્ધાંતની વ્યાખ્યા પ્રમાણે એક કંડક કહેવાય છે. કહ્યું છે, કે

" कण्डति एत्थ भन्नइ अंगुल भागो असंखेज्जा " । તેથી તે કંડકના પછી રહેલ બાજુનું બીજું જે સંયમસ્થાન છે તે આગળના સંયમસ્થાનથી અસંખ્યાતભાગ અધિક છે.

આનો ભાવ આ પ્રમાણે છે–પાછળના કંડકના છેલ્લા સંયમસ્થાનમાં રહેલા જે નિર્વિભાગ ભાગો છે, તેની અપેક્ષાએ કંડક પછીના સંયમસ્થાનમાં રહેલા નિર્વિભાગ ભાગરૂપ પ્રદેશો અસંખ્યાતમા ભાગ અધિક મળે છે. તેના પછી જે અંગુલ માત્ર ક્ષેત્રનાં અસંખ્યાતમા ભાગમાં રહેલા પ્રદેશ સમૂહની સંખ્યા પ્રમાણ જે સંયમસ્થાનો છે, તે અનુક્રમે અનંતભાગવૃદ્ધિવાળા જાણવા. આ બધા સંયમસ્થાનો મળીને બીજું કંડક થાય છે. તે બીજા કંડક પછી જે બીજું સંયમસ્થાન છે, તે પણ બીજા કંડકના છેલ્લા સંયમસ્થાનમાં રહેલા નિર્વિભાગ ભાગોની અપેક્ષાએ અસંખ્યાતભાગવૃદ્ધિવાળું છે. તે પછીના રહેલા ઘણાયે સંયમસ્થાનો જે કંડક પ્રમાણના થાય, ત્યાં સુધીના બધાયે અનુક્રમે અનંતભાગ અનંતભાગવૃદ્ધિવાળા જાણવા. તે પછી એક સંયમસ્થાન અસંખ્યાતભાગવૃદ્ધિવાળું છે. એ પ્રમાણે અનંતભાગ અધિકવાળા કંડક પ્રમાણ સંયમસ્થાનોથી અસંખ્યાતભાગ અધિક સંયમસ્થાનો ત્યાં સુધી કહેવા કે, તે પણ એક કંડક જેટલા થાય. છેલ્લા અસંખ્યભાગ અધિકસંયમસ્થાનની પછી રહેલા કંડક પ્રમાણ સંયમસ્થાનોને અનુક્રમે અનંતભાગ અધિક કહેવા. તે પછી એક સંખ્યાતભાગ અધિકસંયમસ્થાન થાય છે. ત્યારબાદ ફરી મૂળથી લઈ જેટલા સંયમસ્થાનો પહેલા પસાર થયા હતા તેટલા ફરીવાર તે જ ક્રમપૂર્વક કહીને ફરી એક સંખ્યાતભાગ અધિકસંયમસ્થાન કહેવું આ બીજું સંખ્યાતભાગ અધિકસ્થાન જાણવું.

ત્યાર પછી આ જ ક્રમપૂર્વક ત્રીજું સંખ્યાતભાગ અધિકસ્થાન કહેવું. આ પ્રમાણે સંખ્યાતભાગ અધિકસંયમસ્થાનો જ્યાં સુધી કંડક પ્રમાણ ન થાય, ત્યાં સુધી કહેવા. ત્યારપછી કહેલા ક્રમપૂર્વક સંખ્યાતભાગ અધિક ઘણાયે સ્થાનના પ્રસંગે સંખ્યાત ગુણાધિક એક સ્થાન કહેવું. ત્યારપછી આ જ ક્રમપૂર્વક ત્રીજું સંખ્યાતભાગ અધિકસ્થાન મૂળથી આરંભીને કહેવું આ પ્રમાણે સંખ્યાતભાગ અધિકસંયમસ્થાનો જ્યાં સુધી કંડક પ્રમાણ ન થાય, ત્યાં સુધી કહેવા. ત્યાર પછી કહેલા ક્રમપૂર્વક સંખ્યાતભાગ અધિક ઘણાયે સ્થાનના પ્રસંગે સંખ્યાત ગુણાધિક એક સ્થાન કહેવું. ત્યારપછી ફરી પહેલેથી લઈ જેટલા સંયમસ્થાનો આગળ પસાર થઈ ગયા છે, તેટલા જ ફરીવાર પણ કહેવા. તે પછી ફરી એક સંખ્યાતગુણ અધિકસ્થાન કહેવું, ત્યાર પછી ફરીવાર પહેલેથી લઈ એટલા જ સંયમસ્થાનો ઉપર પ્રમાણે કહેવા.

તે પછી ફરી એક સંખ્યાત ગુણાધિકસ્થાન કહેવું, આ પ્રમાણે સંખ્યા ગુણાધિક આ સ્થાનો કંડક પ્રમાણ થાય ત્યાં સુધી કહેવા. તે પછી આ જ ક્રમ મુજબ ફરી સંખ્યાતગુણાધિકસ્થાનના પ્રસંગ અસંખ્યાતગુણાધિકનું સ્થાન કહેવું. તે પછી ફરીવાર મૂળથી લઈ જેટલા સંયમસ્થાનો પહેલા ઓળંગી ગયા હતા પસાર કર્યા હતા, એટલા એ પ્રમાણે ફરીવાર પણ કહેવા. તે પછીફરી એક અસંખ્યાતગુણાધિક સંયમસ્થાન કહેવા.

તે પછી ફરીવાર મૂળથી લઈ એટલા જ સંયમસ્થાનો ઉપર પ્રમાણે કહેવા. તે પછી ફરી એક અસંખ્યાતગુણાધિકસ્થાન કહેવા. એ પ્રમાણે આ અસંખ્યાતગુણાધિક સંયમસ્થાનો ત્યાં સુધી કહેવા, જ્યાં સુધી કંડક પ્રમાણ ન થાય.

તે પછી આગળની પરિપાટી મુજબ ફરીવાર પણ અસંખ્યાતગુણાધિક સંયમસ્થાન કહેવું. તે પછી ફરીવાર મૂળથી લઇ જેટલા સંયમસ્થાનો આગળ કહ્યા હતા, તેટલા તે પ્રમાણે કહેવા. તે પછી ફરી એક અનંતગુણાધિકસ્થાન. તે પછી ફરી મૂળથી લઈ તેટલા સ્થાનો–એ પ્રમાણે કહેવા. તે પછી ફરી એક અનંતગુણાધિકસ્થાન કહેવું, એ પ્રમાણે અનંતગુણાધિક સંયમસ્થાનો એક કંડક પ્રમાણ થાય ત્યાં સુધી કહેવા. તે પછી ફરીવાર પણ એના ઉપર પાંચની વૃદ્ધિરૂપ સંયમસ્થાનો મૂળથી લઇને–એ પ્રમાણે જ કહેવા. જે ફરીવાર અનંતગુણવૃદ્ધિરૂપસ્થાનને પ્રાપ્ત ન કરે કારણ કે, ષટ્સ્થાનક સમાપ્ત થયેલ છે. આવા પ્રકારના અસંખ્યાત કંડકો મળવાથી એક ષટ્સ્થાનક થાય છે.

આ ષટ્સ્થાનકથી આગળ ઉપર કહ્યા મુજબ બીજું ષટ્સ્થાનક થાય છે અને એ પ્રમાણે ત્રીજું પણ થાય છે. એ પ્રમાણે ષટ્સ્થાનકો અસંખ્યાત લોકાકાશનાં પ્રદેશ જેટલા થાય, ત્યાં સુધી કહેવા. કહ્યું છે કે,

ષટ્સ્થાનક પૂરું થાય એટલે બીજું ષટ્સ્થાનક, તે પછી બીજું એમ અસંખ્યાત લોકાકાશ જેટલા ષટ્સ્થાનકો જાણવા.

આ ષટ્સ્થાનકમાં કેવા પ્રકારનો અનંતમોભાગ, અસંખ્યાતભાગ કે સંખ્યાતભાગ લેવાય છે, તે અથવા કેવા પ્રકારે સંખ્યાતગુણ, અસંખ્યાતગુણ કે અનંતગુણ લેવાય છે, તે જણાવે છે.

જે અપેક્ષાએ અનંતગુણવૃદ્ધિ છે. તેને સર્વજીવ સંખ્યા પ્રમાણ સંખ્યાવડે ભાગાકાર કરવો. ભાગાકાર કરતાં જે આવે, તે અનંતભાગ કહેવાય છે. તે અનંતભાગ અધિક આગળનું સંયમસ્થાન. આનો ભાવાર્થ આ પ્રમાણે છે. પહેલા સંયમસ્થાનના જે નિર્વિભાગ ભાગો છે. તેને સર્વજીવસંખ્યા પ્રમાણ સંખ્યાવડે ભાંગતા જે સંખ્યા આવે તેટલી સંખ્યા પ્રમાણ નિર્વિભાગ ભાગો બીજા સંયમસ્થાનમાં નિર્વિભાગ ભાગો વધુ હોય છે.

બીજા સંયમસ્થાનના જે નિર્વિભાગ ભાગો છે, તેને સર્વજીવસંખ્યા પ્રમાણ સંખ્યાવડે ગુણતાં જે સંખ્યા આવે તેટલા પ્રમાણ નિર્વિભાગ ભાગો અધિક ત્રીજા સંયમ સ્થાનમાં નિર્વિભાગ ભાગો હોય છે. એ પ્રમાણે જે–જે સંયમસ્થાન અનંતભાગવૃદ્ધિવાળા આવે છે તે–તે પાછળના સંયમસ્થાનને સર્વજીવસંખ્યા પ્રમાણ સંખ્યાવડે ગુણતા જે સંખ્યા આવે તેટલા પ્રમાણ અનંતભાગ અધિક જાણવા.

અસંખ્યાતભાગ અધિક આ પ્રમાણે છે. પાછળના સંયમ સ્થાનના જે નિર્વિભાગ ભાગો છે, તેને અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ સંખ્યાવડે ભાંગતા જે સંખ્યા આવે, તે અસંખ્યાતભાગ છે. તેથી તે અસંખ્યાતભાગ અધિક અસંખ્યાતભાગ અધિકસ્થાનો

જાણવા. સંખ્યાતાભાગ અધિક આ પ્રમાણે છે. પાછળ-પાછળના સંયમસ્થાનને ઉત્કૃષ્ટ સંખ્યાતવડે ભાગતા જે-જે સંખ્યા આવે તે સંખ્યાતમોભાગ જાણવો. તેથી તે સંખ્યાત-ભાગ અધિક સ્થાનો જાણવા.

સંખ્યાતગુણવૃદ્ધિ આ પ્રમાણે છે. પાછળ-પાછળના સંયમસ્થાનમાં જે-જે નિર્વિ-ભાગ ભાગો છે, તેને ઉત્કૃષ્ટ સંખ્યાતરૂપ સંખ્યાવડે ગુણવી. ગુણતા જેટલી-જેટલી સંખ્યા આવે તેટલા પ્રમાણ સંખ્યાતગુણ અધિકસ્થાનો જાણવા. એ પ્રમાણે અસંખ્યાતગુણવૃદ્ધિ અને અનંતગુણવૃદ્ધિ વિચારવી, પરંતુ અસંખ્યાત ગુણવૃદ્ધિ પાછળ-પાછળના સંયમસ્થાનમાં નિર્વિભાગ ભાગો અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ અસંખ્યાતવડે ગુણવા અને અનંત-ગુણવૃદ્ધિમાં સર્વજીવ પ્રમાણ અનંતવડે ગુણવી.

આ ષટ્સ્થાનક વિચાર સ્થાપના વગર મંદબુદ્ધિવાળાઓ જાણી ન શકે, માટે તે સ્થાપના કર્મપ્રકૃતિના પટમાંથી જાણવી. અહીં ગ્રંથ વિસ્તારના ભયથી બતાવતા નથી. સ્થાન શૂન્ય ન રહે માટે ફક્ત કંઈક સ્થાપના પ્રકારને જણાવીએ છીએ, તે આ પ્રમાણે.

પહેલા આડી લાઇનમાં ચાર બિંદુઓની સ્થાપના કરવી, અને તેને કંડક એવું નામ આપવું. આ બધાયની એકબીજાથી અનંતભાગવૃદ્ધિપૂર્વક વૃદ્ધિ જાણવી. તે પછી તેનાથી આગળ અસંખ્યાતભાગવૃદ્ધિની સંજ્ઞારૂપે એકડાની સ્થાપના કરવી. તે પછી ફરીવાર પણ ચાર બિંદુઓ લખવા. તે પછી એકડો લખવો વિગેરે ત્યાંસુધી લખવા જ્યાંસુધી વીસ બિંદુઓ અને ચાર એકડા ન થાય.

ત્યારબાદ સંખ્યાત ભાગ વૃદ્ધિનો બગડો સ્થાપવો. તે પછી ફરીવાર વીસબિંદુઓ અને ચાર એકડા લખવા. તે પછી બીજો બગડો લખવો. એ પ્રમાણે વીસ-વીસ બિંદુઓના આંતરામાં ચાર-ચાર એકડા અને તે એકડા પછી ત્રીજો અને ચોથો બગડો લખવો. તે પછી ફરીવાર ચોથા બગડાની આગળ વીસબિંદુઓ અને ચાર એકડા લખવા. એ પ્રમાણે સો બિંદુઓ વીસ એકડા અને ચાર બગડા થાય છે.

અહીં ચાર બિંદુની આગળ સંખ્યાતગુણવૃદ્ધિની સંજ્ઞારૂપે પહેલા ત્રગડો લખવો. તે પછી ફરીવાર સો બિંદુઓ, વીસ એકડા અને ચાર બગડા પછી બીજો ત્રગડો લખવો. એ પ્રમાણે સો બિંદુઓ, વીસ એકડાઓ અને ચાર બગડા થયા પછી ત્રીજો-ચોથો ત્રગડો સ્થાપવો. તે પછી ચાર ત્રગડાની આગળ સો બિંદુઓ, વીસ એકડા અને ચાર બગડા લખવા; તેથી પાંચસો બિંદુઓ, સો એકડા, વીસ બગડા અને ચાર ત્રગડા થાય છે. અહીં આગળ ચાર બિંદુની આગળ અસંખ્યાતગુણ વૃદ્ધિની સંજ્ઞારૂપે પહેલો ચોગડો લખવો. તે પછી ફરી પાંચસો બિંદુઓ, સો એકડા, વીસ બગડા અને ચાર ત્રગડા

આગળની જેમ લખવા. તે પછી બીજો ચોગડો લખવો. એ પ્રમાણે પાંચસો બિંદુઓ સો એકડાઓ, વીસ બગડાઓ અને ચાર–ચાર ત્રગડા બતાવ્યા પછી ત્રીજો અને ચોથો ચોગડો ક્રમસર લખવા. ત્યારપછી ચોથા ચોગડાની આગળ પાંચમા ચોગડા યોગ્ય દલિકને સ્થાપી અનંતગુણ વૃદ્ધિની સંજ્ઞારૂપે પહેલો પાંચડો લખવો. એ પ્રમાણે આગળ ઉપર કહ્યા ક્રમ મુજબ બીજો, ત્રીજો, ચોથો પાંચડો લખવો. ત્યારપછી ચોથા પાંચડાની આગળ પાંચમા પાંચડાને ઉચિત દલિક લખવા પણ પાંચડો ન લખવો. ત્યારપછી પહેલા–છેલ્લા બિંદુ ચતુષ્ટયવડે પહેલું ષટ્સ્થાન પુરું થાય છે. જ્યારે ફરી પહેલા પછીનું બીજું ષટ્સ્થાનક લખવાની–સ્થાપવાની ઇચ્છા થાય, ત્યારે તેની અપેક્ષાએ પહેલા અલગ ચાર બિંદુઓ લખવા. તે પછી એકડા વિગેરે બધીયે સંખ્યાની બધી વિધિ આગળ કહ્યા ક્રમ પ્રમાણે કરવી. હવે આંકડા અને બિંદુઓની કુલે સંખ્યા કહે છે.

એક ષટ્સ્થાનકમાં ચાર પાંચડા હોય છે ત્યારપછી "પાંચવડે ગુણાકાર કરવો" એ પ્રમાણે કરણાનુસારે ચાર પાંચડાને પાંચવડે ગુણતા વીસ ચોગડા આવે છે. એ વીસ ચોગડાને પણ પાંચવડે ગુણતા સો ત્રગડા આવે છે. સો ત્રગડાને પણ પાંચે ગુણતા પાંચસો બગડા આવે છે–થાય છે. તેને પણ પાંચે ગુણતા પચીસસો (૨૫૦૦) એકડા થાય છે. તે પચીસસો એકડાને પણ પાંચે ગુણતા સાડા બાર હજાર બિંદુઓ થાય છે. આ પ્રમાણે એક ષટ્સ્થાનકમાં સર્વ સંખ્યા થાય છે. એ પ્રમાણે બાકીના ષટ્સ્થાનકોમાં પણ વિચારી લેવું. (૧૪૧૮)

# ૨૬૧. જેમનું અપહરણ ન થાય એવી વ્યક્તિ

**समणी १ मवगयवेयं २ परिहार ३ पुलाय ४ मप्पमत्तं ५ च ।**
**चउदसपुव्विं ६ आहारगं च ७ न य कोइ संहरइ ॥१४१९॥**

શ્રમણી એટલે સાધ્વી જે સંપૂર્ણ બ્રહ્મચર્યના શરણવાળી હોય તે, અપગતવેદ એટલે જેમણે વેદનો સંપૂર્ણ ક્ષય કર્યો છે એવા જીવો–એટલે કેવળી જીવો, પરિહાર વિશુદ્ધિ ચારિત્ર તપ સ્વીકારેલ મુનિઓ, અપ્રમત્તસંયત, ચૌદપૂર્વધર, આહારક શરીરવાળા મુનિઓ–આ બધા જીવોનું વિદ્યાધર દેવ વિગેરે કોઈપણ દુશ્મનાવટથી દયાથી કે પ્રેમથી એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવારૂપ અપહરણ ન કરી શકે.. અહીં ચૌદપૂર્વી અને આહારકલબ્ધિવાળા બે જુદા લીધા છે. કારણ કે બધાયે ચૌદપૂર્વીઓ આહારકલબ્ધિવાળા નથી, પણ કોઈક જ હોય છે, તે જણાવવા માટે. (૧૪૧૯)

## ૨૬૨. અંતર્દ્વીપ

चुल्लहिमवंतपुव्वावरेण विदिसासु सायरं तिसए ।
गंतूणंतरदीवा तिन्नि सए हुंति विच्छिन्ना ॥१४२०॥
अउणावन्ननवसए किंचूणे परिहि तेसिमे नामा ।
एगोरूअ १ आभासिय २ वेसाणी चेव ३ नंगूली ४ ॥१४२१॥

**ક્ષુલ્લ-લઘુહિમવંત પર્વતની પૂર્વ-પશ્ચિમ તરફ વિદિશામાં લવણ-સમુદ્રમાં ત્રણસો યોજન ગયા પછી અંતર્દ્વીપ આવે છે. જે ત્રણસો યોજન વિસ્તારવાળા છે. કંઇક ન્યુન નવસો ઓગણપચાસ (૯૪૯) યોજન પરિધિવાળા છે. એમના ૧. એકોરુક, ૨. આભાસિક, ૩. વૈષાણિક, ૪. નાંગૂલી નામો છે.**

આ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્ર અને હિમવંતક્ષેત્રની સીમા કરનારો, પૂર્વ-પશ્ચિમમાં લવણસમુદ્રના પાણીને અડીને રહેલો તથા મહાહિમવંતપર્વતની અપેક્ષાએ નાનો હોવાથી ક્ષુલ્લક એટલે લઘુહિમવંત નામનો પર્વત છે. તે પર્વતની લવણસમુદ્રના પાણીને સ્પર્શથી લઈ પૂર્વ-પશ્ચિમ બંને દિશામાં બબ્બે હાથીના દાંતના આકારે બે દાઢાઓ નીકળે છે. તેમાં ઈશાન ખૂણામાં જે દાઢા નીકળી છે, તેના પર હિમવંતપર્વતના છેડાથી લઈ ત્રણસો યોજન લવણસમુદ્રમાં જઈએ ત્યારે ત્યાં ત્રણસો યોજન લાંબો-પહોળો અને કંઇક ન્યૂન નવસો ઓગણપચાસ યોજનની પરિધિવાળો એકોરુક નામનો દ્વીપ છે. આ દ્વીપને બધી બાજુએથી પાંચસો ધનુષ પ્રમાણ વિષ્કંભવાળી, બે ગાઉ ઊંચી પદ્મવરવેદિકા અને વનખંડ વીંટળાયેલા છે. એ પ્રમાણે બધાયે અંતરદ્વીપો પદ્મવરવેદિકા અને વનખંડથી વીંટળાયેલા જાણવા.

એ પ્રમાણે તેજ હિમવંત પર્વતના છેડાથી દક્ષિણ-પૂર્વ એટલે અગ્નિખૂણામાં ત્રણસો યોજન લવણસમુદ્રમાં જઈએ ત્યારે બીજી દાઢા ઉપર એકોરુક દ્વીપના પ્રમાણ-વાળો આભાસિક નામનો દ્વીપ છે. તથા તેજ હિમવંતપર્વતની પશ્ચિમદિશામાં પર્વતના છેડાથી લઈ દક્ષિણ-પશ્ચિમ એટલે નૈઋત્ય ખૂણામાં ત્રણસો યોજન લવણસમુદ્રમાં જઇએ ત્યારે ત્રીજી દાઢા ઉપર ઉપરોક્ત પ્રમાણવાળો વૈષાણિક નામનો દ્વીપ છે. તથા તે જ હિમવંતપર્વતની પશ્ચિમદિશામાં પર્વતના અંતભાગથી લઈ પશ્ચિમ-ઉત્તર એટલે વાયવ્ય દિશામાં ત્રણસો યોજન લવણસમુદ્રમાં જઈએ, ત્યારે ચોથી દાઢા ઉપર કહેલ પ્રમાણવાળો નાંગોલિક નામનો દ્વીપ છે. એ પ્રમાણે આ હિમવંતપર્વતની ચારે ખૂણા-વિદિશામાં એક સરખા પ્રમાણવાળા ચાર અંતરદ્વીપ એટલે લવણસમુદ્રમાં રહેલા દ્વીપ હોવાથી અંતરદ્વીપ કહેવાય છે. (૧૪૨૦-૧૪૨૧)

एएसिं दीवाणं परओ चत्तारि जोयणसयाणि ।
ओगाहिऊण लवणं सपडिदिसिं चउसय पमाणा ॥१४२२॥
चत्तारंतर दीवा हय ५ गय ६ गोकन्न ७ संकुलीकन्ना ८ ।
एवं पंच सयाइं छस्सय सत्तट्ठ नव चेव ॥१४२३॥
ओगाहिऊण लवणं विक्खंभोगाहसरिसया भणिया ।
चउरो चउरो दीवा इमेहिं नामेहिं नायव्वा ॥१४२४॥
आयंसमिंढगमुहा अयोमुहा गोमुहा य चउरोए १२ ।
अस्समुहा हत्थिमुहा सीहमुहा चेव वग्घमुहा १६ ॥१४२५॥
तत्तोय आसकन्ना हरिकन्न अकन्न कन्नपावरणा २० ।
उक्कमुहा मेहमुहा विज्जुमुहा विज्जुदंता य २४ ॥१४२६॥
घणदंत लट्ठदंता य गूढदंता य सुद्धदंता य २८ ।
वासहरे सिहरिमि य एवं चिय अट्ठवीसावि ॥१४२७॥
तिन्नेव हुंति आई एगुत्तर वड्ढिया नवसयाओ ।
ओगाहिऊणं लवणं तावइयं चेव विच्छिन्ना ॥१४२८॥

આ દ્વીપોથી આગળ પોત-પોતાની દિશામાં ચારસો યોજન લવણ-સમુદ્રમાં ગયા પછી ચારસો યોજન પ્રમાણ વિસ્તારના ૧. હયકર્ણ, ૨. ગજકર્ણ, ૩. ગોકર્ણ, ૪. શષ્કુલીકર્ણ-નામના ચાર અંતરદ્વીપો છે. એ પ્રમાણે પાંચસો, છસો, સાતસો, આઠસો અને નવસો યોજન લવણસમુદ્રમાં અવગાહતા લંબાઇ-પહોળાઇમાં સરખા પ્રમાણવાળા ચાર-ચાર દ્વીપો આ નામોના જાણવા. ૨. આદર્શમુખ, મેંઢકમુખ, અધોમુખ, ગોમુખ, ૩. અશ્વમુખ, હસ્તિમુખ, સિંહમુખ, વ્યાઘ્રમુખ, ૪. અશ્વકર્ણ, હરિકર્ણ, અકર્ણ અને કર્ણપ્રાવરણ, ૫. ઉલ્કામુખ, મેઘમુખ, વિદ્યુન્મુખ, વિદ્યુન્દંત ૬. ઘનદંત, લષ્ટદંત, ગૂઢદંત અને શુદ્ધદંત.

શિખરિ વર્ષધરપર્વત પર પણ આ પ્રમાણે જ અટ્ઠાવીસ દ્વીપો જાણવા. ત્રણસોથી શરૂઆત કરી એક એકસો વધતા-વધતા નવસો યોજન સુધી લવણસમુદ્રમાં ઓળંગતા તેટલા જ વિસ્તારવાળા દ્વીપો આવે છે.

ત્યારપછી આ એકોરુક વિગેરે ચારે દ્વીપોની પછી આગળ ઇશાન વિગેરે ચારે વિદિશાઓમાં ચારસો-ચારસો યોજન લવણસમુદ્રમાં જતા ચારસો યોજન લાંબા પહોળા જંબૂદ્વીપની વેદિકાથી ચારસો યોજન પ્રમાણના આંતરે હયકર્ણ, ગજકર્ણ, ગોકર્ણ,

શષ્કુલીકર્ણ નામના ચાર અંતરદ્વીપો છે. તે આ પ્રમાણે: એકોરુકની આગળ હયકર્ણ, આભાસિકની આગળ ગજકર્ણ, વૈષાણિકની આગળ ગોકર્ણ અને નાંગોલિકની આગળ શષ્કુલીકર્ણ. એ પ્રમાણે આગળના દ્વીપોમાં પણ વિચારવું.

ત્યારપછી આ હયકર્ણ વિગેરે ચારે દ્વીપોની આગળ યથાક્રમે ઈશાન વિગેરે દરેક વિદિશાઓમાં પાંચસો પાંચસો યોજન ઓળંગી પાંચસો યોજન લાંબાપહોળા અને જંબૂદ્વીપની વેદિકાથી પાંચસો યોજન પ્રમાણ આંતરે ૧. આદર્શમુખ, ૨. મેણ્ઢમુખ, ૩. અધોમુખ, ૪. ગૌમુખ નામના ચાર દ્વીપો છે. આ આદર્શમુખ વિગેરે ચાર દ્વીપની આગળ ફરી યથાક્રમાનુસારે ઈશાન વિગેરે દરેક વિદિશામાં છસો–છસો યોજન ઓળંગ્યા પછી છસો–છસો યોજન લાંબા, પહોળા અને જંબૂદ્વીપની વેદિકાથી છસો યોજન પ્રમાણના આંતરે ૧. અશ્વમુખ, ૨. હસ્તિમુખ, ૩. સિંહમુખ અને ૪. વ્યાઘ્રમુખ નામના ચાર દ્વીપો છે.

આ અશ્વમુખ વિગેરે ચારે દ્વીપોની આગળ ફરી ઈશાન વિગેરે દરેક વિદિશામાં યથાક્રમે સાતસો યોજન ગયા પછી સાતસો યોજન લાંબા-પહોળા વિસ્તારવાળા અને જંબૂદ્વીપની વેદિકાથી સાતસો યોજન પ્રમાણના આંતરે ૧. અશ્વકર્ણ, ૨. હરિકર્ણ, ૩. અકર્ણ, ૪. કર્ણપ્રાવરણ નામના ચાર દ્વીપો છે.

આ અશ્વકર્ણ વિગેરે ચારે દ્વીપોની આગળ યથાક્રમે ઈશાન વિગેરે દરેક ખૂણામાં આઠસો–આઠસો યોજન ઓળંગ્યા પછી આઠસો યોજન લાંબાપહોળા વિસ્તારવાળા અને જંબૂદ્વીપની વેદિકાથી આઠસો યોજન પ્રમાણના આંતરે ૧. ઉલ્કામુખ, ૨. મેઘમુખ, ૩. વિદ્યુન્મુખ, અને ૪. વિદ્યુદ્દંત નામના ચાર દ્વીપો છે.

ત્યારબાદ આ ઉલ્કામુખ વિગેરે ચારે દ્વીપોથી આગળ યથાક્રમે ઈશાન વિગેરે ચારે વિદિશાઓમાં દરેક ઉપર નવસો–નવસો યોજન લાંબા–પહોળા વિસ્તારવાળા અને જંબૂદ્વીપની વેદિકાથી નવસો યોજન પ્રમાણના આંતરે ૧. ઘનદંત, ૨. લષ્ટદંત, ૩. ગૂઢદંત, ૪. શુદ્ધદંત નામના ચાર દ્વીપો છે.

આ પ્રમાણે હિમવંત પર્વતની ચારે વિદિશાઓમાં બધા મળી અઠ્ઠાવીસ દ્વીપો છે. એ પ્રમાણે શિખરિ–વર્ષધર પર્વતના પણ લવણ-સમુદ્રના પાણીને સ્પર્શથી લઈ ઉપરોક્ત પ્રમાણ અને અંતરવાળા ચારે વિદિશાઓમાં એકોરુક વિગેરે નામના અઠ્ઠાવીસ દ્વીપો કહેવા. આથી બધા મળી છપ્પન (૫૬) અંતરદ્વીપો થાય છે. (૧૪૨૨ થી ૧૪૨૮)

**હવે આ દ્વીપ પર રહેલા મનુષ્યોનું સ્વરૂપ કહે છે.**

**संति इमेसु नरा वज्जरिसहनाराय संहणण जुत्ता ।**
**समचउरंसग संठाण संठिया देव समरुवा ॥१४२९॥**
**अट्ठधणुस्सयदेहा किंचूणाओ नराण इत्थीओ ।**
**पलिय असंखिज्जइ भाग आउया लक्खणो वैया ॥१४३०॥**

## લવણ સમુદ્રમાં ૫૬ અન્તર્દ્વીપનો દેખાવ



दसविह कप्पदुमपत्तत्रंछिया तह न तेसु दीवेसु ।
ससि सूर गहण मक्कूण जूया मसगाइया हुंति ॥१४३१॥

**આ દ્વીપો પર રહેલા પુરુષો વજ્રઋષભનારાચસંઘયણ યુક્ત, સમચતુરસ્ર સંસ્થાનવાળા-સંસ્થિત અને દેવ જેવા રૂપવાળા પુરુષો આઠસો ધનુષ ઊંચા, સ્ત્રીઓ પુરુષથી કંઇક ન્યુન ઊંચી અને પલ્યોપમના અસંખ્યાત ભાગના આયુવાળા, સમગ્ર શુભલક્ષણ યુક્ત, સ્ત્રીપુરુષ યુગલરૂપે રહેલા, તથા દસ પ્રકારના કલ્પવૃક્ષો પાસેથી ઇચ્છિત વસ્તુ મેળવનારા મનુષ્યો હોય છે. તથા એ દ્વીપો પર ચંદ્ર, સૂર્યનું ગ્રહણ, માંકડ, જુ, મશક એટલે મશી વિગેરે હોતા નથી.**

આ બધાયે અંતરદ્વીપોમાં હંમેશા મનુષ્યો વસે છે. તેઓ વજ્રઋષભનારાચસંઘયણવાળા, સમચતુરસ્ર સંસ્થાનવાળા, દેવલોકના દેવો જેવા રૂપ લાવણ્ય આકારવડે શોભતા શરીરવાળા, આઠસો ધનુષ પ્રમાણ શરીરની ઊંચાઈવાળા, સ્ત્રીઓને કંઇક ન્યૂન આ ઊંચાઈ જાણવી તથા પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ આયુષ્યવાળા બધી જાતના શુભલક્ષણો જેવા કે તિલક, મષા વિગેરેથી યુક્ત, સ્ત્રી-પુરુષના યુગલમાં રહેનારા, દસ પ્રકારના કલ્પવૃક્ષો પાસેથી ઇચ્છિત ભોગ સામગ્રી મેળવનારા, સ્વાભાવિકપણે જ અલ્પ ક્રોધ, માન, માયા, લોભવાળા, સંતોષી, ઉત્સુકતા વગરના, મૃદુતા-નમ્રતા અને સરળતા યુક્ત મમત્વના કારણરૂપ મનોહરમણિ, સોનું, મોતી વિગેરે હોવા છતાં પણ એ પદાર્થના મમત્વ કે આગ્રહ વગરના, બિલકુલ વૈરાનુબંધ વગરના, પરસ્પર સ્વામી-સેવકભાવ વગરના હોવાથી અહમિન્દ્ર ભાવવાળા, હાથી, ઘોડા, ઊંટ, ગાય, બળદ, ભેંસ વિગેરે હોવા છતાં પણ તેના વપરાશથી પરાંઙમુખ-વપરાશ ન કરનારા, પગે ચાલનારા, તાવ વિગેરે રોગો અને ભૂત-પ્રેત-પિશાચ-ગ્રહ વિગેરેના દુઃખોથી રહિત, ચતુર્થભક્ત એટલે એક દિવસના આંતરે-આંતરે દિવસે આહાર લેનારા. શાલિ ( ડાંગર ) વિગેરે અનાજ હોવા છતાં પણ તેનો બનેલ આહાર નથી કરતાં પરંતુ સાકરથી પણ અનંતગુણી મીઠી માટી અને ચક્રવર્તીના ભોજનથી પણ અધિક મીઠા કલ્પવૃક્ષના ફળોનો આહાર કરે છે. ૬૪ પાંસળીવાળા, છ મહિના આયુષ્ય બાકી રહે ત્યારે સ્ત્રીપુરુષરૂપ એક યુગલને જન્મ આપે છે અને ઓગણ્યાસી ( ૭૯ ) દિવસ તેનું પાલન કરે છે. અલ્પસ્નેહ અને અલ્પકષાયવાળા હોવાથી મરીને દેવલોકમાં જાય છે. તેમના મરણ ફક્ત ખાંસી, બગાસુ, છીંક વિગેરેથી જ થાય છે, પણ શરીર પીડા દ્વારા થતું નથી. તથા તે દ્વીપો પર અનિષ્ટતાના સૂચક એવા સૂર્ય-ચંદ્ર ગ્રહણ શરીરને ઉપદ્રવ કરનારા માંકડ, જૂ, મશી, માખી વિગેરે હોતા નથી. જે સાપ, વાઘ, સિંહ વિગેરે હોય છે, તે પણ મનુષ્યોને ઉપદ્રવ કરી શકતા નથી. અને પરસ્પર પણ હિંસ્ય-હિંસકભાવે વર્તતા નથી કારણ કે ક્ષેત્રપ્રભાવથી રૌદ્રભાવ

વગરના છે. આથી તેઓ પણ મરીને દેવલોકમાં જ જાય છે. ત્યાંની જમીન પણ ધૂળ, કાંટા, કાદવ વિગેરેથી રહિત અને બધા દોષોથી રહિત, બધી જગ્યા સમતલ અને રમણીય-સુંદર હોય છે. અહીં આગળ જે ગાથા સિવાયનું કહ્યું છે, તે બધું ઉપલક્ષણથી જાણવું. (૧૪૨૯-૧૪૩૦-૧૪૩૧)

## ૨૬૩. "જીવ-અજીવનું અલ્પબહુત્વ"

नर १ नेरईया २ देवा ३ सिद्धा ४ तिरिया ५ कमेण ईह हुंति ।
थोव १ असंख २ असंखा ३ अणंतगुणिया ४ अनंतगुणा ५ ॥१४३२॥

મનુષ્યો થોડા, તેનાથી નારકો અસંખ્યગુણા, તેનાથી દેવો અસંખ્યગુણા, તેનાથી સિદ્ધો અનંતગુણા, તેનાથી તિર્યંચો અનંતગુણા હોય છે.

સહુથી થોડા મનુષ્ય છે. કારણકે સંખ્યાતા ક્રોડાક્રોડ પ્રમાણ રૂપે છે. એકડાને છન્નુવાર ઠાણા બમણા કરવાથી જે રાશિ આવે તેટલા મનુષ્ય છે. એમનાથી નારકો અસંખ્યાત ગુણા છે. કારણકે અંગુલ પ્રમાણ ક્ષેત્રમાં રહેલ પ્રદેશ સંખ્યાના પ્રથમ વર્ગમૂળને ત્રીજા વર્ગમૂળ સાથે ગુણતા જેટલી પ્રદેશ સંખ્યા આવે, તેટલા પ્રમાણ ઘન કરેલ લોકની એક પ્રદેશવાળી શ્રેણીમાં જેટલા આકાશ પ્રદેશો હોય, તેટલા પ્રમાણ નારકીના જીવો છે, નારકો છે. તે નારકોથી દેવો અસંખ્યાત ગુણા છે. વ્યંતરો અને જ્યોતિષીઓ એ બંને અલગ-અલગ પ્રતરના અસંખ્યાતમાં ભાગે રહેલ શ્રેણીમાના આકાશપ્રદેશના સમૂહ જેટલા છે. એનાથી સિદ્ધો અનંતગુણા છે કારણ કે કાળ અનંત છે અને છ મહિનામાં અવશ્ય કોઈપણ મોક્ષમાં જાય છે અને ત્યાં ગયેલા ફરી ત્યાંથી કોઈ પાછા આવતા નથી.

એમનાથી પણ તિર્યંચો અનંતગુણા છે. કારણકે અનંતકાળે પણ એક નિગોદના અનંતમા ભાગે રહેલ જીવ સમૂહ જ મોક્ષે જશે-ગયેલ છે અને તિર્યંચગતિમાં તો અસંખ્યાત નિગોદો છે અને દરેક નિગોદમાં સિદ્ધોથી અનંતગુણ જીવ રાશિ છે. (૧૪૩૨)

નારક, તિર્યંચ, મનુષ્ય, દેવ સિદ્ધરૂપ પાંચ જીવોનું અલ્પબહુત્વ કહ્યું. હવે નારકો, તિર્યંચો, તિર્યંચિણી મનુષ્યો, મનુષ્ય સ્ત્રીઓ, દેવ-દેવી અને સિદ્ધરૂપ આઠ જીવોનું અલ્પબહુત્વ કહે છે.

नारी १ नर २ नेरइया ३ तिरिच्छि ४ सुर ५ देवि ६ सिद्ध ७ तिरिया ८ य ।
थोव असंखगुणा चउ संखगुणाऽणंतगुण दोन्नी ॥१४३३॥

નારીઓ સહુથી થોડી, તેનાથી મનુષ્યો અસંખ્યગુણા, તેનાથી નારકો અસંખ્યગુણા, તેનાથી તિર્યંચ સ્ત્રીઓ અસંખ્યગુણી, તેનાથી

**દેવો અસંખ્યગુણા, તેનાથી દેવી અસંખ્યગુણી, તેનાથી સિદ્ધો અનંતગુણા અને તેનાથી તિર્યંચો અનંતગુણા છે.**

મનુષ્ય સ્ત્રીઓ સંખ્યાતા કોડા-કોડી પ્રમાણવાળી હોવાથી સહુથી થોડી છે. તેનાથી મનુષ્યો અસંખ્યગુણા છે. કારણકે અહીં મનુષ્યથી સંમૂર્ચ્છિમ મનુષ્યો પણ વેદની વિવક્ષા કર્યા વગર લેવા. તે સંમૂર્ચ્છિમ મનુષ્યો ઉલટી, નગરની ખાળ વિગેરેમાં ઉત્પન્ન થતા હોવાથી અસંખ્યાત હોય છે. મનુષ્યોથી નારકો અસંખ્યાતગુણા છે. ઉત્કૃષ્ટથી પણ મનુષ્યો શ્રેણીના અસંખ્યાતમા ભાગે રહેલા પ્રદેશોના સમૂહ-રાશિ જેટલા છે. નારકો તો અંગુલ પ્રમાણ ક્ષેત્રના પ્રદેશ રાશિના પહેલા વર્ગમૂળને ત્રીજા વર્ગમૂળ સાથે ગુણતા જેટલી સંખ્યા આવે, તેટલી શ્રેણીમાં રહેલા આકાશપ્રદેશ રાશિ પ્રમાણ છે, માટે મનુષ્યોથી અસંખ્યગુણા છે. એમનાથી તિર્યંચસ્ત્રીઓ અસંખ્યાત ગુણી છે. પ્રતરના અસંખ્યાતમા ભાગે રહેલ સંખ્યાત શ્રેણીમાં રહેલ આકાશપ્રદેશ રાશિપ્રમાણ છે. તેનાથી દેવો અસંખ્યાતગુણા છે. અસંખ્યાત ગુણપ્રતરના અસંખ્યાત ભાગે રહેલ અસંખ્યાત શ્રેણિમાં રહેલ પ્રદેશરાશિ જેટલા છે. તે દેવોથી દેવીઓ બત્રીસ ગુણી હોવાથી દેવીઓ સંખ્યાતગુણી છે. એ દેવીઓથી સિદ્ધો અનંતગુણા અને તેનાથી તિર્યંચો અનંતગુણા છે. એનું કારણ આગળની ગાથામાં કહ્યા મુજબ જાણી લેવું. (૧૪૩૩)

**હવે સામાન્યથી જીવોની કાય વિશેષાનુસારે અલ્પબહુત્વ કહે છે.**

**तस तेउ पुढवि जल वाउकाय अकाय वणस्सइ सकाया ।**
**थोव असंखगुणाहिय तिन्नि दोऽणंत गुण अहिया ॥१४३४॥**

**ત્રસ અલ્પ છે, અગ્નિકાય, પૃથ્વીકાય, અપ્કાય, વાઉકાય, અકાય અસંખ્યગુણ અધિક વનસ્પતિકાય અને સકાય અનંતગુણ અધિક છે.**

સહુથી થોડા ત્રસકાય જીવો છે કારણકે બેઈન્દ્રિય વિગેરે જ ત્રસકાય છે. અને તેઓ બીજી કાયોની અપેક્ષાએ અતિ થોડા છે. તેમનાથી અગ્નિકાય જીવો અસંખ્ય ગુણા છે, કારણકે અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ છે. તેમનાથી પૃથ્વીકાય જીવો વિશેષાધિક છે. ઘણા અસંખ્યાતા લોકાકાશપ્રદેશ પ્રમાણ છે. તેમનાથી અપ્કાય જીવો વિશેષાધિક છે. અતિ ઘણા અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ છે. તેમનાથી વાયુકાય જીવો વિશેષાધિક છે. અતિ-અતિ ઘણા અસંખ્યાતા લોકાકાશ પ્રદેશ પ્રમાણ છે, તેમનાથી અકાય એટલે શરીર-કાય વગરના જીવો અનંતગુણા છે, કારણકે સિદ્ધો અનંત છે. તેમનાથી વનસ્પતિકાયના જીવો અનંત લોકાકાશ પ્રદેશ રાશિ પ્રમાણ હોવાથી અનંત ગુણા છે. તેમનાથી સકાય એટલે શરીરવાળા જીવો વિશેષાધિક છે. કારણકે તેમાં પૃથ્વીકાય વિગેરે સર્વ જીવોનો સમાવેશ થતો હોવાથી. (૧૪૩૪)

**હવે એકેન્દ્રિય વિગેરે જાતિની અપેક્ષાએ જીવોનું અલ્પબહુત્વ.**

**पण चउ ति दु य अणिंदिय ऐगिंदि सइंदिया कमा हुंति ।**
**थोवा तिन्नि य अहिया दोऽणंतगुणा विसेसहिया ॥१४३५॥**

**પંચેન્દ્રિય, ચૌરેન્દ્રિય, તેઇન્દ્રિય, બેઇન્દ્રિય, અનિંદ્રિય, એકેન્દ્રિય અને સઇન્દ્રિય જીવો અનુક્રમે થોડા પછી ત્રણ અધિક, બે અનંતગુણા અને વિશેષાધિક છે.**

બધાથી થોડા પંચેન્દ્રિય જીવો છે. સંખ્યાતા કોડાકોડી યોજન પ્રમાણ વિષ્કંભ સૂચિ પ્રમાણ પ્રતરનાં અસંખ્યાતમા ભાગે અસંખ્ય શ્રેણિમાં રહેલ આકાશપ્રદેશ રાશિ જેટલા છે.

તેમનાથી ચૌરેન્દ્રિયો વિશેષાધિક છે, કારણકે તેમની તે જ વિષ્કંભ સૂચિઓ ઘણા સંખ્યાતા કોડાકોડી યોજન પ્રમાણવાળી છે.

તેમનાથી તેઇન્દ્રિયજીવો વિશેષાધિક છે, કારણકે તેમની તે વિષ્કંભ સૂચિઓ અતિ ઘણા સંખ્યાતા કોડાકોડી યોજન પ્રમાણવાળી છે.

તેમનાથી બેઇન્દ્રિય જીવો વિશેષાધિક છે, કારણકે તેમની તે વિષ્કંભ સૂચિઓ અતિ-અતિ ઘણા સંખ્યાતા કોડાકોડી યોજન પ્રમાણવાળી છે.

તેમનાથી ઇન્દ્રિય વગરના જીવો સિદ્ધો અનંતગુણા છે, કારણકે તેઓ અનંત છે.

તેમનાથી એકેન્દ્રિયો અનંતગુણા છે, કારણકે સિદ્ધોથી વનસ્પતિકાયના જીવો અનંત છે.

તેમનાથી પણ ઇન્દ્રિયવાળા જીવો વિશેષાધિક છે, કારણકે તેમનામાં બેઇન્દ્રિય વિગેરે જીવોનો સમાવેશ થાય છે. (૧૪૩૫)

**હવે જીવ પુદ્ગલ વિગેરેનું અલ્પ બહુત્વકહે છે.**

**जीवा पोग्गल समया दव्व पएसा य पज्जवा चेव ।**
**थोवाणंताणंता विसेसअहिआ दुवेऽणंता ॥१४३६॥**

**જીવો, પુદ્ગલ, સમય, દ્રવ્ય, પ્રદેશ, અને પર્યાય-એ સહુથી થોડા પછી અનંત, અનંત, વિશેષાધિક, અનંતા-અનંતા અનુક્રમે જાણવા.**

કહેવાતી ચાલુ વિષયની અપેક્ષાએ સહુથી થોડા જીવો છે. જીવોથી પુદ્ગલો અનંતગુણા છે. અહીં પરમાણુ દ્વિપ્રદેશિક વિગેરે અલગ-અલગ દ્રવ્યો છે.

તે દ્રવ્યો સામાન્યથી ત્રણ પ્રકારે છે. ૧. પ્રયોગપરિણત, ૨. મિશ્રપરિણત, ૩. વિશ્રસાપરિણત. તેમાં પ્રયોગ પરિણત દ્રવ્યો પણ જીવોથી અનંતગુણા છે. કારણ કે એકેએક જીવ અનંતા જ્ઞાનાવરણ વિગેરે કર્મપુદ્ગલના સ્કંધોવડે વીંટળાયેલા છે. પ્રયોગ

પરિણતથી મિશ્રપરિણત પુદ્ગલો અનંતગુણા છે. તેનાથી પણ વિસ્રસા એટલે સ્વાભાવિક પરિણત અનંતગુણા છે. માટે જીવોથી પુદ્ગલો અનંતગુણા કહ્યા છે, તે બરાબર છે. તે પુદ્ગલોથી કાળના સમયો અનંતગુણા છે, કારણ કે એક જ પરમાણુના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ વિશેષ સંબંધના કારણે અનંતા સમયો થઈ ગયેલા હોય છે. જેમ એક પરમાણુના અનંતા સમયો છે, તેમ બધાયે પરમાણુના, બધાયે દ્વિપ્રદેશી વિગેરે દરેક સ્કંધોના જ અન્ય-અન્ય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના સંબંધથી અનંતા સમયો પસાર થયેલા છે. આથી નક્કી થાય છે કે પુદ્ગલોથી સમયો અનંતગુણા છે.

**પ્રશ્ન :–** તે સમયોથી બધા દ્રવ્યો વિશેષાધિક છે તે શી રીતે ?

**જવાબ :–** અહીં જે ઉપર અદ્ધા એટલે કાળના સમયો કહ્યા છે, તે પુદ્ગલોથી અનંતગુણા છે, અને તે દરેક સમયો દ્રવ્ય જ છે. તેથી દ્રવ્યની વિચારણામાં તે સમયો પણ લેવાય છે. તથા સર્વ દ્રવ્યોમાં બધાયે જીવદ્રવ્યો, બધાયે પુદ્ગલ દ્રવ્યો અને ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય રૂપ દ્રવ્યોનો પણ સમાવેશ કરાય છે. તે બધાયે ભેગા થઈને પણ અદ્ધા સમયના અનંતભાગ જેટલા જ થાય છે, તે ઉમેરવા છતાં પણ કંઈક થોડી જ અધિકતા થાય છે. આથી અદ્ધા સમયોથી સર્વદ્રવ્યો વિશેષાધિક છે. તે સર્વદ્રવ્યોથી સર્વપ્રદેશો અનંતગુણા છે. કારણકે એક અલોકાકાશ દ્રવ્યોના જ સર્વપ્રદેશો, સર્વદ્રવ્યોથી અનંતગુણા છે. તેના સર્વપ્રદેશથી સર્વપર્યાયો અનંતગુણા છે. કારણકે એક-એક આકાશપ્રદેશમાં અનંતા અગુરુલઘુપર્યાયો રહેલા છે. (૧૪૩૬)

## ૨૬૪. "યુગપ્રધાન આચાર્યોની સંખ્યા"

जा दुप्पसहो सूरी होहिंति जुगप्पहाण आयरिया ।
अज्ज सुहम्मप्पभिई चउसहिया दुन्नि य सहस्सा ॥१४३७॥

**આર્ય સુધર્માસ્વામિ વિગેરે બે હજાર ને ચાર યુગપ્રધાન આચાર્યો દુપ્પસહસૂરિ સુધી થશે.**

આ અવસર્પિણીમાં પાંચમા દુઃષમા આરાના અંત સમયે બે હાથ ઊંચા શરીરવાળા, વીસ વર્ષના આયુષ્યવાળા, તપવડે ઘણા કર્મોના ક્ષય કરવા દ્વારા નજીક કર્યું છે મુક્તિરૂપી ઘર-ગૃહ જેમણે, શુદ્ધ અંતરાત્મવાળા, ફક્ત દશવૈકાલિક માત્ર સૂત્રના ધારક હોવા છતાં પણ ચૌદ પૂર્વધરની જેમ ઇન્દ્રવડે પૂજ્ય એવા દુષ્પ્રસભસૂરિ નામના, બધાથી છેલ્લા આચાર્ય થશે. તેથી તેમને આવરી લઈને અહીં જણાવ્યું છે. આરાત્ એટલે સર્વ-હેય એટલે છોડવા યોગ્ય ધર્મોથી જે દૂર રહેલા છે તે આર્ય. તે આર્ય સુધર્માસ્વામિ વિગેરે છે. વિગેરે-પ્રભૃતિપદથી જંબૂસ્વામી, પ્રભવસ્વામી, શય્યંભવસૂરિ વિગેરે આચાર્ય પરંપરા લેવી.

યુગપ્રધાન એટલે તે કાળમાં રહેલ અરિહંત પરમાત્માના આગમોના રહસ્યની જાણકારીપણાથી તથા વિશિષ્ટતર મૂલગુણ-ઉત્તરગુણયુક્ત તે-તે કાળની અપેક્ષાએ ભરત-ક્ષેત્રમાં પ્રધાન એટલે શ્રેષ્ઠ મુખ્ય જે આચાર્યો તે યુગપ્રધાન કહેવાય છે. તે આચાર્ય બે હજાર ને ચાર થશે. બીજા આચાર્યો કહે છે કે ચાર ન્યૂન ઓછા બે હજાર એટલે ઓગણીસસો છન્નુ (૧૯૯૬) થશે. આમાં તત્ત્વ તો સર્વજ્ઞ કેવલિ જાણે. મહાનિશીથ ગ્રંથમાં કહ્યું છે કે,

"આ પ્રમાણે આચાર્યોની પંચાવન લાખ કરોડ, પંચાવન હજાર કરોડ, પંચાવન કરોડ સો એટલી સંખ્યા થશે. ૧. આ સંખ્યા સામાન્ય મુનિપતિ એટલે આચાર્યોની અપેક્ષાએ જાણવી. કારણ કે ત્યાં જ કહ્યું છે કે, "આ સામાન્ય આચાર્યોમાંથી સર્વોત્તમ આચાર્યના ભાંગામાં અનેક ગુણગણથી અલંકૃત તીર્થંકર સમાન ગુરુઓ-આચાર્યો ગણાય છે. (૧૪૩૭)

## ૨૬૫. ઉત્સર્પિણીના અંતિમ જિનના તીર્થનું પ્રમાણ

**ओसप्पिणिअंतिमजिण-तित्थं सिरिरिसहनाणपज्जाया ।**
**संखेज्जा जावइया तावयमाणं धुवं भविही ॥१४३८॥**

અહીં ઋષભદેવ ભગવાનનો કેવળજ્ઞાનનો પર્યાય એક હજાર વર્ષ ન્યૂન એકલાખ પૂર્વ વર્ષ છે. તેથી એ પ્રમાણના સ્વરૂપવાળા જ્ઞાનપર્યાયોની પણ જેટલા પ્રમાણ સંખ્યા થાય, તેટલા પ્રમાણમાં ઉત્સર્પિણીના અંતિમ ચોવીસમા ભદ્રકૃત નામના જિનેશ્વરનું તીર્થ એટલે શાસન હશે. એટલે છેલ્લા જિનેશ્વરનું શાસન સંખ્યાતા લાખપૂર્વ વર્ષ ચાલશે એવો ભાવાર્થ છે. (૧૪૩૮)

## ૨૬૬. દેવોનો પ્રવિચાર

**दो कायप्पवियारा कप्पा फरिसेण दोन्नि दो रूवे ।**
**सद्दे दो चउर मणे नत्थि वियारो उवरि यत्थी ॥१४३९॥**

**પહેલા બે દેવલોકમાં કાયપ્રવિચાર હોય છે. પછી બે દેવલોકમાં સ્પર્શ, પછી બે દેવલોકમાં રૂપદર્શન, પછી બે દેવલોકમાં શબ્દ શ્રવણ પછી ચાર દેવલોકમાં મનોવિચારરૂપ અને તેની ઉપર પ્રવિચાર નથી.**

द्वौकल्पौ એ શબ્દ મર્યાદાવાચી છે. કલ્પ શબ્દવડે ત્યાં રહેલ દેવો જાણવા. તેથી આ પ્રમાણે અર્થ થાય છે.

ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને ઈશાન સુધીના પહેલા બે દેવલોકના દેવો ક્લિષ્ટ પુરુષવેદના ઉદયના પ્રભાવે મનુષ્યની જેમ મૈથુનક્રિયામાં આસક્ત થઈ સર્વાંગીણ કાય ક્લેશજન્ય સ્પર્શરૂપ આનંદ પ્રાપ્ત કરી સંતોષ પામે છે, બીજી રીતે નહીં. શરીરવડે મનુષ્ય સ્ત્રીપુરુષની જેમ જેમનું મૈથુનસેવન છે, તે કાયપ્રવિચારવાળા કહેવાય.

સનતકુમાર અને માહેન્દ્ર-એ બે દેવલોકના દેવો સ્પર્શવડે સપ્રવિચાર એટલે મૈથુન સુખ માનનારા છે. તે દેવો જ્યારે મૈથુનની ઈચ્છાવાળા થાય, ત્યારે દેવીઓના સ્તન વગેરે અવયવો સાથે રમત કરવાવડે જ કાયમૈથુનવાળા દેવોથી અનંતગણુ સુખ પ્રાપ્ત કરે છે. અને સંતોષિત થાય છે તથા દેવીઓને પણ દેવોવડે સ્પર્શ કરાવાથી દિવ્ય પ્રભાવના કારણે શુક્ર પુદ્ગલોનો સંચાર થવાથી અનંતગણુ સુખ ઉત્પન્ન થાય છે અને શરીરની કાંતિ વધે છે. આ પ્રમાણે આગળના દેવોમાં પણ વિચારવું.

બ્રહ્મલોક અને લાંતકદેવલોકના દેવો, દેવીઓના રૂપ જોવાવડે મૈથુનસુખ માનનારા છે. એટલે દેવીઓના દિવ્યઉન્માદ કરાવનારા રૂપ જોવા વડે જ ત્યાં રહેલા દેવો મૈથુન સુખને પામે છે.

શુક્ર અને સહસ્રાર-એ બે દેવલોકના દેવો દેવીઓના શબ્દ, અવાજ, સાંભળવા વડે મૈથુનસુખ માને છે. એટલે દેવીઓના વિલાસ યુક્ત ગીત, હાસ્ય, બોલવું, આભૂષણોના અવાજ વગેરે આનંદકારક અવાજ સાંભળી ત્યાં રહેલ દેવો ઉપશાંત વેદવાળા થાય છે.

આનત, પ્રાણત, આરણ, અચ્યુત-એ ચાર દેવલોકના દેવો મનવડે મૈથુનસુખને માનનારા હોય છે. તે દેવોને જ્યારે મૈથુનની ઈચ્છા થાય ત્યારે દેવીઓને મનમાં લાવે છે. ત્યારે તે દેવીઓ પણ તેમના સંકલ્પથી અજાણ હોવા છતાં તેવા પ્રકારના સ્વભાવથી જ અદ્ભુત શણગાર સજી પોતાના સ્થાનમાં જ રહી ઊંચાનીચા મનને ધારણ કરતી મનવડે જ ભોગ માટે તૈયાર ( હાજર ) થાય છે. તેથી આ પ્રમાણે એકબીજાના મનના સંકલ્પો વડે દિવ્ય પ્રભાવથી જ દેવીઓમાં શુક્ર પુદ્ગલોનો સંક્રમ થાય છે. જેથી બંનેને કાયમૈથુન કરતાં પણ અનંતગણુ સુખ ઉત્પન્ન થાય છે અને તૃપ્તિ પામે છે. ઉપરના ગ્રૈવેયક અનુત્તરદેવોમાં સ્ત્રી સાથે મૈથુન બિલકુલ નથી. (૧૪૩૯)

આથી જ કહે છે.

**गेविज्जणुत्तरेसुं अप्पवियारा हवंति सव्वसुरा ।**
**सप्पवियारठिईणं अणंतगुणसोक्खसंजुत्ता ॥१४४०॥**

નવગ્રૈવેયકોમાં અને પાંચે અનુત્તરોમાં બધાયે દેવો અપ્રવિચારી એટલે મૈથુન સેવનથી રહિત છે.

**પ્રશ્ન :–** તો પછી તે અપ્રવિચારી દેવોને જરાપણ સુખ મળશે નહીં ને ?

**ઉત્તર :–** ના. તે અપ્રવિચારી દેવો, સપ્રવિચારી દેવો કરતા અનંતગુણ સુખવાળા હોય છે. કારણ કે અતિઅલ્પ મોહોદયના કારણે પ્રશમસુખમાં મગ્ન હોય છે. પરંતુ તે દેવો તેવા પ્રકારના ભવ સ્વભાવના કારણે ચારિત્રના પરિણામ વગરના હોવાથી બ્રહ્મચારી કહેવાતા નથી.

## २६७. કૃષ્ણરાજી

पंचमकप्पे रिट्ठंमि पत्थडे अट्ठ कण्हराईओ ।
समचउरंसक्खाडयठिइओ दो दो दिसिचउक्के ॥१४४१॥

**પાંચમા દેવલોકના રિષ્ટ પ્રતરે આઠ કૃષ્ણરાજીઓ છે. જે સમચોરસ અખાડાના આકારે રહેલી તથા ચારે દિશામાં બે-બે છે.**

પાંચમા બ્રહ્મલોક નામના દેવલોકમાં ત્રીજા રિષ્ઠ નામના પ્રતરમાં આઠ કૃષ્ણરાજીઓ છે. કૃષ્ણરાજી એટલે ભીંતના આકારે રહેલી સચિત્ત-અચિત્ પૃથ્વી પરિણામરૂપ, પુદ્ગલ વિશેષોની પંક્તિઓ છે. તે પંક્તિઓ સમચોરસ છે. એટલે બધી દિશાઓમાં ચારે ખૂણાઓ સરખા હોય, તે સમચોરસ કહેવાય. આથી તે કૃષ્ણરાજીઓ અખાડાના આકારની લાગે છે. અખાડો એટલે જોવાના (નાટક વગેરે)ના સ્થાનોમાં બેસવાના આસન વિશેષો, તે અખાડા કહેવાય-એમ પ્રજ્ઞપ્તિની ટીકામાં વ્યાખ્યા કરી છે.

હવે અખાડાના આકારે પૂર્વ-વગેરે ચારે દિશામાં બે-બે કૃષ્ણરાજીઓ આ પ્રમાણે રહી છે. પૂર્વદિશામાં ઉત્તર-દક્ષિણમાં બે, દક્ષિણદિશામાં પૂર્વ-પશ્ચિમમાં બે, ઉત્તરમાં પૂર્વ-પશ્ચિમમાં બે અને પશ્ચિમમાં ઉત્તર-દક્ષિણમાં બે-એમ બધી તિરછીવિસ્તારવાળી છે. (૧૪૪૧)

**હવે તે કૃષ્ણરાજીનું જ સ્વરૂપ કહે છે.**

पुव्वावरउत्तरदाहिणाहि मज्झिल्लियाहि पुट्ठाओ ।
दाहिणउत्तरपुव्वा अवरा बहिकण्हराईओ ॥१४४२॥

પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણદિશામાં વચ્ચે રહેલી કૃષ્ણરાજીઓવડે અનુક્રમે દક્ષિણ, ઉત્તર, પૂર્વ, પશ્ચિમદિશામાં બહાર રહેલી કૃષ્ણરાજીઓને સ્પર્શ કરાય છે. આનો ભાવાર્થ એ છે–

પૂર્વદિશામાં અંદર રહેલી કૃષ્ણરાજી દક્ષિણદિશામાં બહાર રહેલ કૃષ્ણરાજીને સ્પર્શે છે.

એ પ્રમાણે દક્ષિણમાં અંદર રહેલી કૃષ્ણરાજી પશ્ચિમની બહાર રહેલ કૃષ્ણરાજીને સ્પર્શે છે. પશ્ચિમમાં અંદર રહેલી ઉત્તરમાં બહાર રહેલીને સ્પર્શે છે.

ઉત્તરમાં અંદર રહેલી પૂર્વમાં બહાર રહેલીને સ્પર્શે છે. (૧૪૪૨)

એની સ્થાપના આ પ્રમાણે છે. અને ખૂણાનો વિભાગ આ પ્રમાણે થાય છે.

पुव्वावरा छलंसा तंसा पुण दाहिणुत्तरा बज्झा ।
अब्भंतरचउरंसा सव्वावि य कण्हराईओ ॥१४४३॥




આ ચિત્ર અષ્ટ કૃષ્ણરાજીનું છે, એ કૃષ્ણરાજીઓ જ્યાં તમસ્કાય વિરામ પામે છે, ત્યાં એટલે બ્રહ્મલોકના ત્રીજા રિષ્ટપ્રતરે જ્યાં નવ લોકાંતિક વિમાનો આવે દિશાવર્તી આવ્યા છે. તેના અંતરાલે દરેક દિશામાં ત્રિકોણથી સંયુક્ત ચતુષ્કોણથી બે-બેને જોડલે થઈને કૃષ્ણરાજીઓ મળીને કુલ ૮ છે. તેમાં અભ્યંતર કૃષ્ણરાજી ચતુષ્કોણાકારે [અખાડાવત્] અને બાહ્ય ત્રિકોણાકારે વર્તે છે. એ કૃષ્ણરાજી વૈમાનિક દેવકૃત છે, આયામ અસંખ્ય યોજન સહસ્ર, વિષ્કંભ સંખ્યેય યો. સહસ્ર, પરિક્ષેપ અસંખ્યેય યો. સહસ્ર છે. આ કૃષ્ણરાજી પૃથ્વી પરિણામ રૂપ છે. જલપરિણામ રૂપ નહિ. તેમાં સૂક્ષ્મ જીવો ઉત્પન્ન થાય છે.

પૂર્વ પશ્ચિમમાં રહેલી બે બહારની કૃષ્ણરાજીઓ છ ખૂણાવાળી થાય છે અને ઉત્તર દક્ષિણમાં બહાર રહેલી બે કૃષ્ણરાજીઓ ત્રણ ખૂણાવાળી થાય છે અને અંદર રહેલી બધીયે એટલે ચારે કૃષ્ણરાજીઓ ચાર ખૂણાવાળી એટલે ચોરસ થાય છે. (૧૪૪૩)

**હવે આ કૃષ્ણરાજીઓનું પ્રમાણ કહે છે.**

आयामपरिक्खेवेहिं ताण अस्संखजोयणसहस्सा ।
संखेज्जसहस्सापुण विक्खंमे कण्हराईणं ॥१४४४॥

તે કૃષ્ણરાજીઓની લંબાઈ અને પરિધિ અસંખ્યાતા હજાર યોજન પ્રમાણની છે. વિષ્કંભ એટલે વિસ્તાર એટલે પહોળાઇ સંખ્યાતા હજાર યોજનની છે. (૧૪૪૪)

**હવે આ કૃષ્ણરાજીમાં રહેલા વિમાનોની સંયોજના કહે છે.**

ईसाणदिसाईसुं एयाणं अंतरेसु अट्ठसुवि ।
अट्ठ विमाणाइं तह तम्मज्झे एक्कगविमाणं ॥१४४५॥

આ આઠ કૃષ્ણરાજીઓના ઈશાન વિગેરે દિશાઓના આંતરામાં એટલે બે કૃષ્ણ-રાજીઓની વચ્ચે રહેલી ખાલી જગ્યાઓમાં આઠ વિમાનો છે તથા તે આઠ વિમાનોની બરાબર વચ્ચેના ભાગે એક વિમાન છે. (૧૪૪૫)

**હવે તે વિમાનોના નામ કહે છે.**

अच्चि १ तहऽच्चिमालि २ वइरोयण ३ पभंकरे य ४ चंदाभं ५ ।
सूराभं ६ सुक्काभं ७ सुपइट्ठाभं च ८ रिट्ठाभं ९ ॥१४४६॥

૧. અભ્યંતર પૂર્વ કૃષ્ણરાજીની વચ્ચે અર્ચિવિમાન છે. ૨. એ પ્રમાણે પૂર્વમાં અર્ચિમાલિ, ૩. અભ્યંતર પૂર્વ દક્ષિણમાં વૈરોચન, ૪. દક્ષિણમાં પ્રભંકર, ૫. અભ્યંતર દક્ષિણ પશ્ચિમમાં ચન્દ્રાભ, ૬. પશ્ચિમમાં સૂરાભ, ૭. અભ્યંતર પશ્ચિમ ઉત્તરમાં શુક્રાભ, ૮. ઉત્તરમાં સુપ્રતિષ્ઠાભ, ૯. બધી કૃષ્ણરાજીઓની વચ્ચે રિષ્ઠાભ નામનું વિમાન છે. (૧૪૪૬)

**હવે એમાં રહેલા દેવો કહે છે.**

अट्ठायरट्ठिईया वसंति लोगंतिया सुरा तेसुं ।
सत्तट्ठभवभवंता गिज्जंति इमेहिं नामेहिं ॥१४४७॥

તે કૃષ્ણરાજીઓના આઠ આકાશભૂમિના આંતરામાં રહેલા અર્ચિ વગેરે વિમાનોમાં લોકાંતિકદેવો રહે છે. લોક એટલે બ્રહ્મલોકના છેડે રહેનારા, જે દેવો તે લોકાંતિક કહેવાય છે. તે દેવોની આયુસ્થિતિ આઠ સાગરોપમ છે તથા તે દેવો સાત આઠ ભવોમાં મોક્ષને પામનારા છે. એ દેવો આગળ કહેવાશે, તે નામોથી પણ કહેવાય છે. બોલાય છે. (૧૪૪૭)

હવે વિમાનના ક્રમાનુસારે તે નામો કહે છે.

सारस्सय १ माइच्चा २ वण्ही ३ वरुणा य ४ गद्दतोया ५ य ।
तुसिया ६ अव्वाबाहा ७ अग्गिच्चा ८ चेव रिट्ठा य ९ ॥१४४८॥

૧. સારસ્વત ૨. આદિત્ય ૩. વહ્નય ૪. વરૂણ ૫ ગર્દતોય ૬. તુષિત ૭. અવ્યાબાધ ૮. આગ્નેય આનુમતાંતરે નામ મરુત પણ છે. ૯. રિષ્ટ–આ સારસ્વત વગેરે લોકાંતિક દેવો સ્વયંસંબુદ્ધ હોવા છતાં જિનેન્દ્ર દેવોને પોતાનો કલ્પ એટલે આચાર છે–એમ માનીને દિક્ષાના સમયથી એક વર્ષ પહેલા 'હે! ભગવન્ સર્વલોકોને –જીવોને હિતકારી તીર્થ પ્રવર્તાવો' એમ બોધ આપે છે. (૧૪૪૮)

હવે આ દેવોનો પરિવાર કહે છે.

पढमजुयलंमि सत्त उ सयाणि बीयंमि चउदस सहस्सा ।
तइए सत्त सहस्सा नव चेव सयाणि सेसेसु ॥१४४९॥

સારસ્વત અને આદિત્યનો ભેગો પરિવાર સાતસોને સાત (૭૦૭) દેવોનો છે. એ પ્રમાણે વહ્નિ અને વારૂણનો ચૌદહજારને ચૌદ દેવોનો, ગર્દતોય અને તુષિતનો સાત-હજારને સાત (૭૦૦૭) દેવોનો, બાકીના અવ્યાબાધ આગ્નેય અને રિષ્ઠનો નવસોને નવ દેવોનો પરિવાર છે. (૧૪૪૯)

## ૨૬૮. અસજ્ઝાય

संजमघा १ उप्पाये २ सादिव्वे ३ वुग्गहे य ४ सारीरे ५ ।
महिया १ सच्चित्तरओ २ वासम्मि य ३ संजमे तिविहं ॥१४५०॥
महिया उ गब्भमासे सच्चित्तरओ य ईसिआयंब ।
वासे तिन्नि पगारा बुब्बुय तव्वज्ज फुसिए य ॥१४५१॥

**૧. સંયમઘાતિ ૨. ઉત્પાત ૩. સાદિવ્ય ૪. વ્યુહગ્રહ ૫. શારીરિક. એમાં સંયમઘાતિ ત્રણ પ્રકારે છે, ૧. મહિકા ૨. સચિત્તરજ ૩. વરસાદ. તેમાં મહિકા ગર્ભ માસમાં હોય છે. કંઇક તામ્રવર્ણી સચિત્તરજ. વરસાદ ત્રણ પ્રકારે છે. ૧. બુદ્બુદ ૨. બુદ્બુદ વગરનો ૩. ફુસિત એટલે તે જળસ્પર્શિકારૂપ.**

આ એટલે મર્યાદાપૂર્વક, એટલે સિદ્ધાંતમાં કહેલ મર્યાદાપૂર્વક જે અધ્યયન કરવું, ભણવું તે અધ્યાય, સુષ્ઠુ એટલે સારો આધ્યાય તે સ્વાધ્યાય. તે સ્વાધ્યાય જ્યારે ન

થાય ત્યારે અસ્વાધ્યાય કહેવાય. જેમ લોહી વગેરે, તે અસ્વાધ્યાય. મૂળભેદની અપેક્ષાએ બે પ્રકારે છે. ૧. આત્મસમુત્થ ૨. પરસમુત્થ

૧. આત્મસમુત્થ એટલે સ્વાધ્યાય કરવાની ઇચ્છાવાળાથી જ ઉત્પન્ન થયેલ જે અસ્વાધ્યાય, તે આત્મસમુત્થ અસ્વાધ્યાય કહેવાય છે. ૨. પરસમુત્થ એટલે સ્વાધ્યાય કરનાર સિવાય બીજા દ્વારા ઉત્પન્ન થયેલ અસ્વાધ્યાય, તે પરસમુત્થ અસ્વાધ્યાય. તે પરસમુત્થમાં ઘણું વક્તવ્ય હોવાથી તેને પ્રથમ કહે છે.

તે પરસમુત્થ અસ્વાધ્યાય પાંચ પ્રકારે છે. ૧. સંયમઘાતી–સંયમોપઘાતિક ૨. ઉત્પાતિ નિમિત્તક–ઔત્પાતિક ૩. દેવતાપ્રયુક્ત–સદૈવ ૪. વ્યુહગ્રહ એટલે યુદ્ધ ૫. શરીરજન્ય શારીરિક. આ પાંચ અસજ્ઝાયમાં સ્વાધ્યાય કરવાથી સાધુને તીર્થંકરની આજ્ઞાભંગનો દોષ લાગે છે.

**૧ સંયમઘાતી :**

તે સંયમોપઘાત વિષયક અસ્વાધ્યાય પણ ત્રણ પ્રકારે છે.

૧. મહિકા ૨. સચિત્તરજ ૩. વરસાદ. હવે આ ત્રણ ભેદોની ક્રમસર વ્યાખ્યા કરે છે.

૧. મહિકા જે ગર્ભમાસમાં ઘૂમરી એટલે ધૂમ્મસ રૂપે પડે છે જે પ્રસિદ્ધ છે. કાર્તિક વગેરેથી લઈ મહા મહિના સુધીના મહિના ગર્ભમાસ કહેવાય છે. તે ધૂમ્મસ પડતાની સાથે જ બધુયે અપ્કાયથી ભાવિત થઈ જાય છે.

૨. સચિત્તરજ એટલે વ્યવહારથી સચિત્ત જે ધૂળ, તે સચિત્તરજ છે. જે જંગલના પવનથી ઉડેલી ઝીણી ધૂળ રૂપે છે. તે સચિત્તરજ રંગથી દિશાંતરોમાં કંઈક તામ્રવર્ણી રંગની જણાય છે. તે સચિત્તરજ સતત પડવાથી ત્રણ દિવસ પછી બધુ સચિત્ત પૃથ્વીકાયમય થઈ જાય છે.

૩. વરસાદ ત્રણ પ્રકારનો છે. ૧. બુદ્બુદ એટલે જે વર્ષાદ (વરસાદ) પડતા પાણીમાં પરપોટા થાય, તે બુદ્બુદ વરસાદ કહેવાય છે. ૨. બુદ્બુદ વગરનો એટલે પરપોટા વગરનો બીજો વરસાદ ૩. કુસિત એટલે જળસ્પર્શિકા, એટલે જે ફરફર પડતી હોય છે. તે તેમાં બુદ્બુદ વરસાદ પડવા છતાં આઠ પ્રહર પછી અને બીજા આચાર્યોના મતે ત્રણ દિવસ પછી બધુંયે અપ્કાયમય થાય છે.

તદ્વર્જ એટલે બુદ્બુદ રહિત વરસાદ પડવા છતાં પાંચ દિવસ પછી બધુયે અપ્કાયમય થાય છે.

જળસ્પર્શિકારૂપ વરસાદ પડયા બાદ સાત દિવસ પછી બધુયે અપ્કાયમય થાય છે. (૧૪૫૦–૧૪૫૧)

**હવે સંયમઘાતિ બધાયે ભેદોનો ચાર પ્રકારનો પરિહાર કહે છે.**

**दव्वे तं चिय दव्वं खेत्ते जहियं तु जच्चिरं कालं ।**
**ठाणाइभास भावे मोत्तं उस्सासउम्मेसे ॥१४५२॥**

**દ્રવ્યથી તે દ્રવ્યને, ક્ષેત્રથી જેટલા ક્ષેત્રમાં હોય તે ક્ષેત્રને, કાળથી જેટલો કાળ હોય તેટલા કાળને અને ભાવથી શ્વાસોશ્વાસ અને આંખના પલકારા છોડી, સ્થાન વગેરે તથા બોલવું વગેરે છોડી દે.**

૧. દ્રવ્યથી અસ્વાધ્યાયિક ધૂમ્મસ, સચિત્તરજ અને વરસાદરૂપ દ્રવ્યને છોડી દે. ૨. ક્ષેત્રથી જેટલા ક્ષેત્રમાં ધૂમ્મસ વગેરે પડતું હોય, તેટલા ક્ષેત્રમાં સ્વાધ્યાય છોડી દે, ૩. કાળથી જેટલો કાળ ધૂમ્મસ વગેરે હોય તેટલો કાળ સ્વાધ્યાય છોડી દે, ૪. ભાવથી શ્વાસોશ્વાસ નિમેશ–ઉન્મેષ એટલે આંખના પલકારાને છોડીને, કારણ કે તેને છોડી દેવાથી જીવનને વ્યાઘાત (બાધા) થવાનો સંભવ છે. એ સિવાય સ્થાન એટલે ઉભા થવું વગેરે. વગેરે પદથી જવું આવવું પડિલેહણ વગેરે કાયિકક્રિયાઓ તથા બોલવું વગેરેનો ત્યાગ કરે. અહીં કારણ વગર કોઈપણ પ્રવૃત્તિ જરાપણ ન કરે. ગ્લાન વગેરેના કારણે આવી પડે તો જયણાપૂર્વક હાથ, આંખ, આંગળી વગેરેના ઈશારાથી વ્યવહાર કરે અથવા મોઢું કપડાથી ઢાંકી બોલે અથવા વર્ષાકલ્પ ઓઢીને જાય. (૧૪૫૨)

**સંયમોપઘાતિક અસ્વાધ્યાય પુરું થયું હવે ઔત્પાતિક કહે છે.**

**૨. ઔત્પાતિક :–**

**पंसू य मंसरूहिरे केससिलावुट्ठि तह रयुग्घाए ।**
**मंसरुहिरे अहरत्तं अवसेसे जच्चिरं सुत्तं ॥१४५३॥**

**પાંશુવૃષ્ટિ, માંસવૃષ્ટિ, લોહીવૃષ્ટિ, વાળનીવૃષ્ટિ, પત્થરની વૃષ્ટિ, રજોદ્ઘાત, માંસ અને લોહીમાં એક અહોરાત્ર અને બાકીનામાં જેટલો વખત વૃષ્ટિ થાય તેટલો વખત સૂત્રનો ત્યાગ કરે.**

અહીં વૃષ્ટિ શબ્દ બધાને જોડવો. પાંશુ એટલે ધૂળની વૃષ્ટિ, માંસવૃષ્ટિ એટલે માંસના ટુકડાઓ પડે. રુધિરવૃષ્ટિ એટલે લોહીના ટીપા પડે. કેશવૃષ્ટિ એટલે ઉપરથી વાળો પડે. શિલાવૃષ્ટિ એટલે પત્થરા પડે કરા વગેરે પત્થરો પડે. રજોઉદ્ઘાત એટલે દિશાઓ રજસ્વલા થઈ હોય ત્યારે સૂત્ર ન ભણાય. બાકી બધીયે ક્રિયાઓ થાય. તેમાં માંસલોહીની વૃષ્ટિ થઈ હોય તો–એક અહોરાત્ર અસજ્ઝાય થાય એટલે સ્વાધ્યાય છોડી દે. બાકીની અચિત્તધૂળની વૃષ્ટિ વગેરેમાં જેટલો વખત ધૂળ વગેરે પડતા હોય, એટલો વખત નંદિ વગેરે સૂત્રોનો સ્વાધ્યાય ન કરે, બાકીના કાળે ભણે. (૧૪૫૩)

**હવે પાંશુ તેમજ રજઉદ્ઘાતની વ્યાખ્યા કરે છે.**

**पंसू अच्चित्तरओ रयस्सलाओ दिसा रउग्घाओ ।**
**तत्थ सवाए निव्वायए य सुत्तं परिहरंति ॥१४५४॥**

પાંશુ એટલે ધૂમાડાના આકારે આપાંડુ એટલે કંઈક પીળાશ પડતી જે અચિત્ત ધૂળ તે પાંશુ કહેવાય. રજઉદ્ઘાત એટલે રજસ્વલા દિશાઓ થાય. જેમાં દિશાઓ રજસ્વલા થવાથી ચારે તરફ અંધકાર જેવુ લાગે તે પાંશુવૃષ્ટિ અથવા રજઉદ્ઘાત પવન સાથે હોય કે પવન વગર પડતા હોય, તો તે જ્યાં સુધી પડે ત્યાં સુધી સૂત્રનો સ્વાધ્યાય છોડી દે. (૧૪૫૪)

**હવે સદેવ એટલે દિવ્ય અસજ્ઝાય કહે છે.**

**૩. સદેવ :-**

**गंधव्वदिसा विज्जुक्क गज्जिए जूव जक्खआलित्ते ।**
**एक्केकपोरिसिं गज्जियं तु दो पोरिसी हणइ ॥१४५५॥**

**ગંધર્વનગર, દિગ્દાહ, વિજળી, ઉલ્કાપાત, વાદળની ગર્જના, યૂપક, યક્ષાદિપ્ત. આ બધામાં ગંધર્વનગર વગેરેમાં એક પોરિસી અને વાદળની ગર્જનામાં બે પોરિસી સ્વાધ્યાય છોડે.**

ગંધર્વનગર એટલે જ્યારે ચક્રવર્તી વગેરેના નગરમાં ઉત્પાત થવાનો છે તે જણાવવા તેજ નગરના ઉપરની બાજુ કિલ્લો ઝરુખો વગેરે યુક્ત નગર દેખાય તે ગંધર્વનગર કહેવાય. દિગ્દાહ, વિદ્યુત એટલે વીજળી, ઉલ્કા એટલે પ્રકાશયુક્ત અથવા રેખા સહિત જે તારા ખરવા તે, અથવા ધૂમકેતુ, ગર્જિત એટલે વાદળાની ગર્જના, આગળ કહેવાશે. તે સ્વરૂપવાળો યૂપક. દિપ્ત એટલે એક દિશામાં આંતરે આંતરે વીજળી જેવો જે પ્રકાશ દેખાય તે યક્ષાદિપ્ત.

આ બધામાં ગંધર્વનગર વગેરે થયા હોય તો એક પૌરુષી એટલે એક-પહર સુધી સ્વાધ્યાય ન કરે. ગર્જિત હોય તો બે પૌરિસી સ્વાધ્યાય ન કરે. ગાંધર્વનગર નિયમા દેવકૃત જ હોય છે. બીજી રીતે હોતું નથી. બાકીના દિગ્દાહ વગેરે ક્યારેક સ્વભાવિક પણ હોય છે અને ક્યારેક દેવકૃત પણ હોય છે. તેમાં સ્વાભાવિક હોય, તો સ્વાધ્યાય ન છોડવો પણ દેવકૃત હોય તો સ્વાધ્યાય છોડવો.

પરંતુ જે કારણોથી તેનો સ્પષ્ટ વિભાગ કરવાપૂર્વક તે જાણી ન શકાય, તો તેને દેવકૃત કે સ્વભાવિકપણાનો વિચાર કર્યા વગર ત્યાગ કરી દેવો. કહ્યું છે કે,

'ગંધર્વનગર નિયમા સાદિવ્ય છે. બાકીનામાં ભજના હોય છે. જો તે સ્પષ્ટ ન જણાય તો તેનો ત્યાગ કરવો. (૧૪૫૫)

**હવે દિગ્દાહ વગેરેની વ્યાખ્યા કરે છે.**

**૪. દિગ્દાહ :-**

**दिसिदाहो छिन्नमूलो उक्क सरेहा पगाससंजुत्ता ।**
**संझाछेयावरणो उ जूवओ सुक्कि दिण तिन्नि ॥१४५६॥**

**દિશામાં છિન્નમૂળવાળો જે અગ્નિ દેખાય તે દિગ્દાહ, પ્રકાશયુક્ત રેખા સહિત જે તારો તે ઉલ્કા, શુક્લપક્ષમાં ત્રણ દિવસ સંધ્યા છેદાવરણ તે યૂપક કહેવાય છે.**

પૂર્વ વગેરે દિશામાં છિન્નમૂળ એટલે મૂળ વગરનો જમીનથી અદ્ધર જે અગ્નિ દેખાય, તે દિગ્દાહ કહેવાય. એટલે કોઈપણ દિશામાં મહાનગર સળગતું હોય એમ ઉપર પ્રકાશદેખાય અને નીચે અંધારુ હોય તે દિગ્દાહ કહેવાય.

ઉલ્કા એટલે પાછળથી રેખાવાળુ પ્રકાશ યુક્ત ઉલ્કા હોય, જે તારાની જેમ નીચે પડતી હોય છે.

યૂપક એટલે સુદી પક્ષમાં ત્રણ દિવસ સુધી એટલે બીજ, ત્રીજ, ચોથના દિવસે સંધ્યા છેદ એટલે સંધ્યાવિભાગ. તે સંધ્યાવિભાગ જેનાવડે ઢંકાય તે સંધ્યાછેદાવરણ એટલે ચંદ્ર. આનો ભાવાર્થ આ પ્રમાણે છે.

સુદી પક્ષમાં બીજ, ત્રીજ, ચોથ એ ત્રણ દિવસોમાં સંધ્યા વખતે ઉગેલ ચંદ્રના કારણે સંધ્યા જાણી શકાતી નથી. તેથી શુક્લપક્ષમાં તે ત્રણ દિવસોમાં જ્યાં સુધી ચંદ્ર હોય છે ત્યાં સુધી સંધ્યાછેદાવરણ થાય છે, તે યૂપક કહેવાય છે.

આ ત્રણ દિવસોમાં પ્રાદોષિક એટલે વેરત્તિ કાળગ્રહણ લેવાતું નથી. એટલે પ્રાદોષિકી સૂત્ર પોરિસી થતી નથી. કારણ કે સંધ્યાછેદ જણાતો ન હોવાથી કાળવેળાનું જ્ઞાન પણ થતું નથી. (૧૪૫૬)

**चंदिमसूरुवरागे निग्घाए गुंजिए अहोरत्तं ।**
**संझाचउ पडिवए जं जहिं सुगिम्हए नियमा ॥१४५७॥**

**ચંદ્રગ્રહણ, સૂર્યગ્રહણ, નિર્ઘાત, ગુંજિતમાં એક અહોરાત્ર, અસજ્ઝાય, ચાર સંધ્યા, એકમ સુધીના ચાર મહામહો, બીજા પણ જ્યાં આગળ જે થતા હોય તે સુગીષ્મકમાં નિયમા અસજ્ઝાય હોય છે.**

ચંદ્રના વિમાનનો ઉપરાગ એટલે રાહુના વિમાનના તેજવડે ચંદ્રનું વિમાન ઢંકાવું તે ચંદ્ર ઉપરાગ એટલે ચંદ્રગ્રહણ. એ પ્રમાણે સૂર્ય ઉપરાગ. એ સૂર્યગ્રહણવાળો દિવસ પૂર્ણ થયો હોય તે છતાં વાદળાવાળા કે વાદળા વગરના આકાશમાં વ્યંતરવડે કરાયેલો જે મહા ગર્જારવ સમાન અવાજ તે નિર્ઘાત કહેવાય છે.

ગર્જારવ જેવા જ વિકારવાળો, ગુંજાની જેમ ગુંજતો જે મોટો અવાજ થાય તે ગુંજિત કહેવાય. તે નિર્ઘાત અને ગુંજિત એ બંને થવા છતાં એક અહોરાત્રની અસજ્ઝાય થાય છે. અહીં એટલી વિશેષતા છે કે, 'જે દિવસે જે વખતે નિર્ઘાત અથવા ગુંજિત થયા હોય, તેને બીજે દિવસે તે વખત આવે ત્યાં સુધી અસજ્ઝાય થાય છે.'

ચાર સંધ્યાઓ છે, તેમાં ત્રણ રાત્રિમાં છે, તે આ પ્રમાણે ૧. સૂર્ય અસ્ત થવા છતાં, ૨. મધ્યરાત્રિએ, અને ૩. પ્રભાતે. તથા ૪. દિવસના મધ્યાહ્ન વખતે—આ ચાર સંધ્યામાં સ્વાધ્યાય ન કરવો, બાકીની પડિલેહણ વગેરે ક્રિયાઓનો નિષેધ નથી.

પ્રતિપદા પદ લેવાવડે વદ એકમ સુધી ચાલતા ચાર મહામહો જણાવ્યા છે. તે ચાર મહામહોની ચાર એકમોમાં સ્વાધ્યાય ન કરવો. બીજી ક્રિયાઓનો નિષેધ નથી. એ પ્રમાણે બીજાપણ પશુવધ વગેરેની બહુલતાવાળા ઉત્સવો જે ગામ નગરમાં જેટલા કાળ સુધી ચાલે તેટલા કાળસુધી સ્વાધ્યાય છોડવો. સુગ્રીષ્મક એટલે ચૈત્રમાસમાં થનારો મહા મહોત્સવ બધા દેશોમાં શુક્લા એકમથી લઇ ચૈત્રીપૂનમ-એકમ સુધી નિયમા ચાલે છે. તેમાં અસજ્ઝાય. ( ૧૪૫૭ )

**હવે ચાર મહામહો કયા છે તે કહે છે.**

**आसाढी इंदमहो कत्तिय सुगिम्हए य बोद्धव्वे ।**
**एए महामहा खलु एएसिं जाव पाडिवया ॥१४५८॥**

**અષાઢી, ઈંદ્ર મહોત્સવ, કાર્તિક, સુગ્રીષ્મક,-એ ચાર મહામહો જાણવા. એ મહામહો પ્રતિપદા એટલે એકમ સુધીના છે.**

અષાઢસુદી પૂર્ણિમાનોમહામહ, ઈંદ્રમહોત્સવ એટલે આસોસુદપૂર્ણિમા, કાર્તિકીપૂનમ, સુગ્રીષ્મક એટલે ચૈત્રીપૂનમ, આ જ ચાર મહા એટલે સર્વઅતિશય, મહ એટલે ઉત્સવરૂપે યાને મહામહોત્સવરૂપે જાણવા. આ ચાર મહામહોમાંથી જે મહામહ જે દેશમાં જે દિવસથી લઈ જેટલા દિવસ ચાલે, તે દેશમાં તે દિવસથી તેટલા વખત સુધી સ્વાધ્યાય ન કરવો. જો કે બધા મહામહો પૂનમ સુધીના જ પ્રસિદ્ધ છે. છતાં પણ ક્ષણાનુવૃત્તિનો સંભવ હોવાથી એકમ પણ અવશ્ય છોડવી આથી जावपाडिवया કહ્યું છે. (૧૪૫૮)

**હવે ચંદ્રગ્રહણ અને સૂર્યગ્રહણમાં જઘન્ય અને ઉત્કૃષ્ટથી સ્વાધ્યાય વિઘાત એટલે અસજ્ઝાયનો કાળ કહે છે.**

**उक्कोसेण दुवालस चंदो जहन्नेण पोरिसी अट्ठ ।**
**सूरो जहन्न बारस पोरिसी उक्कोस दो अट्ठ ॥१४५९॥**
**सग्गहनिवुड्ड एवं सूराई जेण हुंतिऽहोरत्ता ।**
**आइन्नं दिणमुक्को सोच्चिय दिवसो य राई य ॥१४६०॥**

**ચંદ્રગ્રહણમાં ઉત્કૃષ્ટથી બારપ્રહર અને જઘન્યથી આઠપ્રહર, સૂર્ય-ગ્રહણમાં ઉત્કૃષ્ટથી સોળપ્રહર અને જઘન્યથી બારપ્રહર અસજ્ઝાય હોય છે.**

**સૂર્ય વગેરે ગ્રહસહિત અસ્ત થયા હોય તો અહોરાત્ર અસજ્ઝાય આચરણા આ પ્રમાણે છે, સૂર્ય વગેરે દિવસે મુક્ત થયા હોય, તો તે જ દિવસ અસજ્ઝાયના થાય છે.**

ચંદ્રગ્રહણમાં ઉત્કૃષ્ટથી બારપ્રહર અને જઘન્યથી આઠપ્રહર સ્વાધ્યાય હણાય છે. એ શી રીતે અસજ્ઝાય થાય છે? તો કહે છે. ઉગતો જ ચંદ્રમા રાહુવડે પકડાય ત્યારે ચારપ્રહર રાત્રીના કપાય છે અને ચારપ્રહર આવતી કાલના દિવસના અસજ્ઝાયમાં કપાય છે—એમ આઠપ્રહર અસજ્ઝાય થાય છે.

બારપ્રહર આ પ્રમાણે છે. પ્રભાત વખતે ચંદ્રમા ગ્રહણ સાથે જ અસ્ત થાય તેથી ચારપ્રહર દિવસના હણાય છે. ચારપ્રહર આગળની રાતના અને ચારપ્રહર બીજા દિવસના એમ બારપ્રહર અથવા ઔત્પાતિકગ્રહણવડે આખી રાત્રી ગ્રહણ રહ્યું હોય અને તે ગ્રહ સાથે ચંદ્ર અસ્ત થયો હોય, તો તેમાં સંદૂષિત રાતના ચારપ્રહર અને અહોરાત્રના આઠપ્રહર—એમ બારપ્રહર થાય છે. અથવા વાદળવાળુ આકાશ હોવાના કારણે અને વિશેષ જાણકારી ન હોવાથી 'ક્યારે ગ્રહણ થયું?' તે ખબર ન પડી હોય અને સવારે ગ્રહ સાથે ચંદ્રાસ્ત થતોજોયો, તેથી આખી રાતનો ત્યાગ કરવો અને બીજા દિવસના આઠપ્રકારનો ત્યાગ કરવો એમ બારપ્રહર થાય છે.

સૂર્યગ્રહણમાં જઘન્યથી બારપ્રહર અને ઉત્કૃષ્ટથી સોળપ્રહર સજ્ઝાયનો ત્યાગ શી રીતે કરવો? તે કહે છે. સૂર્યગ્રહણ સહિત જ અસ્ત થાય, તો ચારપ્રહાર રાતના હણે છે. ચારપ્રહર આવતીકાલના દિવસ અને ચારપ્રહર બીજીરાતના—એમ બારપ્રહર થાય છે. સોળપ્રહર આ પ્રમાણે થાય છે. સૂર્ય ઉગતા જ રાહુવડે પકડાય અને આખો દિવસ ઉત્પાતના કારણે ગ્રહણસહિત જ અસ્ત થાય, તો ચારપ્રહર દિવસના, ચારપ્રહર રાતના, ચારપ્રહર આવતીકાલના દિવસના અને ચારપ્રહર આવતી કાલની રાતના—એ પ્રમાણે સોળપ્રહર સ્વાધ્યાય હણાય છે.

સૂર્ય અને ચંદ્ર જ્યારે ગ્રહણસહિત ઉગે અને ગ્રહણસહિત આથમે શી રીતે? તે કહે છે. સૂર્ય વગેરે જે અહોરાત્રિ એટલે જે દિવસે સૂર્યે દિવસ મૂક્યો હોય, તે જ દિવસ તથા તે જ રાત્રિ અસ્વાધ્યાયરૂપે છોડાય છે. ચંદ્રતો તે જ રાત્રિએ છોડતો હોવાથી બીજો ચંદ્ર ન ઊગે ત્યાં સુધી અસ્વાધ્યાય. તે રાત્રિ અને બીજો દિવસ—એમ અહોરાત્રિનો અસ્વાધ્યાય.

બીજા આચાર્યો કહે છે કે, આચરણા આ પ્રમાણે છે.

ચંદ્ર રાત્રે પકડાયો હોય અને રાત્રે જ મૂકાયો હોય તે જ રાત્રિએ બાકીનું છોડવું કારણકે, આવતા સૂર્યોદય સુધીમાં અહોરાત્ર પૂર્ણ થઇ જાય છે. સૂર્ય દિવસે પકડાયો અને દિવસે જ છોડી દેવાયો, તો તે દિવસનો બાકીનો ભાગ તથા તેજ રાત્રિ છોડવી. (૧૪૫૯–૧૪૬૦)

સદૈવ અસજ્ઝાય પૂર્ણ થયા.

**હવે વ્યુદ્ગ્રહજ એટલે યુદ્ધજન્ય અસ્વાધ્યાય કહે છે.**

**वुग्गहदंडियमाई संखोभे दंडिए व कालगए ।**
**अणरायए य सभए जच्चिरऽनिद्दोच्चऽहोरत्तं ॥१४६१॥**
**तद्दिवसभोइआइ अंतो सत्तण्ह जाव सज्झाओ ।**
**अणाहस्स य हत्थसयं दिट्ठिवि वित्तंमि सुद्धं तु ॥१४६२॥**

**બે દંડિક વગેરેનું પરસ્પર યુદ્ધ હોય ત્યારે. સંક્ષોભ હોય એટલે દંડિકકાળ એટલે મરણ પામે ત્યારે. બીજો રાજા ન થાય ત્યાં સુધી ભય હોય એટલે જ્યાં સુધી નિર્ભયપણું ન થાય ત્યાં સુધી અસ્વાધ્યાય.**

દંડિક, સેનાપતિ વગેરેનું પરસ્પર યુદ્ધ થયું હોય, તો અસ્વાધ્યાય આનો ભાવાર્થ આ પ્રમાણે છે. બે દંડિક એટલે બે રાજાઓ છાવણીસહિત પરસ્પર યુદ્ધ કરવાની ઇચ્છાવાળા હોય, તે જ્યાં સુધી શાંત ન થાય ત્યાં સુધી સ્વાધ્યાય કરવો ન ખપે. એ પ્રમાણે સેનાપતિની અથવા તેવા જે કોઇક પ્રસિદ્ધ વ્યક્તિની બે પ્રસિદ્ધ સ્ત્રીઓનું પરસ્પર યુદ્ધ થાય અથવા મલ્લોનું યુદ્ધ હોય તથા બે ગામોનું પરસ્પર યુદ્ધ હોય, ત્યારે ઘણા યુવાનો પરસ્પર પત્થર વગેરે દ્વારા યુદ્ધ કરતા હોય, કે બાહુ યુદ્ધ વગેરે વડે અથવા ઢેફા વગેરે દ્વારા પરસ્પર યુદ્ધ ચાલતુ હોય, દેશ પ્રસિદ્ધ રજઃ પર્વ ચાલતુ હોય, તો જ્યાં સુધી ઉપશાંત ન થાય એટલે સેનાપતિ વગેરે યુદ્ધથી અટકે નહીં, ત્યાં સુધી અસજઝાય. અસ્વાધ્યાય શા માટે હોય છે તે કહે છે.

તે વખતે વ્યંતરો કૌતુકથી ત્યાં પોતપોતાના પક્ષમાં આવ્યા હોય તેઓ છળે છે. અને ઘણા લોકોને અપ્રીતિ થાય છે. જેમ અમે અત્યારે ભયભીત છીએ, કોઇક મુસીબતમાં છીએ ત્યારે આ સાધુઓ દુઃખ વગર સુખે ભણે છે.

તથા દંડિક એટલે રાજા મરણ પામે ત્યારે જ્યાં સુધી બીજા રાજાનો અભિષેક ન થાય, ત્યાં સુધી પ્રજામાં મોટો ક્ષોભ વર્તતો હોય છે. તે સંક્ષોભ વર્તતો હોય ત્યારે સ્વાધ્યાય ન કરવો.

મ્લેચ્છ વગેરેથી જ્યારે નગરમાં ભયાકુલતા વર્તતી હોય ત્યારે પણ સ્વાધ્યાય ન કરવો. આ યુદ્ધ વગેરે સર્વમાં અસ્વાધ્યાયની વિધિ કહે છે. યુદ્ધ વગેરેમાં જ્યાં સુધી અનિર્ભયતા યાને આકુલતા વર્તતી હોય, ત્યાં સુધી સ્વાધ્યાય ન કરવો. અને સ્વસ્થ થયા પછી એટલે નિર્ભય થયા પછી પણ એક અહોરાત્રબાદ સ્વાધ્યાય કરવો.

બીજુ પણ સૂચન કર્યું છે. તેથી તે કહે છે. ભોજિક એટલે ગામનો માલિક આદિ શબ્દવડે કહેવાતા મહત્તર એટલે મોટા આગેવાન પુરુષો (ઉપાશ્રયથી) સાત ઘરોની અંદર જ કાળ કરી જાય, તો તે દિવસ અને અહોરાત્ર સુધી અસ્વાધ્યાય. એટલે સ્વાધ્યાય ત્યાગ પ્રસંગ અનુસારે બીજું પણ કહે છે.

હવે કોઈક અનાથ માણસ સો હાથમાં મરી જાય તો સ્વાધ્યાય ન કરવો. પરંતુ આમાં આ પ્રમાણે જયણા છે. શય્યાતરને અથવા બીજા કોઈ તેવા પ્રકારના શ્રાવકને આ પ્રમાણે વાત કરે કે, 'આ અનાથના મડદાવડે અમારા સ્વાધ્યાયમાં અંતરાય થાય છે. જો આ મડદાને દૂર છોડી દેવામાં આવે તો સારું થાય.' આ પ્રમાણે વિનંતિ કરતા શય્યાતર વગેરે જો દૂર લઈ જઈને પરઠવાવે તો સારું જેથી સ્વાધ્યાય થાય. અથવા શય્યાતર વગેરે કોઈપણ પરઠવવા ન ઈચ્છે તો બીજી વસ્તીમાં જાય. જો બીજી વસ્તી ન હોય તો રાત્રે ગૃહસ્થો ન જુએ તેમ વૃષભસાધુઓ અનાથના મડદાને બીજી જગ્યાએ મૂકી આવે. હવે જો તે મડદુ કૂતરા શિયાળ વગેરેએ ચારેબાજુથી પીંખી નાખ્યું હોય તો ચારેબાજુએ પડેલી બધી વસ્તુઓ જોઈને જે દેખાય તે બધુયે નાંખી આવે. બીજાંઓના મતે પ્રયત્નપૂર્વક જોયા પછી જો અશુદ્ધિ ન દેખાય તો અશઠ હોવાથી શુદ્ધ છે. અને પછી સ્વાધ્યાય કરે તો પણ પ્રાયશ્ચિત્તના ભાગી થતા નથી. (૧૪૬૧-૧૪૬૨)

**હવે तद्दिवसमोइयाइं ગાથામાં કહેલ આદિ શબ્દની વ્યાખ્યા કરે છે.**

**मयहर पगए बहुइक्खिए य सत्तघर अंतर मयंमि ।**
**निद्दुक्खत्ति य गरिहा न पढंति सणीयगं वावि ॥१४६३॥**

મહત્તારક એટલે ગામનો મુખી. ગામના વહીવટમાં નીમાયેલો મોટા પક્ષવાળો એટલે ઘણા સગાવહાલાવાળો અથવા શય્યાતર અથવા બીજા કોઈ સામાન્ય મનુષ્ય પોતાના ઉપાશ્રયથી સાત ઘરમાં મરણ પામ્યો હોય, તો તે દિવસ એટલે એક અહોરાત્રની અસજ્ઝાય થાય. કારણ કે લોકોમાં 'આ સાધુઓ નિદુઃખી એટલે શોક વગરના છે.' એમ નિંદા થાય છે. માટે ભણે નહીં અથવા ધીમે અવાજે ભણે, જેથી કોઈને સંભળાય નહીં. જ્યાં સુધી સ્ત્રીઓના રડવાનો અવાજ સંભળાય ત્યાં સુધી ન ભણે. (૧૪૬૩)

**યુદ્ધજન્ય અસજ્ઝાય પૂરી થઈ, હવે શારીરિક અસજ્ઝાય કહે છે.**

**तिरिपंचिंदिय दव्वे खेत्ते सट्ठिहत्थ पोग्गलाइन्नं ।**
**तिकुरत्थ महंतेगा नगरे बाहिं तु गामस्स ॥१४६४॥**

**તિર્યંચ પંચેન્દ્રિયનું લોહી વગેરે દ્રવ્ય, સાંઇઠ હાથરૂપ ક્ષેત્રમાં વીખરાયેલ હોય તો ત્રણ શેરી છોડીને, જો નગરમાં મોટા રાજમાર્ગ હોય તો તેને છોડીને, જો આખા નગરમાં વીખરાયેલ હોય, તો નગર છોડીને સ્વાધ્યાય કરે.**

શારીરિક અસજ્ઝાય ૧. મનુષ્ય અને ૨. તિર્યંચ સંબંધી—એમ બે પ્રકારે છે.

**તિર્યંચ અસજ્ઝાય :–** ૧. માછલા વગેરે જળચર, ૨. ગાય વગેરે સ્થળચર અને મોર વગેરે ખેચર—એમ ત્રણ પ્રકારે છે. તે જળચર વગેરે ત્રણે દ્રવ્ય વગેરેના ભેદે ચાર પ્રકારે છે. તે દ્રવ્ય વગેરે ચાર ભેદો કહે છે.

**દ્રવ્યથી :-** જળચર વગેરે તિર્યંચ પંચેંદ્રિયનું લોહી વગેરે દ્રવ્ય અસ્વાધ્યાયીકરૂપે થાય છે. વિકલેન્દ્રિયનું નહીં.

**ક્ષેત્રથી :-** સાઈઠ (૬૦) હાથમાં પડેલ હોય, તો છોડવું; એનાથી આગળ હોય તો નહીં. હવે જો તે સ્થાન કાગડા, કૂતરા વગેરે તિર્યંચોએ માંસના ટુકડાઓ ચારે તરફ વિખેર્યા હોય અને જો ગામ હોય, તો તેમાં ત્રણ શેરી પછી માંસ વગેરે વિખરાયેલ હોય, તો પણ સ્વાધ્યાય કરાય છે. જો નગર હોય તો ત્યાં જ્યાં આગળથી રાજા લાવ લશ્કર સાથે જતો હોય, દેવનું વાહન અથવા રથ વગેરે વિવિધ વાહનોની અવર જવર થતી હોય, તેવી એક મોટી શેરી છોડયા પછી પણ સ્વાધ્યાય કરાય. હવે જો આખા ગામમાં માંસના પુદ્ગલો વિખરાયેલા હોય, ત્રણ શેરી પછી પણ માંસનાં પુદ્ગલો મળતા હોય અને સ્વાધ્યાય થાય એવું ન હોય તો ગામ બહાર જઈ સ્વાધ્યાય કરવો. (૧૪૬૪)

**દ્રવ્યક્ષેત્રની વિચારણા પૂરી થઇ હવે કાળ અને ભાવથી કહે છે.**

**काले तिपोरिसि अट्ठ व भावे सुत्तं तु नंदिमाईयं ।**
**सोणिय मंस चम्मं अट्ठीवि य अहव चत्तारि ॥१४६५॥**

**કાળથી :-** જળચર વગેરેના લોહી વગેરે પડવાના કાળથી લઈ ત્રણ પોરિસી સ્વાધ્યાય હણાય છે. જ્યારે મોટા શરીરવાળા ઉંદરને બિલાડા વગેરે દ્વારા મારણથી આઠ પોરિસી સુધી અસ્વાધ્યાય છે.

**ભાવથી :-** નંદિ વગેરે સૂત્રો ન ભણે.

અથવા જળચર વગેરે દરેકના લોહી વગેરે ભેદોથી ચાર પ્રકાર થાય છે. તે આ પ્રમાણે લોહી, માંસ, ચામડી અને હાડકું. આ ચારે પ્રસિદ્ધ છે. (૧૪૬૫)

**अंतो बहिं व धोयं सट्ठी हत्थाउ पोरिसी तिन्नि ।**
**महकाइ अहोरत्तं रत्ते बूढे य सुद्धं तु ॥१४६६॥**

**જો સાઇઠ હાથની અંદર માંસને ધુવે અને પછી બહાર લઇ જાય તો પણ ત્રણ પ્રહર અસજ્ઝાય, મહાકાય હોય તો અહોરાત્ર અને લોહી પાણીના પ્રવાહમાં વહી ગયું હોય તો શુદ્ધ છે.**

જો સાઈઠ હાથની અંદર માંસને ધુવે અને પછી તેને બહાર લઈ જાય, તો પણ નિયમા કેટલાક અવયવો પડેલા હોય છે, તેથી ત્રણ પોરિસી સ્વાધ્યાય છોડી દેવો. એ પ્રમાણે માંસ પકાવવામાં પણ જાણવું. સાઇઠ (૬૦) હાથથી બહાર લઈ જઈને માંસ ધુવે પકાવે તો સ્વાધ્યાય કરવામાં કોઈ દોષ નથી.

હવે આગળ (૧૪૬૫નીગાથા) માં અટ્ઠેવ એમ જે કહ્યું છે, તેની વિચારણા કરે છે.

**महकाए अहोरत्तं એની વ્યાખ્યા આગળ કરી છે. આમાં કોઈક આચાર્યનો એવો મત છે કે,**

જો બિલાડી વગેરેએ ઉંદર વગરેને ફાડ્યા વગર જ મારી નાંખ્યો હોય અને મારીને અથવા ગળીને કે પકડીને સ્થાનથી ભાગી જાય તો સાધુઓ સૂત્ર ભણી શકે છે. એમાં કોઈ દોષ નથી. બીજા આચાર્યો આ વાત માનતા નથી. એમનું કહેવું છે કે,

કોને ખબર છે કે, ઉંદર ફાડયા વગર માર્યો છે કે, ફાડીને માર્યો.' બીજા આચાર્યો એમ કહે છે.

જ્યાં બિલાડી વગેરે જાતે મર્યા હોય કે, બીજા કોઈએ માર્યા હોય પણ જ્યાં સુધી શરીર અવિભિન્ન એટલે ફાડ્યા વગરનું હોય તો ત્યાં સુધી અસ્વાધ્યાય નથી. જ્યારે શરીર ભેદાય એટલે ફાટી જાય ત્યારે અસ્વાધ્યાય થાય છે. આ વાત બરાબર નથી. કારણ કે ચામડા વગેરેના ફાટવાથી ચારે પ્રકારનો અસ્વાધ્યાય કહ્યો છે. તેથી ન ભેદાયેલ હોય તો પણ અસ્વાધ્યાય થાય જ છે.

સાઈઠ હાથમાં પડેલું લોહી આકાશમાંથી પાણીનો પ્રવાહ એટલે વરસાદ વગેરે પડવાના કારણે આવેલા પાણીના પ્રવાહમાં જો તણાઈ જાય તો ત્રણ પોરિસી પહેલા પણ શુદ્ધ હોવાથી અસ્વાધ્યાયપણું નથી માટે સ્વાધ્યાય કરવો. (૧૪૬૬)

**હવે તિર્યંચોના અસ્વાધ્યાયના પ્રસંગથી બીજું પણ કહે છે.**

**अंडगमुज्झिय कप्पे न भूमि खणंति इयरहा तिन्नि ।**
**असज्झाइयप्पमाणं मच्छियपाया जहिं बुड्डे ॥१४६७॥**

**ઈંડુ પડે અને તેને દૂર મૂકી દીધા પછી સ્વાધ્યાય ખપે. પડેલ ઈંડાના કલલબિંદુઓ જમીન પર માખીના પગ ડૂબે એટલા પડયા હોય અને તેને ખોદી નાખવામાં આવે તો પણ ત્રણ પ્રહર અસ્વાધ્યાય.**

સાઈઠ હાથમાં ઈંડુ પડે અને તે જો ફૂટે નહીં અને અખંડ રહે તો તેને બીજી જગ્યાએ છોડી દેવામાં આવે, તો સ્વાધ્યાય ખપી શકે છે. હવે જો પડેલું ઈંડુ ફૂટી જાય અને તેના કલલ-લોહી વગેરે બિંદુઓ જમીન પર પડે, તો જ્યાં સુધી જમીન ન ખોદે ત્યાં સુધી સ્વાધ્યાય ન કલ્પે.

જો જમીન ખોદી અસ્વાધ્યાયિક વસ્તુઓ દૂર લઈ જાય તો પણ ત્રણ પ્રહર સુધી અસ્વાધ્યાય થાય છે. હવે જો કલ્પ એટલે કપડા પર તે ફૂટેલા ઈંડાના કલલબિંદુઓ પડયા હોય કે લાગ્યા હોય તો તેને સાઈઠ હાથ બહાર લઈ જઈ ધોવામાં આવે તો સ્વાધ્યાય ખપે. જે ઈંડાના બિંદુઓમાં કે લોહીના બિંદુઓમાં માંખીના પગ ડૂબે એટલા પણ પડયા હોય, તો પણ અસજ્ઝાય થાય છે. એટલે જેટલા પ્રમાણમાં માખી પગોના ડૂબે એટલા પણ ઈંડાના કે લોહીના ટીપા જમીન પર પડયા હોય તો પણ અસ્વાધ્યાય થાય છે. (૧૪૬૭)

**अजराउ तिन्नि पोरिसि जराउयाणं जरे पडे तिन्नि ।**
**रायपहबिंदुपडिए कप्पे वूढे पुणो नत्थि ॥१४६८॥**

**જરાયુ વગરનામાં ત્રણપ્રહર, જરાયુવાળાને જ્યાં સુધી જરાયુ પડે ત્યાં સુધી તથા જરાયુ પડી ગયા પછી ત્રણ પ્રહર, તથા રાજમાર્ગ પર જો અસ્વાધ્યાયિક બિંદુ વગેરે પડયા હોય, તો કલ્પે અને પ્રવાહમાં વહી ગયા પછી અસ્વાધ્યાય નથી.**

હાથણી વગેરે જરાયુ વગરના પ્રાણીઓના પ્રસવામાં ત્રણ પ્રહર અસ્વાધ્યાય થાય. અને નજીક પ્રસવી હોય તો અહોરાત્ર છોડીને સ્વાધ્યાય કલ્પે. જરાયુવાળા ગાય, ભેંસ વગેરેને જ્યાં સુધી જરાયુ લબડતા હોય ત્યાં સુધી અસ્વાધ્યાય અને જરાયુ પડ્યા બાદ પણ ત્રણ પ્રહર અસ્વાધ્યાય થાય છે.

રાજમાર્ગમાં જો અસ્વાધ્યાયિક લોહી વગેરેના ટીપા પડયાં હોય, તો સ્વાધ્યાય કરી શકાય છે. કારણકે આવતા જતાં મનુષ્ય તિર્યંચના પગ પડવાના કારણે પોતાની જાતેજ તે ઉડી જાય છે. અહીં આગળ જિનાજ્ઞાજ પ્રમાણરૂપ હોવાથી કોઇ દોષ નથી.

હવે જો તે તિર્યંચ સંબંધિત અસ્વાધ્યાયિક રાજમાર્ગથી બીજે સાઈઠ હાથની અંદર પડેલા હોય અને તે વરસાદના પાણીના પ્રવાહમાં તણાઇ જાય અથવા ઉપલક્ષણથી આગ વગેરે દ્વારા બળી જાય તો શુદ્ધ હોવાથી સ્વાધ્યાય ખપી શકે છે. (૧૪૬૮)

**તિર્યંચ સંબંધિત અસ્વાધ્યાય હવે મનુષ્ય સંબંધિત કહે છે.**

**माणुस्सयं चउद्धा अट्ठिं मोत्तूण सयमहोरत्तं ।**
**परियावन्नविवन्ने सेसे तिय सत्त अट्ठेव ॥१४६९॥**

**મનુષ્ય સંબંધિત અસ્વાધ્યાયિક હાડકાને છોડી, સો હાથમાં હોય, તો એક અહોરાત્ર અસજઝાય. અને પર્યાયાંતર એટલે પરિણામાંતર પામવાના કારણે વિવર્ણ થયા હોય, તો અસ્વાધ્યાય ન થાય. તથા બાકીનામાં ત્રણ દિવસ, સાત દિવસ, આઠ દિવસ, અસ્વાધ્યાય હોય છે.**

મનુષ્ય સંબંધિત અસ્વાધ્યાય ચામડુ, લોહી, માંસ અને હાડકા–એમ ચાર પ્રકારે છે. આ ચારેમાં હાડકાને છોડી બાકીનામાં ક્ષેત્રથી સો હાથ જમીનની અંદર, કાળથી એક અહોરાત્ર સ્વાધ્યાય ન ખપે. પરંતુ મનુષ્ય કે તિર્યંચ સંબંધિ જે લોહી છે, તે જો પરિણામાંતર એટલે સ્વભાવથી અને રંગથી જો બદલાઇ જાય અને ખેરના લાકડાના માવા જેવા થઇ જાય, તો અસજઝાય ન થાય અને તે પડયા હોય, તો સ્વાધ્યાય કરાય છે. અને પરિણામાંતર કે વિવર્ણપણા સિવાય બીજામાં અસ્વાધ્યાય થાય છે.

સ્ત્રીને જે મહિને મહિને આર્તવ અસજઝાય આવે છે, તે સ્વભાવથી ત્રણ દિવસ ઝરે છે, માટે ત્રણ દિવસ અસજઝાય થાય છે. ત્રણ દિવસ પછી પણ કેટલીક સ્ત્રીઓને ઝરે છે, પણ તે આર્તવ નથી પરંતુ તે મહારક્ત નિયમા પર્યાયાન્તર અને વિવર્ણ થયેલ હોય છે. એટલે અસ્વાધ્યાય ન ગણાય.

હવે જો સુવાવડી બાઈને પુત્રનો જન્મ થયો હોય, તો સાત દિવસ અસજ્ઝાય આઠમે દિવસે સ્વાધ્યાય કરવો, જો છોકરી જન્મી હોય તો લોહીની અધિકતાવાળી હોવાથી તેના જન્મમાં આઠ દિવસ અસ્વાધ્યાય થાય છે. નવમા દિવસે સ્વાધ્યાય કરાય છે. (૧૪૬૯)

**હવે આજ ગાથાના પદોની વ્યાખ્યા કરે છે.**

रत्तुक्कडा उ इत्थी अट्ठ दिणा तेण सत्त सुक्कहिए ।
तिण्ण दिणाण परेणं अणोउगं तं महारत्तं ॥१४७०॥

**નિષેકકાળે એટલે સંબંધ વખતે જો લોહીની અધિકતા હોય, તો સ્ત્રી જન્મે છે.**

અને તેના જન્મમાં આઠ દિવસની અસજ્ઝાય હોય છે. શુક્રની અધિકતા હોય, તો પુત્ર જન્મે છે, તેથી તેના જન્મમાં સાત દિવસની અસજ્ઝાય છે તથા સ્ત્રીઓને ત્રણ દિવસ પછી જે મહારક્ત હોય છે, તે અનાર્તવ છે. તેથી તે ગણવું નહીં. (૧૪૭૦)

**હવે આગળ જે હાડકાને છોડી એમ કહ્યું હતું તે હાડકાની વિધિ કહે છે.**

दंते दिट्ठि विगिंचण सेसट्ठि बारसेव वरिसाइं ।
दड्ढट्ठोसु न चेव य कीरइ सज्झायपरिहारो ॥१४७१॥

**દાંતને શોધીને પરઠવવો. બાકીના હાડકા જો સો હાથમાં પડ્યા હોય, તો સો હાથમાં બારવરસ સુધી અસ્વાધ્યાય. જો હાડકુ અગ્નિથી બળેલ હોય તો સ્વાધ્યાયનો ત્યાગ કરાતો નથી.**

જ્યાં આગળ સો હાથની અંદર છોકરા વગેરે કોઈનો પણ દાંત પડયો હોય, તો તેને પ્રયત્નપૂર્વક શોધે. જો મળી જાય, તો તેને પરઠવી દે. હવે જો સારી રીતે શોધવા છતાં ન મળે તો શુદ્ધ છે– એમ માની સ્વાધ્યાય કરવો. બીજા આચાર્યો કહે છે કે તેને પરઠવવા નિમિત્તનો કાઉસ્સગ્ગ કરવો.

દાંત સિવાય બીજા અંગોપાંગના હાડકાં સો હાથમાં પડ્યા હોય તો બાર વર્ષ સુધી સ્વાધ્યાય ન કરી શકાય, જો તે હાડકાં આગથી બળ્યા હોય અને સો હાથમાં રહ્યા હોય. તો વાચના વગેરે સ્વાધ્યાયનો ત્યાગ કરાતો નથી. અનુપ્રેક્ષા સ્વાધ્યાયનો ક્યારે પણ નિષેધ નથી. (૧૪૭૧)

## ૨૬૯. નંદીશ્વરદ્વીપમાં રહેલ જિનાલયો

विक्खंभो कोडिसयं तिसट्ठिकोडी उ लक्खचुलसीई ।
नंदीसरो पमाणंगुलेण इय जोयणपमाणो ॥१४७२॥

**નંદીશ્વરદ્વીપનો વિષ્કંભ પ્રમાણાંગુલવડે એકસોત્રેસઠ કરોડ ચોર્યાસી લાખ યોજન પ્રમાણ છે.**

આ જંબૂદ્વીપથી આઠમો, વલયાકારે, ઘણોજ સુંદર, બધાયે દેવ સમુદાયને આનંદ આપનારો, નંદીશ્વર નામનો દ્વીપ છે. નંદિ એટલે અતિમોટા જિનમંદિરો, ઉદ્યાનો, પુષ્કરિણી એટલે વાવડી, પહાડો વગેરે ઘણા પદાર્થોના સમૂહથી ઉત્પન્ન થયેલ અતિ અદ્ભૂત સમૃદ્ધિ વડે ઐશ્વર્યવાન જે દ્વીપ, તે નંદીશ્વર દ્વીપ. તે દ્વીપનો વિષ્કંભ એટલે ગોળાકાર વિસ્તાર એકસો ત્રેસઠ કરોડ ચોર્યાસીલાખ (૧,૬૩,૮૪૦૦૦૦૦) યોજન પ્રમાણ છે. અહીં પ્રમાણાંગુલ નિષ્પન્ન યોજન સમજવા. (૧૪૭૨)

**હવે અંજનગિરિ વગેરેનું કહે છે.**

एयंतो अंजणरयणसामकरपसरपूरिओवंता ।
बालतमालवणावलिजुयव्व घणपडलकलियव्व ॥१४७३॥
चउरो अंजणगिरिणो पुव्वाइदिसासु ताणमेक्केको ।
चुलसीसहस्सउच्चो ओगाढो जोयणसहस्सं ॥१४७४॥
मूले सहस्सदसगं विक्खंभे तस्स उवरि सयदसगं ।
तेसु घणमणिमयाइं सिद्धाययणाणि चत्तारि ॥१४७५॥

**આ દ્વીપમાં અંજનરત્નના શ્યામકિરણોના ફેલાવવાવડે દિશાના છેડાઓ પૂરાઇ ગયા હોવાથી. અતિયુવાન તમાલવૃક્ષની વનમંડલીવડે ઘેરાયેલા ન હોય અથવા વાદળોના સમૂહયુક્ત ન હોય ? એવા શોભતા ચાર અંજનગિરિઓ પૂર્વ વગેરે ચારે દિશાઓમાં એક-એક ચોર્યાસી હજાર ઊંચા અને એક હજારની ઊંડાઇવાળા રહેલા છે. તે પર્વતો મૂળમાં દસહજાર યોજનના વિષ્કંભવાળા ઉપર હજારયોજન વિસ્તારવાળા છે અને તેના પર ઘન મણિમય ચાર સિદ્ધાયતનો છે.**

આ નંદીશ્વરદ્વીપના મધ્યભાગે પૂર્વ વગેરે ચાર દિશાઓમાં એક-એક એમ ચાર અંજનગિરિઓ છે. જે સંપૂર્ણ અંજન રત્નમય હોવાથી અંજનગિરિ કહ્યા છે. તે આ પ્રમાણે છે.

પૂર્વદિશામાં દેવરમણ, દક્ષિણમાં નિત્યોદ્યોત, પશ્ચિમમાં સ્વયંપ્રભ અને ઉતરમાં રમણીય અંજનગિરિ છે. કહ્યું છે કે,

पुव्वादिसि देवरमणो, निच्चुज्जोओ दाहिणे दिसाए, अवर दिसाए सयप्पभ रमणिज्जो उत्तरे पासे (१)

તે અંજનગિરિઓ, અંજન એટલે કાળા રંગના રત્ન વિશેષો છે. તેના કાળા કિરણોનો સમૂહ ફેલાવાથી (દિશાઓના) છેડાનો સંપૂર્ણ ભાગ શ્યામપ્રભાવડે ભરાઈ ગયો છે, જેથી તે પર્વતો અતિ બાલ તમાલવૃક્ષના વન સમૂહથી ઘેરાયેલા ન હોય તથા વર્ષાઋતુના વાદળોના સમૂહ યુક્ત ન હોય? એવા શોભી રહ્યા છે. પર્વતો જ વિવિધ ઉદ્યાનોથી સુંદર અને પાણીદાર વાદળોના સમૂહવાળા છે.

તે દરેક અંજનગિરિ પર્વતો ચોર્યાસી હજાર યોજન ઊંચા છે. અને એકહજાર યોજન જમીનમાં ઊંડા છે. તથા તે મૂળમાં દસહજાર યોજન વિસ્તારવાળા છે. તે પછી માત્રા ઘટતા–ઘટતા ઉપર ટોચના ભાગે એકહજાર યોજનનો વિસ્તાર રહે છે.

આમ આ ચારે અંજનગિરિઓ મૂળમાં પહોળા વચ્ચે સાંકડા થતા અને ઉપર એકદમ પાતળા થયેલા છે. તેઓની ઉપર જુદા જુદા પ્રકારના અજોડ રત્નોથી બનેલ એક પર્વત પર એક—એમ ચાર સિદ્ધાયતનો શાશ્વતજિન પ્રતિમાના મંદિરો છે. (૧૪૭૩–૧૪૭૫)

હવે તે સિદ્ધાયતનોનું પ્રમાણ કહે છે.

जोयणसयदीहाइं बावत्तरि ऊसियाइं रम्माइं ।
पन्नास वित्थडाइं चउदुवाराइं सधयाइं ॥१४७६॥
पइदारं मणितोरणपेच्छामंडवविरायमाणाइं ।
पञ्चधणुस्सयऊसियअट्ठुत्तरसयजिणजुयाइं ॥१४७७॥

તે સિદ્ધાયતનો પૂર્વ પશ્ચિમ એકસોયોજન લાંબા, બોત્તેરયોજન ઊંચા અને ઉત્તર દક્ષિણ પચાસ યોજન પહોળા એવા રમણીય લાગે છે. તથા એક એક દિશામાં એક–એમ ચારે દિશામાં ચાર દ્વારોવાળા અને ધજાવાળા છે તથા તે દરેક દ્વારો ઉપર ચંદ્રકાન્ત વગેરે રત્નોવડે બનેલ તોરણોથી પ્રેક્ષામંડપ એટલે જોવા માટે બનાવેલા મંડપો શોભી રહ્યા છે. (૧૪૭૬–૧૪૭૭)

मणिपेढिया महिंदज्झया य पोक्खरिणिया य पासेसुं ।
कंकेल्लिसत्तवन्नयचंपयचूयवणजुत्ताओ ॥१४७८॥

**તે સિદ્ધાયતનોમાં મણિમય પીઠિકા, મહેન્દ્રધ્વજ, પુષ્કરિણિ વાવડી અને બાજુમાં કંકેલિ, શતપર્ણ, ચંપક અને આમ્રવન છે.**

તે મંદિરો ઋષભ, વર્ધમાન, ચંદ્રાનન, વારિષેણ નામના ચાર જિનેશ્વરોની પાંચસો ધનુષ્ય ઊંચી એવી એકસો આઠ પ્રતિમા યુક્ત છે. તે સિદ્ધાયતનોમાં વચ્ચે મણિમય એટલે સંપૂર્ણ રત્નમય પીઠિકા કહી છે. તેના ઉપર સિદ્ધાંતની ભાષા પ્રમાણે અતિમોટા એવા મહેન્દ્રધ્વજ અથવા શક્ર વગેરે ઇન્દ્રની ધજા જેવો મોટો ધ્વજ તે મહેન્દ્રધ્વજ છે. તે દરેક ધ્વજની આગળ સો યોજન લાંબી અને પચ્ચાસ યોજન પહોળી તથા દશ યોજન ઊંડી પુષ્કરિણી એટલે વાવો કહી છે

તે વાવડીઓની ચારે તરફ કંકેલી એટલે આશોકવૃક્ષ, સપ્તપર્ણ, ચંપક. આંબા વગેરે ઝાડોના વનો રહેલા છે. પૂર્વ દિશામાં અશોકવન, દક્ષિણ દિશામાં સપ્તછદવન, પશ્ચિમમાં ચંપકવન અને ઉત્તર દિશામાં સહકારવન છે. (૧૪૭૮)

## અંજનગિરિનું વર્ણન થયું હવે વાવડીનું વર્ણન કરે છે.

**नंदुत्तरा य नंदा आणंदा नंदिवद्धणा नाम ।**
**पुक्खरिणीओ चउरो पुव्वंजणचउदिसिं संति ॥१४७९॥**

તે ચારે અંજનગિરિઓમાં જે પૂર્વ દિશામાં રહેલ અંજનગિરિની ચારે દિશામાં એક લાખ યોજન ગયા પછી ચાર વાવડીઓ આવે છે. તે આ પ્રમાણે: પૂર્વમાં નંદોત્તરા, દક્ષિણમાં નંદા, પશ્ચિમમાં આનંદા અને ઉત્તરમાં નંદિવર્ધના નામે છે. (૧૪૭૯)

**विक्खंभायामेहिं जोयणलक्खप्पमाणजुत्ताओ ।**
**दसजोयणूसियाओ चउदिसितोरणवणजुयाओ ॥१४८०॥**

તે વાવડીઓ લંબાઈ પહોળાઈમાં એકલાખ યોજન પ્રમાણની તથા દસયોજન ઊંડાઈવાળી છે અને ચારે દિશાઓમાં વિવિધ મણિમય થાંભલાઓ ઉપર તોરણોવાળી અને પૂર્વ વગેરે ચારે દિશાનુક્રમે અશોક, સપ્તછદ, ચંપક અને આંબાના વનોવાળી છે. આ પ્રમાણે બાકીના અંજનગિરિઓની વાવડીઓની પણ હકિકત જાણવી. (૧૪૮૦)

**तासिं मज्झे दहिमुह महीहरा दुद्धदहियसियवन्ना ।**
**पोक्खरिणीकल्लो लाहहणणोब्भवफेणपिण्डुव्व ॥१४८१॥**

તે વાવડીઓમાં બરાબર વચ્ચે સંપૂર્ણ સ્ફટીકમય દધિમુખ નામના પર્વતો છે. તે પર્વતો દૂધ દહીંની જેમ સફેદ વર્ણના હોવાથી તે દધિમુખ કહેવાય છે. આથી અહીં ગ્રંથકાર ઉત્પ્રેક્ષા કરે છે કે, તે પર્વતો વાવડીઓના ઉછળતા પાણીના તરંગો પરસ્પર અથડાવાથી ઉત્પન્ન થયેલ ફીણના જાણે સમૂહ હોય એવા લાગે છે. (૧૪૮૧)

**चउसट्ठिसहस्सुच्चा दसजोयणसहस्सवित्थडा सव्वे ।**
**सहसमहो उवगाढा उवरिं अहो पल्लयागारा ॥१४८२॥**

આ દધિમુખ પર્વતો ચોસઠહજાર (૬૪૦૦૦) યોજન ઊંચા અને દસહજાર યોજન વિસ્તારવાળા અને જમીનમાં એક હજાર યોજન ઊંડા છે. ઉપર નીચે બધે એક સરખા વિસ્તારવાળા છે. આથી પ્યાલા આકારના લાગે છે. (૧૪૮૨)

अंजणगिरिसिहरेसु व तेसुवि जिणमंदिराइं रुंदाइं ।
वावीणमंतरालेसु पव्वयदुगं दुगं अत्थि ॥१४८३॥

તે દધિમુખ પર્વતો પર પણ વિશાળ જિનમંદિરો છે, જે અંજનગિરિના શિખર પર રહેલ સિદ્ધાયતનો છે, તેવા જ અહીં પણ છે તથા આ વાવડીઓના આંતરામાં પણ વચ્ચે બે-બે પર્વતો રહેલા છે. (૧૪૮૩)

ते रइकराभिहाणा विदिसिठिया अट्ठ पउमरायाभा ।
उवरिठियजिणिंद सिणाणघुसिणरससंगपिंगुव्व ॥१४८४॥
अच्चंतमसिणफासा अमरेसरविंदविहियआवासा ।
दसजोयणसहसुच्चा उव्विद्धा गाउयसहस्सं ॥१४८५॥
झल्लरिसंठाणठिया उच्चत्तसमाणवित्थडा सव्वे ।
तेसुवि जिणभवणाइं नेयाइं जहुत्तमाणाइं ॥१४८६॥

આગળ કહેલ અંજનગિરિથી વિદિશાઓમાં બે વાવડીઓની વચ્ચેના આંતરામાં બે-બે પર્વતો છે. એમ ચાર આંતરામાં બે-બે પર્વતો થતા આઠ રતિકર નામના પર્વતો થાય છે. તે પર્વતો પદ્મરાગ એટલે એક પ્રકારે લાલરંગનો મણિ વિશેષ, તેની પ્રભા જેવા એટલ લાલરંગના છે. આથી કવિકલ્પના કરે છે-કે, એના પર રહેલા શાશ્વતાજિન બિંબોને પ્રક્ષાલ કરતા જે કુમકુમના પાણી અને ન્હવણજળના સંપર્કથી જાણે લાલ થયા ન હોય! એમ લાગે છે.

બધા રતિકર પર્વતો અતિકોમલસ્પર્શવાળા તથા ઈન્દ્રોના સમૂહે કરેલ આવાસવાળા, દસહજાર યોજન ઊંચા અને એકહજાર ગાઉ એટલે અઢીસો યોજન ઊંડા સમાન વિસ્તારવાળા એટલે દસહજાર યોજનના વિસ્તારવાળા, બધી તરફથી એક સરખા ઝલ્લરી આકારના રહેલા છે. તે રતિકર પર્વતો પર ઉપરોક્ત પ્રમાણવાળા જિનભવનો રહેલા છે. (૧૪૮૪-૧૪૮૫-૧૪૮૬)

આ પ્રમાણે પૂર્વદિશાના અંજનગિરિની હકીકત કહી. એ પ્રમાણે બાકીના અંજનગિરિઓની પણ બધી હકીકત જાણવી.

**હવે વાવડીના નામોમાં ફરક છે, તે કહે છે.**

दाहिणदिसाए भद्दा विसालवावी य कुमुयपुक्खरिणी ।
तह पुंडरिगिणी मणितोरणआरामरमणीया ॥१४८७॥

पुक्खरिणी नंदिसेणा तहा अमोहा य वावि गोथूभा ।
तह य सुदंसणवावी पच्छिमअंजणचउदिसासु ॥१४८८॥
विजया य वेजयंती जयंति अपराजिया उ वावीओ ।
उत्तरदिसाए पुव्वुत्तवावीमाणा उ बारसवि ॥१४८९॥

દક્ષિણ અંજનગિરિની પૂર્વદિશામાં ભદ્રાવાવ છે, દક્ષિણમાં વિશાળા, પશ્ચિમમાં કુમુદા અને ઉત્તરમાં પુંડરીકિણી. આ બધી વાવડીઓ મણિમય તોરણ અને બગીચાઓથી રમણીય સુંદર છે.

પશ્ચિમ અંજનગિરિની પૂર્વદિશામાં નંદિષેણા વાવ છે. દક્ષિણમાં અમોઘા, પશ્ચિમમાં ગોસ્તૂભા અને ઉત્તરમાં સુદર્શના વાવડીઓ છે.

ઉત્તર અંજનગિરિની પૂર્વદિશામાં વિજયા, દક્ષિણમાં વૈજયન્તિ, પશ્ચિમમાં જયન્તી, ઉત્તરમાં અપરાજિતા વાવડીઓ છે.

આ બારે વાવડીઓનું પ્રમાણ વગેરે સર્વ પૂર્વ અંજનગિરિની વાવો પ્રમાણે જાણવું. (૧૪૮૭-૧૪૮૮-૧૪૮૯)

सव्वाओ वावीओ दहिमुहसेलाण ठाणभूयाओ ।
अंजण गिरिपमुहं गिरित्तेरसग विज्जइ चउदिसिंपि ॥१४९०॥

આ સોળે વાવો દધિમુખ પર્વતોના સ્થાનરૂપ એટલે આધારરૂપ છે. એટલે આ વાવોના મધ્યભાગે દધિમુખ પર્વતો રહેલા છે. આ પ્રમાણે નંદીશ્વર દ્વીપમાં ચારે દિશાઓમાં દરેકની અંદર અંજનગિરિ વગેરે તેર તેર પર્વતો રહેલા છે. તે આ પ્રમાણે— એક દિશામાં એક અંજનગિરિ, ચાર દધિમુખ અને આઠ રતિકર—એમ કુલ્લે તેર પર્વતો થાય છે. તે તેર પર્વતો ચારે દિશામાં હોવાથી ચારવડે ગુણતા બાવન પર્વતો થાય છે. (૧૪૯૦)

હવે ઉપસંહાર કરે છે.

इय बावन्नगिरिसिरसिहरट्ठि य वीयरायबिम्बाणं ।
पूयणकए चउव्विहदेवनिकाओ समेइ सया ॥१४९१॥

ઉપર (આગળ) કહેલ બાવન પર્વતોના શિખરો પર રહેલા વીતરાગ ભગવંતોના બિંબોની પૂજા માટે ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક—એમ ચાર નિકાયના દેવો હંમેશા આવે છે. (૧૪૯૧)

અહીં નંદીશ્વર દ્વીપના વિષયમાં ઘણું કહેવાનું છે પણ તે ગ્રંથ ગૌરવના ભયથી કહેતા નથી. વિશેષ જાણવાની ઇચ્છા હોય તેમણે જીવાભિગમ વગેરે શાસ્ત્રોથી જાણવું. અહીં જીવાભિગમ, દ્વીપસાગર પ્રજ્ઞપ્તિ, સંગ્રહણી વગેરે ગ્રંથો સાથે કંઈક જુદાપણું જણાય છે, તે મતાંતરોરૂપે જાણવું.

## ૨૭૦. ' લબ્ધિઓ '

आमोसहि १ विप्पोसहि २ खेलोसहि ३ जल्लओसही ४ चेव ।
सव्वोसहि ५ संभिन्ने ६ ओही ७ रिउ ८ विउलमइलद्धी ९ ॥१४९२॥
चारण १० आसीविस ११ केवलिय १२ गणहारिणो य १३ पुव्वधरा १४ ।
अरहंत १५ चक्कवट्टी १६ बलदेवा १७ वासुदेवा १८ य ॥१४९३॥
खीरमहुसप्पिआसव १९ कोट्ठयबुद्धी २० पयाणुसारी २१ य ।
तह बीयबुद्धि २२ तेयग २३ आहारग २४ सीयलेसा २५ य ॥१४९४॥
वेउव्विदेहलद्धी २६ अक्खीणमहाणसी २७ पुलाया २८ य ।
परिणामतव वसेणं एमाई हुंति लद्धीओ ॥१४९५॥

૧. આમર્ષૌષધિલબ્ધિ, ૨. વિપ્રુડૌષધિલબ્ધિ, ૩. ખેલૌષધિલબ્ધિ, ૪. જલ્લૌષધિલબ્ધિ, ૫. સર્વૌષધિલબ્ધિ, ૬. સંભિન્નશ્રોતોલબ્ધિ, ૭. અવધિલબ્ધિ, ૮. ઋજુમતિલબ્ધિ, ૯. વિપુલમતિલબ્ધિ, ૧૦. ચારણલબ્ધિ, ૧૧. આશીવિષલબ્ધિ, ૧૨. કેવલિલબ્ધિ, ૧૩. ગણધરલબ્ધિ, ૧૪. પૂર્વધરલબ્ધિ, ૧૫. અર્હંતલબ્ધિ, ૧૬. ચક્રવર્તિલબ્ધિ, ૧૭. બળદેવ લબ્ધિ, ૧૮. વાસુદેવલબ્ધિ, ૧૯. ક્ષીરમધુસર્પિરાસવલબ્ધિ, ૨૦. કોષ્ઠકબુદ્ધિલબ્ધિ, ૨૧. પદાનુસારીલબ્ધિ, ૨૨. બીજબુદ્ધિલબ્ધિ, ૨૩. તેજોલેશ્યાલબ્ધિ, ૨૪. આહારકલબ્ધિ. ૨૫. શીતલેશ્યાલબ્ધિ, ૨૬. વૈકુર્વિકદેહલબ્ધિ, ૨૭. અક્ષીણમહાનસીલબ્ધિ, ૨૮. પુલાકલબ્ધિ. આ અઠ્ઠાવીસ લબ્ધિઓ છે. આદિ શબ્દવડે બીજી પણ લબ્ધિઓ છે, એમ જણાય છે. જીવોના શુભ, શુભતર, શુભતમ પરિણામોના કારણે તથા અસાધારણ તપના પ્રભાવથી વિવિધ પ્રકારની લબ્ધિઓ એટલે ઋદ્ધિ વિશેષો જીવને પ્રાપ્ત થાય છે. (૧૪૯૨-૧૪૯૫)

**હવે અહીં કેટલીક લબ્ધિઓની ક્રમસર વ્યાખ્યા જણાવે છે, તેમાં પ્રથમ આમર્ષૌષધિ વગેરે પાંચ લબ્ધિઓની વ્યાખ્યા કરે છે.**

संफरिसणमामोसो मुत्तपुरीसाण विप्पुसो वावि (वयवा) ।
अन्ने विडिति विट्ठा भासंति पइत्ति पासवणं ॥१४९६॥

एए अन्ने य बहू जेसिं सव्वेवि सुरहिणोऽवयवा ।
रोगोवसमसमत्था ते हुंति तओ सहि पत्ता ॥१४९७॥

**સંસ્પર્શન એટલે સ્પર્શ કરવો, તે આમર્શ કહેવાય છે. પેશાબ અને વિષ્ઠા તે વિપ્રુષ કહેવાય છે. બીજાઓ વિડ્ એટલે વિષ્ઠા અને પત્તિ એટલે પેશાબ કહે છે. આ બે તથા બીજા પણ સુગંધી અવયવો રોગોને સમાવવા સમર્થ હોય તે.**

**આમર્ષઔષધિલબ્ધિ :–** સ્પર્શ કરવો, તે આમર્શ કહેવાય છે. તે સ્પર્શ જ ઔષધિરૂપે જેમને હોય એટલે જેમનો સ્પર્શ ઔષધિરૂપે પરિણમેલો હોય, તે આમર્શોષધિ કહેવાય. એટલે જેઓ હાથ વગેરે અવયવોના સ્પર્શ માત્રથી જ વિવિધ રોગો દૂર કરવા સમર્થ હોય, તેવા સાધુઓ લબ્ધિ અને લબ્ધિવંતના અભેદ ઉપચારથી આમર્શોષધિરૂપે કહેવાય છે. આનો ભાવ એ છે, જેના પ્રભાવથી પોતાના હાથપગ વગેરે અવયવોના સ્પર્શ-માત્રથી જ પોતાના તેમજ બીજાના બધાયે રોગો દૂર થાય, તે આમર્શોષધિલબ્ધિ કહેવાય છે.

**વિપ્રુડ્-ખેલ્લ-જલ્લ-સર્વૌષધિલબ્ધિ :–** પેશાબ અને વિષ્ઠાના વિપ્રુષ એટલે અવયવો, વિપ્રુડ કહેવાય છે. પેશાબ અને વિષ્ઠાના અવયવો જ અહીં વિપ્રુડ્ કહેવાય છે. બીજા આચાર્યો વિડ્ એટલે વિષ્ઠા અને પત્તિ એટલે પેશાબ કહે છે.

વિષ્ઠા તથા પેશાબ–એ અને બીજા પણ શ્લેષ્મ, મેલ, વાળ, નખ વગેરે ઘણા અને બધા અવયવો, જે સાધુઓના સુગંધી હોય અને રોગોને શમાવવા સમર્થ હોય, તો સાધુ તે ઔષધિની લબ્ધિવાળા કહેવાય છે. જેમકે વિપ્રુડૌષધિ, ખેલ્લૌષધિ, જલ્લૌષધિ, કેશૌષધિ, નખૌષધિ વગેરે ઔષધિ તથા સર્વૌષધિવાળા સાધુઓ કહેવાય છે. આનો ભાવ એ છે કે,

જે સાધુના પ્રભાવથી એમની વિષ્ઠા તથા પેશાબનો થોડો પણ અંશ કે સુગંધ રોગ સમૂહનો નાશ કરવા સમર્થ થાય, તે વિપ્રુડૌષધિ તથા ખેલ એટલે શ્લેષ્મ, નાકનો મેલ, જલ્લ એટલે શરીરનો મેલ. કાન, મોઢું, નાક, આંખ, જીભ વગેરેનો જે મેલ તે જલ્લ કહેવાય. આ ખેલ અને જલ્લના પ્રભાવથી બધા રોગો દૂર થાય અને સુગંધી બને તે ખેલૌષધિ અને જલ્લૌષધિ કહેવાય. તથા જેના પ્રભાવથી વિષ્ઠા, પેશાબ, વાળ, નખ વગેરે બધાયે અવયવો એકઠા થઈ બધે ઔષધરૂપ અને સુગંધીરૂપે પરિણમે તે સર્વૌષધિ. (૧૪૯૬-૧૪૯૭)

**जो सुणइ सव्वओ सुणइ सव्वविसए उ सव्वसोएहिं ।**
**सुणइ बहुएव सद्दे भिन्ने संभिन्नसोओ सो ॥१४९८॥**

**જે સર્વશ્રોતો એટલે કાંણાઓવડે બધુયે સાંભળી શકે અને બધો વિષય જાણી શકે તથા એક સાથે સાંભળેલા શબ્દોને ભિન્ન-ભિન્નસ્વરૂપે જાણી શકે તે સંભિન્નશ્રોતો લબ્ધિ.**

**સંભિન્નશ્રોતોલબ્ધિ:–**જે શરીરના બધાયે દેશ એટલે અવયવોવડે સાંભળી શકે, તે સંભિન્નશ્રોતા કહેવાય. અથવા જે શબ્દ વગેરે સર્વે વિષયોને બધાયે શ્રોતો એટલે ઇન્દ્રિયોવડે જાણી શકે એટલે કોઈપણ એક જ ઇન્દ્રિયવડે બીજી ઇન્દ્રિયવડે જાણવા યોગ્ય વિષયોને જાણી શકે, તે સંભિન્નશ્રોતોલબ્ધિમાન કહેવાય.

અથવા બાર યોજનના વિસ્તારમાં રહેલા ચક્રવર્તિના સૈન્યમાં વાગતા વાજિંત્રોના સમૂહને અથવા એક સાથે વગાડાતા ઢોલ વગેરેના અવાજને ભિન્ન-ભિન્ન લક્ષણ અને વિધાનપૂર્વક પરસ્પર જુદા-જુદા લોક સમૂહમાંથી ઉત્પન્ન થયેલા અથવા શંખ, કાહલા, ભેરી એટલે નગારા, ભાણુ, ઢક્કા વગેરે વાજિંત્રના અવાજને એકી સાથે જ અને ઘણા શબ્દોને જે સાંભળી શકે અને તેનો નિર્ણય કરી શકે, તે સંભિન્નશ્રોતાલબ્ધિમાન કહેવાય છે. (૧૪૯૮)

रिउ सामन्नं तम्मत्तगाहिणी रिउमई मणोनाणं ।
पायं विसेसविमुहं घडमेत्तं चिंतियं मुणइ ॥१४९९॥
विउलं वत्थुविसेसण नाणं तग्गाहिणी मई विउला ।
चिंतियमणुसरइ घडं पसंगओ पज्जवसएहिं ॥१५००॥

**ઋજુ એટલે સામાન્ય, તન્માત્રને ગ્રહણ કરનારું જે મનઃપર્યવજ્ઞાન, જે પ્રાયઃ કરી વિશેષ રહિત છે. જેમ ઘડાને ચિંતવેલ છે-એમ જાણી શકે.**

**વસ્તુના વિશેષને ગ્રહણ કરનારું જે જ્ઞાન અને તેને ગ્રહણ કરનારી જે વિપુલબુદ્ધિ, તે વિપુલમતિ મનઃપર્યવ કહેવાય. અર્થાત્ ઘટને પર્યાયો સાથે જાણી શકે છે.**

**ઋજુમતિલબ્ધિ** :– ઋજુ એટલે સામાન્ય વસ્તુમાત્રને ગ્રહણ કરનારી મતિ એટલે જ્ઞાન તે ઋજુમતિમનઃપર્યવજ્ઞાન કહેવાય. તે ઋજુમતિ મોટે ભાગે વિશેષ રહિતપણે એટલે દેશકાળ વગેરે અનેક પર્યાયો વગર બીજાવડે ચિંતવાયેલ ઘડામાત્રને જાણી શકે છે.

**વિપુલમતિલબ્ધિ** :– ઘડા વગેરે વસ્તુઓને દેશ, ક્ષેત્ર, કાળ વગેરે વિશેષોના માન એટલે સંખ્યાને જાણી શકે, તે વિપુલને ગ્રહણ કરનારી જે બુદ્ધિ એટલે જ્ઞાન તે વિપુલમતિમનઃપર્યવજ્ઞાન કહેવાય. આ જ્ઞાન બીજાએ ચિંતવેલ ઘડાને પ્રસંગાનુસાર સેંકડો પર્યાય યુક્ત જાણી શકે છે. જેમકે આ ઘડો સોનાનો, પાટલિપુત્ર નગરનો, નવો અદ્યતન, મોટા ઓરડામાં રહેલો, વગેરે ઘણા વિશેષોથી વિશિષ્ટ ઘડાને બીજાએ વિચારેલ જાણી શકે છે. આનો ભાવ એ છે કે,

મનઃપર્યવજ્ઞાન બે પ્રકારે છે. ૧. ઋજુમતિ અને ૨. વિપુલમતિ. તેમાં જે સામાન્ય ઘડા વગેરે વસ્તુમાત્રને વિચારવામાં પ્રવૃત્ત થયેલ મનના પરિણામને ગ્રહણ કરનાર, કંઈક અવિશુદ્ધતર, મનુષ્યક્ષેત્ર એટલે અઢીદ્વીપમાં અઢી આંગળ ઓછું, એટલા ક્ષેત્રમાં રહેલા વિષયનું જે જ્ઞાન, તે ઋજુમતિલબ્ધિ છે. સેંકડો પર્યાયો સહિત ઘડા વગેરે વસ્તુઓના વિશેષ ચિંતનમાં પ્રવૃત્ત થયેલ મનોદ્રવ્યને ગ્રહણ કરનાર, સ્પષ્ટ અને સંપૂર્ણ મનુષ્યક્ષેત્ર વિષયક જે જ્ઞાન, તે વિપુલમતિલબ્ધિ. (૧૪૯૯-૧૫૦૦)

आसी दाढा तग्गय महाविसाऽऽसीविसा दुविहभेया ।

ते कम्मजाइभेएण णेगहा चउविहविकप्पा ॥१५०१॥

**આશી એટલે દાઢા. તેમાં જે રહેલ મહાઝેર, તે આશીવિષ કહેવાય. તે ઝેર કર્મ અને જાતિના ભેદે બે પ્રકારે છે. તે બંને પ્રકારો પણ અનેક ભેદે અને ચાર ભેદે છે.**

**આશીવિષલબ્ધિ** :– આશી એટલે દાઢાઓ. તેમાં રહેલું જે મહાઝેર જેમને હોય, તે આશીવિષ કહેવાય છે. તે આશીવિષો બે પ્રકારે છે.

૧. કર્મભેદ ૨. જાતિભેદ. તેમાં કર્મભેદમાં પંચેંદ્રિય તિર્યંચ યોનિકજીવો, મનુષ્યો, સહસ્રાર સુધીના દેવો–એમ અનેક પ્રકારો છે. એમને તપ ચારિત્રના અનુષ્ઠાનો અથવા બીજા કોઈક ગુણનાં કારણે આશીવિષ સાપ, વીંછી, નાગ, વગેરેવડે સાધ્યક્રિયા તેઓ કરી શકે છે.

શ્રાપ વગેરે આપવા દ્વારા બીજાનો નાશ પણ કરી શકે છે. દેવોને આ લબ્ધિ અપર્યાપ્ત અવસ્થામાં હોય છે એમ જાણવું. કારણકે, જેમને પૂર્વે મનુષ્યભવમાં આશીવિષલબ્ધિ પ્રાપ્ત કરી હોય અને સહસ્રાર સુધીમાં નવીનદેવ તરીકે ઉત્પન્ન થયેલા હોય, તેમને અપર્યાપ્ત અવસ્થામાં પૂર્વભવની આશીવિષલબ્ધિના સંસ્કાર હોવાથી આશીવિષલબ્ધિવાનરૂપે વ્યવહારમાં કહેવાય છે. તે પછી પર્યાપ્ત અવસ્થામાં તે સંસ્કારો જતા રહેતા હોવાથી આશીવિષલબ્ધિમાન કહેવાતા નથી.

જો કે પર્યાપ્તાદેવો પણ શ્રાપ વગેરે દ્વારા બીજાનો નાશ કરી શકે છે. છતાં તેઓ તે લબ્ધિધારી કહેવાતા નથી. કારણકે, આ પ્રમાણે થવું તેમને ભવ પ્રત્યય અને તેવા પ્રકારના સામર્થ્યના કારણે હોવાથી સર્વ સાધારણ છે. ગુણપ્રત્યયિક જે સામર્થ્ય વિશેષ તે લબ્ધિ કહેવાય એવી પ્રસિદ્ધિ છે.

જાતિ આશીવિષ વીંછી, દેડકો, સાપ અને મનુષ્યના ભેદે ચારે પ્રકારે છે. તેઓ ક્રમસર બહુ, બહુતર, બહુત્તમ, અતિબહુતમ વિષવાળા છે. વીંછીનું ઝેર ઉત્કૃષ્ટથી અર્ધ ભરતક્ષેત્ર પ્રમાણ શરીરમાં ફેલાઇ શકે છે. દેડકાનું ઝેર ભરતક્ષેત્ર પ્રમાણ, સાપનું ઝેર જંબૂદ્વીપ પ્રમાણ ક્ષેત્ર અને મનુષ્યનું ઝેર સમય ક્ષેત્ર પ્રમાણ એટલે અઢી દ્વીપ પ્રમાણ ક્ષેત્રમાં ફેલાઇ શકે છે. (૧૫૦૧)

## હવે ક્ષીર મધુસર્પિરાશ્રવ અને કોષ્ઠકબુદ્ધિલબ્ધિ કહે છે.

खीरमहुसप्पिसाओवमाणवयणा तयासवा हुंति ।

कोट्ठयधन्नसुनिग्गलसुत्तत्था कोट्ठबुद्धीया ॥१५०२॥

**ખીર, મધ, ઘીના જેવા સ્વાદની ઉપમાવાળા વચનો જેમના નીકળે, તે ક્ષીરમધુ સર્પિરાશ્રવલબ્ધિ કહેવાય અને કોઠીમાં રાખેલા અનાજની જેમ જેના સૂત્ર અર્થ હોય, તે કોષ્ઠકબુદ્ધિ કહેવાય.**

**ક્ષીરમધુસર્પિરાશ્રવલબ્ધિ** :– ખીર, મધ, ઘી. ના સ્વાદની ઉપમાવાળું મીઠું જેમનું વચન હોય અર્થાત્ વજ્રસ્વામિની જેમ જે બોલે, તેને ક્ષીરમધુસર્પિરાશ્રવલબ્ધિ કહેવાય. આનો ભાવ એ છે કે,

શેરડીને ચરનારી એકલાખ ગાયનું દૂધ પચાસ હજાર ગાયને પીવડાવે, તેનું દૂધ બીજી અડધી ગાયને, એમ અડધી અડધી ગાયોને પીવડાવતા છેલ્લે એક ગાયને પીવડાવી તેનું દૂધ કાઢી તેની ખીર બનાવે. તેને આગમમાં 'ચાતુરિક્ય' એ પ્રમાણે કહ્યું છે. તે ખીર ખાવાથી મન અને શરીર અતિ આનંદકારક થાય છે. તેમ જેમનું વચન સાંભળવાથી મન અને શરીરને સુખકારક થાય, તે ક્ષીરાશ્રવ કહેવાય છે. ખીરની જેમ જેના વચનો બધી રીતે શ્રવે એટલે ઝરે છે, તે ક્ષીરાશ્રવ કહેવાય છે.

એ પ્રમાણે મધમાં પણ જાણવું. અહીં મધુ એટલે કોઈક અતિશય સાકર વગેરેવાળું મીઠું દ્રવ્ય તે જાણવું. ઘી પણ શેરડીનો ચારોચરનારી ગાયના દૂધમાંથી ઉત્પન્ન થયેલ અને ધીમા તાપે તપાવેલ, વિશિષ્ટ વર્ણ એટલે રંગવાળું ઘી જાણવું. ઘીના સ્વાદ જેવા મીઠા વચન બોલનાર ઘૃતાશ્રવા કહેવાય. ઉપલક્ષણથી અમૃતાશ્રવિણ, ઇક્ષુરસાશ્રવિણ વગેરે પણ ઉપર પ્રમાણે જાણવા.

અથવા જેના પાત્રમાં પડેલ ખરાબ અન્ન પણ ખીર, મધ, ઘી વગેરે સમાનરસ, વીર્ય એટલે શક્તિ અને વિપાક એટલે ફળ આપનારુ થાય, તે અનુક્રમે ક્ષીરાશ્રવિણ, મધ્વાશ્રવિણ, સર્પિરાશ્રવિણ કહેવાય છે.

**કોષ્ઠકબુદ્ધિલબ્ધિ** :– કોઠીમાં રાખેલ અનાજની જેમ જેમના સૂત્રાર્થ ભૂલાતા ન હોવાથી અને લાંબો સમય રહેતા (ટકતા) હોવાથી, તેઓ કોઠીમાં રહેલા અનાજની જેમ નાશ ન પામતા સૂત્રાર્થવાળા, મુનિ કોષ્ઠકબુદ્ધિલબ્ધિવંત કહેવાય છે.

કોઠીમાં જેમ અનાજ રહે તેવી જેની બુદ્ધિ હોય, જે આચાર્યના મુખમાંથી નીકળેલ સૂત્રાર્થને તે જ રૂપે ધારણ કરે, તે સૂત્રાર્થમાં કોઈપણ કાળે જરાપણ ઓછું ન થાય, તે કોષ્ઠકબુદ્ધિલબ્ધિ કહેવાય. (૧૫૦૨)

### હવે પદાનુસારી અને બીજબુદ્ધિલબ્ધિ કહે છે.

जो सुत्तपएण बहुं सुयमणुधावइ पयाणुसारी सो ।
जो अत्थपएणऽत्थं अणुसरइ स बीयबुद्धीओ ॥१५०३॥

**જે એક સૂત્રપદવડે ઘણાં સૂત્રકારને ગ્રહણ કરી શકે તે પદાનુસારીલબ્ધિ. જે એક અર્થપદવડે (ઘણા) અર્થને પામે તે બીજબુદ્ધિ કહેવાય.**

**પદાનુસારીલબ્ધિ** :– જે અધ્યાપક વગેરે દ્વારા કોઈપણ એક સૂત્રપદ ભણ્યો હોય, તે સૂત્રપદવડે ઘણા સૂત્રપદોને પોતાની બુદ્ધિવડે જાણી, તે પ્રમાણે જ ગ્રહણ કરે તે પદાનુસારીલબ્ધિમાન કહેવાય.

**બીજબુદ્ધિલબ્ધિ :–** 'ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય યુક્ત સત્' વગેરે જેવા અર્થ પ્રધાન-પદને મેળવી, તે એક બીજરૂપ પદવડે જે બીજું નહીં સાંભળેલ શ્રુતના પણ યથાવસ્થિત ઘણા અર્થને જાણી શકે, તે બીજબુદ્ધિલબ્ધિવાન કહેવાય. અને સર્વોત્તમ પ્રકર્ષને પ્રાપ્ત થયેલા આ બીજબુદ્ધિલબ્ધિ તીર્થંકરોના ગણધરોને હોય છે. જેઓ ઉત્પાદ વગેરે ત્રણપદોનું અવધારણ કરી સંપૂર્ણ દ્વાદશાંગીરૂપ પ્રવચનની ગુંથણી કરે છે. (૧૫૦૩)

अक्खीणमहाणसिया भिक्खं जेणाणियं पुणो तेणं ।
परिभुत्तं चिय खिज्जइ बहुएहिंवि न उण अन्नेहिं ॥१५०४॥

**અક્ષીણમહાનસીલબ્ધિ :–** જેનાવડે લવાયેલ ભિક્ષામાંથી ઘણા એટલે લાખોની સંખ્યામાં લોકો ધરાઈને જમે અને જ્યાં સુધી પોતે ન જમે, ત્યાં સુધી આહાર પૂર્ણ ન થાય, તે અક્ષીણમહાનસીલબ્ધિ કહેવાય. (૧૫૦૪)

भवसिद्धियपुरिसाणं एयाओ हुंति भणियलद्धीओ ।
भवसिद्धियमहिलाणवि जत्तिय-जायंति तं वोच्छं ॥१५०५॥

**ભવસિદ્ધિક એટલે ભવ્ય પુરુષોને આ કહેલ લબ્ધિઓ હોય છે. અને હવે ભવસિદ્ધિક સ્ત્રીઓને જેટલી લબ્ધિઓ હોય છે તે કહે છે.**

અહીં અવધિ, ચારણ, કેવલિ, ગણધર, પૂર્વધર, અર્હત્, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ, તેજોલેશ્યા, આહારક, શીતલેશ્યા, વૈક્રિય, પુલાક–આ લબ્ધિઓ પ્રાયઃ કરી આગળ મોટે ભાગે પ્રતિપાદન કરી હોવાથી અને પ્રસિદ્ધ હોવાથી સૂત્રકારે એની વ્યાખ્યા કરી નથી પરંતુ તેજોલેશ્યા અને શીતલેશ્યાલબ્ધિની વ્યાખ્યા સ્થાનશૂન્ય ન રહે તે માટે કરે છે.

**તેજોલેશ્યાલબ્ધિ :–** ક્રોધની અધિકતાથી શત્રુ તરફ મોઢામાંથી અનેક યોજન પ્રમાણ ક્ષેત્રમાં રહેલ વસ્તુઓને બાળવામાં સમર્થ એવો તીવ્રતર તેજ એટલે અગ્નિ કાઢવાની શક્તિ તે તેજોલેશ્યાલબ્ધિ.

**શીતલેશ્યાલબ્ધિ :–** અતિ કરૂણાધીન થઈ જેના પર ઉપકાર કરવો હોય, તેના તરફ તેજોલેશ્યા બુઝાવવા સમર્થ એવો શીતલ તેજ વિશેષ છોડવાની જે શક્તિ, તે શીતલેશ્યા.

કૂર્મગામમાં કરૂણારસવાળા, સ્નાનના અભાવના કારણે ઉત્પન્ન થયેલ ઘણી જુને બચાવનાર, બાલતપસ્વી, વૈશિકાયિન તાપસને નિષ્કારણ કજિયા કરવાની ઈચ્છાથી ગોશાળો "અરે યૂકા શય્યાતર" એમ કહી તાપસના કોપાગ્નિને પ્રગટાવવા લાગ્યો. ત્યારે વૈશિકાયિન તાપસ તે દુરાત્માને બાળવા માટે વજ્રને બાળવાની શક્તિવાળી તેજોલેશ્યા છોડી. તેજ વખતે દયાળુ ભગવાન વર્ધમાનસ્વામીએ પણ તેના પ્રાણની રક્ષા માટે ઘણા તાપ ઉચ્છેદ કરવામાં ચતુર એવી શીતલેશ્યા છોડી. જે સાધુ નિરંતર છટ્ઠ તપ કરે અને પારણામાં એક મૂઠી નખીયાવાળા અડદ વાપરે અને એક કોગળો પાણી પીએ–એ રીતે કરતા છ મહિને તેજોલેશ્યાલબ્ધિ ઉત્પન્ન થાય છે.

અહીં આદિ શબ્દથી બીજી પણ અણુત્વ, મહત્વ, લઘુત્વ, ગુરુત્વ, પ્રાપ્તિ, પ્રકામ્ય, ઈશિત્વ, વશિત્વ, અપ્રતિઘાતિત્વ, અન્તર્ધાન, કામરૂપિત્વ વગેરે લબ્ધિઓ જાણવી.

અણુત્વ એટલે જે લબ્ધિના કારણે અણુ જેટલું શરીર કરી એક નાનાછિદ્રમાં પણ પ્રવેશ કરી શકે અને ત્યાં ચક્રવર્તિના ભોગોને પણ ભોગવે.

મહત્વલબ્ધિ એટલે મેરૂ પર્વતથી પણ મોટુ શરીર કરવાનું જે સામર્થ્ય તે મહત્વ.

વાયુથી પણ હલકુ શરીર કરવાનું જે સામર્થ્ય તે લઘુત્વ.

વજ્રથી પણ ભારે શરીર કરવાનું જે સામર્થ્ય તે ગુરુત્વ. જે પ્રકૃષ્ઠબળવાળા ઇન્દ્ર વગેરેથી પણ ઉંચકવું દુઃસહ થાય છે.

પ્રાપ્તિલબ્ધિ એટલે જમીન પર જ રહીને આંગળીના અગ્રભાગવડે મેરૂપર્વત આગળ રહેલા સૂર્ય વગેરેને અડવાનું સામર્થ્ય પ્રાપ્ત થાય તે.

પ્રકામ્યલબ્ધિ એટલે પાણીમાં પણ જમીનની જેમ પ્રવેશવા અને ચાલવાની શક્તિ વિશેષ તે તથા પાણીની જેમ જમીનમાં પણ ડુબકી લગાવીને નીકળવાની જે શક્તિ તે.

ઈશિત્વ એટલે ત્રણ લોકની પ્રભુતા તીર્થંકર ઇન્દ્ર વગેરેની ઋદ્ધિ વિકુર્વાની જે શક્તિ તે.

વશિત્વ એટલે સર્વ જીવને વશ કરવાની શક્તિ.

અપ્રતિઘાતિત્વલબ્ધિ એટલે પર્વતમાં પણ નિઃશંકપણે એટલે અટકયા વગર ગતિ કરી શકે તે.

અન્તર્ધાનલબ્ધિ એટલે અદૃશ્ય થવાની જે શક્તિ તે.

કામરૂપિત્વલબ્ધિ એટલે એકી સાથે વિવિધ-પ્રકારના રૂપો વિકુર્વી શકે.

હવે ભવ્ય અભવ્ય પુરુષો અને સ્ત્રીઓને જેટલી લબ્ધિઓ હોય છે, તે કહે છે. ભવિષ્યમાં જેઓને મુક્તિપદ મળવાનું તે ભવસિદ્ધિક કહેવાય. એટલે ભવ્ય કહેવાય. તે ભવ્ય પુરુષોને ઉપરોક્ત બધીયે લબ્ધિઓ હોઈ શકે છે. તથા ભવ્ય સ્ત્રીઓને જે લબ્ધિઓ નથી થતી તે આગળની ગાથામાં કહે છે. (૧૫૦૫)

**अरहंतचिक्ककेसवबलसंभिन्ने य चारणे पुव्वा ।**
**गणहरपुलायआहारगं च न हु भवियमहिलाणं ॥१५०६॥**
**अभवियपुरिसाणं पुण दस पुव्विल्लाउ केवलित्तं च ।**
**उज्जुमई विउलमई तेरस एयाउ न हु हुंति ॥१५०७॥**
**अभवियमहिलाणंपि हु एयाओ हुंति भणियलद्धीओ ।**
**महुखीरासवलद्धीवि नेय सेसा उ अविरुद्धा ॥१५०८॥**

અર્હત્, ચક્રવર્તિ, વાસુદેવ, બળદેવ, સંભિન્નશ્રોતઃ, ચારણ, પૂર્વધર, ગણધર,

પુલાક, આહારક, લબ્ધિ. આ દસ લબ્ધિ ભવ્ય સ્ત્રીઓને હોતી નથી. બાકીની અઢાર લબ્ધિ ભવ્ય સ્ત્રીઓને હોય છે. એમ ઉપલક્ષણથી જણાય છે.

જેમ મલ્લિનાથસ્વામિને સ્ત્રીપણામાં જે તીર્થંકરપણું હતું, તે આશ્ચર્યરૂપ હોવાથી ન ગણાય.

આગળ કહેલ દશ લબ્ધિઓ તથા કેવલિ, ઋજુમતિ, વિપુલમતિરૂપ ત્રણ લબ્ધિ ઉમેરતા તેર લબ્ધિઓ અભવ્ય પુરુષોને ક્યારે પણ હોતી નથી. બાકીની પંદર લબ્ધિઓ અભવ્ય પુરુષોને હોય છે.

અભવ્ય સ્ત્રીઓને પણ ઉપરોક્ત તેર તેમજ ચૌદમી મધુક્ષીરાશ્રવલબ્ધિ પણ હોતી નથી. બાકીની આ ચૌદ સિવાયની લબ્ધિઓ હોય છે. (૧૫૦૬–૧૫૦૭–૧૫૦૮)

## ૨૭૧. તપ

ઇન્દ્રિયજય

**पुरिमड्ढेक्कासणनिव्विगइय आयंबिलोववासेहिं ।**

**एगलया इय पंचहिं होइ तवो इंदियजउत्ति ॥१५०९॥**

**પુરિમડ્ઢ, એકાસણુ, નિવિ, આયંબિલ અને ઉપવાસવડે એકલતા —એવી પાંચ લત્તા એટલે પાંચ હારવડે ઇન્દ્રિયજય તપ થાય છે.**

દુષ્કર્મોને જે તપાવે એટલે બાળે તે તપ કહેવાય, તે તપ વિવિધ પ્રકારના કારણુ અને નિમિત્તોથી અનેક પ્રકારે છે. તેમાં જિનધર્મનું મૂળ ઇન્દ્રિયજય હોવાથી પ્રથમ ઇન્દ્રિયજય નામનો તપ કહે છે.

તેમાં પ્રથમ દિવસે પૂર્વાર્ધ એટલે પુરિમડ્ઢ, બીજા દિવસે એકાસણુ, ત્રીજા દિવસે નિવિ, ચોથા દિવસે આયંબિલ, પાંચમા દિવસે ઉપવાસ–એ પ્રમાણે પાંચ દિવસે એકલતા એટલે હાર–શ્રેણી થાય છે. એક એક ઈન્દ્રિયને આશ્રયી આવા પ્રકારની એક એકલતા કરવી તેથી પાંચ લતાવડે પચ્ચીસ દિવસે ઇન્દ્રિયજય નામનો તપ વિશેષ થાય છે.

સ્પર્શેન્દ્રિય વગેરે પાંચે ઈન્દ્રિયોનો જય એટલે દમન જેના વડે થાય, તે ઈન્દ્રિયજય તપ કહેવાય છે. અથવા ઈન્દ્રિયોનો જય કરવામાં કારણુરૂપ હોવાથી ઈન્દ્રિયજય કહેવાય છે. જો કે બધાયે તપો ઈન્દ્રિયજય કરવામાં સમર્થ હોવા છતાં પણ ઇન્દ્રિયજયનું આલંબન (ઉદ્દેશ કરીને) લઇને આ જ તપ કરાતો હોવાથી ઇન્દ્રિયજયના કારણુરૂપે આ તપને પૂર્વાચાર્યોએ કહ્યો છે. એ પ્રમાણે આગળના તપોમાં પણ કારણો સમજી લેવા. (૧૫૦૯)

યોગશુદ્ધિતપ–

**निव्विगइयमायामं उववासो इय लयाहिं तिहिं भणिओ ।**

**नामेण जोगसुद्धी नवदिणमाणो तवो एसो ॥१५१०॥**

નિવિ, આયંબિલ, ઉપવાસ, આ એકલતા થઈ. એક એક યોગને આશ્રયી એક–એક

લતા કરવી. તેથી ત્રણ લતાઓવડે યોગશુદ્ધિ નામનો નવ દિવસ પ્રમાણુનો આ તપ પૂર્વાચાર્યોએ કહ્યો છે. જેનાથી મન-વચન-કાયાના વ્યાપારરૂપ યોગોની શુદ્ધિ થાય એટલે નિષ્પાપ પણુ થાય, તે તપ યોગશુદ્ધિ કહેવાય છે. (૧૫૧૦)

**જ્ઞાન-દર્શન-ચારિત્રનો તપ :**

**नाणंमि दंसणंमि य चरणंमि य तिन्नि तिन्नि पत्तेयं ।**
**उववासो तप्पूयापुव्वं तन्नाममतवंमि ॥१५११॥**

**જ્ઞાન, દર્શન, ચારિત્ર એ દરેકના ત્રણ ત્રણ ઉપવાસ કરી અને ત્રણેની પૂજાપૂર્વક, તે તે નામવાળા તપ કરવા.**

જ્ઞાનશુદ્ધિ, દર્શનશુદ્ધિ અને ચારિત્રશુદ્ધિ માટે તે જ્ઞાન વગેરેની પૂજાપૂર્વક તે જ્ઞાન વગેરેના તપમાં દરેકના ત્રણ ત્રણ ઉપવાસ કરવા. આનો ભાવ એ છે કે,

જ્ઞાનશુદ્ધિના હેતુથી ત્રણ ઉપવાસ કરી જ્ઞાનતપ કરવો. તેમાં યથાશક્તિ જ્ઞાનના એટલે સિદ્ધાંતના પુસ્તકો સ્થાપી સારી રીતે પૂજા વગેરે કરવી અને જ્ઞાની પુરુષોને એષણીય એટલે કલ્પ્યઆહાર, વસ્ત્ર, પાત્ર, પાણી વગેરે આપવા રૂપ પૂજા કરવી.

એ પ્રમાણે ત્રણ ઉપવાસવડે દર્શનતપ કરવો. પરંતુ તેમાં દર્શનપ્રભાવક સન્મતિ-તર્ક વગેરે ગ્રંથોની અને સદ્‌ગુરુઓની પૂજા કરવી.

તથા ત્રણ ઉપવાસોવડે ચારિત્રતપ થાય છે. એમાં પણ ચારિત્રવંતોની પૂજા કરવી.(૧૫૧૧)

**કષાયવિજય તપ :-**

**एक्कासणगं तह निव्विगइयमायंबिलं अभत्तट्ठो ।**
**इय होइ लयचउक्कं कसायविजए तवच्चरणं ॥१५१२॥**

એકાસણુ, નિવિ, આયંબિલ અને ઉપવાસ આ એકલતા થઈ. એ પ્રમાણે દરેક કષાયની એક-એક લતા કરવી તે કષાયવિજય તપાચરણ કહેવાય.

ક્રોધ, માન, માયા, લોભરૂપ ચાર કષાયોને વિશેષ પ્રકારે જીતવા એટલે દમન કરવા તે કષાયવિજય તપ છે. આ તપમાં ચાર લત્તાના સોળ દિવસો થાય છે. (૧૫૧૨)

**કર્મસૂદન તપ :—**

**खमणं एक्कासणगं एक्कगसित्थं च एगठाणं च ।**
**एक्कगदत्तं नीव्वियमायंबिलमट्ठकवलं च ॥१५१३॥**
**एसा एगा लइया अट्ठहिं लइयाहिं दिवस चउसट्ठी ।**
**इय अट्ठकम्मसूडणतवंमि भणिया जिणिंदेहिं ॥१५१४॥**

ઉપવાસ. એકાસણુ, એક સિકથક, એકસ્થાનકમ્, એકદત્તિ, નિવિ, આયંબિલ, આઠ

કોળિયા. આ એકલતા થઈ એક એક કર્માશ્રયિને એક એક લત્તા કરવી. તેથી આઠ લતાના ચોસઠ દિવસો જિનેશ્વર ભગવંતે અષ્ટકર્મસૂદનતપમાં કહ્યા છે.

જે તપમાં જ્ઞાનાવરણીય વગેરે આઠે કર્મોનું સૂદન એટલે નાશ કરવામાં આવે તે અષ્ટકર્મસૂદનતપ. આ તપ પૂરો થાય ત્યારે જિનેશ્વરોનું સ્નાત્ર, વિલેપન, પૂજા, પહેરામણી વગેરે કરવું. અને વિશિષ્ટ બલિ એટલે પૂજારૂપે સોનાનું કર્મવૃક્ષ અને કુહાડી મૂકવી. (૧૫૧૩-૧૫૧૪)

લઘુસિંહનિષ્ક્રીડિત તપ :-

इग दुग इग तिग दुग चउ तिग पण चउ छक्क पंच सत्त छगं ।
अट्ठग सत्तग नवग अट्ठग नव सत्त अट्ठेव ॥१५१५॥
छग सत्तग पण छक्कं चउ पण तिग चउर दुग तिगं एगं ।
दुग एक्कग उववासा लहुसिहनिक्कीलियतवंमि ॥१५१६॥
चउपन्नं खमणसयं दिणाण तह पारणाणि तेत्तीसं ।
इह परिवाडिचउक्के वरिसदुगं दिवस अडवीसा ॥१५१७॥
विगईओ निव्विगईयं तहा अलेवाडयं च आयामं ।
परिवाडिचउक्कंमि य पारणएसु विहेयव्वं ॥१५१८॥

**એક, બે, એક, ત્રણ, બે, ચાર, ત્રણ, પાંચ, ચાર, છ, પાંચ, સાત, છ, આઠ, સાત, નવ, આઠે, નવ, સાત, આઠ, છ, સાત, પાંચ, છ, ચાર, પાંચ, ત્રણ, ચાર, બે, ત્રણ, એક, બે, એક ઉપવાસો, લઘુસિંહ નિષ્ક્રીડિત તપમાં હોય છે. આ તપમાં એકસો ચોપ્પન દિવસ ઉપવાસોના છે. અને પારણાના તેત્રીસ દિવસો છે. આ એક પરિપાટી એટલે હાર છે. આમાં ચાર પરિપાટીમાં બે વરસ અને અઠ્ઠાવીસ દિવસો છે. આ ચાર પરિપાટીમાં અનુક્રમે વિગઇવાળું, નિવિ એટલે વિગઇ વગરનું, અલેપ અને આયંબિલથી પારણું કરવું.**

આગળ કહેવાતા મહાસિંહ નિષ્ક્રીડિત તપની અપેક્ષાએ સિંહનું લઘુ એટલે નાનુ જે ગમન, તે લઘુસિંહ નિષ્ક્રીડિત તપ. સિંહના ગમનની જેમ જે તપ તે સિંહનિષ્ક્રીડિત તપ. સિંહ ચાલતા ચાલતા આગળ જઈ પાછળ જોતો જોતો જાય, તેમ જેમાં પાછળ કરેલા તપ વિશેષને ફરી સેવી આગળનો તપ કરે તે તપ સિંહનિષ્ક્રીડિત તપ. એ તપની રચના આ પ્રમાણે છે.

એકથી નવ સુધીની ક્રમસર સ્થાપના કરવી. પછી પશ્ચાનુપૂર્વીએ નવથી એક સુધીની સ્થાપના કરવી, તે પછી બેથી લઈ નવ સુધીની સંખ્યાની આગળ એકથી

આઠની સ્થાપના કરવી. તે પછી પશ્ચાનુપૂર્વીના નવથી લઇ એક સુધીની સંખ્યાના બેથી લઈ સાત સુધીની સમક્ષ સાતથી લઇ એક સુધીની સ્થાપના કરવી.

આ પ્રમાણે તેની રચના કરાય છે.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| – | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| – | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | – |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |

આનો ભાવ એ છે કે, પહેલા એક ઉપવાસ કરવો. પછી પારણુ એમ આંતરામાં બધે પારણુ જાણવું. તે પછી બે, તે પછી એક, તે પછી ત્રણ, તે પછી બે, તે પછી ચાર, તે પછી ત્રણ, તે પછી પાંચ, તે પછી ચાર, તે પછી છ, તે પછી પાંચ, તે પછી સાત, તે પછી છ, તે પછી આઠ, તે પછી સાત, તે પછી નવ, તે પછી આઠ, તે પછી નવ, તે પછી સાત, તે પછી આઠ, તે પછી છ, તે પછી સાત, તે પછી પાંચ, તે પછી છ, તે પછી ચાર, તે પછી પાંચ, તે પછી ત્રણ, તે પછી ચાર, તે પછી બે, તે પછી ત્રણ, તે પછી એક, તે પછી બે, અને તે પછી એક—આ પ્રમાણે લઘુસિંહનિષ્ક્રીડિત તપના ઉપવાસો છે.

હવે ઉપવાસના અને પારણાના દિવસોની સંખ્યા કહે છે. લઘુસિંહનિષ્ક્રીડિત તપમાં ઉપવાસના દિવસો એકસો ચોપ્પન (૧૫૪) છે. તે આ પ્રમાણે એકથી નવની બે સંકલના (હારો)માં પીસ્તાલીસ પીસ્તાલીસ ઉપવાસો છે. એકથી આઠની એક સંકલનામાં છત્રીસ ઉપવાસો છે. અને એકથી સાતની સંકલનામાં (૨૮) અઠ્ઠાવીસ ઉપવાસો છે. આ બધાનો સરવાળો ૪૫ + ૪૫ + ૩૬ + ૨૮=૧૫૪ થાય છે. તથા પારણાના દિવસો તેત્રીસ થાય છે. એમ ઉપવાસ, અને પારણાના દિવસો મેળવતા કુલ્લે ૧૫૪+૩૩=૧૮૭ એકસોસત્યાસી દિવસ થાય છે. એટલે છ મહિના અને સાત દિવસ થયા.

આ તપ ચાર પરિપાટી, એટલે ચાર શ્રેણીએ પૂરો થાય છે. તેથી આને ચારે ગુણતા બે વર્ષ અને અઠ્ઠાવીસ દિવસે આ તપ પૂરો થાય છે.

હવે ચારે પરિપાટીમાં દરેકમાં શેનુ પારણું કરવું તે કહે છે. પહેલી પરિપાટીના પારણામાં વિગઇઓ વાપરી શકાય છે એટલે સર્વ રસ યુક્ત પારણુ કરે.

બીજી પરિપાટીમાં નિવિ એટલે વિગઈ રહિત પારણું કરે.

ત્રીજી પરિપાટીમાં વાલ, ચણા, અલેપકારી વસ્તુઓ વાપરી પારણુ કરે.

ચોથી પરિપાટીમાં આયંબિલ, પરિમિત ભોજન કરે–એ પ્રમાણે આ તપ પારણાના ભેદથી ચાર પરિપાટી પૂર્વક કરવો. (૧૫૧૫ થી ૧૫૧૮)

## મહાસિંહનિષ્ક્રીડિત તપ

**इग दुग इग तिग दुग चउ तिग पण चउछक्क पंच सत्त छगं ।**
**अड सत्त नवऽड दस नव एक्कारस दस य बारसगं ॥१५१९॥**

एक्कार तेर बारस चउदस तेरस य पनर चउदसगं ।
सोलस पनरस सोलाइ होइ विवरीयमेक्कंत ॥१५२०॥
एए उ अमतट्ठा इगसट्ठी पारणाणमिह होइ ।
एसा एगा लइया चउग्गुणाए पुण इमाए ॥१५२१॥
वरिसछगं मासदुगं दिवसाइं तहेव बारस हवंति ।
एत्थ महासीहनिक्कीलियंमि तिव्वे तवच्चरणे ॥१५२२॥

**એક, બે, એક, ત્રણ, બે, ચાર, ત્રણ, પાંચ, ચાર, છ, પાંચ, સાત, છ, આઠ, સાત, નવ, આઠ, દસ, નવ, અગ્યાર, દસ, બાર, અગ્યાર, તેર, બાર, ચૌદ, તેર, પંદર, ચૌદ, સોળ, પંદર, સોળ, એ પ્રમાણે પશ્ચાનુપૂર્વીએ એક સુધી જાણવું. આ ઉપવાસોમાં એક એક પારણાઓ હોય છે. આવી એકલત્તા થાય છે. એને ચારગુણી કરતા છ વર્ષ, બે મહિના બાર દિવસ આ મહાસિંહનિષ્ક્રીડીત નામની તીવ્ર તપશ્ચર્યામાં થાય છે.**

અહિં એકથી સોળ સુધીના અને સોળથી એક સુધીના અંકોની સ્થાપના કરવી. અને ત્યારબાદ બે વગેરેથી લઈ છેલ્લે સોળ વગેરે દરેકની આગળ એકથી લઈ પંદર સુધીના અંકો સ્થાપવા સોળથી લઈ એક સુધીમાં પંદર વગેરેથી લઈ બે વગેરે દરેકની આગળ ચૌદ વગેરેથી લઈ એક સુધીની સ્થાપના કરવી તે સ્થાપના આ પ્રમાણે છે.

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૧ | ૩ | ૨ | ૪ | ૩ | ૫ | ૪ | ૬ | ૫ | ૭ | ૬ | ૮ | ૭ | ૯ |
| ૮ | ૧૦ | ૯ | ૧૧ | ૧૦ | ૧૨ | ૧૧ | ૧૩ | ૧૨ | ૧૪ | ૧૩ | ૧૫ | ૧૪ | ૧૬ | ૧૫ | |
| ૧ | ૨ | ૧ | ૩ | ૨ | ૪ | ૩ | ૫ | ૪ | ૬ | ૫ | ૭ | ૬ | ૮ | ૭ | |
| ૯ | ૮ | ૧૦ | ૯ | ૧૧ | ૧૦ | ૧૨ | ૧૧ | ૧૩ | ૧૨ | ૧૪ | ૧૩ | ૧૫ | ૧૪ | ૧૬ | |

પહેલા એક ઉપવાસ તે પછી બે, તે પછી એક, તે પછી ત્રણ, તે પછી બે, તે પછી ચાર, તે પછી ત્રણ, તે પછી પાંચ, તે પછી ચાર, તે પછી છ, તે પછી પાંચ, તે પછી સાત, તે પછી છ, તે પછી આઠ, તે પછી સાત, તે પછી નવ, તે પછી આઠ, તે પછી દસ, તે પછી નવ, તે પછી અગ્યાર, તે પછી દસ, તે પછી બાર, તે પછી અગ્યાર, તે પછી તેર, તે પછી બાર, તે પછી ચૌદ, તે પછી તેર, તે પછી પંદર, તે પછી ચૌદ, તે પછી સોલ, તે પછી પંદર એ પ્રમાણે પશ્ચાનુપૂર્વીએ સોલ ઉપવાસ. તે પછી ચૌદ ઉપવાસ વગેરેથી લઈ છેલ્લે એક ઉપવાસ સુધી જાણવું. આ તપના દિવસની સર્વ સંખ્યા કહે છે.

આ મહાસિંહનિષ્ક્રીડિત નામની તીવ્ર તપશ્ચર્યામાં ઉપરોક્ત બે પંક્તિઓમાં કહેલા ઉપવાસોની સંખ્યા ચારસો સત્તાણુ (૪૯૭) થાય.

સોલ સોલની બે સંકલનામાં એકસો છત્રીસ, એકસો છત્રીસ ઉપવાસો થાય છે. પંદરની એક સંકલનામાં એકસોવીસ અને ચૌદની એક સંકલનામાં એકસો પાંચ ઉપવાસો થાય છે. તથા એકસઠ પારણા થાય છે. તેથી બધા મળી એક વર્ષ છ મહિના અઢાર દિવસ આ પરિપાટીમાં થાય છે.

૧૩૬ + ૧૩૬ + ૧૨૦ + ૧૦૫ = ૪૯૭+૬૧ = ૫૫૮ દિવસો થાય છે. આ તપ આગળના પારણાના ભેદો પૂર્વક ચાર પરિપાટી પૂર્વક કરવાથી પૂરો થાય છે. તે આ ૫૫૮ દિવસની સંખ્યાને ચાર વડે ગુણતા ૨૨૩૨ દિવસ થાય એટલે છ વર્ષ બે મહિના ને બાર દિવસ થાય છે. (૧૫૧૯, થી ૧૫૨૨.)

**મુક્તાવલી તપ**

एक्को दुगाइ एक्कग अंतरिया जाव सोलस हवंति ।
पुण सोलस एगंता एक्कंतरिया अमत्तट्ठा ॥१५२३॥
पारणयाणं सट्ठी परिवाडिचउक्कगंमि चत्तारि ।
वरिसाणि हुंति मुत्तावलीतवे दिवससंखाए ॥१५२४॥

**એક બે વગેરે એક એકના આંતરા પૂર્વક સોળ સુધી ઉપવાસો કરવા પાછા સોળથી એક સુધી એક એકના આંતરાપૂર્વક ઉપવાસો કરવા એમાં સાઇઠ પારણા થાય છે. ચાર પરિપાટી મળીને મુક્તાવલી તપમાં દિવસની સંખ્યા ચાર વર્ષ પ્રમાણ થાય છે.**

મુક્તાવલીતપ એટલે મોતીના હારના જેવા આકારવાળી તપની રચના જે તપમાં છે, તે મુક્તાવલી કહેવાય છે. તેમાં પહેલા એક એકની સ્થાપના કરવી. પછી એક એકના આંતરામાં બે ત્રણ વગેરેની સ્થાપના સોલ સુધી કરવી. તે પછી પશ્ચાનુપૂર્વીએ સોળથી લઈ એક સુધીના ઉપવાસે એક એકના આંતરા પૂર્વક કરવા. (સ્થાપવા) તેની સ્થાપના આ પ્રમાણે છે.

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૧ | ૩ | ૧ | ૪ | ૧ | ૫ | ૧ | ૬ | ૧ | ૭ | ૧ | ૮ | | |
| ૧ | ૯ | ૧ | ૧૦ | ૧ | ૧૧ | ૧ | ૧૨ | ૧ | ૧૩ | ૧ | ૧૪ | ૧ | ૧૫ | ૧ | ૧૬ |
| ૧ | ૨ | ૧ | ૩ | ૧ | ૪ | ૧ | ૫ | ૧ | ૬ | ૧ | ૭ | ૧ | ૮ | | |
| ૧ | ૯ | ૧ | ૧૦ | ૧ | ૧૧ | ૧ | ૧૨ | ૧ | ૧૩ | ૧ | ૧૪ | ૧ | ૧૫ | ૧ | ૧૬ |

આનો અર્થ આ પ્રમાણે છે. પહેલા એક ઉપવાસ પછી બે ઉપવાસ, તે પછી ફરી એક તે પછી ત્રણ, તે પછી એક, તે પછી ચાર, તે પછી એક, તે પછી પાંચ, તે પછી એક, તે પછી છ, તે પછી એક તે પછી સાત, તે પછી એક, તે પછી આઠ, તે પછી એક, તે પછી નવ, તે પછી એક, તે પછી દસ, તે પછી એક, તે પછી અગ્યાર, તે પછી એક, પછી બાર, તે પછી એક, તે પછી તેર, તે પછી એક, તે પછી ચૌદ, તે પછી એક, તે પછી પંદર, તે પછી એક, તે પછી સોલ, આ પ્રમાણે અર્ધ મુક્તાવલી થઈ બીજી

અર્થ પણ આ પ્રમાણે જાણવું. પરંતુ તે પશ્ચાનુપૂર્વીએ ઉપવાસ કરવા પૂર્વક છે. તે આ પ્રમાણે

પહેલા સોલ ઉપવાસ કરી એક ઉપવાસ કરે. તે પછી પંદર, તે પછી એક, એમ એક એક ઉપવાસના આંતરાપૂર્વક એક એક ઉપવાસ ઓછા કરતા બે ઉપવાસ સુધી કરી એક ઉપવાસ કરવો.

આ ઉપવાસો બધા મળી ત્રણસો થાય છે, તે આ પ્રમાણે સોલની બે સંકલનાના ૧૩૬ + ૧૩૬ ઉપવાસો + ૨૮ આંતરાના અને ૬૦ પારણા ૧૩૬ + ૧૩૬ + ૨૮ + ૬૦ = ૩૬૦ દિવસ એટલે એક વર્ષ થયું.

આ તપ પણ આગળના તપોની જેમ ચાર પ્રકારની પરિપાટી પૂર્વક પૂર્ણ થાય છે. તેથી આ મુક્તાવલીતપમાં દિવસ સંખ્યા ચાર વર્ષ પ્રમાણ થાય છે. અંતકૃત્ દશાંગ આગમમાં જે પ્રથમ પંક્તિગત સોળ ઉપવાસ છે, તે જ સોળ ઉપવાસ બીજી પંક્તિના પ્રારંભમાં પણ જાણવા એટલે સોળ ઉપવાસ એકજ થાય છે. (૧૫૨૩-૧૫૨૪)

## રત્નાવલી તપ

इग दु ति काहलियासुं दाडिमपुप्फेसु हुंति अट्ठ तिगा ।
एगाइसोलसंता सरियाजुयलंमि उववासा ॥१५२५॥
अंतंमि तस्स पयगं तत्थंकट्ठाणमेक्कमह पंच ।
सत्त य सत्त य पण पण तिन्निक्कंतेसु तिगरयणा ॥१५२६॥
पारणयदिणट्ठासी परिवाडिचउक्कगे वरिसपणगं ।
नव मासा अट्ठारस दिणाणि रयणावलितवंमि ॥१५२७॥

**એક, બે, ત્રણ ઉપવાસ કાહલિકામાં, દાડમફુલમાં આઠ, ત્રણ ઉપવાસો હોય છે. પછી બે સેરોમાં એકથી સોળ સુધીના ઉપવાસો થાય છે. છેલ્લે તેના પદકમાં એટલે લોકેટમાં એક, પાંચ, સાત, સાત પાંચ, પાંચ. ત્રણ અને એક-એમ અટ્ઠમોની રચના હોય છે. આમાં પારણાના દિવસો અટ્ઠાસી હોય છે. ચાર પરિપાટીના થઈને પાંચ વર્ષ નવમહિના અઢાર દિવસો રત્નાવલીતપમાં છે.**

રત્નાવલી એક ગળાનું આભુષણ છે. રત્નાવલીહારની જેમ જે તપ છે, તે રત્નાવલીતપ. જેમ રત્નાવલી બંને બાજુથી પહેલા પાતળી, પછી જાડી, પછી વિશેષ જાડીના વિભાગ પૂર્વક કાહલિકા નામનો સોનાનો દોરો બે બાજુ હોય છે. તે પછી દાડમનું ફૂલ બે બાજુ શોભે છે. તે પછી બે બાજુ સીધી બે સેરો ચાલે છે. અને વચ્ચે સારી રીતે ગોઠવેલું પદક એટલે લોકેટ હોય છે. એ પ્રમાણે જે તપ આગળ બતાવેલ આકારને ધારણ કરે, તે રત્નાવલીતપ કહેવાય.

# રત્નાવલીતપ


૧
૨
૩
૩ ૩ ૩
૩ ૦ ૩
૩ ૩ ૩
૧
૨
૩
૪
૫
૬
૭
૮
૯
૧૦
૧૧
૧૨
૧૩
૧૪
૧૫
૧૬
૧
૨
૩
૩ ૩ ૩
૩ ૦ ૩
૩ ૩ ૩
૧
૨
૩
૪
૫
૬
૭
૮
૯
૧૦
૧૧
૧૨
૧૩
૧૪
૧૫
૧૬
૩
૩ ૩ ૩ ૩ ૩
૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩
૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩
૩ ૩ ૩ ૩ ૩
૩ ૩ ૩ ૩ ૩
૩ ૩ ૩
૩

આમાં પ્રથમ એક, અને ત્રણ ઉપવાસો ક્રમસર એક બીજાની નીચે બે કાહલિકા રૂપે સ્થાપવા. તે પછી બંને દાડમ ફૂલના દરેકના આઠ આઠ અટ્ઠમો એટલે ત્રણ ઉપવાસો સ્થાપવા. તે દાડમફૂલો ચાર લીટી દોરવા પૂર્વક નવ ખાના બનાવી વચ્ચેના ખાનામાં શૂન્ય મૂકી આઠ, ત્રણ ઉપવાસો લખવા. તે પછી બંને દાડમ ફૂલની નીચે બે સેરોમાં એકથી લઈ સોળની સ્થાપના કરવી. તે બે સેરોની નીચે છેડે પદક એટલે લોકેટ આઠ લાઈનમાં ચોત્રીસ અંકના સ્થાનો (ખાના) કરવા અને તેમાં ત્રણ ત્રણ ઉપવાસો લખવા. તેમાં પહેલી હારનાં ખાનામાં એક અટ્ઠમ, બીજી હારમાં પાંચ, ત્રીજીમાં સાત, ચોથીમાં સાત, પાંચમીમાં પાંચ, છઠ્ઠીમાં પાંચ, સાતમીમાં ત્રણ અને આઠમી હારમાં એક, તે ચોત્રીસ ખાનામાં ત્રણ ત્રણ અંકની સ્થાપના કરવી. તેની સ્થાપના ઉપર પ્રમાણે છે.

આનો ભાવ એ છે, કે રત્નાવલીતપમાં પહેલા એક ઉપવાસ કરે. તે પછી બે, તે પછી ત્રણ આ પ્રમાણે કાહલિકા થઈ. આ તપમાં બધાયે આંતરામાં પારણા કરવા. તે પછી આઠ અટ્ઠમો એટલે ત્રણ–ત્રણ ઉપવાસો કરવા, આ અટ્ઠમો વડે કાહલિકાની નીચે દાડમનું પુષ્પ કરે. તે પછી એક ઉપવાસ કરે, તે પછી બે, તે પછી ત્રણ, તે પછી ચાર, તે પછી પાંચ, છ, સાત, આઠ, નવ, દસ, અગ્યાર, બાર, તેર, ચૌદ, પંદર અને સોળ ઉપવાસ કરે.

આ દાડમના ફૂલની નીચેની એકસેર થઈ. તે પછી ચોત્રીસ (૩૪) અટ્ઠમો કરે એના વડે પદક થાય છે. તે પછી પાછા સોળ ઉપવાસ કરે પછી પંદર, ચૌદ, તેર, બાર, અગ્યાર, દસ, નવ, આઠ, સાત, છ, પાંચ, ચાર, ત્રણ, બે, એક ઉપવાસ કરે. આ બીજી સેર થઈ. તે પછી આઠ અટ્ઠમો બીજા દાડમના ફૂલના કરે. તે પછી બીજી કાહલિકાના ત્રણ, બે અને એક ઉપવાસ કરે. આ પ્રમાણે કરવાથી રત્નાવલી તપ પૂરો થાય છે.

આ રત્નાવલી તપમાં કાહલિકાના ઉપવાસના દિવસો (૧૨) બાર, દાડમફૂલના સોળ, અટ્ઠમના અડતાલીસ (૪૮) દિવસો, બે સેરોના એકથી સોળ ઉપવાસના દિવસો બસો બોત્તેર (૨૭૨), પદકમાં ચોત્રીસ અટ્ઠમના દિવસો એકસો બે (૧૦૨), આ બધા મળી ૧૨+૪૮+૨૭૨+૧૦૨=૪૩૪ દિવસો ઉપવાસના અને અટ્ઠચાસી દિવસ પારણાના ૪૩૪+૮૮=૫૨૨ દિવસ થાય એટલે એક વર્ષ પાંચ મહિના અને બાર દિવસ થાય છે.

આ તપ પણ આગળના તપોની જેમ પારણાની ચાર પરિપાટી વડે પૂરો કરાય છે. એટલે ૫૨૨ દિવસને ચાર વડે ગુણતા ૫૨૨×૪=૨૦૮૮ દિવસ એટલે પાંચ વર્ષ નવ મહિના અને અઢાર દિવસે થાય છે. (૧૫૨૫ થી૧૫૨૭)

**કનકાવલીતપ :–**

**रयणावलीकमेणं कीरइ कणगावली तवो नवरं ।**
**कज्जा दुगा तिगपए दाडिमपुप्फेसु पयगे य ॥१५२८॥**

परिवाडिचउक्के वरिसपंचगं दिणदुगूणमासतिगं ।
पढमत्तवुत्तो कज्जो पारणयविही तवप्पणगे ॥१५२९॥

**રત્નાવલીના ક્રમપૂર્વક જ કનકાવલી તપ પણ કરવાનો હોય છે. પરંતુ દાડમ ફૂલમાં તથા પદકમાં ત્રણ ઉપવાસના સ્થાને બે બે ઉપવાસ કરવા. આ તપ ચાર પરિપાટીપૂર્વક પાંચ વર્ષ ત્રણ મહિના બે દિવસ ઉણા હોય ત્યારે પૂર્ણ થાય છે. પ્રથમ તપમાં કહેલ પારણાવિધિ પાંચે તપમાં કરવી.**

સોનાના મણકાનું બનેલ આભરણ વિશેષ તે કનકાવલી કહેવાય. તે કનકાવલીના આકારની સ્થાપના (રચના) વડે જે તપ કરાય, તે કનકાવલી તપ કહેવાય છે. આ કનકાવલીતપ રત્નાવલીતપના ક્રમપૂર્વક જ કરાય છે. પરંતુ ફક્ત દાડમ ફૂલમાં અને પદકમાં ત્રણ ઉપવાસરૂપ આંકડાની જગ્યાએ બે ઉપવાસની સંખ્યારૂપ બે લખવા. બાકીના ઉપવાસો રત્નાવલીની જેમ જાણવા.

આ તપમાં બે કાહલિકાના ઉપવાસના દિવસો બાર (૧૨), બે દાડમ ફૂલના ઉપવાસ દિન બત્રીસ (૩૨), બે સેરોના દિવસો બસોબોત્તેર અને પદકના દિવસો અડસઠ, (૬૮) ૧૨+૩૨+૨૭૨+૬૮=૩૮૪ દિવસો ઉપવાસના અને અઠયાસી (૮૮) પારણાના એટલે ૩૮૪ + ૮૮ = ૪૭૨ દિવસ એટલે એક વર્ષ, ત્રણ મહિના અને બાવીસ દિવસ એક પરિપાટીમાં થાય. ચાર પરિપાટી મળીને એટલે ઉપરોક્ત સંખ્યાને ચારે ગુણતા પાંચ વર્ષ, બે મહિનાને અઠ્ઠાવીસ દિવસ.

અંતકૃત્ દશાંગગ્રંથમાં કનકાવલીના પદકમાં અને બે દાડમના ફૂલમાં બે ઉપવાસની જગ્યાએ ત્રણ ત્રણ ઉપવાસો કહ્યા છે. અને રત્નાવલીમાં બે બે ઉપવાસો કહ્યા છે. તથા પ્રથમ તપમાં એટલે લઘુસિંહ નિષ્ક્રીડિતમાં જે સર્વ રસાહાર વગેરે પારણાની વિધિ જે પ્રમાણે કહી છે. તે પ્રમાણે તપ પંચકમાં એટલે લઘુ–બૃહત્સિંહનિષ્ક્રીડત તપ, મુક્તાવલી, રત્નાવલી, કનકાવલીરૂપ પાંચ તપમાં જાણવી. (૧૫૨૮–૧૫૨૯)

ભદ્રતપ :–

भद्दाइतवेसु तहाऽऽइया लया इग दु तिन्नि चउ पंच ।
तह दु ति चउ पंच इग दु तह पणग इग दोन्नि ति चउक्कं ॥१५३०॥
तह दु ति चउ पणगेगं तह चउ पणगेग दोन्नि तिन्नेव ।
पणहत्तरि उववासा पारणयाणं तु पणवीसा ॥१५३१॥

ભદ્ર તપ વગેરે એટલે ભદ્ર, મહાભદ્ર, ભદ્રોત્તર, સર્વતોભદ્ર તપમાં પહેલા ભદ્રતપ કહે છે. તે આ પ્રમાણે છે.

પહેલા એક ઉપવાસ, તે પછી બે, તે પછી ત્રણ, તે પછી ચાર, તે પછી પાંચ.

એમ એકલતા એટલે હાર થઈ. એ પ્રમાણે બીજી હારમાં ત્રણ, ચાર, પાંચ, એક, બે ઉપવાસ કરવા. ત્રીજી હારમાં પાંચ, એક, બે, ત્રણ, ચાર ઉપવાસ કરવા. ચોથી હારમાં બે, ત્રણ, ચાર, પાંચ એક ઉપવાસ કરવા. પાંચમી હારમાં ચાર, પાંચ, એક, બે, ત્રણ ઉપવાસો કરવા. આ પ્રમાણે પાંચે હારના થઈ પંચોતેર (૭૫) ઉપવાસો અને પચીસ પારણા થાય છે. એટલે સો દિવસે આ તપ પૂરો થાય છે. એની સ્થાપના આ પ્રમાણે છે. (૧૫૩૦-૧૫૩૧)

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહેલી હાર | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| બીજી હાર | ૩ | ૪ | ૫ | ૧ | ૨ |
| ત્રીજી હાર | ૫ | ૧ | ૨ | ૩ | ૪ |
| ચોથી હાર | ૨ | ૩ | ૪ | ૫ | ૧ |
| પાંચમી હાર | ૪ | ૫ | ૧ | ૨ | ૩ |

મહાભદ્રતપ–

पभणामि महाभद्दं इग दुग तिग चउ पणच्छ सत्तेव ।
तह चउ पण छग सत्तग इग दु ति तह सत्त एक्कं दो ॥१५३२॥
तिन्नि चउ पंच छक्कं तह तिग चउ पण छ सत्तगेगं दो ।
तह छग सत्तगं इग दो तिग चउ पण तह दुगं ति चउ ॥१५३३॥
पण छग सत्तेक्कं तह पण छग सत्तेक्क दोन्नि तिय चउरो ।
पारणयाण गुवन्ना छण्णउयसयं चउत्थाणं ॥१५३४॥

હવે મહાભદ્ર નામના તપને સારી રીતે કહે છે. તે આ પ્રમાણે છે.

પહેલી લતામાં એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત ઉપવાસ હોય છે.

બીજી લતામાં ચાર, પાંચ, છ સાત, એક, બે, ત્રણ.

ત્રીજી લતામાં સાત, એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ.

ચોથી લતામાં ત્રણ, ચાર, પાંચ, છ, સાત, એક અને બે.

પાંચમી લતામાં છ, સાત, એક, બે, ત્રણ, ચાર, પાંચ.

છઠ્ઠી લતામાં બે, ત્રણ; ચાર, પાંચ, છ, સાત, એક.

સાતમી લતામાં પાંચ, છ, સાત, એક, બે, ત્રણ, ચાર ઉપવાસો કરવા.

આ તપમાં ઓગણપચાસ (૪૯) પારણા અને એકસો છન્નુ (૧૯૬) ઉપવાસો છે.

એટલે આ તપ ૧૯૬ + ૪૯ = ૨૪૫ દિવસે પૂરો થાય એટલે આઠ મહિના અને પાંચ દિવસે પૂર્ણ થાય છે. એની સ્થાપના આ પ્રમાણે છે. (૧૫૩૨ થી ૧૫૩૪)

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| પહેલી લતા | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| બીજી લતા | ૪ | ૫ | ૬ | ૭ | ૧ | ૨ | ૩ |
| ત્રીજી લતા | ૭ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ચોથી લતા | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૧ | ૨ |
| પાંચમી લતા | ૬ | ૭ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| છઠ્ઠી લતા | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૧ |
| સાતમી લતા | ૫ | ૬ | ૭ | ૧ | ૨ | ૩ | ૪ |

**ભદ્રોતર તપ :—**

**भद्दोत्तरपडिमाए पण छग सत्तट्ठ नव तहा सत्त ।**
**अड नव पंचच्छ तहा नव पण छग सत्त अट्ठेव ॥१५३५॥**
**तह छग सत्तट्ठ नव पण तहट्ठ नव पणछ सत्तऽभत्तट्ठा ।**
**पणहुत्तरसयसंखा पारणगाणं तु पणवीसा ॥१५३६॥**

પ્રતિમા એટલે પ્રતિજ્ઞા વિશેષ, તેથી ભદ્રોત્તર પ્રતિમામાં એટલે ભદ્રોત્તર તપમાં પહેલી લતામાં પાંચ; સાત, આઠ, નવ, ઉપવાસ છે. બીજી લતામાં સાત, આઠ. નવ, પાંચ, છ ઉપવાસ છે. ત્રીજી લતામાં નવ, પાંચ, છ, સાત, આઠ ઉપવાસ છે. ચોથી લતામાં છ, સાત, આઠ, નવ, પાંચ ઉપવાસ છે. પાંચમી લતામાં આઠ, નવ, પાંચ, છ, સાત ઉપવાસ છે. –આમાં એકસો પંચોતેર ઉપવાસો અને પચ્ચીસ પારણા મળી બસો દિવસોએ આ ભદ્રોત્તર પૂર્ણ થાય છે. તેની સ્થાપના આ પ્રમાણે છે. (૧૫૩૫–૧૫૩૬)

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહેલી લતા | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| બીજી લતા | ૭ | ૮ | ૯ | ૫ | ૬ |
| ત્રીજી લતા | ૯ | ૫ | ૬ | ૭ | ૮ |
| ચોથી લતા | ૬ | ૭ | ૮ | ૯ | ૫ |
| પાંચમી લતા | ૮ | ૯ | ૫ | ૬ | ૭ |

**સર્વતોભદ્ર તપ :–**

पडिमाए सव्वभद्दाए पण छ सत्तट्ठ नव दसेकारा ।
तह अड नव दस एक्कार पण छ सत्त य तहेकारा ॥१५३७॥
पण छग सत्तग अड नव दस तह सत्तट्ठ नव दसेकारा ।
पण छ तहा दस एक्कार पण छ सत्तट्ठ नव य तहा ॥१५३८॥
छग सत्तड नव दसगं एक्कारस पंच तह नवग दसगं ।
एक्कारस पण छक्कं सत्तट्ठ य इह तवे होंति ॥१५३९॥
तिन्नि सया बाणउया इत्थुववासाण होंति संखाए ।
पारणया गुणवन्ना भद्दाइतवा इमे भणिया ॥१५४०॥

સર્વતોભદ્ર પ્રતિમા એટલે સર્વતોભદ્ર તપ, તેમાં પહેલી લતામાં પાંચ, છ, સાત, આઠ, નવ, દસ, અગ્યાર, ઉપવાસો કરવા. બીજી લતામાં આઠ, નવ, દસ, અગ્યાર, પાંચ, છ, સાત. ત્રીજી લતામાં અગ્યાર, પાંચ, છ, સાત, આઠ, નવ, દસ. ચોથી લતામાં સાત. આઠ, નવ, દસ, અગ્યાર, પાંચ છ. પાંચમી લતામાં દસ, અગ્યાર, પાંચ, છ, સાત, આઠ, નવ. છટ્ઠી લત્તામાં છ, સાત, આઠ, નવ, દસ, અગ્યાર, પાંચ અને સાતમી લતામાં નવ, દસ, અગ્યાર, પાંચ, છ, સાત, આઠ ઉપવાસો કરવા, તેની સ્થાપના આ પ્રમાણે છે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| પહેલી લતા | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| બીજી લતા | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૫ | ૬ | ૭ |
| ત્રીજી લતા | ૧૧ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ચોથી લતા | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૫ | ૬ |
| પાંચમી લતા | ૧૦ | ૧૧ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| છટ્ઠી લતા | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૫ |
| સાતમી લતા | ૯ | ૧૦ | ૧૧ | ૫ | ૬ | ૭ | ૮ |

આ તપમાં બધા મળી ત્રણસો બાણુ (૩૯૨) ઉપવાસો થાય છે અને ઓગણપચાસ પારણા છે. એ બંનેનો સરવાળો કરતા કુલ્લે (૩૯૨ + ૪૯) ૪૪૧ દિવસો થાય છે.

આ પ્રમાણે ભદ્ર વગેરે એટલે ભદ્ર, મહાભદ્ર, ભદ્રોત્તર, અને સર્વતોભદ્ર એમ ચાર તપો કહ્યા. બીજા ગ્રંથોમાં આ તપો જુદી રીતે પણ કહ્યા છે, આ ચારે તપોમાં આગળ કહેલા પારણાના ભેદો પૂર્વક ચાર ચાર પ્રકારે પણ થાય છે. આમાં દિન સંખ્યા યથાયોગ્ય ગણી લેવી. (૧૫૩૭ થી ૧૫૪૦)

**સર્વસૌખ્યસંપત્તિ તપ :–**

**पडिवइया एक्कचिय दुगं दुइज्जाण जाव पन्नरस ।**
**खमणेहऽमावसाओ होइ तवो सव्वसंपत्ती ॥१५४१॥**

**પ્રતિપદા એટલે એકમનો એક ઉપવાસ, બીજના બે ઉપવાસ, એ પ્રમાણે અમાવાસ્યાના પંદર ઉપવાસો સુધી કરવાથી સર્વસૌખ્યસંપત્તિ તપ થાય છે.**

એકમનો એક ઉપવાસ, બીજના બે ઉપવાસ, ત્રીજના ત્રણ, ચોથના ચાર–એ પ્રમાણે અમાવાસ્યા પુનમના પંદર ઉપવાસ જે તપમાં કરવામાં આવે તે તપ સર્વ સંપત્તિ એટલે સર્વસૌખ્યસંપત્તિ તપ કહેવાય છે. જેનાથી બધી જાતના સુખોની પ્રાપ્તિ થાય, તે સર્વસૌખ્યસંપત્તિ તપ કહેવાય. અથવા સર્વસંપત્તિ–એ નામ માનીએ તો પૃથ્વી પર એવી કોઈ વસ્તુ નથી કે જે આ તપ સેવનારને આ તપના પ્રભાવથી પ્રાપ્ત ન થાય.

અહીં અમાવાસ્યા શબ્દ કહેવાયો છે. અને બીજે સ્થાને 'इयजाव पन्नरस पुन्निमासु कीरंति जत्थ उववासा' આ પ્રમાણે કહેવા વડે એમ નક્કી થાય છે કે આ તપ કૃષ્ણ એટલે વદપક્ષમાં કે શુક્લપક્ષમાં ગમે ત્યારે પ્રારંભે તેમાં કોઈ દોષ નથી. આ તપમાં એકસો વીસ ઉપવાસો થાય છે. ( ૧૫૪૧ )

**રોહિણી તપ :–**

**रोहिणीरिक्खदिणे रोहिणीतवो सत्त मासवरिसाइं ।**
**सिरिवासुपुज्जपूयापुव्वं कीरइ अमत्तट्ठो ॥१५४२॥**

રોહિણી એક દેવતા વિશેષ છે. તેની આરાધના માટે જે તપ કરાય, તે રોહિણી તપ. તે રોહિણીતપમાં સાત વર્ષને સાત મહિના સુધી રોહિણી નક્ષત્ર જે દિવસે હોય, તે દિવસે ઉપવાસ કરાય છે. આ તપમાં વાસુપૂજ્યસ્વામીની પ્રતિમાની પ્રતિષ્ઠા અને પૂજા કરવી. (૧૫૪૨)

**શ્રુતદેવતા તપ**

**एक्कारस सुयदेवीतवंमि एक्कारसीओ मोणेणं ।**
**कीरंति चउत्थेहिं सुयदेवीपूयणापुव्वं ॥१५४३॥**

શ્રુતદેવતાની આરાધના માટે જે તપ કરાય, તે શ્રુતદેવતા તપ, આ શ્રુતદેવતા તપમાં મૌનપૂર્વક અગ્યાર અગ્યારસ ઉપવાસપૂર્વક શ્રુત દેવતાની પૂજા કરવા દ્વારા કરાય છે.

આના ઉપલક્ષણમાં અંબા તપ પણ અહિં જાણવો. તે પાંચ પાંચમોમાં નેમનાથ ભગવાન અને અંબાદેવીની પૂજા કરવા પૂર્વક એકાસણું વગેરે કરવા પૂર્વક થાય છે. (૧૫૪૩)

## સર્વાંગ સુંદર તપ

सव्वंगसुंदरतवे कुणंति जिणपूयखंतिनियमपरा ।
अट्ठुववासे एगंतरंबिले धवलपक्खंमि ॥१५४४॥

જે તપ કરવાથી બધાયે અંગો સુંદર એટલે સૌંદર્યવાન થાય, તે સર્વાંગસુંદર તપ કહેવાય છે. તે સર્વાંગસુંદર તપમાં ક્ષમા, માર્દવ, આર્જવ વગેરેના અભિગ્રહ કરવા પૂર્વક, તીર્થંકરપૂજા, મુનિ, ગરીબ વગેરેને દાન કરવા પૂર્વક આઠ ઉપવાસો એકાંતરા આયંબિલના પારણા કરવા પૂર્વક શુક્લપક્ષમાં કરે. આ તપનું સર્વાંગ સુંદરપણું તો આનુષંગિક જ ફલ જાણવું. મુખ્યપણે તો સર્વજ્ઞની આજ્ઞાપૂર્વક કરાતા બધાયે તપોમાં મોક્ષપ્રાપ્તિ એ જ ફલ છે-એમ વિચારવું. એ પ્રમાણે બધાયે તપોમાં જાણવું. (૧૫૪૪)

## નિરુજશિખ તપ

एवं निरुजसिहोवि हु नवरं सो होइ सामले पक्खे ।
तंमि य अहिओ कीरइ गिलाणपडिजागरणनियमो ॥१५४५॥

રૂજ એટલે રોગ, રોગનો અભાવ તે નિરુજ એટલે નિરોગીપણું જેનું મુખ્ય ફળ છે, તે મુખ્યફળ વિવક્ષાવડે શિખા એટલે ચૂલા શિખર જે તપ વિશેષમાં છે, તે નિરુજશિખ તપ કહેવાય છે.

એટલે જે તપમાં નિરોગીપણારૂપ ફળની મુખ્યતારૂપ શિખા છે, તે નિરુજશિખ તપ. આ તપ પણ સર્વાંગ સુંદરતપની જેમજ એકાંતરા આઠ ઉપવાસ આયંબિલના પારણાપૂર્વક કરવા. પરંતુ આ નિરુજશિખ તપ વદીપક્ષમાં થાય છે. આમાં વિશેષ રૂપ 'માંદાને માટે પથ્ય વગેરે આપવુ' એવો નિયમ લેવા પૂર્વક કરવો. બાકીનું જિન-પૂજા વગેરે આગળની જેમ જાણવું. (૧૫૪૫)

## પરમભૂષણ તપ

सो परमभूसणो होइ जंमि आयंबिलाणि बत्तीसं ।
अंतरपारणयाइं भूषणदाणं च देवस्स ॥१५४६॥

શક્રેન્દ્ર-ચક્રવર્તિ વગેરે ને યોગ્ય ઉત્કૃષ્ટ (ઉંચા) પ્રકારના હાર, બાજુબંધ, કુંડલ વગેરે આભૂષણો જેનાથી પ્રાપ્ત થાય, તે પરમભૂષણ. આ તપમાં બત્રીસ (૩૨) આયંબિલ શક્તિ હોય તો નિરંતર અને શક્તિ ન હોય તો એકાંતરા કરે. આ તપ પૂરો થાય એટલે ભગવાનને મુગટ, તિલક વગેરે આભૂષણ ચડાવે અને સાધુને દાન વગેરે આપે. (૧૫૪૬)

**આયતિજનક તપ.**

आयइजणगोऽवेवं नवरं सव्वासु धम्मकिरियासुं ।
अणिगूहियबलविरियप्पवित्तिजुत्तेहिं सो कज्जो ॥१५४७॥

આયતિ એટલે આગામિકાળ યાને ભવિષ્યકાળમાં જે તપ ઇચ્છિત ફળ પ્રાપ્ત કરાવે, તે આયતિજનક તપ કહેવાય છે. આ તપ પણ પરમભૂષણતપની જેમ બત્રીસ આયંબિલ પૂર્વક કરવો. પરંતુ વંદન, પ્રતિક્રમણ, સ્વાધ્યાય, સાધુ-સાધ્વીની વૈયાવચ્ચ વગેરે બધાયે ધર્મકાર્યો બળ-વીર્ય છુપાવ્યા વગર ઉત્સાહપૂર્વક કરે, તે આયતિજનકતપ કહેવાય. (૧૫૪૭)

**સૌભાગ્યકલ્પવૃક્ષ તપ.**

एगंतरोववासा सव्वरसं पारणं च चेत्तंमि ।
सोहग्गकप्परुक्खो होइ तहा दिज्जए दाणं ॥१५४८॥
तवचरणसमत्तीए कप्पतरु जिणपुरो ससत्तीए ।
कायव्वो नाणाविहफलविलसिरसाहियासहिओ ॥१५४९॥

જે તપ કલ્પવૃક્ષની જેમ સૌભાગ્યરૂપી ફળનું દાન કરે છે, તે સૌભાગ્યકલ્પવૃક્ષ કહેવાય. આ સૌભાગ્યકલ્પવૃક્ષ રૂપી તપ આખા ચૈત્ર મહિનામાં એકાંતરા ઉપવાસ કરવા પૂર્વક કરે. પારણુ સર્વરસમય એટલે વિગઈવાળુ કરે. તથા આ તપ દરમ્યાન યથાશક્તિ સાધુ વગેરેને દાન આપે. આ તપની સમાપ્તિમાં શક્તિ અનુસાર ભગવાનની આગળ પૂજા વગેરે કરવા પૂર્વક વિશાળ થાળમાં મહારજતમય અથવા સાદા ચોખાનો વિવિધ પ્રકારના ફળોના સમૂહથી શોભતો અસંખ્યડાળવાળો કલ્પવૃક્ષ આલેખે. (૧૫૪૮-૧૫૪૯)

**તીર્થંકરમાતા તપ.**

तित्थयरजणणिपूयापुव्वं एक्कासणाइं सत्तेव ।
तित्थयरजणणिनामगतवंमि कीरंति भद्दवए ॥१५५०॥

તીર્થંકરની માતાની પૂજા કરવા પૂર્વક સાત એકાસણા, તીર્થંકરમાતા તપમાં

કરવામાં આવે છે. આ તપ ભાદરવા મહિનામાં સુદ સાતમથી શરૂ કરી સુદ તેરસ સુધી કરાય છે. આ તપ ત્રણ વર્ષ સુધી કરવાનો હોય છે. (૧૫૫૦)

**સમવસરણ તપ.**

एक्कासणाइएहिं भद्दवयचउक्कगंमि सोलसहिं ।
होइ समोसरणतवो तप्पूयापुव्वविहिएहिं ॥१५५१॥

ભાદરવા વદ એકમથી લઈ સમવસરણમાં રહેલ પ્રતિમાની પૂજા કરવા પૂર્વક પોતાની શક્તિ અનુસારે એકાસણુ, નિવિ, આયંબિલ અને ઉપવાસ કરવા. સોળ દિવસો થાય. એ રીતે ચાર ભાદરવાની અંદર કરવાથી એટલે ચાર વર્ષે આ સમવસણ તપ પૂરો થાય છે. આથી ચાર ભાદરવાના થઇ ચોસઠ (૬૪) દિવસો આ તપમાં થાય છે. આનો ભાવ એ છે કે,

સમવસરણના એક એક દ્વારને અનુલક્ષીને ચાર ચાર દિવસ કરાય છે. તેથી આ તપનો એક દ્વાર-એ પ્રમાણે પ્રસિદ્ધ છે. (૧૫૫૧)

**અમાવાસ્યા તપ.**

नंदीसरपडपूया नियसामत्थसरिसतवचरणा ।
होइ अमावस्सतवो अमावसावासरुद्दिट्ठो ॥१५५२॥

નંદીશ્વરદ્વીપના પટમાં આલેખેલા જિનભવનમાં રહેલા જિનેશ્વરોની પૂજા કરવા પૂર્વક પોતાની શક્તિ અનુસારે ઉપવાસ વગેરે કોઈપણ તપ દરેક અમાવસ્યાના દિવસે કરવા પૂર્વક અમાવાસ્યા તપ થાય છે. આ તપ દિવાળીની અમાસથી શરૂ કરી સાત વર્ષે પૂરો થાય છે. (૧૫૫૨)

**પુંડરીક તપ.**

सिरिपुंडरीयनामगतवंमि एगासणाइ कायव्वं ।
चेत्तस्स पुन्निमाए पूएयव्वा य तप्पडिमा ॥१५५३॥

પુડરીક નામનો તપ ચૈત્ર મહિનાની પૂનમથી શરૂ કરી બાર પૂનમ અને મતાંતરે સાત વર્ષ સુધી પૂનમે એકાસણુ વગેરે તપ પોતાની શક્તિ અનુસારે કરે છે. અને તે દિવસે ઋષભદેવના પ્રથમ ગણધર પુંડરીકસ્વામિની પ્રતિમાની પૂજા કરે. આ તપ ચૈત્રી પૂનમથી શરૂ કરવામાં પુંડરીકસ્વામિને ઉત્પન્ન થયેલ કેવલજ્ઞાન જ કારણરૂપ છે. કેમકે પુંડરીકસ્વામીને ચૈત્રીપૂનમે જ કેવલજ્ઞાન ઉત્પન્ન થયુ હતું.

પદ્મપ્રભુ ચરિત્રમાં પુડરીક ગણધરના વિષયમાં કહ્યું છે કે,

'શુક્લધ્યાન રૂપ પાણીવડે ઘાતિકર્મરૂપી કાદવને ધોઇ ચૈત્રી પૂનમના દિવસે કેવળજ્ઞાનરૂપ પ્રકાશ પ્રાપ્ત કર્યો'. આ પ્રમાણે બીજે સ્થળે પણ હેતુ વિચારીને કહેવા. (૧૫૫૩)

**અક્ષયનિધિ તપ.**

देवग्गठवियकलसो जा पुन्नो अक्खयाण मुट्ठीए ।
जो तत्थ सत्तिसरिसो तवो तमक्खयनिहिं बिंति ॥१५५४॥

સર્વજ્ઞ ભગવંતની આગળ સ્થાપેલા કળશમાં રોજ એક એક મુટ્ઠી ચોખા નાંખવા વડે જેટલા દિવસમાં કળશ ભરાય, તેટલા દિવસ સુધી પોતાની શક્તિ મુજબ એકાસણુ વગેરે કોઈપણ તપ કરવો, તેને પંડિતો અક્ષયનિધિ કહે છે.

અક્ષયનિધિ એટલે હંમેશા સંપૂર્ણ ભરેલ નિધિ એટલે નિધાન જેનાથી પ્રાપ્ત થાય, તે અક્ષયનિધિ. (૧૫૫૪)

**યવમધ્યાચંદ્ર પ્રતિમા.**

वड्ढइ जहा कलाए एक्केक्काएऽणुवासरं चंदो ।
संपुन्नो संपज्जइ जा सयलकलाहिं पव्वंमि ॥१५५५॥

तह पडिवयाए एक्को कवलो बीयाइ पुन्निमा जाव ।
एक्केक्ककवलवुड्ढी जा तेसिं होइ पन्नरसगं ॥१५५६॥
एक्केक्कं किण्हंमि य पक्खंमि कलं जहा ससी मुयइ ।
कवलोवि तहा मुचइ जाऽमावासाइ सो एक्को ॥१५५७॥

एसा चंदप्पडिमा जवमज्झा मासमित्तपरिमाणा ।
इण्हि तु वज्जमज्झं मासप्पडिमं पवक्खामि ॥१५५८॥

ચંદ્ર જેમ રોજ એક એક કલા વધે છે અને પૂનમ પર્વના દિવસે સકળ કળાવડે સંપૂર્ણ થાય છે, તેમ એકમના દિવસે એક કોળિયો બીજથી લઇ પૂનમ સુધી રોજ એક એક કોળિયાની વૃદ્ધિ કરતા પૂનમે પંદર કોળિયા થાય છે. વદપક્ષમાં જેમ ચંદ્ર રોજ એક એક કળા ઓછો થાય છે, તેમ અમાવસ્યા સુધી એક એક કોળિયા ઓછા કરતા અમાવસ્યાએ એક કોળિયો રહે છે. આ એક માસ પ્રમાણની યવમધ્યા ચંદ્રપ્રતિમા છે.

ચંદ્રની કળાની વૃદ્ધિ અને હાનીની જેમ, જે પ્રતિમા એટલે પ્રતિજ્ઞા તે ચંદ્ર-પ્રતિમા અથવા ચંદ્રાયણ નામનો તપ છે. તે ચંદ્રપ્રતિમા, યવમધ્યા અને વજ્રમધ્યા એમ બે પ્રકારે છે.

જે પ્રતિમા જવની જેમ વચ્ચે જાડી અને છેડાના ભાગે પાતળી હોય, તે જવમધ્યા.

જે પ્રતિમા વજ્રની જેમ મધ્યમાં પાતળી અને છેડાના ભાગે જાડી હોય તે વજ્રમધ્યા કહેવાય છે.

**યવમધ્યા :–**

જેમ સુદપક્ષમાં એકમથી લઈ રોજ ચંદ્રમાં એક એક કલા વધે છે અને પર્વ એટલે પૂનમના દિવસે બધી કળાઓ વડે પૂર્ણ થાય છે. તેમ તે પ્રમાણે એકમે એક કોળિયો, કોળિયાના ઉપલક્ષણથી એક ભિક્ષા અથવા એકદત્તિ પણ લઈ શકાય છે. બીજના બે કોળિયા, ત્રીજના ત્રણ કોળિયા–એમ એક–એક કોળિયો વધતા પૂનમસુધીમાં પંદર કોળિયા થાય છે. એટલે પૂનમે પંદર કોળિયા વપરાય છે. એ પ્રમાણે વદપક્ષમાં દરરોજ ચંદ્ર એક એક કલા મૂકે છે એટલે ઓછો થાય છે. માટે કોળિયા પણ એક એક ઓછા કરતાં અમાવાસ્યા સુધીમાં અમાસે એક કોળિયો રહે છે. કેવી રીતે થાય તે કહે છે.

વદ એકમના દિવસે પંદર કોળિયા લેવા. બીજે ચૌદ, ત્રીજે તેર, એ પ્રમાણે અમાસે એક જ કોળિયો થશે. આ યવમધ્યા ચંદ્રપ્રતિમા એકમાસ પ્રમાણની કહી. (૧૫૫૫ થી ૧૫૫૮)

**વજ્રમધ્યા ચંદ્રપ્રતિમા :–**

**पन्नरस पडिवयाए एक्कगहाणीए जावऽमावस्सा ।**
**एक्केणं कवलेणं जाया तह पडिवईऽवि सिआ ॥१५५९॥**
**बीयाइयासु इक्कगवुड्ढी जा पुन्निमाएँ पन्नरस ।**
**जवमज्झवज्जमज्झाओ दोवि पडिमाओ भणियाओ ॥१५६०॥**

**એકમે પંદર કોળિયા. પછી એક–એક ઓછા કરતા અમાવાસ્યાએ એક કોળિયો, સુદ એકમે એક કોળિયો લેવો. બીજ વગેરેમાં એક–એક કોળિયાની વૃદ્ધિ કરતા પૂનમે પંદર કોળિયા થાય. આ પ્રમાણે યવમધ્યા અને વજ્રમધ્યા એમ બે પ્રતિમાઓ કહી.**

વદપક્ષની એકમે પંદર કોળિયા લેવા, તે પછી રોજ એક–એક કોળિયો ઓછો કરતાં અમાવાસ્યા સુધીમાં એક કોળિયો થાય એટલે અમાસે એક કોળિયો લેવો એવો ભાવ છે. તે પછી સુદ એકમે એક કોળિયો થાય, એટલે સુદ એકમના દિવસે એક જ કોળિયો લેવો, તે પછી બીજે બે કોળિયા એમ દરરોજ એક–એક કોળિયો વધતા પુનમ સુધીમાં પંદર કોળિયા અથવા દત્તિ લેવી. આ પ્રમાણે યવમધ્યા અને વજ્રમધ્યા એમ બે પ્રતિમાઓ કહી છે. આ પંચાશક વગેરે ગ્રંથાનુસારે છે. જ્યારે વ્યવહાર ચૂર્ણિના અભિપ્રાય આ પ્રમાણે છે.

શુક્લપક્ષની એકમના દિવસે ચંદ્રવિમાનની દેખાતી પંદર કલાઓમાંથી એક કલા દેખાય, ચૌદકલા દેખાતી નથી. બીજના દિવસે બે કળા દેખાય છે. ત્રીજના દિવસે ત્રણ કળા–એમ પુનમના દિવસે સંપૂર્ણ પંદર કલા દેખાય છે.

તે પછી વદપક્ષની એકમના દિવસે એક કળા ઓછો ચંદ્ર દેખાય એટલે ચૌદ કળા જણાય છે. બીજના તેર કળા, ત્રીજના બાર કળા–એમ અમાસે એક પણ કળા દેખાતી નથી. એમ આ મહિનો શરૂઆતમાં હીન વચ્ચે સંપૂર્ણ અને ફરી છેડે હીન છે.

જવ પણ શરૂઆતમાં અને અંતે પાતળો હોય છે અને વચ્ચે જાડો હોય છે. એમ સાધુ પણ સુદ એકમે એક ભિક્ષા લે, બીજે બે, ત્રીજે ત્રણ, એમ પુનમે પંદર. તે પછી વદપક્ષની એકમે ચૌદ, બીજે તેર, એમ ચૌદસે એક ભિક્ષા અને અમાસે ઉપવાસ કરે. તેથી ચંદ્રાકારરૂપે ચંદ્રપ્રતિમામાં શરૂઆતમાં અને છેડે ભિક્ષાઓ ઓછી હોવાથી અને મધ્યમાં ઘણી હોવાથી યવમધ્યની ઉપમાવાળો યવમધ્ય પ્રતિમા છે.

આજ યવમધ્યા ચન્દ્રપ્રતિમાને આશ્રયી બીજે સ્થળે કહ્યું છે કે, શુક્લપક્ષમાં એક એક ભિક્ષા વધે અને કૃષ્ણપક્ષમાં ઓછી કરે તથા અમાસે ખાય નહીં ઉપવાસ કરે આ ચંદ્રાયણની વિધિ છે.

વજ્રમધ્યા ચંદ્રપ્રતિમા વદપક્ષમાં શરૂઆત કરાય છે. તેની વિચારણા આ પ્રમાણે છે. વદપક્ષની એકમે ચંદ્રવિમાનની ચૌદ કળા દેખાય, બીજના તેર, ત્રીજના બાર, એમ ક્રમાનુસારે ચૌદસે એક તથા અમાસે એક પણ કળા દેખાતી નથી. તે પછી સુદપક્ષની એકમે ચંદ્રવિમાનની એક કળા દેખાય છે. બીજે બે કળા એમ પૂનમે પંદર કળા દેખાય છે. તેથી આ મહિનો શરૂઆતમાં અને છેડે પહોળો અને વચ્ચે પાતળો તેમ વજ્ર-પણ શરૂમાં અને છેડે પહોળું અને વચ્ચે પાતળું હોય છે. આ પ્રમાણે સાધુ પણ ભિક્ષા ગ્રહણ કરે છે.

એટલે વદપક્ષની એકમે ચૌદ, બીજે તેર–એમ ચૌદસે એક અને અમાસે ઉપવાસ કરે, તે પછી ફરીવાર સુદ એકમે એક ભિક્ષા, બીજે બે, એમ પૂનમે પંદર ભિક્ષા લે. તેથી આ પણ ચંદ્રાકારરૂપ ચંદ્રપ્રતિમા શરૂઆતમાં અને છેડે જાડી અને વચ્ચે પાતળી રૂપે વજ્રમધ્યની ઉપમાવાળી વજ્રમધ્યા પ્રતિમા છે. (૧૫૫૯–૧૫૬૦)

## સપ્ત સપ્તમિકાની પહેલી ચાર પ્રતિમાઓ

दिवसे दिवसे एगा दत्ती पढमंमि सत्तगे गिज्झा ।
वड्ढइ दत्ती सह सत्तगेण जा सत्त सत्तमए ॥१५६१॥
इगुवन्नवासरेहिं होइ इमा सत्तसत्तमी पडिमा ।
अट्ठट्ठमिया नवनवमिया य दसदसमिया चेव ॥१५६२॥

नवरं वड्ढइ दत्ती सह अट्ठगनवगदसगवुड्ढीहिं ।
चउसट्ठी एक्कासी सयं च दिवसाणिमासु कमा ॥१५६३॥

**દિવસે દિવસે એટલે દરરોજ એક–એક પહેલા સપ્તકમાં દત્તિ લેવી. સપ્તકો જેમ જેમ વધતા જાય તેમ તેમ દત્તિ પણ વધતી જાય. એટલે સાતમા સપ્તકમાં સાત દત્તિ થાય. આમ ઓગણપચાસ (૪૯) દિવસે સપ્ત સપ્તમિકા પ્રતિમા થાય છે.**

**અષ્ટ અષ્ટમિકા, નવ નવમિકા, દસ દસમિકામાં પણ દત્તિ વધવા સાથે અષ્ટક, નવક અને દસકની વૃદ્ધિ થાય છે. એટલે ચોસઠ દિવસ, એકાસી (૮૧) અને સો (૧૦૦) દિવસો આ પ્રતિમામાં થાય છે.**

પહેલા સપ્તકમાં દિવસે દિવસે એટલે દરરોજ એક એક દત્તિ લેવી. તે પછી સપ્તક વધતા દત્તિ પણ વધે છે. જેથી સાતમા સપ્તકમાં દરરોજ સાત દત્તિઓ થાય છે. આની ભાવના આ પ્રમાણે છે.

સપ્ત સપ્તમિકા પ્રતિમામાં સાત સપ્તક દિવસો એટલે એક સપ્તકમાં સાત દિવસ –એમ સાત સપ્તકના ઓગણપચાસ દિવસ થાય.

તેથી પહેલા સપ્તકમાં દરરોજ એક એક દત્તિ લે. બીજા સપ્તકમાં દરરોજ બે દત્તિ લે. ત્રીજા સપ્તકમાં દરરોજ ત્રણ ત્રણ દત્તિ લે. ચોથામાં ચાર, પાંચમામાં પાંચ, છઠ્ઠામાં છ, સાતમામાં સાત દત્તિઓ લે. આ દત્તિઓ ભોજનની જાણવી અને આજ સંખ્યા પ્રમાણ પાણીની દત્તિઓ પણ જાણવી. આઠમા અંગ સૂત્ર અંતકૃતદશાંગમાં કહ્યું છે કે,

'પહેલા સપ્તકમાં એક એક ભોજનની દત્તિ ગ્રહણ કરે અને એક એક પાણીની, એ પ્રમાણે સાતમામાં સાત દત્તિઓ ભોજનની લે અને સાત પાણીની.'

બીજા આચાર્યો બીજી રીતે પણ કહે છે. પહેલા સપ્તકના પહેલા દિવસે એક દત્તિ લે, બીજા દિવસે બે, ત્રીજા દિવસે ત્રણ, ચોથા દિવસે ચાર, પાંચમા દિવસે પાંચ, છટ્ઠે દિને છ અને સાતમા દિને સાત. એ પ્રમાણે બીજા, ત્રીજા, ચોથા, પાંચમા, છઠ્ઠા, સાતમા સપ્તકમાં જાણવું. વ્યવહારભાષ્યમાં કહ્યું છે કે,

'अहवा एक्किक्कियं दत्तिं जा सत्तेक्ककस्स सत्तए । आएसो अत्थि एसो वि,'

આ પ્રમાણે ઓગણપચાસ (૪૯) દિવસે આ સપ્ત સપ્તમિકા પ્રતિમા થાય છે. જેમાં સાત સાત દિવસના સાત સપ્તકરૂપ દિવસો છે, તે સપ્ત સપ્તમિકા. અષ્ટ અષ્ટમિકા, નવ નવમિકા, દશ દશમિકા પ્રતિમાઓ ઉપર કહ્યા પ્રમાણેજ જાણવી. પરંતુ આટલી વિશેષતા છે, કે અષ્ટક. નવક અને દશકની વૃદ્ધિ સાથે દરેકની દત્તિ વધે છે. તે આ પ્રમાણે.

અષ્ટ અષ્ટમિકા પ્રતિમામાં આઠ અષ્ટકો થાય છે. તેમાં પહેલા અષ્ટકમાં દરરોજ એક દત્તિ લે છે. બીજા અષ્ટકમાં દરરોજ બે દત્તિ લે છે. એ પ્રમાણે ત્રીજામાં ત્રણ, ચોથામાં ચાર, એમ એક-એક દત્તિની વૃદ્ધિ ત્યાં સુધી જ્યારે આઠમા અષ્ટકમાં દરરોજ આઠ દત્તિ લે. આ પ્રતિમામાં ચોસઠ (૬૪) દિવસ થાય છે.

નવ નવમિકા પ્રતિમામાં નવ નવકો થાય છે. તેમાં પહેલા નવકમાં દરરોજ એક-એક દત્તિ, બીજા નવકમાં દરરોજ બે દત્તિ ત્રીજા નવકમાં દરરોજ ત્રણ દત્તિ—એ પ્રમાણે એક એક દત્તિ વધતા નવમા નવકમાં નવ દત્તિઓ લે. આમાં એકયાસી (૮૧) દિવસો થાય છે.

દશ દશમિકા પ્રતિમામાં દશ દશકો થાય છે. તેમાં પહેલા દશકમાં દરરોજ એક દત્તિ લેવી, બીજા દશકમાં દરરોજ બે દત્તિ લેવી, એ પ્રમાણે એક-એક દત્તિ વધતા દસમા દશકમાં દરરોજ દસ-દસ દત્તિ લે. આમાં સો દિવસ થાય છે.

આ પ્રમાણે નવ મહિના અને ચોવીસ દિવસે આ ચારે પ્રતિમા પૂરી થાય છે.

અહિં સપ્ત સપ્તમિકા પ્રતિમામાં એકસોછન્નુ (૧૯૬) દત્તિઓનું પ્રમાણ છે. આઠ અષ્ટમિકા પ્રતિમામાં (૨૮૦) બસ્સો એંસી દત્તિઓ છે. નવ નવમિકા પ્રતિમામાં ચારસો પાંચ દત્તિઓ થાય છે. દશ દશમિકા પ્રતિમામાં પાંચસો પચાસ (૫૫૦) દત્તિઓ થાય છે. (૧૫૬૧-૧૫૬૩)

**આયંબિલ વર્ધમાન તપ.**

**एगाइयाणि आयंबिलाणि एक्केक्कवुड्ढिमंताणि ।**
**पज्जंतअभत्तट्ठाणि जाव पुन्नं सयं तेसिं ॥१५६४॥**
**एयं आयंबिलवद्धमाणनामं महातवच्चरणं ।**
**वरिसाणि एत्थ चउदस मासतिगं वीस दिवसाणि ॥१५६५॥**

એક-બે વગેરે આયંબિલોની વૃદ્ધિ પૂર્વક અને છેડે ઉપવાસ કરવા પૂર્વક, સો આયંબિલ કરવા વડે આ આયંબિલ વર્ધમાન નામનો મહાતપ પૂરો થાય છે. જે તપશ્ચર્યામાં આયંબિલનું વર્ધમાન એટલે વૃદ્ધિ થતી હોય, તે આયંબિલ વર્ધમાનતપ કહેવાય છે. આનો ભાવ એ છે કે,

પહેલા એક આયંબિલ કરી ઉપર ઉપવાસ, કરાય છે પછી બે આયંબિલ એક ઉપવાસ, પછી ત્રણ આયંબિલ એક ઉપવાસ, ચાર આયંબિલ એક ઉપવાસ, પાંચ આયંબિલ એક ઉપવાસ. એમ એક-એક આયંબિલની વૃદ્ધિ વચ્ચે ઉપવાસ કરવા પૂર્વક કરવી. તે સો આયંબિલ અને એક ઉપવાસ સુધી કરવું. આ તપમાં સો ચોથ ભક્ત એટલે ઉપવાસો અને પાંચ હજાર પચાસ (૫૦૫૦) આયંબિલો થાય છે.

ઉપવાસ અને આયંબિલના દિવસો મેળવતા ચૌદવર્ષ, ત્રણ મહિના અને વીસ દિવસ થાય છે. (૧૫૬૪-૧૫૬૫)

**ગુણરત્ન સંવત્સરતપ.**

गुणरयणवच्छरंमी सोलस मासा हवंति तवचरणे ।
एगंतरोववासा पढमे मासंमि कायव्वा ॥१५६६॥
ठायव्वं उक्कुडुआसणेण दिवसे निसाए पुण निच्चं ।
वीरासणिएण तहा होयव्वमवाउडेणं च ॥१५६७॥
बीयाइसु मासेसुं कुज्जा एगुत्तराए वुड्ढीए ।
जा सोलसमे सोलस उववासा हुंति मासंमि ॥१५६८॥
जं पढमगंमि मासे तमणुट्ठाणं समग्गमासेसु ।
पंच सयाइं दिणाणं वीसूणाइं इसंमि तवे ॥१५६९॥

**ગુણરત્ન સંવત્સર તપશ્ચર્યામાં સોલ મહિના થાય છે. તેમાં પહેલા મહિનામાં એકાંતરા ઉપવાસ કરવા અને દિવસે ઉત્કટુક, (ઉભડક) આસને રહેવું. રાત્રે હંમેશા વીરાસન પુર્વક અપ્રાવૃત એટલે કપડુ ઓઢયા વગર રહેવું. બીજા વગેરે માસમાં એક-એક ઉપવાસની વૃદ્ધિ પૂર્વક ઉપવાસ કરવા. આ પ્રમાણે સોલમા મહિનામાં સોળ ઉપવાસો થાય છે. જે પહેલા મહિનામાં અનુષ્ઠાન હોય છે. તેજ અનુષ્ઠાન બધા મહિનામાં હોય છે. આ તપમાં વીસ દિવસ ઓછા પાંચસો દિવસ છે. એટલે ચારસો એંસી (૪૮૦) દિવસ થાય છે.**

ગુણ એટલે નિર્જરા વિશેષ. ગુણોની જે રચના એક વર્ષ અને વર્ષના ત્રીજા ભાગ સહિત કાળમાં કરાવીને ગુણરત્નસંવત્સર તપ કહેવાય, અથવા જેમાં ગુણો એજ રત્નો છે, તે ગુણરત્ન તથા જેમાં ગુણરત્ન એજ વર્ષ છે, તે ગુણરત્નવત્સર તપ કહેવાય. આ ગુણરત્નસંવત્સર તપમાં સોલ મહિના હોય છે.

પહેલા મહિનામાં એકાંતરા ઉપવાસો કરવા અને આખો દિવસ ઉત્કટુક (ઉભડક) આસને રહેવું અને રાત્રે હંમેશા વીરાસન પૂર્વક બેસવું અને સંપૂર્ણ નિરાવરણ એટલે કપડા ઓઢયા વગર રહેવું. એ પ્રમાણે બીજા વગેરે મહિનાઓમાં એક-એક દિવસના વૃદ્ધિપૂર્વક ઉપવાસો કરવા એમ કરતા સોલ મહિનામાં સોલ ઉપવાસો થાય છે. આનો ભાવ એ છે કે, પહેલા મહિનામાં એકાંતરા ઉપવાસ કરવા વચ્ચે આંતરામાં પારણા કરવા. બીજા મહિનામાં બે-બે ઉપવાસો કરવા. ત્રીજા મહિનામાં ત્રણ ત્રણ ઉપવાસો કરવા. ચોથા મહિનામાં ચાર ચાર ઉપવાસ. એમ સોલમા મહિનામાં સોલ સોલ

ઉપવાસ કરવા. આમાં તેર મહિના અને સત્તર દિવસ તપના એટલે ઉપવાસના થાય છે અને પારણાના તોતેર (૭૩) દિવસ થાય છે. તે આ પ્રમાણે 'પંદર ઉપવાસ, વીસ ઉપવાસ, ચોવીસ ઉપવાસ, ચોવીસ ઉપવાસ, પચ્ચીસ, ચોવીસ, એકવીસ, ચોવીસ, સત્તાવીસ, ત્રીસ, તેત્રીસ, ચોવીસ, છવ્વીસ, અઠ્ઠાવીસ, ત્રીસ, બત્રીસ–આ સોળ મહિનામાં તપના દિવસો છે. અને પારણાના દિવસો સોળ મહિનામાં આ પ્રમાણે છે. પંદર, દસ, આઠ, છ, પાંચ, ચાર પાંચ વખત, ત્રણ, ત્રણ, પાંચ વખત અને બે–બે દિવસો છે.

આ તપમાં જે મહિનામાં અટ્ઠમ વગેરે તપના જેટલા દિવસો પૂરા ન થાય તેટલા દિવસો આગળના મહિનામાંથી લઈ પુરા કરવા અને વધારે દિવસો હોય, તો આગળના મહિનામાં ઉમેરવા. જે પહેલી (૧૫૬૭) ગાથામાં કહેલ ઉત્કટુક આસન વગેરે અનુષ્ઠાન છે, તે બધા માસમાં કરવું. આ તપમાં બધા મળી વીસ દિવસ ઓછા પાંચસો દિવસ થાય છે. એટલે ચારસો એંસી દિવસ થાય છે, (૧૫૬૬ થી ૧૫૬૯)

तह अंगोवंगाणं चिइवंदणपंचमंगलाईणं ।
उवहाणाइ जहाविहि हवंति नेयाइं तह समया ॥१५७०॥

**અંગ–ઉપાંગ અને ચૈત્યવંદન, પંચમંગલ વગેરે ઉપધાનો આદિ તપો, જે વિધિપૂર્વક થાય છે, તે સિદ્ધાંતમાંથી જાણવા.**

આ પ્રમાણે પ્રવચન એટલે સિદ્ધાંતરૂપ સાગર પાર વગરનો છે. અને તે સિદ્ધાંતમાં કહેલા તપોના કરનારાઓ પણ ઘણા છે. આથી સ્કંદક વગેરે અનેક પ્રધાન પુરુષોવડે આચરાયેલ અનેક તપો સાંભળવામાં આવે છે. એ બધામાંથી કેટલાના વિવેચન કરી શકાય ? આથી દિશાસૂચનરૂપે કેટલાક બતાવ્યા. તેથી બાકીના તપ વિશેષોને અતિ સંક્ષેપમાં કહે છે.

આચારાંગ વગેરે અંગો, ઔપપાતિક વગેરે ઉપાંગો, ચૈત્યવંદનના, ઈરિયાવહીના, નમુત્થુણં, અરિહંત ચેઈયાણં, લોગસ્સ, પુક્ખરવરદીવડ્ઢે, સિદ્ધાણં બુદ્ધાણં, નવકારમંત્રના અને આદિ શબ્દ પરથી દેવેન્દ્ર સ્તવ વગેરે પયન્નના ઉપધાનો એટલે તપ વિશેષરૂપે, જે વિધિપૂર્વક કહ્યા છે, તે પ્રમાણે સિદ્ધાંતમાંથી જાણવા.

વર્તમાન કાળમાં ભદ્રિકલોકના હિત માટે બહુશ્રુત આચાર્યોની પરંપરાવડે પ્રવર્તેલા બીજા પણ ઘણા તપોનો પ્રચાર દેખાય છે. પણ તેનું વિવેચન અહીં ગ્રંથવિસ્તારના ભયથી કરતા નથી. માટે તે તપો જાણવાની ઈચ્છાવાળાએ અમે રચેલ સમાચારી જોઈ લેવી. (૧૫૭૦)

## ૨૭૨. પાતાળ કળશ

पणनउइ सहस्साइं ओगाहित्ता चउद्दिसिं लवणं ।
चउरोऽलिंजरसंठाणसंठिया होंति पायाला ॥१५७१॥

જંબૂદ્વીપની મધ્યમાં રહેલ મેરૂપર્વતની ચારે દિશાઓમાં દરેક તરફ પંચાણુ હજાર (૯૫૦૦૦) યોજન લવણુસમુદ્રમાં જતા, ચારે દિશામાં એક એક પાતાળ કળશ હોવાથી કુલ્લે ચાર પાતાળકળશો અલિજંર એટલે મોટી કોઠીના આકારે સમુદ્રમાં રહેલા છે.(૧૫૭૧)

હવે તેમના નામ વગેરે કહે છે.

वलयामुह केयूरे जुयगे तह ईसरे य बोद्धव्वे ।
सव्ववइरामयाणं कुड्डा एएसिं दससइया ॥१५७२॥
जोयणसहस्सदसगं मूले उवरिं च होंति विच्छिन्ना ।
मज्झे य सयसहस्सं तत्तियमित्तं च ओगाढा ॥१५७३॥
पलिओवमट्ठिईया एएसिं अहिवई सुरा इणमो ।
काले य महाकाले वेलंब पभंजणे चेव ॥१५७४॥

મેરુની પૂર્વદિશામાં વડવામુખ અથવા વલયામુખ નામનો પાતાળકળશ છે. દક્ષિણ-દિશામાં કેયૂપ અથવા કેયૂર અને સમવાયાંગ ટીકાનુસારે કેતુક નામનો પાતાળકલશ છે. પશ્ચિમમાં યૂપ અને ઉત્તરમાં ઈશ્વર નામે પાતાળકળશ છે.

આ ચારે કળશો સંપૂર્ણ વજ્રમય છે. અને તેમની સંપૂર્ણ વજ્રમય દિવાલ એટલે ઠીકરીની બધી તરફથી જાડાઈ હજાર યોજન છે. તે ચારે પાતાળ કળશો મૂળ એટલે તળિયાના ભાગે અને ઉપર મોઢાના ભાગે દશ હજાર યોજનના વિસ્તારવાળા છે. વચ્ચે પેટના ભાગે એક લાખ યોજનના વિસ્તારવાળા છે. તથા એકલાખ યોજન જમીનમાં ઉંટાયેલા છે. આનો ભાવાર્થ આ પ્રમાણે છે.

આ ચારે પાતાળ કળશો એકલાખ યોજન જમીનમાં ઊંડા છે. તથા મૂળના ભાગે દસ હજાર યોજન વિસ્તારવાળા છે. તેથી ઉપર એક એક પ્રદેશ શ્રેણીના વિસ્તારપૂર્વક વધતા વધતા બરાબર વચ્ચેના ભાગે એકલાખ યોજનનો વિસ્તાર થાય છે. તે પછી પાછા ઉપર એક એક પ્રદેશશ્રેણીને વિસ્તારમાંથી ઘટાડતા–ઘટાડતા ઉપર મોઢાના ભાગે દશ હજાર યોજનનો વિસ્તાર થાય છે.

**પાતાળકળશના અધિષ્ટાયક દેવોના નામો.**

આ પાતાળકળશોના અધિપતિ દેવો એક પલ્યોપમની સ્થિતિવાળા મહાર્ધિક દેવો છે.

તેમના નામ આ પ્રમાણે છે. વડવામુખના અધિષ્ઠાયક કાળ દેવ છે. કેયૂરના મહાકાળ છે. યૂપના વેલંબ નામના અને ઈશ્વરના પ્રભંજન નામે દેવ છે. (૧૫૭૨ થી ૧૫૭૪)

**હવે લઘુપાતાળકળશોની હકીકત કહે છે.**

अन्नेवि य पायाला खुड्डालिंजरगसंठिया लवणे ।
अट्ठ सया चुलसीया सत्त सहस्सा य सव्वेसिं ॥१५७५॥

લવણસમુદ્રમાં મહાપાતાળકળશોના આંતરામાં એટલે વચ્ચેના ભાગોમાં બીજા ઘણા નાના નાના પાતાળ કળશો છે. જે નાના અલિંજર એટલે નાની કોઠીના આકારે રહેલા છે. તે બધા મળી સાત હજાર આઠસો ચોર્યાસી (૭૮૮૪) થાય છે. એટલે એક મહાપાતાળ કળશના પરિવારમાં ઓગણીસસોને એકોત્તેર (૧૯૭૧) લઘુપાતાળકળશ સંભવે છે. આ લઘુપાતાળકળશોના દરેકના અધિષ્ઠાયક દેવો અડધા પલ્યોપમની સ્થિતિવાળા છે. (૧૫૭૫)

**હવે આ પાતાળકળશોનું પ્રમાણ કહે છે.**

जोयणसयविच्छिन्ना मूलुवरिं दस सयाणि मज्झंमि ।
ओगाढा य सहस्सं दसजोयणिया य सिं कुड्डा ॥१५७६॥

બધાયે લઘુપાતાળકળશો મૂળના એટલે તળિયાના ભાગે અને ઉપર મોઢાના ભાગે સો યોજન વિસ્તારના છે. વચ્ચે પેટના ભાગે હજાર યોજન વિસ્તારના છે. તથા જમીનમાં પણ હજાર યોજન ઊંડા દટાયેલા (રહેલા) છે. અને આ લઘુપાતાળકળશોની ઠીકરીની જાડાઈ દશ યોજનની છે. (૧૫૭૬)

**હવે નાના તેમજ મોટા પાતાળ કળશોનો વાયુ વગેરેનો વિભાગ કહે છે.**

पायालाण विभागा सव्वाणवि तिन्नि तिन्नि बोद्धव्वा ।
हिट्ठिमभागे वाऊ मज्झे वाऊ य उदगं च ॥१५७७॥
उवरिं उदगं भणियं पढमगबीएसु वाउसंखुभिओ ।
उड्ढं वामे उदगं परिवड्ढइ जलनिही खुभिओ ॥१५७८॥
परिसंठिअंमि पवणे पुणरवि उदगं तमेव संठाणं ।
वड्ढेइ तेण उदही परिहायइऽणुक्कमेणेव ॥१५७९॥

સર્વે પાતાળ કળશોના ત્રણ-ત્રણ વિભાગો જાણવા, તેમાં નીચેના ભાગે વાયુ છે, મધ્યભાગમાં વાયુ અને પાણી છે અને ઉપરના ભાગે પાણી કહ્યું છે. પહેલા અને બીજા ભાગમાં રહેલો વાયુ ક્ષોભિત થવાથી એટલે ખળભળવાથી ઉપરરહેલ પાણીને વમે છે એટલે બહાર કાઢે છે, જેથી ક્ષુભિત થયેલા સમુદ્રમાં પાણી વધે છે. પાછો તે પવન સ્થિર થવાથી પાણી પોતાના સ્થાનમાં આવે છે. આ પ્રમાણે સમુદ્રમાં અનુક્રમે ભરતી-ઓટ આવે છે.

# પાતાલકલશ




લવણસમુદ્રના અતિ મધ્યભાગે ચાર દિશાએ ચાર મોટા પાતાળકળશા છે, તે દરેક રત્નપ્રભા પૃથ્વીમાં ૧૦૦૦૦૦ યોજન ઊંડા છે, ૧૦૦૦૦૦ યોજનનું પેટ છે. ૧૦,૦૦૦ યોજન પહોળું મુખ છે, અને તેટલું જ પહોળું બુધ્ન [બુંધુ] છે, ૧૦૦૦ યોજન જાડી ઠીકરી છે. તેના ઊંચાઈના $\frac{1}{3}$ ભાગમાં [૩૩૩૩૩$\frac{1}{3}$ યો. માં] નીચે કેવળ વાયુ, ઉપરના બીજા $\frac{1}{3}$ ભાગમાં જળ અને વાયુ, તથા $\frac{1}{3}$ ભાગમાં કેવળ જળ છે.

નાના મોટા સર્વે પાતાળ કળશોના ત્રણ ત્રણ વિભાગ થાય છે, તે આ પ્રમાણે ૧. નીચેનો ભાગ, ૨. વચ્ચેનો ભાગ અને ૩. ઉપરનો ભાગ. તેમાં મહાપાતાળ કળશોનો એક-એક ભાગ તેત્રીસ હજાર ત્રણસો તેત્રીસ યોજન અને ઉપર એક યોજનનો ત્રીજો ભાગ ( ૩૩૩૩૩ $\frac{૧}{૩}$ ) પ્રમાણે થાય છે. અને લઘુપાતાળ કળશોનો ત્રીજો ભાગ ત્રણસો તેત્રીસ યોજન અને ઉપર એક યોજનનો ત્રીજો ભાગ ( ૩૩૩ $\frac{૧}{૩}$ ) પ્રમાણ છે.

આ લઘુપાતાળ કળશો અને મહાપાતાળ કળશોમાં બધામાં દરેકની અંદર નીચેના ભાગમાં વાયુ છે. વચ્ચેના ત્રીજા ભાગમાં વાયુ અને પાણી છે. અને ઉપરના ત્રીજા ભાગમાં પાણી છે. એમ તીર્થંકર-ગણધરોએ કહ્યું છે.

તે પાતાળકળશોમાં તથાપ્રકારના જગત્સ્વભાવથી એકીસાથે અમુક નક્કી સમયે બધામાં પહેલા, બીજા અને ત્રીજા ભાગમાં ઘણા ઘણા મોટા વાયુ સંમૂર્છે છે, એટલે ઉત્પન્ન થાય છે. તે પછી તે વાયુઓ ક્ષોભ પામે છે એટલે ખળભળે છે. અને તે મહાઅદ્ભુત શક્તિવાળા થયેલા ઊંચા આમતેમ ફેલાય છે. અને ક્ષણવારમાં એવા થઈ જાય છે કે, જેથી તેમના વડે ઉપર રહેલા પાણી અતિ ઊંચે ઉછળે છે. તેથી પહેલા અને બીજા, ત્રીજા ભાગમાં રહેલ વાયુ ક્ષોભિત થવાથી પાણીને વમે છે એટલે બહાર કાઢે છે. તેથી પાણીને ઊંચે બહાર કાઢવાથી સમુદ્રક્ષોભિત થયેલો હોવાથી ભરતી આવે છે.

પાછા તે પવનો શાંત થવાથી તે પાણી પણ પોતાના સ્થાનમાં આવે છે એટલે ફરીવાર કળશમાં પેસે છે, જેથી અનુક્રમે ઓટ આવે છે. રાત્રિ દિવસમાં બે વાર અમુક નક્કી સમયે પખવાડીયામાં ચૌદસ વગેરે તિથિઓમાં તે વાયુઓ વધારે ક્ષોભ પામે છે. તેથી દરરોજ અહોરાત્રમાં બે વાર અને પખવાડીયામાં ચૌદસ વગેરે તિથિઓએ સમુદ્રમાં વિશેષ ભરતી ઓટ આવે છે. આ લઘુકળશો અને મહાપાતાળ કળશો બધાયે લવણ સમુદ્રમાં જ છે બીજા સમુદ્રોમાં નથી. ( ૧૫૭૭-૧૫૭૮-૧૫૭૯ )

## ૨૭૩. આહારક સ્વરૂપ

समओ जहन्नमंतरमुक्कोसेणं तु जाव छम्मासा ।
अहारसरीराणं उक्कोसेणं नव सहस्सा ॥१५८०॥
चत्तारि य वाराओ चउदसपुव्वी करेइ आहारं ।
संसारम्मि वसंतो एगभवे दोन्नि वाराओ ॥१५८१॥

આહારક શરીરનું જઘન્ય અંતર એક સમય છે. અને ઉત્કૃષ્ટ અંતર છ મહિના છે. ઉત્કૃષ્ટથી આહારક શરીરીઓ નવ હજાર હોય છે. ચૌદ-

**પૂર્વીઓ આખા ભવચક્રમાં રહેતા ચાર વાર આહારક શરીર કરે અને એક ભવમાં બે વાર આહારક શરીર કરે.**

ચૌદ પૂર્વધરો તેવા પ્રકારના પ્રયોજનને સાધવા માટે વિશિષ્ટ લબ્ધિની સહાય વડે જે આહરણ કરવું એટલે બનાવવું, તે આહારક શરીર કહેવાય.

આ આહારક શરીર વૈક્રિયશરીરની અપેક્ષાએ અંત્યત શુભ, સ્વચ્છ, સ્ફટીક પત્થરના ટુકડા જેવા અતિ સફેદ પુદ્ગલના સમુહમાંથી બનેલ અને પર્વત વગેરે દ્વારા પણ ન અટકનારુ હોય છે.

આ આહારક શરીર ક્યારેક લોકમાં બિલકુલ હોતુ જ નથી. આથી ન હોવા રૂપ એટલે અભાવરૂપ એનું જઘન્યથી અંતર એક સમય છે અને ઉત્કૃષ્ટથી છ મહિનાનું અંતર છે. કહ્યું છે, કે ઉત્કૃષ્ટથી 'ક્યારેક આહારક શરીર લોકમાં છ મહિના સુધી સતત નિયમા હોતા નથી. અને જઘન્યથી એક સમય હોતા નથી.'

જીવસમાસ વગેરેમાં જે आहारमिस्साजोगे वासपुहुत (२६०) વગેરે ગાથા દ્વારા આહારક મિશ્રનું વર્ષ પૃથક્ત્વ અંતર કહ્યું છે, તે મતાંતર સંભવે છે. જ્યારે પણ આહારક શરીરીઓ હોય, ત્યારે જઘન્યથી એક, બે કે ત્રણ અથવા ઉત્કૃષ્ટથી નવહજાર (૯૦૦૦) હોય છે.

આહારક શરીરની જઘન્યથી પણ અવગાહના એટલે દેહમાન કંઈક ન્યૂન એક હાથ છે. કારણ કે તથાવિધ પ્રયત્નની સંભાવના અને આરંભક દ્રવ્ય વિશેષના કારણે પ્રારંભ સમયે પણ આટલીજ જઘન્ય અવગાહના હોય છે. પરંતુ ઔદારિક વગેરેની જેમ પ્રારંભ કાળમાં અંગુલના અસંખ્યાતભાગ માત્ર રૂપ નથી—એ ભાવ છે. ઉત્કૃષ્ટથી સંપૂર્ણ એક હાથની અવગાહના છે. સમવાયાંગ સૂત્રમાં કહ્યું છે કે,

'આહારક શરીરની જઘન્ય (અવગાહના) દેશોન એક હાથ અને ઉત્કૃષ્ટથી સંપૂર્ણ એક હાથ છે.'

હવે એક જીવને બધા ભવોમાં અને એક ભવમાં કેટલીવાર આહારક શરીર થાય છે, તે જણાવે છે.

ચૌદપૂર્વીઓ સંસારમાં વસતા ઉત્કૃષ્ટથી ચારવાર આહારક શરીર કરે છે, અને ચોથી વાર આહારક શરીર કર્યા પછી તે જ ભવમાં મોક્ષ પ્રાપ્ત કરે છે અને એક ભવમાં બે વાર આહારક શરીર કરે છે. (૧૫૮૦-૧૫૮૧)

**હવે ચૌદપૂર્વીઓ શા માટે આહારકશરીર બનાવે છે, તે કહે છે.**

तित्थयररिद्धिसंदंसणत्थमत्थोवगहणहेउं वा ।
संसयवुच्छेयत्थं वा गमणं जिणपायमूलंमि ॥१५८२॥

તીર્થંકરની પાદપીઠ પાસે જવા માટે ચૌદપૂર્વીઓ આહારક શરીર કરે છે. શા માટે ત્યાં જાય છે? તીર્થંકરની ઋદ્ધિ જોવા માટે, અર્થના ગ્રહણ માટે અથવા શંકાના નિરાકરણ માટે જિનેશ્વરના ચરણકમળમાં ચૌદપૂર્વીઓનું જવાનું થાય છે. અહિં આનો તાત્પર્યાર્થ આ પ્રમાણે છે.

સંપૂર્ણ ત્રણ જગતમાં ઉત્કૃષ્ટ અતિશયવાળી આઠ મહાપ્રાતિહાર્ય વગેરે રૂપ, અનુપમ અરિહંતની બધી સમૃદ્ધિને જોવા માટે કુતૂહલ ઉત્પન્ન થવાથી તથા નવા-નવા સિદ્ધાંતના અર્થ ગ્રહણ કરવાની ઈચ્છાવાળા અથવા કાંઈક અત્યંત ગહન એવા અર્થની શંકામાં તેનાં અર્થનો નિશ્ચય કરવા માટે કોઈક ચૌદપૂર્વધર વિદેહ વગેરે ક્ષેત્રોમાં રહેલા વીતરાગ પરમાત્માના ચરણ કમલમાં આહારકશરીર વડે ત્યાં જાય છે, પરંતુ ઔદારિક શરીર વડે ત્યાં જઈ શકાતું નથી અને ત્યાં જેણે સમસ્ત લોકાલોક જાણ્યો છે, તેવા ભગવંતને જોઈને પોતાનું પ્રયોજન પુરુ કરીને ફરી તેજ જગ્યાએ આવે છે.

જ્યાં પહેલા જતી વખતે ઔદારિક શરીરને બાધ ન થાય એવી બુદ્ધિપૂર્વક સ્થાપનની જેમ સ્થાપી આત્મપ્રદેશોની જાલ વડે બંધાયેલ જે ઔદારિકશરીર રહેલું હોય છે, તેમાં માંગીને લાવેલા ઉપકરણોની જેમ આહારક શરીરનું સંહરણ કરી આત્મપ્રદેશના સમુહને ઔદારિક શરીરમાં પ્રવેશ કરાવે છે. આ આહારક શરીરનો કાળ પ્રારંભથી લઈ છોડવાના વખત સુધી અંતર્મુહૂર્ત પ્રમાણ છે. (૧૫૮૨)

## ૨૭૪. અનાર્યદેશો

सग जवण सबर बब्बर काय मुरुंडोड्ड गोड्डपक्कणया ।
अरवाग होण रोमय पारस खस खासिया चेव ॥१५८३॥
दुंबिलय लउस बोक्कस भिल्लंध पुलिंद कुंच भमररुआ ।
कोवाय चींण चंचुय मालव दमिला कुलग्धा या ॥१५८४॥
केकय किराय हयमुह खरमुह गयतुरयमिंढयमुहा य ।
हयकन्ना गयकन्ना अन्नेऽवि अणारिया बहवे ॥१५८५॥

શક, યવન, શબર, બર્બર, કાય, મુરુણ્ડ, ઉડ્ડ, ગૌડ, પક્કણગ, અરબાગ, હૂણ, રોમક, પારસ, ખસ, ખાસિક, દુમ્બિલક, લકુશ, બોક્કસ, ભિલ્લ, અન્ધ્ર, પુલિન્દ્ર, કુંચ, ભ્રમરરુચ, કોપાક, ચીન, ચંચુક, માલવ, દ્રવિડ, કુલાર્ધ, કેકય, કિરાત, હયમુખ, ખરમુખ, ગજમુખ, તુરંગમુખ, મિઢંકમુખ, હયકર્ણ ગજકર્ણ. આ દેશો અનાર્ય છે.

જેઓ હેય એટલે છોડવા યોગ્ય ધર્મોથી દૂર છે અને ઉપાદેય એટલે ગ્રહણ કરવા યોગ્ય ધર્મો પામ્યા છે તેઓ આર્ય કહેવાય. આ આર્યોથી જે વિપરીત હોય તે અનાર્ય કહેવાય છે એટલે શિષ્ટ પુરુષોને અસંમત વ્યવહારવાળા હોય છે. આટલા જ અનાર્યો છે એમ નથી, પરંતુ બીજા પણ આવા પ્રકારના ઘણા અનાર્યદેશો છે, તે પ્રશ્ન વ્યાકરણ ગ્રંથમાં કહેલા છે. ત્યાંથી જાણવા. (૧૫૮૩, ૧૫૮૪, ૧૫૮૫)

**હવે સામાન્યથી અનાર્યદેશનું સ્વરૂપ કહે છે.**

**पावा य चंडकम्मा अणारिया निग्घिणा निरणुतावी ।**
**धम्मोत्ति अवखराइं सुमिणेऽवि न नज्जए जाणं ॥१५८६॥**

**પાપી, અતિરૌદ્રકર્મ કરનારા, નિર્દય, પશ્ચાત્તાપ વગરના, ધર્મ એટલા અક્ષરને પણ સ્વપ્નમાં પણ ન જાણનારા અનાર્ય જાણવા.**

આ બધાયે અનાર્યદેશો પાપી છે. એટલે પાપપ્રકૃતિના બંધના કારણરૂપ હોવાથી આ દેશો પાપી કહેવાય છે, તથા ચંડ એટલે ક્રોધની ઉત્કટતાના કારણે રૌદ્ર નામનો રસ વિશેષથી અતિરૌદ્ર કાર્યો આચરતા હોવાથી તેઓ ચંડકર્મી કહેવાય છે. જેમને પાપજુગુપ્સારૂપ ઘૃણા એટલે તિરસ્કાર નથી તે નિર્ઘૃણ એટલે નિર્દય છે. નિરનુતાપિ એટલે અકાર્ય સેવ્યા પછી જેમને જરાપણ પશ્ચાતાપ ન થાય તે નિરનુતાપિ તથા જેઓ સ્વપ્નમાં પણ 'ધર્મ' એટલા અક્ષરો પણ જાણતા નથી, ફક્ત અપેય પીવામાં, અભક્ષ્ય ભોજન કરવામાં, અગમ્યગમન વગેરેમાં રક્ત થયેલા, શાસ્ત્રોમાં ન જણાવેલા એવા વેષ ભાષા વગેરે આચરનારાઆ અનાર્યદેશો છે. (૧૫૮૬)

## ૨૭૫. આર્યદેશો

**रायगिह मगह १ चंपा अंगा २ तह तामलित्ति वंगा य ३ ।**
**कंचणपुरं कलिंगा ४ वणारसी चेव कासी य ५ ॥१५८७॥**
**साकेयं कोसला ६ गयपुरं च कुरु ७ सोरियं कुसट्टा य ८ ।**
**कंपिल्लं पंचाला ९ अहिछत्ता जंगला चेव १० ॥१५८८॥**
**बारवई य सुरट्ठा ११ मिहिल विदेहा य १२ वत्थ कोसंबी १३**
**नंदिपुरं संडिला १४ भद्दिलपुरमेव मलया य १५ ॥१५८९॥**
**वइराड मच्छ १६ वरणा अच्छा १७ तह मत्तियावइ दसन्ना १८ ।**
**सोत्तीमई य चेई १९ वीयभयं सिंधुसोवीरा २० ॥१५९०॥**

महुरा य सूरसेणा २१ पावा भंगी य २२ मासापुरी वट्टा २३ ।
सावत्थी य कुणाला २४ कोडीवरिसं च लाढा य २५ ॥१५९१॥
सेयवियावि य नयरी केयइअद्धं २५ च आरियं भणियं ।
जत्थुप्पत्ति जिणाणं चक्कीणं रामकण्हाणं ॥१५९२॥

| દેશ | નગર |
|---|---|
| ૧. મગધ | રાજગૃહી |
| ૨. અંગ | ચંપા |
| ૩. વંગ | તામ્રલિપ્તી |
| ૪. કલિંગ | કંચનપુર |
| ૫. કાશી | વારાણુસી |
| ૬. કોશલ | સાકેત |
| ૭. કુરુદેશ | ગજપુર |
| ૮. કુશાર્ત | સૌરિકપુર |
| ૯. પાંચાલ | કાંમ્પિલ્યપુર |
| ૧૦. જંગલ | અહિછત્રા |
| ૧૧. સૌરાષ્ટ્ર | દ્વારવતી |
| ૧૨. વિદેહદેશ | મિથિલા |
| ૧૩. વત્સદેશ | કૌશામ્બિ |
| ૧૪. શંડિલ્ય અથવા શાંડિલ્ય | નંદિપુર |
| ૧૫. મલયદેશ | ભદ્દિલપુર |
| ૧૬. વૈરાટ વત્સાદેશ | વત્સા વૈરાટરાજધાની |

| દેશ | નગર |
|---|---|
| ૧૭. અચ્છદેશ | વરૂણા |
| અન્ય આચાર્યના મતે | |
| વરૂણદેશ | અચ્છાનગરી |
| ૧૮. દશાર્ણદેશ | મૃતિકાવતિ |
| ૧૯. ચેદીદેશ | શુક્તિમતિ |
| ૨૦. સિંધુસૌવિર | વીતભયનગર |
| ૨૧. સૂરસેન | મથુરાનગરી |
| ૨૨. ભંગીદેશ | પાપાનગરી |
| ૨૩. વર્તદેશ | માસપુરી |
| ૨૪. કુણાલ | શ્રાવસ્તિ |
| ૨૫. લાઢા | કોટીવર્ષ |
| ૨૫ાા. કેકયઅર્ધજનપદ | શ્વેતાંબિકા |
| અન્ય આચાર્યોના મતે | |
| ચેદિદેશમાં | સૌક્તિકાવતિનગરી |
| સિન્ધુમાં | વીતભયનગર |
| સૌવિરમાં | મથુરા |
| સૂરસેનમાં | પાપાનગરી |
| ભંગીદેશમાં | માસપુરીવટ્ટા |

આ પ્રમાણે જણાવે છે, તે અતિ વ્યવહૃત છે. પરંતુ અહીં બહુશ્રુતોની પરંપરા જ પ્રમાણરૂપ છે.

આ સાડા પચ્ચીસ (૨૫ાા) દેશોરૂપ ક્ષેત્ર આર્ય કહેવાય છે. કારણ કે જેમાં જિનેશ્વરો, ચક્રવર્તીઓ, બળદેવ, વાસુદેવ વગેરેની ઉત્પત્તિ થાય, તે આર્યદેશ કહેવાય છે. આ સાડા પચ્ચીસ આર્યદેશમાં તીર્થંકરોની, ચક્રવર્તીઓની, બળદેવોની અને વાસુદેવોની ઉત્પત્તિ થાય છે. તેથી તે આર્યદેશો કહેવાય.

આ વાક્ય વડે આર્ય-અનાર્ય ક્ષેત્રની વ્યવસ્થા બતાવી કે જ્યાં તીર્થંકર વગેરેની ઉત્પત્તિ હોય તે આર્ય બાકીના અનાર્ય. આવશ્યકચૂર્ણિમાં પણ આ પ્રમાણે જ વ્યવસ્થા કહી છે.

'જે કોઈ પ્રદેશોમાં રહેલા યુગલિકો વગેરે દ્વારા હક્કાર વગેરે નિતિઓ પ્રવર્તી હોય, તે આર્યો અને બાકીના અનાર્ય' આના વડે ભરતક્ષેત્રમાં રહેલા આર્યો કહ્યા. ઉપલક્ષણથી બીજા પણ મહાવિદેહક્ષેત્રની વિજયમાં મધ્યખંડમાં રહેલા આ આર્યદેશો ઘણા જાણવા. ( ૧૫૮૭ થી ૧૫૯૨ )

## ૨૭૬. 'સિદ્ધના એકત્રીસગુણ'

**नव दरिसणंमि ९ चत्तारि आउए ४ पंच आइमे अंते ५ ।**
**सेसे दो दो भेया ८ खीणमिलावेण इगतीसं ॥१५९३॥**

**દર્શનાવરણના નવ ભેદ, ચાર આયુષ્ય, પાંચ જ્ઞાનાવરણ, પાંચ અંતરાય, બાકીના કર્મના બે-બે ભેદોના ક્ષય કહેવાથી એકત્રીસ ગુણો થાય છે.**

દર્શન એટલે દર્શનાવરણીયકર્મના ચક્ષુદર્શનાવરણ, અચક્ષુદર્શનાવરણ, અવધિદર્શનાવરણ, કેવળદર્શનાવરણ, નિદ્રા, નિદ્રાનિદ્રા પ્રચલા, પ્રચલા પ્રચલા, અને થીણદ્ધિરૂપ નવ ભેદો છે, તથા આયુષ્યના નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવાયુ-એમ ચારભેદો તથા પ્રથમ જ્ઞાનાવરણના મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અવધિજ્ઞાનાવરણ, મનઃપર્યવજ્ઞાનાવરણ અને કેવળજ્ઞાનાવરણરૂપ પાંચ ભેદો અને અંતરાયકર્મના દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, વીર્યાંતરાયરૂપ પાંચભેદો. બાકીના ચારકર્મોના દરેકના બે-બે ભેદો ગણવા તે આ પ્રમાણે ૧. શાતા, ૨. અશાતારૂપવેદનીય, દર્શનમોહનીય અને ચારિત્રમોહરૂપ મોહનીય, શુભનામ અને અશુભનામ, ઉચ્ચગોત્ર, અને નીચગોત્ર. આ બધાના ભેદોનો સરવાળો કરતા ૯+૪+૫+૫+૨+૨+૨+૨=૩૧ ભેદો થાય છે. આ એકત્રીસભેદો ક્ષીણ શબ્દ ઉમેરી બોલતા સિદ્ધોના એકત્રીસગુણો થાય છે. જેમકે ક્ષીણ ચક્ષુદર્શનાવરણ વગેરે રૂપ ઉચ્ચાર કરવો.

### હવે બીજી રીતે એકત્રીસ સિદ્ધોના ગુણો કહે છે.

**पडिसेहण संठाणे य वन्नगंधरसफासवेए य ।**
**पण५ पण५दुर पण५ट्ठ८ तिहा एगतीसमकाय१ ऽसंगर ऽरुहा३ ॥१५९४॥**

સંસ્થાન, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, વેદ—એ પાંચને નિષેધરૂપે બોલતા અનુક્રમે

તેના, પાંચ, પાંચ, બે, પાંચ, આઠ, ત્રણ ભેદો તથા અશરીરી, અસંગત્વ, અરૂહરૂપ ત્રણપદો મેળવતા સિદ્ધના એકત્રીસગુણો ૫+૫+૨+૫+૮+૩+૩=૩૧ થાય છે.

સંસ્થાન :– જેઓવડે ઊભા રહેવાય છે, તે સંસ્થાન એટલે આકાર તે સંસ્થાન પરિમંડલ, ગોળ, ત્રિકોણ, ચોરસ, લાંબુ–એમ પાંચ પ્રકારે છે.

પરિમંડલસંસ્થાન, બહારથી સંપૂર્ણ ગોળ અને અંદર પોલુ જેમ વલય અથવા બંગડી.

જે બહાર અને અંદર પૂર્ણપણે ગોળ હોય તે વૃત્ત કહેવાય. જેમકે દર્પણ, થાળી વગેરે.

ત્રિકોણ જે ત્રણખૂણા વાળુ હોય, તે ત્રિકોણ જેમકે શિંગોડા, સમોસા.

જે ચારખૂણાવાળુ હોય, તે ચોરસ જેમકે થાંભલાના આધારરૂપ કુંભિકા.

આયાત, એટલે લાંબુ જેમ દંડ.

આમાં ઘનપ્રતર વગેરે પેટા ભેદોની વ્યાખ્યા ઉત્તરાધ્યયનની બૃહત્‌વૃત્તિથી જાણવી.

શ્વેત, પીળો, લાલ, લીલો, અને કાળો—એ પાંચવર્ણ. સુરભિ, દુરભિ બે ગંધ. તીખો, કડવો, તૂરો, મીઠો, ખાટો એ પાંચરસ. ભારે, હલકો, કોમળ, કર્કશ, ઠંડો, ગરમ, ચીકણો, લૂખો–એ આઠ સ્પર્શ. સ્રી, પુરૂષ, નપુંસક, એ ત્રણવેદ.

સિદ્ધો અશરીરી, એટલે ઔદારિક વગેરે પાંચ પ્રકારના શરીરોથી રહિત છે કેમકે તે સિદ્ધત્વના પ્રથમ સમયે જ સંપૂર્ણ છોડેલ હોવાથી, તથા બાહ્ય અભ્યંતર સંગ રહિત હોવાથી અસંગ અને સંસારમાં ફરીવાર ઉત્પન્ન ન થતા હોવાથી અરૂહ છે. કારણકે સંસારના કારણરૂપ કર્મોને મૂળથી ઉખેડી નાંખ્યા હોવાથી. કહ્યું છે, કે બીજ બિલ્કુલ બળી જવાથી અંકુરો ઉત્પન્ન થતો નથી, તેમ કર્મરૂપ બીજ બળી જવાથી ભવરૂપ અંકુરો ઉગતો નથી.

આ પ્રમાણે સંસ્થાન વગેરે નિષેધરૂપે બોલતા તેના અઠ્ઠાવીસ ૫+૫+૨+૫+૮+૩=૨૮ ભેદો થાય છે, તેમાં અકાયત્વ. અસંગત્વ, અને અરૂહત્વ–એમ ત્રણ ભેદો ઉમેરતા ૨૮+૩=૩૧ એકત્રીસ ભેદો સિદ્ધોના થાય છે.

સંસ્થાનાદિનો અભાવ અને અકાયરુપ સદ્ભાવ એ સિદ્ધમાં પ્રસિદ્ધ છે. આચારાંગમાં કહ્યું છે કે, से न दीहे, न वट्टे, न तंसे, न चउरंसे, न परिमंडले, न किण्हे, न नीले, न लोहिए, न हालिद्दे, न सुकिले न दुब्भिगंधे, न सुब्भिगंधे, न तित्ते, न कडुए, न कसाए, न अंबिले, न महुरे, न कक्खडे, न मउए, न गरुए, न लहुए, न सीए, न उण्हे, न निद्धे, न लुक्खे, न काए, न संगे, न रुहे, न इत्थिए, न पुरिसे, न नपुंसे ( अ. ५ ) વગેરે

આ સિદ્ધગુણ પ્રતિપાદક દ્વાર ઉત્કૃષ્ટ મંગલરૂપ છે. શિષ્ય પ્રશિષ્ય વગેરે વંશ પરંપરામાં જવા દ્વારા શાસ્રનાશ ન થાઓ–એમ અંતિમ મંગલરૂપે છેલ્લે સૂત્રકારે સિદ્ધના ગુણો પ્રરૂપ્યા છે. (૧૫૯૪)

આ પ્રમાણે ૨૭૬ દ્વારોની વ્યાખ્યા કરી. અને તે વ્યાખ્યા કરવાથી આખોય પ્રવચનસારોદ્ધાર ગ્રંથ પૂર્ણ થયો.

## પ્રશસ્તિ.

**હવે આ ગ્રંથમાં પોતાની ગુરુપરંપરા પ્રગટ કરવા પૂર્વક પોતાનુ નામ જણાવવા તથા આ પ્રકરણ રચવાનું કારણ અને પોતાની લઘુતા બતાવવા ગ્રંથકાર કહે છે.**

धम्मधरुद्धरणमहावराहजिणचंदसूरिसिस्साणं ।
सिरिअम्मएवसूरीण पायपंकयपराएहिं ॥१५९५॥

सिरिविजयसेणगणहरकणिट्ठजसदेवसूरिजिट्ठेहिं ।
सिरिनेमिचंदसूरिहिं सविणयं सिस्सभणिएहिं ॥१५९६॥

समयरयणायराओ रयणाणं पिव सयत्थदाराइं ।
निउणनिहालणपुव्वं गहिउं संजत्तिएहिं व ॥१५९७॥

पवयणसारुद्धारोरइओ सपरावबोहकज्जंमि ।
जंकिंचि इह अजुत्तं बहुस्सुआ तं विसोहंतु ॥१५९८॥

**ધર્મરૂપી પૃથ્વીનો ઉદ્ધાર કરવામાં મહાવરાહ સમાન, જિનચંદ્રસૂરિજીના શિષ્ય, શ્રી આમ્રદેવસૂરિજીના ચરણ કમળની પરાગ જેવા શ્રી વિજયસેન ગણધર એટલે આચાર્યના નાના ગુરુભાઇ અને યશોદેવસૂરિજીના મોટા ગુરુભાઇ શ્રી નેમિચંદ્રસૂરિજીએ સવિનયી શિષ્યોના કહેવાથી, સિદ્ધાંતરૂપી સમુદ્રમાંથી રત્નોની જેમ સદ્અર્થોના દ્વારોને સારી રીતે જોવા પૂર્વક નાવિકની જેમ ગ્રહણ કર્યા છે અને પોતાના તેમજ બીજાના બોધ માટે પ્રવચનસારોદ્ધાર ગ્રંથ રચ્યો છે. આમાં જે કાંઇ અયોગ્ય કહ્યું હોય તેને બહુશ્રુતો શોધે.**

સર્વજ્ઞ ભગવંતે કહેલ ધર્મરૂપી ધરા એટલે પૃથ્વી. જે ધર્મરૂપ ધરા જીવાદિ પદાર્થોને આધાર રૂપ છે. તેના ઉદ્ધાર માટે એટલે ધર્મધરાના સ્વરૂપનો નાશ થતો અટકાવવા માટે, તથા યથાવસ્થિત તત્વરૂપે સ્થાપનાદ્વાર ઉદ્ધાર માટે જે મહા વરાહ એટલે આદિવરાહરૂપ એવા શ્રી જિનચંદ્રસૂરિજીના શિષ્ય શ્રી આમ્રદેવસૂરિજીના ચરણ-કમલની પરાગરૂપ શ્રી વિજયસેન ગણધરના નાના ગુરુભાઈ અને યશોદેવસૂરિજીના મોટા ગુરુભાઈ શ્રી નેમિચંદ્રસૂરિજીએ વિનયપૂર્વક શિષ્યોના કહેવાથી નાવિકોની

(મરજીવાઓની) જેમ સિદ્ધાંતરૂપ રત્નાકર એટલે સમુદ્રમાંથી રત્નોની જેમ સારા વિષયવાળા બસોછોત્તેર (૨૭૬) દ્વારો સારી રીતે જોવા પૂર્વક લઈને પ્રવચનસારોદ્ધાર નામનો ગ્રંથ પોતાના અને બીજા જીવોના બોધ માટે રચ્યો છે. અહિં આગળ જે કંઇપણ સિદ્ધાંતથી અયુક્ત કહ્યું હોય, તો તેને બહુશ્રુતો શોધીને સુધારે. (૧૫૯૫ થી ૧૫૯૮)

જે કંઇ થવાનું હોય, તે થાય જ છે. છતાં, પણ શુભાશયના ફળથી શોભિત અર્થ (પદાર્થ)માં આશંસા (ઇચ્છા) કરવી જોઈએ. એ બતાવવા માટે ઇચ્છા કરતા કહે છે.

**जा विजयइ भुवणत्तयमेयं रविससिसुमेरुगिरिजुत्तं ।**
**पवयणसारुद्धारो ता नंदउ बुह पढिज्जंतो ॥१५९९॥**

જ્યાં સુધી સ્વર્ગ, મૃત્યુ, પાતાલલોક વિજય પામી રહ્યા છે. જ્યાં સુધી ચંદ્ર, સૂર્ય મેરુ પર્વતની આસપાસ ફરી રહ્યા છે. ત્યાં સુધી આ પ્રવચનસારોદ્ધાર ગ્રંથ પંડિતો વડે એટલે તત્વજ્ઞાનવડે મનોહર બુદ્ધિવાળાઓ વડે વાંચવા દ્વારા શિષ્ય પ્રશિષ્યરૂપ પરંપરામાં પ્રચાર પામવા રૂપ સમૃદ્ધિને પામનારો થાઓ. (૧૫૯૯)

(ગ્રંથ પ્રમાણ ૧૮૦૦૦ શ્લોક) શ્રી સિદ્ધસેનસૂરિ વિરચિત પ્રવચનસારોદ્ધાર વૃત્તિ સમાપ્ત થઇ.

## પ્રશસ્તિ

(૧) આ ગ્રંથ અતિગહન હોવા, છતાં પણ શિષ્ય વર્ગનો અતિ આગ્રહ–પ્રાર્થના હોવાથી 'તત્ત્વજ્ઞાન વિકાશિની' નામની, આ સારો બોધ કરાવનારી એવી ટીકા કોઇક સ્થળે સિદ્ધાંત આગમ વગેરે વિવિધ પ્રકારના શાસ્ત્ર સમૂહવડે જોવા વડે, કોઇક સ્થળે મારા ગુરુના ઉપદેશાનુસારે, કોઇક સ્થળે મારી બુદ્ધિ અનુસારે મેં રચી છે.

(૨) બુદ્ધિની મંદતાના કારણે, ચિત્તની અસ્થિરતાના કારણે, શિષ્ય સમુહને શાસ્ત્રાર્થ પ્રતિપાદન વગેરે વિષયોમાં ચિત્ત રોકાયેલ હોવાના કારણે, જે કંઈ મારા વડે સિદ્ધાંત વિરુદ્ધ આ ગ્રંથમાં કંઈપણ લખાયું હોય, તો તે જીવો પર દયાવાળા બુદ્ધિમાનોએ તથા વિસ્તૃતહિતવાળાઓએ ગ્રંથને શુદ્ધ કરવો.

૩. શ્રીચંદ્ર ગચ્છરૂપી આકાશમાં મુનિઓના સમુહરૂપ, પ્રભા મંડળરૂપ વૈભવ જેમનો પ્રગટયો છે. એવા નવિનમહિમાવાળા શ્રી અભયદેવસૂરીશ્વરજીરૂપી સૂર્ય ઉગ્યો છે.

૪. તર્કરૂપી અગસ્તિઋષિવડે વિસ્તૃત, સદ્‌બુદ્ધિરૂપ અંજલિવડે લાંબા વખત સુધી પીવાયા છતાં પણ જેમનો વાદરૂપી મહાસમુદ્ર વધી રહ્યો છે.

૫. તેમના પછી પુંડરીક નામના ધનેશ્વરસૂરિ થયા કે જેમણે વાદરૂપી સમુદ્રને મથીને મુંજરાજાની આગળ જયલક્ષ્મીને પ્રાપ્ત કરી છે.

૬. શ્રીમદ્ અજિતસિંહસૂરિજી નામના નવા સૂર્ય થયા છે. તપવડે ઉલ્લસિત મહિમાવાળો એવો જ્ઞાનરૂપ પ્રકાશ તેઓનો સર્વત્ર ફેલાયો છે.

૭. તેમના પછી ગુણના ભંડાર વર્ધમાનસૂરિજી થયા. જેમનો કલારૂપી વૈભવ હંમેશા ચંદ્રબિંબ કરતાં પણ અધિક ફેલાયો છે.

૮. શ્રીમાન્ દેવચંદ્રસૂરિજી ચંદ્રમાની જેમ (વાણીરૂપ) કિરણોવડે જગતના મનુષ્યોને ધોળતા (આનંદ કરાવતા) હોવા છતાં પણ જે અજ્ઞાનરૂપી રાહુવડે જરા પણ ન સ્પર્શાયા.

૯. તે પછી શ્રી ચન્દ્રપ્રભસૂરિજી થયા, જેઓ પોતાના ગચ્છનું નિર્મળ મનવાળા થઈ રક્ષણ કરે છે. મહાન અને સ્થિર એવા જેમનાવડે લાંબાકાળ સુધી પૃથ્વીનો ઉદ્ધાર કરાયો છે.

૧૦. કલ્યાણની ભૂમિ જેવા શ્રી ભદ્રેશ્વરસૂરિ થયા. વિશેષે કરીને અંતરંગ શત્રુને જીતીને, જેઓ તપ અને યશરૂપી ચંદ્રને ધારણ કરતા હતા.

૧૧. તેમના શિષ્ય સમતાવાન શ્રી અજિતસિંહસૂરિ થયા છે. જે ભ્રમરને હિતકારી પુષ્પોની જેમ હંમેશા ગુણવાનોનાં મસ્તક પર રહ્યા છે.

૧૨. આચાર્યોમાં જેમની પ્રથમ રેખા આજે પણ પૃથ્વી ઉપર થઈ છે અને જેમણે મોહને મથી નાંખ્યો છે, એવા દેવપ્રભસૂરિ થયાં.

૧૩. અમાપ પદાર્થ રૂપ ઉર્મિઓ એટલે તરંગોને રચવામાં તે પંડિતો સમુદ્ર સમાન છે, કે જેમનાવડે આ પ્રમાણરૂપી પ્રકાશ મંથન કરાય છે.

૧૪. શ્રી શ્રેયાંસચરિત્ર વગેરે પ્રબંધરૂપ આંગણાનો સંગ કરનારી જેમની વાણી નૃત્યનો ઉલ્લાસ કરીને કોને આનંદ નથી આપતી ?

૧૫. હંમેશા પ્રજ્ઞારૂપી વૈભવના વિકાસથી બૃહસ્પતિ સમાન એવા જેઓ વડે વાણી રૂપી સંપત્તિ, તે પ્રમાણે શિષ્ય સમૂહના હૃદયરૂપી ખેતરની મધ્યમાં વવાઇ કે જે પ્રમાણે નિત્ય અભ્યાસરૂપી મેઘની જલ વૃષ્ટિ થવાથી અંકુરિત બનેલી અને વાદીઓના વિજયવડે અપાયો છે આનંદ જેમાં તે રીતે પૂર્ણતાને પામેલી ફળીભૂત થઈ.

૧૬. જેમની ગદ્ય ગ્રંથ રચનારૂપી તરંગોવડે અભિમાનથી નિરંકુશ બુદ્ધિવાળા કેટલા ન પલળ્યા ? જેમની વાણીના વૈભવરૂપી ભંગીઓવડે કેટલા રાજાઓને હર્ષ પમાડ્યો

નથી ? જેમણે તીવ્રવ્રતાચરણ મુદ્રાવડે કેટલા લોકોને આશ્ચર્ય પમાડયું નથી ? અથવા વધારે કહેવા વડે શું ? જેમના બધાયે કાર્યો અતિઅદ્‌ભૂત જ છે.

૧૭. ગુણવાનોમાં અગ્રેસર એવા તેમના શિષ્ય શ્રી સિદ્ધસેનસૂરિજીએ આ પ્રવચન સારોદ્ધારની અતિ સ્પષ્ટ વૃત્તિ અથવા ટીકા કરી છે.

૧૮. વિક્રમરાજાના સંવત્સરમાં બારસો અડતાલીસ (૧૨૪૮)ની સાલે ચૈત્રમાસમાં પુષ્યનક્ષત્રના દિવસે રવિવારે સુદ આઠમના દિવસે આ વૃત્તિ સમાપ્ત થઈ છે.

૧૯. તારાઓરૂપી મોતીના ચંદરવાવાળા ચંદ્રરૂપી કળશવાળા એવા ગગનરૂપી મરકત મણિના છત્રમાં દંડ સમાન એવો મેરૂ પર્વત જ્યાં સુધી રહે, ત્યાં સુધી આ વૃત્તિ જયવંતી વર્તો.

શાંતિતીર્થ શોભિત ઈડર મુકામે આ ગ્રંથનું ભાષાંતર સં. ૨૦૪૪ના જેઠ વદ. ૫ ના દિને આત્મ-કમલ-લબ્ધિ-વિક્રમ સ્થૂલભદ્રસૂરીશ્વરજીના ચરણરેણુ મુનિ અમિતયશવિજયે શરૂ કર્યું અને તે ૨૦૪૬ ના ભાદરવા સુદ દશમના દિને પાર્શ્વપ્રભુની શિતલ છાયામાં બેંગ્લોર ગામના ગાંધીનગર મુકામે પૂર્ણ થયું.

જેનુ વિવેચન તપાસીને સંપાદન કરવાનું કાર્ય પૂ. દાન-પ્રેમ-રામચંદ્ર-ભદ્રંકર-કુંદકુંદસૂરીશ્વરજીના શિષ્ય પં. વજ્રસેનવિજયે હાલાર તીર્થમધ્યે શ્રી મહાવીર પ્રભુની પવિત્ર છાયામાં સં. ૨૦૪૯ માગસર વદ-૫ ના દિને પૂર્ણ કર્યું.

અનેક ગ્રંથોનું નિષ્ઠાથી મુદ્રણકાર્ય કરનાર અમદાવાદ મધ્યે ભરત પ્રિન્ટરીવાળા સુશ્રાવક **કાંતિલાલ ડી. શાહે** આ પ્રવચનસારોદ્ધાર (ભાગ-૧-૨) નું મુદ્રણકાર્ય શ્રી મુલેવા પાર્શ્વનાથ પ્રભુની સમીપે દેવ-ગુરુ-ધર્મના પસાયે સં. ૨૦૪૯ અષાઢસુદ ૩ ને મંગળવારે શ્રી મંગળ કરવાને અર્થે મુદ્રણ કરીને શ્રી સંઘને પ્રસ્તુત કર્યું.

શુભમ્ ભવતુ સર્વસ્ય

प्रवचनसारोद्धार भाग-२
(गुजराती भावानुवाद)
द्वार : ९८ थी २७६
गाथा : ७५० थी १५९९

ग्रंथ समाप्त

शिवमस्तु सर्व जगतः

ભરત પ્રિન્ટરી ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રીલીફ રોડ, અમદાવાદ- ૩૮૦૦૦૧. ફોન : ૩૮ ૭૯ ૬૪